અને ઇતિહાસસંશોધકનું કામ શું કાગળો મેળવ્યે જ પતી જાય છે? ના,ના, એને તો ઘણું જોવાનું હોય છે.દફ્તરો,પોથીઓ ને પુસ્તકો, તામ્રપટો અને શિલાલેખો અને પુરાતન ઈમારતો—આ બધું જોવાય ત્યારે ઇતિહાસ લખાય. રાજવાડે આ બધો જ શ્રમ ઉઠાવતા. ગ્વાલિયરથી તંજાવર પ્રવાસ કર્યો. કાબુલમાં કાંગળો ગળરો એવી ખબર મળી એટલે ત્યાં ગયા. જરૂર હોય ત્યારે પગપાળા જ પ્રવાસ કરે. પછી ભલે વરસાદ હોય, તાપ કે ઠાઢ! જોખમે ફિતૂરી થઈ સંભાજીનાં પત્ની યેસુબાઈ અને પુત્રને પકડાયાં એ સૂર્યાજી પિસાળના કાગળો એમને ગઢાગઢેનતે ગજ્યા, પણ એવી શરતે કે સૂર્યાજી વિષે એક પણ કડવો શબ્દ ન લખવો! સૂર્યાજીના વંશજો પૂર્વજની આબરૂને વિષે આટલા સાવચેત હતા, એટલે એ કાગળો પ્રકટ ન જ થઈ શક્યા! એક વખત સંશોધન ખાતર કુલાબાની દીવાદાંડી પરથી ખાંદેરી-ઉંદેરીના ટાપુ જોવા ગયા. માર્ગદર્શક મુસલમાન હતો. હિંદુમુસલમાનોમાં એ જ વખતે રમખાણ ફાટી નીકળ્યું હતું. રાતનો સમય હતો. મુસલમાન માર્ગદર્શક આ બ્રાહ્મણને એકલા છોડી છૂ થઈ ગયો. ભરતી આવી. રાજવાડે તણાઈ જાત, પણ તરતાં આવડતું હતું એટલે થોડીવારમાંથી લીધું વખતસર એ કોળીઓ આવી ચડ્યા એટલેબચી ગયા, નહિ તો સંશોધન ત્યાં જ પૂરું થાત! એક વાર એક માણસને ઘેર કાગળો હતા, પણ એ આપતો ન હતો. સગવડની જોયું ચાલ્યું નહિ ત્યારે દુર્વાસા ચીડાયા: 'યાદ રાખજે તારી વિધવા પાસેથી લઈ જઈશ!' એટલે એમ કે મારી હત્યાના શાપથી તું મરી જઈશ અને તારા મૃત્યુ પછી કાગળો પરતીમાં જોયાઈ જશે, ત્યારે મને મળશે જ; એના કરતાં આજે જ આપી દેતો હોય તો આપને!

રાષ્ટ્ર ખાતર આ બધું એ કરતા. ડોશેર રખડતા; રાતોરથી મોડી રાત સુધી અવિરત પરિશ્રમ કરતા. પણ આઠવિક્રમનું શું? પેટ તો એનું બાકું માગે જ ને? પરંતુ એના વાખા હતા. વસ્તીગણતરીના પત્રકમાં પોતાનો ધંધો 'ભિખારી'(મેન્ડિકન્ટ) એવો લખાવ્યો હતો! વધારે કહેવાની જરૂર નથી. કહેવાય છે કે એક રામદાસી સાધુએ પોતાને મળતી ભિક્ષામાંથી બાર વર્ષ સુધી એમનું ખર્ચ નિભાવ્યું હતું.

ઇતિહાસનું આ અગત્યનું સંશોધનકાર્ય સતત ચાલ્યા જ કરે એ હેતુથી મહારાષ્ટ્રમાં એમણે એક અનોખી સંસ્થા સ્થાપી: નામનું 'ભારત ઇતિહાસ સંશોધક મંડળ.' એ અનન્ય સંસ્થા અથવા એનું કાર્ય જોયે જોયું હશે તેમને એને વિષે વધુ કહેવાની જરૂર નથી.

ઇતિહાસશોધનમાં જ સ્વદેશ પ્રત્યેનું કર્તવ્ય પૂરું થાય છે એમ રાજવાડે માનતા ન હતા. એમને બીજું પણ ઘણું કામ કરવું હતું. મૂળ તો એમને સ્વભાષાનું ખૂબ અભિમાન હતું, એટલે બધું મરાઠીમાં જ લખતા. 'હું તો બધું મરાઠીમાં જ લખવાનો મારા પ્રેમો વાંચવાની જેને જરૂર હોય અને મરાઠી ન આવડતું હોય તે શીખી લે' એવો એમનો સંકલ્પ હતો. અને ખરેખર, રાજવાડેનું કાર્ય સમજવા એને તપાસવા કેટલા યે આ-મહારાષ્ટ્રીઓ (ભારતીય તેમજ યુરોપના) મરાઠી શીખ્યા છે. ભાષાશાસ્ત્રી તરીકે તો એમણે એટલું મહાન કાર્ય કર્યું છે કે એના પર યથાર્થ ટીકા કે વિવેચન કરી શકે એવા બે જ વિદ્વાનો મહારાષ્ટ્રમાં પેદા થયા છે -ચિંતામણરાવ વૈદ્ય અને ડૉ. કેતકર. ડૉ. કેતકરે લખ્યું છે: 'રાજવાડેની અનેક કાગળારીઓમાંની કોણી શ્રેષ્ઠ કઈ એ નક્કી કરી રાજવાડેનું વર્ણન કરવાનું હોય તો એમને 'સાધનશાસ્ત્રજ્ઞ' તરીકે ઓળખવા પડશે, અને એમને મહાન વૈયાકરણોમાં ગણવા પડશે. હેમચંદ્ર અને પાણિનિના પ્રયત્નો રાજવાડેના પ્રયત્ન આગળ કાંઈ જ નથી. ઇતિહાસાચાર્ય અથવા ઇતિહાસસંશોધક તરીકે એમને ઓળખાવવામાં આપણે આપણા અજ્ઞાનનું જ પ્રદર્શન કરીશું. હું જાતું છું ત્યાં સુધી એમના બૌદ્ધિક કાર્યના ગુરુત્વાકર્ષણનો ક્રમ આમ છે: સૌ પહેલા તો એ ભાષાશાસ્ત્રી; પછી વૈયાકરણી; તે પછી શબ્દસંગ્રાહક અને છેલ્લા ઇતિહાસસંશોધક.' એમની બધી કાગળારીનું સ્વરૂપ શાસ્ત્રીય હોવાથી અનું રૂપપ્રકરણ કર્યા વિના જ એમનાં લખાણોનાં શોકાં નામ આપ્યું છે. 'તિઙન્તવિચાર', 'સુબન્તવિચાર', 'જ્ઞાનેશ્વરની મરાઠી ભાષાનું વ્યાકરણ', 'સંસ્કૃત ભાષાનો કોશ', 'ધાતુકોશ' (૩૨,૦૦૦ મરાઠી ધાતુઓનો કોશગ્રંથ; સમગ્ર હિંદુસ્તાનમાં એના જેવો ગ્રંથ ભાગ્યે જ બીજો હશે.) આ ઉપરાંત તેઓ ભાષાશાસ્ત્રનો જે ઇતિહાસ લખવા માગતા હતા એની તો રૂપરેખા જ જોઈને આપણી આંખો અંજાઈ જાય છે. તે સિવાય એમણે ઘણાં લોકગીતો મેળવી છપાવ્યાં હતાં. જ્યાં મહાનુભાવ પંથનું સાહિત્ય અંધારામાં પડ્યું હતું એ એમણે જોયું. સાંકેતિક લિપિમાં (કોડમાં) એ લખાયું હોવાથી કોઈ વાંચી શકતું ન હતું. રાજવાડેએ તનતોડ મહેનત કરીએ સંકેતકોડનો ને મરાઠીના પ્રાચીન સાહિત્યમાં અસંખ્ય ગ્રંથોનો ક્રમશેર કર્યો. તેઓ રસાયનશાસ્ત્રમાં પણ પ્રયોગો કરતા હતા. રબ્બી ડિસેમ્બર ૨૬૨૬ને દિવસે એમનું મૃત્યુ ન થયું હોત તો કોણ જાણે એ કેટલું કાર્ય કરત! પણ ઈશ્વરનું એટલું કમનસીબ! ડૉ. કેતકરે એમને 'સંસ્કૃતિવિકાસપ્રવર્તક' તરીકે ઓળખાવ્યા છે એ જ શબ્દમાં એમનું બધું-અને ખરેખરું મહત્ત્વ આવી રહે છે.

રાજવાડેના સ્વભાવ વિષે વધારે લખવાનું હોય નહિ. એમની દેશભક્તિ એટલી જ્વલંત હતી કે તેઓ દરરોજ સંધ્યા કરતી વખતે પિતૃઓનું તર્પણ કરવાનું હોય છે ત્યારે શિવાજી, રામદાસ ને મોટા માધવરાવ પેશવા—એ ત્રણનું તર્પણ કરતા! અસહકારમાં એમને એટલો બધો વિશ્વાસ હતો કે એ કોઈપણ દિવસ સંગ્રામમાં માનતા જ નહિ.એમનું વ્યસન એક જ-'સ્વત્વરક્ષણ.' નાનપણથી જ દુર્વાસા કે જમદગ્નિ જેવો સ્વભાવ હોવાથી સોદો એમનાથી દૂર જ ભાગતા. સ્વચ્છતા વિષે એમને ખાસ આગ્રહ હતો. હાથે જ પોતાનાં કપડાં ધોતા, હાથે જ રાંધતા અને સંન્યાસીને જે જ શોભે ને? એક વખત ચિત્રોમાં હરીફાઈ ચાલી—કોણ વધારે ઝીણા ચીતરી શકે છે! રાજવાડેએ ૧૫૦ ફ્રેમો ને ૬ કુપિયાની લીલી દ્રાક્ષ એક જ બેઠકમાં પૂરી કરી! આ પરથી એમના આત્મહી સ્વભાવ વિષે ખ્યાલ આવશે.

વસન્ત જોષી

સ્વર્ગસ્થ કવિવર નાનાલાલ

[એમના જીવનના વિધવિધ સમયની લાક્ષણિક છબિઓ માટે જુઓ પાછલા પૃષ્ઠમાં]

'આહો! ગર્ભાવાસની વાસુપ્રક્ષણા!
હા! સર્વભક્ષી યમકેરી યન્ત્રણા!
તથાપિ મૃત્યુ રસનાં નથી—નથી;
સૌંદર્ય ને સ્નેહ અજ્ઞત મૃત્યુથી'

આ જીવન અંગે ગાન ભરીભરીને હૃદયની અવિરતવસંતને ગાઈ અને રસરૂપ આત્માની અમર કલાના પ્રકુલ્લ રંગ બીલવ્યાં, જેણે નિષ્ઠુર ઇતિહાસને નિર્ગંધી કાંટી વતનના અભ્ય મહિયારીતોત્રો અને પ્રેમભક્તિનાં ગહાણાગો કચ્ચાર્યા, જેણે ગુર્જરી ગિરાને અવનવા અલંકારોથી વિભૂષિત કરી તેની આત્મકલાને ઓજસ્વતી બનાવી અને સાન્તમાં અનંતનો ને ક્ષરમાં અક્ષરનો અલખ જગાવ્યો, એ ગુજરાતનો અનન્ય રસરાજવી અને કવિકુલદીપક આજે શતદલપદ્મમાં પોઢી ગયો છે. ગુજરાતમાં નવયુગનું પહેલું વૈતાલિક ગાનાર કવિ દલપતરામના સવાયા કવિપુત્ર નાનાલાલનું ગઈ તા.૬ઠ્ઠી જાન્યુઆરી ને બુધવારના રોજ રાત્રે ૧૧-૩૫ વાગ્યે અમદાવાદમાં અવસાન થયું.

એમનો જન્મ સંવત ૧૯૩૬ના ચૈત્ર સુદ એકમ(ગુડીપડવો) ને શુક્રવાર તા.૧૬મી માર્ચે ૧૮૮૬ના રોજ અમદાવાદ દશા શ્રીમાળી બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. અર્વાચીન ગુજરાતના એક મુખ્ય વિધાયક ને નામાંકિત કવિ દલપતરામના એ જ્યેષ્ઠ પુત્ર.

ઊગતી વયે ખૂબ તોફાનમસ્તી કરતા 'નાના ભાઈ'ને અમદાવાદમાં પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણ પૂરું થતાંમાં પિતા દલપતરામે મોરબી પ્રે. કાશીરામ કરે પાસે મોકલ્યા; ને એ સચ્ચીલવંતા સંસ્કારમૂર્તિ અધ્યાપકના સાન્નિધ્યે આ ભરત કિશોરની પ્રકટ થવા ચાહતી શક્તિઓને યોગ્ય વહેણ આપ્યું.

ઈ. ૧૮૬૩માં મૅટ્રિક થઈ ૧૮૬૫ સુધી મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં, ૧૮૬૬માં અમદાવાદમાં ગુજરાત કૉલેજમાં, અને પછી પુનાની ડેક્કન કૉલેજમાં અભ્યાસ કરી, ૧૮૬૯ માં તેઓ તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો ઐચ્છિક વિષય લઈ સેકન્ડ ક્લાસ બી.એ. થયા અને ૧૮૭૧માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજકારણના વિષયો સાથે ઑનર્સ એ. થયા. પહેલી એલએલ. બી પછી અભ્યાસ બંધ કરી એમણે ૧૮૭૨ના ૮૦ રૂપિયાના પગારે સાદરાની હાઈ કૉલેજમાં હેડમાસ્તરની જગ્યા લીધી. દરમ્યાન ૧૮૬૮માં પિતા દલપતરામનું મૃત્યુ થયું હતું અને કવિની નવી ડોલનશૈલીનું પ્રથમ કાવ્ય 'વસંતોત્સવ' ઈ. ૧૮૬૬થી 'જ્ઞાનસુધા' માસિકના ક્રમશઃ પ્રકટ થવા માંડ્યું હતું.

એ કાવ્યના સર્વથા નાવીન્યગુણે સાહિત્યસૃષ્ટિમાં મોટાં આશ્ચર્ય ને પ્રત્યાઘાત ઉત્પન્ન કર્યા. પોતાની કવિતાને 'છંદના ઝોકમાં સાંકડાં પડ્યા' એટલે ગુજરીને 'ડોલનશૈલી'ની આ નવી કર્ણમંજરીથી કવિએ વિભૂષિત કરી છે અને બહુધા એમના બધાં નાટકો ને ઘોડાં લાંબાં કાવ્યો આ શૈલીમાં રચાયાં છે.

સાદરામાં બે વર્ષ ગાળી ઇ ૧૮૭૪માં તેઓ રાજકોટની રાજકુમાર કૉલેજમાં ૧૫૦ રૂપિયાના પગારે પ્રોફેસર તરીકે ગયા ને ૧૮૧૩ સુધી એ પદ પર રહ્યા. ત્યાં એમના શિક્ષણકૌશલથી પ્રસન્ન થઈ રાજકોટનરેશ સ્વ. લાખાજીરાજે સરકાર પાસેથી એમની નોકરી છોડીને માગી એમને રાજકોટ સંસ્થાનના સર ન્યાયાધીશ નીમ્યા.

૧૮૧૬માં તેઓ રાજકુમાર કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ તરીકે એજન્સીની નોકરીમાં પાછા ફર્યા અને ૧૮૧૮માં એજન્સીના ઇજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર નીમાયા. પરંતુ બે જ વર્ષ બાદ ઇ. ૧૮૨૧માં કવિના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું.

દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ સફળ કરીને દેશ આવેલા ગાંધીજી હિંદના રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. એ 'ગુજરાતના તપસ્વી'ને કવિએ આકંઠ બિરદાવ્યા હતા અને એમના સાપ્તાહિક 'નવજીવન'માં ગુજરાતીઓને 'પ્રજાશરીરનો ઘસારો' સમજાવતી 'નવપ્રકાશના'નો સંદેશ દીધો હતો. રાષ્ટ્રોત્થાનના એ નવચોઘડિયે 'શકુનની ઘડીઓ' ગાઈ કવિએ ઘેરો રંગનાદ કર્યો અને ૧૯૨૧ના રાષ્ટ્રવ્યાપક અસહકારી નોકરીનિવૃત્તિઆંદોલનથી કવિ અમદાવાદ આવ્યા.

પણ આહીં, દેશના દુર્ભાગ્યે, ગાંધીયુગ કવિની જીવનનાથ પ્રત્યાઘાતના ખડક સાથે અથડાઈ, અને અમુક સંજોગોથી કવિહૃદયને લાગેલા ઘોબે એવા તો ગાઢ પૂર્વમેઘનું રૂપ લીધું કે તે ઘડીથી કવિએ રાષ્ટ્રના વર્તમાન યુગપ્રવાહમાંથી કરલું લઈ સાહિત્યજીવનનો ક્ષેત્રસંન્યાસ લીધો. રાટ્રમાં એમને ઘણો જ કપરો કાળ પણ ગાળવો પડ્યો, પરંતુ એથી લેશમાત્ર ધ્યેયચ્યુત ન થતાં, કોઈ રજવાડાની, બ્રાનગી કે સરકારી નોકરી ફરી એમણે ના લીધી તે ના જ લીધી, અને જીવનના અંત લગી આદર્શ સાહિત્યસેવીનું તપોમય બ્રાહ્મણજીવન એ જીવી રહ્યા.

સાહિત્યજીવનની દૃષ્ટિએ આગ સ્વયંગૌરવ બનેલા કવિએ એ આખો પચ્ચાસીમા ગુજરાતને ગદ્યપદ્યની સમૃદ્ધિથી ભરી દીધું છે; છતાં પૂર્વમેઘની ચંપીને ઢારણે જો તેઓ જીવનસંપર્કથી અળગા ન રહ્યા હોત તો ગુજરાતના એ મહાકવિ જગતકવિ બન્યા હોત એની પ્રખર શક્તિના એ સ્વામી હતા. પોતાના છેલ્લા ભાષણમાં એમણે એથી નિર્દેશેલો આત્મનિરીક્ષણનો બોલ કચ્ચાર્યો છે કે 'મારા નાનાનાનાને જીવતા હોત તો સાધુપેરે પૂજતોહે ત.'

અને તો યે ગુજરાતે તો એમના પ્રત્યેના આદર ને મૂલ્યભાવમાં કદિ ઊણપ આવવા દીધી નથી. ઇ. ૧૯૨૮-૨૯-૩૦માં ગુજરાતે એમનો સુવર્ણજયન્તીમહોત્સવ જે ઉમળકાથી ઊજવ્યો તેવો કોઈ જીવંત સાહિત્યકારનો ઊજવાયો નથી, નથી જ.

જીવનનો છેલ્લો દાયકો કવિ દેહનાં દર્દો સાથે સરતા રહ્યા, છતાં એમની સારસ્વતી પ્રભા તો જીવનના અંત સુધી અખંડિત રહી. આયુષ્યનાં વર્ષોથી યે અદકા સંખ્યાનાં ગ્રંથરત્નો આપતી એમની સર્જનપ્રતિભાએ સાહિત્યના સર્વ ક્ષેત્રોમાં પોતાનાં તેજ પાથર્યાં છે.

કલ્પનાનાં ઊંચાં શિખરો આંબતી અને તેજભરી પાંખોએ વિહરતી એમની કવિતા અમરયૌવના દિવ્ય સુંદરી છે; અને શબ્દના કેફરમાં રસળતું એમનું ગદ્યઝરણું, આરોહ-અવરોહના ખળખળ ધ્વનિથી ગાજતું રહે

(અનુસંધાન આગળ પાન ૧૬મે)

જીવનદ્રષ્ટા કાકાસાહેબ

"મારી ને કૉંગ્રેસની ઉંમર સરખી છે. કૉંગ્રેસની પ્રગતિ એ મારા જીવનનું દર્શન. પણ ગાંધીજી આવ્યા ત્યાં સુધી કૉંગ્રેસ પ્રત્યે મને જરા યે નિષ્ઠા ન હતી. ૧૮૫૭ને અંતે ઘણા માણસો નાસિપાસ થઈને સંન્યાસી થઈ ગયા એ હતપ્રભ દશા મેં જોઈ હતી .... મૂળ તો હું ક્રાન્તિકારી હતો. ક્રાન્તિકાર તરીકેનો ગારાં એ પરાક્રમો કહું તો 'રંગરણયાત્રા' આગળ ચાલે. પણ મેં જોયું કે ક્રાન્તિ સસ્તી ચીજ નથી. ક્રાન્તિની તૈયારી માટે કેળવણીની જરૂર છે એમ મેં જોયું; ને ત્યારે હું કેળવણીકાર થયો. પછી તો કેળવણીની સેવા કરતાંકરતાં હું સાહિત્ય સુધી આવ્યો. વચ્ચે પત્રકાર પણ થયો. આજે પ્રચારક થયો છું. પણ મૂળે તો જેવો હતો તેવો (ક્રાન્તિકાર) જ છું. પ્રસંગ આવ્યે જ એ ક્રાન્તિને બહાર કાઢવી એટલો સંયમ હું જાળવું છું. બાકી, હું ક્રાન્તિકાર હતો, છું ને એમ જ મરવાનો છું."

જીવનદર્શી સાહિત્યકાર, રાષ્ટ્રીય કેળવણીના આચાર્ય ને આર્ષ જીવનના દ્રષ્ટા કાકાસાહેબ કાલેલકરે ગયા (ડિસેમ્બર) માસની પહેલી તારીખે સાઠ વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે ગુજરાત સાહિત્ય સભાએ હમણાં એમનો ષષ્ટિપૂર્તિ સમારંભ ઊજવ્યો, એ પ્રસંગે પોતાને એમણે જે રીતે ઓળખાવ્યા તેનું અવતરણ આ કવર આપ્યું છે. આ શુભ પ્રસંગમાં 'કુમાર' પોતાનો કાળો આનંદ, આદર ને કૃતજ્ઞભાવે નોંધાવે છે. 'કુમાર'ના વાચકોને કાકાસાહેબનો પરિચય નવો આપવાપણું ન હોય; કેમકે, કુમારજીવનની ઘડતરકથાની આપણી આયોજના ગુજરાતી સાહિત્યના અનન્ય સર્જન—એમની 'રંગ-રણયાત્રા'—ના પ્રકાશ આસ્વાદનું સદ્‌ભાગ્ય 'કુમાર'ના વાચકોને જ ગણ્યું છે; અને તે ઉપરાંત પણ પ્રવાસ ને જીવનદર્શનના અનેક રસ-ભર લેખો દ્વારા એ આજના કેળવણીકાર પારેખી દીક્ષાગુરુ પણ એમને ગણ્યા છે. આ પ્રસંગે એમને દીર્ઘ અને કૃતકૃત્ય આયુષ્ય ઇચ્છી, 'શિક્ષણ અને સાહિત્ય'માં શ્રી ચંદનભાઈ દેસાઈએ કરાવેલા એમના જીવનદર્શનમાંથી થોડો ભાગ તારવીને અત્રે કતારીએ કીએ.

'ઈ. ૧૮૮૫નાં ડિસેમ્બરમ (૧લી તારીખે) કૉંગ્રેસની જોડે કાકાસાહેબ જન્મ્યા, અને આ સદીના પહેલા દસકામાં પૂનામાં તેમનું ચાનસ-ઘડતર થયું. પૂના પોતાના વિદ્યા-વ્યાસંગને માટે તો અતિ જ ખમીરું છે; પરંતુ એ દસકામાં તે ગોખલે અને ટિળકની કર્મભૂમિ હતું. બેમજબૂતના જબરા હિસ્સો એ હતા. સ્વદેશી રાષ્ટ્ર-વાદનો હૃદયકાળ એ હતો. કાઠ એ રંગે પૂરા રંગાયા; અને એ રંગ એવો પાકો છે કે આજ સુધી વિકસની રહેલી રાષ્ટ્રની ક્ષુદ્રતા તાપથી પણ એ ફટક્યો નથી, બલકે ઓપ્યો છે. કાકા જે મૂળે સાક્ષર કે સાહિત્યકાર જ હોત તો કયારના એ એમાંથી પરવારી ગયા હોત. પરંતુ એમની મૂળ પ્રેરણા શિક્ષણ દ્વારા રાષ્ટ્રસેવા દોવાથી જ આજ સુધી એમાં એ ઝીલ્યમ રહ્યા છે.

અને એમનો આ રાષ્ટ્રપ્રેમ એક ધર્મ જેવો એમના જીવનમાં બરાબરનો છે. જીવનમાં પારિપક્વતાની નિશાનો બારસો એમને એમનાં માતપિતા પાસેથી ગળથૂ લાગે છે એની ગળથૂથી એમને શ્રી અર-વિંદબાબુના રાષ્ટ્રવાદી અભ્યાસગ્રંથોથી મળી હોય; કદાચ લાલાજી અને ખાસ કરીને લોકમાન્યનાં વિદ્યાનિષ્ઠ કર્મયોગ અને સંસ્કૃતિ-ભક્તિ તથા કર્મયોગે એનો ઘડતર થયું હોય; કદ જ રવીન્દ્રનાથની કાવ્યસૃષ્ટિએ એમાં મધુરતા આણી હોય; અને એવા કયાકયા પ્રવાહો એ ધર્મદૃષ્ટિના નિર્માણમાં ગળ્યા હશે એ રસિક અભ્યાસ બાબત;

અમદાવાદમાં ષષ્ટિપૂર્તિ પ્રસંગે કાકાસાહેબ (ફોટો : નરેન્દ્ર રાવળ)

પણ આજે તો એટલું જ બસ છે કે કાકાની ભાવનાસૃષ્ટિમાં રાષ્ટ્ર એક દેવતા બનેલો છે અને એમની આ ભાવના આર્ય સંસ્કૃતિના પાયા પર ઊભી છે. કાકાનું મુખ્ય ચિંતનમનન આર્ય વિદ્યાઓનું છે, ને એ દ્વારા એમણે આર્યોચીનને નિહાળવા, તપાસવા ને નિરૂપવા પ્રયત્ન કર્યો છે.

રાષ્ટ્રીય શિક્ષણની સેવામાં એ, સનાતની અને આર્યસમાજ બંને ગુરુકુલો જોઈ આવ્યા છે; સાધુઓના સમાગમમાં રહીને આપણા એ ફરતા યોગશિક્ષકોને એમણે જોયા છે; રામકૃષ્ણ મિશન અને તેમનો નવી ઢબે ચાલતો સેવાપરાયણ સંન્યાસ પણ એમણે જોયો છે; તે શાંતિનિકેતન પણ ગયા, પણ કાવ્ય અને કલાના એ યોગે કાકાના રાષ્ટ્રપ્રેમી કલાત્માને પૂરા એવી ન લીધા. પરંતુ ત્યાં એમને ૧૯૧૫ ના ગાંધીજી મળ્યા, અને એમનામાં એમને ઘર જડ્યું. કારણ, ગાંધી-જીમાં આપણો રાષ્ટ્રધર્મ, તેના આર્યધર્મના પાયાથી ગાંધીને બધા ગમ્યાઓને જ્ઞાનપૂર્વક આવરી લઈને મૂર્તિમાન થયો છે. કાકાના પ્રવાસી જીવે અંતે એમાં પોતાની ખોળનું પરંતુ જોયું.

ગુજરાતમાં ગાંધીજીએ આદરેલા યુગકાર્યમાં અને તેના નવસ-જનમાં કાકાએ અગત્યનો ભાગ ભજવ્યો છે, અને "અક્ષર"દેહે તેની ભાષામાં એ અંકાઈ ચૂક્યો છે. દાયકાઓના આંદોલની ગાંઠિને એમ, એ. સુધી આજ કાકા વેરાય છે એવી વિવિધ ને વિપુલ આગમી એમણે ગુજરાતને બક્ષે ધરી છે. ગુજરાતનો કાકાની આ ભેટ ધન્ય કરે છે. તેના સાહિત્યના ઇતિહાસમાં એ પણ કાકા અમર સ્થાન પામ્યા છે. અને કાળ પણ ન હરી શકે. રાષ્ટ્રદેવની આરાધનાનું જે સાહિત્ય આપવાને માટે ગુજરાત જોગનું હોગનું ઋણી રહેશે. ભારત ને ભારતીની સેવામાં કાકાસાહેબ ઘસ્યું છોગ.'

હિંદમાં વિજ્ઞાન

હિંદમાં પાશ્ચાત્ય વિજ્ઞાનના પ્રવેશ અને વિકાસની સિલસિલાબંધ સમાલોચના

—લેખક : ડૉ. કાંતિલાલ છ. પંડ્યા

જ્યારે વિજ્ઞાનની, વિજ્ઞાનની શોધોની તથા તે શોધોમાંથી નીકળેલાં અસંખ્ય વ્યાવહારિક ને વિચારાત્મક અનેક લાભાલાભની પ્રગતિનેઇએ છીએ ત્યારે આપણને—હિંદવાસીઓને—બીજી બાજુની સાથે એક એ લાગણી પણ થાય છે કે અત્યારે જે દેશો વિજ્ઞાનનાં જન્મભૂમિ સમાન ક્ષેત્રો છે તે દેશો જ્યારે તદ્દન જંગલી અને અજ્ઞાન હતા તે વેળાએ આપણા દેશમાં સંસ્કાર, સંપત્તિ, કળાકૌશલ્ય, વિજ્ઞાન વગેરેની લગભગ અપૂર્વ ખીલવણી હતી. પણ, વિજ્ઞાનના આરંભના હિન્દ ચીન વગેરેનો ગમે તેટલો ફાળો હતો એમ આપણે માનવા બેઠા એ,—અને બીજા દેશના વિદ્વાનો પણ કેટલેક અંશે તેમ માનવા લાગ્યા છે—તો પણ આપણે બે વાતો કબૂલ કરવી પડે છે, શોકથી ન સરમથી કબૂલ કરવી પડે છેઃ એક તો એ કે વિજ્ઞાનના આરંભનો જૂનો ઇતિહાસ લગભગ અજ્ઞાત છે અને તેને મેળવી શોધવા કરવાના તથા સમજવવાના પ્રયત્નો આપણે બહુ જૂજ કર્યા છે; પણ આ કામ આપણે નહિ કરીએ તો કોણ કરશે ? બીજી વાત એ છે કે પાછલી હકીકત ગમે તે હોય, પણ વર્તમાન વિજ્ઞાનની પ્રગતિમાં હિંદીઓનો હિસ્સો, એકંદરે, સ્વલ્પ છે. આપણે ત્યાં છેલ્લા બારેક વર્ષમાં જ જાગે કાંઈક શરૂઆત થઈ છે એમ કહી શકાય, અને તે પણ બે વણ ક્ષેત્રોમાં જ. એટલે એકંદરે વર્તમાન વિજ્ઞાનમાં હિંદનું સ્થાન બહુ પાછળનું છે આ છેલ્લી લીટીઓ આટલું સ્પષ્ટ કર્યું છે કે વિજ્ઞાનના શુદ્ધ સંબંધી વ્યાવહારિક પ્રયોગોમાં હિંદીઓએ અને હિંદે બહુ મોટા ફાળો આપ્યો છે; એટલે જો શાંતિ-સંગઠનમાં થવા પ્રયત્નો ને સંગઠન ચાલુ રહે તો ભવિષ્યને માટે બહુ સારી આશા રાખી શકાય.

એક બંગાળી વિદ્વાન બ્રજેન્દ્રનાથ શીલે એક ઉત્તમ પુસ્તક આ વિષયમાં અર્પણ કર્યું છેઃ 'The Positive Sciences of the Hindus'. એવું જ બીજું પુસ્તક આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાયે 'પ્રાચીન હિંદુઓનું રસાયન' કરીને બે ભાગમાં અંગ્રેજીમાં પ્રકટ કર્યું છે પરંતુ આ બંને ગ્રંથો આજના જમાનામાં જાણે દટાઈ જ ગયા છેઃ લાયબ્રેરીઓમાં પણ તે બહુ સુલભ નથી, અને આજના ભણેલાઓ કે ન ભણેલાઓની વાતમાં આ ગ્રંથો આવે જ કેમ ? આચાર્ય રાયના અંગ્રેજી ગ્રંથનો ટૂંકો ગુજરાતી સાર ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ ત્રીસેક વર્ષ પર, રા. પર્વતરાય મેઢની કલમથી લખેલો, પ્રકટ કર્યો હતો; પરંતુ એ પણ ગુજરાતમાં પ્રાણ જેવી રાકયો નથી.

ગુજરાતી સાહિત્યમાં વૈદક ઉપર જ જરાતરા ધ્યાન, ઇતિહાસની દૃષ્ટિએ, ગયું હોય એમ લાગે છે, અને વૈદ્યકશાસ્ત્રના ઇતિહાસ ઉપર હિંદની દૃષ્ટિથી કાંઈક લખ્યું છે. પરંતુ વિજ્ઞાનનો ઇતિહાસ, બૌદ્ધિક રીતે, ગઈ કાલ-આજ-આવતી કાલ એ ત્રણેની ઉપર દૃષ્ટિ રાખીને, તેમજ કેવળ યુરોપથી કે દેશાભિમાનથી અંજાયા વિના ઔરિયા ખંડમાંના વિજ્ઞાનના જન્મનો અભ્યાસ કરીને, લખવાનો તો હજી આપણે જ છે. અંગ્રેજી ભાષામાં યુરોપીય દૃષ્ટિથી લખાએલા વિજ્ઞાનના ઇતિહાસો, કેટલાક તો ઘણી વિદ્વત્તાથી ભરપૂર, મોજૂદ છે. તેમાંનાં કોઈનો અનુવાદ કે અવતાર પણ હજી થયો નથી. એનું મુખ્ય કારણ એ જ છે કે હજી આ વિષય તરફ, તેનો અભ્યાસ કરવા તરફ પણ, આપણે ધ્યાન જ્યું નથી.

અત્યારે તો એક જ શુભ ચિહ્ન છે. તે એ કે વિજ્ઞાનનો અભ્યાસ જેમ કૉલેજો, યુનિવર્સિટીઓ ને અન્ય સંસ્થાઓમાં વધવા લાગ્યો છે, તેમ આ ગદ્દાભારત વિગ્રહને પરિણામે હિંદી સરકારનું પણ ધ્યાન, મોડું મોડું—અતિ મોડું પણ—આ વિષય તરફ દોરાયું છે, અને વિજ્ઞાનના અભ્યાસની પ્રગતિ કરવા એ સરકારના પ્રયાસો પણ ધીરેધીરે ભનિયંત્રિત થવા લાગ્યા છે દિલ્હીનું ડિપાર્ટમેન્ટ ઑવ સાયન્ટિફિક ઍન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીચર્સ' નામનું આવું એનું એક ઉદાહરણ છે; અને હવે સર અરદેશીર દલાલને હાથે વધુ સંસ્થાઓની સ્થાપના થવાનાં પત્રકો પણ લેવાયાં છે. હિંદમાં વૈજ્ઞાનિક નામેદાર પારિતોષિક મેળવનાર માત્ર એક જ છે, ને F.R.S. બનારો હવે દસમી વધુ છે, એ પણ એક નાનું છતાં શુભ ચિહ્ન જ ગણી શકાય.

આવી સ્થિતિમાં, હિંદમાં પાશ્ચાત્ય વિજ્ઞાનના પ્રવેશનો ને ખીલવણીનો આરંભ કઈ રીતે થયો તે ઉપર પ્રકાશ પાડનાર કેટલીક હકીકત અંગ્રેજી 'નેચર' પત્રના એક અગ્રલેખમાં આવી છે[1] તેમાંની કેટલીક માહિતી આ વિષયના અનુસંધાનમાં ઐતિહાસિક તેમજ વૈજ્ઞાનિકરીતે રસ પડે તેવી ને ઉપયોગી છે.

હિંદની આધુનિક વૈજ્ઞાનિક પ્રગતિએ જુદાજુદા કોણથી લગભગ સમાન્તર, આગળ વધી છે. એક કોણ સરકારની પ્રવૃત્તિનો ને બીજો બીનસરકારી પ્રવૃત્તિનો. તોપણ ઘણી પ્રવૃત્તિઓમાં બંનેનો સહકાર પણ છે આ બંને કોણોની પ્રવૃત્તિઓ ૧૮મી સદીની આખરમાં શરૂ થઈ હતી ને બંનેનો જન્મ કલકત્તામાં થયો હતો; કારણ કે કલકત્તા ઈસ્ટ ઇન્ડિયા કંપનીની હિંદી રાજધાની હતી, ને ઈ. ૧૮૫૮ પછી હિંદી સરકારની રાજધાની હતી, જે છેક ઈ. ૧૯૧૧ના ડિસેમ્બરમાં પાટનગર ન્યૂ દિલ્હી થયું ત્યાં લગી રહેલી.

સરકારી વૈજ્ઞાનિક પ્રવૃત્તિનો આરંભ કેટલીક તદ્દન નવી નિમણૂકોથી થયો. શિવપુરના[2] વનસ્પતિ-ઉદ્યાનોના સુપરિન્ટેન્ડેન્ટ[3]ની નિમણૂક સન ૧૭૮૮માં થઈ કલકત્તાની ટંકશાળમાં રાસાયનિક પરીક્ષાનો વડો[4] ૧૭૯૨માં નિમાયો. સરકારી ભૂસ્તરી[5] સન ૧૮૫૮-માં નિમાયો; સન ૧૮૦૬માં ત્રિકોણમિતિના 'સર્વે'[6]નું ખાતું રચવામાં આવ્યું અને સન ૧૭૬૨થી ૧૮૨૪ લગીમાં ખગોલ તથા હવામાનના અવલોકનની કેટલીક વેધશાળાઓ[7] રચવામાં આવી. આ પ્રસંગે વનસ્પતિશાસ્ત્ર, ધાતુશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, ત્રિકોણમિતિ, ખગોળ ને હવામાન વગેરેના અભ્યાસ ને અવલોકનની શરૂઆત તે શાસ્ત્રોના અંગ્રેજ વિદ્વાનોએ હિંદમાં કરી. ધીરેધીરે તે સર્વને પરિણામે અર્વાચીન સંશોધનનાં નવાં ખાતાંઓ હિંદમાં રચવામાં આવ્યાં જે આજ પણ વિકસિત ને મોજૂદ છે ૧૮૫૧માં ભૂસ્તરીય સમાલોચનાનું,[8] ૧૮૬૫માં હવામાનની સમાલોચનાનું,[9] ૧૮૬૭માં હિંદની સર્વ લોચનાનું[10] અને ૧૮૭૯માં વનસ્પતિશાસ્ત્રવિષયક સમાલોચનાનું[11] એમ આજે

---

1 'Nature,' May 5, 1945. 2 Sibpur, 3 Superintendent of the Botanical Gardens, 4 Assay-Master, 5 Geologist, 6 Trigonometrical Survey, 7 Astronomical and Meteorological Observatories 8 Geological Survey, 9 Meteorological Survey, 10 Survey of India, 11 Botanical Survey, 12 Applied Sciences, 13 Research

સંસ્થિત થએલાં બીજાંઓ જન્મ્યાં. એમની પાછળ, ૧૯મી સદીની આખરમાં ને ૨૦મી સદીમાં, વ્યવહારિકપ્રયોગી વિજ્ઞાનના[૧૨] અભ્યાસને માટે સંશોધન-સંસ્થાઓ[૧૩] ધીરેધીરે નીકળવા લાગી. ઉદાહરણ તરીકે એની સંબંધી શોધખોળોને માટે ૧૮૮૫થી ૧૯૦૩ લગીમાં કેટલીક સંસ્થાઓ ઊઘડી; ગાય, બૈસ, ઘોડા વગેરે જનાવરો સંબંધી અભ્યાસ (શાલીહોત્ર)ને માટે ૧૮૯૪ ૧૯૦૧ થી ૧૯૨૫ લગીમાં સ્થપાઈ; વનસ્પતિ સંબંધી[૧૪] ૧૯૦૬માં; વૈદ્યકશાસ્ત્ર સંબંધી પણ ૧૯૦૬માં અને સાર્વજનિક આરોગ્ય[૧૫] સંબંધી તો છેક ૧૯૩૪માં. આવી બીજી કે વધુ સંસ્થાઓ હિંદમાં સ્થપાઈ ને દરેકને અંગે વધતાઓછા અંશમાં અભ્યાસ અન્વેષણ ને શોધખોળો સંસિદ્ધ થવા લાગ્યાં.

તદુપરાંત સરકારી આ સંસ્થાઓની સાથે બીજી એક પ્રવૃત્તિ પણ ગઈ થઈ, જેમાં બીનસરકારી અંશો ધીરેધીરે વધતા ગયા. તે પ્રવૃત્તિમાં વિજ્ઞાનના ઉપરાંત બીજા ઘણા અંશો પણ હતા; કારણ કે તે પ્રવૃત્તિ યુનિવર્સિટીઓની સ્થાપનાની હતી. સન ૧૮૫૭માં હિંદના ત્રણ ખૂણામાં, મુંબાઈ, કલકત્તા ને મદ્રાસમાં ત્રણ યુનિવર્સિટીઓ સ્થપાઈ, બીજાના વર્ષમાં જ. ચોથે ખૂણે લાહોરમાં ૧૮૮૨માં સ્થપાઈ અને મધ્યમાં અલ્લાહાબાદની યુનિવર્સિટી ત્રીસ વર્ષ પછી સન ૧૮૮૬માં સ્થપાઈ. તે પછી ૨૦મી સદીમાં બીજી ઘણી યુનિવર્સિટીઓ જુદાજુદા ખૂણાઓમાં નીકળી છે: ઢાકા, કાશી, અલીગઢ, નાગપુર, મૈસૂર, હૈદરાબાદ, લખનૌ, આગ્રા, ત્રાવણકોર, પટણા વગેરે. તે ઉપરાંત કેટલીક સ્ત્રીઓની યુનિવર્સિટી થઈ છે. અને ઓરિસ્સા, સિંધ, પૂના, રાજપૂતાના, આગ્રા, ગુજરાત વગેરેની યુનિવર્સિટીઓ વિષે વિચારણા તથા પ્રયાસો ચાલે છે.

આ ઉપરાંત લગભગ એવી જ પદ્ધતીની એક મોટી વિજ્ઞાનસંસ્થા બેંગલોરમાં 'ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સ'ના નામથી ૧૯૧૧થી ચાલુ થઈ છે. મુખ્યત્વે તાતાની ઉદાર સખાવતને આભારી એ સંસ્થાને હિંદી, મદ્રાસી ને મૈસુરી સરકારોનો પણ સારો ટેકો છે.

આ સંસ્થાઓમાં વિજ્ઞાનની ઘણી શાખાઓના ખાસ શિક્ષણની સગવડ છે: કેટલેક સ્થળે વધારે ઉચ્ચ તાલીમની ને શોધખોળની વ્યવસ્થા પણ છે. સામાન્ય વિજ્ઞાનની શાખાઓ ઉપરાંત વ્યવહારિક વિજ્ઞાનની તાલીમ—જેની કે જેવી, વૈદ્યક, એન્જીનીઅરિંગ, રાસાયનિક ઉદ્યોગો વગેરે—ની ગોઠવણ પણ કોઈકોઈ યુનિવર્સિટીમાં સારીછે.

બીનસરકારી પ્રવૃત્તિઓના પ્રવાહની શરૂઆત પણ ૧૭૮૪થી પડી તે વખતે સર વિલ્યમ જોન્સ જેવા નામાંકિત ભાષાવિદે અને સંસ્કૃતના વિદ્વાને 'એશિયાટિક સોસાઈટી'ને[૧૭] પાયો મૂકયો. એ સોસાઈટી હવે 'રૉયલ એશિયાટિક સોસાયેટી ઑવ બેંગાલ'ના નામથી મશહૂર છે. આ સોસાઈટીની પ્રવૃત્તિમાંથી હિંદની ઘણીખરી બીનસરકારી ને કેટલીક સરકારી પ્રવૃત્તિઓ પણ ઉદય પામી છે. તે ઉપરાંત સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ,[૧૮] ભાષાશાસ્ત્ર[૧૯] વગેરેમાં ઘણું કામ થયું છે તે તો જાણું. વળી સન ૧૮૬૬થી કલકત્તાનું હિંદી સંગ્રહસ્થાન[૨૦] આરંભ પામ્યું છે તેનો આધાર ને જન્મ પણ શરૂઆતમાં આ એશિયાટિક સોસાઈટીના સંગ્રહોમાંથી જ થયો છે. સરકારી હિંદી પ્રાણીશાસ્ત્રની સગાલોચનાનું ખાતું,[૨૧] કે સન ૧૮૧૯માં ઊઘડ્યું, તે આ સંગ્રહસ્થાનના પ્રાણીશાસ્ત્રના વિભાગમાંથી જ અવતરેલું છે. તે જ પ્રમાણે આજ ઘણી ખ્યાતિ પામેલી 'ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ ઍસોસીએશન' (અખિલ હિંદ વિજ્ઞાન પરિષદ)ની માતા પણ આ જ એશિયાટિક સોસાઈટી છે, કારણ કે એણે જ આ વિજ્ઞાન પરિષદની પહેલી બેઠક સન ૧૯૧૪માં મેળવી તે જ વર્ષે વિજ્ઞાનપરિષદમાંથી ૧૯૩૫માં જન્મેલી 'નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સિસ ઑવ ઇન્ડિયા'ની આ સોસાઈટી માતાગણી થઈ છે.

આ રૉયલ એશિયાટિક સોસાઈટી ઉપરાંત બીજી બે ઑફેરેગીઓ હિંદમાં છે જે પણ સમસ્ત હિંદની હોવાનો દાવો કરે છે: એક ૧૯૩૦માં અલ્લાહાબાદમાં ડૉ. મેઘનાદ શાહે સ્થાપેલી 'ધ નેશનલ એકેડમી ઑવ સાયન્સિસ', અને બીજી બેંગલોરમાં પ્રોફેસર સર ચન્દ્રશેખર વ્યંકટરામને ઈ. ૧૯૩૪માં સ્થાપેલી 'ધી ઇન્ડિયન એકેડેમી ઑવ સાયન્સિસ' છે.

વિજ્ઞાનની પ્રવૃત્તિઓના વિકાસને પરિણામે, આ ઉપરાંત બીજી પણ સમસ્ત હિંદની વૈજ્ઞાનિક સભાઓ જન્મ પામી છે, જેઓ જુદા જુદા વિજ્ઞાનશાસ્ત્રને લગતી હોય છે. તેઓમાંની ઘણીખરીનો મુકામ કલકત્તામાં છે. દાખલા તરીકે આપણે ને ભરાશાસ્ત્રની સભા બહુ પહેલી ૧૯૦૬માં સ્થપાઈ; ગણિતની ૧૯૦૭માં, એન્જિનીઅરિંગની ૧૯૨૦માં, વનસ્પતિની ૧૯૨૧માં, રસાયનની ૧૯૨૪માં અને જોતિષશાસ્ત્રની,[૨૨] જોતીની—જમીનના શાસ્ત્રની[૨૩] શરીરશાસ્ત્રની[૨૪] તથા એન્ટોમોલૉજીની ૧૯૩૪માં, પ્રાણીશાસ્ત્રની તે પછી. આ સંસ્થાઓનાં અલગઅલગ પત્રો દર માસે, યા બે ત્રણ કે છ મહીને, પ્રકટ થાય છે.

ઉપર નહિ ગણાવેલી એવી કેટલીક સંસ્થાઓ છે, જે દર વર્ષે કે બબ્બે વર્ષે પોતાના સંમેલનો ભરાવ કરે છે: જોકે મોટે ભાગે તેઓ ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસની વાર્ષિક બેઠકની સાથે જ પોતાની બેઠક રાખે છે. આગામી કેટલીક નીચે પ્રમાણે છે: બેંગલોરની સોસાઈટી ઑવ બાયૉલૉજિકલ કેમિસ્ટ્સ, કાશીની સોસાઈટી ઑવ ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી, સ્ટેટિસ્ટિકલ કૉન્ફરન્સ, મૅથમૅટિકલ કૉન્ફરન્સ, ઍન્જીનીઅરિંગ કૉન્ફરન્સ, ફ કારોની કેટલીક જુદીજુદી પરિષદો, અર્થશાસ્ત્રની કૉન્ફરન્સ, અખિલ હિંદ પોષણ-વિષયક સભા,[૨૫] વિજ્ઞાનતત્ત્વ રૉયલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ કેમિસ્ટ્રીની હિંદી શાખા, રસાયનશાસ્ત્રીઓની હિંદી સંસ્થા,[૨૬] હિંદી ઇજનૅરિંગ્નિકલ સોસાઈટી, હિંદી શરીરશાસ્ત્રીઓની સંસ્થા,[૨૭] હિંદી મનોવિજ્ઞાનની સંસ્થા,[૨૮] અને હિંદી પ્રદર્શનો—સંગ્રહસ્થાનોની સભા.[૨૯] સાથે કલકત્તાની એક જૂની સંસ્થા, મહેન્દ્રલાલ સરકારે સ્થાપેલી, વિજ્ઞાનના પ્રસિદ્ધ્યર્થને માટે હિંદી સંસ્થા'નું નામકરણ[૩૦] પણ ગણવું જોઈએ: જેમાં રામન ને કૃષ્ણન પ્રોફેસર તરીકે હતા.

આ સર્વ ઉપરથી વર્તમાનકાળમાં હિંદમાં વિજ્ઞાનનો જે અભ્યાસ થાય છે અને શોધખોળો વગેરેને માટે જે ભૂમિકા બંધાઈ ગઈ છે તેનો ખ્યાલ આવશે. આ પ્રગતિનાં ઘણાં કારણો છે: યુનિવર્સિટીઓની તથા સંશોધન-સંસ્થાઓની તાલીમ એ એક મોટું કારણ છે. વિદેશમાં પણ હવે વધુ ને વધુ હિંદીઓ જવા લાગ્યા છે. આખરે હિંદી સરકારે જ ભૂતકાળની ભૂલ સુધારી આ વર્ષ છસો ઉપર વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ આપીને મોકલ્યા છે. ભવિષ્યને માટે હવે ઘણી વધારે આશા રાખી શકાય એમ છે.

Institutes, ૧૪ Veterenary, ૧૫ Forests, ૧૬ Public Health and Hygiene ૧૭ Asiatic Society, ૧૮ Archaeology, ૧૯ Philology, ૨૦ The Indian Museum ૨૧ The Zoological Survey of India, ૨૨ Physics, ૨૩ Soil Science, ૨૪ Physiology ૨૫ All India Nutrition Board, ૨૬ Institution of Chemists (India), ૨૭ Physiological Society of India, ૨૮ Indian Psychological Association, ૨૯ Indian Museum Association, ૩૦ Indian Association for the cultivation of Science.

સંસારનાં શહેરો

૫૩ જયપુર

અજમેરથી શરૂ થઈને પૂર્વ તરફ વિસ્તરેલા વિશાળ ને સપાટ રેતાળ પ્રદેશનો જ્યાં અંત આવે છે ત્યાં, ત્રણ બાજુએ કડાબૂ પત્થરના પર્વતની ઘાટીઓથી વીંટળાઈને પડેલું આ શહેર, રાજપુતાનાના સૌથી મોટા (જયપુર) રાજ્યની રાજધાની અને હિંદુસ્તાનભરના સૌથી રમણીય નગર તરીકે ઓળખાય છે. ઔરંગઝેબના અંતિમ દિવસોમાં, મુઘલ સત્તાના અસ્તની શરૂઆત થતી હતી ત્યારે, જયપુરની રચાસતમાં થઈ ગએલા રાજાઓમાં શ્રેષ્ઠ ગણાએલા વીર, વિદ્વાન ને મુત્સદી રાજા સવાઈ જયસિંહે વિદ્યાધર નામના એક જૈન પંડિતની સલાહ અનુસાર શિલ્પશાસ્ત્રના આધારે તેનું નિર્માણ કર્યું છે પૂર્વથી પશ્ચિમે શહેર રોંસરા જતા ૧૧૧ ફૂટ પહોળા રાજમાર્ગ પર એકબીજાને કાટખૂણે પડતા દોરીછંટ રસ્તા તથા ૫૫ ફૂટ પહોળી શેરીઓ અને ૨૮ ફૂટ પહોળી ગલીઓથી અંકિત રેખાબદ્ધ નગરરચનાવાળું આ શહેર, હિંદનાં સૌ શહેરોમાં અનોખું જ તરી આવે છે અને જોનારને ઘડીભર મુગ્ધ કરી દે છે. જળીદાર ઝરૂખા, ઠગનીય થાંભલીઓવાળાં સુંદર છજાં ને મનોહર આકાશરેખા આંકતી છત્રીઓથી મંડિત અહીંનાં રૂપસુંદર મકાનો, એકધારી વિષયભરી રાજપુત સ્થાપત્યકલાથી ને એક જ રંગના ગુલાબી પત્થરથી બાંધેલાં હોવાથી આખા શહેરમાં એકબધુરી એકતાનતા વ્યાપી રહેલી જણાય છે ગાડીનાં નાનાં ઘરો સુધ્ધાં ગુલાબી જ રંગેલાં હોય છે; અને આથી, આસમાની આકારના વિશાળ ગુંબજની ચે વિરતરેલું પુલગુલાબી રંગનું આ શહેર જાણે સરોવરમાં પોયણું તરતું હોય એમ સોહે છે.

ઉદાર દિલના રાજવી પોતાના અંતરમાં કચ્ચનીચ સૌને એકસરખી મમતાથી સમાવે તેમ, અહીંના વિશાળ રાજમાર્ગો, આધુનિક ઢબની વિદ્યુતવેગી મોટરોથી માંડીને ભારભરદારી ગધેડા સુધીનાં સર્વ વાહનોને (ટાંકનીશ્ચિટગાડીઓ, તેછ તોખાર નચવતા અસવારો દરબારના અને અમીરોના ગરવા ગજરાજને અને ગામડી બળદગાડીઓ તથા ટાંગા એ સર્વને પોતાની છાની પર સમાવતા વિરતરેલા છે. અને તેના પરધૂમતી રંગશોખી રાજપૂત પ્રજાના વિવિધરંગી પોશાકો ને નિર્ભયપણે ચાલતા ફરતાં પારેવા ને મોર સૂર્યપ્રકાશમાં છવત ભભક પ્રસારી રહે છે.

જયપુરનો રાજવંશ કછવાહા રાજપુતોનો છે. રામના બીજા પુત્ર કુશનાં વંશમાં ઊતરી આવેલા હોવાનો દાવો ધરાવતા આ રાજપુતો, પહેલા અયોધ્યા અને પછી ગ્વાલિયર અને નરવરમાં રાજ્ય કરતા ત્યાંથી અંબેરમાં ઊતરી આવી ત્યાંના મીના રાજપુતો સાથે સગસંબંધથી જોડાયા ને પછી મુત્સદ્દીગીરી અને રાજરમતથી જયપુરની ગાદી હાથ કરી મુઘલોને પહેલવહેલી પોતાની કન્યા આપનાર અકબરના મિત્ર રાજા ભગવાનદાસ અને તેના ભત્રીજા માનસિંહે મુઘલ સામ્રાજ્ય જમાવવામાં આપેલી વફાદારીભરી સેવાઓ તો ઇતિહાસ અંકિત છે. મુઘલોના એવા બીજા વફાદાર મિત્ર અને મિરઝા રાજાની પદવીથી વિભૂષિત રાજા જયસિંહ (પહેલા)એ અંબેરનો મજબૂત અટલો જ સુંદર કિલ્લો બંધાવી પોતાના રાજ્યને નવું રૂપ આપ્યું. છતાં જયપુરના રાજાઓનો મુખ્ય સગપણ મુઘલ તહેનાતમાં જ નોતરો. પરંતુ ધર્મઝનૂની ઔરંગઝેબની નીતિથી આ વફાદાર રાજપૂતોનાં મન પણ ખાટાં થઈ ગયાં અને ઔરંગઝેબના મરણ બાદ રાજગાદી માટે ચાલેલી ભાઈઓભાઈની લડાઈમાંથી કોઈપક્ષ ન લેતાં રાજા જયસિંહ બીજાએ (એ સવાઈ જયસિંહના નામે ઓળખાય છે) દિલ્હીના દરબારમાંથી ખસી જઈને પોતાના રાજ્ય તરફ વિશેષ મન પરોવ્યું. અને તેણે જ અંબેરને અનુસંધાને નવી રાજધાની જયપુર વસાવ્યું. પહેલા પરાક્રમી જયસિંહ કરતાં એ ખરેખર સવાયો હતો. તે જેવો મુત્સદી અને વીર હતો તેવો જ વિદ્વાન હતો. જ્યોતિષ અને ખગોળશાસ્ત્રનો તો તે અટલો રસિયો હતો કે આકાશ-નિરીક્ષણ માટે પોતાના જયપુરમાં બંધાવેલી વિખ્યાત વેધશાળા જેવી બીજી ચાર વેધશાળાઓ તેણે દિલ્હી (ઉજ્જૈન, મથુરા, કાશી અને દિલ્હીમાં) બંધાવી હતી એણે પોતાના રાજ્યનો વિસ્તાર અને સમૃદ્ધિ વધાર્યાં અને લક્ષ્મીની અમૂલ સમૃદ્ધિ કુપરાંત તેના જેવાં જ અમૂલ, કલાકારીગરીના કલ્પનાતીત નમૂના અને વિવિધ અલભ્ય વિદ્યાઓથી ગૌરવિત ગ્રંથરત્નોનો પણ અમૂલો સંગ્રહ કર્યો, કે આજ પણ મોજૂદ છે, અને ખાસ વ્યવસ્થાથી પ્રવાસીઓ જોઈ શકે છે. શહેરની ઉત્તરે આવેલા નહારગઢ નામના પુરાણા રાજપૂત કિલ્લામાં રાજ્યનો પ્રાચીન અઢળક ધનભંડાર સચવેલો કહેવાય છે અને તેનો ખૂબ ચોકીદારીપૂર્વક બારી રાખવામાં આવે છે. લોકવાયકા એવી છે કે ગાદીએ આવનો દરેક મહારાજા એના જીવનમાંમાત્ર એકજ વખત આંખે પાટા બાંધીને ત્યાં જઈ શકે છે, ને એ ભંડારમાંથી પોતાની પસંદગીની એક જ વસ્તુ બહાર લાવી શકે છે.



રોનકદાર ઝરૂખા તથા રૂપકડી કમાનો ને છત્રીઓથી મંડિત જયપુરનો હવા-મહાલ

શહેરનો લગભગ સાતમો ભાગ રોકતા રાજમહેલ અને બગીચા એ શહેરનું મુખ્ય

આકર્ષણ છે, ને લોકોને સદા દર્શનીય, જયપુર રાજમાર્ગ પર પડતો તેનો 'હવા-મહાલ' તો બહુ જાણીતો છે. રોનકદાર ઝરખા, બારીક કોતરણીવાળી પડદીઓ અને કેવડી કમાનોવાળા બારીઓ તથા છત્રીઓથી મંડિત, ઓક ઉપર ઓક નવ માળ ધરાવતું શંકુ ઘાટનું આ સ્થાપત્યસર્જન 'અપ્રતિમ ને અન્ય સૌન્દર્યરાશિ' છે. આરપાર કોતરણીવાળા તેની સુંદર પડદીઓમાંથી વહેતી હવાની લહરો ગહેલને શીતળતાથી ભરે છે; અને રાજમાર્ગ પર નીકળતી સવારીઓ, ઉત્સવો, મેળા આદિ દર્શનીય પ્રસંગોએ, પરદેનશીન રણવાસની વ્યક્તિઓને અદૃશ્ય રહીને લોકજીવન નીરખવાની એ સુંદર વ્યવસ્થા છે.

* * રાજગહેલોમાં મુખ્ય ગહારાજાના આવાસ તરીકે વપરતો ચન્દ્રમહાલ, આરસનો દીવાને ખાસ, અને ગહેલના પ્રવેશદ્વારથી ઘોડે દૂર આવેલો ઇશ્વરી મિનાર ઊર્ફે 'સ્વર્ગાશ્રમ' નામનો અતિ ઊંચો મિનારો જોવાલાયક છે. મહારાજા સવાઈ જયસિંહે શોખથી બંધાવેલી વેધશાળા(જંતર)માં વિશાળ કદનાં, મજબૂત પત્થરની બાંધણીનાં ને કપર લીસા રોગાન જેવી સફર્યકત છોથી રસેલાં, ઘણીજ કાળજીપૂર્વક વેધ પાડેલાં રાશિચક્રો, ક્ષિતિજદર્શકો, ક્રાંતિવૃત્તો, અંશગણકો વગેરે યંત્રો, જોનારને તાજુબીથી ભરી દે છે. પ્રાચીન ગ્રંથો ને કલાકૃતિઓના સંગ્રહમાંની અબુલ-ફઝલે અનુવાદ કરેલા ફારસી મહાભારતની કપસુંદર ચિત્રિત હસ્તપ્રત, અને ગહેલના રાજ્યારોહણની રાજા માનસિંહની ૬૦ રતલ વજનની તલવાર સૌથી વધુ ધ્યાન ખેંચે છે. આકર્ષક મહારાજા હૉલેજ, કળાશાળા, આર્કિયોલૉજિકલ મ્યૂઝિયમ પણ જોવા જેવાં છે.

જયપુરની ખ્યાતિ માત્ર સુંદર શહેર તરીકે જ નથી. હિંદની પુરાણી હાથકારીગરીઓમાંની કેટલીક બારીક અને સુંદર કૌશલ્યવાળી કળાઓ પણ અહીં ખીલેલી છે. મીનાકારી, ધાતુની કોતરણીમાં સોનારૂપું ભરવાની કારીગરી, હાથીદાંતનું કોતરકામ, આરસકામ, કાપડનું રંગાઠકામ, જરી ભરતકામ અને અત્તર કાપવાનાં તથા પહેલ પાડવાના કામ માટે જયપુર મશહૂર છે. જયપુરનું મીનાકામ તેની પારદર્શકતા, રંગશુદ્ધિ ને ચિત્તાકર્ષક માટે અદ્વિતીય ગણાય છે. શહેરની ઉત્તરે આવેલા કુંભરાણ ખડકોમાં ભૂસ્તરીય ફેરફારોને કારણે દટાયેલી અસરોથી જે બારીક દ્રવ્યો અને ચોખા રંગીન પત્થરો અહીં મળી આવે છે તે જયપુરની વિશિષ્ટતા છે. ને રાજપૂત કલમનાં અહીંના ચિત્રો માટેના રંગો અહીંના વિખ્યાત મીના અને અત્તરકામ માટેની સઘળી સામગ્રી આ તળપદી ગેદાસામાંથી જ નીપજે છે.

અહીંની નવી ને રમણીય મનોહર રાજધાની એકેરનો પરિચય તો સાથોસાથ ન કરીએ તો જયપુરનો પરિચય અધૂરો જ ગણાય. જયપુરથી આઠેક માઇલ દૂર આવેલી કુંભરાણાના બધા જ પર્વતીય માર્ગોને રોકી લઈને, આગળના સપાટ પ્રદેશના રક્ષણની દૃષ્ટિથી બાંધેલો લશ્કરી મહત્ત્વનો એ પુરાણો કિલ્લો ગજબનાક તેટલો જ સુંદર છે, અને ઘાટરાણીનું નરવું કુદરતી પાર્શ્વભાગ પામેલો છે. આજે તો અવાવરુ જેવો પડેલો એ ઉદ્દંડ કિલ્લો રાજા માનસિંહે બંધાવવો શરૂ કરેલો; પણ ગિરઆરાન્ત જયસિંહે પહેલાંએ) તેને સાંગોપાંગ સંપૂર્ણ કર્યો હિંદભરમાં તે માત્ર ગ્વાલિયરના માનમહાલયથી ઊતરતો ગણાય છે અને જાણે પર્વતના જ એક અંગ રૂપ ટેકરીમાંથી જ તે કદાચ બંધાયો હોય એવું તેનું સ્થાપત્યસર્જન છે. છેક છેવાડાની ઊંચી ટેકરી પર આવેલા રણવાસની અગાશી પરથી આખી રચનાનું સુંદર ચિત્રાંકનદૃશ્ય નજરે પડે છે. ત્યાં એક બાજુએ ગહેલની સીધી દીવાલ અને તેને અનુસરીને ટેકરીની સીધી કરાડનું સૌંદર્યો ફીટનું ભયાનક ગાબડું છે, ને બીજી તરફ, કપરથી છેક નીચે સુધી ક્રમશઃ આવી રહેલી ટેકરીઓ પરની કિલ્લેબંધી વિસ્તરેલી જણાયા છે. છેક નીચાણમાં, ગહેલ તથા ગામેરની ટેકરીઓનું પ્રતિબિંબ આલેખતું એક મનોહર સરોવર પથરાઈ રહ્યું છે, જેની વચ્ચોવચ્ચ એક લંબચોરસ કૃત્રિમ પ્રદેશ પર મુઘલ ઢબનો રૂપકડો બાગ રચેલો છે. મુખ્ય ગહેલની આરસની દીવાલોના ગોખાળાનો ભાગ અને છતો રંગબેરંગી જડિતકામથી ઝળહળી રહેલી છે. એ ગહેલમાંની કારીગરી દિલ્હી ને આગ્રાના મુઘલ રાજમહેલોને ટક્કર મારે તેવી હતી. કહેવાય છે કે અહીંની કારીગરી ને સમૃદ્ધિ મુઘલોના દીવાને ખાસથી પણ ચડિયાતી સાંભળીને ઔરંગઝેબે તે જોવા માટે એક ખાસ તપાસપંચ મોકલેલું ને જો અહીંનું કામ ખરેખર ચડિયાતું જણાય તો તેનો નાશ કરવાનું ખાનગી ફરમાન પણ તેમને સાથોસાથ આપેલું. પરંતુ મહારાજા જયસિંહને આ બાતમી અગાઉથી મળી ગઈ ને પંચ આવી પહોંચે તે પહેલાં તો તેમણે અહીંના રત્નજડિત રતંભો, દગાનો ને છતોને તાબડતોબ છાપડાની સાદા બનાવટની નખ્યા; અને બાતમાં કાંઈ માલ નથી એવો અભિપ્રાય લઈ તપાસપંચ પાછું મોકલ્યું.

જયપુરની આસપાસમાં જોવાલાયક સાંભરનું ખારા પાણીનું વિરાટ સરોવર, અને શહેરની પૂર્વે ચારેક માઈલ પર આવેલું 'ગલતા' નામનું સ્થાનક છે. જમીનમાંથી આપોમેળે ફૂટતા એક કુદરતી ઝરણાને ગંગાજીનું પાવિત્ર્ય અર્પીને છેક પાંચમી સદીથી એ 'ગલતા'ને હિંદુઓએ યાત્રાનું ધામ બનાવ્યું છે. ત્યાંનો ગાર્ડન પણ ઠીકઠીક મુરકેલ છે. ૩૫૦ ફીટની ઊંચાઈની એક કપરી ટેકરી પર અહીંના સૂર્યવંશી રાજપૂતોના આરાધ્ય દેવ સૂર્યનું મંદિર છે; અને તે ટેકરીએ ચડ્યા બાદ પાછળની બીજામાં ઓટલો જ કપરો ઠેઠ ઊતર્યા બાદ ગલતા પહોંચાય છે.

સ્વર્ગસ્થ કવિવર નાનાલાલ

(અનુસંધાન પાછળના પૃષ્ઠ ૨૧થી)

પદાવલી ઢબે ગંભીર ભાવનું આવાહન કરવું પડે છે. સાહિત્યના બૃહત્ત્વા પ્રકારો બેઠનાર કવિ કવચ કોટિના ભાષાંતરપ્રવ છે અને અનેક ગદ્યપદ્યરોલીના સ્વામી છે; છતાં સાહિત્યમાં એ છવરો તે એમનાં ગરવ ઊર્જિતાતીથી. એમની કાલ્પનીધની ઇતિહાસદૃષ્ટિથી, એમની ભાવનાદેહે વિદ્વની પાત્રસૃષ્ટિથી, એમની ચૈતન્યમયી ને લાવણ્યવતી ચિત્રણાથી ને કલાથી, કાલાતીત સત્યનાં એમનાં સૈદ્ધાન્તિક ને સૂત્રાત્મક ગહાવાકયોથી. ગુજરાતી સાહિત્યના આદિપુરુષ નરસિંહ પછી 'મહા' કહી શકાય એવાં બે જ નામો ઊગ્યાં છે : પ્રેમાનંદ અને નાનાલાલ. બીજા અનેક કવિનક્ષત્રો ગુજરાતી સાહિત્યાકાશમાં ઊગશે ને આથમશે, પણ નાનાલાલ તો ધ્રુવતારકસમા અનસ્ત તેજે પ્રકાશશે. ગુજરાતની કવિતાવેલનું એ અમર ફૂલ છે. ગુજરાતી ભાષા જીવશે ત્યાં સુધી નાનાલાલનું નામ અમર રહેશે.

આ લેખને મથાળે કતારેલી પંક્તિઓના કર્તા પોતે પણ એમણે ગાએલાં એવાં જ અમર રસ, સ્નેહ ને સૌંદર્યની પેરે મૃત્યુથી અછત જ રહેશે. ર. પ.

રક્તપ્રવાહનો પાઠશીખવનાં શિક્ષકે પશુઓ ને પંખીઓને બચાવો બરવાથી તેમનો પ્રેમ લાગી જવાનો ભયંકર જીવ સગન્દની પૂછ્યું: 'હવે કેટલા આનો હાજલો આવી શકશે ?'

'છ્હા સાહેબ.' એકડોકરે જવાબ આપ્યો, 'મારા કામને તેના બદલા મહુડિયાંને બચાવો બરવાની બહુ ટેવ પડી.'

'હં, પણ એનું પરિણામ ખરાબ જ આવ્યું ને ?'

'હા સાહેબ, અને પછી તે બરી ગયું.'

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૨૧]

ડૉ. હરિપ્રસાદ પ્ર. દેસાઈ

મૈસૂર રાજ્યના બેલૂર ગામમાં વિખ્યાત ચન્નકેશવના કેશવમંદિરની પાસે રાણીનું બીજું એક મંદિર છે. રામાનુજાચાર્યની પ્રેરણાથી એ બંને મંદિરો બંધાયાં હતાં છેક બારમી સદીમાં રામાનુજાચાર્યે અંત્યજોને સુદ્ધાંને એ મંદિરોમાં આવવા રજા આપી હતી; પણ લોકમત વિરુદ્ધ હોવાથી રાજાને થોડા સમય બાદ પોતાનું મંદિર અંત્યજો માટે બંધ કરવું પડ્યું. પરંતુ રાણી મક્કમ રહી. એ કહે, 'રાજા તરીકે તમે ભલે લોકમતને નગારું આપો; પણ હું કંઈ કૃદ્ધિચુસ્ત લોકમતને તાબે થવા બંધાએલી નથી.'

રાણીની આ દૃઢતાને લીધે એ મંદિરને બ્રાહ્મણોએ ત્યજી દીધું અને રાણીના મંદિરમાંની વિષ્ણુની મૂર્તિ અપૂજ્ય રહી વર્ષમાં એક વખત એ મંદિરના દર્શન હજી લગી સર્વ વર્ણોને માટે ખુલ્લા રાખવામાં આવે છે અને ત્યાં મેળો ભરાય છે.

એ વિષ્ણુમૂર્તિ અત્યંત સુંદર છે. સાત્ત્વિકતાથી એનું અંગોપાંગ અલંકૃત છે પ્રાણીમાત્રના પાલન પોષણ અને વિકાસ કરનારા કરુણાસાગર પ્રેમની સાક્ષાત મૂર્તિ સમા એ પતિતપાવન શંખ, ચક્ર, ગદા અને પદ્મ સાથે ઊભા છે.

ગર્ભમંદિરના અંધારામાં, હલેકટ્રિકટૉર્ચનો પ્રકાશ નાખવા છતાં યે એ સર્વાંગસુંદર મૂર્તિ જ્યારે અમારાથી બરાબર જોવાઈ નહિ ત્યારે હું એને આખી ને આખી ઊંચકીને બહાર ચોકમાં લાવ્યો, અને પછી રવિશંકર રાવળે એની સંભાળપૂર્વક છબિ લીધી.

એ મૂર્તિ, જયપુરના અવલોકિતેશ્વર અને કુંભોડિયાના વિષ્ણુ, જે બન્ને આજે બર્લિનના કલાસંગ્રહમાં પહોંચી ગયા છે અને સ્વ. હૅવેલે જેમને સચિત્ર વર્ણવ્યા છે તેમનું રંગરણ કરાવતી હતી. પિતામહી લોકસ્થ ચરાચરસ્થમાં વર્ણવ્યા પ્રમાણે ચરાચર લોકગાત્રના પિતા રૂપે પરમેશ્વરને સમજતા આ મૂર્તિ બહુ જ ગંભીરપણે અસર કરતી હતી.

એની જ ભાવપૂર્ણ પણ જોડેવા વિષ્ણુની પ્રાચીનમૂર્તિકૃત્તર ગુજરાતમાંથી અમને મળી છે, જે હાલ સર ચિનુભાઈના સંગ્રહમાં છે. એ અપૂજ્ય છતાં આજે પણ દર્શન યોગ્ય છે. અને વધુ ગૌરવ તો એને જોઈને એટલા માટે થાય છે કે જે ભારતીય શિલ્પકળા સમસ્ત ભારતવર્ષમાં તેમજ ભારતની બહાર છેક બર્મા-સુમાત્રા સુધી વિકાસ પામી અને પ્રસરી તેમાં ગુજરાત પણ કોઈરીતે પાછળ નહોતું.

નિવૃત્તિનું વિષ્ણુનું બીજું સ્વરૂપ શેષશાયી નારાયણનું છે તેની તો રહસ્યમય ભવ્ય મૂર્તિઓ મહાબલિપુરમ્ મદુરા, વિષ્ણુકાંચી ને મથુરામાં જોઈને મેં ચક્ષુને સફળ કર્યાં છે.

હૃદયગુફા જેવા અભેદ્ય ઊંડા અંધકારમાં ભગવાનસૂતા છે જ્ઞાનરૂપી દીપથી, શમ, દમ, શ્રદ્ધા, સમાધાન ઉપરતિ ને તિતિક્ષાથી શુદ્ધ થઈ એને જગાડવા પ્રયત્ન કરીએ તો એ અંતર્યામી ઊઠે ને આપણી પાસે નવાંનવાં સર્જન કરાવી આપણું ને જગતનું કલ્યાણ કરે.

પરંતુ ઘણી વાર, આ ભવ્ય મૂર્તિઓ જોઈને મને શોક થતો હતો કે હવે આવાં સૂચનો ને ઊંડા સંદેશ લાવી આપનાર શિલ્પીઓ વર્તમાનકાળમાં નથી રહ્યા. એવામાં ઓરિસ્સાના શ્રીધર મહાપાત્ર નામના એક યુવાન શિલ્પી મળ્યા, અને એમણે બીજી અનેક મૂર્તિઓ સાથે શેષશાયી નારાયણની લાલ માટીની એક અલૌકિક મૂર્તિ સર ચીનુભાઈને બનાવી આપી. એ મૂર્તિ પાસે આજે પણ જ્યારે-જ્યારે હું બહુ વાર ઊભો રહી ગયો ત્યારે ઊંડા ને ઊંડા ઊતરી ગયા વગર રહેવાતું નથી. (એ શિલ્પીનો તેમની કૃતિઓ સાથે સચિત્ર પરિચય 'કુમાર'માં આગાઉ આપી ગયો છે)

જયપુરની ચોસઠ જોગણીઓ વિષે ગયા અંકમાં લખ્યું જ છે પણ વિદ્યુત્વેની શક્તિનું એક કોમળ અને સર્વાંગસુંદર એવું જે રૂપ મેં મહાબલિપુરમના ખંડેરોમાં જોયું હતું એની બરાબરી કરે એવી કાવ્યમય તો શક્તિની કોઈ મૂર્તિ મેં બીજે ક્યાંયે જોઈ નથી.

વિશ્વવ્યાપી યુદ્ધોમાં અને આણ્વબૉમ્બમાં મહાકાલિ રૂપે શક્તિનું સંહારક સ્વરૂપ તો આપણે જોયું, પણ જગજ્જનનીનું સર્વશક્તિમાન, વેગીલું, હૃદય ઊગમ્ય અંબિકાનું રૂપ તો એક મહાબલિપુરમમાં જ આજ ૧૫૦૦ વર્ષથી બિરાજે છે.

ખંભાતમાં હજી માત્ર છેલ્લાં ૧૦૦ વર્ષની અંદર બંધાએલા સ્વામીનારાયણના મંદિરોમાંથી ગુજરાતના કોઈ પ્રભુપ્રેરિત શિલ્પીની ઘડેલી ગાયત્રીની મૂર્તિ મળી છે. હાવેલના ગ્રંથમાં આપેલી પ્રજ્ઞાપારમિતાની છબિ જેવી એ છે. ગાયત્રી એ પ્રેરણાનું રૂપ છે ને એની પ્રેરણાનાં બે દરવાજા આપણે દર્શન કરીએ તો કોઈવાર સાચું પ્રેરક જીવન જીવવા ભાગ્યશાળી થવાય એવો મને વિશ્વાસ છે.

બ્રહ્માની મૂર્તિને જોતાં હું એટલા બ્રહ્મા મૂંઝાયો; અને ખંભાત પાસેના નગરામાં પણ ગયો હું પુષ્કરજીના વિખ્યાત મંદિરમાંના બ્રહ્મા ને બરાબર યાદ નથી, પણ એટલા બ્રહ્માના બ્રહ્માજી (પત્નીઓ આગને ભારવાડી વસ્ત્રો પહેરાવ્યા હોવા છતાં) ને આખા માનવકુળના પિતામહ જોવા લાગ્યા છે. નગરવાળા બ્રહ્માજી વૃદ્ધ, ભલા, પવિત્ર ને કુટુંબવત્સલ લાગ્યા છે.

જૈનોએ ઓસિયાંમાં ને બીજે ઠેકાણે ભવ્ય મંદિરોમાં બહુ જોયા છે. એમની આધ્યાત્મિકતા ને જિતેન્દ્રિયતા સદા મારા આદરને પાત્ર બન્યાં છે; પરંતુ એ સૌમાં જીવનભર હૃદિનભુલાય એવી તો શ્રવણ બેલ્ગોલાગામની ૬૦ ફીટ ઊંચી ગોમતેશ્વરની મૂર્તિ છે. એ વીર, કેવળજ્ઞાની ભરતબાહુબલીનું મહાન પરાક્રમી રૂપ છે.

બોધિસત્વ કે શિવાજીની મૂર્તિઓ પ્રતિ મારું મસ્તક નમે છે; પણ આ બાહુબલીના જેવો, અંદરના તમોગુણ શત્રુઓ ને ઇન્દ્રિયોનો વિજેતા તો બીજો જોયો નથી. કવિઓએ આ રૂપની સ્તુતિ કરતાં ગાયું છે કે: 'ભગવાન ગોમતેશ્વરના કૃપાકટાક્ષ જેના પર પડે છે તેના આશયો શુદ્ધ થઈ જાય છે.'

મદ્રાસ ઈલાકામાં અને સમસ્ત દક્ષિણ ભારતમાં મૂર્તિકરવાગીનું બહુ માન છે એમને ત્યાં સુબ્રહ્મણ્ય કહે છે. સાત સરિતાઓના સંગમ પર આવેલી પહેલી નાગની એક સુંદર પર્વતગાળા પર એમનું એક નવું યાત્રાનું ધામ છે. એ દેવ સરસ્વતી જેવા રસિક છે અને યુદ્ધમાં પણ આદર્શ વીર છે. એમનું વાહન મોર છે. સ્વ. રવીન્દ્રનાથ ટાગોરને જાપાનના સેનાધિપતિ મળ્યા ત્યારે એ કલાઓની વાત કરતા હતા. એમને જ્યારે પૂછવામાં આવ્યું કે લડાઈ માં રચ્યાપચ્યા રહેનાર તમારા જેવા, સલિત કળાઓમાં આટલો બધો રસ કેવી રીતે લઈ શકે? ત્યારે સેનાપતિએ કહ્યું, 'કે તમારા કાર્તિકેય કેમ લઈ શકે છે?' સ્વ. નગીનદાસભાઈ પ્રેમ અને શૌર્યના જે ગુણો ગુજરાતને મેળવવા જીવન ભર આગ્રહ કર્યા કર્યો હતો તે આવી જ હૃદયની રસવૃત્તિને તથા બાહુબળ તથા બુદ્ધિબળના આદર્શોને પહોંચવા માટે કહ્યું હતું.

અમદાવાદના રવાગીનારાયણના મંદિરમાંના નર અને નારાયણ મને બહુ ગમે છે. બંને, જાણે કે ગોસઠ લાખ યોનિમાં ફરતા-ફરતા દુર્લભ માનવ રૂપે આવ્યા છે. અહીં એમણે શુદ્ધ પૂર્ણ રૂપ બીલવ્યું છે. પરંતુ સખા રૂપે બંને બેકબીલની સાથેસાથે ઊભા છે. રજત સમું સ્વચ્છ ને પ્રકાશમાન એ બંનેનું સ્વરૂપ છે. નર કરતાં નારાયણ સહેજ મોટા છે; બાકી બંનેનાં મુખ એકસરખાં જ છે.

ચંદનના સારથીની જેમ આપણે પણ સંસાર રથી રથ ચલાવતાં હું એમને ન ભલું તે માટે, મારા અભ્યાસબેઠકમાં અવનીન્દ્રનાથ ટાગોરની આલેખેલી અર્જુન અને શ્રી કૃષ્ણની એક સુનકડી છબિ મેં ટેબલ ઉપર જ મૂકી રાખી છે.

મૂર્તિઓમાં નર્તકીઓ, અપ્સરાઓ, લક્ષ્મી, સરસ્વતી, કુબેર, ઇન્દ્ર, વરુણ, અગ્નિ, હનુમાન, ગણપતિ, યમ વગેરે ઘણાં રૂપો જોયાં છે પણ એને વર્ણવતાં પાર આવે એમ નથી.

બેલૂરમાં મદનકાય નામે પથ્થરની એક પૂતળી છે. છે તો એ ગાત્ર પૂતળી, પણ એ અતિશય મોહક અને રૂપરસનો ભંડાર છે. એનાં વસ્ત્ર નીચે એક ચાળણી પેડી છે. વસ્ત્ર કાઢી નાખીને નવસ્ત્રાં થયા વગર એ ચાળણી કાઢી શકાય એમ નથી; તેથી એ વસ્ત્ર ઊંધેરની ચાળણીને કાઢે છે. મારા બેલૂર જોઈ આવ્યા પછી તરત જ ગદાવાળા ગાંધી ત્યાં ગયા હતા. એમણે પણ એ મૂર્તિ જોઈ છે. સાહિત્યપરિષદના અગદાવાદમાં ભરાએલા બારમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી બીજું તો એ કંઈ બહુ નહિ બોલી શકેલા, પણ સાહિત્યમાંના સાત્ત્વિક સૌન્દર્યને અનુલક્ષીને કહેવામાં એમણે આ મૂર્તિનું વર્ણન કરી બતાવ્યું હતું કે જ્યાં સુધી એના શરીરમાં વાસના રૂપી ચાળણી હતી ત્યાં સુધી એનું ગૂઢ મ સૌન્દર્ય પૂરેપૂરું પ્રકાશમાં નહોતું આવ્યું; પણ જ્યારે એણે વાસનાનો ત્યાગ કર્યો ત્યારે જ એ પોતાના દિવ્ય નૈસર્ગિક સૌન્દર્યને પામી.

હુંલેબીડના તથા બીજાં મંદિરોમાં ભારત નાટ્યશાસ્ત્રની જુદીજુદી મુદ્રાઓ અને અભિનયો સાથેની દેવદેવીઓનાં નૃત્ય પુષ્કળ પ્રમાણમાં કોતરેલાં છે. છેક નાનામાં નાના મંદિરોમાં યે નૃત્યોનાં શિલ્પો દેવની પૂજારૂપે કરેલાં છે. પથ્થરે કોતરેલે આનંદસમાધિનું, ત્યાગપૂજાની દીનતાનું કે ભક્તિયોગનું સુખ એ દેહવતાઓ પર વ્યાપી રહ્યું છે.

મૂનીસ્વરના ગોગનાથપુરમના તો આખાં

રાગાયણ અને મહાભારતના સીનેગ્રાફિત્રોની જેમ પરંપરામાં કોતરેલાં છે. એ જ પ્રકારે સાંચીમાં જાતકકથાઓ, દક્ષિણમાં દેવ અને દાનવોનું સમુદ્રમંથન, મદુરામાં મીનાક્ષી ને સુન્દરેશ્વરનો લગ્નમહોત્સવ, દેલવાડામાં નેમીનાથ અને રાજેમતીનો વિવાહપ્રસંગ, રામેશ્વરમાં સત્યયુગ ને કલિયુગની સ્ત્રીઓ પતિ સાથે કેવી રીતે વર્તે છે તે દર્શાવતા સામાજિક સામાન્યિક સંબંધો, શિષ્ટ સાહિત્ય, ઇતિહાસ, પુરાણ ને સમાજશાસ્ત્રનાં દરયો કપરાંત યુદ્ધો અને શિકારના પ્રસંગો, રથો હાથી અને ઘોડા, પશુપંખી અને વનસ્પતિ એમ સરજનહારની આખી કપસૃષ્ટિ બરબટ્ટે શિલ્પમાં ઉતારવામાં આવી છે.

અરબી સમુદ્ર ને બંગાળાના ઉપસાગરને રામેશ્વરમાં રત્નાકર અને મહોદધિ કહેવામાં આવે છે. રામેશ્વરના મંદિરમાં પેસતાં જ પ્રવેશદ્વાર પાસે એ બંને સમુદ્રો બલાસીના વેરો, હાથમાં હલેસાં સાથે અને માથે ઝાળીદાર ઝબ્બા ટોપ પહેરેલા કપારે હાથ જોડીને ઊભા છે. બન્ને રામેશ્વર મહારાજને પૂછતા જ હોયકે આપની શી આજ્ઞા છે?

ભોંદરામાં વિશ્વામિત્ર ને મેનકાનો પ્રસંગ છે. એમાં ઉતારેલું મેનકાનું રૂપ અને વિશ્વામિત્રની હૃદયવ્યથા, શાન્ત રવિવર્માના એ પ્રસંગના ચિત્ર કરતાં તો કયાંયે ચડી જાય છે.

કવિતા સાહિત્ય કે મહાકાવ્યો વાંચવાથી અને નાટકસીનેમાથી જે નથી મળ્યું તે બધું આ રાષ્ટ્રીય કલાસંગ્રહોમાંની શિલ્પસંપત્તિમાંથી મળ્યું છે. (ચાલુ)

કસોટી

બુદ્ધિનેકસોટીએચડાવતા થોડાકસવાલો આ નીચે આપ્યા છે. તેના જવાબ પણ નીચે જ આપવા છાપેલા છે; પણ તે જોતા પહેલાં આપમેળે પૂરો પ્રયત્ન તો કરી જ જોજો.

(૧) શ્રી કોઠારી, શ્રી નાયક, શ્રી પટેલ અને શ્રી કામદારમાંથી એક ગૃહસ્થ દરબારના કોઠારી છે, એક ગૃહસ્થ પોલીસના નાયક છે, એક ગૃહસ્થ બાગના મુખી પટેલ છે અને એક રાજ્યના કામદાર છે; છતાં એમાંનો એક જણ પોતાની અટકમુજબનો હોદ્દો ધરાવતો નથી. શ્રી નાયક અને શ્રી પટેલ કોઠારી નથી; શ્રી કોઠારી અને શ્રી નાયક કામદાર નથી; શ્રી પટેલ અને શ્રી કામદાર નાયક નથી. તો પછી કોણ શું છે?

(૨) આ નીચે કેટલાક સમૂહો આપ્યા છે. બારીકાઈથી જોતાં જણાશે કે તે એકજ પ્રકારનાં છે, યા તેમાં એક પ્રકારનું સરખાપણું રહેલું છે,—બાજ દરેકમાં એકએક અપવાદ છે તે અપવાદ શોધી કાઢો. (અ) કબૂતર, સ્ત્રી, કોટી, નવટાંક, ખાંડી અધેળ; (બ) ૬૩૫૧૭, ૫૩૭૧૬, ૭૬૩૨૫, ૧૯૫૩૭, ૩૩૬૨૫, ૫૩૭૧૩; (ક) રવાદ, રપરો, વાખી, જ્ઞાન, બંધ, અનબૂ; (ડ) સ્ટેન, સ્ટીડન, દેહોટલેંડ, સ્વીટઝર્લેંડ, સીરિયા, ટ્રેન્ડિનેવિયા.

(૩) નીચેની આકૃતિમાં દર્શાવેલી સાત સ્ત્રીઓમાં સૌથી લાંબી કઇ છે?



(૪) અનુ, બનુ અને ચાનુને જે પહેલવહેલા જોયા ત્યારે તેમની ઉમરનું પ્રમાણ ૧: ૨: ૩નું હતું અને એમની વર્ત્તમાન ઉમરનો સરવાળો મૂળ કરતાં ૬૦ વરસ વધી જાય છે અને તેમની ઉમરનું પ્રમાણ ૧૦:૧૨:૧૪ છે. તો તેમની અત્યારની ઉમર શી હશે?

(૫) એમેલીને 'ચોપડીઓની પ્રેત' પહેલવહેલી કોણે કહી?

(૬) પાસિફિક, હિંદી અને આટલાંટિક એ ત્રણે મહાસાગરોમાં સૌથી મોટો કયો અને સૌથી ઝીણો કયો?

(૭) ત્રણ છગડા એવી રીતે ગોઠવો કે એની કિંમત સાત થાય.

(૧) ... (૨) ... (૩) ... (૪) ... (૫) ... (૬) ... (૭) ...

Our Friends Abroad

પરોક્ષી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : હરિપ્રસાદ આર. મહેતા, વિશ્વવત્સલ ઔષધાલય, કોળીયકલા, સાણંદ

Lieutenant Norman S. Horowitz
131-67, 233 Street, Laurelton, New York (U.S.A.)

પ્રિય મિત્ર હરિપ્રસાદ, ૨૫ ઑક્ટોબર ૧૯૪૫

તમને લાગશે કે હું તમને ભૂલી ગયો; અથવા તો આ વર્ષની મિત્રતા વિસારે પાડી. પણ તેમ મૂલ્ય નથી. ગયે વર્ષે તમને લખ્યા પછી જે બન્યું તે તમને જણાવતાં ત્યારે તમને લગ્નનરો કે કેમ દીલ થઈ.

- મારા ગયા પત્ર પછી એટલા બધા બનાવો બન્યા છે કે શરૂઆત કેમ કરવી તેની મૂંઝવણ થાય છે. ગયા વર્ષે તમને લખ્યું ત્યારે જાપાન સામે હવાઈ યુદ્ધે ચડવાની તૈયારી સારૂ હું ટેક્સાસમાં તાલીમ લેતો હતો. આ વર્ષના માર્ચમાં અમારા ફાઇટરને અમારૂં પોતાનું નવું હવાઈ જહાજ 'બી. ૨૯' મળ્યું અને તેમાં અમે ઈન્ડિયાનાના કિનારેથી ઊડીને હવાના ટાપુઓ ગયા. ત્યાંથી બારીલ દ્વીપસમૂહમાંના ફર્નાન્ડોલીન નામે નાના ટાપુ પર, અને ત્યાંથી મેરિયાના દ્વીપસમૂહના સાઈપન ટાપુ પર. અહીંથી ૧૩૦૦ માઈલ દૂર આવેલા જાપાની મહારાજ્યના વિનાશ કરવાના હવાઈઆક્રમણોમાં મદદ કરવા અમે આવી સાઈપન ખાતે મૂકવામાં આવ્યા.

જાપાન જવાના હુકમ મળવાથી હું જરા નિરાશ થયો કેમકે, મેં ગયા પત્રમાં જણાવ્યા પ્રમાણે, મને તો આશા હતી કે મને તમારા વિશાળ અને વિચિત્રરૂપ દેશ તરફ મોકલશે. પણ કમનસીબે મારી ઇચ્છા અને લશ્કરી વિભાની દાનત વચ્ચેનો મેળ ન બેઠો અને મારે એ કંટાળાભર્યા નિર્જન ટાપુ પર જવું પડ્યું. ૧૬મી એપ્રિલે અમે (અમારી ઑબ્ઝર્વર ટુકડીએ) જાપાન સામેની હવાઈ કામગીરી શરૂ કરી. અમારૂં પહેલું પ્રયાણ રાતના થયું, જેમાં ટોકિયો પરનો હુમલો પણ હતો. ત્યારથી તે યુદ્ધ બંધ થયું ત્યા સુધીમાં અમે ૩૪ આક્રમણો કર્યા, જેમા અમે ટોકિયો, ઓસાકા, કોબે, યોકોહામા, નૂંગોયા અને બીજા ઘણા નાના શહેરો ગણી એમનાં બધા જ મુખ્ય ... નગરો પર બૉમ્બ વરસાવ્યા. આગાના ઘણા હુમલા કરતાં જાપાન અમે પત્રિકાઓ ફેંકીને નાગરિકોને ચેતવણી આપતા કે આઠ દિવસમાં અમે તમારા શહેર ઉપર બૉમ્બમારો કરવાના છીએ, માટે તમારા સ્ત્રીઓ, બાળકો અને યુદ્ધવેરા નહિ પહેરેલા બીજા તમામ શહેરીઓએ ખાલી કરી જવું. કારણકે અમે સ્ત્રીઓ અને બાળકોનો નહિ પણ જાપાની સરકાર અને યુદ્ધકાર્યોનો જ નાશ કરવાના હતા.

જાપાન સામેના આ બધા આક્રમણોમાં અમે ફક્ત એક અપવાદ સિવાય પૂરા આત્મવંત નીવડ્યા; કેમકે એ એક પ્રસંગ સિવાય જાપાની વિમાન-નાશક તોપો, સર્ચલાઇટો કે લડાયક વિમાન કોઈ જ અમને રોકી સુદ્ધાં કરી શકેલું નહિ. માત્ર એકાદ પરના આક્રમણ વખતે એક જાપાની લડાયક વિમા ને અમારા એક તોપચીને વીંધી લેવામાં સફળતા મેળવી બધી પ્રાથમિક સારવાર તરત આપવા છતાં પણ તેને ઑપરેશન પહોંચાડતા પહેલા એ જુવાન ગુજરી ગયો.

- જાપાનીઓના સારમાં આવ્યા બાદ અમારાં વિમાનોમાં ઓરડા, પલંગો ને ફ્રીજરી સરંજામ જરીજરીને અમેરિકન, બ્રિટિશ તથા આપી રાજ્યોના યુદ્ધકેદીઓ જ્યાં જ્યાં કેદ હતા તે બધી જાપાની જાવણીઓ પર પહોંચાડવા માંડ્યાં અને તે મુક્ત થયા ત્યાં સુધી અમે કપરણી એ બધું ફેંકતા. પ્રામાણિકપણે કહું તો અમારી દયાદીન યુદ્ધકારવાહીઓના કરતાં આ ઉદ્યમોથી મને કેટલો યે ગણો આનંદ થયો. આ બધા સમય દરમિયાન તમારા તરફથી પત્ર ન હતો, કેમકે તમારા પત્રો મારા અમેરિકામાંના ટેક્સાસના સરનામે જતા હતા.

જે સવાઈ હિલ્લાઓમાં અમે યુદ્ધ-ઉદ્યમો કરેલાં તેમાંનું જેસીમે અમે પાછા અમેરિકા જવા ૨૭ ઑક્ટોબરે જાપાન છોડ્યું એ વખતની મુસાફરી તો સૌથી સરળ હોવી જોઈતી હતી, પણ તેમ ન થયું. અમે સાન ફ્રાન્સિસ્કોથી માત્ર ૪૫૦ માઈલ દૂર રહ્યા ત્યાં અમારા વિમાનના એન્જિનમાં કાંઇક ખોટકો થયો ને એ કડકડતી ટાઢવાળી ને તોફાનભરી રાતમાં, પૅસિફિક મારફતે પાસિફિકની છાતી પર અમારે પરાણે ઊતરવું પડ્યું. ત્યાં પણ હુંનસીબદાર નીવડ્યા; કેમકે અમારામાંના પાંચ જણ તો ડૂબી ગયા; પણ હું બે કલાક પાણીમાં રહ્યા પછી એક વહાણે મને ઊગારી લીધો. મારા આ બચાવમાં મારી પત્ની, માતા, અને મિત્રોની પ્રાર્થના જ મદદરૂપ હશે.

દરિયામાંથી બહાર કાઢીને મને સાન ફ્રાન્સિસ્કોમાં ઑરિયલ્ડમાં લાવવામા આવ્યો જ્યાં થોડા દિવસ હું માત્ર ઊંઘ, આરામ ને પોષણ લેતો પડી રહ્યો; કેમકે પૅરેશૂટ કૂદકારા મને બહુ ઈજા થઈ ન હતી; માત્ર થોડો કમ્પર થયો હતો. સાન ફ્રાન્સિસ્કોથી હું ટ્રેન રસ્તે ન્યૂ યોર્કમાંના મારા (હાલના) ઘેર આવ્યો.

અહીં મારી પત્ની અને કુટુંબ વચ્ચે આવી રહેતાં મને જે સુખ થયું છે તેની કલ્પના તમને નહિ આવે. મારે એક પુત્ર તો છે જ, અને આ ફેબ્રુઆરીએ વળી મારી પત્નીએ મને એક પુત્રીરત્નની ભેટ આપી છે, જેનું નામ અમે વેન્ડી કૅરોલ પાડ્યું છે.

મારો પુત્ર પીટર બે વર્ષ અને બે માસનો થયો તે સરસ બોલે છે તેના પિતાના પાછા આવવાથી તેને કેટલું બધું સુખ થયું છે કે ઘરમા હું જ્યાં જઉં ત્યા મારી પાછળપાછળ ફરે છે, પોતાનાં રમકડા મને બતાવે છે, મારી પાસે ચોપડીઓ વંચાવે છે ને પોતાની સાથે રમાડે છે. અને બાકી કહું તો મને પણ તેના પર ખૂબ હેત છે. વેન્ડી તો ચન્દ્રની ગચ્ચા જેવી સુંદર છોકરી છે. તે આઠ મહીનાની થઈ છે ને આપમેળે બેસતાં ને ઊભી થતાં શીખી ગઈ છે. મને આશા છે કે થોડા વખતમાં તો તે બોલતી ને ચાલતી થઈ જશે.

બે દિવસ પર તમારૂં ૮મી જુલાઈનું કાર્ડ અને ૧૬મી જુલાઈનો પત્ર તથા તે સાથે મારી પત્ની હૅરીએટ પરનું મધુર ને વિચારપ્રેરક પોસ્ટકાર્ડ બધું આજને મળ્યું. હૅરીએટ તમારો પત્ર મળવાથી આનંદ અને ગર્વ અનુભવે છે અને તેનો જવાબ ફ્રેંચમાં લખશે, કેમકે એ તરેહરિયાં બાળકોને કારણે તેને બહુ રોકાણ રહે છે એ તમે કલ્પી શકશો.

તમારા પત્રો મને પહોંચતાં આટલું મોડું થયું તેનું કારણ તો એ કે હિંદથી તે પહેલાં ટેક્સાસ ગયા, ત્યાંથી સાઇપન અને ત્યાંથી પાછા ન્યૂયૉર્કના મારા ઘરના સરનામે આવ્યા આમ મને પહોંચવામાં તેને લગભગ પચારોક હજાર માઇલની સફર કરવી પડી હશે!

તમે મને બે કાગળો લખ્યાનું જણાવો છો, પણ મને તો માત્ર એક જ ૧૬મીનો મળ્યો છે. બે કાગળ એકબીજાની નજરે ચડ્યા હશે, અને મને કહેતા દિલગીરી થાય છે કે તમે મોકલેલી ઘણી વસ્તુઓ તેમાંથી કાઢી લીધી છે તમે મોકલેલા ઘણા ફોટોગ્રાફો અને ચાર સિક્કાઓ તેણે અમે તે કાગળે ખસેડી લીધાંછે. માત્ર તમારા માનિક 'કુમાર'માંનાં ચિત્રો મળ્યા છે અને તે જોવામાં મને ખૂબ આનંદ મળ્યો.

મને નવાઇ લાગે છે કે બીજી વસ્તુઓ કેમ ખસેડી લેવામાં આવી. તમને જે ગયા પત્રમા કપાસની ડિંડિકો તથા સિક્કા મોકલેલા તે

જોજના ? હવે તો યુદ્ધ પૂરું થયું છે એટલે કદાચ આપણા કાગળો અગાઉની પેઠે વધારે નિયમિત આવે અને તમે મને તમારા દેશના વધુ સિક્કા મોકલશો. તો ખ્યાલ આવે. તમે મને જે પહેલા કાગળ લખેલો તેનું શું બન્યું તેની મને પણ નવાઈ થાય છે.

તમે જણાવેલી ચોપડીઓ મેળવવાનો હું યત્ન કરીશ. કેમકે હું જાણું છું કે તમને વૈદકનાં ઘણો રસ છે. પહેલી જ તકે મારે હું રાજેરામ આપડીઓની દુકાનમાં જઈ તેની ભાળ કાઢી મોકલીશ. બનતાં સુધી તો આ પત્ર તમને મળ્યા પછી તરત જ તે પણ આવી પહોંચશે.

તમારો પહેલો પત્ર મળ્યો જ નથી અને બીજા કાગળોમાંથી સિક્કાઓ અને ફોટાઓ કાઢી લેવામાં આવ્યા છે એટલે તમે મને થોડા વધુ સિક્કા તથા તમારા અને તમારાં કુટુંબીજનોના ફોટાઓ મોકલશો. હિંદુસ્તાનનો મુખ્ય સિક્કો-રૂપાનો કે કાગળનોટ-મેળવવાનું મને બહુ ગમે છે. અલબત્ત, આવી વસ્તુઓનું મૂલ્ય તમારે ભોગવવાનું આવે એમ હું નથી ઇચ્છતો; એટલે મને ગમતી કોઈ ચીજ જો તમને ત્યાં મળી આવે તો તે મોકલવા સાથે તેની કિંમત પણ મને અવશ્ય જણાવશો, જેથી તેના બદલામાં હું તમને અમેરિકન બનાવટની કોઇ સારી ચીજ મોકલી શકું. આ કાગળ સાથે મારો, મારી પત્નીનો તથા છોકરાનો ફોટોગ્રાફ બીડું છું. નાની પુત્રીનો અને ફોટો નથી; પણ આવતા પત્રમાં તેનો ફોટો પણ મોકલીશ.

તમે મને મોકલેલા ચિત્રનું વર્ણન મને બહુ ગમ્યું. હિંદી કળા અમેરિકન કળા કરતાં તદ્દન જુદી છે; પણ તે સુંદર મધુર છે તે ઘણું ઘણું કહી નાખની ઢાળે છે અને તેનાં બધાં દરેકોમાં શાંતિ અને એકતાનતાનો સંદેશ છે. બધાં ચિત્રોમાં મને સરોવર તરફ જોતી સ્ત્રીનું ચિત્ર બહુ ગમ્યું એ ઝાડવાળું ચિત્ર પણ મોહક હતું.

તમે છેલ્લેએલા તમારા 'કુમાર' માસિકમાં મારો તમારા પરનો છેલ્લો કાગળ પ્રકટ થયો જણાય છે; કેમકે 'કુમાર'માં કાગ કરતા ડાકોરલાલ પી. ભટ્ટભટ્ટ નામના એક તરુણનો પત્ર મને મળ્યો છે હું તેના પત્રનો પણ જવાબ લખીશ. હું જોઉં છું કે તમ ક સરનામું ફરી ગયું છે. હજી તમે દવાખાનામાં જ કામ કરો છો? તમારી ડાક્ટરી પદવી તમને હવે મળી ગઈ? યુદ્ધ પૂરું થયું એટલે હું હવે ફરી કૉલેજમાં જવા ધારું છું હું મેડિકલ એન્જીનીઅરિંગનો અભ્યાસ કરીશ.

તમે પૂછો છો કે તમારા બે મહાન હિંદીઓ મહાત્મા ગાંધી અને રવીન્દ્રનાથ ટાગોરનાં નામ મેં સાંભળ્યાં છે કે નહિ. હા; બંનેનાં સાંભળ્યાં છે. તમારા કવિ રવીન્દ્રનાથ તો ગુજરી ગયા ને? અને તમારા રાષ્ટ્ર પુરુષ-મોહનદાસ કે. ગાંધીનું નામ તો કેળે ન સાંભળ્યું હોય ?

વાહ, પ્રિય મિત્ર ! મેં બહુ લખી નાખ્યું. મને ખાતરી છે કે આ પત્ર મળશે ત્યારે તમારી તબિયત બહાલ હશે. અને હું તમારા જવાબની રાહ અધીરાઈથી જોઇશ મેં લખ્યું તે પ્રમાણે તમે કહેલી ચોપડીઓની ભાળ મેળવવા હું જરૂર યત્ન કરીશ. બીજું પણ કાંઈ જોઇએ તો જણાવશો. અને તમને મોકલવા પ્રયત્ન કરીશ.

મારે માટેની તમારી કલ્યાણચિંતનાઓને માટે તમારો આભાર માનતો—

તમારો પ્રિય મિત્ર

રોગન એસ. હૅરેવિલ્સ

નવા પત્રમિત્રો

આઝાદ હિંદ ગેન ફૅન્ડના કલ્યાણ, C/o ચન્દ્રકાન્ત હરજીવનદાસ સંઘવી, સેવા મહી, મૂળજી જેઠા મારકીટ, મુંબાઈ ૨ એ સરનામે લખવાથી બે સેવા નવીન પરદેશી પત્રમિત્રો મેળવી આપશે તથા અકબીજાના ફોટાઓની આપ-લેમાં મદદ કરશે. આ ફરમાન નીચે આપેલા નવાં સરનામાંમાં બે ઇંગ્લેંડની કુમારીઓનાં છે.

(૧) (Miss) Noreen Broom, 27 Stokesley Crescent, Bellingham, C.O Durham, (England); (૨) (Miss) Enid Huges, 'Allendale', 179 Durham Road, Stockton on Tees, C.O. Durham (England); (૩) કુ શ્રી ધર્મેન્દ્રસિંહજી જી. રાણા, ચુડા હાઉસ, વિકટર પેલેસ, વડવાણ કૅમ્પ; (૪) નજરઅલી કારાણ C/o એન . અહમદ, પો. બૉ. ૬૨, મ્વાન્ઝા Mwanza E.A. (B.E. Africa); (૫) ચંદુલાલ જયાશંકર દફતરી, દુર્લભ કાર્મસી, મોરબી (કાઠિયાવાડ); (૬) દેવેશ્વર પટેલ, C/o સુરેન્દ્રનાથ પુરુષોત્તમ પટેલ, પો. ચકધરપુર, જિ. સિંહભૂમ (બી. એન. રેલવે); (૭) પ્રતાપ શાહ, ભગત પ્રભુનો ગાળો, ૫૨-૫૪ વાયધુની, મુંબાઈ-૨; (૮) સુલતાનઅલી ઓમ. સુરાની, સુલતાન કેટે, દેવજીભાઇની વાડી, જામનગર; (૯) કમલ એન આચાર્ય, સાસ્ત્રીવાડા, કચ્છ માંડવી; (૧૦) જયેન્દ્ર એન. પાચ, સાસ્ત્રીવાડા, કચ્છ માંડવી; (૧૧) રસિકલાલ જી. રેશમવાળા C/o પ્રભુદાસ ગંગાદાસ રેશમવાળા, સગપુરા રોડ, સુરત; (૧૨) જવાહર છ. ઝવેરી ૧૯૮ ઝવેરી બાજાર, મુંબાઈ-૨; (૧૩) કાસમઅલી મહેરઅલી કુરજ, પો બૉ ૬૭, બૉમ્બાસા (બ્રિ. ઈ આ.); (૧૪) અનંત મહેતા, હુદાર ચકલા, કચ્છ માંડવી; (૧૫) વિકલભાઇ પી. પટેલ, મોરી બડકી, ઉત્તરસંડા (ખેડા)

નવાં પુસ્તકો

મૅટ્રિક આસપાસ ચ્યા વાટા એટલે કે 'મૅટ્રિકની આસપાસના માર્ગો' એ નામનું એક રૂપયોગી નાનકડું પુસ્તક (મરાઠી ભાષામાં) જેમાં નિરનિરાળા અભ્યાસક્રમો, પરદેશના અભ્યાસક્રમો, મુલાકાતો, ધનાર્જનના માર્ગ વગેરેની માહિતી આપી છે. તેનાં નીચેનાં પ્રકરણોથી તેના અંતરંગનો ખ્યાલ આવશે: કૉર્સ કેમ ઠરાવવો, નોકરી કરનારા અને બીજાઓએ ધ્યાનમાં લેવા યોગ્ય બાતો, યુનિવર્સિટીનું શિક્ષણ, ધંધા અને કૉર્સ ઠરાવવામાં શાળાઓએ શું કરવું જોઇએ; નિરનિરાળા અભ્યાસક્રમો, યુદ્ધકાલીન અભ્યાસક્રમો, જાતજાતના રચનાઓની સંસ્થાઓ, હિંદુસ્તાનગાંની કેટલીક સરકારી ખાતાંની પરીક્ષાઓ; દ્રવ્યપ્રાપ્તિના કેટલાક માર્ગ તથા ધંધા; મુલાકાતો. લેખક—સ. અ. રાનડે, વિસનગર; પ્રાપ્તિસ્થાન—સુગર્ય બુકડેપો, મુંબાઈ-૪ પૃ. ૬૬; કીમત રૂપિયા બારી. **ઘર, શાળા ને રોટી:** જૂની અને નવી બંને પેઢીઓનું સારું નરસું તપાસીને લખેલાં, શિક્ષક આલમને ઉપયોગી લખાણોનો સંચય; લેખક—ગિરીશભાઈ ગ. જહ પ્રકાશક—ઘરસાળા પ્રકાશન મંદિર, તખ્તેશ્વર પેલેટ ભાવનગર. ૦ ૬ ૦; **મૂળો શેવક:** ગાંધીજીને પ્રિય એવી 'સર ગિબી' નામની નવલકથાને આધારે તૈયાર કરેલી, એક મૂગા પણ રોચક પ્રાણીની કરુણ કથા, વાચનનો રસ આપવાની સાથે જીવનને સેવા તથા આત્મોન્નતિ તરફ પ્રેરે એવા અભિનવ કથા ચાલિત્યનો ઉત્તમ નમૂનો છે. લેખક—ચન્દ્રશંકર પ્રાણશંકર શુકલ, પ્રકાશક—એન એમ કક્કર એન્ડ કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, ૨ ૮-૦; **ગાંધીજીના સમાગમમાં:** ગાંધીજીના સમાગમમાં આવેલાં ગુજરાતનાં અનેક સ્ત્રીપુરુષોએ ગાંધીજીવનના જાતે જોએલા પ્રસંગોનાં વર્ણન આપતું પુસ્તક જેમાં એમનાં અનેકલોકોત્તર ને વિરલ ગુણોનું પ્રતિબિમ્બ પડે છે સંપાદક ચન્દ્રશંકર પ્રાણશંકર શુકલ, સોલ એજન્ટ એન એમ. કક્કરની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ. મુંબાઈ-૨, ૨ ૮ ૦.

ચબુકડો

નાનકડું મુજ વાદળ આખો સૂરજ ઢાંકી દાઢે,
વિષનું ટપકું માણસ જેવો માણસ પલમાં મારે!
મચ્છર કાન મહીં પેસી ખીજવી શકતો માતંગ!
અંગ મહીં એક જૂઠો અવયવ લજવે આખું અંગ!
પ્રેમતણું મા' જહાજ કરે અભિગાન-છછુંદર કાણું
ભરદરિયે એ ભૂલતું રસ્તો, ડૂબે ખચ્ચું નાણું!

—ગણપત ભાવસાર

હિંદી ક્રિકેટજગતનો જ્યોતિર્ધર : લેફ્ટેનન્ટ કર્નલ કોટ્ટારી કન્કૈયા નાયુડુ

'એ ઊંચા મદ્રાસી આપણા મરાહૂર ખેલાડી ચર્ચની પણ ઝમકદાર રમતને તથા તેના છક્કાઓને ઝાંખપ પમાડી તેનાથી ચાર ચાસણી ચડી ગયો છે. આવો અજબ ખેલાડી મેં આજ સુધી જોયો નથી. એ બૅટ ઉપાડે છે કે બાઉન્ડ્રી જાય છે. ગમે તેવા કારેટ બૉલને પણ તે છક્કો બનાવી દે છે. ગૂગલી બોલરોને પણ એ ત્રાહેત્રાહે પોકરાવી દે છે. એની હિંમત અજબ છે. એ રમતથી થાકતો નથી. ગમે તેવી નિરાશાજનક સ્થિતિમાં પણ એ મક્કમ રહી શકે છે અને પોતાની મરજી મુજબ વિશ્વાસથી રમી શકે છે. એ ભયંકર આક્રમણકારી બૅટ્સમૅન છે, ઉસ્તાદ બૉલર છે, ચપળ ફીલ્ડર છે અને કુશળ કૅપ્ટન છે.' કર્નલ નાયુડુની કમાલ રમતની પ્રશંસામાં એક ગોરા ગૃહસ્થે લખેલા આ શબ્દોમાં હિંદી ક્રિકેટજગતના એ જ્યોતિર્ધરનું કંઈક પણ તાદૃશ વર્ણન આવી જાય છે.

'સી. કે.'ના ટૂંકા પણ વહાલસોયા નામથી સમસ્ત હિંદની ક્રિકેટજનતામાં લાડીલો બનેલો આ મહાન ક્રિકેટર હિંદુસ્તાનભરમાં આજે સૌથી વધુ લોકપ્રિય છે. ગયા ઑક્ટોબરમાં એને પચાસ વર્ષ પૂરાં થયાં, છતાં એ જીવી, સશક્ત, ચપળ વ્યક્તિ આજે પણ એટલી જ તેજસ્વિતા ને ખુમાર ધરાવે છે; એનાં હાંડાનું કૌશલ, એની આંખની શક્તિ ને અંગાંનની સ્ફૂર્તિ હજી એવી ને એવી જ છે.

એ રમતમાં ઊતરે છે કે 'ગેઈટ-મની'ની આવકમાં છાળ ઊડે છે; એ મેદાનમાં આવે છે ને તાળીઓના ગડગડાટ ગાજે છે. કવચિત એ ૨૦-રૂપ રનમા ઊડી જાય છે તેવા પ્રેક્ષકો હરવાટથી બોલી ઊઠે છે કે 'નાયડુએ રમત બગાડી નાખી!' પરંતુ જ્યારે એની સદી ઝળકે છે, બાઉન્ડ્રીઓ ગાજે છે, છક્કાઓ ચગે છે, ત્યારે લોકોના હર્ષનો પાર રહેતો નથી. તાળીઓ અને કાકિયારીઓથી મેદાન ગાજી ઊઠે છે. એના ગળામાં હારના ઢગલા ઠલવાય છે; મિનિટોની મિનિટો સુધી એના માનમાં તાળીઓ, રૂમાલો ને કાગળો ફરકયા જ કરે છે. એની સેન્ચરી સમયે ફટાકડાની લૂમો પણ ફોડવામાં આવી છે.

હિંદી ક્રિકેટના ઇતિહાસમાં સર્વોચ્ચ કોટિના ક્રિકેટર તરીકે નામના કાઢનાર આ ખેલાડીનો જન્મ ઈ. ૧૮૯૫ના ઑક્ટોબરની ૩૦મી તારીખે નાગપુરમાં થએલો. એના પૂર્વજો મૂળ મદ્રાસના, પણ નાગપુર આવી રહેલા. એના પિતા ને કાકા કૉલેજમાં ભણતા ત્યારના નામ 'રણજી'ના પ્રશંસક બનેલા અને પોતાને પરંપરાગત પ્રાપ્ત થએલું ક્રિકેટઘેલછન એમણે પુત્રને વારસામાં આપ્યું એ વારસાને ફળણે એણે આજે હિંદી ક્રિકેટજગતની બેતાજ બાદશાહી કબજે કરી છે.

છ-સાત વર્ષની નાની વયથી જ ક્રિકેટની રમતની દીક્ષા પામેલા એ કુમારને એ રમતની શાસ્ત્રીય તાલીમ આપે, રોજના જેવા ક્રિકેટપટુને હાથે નાગપુરમાં મળે-

આમાસ(જાન્યુઆરી)નું પંખી

[શ્રી 'વને રૈ'ની લેખમાળા 'વનવગડાનાં વાસી'માં આપણી જીવસૃષ્ટિનો પરિચય આવી ગયો હોવા છતાં આપણી ક્રિકેટવર્તી એ સૃષ્ટિ ફરીફરી પરિચય કરવા જેવી છે. અહીં આમેમાસ નજરે પડતાં પખીઓનો ટૂંક પરિચય આપવા કરીએ.]

ચકવાક



મૂળ રશેર્ઇન, અફઘાનિસ્તાન, હિમાલય વગેરે પ્રદેશનું વતની આ પંખી શિયાળો ગાળવા હિંદમાં આવે છે અને જાન્યુઆરીમાં અહીં જણાય છે. જોકે માત્ર રાત્રે જ ચરવા નીકળતું હોવાથી એને માટે ખાસ આમહ રાખીને અવલોકન કરવા નીકળનારની જ નજરે એ પડે. પણ એનાં નરમાદાનાં જોડકાંમાંથી એકાદું યે ચરતાંચરતાં છૂટું પડી જાય કે એની વચ્ચે કોઈ અંતરાય આવે કે તરત 'આઉ' 'આઉ' કરતાં બૂમાબૂમ કરી મૂકે છે. એટલે એમને શોધવાં મુશ્કેલીથી 'ચક્રવાક મિથુન' નામના કાવ્યથી ગુજરાતી સાહિત્યપ્રેમીઓને જાણીતા આ પંખીને લોકવાણીએ વિરહવેદના ભોગવવાનો શાપ પામેલા કોઈ પૂર્વજન્મના પ્રેમોન્મત્ત યુગલરૂપે કલ્પીને એની રાતનેજાની એ ખુમોને કાવ્યરૂપ આપ્યું છે.

ગળામાં ઘૂંટીને 'આઉ' 'આઉ' અવાજ કરતું હોવાથી એનું નામ 'ચક્રવાક' પડયું. આપણોકો એને ચકવો કહે છે બતકના વર્ગનું આ પંખી હંસને મળતું આવતું હોવાથી કેટલાક દેશમાં એને 'હંસ' પણ કહે છે.

કેસરના રંગ ચળકતો નારંગી એનો રંગ અને પાંખમાં લીલો પટ્ટો. આંખોની કીકી ચકચકિત છીંકણી રંગની અને ચાંચ તથા પગ કાળા. મોટાં ટોળાંમાં ઊડીને પરદેશથી આવે છે અને સ્વચ્છ જલાશય આગળ વાસ કરે છે. દિવસે એક પગ ઊંચો રાખી ગાત્ર એક જ પગે શરીર ટેકવીને (એકપદી કરીને) ઊભે છે અને સાંજ પડતાં ચરવા નીકળે છે. આહારમાં એને બધું જ ખપે: જીવાત, માછલાં કે તૃણરપતિ.

લી, ને નાગપુરની ફ્રિક્વેન્સિયેટ હાઈસ્કૂલ'ના તથા તે પછી ત્યાંની કૉલેજના કૅપ્ટન થયેલા. અભ્યાસતરફ એમનું બહુ લક્ષ ન રહેતું. છતાં વર્ષ પૂરું થવા આવતા એ આસાનીથી પરીક્ષા પસાર કરી દેતા.

ક્રિકેટ જગતમાં એણે નાગના કાદી તે પહેલાં પણ એની કારમાર્દિ એક અહંગ કૂદનાર તરીકે પંકાએલી હતી. યંગ મેન્સ ક્રિશ્ચિયન એસોસીએશનના સમારંભ પ્રસંગે મુંબાઇમાં ગએલી અખિલ હિંદ હરીફાઈમાં અંગદ કૂદકા અને હનુમાન-કૂદકા (હાઈ જંપ અને લૉંગ જંપ) માટે એમણે પહેલાં છનામેા લીધેલાં અને આજે પણ કોઈ કૂદવામાં એ બલબલા હરીફોની સામે ટક્કર ઝીલી શકે છે. આ ઉપરાંત હોંકી ફુટબૉલ, અને પોલોના પણ એ અંગ ખેલાડી છે

ઈ. ૧૯૧૬માં હિંદી ક્રિકેટના મહિયર સમા મુંબાઇમાં, એકત્રીસ વરસની ઊગતી વયે એણે ચતુરંગી મૅચમાં પ્રથમ દેખા દીધી અને એ પહેલી જ રમતમાં પોતાનો લાક્ષણિક છક્કો ફટકાર્યો. લાગલી જ લેાકોને પ્રતીતિ થઈ કે હિંદી ક્રિકેટમાં કોઈ પાણીદાર વ્યક્તિએ પ્રવેશ કર્યો છે. અને ત્યારથી એની નામના અને લોકપ્રિયતા વધતાં ગયા. ચતુરંગી મૅચેામાં ૧૦૦૦ રન પૂરા કરવામાં સૌ પહેલા એ જ હતા. એના છક્કાઓએ અનેક દડા ગુમ કર્યા છે. એક સમયે રમત પૂર બહારમાં ખીલેલી ને નાયડુ પણ એવી અજબરીતે ખીલેલા કે એની ઓવરબાઉન્ડ્રીએ મુંબાઈ છગ્ગાનાનું ઘડિયાળ તોડી પાડેલું !

ઈ. ૧૯૨૫ ૨૬માં હિંદમાં રમવા આવેલી એમ. સી. સી. ટીમ સામે માત્ર ૧૦૦ મિનિટમાં ૧૧ છક્કા અને ૧૩ ચોક્કા ફટકારી ૧૫૩ રનનેા ઐતિહાસિક જુમલેા એણે નોંધાવ્યેા ત્યારથી એણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ-ઇતિહાસમાં પોતાના નામાક્ષરો અંકાવ્યા અને જગતભરના ઉચ્ચ કક્ષાના ખેલાડીઓમાં પંકાઇ ગયા. ૧૯૨૬માં એણે પોતાની કારમાર્દિના વધુમાં વધુ—૨૫૬ રન કરેલા.

આ પછી તેા ૧૯૩૨ અને ૧૯૩૩-૪માં ઈંગ્લંડ સામે ટેસ્ટ મૅચેા રમવા ગએલી હિંદી ટીમની સરદારી એમણે લીધેલી અને હિંદી ટીમના ઇંગ્લંડના એ પ્રવાસ દરમ્યાન ભલભલા ખેલાડીઓ સામે છક્કાઓ મારીને અને છ વખત સદીઓ નોંધાવીને સારાયે ઇંગ્લંડને આશ્ચર્યથી ચોંકાવી દીધેલું. એમની પાંચ સદીઓ તેા ઇંગ્લંડની ફર્સ્ટ ક્લાસ કાઉન્ટીઓ સામે હતી. એની રમત જોઇને ઑસ્બૉર્નએ એને 'ટ્રબ્બ ઑવ ધ ફ્રીલ્ડ' કહેલેા. ૧૯૩૨ની સફરમાં સૌ પહેલાં ૧૦૦૦ રન નોંધાવનાર અને ૧૯૩૩-૩૪માં ૧૮૪૨ રનનેા સૌથી મોટેા જુમલેા નોંધાવનાર પણ એ જ હતા. એમની ભવ્ય અને ફ્રીતિકર ફટકાબાજીથી ઇંગ્લંડના વિવેચકોએ એમને હિંદના બ્રૅડમૅન, હૅમંડ અને વૂલી કહીને પ્રશંસ્યા છે. પરંતુ એમનું વ્યક્તિત્વ તેા એ બહુમાનને પણ ઝીલંગી જાય એવું છે બ્રૅડમૅન માત્ર ક્રિકેટના નિયમેાના પાલન સાથે અચ્છું રમી જાય છે; પરંતુ સી. કે. ક્રિકેટના નિયમેાની મર્યાદામાં રહેતા છતાં જે સ્વૈરવિહારીની મુક્તતાથી રમતને કલામય અને પ્રાણવાન બનાવી મૂકે છે તે ચૈતન્ય બ્રૅડમૅનમાં નથી.

એની આ શક્તિ અને સફળતાનું અરે રહસ્ય છે એનેા આત્મવિશ્વાસ. એ પેાતાની લાક્ષણિક ઢબે દડા પર બયાનક હુમલેા કરે છે. જે વિશ્વાસથી એ બૅટ ઝંઝેરે છે અને ફટકા મારે છે તેવી રમત બીજો કોઈ ખેલાડી આજે કરી શકતેા નથી. પેાતાના વિદ્યાર્થીઓને પણ એનેા દીક્ષામંત્ર એ જ છેઃ 'બૅટ સીધા રાખેા; ડરેા મત; બૅટ સે ફટકા લગાઓ !' ફટકાબાજી એને પ્રિય છે અને તેને હિંદી ક્રિકેટની ખૂબી માને છે. છતાં જરૂર પડયે એ સ્થિર ચીકણી રમત પણ રમી શકે છે. વખત જોઇને ઝાલ લેનાર એ કુશળ ખેલાડી છે. એણે ત્રેપન વીસ મિનિટ જેટલા ટૂંકા ગાળામાં ૬૨ રનનેા ઝડપી જુમલેા કર્યો છે, તેમ એક વખત ઇંગ્લંડમાં એક રમતમાં વખત વીતાવવાની જરૂર પડી ત્યારે દોઢસેા મિનિટ–અઢી કલાક–સુધી બૅટને ઝોંકી રાખી એટલા લંબાણ ગાળામાં માત્ર ૩૭ રન પણ કરેલા.

એમની બૅટિંગની કુશળતા સર્વતોમુખી છે. 'ઑફ' અને 'ઑન' બંને તરફનું ડ્રાઇવિંગ તે કુશળતાથી કરે છે, એટલું જ નહિ પરંતુ લલચાવીગુંચવી દડાઓની સામે સારી પેઠે 'ઓડવાન્સ' થઇ એને અદ્ધરેાઅદ્ધર ઝપાટી લઈ બાઉન્ડ્ર 'બહાર ફેંકી દેવાની એમની આવડત અજોડ છે. પેાતાની ઊંચાઇનેા એ સારેા લાભ ઉઠાવી જાણે છે અને ઊંચા કૂદકા મારી દડાને ફટકારવાની પદ્ધતિ તેા એમની જ ગણાય છે. ફાસ્ટ બૉલરેાને તેા એ ઘેાડા જ 'હાઉ ડુ યુ ઈવ'થી જવાબ આપે છે, અને ગમે તેવા 'ગુગલી' 'લેગ બ્રેક' કે 'ટૉપ સ્પિનર' બૉલરેાને પણ એ થકવી નાખે છે. એક સાગેના પેાતાના ફટકાઓથી તેા એ જગતભરમા સૌથી શ્રેષ્ઠ 'બ્રેક હિટર' ગણાય છે. બૉલ કેવી ચાલચલણે તેની એ રાહ જોતા નથી; એ તેા બૉલ પાસે પેાતાનું ધાર્યું કરાવે છે.

એમની આ ઉચ્ચકક્ષાની બૅટિંગ ઉપરાંત એ કુશળ બૉલર પણ છે. 'મીડિયમ-સ્લેા' ઢબની એમની બૉલિંગ ઇંગ્લંડમાં લેસ્ટરશાયર સામે ૨૧ રનમાં સારામાં સારી પાંચ વિકેટેા ઉપાડી લઇને સનસનાટી ફેલાવી મૂકેલી પણ એક વખત પેાલેાની રમતમાં પેાતા પરથી પડી જતાં એમના ઢાંઢાનું હાડકું ઉતરી ગએ હતું, ત્યારથી એમનાથી બૉલિંગ બહુ નથી થતી જોકે બૅટિંગના ફટકામાં એમને બાંધેા આવેલેા નથી.

ફીલ્ડિંગમાં પણ એ શ્રેષ્ઠ ફીલ્ડર છે એટલું જ નહિ, પણ કુશળતાપૂર્વક વ્યૂહરચના કરે છે અને તેમાં અઘરામાં અઘરી ફીલ્ડિંગ પેાતે લે છે. 'સ્લિપ' અને 'ગિડઑફ'ની ફીલ્ડિંગ એ પેાતાની જ કહેવડાવે છે. આંખ, શારીરિક ચપળતા, હિંમત અને ક્રિકેટની સમજનેા સુમેળ હેાય તે જ ક્રિકેટર આ જગ્યાએ ફીલ્ડિંગ કરી શકે છે.

'બૅટસમેન,' 'બૉલર,' 'ફીલ્ડર,' 'કૅપ્ટન,' એવેા આ સી.કે.આપણેા સૌથી લોકપ્રિયતા ક્રિકેટખેલાડી છે. એની કીર્તિકથાઓ આપણા દેશના ક્રિકેટરસિકોને કંઠે છે, એની નામના અજોડ છે, આનું ક્રિકેટ-વ્યક્તિત્વ અને આકર્ષણ અદ્‌ભુત છે. ગઈ એક પચ્ચાસીથી નાયડુનું નામ પ્રત્યેક હિંદી છોકરાની જીભે રમી રહ્યું છે. પ્રત્યેક છોકરેા નાયડુ થવાની મહેચ્છા સેવે છે, દરેક ક્રિકેટ રૂાળી ગાળામાં પેાતાનેા છોકરેા નાયડુ થાય એવેા અભિલાષ ધરાવે છે.

જેવા એ મહાન ખેલાડી છે તેવા જ સુજ્ઞ અને સંસ્કારી સદ્‌ગૃહસ્થ એ છે. એ લોકપ્રિય વક્તા છે. ક્રિકેટ વિષે સારૂં લખી પણ જાણે છે સારેા પોશાક અને સારેા ખેારાક એમને પ્રિય છે. આવા મહાન ખેલાડી હેાવા છતાં એ ધંધાર્થી ખેલાડી નથી. હોલકરરાજ્યના લશ્કરમાં એ લફ્ટેનન્ટ કર્નલનેા હેાદ્દો ધરાવે છે. રમતમાં પણ એ લશ્કરી યેાદ્ધા સમા છે. છેલ્લેા દડેા ફેંકાઇ ન જાય ત્યાં સુધી એ રમતના પરિણામનેા નિર્ણય બાંધી બેસતા નથી. રમતની પકડ હાથમાંથી જરા દેતા નથી કે ઢીલી પણ પડવા દેતા નથી. તેમજ કૅપ્ટન તરીકે પણ એવેા જ જુસ્સેા સૌમાં પ્રકટાવવાની એમનામાં શક્તિ છે. ક્રિકેટ પરનું એમનું સામર્થ્ય અને ત્યાગિત્વ અજોડ છે.

જગના કયા ક્ષેત્રમાં મેાટા માનની ટીકાથી પર છે ? ક્રિકેટજગતના આ પરાક્રમી પુરુષે પણ પેાતાના ત્રણ દાયકાના ક્રિકેટજીવનમાં ટીકા અને નિંદા સહન કર્યાં છે. એમના પર ઐકાંતિકને અસહકારી હેાવાના આરેાપ મુકાયા છે. ૧૯૩૬માં ઓક્ઝફર્ડ સમૂહે એમનું અપમાન પણ કરેલું. પરંતુ એમની આત્મવિશ્વાસની બેફિકરી અને નમ્રતા અજબ છે. પેાતાનાથી નીચા કક્ષાના લેાકેા પાસે એણે બીલકુલ સંકોચ વગર નેટ-પ્રૅક્ટિસની પરીક્ષાઓ આપી છે અને હિંદી ક્રિકેટના ઘડતરમાં

એમની ધગશ તો એમના આ શબ્દો જ પોકારી રહે છે કે 'ક્રિકેટનું હિત સધાતું હોય તો હું રમતના મેદાન પરના રોલ ફેરવવા પણ તૈયાર છું.' (સંકલિત)

ઈન્ફ્રારેડ કિરણો

સૂર્યનો પ્રકાશ સાત રંગોનો બનેલો છે તે તો સૌને વિદિત છે ત્રિપાર્શ્વ (ત્રણ પાસાવાળા) કાચમાંથી સૂર્યનાં કિરણ પસાર થાય તો સાત રંગોનો(Vibgyor–બંગવાલીપીનારા–એટલેકે જાંબલી, ગળનો, વાદળી, પીળો, નારંગી ને રાતો એ સાત શબ્દોના પહેલા અક્ષરો–નો) વર્ણપટ–સ્પેકટ્રમ આપણી નજરે પડે છે. પણ આ વર્ણપટના રાતા રંગની તરત જ નીચે એક મોટો અદૃશ્ય વર્ણપટ આવેલો હોય છે તેની સામાન્ય જનતાને જાણ નથી. આ વર્ણપટના કિરણસમૂહની તરંગલંબાઈ (વેઇવ લેંગ્થ) લાંબી હોવાથી તે આપણી નજરે પડતો નથી હોતો. તેનું નામ ઈન્ફ્રારેડ કિરણો.



કોઈપણ પ્રકારો કે ગરમીગાંથી જે કિરણો નીકળે છે તેનો મોટો ભાગ ઈન્ફ્રારેડ કિરણોનો હોય છે. સૂર્યના પ્રકાશનો લગભગ ૫૦ ટકા ભાગ–એટલેકે આપણને ઘેરી રહેલા પ્રકાશનો મોટો જથ્થો ઇન્ફ્રારેડ કિરણોનો હોય છે. બીજી રીતે કહીએ તો આપણે એ કિરણોના ગહન સાગરમાં જ વસીએ છીએ. પૃથ્વી પર 'જીવન' પણ આ કિરણોના પ્રતાપે જ પાંગર્યું હોવું જોઇએ.પ્રયોગોથી સાબિત થયું છે કે વનસ્પતિ-સૃષ્ટિ તો તેના વગર જીવી જ ન શકે. એટલે તેનાથી ઉચ્ચ કોટીના જીવોના વાર્ધક્ય ને જીવનટકાવ અર્થે પણ ઇન્ફ્રારેડ કિરણો અગત્યનો ને મહત્ત્વનો ભાગ ભજવતા હોવાનું જોઇએ એમ કહેવું વધારે પડતું નથી

ઈ. ૧૮૦૦માં સર વિલિયમ હર્શલે ત્રિપાર્શ્વ કાચમાંથી પસાર થતાં સૂર્યકિરણના વર્ણપટના જુદાજુદા રંગો ઉપર થર્મોમીટર મૂકી દરેક વર્ણપટની ઉષ્ણતા નોંધી જોઇ. આ પ્રયોગમાં માલૂમ પડયું કે જાંબલી પટ કરતાં રાતો પટ વધારે ઉષ્ણતાધારક હતો પણ જ્યારે રાતા વર્ણપટથી બે આંગળ થર્મોમીટર મૂકવામાં આવ્યું ત્યારે તો તેનો પારો એકદમ ઝડપે ચડી ગયો ! આ ઉપરથી કલ્પના કરવામાં આવી કે એ રાતા વર્ણપટની પાર ગરમી ઉપજાવનારો કોઇ અજ્ઞાત કિરણસમૂહ હોવો જોઇએ અને એ કિરણોની તરંગ-લંબાઈ ઈ લાંબી હોવાથી તે આપણાથી નરી આંખે દેખી શકાતાં નહિ હોય; પણ તેમની અસર તો ગરમી ઉપજાવનારી હોય જ છે સૂર્યપ્રકાશમાં જે વધારે ગરમી લાગે છે તે આ ઈન્ફ્રારેડ કિરણસમૂહના પ્રતાપે જ.

આ ઇન્ફ્રારેડ કિરણોનું વિકિરણ (રેડીએશન) દરેક પ્રકારાગાય કે ગરમી ઉત્પાદક વસ્તુમાંથી થતું હોય છે. બળતાં લાકડાંગાંથી, બીજળીના દીવા કે સ્પિરિટ લૅમ્પગાંથી કે ઇંડીએટરગાંથી જે ગરમી આવતી હોય છે તે પણ આ કિરણોને લીધે જ. પણ ઉપર દર્શાવેલી ગરમી-ધારક વસ્તુઓનાં કિરણોની તરંગલંબાઈ ઓછીવત્તી હોવાથી તેમાની નિપજની ગરમી પણ ઓછાવત્તી ન હોતાં ઓછીવત્તી હોય છે.

જે ઇન્ફ્રારેડ કિરણો રાતા વર્ણપટની તદ્દન નજીકમાં હોય છે તે તો પદાર્થની અંદર પણ પ્રવેશતાં હોય છે. આ કિરણો બીજળીના ગોળામાં કાર્બન કે ટંગ્સ્ટનના બારીક તારો (ફિલામેન્ટસ) બાળવાથી ઉપજાવી શકાય છે. આવા ઈન્ફ્રારેડ દીવાઓના બલ્બગાંથી તેજ તો જોકે ઓછું પ્રગટતું હોય છે, પણ તેમાંથી નીકળતી ગરમી એટલી તો ઉગ્ર હોય છે કે તાજે લગાડેલો રંગ બે પડે થોડી જ મિનિટોમાં સુકાઈ જાય છે. સૂકવેલા ખોરાક (ડીહાઇડ્રેટેડ ફૂડ) બનાવવામાં ફળ, શાક વગેરેમાંથી જે પાણી શોષી લેવાનું હોય છે તે ક્રિયા જો ઝડપી બને તો બાદના વિદ્યાર્થિનો ને સોડમ અકબંધ જળવાઈ રહે. આથી ઇન્ફ્રારેડ દીવાઓ સહેલી બઠ્ઠી જગાએ હોય તે ક્રિયા કરવામાં આવે છે ને તેમાં ગાજર, સફરિયા,બટાટા, કોબીજ,કોળા વગેરે ૫ થી ૩૦ મિનિટ જેટલા સમયમાં જ સૂકવી નાખી શકાય છે. અગાઉ વરાળની ભઠ્ઠીઓમાં આ જ ક્રિયા માટે કલાકોનો સમય જોઇતો હતો. આ ઉપરાંત પણ ઈન્ફ્રારેડ દીવાના વિવિધ ઉપયોગ થાય છે: ઠંડી ઋતુમાં મોટરનાં એન્જિનો ગરમ રાખવાથી ગાંડીને સીતમ ઠંડી વખતે ખેતરો ને વાડાઓમાં ઇન્ફ્રારેડલૅમ્પ દ્વારા વૃક્ષવેલાઓનાં પાંદડાં ને ડાળીઓ ઉપર કૃત્રિમ સૂર્યની જેમ પ્રકાશ વેરી કપડા પ્રસારવામાં,ધાન્ય સૂકવવામાં,કઠોળ ને અનાજના જંતુઓનો નાશ કરવામાં ને સૌન્દર્યનાં કપડાં તથા ગરમ ધાબળાઓમાં પડેલી જૂ જવાનો આદિ મારવાના કાર્યોમાં.

પણ ઈન્ફ્રારેડ કિરણોનો અદ્‌ભુત ઉપયોગ તો ફોટોગ્રાફીમાં થયો છે. ઇન્ફ્રારેડ ફિલ્મ દ્વારા ગાઢ અંધકારમાં પણ ફોટોગ્રાફ લઇ શકાય છે. ધોળા દિવસે પ્રખર સૂર્યના પ્રકાશમાં પણ ચંદ્રની ચાંદનીની અસર અને દૃશ્ય નીરૂપતાં ફોટોચિત્રો લઇ શકાય છે અત્યંત ઝાંખાઓથી પણ ઘેરા વાતાવરણના પડને ભેદી પૃથ્વી પરનાં દૃશ્યોના સ્પષ્ટ અને ઉઠાવદાર ફોટોગ્રાફો લઇ શકાય છે. બીજા મહાયુદ્ધ વખતે આ પ્રકારની ફોટોકલા દ્વારા ધરાતલ ઉપર પ્રવર્તતી સ્થિતિ જાણી લઈ યુદ્ધવિષયક અગત્યની માહિતીઓ મેળવી શકાઇ હતી.

આનાથી પણ વધારે મહત્ત્વનો ઉપયોગ કુદરતી યુદ્ધવિષયક કારખાનાંઓના રક્ષણ પરત્વે થોડોક થયો હતો. ઈન્ફ્રારેડનાં અદૃશ્ય કિરણો ગુપ્ત સ્થળે ગોઠવેલા સરીસાઓ ઉપર ફેંકી એવી આયોજના કરવામાં આવી હતી કે તેનાં કિરણોના જે અદૃશ્ય રશ્મિસમૂહ વિશાળ કારખાનાની આસપાસ ચતુર્ભાગારે ફરી વળે એમાંનું એકાદ પણ કિરણ જો દુશ્મનવિમાનોના આગમનથી ચિંતવાય કે તરતજ બત્તી ઘેટડી ઝણઝણી ઊઠે અને રક્ષકો સજ્જ થઇ જાય.

વૈદકશાસ્ત્રમાં પણ ઈન્ફ્રારેડ કિરણોનો ઉપયોગ દરદોનાં નિદાન કરવાથી માંડી ચામડીના દરદો, મુગટાં-ચાંદાં, સંધીવાના દુખાવા ને સોજા,પક્ષઘાતની નબળાઈ વગેરેના નિવારણ અર્થે કરવામાં આવે છે.

—ડો. શિવપ્રસાદ ત્રિવેદી

અલ્ટ્રા-વાયોલેટ કિરણો

ઉપરના લેખમાં આપણે સૂર્યપ્રકાશના વર્ણપટ (સ્પેકટ્રમ)ના લાલ રંગ પછીનાં અદૃશ્ય 'ઈન્ફ્રારેડ કિરણો' વિષે જાણી ગયા. એવાં જ બીજાં અદૃશ્ય કિરણોનો સમૂહ સૂર્યપ્રકાશના જાંબુડિયા રંગની તરત જ પછી આવેલાં હોય છે. તેને 'અલ્ટ્રા-વાયોલેટ કિરણો' નામ આપવામાં આવ્યું છે આ કિરણોની તરંગ લંબાઈ (વેઇવ લેંગ્થ) ઓછીવત્તી નથી હોતી, પણ લાંબીટૂંકી હોય છે અને પદાર્થમાં પ્રવેશવાની તેમની શક્તિ ઘણી થોડી હોય છે. પણ સૂર્યપ્રકાશનાં આ કિરણોને

લીધે આપણી ચામડી દઝાય છે. ને તે આપણા દેહ ઉપર આ કિરણો સમૂહ એકત્ર કરી નબળુ પાડે તો તીવ્ર દહન પણ થાય છે.

આ આલ્ટ્રાવાયોલેટ કિરણોની અસર આપણા દેહ ઉપર સ્વાસ્થ્ય-રક્ષક અને વર્ધક છે. આપણા શરીરની ચામડી ઉપર આ કિરણોની અસર થવાથી શરીર પોતે જ શરીરના અમુક પદાર્થોમાંથી વિટામિન 'ડી' ઉત્પન્ન કરી લે છે. અને શારીરિક સ્વાસ્થ્ય માટે વિટામિન 'ડી' ની જરૂરિયાત ઓછી નથી. તે આંતરડાંમાંથી કૅલ્શ્યમને પકડી શરીરના ઉપયોગમાં લે છે, કૅલ્શ્યમ અને ફૉસ્ફરસનું પાચન કરાવે છે અને હાડકાં તથા દાંતમાં કૅલ્શ્યમને નમુનું સંગ્રહી રાખે છે.

જે શરીરમાં વિટામિન 'ડી'ની ન્યૂનતા કે અભાવ હોય છે તેનાં હાડકાં સિથિલ અને વિકૃત હોય છે. આવાં નબળાં હાડકાંવાળાં બાળકોમાં રિકેટસ્ (અસ્થિરોગ) નામનું જે દરદ થઈ આવે છે તેના નિવારણ માટે આલ્ટ્રા-વાયોલેટ કિરણોનો શેક આપવાનો ઉપચાર પ્રચલિત છે. આવા શેકથી કૅલ્શ્યમનું ગઠન થાય છે અને બારમી-ક્ટાબૉલિઝમ (મેટાબૉલિઝમ)ની વિકૃત થએલી ક્રિયા સુધરે છે. આ ઉપરાંત ક્ષય, ગઠગુમડ, આંતરધારા, ચામડીનાં દરો, પાંડુરોગ, ગર્ભિણીના અરિયરોગ વગેરે દરદો ઉપર આલ્ટ્રા-વાયોલેટ કિરણોનો શેક ગુણકારક નીવડે છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આમળાં

આયુર્વેદમાં આમળાંનું સ્થાન બહુ જ ઊંચું છે. આયુર્વેદાચાર્યોએ આમળાંની ગણતી એક દવા તરીકે જ ગાય નહિ પણ આપણને અત્યંત ઉપયોગી અને છતાં સુલભ એવા ફળ તરીકે કરી છે. આપણા વૈદ્યોના પાશ્ચાત્ય પ્રયોગથી પણ એની ઉપયોગિતા પુરવાર થઈ છે.

આમળાંનું શાસ્ત્રીય નામ ફ્લૅનિમાં રિટ્રૅન્યસ ઑમ્બ્લિકા અને સંસ્કૃતમાં આમલકી છે. જાન્યુઆરીથી એપ્રિલ એની ઋતુ ગણાય છે. ગુજરાતમાં પાલનપુર અને પંચમહાલમાં તથા કાઠિયાવાડમાં ગિરનારમાં તે થાય છે. એ આમળા રસદાર અને કદમાં મોટાં હોય છે.

આમળાંના વૃક્ષનાં બધાં જ અવયવો ઉપયોગી છે, પણ અહીં આપણે વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ નહિ પરંતુ ગાત્ર ઔષધ અને આહારશાસ્ત્રોની દૃષ્ટિએ એકલાં આમળાંનો જ વિચાર કરીશું.

આમળાંનો પ્રમુખ રસ તો અમ્લ (ખાટો) રસ છે, પણ તેની સાથે મધુર અને તૂરો રસ પણ છે. આમળાં શીતવીર્ય છે એટલે શરીરમાં જઈને તે શીતળતા સ્થાપે છે. આમળાં ત્રણે દોષ (વાત, પિત્ત અને કફ) ઉપર અસર કરે છે, અને શરીરમાંનો અંગોમાંથી સપ્ત ધાતુઓ રક્ત, માંસ, મજ્જા, અસ્થિ, શુક્ર, મેદ અને રસ રક્ત ઉપર ખુબ્બ અસર કરે છે. રક્તધાતુની શુદ્ધિ થઈ એટલે એનાથી ઓલાઓલી બધી ધાતુની શુદ્ધિ થાય છે, અને આથી આમળાં રસાયન કહેલાં છે.

આમળાં પિત્તસ્રાવક અને અનુલોમક (એટલે કે મળવિસર્જનની ક્રિયાને ચેત્ર આપે તેવાં-સારક-લૅક્ઝેટિવ) દોષ ઉપરાંત મૂત્રલ પણ છે, એટલે શરીરના મળ તથા મૂત્ર ઉદરવામાં તે ઘણી અસર કરે છે.

આમળાં ચૂર્ણ, મુરબ્બો, અથાણું, ચ્યવનપ્રાશાવલેહ (ચાટણ), માત્રીરસાયન, ત્રિફળા (હરડાં, બેડાં અને આમળા) ચૂર્ણ, કષાય વગેરેના ઉપયોગ બહુ પ્રચલિત છે. ત્રિફળાનું પાણી આંખ ઉપર છાંટવા માટે બહુ વપરાય છે. મોંમાં ચાંદાં પડ્યાં હોય ત્યારે આમળાંના પાણીના કોગળા કરવાથી આરામ થાય છે. ત્રિફળાનો ઉકાળો જૂના મરડામાં બહુ ઉપયોગી છે. એના લાંબા વખતના સેવનથી શરીરના પદાર્થોની ત્રિધુ બૂ થઈ શરીર નીરોગી થાય છે. ગલાવરોગ, રક્તપિત્ત, નેત્રરોગ વગેરેમાં આમળાંનો ઉપયોગ અનુભવી વૈદ્યો તેમજ પરદેશી ડૉક્ટરો પણ કરે છે. અરિષ્ટોમાં દારૂ, સીધુ, દ્રાક્ષ તથા ગોળ સાથે આમળાંનો ઉપયોગ બહુ ફાયદો કરે છે. આ ઉપરાંત આમળાંનો શેક વિશિષ્ટ ઉપયોગ આયુર્વેદાચાર્યોએ બતાવ્યો છે તે અનુભવવા જેવો છે ને આપણા વૈદ્યોને પણ તેને ટેકો છે. શરીરમાંથી મ્યુકસ-શ્લેષ્મ (કફ, આમ, બળગ) ક્યાંયથી પણ બહુ જ વધુ હોય તો એ માંસધાતુનો વિકાર છે અને આમળાં રક્તશુદ્ધિ દ્વારા માંસધાતુની શુદ્ધિ કરી શરીરના બધા ચટકા સાફ કરીને શ્લેષ્મ ઘટાડે છે. તેથી કફોદર, બળગ પડવું, શ્વેતપ્રદર વગેરેમાં તે બહુ જ ઉપયોગી છે.

આમળાંમાં વિટામીન 'સી'નું પ્રમાણ બધા ફળો કરતાં વધારે છે તાજે આમળાંના રસમાં નારંગીના રસ કરતાં વીસગણો વિટામીન 'સી' છે. આ વિટામીનના ગરમ કરવાથી અથવા સૂકવવાથી બીજાં ફળોમાંથી નાશ પામે છે, પણ આમળાં અપવાદરૂપ છે. એથી આમળાંને સૂકવીને એનો સંગ્રહ કરી શકાય. આમાં સૌથી સારો રસ્તો એ છે કે એને છુંદીને તરત જ ખાંડ અને તેજ જલદી તડકામાં સૂકવી નાખવાં ને એ પછી એનું ચૂર્ણ બનાવી નાખવું આવા ચૂર્ણમાં દરેક આમળાં ૧૦થી ૧૬ મિલિગ્રામ વિટામીન 'સી' હોય છે. એ સૂકવણીને ઠંડી અને ભેજ વગરની જગ્યામાં રાખવી.

વિટામીન 'સી' ગરમીથી તેજ જ શોડા, પાપડખાર વગેરે ક્ષારથી નાશ પામે છે. દરેક માણસને દરરોજ ૪૦ મિલિગ્રામ વિટામીન 'સી' જોઈએ. સાંઠગામાં વિટામીન 'સી' નો શરીરમાં ઘણો વ્યય થાય છે, તેથી સાંઠગીમાં એનું પ્રમાણ વધારવું જોઈએ.

છેલ્લા આધુનિક પ્રયોગોથી સાબિત થયું છે કે વિટામીન 'સી' ૧૦૦થી ૪૦૦ મિલિગ્રામ દરરોજ આપવાથી ઘણા દર્દીઓની રાસ્કી, ગળાનો શોક વગેરે ઘેાડા જ દિવસમાં ગઈ જાય છે.

આમળાંમાં ઍસ્કોર્બિક ઍસિડ, ટૅનિક ઍસિડ, ખાંડ, વગેરે તત્ત્વો છે. આમળા શીત, અનુલોમક મૂત્રલ અને માદી છે.—સુરેશ મૂ. ભટ્ટી (આન્ટમેડિકલ કૉલેજના ગુજરાતી સાહિત્યમંડળના વાર્ષિક અંકમાંથી)

ચામાચીડિયાંની સાચી આંખો

ચામાચરીતે ચામાચીડિયું આંધળું ગણાય છે. અને તેમ છતાં તેના વડવાઓની આ પૃથ્વી પર ઉત્પત્તિ થઈ ત્યારથી-આજ છ કરોડ વરસ થયાં એ રાત્રિના અંધકારમાં નિર્ભય કૂદયન કરતું આવ્યું છે. અંધકારમા માર્ગ કરવાની તેની આ અદ્ભુત શક્તિ તેની આંખમાં નહિ પણ તેના કાનમાં રહેલી છે!

'કુમાર'ના નવેમ્બર અંકમાં જે 'રડાર' યંત્રનો પરિચય આપી ગયા તેના જ જેવી શક્તિ કુદરતે ચામાચીડિયાંને આપી છે. રડારયંત્રમાંથી જેમ રેડિયોના મોકલાતાં સૂક્ષ્મ મોજાં નિર્ગમમાત્રમાં પાછાં વળી, માર્ગમાં આવતા દરેક જે અદૃશ્ય અવરોધની ખાતરી આપે છે તે જ રચના કુદરતે ચામાચીડિયામાં મૂકી છે. ઊડતી વખતે ચામાચીડિયું અતિ તીવ્ર ચીસો પાડતું જાય છે; પણ તે નીચતાની સૂક્ષ્મતા એટલી બારી હોય છે કે કોઈ પ્રાણી કે માણસના કાન તે સાંભળી પણ ન શકે. પરંતુ આ ચીસોનાં કંપનો પોતાના માર્ગ વચ્ચે આવતી કોઈ વસ્તુ સાથે અથડાય તો તરત તેનો પ્રતિધ્વનિ રૂપ પ્રતિધ્વનિ પાછો વળે છે અને તે ઝીલવાની સૂક્ષ્મતિસૂક્ષ્મ શક્તિ ચામાચીડિયાના કાનમાં રહેલી છે. રસ્તામાં આવતી વસ્તુ કોઈ કરોળી કે વૃક્ષ જેવડી મોટી હોય કે જાળાના તાર જેવી અત્યંત બારીક હોય, તો પણ તેમાંથી પાછો વળતો પ્રતિધ્વનિ ચામાચીડિયાના કાન ઝીલી લે છે અને તે તરત એ માર્ગ છોડી સલામત માર્ગે વળી જાય છે. આ ક્રિયા એટલી ચોકસી, એટલી અતલ્લને એટલી ત્વરાચીકરીને આવતા કરતી હોય છે કે જાણે પોતે કુદરતે પોતાની આગળ ચાલે જ દેખીને કોઈ પ્રાણી માર્ગ કરવું હોય તેટલી જ નિર્ભિત ત્વરા.ચિકત.થી

ચાગાચીટિયું શીકારરાત્રિના ઘોર અંધકારમાં મુક્તપણે ફરે છે.

'રેડાર'ની શોધ પહેલાં કુદરતમાં લાખો વર્ષોથી ચમકી ભેદ વની આ પદ્ધતિ હાર્વર્ડ યુનિવર્સિટીએ શોધી કાઢી છે. તેમણે પ્રયોગપૂર્વક સિદ્ધ કર્યું છે કે ચામાચીટિયાં ઊડવામાં આડે આવનારાં આવરણોને દૂર કરવા ફક્ત આંખો ઉપર આધાર રાખતાં નથી આંખે પાટા બાંધેલા હોય તોપણ ચામાચીટિયાં એટલી જ સફેલાઈથી કોઈ સાથે અથડાયા વગર ઉડી શકે છે; પરંતુ જો એમના કાન બંધ કરી દેવામાં આવે યા સીવી લેવામાં આવે તો તેઓ ભારે ભયંકર રીતે અથડાઈ પડે છે.

ચામાચીટિયું જ્યારે ઊડવાને તૈયાર થાય છે ત્યારે એક સેકંડની દસ ચીસોથી શરૂઆત કરે છે. પછી જ્યારે એ હવામાં ઊડતું હોય છે ત્યારે એક સેકંડમાં ત્રીસ ચીસો પાડતું બની જાય છે, અને જો સાવધાન રહેવાનો પ્રતિઘોષ સંભળાય છે તો આ ચીસોની સંખ્યા ૫૦ સુધી વધી જાય છે. આ પ્રતિઘોષની ચેતવણી તે સાફ અને વધુ મોટેથી સાંભળી શકે છે. એ ઉપરથી અથડાનારી વસ્તુ કયાં છે, કેટલે દૂર છે અને કયાંથી પોતાને વળી જવાનું છે તેનું એને કુદરતી જ્ઞાન થાય છે. એ પ્રતિઘોષ બંધ પડે ત્યા સુધી એ પોતાની દિશા બાબતમાં નિશ્ચિંત જ રહે છે. જ્યારે એનું ઉડ્ડયન નિષ્કંટક બને છે ત્યારે ચીસોનો વેગ પાછો ત્રીસ ઉપર આવી અટકે છે. ('ગુજરાત મિત્ર')

કાચનું સાંધણ

રેડિયો વાલ્વ વગેરેમાં કાચ સાથે ધાતુઓનું સાંધણ કરવાનું આવે છે એ કામ ઘણું મુશ્કેલ છે; કારણકે ઘણીખરી ધાતુઓના પ્રસરણાંક સાથે કાચનો પ્રસરણાંક મળતો આવતો નથી. પરન્તુ ટંગસ્ટન અને મૉલિબ્ડેનમ નામની ધાતુઓનો પ્રસરણાંક લગભગ સખત કાચના જેટલો છે. કાચ અને એ ધાતુઓના છેડા ગરમ કરીને જોડવાથી ઠંડા થયા બાદ તે સાંધો તૂટતો કે છૂટી જતો નથી. આ જ રીતે લોહ, નિકલ અને કોબાલ્ટ એ ત્રણ ધાતુઓના મિશ્રણથી બની 'કોવાર' નામની મિશ્ર ધાતુના પ્રસરણાંક પણ કાચના પ્રસરણાંક સાથે મળતા આવતા માલૂમ પડયા છે. આથી રેડિયો વાલ્વ અને એની બીજી બનાવટોમાં કોવારનો ખૂબ ઉપયોગ થાય છે.

બંગાળાના કવિમેળા

બંગાળાના 'વીરભૂમ' (બીરોની ભૂમિ) પરગણા સાથે ત્રણ મહાન વિભૂતિઓનાં નામ સંકળાએલાં છે: જયદેવ, ચંડીદાસ ને રવીન્દ્રનાથ

સંસ્કૃત ભાષાના કવિ જયદેવનો જન્મ 'કેંદુલી' ખાતે થએલો મનાય છે ત્યાં સૈકાઓ થયાં તેના નામથી દર જાન્યુઆરીમાં એક મેળો ભરવામાં આવે છે. જેની ગણતરી બંગાળના સૌથી મોટા ને પ્રાચીન મેળામાં થાય છે. આ વર્ષે યુદ્ધને અંગે માણસોની સંખ્યા કંઈક ઓછી થઇ હતી, તેમ છતાં બાઉલો તથા વૈષ્ણવોની મોટી સંખ્યામાં હાજરી હતી. તેઓએ જ રોપેલા એક પ્રાચીન વટવૃક્ષ નીચે તેઓ દિવસે ભોજન તથા આરામ લે છે અને રાત્રે ગાય છે.

કવિવર રવીન્દ્રનાથે પણ શાંતિનિકેતન ખાતે એવા મેળાની યોજના કરી હતી. દર વર્ષે ડિસેમ્બરમાં ત્યાં મેળો ભરાય છે. દેશની પરિસ્થિતિને અંગે વર્ષો સુધા બંધ રહ્યા પછી ચાલુ વર્ષે તે મેળામાં ભરાતા અતિથિઓની સંખ્યા 'રેકર્ડ' સમાન હતી. કેંદુલીના મેળા કરતાં આ મેળો નાના પ્રમાણનો હોવા છતાં ત્યાં આવેલી પ્રસિદ્ધ વ્યક્તિઓને અંગે તે ખૂબ પ્રખ્યાત થયો છે. આ પ્રાંતમાં બીજા અસંખ્ય મેળાઓ ભરાતા હોવા છતાં ચંડીદાસના નામથી કોઈ મેળો ભરાતો નથી તે શોચનીય છે. (પુસ્તકાલય)

આ માસ (જાન્યુઆરી) ઈતિહાસમાં

તા. ૧ અમેરિકામાંથી હમેશને માટે ગુલામી નાબૂદ કરવું અબ્રાહમ લિંકનનું વિખ્યાત જાહેરનામું બહાર પડયું, ૧૮૬૩.

તા. ૩ પોર્ટુગીઝ ગવર્નર અલ્બુકર્કે કાલીકટ પર હલ્લો કરી ઝામોરીનનો મહેલ સળગાવ્યો. હિંદમાં પહેલો પરદેશી બનાવ. ઈ.૧૫૧૦.

તા. ૬ હિંદી ભાષાનું ગૌરવ હૈયે ધરી તેનું સાહિત્ય રચાપ્રચાર આદિ પુરુષ ભારતેન્દુ બાબુ હરિશ્ચન્દ્રનું અવસાન, ૧૮૮૫.

તા. ૮ પ્રાયોગિક વિજ્ઞાનના પિતા ગૅલીલીઓનું અવસાન, ૧૬૪૨.

તા. ૧૩ તૈમૂર લંગે દિલ્હી જીત્યું અને લૂટયું, ૧૩૯૯.

તા. ૧૫ જનમાલની અસીમ ખુવારી કરનારો બિહારનો ધરતીકંપ થયો, ૧૯૩૫.

તા. ૧૮ લૉર્ડ આર્વિનના હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭.

તા. ૨૨ મહારાણી વિક્ટોરિયાનું ૮૨ વર્ષની વયે અવસાન, ૧૯૦૧.

તા. ૨૩ હિંદની કેળવણીમાં રાષ્ટ્રીય અભિગતાના જનક ને કલકત્તા યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર જસ્ટીસ સર ગુરુદાસ બૅનરજીનો જન્મ, ૧૮૪૪

તા. ૩૦ ઇગ્લંડના રાજા પહેલા ચાર્લ્સનો વધ થયો, ૧૬૪૯

આ માસની વ્યક્તિવિશેષ

ભિક્ષુ અખંડાનંદજી

છ કરોડ ગરીબ વર્ગ સુધી સારી ભાષામાં ઉપયોગી સાહિત્ય પહોંચાડવાના શુભ સંકલ્પથી 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય' નામની આપણી વિશિષ્ટ સંસ્થા રચાપીને ગુજરાતમાં જ્ઞાનની પરબો માંડનાર આ કર્મયોગી સંન્યાસીનું પૂર્વાશ્રમનું નામ લલ્લુભાઈ. ખેડા જિલ્લાના બોરસદ ગામના લુહાણા વેપારી જગજીવન ઠક્કર અને હરિબા નામે દંપતીને ત્યાં સંવત ૧૯૩૦માં એમનો જન્મ થએલો. આઠ વરસની વયે એમનું લગ્ન થએલું ને બાવીસ વરસ એમણે એ સંસાર ચલાવ્યો. પરન્તુ મૂળથી જ વિરક્તિની વૃત્તિવાળા લલ્લુભાઈએ ત્રીસ વરસની વયે, સંવત ૧૯૬૦ના ગઢા વદિ ૩ના રોજ, અમદાવાદમાં સાબરમતીને કિનારે સંન્યસ્ત દીક્ષા લીધી.

વિદ્યાર્થી અવસ્થામાં તેઓ માત્ર ચાર ધોરણ ગુજરાતી સુધી જ ભણેલા, પણ દીક્ષા પછી એમણે વેદાંતશાસ્ત્રનો અભ્યાસ કર્યો. દીક્ષા પછીનો એ કાળ કપરા મનોમંથનનો હતો ને છેવટે એમણે હિમાલયનું શરણ લીધું. ત્યાં એમને સ્વામી રામતીર્થનો સમાગમ થયો અને એમના અંતેવાસી બનીને ઘણો કાળ એમની સાથે જ રહ્યા.

પણ એમના જીવનધ્યેયની દીક્ષા તો મળી હિમાલયથી પાછા આવ્યા ત્યારે મુંબાઈમાં એક ભજનસંગ્રહ ખરીદતાં આખી પડેલી મોટી કિંમતે એમની આંખ ઉઘાડી, ને ત્યાંને ત્યાં ગરીબોને પહોંચી શકે એવું સસ્તુ સંસ્કારી સાહિત્ય પૂરું પાડવાનો દૃઢ સંકલ્પ કર્યો, મુંબઈના એક ઓટલા પર બેસી લેખનકાર્ય શરૂ કર્યું. લેખનકાર્યથી માંડીને પુસ્તકો છપાવી, બધાવી તેનાં પાર્સલો રેલને પહોંચતાં કરવા સુધીનું બધું કામ એકલે જ કરતા. એટલે સં. ૧૯૬૪ના વૈશાખ સુદિ ત્રીજને દિવસે મુંબાઇમાં આજની સંસ્થાનું એમણે ઉદ્ઘાટન કર્યું. ત્યારથી માંડીને ઈ ૧૯૪૨ના જાન્યુઆરીની બીજી તારીખે તેઓ કૈલાસવાસી થયા ત્યાં સુધી એમણે જાતે કલમ અને ઝોળી ઉપાડી ગુજરાતને ઘેરઘેર જ્ઞાનનું લહાણું કર્યું છે

(જાન્યુઆરી ૧૯૪૧) ૨૫

ધોકા મારવાથી કપડાંને થતું નુકશાન આ રીતે ધોતાં અટકે છે

1

કાણું, બસારો, સાંધામાંથી ફાટી જવું...જ્યારે કપડાંને ચોખ્ખાં કરવા ધોકા મારવાની જૂની પધ્ધતિથી ધોવાય છે ત્યારે તેમને આટલું બધું બીનજરૂરી (અને ખર્શાળ) નુકશાન હંમેશાં પહોંચે છે.

આ નંબર કરેલાં ચીત્રો બુઓ તેઓ બતાવે છે-કે કપડાંને નુકશાન પોંહોચાડ્યા વિના કેવી રીતે ધોવા જોઇએ.

(૧) ધોવાનું વસ્ત્ર પૂરેપૂરું ભિંજવો—તમે નળ નીચે, ટબમાં, તળાવમાં કે ઝરામા ભિંજવો તેથી કંઇ ફેર પડતો નથી. (૨) જ્યારે તમે વસ્ત્ર બધું પલાળ્યું હોય ત્યારે સનલાઇટ સાબુ તેના બધા ભાગોમાં લગાડો (મેલા ભાગોમાં સનલાઇટ વધારે પ્રમાણમાં મસો). (૩) સાબુ લગાડેલા વસ્ત્રને બીજેથી પણ સારી રીતે મસળો. ધોકા મારતા નહિ. સહેજ ગુંદો (તમે રોટલીનો કણેક ગુંદો છો તે રીતે), કપડાના અણુંએ અણુંમાંથી સાબુવાળુ ફીણ બહાર કાઢી નાખો. કપડાને ભાર દઇને મસળવાની જરૂર નથી, અથવા તો તેના પર જોર કરવાની જરૂર નથી. જો તમે સારી રીતે મસળી ખાત્રિ કરશો કે સનલાઇટનું આપ મેળે કામ કરતું ફીણ મેલ સુધી પહોંચે છે તો એ ફીણ મારેથી બધો મેલ દૂર કરશે. આ બધા ફીણમાં રહેલો "જીવંત" સાબુ જેવો મેલને અડે છે તેવો લગભગ તરતજ તેને છૂટો પાડે છે—કપડાંમાંથી મેલને બહાર કાઢે છે અને ફીણ સાથે એવો મેળવી દે છે કે જ્યારે તમે કપડાંને ફીણયુક્ત કરી નીચોવો છો ત્યારે તમે તેને મેલમુક્ત કરી નીચોવો છો. (૪) જેમાં હવે મેલ રહેલો છે તે ફીણ કાઢી નાખવા વસ્ત્રને નીચોવો.
સનલાઇટની આ નમ્ર રીતથી ધોવાયેલાં કપડાં ઘણાંજ લાંબા સમય સુધી ચાલે છે.

2

3

4



સનલાઇટ સાબુ કપડાં બચાવે છે

S. 74-75 GJ

LEVER BROTHERS (INDIA) LIMITED

અવાળામાંથી લોહી નીકળવું ન જોઇએ

—સાવધાન રહો!

તરતજ ઉપાય કરો!—કારણ કે અવાળામાંથી લોહી નીકળવું એ અવાળાના કોઇપણ ગંભીર વ્યાધિની નિશાની છે. ગીબ્સ "એસ. આર." ટુથપેસ્ટ વાપરો. પાયોરિયા (દાંતમાં પરૂ થવું)કે ટ્રેન્ચમાઉથ જેવા રોગો જે બેદરકારી રાખવાથી તમારા દાંતનો નાશ કરે છે અને તમારી આરોગ્યતાને નબળી પાડી દે છે તેઓને તે જડમૂળથી પાછી આગળ વધતાં અટકાવે છે. ગીબ્સ "એસ. આર." નિયમિત વાપરો. ડૉક્ટરો અવાળાના દર્દના ઉપાય માટે જે સોડીઅમ રિસિનોલીએટ વાપરે છે એ જેમા રહેલુ છે. એ અવાળાને તેમજ દાંતને સંપૂર્ણ તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે.

Gibbs **"S.R." TOOTHPASTE**

W. & H. GIBBS, LTD., LONDON ENGLAND

વિદ્યાર્થીઓ, વેપારીઓ, વકીલો, વિદ્વાનો વગેરે અગત્યનું કામ કરનારાઓ માટે ખાસ

ઝંડુનું પૌષ્ટિક ચાટણ કેસરીજીવન

નાનાં-મોટાં, માંદાં-સાજાં, નબળાં-સબળાં, સ્ત્રી-પુરુષ, સૌકોઇ એનું સેવન કરી શકે છે

મહારસાયન

રસમિંદૂર, અભ્રક, કેસર, કસ્તુરી અને બીજાં કીમતી, ઔષધ ને પૌષ્ટિક ઔષધ મેળવી લીલા રસદાર આંબામાંથી બનાવેલું સુશોભિત સુવાસિત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ચાટણ

તેનું નિયમિત સેવન

લાંબું આયુષ્ય તથા ભારી સ્મરણશક્તિ આપી શરીરમાં બળ, તેજ ને ચેતન પૂરે છે

કિંમત
૧૦ તોલાની બાટલી રૂા. ૩-૦
૫ ,, ,, રૂા. ૧-૮
૧ ,, ,, રૂા. ૦-૪

કારખાનું: નવાનીરોડ મુંબઈ-૧૪

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કર્સ લિ.
અમદાવાદના એજન્ટ · ભોગીલાલ બ્રધર્સ · ગાંધીરોડ

દુકાન: ભૂલી મહાજનવાડી મુંબઈ-૨

ક્ષુધા-વિજ્ઞ

કોલેરા, સંગ્રહણી, ચુંક, આંકડી, ઉલટી, ઝાડા, કફ, ખાંસી અને પેટના દરદો માટે અકસીર છે

દરેક જગ્યાએ વેચાય છે

ટેલિફોન નં. ૨૨૦૪૮ • ૨૨૦૪૯

ટેલીગ્રામ : STANGENAL

સ્ટાન્ડર્ડ જનરલ
એશ્યોરન્સ કુંપની લીમીટેડ

હેડ ઑફિસ : કલકત્તા

થાપણ

સત્તાવાર થાપણ	૫૦ લાખ
બહાર પાડેલી	૧૬ લાખ
ભરપાઈ થયેલી	૮ લાખ

રીઝર્વ ફંડ

આગ	બે લાખ
દરિયાઈ	એક લાખ
અકસ્માત	એક લાખ

જનરલ મેનેજર : **મી. યુ. એન. ચેટરજી** • કલકત્તા

ડાયરેક્ટરોનું બોર્ડ

ગોકુલચંદ મોરારકા (મેસર્સ મોરારકા એન્ડ કું.)
ડૂ. પી. ગોએન્કા, એરકવાયર, (મેસર્સ રામદત્ત રામકીશ)
આર. બી. રાજકુમાર સીંગ કસલીવાલ, એમ.એ એલએલ.બી.
એમ. એ. ઈરિપદાની, એરકવાયર (મેસર્સ એમ. એ. ઈરિપદાની લિ.)

ચેરમેન : **સર બદ્રીદાસ ગોએન્કા**, નાઈટ, સી. આઈ. ઈ.

ફાયર, મરીન, મોટર અકસ્માત, ચોરી ને ફ્રામદારોના બદલાના વીમા લખવામાં આવે છે.

વધુ વિગત માટે લખો યા મળો :

ડે. બી. મુતરીયા • બ્રાન્ચ મેનેજર
ખાડીયા • ચાર રસ્તા • અમદાવાદ
ટે. નં. ૨૨૭૮

★

ડૂ. ઈ. મરચન્ટ • બ્રાન્ચ મેનેજર
૪૫-૪૭ • એપોલો સ્ટ્રીટ • ફોર્ટ
મુંબઈ

લોહી શુદ્ધિ માટે

શ્રેષ્ઠ ઇલાજ આ રહ્યો



જ્યારે સારીણાદી સાર્સા ડૉ ઘોષ કેમિકલ્સવાળે પરવાર કર્યું છે કે ગરમી, પ્રમેહ, પ્રદર, વા, સંધીવા, ચળવા, ખીલ, ચાદાં, બરબચું, ચામડીનાં દર્દો, મેલેરીઆ અથવા લોહીનું દૂષણ સંપૂર્ણપણે સારાં થઈ શકે છે, તો પછી બેરોગ્ય-થી ગા માટે પીડાવ છો?

સારીણાદી સાર્સા લોહીમાંથી સઘળાં જંતુ-ઓ અને ઝેરો બહાર કાઢે છે આંતરડાં સાફ કરે છે. પિત્તાશયને બરા-બર સાફ કરે છે. પિત્તા-શયને બરાબર કામ કરતું બનાવે છે અને લોહીની ઉત્પત્તિને ઉત્તેજે છે. એ અસાધારણ લોહીવર્ધક ગુણ બરાબરી વજ્ઞાનિક બનાવેલ છે.

અધ્યક્ષ ડૉ. નગેશચંદ્ર ઘોષ
એમ. એ. આયુર્વેદશાસ્ત્રી
એફ. સી. એમ. (લંડન)
એમ. સી. એસ. (અમેરીકા)
ભાગલપુર કૉલેજના રસાયણ શાસ્ત્રના માજી પ્રોફેસર.

મફત પ્રીસ્ક્રીપ્શન માટે વિગતો સાથે લખો:

શુદ્ધ અને અસલ આયુર્વેદ દવાઓ બનાવનાર

શીશી ઉપર સાધના ઔષધાલય વાંચીને જ અમારી દવા ખરીદો.

સા ધ ના ઔ ષ ધા લ ય—હો કા

દુનિયામાં મોટામાં મોટું આયુર્વેદિક કારખાનું

શાખાઓ અને એજન્સીઓ હિંદભરમાં અને પરદેશોમાં

ગાંધીરોડ, ચતુર્ભુજ ભુવન · અમદાવાદ : ૪૫૫, કાલબાદેવી રોડ · મુંબઈ.

(૧) કવિવર નાનાલાલ ઈ. ૧૮૯૫માં: મુંબાઇ એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે; (૨) ઈ ૧૮૯૯માં: બી. એ. પસા
ટે પ્રથમ કાવ્ય 'વસંતોત્સવ' 'જ્ઞાનસુધા'માં પ્રકટ થયું ત્યારે; (૩) ઈ. ૧૯૦૨માં: ૨૫ વર્ષની વયે સાદરા કૉલેજમાં મદદગારતર નીમાયા ત્યારે



(૪) ઈ. ૧૯૦૪માં: રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રોફેસર નીમાયા ત્યારે; (૫) ઈ. ૧૯૧૬માં: રાજકોટ રાજ્યના ન્યાયાધીશ થયા અને કવિતાનો
ગ્રન્થાભ્યાસ કરતો હતો ત્યારે; (૬) ઇ. ૧૯૧૬ની આખરમાં ફરી રાજકુમાર કૉલેજમાં વાઇસ પ્રિન્સિપાલ તરીકે ગયા ત્યારે.



(૭) ઈ. ૧૯૨૧માં: એડિનબરાના એડિન્બુરેહ ઑનિઅર થયા ત્યારે; વિલાયત જવાની તૈયારી કરતા; (૮) ઈ. ૧૯૨૮માં: ગુજરાતભરમાંથી એમનો
સુવર્ણજયન્તોત્સવ ઉજવાયો ત્યારે; (૯) ઈ. ૧૯૩૬માં: પાછલી અવસ્થાની ચારુ ગાંધીબાપામાંથી ફરી દર્શન પ્રસ્થ થયા ત્યારે.

કવિવર નાનાલાલ : જીવન-સોપાનનું ચિત્રદર્શન

રાયપુર ફેબ્રિક્સ

આકર્ષક અને
ટકાઉ

ફેન્સી શર્ટીંગ, વોયલ, મલમલ,
શર્ટીંગ, પોપ્લીન, ફ્લેનીંગ, રૂમાલ વિ.

રાયપુર મિલ્સ લિ
અમદાવાદ

ચાલુ

સંસ્થાપક
રવિશંકર રાવળ
તંત્રી · અશુભાઈ રાવત

શુક્રવારી
૨૪૬



બળિયાકાકાની બાધા

ચિત્રકાર - રસિકલાલ પરીખ

સ્વાદિષ્ટ અને લહેજતદાર

દરેક કેકાણે વેચાય છે.

ગો વા લ ણી
અને
બી જી વા તો

ગુજરાતના શરૂઆતના નવલિકા-લેખકોમાં જે બેબારામાં પ્રકાશ્યા તે 'મલયાનિલ'ની રસનીતરી બાવીસ વાર્તાઓ—જેમાં દસ ગામડાંના હાસ્યની અને બાર ગ્રામ-પ્રણયની છે. 'ગોળગઠાળ શર્માના' નામથી કટાક્ષ-કથાઓમાં અને 'ગોવાલણી'ની વાર્તાથી પ્રણય-કથાઓમાં નામના મેળવનાર અને પોતાના મૃત્યુ પછીથી વધુ ચરકદાર બનનાર એ લેખકની આ સંગ્રહ ગુજરાતના બાણીતા કટાક્ષકારોનાં બેરંગી ચિત્રોથી વધુ સુંદર બન્યો છે.

કિં. ૨-૮-૦ ૨૭૦, પોસ્ટેજ ૦-૭-૦



ચિત્રો

કિનારાની હોડી (ફોટો)	આબીદમિયાં સૈયદ	પૂઠું
બળિયાકાકાની બાધા	રસિકલાલ પરીખ	ત્રિરંગી મુખચિત્ર
વસંત (ભીંતચિત્ર)	,,	પાછલા પૂઠામાં
ફોટોગ્રાફી હરિફાઈનાં ચિત્રો		,,

કાવ્યો

ત્રિવેણી	હરાશંકર જોષી	૨૮
પ્રાણસ્પંદન	રતિલાલ છાયા	૨૮
જીવનનો જય	'સરોદ'	૨૮

ચરિત્ર

ડૉ. અબ્દુર્રહમાન સુલતાનો	જનાર્દન રાવળ	૨૯

વાર્તા

રેતાં ફૂલ	કાલિદાસ બદય	૩૪

લેખો

આગમન (રવીન્દ્રનાથ ઠાકુર)	વિનોદ મોદારી	૩૧
મારો જીવનસિદ્ધાંત (દત્તાત્રેય બા. કાલેલકર)	નંદલાલ મહેતા	૩૨
નદીપરેણ્યા નર્મદા	અમૃતલાલ વ. પંડ્યા	૩૫
રસદર્શન-૨૩	હરિપ્રસાદ ન. દેસાઈ	૪૪
પોથીમાંનાં રીંગણાં (અનંત કાણેકર)	બાલની જોષી	૪૫
સંસારનાં શહેરો : ૫૪–સુરાબાયા		૪૬

વિભાગો તથા અકીર્ણ

વસ્તીમાં વધારો પણ આયુષ્યમાં ઘટાડો	(ચિત્રજ્ઞાન)	૨૭
Our Friends Abroad (પરદેશી મિત્રોના પત્રો)		૪૩
કૂપાકૂપ : 'ચકોર'ની કટાક્ષકથા-૬		૪૫
કસોટી		૪૬
માધુકરી		૪૭
આ માસનું પંખી (ફોજ)		૪૭
આ માસ ઇતિહાસમાં		૫૧
છેલ્લું પાનું		૫૨

ગ્રાહકોને

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બજાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત બેકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, આપની પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો આગે ઢગેસાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઇ કરી આપવાનું કાય-દેસરનું કશું બંધન આપણે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : મણુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ.
વાર્ષિક લવાજમ રા. ૬; પરદેશમાં રૂ. ૭ ૮-૦ અથવા ૧૨ શિલિંગ. પુસ્તક નકલના ૬ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કોઈ દુષ્પ્રાપ્ય અંકો' માગે છે તે દરેકની કિં. ૧-૪-૦.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મદનમોહન બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મોડેલ ટોબીઝ સામે, માંડવીરોડ.

કુમારમાંનાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કોપીરાઈટથી રક્ષિત છે

. . . એનો અર્થ એજ કે તમારા અવાળા કોઈ જવાનો ભય રહે છે! પાયોરિયા (દાંતમાં પા' થવું') અથવા ગ્રન્થવાઈટિસ જેવા અવાળાને લગતા રોગો તમારા દાંત ગુમાવવાની અને તમારી તંદુરસ્તીને નબળી પાડવાની શરૂઆત રૂપ છે. આ ભય સ્થાને ગીબ્સ "એસ. આર." ટુથપેસ્ટ વાપરો. એ અવાળાના રોગને જડમૂળથી પકડી આગળ વધતાં અટકાવે છે અને અવાળાને તન્દુરસ્ત રાખવામાં મદદ કરે છે. એમાં રહેલા સોડીઅમ રિસિનોલીએટનો ઉપયોગ ડૉક્ટરો અવાળાના દર્દની સારવાર માટે કરે છે.

Gibbs "S.R." TOOTHPASTE

D. & W. GIBBS LTD., LONDON, ENGLAND

ફીલ્મ નટીઓની જેમ તમારી ચામડીની સંભાળ લો!

રમોલા

રમોલા કહે છે કે તેની ચામડીની સંભાળ હોવી તેનું પ્રથમ કર્તવ્ય છે. તે નિયમીત પણે લક્સ ટૉયલેટ સાબુ વાપરીને તેની ચામડી અદ્‌ભુત રીતે સ્વચ્છ અને મુંવાળી રાખે છે. "સૌન્દર્ય શૃંગારનો આ મારો સારો પ્રયોગ છે," એમ તે જણાવે છે; અને ખાત્રી પૂર્વક માને છે કે આ શુધ્ધ, પુરાણોદાર સાબુનું ગુણાવગુ રીતુ કોઇ પણ રમણીની ચામડીને મુલાયમ, મુંવાળી અને નિર્મલ રાખે છે.

લક્સ ટૉયલેટ સાબુ

LEVER BROTHERS (INDIA) LIMITED

નવી આશા
નવી માન
નવી દીપ
નવું જીવન
'નવજીવન'
નવજીવન ભીખાભાઈ પટેલ

અમદાવાદમાં
અદ્વિતિય

કોના ટેસ્ટ...

એક એકથી ચડિઆતી
એક એકથી વધારે
સ્વાદિષ્ટ

- મદ્રાસી ઢોંસા
- સ્પેશીઅલ કચોરી
- આમ્લેટ
- કટલેસ
- પેટીસ
- વેજીટેબલ કવાબ
- કચોરી
- પુડીંગ
- બટાકાવડાં

વગેરે

લેડીઝ અને જેન્ટસ માટે
અલગ ઉપર સ્પેશીઅલ
વ્યવસ્થા રાખી છે.

કોના
રેસ્ટોરાં

કાર્નેજ સામે . ભદ્ર . અમદાવાદ

સુગન્ધિત છે
એટલું જ નહિ
પણ આ તેલ
કેશવર્ધક છે!

'મુકુલ'

સુગન્ધિત કેશવર્ધક તેલ

હાલના જમાનામાં કેવળ વાળને ઓળવા માટે જ તેલની જરૂર નથી પણ આપને એક એવા તેલની જરૂર છે કે જે તમારા વાળને લાંબા, ભરાવદાર, સુંવાળા અને ચમકદાર બનાવે. તમારા મગજને શાંતિ આપે અને દૃષ્ટિ વિકસાવે મુકુલ એક એવું તેલ છે કે જે તમારી વાળ અંગેની બધી મૂશ્કેલીઓ દૂર કરે છે કારણ કે તે અલભ્ય એવી ઔષધિઓ અને ચિજોની મદદથી શાસ્ત્રોક્ત રીતે બનાવાય છે.

યાદ રાખો કે 'મુકુલ' એ માથામાં
નાખવાના તેલોનો રાજા છે!

ગુજરાતના સોલ એજન્ટ :

ભારતી ઉદ્યોગ પ્રચાર કાર્યાલય
૧૪ ભારકર લેન . ગલેસ્પર . મુંબઇ-૨

મળવાનાં સ્થળ :

ચંદુલાલ પ્રેમચંદ ત્રણ દરવાજા, અમદાવાદ
હરીશંકર દેવશંકર શુકલ, ઉમરેઠ-મોહનલાલ
પ્રભુદાસ, ચંદુલા-પી.-શિવદત્તની કું. કોડીરોડ,
વડોદરા-એ. રોય એન્ડ કું. રાવપુરા, વડોદરા
હિન્દી વસ્તુ ભંડાર, સુરત.
તથા બીજા સ્ટોકાસ્ટોને ત્યાંથી મળશે.

આયુર્વેદાશ્રમ ફાર્મસી લિ. . અહમદનગર

ચંગઇન્ડીયાના

સંચાલકો રજુ કરે છે . . . . . બસંત પીક્ચર્સ કૃત

બચપન

ફીલ્મના ગાયનોની રેકર્ડઝ

૫ રેકર્ડઝનો સેટ એમ. પી. ૬૭૩—૬૭૭

ઉપરાંત

હરિભાઈ ઠાકર	ગઢવી અભયસીંગ	હરેન્દ્ર દસોંદી
કૃત	ડી. એ. ૧૧૭૪૩	ડી. એ. ૧૧૭૪૪
ચેતલી વીરાંગના	બાપુની ગાડી	આખરની બેચાર ઘડી
ડી. એ ૧૧૭૨૮	ભાગ ૧–૨	અને એક નાનીશી વાત

વધુ વિગત માટે—

લખો : નેશનલ ગ્રામોફોન રેકર્ડ મેન્યુ. કું. લિ. • ૧૧૦ • મેડોઝ સ્ટ્રીટ • ફોર્ટ • મુંબઇ–૧

સૌન્દર્યનો

વારસો જાળવે છે

યુવતિઓને લગતી સઘળી મહત્વની બાબતો વિષે તેમની મા કરતાં બીજું કોઇજ વધારે કીમતી સલાહ આપી શકે નહિ. આ ખૂબસુરત માએ પોતાની રૂપવાન પુત્રીને જે સાથી વધુ આવશ્યના પાઠો શીખવ્યા છે તેમાંનો એક પીઅર્સ સાબુ અને સ્વચ્છ પાણીથી ચામડીનું સૌંદર્ય જાળવવાની પોતાની અચૂક પધ્ધતિ. તે, નાની છોકરી હતી ત્યારથી, તેની મા પાસેથી શીખેલી આ રીતનેજ અનુસરે છે. આજીજ હજુ સુધી તેની ચામડી સોહામણી અને સ્વચ્છ રહી છે. અલબત્ત, તેની દીકરી આજ રીતે પોતાની ચામડીની સંભાળ રાખે છે, તેથી તેની ચામડી પણ તેની માની ચામડી જેવીજ મુલાયમ રહેશે.

ચાલીસ વર્ષ પર્યંત રૂપરાણીઓનો પીઅર્સ સાબુ માનીતો રહ્યો છે. તેની કુદરતી મૂત્રપિંડ અને સુંવાળા રેશમ જેવા ફીણને લઇને બીજા સામાન્ય સાબુ કરતાં આ સાબુ તદ્દન જુદોજ તરી આવે છે.

પીઅર્સ સાબુ

સૌન્દર્યનો સાથી

TG. 33-172 GJ

A. & F. PEARS, ISLEWORTH, ENGLAND

વસ્તી તો બધેજ વધી છે, પણ ક્યાંક આયુષ્ય મર્યાદા ઘટતી જાય છે.



હિંદુસ્તાનનો વધારો

૧૯૧૧	૩૧.૫	કરોડ	
૧૯૧૧-૨૧	૩૨.૦	,,	૨
૧૯૨૧-૩૧	૩૪.૦	,,	૧૦
૧૯૩૧-૪૧	૩૯.૦	,,	૧૫



વસ્તીમાં વધારો એટલે આયુષ્યમાં ઘટારો : જગતભરમાં બીજે તેમ હિંદમાં પણ વસ્તી તો વધી છે, અને પહેલા આલેખમાં ઉપલા આયુમાં દર્શાવ્યા મુજબ ઈ.૧૮૭૦થી ૧૯૩૦ સુધીના ૧૦ વર્ષમાં જગતના બાર વિભિન્ન દેશોના મુકાબલામાં હિંદનો ટકાવાર વસ્તીવધારો બીજે નંબરે આવે છે. પણ બીજી બાજુ, જમણી તરફના આલેખમાં દર્શાવ્યા મુજબ, આપણી આયુષ્યમર્યાદા ઘટતી જાય છે એ ગંભીર ચિંતા છે. હિંદનું પ્રજકીય અર્થશાસ્ત્રમાં ઘાટેલા પ્રો. રુચિરામ સહાણીના આંકડા મુજબ, ૧૮૮૧થી ૧૯૩૧ સુધીનાં ૫૦ વર્ષમાં આપણા પુરુષવર્ગનું સરેરાશ આયુષ્ય ૨૪.૫ વર્ષ પરથી ઊતરીને ૨૩.૨ વર્ષનું થયું છે, જ્યારે સ્ત્રીનું ૨૫.૨ વર્ષ પરથી ઊતરીને ૨૨.૮ વર્ષ જેવું ચિંતાજનક પટારો ધરાવે છે. [શ્રી. ન ત્રિવાવિકારે તૈયાર કરેલા આલેખો ઉપરથી, તેમના સૌજન્યથી]

ત્રિવેણી

· ઉમાશંકર જોષી

વહે હૈયે મારે ધવલજલ ગંગા શુભમના,
અને વ્હેતી શ્યામા મદમલપતી મત્ત યમુના.
પ્રવાહો ગંભીરા,
વહે બંને ધીરા;
હસે ગંગા ધન્યા અમૃતમય કલ્યાણવહના,
પ્રગલ્ભા તે અન્યા રસમુખર સૌન્દર્યગહના.
યુગોથી એકાન્તે હિમપડ પડ્યાં આત્મ ભરીને
સરે બંને ત્યાંથી પ્રભુકિરણસ્પર્શે પિગળીને.

જટાજૂથેથી જે ત્રિનયન તણા છૂટી હસતી,
અને તો યે વેગે પુનરપિ હર-દ્વાર ધસતી, ૧૦
વહે તે વાત્સલ્યે સુભગસલિલા જગતનયા,
રહે રેલી જાણે અલિતચિત સ્રષ્ટા તણી દયા.
લહે જેને ભાવો પતિત સહુ યે પાવનકરી,
દહેલા ચિત્પૃષ્ઠે ઉતરી અમીની શીતલઝરી.

પ્રવાહે આ બીજા હૃદયયમુનાના, કદિક તો
સ્ફુરે કાળી કેરાં વિષમ વિષ, સૌ એ શમવતો
તટે જાગે વેણુસ્વર મધુરવો ગોપશિશુનો,
રમે ગોપીવૃંદપ્રથિત પડ્યો રાસરસનો.
પછી માગે ક્યારે મરણઅનુભૂતિ સ્ફુરી રહે,
અને આયુઃસ્રોત સ્ફટિક છવિ કો તાજનીલહે. ૨૦

કદી આ કાલિન્દી
મદીલી સ્વચ્છન્દી પથઅધવચે વ્યાકુલપદે
જતી દોડી ગંગા નિકટ, ઢળવા શાન્તવિશદે
મહાસ્રોતે, પાછી ફરતી જરી કૈં વિઘ્ન નડતાં;
સરી પાસે વ્હેણો, વિમુખ થઈ જૂદાં જ પડતાં.

નહીં આવે ગંગા
સુહાગી શુકલાંગા નજિક સરતી શું રિમતવતી?
વધાવી, લે અંકે વિકલ યમુનાને, જરી થતી
સ્વયં કિલષ્ટા છોને! સમરસ થશે જ્યાં ઉભય તે,
અપૂર્વશ્રી રૂડેશે શિવમય લસી ત્યાં નવ પથે. ૩૦

ન કલ્યાણોર્મિમાં હૃદયઅભિસારો શું ભળશે,
બની બંને એક દ્વિગુણગતિએ લક્ષ્ય રળશે?
અને તો તો ત્રીજું
સુધાર્દ્રીજ્યું જોડું વહન પણ સારસ્વત હશે.

૨૬ (ફેબ્રુઆરી ૧૯૪૬)

પ્રાણબંધન

કોણે આ પ્રાણને રૂંધી રાખ્યા?
કોણે આ રોકયા પ્રકાશ!
કોણે આ વાયુ થંભાવી રાખ્યા?
કોણે કીધા છે હતાશ?
—અભાગી, કોણે કીધા છે હતાશ?
—કોણે આ પ્રાણને૦

છબ ઊપડીને બેસી જાયે,
બાહુએ બાંધ્યા ભાર;
ચાલતા પગો થંભી જાયે
જડતા ભારોભાર!
—અભાગી, જડતા ભારોભાર—કોણે૦

આંખને પોપચે મણિકા મૂકયા
તેજનાં વાસ્યાં દ્વાર;
ચિત્તના કોલસા હજજ્યા વિના
ધૂંધવે ધૂમની ધાર!
—અભાગી, ધૂંધવે ધૂમની ધાર—કોણે૦

નિર્બળ અંગે ચોકડાં ચોરાયાં
શબને મારી મેખ;
અતીતે હૂબ્યા ગાનની જાણે
છવતા પત્થરલેખ!
—અભાગી, છવતા પત્થરલેખ—કોણે૦

બંધન છોડો, રૂંધન છોડો,
તોડો પ્રાણના બંધ;
એક ઉછાળે પલટી નાખો
જીવન કેરા ઢંગ
—સુભાગી! જીવન કેરા ઢંગ—કોણે૦

રતિલાલ છાયા

જીવનનો જય

જગમાં જીવનનો જય ગાજે.
એક આવાજે, એક જ સાજે
રથલશ્કર વર્યા રાજે:
જગમાં જીવનનો જય ગાજે.

ફરતી મનોહર છે ફલઆશા;
સ્વપ્ન સમી જે નવને પ્યાસા;
બની ઉલ્લસિત ધરા પ્રફુલ્લિત
રિંગતથી ગગન નવાજે:
જગમાં જીવનનો જય ગાજે.

રોમરોમ ધરણી હરખેલી,
નેહછંદની નગ્મા ઝેલી,
વર્ષોત્સવમાં મગ્ન ગાનની,
બન્યું ધન્ય જગ આજે:
જગમાં જીવનનો જય ગાજે.
એક આવાજે, એક જ સાજે
રથલશ્કર વર્યા રાજે:
જગમાં જીવનનો જય ગાજે.

'સરોદ'

ઈન્ડોનેશિયન લોકક્રાન્તિનો

ચોથી ઽચ સામ્રાજ્યવાદની આર્થિક અને રાજકીય શોષણનીતિના ભોગ બની રહેલા જવાનીઝ દ્વીપસમૂહની રાજકીય ક્રન્તિની ગરમાગરમ સ્થિતિ વચ્ચે ડૉ. અબ્દુરહમાન સુકાર્નોનું નામ આજે દરેક પુખ્ત જવાનીઝ સ્વાતંત્ર્યપ્રેમીના હૈયે રમી રહ્યું છે. હિંદના જેમ જ ડચ જવાદર પશ્ચિમની સત્તાઓને પડકાર આપી રહ્યા છે તેમ આજે એશિયાની બધી જોડેથી પ્રબલ હિંદુમુસ્લિમ સંસ્કૃતિના સમન્વય સમા ડૉ. સુકાર્નો દ્વારા આજે વિદેશી સત્તાને જબરો ઠપકો દઈ રહી છે.

હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિનો સમન્વય એટલા માટે કે પિતા મુસ્લિમ અને માતા હિંદુ હોવા છતાં ડૉ. સુકાર્નોમાં કોઈ એક ધર્મના સંસ્કારોની પ્રબળ અસર નથી. ઈન્ડોનેશિયામાં કોમી વિસંવાદ ન હોવાથી એ હિંદ કરતાં પણ વધારે સહભાગી દેશ છે સૈકાઓથી હિંદુ અને મુસ્લિમ બને ધર્મની સંસ્કૃતિના પ્રવાહો એક બની જવાથી ધરતીને રાષ્ટ્રીયતાનો નવો જ કસ આપી રહ્યા છે અને હિંદુ તત્ત્વજ્ઞાન તથા મુસ્લિમ ધર્મને લઈ સૌંદર્યદૃષ્ટિ તથા સૌંદર્યની સભર બની પ્રબળ બન્યાની છે

વિનમ્ર દેખાવના, મધ્યમ ઊંચાઈના, પણ સુગઠિત દેહસૌષ્ઠવ ધરાવતા, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રાણ સમા ડૉ. અબ્દુરહમાનનો જન્મ ઈ. ૧૯૦૧માં જવા દ્વીપના સુરાબાય નામે એક ગરીબ કુટુંબમાં થયો હતો. બાલ્યકાળથી જ ગંભીરી અને અસાધારણ ડચ શાળામાં અભ્યાસ ચાલુ હોવા છતાં કુમાર અબ્દુરહમાન તન પોતાની ગોમેર વેરાગણી બીમત બની ચમકે પણ, પ્રજાની અસહ્ય ગરીબી ઈ કેમ દૂર કરી શકાય દરેક આ પ્રશ્ન રોજ મૂંઝવતો.

પરંતુ આ પ્રશ્નનો ઉત્તર એને થોડા સમયમાં જ મળી ગયો. અને પોતે જે ડચ શાળામાં ભણતા એ શાળાનું શિક્ષણ જ એ પરિસ્થિતિ માટે કંઈક અંશે જવાબદાર હતું એનું તેને ભાન થવા માંડ્યું કોમારની કૂતરી આકાંક્ષાઓ વચ્ચે રાષ્ટ્રની આઝાદીની કલ્પનાએ એને રંજવા માંડ્યો અને શાળાની પરીક્ષાઓમાં એની જગાને છટકવા માંડી ત્યારથી અંદર અર્ધાઓમાં સુકાર્નો એક ક્રાન્તિનો વિચાર બની ગયો.

પણ એને એટલેથી સંતોષ ન થયો. બીજા સમય પછી, સદ્ભાગ્યે, એને હાજી ઉમર સૈયદ નેહોમામીનોટો નામના એક પત્રકારને ત્યાં રહેવાનું થયું હાજી ઉમર 'પારતાઈ સરેકત ઈન્ડોનેશિયા' ની રાજકીય ચળવળનો જનક હોવાથી એ ક્ષેત્ર સુકાર્નોને પણ લાગ્યો અને તેણે હાજી ઉમરના પત્ર 'ઉતુસાન હિન્દિયા'નો મુખ્ય લખવાનું કાર્ય કર્યું. હજી તો શાળામાં અભ્યાસ કરનો કુમાર સુકાર્નો આ પત્રનો નિયમિત લેખક થઈ ગયો. નાનપણથી જ મહાભારત-ના અમર પાત્ર, નિર્ભય પાંડુપુત્ર ભીમની વીરગાથાએ સુકાર્નોની કલ્પનાને ઉત્તેજિત કરેલી, તે હવે પોતાનાં કુમ રચાણનાં લખલેખો સુકાર્નોએ 'ભીમ' ઉપનામથી લખવા માંડ્યાં. ઈન્ડોનેશિયાના આ ભાવિ રાષ્ટ્રનેતાની કલમની તાકાતથી તેના સમોવડિયા બીજા રાષ્ટ્રીય કાર્યકર્તાઓ પણ મુગ્ધ બન્યા અને ત્યારથી જ જવાના સ્વાતંત્ર્યજંગમાં સુકાર્નોનું નામ અનેરું ચમકવા માંડ્યું.

રાષ્ટ્રીય આઝાદીની તમન્નાથી ધમધમતા આ નુખાનનો વસવાટ જ પણ રોમાંચક છે પોતે જે પત્રકાર પાસેથી સ્વાતંત્ર્યની શિક્ષણ પામેલો એ જ પત્રકાર હાજી ઉમર સૈયદની પુત્રી સાથે એનાં લગ્ન થયાં. જે ઘરમાં પોતાના સૌથી મુશ્કેલી અને ગદ્દારની ગદ્દારીઓના દિવસો ગાળેલા એ જ ઘરની પુત્રીનો હાથ ગળથૂથી સુકાર્નોની અભિલાષાને અજબ પ્રેરણા મળી ગઈ અને પોતાનું અર્વાચીન જવાની આઝાદીને કાજે હોમવાના રોમાંચ એ પળેપળે અનુભવવા લાગ્યા ડચ સરકારને માટે હવે યુવાન સુકાર્નો આંખના કણ સમાન થઈ પડ્યો. એક બનાવ તો સુરાબાયાના પોલીસ વડાને અને આખીને સુકાર્નો-જે સજાને સંબંધનો હતો એને તોડવી પડી પરિણામે સુકાર્નોને એના અધ્યાપક તરીકે ખૂબ કપરો ગણ્યો. પણ પણ સ્વરાજની પ્રતિજ્ઞા લઈ ચૂકેલા આ નુખાન પાસે ગાવ એક જ જવાબ હતો: રાજકારણ અને ઊંડી રાજે ભંગ નથી '

પડેલા વિશ્વયુદ્ધનો અંત આવતા તેણે બેન્ડુંગની એરિયનો અભ્યાસ ત્યાગ બધારી તેમા ડૉક્ટરેટની ડિગ્રી મેળવી અને ઉન્ડિસે ૧૨ નેશનલિસ્ટ (ઈન્ડોનેશિયન નેશનલ એજ્યુકેશનલ એસોસીએશન) નામના, રાજકીય ગતિવિધિના મંડળમાં જોડાયા ૧૯૨૪માં આ સંસ્થાએ પોતાનું નામ બદલી 'પરટિએ પુનન કેન્દ્રે નેસિયા' રાખ્યું ત્યારથી ભાગ ઉદ્દામવાદી તત્ત્વો હાવ્યા ગયા માંડ્યાં. જવાના મુસ્લિમો ને બાલીના હિંદુઓનું સંગઠન આ મંડળમાં થયું ત્યારથી જ્વેરેલા બિમાની ઈન્ડોનેશિયન યુવાનોમાં પારદર્શી ક્રાન્તિની ધૂમરી ફેલાઈ ઈ મુસ્લિમ આજ દી લેવાની પ્રતિજ્ઞા કરી

૧૯૨૬માં ડૉ. સુકાર્નોએ પારતાઈ નાસિયોનલ ઈન્ડોનેશિયા (ઈન્ડોનેશિયન નેશનલ પાર્ટી) નામના પક્ષની સ્થાપના કરી. આ પક્ષના મૂળભૂત સિદ્ધાંતોમાં 'જવરમાં જવા,' 'રાષ્ટ્રીય એકતા,' 'વિશ્વબંધુત્વ,' 'લોકશાહી' અને 'સામાજિક ન્યાય' મુખ્ય હતા. આ પક્ષે સ્થાપ્યા પછી ૪ વર્ષ અને ઈ.સ. ૧૯૩૦ સુધીમાં

જવાની અત્યંત ખૂબસૂરત રમણીઓમાંની એક તરીકે ગણાતી પોતાની પત્ની અને બાળક સાથે ડૉ. સુકાર્નો

ધ્વજધારક ડૉ. અબ્દુર્રહમાન સુકાર્નો

'ઈન્ડોનેસિયારાયા'નું સંયગીત આજે ત્યાંના રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્ર ગીત તરીકે પ્રચલિત છે. આ ચળવળને પરિણામે ૧૯૨૬ના બળવાને, ડચો દ્વારા ક્રૂરતાપૂર્વક દબાવી દેવામાં આવ્યો. સુકાર્નો અને તેમના સાથીદારોને ડચ સરકારે પકડી પાડ્યા. ૧૯૨૭માં સુકાર્નોને ચાર વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવી. ૧૯૩૨માં તેમને મુક્ત કરવામાં આવ્યા. ત્યારબાદ તેમણે ફરીથી રાજકીય પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી. ૧૯૩૪માં તેમની ધરપકડ કરી તેમને ફ્લોરેસના ટાપુ ઉપર નજરકેદમાં રાખવામાં આવ્યા. પાંચ વર્ષ પછી, ૧૯૩૮માં તેમને બેન્કુલુ ખાતે ખસેડવામાં આવ્યા. ત્યાંથી ૧૯૪૨માં જાપાનીઓ તેમને જકાર્તા લઈ આવ્યા. આ લાંબા કારાવાસ દરમિયાન સુકાર્નોએ જગતના ધર્મોનો તુલનાત્મક અભ્યાસ પૂરો કરી નાખ્યો.

૧૯૩૯ની બીજી સપ્ટેમ્બરે જ્યારે બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે પણ ઇન્ડોનેશિયાના પ્રશ્નનો આ તારણહાર કારાવાસમાં જ હતો. ત્યાં રહ્યારહ્યા પણ, સત્તામુખત્યાર સત્તાઓના નાશ માટે યોજનાબદ્ધ આ લડાઈમાં પૂરેપૂરા સાથ આપવા તેમણે હાથ લંબાવ્યો, પણ સામ્રાજ્યવાદી ડચ સરકારને પ્રજાના લાડીલા એવા આ લોકનાયકની મદદની જરૂર લાગી નહિ. પણ જાપાન સામેની લડાઈ શરૂ થયા પછી થોડા જ વખતમાં એ સરકારના પ્રદેશાન્ત ભાગના સામ્રાજ્યના પાયા હચમચી ઊઠ્યા. જાપાની ડચ સામ્રાજ્યને ચેરબૂકેરબૂ કરી નાખ્યું અને એશિયાની એ પીઢી આફ્રિકાના પ્રજાઓ મુક્તિપૂર્વક અગ્નિ-એશિયાના એ રાષ્ટ્રીય નેતાને મુક્ત કરી તેનું બહુમાન કર્યું, ને તેની લોકપ્રિયતા, અટલ નિર્ધાર અને સ્વાર્પણનાં વખાણ કરી જાપાને સ્વતંત્ર બનાવવા પોતાથી થાય તે બધી મદદ કરવાનું વચન આપ્યું. પોતાના દેશબંધુઓને સંગઠિત કરવાનો ને દેશને સ્વતંત્ર કરવાનો આનંદો આ ખરો મોકો જોઈ સુકાર્નોએ જાપાનની દરખાસ્ત સ્વીકારી અને સંપૂર્ણ સ્વતંત્રતાના મુદ્દા ઉપર પ્રજાને તૈયાર કરવા માંડી. આ સમયે ડચ સરકાર પોતાનાં ઘરબાર પણ ગુમાવી, દૂર પૂર્વમાંના પોતાનાં સંસ્થાનોને ('ગોરી પ્રજાના બે બોજ'ને) જાપાનના હાથમાં સોંપી, લંડનમાં નાસી છૂટવા મેજરની ચબર પ્રદેશો રાજ્ય (!) કરતી હતી; જ્યારે આખી ડૉ. સુકાર્નોએ દરેક હાથમાં લઈ જાપાનીઝ પ્રજાસત્તાકનો પાયો નાખી દીધો.

જાપાનના આમંત્રણથી ડૉ. સુકાર્નો ટોકિયો ગયા અને ત્યાં શહેનશાહ હિરોહિતો તેમ જ પોતાના દેશના સ્વાતંત્ર્યની વાગોળો ચલાવી પરંતુ જાપાની સરકાર પણ સ્વાતંત્ર્ય આપવા ઇચ્છતી હોવા છતાં ન લાગવાથી તેમ પોતાના દેશને કોઈની પણ છાપ વિના સંપૂર્ણ આઝાદ બનાવવાનિશ્ચયને વધુ દૃઢ બનાવીને ઑગસ્ટમાં પાછા ફર્યા બાદ આખે સંપૂર્ણ સ્વાતંત્ર્યની ઘોષણા કરી બેઠેલે જાપાની સરકારે પણ અને ધમકી આપી પણ ૧૯૪૫ના ઑગસ્ટની ૧૫ મી તારીખે, જાપાનની શરણાગતિ પછી બે જ દિવસમાં ડૉ. સુકાર્નોએ જાપાનીઝ પ્રજાસત્તાકની જાહેરાત કરી અને કાયદેસર સ્વતંત્ર સરકારની સ્થાપના પણ કરી દીધી.

આજે જર્મની, જાપાન, અને ઈટલીની શરમુખત્યારશાહી સત્તાઓ જમીનદોસ્ત થયા પછી પશ્ચિમની બીજી મોટી લોકશાહીઓ-ખાસ કરીને અમેરિકા-ના પટ્ટામાં ભરાઈ ડચ સામ્રાજ્યવાદ ફરી પાછો પોતાનો ફરી પૂર્વનો મૂળ શોષણ પ્રદેશ મેળવવા ઝોલા ખાય છે, અને એ વિજેતા સરકારોના 'આટલાંટિક ચાર્ટર'માં જાહેરાત પ્રજાના પ્રજાને ચારી નાખવાનું પદેલું પાન ફાટી જવાથી જાપાની પ્રજા એ બંને સત્તાઓનો કટ્ટર સામનો કરી રહી છે અને એ પ્રજાની સતત પ્રેરણા સમો, એશિયાની બીજી સર્વ શોષિત પ્રજાની મુક્તિ-ઝંખનાના પ્રતીક રૂપે, 'બીગ' કપ્તાન ધારી ડૉ. અબ્દુર્રહમાન સુકાર્નો હજુ પણ એ શોષક બળોની સામે અણનમ ઊભો છે.

જનાર્દન રાવળ

ઈન્ડોનેશિયન પ્રજાસત્તાકનો પ્રમુખ ડૉ. સુકાર્નો (વચ્ચે) તેમના પ્રધાનમંડળના પ્રધાન (ડાબી બાજુ) અને રક્ષણમંત્રી સાથે

'મન કહે, 'કેમ?'

'એ રાચરચીલાએ તો ભાડ કરી જમીન રોકી રાખી છે.'

હંયે, વાતની આ પતાવટ! કામકાજના દિવસો હતા ત્યારે બેસીબેસીને છ મજલાની હવેલી ચણી;ને હવે નિરાંતના દિવસો આવ્યા એટલે ધૂળિસાત કરવાની આવી. કામકાજના દિવસોમાં ઢાંટેઢાટ ઘૂમીને સાત-સરંજામ ઓકઠા કર્યા, ને હવે નિરાંતના દિવસોમાં બધુય વેરી નાખવાનું આવ્યું!

પણ પેલા જંગી રૂપનું શિખર ક્યાં? અને પેલો મોટો બંગો સમારોહ ક્યાં છે? મન ચારે બાજુ તાકીને જોઈ રહ્યું.

'કેમ, કૈં દેખાયું?'

'હાં, ઝરૂખ-પ્રભાતનો શુકતારો.'

'બસ, એટલું જ ને?'

'હા, એટલું જ;ને પારિજાતનાં ફૂલ દેખાયાં.'

'બસ એટલું જ ને?'

'હા, એટલું જ.ને સવારના પહોરનું પાંખો ફફડાવતું રોયેલ પંખી દેખાયું.'

'બીજું કૈં?'

'અને એક શિશુ જોયું. તે ખિલખિલાટ હસતુંહસતું માના ખોળાગાંથી છૂટી બહારના પ્રકાશમાં દોડી આવ્યું.'

'તું તો કહેતું હતું ને, કે મોટી પધરામણી થવાની છે! શું આને જ માટે?'

'હા એનાજ માટે તો પ્રતિદિન આકાશગાં બંસી વાગે છે ને સવારના પહોરમાં પ્રકાશ પ્રગટે છે.'

'એને માટે બોટલીબંધી જગાજોઈએ છે?'

'દ્વારતો. તારા રાજ માટે જોઈએ સાત મજલાનો મહેલ, તારા પ્રભુ માટે જોઈએ ઘર ભરીને સરંજામ, પણ આને માટે તો જોઈએ સમસ્ત બ્રહ્માંડ ને સમસ્ત પૃથ્વી.'

'અને પેલા જળ્યાનું શું?'

'એ જળ્યાજ આટલાની અંદર વસેછે.'

'એ શિશુ તને શું વરદાન આપશે?'

'અરે, એ તો વિધાતાનું વરદાન સહુને આવે છે. સમસ્ત પૃથ્વીની આશા સહુને, નિર્બંધતા ને આનંદ સહુને આવે છે. એના ગુપ્ત બાથામાં સુપાયું છે બ્રહ્માંડ ને એના હૃદયમાં સંતાઈ છે શક્તિ.'

મન ગને પૂછવા લાગ્યું 'અલ્યા કવિ, કૈં દેખાયું? કૈં સમજ પડી?'

મેં કહ્યું, 'એ માટેજ તો મેં રજા લીધી છે. આટલા દિવસો સુધી બખત ગગ્યો નહિ, જોયું કૈં દેખાયું નહિ ને કૈં સમજ્યું નહિ.'

વિનોદ ટોકારી

('ચિપિયા'માંથી-મૂળ બંગાળી કવિતા)

૩૨ (ફેબ્રુઆરી ૧૯૪૧)

મારો જીવનસિદ્ધાન્ત શો છે અને તે કેમ બંધાયો



ફ્રાંકોસાહેબ કોલેલકર

મારો જીવન-સિદ્ધાંત શો છે એમ તમે પુછાવો છો. તમારા એ પ્રશ્નનો જવાબ આપવો જરા કઠણ તો છે, છતાં, એક વિશિષ્ટ ધ્યેય નજર સમક્ષ રાખીને જેણે જિંદગીનાં પચાસેક વર્ષ કાઢ્યાં છે તેને આવા પ્રશ્નોના જવાબ આપતાં પણ આવડવું જોઈએ, એમ ધારવાથી હું જવાબ આપવાનો થોડો પ્રયાસ કરું.

આપણે અને આપણા શરીરનો સંબંધ જન્મથી માંડી મૃત્યુ પર્યંત અખંડ હોવા છતાં, આપણું શરીર કેમ ચાલે છે, શરીરમાં સારું-બરાબ શું છે અને શરીર કયાં પદાર્થોનું તેની પરિપૂર્ણ માહિતી આપણને હોતી નથી. સ્થૂલ શરીરની આ સ્થિતિ છે ત્યાં પોતાનું મન તથા તે મનમાં સમાઈ રહેનારી વાસનાઓ અને આકાંક્ષાઓ એ બધાંની ખરેખરી માહિતી તો આપણને ક્યાંથી જ હોય? બાહ્ય જગતનો સાચો તાગ જેમ આપણને મળતો નથી તેમ મનનો તાગ મળતો પણ દુષ્કર હોય છે; અને મન પણ બાહ્ય જગત જેવું જ મોટું અને ગૂઢ એક જગત જ છે.

આપણું વર્તન આર્યે હોવા અનાર્યે, પણ જગત રહીને તેના પર ચોકીપહેરો રાખવો, અને કૈં નહિ તો પોતે પોતાને તો ઓળખી જ લેવો એવો મારો પ્રયત્ન નિશ્ચય થયો, અને તેને લીધે મારી વૃત્તિ જે બહારદસ્તરીતે બહિર્મુખ હતી તેને અંતર્મુખ કરી જે વિચારો પરસ્પેપદી હતા તેને આત્મનેપદી કર્યા. અને આ પ્રયત્નો આજ લગી ચાલુ છે. મૂળ સ્વભાવ પરસ્મૈપદી અને બધી સાધના આત્મનેપદી, એની સ્થિતિ હોવાથી અને બાલુનો કૂવો મને અનાયાસે મળવા લાગ્યો ને તેથી કરીને વૃત્તિ ગૂઢ પણ બની અને આપક પણ બની.

મારી વિચારસરણીમાં પણ પરસ્મૈપદી અને આત્મનેપદી એવો ભેદ છે. હું જ્યારે મારા પોતાના માટે વિચાર કરું છું અને નિર્ણય બાંધું છું ત્યારે તેની પદ્ધતિ બહુધા જુદી જ હોય છે. એ જે લોકો સમક્ષ ધરું તો ઘણા લોકો મને માઠામાં ગણી કાઢે પણ તે જ વાત લોકોને ગળે ઉતારવાની હોય છે ત્યારે વિચારોની ને અનુમાનની સાંકળની ગાંઠણી પરસ્મૈપદી હોય છે, કારણ એમાં બીજાની મનોરચના ધ્યાનમાં રાખવી પડે છે.

ચુંવાવરણીની શરૂઆત થતાં જ મેં એક સંકલ્પ કર્યો. તે વખતના શબ્દો બોલેલા હતા તે જેમ તે તેમ અહીં આપું છું: 'I have a life to waste on experiments. I shall see to it that I don't build a career, and if a career builds of itself and comes in the way of my experiments, I shall see that it is shattered. My gains shall be all subjective.'

આવી રીતે સ્વભાવ પૂરતો હું પ્રયોગવીર થયો. બારે દાણે સોવા ભાગ્યો અક્ષર ન ભાગ્યો, પણ મારા હોવાને લીધે જગતની અસેવા તો મારે હાથે ન જ થવી જોઈએ એવી ચિંતા તો હું સતત સેવું જ છું. આથી પોતાની સામટાનિની બાબતમાં તદ્દન બેફિકર ને બીજાની હાલ-ઢાલની બાબતમાં શક્ય તેટલો સાવધાન એવી મારી સ્થિતિ છે.

મારા વિષે ઘણીવાર કંઈ ને કંઈ ગેરસમજ થતા કરે છે. પણ્યો વરસ થયો હું આને લીધે મનમાં દુઃખી રહ્યા કર્યો. પણ પછી જે જોયું કે દરેકની દુનિયા જુદી જ હોય છે, એટલે ગેરસમજ હોવી એ જરા પણ આશ્ચર્યકારક નથી. કહું, સાર્વત્રિક ગેરસમજ કેમ થતી નથી એ જ એક મોટું આશ્ચર્ય લાગવા માંડ્યું! બરીરીતે જોતાં ચંદ્રની પીઠ જેમ આપણને દેખાતી નથી એ જ પ્રમાણે આપણી વૃત્તિઓની બહાર જે કાંઈ હડેવાનું બાકી જગત છે તે આપણને દેખાવમાં,સમજમાં કે વિચારમાં આવવું જોઈએ એવું નથી. એમ જોઈ જે સિદ્ધાંત બાંધ્યો કે જે પ્રમાણે જગતમાં જાતવા તો એક જ છે, પણ એ આત્મૈક્ય સહજરીતે અનુભવ

માં આવતું નથી, તે જ પ્રમાણે જગતમાં મન પણ એક જ છે, બુદ્ધિ પણ એક જ છે–સર્વ એકરૂપજ છે, ગાત્ર ને અનુભવમાં આવતું નથી. આ સિદ્ધાંતથી મને હમેશાં એક જાતની મોટી શાંતિ મળી છે ને એ સિદ્ધાંતને લીધે જ મારામાંનો ગુસ્સો મોટે ભાગે નહિવત્ થયો છે.

કૉલેજમાં મને સાહિત્યનો રસ હતો, અને ગણિત તો સારું આવડતું જ; એટલે એ જ વિષય લઈને ખૂબ માર્ક મેળવી પરીક્ષામાં ઇનામ નંબરે આવવાનો મોહ આછો ન હતો. પરંતુ એમ હોવા છતાં પણ પૂરા વિચારને અંતે મેં તર્ક અને તત્ત્વજ્ઞાનનો વિષય લીધો. તે વખતે આ વિષય પસંદ કરવાનાં કારણો અધ્યાપક આગળ પૂછતાં મેં જે ઉત્તર વાક્યો તે પણ મારી જીવનદિશા સૂચવનારો જ હતો. મેં કહ્યું: 'I think a lot and in innumerable directions; but it leads to nowhere. There is no definiteness. I am anxious, therefore, to know the various types of thinking. I want to be familiar with all the avenues of thought.'

મારી જાતિ અતર્મુખ થવાનું એક બીજું કારણ નાનપણમાં જ ઉત્પન્ન થયું હતું. ઘરમાં છ ભાઈઓમાં હું સૌથી નાનો. માતુશ્રી મે મારામાં લક્ષ્મણનો અંશ દીઠો હતો. એટલે મારાથી મોટા પાંચ રામચંદ્રોની સેવા કરી અને તેમની સાથે સારાસારી રાખવી એ મારું કર્તવ્ય હતું. ઘરના પ્રમાણમાં આ પ્રયત્ન મેં પ્રામાણિકપણે કર્યો. પણ મારા દુર્દૈવે, મારા સર્વ વડીલ ભાઈઓમાંથી, (જો કે મારા શિક્ષણમાં મને તેમણે થોડીઘણી મદદ કરી હશે તો પણ) મારા વિકાસ બાબતમાં કોઈએ કશી મદદ કરી નહિ' અમને પોતાને વિકાસ માટેની ઝાઝી કલ્પના પણ નહિ હોય માત્ર વડીલ ભાઈ તરીકેના હકની રૂએ દાદાગીરી ચલાવવાની દરેકને હોંશ, એથી કરીને જેટલી અમની કપેડ્યા થઈ શકતી તેટલું મને સ્વાતંત્ર્ય મળ્યું

અર્થાત્ નાનપણમાં જ્યારે પ્રેમ, પ્રસન્નતા ને છૂટાપણું અધિકાધિક મળવું જોઈએ, તેને વખતે મારા ઉપર એક રૂંધન આવી પડ્યું. બાહ્ય વિકાસ ઘણો ખરો અટકી ગયો અને વૃત્તિ અંદર ને અંદર સમાઈ જવા લાગી. પરિણામ એ આવ્યું કે સ્વભાવમાં અંતર્મુખતા પણ કૃત્રિમતા આવવા લાગી. આત્મવિશ્વાસ ડગમગી જેવો રહ્યો. સ્વાભિમાન નષ્ટ થયું. પણ તે ની સાથોસાથ શાંતપણે નિરીક્ષણ કરવાની ને તટસ્થપણે નિર્ણય બાંધવાની ટેવ પડાઈ. ઘણાક પ્રયોગો ખુલ્લી રીતે ન કરી શકાતા, છતાં તે મનમાં કરી જોવા લાગ્યો મૂર્તિપૂજા ન કરી શકાય તોપણ જગ માનસ-પૂજા થઈ શકે છે, તે જ પ્રમાણે માનસિક વિચારસેવન, માનસિક પ્રયોગ, માનસયોજના વગેરે બાબતો વધવા લાગી. જીવનનો મોટો ભાગ માનસિક ક્ષેત્રમાં જ વિકાસ પામવા લાગ્યો. એથી કલ્પનાશક્તિ અસાધારણરીતે પરિપક્વ બની. પણ દરેક વાત અનુભવની કસોટીએ કરી જોવી જોઈએ એ બાબત રહી ગઈ ને તેથી સ્વભાવમાં તથા બુદ્ધિમાં વિલક્ષણ અસ્થિરતા ને હાંસ્યાસ્પદ ડગમગેરીનું ત્રિશ્રંગુ હોવા લાગ્યું લોકોને આ બેગાંની કોઈ એક વસ્તુ વધારે જાણવા લાગી અને તેમનું વર્તન પરસ્પરવિરોધી થવા લાગ્યું. આથી કરીને સમાજમાં વર્તવાની બાબતમાં મારો આત્મવિશ્વાસ ઘણો જ ઓછો થઈ ગયો. આ ડગમગેરી કાઢી નાખવા માટે મેં જબ્બર પ્રયત્નો શરૂ કર્યા. કોઈ પણ પ્રશ્નનો વિચાર કરતાં કેટલી બાજુથી તેનો વિચાર કરવો શક્ય છે, એ હું પ્રથમ જોતો. એથી કરીને એક પ્રશ્ન અનેક રીતે તપાસવાની ટેવ બંધાઈ.

મેં અંગતરીતે ખૂબ જ સહન કર્યું હોવાથી મારામાં બીજા પ્રત્યેની સહાનુભૂતિની માત્રા વધવા લાગી. સ્ત્રીઓનું જીવન પરવશાધીન. બાળાઓ, ભાઈઓબાઈ, સાસુસસરા, પતિ, દીયર-જેઠ-નબુદો, બધાંની જોહુકમી તેને સહન કરી પડે છે. આ બધાં પરથી તેની સ્થિતિ કેવી થતી હશે તેની જે કલ્પના આવવાથી એમના તરફની મારી સહાનુભૂતિ વધતી રહી ઘરમાં હું બધા કરતાં નાનો હોવાથી મારી સાથે બધાં જ છૂટથી બોલતાં. આ તો નાનો છે, એને શી ખબર પડે. એવી જ બધાની માન્યતા હતી. અને નાનીનાની બાબતોમાં જે કારણ નો સર્વત્ર ગાંભીર્ય હોય છે, તેમાં મારો ઉપયોગ બધાં તરફથી થતો હોવાને લીધે, હું સહ જ બને માં-સહ નૂભૂતિ વધારી શક્યો. પણ સાથેસાથે, હોકો કેટલા એકલપેટા હોય છે, કેવા આંધળા હોય છે, આચરણમાં આવી જઈને કેવા ફસાય છે, એ મને સહજ જ સમજાઈ ગયું. એટલે નાનપણથી જ આંધળા ઉત્સાહની ભૂમિકા છૂટી જઈને પુખ્તપણું દૃઢ થયું છોકરવાદી મારામાં બાસ પ્રવેશી શકી નહિ; તેમ શ્રદ્ધાવસ્થામાં ભ્રમનિરસન થવાથી જે ખિન્નતા આવે છે તે પણ મને સ્પર્શી શકી નથી.

મેં પ્રયોગ કેળવ્યા તે કૌટુંબિક સહાનુભૂતિ. આજ્ઞાંકિત બનવું, સેવાપરાયણ થવું અને પોતાના સ્વાર્થના વિચાર ઓછા કરવા, એ ત્રણ ગુણો મેં નાનપણમાં જ કઠોરતાથી વધાર્યા આ પછી સૃષ્ટિનિરીક્ષણનો મને નાદ લાગ્યો. સંગીતનો નાદ મોડેથી લાગ્યો અને આજે પણ તે વધતો રહ્યો છે. કારભારમાં હિંદુ રૂઢિમાં ઝબકતો તે વખતે નૈતિક જીવનની ગહના પ્રથમ નજરે પડી ધર્મનિષ્ઠા અને ધાર્મિકતા બાલ્ય વિના પારેથી મોટા પ્રમાણમાં મને મળી જ્યાં હતાં, પણ સ્વભાવમાં પ્રયોગવીરતા હોવાને લીધે ધાર્મિક શ્રદ્ધા અવારનવાર ડગમગી જતી પ્રથમ થતું કે અદ્વિતીય ભક્તિ થયું; વળી વાપું થતું કે યોગી થઈ અનેક સિદ્ધિઓ મેળવવી ને જગતના દુઃખો દૂર કરવાં. કૉલેજમાં ગયા પછી સ્વાતંત્ર્યનિષ્ઠા વધવા લાગી ને ક્રાંતિકારક વિચારો દૃઢ થતા ગયા. અને સાથેસાથે બુદ્ધિની કૃપાસના વધવાથી, નાસ્તિકતા તથા સંશયવાદે મને ઘેરી લીધો.

પણ મારું માનસ ખૂબ જ પરિપક્વ હોવાને લીધે એ નાસ્તિકતા અને સંશયવાદથી મને ઘણો ફાયદો થયો. એ કાળનો મને આજે પણ પશ્ચાત્તાપ નથી. એ સ્થિતિની શરમ આવવાનું કારણ પણ બન્યું નથી યથા સમયે પાછો ધાર્મિક સ્થિતિ પર આવી ગયો. નાનપણની ધર્મનિષ્ઠા માત્ર કર્મકાંડી અને બાલુક હતી. નૈતિક જીવનની ગહના એ વખતે પ્રત્યક્ષ થઈ નહોતી. હવે નૈતિક ને આધ્યાત્મિક જીવન એ જ જીવનરહસ્ય છે એ સમજાઈ ગયું છે. નાનપણમાં સૃષ્ટિનિરીક્ષણ અને નવાનવા અનુભવની તૃષ્ણાને લીધે પ્રવાસમાં રસ હતો; મોટપણમાં એ વૃત્તિમાં સમાજનિરીક્ષણ, તીર્થયાત્રા, દયાપત્યમાં રસ વગેરે બાબતોનો ક્રમે ક્રમે થયો છે.

આ જ વખતે 'સંસ્કૃતિ એટલે જીવનનો પરિપાક', એ વાત પર ધ્યાન પડ્યું ને જીવન સર્વ બાબતોથી સમૃદ્ધ થવું જોઈએ એમ લાગવા માંડ્યું. સ્વામી વિવેકાનંદ, સિસ્ટર નિવેદિતા, આનંદ કુમારસ્વામી, લાલા હરદયાળ ને રવીન્દ્રનાથ ઠાકુરના વિચારોનો પડઘો મન પર ખૂબ પડ્યો. સ્વાતંત્ર્યપ્રાપ્તિ, સંસ્કૃતિનો વિકાસ, આધ્યાત્મિક જીવન, સેવાપરાયણતા, આ બધી વસ્તુઓ જીવનના કેન્દ્રમાં આવી બેઠી, ને એ પરથી સાક્ષાત્કાર થયો કે 'મનુષ્યનો સર્વોચ્ચ વ્યાપાર શિક્ષણ જ છે; શિક્ષણ એ જ જીવનદર્શન છે.' અને તેથી જ એ પ્રવૃત્તિને પોતાનું જીવન અર્પણ કરવાનું સ્વાભાવિક, ક્રમપ્રાપ્ત અને અપરિહાર્ય બન્યું.

આ ભૂમિકા પર પહોંચાયું તે વખતે જ મહાત્મા ગાંધીજીનાં મને દર્શન થયાં. ત્યાર પછીની વાતો તો આ પત્રમાં લખવાની જરૂર નથી. આજનો મારો જીવનસિદ્ધાંત શો છે એની તો તમને ખબર જ છે

મરાઠી કવરની અનુવાદક: નંદલાલ વ. મહેતા

રોતાં ફૂલ.

રેતીના ઊંચાઇ પર એ ફાલતાં, ને પોતાનાં કરુણ આંદોલનોથી વિનાશ વરસાવતાં

એક કલ્પનારંગી વિજ્ઞાનકથા

આખી પૃથ્વી પર એકાએક હાહાકાર ફેલાઈ ગયો. રેજના હજારોના હિસાબે માણસો કોઈ અજ્ઞાત કારણે મરવા લાગ્યાં. જે લ અસર માત્ર બોટલી જ જણાતીઃ એકદમ માણસ સાવ મૂંગા બની જાય. ભાન હોય, અને પહેલી અસર જણાયા પછી મરણ થાય ત્યાં સુધી એની આંખો ખુલ્લી જ રહે ખૂબીની વાત તો એ હતી કે આ અજ્ઞાત રોગની પહેલી અસર અત્યંત લાગણીવશ માણસો પર થતી.

આ રોગની પહેલી અસર જણાઈ સહરાના રણમા. પ્રશાંત સરોવરમાં પત્થર પડતાં જેવાં આંદોલનો ઊઠે એમ આ રોગનાં આંદોલનો પૃથ્વીઆવૃત્ત હવામા ઊઠવા લાગ્યાં. જોતજોતામા રોગની અસર ઉત્તરમાં પેરીસ, પૂર્વમાં મક્કા અને દક્ષિણમાં જોહાનિસબર્ગ સુધી પહોંચી ગઈ આ પ્રદેશમાં જે વધારે લાગણીવશ હતા એ પહેલા મરી ગયા. અને સાપેક્ષ લાગણીવશતા તો દરેકમાં હોય, એટલે વહેલા મોડા આ પ્રદેશનાં દરેક માણસ મરવા લાગ્યા.

આ રોગ માનવકુલના વિજ્ઞાનીઓની બુદ્ધિની કસોટી રૂપ નીવડ્યો. આખી પૃથ્વીના અગ્રગણ્ય વિજ્ઞાનીઓની એક સમિતિ નીમવામાં આવી. આ સમિતિમાં હિંદના પ્રખર વિજ્ઞાની શ્રી જગદનાથ સહાની પણ વરણી થઈ. સમિતિમાં વરાએલા અને ન વરાએલા દરેક વિજ્ઞાની રોગનું કારણ અને મારણ શોધવા મચી પડ્યા.

સહરાના રણનું સંશોધન કરવા વિજ્ઞાનીઓનાં અનેક વિમાનો ઊડવા લાગ્યાં. વિજ્ઞાનીઓ પણ ઓછેવત્તે અંશે લાગણીવશ હોવાથી એમાંના ઘે ઘણા મોતના પંજામાં સપડાઈ ગયા. એ પ્રદેશની હજારો છબિઓ લેવાઇ દરેક છબિને અનેકગણી વિકસાવી એની છાપ્યો પ્રતો કાઢવામાં આવી. આ પ્રદેશની પ્રાકૃતિક રચના વર્ણવતાં અનેક પુસ્તકો ને છબિઓ સમિતિના સભ્યો પર મોકલવામા આવ્યાં.

વાતવાતમાં છ માસ વહી ગયા ને વાતવાતમા ત્રીજા ભાગનો માનવસમુદાય મરણશરણ થયો. આખા માનવકુલમા નિરાશા ફરી વળી દરેક જણ મોતની પ્રતીક્ષા કરતો જ રાત્રે સૂતો ને પ્રભાતે ઊઠતો.

જગદનાથ એમની કલકત્તાની પ્રયોગશાળામાં હાર્યનિમગ્ન હતા. ઓચિંતાં રેડિયોવિશારદ આ વિજ્ઞાનીએ પોતાના રેડિયોમાં એક વિચિત્ર રુદન સાંભળ્યું. એમને જે સાંભળાયું એ રુદન હતુ કે કોઈ ગાન એ તો એ પોતે ય પહેલાં તો નિર્ણિત કરી શક્યા નહિ. પણ પછી એમણે સાત દિવસ ને સાત રાત તે પર પોતાની પ્રયોગશાળામાં જ ગાળી. આઠમે દિવસે એમણે માનવકુલને નીચેનો સદેશો રેડિયો દ્વારા આપ્યોઃ

'માનવબંધુઓ, બેએક માસથી આપણી પૃથ્વી પર શરૂ થએલા વિચિત્ર રોગનું નિદાન કરવા હું શક્તિમાન થયો છું. આપ સર્વેની જાણમાં હશે કે સાત માસ પહેલાં એક મોટો આકાશી પદાર્થ સહરાના રણમાં પડ્યો હતો. આ પદાર્થ બહુ મોટો હતો કે જેની ઠોકરે આખી પૃથ્વીને કંપાવી નાખેલી. અત્યંત વેગ અને વજનને લીધે આ પદાર્થ પૃથ્વીના પેટાળમાં પેસી ગયો. આ પદાર્થ પર કોઈ વિચિત્ર વનસ્પતિ ઊગતી હતી. એ વનસ્પતિના કેટલાક બીજકણ રણની રેતી સાથે ભળી ગયા. રેતી જ આ વનસ્પતિજંતુનો ખોરાક હોય તેમ એ રણમાં તે બેકટેરિયા ઊગી નીકળ્યા.

'આ વનસ્પતિને અત્યંત સુંદર પુષ્પ આવે છે. એ પુષ્પોમાં આ જંતુનાં બીજ ઉપરાંત બીજી પણ એક ખાસ વસ્તુ હોય છે. એ વસ્તુ તે જંતુની આપણા ગગજ જેવી બુદ્ધિ-આલય ઇન્દ્રિય હોય છે. વિકાસની દૃષ્ટિએ જોતાં આ ઇન્દ્રિય હજારે વધારે વિકસિત થને એવો ઓછો સંભવ છે. આ પુષ્પો પોતાની આ વિકાસમર્યાદા જાણે છે. એથી જ એ પુષ્પો સૂર્યોદય અને સૂર્યાસ્તને સમયે અમુક પ્રકારનાં કૃત્ય આંદોલનો કરતાં હોય છે —આપણે જેમ આપણા કંઠ-ઇન્દ્રિયને આંદોલીને ગાઇએ છીએ તેમ પુષ્પોના દૃષ્ટિબિંદુથી આ અત્યંત સુમધુર ગાન છે. પણ આ ગાનનાં આંદોલનો માનવજાત માટે અત્યંત કરુણ નીવડે છે. તમે એ જાણો છો કે સવિશેષ કરુણ ગાન સવિશેષ મધુરની મર્યાદા એકબીજામાં વિલીન થઈ જાય છે માનવો માટે આ અશ્રુત કરુણ ગાન ભયંકર અસરઉપજાવે છે સાપેક્ષરીતે દરેક જણું પોતપોતાની વિકાસમર્યાદામાં હોતાં લાગણીવશ તો હોય જ જ. આવા માણસોના મન પર આ અશ્રુત-ગાન—આંદોલનો મધુર-કરુણ-જડચતા ઉપજાવે છે. આ અસરથી જડચતા પામતા માણસ અમુક સમય બાદ મરણ પામે છે.

'ઉપરની બાબત હું સહરાના લેવાએલા ફોટોગ્રાફ ફોટા અને મારા રેડિયોમાં ઝીલાએલા આંદોલનોની મદદથી જાણી શક્યો છું. આ થયું રોગનું નિદાન. હવે હું તમને રોગનો વિનાશ કરવાની રીત જણાવું.

કુમાર ચન્દ્રક

૧૯૪૫

૧૯૪૫નાવર્ષમાં 'કુમાર'માં આવેલાં મૌલિક સાહિત્યસર્જનોમાં

શ્રી પુષ્કર ચંદરવાકરના

'વિયરના પડોશી' નામની નાટિકાને

શ્રી બલવંતરાય ઠાકોર, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તથા શ્રી અનંતરાય રાવળના નિર્ણાયક મંડળે ચન્દ્રકને પાત્ર ગણી છે એ સમાચાર પ્રકટ કરતાં અમને હર્ષ થાય છે

'રોગનો નાશ કરવા આપણી પાસે બે ઉપાય છે. એક તો એ કે પ્રત્યેક માનવો લાગણીવિહીન બનવું. આમ કરવા જતાં આપણે માનવો મટી જઇએ છીએ. એટલું જ નહિ પણ આપણે લાગણીવિહીન બનવાની કોઈક વૈજ્ઞાનિક તરકીબ શોધી શકાએ ત્યાં સુધી તો આખી ધરિત્રી માનવવિહીન બની જશે.

'બીજો ઉપાય તે આ પુષ્પોનો વિનાશ. આ પુષ્પો બુદ્ધિમાન હોતાં આપણને અમના પ્રત્યે માનવો જેટલું જ માન થાય. તદુપરાંત એ આપણાં ગહેમાનો છે આપણે કાં તો ગહેમાનોનું સ્વાગત કરતા વિનાશને વરીએ, અગર તો મહેમાનોનો વિનાશ કરી પ્રભુ રોગોથી બચીએ.

'આ પુષ્પો કોઇ એવા વિશ્વલાગગાથી આવે છે કે જ્યાં જળનું અસ્તિત્વ નથી. આ આખી પુષ્પજાત વિદ્યુતની જ બનેલી છે. જો એ ન હોય તો પોતાનાં નાનાં આંદોલનોથી રેડિયો-ક્ષોભ કલ્પવા ન કરી શકે. આગ હોતાં અમના નાશ માટે પાણીનો ઉપયોગ થતો જોઇએ. સહરાના આખા પ્રદેશ પર પાણી રેલાવી દેવું જોઇએ, જેથી પાણી અને વીજળીનો સંસર્ગ થતાં પુષ્પો પ્રાણહારા પામે.

'બંધુઓ! મેં મારી ફરજ આજ કરી. મેં જે કહ્યું છે એના પર વિચાર કરી આપનારા અગર પુષ્પનારા પસંદ કરી લો.'

બીજે જ દિવસે સહરાના હજારો વિમાનોમાંથી બારૂતના જોખમનો વરસાદ થયો.

કાલિદાસ જાદવ

નદી વરેણ્યા નર્મદા

અને એનો પ્રદેશ

પ્રાચીનતામાં ગંગા કરતાં યે સમગ્રતયા પાવનકારી એવી પ્રાકૃતિકરીતે, ધાર્મિકદૃષ્ટિએ

લેખક : અમૃતલાલ વ. પંડ્યા

પ્રાકૃતિક, ધાર્મિક, ઐતિહાસિક, ભૌગોલિક ને આર્થિક ગહનતાની દૃષ્ટિએ—કોઈ પણ નજરે જુઓ, નર્મદાની તોલે હિંદની બીજી કોઈ નદી ઊભી રહી શકે તેમ નથી. નર્મદાની વ્યુત્પત્તિ થાય છે 'નર્મ+દા' એટલે આનંદદાયિની. નિસર્ગશોભા અને ફળદ્રુપતાની દૃષ્ટિએ તે માનવજીવન માટે ખૂબ જ આનંદદાયિની હોવાથી આર્યભૂમિ પૂર્વજોએ તેને આ નામ આપ્યું છે તે યોગ્ય જ છે. વળી તેનું બીજું એક નામ 'રેવા' પણ છે. શ્રી કનૈયાલાલ મુનશીના મતાનુસાર આનર્તપ્રદેશના એક પૌરાણિક રાજા રેવતના નામ પરથી આનું નામ પડ્યું હશે (Early Aryans in Gujarat,) કારણ તેના પુત્ર રેવતના નામ પરથી જૂનાગઢના ગિરનાર પર્વતનું નામ 'રૈવતક' પડેલું હોવાનું મનાય છે. નર્મદાના આખા પ્રવાહ પર એટલા બધા ધોધો આવેલા છે કે સાગર તરફ તેને લઈ જતા ભૂપૃષ્ઠ પર આ ધોધો દ્વારા જાણે કે તે કૂદકા ને ફાળકાની આગળ ચાલે છે. સંસ્કૃતમાં રેવ ક્રિયાપદનો એક અર્થ 'કૂદકા મારીને ચાલવું' થાય છે. નર્મદા આ રીતે ચાલતી હોવાથી તે 'રેવા' કહેવાઈ હોય એમ લાગે છે નાંદિપુર (નાંદોદ-આધુનિક રાજપીપળા)ના ગુર્જર વંશ (ઈ. પહેલા-૭૩૫ લગભગ)ના તામ્રપત્રોમાં 'રેવા નદીના ધોધોમાંથી પડતાં પાણી'નો અનેક વાર ઉલ્લેખ આવે છે. નર્મદાના આ રેવા નામ પરથી ભવ્ય હિંદ એજન્સીના બારેજડાનો એક આખો પ્રદેશ 'રેવા' કહેવાય છે, કારણ નર્મદા તેમાં થઈ પસાર થાય છે. વળી આપણે ત્યાં પણ એનો તટવર્તી પ્રદેશ 'રેવાકાંઠો' કહેવાય છે. ગુજરાતમાં આ નદી સામાન્ય રીતે 'નર્મદા' કહેવાય છે, પણ ઉત્તર હિંદવાસીઓ તેને 'નરબદા' કહે છે. દક્ષિણ ગુજરાતમાં તેને 'નરબ્દા' અને મરાઠા તથા મધ્ય પ્રદેશવાસીઓ 'નર્બદા' કહે છે.

નર્મદા અને ગંગા

ભારતભૂમિની સપ્તપુનિત સરિતાઓમાં પાવનતાની દૃષ્ટિએ નર્મદા, ગંગા પછી બીજી ગણાઈ છે. પણ પુરાણોના કથાનાનુસાર હાલની સોકગ્રાહ્યતા એવી છે કે આ કલિકાલમાં ગંગાની પાવનતા લોપ પામી તે હવે હિમાલયથી હરદ્વાર સુધી મર્યાદિત બની છે,

અમરકંટકતીર્થ : નર્મદાના ઉદ્ગમસ્થાન આગળનું મંદિર અને કુંડ

ત્યારે નર્મદાનો મહિમા ઉલટો વધ્યો છે. રેવાખંડપુરાણ (રેવાખંડ, અધ્યાય ૧૩૦ માં જણાવ્યું છે :

ગંગા કનખલે પુણ્યા, કુરુક્ષેત્રે સરસ્વતી।
ગ્રામે વા યદિ વારણ્યે, પુણ્યા સર્વત્ર નર્મદા ॥૧૭॥

[કનખલ (હરદ્વાર આગળ)માં ગંગા પવિત્ર છે, સરસ્વતી કુરુક્ષેત્રમાં, પણ નર્મદા તો ગામો અને વનોમાં ગમે તે સ્થળે સર્વત્ર પાવન છે]

અને આ જ કારણે નર્મદાના તટે જેટલાં તીર્થસ્થાનો હાલ છે, તેટલાં ગંગા કે હિંદની બીજી કોઈ નદીના કાંઠે આવેલાં નથી. એકમાત્ર ગુજરાતની સીમામાં નર્મદા તટે ૧૩૦ તીર્થસ્થાનો આવેલાં છે અને તેમાં હાટકેશ્વર, ભૃગુપાણિ, ચાણોદ-કરનાળી, શુકદેવ-વ્યાસ, શુક્લતીર્થ અને બાવન (દશાશ્વમેધતીર્થ-ભૃગુતીર્થ) પ્રમુખ છે. આગળ જતાં એ જ પુરાણમાં ગંગા કરતાં નર્મદાની શ્રેષ્ઠતા દાખવતાં કહ્યું છે:

ગંગાદ્યાસ્સરિતસ્સર્વાસ્સમુદ્રાદ્યાસ્સરાંસિ ચ।
કલ્પાન્તેપક્ષયં યાન્તિ ન મૃતૈકાચ નર્મદા ॥૧૮॥

[ગંગા ઈત્યાદિ સઘળી નદીઓ, સમુદ્રો ને સરોવરો વગેરે તો કલ્પનો અંત આવતાં નાશ પામશે, પરંતુ નર્મદા કદાપિ નાશવાન નથી.]

નર્મદાની પરિક્રમા

નર્મદા શિવનો અંશ ગણાય છે, એટલે જ તેનાં તટવર્તી તીર્થો લગભગ સઘળાં જ શૈવ છે; એટલે સુધી કે 'નર્મદાનો કંકર, સબ શિવ શંકર', 'નર્મદાના કંકર એટલા શંકર,' એવી કહેવતો તેના ઉપાસકોને મોઢાળુઓમાં પ્રચલિત છે. નર્મદાના માહાત્મ્યમાંથી ગળી આવતા ગોળ પથરા (Pebbles) સર્વત્ર શિવલિંગ તરીકે પૂજાય છે.

નર્મદાની એક ધાર્મિક વિશેષતા છે તેની પ્રદક્ષિણા. સંખ્યાબંધ ભક્તજનો સતત એની પ્રદક્ષિણા કર્યા કરે છે. એના તટવર્તી કોઈ પણ તીર્થથી એ યાત્રા શરૂ કરી શકાય છે. ઉત્તર તટના તીર્થથી શરૂ કરી હોય તો પહેલાં તેના ઉદ્ગમસ્થાન અમરકંટક તરફ જવાનું હોય છે અને અમરકંટકથી દક્ષિણ તટે ઓંકારી પછી રેવા-સમુદ્રસંગમ જઈ આવી ત્યાંથી ઉત્તર તટે જ્યાંથી પ્રદક્ષિણા શરૂ કરેલી હોય ત્યાં સુધામ થાય છે. આખી પ્રદક્ષિણા પગપાળા કરવાનો નિયમ છે ને એ રીતે ચાલતા માર્ગમાં નર્મદા દૃષ્ટિ સામેથી લોપ નહિ થવી જોઈએ. પ્રદક્ષિણા ઓછામાં ઓછાં બે વર્ષ લે છે એના માટેનો તો એક બાધપાત્ર નિયમ એ છે કે પ્રદક્ષિણા કરનાર માણસ ગમે તેવો શ્રીમંત હોય, પણ પ્રદક્ષિણા સમયે તેનાથી એક પાઈ પણ જોડે રાખી શકાય નહિ. અનાવશ્યક કે વધારાનાં વસ્ત્રો કે પગારી યા જોડે સીધું કે બીજી ખાદ્યસામગ્રી જરા યે રાખી શકાય નહિ. તેમ કરવાથી પરિક્રમાનું ફળ મળે નહિ. નર્મદાના બંને કાંઠે, ચારચાર પાંચપાંચ માઈલના અંતરે સદાવ્રતનાં મથકો આવેલાં છે, ત્યાંથી સદાવ્રત લઈ હોય રસોઈ કરી કરે જમવાનો નિયમ છે આ સદાવ્રતો જે જે રાજ્યોમાંથી નર્મદા વહે છે તે તે રાજ્યો તરફથી અપાયેલાં છે, અને તેના માટે લાગતાંવળગતાં રાજ્યો તરફથી સદાવ્રત-મથકોને જમીનો ને વર્ષાસનો આપેલાં છે. અનાજની આવી ઠારમી અછતના જમાનામાં પણ નર્મદાની પ્રદક્ષિણા કરનારા કેટલા પરિ-

પુરાતન, અને પુનિતતામાં મૂળથી માંડીને મુખ સુધી આ નદી ભારતવર્ષની સર્વ નદીઓમાં શ્રેષ્ઠ ગણાય છે,— ઐતિહાસિક નજરે તેમજ આર્થિક મહત્ત્વની ગણત્રીએ.



નર્મદાની 'પનઘ' (હોડી): એ ગુજરી ગંગાનું એક લાક્ષણિક દૃશ્ય (ફોટો ભક્તવત્સલ ભટ્ટ)

કેળવાયેલી કહેવાય છે તે, ગમે તેટલી સંખ્યામાં હોય, પણ કયાંયે સદાનલની તેમને તકલિફ પડી હોય એવું મારી જાણમાં નથી. આવા કડક નિયમો તળે પણ ગી અનેક શ્રીમંત નર્મદાભક્તોને યે નર્મદાની પ્રદક્ષિણા યાત્રા કરતા જોયા છે. હિંદુ-ધર્મનાં યાત્રાધામોમાં જેમ જગન્નાથપુરીનાં આંગણે જાતનાતનો ભેદ નથી અને 'જગન્નાથ કા ભાત, જગતપસારે જાત' એ કહેની પ્રમાણે એકમેકની એંઠી પ્રસાદી ત્યાં આરોગવાનો ધાર્મિક નિયમ છે, અને જે તેને ન પાળે તેને કંઠ નીકળે એવી માન્યતા છે, તેવી જ રીતે નર્મદાના તટે હિંદુ ધર્મના સામ્યવાદના દર્શન થાય છે. નર્મદાનાં પુનિત તટપ્રદેશે શ્રીમંત અને ગરીબ એવા સામાજિક અને આર્થિક ભેદો અસ્તિત્વ ધરાવતા નથી એ વસ્તુસ્થિતિ નોંધપાત્ર છે, ને તેથી કરી—

સ્મરણાજ્જન્મજં પાપં દર્શનેન ત્રિજન્મજમ્ ।
સ્નાનાજ્જન્મ સહસ્રાર્જ્યં હરતિ રેવા કલૌયુગે ॥

[કલિકાળમાં નર્મદાના સ્મરણમાત્રથી આ ભવનાં, દર્શન કરવાથી ત્રણ ભવનાં, ને સ્નાન કરવાથી હજારો જન્મનાં પાપ નાશ પામે છે]

અને આ માન્યતા વિકાસ પામે તેમાં નવાઈ નથી નર્મદાનાં તટવર્તી તીર્થસ્થળો કે બીજાંમાં કયાંયે આડંબર જોવા નહિ મળે ભગવાન શંકર કે તેમના પરિવાર દેવોની સાદી પાષાણપ્રતિમાઓ ને તેમનો પૂજાપાઠ કરતા થોડાક સાધુઓ. તમે દર્શન કર્યાં કે તમારી સમક્ષ સદાવ્રત અગર તો પ્રસાદી આવી જ છે! નર્મદા તટે ભગવાન જોવા નથી પણ આપે છે. નર્મદાના તટે તીર્થોમાં જે પવિત્ર વાતાવરણ અને તેને લઇ જે આત્મસ્પર્શી શાંતિનો અનુભવ થાય છે તેવો કોઈ બીજાં તીર્થક્ષેત્રોમાં થતો નથી.

નર્મદા—આર્થિક દૃષ્ટિએ

આવી મહત્તા ધરાવતી નર્મદામૈયા આપણી ગુજરાત ભૂમિની પરિક્રમીને પાવન કરે છે તે આપણાં સદ્‌ભાગ્ય જ લેખાય. આર્થિક દૃષ્ટિએ જોતાં પણ નર્મદાના જેવી મહત્ત્વશાળી નદી હિંદમાં બીજી ભાગ્યે જ હશે. નર્મદાના જલથી સંચિત થતા બીજા પ્રદેશોની વાત જવા દઈ ગુજરાતનો જ દાખલો લઇએ. હિંદમાં કપાસનો કપાસ સૌથી ઊંચો લેખાય છે અને તે નર્મદાની ખીણમાં જ નીપજે છે બીજા કોઇ નદીના કાંઠામાં આવો કપાસ થઇ શકતો નથી આ કપાસ ગુજરાતની સમૃદ્ધિ વધારવામાં મોટો ભાગ ભજવતો આવ્યો છે, એ જણાવવાની ભાગ્યે જ જરૂર હશે. ઉનાળામાં ગુજરાતની બધી નદીઓ લગભગ સુકાઇ જાય છે, એક માત્ર નર્મદા જ તેમાં અપવાદ રૂપે છે. શિયાળામાં જુઓ કે ઉનાળામાં જુઓ, નર્મદાનાં નીર જેટલાં ને તેટલાં જ નજરે પડવાનાં. નર્મદાપ્રદેશવાસીઓને આવજા કે લાવ લઇજા માટે વ્યવહારનાં બીજાં સાધનો પર આધાર રાખવો પડતો નથી. બારે માસ નર્મદામાં મોટીમોટી હોડીઓ (પનઈઓ) ચાલ્યા કરે છે, જે ઉતારુઓ અને માલને રેલવે કરતાં ઘણા જ ઓછા ભાડે પહોંચાડે છે. યુદ્ધકાળમાં હિંદના બીજા પ્રદેશોનો કપાસ કે બીજો માલ રેલવેમાં બુકિંગના પ્રતિબંધને લઈ મુંબઇ કે બીજે ગયકોઓ વખતસર પહોંચી નહિ શકવાથી સોદો ઉચિત ભાવોનો લાભ લઇ શકતા ન હતા; પણ રેલવે બુકિંગની આ મુશ્કેલી નર્મદાપ્રદેશવાસીઓને નડી નથી. તેમનો કપાસ કે અન્ય જણસો, ગણ્યાગાંઠ્યા ચાલની પનઈઓમાં નર્મદાના ઓશ્રયે આવેલા ગુજરાતના પ્રત્યેક વિભાગમાંથી જોઈએ જોઈએને કાગડાપીઠ (રાજપીપળા સ્ટેટ) અગર ભરૂચ જઇ પહોંચતી અને ત્યાંથી વહાણો દ્વારા મુંબઈ વગેરે બારે

પહોંચી જવાથી આ પ્રદેશના લોકો યુદ્ધકાળ દરમ્યાન બન્દરભાવોનો સારામાં સારો લાભ લઈ શક્યા છે વળી વિદ્યુત્‌બળના વિકાસના આ જમાનામાં ગુજરાતને સમૃદ્ધ બનાવવામાં નર્મદા બીજી બધી નદીઓ કરતાં વધુ મહત્ત્વ અને મોખરાનો ભાગ ભજવશે. વિદ્યુત્‌બળ મેળવવા માટે એકમાત્ર નર્મદા જ ગુજરાતમાં આદર્શ સ્થળો ધરાવે છે. રાજપીપળા રાજ્યમાં સાતપાણિ (સુરપાણ) નજીક એવું આદર્શ સ્થળ મળી આવેલું છે કે જ્યાં નર્મદાને બાંધવામાં આવશે તો વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા અને અમદાવાદના ઔદ્યોગિક યંત્રો માટે કોલસાની જરૂર રહેશે નહિ. કપરાંત બી. બી સી. આઇ. ની ટ્રેનો મુંબાઇથી છેક અમદાવાદ કે સુરતી બીજાપાટી ચાલી શકશે ગુજરાતનો નર્મદાપ્રદેશ જંગલની પેદાશ અને ખનિજ દ્રવ્યોથી ભરપૂર છે. સીમેન્ટ, કાગળ, કાચો, ટીનાઇ ગોટી ઇત્યાદિનાં અનેક કારખાનાંઓ આ પ્રદેશમાં ઊભાં થઇ શકે તેમ છે અને પેટ્રોલિયમ નીકળવાની પણ અહીં શક્યતાઓ છે. લોખંડ માટે આ પ્રદેશ સમૃદ્ધ છે જ. લોખંડની પ્રાચીન ખાણો અને તેને ગાળવાની ભઠ્ઠીઓના અવશેષો કેટકેટલાયે ગુજરાતમાં નર્મદા કાંઠે મળી આવે છે. આમ, આર્થિક દૃષ્ટિએ નર્મદાના જેવો સમૃદ્ધ

પ્રદેશ ગુજરાતમાં એક પણ મેં જોયો નથી. દુષ્કાળ એટલે શું તે તો લોકો અહીં જાણતા નથી. આ પ્રદેશના બીજો પણ એટલા સમૃદ્ધ છે કે તેઓ નોકરી કરવામાં નાનમ અનુભવે છે. સદ્‌ભાગ્યે એ તરફનાં રાજ્યોમાં કરવેરાના અભાવે પણ ગુજરાતના નર્મદાપ્રદેશવાસીઓની સમૃદ્ધિ વિશેષ વધી છે. આ પ્રદેશના નિવાસીઓમાં કહેવત છે કે 'ડુંગર દેવ છે અને નર્મદા માતા છે' (આ ડુંગર એટલે રાજપીપળાનો ડુંગર) એનો અર્થ એ કે બંનેના આશ્રયે રહેનાર પ્રજા કદી દુઃખી થતી નથી.

નર્મદાનું ભૌગોલિક મહત્ત્વ

હિંદમાં નર્મદાનું ભૌગોલિક માહાત્મ્ય પણ અનેરું છે. આખા ભરતખંડને નર્મદા જ બે વિભાગોમાં વહેંચતી આવી છે: ઉત્તરાપથ અને દક્ષિણાપથ. નર્મદાની ઉત્તરે ઉત્તરાપથની સંસ્કૃતિ, કળા, વેશભૂષા, ભાષા, રીતરિવાજો કંઈક જુદા અને તેની દક્ષિણે કંઈક જુદા. એ જે પણ આ બેદ જોગ તે તેમ નર્મદાકાંઠે વરતાય છે. વળી ઉત્તર ભાગ આખા હિંદ પર છવાઈ રહ્યો, ને તેમ થતાં નર્મદાની ઉપત્યકા (ખીણપ્રદેશ) પણ એના ગર્ભમાં સમાઈ ગઈ. આ લાવા-પ્રસરણકાળના અંત પછી જ્યાં અત્યારે નર્મદાની ખીણ ઠની ત્યાં ભૂગર્ભમાં દબાણ થતાં ખડકમાં તૂટ ઉત્પન્ન થઈ ને તેના પરિણામે ફરી નર્મદાનો પ્રવાહ વહેતો થવા લાગ્યો. ત્યારથી માંડી આજ લગી નર્મદા અખંડિત વહે જાય છે. આ રીતે લાવાપ્રસરણકાળ પૂર્વની હિંદની બધી નદીઓ નાશ પામી, પણ નર્મદા તો ફરી વહેવા લાગી. આમ નર્મદા હિંદમાં જૂનામાં જૂની નદી લેખાય છે.

સામાન્યતઃ નદીઓ ત્રણ વિભાગોમાં વહેંચાયેલી હોય છે: (૧) ઉપલો પ્રવાહ—જેમાં નદી પૌર્વત્ય પ્રદેશને કાપી તેના કઠણ ખડકોમાંથી નીચે ઊતરે છે; (૨) વચલો પ્રવાહ—જેમાં નદી, તેણે અત્યાર સુધીમાં કાંપપ્રદેશને કાપી કઠણ ખડકોમાં વહે છે; અને (૩) નીચલો પ્રવાહ—જેમાં નદી પોતે આણેલા કાદવને ઠાલવે છે. આ ત્રીજા પ્રદેશ Delta 'ડેલ્ટા'ના નામથી ઓળખાય છે આ બાબતમાં નર્મદાને



દક્ષિણ હિંદનાં પ્રાચીન સામ્રાજ્યોની સરહદ અનેક વાર બની બનતી રહી છે તે વિષેની જોધો પ્રાચીન ઇતિહાસ લેખોમાં જાણી આવે છે. હિમાલયની દક્ષિણે તો આખા ભરતખંડમાં એક માત્ર નર્મદાના આંગણે જ નિસર્ગદેવી રોળેરોળ રાજમાર્ગમાં વિચરતી નજરે પડે છે. પણ કવિઓ અને કલાકારોની દૃષ્ટિ હજી એ તરફ ગઈ નથી. ગુજરાતની કાવ્યધારાએ આ ધરાઆંગણાની ગંગા સામું હજુ બરોબર જાણીને જોયું નથી. બહુ થોડા કવિઓ અને લેખકોએ નર્મદ ને સંભારી છે.

પ્રાકૃતિક ભૂગોળ અને ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ પણ નર્મદા અદ્વિતીય માહાત્મ્ય ધરાવે છે. લાખો વર્ષ પૂર્વે રાજપુતાનાની દક્ષિણે આવેલું હિંદ જ્યારે ઑડવાના લૅન્ડ નામના ભૂખંડનો એક ભાગ હતો અને તેની ઉત્તરે ટેથીસ ગહ્વરસાગર ઘૂઘવતો હતો તે વખતે નર્મદા નદી અસ્તિત્વ ધરાવતી હતી એમ તેની ખીણમાં મળી આવતા ખડકો અને ફૉસિલો પરથી સિદ્ધ થયું છે. ગૉંડવાના લૅન્ડના યુગનો અંતે ભૂપૃષ્ઠમાં ફાટો પડી જતાં ભૂગર્ભનો લાવા રસ બહાર નીકળી લગભગ આખા હિંદ પર છવાઈ રહ્યો, ને તેમ થતાં નર્મદાની ઉપત્યકા (ખીણપ્રદેશ) પણ એના ગર્ભમાં સમાઈ ગઈ. આ લાવા-પ્રસરણકાળના અંત પછી જ્યાં અત્યારે નર્મદાની ખીણ ઠની ત્યાં ભૂગર્ભમાં દબાણ થતાં ખડકમાં તૂટ ઉત્પન્ન થઈ ને તેના પરિણામે ફરી નર્મદાનો પ્રવાહ વહેતો થવા લાગ્યો. ત્યારથી માંડી આજ લગી નર્મદા અખંડિત વહે જાય છે. આ રીતે લાવાપ્રસરણકાળ પૂર્વની હિંદની બધી નદીઓ નાશ પામી, પણ નર્મદા તો ફરી વહેવા લાગી. આમ નર્મદા હિંદમાં જૂનામાં જૂની નદી લેખાય છે.

સામાન્યતઃ નદીઓ ત્રણ વિભાગોમાં વહેંચાયેલી હોય છે: (૧) ઉપલો પ્રવાહ—જેમાં નદી પૌર્વત્ય પ્રદેશને કાપી તેના કઠણ ખડકોમાંથી નીચે ઊતરે છે; (૨) વચલો પ્રવાહ—જેમાં નદી, તેણે અત્યાર સુધીમાં કાંપપ્રદેશને કાપી કઠણ ખડકોમાં વહે છે; અને (૩) નીચલો પ્રવાહ—જેમાં નદી પોતે આણેલા કાદવને ઠાલવે છે. આ ત્રીજા પ્રદેશ Delta 'ડેલ્ટા'ના નામથી ઓળખાય છે આ બાબતમાં નર્મદાને લગતી નવાઈ જોવાપાત્ર છે. નર્મદાને નીચલો પ્રવાહ—'ડેલ્ટા' છે જ નહિ અને વચલા પ્રવાહમાંથી તે બીજી નદીઓની જેમ એકના બદલે ત્રણ વાર પસાર થાય છે તેમ થતાં બીજી નદીઓને જ્યાં એકેએક જ કાંપપ્રદેશ હોય છે ત્યાં નર્મદા ત્રણત્રણ કાંપપ્રદેશો ધરાવે છે. એ બધા વિંધ્ય અને સાતપુડા એ બે પર્વતોની વચ્ચે આવેલા છે.

પહેલો તે મધ્યપ્રાંતનો ઉત્તરભાગ.અમરકંટકના માલ(Plateau)થી નીચે ઊતરતાં જ આ કાંપપ્રદેશ આવે છે. જબલપુરથી હંડિયા (હરદા નજીક) સુધી તે પ્રસરેલો હોઈ તેની લંબાઈ ૨૦૦ માઇલ છે. પ્રાચીન કાળમાં આ ફલદ્રુપ પ્રદેશ 'ચેદિદેશ' અને મધ્યકાળમાં 'ડાહલ' કહેવાતો. ત્રિપુરી એનું પાટનગર હતું (એના પરિચય માટે જુઓ ડૉ. હરિપ્રસાદ મજરાય દેસાઈનો ૧૮૪૭ના અંકમાંનો લેખ), હાલ જબલપુર છે. મધ્યપ્રાંતના જબલપુર, નરસિંહપુર અને હોશંગાબાદ જિલ્લાઓમાં તે વહેંચાયેલો છે આ પ્રદેશની માટી હલકી લાલ હોઈ તેના પર કાળી માટીનું પાતળું પડ પથરાયેલું છે. હંડિયાથી ઓમકારેશ્વર સુધી નર્મદા ફરી પર્વતોમાં થઈ

મુખ્યત્વે ઢોદર અને ધાર રાજ્યોમાં માર્ગ કાપે છે અને આ પછી તેણે રચેલો બીજો કાંપપ્રદેશ 'નીમાડ' આવે છે. નીમાડમાં વિન્ધ્ય અને સાતપુડાની હારમાળાઓ ખૂબ નજીક નજીક હોવાથી તે સાંકડી પટી રૂપે નર્મદાની આસપાસ આવેલો છે. નીમાડની ઉત્તરે વિન્ધ્યાચલની પેલી મેરનો ઉચ્ચ પ્રદેશ માળવા કહેવાય છે. નીમાડની લંબાઈ ૧૦૦ માઇલ જેટલી છે. ઓમકાર-માંધાતાથી હિરનફાલ-હરણફાળ (ચૂલપાણ)ના ઘોધ સુધી તે લંબાયેલો છે. હાલ તે મધ્યપ્રાંતના નીમાડ જિલ્લા અને મધ્યહિંદનાં રાજ્યો ઇદોર, ધાર, બડવાની અને ગ્વાલીઅર વચ્ચે વહેંચાયેલું છે. પ્રાચીનકાળમાં નીમાડ 'અનૂપ દેશ' કહેવાતો અને તેની રાજધાની માહિષ્મતી નગરી હતી હાલ માહિષ્મતીના સ્થળે મહેશ્વર આવેલું છે, જે અદ્યાપિ આ પ્રદેશના કેંદ્ર સમું લેખાય છે.

હરણફાલના ઘોધ પછી વિન્ધ્ય પર્વત નર્મદાખીણનો સંગાથ મૂકી ઉત્તર-પશ્ચિમે પંચમહાલજિલ્લા તરફ વળી જાય છે ને નર્મદા



ખાડાર બન્યા છે. નર્મદાનો આ ત્રીજો કાંપ-પ્રદેશ હાપેશ્વરથી ગાંડી ખંભાતના અખાતમાં તેના મુખ સુધી અત્યંત સાંકડા વિસ્તાર પર વહે છે. ગુજરાતના આ કાંપ પ્રદેશમાં નર્મદાની ઉત્તરે એકે પર્વતમાળા નથી, પણ દક્ષિણે સાતપુડાની પર્વતમાળા તેની બેડાબેડ ચાલી ગઈ છે. આ પર્વતમાળા ખાનદેશના અકરાણી નાગના ગેટા મહાલમાં આવેલા સાતપુડાના સૌથી ઊંચા શિખર (૪૦૦૦ ફુટ) તોરણમાલથી બે શાખાઓમાં ફંટાય છે. એક શાખા ઉત્તરમાં અને બીજી દક્ષિણમાં આવેલી છે. ઉત્તરી શાખા રાજપીપળાનો અને દક્ષિણી શાખા સાગબારાનો ડુંગર કહેવાય છે. સાગબારા એ તાપી ખીણમાં રાજપીપળા રાજ્યના તાબે હાપેકની ઉપજવાળું મોટું ભીલ રાજ્ય છે. આ બે નામો આધુનિક ભૂગોળ અને ભૂસ્તરવિદોએ પાડેલાં છે. લોકમાન્યતા પ્રમાણે ઉત્તર શાખા તે વિન્ધ્યાચલ અને દક્ષિણ શાખા સાતપુડા કહેવાય છે. સ્થાનિક ભીલ લોકો કે જેઓ આ પર્વતો પર વસે છે તેઓ ઉત્તર શાખાને બાંઝીઓ (વિન્ધ્યો) અને દક્ષિણને સાતપુડીઓ કહે છે. પ્રાચીન ઇતીહાસ લેખોમાં પણ રાજપીપળાના ડુંગરનું નામ વિન્ધ્યાચલ તરીકે મળી આવે છે. રાજપીપળાનો ડુંગર (સાતપુડા પર્વતમાળાનો પશ્ચિમ ભાગ) ભરૂચની પૂર્વે ૧૫ માઈલ દૂર નર્મદા અને કીમ નદીઓ વચ્ચેના પ્રદેશમાં વિરામ પામે છે. પણ આ વિરામ કેવો? ઓછી ઊંચી પર્વતનો છેડો આવી જતો નથી; પણ પાછલા ભૂસ્તરીય યુગમાં થયેલાં ભૂગર્ભના ઉત્પાતોને લઈ આ આખી પર્વતમાળા નીચી નમી ગએલી જેને પરિણામે ભરૂચની પશ્ચિમે ત્યાંથી લગી સમુદ્ર આવી જતાં તેના તળીએ રચાએલાં ગરેડા દ્વારા આ પ્રદેશ ઢંકાઈ ગએલો. આ પ્રદેશની માટી અને પત્થરો દરિયાઈ પ્રાણીઓના અવશેષોથી ભરચક છે. અને સાતપુડા પર્વતમાળા ભૂમિના ગર્ભમાં દબાઈને અરબી સમુદ્રના તળિયાની સપાટી પર ઊભેલી છેક આફ્રિકા નજીક ચાલી ગએલા ડોંગરાંનું લબુંબામાં આવ્યું છે.

નર્મદાનાં મુખ આગળનો પ્રદેશ પ્રાગૈતિહાસિક કાળમાં ખંભાતના અખાતમાં છેક દૂર સુધી લંબાએલો હતો અને નર્મદા હાલ સાગર-

સાતપુડાની તળેટીએ તળેટીએ વહેવાને બદલે તેના ઢાળને ચીરીને પોતા માટે માર્ગ કરતી આગળ વહે છે. પ્રાકૃતિક ભૂગોળમાં આ બાબત પણ અસાધારણ છે. જો નર્મદા તેમ ન કરતાં સાતપુડાની તળેટીએ તળેટીએ ચાલી હોત તો આજે તેનું સ્થાન ઓરસંગ નદીના ઢોકાણે હોત. નર્મદાની આ અસાધારણતા શાને આભારી છે તેની વિગત અહીં રજૂ કરવાને લક્ષ આપી શકાય તેમ નથી. આ પાર્વત્ય પ્રદેશમાં નર્મદાની ઉત્તરે મહવાડ, છોટાઉદેપુર અને રાજપીપળાનાં રાજ્યો આવેલાં છે અને દક્ષિણે ખાનદેશનો અકરાણી પેટા-મહાલ, કાઠી નામનું મોટું ભીલ રાજ્ય અને રાજપીપળાનું રાજ્ય આવેલું છે. આ પ્રદેશમાં મહવાટ અને છોટાઉદેપુર રાજ્યોની સરહદ પર નર્મદા તટે આવેલાં હાપેશ્વરતીર્થથી નર્મદા ગુજરાતની રાજકીય સીમામાં પ્રવેશ કરે છે. આ પછી ગોરા-ગડેશ્વર આગળ નર્મદા પોતે રચેલા તેના ત્રીજા કાંપના પ્રદેશમાં ઊતરી પડે છે. આ સપાટ પ્રદેશમાં નર્મદા ઘણી જ વાંકીચૂંકી વહે છે અને કયાંકકયાંક તો આ વળાંક અર્ધગોળાકૃતિ કરતાં પણ વધુ ગોળાકાર ? લંબગોળ

મધ્યપ્રાંતોમાં જબલપુર આગળ ધૂંવાધારનો ધોધ બતાવીને આગળ જતાં ભેડાઘાટના ઊંચા આરસના ખડકો વચ્ચે પ્રસરી ગયેલી નર્મદાનાં સો સો ફૂટ ઊંડાં પાણી.

સામેના પૃષ્ઠ પર : ગુજરાતમાં સીનોર આગળ નર્મદાનો ઓવારો
(ફોટો : બલવન્ત જટ)

ને મળે છે તેનાથી સો સવાસો માઈલ પશ્ચિમે તેને મળતી હતી. આ બધો ભાગ તે નર્મદાનો ઉલ્કા પ્રદેશ હતો. પણ તે માનવવસ્તીની હયાતીમાંજ સાગરગા ડૂબી ગયો છે. આ પ્રમાણે નર્મદાને ઉલ્કા નથી. આ પ્રદેશ ડૂબવાની પ્રાકૃતિક ક્રિયા છેક પુરાણકાળ લગી ચાલ્યા કરી છે.

નર્મદાની પ્રાચીન ભૂગોળને લગતી એક બોધપાત્ર વસ્તુ એ પણ છે કે આજ નર્મદા જે એક નદીના રૂપે અસ્તિત્વ ધરાવે છે તેમ દૂરના ભૂતકાળમાં હતું નહિ. ભૂસ્તરવિદોનું માનવું છે કે હિમયુગમાં મધ્ય પ્રાંતની નર્મદા એક સ્વતંત્ર નદી હતી અને ગુજરાતની નર્મદા વળી બીજી હતી. મધ્ય પ્રાંત વાળી નર્મદા હોશંગાબાદથી ૪૦ માઈલ પશ્ચિમ સુધી તેના હાલના માર્ગ પર વહેતી હોઈ હન્ડીઆ-નેમાવર નજીકથી હરદા અને મલ્હારગઢના માર્ગે દક્ષિણ-પશ્ચિમમાં વળી જઈ બુરહાનપુરથી થોડેક પૂર્વમાંતાપીને જઈ મળતી હતી. આ વેળા નર્મદા-તટપ્રદેશો પુરાપાષાણકાલીન (Palaeolithic age) સંસ્કૃતિવંતો માનવસમાજ વસતો હતો. ગુજરાતની હાલની નર્મદા

પર્વતોમાં ઉદ્ગમ ધરાવતી હોઈ સ્વતંત્રપણે સાગરને મળતી. કાળાંતરે ભૂગર્ભનાકેટલાક ઉત્પાતોને લઈ હરદાની દક્ષિણ-પશ્ચિમ તરફનો નર્મદા-પ્રદેશ ડાંગો ઉપસી જતા એ નદીનો પ્રવાહ પશ્ચિમ તરફ વહેતો થઈ ગુજરાતની નર્મદા સાથે ભળી ગયો. આ ઉત્પાતને લઈને નર્મદાના માર્ગની સપાટી ઊંચાનીચી થતાં ઠેકઠેકાણે ધોધ અસ્તિત્વમાં આવ્યા. આ બધી બીના નર્મદાપ્રદેશના આસપાસના પુરાવાના પ્રકાશમાં મૂલવવામાં આવી છે. નર્મદાના પોતાના પ્રદેશમાંથી આ બાબત પર જે પ્રકાશ પથરાય છે તે મૂલવવા ભૂસ્તર અને ભૂગોળવિદો આતુર છે. એ સંબંધી ભારે તપાસ હજુ પૂરી થઈ નથી, પણ જે કંઈ થઈ છે તેનાથી આ વિધાનને પુષ્ટિ મળી છે. એનું છેલ્લું નિરાકરણ કદાચ કાલમાં આવી જવા સંભવ છે. ગુજરાતમાં ઝીણવટભરી શોધ કરતાં નર્મદા આજ કરતાં ખૂબ મોટી હતી. એનો પ્રાચીન કાંઠા ની ભેખડો આજે પણ જમીનરૂપે અસ્તિત્વ ધરાવે છે. આ પ્રાચીન નર્મદા રાજપીપળાના ડુંગરને લગભગ અડકીને વહેતી હતી અને પછીથી ક્રમે ને ક્રમે ઉત્તર તરફ ખસતી ગઈ છે નર્મદાનો આખે પ્રવાહ અગરકંટક પર તેના ઉદ્ગમ સ્થાનથી માંડી સાગરસંગમ સુધી ૮૬૧ માઈલ લાંબો છે. એમાં ૪૯૩ માઈલ સુધી તો તે પાર્વત્ય ખડકો કાપતી વહે છે અને ૩૭૮ માઈલ ત્રણ કાંપપ્રદેશોપર પ્રવાહિત થાય છે. રાજકીય વિભાગોની દૃષ્ટિએ જોતાં તેના પ્રવાહના બંને તટો નીચે મુજબ વહેંચાય જાય છે.

ઉત્તર કાંઠો		દક્ષિણ કાંઠો	
માઈલ	રાજ્ય	માઈલ	રાજ્ય
૭૪	રેવા (બાઘેલખંડ-મધ્ય હિંદ)	૧૫	રેવા
૧૦૪	મંડલા જિલ્લો	૧૩૫	મંડલા જિલ્લો
	(સોંડવાનાં પ્રદેશ મધ્યપ્રાંત)	૩૫	સીવની ,,
૫૧	જબલપુર જિલ્લો (મધ્યપ્રાંત)		(મધ્યપ્રાંત)
૪૮	નરસિંહપુર ,, ,,	૬૩	જબલપુર જિલ્લો
૧૨૧	ભોપાલ (માળવા-મધ્યહિંદ)	૮૫	નરસિંહપુર ,,
૩૭	હરદા ,,	૧૪૦	હોશંગાબાદ ,,
૧૩	નીમાડ જિલ્લો (મધ્યપ્રાંત)		(મધ્યપ્રાંત)
૩૨	ધાર (નીમાડ-મધ્યહિંદ)	૭૧	નીમાડ જિ૦ ,,
૫૨	હરદા ,,	૩૨	હરદા
૬૫	ધાર ,,		(માળવા-મધ્યહિંદ)
૧૫	ગ્વાલિયર ,,	૧૩	ધાર
૩૦	હરદા ,,	૯	હરદા
૩	અલીરાજપુર ,,	૧૮	બડવાની
૧૨	ગઢવાડ ,,		(નીમાડ મધ્યહિંદ)

(ફેબ્રુઆરી ૧૯૪૧) ૩૬



માળવામાં નર્મદાતીરે ઓમકારેશ્વરતીર્થ



ઉત્તર કાંઠો		દક્ષિણ કાંઠો	
માઈલ	રાજ્ય	માઈલ	રાજ્ય
૧૪	છોટાઉદેપુર (રેવાકાંઠો-ગુજરાત)	૨૮	ખાનદેશ જિલ્લો (તળોદા તાલુકાનો અક્રાણી પેટામહાલ)
૪૦	રાજપીપળા (,, ગરુડેશ્વર તાલુકો)		
૭	રેંગણ(રેવાકાંઠો-સંખેડા મેવાસ-ગુ)	૧૦	સાદી (ખાનદેશ)
૧	વાગધ્રા ,,		
૬	વડોદરાતિ લહેવાડા પેટાગહાલ-ગુ.)	૧૧૦	રાજપીપળા (ગરુડેશ્વર, નાંદોદ, ઝાલોદ ને ૪ગડિયા તાલુકાઓ)
૬	ચુડેશ્વર(રેવાકાંઠો-સંખેડા મેવાસ-ગુ)		
૬	વડોદર (તિલકવાડા પેટાગહાલ-ગુ.)		
૩	ગાંડવા(રેવાકાંઠો-સંખેડા મેવાસ-ગુ.)		
૩૮	વડોદરા(સીનોરને કરજણ તાલુકા)	૪૭	ભરૂચ જિલ્લો (અંકલેશ્વર તાલુકો)
૬૬	ભરૂચ જિલ્લો (ભરૂચ તાલુકો)		

૮૬૧ માઈલ કુલ ૮૬૧ માઈલ કુલ

દરેક નાગની સાથે પહેલાં પ્રદેશનું લોકપ્રચલિત નામ ને પછી પ્રાંત કે ઓજન્સીનું નામ આપેલું છે. ગુજરાતના નર્મદાપ્રદેશના તાલુકાઓ ઇત્યાદિ પણ બતાવેલા છે. નર્મદાના દક્ષિણ કાંઠે જે ખાનદેશનો પ્રદેશ છે તે ભાષાની દૃષ્ટિએ ગુજરાતમાં આવે છે. અગાઉ એ ગુજરાતના રેવાકાંઠામાં ગણાતો હોઈ રાજપીપળાના તાબે હતો, પણ પાછળથી ભીલોનાં તોફાનોના જમાનામાં કંટાળીને ગૈરવ્યવસ્થાને લઈ એને ખાનદેશના તળોદા તાલુકા સાથે જોડી દેવામાં આવ્યો. કાદી રાજ્ય વિષે પણ તેમજ બન્યું રાજકીય દૃષ્ટિએ નર્મદાપ્રદેશમાં ગુજરાતનો પ્રારંભ માદવાડ અને છોટાઉદેપુર રાજ્યની સરહદથી થાય છે, પણ ભાષાના દૃષ્ટિકોણ જોતાં નર્મદાની ઉત્તર તરફ કદોર ને અલીરાજપુર રાજ્યોની સરહદથી ગુજરાત લગી જાય છે, ને દક્ષિણ તટે ખડવાની ને ખાનદેશની સરહદથી આ પ્રમાણે ગુજરાત નર્મદાપ્રદેશનો લગભગ ૨૦૦ માઈલનો વિસ્તાર રોકે છે.

નર્મદાનાં તીર્થસ્થાનો

નર્મદાના ઉદ્ગમસ્થાન અમરકંટકથી શરૂ કરીને ચિત્રશેર નજીક સાગરસંગમ સુધીના તેના વિસ્તારમાં જોવાં કાંઠે નીચેનાં મોટાં તીર્થો આવે છે:

મધ્યપ્રાંતમાં

અમરકંટક—બિલાસ-નાગપુર રેલવેની કટની-બિલાસપુર શાખા પરના પેંડારોડ સ્ટેશનથી ૮ માઈલ દૂર છે.

મંડલા—જબલપુરથી બિલાસ-નાગપુર રેલવેની નાની લાઈનની એક શાખા ગોંદિયા જાય છે. તેના પર નયનપુર જંક્શનથી એક જુદી શાખા છેક મંડલા સુધી લઈ જાય છે.

ભેડાઘાટ—જી.આઈ.પી.રેલવેની મુંબઈ-અલ્લાહાબાદ લાઈન પર જબલપુરથી આગળ નરસિંહપુર સ્ટેશન આવે છે. ત્યાંથી તે અંતરાળમાં ૧૩ માઈલ દૂર હોઈ બસ દ્વારા ત્યાં પહોંચાય છે.

મધ્ય હિંદમાં

માયકીકુંડ—જી.આઈ. પી. રેલવેની મુંબઈ-દિલ્હી લાઈન પર ખંડવા જંક્શન બીજ સ્ટેશનથી ૨૦ માઈલ દૂર છે. આ સ્થળ ઘોર જંગલોમાં છે અને પહોંચતાં ખૂબ તકલિફ પડે છે.

ઓંકારેશ્વર (ઓંકાર-માંધાતા પણ કહેવાય છે)—બી.બી.રેલવેની રતલામથી ખંડવા જતી નાની લાઈન પર મોરટક્કા સ્ટેશનથી ૫ માઈલ દૂર અંતરાળમાં છે. બસ સર્વિસ દોડે છે.

મહેશ્વર (પ્રાચીન માહિષ્મતી)—કુપારની લાઇનના બડવાણી સ્ટેશનથી ૪૧ માઈલ દૂર અંતરાળમાં છે. બસ સર્વિસો દ્વારા પહોંચાય છે. કદોર ને બડવાણી પણ મહેશ્વર જઈ જનારી સીધી બસો મળે છે.

ગુજરાત

ડાકોર—છોટાઉદેપુરથી બસ સર્વિસ જાય છે.

શૂલપાણિ (સુરપાણ)—ગાયકવાડી નાની રેલવે ચાંદોદ જઈ જાય છે ત્યાંથી રેલવેનું કામ હોડી ઓડે કરી મોખડીના ઘોધ સુધી જવાય છે. આ ઘોધથી આગળ પગે ચાલતાં જવું પડે છે. એથી સહેલો રસ્તો રાજપીપળા થઈને જાય છે. રાજપીપળાથી છેક શૂલપાણિ સુધી રાજ્યે મોટા ખર્ચે પર્વતોને તોડીને પાકી સડક કરાવેલી છે.



હરણફાલ : હરણ માત્ર જ ફાળે પાર જઈ એટલી કે નદી સાંકડી છે તે સ્થળ)

રોચ: રસિકલાલ પરીખ

આ સડક પર રાજપીપળાથી ગોરા (પર્વતની તળેટીમાં નર્મદાકાંઠે) સુધી બસ સર્વિસ ચાલે છે. ગોરાથી શૂલપાણિ ૧૮ માઈલ દૂર છે. ગોરાથી પનઇ (હોડી) દ્વારા પણ ત્યાં જઈ શકાય છે ને સડકરસ્તે ગાડામાં પણ જવાય છે. મોટરો કે લૉરીઓ રાજપીપળાથી છક શૂલપાણિ સુધી જઈ શકે છે. ધાયડીકુંડ કરતાં શૂલપાણિ પહોંચવાનું વધુ અઘરું હોવાથી જ એનું માહાત્મ્ય મોટું છે.

ચાણોદ-કરનાળી—વડોદરાના ગોયાગેટ સ્ટેશન ને મિયાંગામથી ગાયકવાડ સરકારની નાની રેલવે સીધી ડભોઈ થઈ ચાણોદ પહોંચાડે છે. ચાણોદથી સામે પાર રાજપીપળા ૮ માઈલ છે અને ત્યાં જવા બસો દોડે છે.

શુકદેવ વ્યાસ—ચાણોદથી આ તીર્થ ૫ માઈલ થાય છે અને ચાણોદથી નર્મદામાં પનઈ દ્વારા ત્યાં જવાય છે.

અનસૂયાજી-મિયાગામથી સીનોર સુધી ગાયકવાડી નાની ગાડી ચાલે છે. સીનોરથી આ સ્થળ એક માઈલ દૂર છે. પગરસ્તે અને નદીરસ્તે બંને રીતે ત્યાં જવાય છે. વળી રાજપીપળાથી સીસોદરા (સીનોરની સામે નર્મદા ઉપર) સુધી બસ સર્વિસ દ્વારા જઈ ત્યાંથી પણ જવાય છે. ત્યાંથી એક માઈલ દૂર છે.

શુક્લતીર્થ (કબીરવડ જેની પાસે છે)-ભરૂચથી પૂર્વમાં ૧૦ માઈલ

મધ્યપ્રાંતોમાં મંડલા પાસે સહસ્રધારા (પહેલી)નો ધોધ

દૂર છે. બસ સર્વિસ દ્વારા જવાય છે. અંકલેશ્વરથી રાજપીપળા જતી રાજપીપળા સ્ટેટ રેલવેના ઝગડિયા સ્ટેશનથી તે બે માઈલ દૂર છે.

ભરૂચ (પ્રાચીન ભૃગુતીર્થ અને ભૃગુકચ્છ)-જાણીતું જ છે.

વિમલેશ્વર-ભરૂચથી જવાય છે.

નર્મદાનો ધોધ

નર્મદા જે ધોધો માટે હિંદભરમાં પ્રખ્યાત છે. તેમાંનાં મુખ્ય મુખ્ય નીચે પ્રમાણે છે:—

કપિલધારા—સગરકંટકથી આગળ ૪ માઇલ દૂર છે. અહીં પહોંચવાનું ઘણું અઘરું છે. અહીં ૯૦ ફૂટની ઊંચાઈ પરથી નર્મદા નીચે પડે છે. આ સ્થળની નિસર્ગશોભા અદ્વિતીય લેખાય છે.

સહસ્રધારા (પહેલી)-મંડલાથી પણ માઇલ પશ્ચિમે.

ધુંવાધાર-જબલપુર નજીક ભેડાઘાટમાં આવેલો આ ધોધ આખા હિંદમાં પ્રખ્યાત છે.

ચાંદગઢ-અહીં હરદા (જી.આઈ.પી. રેલવેનું બંદર અને ઈટારસી વચ્ચેનું એક મોટું સ્ટેશન)થી જવાય છે; પણ રસ્તો કાચો છે. આ સ્થળ ઘોર વનોમાં આવેલું છે.

ધાયડીકુંડ-એના વિષે ઉપર એ નામના તીર્થમાં લખાઇ ગયું.

સહસ્રધારા (બીજી)-મહેશ્વર નજીક આવેલી છે.

હરણફાલ—નર્મદાની ધારા અહીં પથ્થરો વચ્ચે એટલી સાંકડી થઇ ગએલી છે કે હરણ એક ફાળમાં આ પારથી પેલી પાર પહોંચી શકે છે એટલે આ નામ પડ્યું છે. અહીંથી ગુજરાત શરૂ થાય છે.

મોખડી—આ સુરપાણનો ધોધ પણ કહેવાય છે; પણ ખરું નામ મોખડી ધોધ છે.

મોખડી પછી નર્મદામાં છક સાગર-સંગમ સુધી મહત્ત્વના ધોધો નથી. એટલે પનઈઓ મોખડીથી માંડી છક વિમલેશ્વર સુધી વચ્ચર ફેરબદલીએ જાય આવે છે. કેટલાક ઇતિહાસકારો અને ઈતર લોકો માને છે કે પ્રાચીન કાળમાં નર્મદામાં ભરૂચથી માંડી છક માળવા અને મધ્યપ્રાંત સુધી હોડીઓ દ્વારા અવરજવર થતી અને મોટા વેપાર



ધુંવાધાર : મધ્યપ્રાંતમાં જબલપુર આગળ ખેડાઘાટનો ધોધ. નર્મદા જેટલા ધોધ હિંદની બીજી કોઈ નદીમાં બાગ્યે જ હશે.

નીચે જગાખીબાજુ: અમરકંટક પાસેનો કપિલધારાનો ધોધ.

ખેડાતો. આ વાત માત્ર કલ્પના છે. ભૂસ્તરની સાક્ષીએ તપાસતાં આ ધોધો હિમયુગ (Pliestocene period) બનતે અસ્તિત્વમાં આવેલા અને તેમની કપરિસ્થિતિને લઇ નર્મદાના પ્રવાહ દ્વારા હોડીઓમાં ગુજરાતથી માળવા કે મધ્યપ્રદેશ જવાય તેમ હેરાફેરી સંભવ નથી. વળી કેટલેક ઠેકાણે તો ગુજરાત અને મધ્યહિંદ વચ્ચે નર્મદા એટલી બધી સાંકડી છે કે હોડીઓ પસાર પણ થઈ શકતી નથી.

પ્રાચીન સાહિત્યમાં નર્મદા

સંસ્કૃતમાં નર્મદા પર વિપુલ સાહિત્ય લખાએલું પડ્યું છે. આ દૃષ્ટિએ પણ તેની અનેરતા નોંધપાત્ર છે. વેદોમાં નર્મદાનો કયાં યે ઉલ્લેખ નથી, પણ ઈતર વૈદિક સાહિત્યમાં તેને લગતી આડકતરી નોંધો મળી આવે છે. દા. ત શતપથ બ્રાહ્મણમાં 'રેવોત્તર' નામ અનેક વાર આવે છે. વૈદિક લોકો નર્મદા સુધી પહોંચી શકયા ન હતા; પણ તેમની યે પહેલાંથી પૌરાણિક લોકો નર્મદાપ્રદેશમાં વસવાટ કરી રહ્યા હતા એમ પુરાણોમાંથી આપણા મળે છે. મૂળ પુરાણ ઈ. પૂર્વે ૮મા સૈકામાં રચાએલું હોવાનું પાર્જિટર નામે વિદ્વાન માને છે. આ મૂળ પુરાણમાંથી કાળે કરી ધીમેધીમે જુદાજુદા પ્રદેશોમાં જુદાંજુદાં પુરાણો રચાયાં. આ ક્રમમાં નર્મદાતટના બ્રાહ્મણોએ મત્સ્યપુરાણની રચના કરી હતી. લગભગ બધાં પુરાણો નર્મદાના ધાર્મિક અગર તો ઐતિહાસિક મહત્ત્વ વિષે કંઇક ને કંઇક નોંધો આપે છે; પરંતુ વાયુ, પદ્મ, નારદ અને સ્કંદ નામનાં પુરાણોમાં તો સૌથી અધ્યાયો ખરાવતા ખાસ 'રેવાખંડો' જુદા જ સ્વરૂપે નર્મદા વિષે આપેલા છે. આ ખંડો નર્મદાપ્રદેશના પ્રાચીન ઇતિહાસ અને ભૂગોળ પર પુષ્કળ પ્રકાશ પાથરે છે. કેટલાંક પુરાણોમાં તો નર્મદાના ઉદ્ગમસ્થાનથી માંડી તેના મુખ સુધીનાં બધાં રમણીય, નદીઓ, પર્વતો અને તેમની આસપાસ સંકળાએલા ધાર્મિક તેમજ ઐતિહાસિક પ્રસંગો સવિસ્તર આપેલાં છે. આ પુરાણો ઉપરાંત પાછળના સંસ્કૃત સાહિત્યમાં નર્મદાને લગતાં અનેક સ્તોત્રો મળી આવે છે, જેમાં શંકરાચાર્યના મુખ્ય લેખાય છે; પણ આ સ્તોત્રો ઇતિહાસ કે ભૂગોળ પર કંઈ પ્રકાશ પાડતા નથી. પ્રાચીન શિલાલેખો, તામ્રપત્રો આદિમાં નર્મદાને લગતી નોંધો કયાંક પ્રસંગોપાત મળી આવે છે. જૈન સાહિત્યમાં હરિવંશ (વઢવાણમાં રચાએલું) અને શત્રુંજય માહાત્મ્ય (વલ્લભીપુરમાં લખાએલું)એ બેમાંથી નર્મદા પરનાં કેટલાંક જૈન તીર્થોની વિગતો આપે છે.

આ પૃષ્ઠ આપના વહેલા ધોને કોપ પડ્યો ન હોવા અંગે ખરાતા નથી

પરદેશના પત્રમિત્રો — Our Friends Abroad

આ પત્ર મેળવનાર :
આદમઅલી અબ્દુલકાદર, પો. બૉ. પર ફારેસ્ટસર્વાગ (ઈસ્ટ આફ્રિકા)

સાન ફ્રાન્સિસ્કો, કૅલિફૉર્નિયા (યુ. એસ. અમેરિકા)
તા. ૩૦ ઑગસ્ટ, ૧૯૪૫

પ્રિય મિત્ર,

તમારું સરનામું મને લગભગ એક વર્ષ અગાઉ એક પત્રમિત્ર-સંસદ દ્વારા મારા અભ્યાસકાળ દરમ્યાન મળેલું. તે સમયે મારી પર નિશાળના અભ્યાસનો બોજો હોવાથી પત્રવ્યવહાર માટે પૂરતો સમય આપી શકતો ન હતો. હમણાં હું અમેરિકન નૌકાખાતાની ઑરિપટલમાં છું અને ગંભીર વાદકાપ પછી સુધારા પર આવતો જતો હોવાથી આ ગાળા દરમ્યાન પત્રવ્યવહાર માટે હવે પૂરતો સમય છે. ઑરિપટલમાં લગભગ એકાદ માસથી છું ને હવે તો એકબે અઠવાડિયાં પછી ફરી લશ્કરી કામગીરીમાં જોડાવા જેવો થઈ જઈશ.

હાઈસ્કૂલના અભ્યાસકાળ દરમ્યાન હું ફુટબૉલ ટીમમાં તેમજ 'ટ્રૅક' દોડમાં અગ્રણી હતો અને 'ટમ્બ્લિંગ'નો ફૅન્શન હતો. 'વેઈટ લિફ્ટિંગ' (વજન ઊંચકવાનો વ્યાયામ) અને શરીર વિકાસ સમાં પણ ખાસ રસ લઉં છું. એ માટે મારી પાસે મારાં પોતાનાં સાધનો છે અને ૨૨૫ રતલ વજન માથાથી અદ્ધર ઊંચકી શકું છું. મારું વજન ૧૬૫ રતલ છે ને ઊંચાઈ-પોણા છ ફૂટ. તમારા રસના વિષયો કયા છે ?

પાંચ માસ થયાં હું નૌકાખાતામાં છું, છતાં હજુ મન જહાજ પર જવાની તક મળી નથી. હું ધારું છું કે એકાદ માસમાં તો મને કોઈ જહાજ પર નીમશે. અથવા કદાચ મને છૂટા પણ કરવામાં આવે. જો મુક્ત થયાય તો સારૂ. તમે કોઈ લશ્કરમાં જોડાયા છો ખરા?

મારું ઘર સાન ફ્રાન્સિસ્કોની પાસે આવેલા સાન લીઆન્ડ્રો નામના નાનકડા કસ્બામાં છે. હાલ મારો મુકામ એ ગામની ૬૫૦ માઈલ દક્ષિણે અને મેક્સિકોની ૨૦ માઈલ ઉત્તરે છે. તમે ઉત્તર લખો તો મારા ઘરના નીચેના સરનામે લખશોઃ Richard H. Spencer, 772 Elsie Street, SAN LEANDRO California (U. S. A.)

મારું નૌકાખાતાનું સરનામું તો મારી બદલી થવા સાથે બદલાયા કરે છે; એટલે મારા માતાપિતા મને તમારો પત્ર મોકલી આપશે. અને હું એ મળશે કે તે જ દિવસે તેનો ઉત્તર લખીશ. નૌકાખાતામાંથી મુક્ત થઈને હું ચીન જવાનો ઈરાદો રાખું છું. ત્યાં મારાં કેટલાંક બંધીઓ છે. ત્યાંથી કદાચ હું આફ્રિકા રસ્તે પાછો વળું ને મેળ થશે તો હું તમને અવશ્ય મળીશ.

તમારો મિત્ર
'રિક' સ્પેન્સર

(અંગ્રેજી કદિપ્રયોગમાં 'રિચાર્ડ'નું ટૂંકું નામ 'રિક' થાય છે;—જેમ 'વિલિયમ'નું 'બિલ', 'જૉન્થની'નું 'ટૉની', 'કથેરીન'નું 'કેટ', વગેરે.)

નવાં પત્રમિત્રો

(૧) શાંતિની શાહ, C/o અમૃતલાલ ચુનીલાલ શાહ, પાર્લે વ્યૂ, બૅપ્ટિસ્ટા રોડ, વીલે પારલે-પશ્ચિમ, મુંબાઈ-૨૪; (૨) શાન્તિ કાણકિયા, બી. એમ. કરોળ બોર્ડિંગ, ફ્લૉટ ૫૭૩-૩૪, ગાર્ડુમા; (૩) જવાહર નાગરદાસ ગોરડિયા, જવાહર વિલા, નુતુ રોડ, મુંબાઈ ૨૪. એમણે 'યુનિટી હૉબી એકસ્ચેન્જ' નામની સંસ્થા કાઢી છે કે જેના આંતરરાષ્ટ્રીય પત્રમિત્રો મેળવી આપે છે; (૪) કુ. જયંતા રોડ, નયા બિલ્ડિંગ, બીજે માળે, રૂમ નં. ૧૩,૧૦૬ મજિદબંદર રોડ, મુંબાઈ-૩; (૫) 'રાજહંસ' C/o અનંતરાય શાહ, હંસરાજ ભુવન, જેસલટન સ્ટ્રીટ, રણછોડ લાઈન્સ, કરાચી; (૬) શાંતિલાલ સાંવરિયા C/o રાય સાહેબ મૂળજી જગજીવન, રેલ્વે કૉ-ઑપરેટર, બિલાસપુર-સી. પી.; (૭) શશિકાન્ત એમ. વેકાણી, C/o પોપટલાલ પેલાભાઈ, વઝિફ વિદ્યાલય વઝુબારીવાળ, જુનાગઢ. બ ઈ ચન્દ્રકાન્ત વૈદ્ય (હળદિયા શેરી, સગરામપુરા, સુરત) જણાવે છે કે તેઓ અમેરિકાની 'ઈન્ટરનેશનલ રેડ્યુન્ટ્સ સોસાયટી'ના પ્રતિનિધિ થઈ શકયા છે. એ સંસ્થામાં દાખલ-ફી નથી અને ઉંમરની મર્યાદા ૩૦ વરસ સુધીની છે. વિશેષ માહિતી મેળવવા ઈચ્છનારે જવાબી ટિકિટ બીડીને આગળ પુછાવવું.

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ મોકલ બીજું ઈનામ 'સવાર પડી': જગન્નાદાસ પંચોલી–અમદાવાદ; ત્રીજું ઈનામ–'મુક્ત હાસ્ય': કરસનદાસ ટોડીવાળા–અમદાવાદ; કન્સોલેશન ઈનામ–'આદર્શ': પી. બી. ભાટા–મુંબાઈ; નોંધપાત્ર : (૧) 'સ્યાપત્ય ગ્રહો': ચીમનલાલ ત્રિવેદી–અમદાવાદ; (૨) 'કારીગર': જગન્નાદાસ પંચોલી–અમદાવાદ.

હરીફાઈ વિભાગમાં સામાન્યરીતે બહુ ઓછા ફોટો આવતા હોવાથી ઘણા લાંબા ગાળે આ મહીને એ આપી શકાય છે કે કાંઈ ચિત્રો આવ્યાં છે તેમાં વિચારપૂર્વક અને ખંતથી લેવાએલા ચિત્રો તો ઘણાં જૂજ છે. એકની એક ભૂલ વારંવાર કરતા હરીફોની સંખ્યા બહુ મોટી થવા જાય છે દરેક હરીફે જો કાળજીપૂર્વક ચિત્રો પરની ટીકા વાંચીને અમલમાં મૂકે તો સમય ને પૈસાનો ઘોટો વ્યય અટકે. જેમનામાં સાચો રસ અને અભ્યાસની આતુરતા હોય છે તેમણે તો ફૅમેરા પર હથોટી બેસી ગયા પછી માત્ર દૃષ્ટિ કેળવવાની જ જરૂર રહે છે.

જ્યાં દૃષ્ટિ છે ત્યાં હૃદયનો તોટો નથી એની પ્રતીતિ, બીજું ઈનામ જીતનાર ભાઈ જગન્નાદાસ પંચોલીનું 'સવાર પડી' ચિત્ર દર્શાવશે. યોગ્ય સમયે, યોગ્ય કોણથી લેવાએલા એ દૃશ્યમાં સ્વાભાવિક ગતિએ જતા ઢોરનું સારું ચિત્રસંયોજન બન્યું છે, અને તેમાં સવારના મૃદુ પ્રકાશનું વાતાવરણ પણ જામી શક્યું છે. ક્ષતિ છે તે આગીવાળા ફોકસિંગની. એ ક્ષતિ ન હોત તો કદાચ પહેલું ઈનામ મેળવી શકત.

ત્રીજું ઈનામ જીતનાર ભાઈ કરસનદાસ ટોડીવાળાનું 'મુક્તહાસ્ય' ચિત્ર ખુલ્લા સૂર્યપ્રકાશમાં મુરબ્બરાતા બાળકના લાક્ષણિક ભાવોને રજૂ કરતું આકર્ષક છબિચિત્ર છે. આઠ પી. બી. ભાટાનું ચિત્ર 'આદર્શ' આર્ટિફિશિયલ-લાઈટમાં લેવાએલા 'પોટ્રેટ-ચિત્ર'નો ઉત્તમ નમૂનો ગણાય. આવાં 'પોટ્રેટ-ચિત્રો'માં ઑઢવણીમાં નવીનતા તથા શરીરનું સૌષ્ઠવ બતાવવાનું ધ્યેય હોવું જોઈએ. અહીં પોટ્રેટમાં નથી નવીનતા કે નથી શરીર સૌષ્ઠવનો સંપૂર્ણ આ દર્શ માત્ર ફોટોગ્રાફીની આવડતનો તે સારો નમૂનો છે.

ભાઈ ચીમનલાલ ત્રિવેદીનું 'સ્યાપત્ય-ગ્રહો' (હલકતા જૈન મંદિર) સંગ્રહ-ચિત્ર (Record Picture) તરીકે નોંધપાત્ર છે. ગ્રહોની કારીગરીને યોગ્ય કોણ આપે તે રીતની પ્રકાશયોજના વિચારીને કાળજીપૂર્વક એ ચિત્ર લીધેલું છે. ભાઈ જગન્નાદાસ પંચોલીના 'કારીગર'નો વિષય ઘણો સારો છે, પરંતુ ચિત્રસંયોજન બીલકુલ નથી. પાછળ બેઠેલો માણસ, ચાકો ગાંબલો, આ દિતત્ત્વો સારા ચિત્રને ગરબડિયું ને ગીચ કરીને બગાડી મૂકે છે. એકલા કારીગર ઉપર લક્ષ્ય કેન્દ્રિત કરીને સારું ચિત્ર ઉતારી શકાયું હોત. શ્રીરામ ભટ્ટ

રસદર્શન

ચોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૨૭]

લેખક
ડૉ. હરિપ્રસાદ પ્ર. દેસાઈ

એલીફન્ટાના ત્રિમૂર્તિ-શિવની હૃદયસ્પર્શી મૂર્તિ મેં બે વખત જોઈ છે. પહેલી વખત ૨૯૯૨૫ાદ્ય ૫ ચમ. ત્યારે જ મુંબાઈ આવ્યા તે વખતે મુંબાઇમાં ઔદ્યોગિક પ્રદર્શન પણ સુંદર થએલું ને તેની સાથે બીજાઓની રંગબેરંગી રોશનીનું મનોહર દૃશ્ય જોવાની પણ લાલચ હતી. એ બધું જોઈ મનને તૃપ્ત કરીને હોડીમાં બેસીને એલીફન્ટા જવાનો લહાવો પણ તે વખતે લઇ લીધેલો.

પરંતુ એ ભવ્ય મૂર્તિની અપાર્થિવતા, પવિત્ર ને ઊંચા ભાવ પ્રેરવાની તાકાત અને ચિત્તને શાન્તતા તન્મયતા બનાવવું એનું આધ્યાત્મિક ખરું દર્શન તો, બીજી વખત ૧૯૩૭માં જ્યારે ફરી ગુફામાં આવ્યો અને તે અંતરમાં ઠાંઠાં ઊતરી ગયાં છે

ઘાર્જિલિંગમાં પૂગા નામનો બૌદ્ધધર્મીઓનો મઠ છે ત્યાં તિબેટના લામાઓ રહે છે. એ મઠમાં પંદરેક ફૂટ ઊંચી ભગવાન બુદ્ધની મહાકાય મૂર્તિ છે, અને ભીંતો પર યમ, કુબેર, અગ્નિ તથા અસુરોનાં ઉગ્ર ચિત્રો છે. એ ચિત્રોના રંગો પણ લ લ, પીળા વગેરે ઉગ્ર પ્રકારના છે. સાથેસાથે સાત્ત્વિક રંગોમાં તારા, પ્રજ્ઞા અને બોધિસત્ત્વોનાં ચિત્રો પણ છે, અને તેમના રંગ લીલા, ભૂરા અને ગૌરવર્ણા ઓછા કે સફેદ અને રૂપેરી છે. ત્યાં એક પ્રાચીનપંથી ચિત્રકાર પણ હતા. તે ઓટલી બધી સુંદર રેખાઓથી અજન્તાનાં ચિત્રોની હજો સાદૃશ્યિક આલેખનો કરી શકતા કે રવિભાઇ પણ એની શક્તિથી અભયભ થયા હતા.

તિબેટના લામાઓ તથા બીજા નૃત્યકારોનાં નૃત્ય ને નાટ્યના પ્રયોગો પણ ઘાર્જિલિંગમાં જોવાનો એક પ્રસંગ સાધ્યો હતો. એ નૃત્યો અને અભિનયો ભયંકર હતાં. માનવીઓની આસુરી સંપત્તિના પ્રતીક સમો એક મોટો 'ડ્રૅગન' (અજગર-સર્પ) તેમાં આવતો. એના ફુંફાડ ,ત્રાસતથા પછાડાપોટ ને ચિત્રો સાથે નિદર્શનોમાં આવતા હતા. માનવી બીગારો એના પંજામાંથી છૂટવા મુશ્કેલ સંઘર્ષનો હતો. પરંતુ પાછા, બીજેથાર્ય. તે સ ત્રિકલ્પા બીજાની દેવી સંપત્તિની મદદથી અજર અપૅનચરો કરી એના ઉપર સવાર થઈ શકે છે ને માનવ સંસ્કૃતિઓનું સનાતન ન્યમાંત્રિક વાઘોની મૂર્તી અંત દેખવા આગ્રહપાત્રી થાય છે

નાટકોના અવરોધોમાં બૌદ્ધ અને શાક્ત

તાંત્રિકોના સમયની સુંદર ધાતુમૂર્તિઓ છે. જાપાનની ધાતુમૂર્તિઓ સામાન્યરીતે ઉત્કૃષ્ટ કોટિની ગણાય છે, પણ નાલંદાની બરોબરી કરી શકે એવી જગતમાં કોઇ રચ્યે નથી.

આ બધી કલાસમૃદ્ધિ રસદૃષ્ટિએ તો આપણી સૂક્ષ્મ સાંસ્કૃતિઓ અને ભાવોને ખૂબ વિકસિત કરે જ છે, પરંતુ સાથેસાથે ઇતિહાસનું પણ અનુપમ દર્શન કરાવે છે. જગતના તત્ત્વજ્ઞાનીઓ અને પંડિતો મૂર્તિપૂજકોની ભલે મશ્કરીઓ કરતા હોય અને મૂર્તિપૂજને ભલે ધર્મમાર્ગમાં ઊતરતી કક્ષામાં ગણતા હોય, પરંતુ આપણા ધર્મોમાંનાં સનાતન સત્યોની સેંકડો પ્રકારની વિવિધતા જનચિત્તને તાદૃશ્ય કરાવવાની એકમાત્ર સચોટ શક્તિ મૂર્તિઓ જ છે. ને એ હકીકત લક્ષમાં રાખીને આપણી ભાવગર્ભ મૂર્તિઓનો સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રની દૃષ્ટિએ હજ પૂરેપૂરો અભ્યાસ જ કોઇએ નથી કર્યો.

આજ સૈકાઓથી આપણાં મંદિરો અને ખંડિયેરોમાં જે દેવદેવીઓ નાના પ્રકારનાં સૂત્રનો તથા ભાવ પ્રદર્શિત કરતી વિધવિધ મુદ્રાઓ અને અંગમરોડથી લાવણ્ય ઢોળતાં તથા આયુધો અને વાહનો ધારણ કરીને ઊભાં હતાં તેમનાં રહસ્યો હૃદયશંકર અને સિસ્ટરોનાં છબંત અને જ્વલંત નૃત્યોથી આપણી નજરમાં જગતાં થયાં છે. ગણિપુરી, કથ્થક, કથકલ્લી ને ભરતનાટ્યમ્ પદ્ધતિનાં નૃત્યો ને સંગીત દ્વારા હવે વર્તમાન સંસ્કૃતિના ભક્તોને એ જૂની મૂર્તિઓમાં નવા પ્રાણની પ્રતિષ્ઠા કરવી સહેલી થઈ ગઈ છે.

જીવનના વિધવિધ આદર્શો અને દિવ્ય પ્રસાદ જે મનોરાજ્યમાં પણ ગણવા કષ્ટસાધ્ય હતાં તે ભારતીય નૃત્યકળાના પુનરુદ્ધારથી પ્રત્યક્ષ થયાં છે

નૃત્યો સાથેના ઉત્તમ સંગીતે, યજ્ઞયાત્ર સમયનાં વૈદિક પૂજવિધિનાં રહસ્યો અને પૌરાણિક ક્રિયાકાંડમાંથી સમગ્ર જનતાને ગળતાં પ્રેરણાદાન સ્પષ્ટ કરી આપ્યાં છે.

સામવેદનાં ગાન અને મંત્રો, તંત્ર તથા શક્તિઓનાં આવાહનના ઉગ્ર પૂજવિધિઓ, પંચારત્ન પૂજદીપ અને કૂવો, વીણા તથા સીતાર જેવાં રોગાયિક તંતુવાદ્યો, અને બેરી, તૂરી, ઢોલ, તથા ઢોલ જેવાં રૌદ્ર રસને ઉત્પન્ન કરતાં સાધનોની મદદથી કર્મકાંડીઓએ જનતાનાં અંતર ચિત્ત બહોળાને કેવી રીતે જાગૃત કર્યા હતાં એ બધું હવે સમાનય છે. એ મૂર્તિઓ, પૂજવિધિઓ, નાટકો, સંગીત, ચિત્રો અને નૃત્યોએ જ આપણા વ્યક્તિગત અને સામાજિક આત્માને સાવધાન અને જાગતો રાખ્યો હતો. એ દ્વારા એ સદાકાળ પ્રભુના સાન્નિધ્યમાં રહી શકતો. દૈવી અને આસુરી બળો એને જગતાંજ્યોધ લાગતાં અને વિદ્યાકળાના વાતાવરણમાં એ ભક્તિમાર્ગે કે જ્ઞાનમાર્ગે ભગવાનનો યોગ મેળવી દુર્લભ મનુષ્યજીવનનું સાર્થક કરી શકતો.

આજે જગત ખોટે રસ્તે ચડ્યું છે. બ્રહ્મત કરતાં યે વધુ વેગથી એ સમુદ્રો પાર કરે છે, ગરુડ કરતાં યે વધારે ઝડપથી એ અવકાશમાં ઊડે છે, છતાં એને સાચું જીવન જીવતાં નથી આવડતું. અત્યંત બેચેની અને તીવ્ર વેદનાના તાપ એને ઘેરી વળ્યા છે. આ દુઃખમાંથી એને કોણ છોડાવશે ?

છોડાવશે આપણી લલિત કલાઓ,—કવિતા, સાહિત્ય, સંગીત, નાટક, નૃત્ય, ચિત્રો ને નૂતન દૃષ્ટિના ક્રિયાકાંડ પૂજવિધિઓએ, —સુવ્યવસ્થા અને રિસ્તે, પ્રેમ ને સદ્ભાવ. દક્ષિણ અમેરિકામાં નદીનાં બહુમાન છે. ત્યાં એના મંદિરો પણ ભવ્ય છે. નદી એ ગદાદેવ-જીનો પોઢિયો છે. પ્રવાહી ને જડ હોવા છતાં તેની આંતરિક શક્તિઓનો પાર નથી. એ ભોળો છે, સ્વભાવે સેવાભાવી છે અને એકંદરે અહિંસક તેમજ પરોપકારી છે. મનુષ્યો આખરે, જો નદી જેવા છે એમને એમની સુષુપ્ત શક્તિઓનું ભાન કરાવવું જોઇએ ને ગદાદેવજીના વાહક થવા માટે તો એ જ સર્જાયાં છે એમ એમની ખાત્રી કરી આપવી જોઇએ. લલિત કલાઓ, એ કામ શ્રેષ્ઠ રીતે કરે છે. અસત્ય, ગફલતતા, પ્રમાદ, લોભ, કામ, ક્રોધ વગેરે દુશ્મનો આપણા પવિત્ર આત્માને દબાવી રહે છે ત્યારે, મૂર્તિઓ, સંગીત ને નૃત્યના સત્સંગથી એ કચરો ધોવાય છે અને અસત્ય દૂર થાય છે.

નીતિનિયમ, સુબુદ્ધિ, પુરુષાર્થ, આદર્શો પામવાની ઉત્કંઠા, જ્ઞાન, ભક્તિ વગેરે દૈવી સંપત્તિ મેળવવાનાં સુસ્તન એ મૂર્તિઓમાં હોય છે. જગતમાં વ્યાપી રહેલું માધુર્ય એ લલિત કલાઓ દ્વારા રસજીવન જીવનાંજીવનાં જ જગતું બળ છે ને 'સત્યમ્ અહીં જ છે, અહીં જ છે અહીં જ છે' એમ લાવે છે. (ક્રમશઃ)

પોથીમાંનાં રીંગણાં

અનંત કાણેકરનો નર્મનિબંધ

ગણુ કાકાની સાથે મારે ઘણી વાર મતભેદ થાય છે, પણ એમની એક શક્તિનો મને હંમેશાં અચંભો લાગે છે. ગમે તેટલા અઘરા પ્રશ્નનો જવાબ પણ એ ઝડપથી અને સહેલાઈથી આપી શકે છે. નાનપણમાં તો એમની આ શક્તિ જોઈને હું છક્ક જ થઈ જતો. દુનિયામાં વસતા બધા ડાહ્યા લોકોનો રાજા કોણ એવું જ્યારે મને તે વખતે કોઈએ પૂછ્યું હોત, તો મેં તત્કાળ જવાબ આપ્યો હોત કે 'ગણુકાકા—અમારા ગણુકાકા જ.'

બાળપણમાં મેં એમને એક વખતે પૂછ્યું, કે 'કાકા, મારવાડીઓના માથા પર ત્રણ પટા શાના હોય છે?' કાકા તરત જ બોલ્યા, 'એ તો હનુમાને ચીતર્યા'તા એમના માથા ઉપર.'

'એટલે?' મેં સવાલ પૂછ્યો.

'હનુમાને લંકા બાળી હતી, એની તો તને ખબર હશે જ ને?'

'હા; પણ એને અને મારવાડીઓને—'

'સાંભળ તો ખરો;' કાકાએ કહેવા માંડ્યું, 'પૂંછડી સળગાવવાની ખાતર એણે પોતાની પૂંછડી પર ખૂબ ચીંથરાં બાંધ્યાં, અને પછી એ ઘાસલેટના ડબ્બા શોધવા લાગ્યો. કરગરીને એણે મારવાડી વેપારીઓ પાસે ઘાસલેટ માગ્યું. પણ મારવાડીની જાત એમ માને? એમણે કહ્યું કે અમે ઘાસલેટ એમ મફત નહિ આપીએ. હનુમાન ચીડાઈ ગયો. ભુભુઃકાર કરીને એણે એમનાં ગૂદામ ખોવી નાખ્યા, અને ઘાસલેટના ડબ્બા બહાર કાઢી એમા પૂંછડી બોળી અને આગ લગાડી દીધી. એ સળગતી પૂંછડી વડે શરઆતમા એણે દરેક મારવાડીના માથા પર ત્રણ ત્રણ પટા ચીતર્યા, ને તે પછી એ લંકા બાળવા નીકળ્યો. ત્યારથી મારવાડીઓના માથા પર ત્રણ પટા હોય છે!'

કાકાએ આપેલી આ માહિતી સાંભળી હું ખૂશ થઈ ગયો.

હવે મોટો થયો છું એટલે આજકાલ જોકે હું કાકાના કહેવા પર બહુ વિશ્વાસ રાખતો નથી; તોપણ કાકાની કલ્પનાશક્તિનાં વખાણ કરવાનું તો હજી યે મન થાય છે. પરમ દિવસે જ મેં એમને વાતવાતમા પૂછ્યું, 'કાકા, આપણે કોઈ કોઈ વાર પણ બણ કે પાણી બાણી એવું બોલીએ છીએ, એમા 'બણ' કે 'બાણી' ક્યાંથી આવતા હશે?' કાકાનો જવાબ તૈયાર જ હતો. એ બોલ્યા, 'ઇશ્વરે વિશ્વામિત્રનું ધાર્યું નહિ ત્યારે તપ કરીને પ્રતિસૃષ્ટિનિર્માણ કરવાની ધમકી વિશ્વા-

ઇશ્વરને આપી હતી એ તો જાણે છે ને?' મેં હા પાડી.

'પછી ભગવાને નમતું આપ્યું અને વિશ્વામિત્રે પોતાનો એ વિચાર માંડી વાળ્યો.' કાકા કહેવા લાગ્યા, 'પણ ત્યા સુધી જરાક જેવી પ્રતિસૃષ્ટિ નિર્માણ થઈ જ ચૂકી હતી. એ સૃષ્ટિમાંના એ કેટલાક શબ્દ આપણી ભાષામાં રહી ગયા છે!'

વિશ્વામિત્રની પ્રતિસૃષ્ટિ અને પ્રતિસૃષ્ટિમાંના આ શબ્દ, એ કાકાની કલ્પના મને ઘણી જ ગમી ગઈ. મને એ ગમી જવાનું એક વિશેષ કારણ હતું. આજકાલ મારા મગજમાં એક વિચિત્ર વિચાર અવારનવાર આવ્યા કરે છે. 'પોથીમાનાં રીંગણાં પોથીમાં જ' એવું કહેવાય છે ખરું, પણ આજકાલની કેટલીક રોયો પરથી મને લાગે છે કે પોથીમાંનાં રીંગણાંનું પણ સરસ ભરત કરીને આપણે ખાઈ શકીએ! બ્રહ્માસ્ત્ર, પાશુપતાસ્ત્ર વગેરે અસ્ત્રોનું વર્ણન આપણે પુરાણોમાં વાંચતા, અને એ અસ્ત્રોથી પૃથ્વી કેમ ધ્રૂજતી હતી. સમરાંગણ કેવી રીતે ઉછાળા મારતા હતા, આકાશ તૂટીને કેવી રીતે નીચે પડતું હતું, ઘોળે દહાડે કેવી રીતે અંધકાર થઈ જતો અને મધરાતે પણ ઝળકતો પ્રકાશ કેવી રીતે થઈ જતો, એની વાતો સાંભળી મોંમાં આંગળાં નાખતા. આ તો ફક્ત પુરાણોમાંનું વર્ણન છે, આ જગતમાં એવું બનવું શક્ય જ નથી, એની આપણી ખાતરી હતી. પણ ઑટમ બૉંબ અને એના ધડાકાનાં વર્ણન વાંચ્યા પછી આ પોથીમાંના રીંગણાં આપણી આંખ સામે ઝાડ પર લટકતાં દેખાવા માંડ્યાં છે!

મધરાતે, બધે સુગસાગ થયા પછી હું જ્યારે રેડિયો સામળતો બેસું છું ત્યારે વિશ્વામિત્રની પ્રતિસૃષ્ટિ મને યાદ આવ્યા કરે છે. કોઈ વખત તુર્કસ્તાનમાંના અંકારા સ્ટેશનમાંથી કોઈ બોલતું હોય એનો અવાજ સંભળાય છે, કોઈ વખત ઑસ્ટ્રેલિયાના સિડનીથી આવતા શબ્દ કાને પડે છે. ક્યાં તુર્કસ્તાન ને ક્યાં ઑસ્ટ્રેલિયા! બેઉ બોલનારને ખ્યાલ હશે ખરો કે મુંબઈ નામના શહેરમાં એક ખૂણામાં બેઠેલા માણસના કાને એના શબ્દ પડી રહ્યા હશે? આપણે ઉચ્ચારીએ એ દરેક શબ્દ તેજ ક્ષણે આખા જગતમાં—એના ખૂણેખાંચરે પહોંચે છે. હિમાલય પર ઊડતા એકાદ એરોપ્લેનમાં, પૅસિફિક મહાસાગરની તળે ફરતી સબમરીનમાં, આફ્રિકાના જંગલમાં, ન્યૂયૉર્કની કોઈ ગગનચુંબી ઈમારતના એકસો ને દસમા માળ પર—એ બધે સ્થળે તે જાય એ કેવું મહાન આશ્ચર્ય છે!

આ આશ્ચર્યનો વિચાર કરતા કલ્પનાશક્તિ એક પળમાં આસમાન પહોંચે છે. આખી પૃથ્વીને ચોમેરથી ઘેરી રહેલાં મોજાં આપણા શબ્દ સર્વત્ર લઈ જાય છે એ વાત જો સાચી હોય, તો બીજી એક વાત સાચી પડવાનો સંભવ છે આ મોજાં બેઉ શબ્દ સંઘરી પણ શકતાં હોય ખરાં. કદાચ વિશ્વામિત્રની પ્રતિસૃષ્ટિ જેવી જ બીજી કોઈ અવાજની

છૂપાછૂપ ('ચકોર'ની કટાક્ષકથા)-૬ જેમાં સિંહને ખેંચવા જતાં છૂપાછૂપ પોતે જ ખેંચાઈ જાય છે; છતાં મિયાં ટંગડી તો ઊંચી જ રાખે છે. (આ વાતને લાલ કિલ્લામાં ભજવાયેલા નાટક સાથે કશો જ સંબંધ નથી.)



આ વખતે તો ખેંચી જ્યો છે!

ઉહ...ઉહ...ઉહ...

ઇહ...ઇહ...ઇહ...

હવે; જવા દઉંછું. તારા જેવું કોણ જાણે!

દુનિયા હોય પણ ખરી. કદાચ આજના, અર્ધ કાલના કે અનાદિકાળથી જૂની ગએલાં ગાનુસોના અવાજ આ દુનિયામાં રહેતા હશે, કાર્લ ગૅલાર્ડ શાસ્ત્રજ્ઞ એ મોજાંનું યે કંઈક નવું રહસ્ય બહાર પાડશે, અને એ અવાજની દુનિયાનાં દ્વાર આપણે માટે ખુલ્લાં થઈ જશે. અને પછી તો કલ્પના કરીએ એટલી આછી! કુરુક્ષેત્ર ઉપર શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહેલી ગીતા પ્રત્યક્ષ એમના શબ્દોમાં આપણે સાંભળી શકીશું! ભગવાન બુદ્ધનાં પ્રવચનો એમના પોતાના અવાજમાં આપણે સાંભળીશું. ઉમૉરગૅનિસ ને સિસરોનાં ભાષણો, શિવાજીના શબ્દ .... આપણે ઘણુંઘણું સાંભળી શકશું.

પણ પછી વ્યાખ્યાનોના ઝોટા રિપોર્ટ આવવા અશક્ય બનશે. 'તને સીનેમા જોવા લઈ જઈશ બોલું મેં ગઇકાલે કહ્યું જ નહોતું' આમ કહી ઘણા બૈરી સાથે લડી નહિ શકે., એને બોલું બીજું ઘણું યે થશે! પોથીમાંનાં રીંગણાં પોથીમાંજ અમ ગાલૂકાકાને કહેવાની હવે મારી હિમત નથી.

(ગરાઠી ઉપરથી) માલતી જોષી

સંસારનાં શહેરો

૫૪-સુરાબાયા

આ અંકમાં જોગનું ચરિત્ર આપ્યું છે તે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રનેતા ડૉ. સુકર્નોની જન્મભૂમિ, અને આજકાલ ઈન્ડોનેશિયાની પ્રજાજાગૃતિના પ્રેરણાધામ તરીકે પ્રકાશમાં આવેલું આ શહેર અત્યંત પ્રાચીન ઇતિહાસ ધરાવે છે. જે કાળે બૃહદ્‌ભારતનું સાંસ્કૃતિક સામ્રાજ્ય છેક બાલિ સુધી પ્રસરેલું હતું તે કાળે બટાવીઆના ગાજ્જપલ્લિત ગાહારાજ્યની વારસ પ્રજાનું એ દેશનું પ્રથમ શહેર એ જ હતું; આધુનિક વલંદા સત્તાએ બટાવીઆમાં પગપેસારાની શરૂઆત કેળા પહેલું જાણ્યું ત્યાં જ નાખેલું; અને આજે બટાવીઆ-બાલિની પ્રજાએ રચાયેલી સ્વતંત્ર સરકારનું પાટનગર પણ એ જ છે.

જોગજાકર્તા, બટેવિયા, ઈસ્ટ ઇન્ડીઝ દ્વીપોને છેક ઑસ્ટ્રેલિયા સુધીના પાસિફિકી જલમાર્ગ પર આવેલું આ અગણી બંદર બનવાને મદદ્રા ટાપુથી જાવી પાઠની સુરાબાયાની સામુદ્રધુની પર, બટાવીઆના પૂર્વકિનારે, બન્ટાસ નદીના કાલિમાસ નામના મુખપ્રદેશ પર વસેલું છે. એક બાજુથી મદુરા ટાપુની ઓથમાં રક્ષાયેલ આ બંદરનો નૌકાવ્યવહાર નદીના મુખવાટે છેક શહેરના હાર્દ સુધી પહોંચતો હોવાથી હરકોઈ તેમજ વ્યાપારી બંને દૃષ્ટિએ એનું ગહનત્વ ઘણું ઊંચું છે. કાલિમાસની દક્ષિણે વ્યાપારી મકાનોની બરોબર સામે નાના પર-ગોદવામાં આવેલું એનું હરકોઈ નૌકાગમકટૉર્પિડો બોટ હાર્બર, ડોક યાર્ડ અને કોલસા ભરવાનું કોલિંગ સ્ટેશન હોવાથી બટાવીઆના તેમજ બંદરના બંને વ્યવહાર ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવી શકે છે; અને કાલિમાસની પશ્ચિમે સમગ્ર જલવિસ્તારને આવરી લેતા ડોકયૉર્ડસ પણ વ્યાપારી ધક્કાઓને રક્ષી રહે છે. વળી કાલિમાસના બંને કિનારાને બાંધે તેટલા પહોળા કરી પાકી દીવાલોથી ચણી લઈને શહેરના છેક અંતરાળ સુધી સરળ જલવ્યવહાર પહોંચી શકે એવી એક પાકી નહેર ખોદાવીને બંદરને ખીલવવામાં આવ્યું છે.

બંદર દ્વારા શહેરની નજીક આવતા જઈએ તેમતેમ શહેરની પાર્શ્વભૂમિકામાં તેજ્જર અને અર્જુન પર્વતોની હારમાળા, અને એની પાછળ ઘણે દૂર સીમેરુના બળતા જ્વાળામુખીનું સુંદર દૃશ્ય ઊઘડતું આવે છે. શહેરના પ્રવેશદ્વાર પાસે જ નદીના મુખ પર એક નાના બગીચામાં 'વિલ્હેમિના મિનાર' નામે ડચ સરકારનું ચૌકીનું થાણું ઊભું કરવામાં આવ્યું છે, ને બંદરના સમગ્ર પ્રદેશમાં જતા બધા વ્યવહારમાર્ગો—રેલ્વે, નૌકાઓ, ટ્રામવે ને સડકો ત્યાંથી જ શરૂ થાય છે. મતલબ કે એ બધા માર્ગો પર એ થાણાનો પંજો કાબૂ ધરાવી પડેલો છે. ત્યાંથી આગળ જતાં નૂતન 'ફૉર્ટ પ્રિન્સ હેન્ડ્રિક'નો કિલ્લો, તે પછી પુરાણું સુરાબાયા, તેની પાછળ નવું નગર અને તેની છેક પાછળ ગૃહાંગ અને બોગોકોમ્બો નામનાં આજના આધુનિક સુરાબાયાનાં સુયોજિત ને વ્યવસ્થિત નૂતન વસ' વાટના પરાંઓ વસેલાં છે. વિજળી, તાર, ટેલીફોન અને હવાઇ વિમાન-વ્યવહારનાં બધાં અદ્યતન સાધનોથી આ નગર સજ્જ થયું છે. સીમારેન્ગ અને બાનિયોમાંના છેક બાલિકપાપાન નગર સાથે સંકળાએલું છે.

બટાવીની મુખ્ય પેદાશ ખાંડ ને કુલ્પન્ન કરતી બધી ઑસ્ટ્રેલાના સંગઠિત ગાહાગંડળની મધ્યસ્થ પેઢી અહીં સુરાબાયામાં જ છે, ને બટાવી ખાંડની નિકાસનું મુખ્ય મથક પણ આ જ બંદર છે. તે ઉપરાંત કૉફી, તંબાકુ, ગકાઈ, ટોપીઓકા તથા બટાવી ચામડાંનો જંગી નિકાસવેપાર પણ અહીં જ ચાલે છે.

કસોટી

(૧) હું, મારો પુત્ર, મારો ભત્રીજો ને મારો ભાણેજ, ચારે જણ એક મોટરકાર ટેણકની ચાર બાજુએ જમવા બેઠા. તેમાં હું બધુની ડાબી બાજુએ બેઠો; અને કનુ મારા પુત્રની જમણી બાજુએ બેઠો. હવે વિનુ જો બધુની સામે બેઠો હોય તો બને મારો ભત્રીજો ન હોય તો મારો ભાણેજ કોણ?

(૨) મૂળાના ભાવ પૂછતાં મને જણાયું કે બેહરૂપિયાના છેટલા નંગ મૂળા આવે છે તેટલી જ પાઇઓમાં ડઝન મૂળા આવે છે. આથી મેં અરધો ડઝન મૂળા લીધા. તો મને શું બેહું?

(૩) ઉપરની આકૃતિમાંની બે લીટીઓ બરાબર સમાંતરે છે. શોધી કાઢો.

(૪) ઘણીવાર એકેડમાં MCMXLV આવા અક્ષરો લખેલા હોય છે. તેનો અર્થ શો?

(૫) વેંગ્રુ, ચોકિદાં, કાનખજૂરો, ચંદુલ, રોજ અને પુરસા. આમાંનાં બે પંખી છે, બે પેટે ચાલનારા જીવ છે ને બે ચોપગાં જનાવર છે. તે કયાં કયાં એ ઓળખી કાઢશો?

(૬) રસ્તા પર બે જણને બતાવી પાછળ ચાલનારે પોતાના મિત્રને ઓળખાણ કરાવ્યું: 'આની પુત્રીનો આ પિતા છે' તો એ બંનેનું શું સગપણ? (ઉત્તરો નીચે અવળા છાપ્યા છે)

'ઉપ્પ્ન્ન્ઉપ્ન

(૬) 'ઉપ્ન ઇપ્પ્ન્ન્ઉપ્ન ઇપ્ન (ઇપ્પ્ન્ન્ઉપ્ન ઇપ્ન ઇપ્ન ઇ

આ ઘડીકલી

ન દે સ્વાર્થને આવવા રહેજ પાસે,
એ ઈન્સાનિયતને ફનાવીને રહેશે.
બધેને અભિમાનમાં મસ્ત હો એ,
નમન તારૂં એને નમાવીને રહેશે.
દીએ જા, દીએ જા, નહિ વ્યર્થ જશે,
બલિદાન તો રંગ લાવીને રહેશે. —'સગીર'

સેવામૂર્તિ શ્રી જમશેદ મહેતા

'નૂતન કરાચીના નિર્માતા'ના બિરુદથી દેશભરમાં ખ્યાત થએલા ને સેવાને જ જીવનના કર્તવ્ય તરીકે સ્વીકારનાર આ સેવામૂર્તિ અને પ્રભુપરાયણ સજ્જન શ્રી જમશેદજી નસરવાનજી મહેતાને ગાંધીજીએ પોતે 'સાચા દેશભક્ત' તરીકે ઓળખાવેલા છે. પોતાને માટે અપરિણીત જીવન વહોરી લઈને પોતાનો સઘળો સ્નેહપ્રવાહ એમણે દેશનાં દીનહીનો પ્રત્યે વાળી દીધો છે. કરાચીના એ આજ નગરપતિએ માત્ર કરાચી કે સિંધ પ્રાંતની જ નહિ પણ દેશસમસ્તની સેવામાં પોતાનો હિસ્સો પુરાવ્યો છે, અને એને લઈને તા. ૭મી જાન્યુઆરીના રોજ એમને પૂરાં થએલાં સાઠ વર્ષ નિમિત્તે સિંધ જેટલું જ સમસ્ત હિંદ પણ આનંદનિમગ્ન બન્યું છે.

આજના કરાચીનું નિર્માણ શ્રી જમશેદ મહેતાને જ ઋણભારી છે એ વાત તો અત્યાર પહેલાં અનેક વાર કહેવાઈ ચૂકી છે; પરંતુ વસ્તુતઃ સિંધના નહેર જીવનનું એવું એક ક્ષેત્ર નથી જેના પર એમની છાપ ન પડી હોય. નાગરિક પ્રવૃત્તિ હોય કે રાષ્ટ્રીય આંદોલન હોય, શરીરસ્વાસ્થ્યનો પ્રશ્ન હોય કે સામાન્ય સુખાકારીનો હોય, વીમા ને શરાફીનો પ્રશ્ન હોય કે ઉદ્યોગના વિકાસનો પ્રશ્ન હોય,—સઘળામા એમનાં ખંત ને પરિશ્રમ ઝળકી જ રહેવાનાં.

સાચી મહત્તા સેવામાં જ રહેલી છે એ એમની સ્વાભાવિક પ્રતીતિમાં થીઓસોફીના એમના અનુશીલને વધુ બળ પૂર્યું છે. એમનું કાર્યક્ષેત્ર કરાચી રહ્યું હોવા છતાં એમનાં કાર્યનો પડઘો હિંદની ચારે દિશામાં પડયા વિના નથી રહ્યો. દેશભરની મ્યુનિસિપાલિટીઓ શ્રી જમશેદજીને એક આદર્શ નગરપતિ તરીકે સ્વીકારી ચૂકી છે. સિંધના આજના પાટનગરમાં આજે જે કંઈ વિશિષ્ટતા જણાતી હોય તો તે બે દાયકા સુધીની શ્રી જમશેદજીની સેવાને જ આભારી છે હરિદ્વનારાયણોના રક્ષણ અને કલ્યાણ માટે એ સદા તત્પર રહેતા આવેલા છે અને અન્યાયના નિવારણની બાબતમા સત્તાધારીઓનાં સંકોચ કે પ્રમાદ સામે એ વીરતાપૂર્વક ઝઝૂમતા રહ્યા છે.

જમશેદજીનું કુટુંબ સર ચાર્લ્સ નેપિયરના જમાનામાં સુરતથી સિંધ જઈ વસેલું એમના પિતા વેપારી હતા ને તેમનો ઇરાદો જમશેદજીને પણ વેપારમાં જ નાખવાનો હતો. કરાચીમાં અભ્યાસ લીધા પછી ઉચ્ચ વ્યાપારી શિક્ષણ માટે એ મુંબાઇ ગએલા. ત્યાં એક દિવસ રસ્તે જતાં, એક હૉલમાં ઍની બેસંટનું ભાષણ હોવાનું તેમના જાણવામાં આવ્યું. સભાખંડ ખીચોખીચ ભરાઈ ગયો હતો, પરંતુ એક જણે પોતાની ટિકિટ જમશેદજીને આપી અને તે અંદર ગયા. બસ, ત્યારથી પારસી વેપારીના આ પુત્રનું આખું જીવન જ પલટાઇ ગયું. બેસંટના વકતૃત્વ પર જ એ માત્ર મુગ્ધ ન રહ્યા પણ એમના શિષ્ય બની રહ્યા.

કરાચી પાછા ફર્યા બાદ પિતાનો વેપાર સંભાળવા એ અમૃતસર ગયા, પરંતુ પાછળથી કરાચી પાછા આવીને

આ માસનું પંખી

કુંજ

આપણાં ગામગીતોમાં જેને વાલમના સંદેશો લઈ જવાનું કૃતકાર્ય સોંપેલું છે તે લોકસમસ્તની જાણીતી આ 'કુંજલડી' મૂળ તો દક્ષિણ યુરોપ અને મધ્ય તથા ઉત્તર એશિયાનું પંખી છે. વર્ષા નીતરી રહે અને શરદની સોહામણી રાત્રિઓ જગતને રૂપાવરણ કરતી હોય ત્યારે એ ટોળાંબંધ હિંદમાં ઊતરી આવી કચ્છ-કાઠિયાવાડ ને ગુજરાતનાં તળાવ-સરોવરો તથા નદીકિનારે પથરાઈ જાય છે, અને આખો શિયાળો અહીં ગાળી વસંત આવતાં પાછાં સ્વદેશ ઊપડી જાય છે. અંગ્રેજી V અક્ષરના આકારે આકાશમાં ઊડતી, ઘોર મધુર નાદ કરતી એની હારો કોણે નહિ જોઈ હોય? આપણા ગુજરાતનાં વતની સારસને મળતું, પણ એનાથી અરધા કદનું આ પંખી એની નમણી દેહલતા, લલિત ચાલને કર્કશ છતાં હૃદયંગમ ધીરગંભીર અવાજને કારણે ખૂબ લોકપ્રિય બન્યું છે.

શરીર આછું આસમાની; માથું અને ગરદન કાળાં; માથે ઝૂરી ટોપી; બળાના આગલા ભાગે છાતી પર દાઢી જેવાં લાગતાં લાંબા પાતળાં પીછાં; લાલ ચંટક આંખ અને તેની નીચે સફેદ લાખું; લીલાશ પડતી ચાંચ ને છેડે લાલ અણી; પગ કાળા. પણ આ રંગવિન્યાસની ટોચ રૂપ એના દેહની વિશિષ્ટ શોભા તો, આંખની અણીથી ઊગતાં, રૂપેરી કલગી પેઠે માથા પાછળ ઝૂલતાં, લાંબાં પાતળાં ધોળા પીછાં છે. એના આ વિભૂષણથી એ તરત ઓળખાઈ આવે છે.

કેવળ વનસ્પતિનો જ આહાર કરનાર હોવાથી, એના બંજવાડને કારણે ખેડૂતોને ગમતો એ બલા જેવાં લાગે છે. ક્વચિત સ્વાદ પૂરતાં જીવાત આદિ ખાય છે. ('વનેચર')

ત્યાં જ રહ્યા. અને તે પછી તો, ગાળીગારોના એ નાનકડા ગામને,—'કલાચીને ગોઠ' એ અપ્રસિદ્ધ નામને—આજના સિંધના પ્રસિદ્ધ પાટનગર 'કરાચી' તરીકેનો જે કંઈ રૂપવિકાસ પ્રાપ્ત થયો છે તેની અનેક ભગિરથોના શ્રી જગશેઠજી સહાયક અને સાક્ષીભૂત છે.

કરાચી કૉમોરિસનના લગભગ બે દાયકા સુધી તેઓ સક્રિય રહ્યા હતા અને નવ વરસ સુધી તેના પ્રમુખ. ગાંધીજયંતીનાં રહેઠાણો માટેની 'કરાંચીગાં ઊભી થએલી ઘાડર્સિંગ સોસાઈટી પાછળ કેવળ તેમનું જ પ્રેરણાબળ હતું. ઉદ્યોગવેપારના વિકાસમાં એમણે પોતાનો સારો જેવો ફાળો આપ્યો છે, છતાં ઉદ્યોગપતિ કે વેપારીના કરતાં એક માનવતાવાદી તરીકે એ વધુ ખ્યાત છે. જગતનાં કષ્ટ-સંતાપ જોઈને એમનું દિલ દ્રવી ઊઠે છે. રાતે મોડે સુધી ઑફિસ-ટેબલમાં કોઈક દર્દીના બિછાના પાસે એમને બેસી રહેલા જોવા એ દૃશ્ય સામાન્ય થઈ ગયું છે. અનેક દુઃખિતોના એ આશ્રયધામ છે. નિરાધાર દેવાદારોથી માંડીને શાળા-કૉલેજની ફી ભરવાને અશક્ત વિદ્યાર્થીઓની એ એક મૂર્તિમંત આશા છે. અને એમની કાર્યશક્તિનું સાતત્ય તથા ઓકામતા એવાં અદ્‌ભુત છે કે એક વખત મૂછો આવી ગઈ ત્યાં સુધી એ સેવાકાર્ય કરતા રહેલા. એમના જેટલી પવિત્રતા અને પ્રભુતા જવલ્લે જ બીજામાં જડશે. નરસિંહ મહેતાએ વર્ણવેલા સાચા વૈષ્ણવજનના ગુણ એમનામાં ગાલ્લુમ પટે.

કરાંચી કૉમ્બેસ સમયે લાખોની આગઝરની આપની પરદેશી દારૂની ઑનરરી ઑર્ડર એમણે ફેંકી દીધેલી. કૉમ્બેસની ઑફિસ ભરવા માટે એક આઝવાડિયામાં એમણે સ્વયંસેવકોની તૈયારીઓ કરી નાખેલી. ધારા-સભાઓમાં એ ચૂંટાએલા, અને એક વાર તો નાણાંમંત્રીનું પદ પણ એમને મળતું હતું પણ એ એમણે જતું કરેલું. સેવા અને સત્તા વચ્ચે એમણે પોતાની વિવેકદૃષ્ટિ સતત જાગ્રત રાખી છે, અને બહુધા એ સેવા પણ એ પ્રકારની, કે સામી વ્યક્તિના કહ્યા પહેલાં જ તેનું દર્દ સમજીને તે ફેડવાની. આ જાણતની ખાતરી આપનારા કરાચીમાંથી અનેક નીકળશે.

જગશેઠજીનું હૃદય એ એક વત્સલ હૃદય છે, માતા સમું હૃદય છે. આને લઈને તો એમણે 'નેતા' બનવાનો પ્રયત્ન નથી કર્યો અને માત્ર 'સેવક' જ રહ્યા છે. સેવાનું મહત્ત્વ એમના જીવનમાં એટલું વ્યાપક છે કે 'પરિભ્રીત જીવન'ની માફક જ 'પરેઢાઈ'ને પણ એમણે લાત મારી છે. માણસ માણસ વચ્ચે દીવાલ ખડી કરતી કોઈ પણ પ્રવૃત્તિના એ વિરોધી છે, પછી એ પ્રવૃત્તિ ભાષાને લગતી હોય, ધર્મની હોય કે રાષ્ટ્રને લગતી. એ રીતે જોઈએ તો શ્રી જગશેઠજી આજના નહિ પણ આવતી કાલના નાગરિક છે, આવતી કાલે જેનો મહિમા અનિવાર્યપણે સ્થાપિત થવાનો છે એ જગન્નાગરિકત્વના એ આજના પ્રતિનિધિ છે. —અ૦ (ભારતી)

કૂટબૉલની રમત

પળવારમાં પસીનોપસીનો કરી નાખનાર, શરીરના એકએક અંગને પૂરતી કસરત આપનાર કૂટબૉલની રમત ગુજરાતમાં ઓછી નજરે પડે છે કારણ ગમે તે હોય, પણ એટલું તો સ્પષ્ટ જોઈ શકાય છે કે આપણે ગુજરાતીઓ આની શ્રમવાળી રમતો પ્રત્યે ઉદાસીનતા સેવીએ છીએ. નાની રમતો કે જેમાં શરીરને બહુ શ્રમ પડતો નથી તેવી રમતો તરફ આપણે વધુ આકર્ષાઈએ છીએ.

શરીરને પંપાળીને બેસી રહેવાનો જમાનો ચાલ્યો ગયો છે. આ જમાનો છે માનસિક કેટલી જ બક્કે તેથી પણ વધારે શારીરિક તાકાતની જરૂરિયાતનો. આ જમાનામાં જીવવું હશે તો શારીરિક શક્તિ તરફનું દુર્લક્ષ દૂર કર્યે જ છૂટકો થશે અને એટલા માટે જ

કૂટબૉલ, દોડ જેવી શરીરને કસની રમતો દરેક જગ્યાએ રમાવી જોઈએ. કૂટબૉલની રમત એ શરીરના એકેએક અંગને પળવારમાં પૂરતી કસરત આપનાર રમત છે આ રમતનો આછો ખ્યાલ આ રહ્યો.

કૂટબૉલની રમત કેટલાં ૧૩૬૫ની સાલથી એક આખા બ્રિટન રમવાને રમાતી આવ્યાના દાખલા મળી આવે છે. કહેવાય છે કે રોમન લોકો કૂટબૉલની રમત બહુજ ઝનૂની અને કઠંગી રીતે રમતા. પછી એ રમતમાં ધીરેધીરે સુધારા થતા ગયા ને ૧૮૬૩માં ઇંગ્લંડમાં કૂટ-બૉલ ઍસોસીએશનની સ્થાપના થઈ અને તે પછી આ રમત વધુ વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક બની. આપણે ત્યાં એનો વધતો જતો રસ જોતાં આ નીચે તેની વિગતોની આછી રૂપરેખા આપી છે.

કૂટબૉલની રમત અગિયાર અગિયાર ખેલાડીઓની બે ટુકડી વચ્ચે રમાય છે. આ અગિયાર ખેલાડીઓને રમતના મેદાન પર અમુક મુકરર સ્થાને ઊભા રાખવામાં આવે છે અને તેમને વ્યક્તિગતરીતે નીચે પ્રમાણે સંબોધવામાં આવે છે :

૧ ગોલકીપર ૭ આઉટસાઇડરાઇટ
૨ રાઇટ બૅક ૮ ઈનસાઇડ રાઇટ
૩ લેફ્ટ બૅક ૯ સેન્ટર ફૉર્વર્ડ
૪ સેન્ટરહાફ ૧૦ ઇનસાઈડ લેફ્ટ
૫ રાઈટ હાફ ૧૧ આઉટસાઇડ લેફ્ટ
૬ લેફ્ટ હાફ (જુઓ નકશો)



રમતના મેદાનનું માપ સામાન્યરીતે ૧૧૫×૭૫ વારનું હોય છે, પરંતુ વધુમાં વધુ ૧૩૦×૧૦૦ વાર ને ઓછામાં ઓછું ૧૦૦×૫૦ વાર હોઈ શકે છે. આખું યે મેદાન ચોતરફ લીટીઓથી નિશાની કરી દોરવું જોઈએ.(જુઓ આકૃતિ) આ લંબચોરસ મેદાનના છેડા પર આ-વેલી લીટીઓને 'ગોલ-લાઈન્સ' કહે છે અને પડખાની લીટીઓને 'ટચ-લાઇન્સ' કહે છે. આ ઉપરાંત મેદાન વચ્ચે સોંસરી એક 'હાફ ને લાઇન' પણ દોરવામાં આવે છે. આ હાફ-વે લાઈનની મધ્યમાં ૧૦ વાર ત્રિજ્યાનું એક વર્તુલ દોરવામા આવે છે. મેદાનના ચારે ખૂણા પર એકેક વાવટો ખોડવામાં આવે છે.

બન્ને બાજુના ગોલની હદ મુકરર કરવા માટે 'ગોલ-લાઇન' પર આવેલા બન્ને વાવટાથી સમાન્તરે બે હાથા વાંસલા ખોડવામાં આવે છે, જેની વચ્ચેનું અંતર આઠ વાર હોય છે. આ બન્ને વાંસ-લાઓની ઉપર જમીનથી ૮ ફૂટની ઊંચાઈનું માપ લઈ એક આડો વાંસલો મૂકવામાં આવે છે. આ લંબચોરસ ગાળાની વચ્ચેથી દડો જ્યારે પસાર થાય છે ત્યારે 'ગોલ' થયો ગણવામાં આવે છે.

ઍસોસીએશન-કૂટબૉલના કાયદાકાનૂનો મુજબ કૂટબૉલનું વજન ૧૩ થી ૧૫ તોલા અને તેનો પરીઘ આઠમાં આઠ ને વધુમા વધુ ૨૮ ઇંચનો મુકરર કરવામાં આવ્યો છે.

સંપૂર્ણ રમત રમવાનો સમય ૯૦ મિનિટનો હોય છે. આ સમ-યની વચ્ચે પાંચ મિનિટનો મધ્યાન્તર પાડવામાં આવે છે, જે વખતે બન્ને પક્ષો પોતપોતાની રમવાની બાજુ ફેરવે છે. બન્ને પક્ષની સમાનતૂતીથી ઉપર્યુક્ત સમયની હદ વધુ ઓછી કરી શકાય છે

રમતની શરૂઆત કરતાં પહેલાં 'ટૉસ' કરાવવામાં આવે છે. ટૉસની જીતનાર કૅપ્ટન કાં તો પહેલી કિક' (લાત) મારવાનું માગી અથવા તો મધ્યાન્તર પહેલાં કઈ બાજુથી પોતે રમશે તે માગી લે છે.

સામાં પક્ષને પોતાના ગોલમાંથી દડો પસાર કરવા ન દેતાં પોતે જ સામા પક્ષના ગોલ સોંસરો દડો નાખી આવવો એ ફૂટબૉલની રમતનો અંતિમ હેતુ છે. અને રમતના મુકરર કરેલા સમય દરમ્યાન જે પક્ષ એ રીતે વધુ ગોલ કરે છે તેની જીત થાય છે. બન્નેના સરખા ગોલ થાય તો મૅચનું પરિણામ 'ડ્રૉ'માં આવે છે.

રમતની શરૂઆત થતાં ટીમની 'સેન્ટર ફૉર્વર્ડ' વ્યક્તિ પ્રથમ દડાને 'કિક ઑફ' કરે છે (લાત મારે છે)ને દડાને લાત વડે પોતાના બેક તરફ મોકલી પોતે આગળ વધે છે; અને બેકો દડાને, સામા-વાળાના અટકાવવાના પ્રયત્નોને ગણકાર કરતા અને પોતાના બેકો તરફ ચોકસાઈથી પસાર કરતાકરતા, એકત્ર બળથી સામાવાળાના ગોલમાં લઈ જવા ગયે છે. આમ, રમત સામસામા પક્ષનાં કુનેહ તથા કૌશલ્ય પર અવલંબની આગળ વધે છે.

રમત દરમ્યાન જો દડો લાતવાગીને 'ટચલાઈન'ની બહાર ચાલ્યો જાય તો, જે પક્ષથી તે ગયો હોય તેના સામા પક્ષનો ખેલાડી, જે જગ્યાએ દડો ગયો હોય ત્યાંથી દડાને બે હાથમાં ઉપાડી ફેંકે છે. આને 'થ્રો-ઇન' કહેવામાં આવે છે. આ 'થ્રો-ઇન'નું કામ હમેશાં જમણી બાજુ પરથી 'રાઇટ હાફ' અને ડાબી બાજુથી 'લેફ્ટ હાફ' કરે છે.

પોતાની ગોલ લાઇન પર જો સામો પક્ષ આવી ગયો હોય ને પોતાના જ કોઇ ગ ખૂણે 'ગોલ લાઈન'ની મર્યાદા બહાર દડો કાઢી નાખ્યો હોય તો સામા પક્ષવાળાને 'કૉર્નર કિક' આપવામાં આવે છે. ગોલની જે બાજુથી દડો બહાર ગયો હોય તે બાજુના ખૂણા પરથી આ 'કૉર્નર કિક' મારવામાં આવે છે. આ 'કિક' ખૂણા પરના વાવટાથી એક વારની અંદરથી મારવામાં આવે છે. ચિત્રમાં દર્શાવેલા 'પેનલ્ટી એરિયા'માં જો પોતાના પક્ષનો માણસ 'ફાઉલ' કરે તો પણ સામા પક્ષને 'પેનલ્ટી કિક' મળે છે. આ પેનલ્ટીકિક ગોલની મધ્યની સામે બાર વાર દૂર કરેલી 'પેનલ્ટીકિક માર્ક' નામની જગ્યા પરથી કરવામાં આવે છે.

ઉપર સૂચવેલ 'ફાઉલ' શબ્દ શું છે અને 'ફાઉલ' કેટલા પ્રકારના છે તે તપાસીએ. ખેલાડી રમતમાં ન કરવાની વસ્તુઓ કરે એને ફાઉલ ગણવામાં આવે છે. આ રમતમાં કોઈપણ ખેલાડી (ગોલકીપર સિવાયનો) દડાને હાથ અડકાડે તો 'હૅન્ડલ' ગણાય છે આ ઉપરાંત સામા પક્ષના ખેલાડીને આડી મારી પછાડવાથી, દડો એની પાસે ન હોય છતાં તેની સાથે અથડાવાથી, સામા માણસને હાથથી પકડી લેવાથી અને સામા માણસને પછાડવા ધક્કો મારવા થી ફાઉલ ગણવામાં આવે છે વળી એક 'ઑફ-સાઇડ' નામનો પણ ફાઉલ થાય છે. જો કોઈ રમનારનો બેક ટચ લાઇન ઉપરથી દડાને અંદર ફેંકે તે વખતે સામા પક્ષના ગોલ અને તેના વચ્ચે ત્રણથી ઓછા માણસો હોય તો તે વખતે તે પોતે રમતમાંથી બાકાત ગણાય છે. છતાં જો તે દડાનો રખડો કરે તો તે 'ઑફ સાઇડ ફાઉલ' કહેવાય છે. આ બધા ફાઉલનો નિર્ણય કરવા માટે એક 'રેફરી' નીમવામાં આવે છે અને તે સીટી વગાડી ફાઉલ જાહેર કરે છે. રમત દરમ્યાન બીજા કાયદા-કાનૂનનું પાલન થાય તેનું ધ્યાન પણ આ 'રેફરી' જ રાખે છે.

(જાવનગર સમાચાર) —હરિભાઈ ચોહાણ

લોહચુંબક

લોખંડને પોતાના તરફ આકર્ષતું, ઘોડાની નાળના આકારનું લે ઢ ચુંબક નાનપણમાં રમત તરીકે અને નિશાળમાં પ્રયોગો વેળા સૌનો જોવામાં આવ્યું હોય છે. પરંતુ એ એટલું રમતનું સાધન નથી, પણ છેલ્લાં દોઢસો વર્ષના ગાળાની વિજ્ઞાનની પ્રગતિમાં તેનો મહત્ત્વનો ફાળો છે એ વાત બહુ થોડા જણતા હશે. જૂના કાળમાં સૈકાઓ થયાં લોહચુંબકનો ઉપયોગ શરીરને અવાળવા અને વ્યાધિથી મુક્ત રાખનાર ને તંદુરસ્તી આપનાર તાવીજોની બનાવટમાં થતો આવ્યો છે. આજે તેનો ઉપયોગ લોખંડનાં પારખાનાંઓમાં લોખંડના તો-લીંગ અને વજનદાર ચાટલાઓ તથા પતરાના બારા ઉઘાડવાના બંધ ઠેરફેર કરવાના કામોમાં થાય છે, તથા વહાણવટીઓ ને વાયુયાન-નો આ કામની સફરીઓને દિશા દર્શાવનાર અત્યંત ઉપયોગી હોકા-યંત્રની બનાવટમાં થાય છે.

ચુંબકપત્થર ધરતીમાં થી ગણી જ જગ્યાએ જડાઈ છે તેના બંધારણમાં લોહ, મૅગ્નેશ્યમ, નિકલ ને ટાઇટેનિયમ ધાતુઓ સમા-એલી હોય છે. તે એટલું તો સાબત હોય છે કે તેના ઉપર ચપ્પું ઘસરકો પણ પડતો નથી વળી તેની વિશિષ્ટતા ચુંબકીય ધ્રુવ (Magnetic Poles) ધરાવવાની છે. તેના એક છેડે ધનધ્રુવ (Positive Pole) હોય છે તો બીજા છેડે ઋણધ્રુવ (Negative Pole) હોય છે, તેમાંથી ધનધ્રુવ બીજાઓ સાથે આકર્ષાય છે. લોખંડને પોતા તરફ આકર્ષવાના લોહચુંબકના આ ગુણધર્મને લીધે તેને ચુંબક ન ગ યથાર્થરીતે અપાયેલું છે લૅટિન, ફ્રેન્ચ ને ચીની ભાષામાં પણ તેના આ અર્થવાળા નામથી જ તેને ઓળખવામાં આવે છે.

એક ધરી ઉપર ચુંબકપત્થર ને લોખંડની ઘડેલી સોય ગોઠવ-વામાં આવે તો તે હરહમેશ ઉત્તર અને દક્ષિણ દિશાઓ તરફ જ સ્થિરતાપૂર્વક ઓઢવાઈલી રહે છે. અત્રે જાણવું જરૂરી છે કે ઉત્તર-દક્ષિણ દિશા દર્શાવતી સોય શુદ્ધ ઉત્તર ને દક્ષિણ દિશાઓ દર્શાવતી નથી હોતી, પણ ઉત્તર કૅનેડા ના એક અણોફસ પ્રદેશ ભણી આવેલી લોહચુંબકીય (Magnetic) ઉત્તર દિશા અને ઍન્ટાર્ક્ટિક પ્રદેશ ભણી આવેલી દક્ષિણ લોહચુંબકીય દિશા દર્શાવતી હોય છે

ચુંબકપત્થરનો આ દિશા દર્શક ઉપયોગ લાંબા વખત થયાં ચીની પ્રજા જાણતી હતી અને વહાણવટામાં તથા પ્રવાસમાં તેનો ઉપયોગ કરતી હતી. દુનિયાભરનો અન્વેષક ને પ્રખ્યાત મુસાફર માર્કો પોલો સાતસો વર્ષ પહેલા ચુંબકપત્થર ચીનમાંથી પહેલવહેલો યુરોપ લઈ ગયો અને તેનાથી બનાવાએલા હોકાયંત્રની મદદથી, ઠોકઠોકે ફરતાં જહાજને એ હવે ભરદરિયે સફર કરવા લાગ્યા. યુરોપમાં ચુંબકપત્થરને ગયાને બસોઅક વર્ષો વીત્યાં ના વીત્યાં ત્યાં તો ત્યાંના સાહસિક નાવિકોએ હોકાયંત્રની મદદથી જગતના જલમાર્ગો ઉપર અજબ પ્રભુત્વ જમાવી દીધું સાત સમુદ્રો ચીંધી તેમણે હિંદ શોધ્યું તથા અમેરિકાના કિનારે પગ મૂક્યો અને જળમાર્ગે પૃથ્વીની પ્રદક્ષિણા કરી અને એકેએક વહાણવટાની પ્રગતિએ ખંડખંડ અને દેશોદેશ વચ્ચેનાં અંતરો ભાંગ્યા અને જગતની જનતા-ઓ નિકટતાની ભાવના ઉત્પન્ન થઈ ને વેપારઉદ્યોગની ખીલવણી સાથે પ્રજાપ્રજાના સંપર્કથી સંસ્કૃતિનો વિકાસ સધાયો.

લોહચુંબક તેના બંધારણમાં આવું અજબ ચુંબકીય તત્ત્વ ધરાવે, અને પૃથ્વીના સ્વાભાવિક ચુંબકીય છેડાઓ તરફ જ તેનું આકર્ષણ રહે, એવા તેના ગુણની અજોડતાનું વિજ્ઞાનના બંધારણના કોઈ ગૂઢ રહસ્ય તો હશે જ. રેડિયમ, હેલિયમ તથા બીજાં મૂળ તત્ત્વો વિષે જ્ઞાન મેળવતા જ્ઞાનીઓ કુદરતની ગૂઢ શક્તિઓનો પરચો મેળવ્યો છે, પણ હજુ સુધી લોહચુંબકના ચુંબકીય પ્રવાહો, મુખો, તેની નિગૂઢ-શક્તિ તથા બીજા મર્મો સાથે સંકળાએલા તેના રાજ્ય સંબંધો વિષેનું રહસ્ય કોકવ યું નથી. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

મગફળી-ગરીબોની બદામ

મગફળી આપણે, અવારનવાર તેના સ્વાદને ખાતર ખાઈએ છીએ પણ ખોરાક તરીકે તેનું મહત્ત્વ સમાજને નહિ. ગયાનાં લખ્યું

પ્રોટીન દ્રવ્ય ધરાવતા ખોરાકની ફરજ્યાત આવે એવી તે છે. સંયુક્ત બી વીટામિન, ફૉસ્ફરસ, કૅલ્શિયમ તથા લોહ પણ ધરાવે છે. સિનગ્ધ પદાર્થનું પણ આમાં સારું એવું પ્રમાણ રહ્યું છે તે ભૂખની તૃપ્તિ કરવા સાથે વીટામિન એ. નું પણ ઠીકઠીક પ્રમાણ ધરાવે છે. આવી સમૃદ્ધ ચીજને આપણા આહારમાં સ્થાન આપવું જોઈએ. નાનાં બાળકો તેમજ વૃદ્ધો માટે એ બહુ ફાયદાની ખોરાકની ચરજ સારે છે. અમેરિકામાં તો મગફળીમાંથી ચોકલેટના મીઠા સાથે મિશ્રણ કરીને 'બાળણ' બનાવવામાં આવે છે, જે ત્યાં અત્યંત પ્રચારમાં છે.

એકલી કાચી મગફળી ખાવાથી કોને તાજને ચોંટવાનો ભય છે એમ લોકો દ્રાક્ષ, દૂધ, મોસંબીના રસ કે મધ સાથે તે ખઈ શકે છે. દાળમાં પણ તેનો ઉપયોગ થઈ શકે છે. દાળને વિશિષ્ટ સ્વાદ આપવા સાથે પોષણની નજરે પણ તે ફાયદો કરે છે. ગુજરાતના લોટ સાથે તેનું મિશ્રણ કરીને જુદી જુદી વાનીઓ બનાવી શકાય છે.

કાનુ, અખરોટ કે બદામ જેવા સૂકા મેવાની સરખામણીમાં મગફળીમાં સિનગ્ધ દ્રવ્યનું પ્રમાણ જોકે ઓછું છે પણ બીજી કીમતનાં સૂકાં ફળો નો ઉપયોગ જેમનાથી ન કરી શકાતો હોય તેમને માટે મગફળી જેવી અમૂલ્ય વસ્તુ બીજી નથી. બીજા કોઈ પણ સૂકા ફળ કરતાં જરાય સ્ત્રીજ નજરે મગફળી માનવશરીરને વધુ ફાયદાની છે —એક માત્ર સોયાબીન સિવાય. આખું કમાનારો વર્ગ જો ના ઉપયોગ દ્વારા પોતાના આહારમાં પ્રોટીન, થાયેમિન, નાયેસિન, વગેરેની વૃદ્ધિ કરીને પોષણપ્રદતામાં ખોટથી પૂર્તિ સાધી શકે છે.

આપણા શરીરને બી વીટામિનનાં દ્રવ્યોની જે જરૂર રહે છે તે રોજની લગભગ બે ઔંસ મગફળીથી પૂરી પડી શકે છે. રોજિંદી જરૂરી કૅલરીના ૧૨ ટકા, પ્રોટીનનો પાંચમો ભાગ, લોહનો દસમો ભાગ તથા કૅલ્શિયમનો વીસમો ભાગ એથી પૂરો પડી શકે તેમ લોહને અને રોજિંદા ખોરાકમાં સ્થાને આપવા સામે વાંધો ન હોઈ શકે. (બાકી)

પચવામાં ભારે, ગેરગ તથા વાયુ કરનાર હોવાથી કેટલાકને મગફળીથી પેટમાં દરદ, પિત્ત, અને કોઈકોઈ વાર કળતબાતને બદલે એકાએક દરત થવા લાગે છે. વાયુ અને કફપ્રકૃતા વધવાથી કોઈ કોઈને હરસ પણ કરી આવે છે. પણ મગફળીને શેકીને ખાવાથી આ ઉપદ્રવો બહુ થવા પામતા નથી. ઉપાહાર કે ફલાહારમાં આપણે ત્યાં મગફળીનો ઉપયોગ દરેક જગ્યાએ થાય છે. સાકર કે ગોળ સાથે તેનો પાક (મિઠાઈ) બનાવીને પણ ઘણા લોકો ખાય છે તે બાળકોને ખૂબ જ પસંદ આવે છે. વિટામીનો બનાવટનાં—ગી પરમેન્ટ, ગૉ કલેટ, બિસ્કિટ ટૉફી, બદલે બાળકોને મગફળીનો પાક વધુ ફાયદો કરશે.

મગફળીના બીજને પાણીમાં આઠદસ કલાક પલાળી રાખી સ્વચ્છ પાણીથી ધોઈ લેવો. પછી જરા ભીનું રહે ત્યારે વધુ સ્વાદિષ્ટ ને ગુણકારક બને છે. એવી રીતે તૈયાર કરવાથી તેમાં રહેલ વિટામીન વધુ સરસ અને લાભકારક બને છે. તે સડેલાંથી બચી જાય છે. જેમને મગફળી બરાબર પાચન નથી થતી તેમણે એના બીજ માત્ર પાંચેક તોલા લેવા. થોડા સૂકા ખજૂર પલાળી રાખી સવારે સાફ કરીને બાફવું, ગોળ કે સાકર સાથે બરાબર ચાવીને ખાવાની ટેવ પાડવી. ધીમેધીમે તે ખોરાક આવી જશે. ખાતી વખતે તેની સાથે થોડું પાણી પીવું જોઈએ. જે લોકો મગફળી ખૂબ ખાય છે પરંતુ પાણી પીવાથી ડરે છે તેમને તે નડે છે. મગફળીથી પેટ સાફ આવે છે ને પાચનક્રિયા સુધરે છે. ઘણા લોકો એમ માને છે કે મગફળી સાથે પાણી પીવાથી ખાંસી થાય છે, પરંતુ આ ખ્યાલ બરાબર નથી.

જેવી રીતે કાચું અન્ન ખાવાથી થોડાજ પ્રમાણમાં તે વધુ સંપૂર્ણ આહારની ગરજ સારે છે તેવી રીતે મગફળી એ પણ કાચું અન્ન હોય તેમ સમજીને ખાવાની છે. મગફળીમાં જે તેલ રહેલું છે. તે તેલ આપણને 'કૉડલીવર ઑઇલ' જેવો ફાયદો આપે છે.

(ગુજરાત દર્પણમાંથી) —કલ્યાણદાસ ક્ષત્રિય

આપણી ઉમરનો એક કલાક

જ્યારે દિવસ એક કલાક વહેલો કરવામાં આવેલો ત્યારે 'નવો ટાઈમ' અને 'નૂતન ટાઈમ' એમ બોલીને ગાંડમાંડ આપણે સમયને ટેવાતાં શીખેલા. અને પછી આપણે એને ટેવાઈ જવા આવ્યા ત્યાં તો યુદ્ધ પૂરું થઈને પાછો આજનો 'નૂતન ટાઈમ' આપણને 'જૂના ટાઈમ'ના સ્વરૂપમાં પાછો આવીને ગાંડ્યો ! કેટલાકને તો જાણે આવરદાનો એક કલાક ભોગવ્યા વગર જાવ્યો, જાય છે. ઘણું જ અજુગતું લાગ્યું હશે. આ ફેરફાર તો યુદ્ધ દરમ્યાનની વ્યવસ્થા પૂરતો જ હતો. પણ તમે જાણીને નવાઈ પામશો કે ૧૯૪૪ના ડિસેમ્બરની આખર તારીખ આખા જગતના ખગોળશાસ્ત્રીઓ માટે માત્ર ૧૨ કલાકની હતી ! અને એ બારીના બાર કલાક જેવા કરવા પડેલા ત્યારે જાણે એકની જ જિંદગીના બાર કલાક લુંટાઈ ગયા હોય તેવો જબરો ઉહાપોહ એ ખગોળશાસ્ત્રીઓએ મચાવેલો.

ઇ.૧૯૨૫ના જાન્યુઆરીની પહેલી તારીખ પહેલાં દિવસની ગણતરી બે રીતે થતી ખગોળશાસ્ત્રીઓ તો નિશાચરની જેમ સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચેના જ સમયમાં પોતાનું ખરું કામ કરવાના, એટલે એમનો સમય દરમ્યાન એકની તારીખફેર બે એકને કહેવો નહિ. તેથી એકનો દિવસ શરૂ થતો મધ્યાહ્નથી. જ્યારે બાકીની દુનિયાને સૂર્યોદયથી સૂર્યાસ્ત વચ્ચે કામ કરવું રહ્યું. એટલે એકનો દિવસ બદલાવવાનો સમય મધ્યરાત્રિ જ રાખવામાં આવેલો. પરંતુ બેચારા ખગોળશાસ્ત્રીઓને તો આ દુનિયાના દિવસની સાથેસાથે ખગોળશાસ્ત્રીઓના દિવસ બેડે પણ લેવાદેવા હતી. તેથી એમણે આ બંને દિવસો એક કરવા ઉહાપોહ મચાવ્યો અને છેવટે એમ નક્કી થયું કે ૧૯૨૫ના ઊઘડતા પ્રભાતે આ બંને દિવસો એકસાથે થઈ જાય. અને પરિણામે બીચારા ખગોળશાસ્ત્રીઓએ ૧૨ કલાક ગુમાવ્યા !

પણ દિવસોના એથીયે જબ્બર ઘાટડો તો આવેલો ૧૭૫૨માં. આજનું યુરોપી કૅલેન્ડર રોમન લોકોના જુલિયન કૅલેન્ડર ઉપરથી ઊતરી આવ્યું છે જુલિયન વર્ષ ૩૬૫ દિવસનું હતું. તેથી સામાન્ય વર્ષ ૩૬૫ દિવસનું અને દર ચોથું વર્ષ એક દિવસ અધિક થઈ તે ૩૬૬ દિવસનું થતું પણ એ રીતે એ વર્ષ ૧૧ મિનિટ અને ૧૪ સેકન્ડ મોટું બની જતું. એથી દર ૧૧૮ વર્ષે એક દિવસ વધી જતો. આ રીતે ફેર પડતો જાય તો લગભગ બે હજાર વર્ષમાં તો મકરસંક્રાંતિ ઘણી જ નજીક આવતી રહે ! આને પાછું ઠેકાણે લાવવા પોપ ગ્રેગરી ૧૩માએ જુલિયન કૅલેન્ડરમાં ૧૦ દિવસ દબાવી દઈને દર સૈકડાનું વર્ષ અધિક વર્ષ ન ગણતાં સામાન્ય ૩૬૫ દિવસનું ગણવાનું અને દર ચારસોમું વર્ષ અધિક ઓટલે ૩૬૬નું દિવસનું ગણવાનું ઠરાવ્યું. આ નવી ગ્રેગરિયન ગણતરી સાથે ગ્રેગ ગ્રેસાડવા ઇ. ૧૭૫૦માં બ્રિટિશ પાર્લામેન્ટે એક કાયદો પસાર કર્યો કે ૧૭૫૧ના સપ્ટેમ્બરની બીજી તારીખ પછી ૧૪મી તારીખ આવે ! આ રીતે તે વર્ષમાં ૧૧ દિવસો કપાઈ ગયા ! એ વખતે તો આ ૧૧ દિવસના કાપ સામે જોરદાર વિરોધ થઈ ગયો કે બ્રિટનના અમુક વિભાગના લોકોએ 'અમને અગિયાર દિવસ પાછા આપો' કહી બળવો પોકારેલો અને એમાં ઘણાં માણસો ગરાઈ પણ ગએલાં !

આપણે પણ જાણે ૧૯૪૨માં છવ્વા વગર કમનો એક કલાક ગુમાવી દીધેલો હતો. પણ ને પાછો હવે વધુ છવ્વા ગળો ગયો છે!

પારનેરાનો કિલ્લો

પારનેરાનો કિલ્લો ઐતિહાસિક છે અને એ વલસાડથી ચાર માઈલ દૂર અગ્નિ ખૂણામાં આવેલો છે. તળેટીમાં ગોગ છે. દક્ષિણે પાર નદી વહે છે. એની ઊંચાઈ લગભગ ૫૦૦ ફૂટની છે. એ કિલ્લો ઘણા પુરાણા જમાનામાં કોઇ હિન્દુ રાજાએ બંધાવેલો. પાછળથી ગુજરાતના મહમદ બેગડાએ(૧૪૫૬-૧૫૧૧)તેને ધરમપુરના રાજા પાસેથી છતી લીધો. તે પછી મુસલમાન રાજા ક્ષીણ થતાં તે લૂંટારાના હાથમાં ગયો અને ઈ. સ. ૧૬૭૬ના એપ્રિલ માસમાં છત્રપતિ શિવાજી મહારાજના સેન્યપતિ મોરો પંડિતે તે છતી લઈ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. કાળક્રમે મરાઠાની સત્તા નિર્મૂળ થઇ અને ઈ. સ. ૧૮૩૦ માં એ કિલ્લો અંગ્રેજોના હાથમાં ગયો.

શિખર પર ચંડિકા માતાનું મંદિર છે. અહીં આશ્વિન સુદ અષ્ટમીએ મોટો મેળો ભરાય છે. શિખર ઉપરથી આસપાસના પ્રદેશનો દેખાવ ઘણો રમણીય લાગે છે. દૂર નજર ફેંકતાં પાર નદીનો સંગમ, પારડીનો કિલ્લો, અરબી સમુદ્રમાં વિહરતાં વહાણ, વલસાડ શહેર, આગગાડીની આવન જાવન વગેરે દૃષ્ટિગોચર થાય છે. કિલ્લા પર ચારપાંચ પાણીના કુંડ છે, પણ તેનું પાણી વપરાશ વગર અસ્વચ્છ રહે છે. આસપાસ સૈકા પુરાણી તોપો પડેલી છે તેમજ કરતો કોટ તથા શિવાજી મહારાજના સમયનું ભોંયરું વગેરેના અવશેષો જોતાં એની ભવ્યતાનો ખ્યાલ મન પર ઊંડી અસર કરે છે. —કલ્યાણદાસ ક્ષત્રિય

પૃથ્વી ગરમ બનતી જાય છે

પૃથ્વી દિવસાનુદિવસ ઠંડી પડતી નથી જતી, પણ ગરમ બનતી જાય છે. પ્રસિદ્ધ વિજ્ઞાની જે બી એસ. હાલ્ડેન 'અમેરિકન સાયન્ટિસ્ટ'માં જણાવે છે કે, પૃથ્વી પોતાની ઉષ્ણતાનો વાતાવરણમાં જેટલો વ્યય કરે છે એથી વધુ ઉષ્ણતા તે 'રેડિયો ઍક્ટિવિટી' દ્વારા મેળવતી જાય છે. આ વધતી જતી ગરમીને લઈને પૃથ્વીને વિશેષ સંખ્યામાં અને વધુ મોટા ધરતીકંપોનો અનુભવ કરવાનો રહેશે અને અત્યારના કરતાં વધુ સંખ્યામાં અને વધુ મોટી પર્વતમાળાઓ તેના પૃષ્ઠ ભાગે ઉપસી આવશે. પૃથ્વીની વધતી જતી આ ગરમીને લઇને માણસની શારીરિક શક્તિમાં પણ વધારો થશે એમ હાલ્ડેન માને છે.

વિચિત્ર રાક્ષસ

દક્ષિણ અમેરિકાના મેક્સિકો પ્રદેશમાં આવેલા પોપોકેટાપેટી નામક મૃત જ્વાળામુખીના વિસ્તારની આસપાસ ૧૦૦ ફૂટના હદનો એક રાક્ષસ જોવામાં આવ્યો છે. એનો આખો ચહેરો ઝગારા મારતો જણાયો છે. ઝગઝગતા ચહેરાવાળા એ પ્રાણીને પકડવાના પહાડવાસીઓના ફોગોલિસના સઘળા પ્રયાસો અત્યાર સુધી વિફળ રહ્યા છે. આ પ્રાણી રેડ ઇન્ડિયનોમાં બરાબર જોવું છે. એમના કહેવા પ્રમાણે તેની આંખોમાંથી લાલ પ્રકાશ નીકળ્યા કરે છે અને તેના મસ્તકમાંથી અત્યંત તેજસ્વીતાથી માંડીને ઝાંખોઝરો પ્રકાશ પ્રસરતો રહે છે. તેના એકેક પગલાથી જમીનમાં દસ દસ ફૂટની છાપ પડે છે. પહાડની આસપાસ રહેતા એકાંતવાસીઓ જણાવે છે કે એ પ્રાણી સ્વભાવે ભીરુ ને નિરુપદ્રવી છે. એ કોઇના પર પણ આક્રમણ નથી કરતું એકવાર ૧૦૦ ફૂટની એક કરાડ પર એ આરામ લેતું દેખાયું હતું. એના તેજમાં આખી કરાડ સ્પષ્ટ રૂપે જોઇ શકાતી હતી. તેજસ્વી દીવાની જેમ તેની આંખો પ્રકાશ વેરતી હતી થોડી વારે તો ચારે પગે પૂર જોરથી નાસી છૂટયું એને લગતા જોવાલો સાંભળીને અમેરિકાના પ્રાણિવિદ્યાવિશારદો એ પ્રદેશમાં પહોંચ્યા છે. એ પ્રાણીને ઓકાદ ગુફામાં સપડાવીને ગુફામાં ગૅસ વહેતો મૂકો, એને બેભાન બનાવી દઈને જીવતું જ પકડી લેવાનો તેમનો ઇરાદો છે.—(ભારતી)

આ માસ (ફેબ્રુઆરી) ઈતિહાસમા

તા. ૨ આર્જેન્ટિનાની રાજધાની બુએનોસ ઐરીસ રચવામાં આવ્યું, ૧૫૧૫

તા. ૪ મરાઠી જ્ઞાનકોશના સંપાદક ડૉ. કેતકરનો જન્મ, ૧૮૮૪

તા. ૬ શેઠ નગરશા જહાંગીરે અંગ્રેજોને વેપાર કરવા માટે સુરતમાં કોઠી નાખવાની બાદશાહી ફરમાનથી અનુમતિ આપી, ૧૬૧૩.

તા. ૧૧ રાષ્ટ્રસેવક શ્રેષ્ઠી જમનાલાલ બજાજનું અવસાન, ૧૯૪૨.

તા. ૧૩ હિંદના ગવર્નર જનરલ તરીકે ગેરવતણૂક ચલાવવા માટે વૉરન હેસ્ટિંગ્સ સામે પાર્લામેન્ટની તપાસ શરૂ થઈ, ૧૭૮૮.

તા. ૧૫ પુરુષાર્થી પુરાતત્ત્વવેત્તા રાજેન્દ્રલાલ મિત્રનો જન્મ, ૧૮૨૪

તા. ૧૮ સર દીનશા એદલજી વાચ્છાનું અવસાન, ૧૯૩૬.

તા. ૨૨ કસ્તુરબા ગાંધીનું અવસાન, ૧૯૪૫

તા. ૨૮ હિંદમાં પહેલવહેલા ટેલીફોન દાખલ થયા, ૧૮૮૨.



આ માસની વ્યક્તિવિશેષ

જયૉર્જ વૉશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રનિર્માતા ને પ્રથમ પ્રમુખ, આ સેનાપતિ, મુત્સદ્દી અને સંમાન્ય કર્તવ્યપુરુષનો જન્મ ઈ ૧૭૩૨ની ૨૨મી ફેબ્રુઆરીએ વર્જિનિયા પ્રાંતના વેસ્ટમોરલૅન્ડ પરગણાના બ્રિજિસ ક્રીક મુકામે એક ગાતબર જમીનદારને ત્યાં થયો હતો, છતાં તેની ૧૧ વરસની વયે તેના પિતા ભાગ્યે જ કશી રોકડ મૂડીને મરી ગયા. પણ બુદ્ધિતેજમાં તેજસ્વી હોવાથી એ ૧૬ વરસની વયે તો લૉર્ડ ટૉમસ ફૅરફૅક્સની જમીર પર મોજણીદાર થયો. ૧૭૫૨માં તેનો સાવકો ભાઇ ગુજરી જતાં માઉન્ટ વર્નનની મોટી જમીર તેને મળી અને તે તંબાકુનો અમરી ખેતીવાડીર બની રહ્યો.

૧૭૫૩થી ૧૭૫૮નાં પાંચ વરસ દરમ્યાન ફ્રેન્ચો સામેના યુદ્ધમાં તે જોડાયો અને ઑનરરી લેફ્ટનન્ટ જનરલથી શરૂ થઈ કર્નલના હોદ્દા લગી પહોંચી, લશ્કરી કારકીર્દીમાં ઉજ્જવળ નામના મેળવી. ૧૭૫૮ની ૬ઠ્ઠી જાન્યુઆરીએ માર્થા ડૅન્ડ્રિજ કર્ટિસ નામની શ્રીમંત વિધવા સાથે લગ્ન કરી પોતાની ગિરકતનો વહીવટ કરવા તેણે સૈન્યકાર્ય છોડ્યું.

૧૭૬૪ માં તે કૉંગ્રેસનો પ્રતિનિધિ ચુંટાયો, અને ૧૭૭૫માં દેશે સ્વાતંત્ર્યજંગ માંડ્યો તેમાં સેનાપતિ તરીકે તેની નિમણૂક થઈ. ટ્રેન્ટન આગળ તેણે પહેલો નિર્ણયાત્મક ફટકો માર્યો. ૧૭૭૭ની ૨૮મી જૂને ગન્મથના યુદ્ધમાં બહુ કપરા સંજોગો છતાં માત્ર પોતાના વ્યક્તિત્વના પ્રભાવે, તેણે તોળાઇ રહેલા પરાજયને વિજયમાં ફેરવી નાખ્યો અને અંતે ૧૭૮૧માં યૉર્કટાઉન પોસે બ્રિટિશ સેનાપતિ કૉર્નવૉલિસને શરણે લાવી દેશને સંપૂર્ણ સ્વાતંત્ર્ય અપાવ્યું

તે પછી ભાંગેલી તબિયતે પણ તેણે પ્રજાસત્તાકનું બંધારણ ઘડી કાઢ્યું. ૧૭૮૮માં તે પ્રથમ પ્રમુખ તરીકે ચુંટાયો અને તેના અગાસહિષ્ણુતા તથા કાળજીભર્યા વહીવટથી પ્રજાએ બીજીવાર ૧૭૯૨માં તેની ઈચ્છા વિરુદ્ધ પણ તેને જ પ્રમુખ ચૂંટ્યો. ૧૭૯૬માં કરી ત્રીજીવાર આવેલું પ્રમુખપદ ઠેલીને તેણે નિવૃત્તિ લીધી અને ૧૭૯૯ની ૧૪મી ડિસેમ્બરે તે અવસાન પામ્યો. અને કશું સંતાન નહતું, પણ સમસ્ત દેશ આજ તેને પિતા તરીકે પૂજે છે.

ઓ વસંતવરણાં બાળ વસની રીત ન ભૂલશો,
પ્રભુએ બાંધી પાળ રસસાગરની પુણ્યથી.

— કવિ નાનાલાલ —

ગાદર્ષિ દયાનંદની કપટદેશથી રીઝેલા કદેપુરના રાજાએ લાખેક રૂપિયાની બગાડપાળી એકત્રિત થઈને બચત સંભાળી તેના માલિક બનવા તેમને વિનંતિ કરી. ગાદર્પિએ કહ્યું, 'ગમારાજાઓ, આવ છે તે નિભાવશો; પણ પરાધીનતા આત્માને લાભકારી ન વેચાય.'

કદેપતિના અર્થે 'પાઈની પેદાશ નહિ ને ઘડીની નવરાશ નહિ.' પોતાનો અર્થ લગભગ આપમેળે જ કહી દેતી આ કદેવત કે ઈપિગ્નુ વ્રતના લાભ કે સાર્થક્ય વિના નાહકની કબાધિ વહેરવા માટે અગર નાની વાત માટે મોટી ધાંધલ થવા સારૂ વપરાય છે. તેને બદલી બીજી કદેવતોઃ 'ધંધો ઘોડા ને ધાંધલ ધણી;' 'ઢાટડી નાની ને ઢરકત ઘણી;' 'વેંકેંદ નાનું ને ભક્તોની ભાટ;' 'ઢગવું ઘોડું ને પચડાટ બહુ;' 'પેટમાં માલ નહિ ને પાદ ગાય નહિ;' 'ચકલી નાની ને કકડો મોટો;' 'ખાના પીના એરશ્રા ને ઘીંગાણું અઢોતેરા.' 'કાગમાં ને કાગમાં ને લડીઓ કાટે ગામમાં' વગેરે.

અનેકાર્થી કાબ્દ : જડ=કબ્ધન વિનાનું; બાગણી, બુદ્ધિ કે સ્ફૂર્તિ વિનાનું; મુખ્ય મૂળ; બાકી બધવામેળ; શ્રીબાનું નાકનું આબપાબ.

બબ્બિતબબ્બતઃ ૧૫, ૧૯૫ અને ૪૦૫ એ ત્રણ સંખ્યાઓ એવી છે, કે એ પેકી ગમે ને બે સંખ્યાના સરવાળાના ચારબણામાં ૧૬-પેરતાં વર્ગસંખ્યા જ આવશે :

૪(૧૫+૧૯૫)+૧=૭૬૧
૪(૧૫+૪૦૫)+૧=૪૪૧
૪(૧૯૫+૪૦૫)+૧=૪૯ —ગો. ના. ખબી

નાના બાળકનો ચૂંથેલાં ગરમ મોન્દે,ટોપી સ્વેટર વગેરે ગમે તેટલી કાળજી રાખવા છતાં વારંવાર ધોવાથી કોકડાં વળી જબ છે કે સંકોચાઇને નકી બબ્ય છે. પણ ધોઈ લીધા પછી એક તપેલી પાણીમાં બે ચમચા બોરડિયું નાખી સારી પેઠે હલાવીને તેમાં ગરમ કપડાં બોળીને નીચોવજો; ને પછી ફરી અંદર નાખી કલાકેક રહેવા દઈ તદ્દન નીચોવી નાખી સ્વચ્છ પાણીથી ધોઇ સૂકવી દેજો. ખૂબ કુમાશદાર ને મુલાયમ રહેશે.

દરજીના ઓરડામાં રાખેલા ઘડિયાળનો અવાજ તેનાથી સહન નબતો હોય તો તે પર ઠંડકર કાપડ પાણીને ઢાંકી દેવાથી અવાજ નહિ સંભળાય, ને ઘડિયાળ દેખાયા કરશે.

ગુપ્ત વેશના અસ્ત સમયે હિંદ પર જંગલી હૂણ લોકોએ ભયંકર આક્રમણ કર્યું. એ જ સમયે એ લોકોની બીજી ટોળી ઑક્સીઆની સરદારી નીચે યુરોપને થરથરાવી રહી હતી. એ સફેદ હૂણો (અથવા એફથેલાઇટ લોકો) મધ્ય હિંદ સુધી પસરી ગયા અને ઈ. પ૦૦ માં તેમનો સરદાર તોરમાન માળવામાં રાજા થઈ બેઠો. તેના સવાયા ક્રૂર પુત્ર મિહિરકુલે બાપીનો ઉત્તર હિંદ કેર કરી સિયાલકોટમાં રાજગાદી સ્થાપી. પણ એમના કેરથી પ્રજા અત્યંત ત્રાસી ગઈ અને એને માળવાના યશોધર્મન તથા ગુપ્ત રાજા બાલાદિત્યની સરદારી નીચે હિંદુ રાજાઓ એકત્ર થઈને ગને હાંકી કાઢ્યા અને મિહિરગુલ ત્યારથી તે મરણ સુધી કાશ્મીરમાં ભરાઈ રહ્યો. એ હૂણોના સિક્કાઓ ઇરાનના સાસાનીદ વંશના રાજાઓના નમૂના હિંદના સિક્કાઓની અગરવાળા પણ તદ્દન બેડોળ અને ભદ્દા છે. આ ઉપર આપેલા રાજાના સિક્કા ઉપર એક બાજુએ રાજાનું મુખ. તેની સન્મુખ નદી-ઘેરાર નમા પાદળ ત્રિશુળનાં આલેખન છે અને નીચે 'જયતુ મિહિરકુલ' એવું લખેલું છે પાછલી બાજુએ યજ્ઞવેદી અને પરિચારકોનું બેડોળ આલેખન છે.

ગધમાખી કુશેરનારાઓએ દૂધ ન ચારે એવી ગધમાખો વ્રજે કહેરી છે.



દષ્ટિફેરની ગરબતઃ કુપરના ચિત્રમા એક પત્થરની બોટલીના આલેખના ભાગમાં એક બાબો પારેલો દેખાશે. અને વળી બીજી દષ્ટિફેરથી એવું જણાશે કે બાજુ માણાની છતના એક પટબામાં નાની ચોરસ બોટલી ચર્ખી લીધેલી છે : એ બ્યાલ મેળવવા માટે ચિત્રને ફેલટ-નીને દષ્ટિ ફેરવી જોજો.

> બધી નિરાશાઓનું મૂળ કંટાળો છે. . બિજાને આપવાનું હમેશાં વાર જ લાગે છે. એનો આર્ગ બંત-થી બેદી રાખવો જોઈએ
> —હેન્રી કોઈ

સંસ્કૃતમાં મૂળાક્ષરોની સંખ્યા ૪૯ની છે; રશિયન લિપિમાં ૩૬, ફારસીમાં ૩૨, તુર્કીમાં ૨૮, એબેચ્છ જર્મન, ડચ, એ દરેકમાં ૨૬, ઈગ્લિશમાં ૨૭, ફ્રેંચમાં ૨૫, ઈટાલિયનમાં ૨૪, વેલ્શિનમાં ૨૩, હિબ્રુમાં ૨૨, ગ્રીકમાં ૨૧ અને બગીઝમાં ૧૮ મૂળાક્ષરો છે. જપાનીઝ ભાષામાં એ બધાથી વધારે-૬૬ મૂળાક્ષરો છે; પરંતુ શબ્દોનિયન લિપિમાં તો ૨૭૮ મૂળાક્ષરો છે!

કાટકાંના બનાવેલા ગોબવાના સોયાઓ ઘણી થયા હોયતો બટબટતા ગરમ પાણીમાં થોડો ચબત ખોળી રાખી દીધા પછે સીયા કરી લેવા ને પછી તરત ખૂબ ઠંડા પાણીમાં બોળી દેવા, એટલે સીયા ને અક્કડ થઈ જશે.

તિજોરીમાં પેટાંબાળા વાદળો હોતાં નથી; કારબકે બરફના ખૂણે જતાં નકામાં પડે.

લગ્નતાર્વેત સુકાઇ જાય એવી ચીકણી શાહી વડે લખી શકે તેવી બૉલ-બેરિંગ પૅાઇન્ટવાળી એક એવી ફાઉન્ટનપેન શોધ ઇ છે, જેની બોળીમાં એ શાહીનો એક વરસ ચાલે તેટલો જથ્થો રહી શકશે.



ગ્લાસ-નેગેટિવ-રેડીઅર કુપર પડતા આંગળીના ડાઘ ધબ્બા ઑપ્ટરોનાં સારાં ચિત્રોની પાયમાલી કરે છે. તેમાંથી બચવા માટે કુપના ચિત્રમાં બનાવ્યા મુજબ સેલ્યુલોઝની એક પટ્ટી કાચને છેડે ચોડાડી દેવાથી કાદવા નાખવામાં બહુ સરબતા રહે.

રૂબી જનરલે

વિમા જગતમાં મેળવેલી અનુપમ સિદ્ધિ

૧૯૪૫માં લાઇફ ડીપાર્ટમેન્ટે

૨,૨૫,૦૦,૦૦૦

બે કરોડ પચીસ લાખનું

નવું કામકાજ લખી—જનતાના અપૂર્વ વિશ્વાસની ખાત્રી આપી છે.

સંપૂર્ણ સ્વદેશી લોકપ્રિય વિમા કુંપની

રૂબી જનરલ ઈન્સ્યુરન્સ કું. લિ.

જીંદગી, આગ, દરીયાઈ, મોટર, અકસ્માત, ચોરી, લુંટફાટ, દેશી વહાણવટું ને કામદારોના બદલાનું કામકાજ લખવામાં આવે છે.

અમદાવાદ શાખા
જયંતીલાલ જી. શાહ
બ્રાંચ મેનેજર (જનરલ)
ભદ્ર · કારંજ · અમદાવાદ

મેસર્સ પી. ચંદુલાલ એન્ડ કું.
ઇન્ડીપેન્ડન્ટ એજન્ટ · લાઇફ ડીપાર્ટમેન્ટ
નાતાલવાળા બિલ્ડીંગ · ચાર રસ્તા
અમદાવાદ

વડોદરા શાખા
શ્રી કે. ટી. પટેલ
રાવપુરા · વડોદરા

ચેરમેન: શ્રી બી. એમ. બીરલા
હેડ ઓફીસ: કલકત્તા

શ્રી બી. કે. સેતલવાડ
જનરલ મેનેજર
ઇનચાર્જ બોમ્બે ડીવીઝન
ઈમ્પીરીયલ બેંક, એનેક્ષ બિલ્ડીંગ
ફોર્ટ · મુંબઈ

ટે. નં. ૨૦૫૬૦ : ૩૧૯૨૯
ટેલીગ્રામ્સ
RUBINSURE

સુરત શાખા
શ્રી. બી. એમ. રેશમવાળા
બ્રાંચ મેનેજર
કણપીઠ · સુરત

મે. એમ. જી. પટેલ એન્ડ કું.
સ્પેશીયલ એજન્ટ
જ્યુબીલી બાગ સામે · વડોદરા

શ્રી કુલાભાઇ ઝવેરભાઇ પટેલ
ભોજની ખડકી · સ્ટેશન સામે
નડીઆદ
ઈન્સ્પેક્ટર ઓફ એજન્સીઝ (લાઈફ)
ખેડા જીલ્લા અને બંબાત સ્ટેટ

પુરુષો!...
ચામડીના આરોગ્ય માટે રેકસોના વાપરો

એવો ઉતાવળો વિચાર બાંધતા નહિ કે રેકસોના ફક્ત સ્ત્રીઓ માટે જ સંમિશ્રણવાળો સાબુ છે. જે ચામડીના આરોગ્યનું મૂલ્ય આંકે છે તે દરેક માટે આ નહાવાનો સાબુ જરૂરી છે, અને પુરુષો આનંદ માણે એવી જાતનો સુંદર, તાજગીભર્યો અને પૌષ્ટિક સાબુ છે.

આ ઉમદા, લીલો અને સત્વર ફીણ વળતા સાબુનો મહાન ગુણ એ છે કે તે કુદરત માટે અને ચામડીને જંતુવિનાશક ને રોગહર કરવામાં ફેડીલ નામના ઔષધવાળો છે, અને રેકસોનાનું ત્વરિત બનતું વિપુલ ફીણ તંદુરસ્ત બનાવતાં આ ફેડીલને તરતજ તમારી ચામડીના બધા છિદ્રોમાં ઉંડે સુધી જાય છે, જ્યાંથી ઘણી વખત ચામડીની વિકૃતતા અને ચામડીના દર્દોની ફરિયાદ શરૂ થાય છે. તમારી આખી ચામડી આ રીતે સુખદ, નિર્મળ અને તે ઉપરાંત સ્વચ્છ બને છે.

તને આમાંથી સમજી શકશો કે નિયમિત રેકસોના વાપરવાથી તમારીનું આરોગ્ય કેવી સહેલાઈથી સુધારી શકાય છે અને કેવી રીતે પૂર્ણ રીતે ચામડીના આરોગ્યનું પણ રક્ષણ કરી શકાય છે! એથી આ લીલો, સત્વર ફીણ વળતો સાબુ વાપરવાનું આજથી શરૂ કરો—અને તેને વાપરવાનું ચાલુ રાખો.

તા. ક.—એ મુદ્દો યાદ રાખવો જરૂરી છે કે ચામડીના સૌંદર્યનો આધાર ચામડીની તંદુરસ્તી ઉપર રહેલો છે. અને પુરુષને પણ સ્ત્રીની જેમ પોતાની ચામડી સુંદર રાખવાનું અભિમાન લેવાને હક છે.

રેકસોના બાળકો માટે આદર્શરૂપ છે. તેમાનું ફેડીલ ચામડી ઉપરની અળાઈઓની માવજત કરે છે અને સોજામાંથી રક્ષણ આપે છે.

★ રેકસોનામાંનું ફેડીલ જંતુવિનાશકતાનું, આરોગ્યપ્રદ અને પૌષ્ટિક તેલો જે ચામડીની તંદુરસ્તી ઉપર પ્રબળ અસર કરે છે તેનું ખાસ મિશ્રણ છે. આરામ અને રક્ષણ આપતું ફેડીલનું કાર્ય વૈજ્ઞાનિકો માન્ય રાખે છે અને તેની બલામણ કરે છે.

રેકસોના મલમ વાપરો. જખમ, સોજો, ગુમડાં ખરજવું, ખાંસી, ખીલ, અળાઈઓ, ફોલ્લા, દાદર, દરાજ અને ચામડીના બધાજ રોગો માટે આ મલમ વાપરો. એ કે બાલ પુરુષના નથી છતાં મળુ વેપારીઓ પાસે પ્રખ્યાત વિદેશી આકારના થોડાએક દબ્બા છે.

REXONA PROPRIETARY LIMITED

વિદ્યાર્થીઓ, વેપારીઓ, વકીલો, વિદ્વાનો વગેરે મગજનું કામ કરનારાઓ માટે ખાસ

ઝંડુનું પૌષ્ટિક ચાટણ કેસરીજીવન

નાનાં-મોટાં, માંદાં-સાજાં, નબળાં-સબળાં, સ્ત્રી-પુરુષ, સૌકોઇ એનું સેવન કરી શકે છે

મહારસાયન

રસસિંદુર, અભ્રક, કેસર, કસ્તુરી અને બીજાં દીપન, પાચન ને પૌષ્ટિક ઔષધ મેળવી લીલા રસદાર આંબળાંનાં ચટાવેલું સુશોભિત સુવાસિત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ચાટણ

કિંમત
૦॥ રતલના પૉટનો રૂા. ૧॥
૦॥ „ „ રૂા. ૨॥
૧ „ „ રૂા. ૫

તેનું નિયમિત સેવન

લાંબું આયુષ્ય તથા સારી સ્મરણશક્તિ આપી શરીરમાં બળ, તેજ ને ચેતન પૂરે છે

કારખાનું: સયાનીરોડ મુંબઇ-૧૪

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કર્સ લિ.

અમદાવાદના એજન્ટ - ભોગીલાલ અમર્સ - ગાંધીરોડ

દુકાન: જૂની મલાડવાડી મુંબઇ-૨

કોલેરા, સંગ્રહણી, ચુંક, આંકડી, ઉલટી, ઝાડા, કફ, ખાંસી અને પેટના દરદો માટે અકસીર છે

★

દરેક જગ્યાએ વેચાય છે

ટેલીફોન નં. ૨૨૦૪૮ • ૨૨૦૪૯

ટેલીગ્રામ : STANGENAL

સ્ટાન્ડર્ડ જનરલ

એશ્યોરન્સ કુંપની લીમીટેડ

હેડ ઑફિસ : કલકત્તા

થાપણ

સત્તાવાર થાપણ	૫૦ લાખ
બહાર પાડેલી	૨૬ લાખ
ભરપાઈ થયેલી	૮ લાખ

રીઝર્વ ફંડ

આગ	બે લાખ
દરિયાઇ	એક લાખ
અકસ્માત	એક લાખ

જનરલ મેનેજર : **મી. યુ. એન. ચેટરજી • કલકત્તા**

ડાયરેકટરોનું બોર્ડ

ગોકુલચંદ મોરારકા (મેસર્સ મોરારકા એન્ડ કું.)
કે. પી. ગોએન્કા, એસ્કવાયર, (મેસર્સ રામદત્ત રામકીશ)
આર. બી. રાજકુમાર સીંગ કસલીવાલ, એમ.એ. એલએલ.બી.
એમ. એ. ઈસ્પહાની, એસ્કવાયર (મેસર્સ એમ. એ. ઈસ્પહાની લિ.)

ચેરમેન : **સર બદ્રીદાસ ગોએન્કા,** નાઈટ, સી. આઈ. ઈ.

ફાયર, મરીન, મોટર અકસ્માત, ચોરી ને કામદારોના બદલાના વીમા લખવામાં આવે છે.

વધુ વિગત માટે લખો યા મળો :

જે. બી. સુતરીયા • બ્રાન્ચ મેનેજર
ખાડીયા • ચાર રસ્તા • અમદાવાદ
ટે. ન. ૨૩૭૮

★

કે. જી. ભરચન્ટ • બ્રાન્ચ મેનેજર
૪૫-૪૭ • એપોલો સ્ટ્રીટ • ફોર્ટ
મુંબઈ

તેનું જોમ જાળવવાનું કામ તમારું છે !



કઈ વાનગીઓ માતાઓ સારી તાકાતવર્ધક છે તે દરેક સ્ત્રીએ જાણી લેવું જોઈએ. ડાલડાના પાકશાસ્ત્ર (બુકલેટ) માં બેસોથી પણ વધારે અને ૧૫૦ કરતાં વધુ દિલ્લી વાનગીઓ તૈયાર કરવાની રીતોની માહિતી આપેલી છે. તમારે તેની એક નકલ મંગાવી લેવી જોઈએ. આ બાનાની પોસ્ટની ટિકીટ Dept. B124 P. O. Box No. 353, Bombay ને મોકલો.

માતાઓ! રસોઇનો આધાર તમે દરેક વખત જે પદાર્થો વાપરો છો અને જે રીતે તેમને તૈયાર કરો છો તેની ઉપર રહે છે. તે તમે જાણો છો કે? તમે રસોઇ માટે જે પદાર્થો પસંદ કરશો અને જે રીતે તેમને રાંધશો તે પ્રમાણે તમારાં બાળકો પૂર્ણ સ્ફૂર્તિમાન અને નિરોગી રહેશે અથવા શક્તિહિન, કમજોર અને કોઇપણ કામને માટે નાલાયક રહેશે.

જુદા જુદા ખાદ્ય પદાર્થો ભિન્ન ભિન્ન પ્રકારના તાકાત વર્ધક ગુણો ધરાવે છે કેટલાક પદાર્થો સારા પ્રમાણમાં તાકાત પેદા કરે છે જ્યારે બીજા પદાર્થો ભૂખ શાન્ત કરી માત્ર સંતોષ આપે છે પરંતુ ભાગ્યેજ તાકાત ઉત્પન્ન કરે છે. તમે ઇચ્છશો તો બધા ખાદ્ય પદાર્થો તાકાત આપતા બનાવી શકશો તે માટે તમારે જીવન સત્વોથી ભરપુર ડાલડામાં રસોઇ તૈયાર કરવી જોઇએ. ડાલડા કુદરતના ઉમદામાં ઉમદા તાકાતવર્ધક અને કેટલાંક અગત્યનાં ખોરાકી તત્વો પુરાં પાડે છે.

ડાલડા ખોરાકને વધુ તાકાત આપનાર બનાવે છે તે અમે સિદ્ધ કર્યું છે.

જીવન સત્વોથી ભરપુર **DALDA** તાકાત માટે

THE HINDUSTAN VANASPATI MANUFACTURING CO., LTD.

ધોકા મારવાથી કપડાંને થતું નુકશાન આ રીતે ધોતાં અટકે છે



કાપડું, બસારો, સાંધામાંથી ફાટી જવું...જ્યારે કપડાંને ચોખ્ખાં કરવા ધોકા મારવાની જૂની પધ્ધતિથી ધોવાય છે ત્યારે તેમને આટલું બધું બીનજરૂરી (અને ખર્ચાળ) નુકશાન હંમેશાં પહોંચે છે.

1

આ નંબર કરેલાં ચીત્રો જુઓ. તેઓ બતાવે છે કે કપડાંને નુકશાન પોહોંચાડ્યા વિના કેવી રીતે ધોવા જોઇએ.

(૧) ધોવાનું વસ્ત્ર પૂરેપૂરું ભિંજવો—તમે નળ નીચે, ટબમાં, તગારામાં કે ડોલમાં ભિંજવો તેથી કંઇ ફેર પડતો નથી. (૨) જ્યારે તમે વસ્ત્ર પલાળ્યું હોય ત્યારે સનલાઇટ સાબુ તેના બધા ભાગોમાં લગાડો (મેલા ભાગોમાં સનલાઇટ વધારે પ્રમાણમાં ઘસો). (૩) સાબુ લગાડેલા વસ્ત્રને પીંજીને પણ સારી રીતે મસળો. ધોકા મારતાં નહિ. સહેજ ગુંદો (તમે રોટલીનો કણેક ગુંદો છો તે રીતે). કપડાના અણુએ અણુમાંથી સાબુવાળુ ફીણ બહાર કાઢી નાખો. કપડાંને ઝાર દઇને મસળવાની જરૂર નથી, અથવા તો તેના પર જોર કરવાની જરૂર નથી. જો તમે સારી રીતે મસળી ખાત્રિ કરશો કે સનલાઇટનું આપ મેળે કામ કરતું ફીણ મેલ મુકી પડીંચે છે તો એ ફીણ મારિથી બધો મેલ દૂર કરશે. આ ચપળ ફીણમાં રહેલો "જર્વન" સાબુ જેવો મેલને અડે છે તેવો લગભગ તરતજ તેને ભૂકો વાળે છે—કપડાંમાંથી મેલને બહાર કાઢે છે અને ફીણ સાથે એવો ભેળવી દે છે કે જ્યારે તમે કપડાંને ફીણમુક્ત કરી નીચોવો છો ત્યારે તમે તેને મેલમુક્ત કરી નીચોવો છો. (૪) જેમાં હવે મેલ રહેલો છે તે ફીણ કાઢી નાખવા વસ્ત્રને નીચોવો. સનલાઇટની આ નવા રીતથી ધોવાયેલાં કપડાં પણજ સાંભા સમય સુધી ચાલે છે.

2

3

4



મનલાઇટ સાબુ કપડાં બચાવે છે

LEVER BROTHERS (INDIA) LIMITED

રૂસ્તમ મીલ્સ લી.
દુધેશ્વર રોડ, અમદાવાદ.

અપટુડેટ ધોલાઈ માટે
૫૦ વર્ષથી પંકાયલું
શ્રેષ્ઠ વૉશીંગ હાઉસ

છેલ્લી ઢબથી વૈજ્ઞાનિક પદ્ધત્તિએ
★ ગરમ
★ રેશમી
★ સુતરાઉ
કપડાંની ધોલાઇ માટે મશહુર

ફ્રેંચ ક્લીનર્સ ડાયર્સ

ડ્રાયક્લીનીંગ
એ અમારી સ્પેશીયાલીટી છે

એડવર્ડ
વૉશીંગ કંપની

પાટનગરની અમારી બીજી શાખાઓ
રાયપુર · સારંગપુર · ઘીકાંટા
જમાલપુર · સરદારબ્રિજ · કૃષ્ણ
સીનેમા · સરસપુર · અસારવા
નવમી શાખા
ધનાસુતારની પોળ પાસે, કાળુપુર રીલીફ રોડ
અમદાવાદ

વસંત
ચિત્રકાર : રસિકલાલ પરિખ
(કલાકારે કરેલાં ગોદા કદનાં બીનચિત્રોમાનું એક)



ફોટોગ્રાફની ઉપરીકાઈ (બાકીના પૃ. ૪૩)
ઉપર-ડાબી બાજુથી: "ચમારે પકડ"-જમનાદાસ પંચોલી (બીજું ઈનામ); "મુક્ત વાચન"-કનૈયાલાલ ત્રિવેદ્યા (ત્રીજું ઈનામ); નીચેની પંક્તિ-જમનાદાસ પંચોલી (બીજું ઈનામ)

અમાઢ કાતિણ ચિત્રકાર : અબ્દુર્રહમાન ચુગતાઈ ('ફેમસ'ના સૌજન્યથી)

કાતિણ એટલે કિતાબો લખનાર લહીયો. પ્રાચીન કાળના અમાઢ કાતિણ સુંદર કૅલિગ્રાફી કરનાર ચારેક લહીયો થઈ ગયા.

ગુજરાતનું પાટનગર

અમદાવાદ

શિલ્પ અને સ્થાપત્યનાં કાનો સમા અમદાવાદનાં બાવન* ગરાહર સ્થાનોનાફોટોગ્રાફનું આલબમ-દરેકની નીચે ઐતિહાસિકતથાલાક્ષણિક ખાસીની આપની નોંધ તથા શ્રી રત્નમણિરાવ જેવા વિદ્વાને લખેલી સાંપ્રતોપયોગી પ્રસ્તાવનાસાથે

કિ. ૨-૦-૦ રજિ. પો. ૦-૫-૦

કુમાર કાર્યાલય • અમદાવાદ

ગો વા લ ણી
અને
બી જી વા તો

ગુજરાતના ચારણોતના નવલિકા-લેખકોમાં જે ગોબરામાં પ્રકાશ્યા તે 'મલયાનિલ'ની રસનીતરતી બાવીસ વાર્તાઓ—જેમાં દસ મનોજ્ઞા હાસ્યની અને બાર મર્મ-પ્રધાનની છે. 'ગોળમટોળ રાજાનો' નામની કટાક્ષ-કથાઓમાં અને 'ગોવાલણી'ની વાર્તાથી પ્રણય-કથાઓમાં નામના મેળવનાર અને પોતાના મૃત્યુ પછીથી પણ મરાહર બનનાર એ લેખકનો આ સંગ્રહ ગુજરાતના બાણીતા કલાકારોનાં જોરદાર ચિત્રોથી વધુ સુંદર બન્યો છે.

કિ. ૨-૮-૦ ૨૦૭. પોસ્ટેજ ૦-૭-૦

રબ્બરના સિક્કાઓ

દરેક પ્રકારના નાના મોટા સાધનોની બનાવટ નવીન કળથી કરાવી આપવા તથા જુના સુધારી આપવા માટે વખત આપવો અને આવી જવું ખાસ જરૂરી છે.

દીપક રબ્બર સ્ટેમ્પ વર્કસ

૨૧૧, ગોળપુર ખોડીયા • અમદાવાદ

ચિત્રો

મૃદંગ નૃત્ય	રવાવક્ષ ચાવડા	પૃષ્ઠ
અગાધ કાતિણ	અબ્દુરેહમાન ચુગતાઈ	મુખચિત્ર
મુનલિદ	,, ,,	પાછલા પૃષ્ઠમાં

કાવ્ય

આવો ધું મંદિરો જોવા	ઉમાશંકર જોષી	૫૪

ચરિત્ર

સ્વ. ફખિલરામ હરદેવરામ વકીલ	પદ્મકાન્ત ૨. શાહ	૫૬
અબ્દુરેહમાન ચુગતાઈ	રવિશંકર રાવળ	૫૭

વાર્તા

મ્હેસુરની નરભક્ષી વાઘણ	વિન્ધ્યશુભ્ર ભોજ	૬૦
પરી (રવીન્દ્રનાથ ઠાકુર)	વિનોદ કોઠારી	૬૪

લેખો

ડી. ડી. ટી.	વિજય પંડ્યા	૬૨
અખિલ હિંદ ઑલિમ્પિક હરીફાઇ	અશ્વિન ત્રિવેદી	૬૫
ચિત્રણ-પરિચય	કેશવરામ કા. શાસ્ત્રી	૬૮
હોળી	ડૉ. મંજુલાલ રણછોડલાલ મજમુદાર	૭૪
રસદર્શન-૨૪	હરિપ્રસાદ ગ. દેસાઈ	૭૫

વિભાગો તથા પ્રકીર્ણ

ચિત્ર સંયોજન અને ડિઝાઈનની રચનારચના (ચિત્રજ્ઞાન)	૫૩
કચોરી	૬૪
કટાક્ષ : 'ચકોર'ની કટાક્ષકણા-૭	૬૫
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ શ્રીદામ બદ	૬૬
Our Friends Abroad (પરદેશી મિત્રોના પત્રો)	૬૭
માધુકરી	૭૬
આ માસનું પંખી(ચકલિયું)	૭૭
આ માસ ઇતિહાસમાં	૮૨
છેલ્લું પાનું	૮૩

ગ્રાહકોને

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થવો જોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. બોલ્યે તે અરસામાં ગ્રંક ન મળે તો તરત બીજા અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત મેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ચુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ચુમ થએલા કોઈ પણ અંકો બરબાદ કરી આપવાનું બાઇન્ડરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવા.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : જયભાઈ પોપટલાલ રાવળ, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર મિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૮ રામપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રા. ૬; પરદેશમાં રૂ. ૭-૮-૦ આખા વર્ષ લિમિટેડ, મુદ્રક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો ઉપલબ્ધ છે. જે કોઈ કુમારના અંકો ખરીદે તે તે ખરીદની કિ. ૨-૪-૦.

આર્ટપેપર અમરના રોયલ કોમ્બર્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યુરો, અમેના બિલ્ડિંગ, મેડોક રોડ, મુંબાઇ-૧; અમદાવાદમાં મેસર્સ ટોમીજ કોર્પો, કાંકરીયા.

કુમારમાંનાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કોપીરાઈટથી રક્ષિત છે

રસોઇ સ્વાદિષ્ટ અને સંતોષકારકની સાથે તાકાતવર્ધક પણ હોવી જોઇએ!



જ્યારે તમે રસોઇ બનાવો છો ત્યારે આ બાબતનો વિચાર કરી કરો છો ? રસોઈ ખાલ સ્વાદિષ્ટ બને એટલું જ જોવાનું નથી . . પણ તેને જે કોઇ બને તેનામાં તાકાત બક્ષે એવી તે હોવી જરૂરની છે. કેટલીક બાબ વસ્તુઓ બીજી બાબ વસ્તુઓ કરતાં વિશેષ શક્તિવર્ધક હોય છે અને જે કોઈ ખોરાક બાબતે આપણે હંમેશના ટેવાયેલા છીએ તેમાની ઘણી ખરી વસ્તુઓ બોજીએ જેટલી તાકાતવાળી હોતી નથી. આપણા આદોગ્ય માટે આવો ખોરાક અનુકૂળ થઈ પડતો નથી એટલું જ નહિ પરંતુ બાળકોને તો તે હાનીકર્તા થઈ શકે છે. આજે ખોરાક વિશેષ શક્તિવર્ધક તૈયાર કરવાનું કામ મુશ્કેલ નથી. તે માટે જીવન સત્વોથી ભરપુર ડાલડામા રસોઇ બનાવવી સર્વથી ઉત્તમ છે. રસોઈની આ સામગ્રીમા કિંમતી "પૌષ્ટીક સત્વો" રહેલા છે જે તાકાત આપવામાં અનુપમ છે. અને બીજી કોઇ એવી સામગ્રી નથી જે ડાલડા કરતાં વધારે સ્વાદિષ્ટ રસોઈ રાંધી શકે.

કેમી વાનગીઓ સારામાં સારી તાકાતવર્ધક છે તે દરેક સ્ત્રીએ જાણી લેવુ જોઇએ ડાલડાના પાકશાસ્ત્ર (અંગ્રેજી) માં ખોરાકના પોષણ અને રક્ષણ કરતા પદાર્થો વિષે હિન્દી વાનગીઓ તૈયાર કરવાની ઉપયોગી માહીતિ આપેલી છે. તમારે તેની એક નકલ રાખવી જોઇએ. બાર આનાની પોસ્ટની ટીકીટો Dept. A139 P. O Box No. 353, Bombay ને મોકલો.

જીવન સત્વોથી ભરપુર **SIGSL** તાકાત માટે

HINDUSTAN VANASPATI MANUFACTURING CO., LTD.

સૌ ન્દ ર્ય ની

બે બે ઢી ઓ

ઉંમરમાં વીસ વર્ષનો તફાવત અને માનું સૌંદર્ય તેની સોળ વર્ષની દીકરી જેટલુંજ તાજગીભર્યું અને તેની ચામડી જેના જેવીજ મુલાયમ અને સુંવાળી છે. આનું રહસ્ય તો એ છે કે જ્યારે તે (મા) નાની હતી ત્યારે પોતાની માની સલાહ માની તેણે તેની સુંદર ચામડી પીઅર્સનના સાબુ અને ગોબરા પાણીથી જાળવી રાખી. આજે આ રૂપની દીકરી આજ અસરકારક રીતથી તેની ચામડીની માવજત કરી રહી છે. આથી વીસ વર્ષ પછી પણ તેની ચામડી તેની માની ચામડી આજે છે તેવીજ બીલકુલ ડાઘ વગરની સૌંદર્યભરી હશે.

ચાલીસ વર્ષ પર્યંત ઇંગ્લાંડણીઓનો પીઅર્સ સાબુ માનીતો રહ્યો છે. તેની કુદરતી સુગંધ અને મુલાયમ રેસાને લઇને બીજા સામાન્ય સાબુ કરતાં આ સાબુ વાપરવા જરૂર લલચાઇ જાય છે.

પી અર્સ સા બુ

સૌ ન્દ ર્ય ના સા થી

TO, 38 1/2 U)

A. & F. PEARS, ISLEWORTH, ENGLAND

ટેલીફોન નં. ૨૨૦૪૮ • ૨૨૦૪૯ ટેલીગ્રામ : STANGENAL

સ્ટાન્ડર્ડ જનરલ
એશ્યોરન્સ કુંપની લીમીટેડ

હેડ ઑફિસ : કલકત્તા

થાપણ

સત્તાવાર થાપણ	૫૦ લાખ
બહાર પાડેલી	૧૬ લાખ
ભરપાઈ થયેલી	૮ લાખ

રીઝર્વ ફંડ

આગ	બે લાખ
દરિયાઇ	એક લાખ
અકસ્માત	એક લાખ

જનરલ મેનેજર : **મી. યુ. એન. ચેટરજી • કલકત્તા**

ડાયરેક્ટરોનું બોર્ડ

ગોકુલચંદ મોરારકા (મેસર્સ મોરારકા એન્ડ કું.)
કે. પી. ગોએન્કા, એસ્કવાયર, (મેસર્સ રામદત્ત રામકીશ)
આર. બી. રાજકુમાર સીંગ કમલીયાન, એમ.એ બીએલ.બી.
એમ. એ. કરપહાની, એસ્કવાયર (મેસર્સ એમ. એ. કરપહાની લિ.)

ચેરમેન : **સર બદ્રીદાસ ગોએન્કા,** નાઈટ, સી.-આઈ. ઈ.

ફાયર, મરીન, મોટર અકસ્માત, ચોરી ને કામદારોના બદલાના વીમા લખવામાં આવે છે.

વધુ વિગત માટે લખો યા મળો :

જે. બી. સુતરીયા • બ્રાન્ચ-મેનેજર
ખાડીઆ • આર રહ્યા • અમદાવાદ
ટે. ન. ૨૩૭૮

★

કે. જી. મરચન્ટ • બ્રાન્ચ મેનેજર
૪૫-૪૭ • એસ્પ્લેનેડ સ્ટ્રીટ • ફોર્ટ
મુંબઈ

બાયો ટોના

બચ્ચાઓનું

અતિ પ્રિય ટોનીક

રોચ એન્ડ કું.

ગ્રાન્ટ રોડ મુંબઇ ૭

રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશીયલ નં. ૧

મગજનાં જ્ઞાનતંતુઓ બળવાન બને છે, ધોળા વાળ કાળા થાય છે, ખરતા અટકે છે, વધે છે અને ટાલમાં વાળ ઉગે છે, બોડા મટે છે, યાદશક્તિ અને આંખોની દૃષ્ટિ વધે છે. ગાઢ નિદ્રા આવે છે, માથાનો દુઃખાવો મટે છે. દરેક ઋતુમાં બહેનો, પુરુષો અને બાળકો માટે મહાન ફાયદો કરનાર છે.

મોટી બાટલીના રૂા. ૩-૮-૦ - નાની બાટલીના રૂા. ૨-૦-૦

બધે મળે છે

શ્રી રામતીર્થ યોગાશ્રમ.

૪૪૮ - મેન્ડહર્સ્ટ રોડ
મુંબઈ-૪

ચામડીની સુંદરતા ચામડીની તંદુરસ્તીમાંથી શરૂ થાય છે!

રેકસોનાથી ચામડીની તંદુરસ્તી જાળવો

તે ખરેખર સોહામણી બને તે પહેલાં તમારી ચામડી નિરોગી હોવીજ જોઇએ, અને તેને નિરોગી રાખવીજ જોઇએ નહિતર તેની 'ચાઇતા તરતજ અદ્રશ્ય થશે. ચામડીનું આરોગ્ય સુધારવા અને તેનું રક્ષણ કરવા રેકસોના બનાવવામાં આવ્યો છે— રમણીય, લીલો અને સત્વર ફીણ વળતો ન્હાવાનો સાબુ જે ઉંડાઇ માટે અને ચામડીને જંતુવિનાશક કરવામાં માવજતરૂપ કેડીલ નામના ઔષધવાળો છે.

રેકસોનાનું ત્વરીત બનતું સુંદર ફીણ તંદુરસ્ત બનાવતા આ કેડીલને ચામડીના દરેક છિદ્રમાં ઉંડે લઇ જાય છે, જ્યાં ને તેનું સુંદર કાર્ય બજાવે છે, જ્યારે ઉંડે ગએલી ધૂળને અને જમા થએલા પ્રસ્વેદને તે ફીણ દૂર કરે છે—ચામડીને નિર્મળ બનાવે છે, તાજગી-ભરી રાખે છે, સુશોભિત કરે છે, રક્ષણ આપે છે, અને તેની વૃદ્ધિમાં, મદદ કરે છે.

બાળકોમાટે રેકસોના... રેકસોનાનું ફીણ એટલું સુંવાળું અને શાંતિકર છે કે તે બાળકની નાજુક ચામડી માટે આદર્શરૂપ છે. ડૉકટરો તેની ખાસ ભલામણ કરે છે. અને યાદ રાખો કે રેકસોનામાંનું કેડીલ બળતરા અને ગરમીમાંથી બાળકની ચામડીને રક્ષણ આપવામા મદદ કરશે.

★ રેકસોનામાંનું કેડીલ જંતુવિનાશકનું, આરોગ્યદાયક અને પૌષ્ટિક તેલો જે ચામડીની તંદુરસ્તી ઉપર પ્રબળ અસર કરે છે તેનું ખાસ મિશ્રણ છે. આરામ અને રક્ષણ આપતું કેડીલનું કાર્ય વૈજ્ઞાનિકો માન્ય રાખે છે અને તેની ભલામણ કરે છે.

રેકસોના બલમ વાપરો. જખમ, ચાંદાં, ગુમડાં, ખરજવું, ચાંદાં, ખીલ, ચળતરો, દોરવા, દાદર, દરાજ અને ચામડીના બધાજ દર્દો માટે આ બલમ વાપરો. જો કે ગાય પુષ્કળ નથી છતાં ઘણા વેપારીઓ પાસે પ્રખ્યાત ત્રિકોણ આકારનો ચોકાબ્બેક ડબ્બા છે.



REXONA PROPRIETARY LIMITED

ફીલ્મ સ્ટારોની જેમ તમારી ચામડીની સંભાળ લો!

સાદાનો બોજ

મારાં આખનેર અને રૂપસુંદરી સાથેના કહે છે કે "મારું ખાસ ટૉયલેટ સાબુને મારી ચમકીની સંભાળ લેવાનું સોંપું છું." તે નિયમીતપણે આ ખુશનોદાર સૌન્દર્યવર્ધક સાબુ વાપરે છે. તેનું તાજગી આપતું ફીણ તેની ચામડીને મુલાયમ મુંવાળી અને નિર્મળ બનાવે છે. ફિલ્મ જગતની મશહુરીભરી દિનચર્યામાં તેમની ચામડીની સંભાળ લેવા ખાસ ટૉયલેટ સાબુ વાપરે છે.

લક્સ ટૉયલેટ સાબુ

ચિત્ર-સંયોજન અને ડિઝાઈનની રૂપ-રચના

શીખવા માટેની એક સરળ ફોટોગ્રાફી



વનસ્પતિઓ અને દરિયાઈ જાતના ટ્રાઇડ્સમેન (નકશાનવીસો) નકશાઓ ઉપરથી નકલો ઉતારવા માટે 'ફેરોપ્રુશિયેટ પેપર' નામના કાગળો વાપરે છે. ડ્રોઇંગનો સામાન વેચનારને ત્યાં એ કાગળો તૈયાર મળે છે. પણ ઉત્સાહ હોય તે નીચે આપેલી પદ્ધતિથી પેર પણ બનાવી શકશે. કોઈ કાગળ ઉપર, બારદાંક ટ્રેસિંગ ક્લૉથ પર ચીતરેલો નકશો મૂકો, કાચની ફ્રેમમાં તેને દબાવી, તેના પર જરૂરી સમય પૂરતો સૂર્ય અથવા દીવાનો પ્રકાશ પડવા દઈને ઘટ્ટ લેવાથી, જેટલા ભાગમાં પ્રકાશ લાગ્યો હોય છે તેટલો ભાગ પેરા બ્લુ રંગનો બની જાય છે, અને જ્યાં રેખાઓ હોય છે તે ભાગ પ્રકાશ આડે આવરણ રૂપ બની રહીને સફેદ પડે છે. તેને ધોઇને તૈયાર કરવાની આખી પદ્ધતિ નીચે આપી છે. આવી નકશા-નકલોને 'બ્લુ-પ્રિન્ટ' કહે છે. આ બ્લુ-પ્રિન્ટ પદ્ધતિ, એ પણ એક જાતની સરળ ફોટોગ્રાફી જ છે.

આ સિદ્ધાંત ઉપર કુલપત્તીઓવાળી ઝાડની નાની ડાંખળીઓ વડે ડિઝાઇનો અને રૂપ-સંયોજનોની મનોરમ રૂપ-રચનાઓ થઈ શકાય. વિવિધ આકારનાં પાંદડાં તથા ફૂલોવાળી ડાંખળીઓ કાપી તેને 'ફેરો-પેપર' અને કાચ વચ્ચે દબાવી સૂર્યપ્રકાશમાં મૂકવાથી આ સાથે બતાવેલા નમૂનાઓ મુજબની છાપો મળશે. અવકાશને વખતે બાળકોને સરતી ફોટોગ્રાફીનો એથી આનંદ મળશે, અને વધુ અગત્યનું તો એ કે એની કુલપત્તીઓને સમતોલ સંયોજનવાળી વિવિધ રચનાયુક્ત ડિઝાઇનોમાં ગોઠવવાનું શિક્ષણ પણ એ દ્વારા આપી શકાશે. કળાશાળાઓમાં પ્રાથમિક વર્ગો માટે આ એક ઉપયોગી તુસબો થઈ પડશે. તેમાં વળી કોઈ પાંદડા તથા ફૂલ ઉપર આથા-પ્રકાશ (લાઇટ-શેડ)ના વિવિધ પલટા (ટોન) લાવવા હોય તો પ્રિન્ટિંગ ફ્રેમના કાચ ઉપર તેટલા ભાગમાં ટ્રેસેલા કે પડીકાના (પૂળિયા) રંગો પીળી વરે બરાબર પૂરતા લગાડીને તેવી અસર લાવી શકાશે. આ સાથે આપેલા ત્રણ નમૂનામાં, ડાબી બાજુના બે પત્તી સાથેના રાસ'ના ફૂલની ડાળી પર એની અસર બાંધેલી છે. જમણી તરફના બાજીના બે નમૂનાઓ સાદા છે, જેમાં ઉપલો નમૂનો બંગળી ના અને નીચલો વાંસની પત્તીઓનો છે. [School Arts Magazineમાંના ચેટ્રો ૬ હેમોસના સચિત્ર સૂચન ઉપરથી].

નકલ ઉતારવાનો ફેરોપ્રુશિયેટ પેપર બનાવવાની રીત

એક ઔંસ પાણીમાં ઉપ્મેન પોટાશયમ ફેરીસાઇનાઇડ નાખીને એક દ્રાવણ તૈયાર કરો. અને બીજા એક ઔંસ પાણીમાં ૬૬ મેટ્રિક ઍમોનિયા સાઇટ્રેટ ઑફ આયર્ન નાખીને બીજું દ્રાવણ તૈયાર કરો. બને મજબૂત લીસા ડ્રૉઇંગ પેપરને પિન વડે બોર્ડ પર જડી, ઉપરનાં બંને દ્રાવણ સરખે ભાગે લઈ, એક પહોળા ચપટા બ્રશ વડે ફોટોગ્રાફિક ડાર્ક રૂમમાં એ કાગળ પર એકસરખી રીતે લગાડો અને અંધારામાં જ તેને સુકાવા દો. એટલે 'ફેરોપ્રુશિયેટ પેપર' તૈયાર થયો.

ત્યાર બાદ તેને ફોટોગ્રાફિક પ્રિન્ટિંગ-ફ્રેમમાં ચત્તો મૂકો, તેના ઉપર જેની નકલ ઉતારવાની હોય તે ટ્રેસિંગ પેપર ઉપર ડ્રૉઇંગ, અથવા છાપ લેવાની જે વસ્તુ હોય તે દબાવી, ફ્રેમને પૅક કરી તે પર સૂર્યનો કે બાજીના દીવાનો પ્રકાશ પડવા દેવો, અને કાગળ લીલાશ પડતો રંગ બારણ કરી લે એટલે લગી લગભગ પાણીથી સારીપેઠે ધોઇ નાખવો. તે પછી ૧૦ ઔંસ પાણીમાં ૧ ડ્રામ ૬ ઈ-ડ્રોક્લોરિક ઍસિડ નાખી તે દ્રાવણમાં એ કાગળને બોળી રાખવો એટલે છાપ પાકા થશે. ત્યાર બાદ ફરીથી તેને બીજા પાણીમાં સારી પેઠે નિચારી નાખવો એટલે નકલ તૈયાર થઈ ગઈ. નકલ ઉતારવાની આ પદ્ધતિ અત્યંત સરળ અને સસ્તી હોવાથી તેનો લહાવો ઉપયોગ થાય છે. આવી રીતે સાગરો તૈયાર કરેલા કાગળો પતરાના મજબૂત બૂંગણામાં પૅક કરી અંધારામાં રાખી મૂકવા હોય તો જ્યારે જરૂર પડશે ત્યારે ઉપયોગમાં લઈ શકાય છે.

(બાકી પાનું ૬૬૪૧) પર

આવ્યો છું મંદિરો જોવા–

આવ્યો છું મંદિરો જોવા, જોવા દક્ષિણ મંદિરો,
એકઠો માઇલો કાપી,–ગિરિ ઓળંગી, કંદરો
વીંધતો રેલગાડીમાં વટોવી વન ને વડાં
ગેદાનો માપતો વેગે ખેડેલાં ખેતરે મઢ્યાં,

ચોલ, ચૌલુક્ય ને પાંડ્ય, પલ્લવો, નાયકો અને
ધર્મી હોયશળે નિર્ચ્યા આ સુરમ્ય પ્રદેશને
પણે પણે, વળી કૈંક લક્ષ્મીવંતે રચાવિયાં
નગરે નગરે આમોઆમ, ભવ્ય સુહાવિયાં
તટે સમુદ્રને શાન્ત લાંબી શતાબ્દીઓ થકી,
મંદિરો;—કૈંક ખંડેરો, કૈંક તો યે રહ્યાં ટકી;
કૈં તો વિધર્મીઓ ફેરા કરે લોપ્યાં અમર્ષમાં,
લીલીસૂકી અનુભવી કૈં કૈં સહસ્ર વર્ષમાં
ઊભાં છે. કાલ તો ફ્રેન્ચ અને અંગ્રેજનાં દળે
ઠોઠીકિલ્લા ગણી લીધાં બખમાં વસમી પળે.
અને આજે ય 'એ.આર.પી.' પાટિયાં લટકેલ છે,
—પ્રજાને ત્રાસ દેવોને ભરોંસે શી મૂકેલ છે!
દેશની શેષ આશા શાં જોવા આવ્યો છું મંદિરો.

ડોકાનાં તાલઝૂંડોની પૂંઠે તોતિંગ ગોપુરો.
ચાર દિક્‌નાગની સામે ઊભા ચાર દિશા મહીં
ટોપ પહેરેલ સંત્રી શાં. ક્યાંક તો લાગી છે રહી
લાંબી કોંગાર કેરા ઝાંખા કેરા નીચાં ગોપુરો તણી.
વચ્ચે વિમાનની પૌંટી આકૃતિ છેક વાગણી.
ક્યાંક તો દંગ શા આડાંઅવળાં ગોહવી દીધા?
વિભુની વિભુતાના શું ગંજ છે અડકી દીધા!
સ્વયં દિગ્ગજરાજે શું આવી ગુલંત ચારણે?
શૈલકૂટ સમાં જાણે ચીંપી રહેનાં વિરાટને.
જગ બંગુરની સામે ડોલતી ઉપહાસમાં
તાલનાં ઝુંડ ભાખેયો વાયુકિની કલ્પ સમાં.



અને અંદર ચોકે જે ઘાટીલા જળકુંડની
રમ્ય સોપાનમાલાને તટે ઊંચેરી માંડણી
પરે સભાગૃહ તણો સોહે સ્તંભસહસ્રશી,
એ તે મંડપ છે શું? કે ચિલાનું વન તો નથી?
ને આ પ્રદક્ષિણામાર્ગો શા પ્રલંબ રચેલ છે!
મોકળા, લાંબી અંણાડી સાથે યે સ્વારી રહેલ છે!
દીપમાળા રચી મોટા પથુંસે, શેષનાગની
ફેણા સહસ્રશી; એની પ્રતિ ફેણે મુકે મણિ.
અને સામે જ નંદી જે બેઠો છે એ ય અલ્પ ના.
એની વપુસમૃદ્ધિની આવે શી રીત કલ્પના?
ઊભો જો થાય તો એની નીચે થઈ ચ્હકે જઈ
બળદો શીંગડે ઊંચે, ભીડ લેશ પડે નહીં.
લંબાતી ટોક, ને કપો સરવા દીસતા અતિ,
નીકળી બ્હાર કૂલેલાં નસકોરાં જઈ ચાટતી.
બેઠો છે પગ વાળીને જમણે પડખે નગી;
થતું કે કદી બેઠી જો ગરદે માંખ, તો જમી
પરે પગ પછાડીને જોરમાં પુચ્છ વીંઝતો
યે જશે ઝબળાં ઊભો, મારી પૃથ્વીથી બીજતો!



અને ત્યાં કંઠની એના માલાઓ ઘંટડી તણી
સૌમ્ય સાન્ત્વન રેલંતી રહેશે મંજુસ્વરે રણી!

મૂર્તિઓ ય મહાકાયઃ અનંતશાયિ વિષ્ણુ આ,
ગોમટેશ્વર આ ઉગ્ર નૃસિંહ વિશ્વજિષ્ણુ આ.
'રાઈ' 'ચણા' સમાણા આ ગણેશો હાથીશી વડા,
હોંત શ્રીફળશા ત્યારે ગણેશો અહીં કેવડા?

મંદિરદ્વાર પાસે ત્યાં ઊભા છે રોકીને પથ,
આકાશ ચુંબતા ઊંચા અહો વિરાટ એ રથ!

ક્ષુદ્ર નામે અહીં કૈં ના, અને ના કાંઈ સાંકડું;
સીમાને ભેદીને રાજ્ય ભૂમાનું વિસ્તર્યું વડું.

સ્યાંપત્યે ઊભરી જેવી સોહે ઊર્જિત ભવ્યતા,
શિલાશિલા તણાં હૈયે ઊભરે એવી રમ્યતા.
હથણાં જ છરીથી શું કાપીને ગોઠવ્યા ન હો,
દીવાલે પથરો એવા સોમનાથે સુહે અહો!
કંકણાંકૃતિ સ્તંભો તે સંધાડથી શું ઊતર્યા?
સ્તંભે સ્તંભે ટાંકણાનાં જાદુ અજબ ઊભર્યા.

અહીં આ હારની હારો હાથીની ચાલી જાય છે,
અહીં અશ્વો રથો દોડે, ત્યાં સૈન્યો અથડાય છે.

મત્સ્યવેધ અહીં, ને આ વાલીવધ, પણે વળી
શીકે કનૈયો પૂહોંચ્યો છે ગોપણાલપીઠે ચડી.

હર-ગૌરી એકરૂપ અહીં, હરહરિ તહીં,
વેણુ વગાડતી મૂર્તિ ધ્યાનસ્થ કૃષ્ણની અહીં.

હંસપંખી તણી પીઠે અલવે દેહ ટેકવી
રતિ સવારી કરે, એને માથે કાક રહ્યો લવી.

શિવ ને પાર્વતી વચ્ચે નૃત્યની સરસાઈ આ;
નટરાજ તણી રમ્યરુદ્ર લીલા શી છાઈ આ!

'આવશે? નહિ આવે શું?' તર્જનીને ઊંચી કરી
વિમાસે નર્તકી, એની અંગુલિ કંકુથી ભરી.

ડાબે કર અરીસો ને જમણે જમણો દડ્યો,
આશાભરી કરે ભાલે અંગુલિ થકી ચાંદલો.

કરે ચાપ, અને શું ત્યાં શરસ્થાને શરીર છે!
મૃગયા ખેલતી શી આ રમણી રસવીર છે!

વિવશા યુવતી આ થૈ વીંધી, ખંખેરવા જતાં;
—એ તો કામ! કહે સંત, પેખી નિર્દોષ નમતા.

શિરે કર મૂકી લાસ્યે રેલાવે રસનિર્ઝરી,
દુષ્ટને કરવા ભસ્મ સ્વયં મોહિની થૈ હરિ.

નાના સ્વરૂપથી આવાં સુહતાં ભવ્યસુંદર
દેશની દિવ્ય સિદ્ધિશાં જોવા આવ્યો છું મંદિર.

નથી અસુંદર કંઈ, નથી ક અહીં ક્ષુદ્ર કે?
દેવો અને ભૂદેવોને મન કો નથી ગુદ્ર કે?

ભૂમા ને ભવ્યતા વચ્ચે નથીને મન સાંકડાં?
પ્રજા ઝાઝેરીનાં શાને લાગે છે મુખ સાંકડાં?

બાર્ગે રહી બહારથી જ દ્વારોની આરપારથી
દેવની કરતા ઝાંખી લોક આ કૈં મથીમથી.

અથવા ભીંતબારીથી સોનેરી શિખરે પડે
દૃષ્ટિ, એમ જઈ ઊલે, પ્રભુપ્રસાદ જો જડે.

અને જે ગર્ભદ્વારે જૈ ઊલે મૂર્તિ સમીપમાં,
એય ભોળાં અદવગાં, ઝાઝાં તો મૂર્છિતો અમાં.

પુરુષાર્થ તજી ભીરુ માગે કે કોક કયાંકથી
કરે મંદા સ્વાર્થ સિદ્ધ, આશરો અન્ય કો નથી.

દાસ્યદુર્ગણ હયાંની પ્રભુશ્રદ્ધા ય પાંગળી,
આવાંનીં પ્રભુ યે તે હા! ઝાલે શી રીત આંગળી?

જુગની જડતાના આ કોટકિલ્લા સમાં અરે
મંદિરોમાં હશે કયાંયે ભરાએલો પ્રભુ જોરે?

પ્રભુને ગર્ભગૃહથી કાઢી મૂકેલ લો ભલે,
ભૂમાભવ્ય શિલાવેશે રમે કિંતુ સ્થલેસ્થલે.

પ્રભુ પ્રત્યક્ષ સર્વત્ર શિલાનાં હૃદયે વસી,
સૌન્દર્યમૃગયા અર્થે આમંત્રે યાત્રીને હસી.

દેવ તો દેશનો ખૂણેખૂણો ભરી દિસે વસ્યા,
દેવનાં મંદિરોની—આ મનુષ્યોની જ શી દશા?

આજે વિદેશીને હાથે થયો છેક જ જર્જર
દેશી મુજ,—દેવનાં એ જોવા આવ્યો છું મંદિર.

૧૧ જાન્ ૧૯૪૫ ઉમાશંકર જોષી

પરી રાખે હારની જે નિરાશા
દોડો મેરા કુમેળાં, કરે જ્યાં
છે કર્મની ત્રિમાત કેરી ખલેલો
જનેયો છે તે સદાનો ગદાબ ગ. 'સનાતન'

તુ ભાગે તો કિસ્મત ભાગે! તું ત્યાગે તો એ ઉગ્ર ત્યાગે
એવું કર કે જીવન-વીણા માનવતાના સૂરે વાગે!
ભાગ કરે નો એવાં કર કે તારી મહેનત લેખે લાગે!

જ્ઞાનેશ્વરજી ડી. ખાડીવાળી
(આર્ય ૧૯૪૧) પ્ય

ગાંધીજી પછી થયેલા બીજા મહાન ગુજરાતી વિજ્ઞાની —

સ્વ. કપિલરામ હરદેવરામ વકીલ

સર જગદીશચન્દ્ર બોઝ, સર પ્રફુલ્લચન્દ્ર રાય, સર ચન્દ્રશેખર વેંકટરામન અને આપણા પ્રો. અણુર જેવી ગણીગાંઠી પ્રતિભાવાન વ્યક્તિઓ હિંદમાં છે જેણે વિજ્ઞાનશાસ્ત્રને જીવન અર્પણ કર્યું હોય. તાજેતરમાં અવસાન પામેલા સ્વ કપિલરામ વકીલની પ્રતિભા, જે વિજ્ઞાનને ખાતરે કરેલું સમર્પણ એવાં જ ઉચ્ચ કોટિનાં હતાં. ગુજરાતમાં તો એટલી તેજસ્વી પ્રતિભા દાખવનાર ગણુર પછી બીજા થયા એમ તદ્વિદો કહે છે. આ નીચે આપેલું એમનું આછું દર્શન તે આ અંકની 'આપણી' માં ઉતારેલી એમની ફેમિલી છબીને આધારે એમની પ્રાણવાન વિજ્ઞાન આપશે.

ગઈ તા. ૨૮મી જાન્યુઆરીને દિવસે હિંદના એક ઉચ્ચ વર્ગ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા વિજ્ઞાનશાસ્ત્રી શ્રી કપિલરામ વકીલનું અવસાન થયું એમણે વિજ્ઞાનની સેવા પાછળ જીવન સમર્પણ કર્યું હતું. ભીડાપુર (જામ્બે)માં એમણે ટાટા કેમિકલ્સ લિમિટેડનાં જે આર્ય વર્ત અને રચના કર્યા છે તે એવા અજ્ય છે કે તે જ એમનું કાયમનું સ્મારક બની રહેશે.

બીજા દેશોના પ્રમાણમાં હિંદ ઔદ્યોગિક રીતે ઘણું પછાત છે. પણ શ્રી કપિલરામ વકીલે ટાટા કેમિકલ્સ લિમિટેડનું સંચાલન કરી હિંદમાં તેને સૌથી મોખરે મૂક્યું હતું. આખા હિંદમા ટાટા કેમિકલ્સની ફેક્ટરી રસાયણોનાં કારખાનાંમાં એથમેવાદ્વિતીયમ્ છે. શ્રી કપિલરામે ધીરજ દૈ જ ન કર્યું હોત તો પણ મોખા અરબ્બી સાત માઈલ દૂર અને દ્વારકાથી બાર માઈલ દૂર એવો રાજેશની વચ્ચોવચ્ચ ભીડાપુર જેવા ઔદ્યોગિક નગરની રચના તથા ત્યાં ટાટા કેમિકલ્સ નામની વિશાળ ફેક્ટરીની રચના એમની દીર્ઘદર્શી યાદગારી રાખવા માટે પૂરતાં છે. પરંતુ એ ઉપરાંત એમણે ઘણું કર્યું છે. જેની શરૂઆતની કારપ્રાદિમાં એમણે તેલી અને ચરબીના કારખાનાં ઘણું ઠામ કર્યું હતું અને ટાટાએ હિંદમાં સૌથી પ્રથમ બળદ પરિવું 'કેમોલેક્સ' વનસ્પતિ-ઘી એમના પ્રયત્નોને જ આભારી હતું.

સમુદ્રના પાણીમાંથી મીઠું અને તેમાંથી સોડા, તથા બાકી વધેલા સમુદ્રના પાણીમાંથી પેટ્રોલિયમ, બ્રોમિનિયમ, આયોડિન વગેરેના ક્ષારો ઉત્પન્ન કરવાનું આખા હિંદમાં પ્રથમ જ કારખાનું શ્રી વકીલે રાજપીપળામાં 'ઓખા સૉલ્ટ વર્ક્સ,' નામે ઊભું કરેલું અને તેને માટે ૧૯૨૩થી ભીડાપુર રહી અનેક મુશ્કેલીભરી તપશ્ચર્યાઓ એમણે કરેલી. ઓખામંડળના વગેરેનું કારખાનું પણ એમને સારીરીતે ચલાવવું પડેલું અને તે માટે એમણે બતાવેલી હિંમતની વાતો જ્યારે આપણે સાંભળીએ છીએ ત્યારે આશ્ચર્ય થાય છે અને એક ગુજરાતી તરીકે ગર્વ અનુભવાય છે. ૧૯૩૬માં પોતાનું કારખાનું ટાટા કેમિકલ્સ લિમિટેડને સોંપી દઈ તેના એ શુભચિંતક બનવા અને નવા કારખાના અંગે પોતાનું કામકાજ શરૂ કરી દીધું. અને અગે યુદ્ધ જેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ જે પ્લાન્ટ યુરોપ-અમેરિકા જવા પ્લાન્ટ અને યંત્રો ખરીદી લાવેલા. હિંદના બીજા કોઈ પણ રાજ્યે ભીડાપુર જેવડા પ્રમાણમાં કેમિકલ્સની સંખ્યા ઊભી કરી નહિ હોય. અત્યારે ટાટા કેમિકલ્સમાં લગભગ ૧૦૦ જેટલા કેમિસ્ટો અને ૫૦ ઈજનેરો નાનામોટા હોદ્દા ઉપર કામ કરી રહ્યા છે.

શ્રી કપિલરામ વકીલે પ્રારંભમાં પણ પ્રથમ જ સોડા બનાવવાનું કારખાનું રેલ્વેને ઊભું કરી આપેલું. પણ કેટલી ૨ વર્ષોમાં રેલ્વેવાળાએ કોઈ કારણસર અકારણે પરિસ્થિતિમાં નેમને ત્યાંથી રાજીનામું આપવું પડેલું પરિણામે ઉદ્યોગ ઊભો કરવાનું કેટલાક કેરફારો સાથે ફરી આવું થતાં એના નવા સંચાલકોને તેણે ખૂબજ સહાયી કરી છે

ભીડાપુરનો સોડા બનાવવાનો પ્લાન્ટ આખા હિંદમા સૌથી મોટો કોઈ કારણસર ૧૫૦ ટન સોડા તૈયાર કરવાની શક્તિ ધરાવે છે. હજુ કેટલુંક કામ અધૂરું હોવાથી પૂરો ૧૫૦ ટન તૈયાર થઈ શક્યો નથી. પણ એ સમય દરમ્યાનમાં આવે તે પહેલા જ શ્રી વકીલ મૃત્યુ પામ્યા એ હિંદનું દુર્ભાગ્ય કહેવાય.

એ ભીડાપુરનો બ્યાલ જેણે આવે તેમ નથી. ટાટા કેમિકલ્સની એ ફેક્ટરી રસાયણની દૃષ્ટિએ પણ અદ્ભુત કૃતિ છે. સોડા એશ પ્લાન્ટના તેના મકાનની ઊંચાઈ આખા હિંદના કોઈ પણ મકાનની ઊંચાઈ કરતાં વધુ છે, અને તેની ચિમની (ભૂંગળું) તો આખા એશિયાખંડમા સૌથી ઊંચી છે એ ઉપરાંત બીજા પ્લાન્ટો, વૈજ્ઞાનિકોની તથા સ્ટાફની પણ બધુ જ ખૂબ સુંદર મકાનો છે. કેમિસ્ટો માટે ભીડાપુર એ મક્કા કહેવાય છે તેમા જરા યે અતિશયોક્તિ નથી.

શ્રી કપિલરામને ભીડાપુર બધું જ અમૂલ્ય કેવાના કોડ હતા. પણ એમની એ આશાઓ મનમાં જ રહી ગઈ ભીડાપુરવિષે એક સાધુએ એવું ભવિષ્ય ભાખેલું કહેવાય છે કે એ પચાસ વર્ષની અંદર હિંદી કેટલું મહાન શહેર ભીડાપુરને વૈજ્ઞાનિકોનું સૌથી મોટું નજર જેવાની ઇચ્છા તો કપિલરામ વકીલ પોતે બતાવી ગયા. ભીડાના દર્શનને લીધે ઓખા બંદરનો વિકાસ થતા આપા બનવું અશક્ય નથી લાગતું.

ભીડાપુરને એક ઔદ્યોગિક વસાહત બનાવવામાં શ્રી કપિલરામનો મુખ્ય ફાળો છે. ભીડા વિષે તેમના કેટલા કાર્યકાર આખા હિંદમાં કોઈ નહિ હોય. તેમણે જે સંબંધે જે પુસ્તકો લખ્યા છે તે એ વાતની સાક્ષી પૂરે છે. એટલું જ નહિ પણ આંતરરાષ્ટ્રીય હિંદના વૈજ્ઞાનિકોમાં એમનું સ્થાન કેટલું આદરપાત્ર છે તે પણ કહ્યું પડે છે. વિજ્ઞાનની સામના પાછળ એમણે દસવાર યુરોપ-અમેરિકાની યાત્રાઓ કરી હતી શ્રી કપિલરામ વકીલ જેવા ગણ્યા ગાંઠ્યા પોતાના કેટલાકના કોઈ પણ સાધુના કામ કરતાં એ વધુ કામ કરતા સાઠ વર્ષની ઉમરે ચોદ વરસ સુધી ઔદ્યોગિકાનાપણે એમને કામ કરતા આપે જોતા ત્યારે આપણે પણ ઓછું વધુ

રસાયણ વિજ્ઞાનના વિકાસ પાછળ જ એમનું જીવન પૂરું થયું. પણ એમની શક્તિઓ કેટલાની માત્ર તે પરત્વે જ એમનું અવમાનવું

વિજ્ઞાન પાછળ પોતાનું તન, મન ને ધન અમર્યાદ કરનારા આ મહાન ગુજરાતીના અવસાની પહેલી ખોટ એ ગુજરાતની જ નહિ પણ સમસ્ત હિંદની જ પુરાય તેવી ખોટ છે.

ચંદ્રકાન્ત ક. શાહ

વાઈબની મજ્જા કરી ખરા ? જે અલ્પ પ્રયાસથી માનુષનો શિકાર કરી શકતો હોય તો હરણિની પાછળ દોડવાનો અને પાડા સાથે બાથ ભીડવાનો શ્રમ તેઓ શા માટે લે ?

સિંહ અને વાઘ નરભક્ષી થવાનાં બીજાં પણ કારણો છે: જ્યારે વનપ્રાણીને લીધે જ્યારે આ વનરાજોના શરીરની તાકાત અને ચપળતા ખૂટે છે ત્યારે પાડા જેવાં સબળ પ્રાણીઓનો સામનો કરવાનું કે દરમ્યાન બીજાં વેગીલાં પ્રાણીઓનો પીછો પકડવાનું તેમને માટે મુશ્કેલ બને છે. પછી તો તેઓ ગામની ગાયો, બકરાં, બળદ, વગેરે લાચાર પ્રાણીઓનો જ શિકાર કરે છે; અને તેમાં નબળો જોઈ માણસની નિર્બળતા માપી લેવાનો પ્રસંગ આવે તો પછી એ નરમાંસભક્ષી જ પણ બની જાય છે. મનુષ્યલોહી સિંહ કે વાઘ જન્મજાત કારણે આરામ્ય બની શિકાર નથી કરી શકતા ત્યારે પણ નરભક્ષી થવા પ્રેરાય છે.

આગનપુરની વાઘણ નરભક્ષી બનવામાં કેમ પ્રવૃત્ત થઈ હતી તે સમજવું મુશ્કેલ હતું પણ તે તો હજુ તેને જે ગામના પશુ પ્રસંગ નહોતો ગયો. તેની આંખે ચમત્ય પાડવાને હું અતિશય ઉત્સુક હતો.

નવેમ્બરની ૨૬મી તારીખની સાંજ હતી અસ્તાચલ તરફ જતા સૂર્યનારાયણના પ્રકાશ ટેકરીઓની ટોચને શોભાવતો હતો અને મેદાનમાં ખૂણેખાંચરામાં ઘેટાંના ધાણા પડછાયા દૂર સુધી પથરાતા હતા. પક્ષીઓ રવૈયાને પાછા ફરવાની તૈયારી કરતા હતાં અને નાગવલ્લી ગામનાં ઢોર ચરીને ગામ તરફ પાછા ફરતાં હતા. અરે, પણ તે બધાને આગનપુરની નરભક્ષી વાઘણ શિકાર માટે લાયકની હતી એવું કોઈ તેમને ગામવાળાને કહેવા લીધું. ગાયોના ગભરાટનો ખ્યાલ તો તમે જરૂર લેજો બીકથી બેબાકળી બનેલી ગાયોના હાલ કુદરતી નાગવલ્લીનાં ગામજનોએ ગોવાળના નરકીળની કલ્પના કરી લીધા. ગામલોકો રોક અને ગભરાટથી ત્રસ્ત થઈ ગયા. ઢાંઢી-ઓને પકડવાની પ્રવૃત્તિમાં પડેલા વાઘણે બીજે દિવસે આ કરુણ સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ પણ પોતાની સલામતી માટે ચિંતાતુર બની ગયાં. ગામ ફરવારે જબરાઈદારી હતી. માત્ર ગામનાં માણસો જ નહિ પણ આસપાસના બધા ગામલોકો પોતાના રક્ષણ માટે રાત્રીએ કુદરત જ નજર નાખતા હતા. આગની જ્વાળાને પાત્ર બનવાનું ગામે કર્તવ્ય હતું પરંતુ ગામની ચોકીપહેરો ઢીલી હતી. એવા ગીચ જંગલમાં એ વાઘણનો પીછો ગામે પકડવો કેવી રીતે ? એની ખોડ ક્યાં શોધવી ?

પણ તે પછી બે મહિના સુધી કંઈ અઘટિત બનાવ ન બન્યો. ગામના માણસોમાંથી ભયની લાગણી ધીમે ધીમે ગામલોકોને પણ આ રાહતની શાન્તિ મળી. પરંતુ ડીસેમ્બરની ૨૬મી તારીખે આ નરભક્ષી વાઘણે વળી એક ગોવાળનો ભોગ લીધો, અને તે પણ ગામના પાદરમાંથી ! શું એ ટાકણની હિમ્મત !

હવે ગામે નિષ્ક્રિય થઈને બેસી રહેવું પાલવે તેમ ન હતું. ગામના અબુધ માણસો ભયથી થરથરતા હોય અને ગામ કોઈ શિકારી તેનું રક્ષણ ન કરી શકે એમાં મારી પ્રતિષ્ઠા નહીં હતી. મેં મારો હાથી સજાવ્યો અને પક્ષીઓને લઈને આયનપુર ગયો.

ગામને પાદર આંબલીનું એક વૃક્ષ હતું. આસપાસનો પટ તો ખુલ્લો હતો, પરંતુ ચારે બાજુ એક ઝાડમાં વાઘણ છુપાઈ શકે તેવી જગ્યા હતી. ગોકુળ કાનજીભાઈ ગોવાળ જ્યારે ઢોર ચારીને ગામ તરફ પાછા વળતો હતો તે વેળા વાઘણ ઝાડમાં છુપાઈને ઊભી હતી ગોવાળ ઝાડમાંથી આંબલીના ફાલતા વાડની વાડ ખેંચેરતો હતો ત્યારે વાઘણે તેના ઉપર તરાપ મારી હતી એ જગ્યાએ લોહીનું ખાબોચિયું હતું. ગોવાળની લાકડી, ટોપી, કાળો ધાબળો અને આંબલીના કાતરા પડ્યાં હતાં આગે વાઘણનાં પગલાં જોયાં અને પગલે પગલે ગામનાં ચારેય ગામજ્ઞ છેટે ઝાડીમાં ગોવાળનાં લાકડાં મળ્યાં અહીં વાઘણે શિકારનો બસ કર્યો હતો.

હવે ઝાડીમાં વાઘણ ક્યાં ગઈ હતી ને જોવાનું હતું પક્ષીઓ કામે લાગી ગયા. પક્ષીઓની દિશાઓ, કર્તવ્યપરાયણતા અને ચતુરાઈ પ્રશંસાપાત્ર હોય છે. હિંદુસ્તાનનાં છ લાખ ગામડાંની ચોકીદારી પ્રતીક સમા આ અરણ્યચારીઓને પગમાં પગરખાં નહિ, શરીરે સેડ્યાદોરા કે ટૂંકા કાળિયા વિના બીજું વસ્ત્ર નહિ, રક્ષણ માટે લાકડી સિવાય બીજું કંઈ હથિયાર નહિ, અને છતાં તેમની હિંમત કેવી! નાગ અને કાળોતરાના નિવાસસ્થાન સમાં ઘાસનાં ઝાડમાં કલાકો પગે ફરવું, વાઘ દીપડા અને ચિત્તાને તેમના આરામગાંથી કંટાળી શિકાર માટે છુપાઈલા શિકારી તરફ જવા ફરજ પાડવી, ઝાડો અને વાંસનાં બીચ જંગલોમાં જંગલી હાથીઓની પાછળ રખડવું, આવાં અસંખ્ય સાહસો એ તો એમનું નિત્યકર્મ છે! શિકારની મોજ માણવા આવતા સુખદેવી દુનિયાના શિકારીઓ સંરક્ષિત જનાવરોને છુપાઈને શિકાર કરે ત્યારે એ શિકારી અને શિકારનાં ચિત્રો વર્તમાનપત્રો ને માસિકોમાં પ્રસિદ્ધ થાય છે, પરંતુ તેમને શિકારની મજા બગાડનાર અને પગે રખડીને શિકારને હાંકી શિકારી તરફ ધકેલનાર આ નિઃસહાય પક્ષીઓની બહાદુરીનો ખ્યાલ કેટલાને આવે છે? આ માનુષોક નો અરણ્યના પુત્ર છે. તેઓ કુદરતને ખોળે ઉછર્યા છે. એમના પ્રદેશની એકેએક ટેકરી ખીણ, કોતર અને ગુફા, ઝાડ અને શિલા, મેદાન અને ખાડા, નદી અને ઝાંઝોરિયા, ઝાડ અને અને ઝાડી, કેડી ને રસ્તા એમને સુપરિચિત છે. તેઓ કયાંય ભટકાતા નથી, પછીએકે દિવસ કોઈ કે રાત. અને પગમાં પડેલાં પગલાં કુદરતી એ કયું પ્રાણી છે, ક્યાંથી આવ્યું, ક્યાં ગયું, ક્યારે પસાર થયું તે બધું વારંવારના તો તેઓ અદ્દલ નિષ્ણાત હોય છે.-એટલે સુધી કે તેઓ વાઘનાં માત્ર પગલાં જોઈને જ કહી શકે છે કે એ પગલાં નરભક્ષી વાઘણના છે કે અન્ય વાઘનાં! આવા અનુભવી અને નિષ્ણાત પક્ષીઓને પણ આજે નિષ્ફળતા મળી. કઠણ જમીનમાં વાઘણનાં પગલાંનો લોપ થઈ જતો હતો. અમે પાછા ફર્યા.

પણ નિષ્ફળતાથી નાસીપાસ થવું એ પાલવે તેમ ન હતું. મેં ખૂબ ગંભીરતાપૂર્વક કહ્યું. વાઘણ એક વાર ગામની રાઈફલની હદમાં ઘેરે તે માટે કઈ યુક્તિ કરવી ? તેને પગલે પગલે જઈને શોધી કાઢવી અને તેના વિશ્રામસ્થાનને ઘેરો ઘાલી તેને બહાર કાઢવી એ તો બહુ મુશ્કેલ કામ હતું. વળી એનું વિશ્રામસ્થાન શોધવું પણ ક્યાં? આજે તે એક ગામ પાસે દેખાય, કાલે બીજા ગામ પાસે. સંભવ છે કે એને કોઈ નિશ્ચિત વિશ્રામસ્થાન નથી હોય. એટલે તેની ખોડની શોધ કરવાને બદલે મેં બીજી યુક્તિ કરી. મારે એને ઘેલછાવીને બહાર કાઢવી.

મેં ગામનાં ઢોર બેગાં કરાવ્યાં અને તેમને જંગલ તરફ હાંકવાં. વાઘથી ડરી ગયેલાં ઢોર જંગલમાં જવા તૈયાર ન હતા, પરંતુ ગોવાળોએ બળજબરીથી હાંકયાં.

મારી પાસે બે ભેટાળી બંદૂક ભરેલી તૈયાર હતી અને કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા હું તત્પર હતો. જંગલની મનોહર પ્રકૃતિસરણી આંખોને ઠંડાવી દેવી પણ કંઈ સુલભ ન હતી. પક્ષોની ગાભાઆગા કુપત્રવી કુપરાજ અને ઘેરબહુલ હવામાં લાંબી પૂછડીનો ફેરવતા કૂદાકૂદ કરતા હતા. જંગલી પુષ્પો મારી સત્કારઝોરા ઝુલતાં હતા અને જ્યારે એમનાટરેંગની સોવા સૂર્યપ્રકાશમાં ઝળહળી ઊઠતી હતી ત્યારે એમનો મધુર રવર (અનુસંધાન આગળ પાન ઉપર)

ડી. ડી. ટી.

વિજ્ઞાને શોધેલું આ યુગનું અદ્‌ભુત જંતુનાશક

તે શું છે – અને તે કેમ વાપરવું

'ડી.ડી.ટી.' એ વાસ અને રંગ વગરનો, સ્ફટિકમય, ઘન પદાર્થ છે તે સ્ફટિકમય હોવા છતાં તેને જલ અથવા પ્રવાહીના સ્વરૂપમાં બનાવી શકાય. રાસાયનિક દૃષ્ટિએ તે Dichloro-Diphenge-Trichloro-Ethane છે. આ નામના પહેલા ત્રણ અક્ષરો લઈને જ તેનું ટૂંકું નામ DDT પાડવામાં આવ્યું છે. –

'ડીડીટી' એ હંઈ નવીન શોધનું પરિણામ નથી. સૌથી પહેલાં ૧૮૭૪ માં આ પદાર્થનું સંયોજન (Synthesis) કરવામાં આવ્યું હતું પરંતુ તે અદ્‌ભુત જંતુનાશક પણ છે એ શોધ તો ફક્ત છ વર્ષ પહેલાં સ્વિટઝરલેન્ડની એક રાસાયનિક પેઢીમાં થઈ. ૧૯૪૨માં તેનો પહેલો નમૂનો વધુ અખતરા માટે અમેરિકા ખાતે મોકલવામાં આવ્યો. તે પછી તો લશ્કરી જરૂરિયાતો માટે ઘણા દેશોમાં મોટા પ્રમાણમાં તેનું ઉત્પાદન થવા લાગ્યું.

અનેક અખતરાઓ પછી એમ નક્કી કરવામાં આવ્યું છે કે 'ડીડીટી' જંતુના જ્ઞાનતંતુઓ ઉપર અસર કરે છે. જંતુને શરીરે 'ડીડીટી' લાગ્યા પછી તે પોતાના શરીર ઉપરથી કાબુ ગુમાવે છે અને અંતે પક્ષઘાત (Paralysis) થાય છે. આ સૃષ્ટિમાં થતાં લગભગ દરેક જાતના જંતુઓને 'ડીડીટી' મારી નાખી શકે છે. તેનાથી માખી અને મચ્છર અર્ધા કલાકમાં અને માકડ બેાડા કલાક બાદ મરી જાય છે.

હવે 'ડીડીટી'ને કંઈ રીતે વાપરવું તે જોઈએ. 'ડીડીટી'ને સ્વરૂપમાં વાપરી શકાય છેઃ ભૂકો તેમજ પ્રવાહી. ભૂકો બે જાતનો આવે છે. પાણીમાં ભેળવી શકાય તેવી અને કેરોસીન જેવા પ્રવાહીમાં ભેળવી શકાય તેવી. પાણીમાં 'ડીડીટી' ભૂકો ભેળવીને તૈયાર કરેલું પ ટકા દ્રાવણ ઓરડાઓમાં મચ્છર–માખી વગેરે સામે ઘણું જ અસરકારક નીવડે છે. ભીંતો, ફર્નિચર, પડદા, છત—જ્યાંજ્યાં જંતુઓ ભરાઈ રહેતાં હોય ત્યાંત્યાં આ દ્રાવણ છંટકોરવું. પ્રવાહી 'ડીડીટી'ને વાસ વગરના કેરોસીનમાં ભેળવીને વધુ અસરકારક દ્રાવણ તૈયાર કરી શકાય. આ દ્રાવણ માકડ, ઉધઈ વગેરે પર સારી અસર કરે છે. 'ડીડીટી' ભૂકો એમ ને એમ પણ વાપરી શકાય. ભીની ન કરાય તેવી જગ્યાઓ–ઠાણા, પથારી, પેટી વગેરે–માં 'ડીડીટી' ભભરીને છાટવાથી ચોપડીઓ આદિમાં રહેતી બધી જીવાત મરી જાય છે. ચાચડ, વાંદા, કેસારી, ઉધઈ વગેરે સામે તો 'ડીડીટી'ને ભૂકો ડંખે વાપરવું જ સારું.

આમ 'ડીડીટી' દરેક જીવાત માટે તો જીવલેણ છે જ; પણ માણસ ઉપર તેની અસર થાય છે ખરી? અમેરિકાના લશ્કરી જનસુધારકો તેમજ બીજાઓ અખતરા-નિષ્ણાતોએ હજારો વાર 'ડીડીટી' ઝીણું વટમર્યા નિરીક્ષણ સાથે, ઘરમાં તેમજ બહાર, ચોપડ્યા પછી અંદર કર્યું છે કે જો તેને માટેની સૂચનાનું બરોબર પાલન કરીને 'ડીડીટી' (ભૂકો કે પ્રવાહી) વાપરવામાં આવે તો માણસ ઉપર બહારથી તેની જરા પણ અસર થતી નથી. પણ ખાવામાં 'ડીડીટી' જરી છે માટે શરીરની અંદર 'ડીડીટી' જવું જોઈએ નહિ. અને જો સરતચૂકથી ખાદ્ય પદાર્થો પર તે છંટાઈ જાય તો તેવી વસ્તુઓ ખૂબ ધોઈને પછી જ વાપરવી. ઘરની વપરાશની ચાનેં, ફર્નિચર કે કપડાં ઉપર 'ડીડીટી' પ્રવાહી કે ભૂકાની જરા પણ વિપરિત અસર થતી નથી. સિવાય કે એનું દ્રાવણ કોઈ નુકસાનકારક પ્રવાહીમાં જ બનાવેલું હોય. કેરોસીન કે નેપ્થા સોલ્યુશન તો ધરાથી વાપરી શકાય.

પાણીમાં બનાવેલું દ્રાવણ રંગીન વસ્તુઓ ઉપર છાંટવું હોય તો પાણી ઊડી જતાં પાછળ 'ડીડીટી'ના સફેદ ડાઘ પડી રહે છે. પ આ ડાઘ કપડાંથી ચૂકવી નાખી શકાય. આપણે ત્યાં હવે વપરાતાં જંતુનાશક દવાઓની જેમ 'ડીડીટી' છાંટવી વખતે બારી બંધ કરવાની યે જરૂર રહેતી નથી. ખરી રીતે તો બારી-બારણાં તે ખુલ્લાં હોય તો જંતુઓને આવવાનો માર્ગ જ તેને માટે જીવલેણ બની રહે છે. વળી બહારની તેમજ બારણાની બંદારના બેાડા ભાગમાં પ તેની અસર પહોંચે. કેરોસીનમાં બનાવેલું દ્રાવણ ચીજવસ્તુ ઉપર વધારે વખત લાગી રહે છે તેટલે વધારે અસરકારક નીવડે છે.

ગરમ કપડાંમાં 'ડીડીટી'ની ભૂકી છાંટવાથી જીવતા જેવા ગા બનાવેલું દ્રાવણ વાપરવાથી કપડાંસચવાઈ રહે છે. હાથને તો 'ડીડીટી' તરત જ મારી નાખે છે, પણ તેનાં ઇંડાં ઉપર અસર થતી નથી. 'ડીડીટી'ની અસરવાળા કપડા પેટી કે કબાટમાં વરસો સુધી સલામત રહે છે. પુસ્તકોમાં થતા જીવડાં—સિલ્વર ફિશ કાર્પેટ બીટલ, ઉધઈ વગેરેને 'ડીડીટી' તરત જ મારી નાખે છે એવા પડીઓ ઉપર તો 'ડીડીટી' ભૂકો જ વાપરી શકાય. પાકેરી બજારો કે ગાદીગા ઉપર પણ ભૂકો છાંટવાથી જીવાત મરી જાય છે.

'ડીડીટી' એક બીજી રીતે પણ સહેલાઈથી પોતાનું કામ કરી શકે છે. પાણીના બનાવેલા રંગમાં 'ડીડીટી' નાખી તેનાથી જો ભીંતો રંગવામાં આવે તો મહીનાઓ સુધી તેની અસર રહે છે. માખી–મચ્છર જેવાં ભીંત ઉપર બેસનારાં જીવડાં તો તરત મરી જાય છે. પણ પ્રયોગ ઉપરથી એમ લાગે છે કે તેલના તૈયાર કરેલા રંગો સાથે 'ડીડીટી'ની અસર જરા પણ રહેતી નથી.

પાળેલાં કૂતરા બિલાડાં ઉપર થતી જીવાત—ઈતરડી, ચૂંચા, ચાંચડ વગેરે માટે પણ 'ડીડીટી' જીવલેણ છે. કૂતરાને 'ડીડીટી' નાખેલા પાણીથી નવડાવ્યું હોય તો શરીર ઉપરથી બધી જીવાત મરી જાય છે. પણ તેમને પોતાનાં શરીર ચાટવાની ટેવ હોવાથી તેમને માટે પણ તે જીવલેણ બને. માટે સંપૂર્ણ સાવચેતી રાખવી જરૂરી છે.

બાગીચામાંની જીવાત પણ 'ડીડીટી'થી દૂર કરી શકાય. પણ તેનાથી બીજા ઘણા મોટા ગેરફાયદા થાય છેઃ (૧) ફળફૂલને માટે ઉપયોગી જીવડાં પણ સાથોસાથ મરી જાય; (૨) મધમાખી પણ 'ડીડીટી'થી મરી જાય છે; (૩) વળી જીવાત ખાઈને રહેનારા પક્ષીઓ પણ મરી જાય. આથી બાગીચામાં 'ડીડીટી'ની વપરાશ સલાહભરેલી નથી.

માણસના શરીર ઉપર થતા જંતુ–બાળની જૂ, ખટમલ વગેરે તો 'ડીડીટી'ના દ્રાવણથી ધોતાં તરત જ મરી જાય છે. પણ તેનાં ઇંડાં ઉપર કશી જ અસર થતી ન હોવાથી જો બાળમાં 'ડીડીટી' લાંબા વખત સુધી રાખવામાં આવે તો જ તેનો સંતોષકારક નાશ થાય.

'ડીડીટી' વિષે બીજી જાણવા જેવી વાત એ કે તેનાથી જંતુઓ ટેવાઈ જતા નથી. દાખલા તરીકે આપણે જો 'ડીડીટી' પાઉડર શરીરે લગાવીને સૂઈએ તો પણ મચ્છર તો આવીને કરડવાના જ; પણ પાઉડરની અસર થયા પછી તે જ મરી જાય.

જંતુનાશક તરીકે તો 'ડીડીટી' અદ્‌ભુત છે પણ વાપરવામાં તે બહુ હાનિકારક ન હોવાથી અને તેની અસર લાંબા સમય સુધી રહેતી હોવાથી તેનો ઉપયોગ વધશે. ભવિષ્યમાં સૃષ્ટિજીવનની એક અનિવાર્ય વસ્તુ તરીકે 'ડીડીટી' અમુલ્ય તો નવાઈ નહિ.

વિજય પંડ્યા

પરી

મૂળ લેખક : રથીન્દ્રનાથ ઠાકુર

કુમુદ કહે, 'કલ્પનાની કાઠેલી તો તમે કેટલી યે વાર્તાઓ કરો છો, પણ એક સાચી વાર્તા કરો ને!'

'જગતમાં બે જાતની કથાઓ છે: એક સત્ય ને બીજી અતિસત્ય. મારો ધંધો અતિસત્યનો છે.' મેં કહી દીધું.

'દાદાજી, ઉપાધ્યાય કહે છે કે તમારી વાતો બરાબર પ્રમાણની નથી, અડધી જેટલી નથી.'

'એ સાચી વાત છે. પણ એમાં ન સમજવા જેવું મારો શો વાંક? દોષ એમનો છે.'

'અતિસત્ય એટલે તમે શું કહેવા માંગો છો એ મને પહેલા કહો ને.'

'અચ્છા; દાખલા તરીકે, બધા જાણે છે કે તું કુમુદ છે. એ જે ત સાવ સત્ય છે, અને હંમેશાંવાર એ સાબિત કરી દેવાય. પણ મેં શોધી કાઢ્યું છે કે તું પરીના દેશની પરી છે. એ વાતને હું અતિસત્ય કહું છું.'

કુમુદ ખુશ થઈ ગઈ.—કહે, 'વાહ વાહ, એ તમને કેવી રીતે ખબર પડી?'

'જેલે દિવસે તારી પરીક્ષા હતી, ને તું પથારીમાં બેઠી બેઠી ભૂગોળ ળ ગોખતી હતી. એમ કરતાં કરતાં તને ઝોકું આવી ગયું ને આકાશમાંથી ચાંદુ નાખીને તું સૂઈ ગઈ. બારીમાંથી તારા-ચહેરા પરને તારી આસપાસની ઓઢણી પર ચાંદની રેલાતી હતી. ત્યાર પછી મને ચેતવું નજરે પડ્યું કે પરી નામના દેશના રાજાની દૂત એક ભાગી છૂટેલી પરીની ભાળે શોધ કાઢવા આવ્યો હતો. એ ચારે બારીની બરાબર નજીક આવ્યો ત્યારે એના સફેદ ઘોડાને હવામાં ફરફરતો હતો. તેણે તને નખશિખ નિહાળી, પણ તોયે એ નક્કી ન કરી શક્યો કે તું જ એ ભાગી છૂટેલી પરી કે કોઈ બીજી? એને લાગ્યું કે તું તો કદાચ આ જગતની જ પરી હોઈશ. અને જો એમ વાત હોય તો તો ધરતી માના ખોળામાંથી તને ઝાંખી જવી એ કોઈ આસાન કામ ન હતું. એટલે એ તો ઊલટું બારે પડે. ધીમે-ધીમે ચંદ્ર ઊંચે ચડતો ગયો, આકાશ ગાઢ અંધારું ધારણ કરવા લાગ્યું, અને કુમુદ પણ માથું હલાવતો હલાવતો ઓઢણી છાયામાં થઈને અલોપ થઈ ગયો. તે દિવસે મને ખબર પડી કે તું તો પરીના દેશની પરી છે, ને માત્ર ધરતીના બંધનમાં જ જકડાઈ રહી છે.'

'પણ ત્યાંથી હું અહીં આવી કેમ કરીને?'

'એક દિવસ પારિજાતના વનમાં તું પ્રિયાની પાંખ પર બેસી સહેલ કરી હતી. અચાનક તારી નજર ક્ષિતિજના ઘાટ પર પડેલી નાવ ઉપર પડી. એ નાવ સફેદ વાદળાંની હતી, આગળના પવનમાં ડોલતી હતી. એક પલકારામાં તું એમાં ચડી બેઠી ને એ ચાલી. તું જ્યારે ધરતીને ઘાટ આવી ને લાંબરી ત્યારે તરી બાપે તને લાયકી-લાધી!'

કુમુદ તો સાચના રેડ થઈ ઢાળા પાડની પાડની પૂછવા લાગી, 'હેંદાદાજી! સાચ્ચે જ?'

'સાચ્ચે?' મેં કહ્યું 'કોણ કહે છે સાચ્ચે? હું શું સત્ય માટે પરવા કરું છું? હું તો કહું છું અતિસત્ય.'

કુમુદ કહે, 'અચ્છા ત્યારે; પણ હવે હું પરીના એ દેશમાં પાછી જઈ શકીશ?'

'કદાચ જાય પણ ખરી,—'તારા રવપ્નોના સદને જો પરીપ્રદેશની હવા લાગે તો'

'જો હવા લાગે તો મારે પછી કઈ બાજુ જવું? કયે રસ્તે? એ બહુ લાંબો રસ્તો હશે?'

'અરે તદ્દન દૂરનો: છેક પાસે જ.'

'કેટલોક પાસે?'

'હું જો ત્યાં દૂર લાગે તેટલો. તારે તો પથારી પણ નહિ છોડવી પડે જો, હવે બીજી-વાર ઓરડામાં ચાંદની આવે ત્યારે બહાર જોજે; તને બરાબર ખાતરી થઈ જશે. તું જોઈશ કે પેલી વાદળાંની નાવ ચાંદનીમાં તરતી તરતી આવે છે. પણ તું આ દુનિયાની પરી બની ગઈ છે, એટલે તે નાવ તારા માટે ન કામ લાગે. હવે તો તારે રખડવા જવું હશે ત્યારે તારા દેહ અહીં મૂકી જવો પડશે, અને તારા પ્રાનને માત્ર તારા સંગાથી તરીકે લઈ જવું પડશે. તારી સત્ય બનત તારી પાછળ

અહીં ધરતી પર પડી રહેશે અને તારી અતિ સત્ય બનત અહીંથી ફર ઊડી જશે, એને આ પાળે કોઈ પકડી ન શકીએ.'

કુમુદ કહે, 'અચ્છા! હવે જ્યારે જનમની રાત આવે ત્યારે વાત હું આકાશ ભણી જોઈને જ બેસી રહીશ નહિ મારો હાથ પકડીને લઈ જશો ને, દાદાજી?'

'હું તો અહીં બેઠો બેઠો રસ્તો બતાવું' મેં કહ્યું. 'મારાથી બીજું કે ન થાય; કારણ હું તો અતિસત્યનો ગોદાગર છું.'

'દાદાજી! તે દહાડે તમે અતિસત્યની વાત કરતા હતા તે શું માત્ર પરીઓના દેશમાં જ હોય?'

'ના બેટા ના, આ દુનિયામાં યે ખૂબ છે. પણ તમારે એ જોવું હોય તો જોઈએ. અને હા! એવા માટે દૃષ્ટિ પણ જોઈએ.'

'ત્યારે તમે એ જોઈ શકો છો?'

'મારામાં એવી શક્તિ છે જેનાથી હું અચાનક અદૃશ્યને પણ જોઈ શકું છું જ્યારે ભૂગોળ ગોખવા બેસે છે ત્યારે મને મારી વાત યાદ આવે છે કે હું કેમ ભૂગોળ ભણતો જ્યારે હું તમારી પેલી યાંત્રિકો કયાંય નદી વિષે વાંચતો, ત્યારે મારી આંખો સામે એક એવી ભૂગોળ ખૂલી જતી કે જે પરીક્ષા પસાર કરવાના ખપમાં ન આવે. અરે હજુ આજે પણ હું બેસીને ગાંસડી ઓવાઈ રહેલી ડોકીની વણઝાર જોઈ શકું છું જોખાના એક ઊંટની પીઠ પર હું બેઠો હતો!'

'કેવી વાત કરો છો દાદાજી! મને ખબર છે કે તમે કોઈ દહાડો ઊંટ પર બેઠા નથી'

'જો છોકરી! તું મને આટલા બધા સવાલ કરે છે તે ઠીક નહિ.'

'અચ્છા ત્યારે, આગળ કહો. પછી શું થયું? તમને એ ઊંટ ક્યાં મળ્યો?'

'વળી પાછો સવાલ? ઊંટ હોય કે ન હોય

હું તો મારી કથા જ કરવાનો. મુસાફરી કોણ કેમ કોણ, મને રખડતો કોઈ અટકાવી શકે નહિ. એવો જ મારો સ્વભાવ છે.'

'હં, ત્યાર પછી શું થયું?'

'તે પછી હું થયું શહેરોમાં ગયો. —કુસુંગ, ઢાંચાઉ, ચુંગ્કિંગ. કેટકેટલાંયે રણ્યો મેં રાત્રે તારાને આંતરે વટાવ્યાં. કેક ગીચ ઝાડીઓ ને દ્રાક્ષના વેલાઓ વીંધી, હિરણ્યસ પર્વતની ખીણોમાં થઈ, ચાનાર વૃક્ષોની છાયામાં થપને હું આગળને આગળ ગયો. આગાં એકેવાર તો રસ્તામાં એક સફેદ રીંછ મળેલું, ને તેના બેય આગલા પંજા ઊંચા થયા મારી સામે! આપણે તો ગાંડ છટકયા.'

'આટલી બધી મુસાફરી કરવાનો વખત તમને કયારે મળેલો?'

'જ્યારે બીજા બધા છોકરાઓ વર્ગમાં પરીક્ષાના પ્રશ્નોના જવાબ લખતા હતા ત્યારે.'

'તો પછી તમે પાસ કેમ કરીને થયા?'

'એ તો સાવ સીધીસાદી વાત છે. હું નાપાસ થયો!'

'અચ્છા, પછી શું થયું?'

'તે પહેલાં મેં ઓરેનિયન નાઇટસમાં ચીનની રાજકુમારી વિષે વાંચેલું. બહુ સુંદર હતી એ. તમે શું કહું, કુમુદ! હું સાચેસાચ એ રે જકુંવરીને ગમ્યો. એ કૂચાઉ શહેરની નદીના ઘાટને પગથીએ બેઠી હતી. અને એ પગથી પણ આરસની, હોં કે! અને એ પગથી પર આરસાની સુંદરવો હતો. બંને બાજુએ ચપાનાં બે ઝાડ હતાં. તેની બેય બાજુનો ચેન પથ્થરના સિંહ રાખેલા. એક સોનાની પાલકીમાંથી પૂપની કુંવરીઓ નીકળતી હતી. દાસીઓ ચમ્મર ને પીંછણા ઢોળતી હતી. એક બાજુ એના કેગ સવારની હતી હું દેવયોગે ત્યાં જઈ ચડ્યો. રાજકુમારી તેના સફેદ કૂચ કેવા મોરને દાણા નાખવા બી બહાર આવી હતી. તે તો બબડી ગઈ!

'તમે કોણ છો?' બરાબર બે જ પળે મને થયું કે હું તો બંગદેશનો રાજકુમાર છું!'

'કેવી વાત કરો છો? નવી?...' કુમુદબોલી.

'ને પણ તારો ચચાલ? હું કહું છું ને, કે હું તે દિવસે બંગદેશનો રાજકુમાર હતો. ને હું રાજકુમાર ન હોત તો કોણ બધે ગારા રા યે'ઢાલ થાત. આટલે તો હું બધી ગયો. એમ હતું ત્યારે તો કે ને મને સોનાના પાલખમાં ચા પર્યો આગાં કેક ઝવું નાખેલું કેટલાં ગજબની ખુશબુ એમાંથી નીકળતી હતી.'

'અને તે પછી તમને ને પરણી ગઈ,કેમ?'

'ને! એ તો બહુ છુપી વાત છે. આજ સુધી તે કોઈ જાણતું નથી.'

કુમુદ તાળી પાડીને કહે, 'હાવ્-હા! ત્યારે તો ઓહ્સ ક્રશ થયાં! ને તે પણ કેવાં ક્લાસિકમેચ!'

મને લાગ્યું કે અંતમાં લગ્ન નહિ થાય તો કુમુદ બહુ નિરાશ થઈ જશે. એટલે છેવટે પછી લગ્ન કરાવ્યા. 'મને ઢાંચાઉનું આર્યુ રાજ્ય મળ્યું ને વધારામાં શ્રીમતી આંગ્યની દેવી મળ્યાં અને પછી.....'

'ને પછી શું બન્યું? મને લાગે છે, તમે પાછા ઘ્રેટ પર બેસી ગયા, કેમ?'

'ના, ના; પછી હું તારો દાદો બનીને અહીં કેમ આવ્યો તે મને અબર નથી. પણ મને ખબર છે કે તે ઘ્રેટ કયાંય જતો ન હતો એક કૂ-સુંગ નામનું પક્ષી ગારા પર મને ગાઢ મારું ઊડીને જવું હતું...'

'કૂ-સુંગ પક્ષી? એ વળી કયાં હોય છે?

'કયાંય નથી હોતું. પણ એની પછડી આરસાની, એની પાંખો પીળા ને એની ઊંચ બદામી હોય છે. એવું એક મોટું ટાળું આવ્યું ને ઢાચાગ ઝાડ પર બેઠું.'

'મેં તો કોઈ દહાડો એવા ઝાડનું નામ સાંભળ્યું નથી.'

'મેં પણ નથી સાંભળ્યું પણ એતો હુગ્યાં તારી સાથે વાત કરતો હતો ત્યારે મારા મનમાં આવ્યું. એ મારી જ ભૂલ હતી. મને વસ્તુઓ તૈયાર થયેલ આપવાની ગળતી નથી એ જ દુઃખ છે ને! કેવી મારા મનમાં આવે છે કે નરત બહાર આવીને પડે છે. હાલમાં એ ઝાડે કૂસુંગ પંખી દરિયાની બેલે પાર ગયું છે. કેટલોયે વખત થયો મને એના કું ખબર મળ્યા નથી.'

'હં; પણ પછી તમારા લગ્નનું શું થયું? ને બેલી રાજકુંવરીનું શું?

'તેં,હવે એક અક્ષરે ય વધારે નહિ. હું ક્યાંથનો જવાબ નહિ આપું, અને એને તારેકતો એ વખતે જન્મે ય નહિ. એટલે તારે કે એની અદેખાઈ કરવાનું પણ કોઈ કારણ નથી રહેતું' —વિનોદ કોહારી (અંગ્રેજ 'વિશ્વભારતી'માંથી અનુવાદિત)

કસોટી

(૧) ટ્રેનમાં સફર કરતાં મને જણાયું કે, પાટાઓ વચ્ચેના સાંધા પર ડબાનાં પૈડાં ફરતાં અવાજના જેટલા ધડકારા ૨૪૨ સેકંડમાં થતા હતા તેટલી જ સંખ્યાના ગાઉલના વેગથી દર કલાકે ટ્રેન દોડતી હતી. તો બે પાટાના દરેક ટુકડાની લંબાઈ કેટલી હશે?

(૨) મેં મારા મિત્રના જવાબો લાયમાં એવી વસ્તુ મૂકી કે જે તેના કાબા હાથ વડે પકડીને તે કબાડી જ ન શકયો. એ શું હશે?

(૩) આ આકૃતિમાંના 'અ બ ક' ઓરડાની કઈ બાજુ લાંબી છે તે આપ્યા વિના કહી શકશો?



(૪) જવાબી બાજુ આપેલી રકમોમાંથી નવ આંકડા એવી રીતે છેકી નાખો કે જેથી બાકી રહેતી રકમોનો સરવાળો ૧૧૧૧ થાય.

૧	૧	૧
૩	૩	૩
૫	૫	૫
૭	૭	૭
૯	૯	૯

(૫) એક છોકરાએ એક આનાનાં કેટલાં લઈ, કેટલાં આપ્યાં તેનો કુ બાજ ને કું કેળું પોતાના બાપને આપતાં તેને બાકી માત્ર એક જ કેળું બાકી રહ્યું. તો તેને એક આનામાં કેટલાં કેળાં આપ્યાં હશે?

(૬) કનુ અને મનુ એવી રીતે ઊભા છે કે એકનું મોં કલ્પર તરફ, ને બીજાનું દક્ષિણ તરફ હવે એવો કોઈ માર્ગ છે ખરો, કે તેઓ જરા પણ ફર્યા વિના કે ઊભા જ્યાંત્યાંથી ખસ્યા વિના એકબીજાનાં મોં સામે જોઈ શકે? ખ્યાલમાં રાખવું કે આનુબાજુ કયાંય અરીસા કે પાણીની સપાટી પણ નથી કે જેથી પ્રતિબિંબની મદદ લઈ શકાય.

૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭ ૩૮ ૩૯ ૪૦ ૪૧ ૪૨ ૪૩ ૪૪ ૪૫ ૪૬ ૪૭ ૪૮ ૪૯ ૫૦ ૫૧ ૫૨ ૫૩ ૫૪ ૫૫ ૫૬ ૫૭ ૫૮ ૫૯ ૬૦ ૬૧ ૬૨ ૬૩ ૬૪ ૬૫ ૬૬ ૬૭ ૬૮ ૬૯ ૭૦ ૭૧ ૭૨ ૭૩ ૭૪ ૭૫ ૭૬ ૭૭ ૭૮ ૭૯ ૮૦ ૮૧ ૮૨ ૮૩ ૮૪ ૮૫ ૮૬ ૮૭ ૮૮ ૮૯ ૯૦ ૯૧ ૯૨ ૯૩ ૯૪ ૯૫ ૯૬ ૯૭ ૯૮ ૯૯ ૧૦૦

અખિલ હિંદ ઑલિમ્પિક હરીફાઇ

હિંદમાં દર બબ્બે વરસે યોજવાની આ હરીફાઈનું બારમું અધિવેશન આ વેળા બૅંગલોરમાં ખાતે તા. ૬-૩-૮ ફેબ્રુઆરીએ ખાસ બાંધવામાં આવેલા 'ઑલિમ્પિયન' નગરમાં રાખવામાં આવેલું અને પહેલા દિવસે(તા. ૬–૨૦) સૂંઢ અને હિંદ વચ્ચેની હરીફાઈ રાખવામાં હતી.

૨૫૦૦ વર્ષ પૂર્વે ગ્રીસ દેશના ઑલિમ્પિયા ગામમાં યોજવામાં આવતા રમતોત્સવમાં ઈ. ૧૮૯૪માં બૅરન પીઅરી દી કોબર્ટિને (Pierre de Coubertin) યુરોપમાં આ રમતો ફરીથી શરૂ કરવાનો પ્રયત્ન કર્યો અને ઈ. ૧૮૯૬ના પહેલવહેલી ગ્રીસના પાટનગર ઍથેન્સમાં આંતરરાષ્ટ્રીય રમતો ઉપર આ રમતો રાખવામાં આવી. ત્યાર પછી ૪ ચાર વર્ષે દુનિયાભરમાં જુદાં જુદાં દેશોમાં તે રમાતી આવી છે.

૧૯૪૦ની રમતો જાપાનમાં ટોકિયો ખાતે રાખવાની હતી. પણ કાળને લીધે બંધ રહેલી. યુદ્ધનું ભેરમય વાતાવરણ દૂર થતા ત્રિજે ધુમાન અને બૅંગલોરમાં બબારની આ રમતો ફરી પાછી શરૂ થવાની. ૧૯૪૮ ની અખિલ જર્મન ઑલિમ્પિક રમતો લંડન ખાતે રમાવાની છે. હિંદમાં પણ બે જ ચોરણ ઉપર દર બબ્બે વરસે બીજી હરીફાઈઓ હિંદના પ્રાંતો વચ્ચે યોજવામાં આવે છે.

સમસ્ત હિંદને હિસાબે ગુજરાત હજુ પાછળ રહ્યું છે; અને હિંદનું સ્થાન પણ દુનિયામાં (એકાદ રમત બાદ કરતાં) એટલું જ ન.ચુ છે.

નીચેના કોઠામાં મુંબાઈ, હિંદ અને જર્મનની કેટલીક રમતના રેકોર્ડ (આંક) આપ્યા છે તે આપણી આંખ ઉઘાડનારા બનશે.

રમત	મુંબાઈ	હિંદુસ્તાન	જર્મન
૧૦૦ મીટર દોડ	૧૧-૨ સેકંડ	૧૦-૬ સેકંડ	૧૦-૨ સેકંડ
૮૦૦ ,, ,,	૨ મિ. ૪૪-૬ સે.	૧મિ. ૫૬-૮ સે	૧ મિ.૪૬-૬ સે.
૧૫૦૦ ,, ,,	૪મિ. ૨૦ ૭ સે	૩મિ. ૪-૨ સે	૩મિ ૪૧૮ સે.
૧૦,૦૦૦ ,, ,,	૩૫મિ.૪૪-૦ સે.	૩૨મિ.૨૬સે.	૨૬મિ.૫૯.૬સે.
૫,૦૦૦ ,,માલ	...	૫૩ ૧૫મિ ૮-૪સે	૪૩-૩૦મિ ૩૨સે.
ઑલ્ડ કુદકો	૫ ફૂ. ૬ ઈ.	૬ ફૂ. ૨ ઈ.	૬ ફૂ ૧૬ ઈ.
હનુમાન કુદકો	૨૦ ફૂ. ૭ ઈ.	૨૬ ફૂ. ૧૦ ઈ.	૨૬ ફૂ. ૬ ઈ.
ગોળો ફેંકવો	૩૫ ફૂ. ૩ ઈ.	૪૬ ફૂ. ૯ ઈ.	૫૩ ફૂ. ૧ ઈ

(૧૦૦૦ મીટરની ગાર્ડસનું ગૌરવ સમજવું)

આ વખતે બૅંગલોરમાં ખાસ ઑલિમ્પિક ગ્રામ ઊભું કરવામાં આવ્યું હતું. તેની રમતના જાણકાર પાંચસો ચકોરની બનાવેલ નવ આરામવિનોદનાં અનેક સાધનો વગેરે બધું જ ઉતારવા હતું અને રમતો (રોડ સાઇકલસવારી વગેરે) માટેનું સ્ટેડિયમ તો હિંદમાં આવાર સુધી બાંધવામાં આવેલાં સ્ટેડિયમોમાં બેસ્ટ ગણાયું હતું. દરરોજ લગભગ ૩૦,૦૦૦ પ્રેક્ષકોની સંખ્યા થતી હતી

આ વર્ષની રમતોમાં પહેલું પતિયાળા, બીજું મુંબાઈ અને ત્રીજું

ઠુપાઠુપ (ચકોરની ચિત્રકથા)–૭ દુષ્કાળ! દુષ્કાળ!

(જંગમાં ઠુપાઠુપ 'આજ બલા, પકડ બલા'ની જંગલી કહેવતોનો બની આવતી આફતને વધેલી નોતરે છે.) જંગ યુદ્ધમાં કટોકટીની વેળાએ બમરાવાથી પરાજય આવે છે, તેમ આફત ટાંકણે બેદરકાર બની જવાથી આફત વધેલી દુનિયા આવે છે —ગ્રાંથીજી



આકાશ ઉપાડું છે

પહાડ નાગા છે

પૃથ્વી ખૂની છે

નદી તરસી છે

બળવાનો બાપડા બન્યા છે

...ને...ને બરફીલો તો ધ્રુજાવેલા છે જ.

મેળવણ આવ્યું. વડોદરા ને વિદ્યાર-ઓરીસાને તો શૂન્ય મુખ જ થયા. સ્ત્રીઓના વિભાગમાં પહેલું મદ્રેસુર અને બીજું મુંબઈ આવ્યું.

દુનિયાના કેટલાક રેકોર્ડ (આંક) આ વખતે ત્રિદે અહીં તોડ્યા. એમા પૉતયાળાના સાધુસીંઘ ૫૦૦૦ મીટર સાઇ ૨૬ મિનિટ ને ૧૪ સેકન્ડમાં પૂરી કરી સ્ત્રીઓમાં મુબાઇનાં બી. ગજદરે ૬૦ મીટર ડેડ ૬ મિનિટ-૬૪ પૂરી કરીને પહેલાંનો ૬-૬ સેકંડનો રેકોર્ડ તોડયો.

બંગલા ગ્રામકલબના ગડારાના ડી. પી. મનીએ પણ ચક્રીનુદી રીતે ૫૦૬ પાઉંડ ફેંકીને ત્રણે રીતમાં પહેલાંના રેકોર્ડ તોડ્યા.

હૉક.-હિંદની હરીફાઈમાં ત્રિદ જીત્યું. એમાં હંકાના શ્રી પ્રાટિએ ૧૦૪ મીટર ૧૮-૫ સેકંડમાં દોડીને ત્રિદ-હંકાનો રેકોર્ડ તોડ્યો.

એ ઠાક આપવાદ બાદ કરતાં, બધી રમતોના રેકોર્ડ પહેલાં કરતાં ઘણા ઓછા હતા. આશા છે કે ૧૯૪૮ ના ઑ. પી. (લુકાપ્રાંતો)મા બનાવ રમતોમાં આના કરતાં સારો દેખાવ થશે. પ્રબંધીય સ્પર્ધા બંધ પછી આવી રમતો માટે ત્રિદ્યા દીઠો અને નિયાળો કુબેરાંત સુબરાય તરફથી સામાન્ય જનતા માટે બધા રમતગમતોની ગોઠવણ કરી તેમને યોગ્ય શિક્ષણ આપવાની વ્યવસ્થા થવી જોઇએ. 'મેં સોની ડાયનેમા' કૂદવાંક મેળવેલી ઈંગ્લંડની પ્રખ્યાત ટ્રેનેસ સોની કતેલ જોયા પછી સૌને સ્પષ્ટ જણાયું છે કે યોગ્ય કોચપણ આપવામાં આવે તો કોઈપણ પ્રજા આવી જાતના પ્રયોગોમાં યોગ્ય ત્રિજ્યો આપી શકે.

આશિત ત્રિવેદી

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

'પહેલું ઈનામ ગોકુલ; બીજું ઇનામ : નીચે' (૧) 'કંટાળાભરેલી મુસાફરી'–રજનીકાન્ત પટેલ, આણંદ; ત્રીજું ઇનામ: (૨) 'ઘર બાણી' –ઝીરાલાલ ભટ્ટ, અમદાવાદ. નોંધપાત્ર (૩) 'ઓ જો'–એલ. એમ. પોગલ, પૂના કેન્ટોન્મેન્ટ (૪) 'બાળકીનું સૌન્દર્ય'–ગોવિંદ ગોવાડા, ઝંઝા

આ વર્ણનનાં ચિત્રો સંખ્યા, વિષયની વિવિધતા અને ગુણદૃષ્ટિએ ઠીક ધ્યાન ખેંચે એવાં છે. ઘણાંખરાં તો યોગ્ય ટ્રિમિંગના અભાવે નાના પડે છે. ચિત્ર લેતી વખતે સામાન્ય નજરે નહિ પડતી એની અનેક આકર્ષણકારક વસ્તુ ના અંદર આવી જાય છે. એની છાપોમાંથી મુખ્ય વિષયને કેન્દ્રિત કરી, બીનજરૂરી ભાગો કાઢી નાખવાથી ચિત્રમાં કસાવ ને ગોઠ આવે છે. આ પ્રકારનું ટ્રિમિંગ કરવાની દૃષ્ટિ એ ફોટોગ્રાફનું આગત્યનું અંગ છે. શ્રેષ્ઠ ચિત્રોનો સતત અભ્યાસ કરતાં રહેવાથી અને ચિત્રસંયોજનની દૃષ્ટિ કેળવવાથી તે આવી જાય છે. પોતાના ચિત્રની છાપ સંપૂર્ણ રાખી તેમાં કયા ભાગ મુખ્ય વિષયને બળ આપનારા ને કયા ભાગ નકામા છે તેનો વિચાર કરતા થવું.

બીજું ઇનામ જીતનાર ભાઈ રજનીકાન્તની 'કંટાળાભરેલી મુસાફરી'નો વિષય નવો છે. બળદગાડાના તડકામાં ઉતીનાં દંડમાં સંકેલાને બસડી જતા, તાપ અને થાકથી શ્રમિત થાકેલિઝનો કેવાયો તેના ચહેરા અને આકૃતિમાં સ્પષ્ટ છે. રચના ને છાંયાપ્રકાશ પણ કુશળ છે. મધાળેથી લગભગ એક ઇંચ ને જમણી બાજુથી અરધો ઇંચ ભાગ 'ટ્રિમ' કરવાથી ચિત્રે કસાવ પકડ્યો છે. ત્રીજું ઇનામ જીતનાર ભાઇ ઝીરાલાલ ભટ્ટનું 'ઘર બાણી' નગતા પહેરે ને સાદા પ્રકારો લેવાએલ બકરાં-ઘેટાંના ટોળાંને દોરી જતા રબારીનું સુંદર દૃશ્ય છે. તેને નીચેથી ૧ ઇંચ અને ઉપરથી લગભગ ૩ા ઇંચ જેવડી નાખવાની જરૂર છે. છાપની ટેકનીક બરોબર છે, પણ ફોકસિંગ જરા ખામીવાળું જણાય છે. ભાઈ એલ. એમ. પોગલનો 'બાળો' બાળકની તસવીરનો અચ્છો નમૂનો છે. ભાઈ ગોવિંદ ગોવાના 'બાળીના સૌન્દર્ય' નો દૃષ્ટિકોણ સારો છે, પણ ઉપરનું તદ્દન કપાઈ જાય કાશ જરા ખૂંચે છે વાદળો જોવ ત્યારે દૂરીને પાડવા જેવું દૃશ્ય છે.

શ્રીરામ ભટ્ટ

પરદેશના પત્રમિત્રો

Our Friends Abroad

આ પત્ર મેળવનાર:બહુ કાપડીયા,હવલદિયાશેરી,સગરામપુરા,સુરત

Seota Palmer, 1630 Hague Avenue
St. Paul, 4 Minnesota (U. S. A)
ડિસેમ્બર ૧૨, ૧૯૪૧

પ્રિય શ્રી કાપડિયા,

તમારું સરનામું આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળ (ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ સોસાઅેટી) દ્વારા મળ્યું છે અને આશા છે કે આ પત્ર આપણો પરિચય સાધશે.

૧૯૪૨માં મારો ભાઇ હિંદમાં નીમાયો ત્યારથી હિંદ વિષે મને ખાસ આકર્ષણ થયું હતું(૧૯૪૨સ) પહેલો કરાંચીથી આશા મળ્યો અને કેટલાક માસ બાદ તેને દિલ્હી મોકલવામાં આવ્યો. તે દ્વારા દળમાં મેજરને હોદે છે, અને ૧૯૪૫ની ૩૦મી નવેમ્બરે અમે બે વરસ બાદ પહેલાં મળ્યાં. તેનું ગૃહાગમન એ અદ્‌ભુત પ્રસંગ હતો. દરિયાપારની તેની કામગીરીનું છેલ્લું વરસ ચીનમાં કુનિન મુકામે વીતેલું. પણ મેં તેને વિષે બહુ લખી દીધું; હવે આપણો પરિચય સાધીએ.

આપણા પરસ્પરના રસના વિષયોની વાત કરતાં પહેલાં હું મારે વર્ણન આપી દઉ. મારી ઊંચાઈ ૫ ફૂટ ૩॥ ઇંચ, વજન ૧૧૫ રતલ, વાળ કાળા, આંખો તપખીરિયા અને વાળું ખુલતો છે વતનિયત-(જન્મ) વિષે તો-હું માનું છું કે હું શુદ્ધ અમેરિકન અથવા 'યૅન્કી' જ છું; જોકે બે પેઢી પર મારાં મા અને બાપ બંનેનાં કુટુંબો આયર્લંડથી અહીં આવેલાં: મારી માનું કુટુંબ દક્ષિણ આયર્લંડથી ને મારાં પિતાનું ઉત્તર આયર્લંડથી; જ્યાં અમેને જન્મ્યા. અને મારું નાગ (પાસપોર્ટ) અંગ્રેજ હોવાનું પણ એ જ કારણ. મારી ઉંમર ૨૩ની છે અને બે વરસથી નિશાળમાં શીખવું છું. ૧૯૪૪ના મીનેસોટા પરગણાના રેહેન્ટપૉલ ગામની રોહન્ટ કૉયેરાઈન કૉલેજમાંથી હું ગ્રેજ્યુએટ થઈ શાળામાં હું અંગ્રેજી ને વકતૃત્વ શીખવું છું. અંગ્રેજી વ્યાકરણશુદ્ધ ભાષા અને અમેરિકા સુદ્ધા બધા દેશોનાં સાહિત્યનો પરિચય; અને વકતૃત્વ પ્રેક્ષકવર્ગ સમક્ષ પોતાના વિચારો મોઢેથી તેમજ લખીને વ્યક્ત કરવાની કલા શીખવવાની ફરજ છે.

મારું ઘર તો સેઇન્ટ પૉલ શહેરમાં છે, પણ શિક્ષણકાર્યમાં પડનારે મોટા શહેરની શાળામાં સ્થાન પામવાં પહેલાં શરૂઆત તો નાના ગામડાંમાં જ કરીને અનુભવ મેળવવો જોઇએ. હું શીખવું છું એ ગામ ડિન વૅલી સેઇન્ટ પૉલની વાયવ્યે આવેલું છે. જોકે આ ગામ પ્રવાસે એ ગામના દીદાર લોકકલ્પિત વર્ણનના ઉદ્યાનને મળતાં લેશમાત્ર નથી.

આ અઠવાડિયે તો અહીંનો પ્રદેશ કોઈ દૂરમુકામી ઉજ્જડ સાઈબીરિયન થાણાનું રજારણ કરાવી દે. જ્યા સપ્તાહાંતમાં અહીં દસેક ઇંચ બરફ પડ્યો,-એવો કે આખું ગામ જાણે દટાઈ જ ગયું. જો એ જ રીતે આખું અઠવાડિયું પડ્યો હોત તો અગાશી શાળા જ ચાલી શકી ન હોત, કેમકે મોટા ભાગનાં વિદ્યાર્થીઓ નજીકનાં ગામડાં ને ખેતરોમાંથી બસમાં આવે છે. એટલે બરોબર તો ચાલી જ શકી નં હોત.

દર શુક્રવારે રાત્રે હું સેઇન્ટ પૉલ જઇને સપ્તાહાંત (શનિ-રવિ) મારી મા સાથે ગાળું છું ને રવિ રાત્રે પાછી ડિનવૅલી આવી જાઉ છું.

તમે નિશાળે જાઓ છો કે કોઈ કામ પર? તમારી ઉંમર કેટલી છે અને તમારા રસના વિષયો કયા? કદાચ અમેરિકાની કોઈ ખાસ વસ્તુઓમાં તમને રસ હોય અને તે વિષે વધુ જાણવા ચાહતા હો તો તમારા કોઈપણ પ્રશ્નના ઉત્તર આપતાં મને સુખ થશે. અથવા તમને ગમતી, કોઈ સ્ટેમ્પ, કાર્ડ કે એવી વસ્તુઓ મોકલું.

મારો મુખ્ય રસ તો, હું શિક્ષિકા હોવાથી, સ્વાભાવિક રીતે સાહિત્યનો જ છે, અને મને ગમતી એકેએક તક હું વાચનમાં જ માણું છું

મને બધા જ પ્રકારના સંગીતમાં રસ છે. મૂવી મિનીઆપૉલિસ શહેરના શુક્રવાર રાતના બધા સંગીત કાર્યક્રમોમાં જવા પ્રયત્ન કરું છું. (મિનીઆપૉલિસ એ સેઇન્ટ પૉલ શહેરનો જોડાયેલો ભાગ છે. બંને શહેર એકમેકમાં એવાં તો સમરસ થઈને બની ગયાં છે કે ક્યાં એક પૂરું થયું ને બીજું શરૂ થયું એની દરકાર પારખી શકાતી નથી.) આ શુક્રવાર રાત્રે હું આજે રજો-Ballet Russe—(બાલે નૃત્ય) જોવા જવાની છું. તેની સાથે પણ તેનું સદસંગી નહિંતો ખાસ કોઈ સંગીતશાસ્ત્રી મને ગમે તે તો હું ન કહી શકું, પણ મારા નિકટતમ માનીતા તરીકે 'દરથાકોપરબ્રા કે બીથોવન આવે. જો શુદ્ધ શાસ્ત્રીય સંગીત જેટલું જ આધુનિક દીર્ઘનું સંગીત પણ મને ગમે છે. નૃત્ય પણ મને ગમે છે અને આજકાલ લોકપ્રિય અમેરિકન 'જિટરબર્ગ' નૃત્ય પણ હું કરું છું, પરંતુ ચાલુ નૃત્ય જેટલું નહિ એ 'જિટરબર્ગ' જો આપો વખત કર્યું હોય તો તો થાકીને લોથ થઈ જવાય.

કલાનો મને થોડો જ શોખ છે, અને કબૂલું છું કે એનો હજુ વધુ આસ્વાદ લેવા માટે ને માટેનું વિશેષ જ્ઞાન અને રસ કેળવવા.

આશા રાખું છું કે તમે તરત ઉત્તર લખશો કેમકે તમારા પત્ર દ્વારા તમારો પરિચય પામતાં મને આનંદ થશે. હૃદયપૂર્વક

સીઓટા પામર

નવાં પત્રમિત્રો

નીચેના પત્રમિત્રોને ઇંગ્લંડ-અમેરિકા વગેરે પરદેશના તેમજ દેશલાકોને બંગાળી, પંજાબી, મદ્રાસી, ઓગ આંતર પ્રાંતીય પત્રમિત્રોના સરનામા લોકોએ છે. જેમની પાસે હોય તેઓ તેમને મોકલે.

(૧) બાબુભાઇ અ. બ્રહ્મભટ્ટ, ૧૬ જૈન સોસાઅેટી, એલિસબ્રિજ અમદાવાદ; (૨) અજીતકુમાર ભોગીલાલ ઠાકર, C/o ભોગીલાલ ઠાકર, સરકારી ફાર્મ, સુરત; (૩) અચ્યુત છાયા, C/o ડૉ. જે. સી. છાયા, કરણ નિવાસ, સ્ટેશન રોડ સાન્તાક્રુઝ, મુંબાઈ; (૪) ચંદુલાલ મૂળજી ચાવડા, A. L S.A ખાદી વિદ્યાલય, સેવાગ્રામ, વર્ધા, સી. પી; (૫) નગુ રતિલાલ ઑફ, C/o રતિલાલ ઑફ, કોટ બારણા, જંબુસર; (૬) કુ. સરલા સી. શાહ, C/o રમણિકદાસ દુર્ગાપ્રસાદ, નેપીઅર રોડ, કરાંચી; (૭) રા. ગાલવિયા, હરજી પંત ટ્રસ્ટ બિલ્ડિંગ, બીજે માળે, રાજરત્નામી કવાર્ટર, કરાંચી-૩; (૮) હસમુખલાલ મગનલાલ શાહ, C/o સિવિલ જજ, જંબુસર જિ. ભરૂચ; (૯) ધીરુભાઈ ડી. શાહ, મોરજી આયર્ન ટ્રેડર્સ, મોરજી, કોઠિયાવાડ; (૧૦) સન્મુખ શાહ, C/o કેશવલાલ મગનલાલ શાહ, ઑફ કળિયા, નવાપુર (ડી. પી. રેલ્વે); (૧૧ ડાહ્યાભાઈ મોહનલાલ શાહ ઝાકડા-વાડા, સાંકડી શેરી, વડોદરા; (૧૨) મુરારજી પાંચાં ઠાકર, C/o મગનલાલ જોશંકર પંડિત, શિશુ ભારતી, તારાબેહર, વડોદરા; (૧૩) પ્રભાશંકર ગોવિંદજી ભટ્ટ, કાકરોલી મુદ્રા-કચ્છ; (૧૪) હમીદહુસેન સૈયદ હુસેન સૈયદ, સૈયદવાડા, વિજાપુર-હ. ગુ; (૧૫) કાન્તિલાલ શી કુવાડિયા, ગંગામૅન્શન, રણછોડલાઇન, ઓસવાલ રોડ, કરાચી; (૧૬) દશરથ ઑગ પંડ્યા, ઠાકર પારો, વડવાળ કૅમ્પ; (૧૭) સૈયદ નૂરાની, સુલતાન હૉટેલ, દેવળભાઇની વાડી, ભાવનગર; (૧૮) જનકરાય સી- આસર, પો. બૉ. ૧૧૪, દારેસલામ-ઇસ્ટ આફ્રિકા; (૧૯) હીદારગલી આર. બાલુ; પો બૉ. ૬૧૯, કડપલા-મુમાન્ડી; (૨૦) મિસ રેહાના હુસેન મેરાલી, પો. બૉ. ૨૨૦ મોમ્બાસા-બ્રિ. ઇ. આફ્રિકા; (૨૧) દેલી જી. સધા, પો. બૉ. ૧૬, મોમ્બાસા-બ્રિ. ઈ. આફ્રિકા; (૨૨) મદદ સધા નેવાણી, સરનામું કાપે મુબળ-

પિંગળ-પરિચય

કવિતા-રચનાના શાસ્ત્રની સમજણ

[આજે યુવાન વર્ગમાં કવિતારચનાનો રૂઝેખ અગાઉ કરતાં પણ બહોળા પ્રમાણમાં જણાય છે, પરંતુ તેના શાસ્ત્રીય જ્ઞાનને અભાવે ઘણાને મૂંઝાતા જોયા છે. 'દલપત-પિંગળ', 'રણપિંગળ'ના મહાગ્રંથો કે 'નર્મકવિતા'ગાનો 'પિંગળ પ્રવેશ', ઇચ્છતા શીખ-નારાઓ માટે હોઈએ તેટલા વિસ્તૃત જણાયા નથી, જૂદુદ વ્યાકરણ વર્ગોને છેડે અપાયેલાં છંદરચનાનાં પ્રકરણો સંપૂર્ણ નથી. આ સંજોગોમાં શ્રી કેશવરામ શાસ્ત્રીના આત્રામા પાઠય પુસ્તકમાનું આ પ્રકરણ આપોતરૂં પ્રકટ કરવાની તક અમે સાભાર લીધી છે.

અને આ દિશામાં થએલાં પ્રકાશનોમાં વિશાદતાની દૃષ્ટિએ જે ખાસ નિર્દેશ માગે છે તે, શ્રી રોલરરાય ગાંધર કૃત લગભગ અપ્રાપ્ય પુસ્તિકા 'પિંગળ પ્રવેશિકા'ગાનો શરૂ-નો ભાગ સવિશેષ સદ્ધાયરૂપ થઈ પડે એવો જણાવાથી તે આ ગ્રંથના ગ્રાહકોને ભેટ આપવાનો ઠરાવ કર્યો છે. આ લેખ રાઈ કરતાં અગાઉ તે પહેલો વાંચી જવાની અમારી ભલામણ છે.]

—લેખક : કેશવરામ કા. શાસ્ત્રી—

પિંગળ એટલે જેમાં છંદોનાં લક્ષણો સમજાવવામાં આવે છે તે શાસ્ત્ર. એમ કહેવાય છે કે પિંગલાચાર્ય નામના એક પ્રાચીન વિદ્વાન થઈ ગયા. તેમણે લોકમાં પ્રચારમાં આવેલા છંદોનું તત્ત્વ કાઢી માપ નક્કી કરી આપ્યું અને ત્યારથી છંદઃશાસ્ત્ર શરૂ થયું. એમના નામ પરથી પછી છંદઃશાસ્ત્રને જ 'પિંગળ'નું નામ મળ્યું છે. છંદઃ-શાસ્ત્રનો વિકાસ તે પછીથી તો ખૂબ જ થયો છે.

અક્ષરોના ઉચ્ચાર પ્રમાણેના માપ ઉપરથી ચોક્કસ સંખ્યામાં જુદાજુદા છંદો પ્રચારમાં આવ્યા છે. સંસ્કૃત છંદઃશાસ્ત્રમાં ૧ થી ૨૬ અક્ષરોનાં માપ સુધીના છંદો વિષે માહિતી મળે છે પ્રાથમિક જ્ઞાન લેવા ઇચ્છનારે કાંઈ એટલા બધા જાણવાની જરૂર નથી. આપણે તો ખાસ ચાલુ પરિચયમાં આવતા છંદો વિષેની જ માહિતી જરૂરી છે.

આપણે ત્યાં વપરાતા છંદોના મુખ્ય બે પ્રકાર છેઃ અક્ષરમેળ અને માત્રામેળ. અક્ષરમેળ છંદને 'વૃત્ત' કહે છે; માત્રામેળને 'જાતિ' કહે છે.

અક્ષરોનાં માપ

અક્ષરોના ઉચ્ચાર પ્રમાણે તેના બે ભાગ કરવામાં આવ્યા છે. જે અક્ષર કોઈ હ્રસ્વ સ્વર સાથે જોડાયો હોય તે 'લઘુ', ને દીર્ઘ સ્વરથી યુક્ત હોય તે 'ગુરુ' કહેવાય છે. જેમકે 'નમન', 'તુરંગિ', એમાં બધે અક્ષર લઘુ છે, અને 'ભાગાંસા' એમાં બધે ગુરુ છે.

જોડાક્ષર કે અનુસ્વારની પહેલાંનો હ્રસ્વ સ્વર તેની સાથે જોડાય તો તેવા હ્રસ્વ સ્વરને પણ 'ગુરુ' ગણવામાં આવે છે. જેમકે 'શક્તિ', 'ઉંચ': એમાં 'શ' અને 'ઉ' પોતે લઘુ હોવા છતાં પદજોડને ગુરુ બને છેઃ શક્+તિ. ઉમ્+ચ.

હ્રસ્વને માટે 'લઘુ'='લ' સંજ્ઞા ને દીર્ઘને માટે 'ગુરુ'='ગા' સંજ્ઞા રાખેલી છે. લઘુની નિશાની ∪ અને ગુરુની નિશાની – છે.

આ લઘુ ગુરુનાં ચોક્કસ માપ પ્રમાણે જ્યારે છંદની પ્રત્યેક લીટી-માં અમુક અક્ષરો ગોઠવાઈ આવે ત્યારે એક માપ તૈયાર થાય. આવી એક લીટીને 'ચરણ' કહે છે.

ગણમેળ

ઘોડા અક્ષરોનાં દરેક ચરણ હોય તો તો આપણે લઘુ-ગુરુનાં સ્થાન સમજવાથી જોઈ-જાણી શકીએ, પણ વધુ અક્ષરોનાં ચરણ જોવા-જાણવાની તો મુશ્કેલી પડે. તે માટે છંદઃશાસ્ત્રમાં આ લઘુ ને ગુરુ અક્ષરોને ત્રણત્રણના સમૂહમાં આઠ રીતે ગોઠવ્યા છે.ને આઠ 'ગણ' કહેવાય છે. આ નીચે તે ગણનાં નામ ને રચના ટાબી જાનુ આપ્યાં છે; અને જાણી જાનુ, તેને સરળતાથી યાદ રાખવા માટે ૧૬ - ચરણ લીધે રચેલી કવિતા આપી છે :

ય	ગણ	∪ ગા ગા :	'ભાગાંસા' તો યગણ,
ર	ગણ	ગા ∪ ગા :	'રસોદા' રગણ પ્રમાણે;
સ	ગણ	∪ ∪ ગા :	સગણ 'સરિતા'ને જાણે;
ત	ગણ	ગા ગા ∪ :	'તોખાર' લઘુ તગણ,
જ	ગણ	∪ ગા ∪ :	જગણમાં 'જગત' જાનો;
ભ	ગણ	ગા ∪ ∪ :	ભગણે 'ભારત' લઘુ;
ન	ગણ	∪ ∪ ∪ :	નગન 'નગણે' જ પ્રમાણે.

દરેક ગણની સામે આગ તેના લઘુગુરુ ને પછી દાખલા આપ્યા છે.

પ્રત્યેક છંદનાં લક્ષણ આપવામાં ચણત્રણ અક્ષરના આ 'ગણ' અને વધારાના અક્ષરોના 'લ' 'ગા'નો ઉપયોગ કરવામાં આવે છે.

બીજી પરિભાષા

આ ઉપરાંત બીજી કેટલીક પરિભાષા પણ જાણવી જરૂરી છે.

ચરણ કે પાદઃ પ્રત્યેક છંદનું જે માપ તે ચરણ કે પાદ કહેવાય છે.

કડી કે શ્લોકઃ સામાન્ય રીતે ચાર ચરણની એક કડી થાય. તેને સંસ્કૃતમાં શ્લોક કહેવામાં આવે છે.

યતિઃ શ્લોકની બધી લીટીઓ કાંઈ એકસાથે પૂરી થતી નથી; પરંતુ દરેક ચરણને અંતે તેમજ ચરણમાં વચ્ચેના ભાગમાં અમુક અમુક સ્થળે થોડો વિરામ લેવામાં આવે છે. તેને 'યતિ' કહે છે. જેમકે નીચેના છંદમાં

આભાભાભા લલલલલભા ભાલભાગાલભાગા

આંગ પ્રમાણે કરવાની વચ્ચે બે યતિ આવે છે.

સમઃ દરેક કડીની બેકી પંક્તિને સમ ચરણ કહેવામાં આવે છે.

વિષમઃ દરેક કડીની એકી પંક્તિને વિષમ કહેવામાં આવે છે.

સમછંદઃ જેમાં ચારે ચરણ સરખાં હોય તેને સમ છંદ કહે છે.

અર્ધસમ છંદઃ જે છંદમાં વિષમ એટલે એકી ચરણ સરખા હોય. અને તેથી જુદા માપનાં સમ એટલે બેકી ચરણ સરખાં હોય તેવા છંદને અર્ધસમછંદ કહે છે.

વિષમ છંદઃ જેમાં ચારે ચરણ જુદાં હોય તેને વિષમ છંદ કહે છે.

ઓની પરિભાષાઃ દરેક ચરણમાં યતિ કેટલામે અક્ષરે પડે છે તે બતાવવા માટે છંદનાં લાક્ષણિક લક્ષણો બતાવતાં તેમાં અંકવાચક શબ્દો વાપરવામાં આવે છે. જેવા કે

૧ માટે ચંદ્ર, પૃથ્વી, નાદ, આગમ;
૨ માટે નેત્ર, કર્ણ, કર, પુગ્મ, રૂપ, પક્ષ;
૩ માટે રામ, અગ્નિ, ગુણ, ભાવી, રામ, કાલ;
૪ માટે વેદ, યુગ, મુખ, મૂર્તિ આશ્રમ, ભેદ;

ઘર્ષે જગને પ્રિય-વક્ષની સખી
ઘટી કરે ગરતકથી રહ્યો નગી. (દાન્ત)

બીજી રીતે જોતાં ઇન્દ્રવજ્રના છેલ્લા અક્ષરની બદલાં એક લઘુ વધીને આ છંદ થયો જણાશે.

૧૧ અક્ષરનો દ્રુતવેગા: 'છે દ્રુતવેગા તતજે રગી અંધે'
તગણ, તગણ, જગણ, અને રગણથી ૧૧ અક્ષરે દ્રુતવેગા બને છે.

ગોગાલ, ગોગોલ, લેગોલ, ગોલેગા
સુંદર નમેલું નિજ મંદ ગોપેયું
જે મુગ્ધ બાલા શરમાની ચાવરે,
ને શોભી રહે નિર્મલ નેનની લીલા,
એવી ઊગી ચન્દ્રકલા ધીમે ધીરે. (નાનાલાલ)

બીજી રીતે જોતાં વેશરવના પહેલા અક્ષરના લઘુને રગ ને ગુરુ આવવાથી આ છંદ થયો જણાશે. તેમાં, ઇન્દ્રવજ્રના છેલ્લા ૬ અક્ષરની બદલાં એક લઘુ વધેલો જણાશે.

વંશસ્થ અને દ્રુતવેગાનો કૃપલ્પતિ પ્રાસ આવો છે:

આહા! ગહાદાલની વ સુધાકૃષ્ણા'
હા! સર્વભક્ષી યમકેરી યન્ત્રણા!
નથાપિ મૃત્યુ રસનાં નથી-નથી;
સૌંદર્ય ને રેનાં અજ્ઞત મૃત્યુથી. (નાનાલાલ)

મિશ્રોપજાતિ: ઇન્દ્રવજ્ર, ઉપેંદ્રવજ્ર, વંશસ્થ અને દ્રુતવેગાનાં ચરણોના મિશ્રણ કરીને મિશ્રોપજાતિ બનાવવામાં આવે છે:

નિર્દોષ ને નિર્મળ આંખ તારી
હતી હજી યૌવનથી અજાણી,
પ્રાર્થ્યો હજી સાસરવાસ કાલ તેં
શૃંગાર તેં પહેલું ચિતા ગઈ કર્યો.' (હરિશ્ચન્દ્ર ભટ્ટ)

૧૨ અક્ષરનો તોટક: 'શુભ તોટક વૃત્ત સ-ચાર થતાં.' સગણ, સગણ, સગણ, સગણ, ગમે ગાર સગણ સાથે આવીને ૧૨ અક્ષરનો.

લેલેગો, લેલેગા, લેલેગો, લેલેગો
શિરગા, કરગાં, મુખગાં, કરગાં,
પ્રભુ વ્યાપી રહ્યો મુજ અંતરગાં.
મુજ જીવન કેરું રહસ્ય ઊંડું
બન પ્રેરક ચાલક શાસક તું. (રમણભાઈ)

૧૨ અક્ષરનો દ્રુતવિલંબિત: 'દ્રુતવિલંબિત થાય નભે ભરે.' નગણ, ભગણ, ભગણ અને રગણથી ૧૨ અક્ષરનો દ્રુતવિલંબિત થાય.

લેલેલે, ગોલેલે, ગોલેલે, ગોલેગા
તણખળતા નભે વિજળી ઝુંથે,
તિમિરભરમ હશે દિશા તે ભરે,
કરધિકોળ થયાં ઘુમવા ગથે,
પ્રકૃતિ તાંડવ શી ધુંધવી ફરે. (ચંદ્રવદના)

૧૨ અક્ષરે મોનીદામ: 'જ્યાં જ્યાંથી મુજ ગોકિલકંઠા.'
જગણ, જગણ, જગણ, જગણ, ગમે ગાર જગણ સાથે આવી ૧૨ અક્ષરનો મોનીદામ છંદ બને.

લેગોલે, લેગોલે, લેગોલે, લેગોલે
બને અવતારણ શ્રી ભગવાન,
તને નિજ અંતરનું અભિમાન.
રૂપે સુખકાર તમારું ગુણગાન,
યને સઘળા સુપરેલ સમાન.' (કલાપતરાગ)

આગામાં છેલ્લો સ્વર હ્રસ્વ જ આવે તે લક્ષમાં રાખવું.

૧૨ અક્ષરે ભુજંગી: 'ભુ કંઠી અને સાર જોતાં ભુજંગી.'
યગણ, યગણ, યગણ, યગણ, ગમે ગાર યગણ જોગા થઈને ભુજંગી.

લે ગો ગો, લે ગો ગો, લે-ગો ગો, લે ગો ગા
બલો દૂરથી દેખતાં દિલ ભાગ્યો.
અરો જોગ આમાગુણાં ગેબ ત્યાગ્યો!
જરાં ઝંડ ગોગે ન દીસે પ્રસંગો.
દીઠો આજ આલુ મિરિરાજ જોગી. (કલાપતરાગ)

૧૨ અક્ષરે અશ્વિગણી: 'ચાર રાગી ગણે અશ્વિની વદુ-રસે'
રગણ, રગણ, રગણ, રગણ, ગમે ચાર, રગણ સાથે આવીને ૧૨ અક્ષરથી, અને ૬ઠ્ઠા તથા રગણ જોગા ૨ જ અક્ષરે યતિ (વિરામ) લેવાથી અશ્વિણી બનશે.

ગો લેગો, ગોલેગો, ગોલેગો, ગોલેગા
હીક જે જ કરેલો બને હાર્ગ છે,
નાથ તે એક, તેનાં બધાં નાગ છે.
સર્વદા બે તમે સાથ સાથે સજે,
બુધના બધને બ્રહ્મ જોને બજે. (કલાપતરાગ)

૧૩ અક્ષરનો પ્રહર્ષિણી: 'ભમે ન્ય, ચમ્ હસગી પ્રહર્ષિણી છે.'
યગણ, નગણ, જગણ, રગણ ને છેલ્લે ગુરુ—એમ ૧૩ અક્ષરની તથા ત્રીજે ને દસમે અક્ષરે યતિ (વિરામ) લેવાથી પ્રહર્ષિણી બને છે.

ગાગાગો, લે લે લે, લેગાલે, ગોલેગા, ગા
સેનીશું ચરણતલે ચડીત કેરાં,
પાગીશું કણ ગધુરાં સદૈવ ચે'વા,
એ ઈચ્છા નિજ દિલમાં ન કોણ રેખે?
દક્ષત્વે પરવશતા લખી પરાણે! (કે. કા. શાસ્ત્રી)

૧૪ અક્ષરનો વસંતતિલકા: 'ભણો વસંતતિલકા તભજે જગંમે'
તગણ, ભગણ, જગણ, જગણ અને છેલ્લે બે ગુરુ એ ૧૪ અક્ષરથી

ગો ગા લે, ગો લે લે, લે ગો ગે, લે ગો લે, ગો ગો
ધીરા સુગંધી અનિલે વહી ચારણારે
આકાશનો વિમલ વાણી પ્રદેશ મોહ્યા,
ને તેજના રજતમેઘ ઢબીઢબીને
ફોરી ત્યાં લલિતલોલ ધરો ઢગા ની. (નાનાલાલ)

૧૫ અક્ષરે ચાગર: 'ચાગરે રદે ઢંય, રન રન ર, આઠમો'
રગણ, જગણ, રગણ, જગણ અને રગણ એમ પાંચ ગણના પંદર અક્ષરથી ને ઘુંચ=સાત અક્ષરે તથા આઠ અક્ષરે યતિ (વિરામ) લેવાથી.

ગો લે ગો, લ ગા લેગા લે ગો, લે ગો લે, ગો ર ગા
ચાકયના વિલાસના રચાનથી રહે સદા
ને જ ચિત્ત શાંતિ કેરું નામ ના સુણે કદી.
રંગરાગ સર્વ ત્રિય ગમ્ય ગાયુના કરો,
વ્યર્થ યત્ન સર્વ એ, બને સદા રસેમને. (કે. કા. શાસ્ત્રી)

૧૫ અક્ષરે માલિની: 'નનમયય થયી છે માલિની આઠ-સાતે'.
નગણ, નગણ, મગણ, યગણ, યગણ, એમ ૧૫ અક્ષરે અને આઠ તથા સાત અક્ષરે યતિ (વિરામ) લેવાથી માલિની થાય છે.

લે લે લે, લે લે લે, ગો ગો ગો, લે ગો ગો, લે ગા ગો,
યદિ અપ્સરા-લોકો, તો કહીને ગને શું?
નૃપતિ-મુખ-કૃપા જે, આપ આપે ન તે શું?
યદિ વચન તને જો 'રાજરાણા' અમે તો,
અમ અમ, સ્તુત તારો રાગ ના થાય મે શું? (કે. કા. શા.)

૧૬ અક્ષરે નારાચ: 'ભરે ભરે ભગે કહેવ આઠમી નગણ છે.'

જગણ, રગણ, જગણ, રગણ, જગણ, અને છેલ્લે એક ગુરુ એમ ૧૬ અક્ષરથી અને આઠ-આઠ અક્ષરે વિરામ લેવાથી નારાચ છે.

સૈ ગૌ સૈ,ગૌ સૈગૌ,સૈગૌ સૈ,ગૌ સૈગૌ, સૈગાસૈ,ગૌ
થતાં પ્રભો ! ત્વ અગ્નિનો વિચર્ભ થાય કંચન,
રચાય છે સુકાવ્ય જે હૃદે કદે જ ગંગના;
અધીન ચિત્ત થાય તો અધીન સર્વ આ જગે,
સગર્વ જે મનોબળે, પ્રતાપવંત સિદ્ધ તે. (ગો. બદ)

બીજી રીતે જોઈએ તો પ્રગાત્મિકાનાં બે ચરણ ગણીને નારાચનું એક ચરણ બને છે.

૧૭ અક્ષરે મંદાક્રાંતા: 'મંદાક્રાંતા જલધિતનયે ગે યુગે-તર્કે અબ્ધે' જગણ, ભગણ, નગણ તગણ, તગણ, ગુરુ અને ગુરુ એમ ૧૭ અક્ષરથી અને યુગ=ચાર તર્ક=છ તથા અબ્ધિ=સાત અક્ષરે ત્રણ યતિ (વિરામ) લેવાથી મંદાક્રાંતા છંદ થાય છે.

ગૌ ગૌ ગૌ ગૌ, સૈ સૈ સૈ સૈ સૈ, ગૌ ગૌ સૈ,ગૌગૌ સૈ, ગૌ,ગૌ
ખોળે ઝીલી શિથિલ કરને નેત્રની પાસ રાખી,
જ્યારે ગાતા નયન નળતાં ફેરવી ત્યાં જુએ છે:
ને તેનો એ પ્રિય પતિ હજી શાંત બેસી રહીને
તેનાં ગાતો સમરી પરનો દેવતા ફેરવે છે. (કલાપી)

૧૭ અક્ષરનો હરિણી: 'ન-યુગ-તુરંગે નરો ન્રે રસે ગે,સદા હરિણી'ને'

નરોન્રેરસેગે એટલે નગણ, સગણ, મગણ, રગણ, સગણ, લઘુ, ગુરુ એમ ૧૭ અક્ષરથી અને ન અક્ષરે, યુગ=ચાર અક્ષરે, અને તુરંગ= સાત અક્ષરે વિરામ લેવાથી હરિણી બને છે.

સૈસૈસૈ, સૈ સૈ ગૌ, ગૌગૌ,ગૌગૌ, સૈ ગૌ,સૈ સૈ ગૌ, સૈ, ગૌ
બીકી રહી ધરા નીચે, ઢાંકે તપે રવિ ઉગ્ર, ને
બળબળતી લૂ ચારે પાસે રહે વરસી અગ્નિ;
વિજન રણની જાની રેતી ઉડે, કરી અંધ દે,
ઝળઝળ કરી ઝંઝાની જ્વાલા ફરી વળતી અધે. (લલિત)

૧૭ અક્ષરનો શિખરિણી: 'રસે-રુદ્રેછેદી યમનસભ લાગે શિખરિણી'.

યગણ, મગણ, નગણ, સગણ, ભગણ, લઘુ, ગુરુ એમ ૧૭ અક્ષરથી અને રસ=છ તથા રુદ્ર=અગિયાર અક્ષરે યતિ (વિરામ) લેવાથી શિખરિણી બને છે:

સૈ ગૌ ગૌ , ગૌ ગૌ ગૌ, સૈ સૈ સૈ, સૈ સૈ ગૌ, ગૌ સૈ સૈ, સૈ, ગૌ
અસત્યો ભાંતીથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જ,
ઘૌંડા,અંધારેથી પ્રભુ ! પરમ તેજે તુ લઈ જ;
મૃદા મૃત્યુમાંથી અમૃત સરીએ નાથ ! લઈ જ,
તુ દીધો હું છું તો તુજ દરસનાં દાન દઈ જ. (નાનાલાલ)

૧૭ અક્ષરથી પૃથ્વી: 'જરો જસ યલે ગથી વસુ નવાંક પૃથ્વી બને.'

જગણ, સગણ, જગણ, સગણ, ય ગણ, લઘુ અને ગુરુ એમ ૧૭ અક્ષરથી અને વસુ=આઠ અક્ષરે તથા નવાંક=નવ એટલે કે નવ અક્ષરે યતિ (વિરામ) લેવાથી પૃથ્વી છંદ બને છે:

સૈ ગૌ સૈ , સૈ સૈ ગૌ, સૈ ગૌ સૈ, સૈ ગૌ ગૌ, સૈ ગૌ ગૌ, સૈ ગૌ
વિહંગે કહે ! જો લહરે અખૂટ વ્યોમ આશાભર્યો !
અરે નયન જે દિશા નભ નવીન તે દાખવે :
અરે હૃદય રંગ જે સુરકમાન તે ખીલવે ;
વિહંગ કહ ઊડ રે ! કહાણુ ધન્ય દો તાહરાં ! (અવંતરાય)

૧૯ અક્ષરથી શાર્દૂલવિક્રીડિત :

'બારે-સાત મસા જસા તતગ છે શાર્દૂલવિક્રીડિતે.'

મગણ, સગણ, જગણ, સગણ, તગણ, તગણ
આમ ૧૯ અક્ષરે,ને બારમા સાત અક્ષરે યતિ પાડવાથી હરિણીહોવા

ગૌ ગૌ ગૌ, સૈસૈગૌ, સૈગૌસૈ, સૈસૈગૌ, ગૌગૌસૈ, ગાગૌસૈ,ગૌ
ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ કેસરતણો પૂંજમાં,
ભરે છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકે નથી વાદળી;
ઢોકો દિગ જર્યાં વહે અનિલ શો ઉત્સાહને પ્રેરનો,
કે ઉત્સાહ ભરી દિશે શુક ઊડી ગાતા ગીતાં ગીતાં.(કલાપી)

૨૧ અક્ષરથી સગ્ધરા :

'સાને સાને વિરામો ગરજનયયથે સગ્ધરા છે કહેલી.'

ગગણ, રગણ, જગણ નગણ, યગણ, યગણ, યગણ ગ્રામ ૨૧ અક્ષરે, અને સાત સાત અક્ષરે યતિ (વિરામ) આવે સગ્ધરા થાય:

ગૌ ગૌ ગૌ, ગૌ સૈ ગૌ, ગૌ સૈ સૈ, સૈ સૈ સૈ, સૈ ગૌ ગૌ, સૈ ગૌ ગૌ, સૈ ગૌ ગૌ
ધામેધામે છટાળી કુસુમરજ લઈ ટોલનો વાયુ વાય,
ચોપાસે વહ્નીઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય,
એસીને કોમ્પ્ય ત્યજે હરદમ પરબતિકા માન સ્વર્ગીય થાય,
ગાળી નાખે હવાનો રસિક હૃદયને, વલ્લિથી દ્રાખ જાય. (મંજુકેસર)

(ચાલુ)

ચક્ર-વાક્ર

ઝાંખા અને પાતળા શરીરવાળા બનાંડે કૌને એકવાર નીચા ને રેણુકાય છ. કે ચેસ્ટરટન રસ્તામાં ભળી ગયા. કૌને જોઈ ચેસ્ટર-ટને કહ્યું: તમને જોઈ કોઈ એમ જ કહે કે દુષ્કાળમાં દુકાળ પડ્યા છે.'

'ખરી વાત' કૌએ જવાબ આપ્યો,'અને તમને જોઈને કોઈ એમ જ કહે કે એ દુકાળનું કારણ તમે જ છો.'

ચેસ્ટરટનને વાતચીતમાં 'પન'('શ્લેષ)વાપરવાની બહુ ટેવ હતી. અને શ્રોતો પણ તેના ધારદાર 'પન' સાંભળવા તેનો ઝવ બાઈ જતા. એકવાર કોઈ નાટ્યગૃહમાં જતાં દરવાને ચેસ્ટરટનને આવતું જોઈ કરીને કહ્યું: ''પન' વાપરો તો જ અંદર દાખલ થવા દઉં.' થોડી વાર પછી ચેસ્ટરટને હાથ ઊંચા કરી કહ્યું: 'ઓ .... પન! (open I)

રોરીટનની વાક્ચાતુરી અદ્ભુત હતી. કોઈ પણ વખત તેને રાય ટાંકાં ન આવતો જોઈ તેના એક મિત્રે એને બનાવવાનો નિશ્ચય કર્યો. રસ્તે ચાલતાં એક મિત્રે સીધો પ્રશ્ન કર્યો: 'રોરીટન, તું મૂર્ખ છો કે ગધેડો ?' આગળ ચાલતાં બંનેની વચ્ચે આવી રોરીટને કહ્યું: 'મિત્રો ! હું મૂર્ખ નથી તેમ ગધેડો યે નથી. પણ બંનેની વચમાં હું.'

અમેરિકન નવલકથાકાર સિંકલેર લૂઈને નોબેલ પ્રાઇઝ મળતાં કોઈએ તેને પૂછ્યું: તમે એ પૈસાનો શો ઉપયોગ કરશો ?' જવાબ મળ્યો: 'અમેરિકાના એક જવાન અને પ્રખ્યાત લેખક તથા તેના કુટુંબના પોષણ માટે અને તેને હજુ વધારે સબળા સર્જનશીલ કરવા માટે એ ઇનામના પૈસા હું વાપરીશ.'

કહેવાની જરૂર ખરી કે એ લેખક તે લઈ પોતે ?

'આ યુગનો સર્વોત્તમ સાહિત્યસ્વામી' એ વિષય ઉપર ચેસ્ટર-ટનને બોલવાનું હતું. અનેક સાહિત્યકારોનું વિવેચન કરી અંતમાં તેણે કહ્યું: 'પણ આ યુગના સર્વશ્રેષ્ઠ સાહિત્યસ્વામીને હું ત્યારે જ જોઉં છું-તેની સુરેખ છબિ મારી આંખ સામે ત્યારે જ ઉપસ્થિત થાય છે—જ્યારે હું અરીસા સામે ઊભો રહું છું' મકરન્દ દવે

(માર્ચ ૧૯૪૧) ૭૨

ઝાડીમાં કરતી ટીકરીડીની કર્કશ ઘંટડી જેવા સ્વર સાથે ભળી જંગલમાં મધુરવા રેડતો હતો. માત્ર ફેર એટલો કે સકરબોરાને બલ્કે પોતાના સૌન્દર્યનું ભાન હોય તેમ તેનું પ્રદર્શન કરતો હતો, ત્યારે ટીકરીડી (Wagtailers)ને પોતાની શોભાહીન ભૂખરી કાયાનું ભાન હોય તેમ સંકોચની મારી ઝાડીમાં સંતાતી ફરતી હતી. પરંતુ લેતાં તો એવી સાદાઈમાં ગૌરવ લેતાં હતાં અને સુકાં પાંદડાંમાં રંગે ચંગનો સગાનરંગી દેહ ન દેખાય એ બીકે પાંદડા વચ્ચેથી છટકાં ચીબુવાં ચીબુવાં અંદર અંદર ઝાંખી કરી જોનારનું ધ્યાન ખેંચતાં હતાં. કંસારા તો વૃક્ષની ઊંચી ડાળ પર બેસીને 'ટોક, ટોક' અવાજ કરી બલ્કે મેઘરાજને આવાહન કરતા હતા કે ભાઈ સૌન્દર્ય પણ કોઈથી ઊતરે તેવું નથી; પણ મને શોધો તો ખરા! ખરેખર, ઘડીકમાં એક દિશામાં મોઢું ફેરવીને બોલતો અને ઘડીકમાં બીજી દિશામાં મોઢું ફેરવતો કંસારો ક્યા ઝાડમાંથી બોલે છે એ જાણવું સહેલું નથી હોતું.

પણ આ શું? ઝાડીમાં ખડખડાટ થયો અને આખો ઝાંખો પડછાં કરીને ચમકીને ભાગી. આંખના પલકારામાં હું બંદૂક સંભાળી તૈયાર થઈ ગયો. પણ.... એ તો તેતર ઝાડમાંથી પાંખો વીંઝતું ઊડ્યું હતું! તેતરની ઊડવાની રીત જ એવી છે. પાંખોનો ભારે અવાજ કરે. ગાબુરની નજરે પડ્યા વિના પાસેથી ઊડે તો માણસ પણ જરા ચમકી જાય, તો પછી વાઘણની ધાકથી અયભીત રહેતી બીચારી ગાયોનું શું પૂછવું?

મહા પરિશ્રમે ગોવાળોએ ઢોર પાછાં ભેગાં કર્યાં. અત્યાર સુધી હું ઘણની સાથે જ રહ્યો હતો. બપોરનો વખત હતો અને હવા ગરમ થઈ ગઈ હતી. લૂ વાતી હતી. મને ખૂબ તરસ લાગી હતી, એટલે હું પાણી પીવા જતાં પાછળ રહી ગયો. બરોબર એ જ વખતે ઘણના પાર્શ્વ ભંગાણ પડ્યું અને આ વખતે ભારે ગભરાટમાં આવ્યો. નાસવા લાગી. આસપાસ નીચી ટેકરીઓ હતી અને વાંસની ચીપ ઝાડી હતી, તેમાંથી એક વિશાળકાયાવાળા હૃષ્ટપુષ્ટ વાઘે છાપો માર્યો. પરંતુ નારીએ વાઘ અને ગાયોની વચ્ચે થોડીક જૅસો હતી. અનેએ જૅસોએ સ્વાભાવિકપ્રમાણે વાઘનો સામનો કર્યો. મેં તમને કહ્યું તો છે કે આ જંગલી પ્રાણીઓ કેવાં ડરપોક હોય છે! વાઘને આ વિઘ્ન નડતાં તેણે પીછેહઠ કરી, કારણકે અહીં સાવચેત માણસોની હાજરીથી પણ તે પરિચિત હતો. પાછળ રહી જવા માટે મને પશ્ચાત્તાપ થયો, પરંતુ પછીઓએ વાઘનાં પગલાં તપાસીને કહ્યું કે એ નરભક્ષી વાઘણ ન હતી, પણ ઢોર ચરવામાં નામચીન થયેલો મોટો વાઘ હતો. મારો આજનો પ્રયાસ પણ નિષ્ફળ ગયો. ટેકરી પાછળથી ચીતળના 'બચવા'નો અવાજ આવ્યો તે ઉપરથી ખાતરી થઈ કે વાઘ ટેકરી ઓળંગી ગયો છે.

અઠવાડિયા પછી પછીઓ સમાચાર લાવ્યા કે તેઓએ કુમ્ભારપંન પંદિર પાસે આયનપુરની વાઘણનાં પગલાં જોયાં હતાં. મેં તરત જ બીજે સવારને મોકલી મોરચેના ગોવાળોને ચેતવણી આપી દીધી. અમે શિકારની તૈયારી કરી અને પગલાંવાળી જગ્યાએ જઈ તપાસ કરી, પરંતુ આ વખતે પણ તેનાં પગલાં એવી કઠણ જમીન ઉપર થયાં હતાં કે જ્યાં કોઈ નિશાની મળે તેમ ન હતું.

આખો દિવસ રખડીને હું મારી છાવણીમાં પાછો ફર્યો. રાત્રે જમવા બેઠો ત્યારે જંગલમાં શોરબકોર થવા લાગ્યો. ચોરી ચારમાં સજ્જડી ગયેલો ચોટ્ટાં માણસો આવે છાવણીમાં દોડી આવ્યાં તેઓ ગદ્દનદુઃખી મનના હતા. મને તેઓએ ખબર આપી કે આજે અમારા ઢોર (માર્ચ ૧૯૪૧)

ગામનું ધણ બ્યાલુ બની ગોવાળ વિના પાછું આવ્યું છે અને ગોવાળને વાઘણ ઉપાડી ગઈ છે. સમાચાર અમે તેવા હતપ્રભ હોય પરંતુ હું તો એવા સમાચારની જ રાહ જોતો હતો. કારણ કે તે વિના વાઘણનો પત્તો મળે તેમ ન હતું. મેં તરત મોરચે આવે સવારે પગીઓને હાજર થઈ જવા કહેવડાવી દીધું.

સવારે અમે ઢોર ક્યાંથી ગભરાઇને આવ્યાં હતાં તે જગ્યા, તેમની ખરીની નિશાનીઓ પરથી શોધી કાઢી. ત્યાંથી વાઘણના પગલાંની નિશાની પણ શોધી કાઢી. તે નિશાનીને આધારે આગળ ચાલતાં અમે એક પાણીવાર આગળ પહોંચ્યા. ત્યાં કાબરોની કાકારોળે અમારું ધ્યાન ખેંચ્યું. જોયું તો ત્યાં બે ફગનસીબ માણસના અવશેષ હતા: મોટાં હાડકાં, અને હયેળી તથા પગનાં તળિયાં. ત્યાંથી વાઘણના પગની નિશાનીને આધારે અમે આગળ ચાલ્યા, પરંતુ આગળ જતાં તે નદી આળખી સામે પાર જંગલથી છવાયેલી ટેકરીઓમાં ચાલી ગઈ હતી અને ત્યાં તેની શોધ કરવી અશક્ય હતી. મારે, ફરી પાછી વધારે અનુકૂળ પ્રસંગની રાહ જોયા વિના બીજો ઉપાય ન હતો.

પરંતુ અમારા માટે વળી એક નવો મોરચો ઊભો થયો. આજે વાઘણની સાથે એક બચ્ચાનાં પણ પગલાં હતાં! આયનપુરની નરભક્ષી વાઘણને બચ્ચું હોવાનું અમારા જાણવામાં આવ્યું ન હતું. ત્યારે કુમ્ભારપાના પુજારીને કોણે કાઢી આપેલું? શું એ વાઘણ નરભક્ષી થઈ હતી?

ગામડાંઓમાં ભય અને ત્રાસનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. ત્યાં જુઓ ત્યાં સૌને મોઢે એની એ જ વાત હતી કાલ લેહીને કોણ ઝડપાઈ જશે તેની કોને ખબર હતી? પગડાંમાં જ જિંદગી ગીતાડનારા ગામડાંઓને કંઈ ઘરમાં બેસી રહેવું પાલવે? એકલ, મજૂર, ગોવાળ, કઠિયારા, સૌને ઉદરનિર્વાહ માટે વનપગડામાં જ જવાનું હોય. વળી એક વધુ હરણ બનાવે તેમને બયભીત કર્યા.

ગોવાળો હવે ટોળે વળીને પણ ચારવા જતા. રામસમુદ્રમ્ ગામના ગોવાળો પણ આ પ્રમાણે સ્વરક્ષણ માટે ટોળે વળીને ઢોર ચારવા ગયા હતા. પરંતુ કમભાગ્યે એક દિવસ એક ગોવાળ જરા આગળ પાછળ થયો કે તરત જ પેલી વાઘણ તેના ઉપર તૂટી પડી. સાધારણપણે હિંસક પ્રાણીઓ શિકારને ગળેથી પકડે છે, પણ આ વખતે બીજા માણસોના સાન્નિધ્યને લીધે ઉતાવળમાં વાઘણ નિશાન ચૂકી ગઈ અને ગોવાળના ગળાને બદલે ખભો તેના મોંમાં આવ્યો. બાકી વાઘણે ઝટકો માર્યો. તેમાં પેલો કમનસીબ માણસ ઊંધીને કાંટાના ઝાંખરામાં જઈને પડ્યો. આ આકસ્મિક ઘટનાથી વિમૂઢ થયેલી વાઘણ શિકાર છોડીને નાસી ગઈ. બીજે દિવસે અમે તપાસ કરવા ગયા ત્યારે જ બધી ગોવાળ કોમમાં ફફડાટ મચાવી મૂકનારો બનાવ બન્યો હતો. મારા પરિશ્રમે અમે તેને બહાર કાઢ્યો, પરંતુ તેની વ્યથાનો મૃત્યુમાં અંત આવતાં સમય ન લાગ્યો. અમે તો એની માન્યતામાં જ હતા કે વાઘણ તેને ઉપાડી ગઈ હતી, પરંતુ આ આકસ્મિક બનાવથી પણ તેની જિંદગી તો ન જ બચી.

તે પછી બીજા દિવસ માટે મારે બહારગામ જવાનું થયું પાછો આવ્યો ત્યારે મેં જે સમાચાર સાંભળ્યા તેથી તો હું ચોંકી ઊઠ્યો. બનાવો મારી રાહ જ જોતા હતા. વાત આમ બની હતી.

મોરચે મારો ચિતરાડ જમીન વચ્ચે કુમ્ભારપનપુર નામનું ગામ છે. ગામનો સાવ નાનું છે. તેની એકની એક ગોરીના છેવાડે એક ઝાડને આંતરો બાંધેલો હતો. ગોરીના છેડેના ઘરમાં એક ગોરી રહેતી હતી. તેની સામેના ઘરમાં તેનો જમાઈ રહેતો હતો. આસપાસ ખુલ્લું

મેદાન હતું. જંગલ તો છેટે હતું ચાંદની રાત હતી. ઑયનપુરની નરભક્ષી વાઘણ જંગલમાંથી બહાર નીકળી મેદાન વટાવીને આ શેરીની પારે ઝાડ નીચે આવીને બેઠી હતી. વહેલી રાત્રે ડોશી પોતાના ઘરમાંથી જમાઈના ઘરમાં જવા જેવી શેરીમાં ઊતરી કે તરત જ બંને, વાઘણ તેને ફાડી ગઈ! એની સિતક અને ઝડપથી આ બનાવ બની ગયો કે કોઇએ ડોશીની ચીસ સુદ્ધાં ન સાંભળી. ડોશીને ચીસ પાડવાનો અવકાશ જ નહિ મળ્યો હોય.

મેં તરતમારો હાથી મંગાવ્યો. આ સમાચાર ખરેખર ગંભીર હતા. ગામ બહાર નીકળવામાં પણ લોકોની સલામતી ન હતી. આ વાઘણ પણ બરોબર સમજી ગઈ હતી કે માણસનો શિકાર કેટલી સહેલાઈથી, કેટલી નિર્ભય રીતે અને કેટલાક અલ્પ પરિશ્રમથી થઇ શકે છે. અમે બુસાવનપુર ગયા. ડોશીનાં સ્થૂળ શરીરધારી જમાઇને બોલાવતાં તે મોરી પારે આવીને પોકે પોકે રડવા લાગ્યો. તેના આક્રંદથી મને આશ્ચર્ય થયું, કારણ કે ઈંગ્લંડની જેમ આ દેશમાં પણ સાસુ માટે જમાઇ કેટલો શોક કરે છે તે હું જાણું છું વાસ્તવમાં સાસુ-પ્રેમ માટે કોઇ દેશે પ્રીતિ મેળવી હોય તેવું મારા જાણવામાં નથી, એટલે મને જરા શંકા ઉપજી.

અમે વાઘણનાં પગલાં શોધી કાઢ્યાં. પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે વાઘણનાં પગલાં સાથે માણસનાં પગલાં પણ એ જ દિશામાં જતાં હતાં. ડોશીના જમાઇને તે બતાવતાં તેની છાતીનો કૂચો વળવા લાગ્યો. તે કંઈ ખુલાસો કરી શકયો નહિ. આ વળી નવો ભેદ હતો. વાઘણની પાછળ માણસનાં પગલાં કયાંથી?

અમે વાઘણના પગલે પગલે એક ડાંગરના ખેતરમાં પહોંચ્યા. ડાંગરની ક્યારીઓમાં કાદવ જેવી ભીની માટી હતી તેમાં માત્ર વાઘણનાં જ નહિ, પણ તેના મોગા પકડેલી ડોશી ઘસડાતી હતી તેનાં પણ ચિહ્ન હતાં આગળ ચાલતાં એક ઝાંખરામાં ડોશીના લુગડાનો એક ટુકડો અટવાએલો જોયો. ત્યાંથી અમે નદીકાંઠે હતી. નાળિયેરીવનમાં આવ્યા. અહીં વાઘણે બેસીને ડોશીને ખાધી જમીન પર લોહી સુકાઇ ગયું હતું. પણ ડોશીના અવશેષ કયાં? વાઘણે અહીં ભક્ષણ કર્યું હતું તેની નિશાની ચોક્કસ હતી અને અવશેષ પડી ન રહે તે પણ અશકય હતું. ત્યારે આવળી ભેદમાં વધારો થયો. અહીંથી વાઘણનાં પગલાં નદી તરફ જતાં હતા, એટલે હજી વધારે ખાત્રી કરવા અમે આગળ ચાલ્યા. અહીં એક ઠેકાણે વાઘણ નદી પાર કરી ગઇ હતી. મારા પગીઓને પણ આ ભેદ સમજાતો ન હતો.

'વાઘણ આખો શિકાર ખાઇ ગઇ હોય તે બનવા જોગ જ નથી.' એક પગીએ ચર્ચા છોડી. 'વધેલો ભાગ નાળિયેરી વનમાં રાખી મૂકયો હોય તો તે અહીં લઈ આવી હોવી જોઇએ. પરંતુ એમ તો બન્યું નથી, કારણ કે અહીં વાઘણે પાણી પીધું છે અને જો તેના મોગામાં શિકાર હોય તો તેણે બાજુમાં મૂકયો હોવો જોઈએ. પરંતુ તેની કંઈ નિશાની નથી. માટે એટલું ચોક્કસ છે કે વાઘણ નાળિયેરી વનમાંથી અવશેષ શિકાર અહીં નથી લાવી.'

આ દલીલ સચોટ હતી. આ અભણ ને અજ્ઞાની ગણાતા ગામલોકોની નિરીક્ષણશક્તિ ને નિર્ણયબુદ્ધિ કેવી તીવ્ર હોય છે! અમે પાછા નાળિયેરીવનમાં આવ્યા, કારણ કે આ કોયડાનો ઉકેલ તો ત્યાં જ મળે તેમ હતું અમે ત્યાં ઝાડીમાં તપાસ ચલાવી. અચાનક એક પગીએ ડોશીના જમાઇને બોલાવીને તેને એક ઠાંસો લગાવી દીધો!

'આ શું કર્યું છે?' તેણે જમાઇ સામે ડોળા ધુરકાવીને કહ્યું. જમાઈનું સ્થૂલ શરીર ધ્રૂજવા લાગ્યું. અમે ત્યાં જઈને જોયું તો ત્યાં ઝાડી વચ્ચે ડોશીના અવશેષનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો! જમાઇનો ખુલાસો માગતાં તેણે ધ્રૂજતાંધ્રૂજતાં કહ્યું કે આગરાનપુરની પોલીસ આવીને તપાસ ચલાવે તો બધા ગામલોકોને હેરાન થવું પડે અને પોલીસ અંતમાં મારે ડોશીના અવશેષ ઉપડાવે તો તેનો જન્મ ભ્રષ્ટ થાય તે બીકે એ દુર્ગતિથી બચવા અમે ડોશીના અવશેષનો અહીં અગ્નિસંસ્કાર કર્યો હતો! તેણે કહ્યું કે મારી સાથે ગાગરોકો ઢોલ અને ભૂંગળાં લઈને મોટો ધોંધાટ કરતા આવ્યા હતા અને વાઘણને પગલે પગલે ચાલીને ડોશીના મૃત દેહના અવશેષ શોધી કાઢી અહીં અમે અગ્નિદાહ કર્યો હતો!

મારી આશા નિરાશામાં કરી મંદ. ડોશીના અવશેષ જ જ્યાં ન હતા ત્યાં હવે વાઘણ પાછી આવે એવી આશા કેમ રાખવી? ડોસીના જમાઈએ અગ્નિને યોગ્ય બંદોબસ્ત કરી હતી. ચુસ્તપણે ધૂંધવાતા મારા માણસોએ ડોશીની અંત્યક્રિયા તેના જમાઈને મોંફાડ જમાડીને કરી અને જમાઈએ તેથી તૃપ્ત બનીને તેના સ્થૂળ શરીર માટે શકય હોય તેથી પણ વધુ ગતિથી સ્વસ્થતાનો પ્રયાણ કર્યું!

ડોશીના મૃત્યુનો પ્રત્યાઘાત બહુ ખરાબ હતો. જંગલ અને ઝાડીથી એટલે દૂર ગામમાં આવીને ઘરઆંગણેથી જ્યારે વાઘણ નરબલિ લઇ ગઈ હતી ત્યારે હવે ઘરનું છાપરું ફાડીને ઘરમાંથી માણસોને નહિ લઈ જાય તેની શી ખાત્રી? અને આ નવીન ગામસનાં ઝૂપડાં આવી જતાં વાઘણ પાસે કેટલીક ઓછ આવે? આજ દિવસ સુધી તેનો શિકાર કરવાના બધા પ્રયાસ પણ નિષ્ફળ થયા હતા, તે જોતાં ગામલોકો જો એમ માનતા હોય કે કોઇ ડાકણ જ વાઘણનું રૂપ લઈને નરબલિ લેવા આવે છે તો એમનો દોષ પણ શું? મને ભય હતો કે હવે જો વાઘણનો તોત્કાલિક નાશ નહિ થાય તો બેતરો સુકાઇ જશે, ગામડાં ઉજ્જડ બની જશે અને લોકો આત્મરક્ષણ માટે સહેરોનો માર્ગ લેશે.

મેં ખૂબ વિચાર કર્યો ને છેવટે પેંતરો બદલવાનો નિર્ણય કર્યો. આજ સુધીના મારા અનુભવ ઉપરથી એટલું તો જણાયું હતું કે વાઘણને પગલેપગલે ચાલી તેની બોડ શોધી તેનો શિકાર કરવો સહેલ નથી. તે શિકાર ઉપર બેઠી હોય ત્યારે જ તેને મારવી એ વધારે સારો માર્ગ હતો. મેં તે માટે એક અવસ્થિત યોજના ઘડી કાઢી. (ચાલુ)

નસીબ વિષે એક નિબંધ લખતાં એક છોકરાએ દાખલો આપ્યો, 'કેટલાક ડાકુઓ એક માણસનું ખૂન કરે, પણ સંજોગવશાત્ ગરનારે જે પોતાના પૈસાનું પાકીટ ઑફિસના ટેબલમાં ભૂલી ગયો હોય, તો, તેનું નાક એનું ખુશનસીબ કેમકે એના પૈસા બચી ગયા.

બી બી બી કરતી વિદ્યાર્થીનીઓના વર્ગને આંખો ફાડી ગહેતીછએ પૂછયું, 'મારા સામે હસો છો, કેમ?'

માંડમાંડ હસવું ખાળતાં છોકરીઓ બોલી ઊઠી, 'છ,ના,બહેન'

'વારૂ ત્યારે કહેશો, આખા વર્ગમાં મારા સિવાય હસવા જેવું બીજું શું છે?'

શિક્ષક: વિનુ આ તારો 'મારો કુતરો' વિષેનો નિબંધ તો તારા ભાઈના નિબંધ સાથે અક્ષરે અક્ષર મળતો આવે છે.

વિનુ: હા સાહેબ, અમે બંનેએ એક જ કુતરા વિષે એ લખેલો છે તેથી.

શિક્ષક બાદબાકી શિખવતા હતા: સાત છોકરાઓ નદીએ નહાવા જાય અને તેમાંથી જેને તેમની બાએ પાણીમાં પડવાના પાડી હોય, તો પાણીમાં કેટલા પડે? બોલ જોઇએ કનુ.

કનુ: સાતે સાત, સાહેબ.

હોળી

* લેખક
ડૉ. મંજુલાલ
રવુભેઽલાલ
મજમુદાર



હોરી
ચિત્રકાર:રાકુંતલા દિવાનજી

ગુજરાતીઓના વર્ષનાચે મોટા ઉત્સવ તે દોળી અને દીવાળી. પરંતુ ગામડાંમાં તો કહેવત છે કે 'દીવાળી આદે કહે, પણ દોળી તો ઘરેઘરે.' એટલે કે દીવાળી કરતાં પણ દોળીનો તહેવાર ત્યાં વધારે ગણાય છે.

પ્રાચીનાઇતિહાસગાંતેનાઉત્સવો આજથી ઘણા વર્ષો છે. આપણા કેટલાક ઉત્સવો ઋતુઓને અનુસરીને ઊજવવા છે, કેટલાક વીરપુરુષોનાં જયંતી રૂપે ઉજાપુ થયા છે, તો કેટલાક તપ ને સંયમ માટે નિર્માણ થયા છે.

દોળીનો ઉત્સવ એ ઋતુઓના સંધિકાળનો ઉત્સવ છે. માઘના દિવસ ગયા, પાનખર બારી અને તેની વિદાય વખતે આપણે ઉત્સવ કરીએ છીએ, આવતી વસંતનેવધાવીએ છીએ. કારણ કે ત્યારથી વૃક્ષોમાં કૂંપળ ફરવી શરૂ થાય છે. તેથી વસંત ઋતુની પ્રકૃતિ જેવાં પ્રયત્નો કરવામાં આવે છે. આ ઋતુમાં—

'નવ પલ્લવ ધારણ ધરી, પલાશનો શિરપાયઃ
રાજ શાખ સાખી રંગે, ગાઠનરાજ મદાલસ.'

હિંદુસ્તાનમાં પ્રાચીનકાળથી વસંતોત્સવ કે મદનનો ઉત્સવ મનાતો, અને તે ઠેકઠેકાણે આખરી દોળીનો ઉત્સવ ચાલતો આવે છે.

પોષ શુદિને દેવળ અને મિત્રોના સંધિકાળમાં મકરસંક્રાંતિ આવે છે અને ફાગણમાં વસંત આવે છે ત્યારથી ઋતુઓની ગણતરી થાય છે. સંક્રાંતિનો તિથિ નથી નથી દોળી. પણ દોળી તો પૂનમે જ આવે છે એટલે તેનું ગણ (અનુસંધાન પૃ. ૩૫૬)

ગાંદાત્મ્ય ચંદ્રના પર્વનું પ્રમાણથી વધતુંઘટતું છે.

પૂનગિયા ગણિના પ્રગાલે મધુમાં ફાગણ સુદ પનમે ચૈત્રી વરસ પડે થાય છે અને વદ પડવાથી નવું વરસ શરૂ થાય છે. એને 'પૂનોડી' કહે છે. શ્રી કૃષ્ણની રાસલીલાની રાત્રિ છ માસ સુધી લંબાઈ હતી તે છે ફાગણની પૂનમ સુધી પહોંચી તે વખતે જે પવિત્ર રંગ હોરી તે રંગ ભગવા પૃથ્વિનું વંદન પૂર્વોરીને દિવસો કરવાની વૈષ્ણવ ભાવના છે. એને 'હોલનો ઉત્સવ' પણ કહે છે, કારણ કે આશોપાલવથી તથા નવનવનાકૂંપળોથી શણગારેલા દિવાલોમાં તે દિવસે બાલકૃષ્ણને સુલાવવામાં આવે છે, અને એ વખતે અબીલ ગુલાલ લોકે છે વધ કેસુડાનો રંગ પીચકારીમાં ભરી કરાડવામાં આવે છે.

વર્ષની મુખ્ય પનમોમાં ઃ કાર્તકી, માઘની, ફાગણની, ચૈત્રની, વૈશાખની અને આશોની. તેમાં દોળીની પૂનમ ઋતુઓના સંધિકાળની દોષાથી વિશેષ આલ્હાદજનક લાગે છે.

દોળીની સાંજે ચંદ્રદર્શન થતાં ઠરોઠર ચકલે ચકલે બાળાં અને લાકડાં બેગાં કરી મોટી તાપણી કરવામાં આવે છે. ગામના અનેક આકારો કરી, તેને સૂતળી, દોરામાં પરોવે છે તેને 'દોળીયાં' કહે છે.

પદેશોના વતનમાં હિંદુઓ દેવ સાંજ-સવાર દોમ કરતા અને ઘરે ઘરે વ્રત કરતા પૂનમ અને અગાસ જેવા તહેવારોના ને સંધિકાળમાં મોટા વરોઠ કરતા. તેમાંથી બારણી પૂનમનો અને પનેતની કૃષ્ણનો વ્રત એ સાર્વજનિક વ્રત છે. ફાગણમાં ઘરની બહાર આગણામાં, ચોકમાં તથા ચકલામાં બધો વ્રત ને આપણી દોળી. એ દોળીના તાપણી દવા ગોબ્બી માય છે અને ગામડાં વસેરે રિવાજો જોવા મળે છે.

આ વ્રતમાં દોળના ગાટે તલ, તુવેર અને તે આવે ઊતરનાર દીવેલાનું ગાદાત્મ્ય ઘણું છે. પરમુતાર ખેડું એના લાલદોળામાં ઢાંકવાની ધાણી હોમે છે એના આ આનુકાલિક સાર્વજનિક વ્રતમાં પણ ધાણી અને ચણાની આહુતિ અપાય છે. ગોરડીની મોક્ષમ પણ આ જ છે અને ખજૂર પણ આ જ ઋતુમાં પાકે છે. આ ગોરડીનો ગોળ બને છે અને તેથી ગોળમાંથી બનેલી ખાંડના દાણા અને રંગકરાં પણ બાંધી ચણા અને ખજૂર ટોપરાં આવે આ ઉત્સવમાં દેખા દે છે. ખેડાવાની ખેતીનો ઉત્સવ જેમ શરદ પનમે નવી ઠંડીના પૈસા અને કૃષિથી લાભદાય છે, તેમ શિવાળાની ખેતીનો ઉત્સવ દોળીના નદેરાથી કરવામાં આવે છે.

દોળીના ઉત્સવ ઉપર અનેકનેક કવિદાસના ગર ચરેલા છે. તેની પૌરાણિક કથા આવી છે: દૂષિદપુરાણમાં કથા છે કે દૈત્યવંશમાં હિરણ્યકશિપુની બહેનદે હિરણ્યકીને હતી. તેને વરદાન દત્ત કે અગ્નિ તેને બાળી શકે નહિ. આથી પૈષ્ણવ બનેલા પ્રહલાદને શિક્ષા કરવામાં દૈત્યરાજને તેમનું માન આવ્યું.

બસ, પર્વત કે ચિર બારે પ્રહલ્દ કે ઈ કરી ગયાં નહિ (અનુસંધાન પૃ. ૩૫૬)

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૨૪]

ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ

હિમાલયમાં શાંતિ આપવાની ખૂબ તાકાત છે; અને તે મળે છે ત્યાંનાં એકાંતોમાંથી. હિમશિખરો ને સૃષ્ટિસૌન્દર્યના દર્શનથી આનંદ પણ ખૂબ મળે છે.

નીલગિરિમાં એવાં બરફનાં શિખરો નથી, તો ત્યાંની ભૂરાશ અજબ છે! ત્યાંના ભૂરા પહાડોમાં જવાની બ્લ્યુ માઉન્ટન એક્સપ્રેસ ગદ્રાસથી સીધી ઊપડે છે તે તાલ, તમાલ, સોપારીવૃક્ષોની કુંજોમાંને જળાશયો પાસેથી સડસડાટ, મેટાપલ્લયમ નામના તળેટીના સ્ટેશને બાર કલાકમાં લઈ જાય છે. ત્યાંથી સ્વિટ્ઝરલૅન્ડના આલ્પ્સ પર્વત ઉપર ચઢવાની પહાડી રેલવે જેવી જ એક નાની ગાડી ઉટાકામંડ પર ધીમે ધીમે ચઢે છે અને ત્યાંનું દૃશ્ય આપણાં નયનોને સફળ કરે છે.

ત્યાંની લાલ ભૂમિ, લીલાં ઘાસ, ઘેરાં વૃક્ષો વિવિધ પંખીઓ ને ભૂરાં શિખરોના આહ્લાદક વાતાવરણમાં રહેવું એ જીવનનો કોઈ વિરલ લહાવ છે. જળધોધો, ઉદ્યાનો, લીલા ઢોળાવ ને ટેકરા, સરોવરો, વાંકાચૂકા પહાડી રસ્તાઓ ને આરામસ્થાનોનો પાર નથી.

વિવિધરંગી ફૂલોની પ્રફુલ્લ ગિરજાણીથી આંખોને તૃપ્ત કરતાં કરતાં ને યુકેલિપ્ટસનાં વૃક્ષોનો ગંધ લેતાં લેતાં ત્યાંનાં સેંકડો દૃશ્યો પેટ ભરીભરીને અમે જોયાં છે. એવા રૂપસુંદર આ ઊટી (અથવા ઉટાકામંડ)થી મૈસૂર ૧૦૦ માઇલ જ દૂર છે ને અંતરાળ પ્રદેશને વીંધીને જતા મોટરને રસ્તે મૈસૂર જતા નીલગિરિનાં ખરાં ઊપવનો ને વનો જોવાનો અલૌકિક મળે છે.

મૈસૂરમાં વ્યંકટઅપ્પા નામના એક ચિત્રકાર છે. એમણે ઊટીનાં દૃશ્યોનાં વૉટર કલર બહુ જ સુંદર ચીતર્યાં છે એવી અગાઉ ૧૨ પડી. આટલે, એ સ્થળને લગભગ બે ત્રણ માસ સુધી અમે ખૂંદી નાખ્યું હતું તેનાં કલાદર્શન કરવાની લાલચે અમે એ ચિત્રો જોવા વ્યંકટઅપ્પાના રહેઠિયેમાં ગયા. એક ખંડેર જેવા વગડાઉ ઘરમાં એમનો અભ્યાસખંડ હતો. નૈષ્ઠિક બ્રહ્મચારી, સાદા, સરળ પણ કલાઓના ચુસ્ત અને ટેકીલા ઉપાસક એમના જેવા મેં કોઈ જોયા નથી.

કોઈ એમેચ્યર કલાવિવેચકે અગાઉ મેણું માર્યું હતું કે તમે હિંદી ચિત્રકારો સૃષ્ટિસૌન્દર્યનાં ચિત્રો તો દોરી જ ન શકો. એ તો અંગ્રેજો જ હૉલૅન્ડના ચિત્રકારોની જ કલમની નાકાત છે, બીજાં કોઇની નથી

વ્યંકટઅપ્પાને એ મેણું હાડોહાડ લાગ્યું. એણે વિચાર્યું, આ તો મને નહિ પણ મારી માતૃભૂમિને મેણું મારવામાં આવ્યું છે અને તેના સપૂત તરીકે હવે મારી એ ફરજ છે કે હિંદી ચિત્રકારો સૃષ્ટિસૌન્દર્યનાં ચિત્રો પણ દોરી શકે છે એ મારે સિદ્ધ કરવું.

પેંગી એ ઊપડ્યા અને પહોંચ્યા સૃષ્ટિસૌન્દર્યના ધામ ઊટી. ત્યાં Y.M.C.A. (ખ્રિસ્તી યુવક મંડળ) ના ઉતારે રહ્યા, કેમકે ઓછે પૈસે સારામાં સારી સગવડ ત્યાં જ મળી શકે એમ હતું. સ્વયંપાકી એ શુદ્ધ બ્રાહ્મણે આ મોટી સાધના ખાતર ધર્મના આહ્વાચાર છોડી દીધા.

ત્યાંનાં દૃશ્યો તો એણે અગાઉ પોતાની કલાદૃષ્ટિની તૃપ્તિ અર્થે બહુ યે વાર જોયાં હતાં, પણ આ વખતે તો એનાં ચિત્રો દોરવાનો નિશ્ચય કરીને ગયા હતા.

એક દૃશ્ય નક્કી કરી, એની સામે એ નિરીક્ષણ માટે બેસતા. અજવાળી રાત્રિએ આખી રાત અનિમેષ નેત્રો તે દૃશ્ય એ જોયા જ કરતા. જ્યારે ઘરની અંદર પણ પારો પંચાવન ડિગ્રી સુધી ઊતરી જતો એવી કપરી શીતળ રાત્રિએ બહાર ખુલ્લી કુદરતમાં ટાઢ કેવી લાગે એનો વિચાર કરો. પરંતુ પ્રાતઃકાળ થતાં સુધી પણ એ પોતાના ધ્યાનમાંથી ચળતા નહિ. કયાના રંગો અને ફૂટતાં સૂર્યકિરણોની લીલા નિહાળવામાં એ કુદરતની હાજરીને, પણ ગણકાર્યા વિના ગાત્તબનીને બેસી રહેતા.

રમણીયતા તો ક્ષણે ક્ષણે રૂપ બદલતી અને વ્યંકટઅપ્પાનું નિરીક્ષણ પણ ગમ્ય હોય ત્યારે પ્હોરે તથા સંધ્યાએ પણ ચાલુ રહેતું સ્નાન, સંધ્યા, ભોજન, શયન. બધું ઊટીને એ આ સ્થળનો સકળ મહિમા પરિપૂર્ણરીતે પોતાના મનના કોડાગાં કરતારતા હતા. દિવસો ને રાત્રિઓ સુધી આગ ચાલ્યું. શુક્લ પક્ષ જઈને કૃષ્ણ પક્ષ આવ્યો, પણ વ્યંકટઅપ્પા નીલગિરિનાં અમુક અમુક સ્થળોનાં સૌન્દર્ય જોતાં ધરાતા જ નથી.

આમ એમણે છ સ્થળો જોયાં અને પછી એનાં અદ્‌ભુત ચિત્રો, પોતે જાતે જ તૈયાર કરેલા રંગો અને પીંછીઓથી, એમણે ચીનીઓના જેવાં તપ તપીને તૈયાર કર્યાં.

એ અભ્યાસગૃહમાં અમે જોડા હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય અને એનાં (એ સમયનાં) કલારસિક પત્ની કમલાદેવી પણ એ ચિત્રો જોવા આવ્યાં હતાં.

એક ચિત્ર વ્યંકટઅપ્પા ઓલે છે અને અમુક ખૂણેથી અમુક રીતે જોવાં એ અગાઉ સૂચના કરે છે, અને ઓહ્હો! ઓહ્હો!' એવા ઉદ્‌ગાર અમારાથી સહજ નીકળી જાય છે. પો અરધા કલાકે એ બીજું ચિત્ર ઓલે છે ને એ જોતાંજ ફરી એજ ઉદ્‌ગાર નીકળી જાય છે.

આમ લગભગ ત્રણ કલાકે અમે બેમનાંએ ચિત્રો જોઈ રહ્યાં. તોયે તૃપ્તિ થતી ન હતી. ફરીફરીને જુદેજુદે ખૂણેથી અમે એનો એ ચિત્રો જોયા જ કર્યાં. એ બધાં ચિત્રોને અમે બહુ વાર જોયાં હતાં, પણ જે સૌન્દર્ય વ્યંકટઅપ્પાએ જોનારને પોતાની કલમ દ્વારા સમજાવ્યું હતું તે તો અમારાં ચર્મચક્ષુને દેખાતાં નહોતાં કળ્યાં. 'That light which was never on sea or land' એ ટેનિસને અનુભવેલા પ્રકાશ પડે જાણે વ્યંકટઅપ્પાનાં ચિત્રો રમાડ્યા હતાં! અગાઉ પહેલાં રૉથેનસ્ટાઇન બેંગ્લોર આવેલા ત્યારે આ જ ચિત્રો વ્યંકટઅપ્પાએ એમને બતાવેલાં. અને એમને પેલા એમેચ્યર કલાવિવેચકની વાત પણ કહેલી. સર રૉથેનસ્ટાઇને તો જતે ઉતાર કલાકાર હોવાને પરાત ઇંગ્લંડની શાહી કલારાણીના આર્ચાર્ય અને લંડનનાં કલાસંગ્રહસ્થાનોના ઉચ્ચાધિકારી તથા ઉત્તમ કલાવિવેચક હતા. એમણે કહ્યું કે તમે એ એમેચ્યરનું મેણું ટાળ્યું છે હિંદી ચિત્રકાર હૉલૅન્ડ કે બ્રિટનના ભૂતવર્તમાનના સમર્થ ચિત્રકારોને ટપી ગયા છે, એટલું જ નહિ, પણ જે દુનિયાભરના ઉત્તમ ચિત્રકારોના ચિત્રો જોયાં છે, પણ એમાંયે સૃષ્ટિસૌન્દર્યનાં તમારાં ચિત્રો વિરલ છે.

વ્યંકટઅપ્પા કહે, 'પહેલાં મને સંતોષ થયો અને માતૃભૂમિનું મેણું ટાળી હું કૃતાર્થ થયો. આ ચિત્રો મહારાજા માગે છે, પણ હું આપતો નથી. રાજ્ય ને કલાભવનનો આચાર્ય બનવા કહે છે પણ હું એમના અભ્યાસક્રમો ને પરીક્ષાઓની આંટીઘૂંટીમાં અટવાઈ જવા માગતો નથી. મારે તો અસલનાં ગુરુકુળોની રીતે મારું પોતાનું કલાભવન કાઢવું છે અને શિષ્યોને મફત ચિત્રવિદ્યા શીખવવી છે.

પછી અમણે કુચબિંડ રના રવ. મહા-

રાજનું હાથીદાંત પર કોરેલું ચિત્ર બતાવ્યું. સ્વ. મહારાજા માધવરાવ પુત્રી ઈન્દીરા-દેવીના પતિનું એ ચિત્ર ઝવેરીએ ૧૫ હજાર આપી ચૂક્યા હતા, પણ ચિત્ર નહોતાં થઇ ગયાં. ચિત્ર જોઈને બાપાએ કહેલું કે 'મારા પતિનું બરોબર આંતરદર્શન તમે આમાં કરાવ્યું છે. આ ચિત્ર તમારી પાસે જ રહેવા દો. હું બીજી જગ્યા તો મને કલેશ થશે.'

પછી બ્યંકટઅપ્પાએ રાજા રવિવર્માના પ્રસંગોનાં આલેખાયેલ ચિત્રો બતાવ્યાં. એમાં રાજાનો પ્રતાપ, લક્ષ્મીબાની શોભા ને હનુમાનની ભક્તિના ભાવ ચોખ્ખા હતા. એક સીતા જરા બહુસુરત અને ઊંતરી ગએલા યૌવનમાં દોષ જોવાં લાગતાં હતાં. મેં બ્યંકટઅપ્પાને એ વિષે પૂછ્યું તો એ કહે 'બરાબર છે'. પણ એમના એક ચિત્રે મને જાણવા કહ્યું કે બ્યંકટ-અપ્પાએ કોઇ સ્ત્રી સામે કદી નજર ઠેરવી નથી. બ્રહ્મચર્યને એણે મનસા, વાચા અને કર્મણા પાળેલું હોઈ માત્ર એનાં એક માસિ સિવાય બીજી કોઇ સ્ત્રીને એણે નિરખીને જોઇ નથી. અને આ સીતા એના માશીના જેવાં જ એ ચીતરી શક્યા છે. એની સ્ત્રીની કલ્પના, માશીથી પર જઈ શકે એમ છે નહિ

બીજે દિવસે પછી બ્યંકટઅપ્પાએ અને, સ્વ. શેષાના નાગના પ્રવીણ બીનકાર પાસે પોતે બીજા બજાવતાં કેમ શીખી લીધું. અને એ ગુરુનો જીવ કોઇ સુપાત્ર શિષ્યને એ વિદ્યા આપ્યાં વગર અને નહોતો. જરીક એમની મુક્તિ કેમ કરી, એ વાત પછી. એ કહે કે અને તે દિવસોે દરમિયાન તો બન્ને ચિત્રવિદ્યા એક તરફ ઊંચકી અને સંગીતની દેવી બીજી તરફ ઊંચકી હતી. એ સ્થિતિનું પોતાનું એક હાસ્યરસિક ચિત્ર પણ એમણે દોરેલું આગને બતાવ્યું. એમાં બે સ્ત્રીના પતિની દશા જેવી પોતાની દશા આલેખેલી. મેં કહ્યું 'તો એ બીજા આગને કેમ સંભળાવતા નથી?' એ કહે સંભળાવીશું પરંતુ ૮-૧૦ દિવસ પીંજી જાય ને હેદરાબાદ છોડવાનો અમારો વખત થયો. પણ એમણે પીંજાન સંભળાવી. જતાં જતાં મને કાનમાં કહ્યું કે 'સાધારણ આવડે છે; અસાધારણ આવડશે ત્યારે સંભળાવીશ.'

ચારબાંધ વર્ષે અમે ફરી હૈદરાબાદ ગયા ત્યારે તો બીજા ચારણપર પોતાનો અસાધારણ કાબૂ આણી ગયો હોવાનું એમણે પોતે જ અમને કહ્યું. અમે બોલાવ્યા વગર ગયા હતા. એ કહે સાંજે આઠ વાગે હું મોટરના કકડું ને વખતે આવજો પણ અમે તો સાંજે તો હૈદરાબાદ છોડવાના હતા. એ બબર કહેતાં તો એ મૂંઝાઈ ગઇ ગયા. કહે, 'તમારી દાનત જ બીજા સાંભળવાની નથી. નહિ તો આપ ચારપાંચ વાગે આવો?' અરે જ અમારાં પુણ્ય જોગાં; નહિ તો એ અસાધારણ બીજા સાંભળવા અમે કાર્યક્રમ બદલત. પણ પશ્ચિમનાં ચાર્મરોલોને અને કલાકપ્રેમીઓને એ જોગ નથી જ. (ચાલુ)

પદ્યાનુવાદ માટે પારિતોષિક

આ નીચે આપેલા અંગ્રેજી કાવ્યનો શ્રેષ્ઠ પદ્યાનુવાદ કરી મોકલનારને પાંચ રૂપિયા પારિતોષિક આપવાનો 'એક યુવક' તરફથી પ્રસ્તાવ આવ્યો છે. સૌને તે માટે આમંત્રણ છે.

AT THE START

WHEN you've finished reading books by the sages and the fools,
When you've left the mental mazes of the colleges and schools,
One old-fashioned custom lingers which the world will never drop.
You must start in at the bottom if you hope to reach the top.

You may know your economics and philosophies and such,
But the knowledge that you've gathered really won't amount to much
Unless you have the courage for the factory or the shop
And can start to climb the ladder from the bottom to the top.

There are some old-fashioned notions which will never pass away.
Under any sort of system boys must work from day to day
And their value will be reckoned as they labour on or stop,
But they'll never think of starting a beginner at the top.

They may change existing methods, but there'll never come a time
When the path to high position won't be difficult to climb.
From the ladder of achievement not a single rung they'll chop.
If you scorn the bottom places you will never see the top.

EDGAR A. GUEST

હોળી (અનુસંધાન પાછળના પૃ. ૩૪થી)

ત્યારે તેને અગ્નિમાં બાળવાનો બેત રચવામાં આવ્યો. હોલિકા તેને ખોળામાં લઈ બેઠી. હોળી પ્રગટાવવામાં આવી. પણ પ્રભુનું કરવું, તે હોલિકા બળી ગઇ અને પ્રહ્લાદને માટે અગ્નિ ચંદન જેવો શીતળ બની ગયો!

એ દૈત્ય સ્ત્રીના નાશથી બચેલા પ્રભુ-ભક્તના બચ્ચાબચ્ચાને સંભારી રાખવા માટે હોલિકાનો કરસત બત્રીસ બચ્ચાલ છે. બચે તે હોય, પણ બાઈના કામ માટે હોળાબેલી હોલિકા પણ એ બહાને અમર થઇ ગઈ, જેમ રામાયણમાં શૂર્પણખાની બહેન તાડિકા થઇતેમ.

બસ પ્રહ્લાદને સતાવવાનું બીજું કારણ જ દૈત્ય સ્ત્રી સામે પ્રહ્લાદનોનો પુરુષપક્ષ બબૂચા ઊઠ્યો તે ગાળાગાળી અને ઝપાઝપી પ્રગટ થઈ. અને એનું જ અનુકરણ આજે પણ કરવામાં આવે છે એમ મનાય છે.

હોળી પ્રગટે ત્યારે નાનાં મોટાં બધાં ટોળે મળે છે. ખોબાનો ખેડાર, બબીલબુલાલ, ધાણીબાબા તથા કોળી હોળીગાદાનું પૂજન કરે છે અને હોળીની પરકમ્મા કરતાં કરતાં હોળીગાતા જે આવે? એમ બોલે છે.

હોળી જેમનાં ઓખાની શરૂઆત થઈ ગણાય છે. અને 'બીજડનો (બીબાનો)સાળુ' એટલે કંકુકેસરનાં છાંટણાંવાળો ધોળો સાળુ નવી પરણેલી વહુ હોળીને દિવસે પહેરે છે, અને એ પહેલીવાર સાસરે હોળી પૂજે છે.

હોળી પછી રંગપાંચમ આવે છે. તે દિવસે દેવમંદિરોમાં કુવારા છૂટે છે. પિચકારીઓ છોડાય છે, અબીલગુલાલ ઊડે છે અને આકાશ રંગાઈ જાય છે! ઠંડક, શાંતિ અને પખાજ સાથે હોળીનાં ગીતો ગવાય છે તેને 'હોળી' અથવા 'ફાગનાં ગીતો' કહે છે.

હોળીના દિવસોમાં છોકરાંઓને રાત્રિ-ભ્રમણ કરવાનું ગમે માય છે અને ગેરહાજરમાં ફરવું ગમે છે. ચાંદની રાતમાં અનેક રમતો રમાય છે અને હોળીનો બીજો નાચ નાચતાં અલકમલકની વાતો મંડાય છે. પછી મોડી રાતે સૌ સૌને ઘેર જાય છે ત્યારે ગવા ગાય છે અને બીજતા જાય છે કે

'પોતપોતાને ઘેર જાવ;
બાબીબબા વહેની બાવ.'

ધૂપ છાંવ

સુખી થવું દુઃખી થવું એ આપણા જ હાથમાં,
જન્મી બધો છે એક ત્યાં જ પંડને મુકામમાં.
થતાં પ્રકોપ અગ્નિનો વિવર્ણ થાય કંચન,
રચાય છે સુકાવ્ય ને ઘડે ઘડે છ મંથન.
અધીન ચિત્ત થાય તો અધીન સર્વ આ જગે,
સમર્થ જે મનોબલે પ્રતાપવંત સિદ્ધ તે. —ગો.

રેવ. કપિલરામ-હરદેવરામ વકીલ

મુંબાઇની હાઇકોર્ટમાં પહેલવહેલા દેશી જજ નાનાભાઇ હરિદાસના એક પુત્ર શ્રી હરદેવરામ બૅરિસ્ટર પ્રતાપી નર હતા. સુરતના જાહેરજીવનમાં તે અત્યંત રસ લેતા. શ્રી કપિલરામભાઇ એમના મોટા ચિરંજીવી હતા. એલ્ફિન્સ્ટન કૉલેજમાં બી. એસસી.નો અભ્યાસ કરી, વધુ અભ્યાસ માટે તેઓ ઇંગ્લંડ ગયા. તે વખતે એમના કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હતી. છતાં પણ પોતાના સ્વજનોએ પ્રબળ માનસિક શ્રદ્ધા તેમજ અતિશય મહેનતથી તેઓએ ઇંગ્લંડમાં અભ્યાસ પૂરો કરી, લંડન ને માન્ચેસ્ટરની વિજ્ઞાનશાસ્ત્રની ડીગ્રીઓ મેળવી. એ વખતને પહેલું વિશ્વયુદ્ધ ચાલતું હતું તેમાં એમને બ્રિટિશ વૉર ઑફિસ તરફથી ખાસ શોધખોળને માટે નીમવામાં આવ્યા. માન્ચેસ્ટરની યુનિવર્સિટીએ તેમને ફેલોશિપ આપી, અને ત્યાર પછી તેમણે એ રીસર્ચના રૂપમાં યુદ્ધની કરેલી સેવાઓ બદલ એ જ યુનિવર્સિટીએ, એમ.એસસી. (ટેક.)ની ડિગ્રી આપી.

હિંદુસ્તાન પાછા ફરતાં તાતા સન્સ લિ.ના કન્સલ્ટિંગ ફેગિસ્ટ તરીકે એમની નિમણૂક થઇ. જે જગ્યા એમની હમેશની ખંતથી બાર વર્ષ સુધી એમણે દીપાવી. ત્યાર પછી ધ્રાંગધ્રા રાજ્યને માટે એમણે આલ્કાલીનાં કારખાનાંબાંધ્યાં, અને ત્યાર બાદ ઓખા સૉલ્ટ વર્કસની શરૂઆત કરી તેનો એજન્ટ અને ડાયરેક્ટર થયા. તેઓ કેટલાયે ઉદ્યોગના નિષ્ણાત હતા: તેલના, વનસ્પતિ ઘીના, સાબુના ઉદ્યોગના અને મીઠાના ઉદ્યોગના. યાંત્રિક તેમજ ઔદ્યોગિક કેળવણી માટેની સર વિશ્વેશ્વરૈયાની કમિટીના તેઓ સભ્યાસદ હતા. દેશી વેપારી ચેમ્બરની કમિટીના તેઓ લગભગ ૨૦ વર્ષ સુધી સભ્ય હતા. રૉયલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સની સલાહકાર કૉઉંસિલ ઑવ ચેમ્બરના પ્રતિનિધિ તરીકે બારથી પદર વર્ષ તેમણે કામ કર્યું, તેમજ ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર ઑવ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિ તરીકે ને ઑએ ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સ. બૅંગલોરમાં પણ કામ કર્યું હતું તેમણે વિજ્ઞાનની શોધખોળને લગતા અસંખ્ય મહાનિબંધો છપાવેલા છે તેમજ ઉપર જણાવેલા ઉદ્યોગો ઉપર પુસ્તકો અને રીપોર્ટો લખેલા છે.

વિજ્ઞાનશાસ્ત્રને જેણે જીવન અર્પણ કર્યું હોય એવા બહુ થોડા વિદ્વાનો હિંદમાં છે. સર જગદીશ બોઝ, સર પી.સી રૉય, પ્રો. ગજ્જર, સર સી. વી રામન વગેરે વિજ્ઞાનશાસ્ત્રના અઠંગ અભ્યાસી અને નિષ્ણાત તરીકે જાહેર છે. પણ 'ઘરકી મુરઘી દાલ બરાબર' એ કહેવત આપણા ગુજરાતીઓને ખાસ લાગુ પડે છે.

આવા અઠંગ અભ્યાસ ને વિદ્વત્તા સાથે તેમનું માનસ ઘણી ઊંચી સ્વતંત્રતા પર રચાએલું હતું અને એક વિજ્ઞાનશાસ્ત્રી તરીકે તો, ગમે તેવી પૈસાની ખોટનો કે પછી નોકરીનો પણ ભય હોય તોપણ, પોતાનું દિલ ખુલ્લું કરી પોતાના વિચારો જાહેર કરતાં તે લેશમાત્ર અચકાતા નહિ હિંદી સરકારના મોટામાં મોટા હોદ્દેદારોની સાથે, હિંદના ઉદ્યોગના વિષયમાં કે ઉદ્યોગના શાસ્ત્રીય અભ્યાસના વિષયમાં, જેમાં ક્યારે ક્યારે crossing the swords કહેવાય છે તેવી શબ્દોની ઝપાઝપી કરવાનું ચૂકતા નહિ. તેઓ રાજદ્વારી અને સંસારી લડતોથી અલગ રહ્યા હતા, પરંતુ એમના વિચાર બહુ આગળ પડતા અને ઉદાત્ત હતા. પોતાના કામ અને અભ્યાસ પાછળ એમને એટલી ખંત અને અડગ શ્રદ્ધા હતી કે પોતાની ઉંમે તેમણે

આ માસ (માર્ચ)નું પંખી

ચકદિલ

આજનો દિવસ ગાયા કરનારું, ખુશખુશિયાળ ને ચપળ આ પંખી તો આપણું હમેશનું પડોશી છે. ગીચ ઘટાવાળા લીમડા, વડ, આંબા આદિની ઘટામાં એ વસે છે ને માણસના સહવાસમાં ડર્યા વિના હરેફરે છે. કોઈ ઝાડ પર 'ચીં' કરતી ખીડી સીસોટી સાંભળો કે જાણે નેજર કરશે. દીવાળીબેડાને મળતું, પણ સહેજ નાનું, ધોળા ગાલવાળું, રાખોડીરંગનું પંખી દેખાશે. સુરોળ, સુકોમળ પાતળી દેહવલ્લરીવાળું એ પંખી અત્યંત ચપળ ને સ્ફૂર્તિવાળું હોય છે ઘડીનાં ઊડે ને ઘડીમાં બેસે. ડાળની ઉપર ને નીચે ફર્યા કરે ને વારંવાર એની કાળીધોળી જાતીગળ પૂંછડી, કાગળના પતંગને આપણે હરીએ તેમ, ઉપરાઉપર ફર્યા કરે.

નર ઊજળો હોય છે; ગાલ ને ભીને વાન. નરનું કપાળ સફેદ; બંને આંખો પર સફેદ પટ્ટી; ભમ્મરો પીઠ ને પાંખો રાખોડી; પાંખોને છેડે સફેદ છાંટણાં; પૂંછડીનાં વચ્ચેનાં પીંછાંના છેડા સફેદ; બે બાજુના પીછાં આખાં ધોળાં; દાઢી અને ગળું કાળાં, છાતી ને પેટ ધોળાં.

સંગીતપ્રિય વર્ગનું આ પંખી આખો દિવસ ગાયા જ કરે છે. આપણાં ગાયક પંખીઓમાં ગાંધર્વરાજ ગાયા. એનાથી ઊતરતા દેવડા; બાકી રહ્યાં અગન, ચંદોળ, પીળક વગેરે. પણ એ સૌમાં ચકદિલનું સ્થાન ઊંચેરું. દેવડાના સ્વરની તીક્ષ્ણતા એનામાં નથી. અગનની પેઠે બીજાના અવાજની નકલ કરવાની આવડત પણ નથી. છતાં એનું પોતીકું અભ્યાયુ સંગીત અત્યંત મનોહારી તો ખરું જ. એના સંગીતના ચાર સ્વરઃ ધીરેધીરે એ આરંભ કરે ને તમે આકર્ષાઓ. બીજો સ્વર આવતાં તમે મુગ્ધ બનો. ત્રીજે તમારી ઉત્સુકતા વધી જાય. અને ચોથે સ્વરે હૃદય ચકો-પણ બકાસ. તમે પાંચમાની આશા રાખો ત્યાં તો અધવચ્ચ એનું સંગીત અટકી જાય. આ એની ગાવાની રીત.

માર્ચથી ઑગસ્ટ એનો સંવનનકાળ હોઈ એની મસ્તી હવાઓ ચોર હશે. ઝાડની ડાળ પર પતાકા જેવો ગાળો બાંધે છે વરસમાં બે વખત બચ્ચાં આણે છે. ('વનેચર')

તબિયત હોય તોપણ હજારો માઇલની મુસાફરી માટે જે કલાકમાં તૈયાર થઈ જતા. હમણાં જ તેઓ માસ-દોઢ માસની ગંભીર માંદગીમાંથી ઊઠ્યા હતા અને બારપાંચ દિવસ જ તેમાંથી નિરાળા રહ્યા હતા. તે છતાં કંપનીને કામે શનિવારે સવારે ઓરેગોનમાં ઓખા ગયા અને રોગવારું ગમરાતે મીઠાપુરમાં, જે આરામ બોગણે ભોગવ્યો ન હતો તે આરામની શોધમાં તેમનો આત્મા ગયો!

પોતે બહુ જ ઓછાબોલા હતા, છતાં એમનામાં સાંસારિક પ્રેમ પોતાના કુટુંબીઓ તરફ તેમજ મિત્રો તરફ. બહુ જ હતો. એમની સચ્ચાઈ અને પ્રામાણિકતા તલવારની ધાર જેવી હતી, અને તેથી જ કેટલીક વાર બહારના લોકોને એઓ ઉગ્ર સ્વભાવના લાગતા. તેઓ હાજરજવાબી હતા નહિ અને કોઈ હાજરજવાબી-કરે તેમના તરફ ખૂબ રોષ કરતા. આથી જ એમના ગાત્રુસો ઉપર એમનો બહુ તાપ પડતો. આવા વિજ્ઞાનશાસ્ત્રી, ઊંચા ચારિત્ર્યવાળા, ઉદ્યોગના નિષ્ણાત નર ન ચાલી જવાથી પોકળી ખોટ પુરાતાં ઘણો વખત લાગશે. એઓ પોતાની પાછળ પત્ની, એક પુત્રી, ત્રણ પુત્રો, તથા કુટુંબીઓ અને મિત્રોનું બહોળું વૃંદ મૂકી ગયા છે. (દાંડીઓ)

આવતી કાલના દીવા

જે રેડિયો પાવરથી પ્રકાશ આપતા હોય, બંધ કરવા છતાં પણ જે પ્રકાશિત રહેતા હોય, અને જે જંતુઓને મારી નાખે, એવા દીવાની તમને કલ્પના આવે છે? આવતી કાલનાં ઘરોમાં ખરેખર આવા વૈજ્ઞાનિક ચમત્કારો વપરાશે. અમેરિકાના વિખ્યાત 'વેસ્ટિંગહાઉસ' નામના વીજળીને લગતા કારખાનાના લૅમ્પ વિભાગના સંચાલક અને વૈજ્ઞાનિક મિ. સૅમ્યુઅલ હિબ્બન આવા અને બીજા મુસળધાર હાસ પ્રયોગાત્મક સ્વરૂપમાં અજમાવી રહ્યા છે.

તમે કદાચ Fluoresent 'ફ્લુઓરેસન્ટ' લૅમ્પ વિષેનો સાંભળ્યું હશે. વીજળીના એ ગોળાઓમાં ફ્લૅલામેન્ટ (તાર) નથી આવતા, પણ સાદા ગોળામાં ફ્લુઓરેસન્ટ પદાર્થો ભરવામાં આવે છે. એ પદાર્થો એવા હોય છે કે તેને જે અમુક પ્રકારે ઉત્તેજિત કરવામાં આવે તો તેમાંથી વિવિધ રંગોમાં પ્રકાશ નીકળે. આવાં ઉત્તેજિત કરનારાં સાધનોમાં હાઈ વૉલ્ટેજના રેપાર્ક, અલ્ટ્રા શૉર્ટ વેવ્સ, અલ્ટ્રા વાયોલેટ કિરણો વગેરે મુખ્ય છે. ફ્લુઓરેસન્ટ પદાર્થોમાં ખાસ કરીને ફૉસ્ફરસરસના પદાર્થો, પારા જેવી ધાતુની વરાળ, નીઑન, અને આર્ગન વગેરે જેવા અમુક વાયુઓ, અને અમુક ધાતુઓના તાર વપરાય છે. તે સિવાય બીજા પણ અનેક રાસાયનિક પદાર્થો શોધી કઢાયા છે.

અમુક પદાર્થોના એવા રંગ પણ બનાવવામાં આવ્યા છે કે કોઈ બરતુને તે રંગથી રંગીને પછી તેના ઉપર રેડિયો વેવ્સ નાખવામાં આવે તો તે પ્રકાશિત થઈ ઊઠે!

ફ્લુઓરેસન્ટ દીવા ગમે તે આકારના બની શકતા હોવાથી,સુશોભનો તરીકે તે અતિશય સુંદર રીતે વપરાય છે. વળી તેમાં જુદા-જુદા પદાર્થો નાખવાથી જુદાજુદા રંગના પ્રકાશ ગળી શકતા હોવાથી તેમાં એક આવતા અનેક રંગો એકાસામે કરી શકાય છે. આ લૅમ્પને વાયરિંગની પણ જરૂર નહિ પડે. એમાંથી અલ્ટ્રાશૉર્ટ રેડિયો વેવ્ઝ નીકળે તેવું મશીન બીત ઉપર લટકાવી દઈએ એટલે તેમાંથી નીકળતાં કિરણો પોતા ખાસ રંગની રંગેલી વસ્તુઓ તેમજ ફ્લુઓરેસન્ટ ગ્લોબમાંથી પ્રકાશ ઉત્પન્ન કરે આવા મશિનથી વાતચિત્રની તસ્વિર દૂર થાય છે અને આપણે લૅમ્પને ગમે ત્યાં કાઢી જઈ રાખીએ છીએ.

પરાંત નાના કદના જંતુનાશક (ઇંસેક્ટિસાઈડલ) દીવા પણ આ

પદ્ધતિથી ઘરમાં વાપરી શકાય આવા લૅમ્પમાંથી નાનાં જંતુઓને તરત મારી નાખે એવાં કિરણો નીકળે છે.

કેટલીક ધાતુઓ એવી હોય છે કે તેના ઉપર અલ્ટ્રા જાંબલિ કિરણો પડે તો તે પ્રકાશ આપે. આવાં ખનીજોમાંથી બનાવેલા રંગો પર બીત રંગ્યા પછી તેના ઉપર જો અદશ્ય અલ્ટ્રા વાયોલેટ કિરણો પડે તો આખો ઓરડો સુંદર રંગોના પ્રકાશથી ઝગમગી ઊઠે. વળી, અમુક પદાર્થો એવા આવે છે કે તેના ઉપર એક વાર આવો પ્રકાશ પડ્યો કે પછી તે પદાર્થ પોતે જ થોડા સમય સુધી પ્રકાશ આપ્યા કરે. આવા પદાર્થોનો ઉપયોગ ગિ હિબ્બને એવા બારણા બનાવવામાં કર્યો છે કે તે લૅમ્પ એક વખત પ્રગટ્યા પછી વિજળી બંધ કરવા છતાં પ્રકાશ આપ્યા કરે! આ રીતે, ઘરે પછી આવ્યું ઘર અજવાળતા દીવા વિવિધ રંગોના પ્રકાશ આપતા, જુદાજુદા આકારના, તેમજ ઘણા જ કાર્યસાધક-એટલે કે વિજળીના બળવાના પ્રમાણમાં વધારે પ્રકાશ આપતા હશે. —વિજય પંડ્યા

ગાજર

ગાજરની ઋતુ હમણાં આવે છે. ગોગાસામાં એનું વાવેતર થાય છે અને ગામરાથી છેક ચૈત્ર માસ સુધી તેઓ તેડવાં ગળી શકે છે. દિલ્હી અને કચ્છના પ્રદેશનાં ગાજર ઉત્તમ ગણાય છે. ગુજરાતમાં એવાં ગાજર નથી થતાં કચ્છમાં તો બળદ અને ઘેંસોને ગાજર ખવરાવે છે એટલો અનહદ પાક થાય છે. ગાજર ખાનાર ઢોર ઉપર ગજબનાક ચોકી રહે છે. તત્ત્વશોધકો રોગમાં રોગ અને ફૉસ્ફેટ દોવાનું જણાવે છે.

આયુર્વેદમાં ગાજરને પણ પુરાતન ગાનવામાં આવ્યું છે. ચરકમાં તો ગાજરનો સુરા (દારૂ) ઉત્તમ ગણેલો છે.

વૈદ્યકશાસ્ત્ર ગાજરને મધુર, રુચિકર, કષાય, વાયુ કરનાર, ગાદી તથા અર્શ, રક્તપિત્ત, મદાગ્નિ, અને કફવાત છતનાર કહે છે.

ગાજરના મૂળનો લીલો ભાગ અને પત્રમાંનું પિત્ત કાંદી, સગારી, પાણીમાં આદી, કોકમ કે લીંબુની ખટાસ નાખી કરેલું શાક રેચાંદિષ્ટ લાગશે. પિત્તનો ભાગ કાઢી નાખી, બગાડી, એ બગાડને બરાબર નીચોવીને પાણી કાઢી નાખી, પીળાં સંતરાંના ઝીણાં છોલી કુણીનો હલવો બનાવીએ છીએ એ પ્રમાણે તેલના પ્રમાણમાં ઘૃત અને ખાંડ નાખી હલવો તૈયાર કરો. પૌષ્ટિક, સ્નેહી વધારનાર, રેચક આપનાર અને બરજરી પચી જાય એવો હલવો બની રહેશે. એ હલવો દરરોજ સવારે પહેલું સ્નેહી બંધ કરશે અને ઝાડો પાતળો આવતો હશે તો બંધ થશે.

ગાજરને સાફ કરીને વચ્ચમાંથી ચીરી એમાં આદુના બારીક ટુકડા અને રોજના ભાગે હળદર નાખી, રસદારતી, ૭-આઠ દિવસ રાખી બરાબર કાદીને એનું બધેલું પાણી ફેંકી દઈ એક દિવસ તડકે રાખી મૂકવાં. બાદ ખાંડેલી રાઈ, સારસિયું, હળદર, મીઠું વગેરે પ્રમાણસર નાખી બરણીમાં ભરી રાખવું. આઠેક દિવસમાં રસ થઈ જાય ને રવાદિષ્ટ, સિરકાદાર છતાં નિરોષિ અથાણું બનશે, રાઈ-અગ્નિપુંજ ન કરાવવું હોય તો લીંબુ સાથે રાખવાથી બરાબર મુંદર અથાણું બને છે અને એ લાંબા વખત સુધી બગડતું પણ નથી.

ગાજરનું અથાણું બનાવીને કેરીનો મુરબ્બો કરીએ છીએ એ જ રીતે સાકરની ચાસણી સાથે મુરબ્બો પણ બને છે તેનો રંગ અને સ્વાદ બંને સુંદર લાગે છે પ્રમાણમાં તે કેરીથી ચડિયાતો હોય છે. વળી જે જગ્યાએ કેરી નથી બાઈ શકાતી ત્યાંના કેરીનાં અથાણાં કે મુરબ્બાની પરદેશ હોય છે ત્યાં ગાજરનો આ મુરબ્બો ખૂબીથી બાઈ શકાય છે. રેચકમાં ઉત્તમ હોવા ઉપરાંત તે વિવિધ પ્રકારના ઝીણાની વરદ બારે છે. ઝાડા, અતિસાર, મરડો, કબજિયાત, હેડકી અને

શોથના રોગમાં આ મુરબ્બો આપી શકાય છે. ગરજુ કે ગાજર શોથઘ્ન અને શ્વાસ તથા હેડકીનો પણ નાશ કરનાર છે.

સારાં લાલ રંગનાં ગાજર આર શેર લઈને એનો વચલો તથા મૂળનો લીલો ભાગ કાઢી નાખીને બરાબર કરવું. પછી તેમાં આધનું દૂધ બાંધ શેર કકાળવા મૂકવું. બેત્રણ ઉભરા આવી જાય એટલે ગાજરનું બરાબર એમાં નાખી ધીમા તાપે કકાળતા જવું. એ રાબડું ઠીક થયું જણાય એટલે એમાં એક શેર ધી નાખી એને શેકવાથી દાણા પડી જઈને ચોડી નીકળશે. એને ઊતરી રાખી મૂકવી. પછી અઢી શેર સારી જાતના ગોળને અઢી શેર પાણીમાં આગાણી, ચૂલે ચડાવી, ધીમા તાપે એકતારી ચાસણી થાય એટલે નીચે ઉતારી એમાં ગાજરનો પેલો માવો નાખવો. ઉપરાંત એમાં સાલમ તોલા ૩, બરાબર સફેદ તો. ૩, બરાબર મુસળી તો. ૩, સફેદ મૂસળી તો. ૩, ઈન્દ્રજવ તો. ૧, સારી બંગભસ્મ તો. ૧, વાંસકપુર તો. ૧, ઇલાયચી તો. ૨॥, બદામ તો. ૫, પિસ્તાં તો. ૫, અળસેડ તો. ૨॥, બરાબર તો. ૨॥, કોપરાનું બરાબર તો. ૨॥, ફોલેલા ગોકરુગોન્દ તો. ૨॥, બાંડેલી છોરી બારેક તો. ૨॥, સફેદ તલ તો. ૨॥, ચાંદીના વરખ તો. ૧॥ લઈ, બાંડવા જેવી વસ્તુ બાડીને તથા બદામપિસ્તાં જેવી વસ્તુ કાતરીને ઉપરથી નાખવી. સારી જાતનું ગુલાબજળ તો. ૨॥ નાખવું. આ પાકનાં ડેફાં નહિ બંધાય, પરંતુ હલવા જેવો રહેશે. દરરોજ પાંચથી દસ તોલા સવારમાં તે ધીમેધીમે ચાવીને ખાવો. બાળકોને પણ બરાબર આપો. શરીરનો વિકાસ કરી, બુદ્ધિ, બળ, શક્તિ અને જનન અસયવનો વિકાસ કરનાર, મગજશક્તિને વધારનાર, તથા ધાતુને પુષ્ટ કરનાર અલૌકિક શક્તિશાળી આ પાક હૃદયને મજબૂત બનાવે છે, બાળકોના શરીર તાજગીભર્યાં કરે છે, ગરમીથી રહેલો ઝોટો કરકેરાટ દૂર થાય છે, ઉમર વધવાની સાથે છોકરા–છોકરી શરીર નથી લઈ શકતાં અને દુબળાં રહે છે એવા છોકરાંઓને પેશાબ વાટે ફૉસ્ફરસ કે ફૉસ્ફેટ જતુ હોય છે એ બંધ થાય છે, હૃદયનું પલ્પીટેશન બંધ થઈને હૃદયની ગતિ નૉર્મલ બને છે લોહી–માંસ વધે છે, યાદશક્તિનો વધારો થાય છે, પેશાબની પાછળ કે સ્વપ્નમાં જતી ધાતુ બંધ કરે છે, વીર્યને ઘટ્ટ બનાવે છે હરકોઇ સ્ત્રી, પુરુષ કે બાળક–બાળકીને વિના સંકોચે આપી શકાય એવો તદ્દન નિર્દોષ છતાં ગુણમાં ચડિયાતો પાક છે.

ગાજરથી ખાંસી થાય છે એ વાત સાચી છે; પરંતુ ગાજરનો વચલો ભાગ જેને આપણે પિત્ત કહીએ છીએ એ જ ખાંસી કરનાર છે. ઉપરાંત ગાજર ખાઇને તે તરતજ પાણી પીવામાં આવે તો ખાંસી થાય છે. એટલે ગાજર કે ગાજરની કોઇપણ બનાવટ ખાધા પછી થોડીવાર રહીને જ પાણી પીવું જોઇએ. ગાજર ખાધા પછી પાણી પીવાથી સ્વાદમાં પણ એ વખતે પાણી કડવું લાગે છે.

(ગુજરાત સમાચાર) —વૈદ્ય જીવરાજ નરભેરામ શાસ્ત્રી

સિલિકોન—નવું પ્લાસ્ટિક

છેલ્લાં ત્રીસ વર્ષોમાં પ્લાસ્ટિકના વિજ્ઞાનમાં જે કે.ઈ ક્રાંતિકારી શોધ થઈ હોય તો તે આ સિલિકોન્સ (Silicones) પ્લાસ્ટિકની છે પેટ્રોલિયમ, મીઠાનું પાણી અને રેતીના મિશ્રણથી બનાવવામાં આવેલું સિલિકોન્સ મૂળ વાયુ સ્વરૂપે હાથ આવે છે, પણ બહારની હવા લાગતાંવાર જ તે પથ્થર જેવું સખત બની જાય છે. વળી પાણીના જેવા પ્રવાહીરૂપે, તેલ જેવા ઘટ્ટ સ્વરૂપે અને જેમ વાળવું હોય તેમ વાળી શકાય એવા રબ્બર સ્વરૂપે તેનાં રૂપાંતરો પણ થઇ શકે છે. સિલિકોન્સને જે સ્વરૂપ કે ઘાટ આપવામાં આવે તે ઘાટમાં તે કાયમ રહી શકે છે અને આથી ધાર્યામાં પણ ન આવે એવા વિવિધ પ્રયોગોમાં તે વાપરી શકાય છે.

કાગળ ઉપર સિલિકોન્સની વરાળ આપતાં મુકામદર્શક યંત્રથી પાણી ન દેખી શકાય એવું પાતળું પડ તેના ઉપર જામે છે આગ લગાડી કાગળ બરાબર બળે છે એવા કાગળને પાણીમાં બોળવામાં આવે તો બતકની પાંખો ઉપરથી જેમ પાણી પડી પડે છે તેમ બરાબર તેના પરથી સરી પડે છે. સિલિકોન્સની વરાળ આપેલા આ કાગળ અને તમાકુની સીગારેટ, પાણીમાં ઝબોળી રાખી હોય તોપણ તેને પાણી બહાર કાઢતાં મજેથી સળગાવી શકાય છે. સિલિકોન્સની વરાળથી આગ કાગળ અને કપડા ઉપર બરાબર બેસતા પ્રાપ્તથવીદોવાથી એક દિવસ આપણે કપડાં, બૂટ, ટોપી વગેરે ઉપર સિલિકોન્સનું પડ ચડાવી કાર્યે તેવા વર્ષાદની ઝાડીમાં ફરતા હોઈશું તોપણ કોરા બાહર જેવા રહીશું કારણ કે કપડાં, બૂટ ઉપરથી વર્ષાદનાં ટીપાં ટપ ટપ કરી પડશે. અને છતાં ખૂબી તો એ છે કે આવાં અદશ્ય બરાબર પડવાળા કપડાં ગરમીથી ધોઇ શકાશે અને તેના પર અસ્ત્રી પણ થઇ પડશે.

દરેક પ્લાસ્ટિક અને કુદરતી કે બનાવટી રબ્બરની બનાવટના બંધારણમાં મુખ્યત્વે કાર્બનના પરમાણુઓ હોય છે. એના વિના તો પ્લાસ્ટિક બનાવી જ ના શકાય. પણ કાર્બન ગરમી સહન કરી શકે નહિ હોવાથી વૈજ્ઞાનિકો ગરમી સહન કરી શકે એવા પરમાણુઓ ગોઠવવાની ગેરજીમાં હતા. રેતી અને ચકમકમાંથી મળી આવતું સિલિકોન ગરમી સહન કરે એવું હોય છે. આથી વૈજ્ઞાનિકોએ પ્લાસ્ટિકની બનાવટમાં કાર્બનના અણુઓને બદલે સિલિકોન અને ઓક્સિજનના અણુઓ ગોઠવ્યા. આ બે મૂળ તત્ત્વોના રાસાયણિક સંયોગથી ડૉ. માર્શલે સિલિકોન રબ્બર બનાવ્યું. માટીના ગારા જેવા દેખાવનું સિલિકોન રબ્બર જમીન ઉપર પાથરો તો બે કલાકે જેમ ગ્રેઝ થઈ જાય એવું હોય છે. તેને પકવવાથી તે સખત જેમ પાણી રાખવા એવું હોવા છતાંયે આપેલું સ્વરૂપ કાયમ રાખે તેવું બને જે સામાન્ય રબ્બરનાં ટાયરો ઘર્ષણની ગરમીથી થોડા સમયમાં બગડી જાય છે. પણ સિલિકોન્સ રબ્બરનાં ટાયરો મોટર સારી સ્પીડમાં રહે ત્યાં સુધી ટકી શકે તેવાં બનશે.

પ્રવાહી સિલિકોન જેવા રંગો ને મીના–રોગાન બનાવવામાં પણ કામ લાગશે જે ગરમી, સૂર્યપ્રકાશ અને કાટ બગડાવે એવાં રસાયનિક દ્રવ્યો સામે ટકી શકે. આ નવું પ્રવાહી વેસેલાઇન જેવા ઘટ્ટ ચીકણા સ્વરૂપનું. શૂન્ય ડીગ્રી ૪૦ ડિગ્રી નીચે પણ કઠણ ના બને તેવું અને ૪૦૦ ડિગ્રી ગરમીથી પણ ના ઓગળે એવા ગુણધર્મ પણ હોય છે.

સાંધા ચલાવવા વપરાતી ઇલેકટ્રિક મોટરોની શક્તિ અને જિંદગી, તેનું ઈન્સ્યુલેશન કેટલા અંશે ગરમી સહન કરી શકે તેના ઉપર આધાર રાખે છે. એની મોટરો હવે સિલિકોન્સના પડ વડે લપેટી (ઈન્સ્યુલેટ) કરવાથી તે વધારે અંશની ગરમી સહન કરી શકે તેની અને ૩૦૦૦ કલાકના કાર્ય પછી પણ બગાડ વિનાની જ બરાબર રહે છે. એની મોટર નાની, હલકી અને દરેક કાયમાં નભી જાય તેવી બને છે, અને ત્રણ હૉર્સપાવરની મોટરને સિલિકોન્સનું પડ ચડાવવાથી તે દસ હૉર્સપાવર જેટલું કામ આપતી થાય છે.

દસ વર્ષ પહેલાં અમેરિકાના કોર્નીંગ ગ્લાસ વર્કસના ડૉ. ઇ. જી. સ્લીટાને કાચ ને પ્લાસ્ટિક વચ્ચેનું રાસાયનિક ક્ષેત્ર શોધવા માંડ્યું. પ્રયોગો કરતાં તેમણે આ સિલિકોન પ્લાસ્ટિક શોધી કાઢ્યું આનું પ્લાસ્ટિક બીજા વિશ્વયુદ્ધના ઘણાંગુપ્તકાર્યોમાં ઉપયોગી થઈ પડ્યું હતું.

અમેરિકાની ડૉ. કેમિકલ કંપની, કોર્નીંગ ગ્લાસ વર્કસ અને જનરલ ઈલેકટ્રિક કંપનીની સંયુક્ત પ્રયોગશાળામાં સિલિકોન્સની બનાવટમાં એટલી બધી પ્રગતિ સાધી શકાઈ છે કે તેના અનેકવિધ

પ્રયોગો સંબંધી અનેક તર્કવિતર્કો થાય છે તે અત્યાર સુધી શોધાએલાં બધાં પ્લાસ્ટિકોમાં સનેપિરી તો છે જ પણ તેના હદ્દ બહારથી નવા કાર્યોગોનો પણ જન્મ થયો છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

પિંગળ પરિચય

આપણા સાહિત્યમાં જે છંદો વપરાય છે તેના બંધારણનો અભ્યાસ કરવા જેવો છે. પણ આપણાં સામાન્ય કાર્યોમાં જે છંદો વપરાય છે, ને ઉપરતાદ ગવૈયાઓ જે રાગ ગાય છે તેની વચ્ચે, બંધારણદૃષ્ટિએ, મહત્ત્વનો તફાવત છે. દોહરા, હરિગીત, સિંહવિષ્ણુ, સાંકુલ વગેરે 'છંદો' કહેવાય; અને ભૈરવી આશા, બિભાસ વગેરે 'રાગ' કહેવાય. આજે તો આપણે છંદોનું બંધારણ જ તપાસીશું

લઘુ-ગુરુ

જ્યારે આપણે કોઈ પણ છંદ ગાઈએ ત્યારે કેટલાક અક્ષરને લંબાવીએ છીએ ને કેટલાકને ટૂંકાવીએ છીએ. જે અક્ષરોને લંબાવીને બોલીએ તેને 'ગુરુ' કહેવાય અને જેને ટૂંકાવીને બોલીએ તેને 'લઘુ' કહેવાય. આપણી અક્ષરમાળામાં 'અ' (હ્રસ્વ), 'ઈ' (હ્રસ્વ), 'ઉ' ને ઋ (હ્રસ્વ) જોગ ચારસ્વરો, તથા તે સ્વરોવાળા વ્યંજનો 'લઘુ' છે. બીજા બધા ગુરુ છે, જોગ, ક, કિ, કુ, કૃ એ બધા ખ, ખિ, ખુ, ખ વગેરે અગિયાર અક્ષરો 'લઘુ' છે, બાકીના બધા—કા, કી, કૂ, કે, કૈ, કો, કૌ, કં, કઃ ગુરુ છે

વળી કોઈ પણ લઘુ અક્ષરની પહેલાં જોડાક્ષર આવે તો તે લઘુ ગુરુ બની જાય છે. 'સર્વત્ર' માં 'સ' લઘુ છે; પણ તેની પછી 'ર્વ' જોડાક્ષર છે માટે 'સ' ગુરુ ગણાય. તેજ રીતે 'ર્વ' લઘુ છે, પણ તેની પછી 'ત્ર' જોડાક્ષર છે માટે 'ર્વ' ગુરુ ગણાય. ક્ષ ને જ્ઞ જોડાક્ષર છે.

પરંતુ આપણી ભાષામાં 'આવ્યો, પડ્યો, લડ્યા' વગેરે ભૂતકાળનાં રૂપોમાં 'વ્યો' 'ડ્યો,' વગેરે જોડાક્ષરો ઓલવા તો બોળા (પ્રયત્ન વગર) ઉચ્ચારાય છે કે પિંગળમાં તેને જોડાક્ષરો ન ગણીએ તો ચાલે. આવી આવા જોડાક્ષરો પહેલાં જે લઘુ અક્ષર આવ્યો હોય તેને લઘુ જ ગણવો. 'લઘુ-ગુરુ' જાણવાની એક મુખ્ય ચાવી તે ઉચ્ચાર છે. બોલતાં વધારે વખત લાગે તે ગુરુ અને ઓછા વખત લાગે તે લઘુ. ગુરુનું ચિહ્ન અક્ષર ઉપર—આવી લીટી અને લઘુનું ચિહ્ન અક્ષર ઉપર ˘ આવો અર્ધચંદ્રાકાર મૂકવો જે છે.

માત્રા

કોઈ પણ વર્ણ બોલતાં લઘુ કરતાં બમણી વાર લાગે તે મુજબ આપણે તે તે અક્ષરને લઘુ ગુરુ કહ્યા. પણ કેટલીક વખત તેનું ચોકસાઈભર્યું માપ કાઢવું પડે છે. આ માપને 'માત્રા' કહે છે દાખલા તરીકે લઘુને બોલતાં જેટલો વખત લાગે છે તેથી બમણો વખત ગુરુને બોલતાં લાગે છે. તેથી પિંગળશાસ્ત્રીઓ લઘુની એક માત્રા અને ગુરુની બે માત્રા ગણે છે. માત્રા એટલે એક અક્ષરને બોલતાં જે વખત લાગે તેનું માપ. દાખલો જુઓને

૨ ૨ ૨ ૨ ૧ ૧ ૧ ૨ ૧૧૧૧ ૨ ૧ ૨ ૧
દીવાળીના દિવસમાં ઘરઘર દીવા થાય

આ દોહરામાં દરેક અક્ષર ઉપર આંકડા મૂક્યા છે તે, તેને અક્ષરની માત્રાના છે. આ હિસાબે દોહરો ૨૪ માત્રાનો થાય.

શ્લોક અને ચરણ

આખું પદ્ય અમુક શ્લોકોમાં વહેંચાઈ જતું હોય છે. દરેક શ્લોકને ચાર ચરણ અથવા પંક્તિ હોય. ગુજરાતીમાં કેટલીક વાર સગવડખાતર બબ્બે ચરણો એક લીટીમાં લખવામાં આવે છે. દાખલા તરીકે, ઉપલો દોહરો ખરેખર તો બે લીટીમાં જ લખવો જોઈએ.

બે પ્રકારના છંદ

આપણા છંદોના બે ભાગ છે. કેટલાક છંદોનું ગણ માત્રાઓની સંખ્યા મુજબ જ ગણાય છે ને 'માત્રામેળ' છંદ કહેવાય છે; કેટલાકનું ગણ અક્ષરોની સંખ્યા મુજબ જ થઈ શકે છે, ને 'અક્ષરમેળ' કે 'વર્ણમેળ' છંદ કહેવાય છે (અક્ષરને 'વર્ણ' પણ કહે છે તેથી).

માત્રામેળ છંદમાં દરેક ચરણમાં માત્રાની સંખ્યા અમુક જ હોય. એટલેકે આખા યે ચરણના બધા અક્ષરોની માત્રાનો સરવાળો અમુક થવો જોઈએ પહેલા અક્ષરની અમુક જ માત્રા અને બીજા અક્ષરની અમુક જ માત્રા એવો આગ્રહ નિયમ માત્રામેળ છંદમાં નથી. એમાં તો બધી ગણીને આખા ચરણમાં માત્રાની અમુક સંખ્યા થવી જોઈએ એટલો જ નિયમ છે

પણ વર્ણમેળ છંદમાં તો દરેક ચરણમાં અક્ષરોની અમુકજ સંખ્યા જોઈએ, અને તે પણ અમુક ક્રમમાં લઘુ અને અમુક ક્રમમાં 'ગુરુ' અક્ષર જ જોઈએ, એવું કડક બંધારણ છે. આટલું ધ્યાનમાં રાખવું કે જોડાક્ષર તેના રેફર સહિત એક જ અક્ષર ગણાય દા ત 'ભક્તિ'માં 'ક્ત' એક અક્ષર અને 'ક્તિ' બીજો અક્ષર, એમ બે જ અક્ષરો છે.

આમ, માત્રામેળ છંદનું બંધારણ ગણવું સહેલું છે, કારણ તેમાં તો દરેક ચરણમાં માત્રાની અમુક સંખ્યા હોય છે એટલું જ ધ્યાનમાં રાખવાનું છે. પણ અક્ષરમેળમાં તો દરેક ચરણમાં કેટલા અક્ષરો જોઈએ તે તો યાદ રાખવાનું જ, ઉપરાંત દરેક અક્ષર કેવો છે (એટલે કે લઘુ છે કે ગુરુ છે) તે પણ યાદ રાખવાનું.

ગણ

એમાં મુશ્કેલી તો બહુ પડે. દાખલા તરીકે, અમુક છંદમાં પહેલો ગુરુ, બીજો લઘુ, ત્રીજો ગુરુ, એમ યાદ રાખવું તો આકરું પડી જાય. તેથી પિંગળશાસ્ત્રીઓએ ત્રણત્રણ અક્ષરોના સમૂહ પાડી નાખ્યા છે.

હવે જુઓ : લઘુ ને ગુરુના ત્રણત્રણ અક્ષરમાંથી આઠ જુદી જુદી જાતની રચના થઈ શકે. કા તો ત્રણે ગુરુ હોય (– – –); કાં તો બધા લઘુ હોય (˘ ˘ ˘); કાં તો પહેલો ગુરુ ને બીજા બે લઘુ (– ˘ ˘); કાં તો પહેલા બે ગુરુ ને ત્રીજો લઘુ (– – ˘); કાં તો પહેલો લઘુ ને બીજા બે ગુરુ (˘ – –); કાં પહેલા બે લઘુ ને ત્રીજો ગુરુ (˘ ˘ –); કા તો પહેલો ગુરુ બીજો લઘુ અને ત્રીજો ગુરુ (– ˘ –); અને કા પહેલો લઘુ, બીજો ગુરુ ને ત્રીજો લઘુ (˘ – ˘); આમ ત્રણત્રણ સમૂહની આઠ જ પ્રકારની રચના થઈ શકે. તેથી વધુ નહિ. આ દરેક સમૂહને 'ગણ' કહેવાય છે. ગણ એટલે સમૂહ. ત્રણ ત્રણ અક્ષરોનો સમૂહ તે ગણ. તેના નામ નીચે મુજબ (˘ – –) એટલે યગણ; – – – એટલે મગણ; – – ˘ એટલે તગણ, – ˘ – એટલે રગણ, – ˘ ˘ જગણ, ˘ – – ભગણ ˘ ˘ ˘ નગણ, ˘ ˘ – સગણ. આને યાદ રાખવામાં નીચેનો શ્લોક મદદરૂપ થશે:

આદિ મધ્ય અને અન્ત ચરણોમાં લઘુ મુખેથી,
ભજશોમાં ગુરુ ભોમ, નભોમાં લઘુ ને ગુરુ.

પહેલી લીટીનો અર્થ આમ છે: ય, ર અને ત ગણોમાં અનુક્રમે પહેલો, વચલો અને છેલ્લો અક્ષર લઘુ આવે, બાકીના બે ગુરુ એટલે 'ય'ગણમાં પહેલો લઘુને બીજા બે ગુરુ; 'ર' ગણમાં પહેલો ગુરુ વચલો લઘુ ને છેલ્લો ગુરુ; અને 'ત' ગણમાં પહેલા બે ગુરુ ને છેલ્લો લઘુ આમ જ, બીજી લીટીના પહેલા ચરણ ઉપરથી. ભ, જ, સ ગણમાં અનુક્રમે પહેલો, વચલો અને છેલ્લો અક્ષર ગુરુ આવે, અને છેલ્લા ચરણ મુજબ 'ન' અને 'ગ' ગણમાં અનુક્રમે બધા લઘુ ને ગુરુ. એટલે કે 'ન' માં બધા લઘુ ને 'મ' માં બધા ગુરુ. આમ, આ શ્લોકનો અર્થ સમજ્યા પછી ગણ યાદ રાખવા બહુ સહેલા પડશે

વળી લઘુને બદલે 'લ' સંકેત મુકાય છે અને ગુરુને બદલે 'ગ' મુકાય છે. આ સંકેત દ્વારા ગણ યાદ રાખવાની બીજી રીત પણ છે. નીચેના આકારો યાદ રાખવા: યમાતારાજભાનસલગં. આગળ રહેના આઠ અક્ષર તે આઠેએક ગણનું નામ છે, અને છેલ્લા બે 'લ' અને 'ગ' તે લઘુ અને ગુરુ ને બદલે છે. વળી, પહેલો અક્ષર 'ય' છે તો તેનો ય ગણ 'ય' થી માંડીને ત્રણ અક્ષરો સુધી (યગાતા) થાય છે એવી પણ રચનાછે 'એટલેકે 'ય'ગણમાં 'યગાતા'માં છે તેમ લઘુગુરુ ગુરુ હોય. એની જ રીતે 'ત'ગણ માટે તારોજ, 'ર'ગણ માટે રાજભા, જ=જભાનજ, ભ=ભાનસ, ન=નસલ, અને સ=સલગં.

માત્રામેળના પણ કેટલાક ગણ પિંગળશાસ્ત્રોમાં આપ્યા છે. પણ તે ગરુઆતના અભ્યાસીઓને બહુ જરૂરના નથી. માત્રામેળના ગણને માત્રિક ગણ કહે છે. તે પાંચ છે. તેનાં નામ-છગણ, પગણ, ચગણ, તગણ અને દ્વગણ: છગણ એટલે છ માત્રાનો સમૂહ, પગણ એટલે પાંચ માત્રાનો સમૂહ, ચગણ એટલે ચાર માત્રાનો, તગણ એટલે ત્રણ માત્રાનો ને દ્વગણ એટલે બે માત્રાનો સમૂહ, આને અનુક્રમે ૬ગણ, ૫ગણ, ૪ગણ, ૩ગણ, ૨ગણ પણ કહે છે પણ સરળતાને ખાતર-છે પ ચ ત દ્વ જ ઠીક છે, કારણ તેમાં દરેકમાં જેટલી માત્રાઓ હોયએ તેનો પહેલો અક્ષર છે, તેથી યાદ રાખવાનું ઠીક પડે.

(શ્રી ડોલરરાય ર. માકડના 'પિંગળપ્રવેશિકા'માંથી)

• ઉપરની પ્રાથમિક સમજ પછી હવે આ અંકમાં અન્યત્ર આપેલો પિંગળ પરિચય' નો લેખ જુઓ.

પોદ્દનદ

તેલુગુ ભાષાના આદિ વિખ્યાત ભક્ત કવિનું આખું નામ ભગવતર પોદ્દના. એ આંધ્ર પ્રદેશના એક નાનકડા રાજ્યના રાજા રાચવસિંહનો આશ્રિત કવિ હતો. એણે પોતાના આશ્રયદાતા રાજાની પ્રેયસી પર 'મોસિનીદંડકમ્' નામનું સુંદર કાવ્ય રચ્યું છે. પાછળથી એના કાવ્યને ધાર્મિક સ્વરૂપ પકડ્યું અને એણે મૂળ સંસ્કૃત ભાગવતનું આ તત્સમય ભાષાંતર તેલુગુ ભાષામાં કર્યું એ તેલુગુ સાહિત્યમાં ગૌરવાન્વિત સ્થાન છે. કહે છે કે આ ભાષાંતરમાં મૂળ સંસ્કૃતને અક્ષરશઃ વળગી ન રહેતાં કવિએ જ્યાં સુગ્યું ત્યાં હોયકલ્પતનું ઘણું ઉમેર્યું છે.

મૂળ ભાગવતમાં વર્ણવેલા ગજરાજના પ્રસંગે ગજરાજની પ્રાર્થના સાંભળીને વિષ્ણુ શસ્ત્રાસ્ત્ર સહિત ભક્તની વહારે દોડે છે એમ વર્ણવ્યું છે; જ્યારે પોદ્દના કૃત ભાગવતમાં ભક્તવત્સલ ભગવાનને શસ્ત્રાસ્ત્ર લીધા વિના એમ ને એમ પહેરેલે લગરે દોડતા વર્ણવ્યા છે. પોદ્દના તૈયાર થતું ભાષાંતર પોતાના ગુરુની મહાકવિ શ્રીનાથ પંડિતને બતાવ્યું. શ્રીનાથ પંડિતે આ ફેર જોઈને કહ્યું, 'તમે અહીં મૂળ ભાગવતને અનુસર્યા નથી એ ઠીક કર્યું નથી. અસ્ત્રશસ્ત્ર વગરના ભગવાન શું કરવાના?' પોદ્દના કહે, 'વાહ! હું વિચારી જોઈશ.'

પછી શ્રીનાથ પંડિત ઘરમાં જમવા ગયા. પોદ્દના બહાર ઓસરીમાં બેઠો હતો. અને શું સૂજ્યું તે શ્રીનાથ પંડિતનો દીકરો જે આંગણામાં રમતો હતો તેને કોઈ કામે બહાર મોકલ્યો અને ઘરઆંગણું આગળના કૂવામાં પત્થરની મોટી છાટ નાખી છાટ પડવાનો ધબાકો થતાં શ્રીનાથ પંડિત, પોતાનો છોકરો કૂવામાં પડ્યો જાણી ઊંઠે હાથે ખાતાંખાતો બહાર દોડી આવ્યા.

પોદ્દના કહે: 'કેમ પંડિતજી! આમ ઊંઠે હાથે?' પંડિતજીએ કહ્યું: 'તમારો બાલેજ રમતારમતાં કૂવામાં પડ્યો કે શું, એવી ફાળથી હું દોડતો આવ્યો.' પોદ્દના કહે: 'અરે ના, ના; આ તો પેલી પત્થરની છાટ ઠેસ વાગતી હતી તે મેં કૂવામાં નાખી... પણ જુઓ, તમે દીકરાને કૂવામાંથી કાઢવા કેવા ઊંઠે હાથે, ઝોંગને ઝોંગ આવ્યા? ન લાવ્યા ઠેસ કે ન દોરડું કે ન બિલાડી! એવું જ ભગવાનનું છે. છોકરાની લાગણી આટલી તમને કશું સાધન લેવાનું ન સૂઝ્યું તો ભક્તની લાગણી આવે ભક્તવત્સલ ભગવાનને તે કશું લેવાનું સૂઝે કે?'

શ્રીનાથ પંડિત ચૂપ થઈ ગયા.

(અંગ્રેજી ઉપરથી)—શિવમ્ સુંદરમ્

નવસારી

નવસારી દક્ષિણ ગુજરાતનું એક પુરાણું શહેર છે. પ્રાચીન કાળથી એ વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રમાં અગત્યનો ભાગ ભજવતું આવ્યું છે. છેક ઈશુ ખ્રિસ્તના જન્મ પહેલાં નવસારી હિંદના પશ્ચિમ કાંઠાના મશહૂર બંદર તરીકે ગ્રીક પ્રજાને જાણીતું હતું. ત્યારે નવસારીમાં હાયશાળનું કામ થતું અને ત્યાંનું ભારતા તો વિશ્વવિખ્યાત ગણાતું. વિદેશી વેપારીઓ પણ આ વખારે લેવા નવસારી આવતા. નવસારીનું માટીકામ, સુથારીકામ અને કામળાઉદ્યોગ પણ ત્યારે તેટલો જ જાણીતાં હતાં. પાસેનાં ગામોની બાઇઓ સુંદર જરીભરતનું કામ કરતી અને આજે ય કરે છે. એ શુભ દિવસોમાં નવસારી સાચે જ કળાના કેન્દ્ર અને ધનના સમું હતું. નિકાસ વ્યાપારનું પણ તે એક મુખ્ય બંદર હતું ઇતિહાસ જણાવે છે કે સૂરતમાં કોઠી નંખાઈ તે પહેલાંથી અંગ્રેજોનાં વહાણો ઈ સ ૧૬૧૨માં અહીં લંગારાતાં હતાં.

બારમી સદીમાં નવસારી જૈનધર્મનું કેન્દ્ર હતું. બૌદ્ધ વિહારની સારનાથ જેવી એક વિદ્યાપીઠ પણ એની નજીકમાં હતી. ૧૮મી સદીમાં નવસારીના દેસાઈઓએ શ્રીમંત પીલાજીરાવ ગાયકવાડની મદદ માગી. તેમણે સૌનંગદે હિંદુઓ જીતી ત્યાં રાજ્યગાદી સ્થાપી, અને ત્યારથી વડોદરાના ગાયકવાડની સત્તા હેઠળ નવસારી આવ્યું.

નવસારી એ હિંદનું સર્વપ્રથમ પારસી નગર છે. ઈ. ૧૮૦૦માં મુંબઈની સર્વપ્રથમ સુંદર ચોટીનો બાંધનારાઓ ખિલ્લીમોરા, નવસારી અને સૂરતના પારસીઓ હતા. અકબરના દરબારમાં સર્વ પ્રથમ જરથોસ્તી ધર્મ પર પ્રકાશ પાડનાર દસ્તુર મહેરજી રાણા નવસારીના હતા; સર્વ પ્રથમ સ્વરાજ્યનો મંત્ર દેશને આપનાર હિંદના દાદા દાદાભાઈ નવરોજી નવસારીના હતા; હિંદના મહાન ઉદ્યોગપતિ જમશેદજી નસરવાનજી તાતા પણ નવસારીના હતા.

નવસારીએ સર જગદીશ બોઝ જેવા કેળવણીના ક્ષેત્રમાં યશ મેળવનાર મહાન દાનવીરને પેદા કર્યા. એમણે જાતિ, ધર્મ કે રંગના ભેદભાવ સિવાય ૫૦ લાખ રૂપિયાથી વધુ દાન કર્યા છે. કાયદાના ક્ષેત્રમાં સર દીનશા મુલ્લાંએ નવસારીનું નામ હિંદભરમાં ઉજ્જ્વળ કર્યું છે. વર્તમાન સમયના મહાન ઉદ્યોગપતિ સર ઠાકોરદાસ પોદ્દારે ભાવિ પ્રજા માટે એક જબ્બર એન્જીનીઅરિંગ સંસ્થા માટે ત્રણ કરોડ રૂપિયા, ઉપરાંત બીજી સારી રકમ એ સંસ્થા અર્થે વધુ ખરીદવા આપી છે.

(સર અરદેશર મોતી)

ધૂળ થઈ ગયેલા પ્રોમાઇડ પેપર માટે

ફોટોગ્રાફિક પ્રોમાઇડ પેપર બહુ સમય પડી રહેવાને કારણે 'ફોગ' થઈ ગયો હોય તો તેને નીચેના પ્રયોગથી, વપરાશમાં લેવાય તેવો તાજા કાગળ જેવોજ બનાવી શકાશે એમ તેની કડક લાગણ ૫૦ ટકા ઘટી જશે નીચેના દ્રાવણમાં અંધારામાં 'બાથ' આપવો.

પોટેશ પોટેશિયમ પરમેંગનેટ, ૩૦ મિનિમ્સ સલ્ફ્યુરિક ઍસિડ અને ૪૮ ઔંસ પાણીના દ્રાવણમાં કાગળને એક મિનિટ સુધી સારી રીતે ફીંદ્યાને પછી ૨૦ મિનિમ્સ સોડિયમ સલ્ફાઇટ અને ૧ ઔંસ પાણીના દ્રાવણમાં ફરીથી એક મિનિટ સુધી રાખો. પછી ઈચ્છા હોય તો તરત જ તે કાગળને કપરોત્રમાં લઈ શકો છો, નહિતર પછી અંધારામાં સંપૂર્ણપણે સુકાવા દઈ 'પેક' કરી દો.

આ માસ(માર્ચ) ઈતિહાસમાં

તા. ૩ તુર્કસ્તાનમાં બિલ્શેવિઝમનો અંત આવ્યો, ૧૯૨૪.
તા. ૬ ઈટાલિયન કલાકાર માઈકલ ઍન્જેલોનો જન્મ ૧૪૭૫.
તા. ૯ ગાંધીજીએ અસહકારની ચળવળના પ્રથમ મંડાણ કર્યાં, ૧૯૨૦.
તા. ૧૨ રશિયન ક્રાંતિકારોની રશિયામાં સરઘાત, ૧૯૧૭; અને હિન્દી ક્રાંતિની મુખ્ય મીઠા-સત્યાગ્રહ ગાંધીની દાંડીકૂચ મહાત્મા ગાંધીજીએ અમદાવાદમાં શરૂ કરી, ૧૯૩૦.
તા. ૧૩ ગુજરાતના અગ્રણી સાહિત્યસેવક અને સમાજસુધારક સર રમણભાઈ નીલકંઠનો જન્મ, ૧૮૬૮.
તા. ૧૫ જુલિયસ સીઝરનું ખૂન, ઈ. સ. પૂર્વે ૪૪.
તા. ૧૮ લૉર્ડ આર્વિનને હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું. ૧૯૨૭
તા. ૨૧ પશ્ચિમીઓએ બગાડેલું 'પર્શિયા' નામ નાબૂદ કરીને પોતાનું રાષ્ટ્રીય નામ 'ઈરાન' ધારણ કરીને બે દરી બધા દેશોને આ નામ વાપરવાની તાકીદ કરી, ૧૯૩૫
તા. ૨૩ ધાડોર કાવતરા કેસના અંગે ભગતસિંહ વગેરેને ફાંસી, ૧૯૩૧
તા. ૨૯ અંગ્રેજોએ પંજાબ પ્રાંત આખો સર કરી લીધો, ૧૮૪૯.



આ માસની વ્યક્તિવિશેષ

માઇકેલઍન્જેલો

ઇટલીના સાંસ્કૃતિક પુનરુત્થાનકાળ (રીનેસાં)નો આ શિરોમણિ કલાકાર (ભવ્યનામી ચિત્રકાર, શિલ્પી, સ્થપતિ અને કવિ)નો જન્મ ફ્લૉરેન્સમાં કૂબેસી મુકામે, ૧૪૭૫ના માર્ચની ૬ઠ્ઠીએ થએલો. તેર વરસની વયે જ્યારે ત્યાં એ શીખવા ગયો તે કલાકારે દૂરંદેશ પળતળ જ કહ્યું કે આ છોકરો બધા કરતાં પણ વધુ ચમકે છે' તેના પહેલા જ શિલ્પે ફ્લૉરેન્સના વિખ્યાત નરેસ લૉરેન્ઝો દ મેદીસીનું ધ્યાન ખેંચ્યું અને તેને કલાકાર તરીકે રાજમહેલમાં જ કાયમ કરવા રાખ્યો. પણ ૧૪૯૨માં લૉરેન્ઝોના મરણ પછી એ ખોરોના થયો. ૧૪૯૬માં એક ભમરગુચ્છનો ભોગ થયો અને ત્યાંના મહાન સેંટ પીટર્સ દેવળમાં 'પાએટા'નું શિલ્પ સર્જ્યું ત્યારે તો 'ગિલ્ડ ઑફ આર્ટ્સ'ના બિરુદ સાથે વતન પાછો ફર્યો. અને આ વખતે આરસની એક રદ્દ ગણાએલી મોટી શિલામાંથી તેણે 'ડેવિડ'નું જે વિખ્યાત શિલ્પ કંડાર્યું તેનાથી તો એ દિગંતવ્યાપ્ત બની ગયો. ઈ. ૧૫૦૫માં જુલિયોએ તેને પોતાનું સ્મારક ચણવા રોમ તેડાવ્યો, પણ પૈસા બાબતમાં પોપે કાંઈક ગોલમાલ કરતાં તે પૈસે ભરાઈ વતન પાછો ફર્યો. ૧૫૦૮માં સમાધાન થતાં પાછો તે રોમ ગયો અને સેંટિકનમાંના પોપના આસન રેવળ સિસ્ટાઈન ચૅપલમાંના તેનાં અદ્ભુતરસતરબોળ કર્યાં. ૧૫૧૩માં ફ્લૉરેન્ઝો મેદીસી રાજકર્તાઓમાંથી કૂંસરી કુમારી રેવા બાકીનો પોતાનો તેમાં બાકીના વર્ષના આ કલાકારે પણ ત્રેપલાવ્યું, પણ એ સદીના પતન બાદ પોતાનું કાર્ય ફરી શરૂ કર્યું. ૧૫૩૪માં નવા પોપે તેની પાસે આગ્રહપૂર્વક તેનું ભવિષ્યવંતચિત્ર 'ઑલ્ટર-વૉલ' ચીતરાવ્યું અને ૧૫૪૭માં છઠ્ઠની વયે તેણે સ્તુતિપાત્ર સમાધિનું કામ પાર કરવા પોપે તેને રોગનું જંગી અને ભવ્યનામી રેવળ મૅદપીટર્સ પર કરવા માટેનો સ્થપતિ નીમ્યો. તેની કાવ્યકૃતિઓ પણ ઍપ્ત ઇટલિયન કાવ્યરત્નોમાં ગણના પામ્યા છે. ૮૯ વર્ષની પાકટ વયે ભવ્યની આ અદ્ભુત પ્રતિભાનું અવસાન થયું

નવાં પુસ્તકો

અમ.રો ગુર્જર દેશ ગુજરાતના નુદાનુદા કુદરતી વિભાગોમાંથી મુખ્ય પંદરા, એ પંદરાને અંગેના પંથો, શ્રેષ્ઠ પુરુષની ગણાતા આપણા ધરબાંધણાના સંયોગની આપણા જીવન ૧૫૨ થી ગમતા વગેરેને નુદીનુદી રસળતી શૈલીઓથી નિરૂપીને પુષ્કળ નકશાઓ અને ચિત્રો (૭૫ બાનાંમાં ૮૫ ચિત્રો) સાથે નંતી દક્ષિણ ભગોળનું સિરાજ આપતું પુસ્તક: લેખક વરધભાઈ લ. પટેલ અને બંબાશંકર ગ. ઠાકોર. પ્રકાશક—નોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ લિ., ૬ રાજેન્દ્ર બિલ્ડિંગ કાલબાદેવી રોડ, મુંબાઈ ૨ ૭-૧૦-૦; ધ્રુવ ઓરડું ૧૬૪૦ના ૨ પ્રોટેસ્તાનના પ્રરેપંદ ઝીલીને લખેલી નવલકથા: લેખક-પ્રકાશક કેશવલાલ, પ્રકાશક-અ દર્શ પુસ્તક ભંડાર, રાયખડ રોડ અમદાવાદ, ૨-૪ ૦; અહેનેસને રાજકુમારી અમૃતકોરના અંગ્રેજી 'ટુ વિમેન'ના અનુવાદ: અનુવાદક-હરીશભાઈ વૈદ્ય, પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૦-૬-૦; રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન (ગાંધી સુધારેલી આવૃત્તિ): લેખક-મોહનદાસ કરમચંદ ગાંધી: પ્રકાશક-નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૦-૬-૦; દીનબંધુ ચરિત્રમાં એન્ડ્રુઝ પણ હિંદને માતૃભૂમિતુલ્ય ગણીને તેણે એ ભૂમિને અનેકવિધ સેવાઓ આપવામાં તથા હિંદીઓને ન્યાય અપાવવા માટેના વિવિધ મુદ્દાઓમાં પોતાનું જીવન અર્પણ કરેલું તે રજૂ કરી. ઑ ઍન્ડ્રુઝનું ચરિત્ર. હિંદી ઉપરથી અનુવાદક-રસુલભાઈ ન. પટેલ. પ્રકાશક-પુસ્તકાલય સ. ગેટવ લિ., પટોદરા, ૨-૦-૦; પરિતાસ: રસ નવલરામ જ ત્રિવેદીના વિનોદાત્મક લેખોનો સંગ્રહ. સંપાદક-પ્રકાશક-રતિલાલ શાહ, યુનિયન કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ ૨, ૨ ૮-૦; કુમારકથાઓ: રમણલાલ શોનીની કુમાર અને કિશોરકથાઓનો સંગ્રહ,—એન. એમ. કંપની કે પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ ૨, ૩-૦-૦;

ભારતી સાહિત્ય સંઘનાં પ્રકાશનો

શરીરજ્ઞતા: 'ધ મન ઈઝ ડાઉન' નામની હાર્ટફિલ્ડની વિખ્યાત કથાનો અનુવાદ, અનુવાદક-જયંતકુમાર મ. ભટ્ટ, ૨-૦ ૦; સાપના ભારા: શ્રીકાંતકાર નેપાળી નાટિકાઓના સંગ્રહની બીજી આવૃત્તિ, ૨ ૦ ૦; પરાગ અને બીજી વાતો: પૌરાણિક અને પ્રાકૃતિક વાર્તાઓનો સંગ્રહ, લેખક-સ્વ. દક્ષાયન ગોવિંદ, ૨ ૮ ૦; સાહિત્ય અને પ્રગતિ: (ભંગ બીજો) કાકાસાહેબ કાલેલકર, મુનશી, ઉમાશંકર જોશી, રમણલાલ સોની, ચંદ્રશંકર અને અન્યોના ભાષણોનો સંગ્રહ. ક ૦-૦; પ્રભુ પધાર્યા: શ્રી પ્રેમચંદ મેઘાણીના બંગાળી પુસ્તકની બીજી આવૃત્તિ, ૨ ૮ ૦; દાસ કિસ્સાનો મુકદમો: દિલના સ્વાતંત્ર્ય ખાતર ગુલામીની બધી જ તકાદીઓની સામે, ૧-૮-૦; ગીતાહૃદય: ગાંધી મુકુટના પુષ્પો પરથી અનુવાદક નરહરિભાઈ પા. પરીખ, ૧ ૪-૦; રમ છે ખોરોઢ: લેખક-પ્રેમચંદ મેઘાણી, ૩-૦-૦; સંત દેવીદાસ: પ્રૌઢ શિક્ષણની પ્રવૃત્તિને પોષક બનાવવાના હેતુથી ભજવાર નાટકમાં આવેલી કરામત મેળવવાનો પહેલો પ્રયત્ન, લેખક-પ્રેમચંદ મેઘાણી, ૧-૦ ૦; દરિયાનો છેલ્લો પ્રવાસ અને કુદરતી આફતો: નિમ્નો પ્રકાશનની ત્રિદિનની પ્રતીતિ કરાવતું પુસ્તક: લેખક-મણિલાલ દ્વ, ૨-૮ ૦; ઉપ્ર દેશોમાં નિમ્નગો પ્રચાર નિમ્નગો પ્રચારનું બીજું પુસ્તક લેખક-રમણલાલ ૨ સોનીજી ૨ ૦ ૦; આદેશ જરૂરી પ્રચાર કામ ૨૮ ઉપરના બધા વિખ્યાત પુસ્તકોનું અનુવાદ-અનુવાદ મળવાનું ૨-૦૬ ૨-૦.

તાગ વગરનાં નીર, ગંભીરાં, ના છીછરાં
હોય ન હૈયે હીર તો ઊંચુંય બહુ ઊછળે.

—કવિ ન્હાનાલાલ

> "તમે ઇચ્છો છો એવા બીજા નથી બનતા તેથી ગુસ્સે નથી થતા. તમે પોતેજ, તમે ધારો છો એવા કયાં થઈ શકો છો?
>
> —ઇમર્સન ને ઉપદેશ

બે શ્રીમંત પટેલ વચ્ચે તીવ્ર ઈર્ષા ચાલ્યા કરે. એમાં એકે પોતાનું મકાન ચણતાં ઈરાદા પૂર્વક બીજાની જમીન દબાવી ને એ પ્રશ્નનો ઝઘડો કુસ્ત બન્યો કે ગામલોક વચ્ચે પડ્યું. અંતે બીજા પટેલે કહ્યું કે જમીન દબાવનાર ભાને અમે નેચા છે પણ નેનો છોકરો બાજો પ્રામાણિક ને ન્યાયી છે. એ જે ન્યાય કરે તે હું મંજૂર રાખીશ. વડેલા પટેલે પોતાના છોકરાને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા; પરંતુ નેણે તો બાપા મુદ્દા તપાસી પોતાના પિતાનો દોષ જણાતાં તેની વિરુદ્ધમાં જ ચુકાદો આપ્યો. આ બની બનેલી વાત છે

કહેવતોના અર્થઃ 'ઘર ઘરેણાં, કન્યા ઘરેણાં, પણ ગોરનું તરભાણું ભરો.' આ કહેવતનો અર્થ એવા વિસાડાય છે કે પરણનાર બેઉનાં વચ્ચે સહયોગ ન હોવા છતાં અને સ્નેહ થાય તો એમાંથી એકના જનને તેવો સ્નેહ જાગતું હોવા છતાં બાહ્ય પોતાની દક્ષિણાનો ત્યાગ અને ઓટલી મતલબથી જ કોઈ બ્રાહ્મણ ખોટો વેષ ભેઈ આવે, તેવા, ઘણા લોકો પોતાની મતલબ સરતી હોય તો બીજાનું ગમે તેવું ગંભીર નુકસાન થાય ને પ્રત્યે પણ ઉપરછા રહે છે. એમ પોતે મનાય છે કે આ કહેવતમાં 'ભરો' શબ્દ છે તે અશુદ્ધ છે અને નેને બદલે 'ઘર ચરો, કન્યા ચરો ... (ચરો=ચરણો એ અર્થમાં) એમ જોઈએ. એને બળતી બીજી કહેવતોઃ 'દોઢડનું ઘર સળગે તો આપણે તાપવા થાય'; 'બિયાંની દાઢી બળે-ને દાઢીને અજવાળું થાય;' વગેરે.

અઘરા શબ્દ: પીંજણ=રૂ કે ઊન વગેરે પીંજવાનું સાધન; પીંજવાની ક્રિયા કરનારો નેઃ વાતને નકામી લંબાવવી અથવા ચૂંથવી નેઃ પગનું એક ઘરેણું; પીંજણી=પૈડા ફરવાનું દાકણુ-પંખો.

ગણિત ગમ્મત: ૩૨૬૭ એ એવી ચાર અંકી સંખ્યા છે કે એને એના છેલ્લા અંક વડે ગુણીને પહેલા અંક વડે ભાગવાથી સંખ્યાના આંકડા ફલટાઈને ૭૨૬૩ આવી જશે! —(મ. ના. ભટ્ટ)

બાળકના નખ કાતરથી કાપવા નેને બાળકોમાં ભાંગું સુવાડવાથી નખ છોડીને તેની આંખમાં નહિ પડે, અને નેનો બીજો હાથ પણ તે વચ્ચે નાખીને ઝટપણ નહિ કરી શકે.

બધા એકમાં બંધબેસતા હોવા પછી કરાનના ખાનાદાર વંશની કોઈ રાણીએ પણ અદ્દી આવી ચટ્ટી પદ્ધતિમ હિંદમાં જણાવટ કરી હશે એમ લાગે છે. કેમકે ઈરાની સિક્કાઓની અસરવાળા અને નાગરી તથા વદેવની લિપિ નાણા દેખાડે સિક્કાઓ ઘણી આવ્યા છે, જેમાં કલાદૃષ્ટિએ સારો ગણાય એવો 'નપથી ગલિક'ના નામવાળો રૂપાનો સિક્કો ઉપર આપ્યો છે. તેમાં એક બાજુએ પાંખોવાળું સિંહમુખ પક્ષીરૂપે રાજાનું ચિત્ર છે જેને મથાળે વાદળાં મુખ છે; અને પાછલી લિપિમાં 'નપથી ગલિક' લખેલું છે બીજી બાજુએ યજ્ઞ-વેદી તથા પરિચારકો ઊભેલા છે, જેના દરેકના માથા પર ચક્ર છે

માણસના શરીરના કુલ વજનના ૬૦ ટકા જેટલું તો પાણી જ હોય છે, પરંતુ તેનું પ્રમાણ સઘળાં અંગોના એકસરખું નથી હોતું. આખામાં ૯૮ ૭ ટકા. ફેફસાંમા ૭૯ ટકા, રક્તાશયમાં ૭૯ ૫. કોહીમાં ૮૪, મગજમાં ૬૯ તથા હાડકામાં રપથી ૫૦ ટકા.

દૂધ ગરમ કરી ઠારેલા વાસણમા પાણી ઠાકાળીને તે પાણી વડે આયરન વગેરેના ઢાંકણ સાફ કરવાથી ચકચકતો પૉલિશ આવશે.

દુનિયામાં ઊંચામાં ઊંચા વાંસ બોર્નિયો અને મલાયાનાં જંગલોમાં થાય છે-આશરે ૧૦૦ ફૂટ! આજ સુધી દુનિયામાં જોવા માં આવેલો વાંસ ૧૪૦ ફૂટનો ઊંચેરો બોધાયો છે અને તે પણ બોર્નિયોનો જંગલમાં જ બનેલો હતો. વાંસ એ 'ઘાસ'નો એક પ્રકાર ગણાય છે અને ને એટલી ઝડપથી ઊંચો છટ્ટ આપણે તેની ઝડપાની ક્રિયા પણ જોઈ શકીએ એમ કહેવાય છે.



દૃષ્ટિભ્રમની ગમ્મતઃ બાજુના ચિત્રમાં ડાબી બાજુએ બે ઇંટોના ચોરસ થાંભલો ને તેને અડીને જમણી તરફ દીવાલ ચણી લીધી હોય ને એ દીવાલવાળા બાળામાં જમીનનો ખાંચો પડતો હોય એમ જોઈ શકાશે; જ્યારે બીજા દૃષ્ટિભ્રમથી એ જ રીતનો થાંભલો ડાબી બાજુ અને તેના પડખામાં આવેલો બાકોરા જુદા જ દૃષ્ટિકોણથી દેખાશે. ચિત્રને ઉલટાવવાથી તરત એ ખ્યાલ આવશે.

અમેરિકાના એક માણસે પોતાનો છોકરો ઝાડને ચશ્માની શકે એવો આ ચઢવાનો અનોખો છે. વચ્ચેના થાંભલા માં લાંબી સાઇકલ જેવું પેડલનું રહી અરિંગ બીજા ગીઅરથી જોડી દીધું છે, જે ઢાળું કે જમીન ફેરવવાથી ને ફિરાકમાં છોકરો પોતાની ઇચ્છા મુજબ ચઢવાનો અટકાવી શકે. ઘરનો કે પડોશનો બીજો છોકરો પણ તેની પાછળ પર ઊભો રહીને સાથે મોજ માણી શકે.

ધોકા મારવાથી કપડાંને થતું નુકશાન આ રીતે ધોતાં અટકે છે



1 ચાલુ, બજારુ, સાંધામાંથી ફાટી જવું...ત્યારે કપડાને ધોઈ ધોઈને ધોકા મારવાની જૂની પદ્ધતિથી ધોવાય છે ત્યારે તેમને આવું બધું બીનજરૂરી (અને ખર્ચાળ) નુકશાન હંમેશાં પહોંચે છે.

2 3 4

આ નંબર કરેલાં ચિત્રો જુઓ. તેઓ બતાવે છે કે કપડાને નુકશાન પહોંચાડ્યા વિના કેવી રીતે ધોવા જોઈએ.

(૧) - ધોવાનું વસ્ત્ર પૂરેપૂરું ભિંજવો—તમે નળ નીચે, ટબમાં, તગારામાં કે ડોલમાં ભિંજવો તેથી કંઈ ફેર પડતો નથી. (૨) જ્યારે તમે વસ્ત્ર બધું પલાળ્યું હોય ત્યારે સનલાઇટ સાબુ તેના બધા ભાગોમાં લગાડો (મેલા ભાગોમાં સનલાઇટ વધારે પ્રમાણમાં મસળો). (૩) સાબુ લગાડેલા વસ્ત્રને ધીમેથી પણ સારી રીતે મસળો. ધોકા મારવાં નહિ. સહેજ ગુંદો (તમે રોટલીનો કણેક ગુંદો છો તે રીતે). કપડાના અણુએ અણુમાંથી સાબુવાળુ ફીણ બહાર કાઢી નાખો. કપડાને બાર દાને મસળવાની જરૂર નથી, અથવા તો તેના પર જોર કરવાની જરૂર નથી. જો તમે સારી રીતે-મસળી ખાત્રી કરશો કે સનલાઇટનું આખ મેળે કામ કરવું ફીણ મેલ સુધી પહોંચે છે તો એ ફીણ ધોરિયા બધો મેલ દૂર કરશે. આ ચળકતા ફીણમાં રહેલો "જીવંત" સાબુ જેવો મેલને અડે છે તેવો સજાગ તરતજ તેને ઘૂંટો પાડે છે—કપડામાંથી મેલને બહાર કાઢે છે અને ફીણ સાથે એવો ભેળવી દે છે કે જ્યારે તમે કપડાને ફીણમુક્ત કરી નીચોવો છો ત્યારે તમે તેને મેલમુક્ત કરી નીચોવો છો. (૪) જેમાં હવે મેલ રહેતો છે તે ફીણ કાઢી નાખવા વસ્ત્રને નીચોવો. સનલાઇટની આ નવ રીતની ધોવામાં કપડાં બહુજ લાંબા સમય સુધી ચાલે છે.

સનલાઇટ સાબુ કપડાં બચાવે છે



વિદ્યાર્થીઓ, વેપારીઓ, વકીલો, વિદ્વાનો વગેરે મગજનું કામ કરનારાઓ માટે ખાસ

ઝંડુનું પૌષ્ટિક ચાટણ કેસરીજીવન

નાનાં-મોટાં, માંદાં-સાજાં, નબળાં-સબળાં, સ્ત્રી-પુરુષ, સૌકોઇ એનું સેવન કરી શકે છે

મહારસાયન

સ્વર્ણભસ્મ, અભ્રક, કેસર, કસ્તુરી અને બીજાં દીપન, રસાયન ને પૌષ્ટિક ઔષધ મેળવી લીલાં રસદાર આંબળાંમાંથી બનાવેલું. સુશોભિત સુવાસિત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ચાટણ

તેનું નિયમિત સેવન

લાંબું આયુષ્ય તથા સારી સ્મરણશક્તિ આપી શરીરમાં બળ, તેજ ને ચેતન પૂરે છે

કિંમત
૦।. રતલના બૉટલનો રૂ. ૧॥
૦॥ „ „ રૂ. ૨॥॥
૧ „ „ રૂ ૫

કારખાનું: સયાનીરોડ મુંબાદેવી–૧૪

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કર્સ લિ.

અમદાવાદના એજન્ટ · ભોગીલાલ બ્રધર્સ · ગાંધીરોડ

દુકાન: જૂની મંદાજનવાડી મુંબાઈ–૨.

સુધા-સિન્ધુ

કોલેરા, સંગ્રહણી, ચુંક, આંકડી, ઉલટી, ઝાડા, કફ, ખાંસી અને પેટના દરદો માટે અકસીર છે

★

દરેક જગ્યાએ વેચાય છે

રૂબી જનરલ

વિમા જગતમાં મેળવેલી અનુપમ સિદ્ધિ

૧૯૪૫માં લાઇફ ડીપાર્ટમેન્ટે

૨,૨૫,૦૦,૦૦૦

બે કરોડ પચીસ લાખનું

નવું કામકાજ લખી—જનતાના અપૂર્વ વિશ્વાસની ખાત્રી આપી છે.

સંપૂર્ણ સ્વદેશી લોકપ્રિય વિમા કંપની

રૂબી જનરલ ઇન્સ્યુરન્સ કું. લિ.

જીંદગી, આગ, દરીયાઈ, મોટર, અકસ્માત, ચોરી, લુંટફાટ, દેશી વહાણવટું ને કામદારોના બદલાનું કામકાજ લખવામાં આવે છે.

અમદાવાદ શાખા
જયંતીલાલ ગી શાહ
બ્રાંચ મેનેજર (જનરલ)
બદ્રુ • સાઈન • અમદાવાદ

મેસર્સ પી. ચંદુલાલ એન્ડ કું.
ઈન્સ્યોરન્સ બ્રોકર્સ • લાઇફ ડીપાર્ટમેન્ટ
નાગરવાડા બિલ્ડીંગ • ગાંધી રોડ
અમદાવાદ

વડોદરા શાખા
શ્રી કે. ટી. પટેલ
રાવપુરા • વડોદરા

ચેરમેન : શ્રી બી. એમ. બીરલા
હેડ ઓફીસ : કલકત્તા

શ્રી બી. કે. સેતલવાડ
જનરલ મેનેજર
ઇનચાર્જ ઓફીસ ડીરેક્શન
ઈમ્પીરીયલ બેંક, એનેક્ષ બિલ્ડીંગ
ફોર્ટ • મુંબઈ

ટે. નં. ૨૦૫૧૦ : ૨૧૯૨૬
ટેલીગ્રામ્સ
RUBINSURE

સુરત શાખા
શ્રી. બી. એમ. દેશમવાળા
બ્રાંચ મેનેજર
કંપની • સુરત

મે. એમ. જી. પટેલ એન્ડ કું.
રેવેન્યુ એજન્ટ
ન્યુ શ્રીજી. બાગ સામે • વડોદરા

શ્રી કુલાભાઈ ઝવેરભાઈ પટેલ
બોરસદ ખાડી • સ્ટેશન સામે
નડીઆદ
ઈન્સ્પેક્ટર ઓફ બ્રાન્ચીસ (લાઈફ)
ખેડા જીલ્લા અને બંબાત રૂટ

ત્રીજું વિશ્વયુદ્ધ જાગે છે?

રાજનગરની રળિયામણી જનતાની

કોના અને કાકે

માં જામનારી મધુરી મહેફિલ?

ભાવોમાં થનારો ૫૦ ટકાનો જંગી ઘટાડો

અમદાવાદની જનતામાં બેહદ પસંદગી પામેલી અને સ્વાદ શોખીનોની જીભ ઉપર મશહુર બની ચુકેલી અમારી વાનગીઓની મધુરી મહેફિલ અમદાવાદને આપવા માટે ટુંક દિવસોમાં અમારી દરેકે દરેક વાનગીઓમાં ૫૦ ટકાનો ધરખમ ઘટાડો જાહેર કરવાની ઉમેદ રાખીએ છીએ.

અમારા ચાહકોને આ તારીખની રાહ જોતા રહેવા વિનતિ છે.

રાજનગરનાં મધુર નામ

કોના અને કાકે

૧ બટાકાવડા	૮ પાતળભાજી
૨ પેટીસ	૯ અમીરી ખમણ
૩ કચોરી	પાત્રા
૪ કટલેસ	૧૦ કાતરી-વેફર્સ
૫ કબાબ	૧૧ કોનાવડા
૬ સમોસા	૧૨ કાકેવડા
૭ ઉસળભાજી	૧૨ સ્પે. ભજીયાં

કો ના રેસ્ટોરાં

ક્વોલીટીની શ્રેષ્ઠતા જાળવીને

ઘટાડેલા ભાવો

ચાહ	૦-૦-૬
કોફી	૦-૧-૦
ફરસાણ ડીશ ૧ના	૦-૦-૬
સ્પે. ફરસાણના	૦-૧-૦

કારંજ સામે · ભદ્ર

અને

વાડીલાલ કાકે સંચાલિત

ત્રણ દરવાજા · અમદાવાદ

ઇટાલિયનની કલા વિષે 'કુમાર'માં આગાઉ (અંક ૨૪૦ તથા ૨૬૪ માં) વિસ્તૃત સમજણ આપી ગઇ છે. યુરોપમાં અત્યંત મૂલ્યવાની ગણાતી આ કળામાં કે ગોડા હિંદી કલાકારો પારંગત છે તેમાં શ્રી અબ્દુરરહમાન ચુઘતાઈ આગળ પડતા છે. આરીક્ષ્ણના અલૌકિક ચિત્રની દેખાઓ, બાકી જગ્યાઓને સમતોલ કરતું જે પ્રમાણબદ્ધ ચિત્રાંકન કરે છે અને તેમાં ચેહરા અને હાથપગની જે લાગણીઓ વ્યક્ત કરે છે તેના વિશિષ્ટ નમૂનારૂપ આલેખન અહીં રજૂ કર્યું છે.

દુનિયાનાં પાપ સારૂ સ્વયં ક્રુસાવનાર સત્યને-ઈશુને-પાપીએ ક્રીઓએ જંદી બનાવેલ છે અને તના ઉપર રોમના ભાલા અને ૨.રનો વરસાદ વરસાવ્યો છે પણ શ્રદ્ધાવાન ભક્તો, ક્રાંતિથી નાસેલી આવની પેઢીનો કદર્થ ભોગ રહી છે.... અને ભક્તોના આ રીબામણી ભૂંગી નિરાશાથી ભેદ રહેલા લાચાર લોકસમાજની વચ્ચેથી નિર્દોષ તેજની આબોહવાઓ બાળક બહાર નરી આવે છે.

આ ચારેતિક ચોમચિત્રમાં ભક્તોના પ્રતીક રૂપ, ભેટીમા નાખ્યો કે બીજા બીજા સતપુરુષ આલેખ્યો છે તેની મોટી વસ્ત આંખો, ભેદનાગ્રસ્તિત કપાળ ને નિસાણ ખાબા યુગના પાપભાર ને દારૂણ યાતનાઓ નીચે નમી પડેલાં છે, છતા, તેની પાસ્ત્રજથી કૂટી બાહતા બાજકના ચહેરામા આગામી અંત બાવિ ચમકી રહ્યું છે

ચરિત્રસંતની બાલસહજ પ્રકાશનું કે આલાવતુંય આલેખેલુ છે તે પાચક ને ચમત્કૃતિનું સુચક નો છે જ, પરંતુ તે કરતાં તેની અત્યંત નિકટવર્તી અને બારીક દેખાઓ કે ચોકમાઈપૂર્વકની મક્કમ અને ઓજસભારી રેખાથી આલેખેલી બે ને તેમનો ચક્રમ પરનો અદ્‌ભુત માનુ રંગ આ કળા તરફ તેમનું પક્ષપાત ગાબિત કરે છે. (ગીર બાબેદી)



KUMAR Reg. B. 1808

ચિત્ર : (અન્નપૂર્ણા ચોમાણી)
હરાજીમાં ગયેલું ઈનામ છબનરચિત

સંસ્થાપક રવિશંકર ગવાગ-નંદી ગયુભાઈ

ચોરીનાં દહેરાં

ચિત્રકાર: રસિકભાઈ પરીખ

કોના

કારંજ-સામે · ભદ્ર

અમદાવાદની જનતાને

અભિનંદન

અમદાવાદના કદરદાન નગરજનો, શહેરગાંથી, સોસાયટી ને પરાંમાંથી અગારા 'કોકે' અને 'કોના'માં પોતાનાં દિલ અને દિમાગને તાજગી આપવા કુત્તમ પ્રકારના ઠંડા પીણાં અને છબને ચટક લગાડે તેવી વાનગીઓ આસ્વાદવા રોજ ને રોજ આવે જ જાય છે તેમને

અમારા અભિનંદન

રસમય વાનગીઓ

- પેટીસ • કચોરી
- સમોસા • દહીંવડા
- સ્પે. સબજી • કટલેસ
- કચાળ • સ્પે. ભાજી

તાજગી આપતા

ઠંડા પીણા

- ફ્રુટકરીસ • ઓરેંજકરા
- લેમનકેરા • રાસબરી
- ચોકો • પાઇનેપલ જ્યુસ

ફાલસા ડ્રીંકસ

કોકે

ત્રણ દરવાજા

ઓફીસ-ફર્નિચરમેન્ટ

સ્ટેશનરી અને કાગળી માટે

ડી. શાહ

એન્ડ સન્સ

એસ્પ્લેનેડ બીલ્ડીંગ, ગાંધીરોડ

અમદાવાદ



ચિત્રો

નિશાન	અન્વરઅલી હેમાણી	પૃ. ૬
રેતીનાં દહેરાં	રસિકલાલ પરીખ	મુખચિત્ર
ખાંતીના સ્થાપત્યનો નમૂનો	અમૃતલાલ વ. પંડ્યા	પાછલા પૃષ્ઠમાં
આઝાદ હિંદ ફૌજની હિકિટો	હરિલાલ બેકર	,, ,,
આગગાડીવન	હીરાલાલ ભટ્ટ	,, ,,
કેળવણી કાર્ટૂન		,, ,,

કાવ્યો

મુમતાઝ	ઉમાશંકર જોષી	૮૫
અગ મહિમા	કરાનગૂ	૮૬

ચરિત્ર

મૂળશંકર હરિનંદ મૂળાણી		૮૬

વાર્તા

વિષ પીયુષ	કાલિદાસ જાદવ	૬૧
ભૈસુરની નરમક્ષી ચામણ	વિજયગુપ્ત મૌર્ય	૬૨

લેખો

પ્રવાસ ડાયરી	રવિશંકર રાવળ	૮૬
રવીન્દ્રનાથના કેટલાક પત્રો	રમણિક મેઘાણી	૬૫
ચિંગળ-પરિચય	કેળવણીકાર કા. શાસ્ત્રી	૬૭
રસદર્શન-૨૪	હરિપ્રસાદ મ. દેસાઈ	૧૦૨

વિભાગો તથા પ્રકીર્ણ

આપણી ગરીબાઇ (ચિત્રજ્ઞાન)		૮૪
Our Friends Abroad (પરદેશી મિત્રોના પત્રો)		૬૪
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ	શીલાબા ભટ્ટ	૧૦૧
કસોટી		૧૦૩
માધુકરી		૧૦૧
આ માંસનું પંખી (કાવ્ય)		૧૦૧
આ માસ ઇતિહાસમાં		૧૦૮
છેલ્લું પાનું		૧૦૬

ગ્રાહકોને

કોઈ આકસ્મિક કારણે એક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. ઑફિસે તે અરસામાં અંક ન મળે તો તરત ઑફિસ આકવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને પૂરા તકેદારીપૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં આકસ્માતે ગુમ થયેલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાને આપે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થયેલા કોઈ પણ અંકો બરાબર કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ ફૂપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મૂકુંદ અને પ્રકાશક : અમુભાઈ પોપટભાઈ સારાભાઈ, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૮ રાયપુર અમદાવાદ. ન્યૂ ઇંડિયા સબસ્ક્રિપ્શન રા.રા.; પારસમણિ રા.રા. ૮-૦ અથવા ૧૨ રિ. ઇંગ્લિશ, છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કોઈ કુમારમાં અંકો અપ્રાપ્ય છે તે તારીખની કિ ૧-૪-૦.

જાહેર જાહેરાતના સોલ એજન્ટ : ઈસ્ટર્ન ઍડવર્ટાઈઝિંગ એજન્સિઝ લિ. પૂના, મદ્રાસ, બિલિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબઈ-૧; અમદાવાદમાં મોટેલ ટોકીઝ સામે, ગાંધીરોડ.

કુમારમાંનાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કોપીરાઈટથી રક્ષિત

ચમકતા દાંત !

તે તમારા હાસ્યની શોભા ક્યાં સુધી વધારશે ?

દાંતના પારાના કેવાટથી તમારા હાસ્યની રમણીયતાને ભયમાં મૂકતા નહિ. તાજગી આપનાર એસ. આર. ટુથપેસ્ટથી* નિરંતર તમારા કીમતી દાંત સાફ કરતાં નીરોગી પારામાં સફેદ અને મજબૂત તે રાખશે.

*દાંતના પારાની પીડા માટે ઉત્તમ વરસતુ સારવાર નરાકે દાંતના ડૉક્ટરોમાં મજબૂતી સોલિઅમ રોસરોબાઈનેટ તેમાં છે.

CSR. 21-30 GJ

D. & W. GIBBS LIMITED, LONDON, ENGLAND

ફિલ્મ નટીઓની જેમ તમારી ચામડીની સંભાળ લો!

રમોલા

રમોલા કહે છે કે તેની ચામડીની સંભાળ તેણે સૌ પ્રથમ કર્તવ્ય છે. તે નિયમીત પણે લક્સ ટૉયલેટ સાબુ વાપરીને તેની ચામડી અદ્ભુત રીતે સ્વચ્છ અને મુંવાળી રાખે છે. "સૌન્દર્ય મૃગજરનો આ ખરો સારો પ્રયોગ છે," એમ તે અનુભવે છે; અને આની પૂર્ણ ખાને છે કે આ શુધ્ધ, ખુશબોદાર સાબુ ગુલાબ કરતાં પણ વધુ રમણીની ચામડીને મુલાયમ, મુંવાળી અને નિર્મળ રાખે છે.

લક્સ ટૉયલેટ સાબુ

LEVER BROTHERS (INDIA) LIMITED

લોહી શુદ્ધિ માટે

શ્રેષ્ઠ ઇલાજ આ રહ્યો

જ્યારે સારીણાદી સાર્સા એ એમ ચોક્કસપણે પુરવાર કર્યું છે કે ગરમી, પ્રમેહ, પ્રદર, વા, સંધીવા, નબળા, ખીલ, પાકાં, ખરજવું, ચામડીનાં દર્દો, મેલેરીઆ અથવા લોહીનું દબાણ સંપૂર્ણપણે સારાં થઈ શકે છે, તો પછી એરોગ્ય થી શા માટે પીડાવ છો ?

સારીણાદી સાર્સા લોહીમાંથી સઘળાં જંતુઓ અને ઝેરો બહાર કાઢે છે આંતરડાં સાફ કરે છે. પિત્તાશયને બરાબર સાફ કરે છે. પિત્તાશયને બરાબર કામ કરતું બનાવે છે અને લોહીની ઉત્પત્તિને ઉત્તેજે છે. એ અસાધારણ લોહીવર્ધક ગુણ ધરાવતી વજ્રાન્દિક બનાવટ છે.





અધ્યક્ષ ડૉ. નગેશચંદ્ર ઘોષ એમ. એ. આયુર્વેદશાસ્ત્રી એફ. સી. એસ. (અમેરીકા) ભાગલપુર કોલેજના રસાયણ શાસ્ત્રના ભાજી પ્રોફેસર.

મફત પ્રીસ્ક્રીપ્શન માટે વિગતો સાથે લખો :

શુદ્ધ અને અસલ આયુર્વેદ દવાઓ બનાવનાર

શીશી ઉપર સાધના ઔષધાલય વાંચીને જ અમારી દવા ખરીદશો.

સા ધ ના ઔ ષ ધા લ ય—ઠો કા

દુનિયામાં મોટામાં મોટું આયુર્વેદિક કારખાનું

– શાખાઓ અને એજન્સીઓ હિંદભરમાં અને પરદેશોમાં

ટેલિફોન નં. ૨૨૦૪૮ · ૨૨૦૪૯

ટેલીગ્રામ : STANGENAL

સ્ટાન્ડર્ડ જનરલ
એશ્યોરન્સ કુંપની લીમીટેડ

હેડ ઑફિસ : કલકત્તા

થાપણ

સત્તાવાર થાપણ	૫૦ લાખ
બહાર પાડેલી	૧૬ લાખ
ભરપાઈ થયેલી	૮ લાખ

રીઝર્વ ફંડ

આગ	બે લાખ
દરિયાઇ	એક લાખ
અકસ્માત	એક લાખ

જનરલ મેનેજર : મી. યુ. એન. ચેટરજી · કલકત્તા

ડાયરેકટરોનું બોર્ડ

જોકુલચંદ મોરારકા (મેસર્સ મોરારકા એન્ડ કું.)
કે. પી. ગોએન્કા, એરકવાયર, (મેસર્સ રામદત્ત રામકીશ)
આર. પી. રાજકુમાર સીંગ કેસલીવાલ, એમ.એ એલએલ.બી.
એમ. એ. કરિપદાની, એરકવાયર (મેસર્સ એમ. એ. કરિપદાની લિ.)

ચેરમેન : સર બદ્રીદાસ ગોએન્કા, નાઈટ, સી. આઈ. ઈ.

ફાયર, મરીન, મોટર અકસ્માત, ચોરી ને ફ્રામદારોના બદલાના વીમા લખવામાં આવે છે.

વધુ વિગત માટે લખો યા મળો :

જે. પી. સુતરીયા · બ્રાન્ચ મેનેજર
ખાડીયા · ૧૨ રસ્તા · અમદાવાદ
ટે. ન. ૨૨૬૮

★

કે. જી. મરચન્ટ · બ્રાન્ચ મેનેજર
૪૫-૪૭ · એપોલો સ્ટ્રીટ · ફોર્ટ
મુંબઈ

કુટુંબમાં સૌન્દર્ય જાળવી રાખે છે

મા કહેછે "મારી મા તમે જેની તેના ચિત્રમાં જુઓછો તેટલીજ સુંદર હતી. પણ તેની ચામડી કેટલી સુંવાળી અને રમણીય હતી તે કોઈપણ ચિત્ર બતાવી નહિ શકે." આજે પોતાની ચામડી અદ્‌ભૂત લાવણી રાખી છે, અને તે ઇચ્છે છે કે તેની દીકરીએ પણ તેની ચામડી તેવી સોહામણી રાખવી જોઇએ. તેણે તેની પુત્રીને સંભાળપૂર્વક કૌટુંબિક રહસ્ય શીખવ્યું છે—તે પીઅર્સ સાબુ અને ચોખ્ખું પાણી છે. આ રીતે પિતામણ કુટુંબમાં પેઢી દર પેઢી સુધી સૌન્દર્ય જળવાઇ રાખશે.

ચાલીસ વર્ષ પર્યંત કરોડપતિઓનો પીઅર્સ સાબુ માનીતો રહ્યો છે. તેની કુદરતી સુગંધ અને સુંવાળા રેશમ શા ફીણને લઇને બીજા સામાન્ય સાબુ કરતાં આ સાબુ વધારે જુદોજ તરી આવે છે.

પીઅર્સ સાબુ

સૌન્દર્યનો સાથી

T.U. 49 172 GJ

A. & F. PEARS, ISLEWORTH, ENGLAND

મુમતાઝ

· પૃથ્વી ·

મુખે દિવસરાત એક તુજ નામ, મુમતાઝ હે!
હવે મગજમાં ન યાદ પણ કાંઇ બીજી રહે.
જુવાની ગઇ કયારની ય, વસમા બુઢાપા ઢળ્યા;
હતાં સ્વજન, એક એક કરતાં બધાં યે પળ્યાં;
ન તખ્ત રહ્યું, બાદશાહ અહીં બંદિખાને પડ્યો.
મને ફકત આશરો તુજનું નામ. સ્વપ્ને મઢ્યો
પણે દિવસરાત તાજ મુજ દોસ્ત ધીરે કહેઃ
'અહીં તુજનું સર્વ!' સત્ય મુમતાઝ, મુમતાઝ હે!

અહો, મુજનું સર્વ તું હતી, હતી જ દિલખેલતી.
ઢળી નુરજહાંની સાંજ, તહીં પૂર્ણિમા તું હતી.
હતી અમૃતહોજ, મૂઠ સમશેરની તું હતી
લડાઇમયદાનમાં; સિંહણ શી રહી રહેલતી
સદાય મુજ સંગ, ને શિબિરમાં જ ક્યાં આખરે
મને બદનફૂલ ભેટ તુજ અર્પવામાં અરે,
થયો ઉજડ બાગ ખૂદ! દમ જીવ આ શે લહે?
કરી ઉજડ જિન્દગી ચલી ગઇ જ મુમતાઝ હે!

કરી ઉજડ જિન્દગી! પછીથી લ ગવાની હતી
—બચી ગઈ તું દેખવાથી—અહ આગ પ્રજ્વાળતી
તિમૂરવડલાની ભવ્ય વંડવાઇ એકેક હા!
સપૂત તુજ ચારગાંહીં ખુનરેજી જાગી મહા.
શહીદ કુલધર્મનો અદલ એક દારા થયો,
શુજા વનમહીં શમ્યો કયહીં મુરાદ માર્યો ગયો!
ન આલમગિરે રહે સુખથી આ કલેજું દહે
પસારી બદબૂ મગા જુલમ ઘોર, મુમતાઝ હે!

જરી ય બદબૂ અરે ચમનફૂલ તારાં થકી
કહે મુલક કે જહાંમહીં શી રીત ફેલી શકી?
અનેક મુજ બાગ તું, હું ય અનેક માળી હતો!
શુકો પ્રગટિયાં, થઇ પ્રગટ કેમ ખુશ્બૂ ન તો?
જહાંગિર પિતા થકી જરીક બેવફા હું થયો,
ગળ્યો જ બદલો,—ભલે વખત કેદખાને ગયો;
તવારિખ વિષે અધન્ય પણ ભાઇ ભાઇ અહે
પરસ્પરની જતન! જાય સહ્યું કેમ મુમતાઝ હે!

૮૫ (એપ્રિલ ૧૯૪૬)

સહ્યું બહુ ય ને રહ્યું કંઈક તે ય લેશું સહી,
હવે બદનસીબ જિન્દગી હશે ન ઝાઝી રહી.
બિચારી અરધી થઈ ગઈ જહાનઆરા ય તે,
કરે જ ઉઠવેઠ; એક બસ ધૂનઃ રૂડી ગતે
મળે કબર સાદગીભર જમીનની ઘાસ ને
ફુલો પણ ઉછેરતી. મુજની તો પ્રિયા તું કને
જગા નિરખી છે જ તે ચિંધત તાજ બોલી રહેઃ
'અહીં જ તકદીર તારું!' મુમતાઝ, મુમતાઝ હે!

મહાન તકદીર! બેય તહીં બોડમાં પોઢશું,
અને કબર સંગમરૂમરની બેય શાં ઓઢશું!
કયામતદિને હશે પણ મનેતને ભાર બે
ઇમારતતણો, ફગાવી શકશું જ આંધાર બે



પ્રવાસ-મંજરી

એક વધુ સંસ્કારયાત્રા

લેખક : રવિશંકર રાવળ

લલિતમોહન સેન (લખનૌ)

રવ. આલેખન

• ખાડી પર પ્રદર્શનહૉલની પાછળની બાલ્કનીમાં એક ચિત્રિયાનો બાંધેલો હતો. ખુરશીઓ કે મુખ્ય ગેટ કે સ્ટેજ પર કશું જ મૂકેલું નહોતું લાઇટ પણ એક જ હતી.

અમે પહોંચ્યાં ત્યારે યુરોપી પોષાકમાં કેટલાક કલાકારો અને અગ્રણીઓ ફરતા હતા. નૂર ને નજરે તરી આવે એટલા જ જણ પોતાના પ્રાંતીય પોષાકમાં હતા. અહીં ઘણા નવા ચિત્રો નાં વર્ષો પછી દર્શન થયા. પરિષદના સંચાલક પ્રમુખશ્રી દેવીપ્રસાદ રાયચૌધરી સાથે બાંધી દિલ્હીથી બીજી બાજુએ સુરવાલ સાથે પોતાના પહેલવાની શરીરથી એકદમ નજરે પડવાથી પરસ્પર ઓળખ્યા. ત્યાં પાસે જ કલકત્તા કલાશાળાના નિવૃત્ત વાઇસ પ્રિન્સિપલ શ્રી કે.પી.ગાંગુલીને ૭૦ વર્ષે પણ ગુલાબી તંદુરસ્તીમાં જોયા. લખનૌ કલાશાળાના પ્રિન્સિપલ ક્ષિતિમોહન સેન સાથ સાદા મુસાફર જેવા, બગલમાં કૅમેરા લઈ ફરતા હતા. ઢાકોરના મિ. સન્યાલ, મુંબાઈથી આવેલા મનુભાઈ કાકર ને દક્ષિણ ભારતના શ્રી વેંકટાચલમ્ મળ્યા. તેમનાં ચિત્રખંડોમાં પરિચય થયો, અને છ વાગતાં સુધીમાં રાગિયાનો ભરાઈ ગયો. એટલામાં પ્રવેશદ્વારની ગલીમાંથી વાઇસરૉયના હાઉસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. ઍન્ડરસન, બીજા ઑ.ડી મી. અને દિલ્હી કલામંડળના પ્રમુખ,કોષપ્રમુખ વગેરે નાના વાઇસરૉયની પાછળ ચાલતા ગામડાના વડીલોની જેમ આવી ઊભા રહ્યા, એટલે ગોઠવાઈગોઠવા જ વારીઓ રવાના થઈ ગયા અને તેમાં એક કલાકેન્દ્ર અને ચિત્રાલયની

જાણી મૂકી. વાઇસરૉયનો જવાબ ટૂંકો જ હતો. સરકારી તંત્ર દ્વારકૃત કંઈ યોજના થવાની છે. તે માટે જિલ્લાના બધા પ્રાંતના કલાકારો જે કહ્યા થાય અને આ પ્રસંગ સફળ થાય, એવું કહીને પ્રદર્શન બુલ્લું જાહેર કરી અંદરના ખંડો જોવા ગયા આગંતુકો પણ સાથસાથ ગાડી તેમ જોવા લાગ્યા. બીજાં કોઈ કેકાણે વાઇસરૉયની નજીક જવાને કે તે બેઠામાં જવાને પકડેલા કે રોકાણ નહોતું આ પણ દેશમાં કોઈ રાજા કે અગ્રસરકાર આવી ક્રિયા કરતા હોય તો બહાર રોકાણ થાય ને ભીંત ભીંસ રહે આ પ્રસંગે મને પડોદરાના યશ સાહિત્ય સમેલનના પ્રદર્શન સર્જનના બનાવો સહેજે યાદ આવી જાય છે

પ્રદર્શન કેવું હતું

પ્રદર્શન માટે ચિત્રો મોકલતું અરજીપત્ર (પ્રૉસ્પેક્ટસ) જોતાં લાગ્યું હતું કે આટલાં બનાવો અને બીજી ઘણી પ્રચારક્રિયાઓને કારણે આ પ્રદર્શન કંઈક નવીન આકર્ષણ ધારણ કરશે, તેની સગવ

કાલીન કળાકૃતિઓ પ્રત્યક્ષ જોવાની આ પહેલી તકનો લાભ લેવા ઘણા કલાકારો ત્યાં ઊતરી પડશે અને તેમના સંપર્કનો ને અનુભવોનો લાભ મળી શકાશે. વળી સાંભળેલું કે આવેલાં ૨૦૦૦ જેટલાં ચિત્રોમાંથી માત્ર ૩૫૦ જેટલાં ચિત્રો જ પ્રદર્શન માટે પસંદ કરવામાં આવ્યાં છે, ત્યારે તો રજૂ થયેલી કૃતિઓ જરૂર ચુનંદા પ્રકારની હશે એમ કલ્પના થઈ. પણ જ્યારે પ્રદર્શનના મુખ્ય મોટા ખંડ પર નજર ફરવાની તક આવી ત્યારે એની મુખ્ય કરનારી કોઈ અદ્વિતીય કલાકૃતિ એક ભાવના જ બની ગઈ જોયું તો પરદેશના બહુ જાણીતા કલાકારોમાંથી ઓછેનાં જ નામ નજર ખેંચતાં હતાં અને તેમની કૃતિઓ પણ બહુ જ સાદા પ્રકારની હતી દાખલા તરીકે ફ્રૅંક બ્રૅંગ્વિન કે આજના પશ્ચિમી ચિત્રજગતના એક પીઢ કલાકાર જેના છે તેનાં મોટાં ઇચિંગ (કોતરેલી પ્લેટ પરથી છાપેલાં શાહી ચિત્રો) જ હતાં અવશ્યત, એ છાપો પણ તેમના નામને જેમ આપે એવી હતી, પરંતુ એનો ખ્યાલ તો અસંખ્ય સામયિકો વગેરેમાં પ્રકટ થતી છાપોથી પણ મળી શકે મોટા તેમના અને એવા બીજા મહાન કલાકારોના હાથે સીધાં બનેલાં ચિત્રો જોવાનો ક્રમભંગ થઈ ગયો. બીજાં પાંચ સાત નવાં નામો હતાં અને તેમનો પરિચય એક મોટા કૅટલૉગમાં છાપ્યો હતો. કૅટલૉગ મોટું બતાવવા મોટાં બીબાંથી નામો ને ચિત્રોની યાદી આપી તેને વિસ્તાર્યું હતું. અંદર બેચાર પાના રંગીન ને કાળાં ચિત્રોનાં હતા, તેમાં પણ રથાનિક પ્રતિનિધિઓનાં ચિત્રો વિશેષ હતાં. આમ, પ્રદર્શન આંતરરાષ્ટ્રીય ચિત્રકળાનું પ્રતિનિધિરૂપ પામી શક્યું નહિ. મોટા ખંડમાં તો યુરોપી ચિત્રો ખૂબ છૂટાં અને મોટાં ગોઠવ્યાં હતાં. પ્રકાશની યોજના પણ તેને માટે સરસ હતી, એટલું કૃત્રિમ કરવું પડશે. પણ પછીના ખંડમાં હિંદી વસાહતના ચિત્રો બારીકાઈએ ગોઠવાઈ ગયાં હતાં. નાના, મોટા, સાદા કે સભર પ્રકાર ગમે તે કોઈ યોજના નહોતી દેખાતી મુંબઈના મોટા કૅનવાસો એક ૧૦×૧૨ના નાના ડબ્બામાં ખૂબ જ ખૂંચે હતા, અને કૉમર્શિયલ આર્ટ (વ્યાપારલક્ષી કળા) માટે પણ અટકો જ ખંડ હતો. તેમાંયે માગેલી હરીફાઈઓ બહુ જ પ્રમાણમાં હતી લાગ્યું કે આ કળાનો વિકાસ અને પ્રચાર મુંબઈ કે કલકત્તામાં છે તેના પ્રમાણમાં દિલ્હીમાં નથી જ રજૂ થયું નથી કેટલાકારીગરી ને સિફત (ક્રાફ્ટ્સ ને ક્રૅફ્ટ્સમૅન) તો બંને એક સાથે જ, એકના બારકાનાં ભેગાં બાંધી દેવામાં આવ્યાં હતાં. શિલ્પના ત્રણચાર નમૂના જોવામેળ ગોઠવ્યા હોય એમ લાગતું હતું અને હસ્તકળા તો એક ગબડક રૂપ જ બની રહી.

કલાપરિષદના મંત્રીઓ

છતાં, સમગ્ર દૃષ્ટિએ કહેવું જોઈએ કે ખૂબ ખૂબ

એક કલાકાર પ્રદર્શનમાં એક ઘરાકને સમજાવતા હતા 'આ ચિત્રોની ટેકનીક ફીબ્રવ મેકબરેથ્રિયાબર્ચીનાખ્યાછે'

કેટલાક ધ્યાન માત્ર નમૂના આની ગયા હતા શ્રી અવનીન્દ્રનાથ ટાગોર, શ્રી નંદલાલ બોઝ વગેરેએ આ સમારંભમાં સીધો ભાગ તો નહોતો લીધો, છતાં તેમના તથા સ્વ. ગગનેન્દ્રનાથ ટાગોર વગેરેના નમૂર નમૂના આવ્યા હતા. હિંદમાં કાગડરના કેટલાકમુરોપી કલાકારોના નમૂનાની બીલકુલ ગેરહાજરી હતી, અથવા રજૂ થયા નહોતા

સર્વત્ર ચિત્ર પરીક્ષકોના ઘોરણ ઉપર ચર્ચા થતી હતી, અને બાજી રાખેલાં ચિત્રો જે ભાગે જોયાં હતાં તેમનું કહેવું હતું કે રજૂ થએલાં કેટલાંક ચિત્રો કરતાં વધારે ચડિયાતાં તેમાં હતાં. પણ એ તો થવેજ બનવાનું કે એક પ્રાંતની રુચિબીજા પ્રાંતને અનુકૂળ ન જ થાય. છતાં કળાના સર્વમાન્ય ધોરણે જોતાં યે આ પ્રદર્શન મુંબાઈ-કલકત્તાનાં પ્રદર્શનો સાથે ઊભુ રહે એવું ન લાગ્યું તસ્વીરકળા (પોર્ટ્રેટ)માં તો ફ્રાન્સુઆના નામી કલાકાર ઑગસ્ટસ જહોને કરેલું નાન્વાઇસસૅયનું લાલ ચાકથી દોરેલું રેખાચિત્ર હતું. ને તે સરસ જ હતું મુઘલકાળમાં દિલ્હી તસ્વીરો (પોર્ટ્રેટ)નું તો એક મોટું કેન્દ્ર હતું. એ જ દિલ્હીમાંથી કોઈ મૂળ ચિત્રકાર આ પ્રદર્શનમાં રજૂ થયો ન હતો. તેમ દિલ્હી, યુક્ત પ્રાંતો કે રાજસ્થાનના કોઈ જાણીતા કલાકારનો પણ ત્યાં પરિચય થયો નહિ ઉપરાંત મુંબાઈના સાતઆઠ સારા કલાકારો દિલ્હીમાં જ વસતા હોવા છતાં તેમને આ પ્રદર્શન કે પરિષદની માહિતી પણ મળી ન હતી એવી ફરિયાદ હતી

દરય ચિત્રો કે વિધાની ચિત્રોમાં ભારતીય જીવન, ઇતિહાસ કે ભિન્ન દશાંવતાં ચિત્રો વિરલ હતાં. જાણે આજનો કલાકાર પોતાના કાગની જવાબદારીથી પરબની, જીવનથી દૂર ભાગીને કોઈ અગમ્ય નિલનુંદી સ્વરૂપો પાછળ પડ્યો ન હોય ને એમનાં ચિત્રો જાણે માત્ર દીવાનખાનાં કે રાજગહેલ શોભાવવાનાં જ સાધનો ન હોય! આવા જ ઉદ્ગારો દિલ્હીના 'હિંદુસ્તાન ટાઇમ્સ'ની ચર્ચામાં પણ હતા. બીજાં પત્રોએ પ્રદર્શન વિષે કેવી નોધો કરી છે તે જાણવાની તક મને રહી નહોતી; પણ પાછળથી ઘણાં પત્રોએ જુદા જુદા કારણો પર ટીકા કરેલી જાણવામાં આવી છે. ભાષાનાં પત્રોમાં કંઇક ચર્ચા આવી હશે, પણ ચિત્રપ્રદર્શનમાં લોકરુચિ આકર્ષવાનો કે કેળવવાનો કોઇ પ્રયાસ થયો જણાતો નહોતો, તેથી દિલ્હીની આમ જનતા મોટે ભાગે આ પ્રસંગથી અલિપ્ત ને અલિપ્ત રહી હશે એમ કલ્પી શકું છું

આવા વિચિત્ર સંજોગોમાં પણ ગુજરાતના કલાકારો માટે સદ્‌ભાવ અને આદરનાં વચનો હું સાંભળતો હતો. ભાઈ સોમાલાલ શાહને લલિત કલામાં તથા ઇન્દ્રપ્રસાદ સેવકને વ્યાપારલક્ષી કલામાં ઇનામો મળ્યાં છે. એક બે ચિત્રો વેચાયાં પણ છે.

કલાપરિષદ

દિલ્હી સુધી મુસાફરી ખેંચવાનું કારણ મારા માટે તો કલાપરિષદ જ હતી. પ્રદર્શનમાં જણ્યું કે આગાઉથી જાહેર કરેલા સમયે તે જાણી શકશે નહિ, કારણકે કેટલાક મહેમાનો રેલવેની અનિયમિતતાને લીધે વખતસર પહોંચી શકશે નહિ એવા તાર હતા. એટલે સવારના સાડા દસને બદલે બપોરે ત્રણે પરિષદ શરૂ થઈ. મેં કેટલાક મિત્રોને જાણી એવો પ્રસ્તાવ મૂક્યો કે કામકાજ શરૂ થાય તે પહેલાં આવેલી વ્યક્તિઓનો પરિચય થઈ જાય તો સારું. લગભગ દરેક જણને આ વાત પસંદ હતી, પરંતુ સ્થાનિક કાર્યકર્તાઓ તથા પ્રમુખને ગળે એ ઊતરી નહિ અને છેવટ સુધી તે રહી જ ગઇ.

આગલે દિવસે જે મંડપમાં ઊભા રહી નામ વાઈસરૉયે પ્રદર્શન ખુલ્લું મૂક્યું હતું ત્યાં આજે ૬૦-૭૫ ખેટલી ખુરશીઓ હતી અને સામેના ભાગે પ્રમુખ તથા મંત્રીઓ વગેરેની ખુરશીઓ હતી. કશી સજાવટ કે બખડો રાખ્યાં ન હતાં. પણ આખા હિંદુસ્તાનનો કારભાર કરતા દિલ્હી શહેરમાં અખિલહિંદ કલાપરિષદ જેવું સંમેલન શરૂ થયું તેની કંઇ જ વિધિ થયા વિના દિલ્હીના કલામંડળનાં ચુંટાએલા પ્રમુખ શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી સીધા પ્રમુખાસને બેસી ગયા ને કાર્યક્રમ જાહેર કર્યો. સભાના વિધિ તરીકે પરિચય, દરખાસ્ત, અનુમોદન વગેરે પ્રકારો પડતા મૂકવામાં આવ્યા. ડૉ. અવનીન્દ્રનાથ ટાગોરનું પ્રારંભિક વ્યાખ્યાન થવાનું જાહેર થયું હતું, પણ નાદુરસ્ત તબિયતના કારણે તે આવી શકયા ન હતા. તેમને માનાર્ધ્ય આપવાનું કામ શ્રી ઓ. સી. ગાંગુલી કરવાના હતા તે પણ આવી પહોંચ્યા નહોતા એટલે ડૉ. મિસિસ સ્ટેલા ક્રેમરિશે તદ્દન ગૌણિક પણ અતિસુંદર ને જરૂરત ભાવાંજલિ આપી બીજા એકબૂહસ્થ પણ બોલ્યા ને છેવટે પ્રમુખ શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીએ જણાવ્યું કે હું આજે જે સ્થિતિમાં છું તે ડૉ. અવનીન્દ્રનાથ ટાગોરને જ આભારી છે.

ત્યાર પછી પ્રમુખશ્રીએ પોતાનું ભાષણ વાંચ્યું. તેમાં તેમણે કેટલાંક જોરદાર વિધાનો કર્યાં છે. પરંપરાની બહુ પરવા ન કરવી જોઇએ, તેમજ નવા ભયંકર કલાપ્રયોગો (dangerous experiments) પણ ન કરવા જોઇએ, એમ કહી તેમણે રૂઢિચુસ્ત કલાકારો સામે તેમજ નવી શૈલીઓ પ્રચારનારાઓ સામે ચેતવણીનો સૂર કાઢ્યો હતો. અંગત ચર્ચામાં પણ તે પોતે ઉદારમતવાદી જણાયા. કોઇએ કહ્યું કે આજે યુરોપિયન કલાના આક્રમણ સામે હિંદી કલા અને કલાકારને રક્ષણ તથા આશ્રય મળવાં જોઇએ, ત્યારે તેમણે એકદમ દૃઢતાથી કહ્યું કે હું એવી દરવાજા બંધ કરવાની નીતિમાં માનતો નથી. કોઈપણ કલાકૃતિ દૂષણો કે ક્ષોભ હોય અને ટકી ન શકે તો તેથી નુકસાન નથી. સબળ અને સશક્તને જ જીવવાનો હક છે આ બાબતમાં ઘણી ચર્ચા કરી શકાય તેમ હતું, પણ સમયનો અવકાશ ન હતો.

પ્રમુખ સાહેબ કલા પરિષદમાં

એ પછી બેંગલોરના શ્રી વ્યંકટાચલમે કલાપરંપરા પર વિચારો છેડ્યા. ત્યાર બાદ મને કંઇક કહેવાની તક મળી. અંગ્રેજીમાં જ પરિષદનો વ્યવહાર ચાલતો હતો તેથી ઘણા કલાકારોને વિચારો દર્શાવવાની મુશ્કેલી હતી. મને પણ તે જણાઇ હતી, છતાં મારા બોલવા પછી ડૉ. સ્ટેલા ક્રેમરિશે અંગત પરિચય થતાં અભિવાદન કર્યું તેથી સમાધાન થયું.

પરિષદમાં ઘણાને આશા હતી કે હાલની હિંદી કલાની પરિસ્થિતિની શક્યતાઓ અને પ્રચાર તેમજ શિક્ષણ સંબંધે વિશેષ ચર્ચા થશે. પણ તેમાંનું કંઇ જ બન્યું નહિ. પરિષદના સભ્યોનું ધ્યાન દિલ્હીમાં એક અખિલ ભારતીય કેન્દ્ર કરી તેમાં સરકાર તરફથી મોટી મદદ મેળવી ચિત્રાલય, મ્યુઝિયમ, ઑકેડમી વગેરે ઊભાં કરવા તરફ હતું, અને એ રીતે જ ઠરાવો ને (અનુસંધાન પાછળ પાન ૮૬મે)

ગુર્જર રંગભૂમિના સંસ્કરણમાં વિપુલ ને અગ્રણી ફાળો આપનાર

અબોલ અને નિરાડમ્બરી નાટકકાર

મૂળશંકર હરિનંદ મૂળાણી

ગુજરાતની સર્વસાધારણ જનતામાં રસ અને સંસ્કાર રેડનારાં ૪૦થી પચ્ચી વિપુલ સંખ્યામાં ને ઊંચા સાહિત્યગુણ ધરાવતાં લોકપ્રિય દૃશ્ય નાટકો આપનાર અને ગુજરાતની રંગભૂમિનું સંસ્કરણ કરનાર આ નિરાડમ્બરી અને અબોલ નાટકકાર સાહિત્યજગતમાં બહુ જાણીતા નથી, એનું મુખ્ય કારણ એ છે કે એમ 'દેવકન્યા' નાટક સિવાય એમનું એક પણ નાટક છપાએલું નથી.

કાઠિયાવાડમાં ચાવંડ મુકામે પ્રભાશ નાગર (અહિચ્છત્ર) જ્ઞાતિમાં વિ. સં. ૧૬૨૪ના કાર્તિક સુદ પાંચમને દિવસે. મૂળ અમરેલીના વતની હરિનંદ દયારામ મૂળાણીને ત્યાં એમનો જન્મ થયો. એમની દશ પેઢી ઉપર થયીને હોદ્દે બેસનાર જગતરના કારભારી મળા ભટ્ટનો વંશજો મૂળાણી કહેવાયા એમના પિતા બહુ પવિત્ર ને શ્રદ્ધાળુ પુરુષ હતા. એમનાં માતા ગાનકુંવર નથ્થુ ગઢેતા) રોજ સાંજે ફળિયામાં શેરીનાં છોકરાંને બેસાં કરી વાર્તાઓ કહેતાં. નાનપણમાં પડોશી એ કહાણીઓની છાપે મોટા થતાં થણાં નાટકોની વસ્તુ-સંકલન માં ધ્યાન લીધું છે.

પ્રાથમિક શિક્ષણ કુપરાંત પાંચમે વર્ષે ગોઠા સંસ્કૃતનું અને પછી કેટક જ્યોતિષનું જ્ઞાન લીધા બાદ તે જૂનાગઢમાં તેમના કૂવાને ત્યાં એમેજ અભ્યાસ માટે ગયા આ અગાઉ મહાભારત આદિ ધાર્મિક સાહિત્ય તથા ગલ્યદોહન વગેરે ગ્રંથો તો એમણે દસ વરસની કુમરે વાંચી નાખેલા. જૂનાગઢમાં તેમણે એક મિત્રમંડળ સ્થાપી કવિતાઓ રચવાની શરૂઆત કરી. પણ ત્યાં છ મહીના રહી પાછા અમરેલી આવ્યા અને ત્યાં એમેજ ગોના ગોરણ સુધી અભ્યાસ કર્યો બ કે એમણે આપમેળે વાચન વગેરેથી જ શેકસપીઅર શેરીડન તેમજ બીજા એવા સમર્થ એમેજ લેખકોનાં નાટકો તથા નવલો સરળતાથી વાંચી ગમજ કરાય તેટલું જ્ઞાન મેળવ્યું અને સાહિત્યનો પોતાનો શોખ પોષ્યો. સંસ્કૃતમાં પણ કાલિદ સ આદિનાં નાટકો સમજીને વાંચી શકાય તેટલું જ્ઞાન એ જ રીતે મેળવ્યું. સાહિત્ય કુપરાંત પ્રાચીન તેમજ આધુનિક હિસ્ટ્રી તથા ધર્મનું સાહિત્ય, યોગાભ્યાસ ને આ ધુનિક વિજ્ઞાન એ એમના અભ્યાસના પ્રિય વિષયો. એમના જીવન પર પણ એ સમર્થ નાટકકારોના વિચારોની, પાત્રાલેખન ચોત્ર-દર્શન કરતા પુસ્તકોની, તેમજ નાટ્યરાગ રાગો અને એની બેસટ કરેલાં ધર્મગીતોનાં લક્ષણોની પ્રબળ અસર પડી છે.

કાઠિયાવાડમાં કેડલા (સાવર) મુકામે સં. ૧૯૩૩માં (તેરમે વર્ષે) શ્રીમતી કૃષ્ણ બાઈ સાથે એમનું લગ્ન થયું અને સત્તરમે વર્ષે એમણે વડોદરા સ્ટેટના રેવન્યુખાતામાં અમરેલી નજીક મારી ગામમાં દસ બાણાશાહી રૂપિયાના પગારે તલાટી તરીકે નોકરી લીધી. બે વરસની નોકરી પછી સખત બીમારીને લીધે રાજીન મું આપ્યું અને બોઠા દિવસ ઘેર રહી, એક બોલગિરિ વિષ્ણુચનદાસ મોદીજીદ શાહ પાસેથી તેર રૂપિયા દીઠાના હર્ક તે મુંબાઈ જવા નીકળ્યા. ત્યાં શ્રી કેશવ-લાલના 'સત્યવક્તા' ગાડવાડિકમાં માસિક ૨૦ રૂપિયા શ્રી રહ્યા, જેમા પ્રુફરીડરથી માંડી એડીટર સુધીનું બધું કામ એમને કરવાનું હતુ. એ બાબ્રે-હિકમાં એમને કલમ કસવાનું સારું ક્ષેત્ર મળ્યું અને એમના લેખો પેલા 'ધનઘટા' નામની લેખમાળા તો પેકાઈ પણ ખરી. ત્યાં વખતે નેઓ બાયખલા કે. કે. ઑરિયેટલની સામેની ચાલમાં બોડા વિદ્યાર્થીઓ સાથે રહેતા, જ્યાં ડૉ. પોપટ પ્રભુરામ અજય સ એમે વ.૨૨૨૨ આવતા તેમનો એમને પરિચય થયો.

એ અરસામાં મુંબાઈમાં ખંભાતવાળા શેઠ છોટાલાલ મૂળચંદે નાગીતા ઍકટર દયાશંકર વસનજીને સાથે લઈ નાટક કંપની કાઢેલી, તેમની સાથે ડૉ. પોપટ મારફત એમને ઓળખાણ થયું ને પુરસદના સમયમાં નાટકોની શુદ્ધ નકલો કુતારવા પાંચ રૂપિયાના વેતનથી રહ્યા. એમાં ગણિલાલ નથુભાઈના 'કાન્તા' નાટક પરથી ડૉ. પોપટે લખેલા 'કુલીનકાન્તા' નાટકનાં કેટલાંક રચેલાં ગાયનોમાં જૂનો જાણીતા એમણે ગાલિકોનું ધ્યાન ખેંચ્યું. ને તેમની અનુમતિથી એમણે નવા ગાયનો કુપરાંત બોકું વનરાજ વિષે ને એકાદ પ્રવેશ હાસ્યનો લખી આપ્યો, એ એમની નાટ્યકાર તરીકેની શરૂઆત.

આ પછી કિર્લોસ્કરના મરાઠી નાટક શાકુંતલ કુપરથી અનુવાદ કરવાનું એમને સોંપાયું. પણ હવે બેવડા કામના ભારથી તેઓ થાકી જતા કોથાથી પત્નની નોકરી છોડી દઈ રૂા. ૩૦ના પગારે કંપનીમાં જોડાયા. ડૉ. પોપટે લખેલા 'કનક-તારા' નાટકનાં ગાયનો અને પ્રવેશો એમણે લખ્યા. એવામાં, તેમની મૂળથી જ નબળી રહેની તબિયત લથડી અને ક્ષયનો ભય જણાતાં તે અમરેલી ગયા, જ્યાં માતાની કાળજીથી જ એ ભયંકર માંદગીમાંથી ઊગર્યા.

'કનકતારા' પછી મુકાનારા 'હરિશ્ચન્દ્ર' નાટક માટે કંપનીએ તેમને મુંબાઈ બોલાવ્યા તે માંદગીમાં બોલતા ને બીજા લખતા. આ અરસામાં વિખ્યાત નટ બાપુલાલ કંપનીમાં જોડાયા. એ અત્યંત નાના કિશોરની શક્તિ પારખી અને એને જ માટે ઈન્દ્રના પુત્ર 'જયંત'નું પાત્ર આલેખ્યું ને અંતે જ એને અભિનય શીખવ્યો.

આ પછી એમનું પહેલું સ્વતંત્ર નાટક 'રાજખોજ' ઈ. ૧૮૮૮ કે ૮૯માં લખાયું. એમાં રાજનું કામ નટ છોટાલાલને ને બીજનું કામ બાપુલાલને સોંપાયાં, અને એ એક પંકાઈ ગયો. તે પછી લખાએલા તેમના નાટક 'કુંદબાળા'માં અવનવી સીનસીનેરીઓની શરૂઆત થઈ, ને તે નાટક તો એટલું પંકાયું કે હરીફ મોરબી કંપનીને મુંબાઈ છોડી જવું પડ્યું.

આ પછી કેટકેટકે છત્રીસ વરસ મંદવાડ ચાલ્યા જ કર્યો અને એમને વારંવાર દેશમાં જવું પડતું એ અરસામાં કંપનીએ બીજાં નાટકો ભજવ પાડી લેયાં પણ ફાવ્યું નહિ.

આ વખતે 'હરભરેલો' નાટક તેમને સુધારવા અપાયું. તેમાં

કરેલા બીજા ફેરફારો કરવાંત તેનો છેલ્લો પ્રયોગ તો કરુણ દૃશ્યોમાં એવો રોમાંચક બન્યો કે, કંપનીમાં પહેલાં ડોકાબારી તરીકે કામ કરતા હોરાબજી નામના પારસી ગૃહસ્થ એમાં નવા નટ તરીકે જોડાઈ ગયા હતા તે એ એક જ દૃશ્યના અભિનયથી કુશળ નટ તરીકે પંકાઈ ગયા.

આ પછી તેમણે 'મૂળરાજ સોલંકી' લખ્યું અને તેમાં ટોડી નામની ભક્ત બાઈનું પાત્ર ઉમેર્યું. ગુજરાતી નાટકના તખ્તા ઉપર ભક્તિરસનું દર્શન થવાની એ શરૂઆત. એ પછી લખાએલું એમનું નાટક 'બૅરિસ્ટર' ખૂબ પંકાયું, જેમાં નવો સુધારાના પક્ષને ઝીલતું આપણું સ્ત્રીમાનસ તેની સામે કેવી રીતે પોતાનું સ્વત્વ ટકાવી રાખે છે તે માર્મિક હાસ્ય દ્વારા આલેખ્યું છે. દેશી નાટક સમાજવાળા ડાહ્યાભાઈ પોળશાહ એ નાટક જોવા ખાસ આવેલા, અને માર્મિક હાસ્યની લોકો પર થતી પ્રતીતિ જાણી તે પછીથી એમણે પોતાનાં નાટકોમાં એ પદ્ધતિ અખત્યાર કરી, જેનું ઉદાહરણ 'વીણાવેલી' છે.

એમનો પગાર છને ૩૦થી વધી ૩૫ થએલો તે કેટલાંક વરસે ૭૫ થયો. એવામાં કંપનીના ભાગીદારોનો દસ વર્ષનો કરાર પૂરો થયો. આ દરમ્યાન બે ભાગીદારો ગુજરી ગયા હતા ને બીજા બેલો કુપરાતુપરી નબળા જવાથી કંપની ખોટમાં ડૂબી હતી; એટલે નવી ભાગીદારી રચાઈ જેમાં ૮ આના છોટાલાલ, ૪ આના દયાશંકર, ૩ આના કવિ ભૂળશંકર ને ૧ આનો બાપુલાલ એ રીતના ભાગ થયા ને બાપુલાલ કંપનીના મુખ્ય ઍક્ટર બન્યા.

હવે કવિએ શિષ્ટ નાટકો લખવાં શરૂ કર્યાં, જેમાંનું પહેલું અજબકુમારી એ અત્યંત ભાવવાહક, હાસ્યમય અને શેક્સપીઅરની ઢબનું કલાસિકલ ટ્રેજેડીની છાયાવાળું, ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠપદ ધરાવતું નાટક છે. પણ લોકરુચિ હજી કરુણ દૃશ્યો માટે પૂરી કેળવાઈ ન હતી, એટલે તે ચાલ્યું નહિ. તે પછી મુકાએલાં ભટ્ટ વિજયશંકર કાલિદાસનાં બે નાટકો પણ નરમ ગયાં, એટલે કવિએ એક જ રાતમાં 'વીરમંડળ' નાટક લખ્યું. તેનો રાઉનો અક ધણો લોકપ્રિય થયો, પણ પાછલો ભાગ ઢીલો હતો. આજ વખતે દેશમાં છપ્પનિયો દુકાળ ચાલતો હતો અને ઉપરાંત મુંબાઇમાં પહેલી વાર પ્લેગની મહામારી ચાલતી રહી આ બધાથી કંપનીને ઓટલી બોટમાં ઊતરવું પડ્યું કે શેઠાણીઓનાં ઘરેણાં પણ ગિરવી મુકાઈ ગયાં ને દીવાળીને દિવસે કંપનીની સ્થિતિનું કવિ આબાદ વર્ણન કરતાં શેઠ ગળગળા થઈ ગયા. કવિએ બીજી દીવાળી પહેલાં ઘરેણાં પાછાં લાવી આપી કંપનીને ઋણમુક્ત કરવાની પ્રતિજ્ઞા લીધી જેથી શેઠને આશ્વાસન આપ્યું

અને કવિએ 'વિક્રમચરિત્ર' લખ્યું. કવિ શામળ ભટ્ટની બત્રીસ પૂતળીની વાર્તાઓમાંની બે વાર્તાઓ જોડીને લખેલું આ નાટક હાસ્ય અને શૃંગાર રસથી ઓતપ્રોત બન્યું છે કે તેણે મુંબાઇને ગાંડું કરી મૂક્યું ને એ એક જ નાટકની આપકે કવિની ટેક રાખી કંપનીનું ઋણ ફેડી દીધું. એ નાટકથી કંપનીની ચડતીકળાનો દરકો બેઠો.

દરજ બરાબર જતાં દ્વેષનું બીજ પેઠું, કવિને છૂટા થવાનું આવ્યું ને કંપનીએ કવિ નથુરામ સુંદરજીને બોલાવી તેમની પાસે 'સૌભાગ્યસુંદરી' નાટક લખાવ્યું, પણ એથી માલિકોને સંતોષ ન થતાં તેમણે ફરી કવિને બોલાવ્યા. એમણે આખું નાટક નવેસરથી લખ્યું અને કેટલાંક નવાં પાત્રો ઉમેર્યાં. ગુજરાતી રંગભૂમિ ઉપર અનેરી ભાત પાડનારું નટ જયશંકર 'સુંદરી'નો ઉદય આ નાટકમાં થયો. બાપુલાલ જયશંકરની ઓ તેડી રંગભૂમિ ઉપર તે પછી ઓટલી સફળ થઈ કે બે દાયકા સુધી એ જોડીને લક્ષમાં રાખીને જ નાટકો લખાયાં.

'વિક્રમચરિત્ર' અને 'સૌભાગ્ય સુંદરી' પછી લખેલાં કવિનાં 'ગુલબક્ષ ગુજારી' અને 'ભાગવતા' પણ એટલાજ સફળ થયાં અને એ ચાર નાટકોએ કંપનીને તારી દીધી. ગુજરાતી નાટકનો આદિત્ય ગાં મોતીના દાણા પેઠે ઝાલી ઝીલનારાં એ નાટકો લોકહૃદયને સદા આલ્હાદ ઉપજાવી ઉન્નત પંથે લઈ જનારાં રિપ્ટ ને છતાં પ્રિય લાગે એવા સાહિત્યસર્જન છે. એ નાટકોની નફાગાંથી કવિને બબે ૨૮,૦૦૦ રૂપિયા આવ્યા, જેમાંથી દસ હજાર રોકડા ચૂકવ્યા. પણ ફરી પાછી કંપનીમાં ખટપટ પેઠી અને કવિએ છૂટા થઈને, કવિ વિજયશંકર કાલિદાસની મુંબઈ સુગોધ નાટક મંડળી વેચાની લઈને કાઢિયાવાડી નાટક મંડળી નામે નવી કંપની ઊભી કરી. પણ કવિએ બનવી કંપની સાથેનો દસ વરસનો કરાર પૂરો કરેલો ન હોવાથી તેમની સામે મંડાએલા કેસને પરિણામે તેમની કંપનીએ પાંચ વરસ સુધી મુંબઈમાં ન આવવું એવું ઠર્યું, અને એ રખડપાટનાં પાંચ વર્ષમાં કવિએ પોતાની કંપની માટે નવાં લખેલાં નાટક 'કૃષ્ણચરિત્ર' અને 'દેવકન્યા' ખૂબ લોકપ્રિય થયાં દોવા છતાં, બીજાઓને હાથે લખાએલાં બીજાં નાટકો સારાં ન જવાને કારણે કંપનીને ઘણી ખોટ આવી; અને છેવટે નિરુપાયે છોટાલાલ શેઠને કંપની વેચી દઈને મુંબઈ ગુજરાતી સાથે તેમણે ભાગીદારીનો નવો કરાર કર્યો, જેમા શેઠ અને તેમના ભાઇનો ભાગ આઠ આના, કવિનો ૩ આના, બાપુલાલનો ૩ આના ને જયશંકરનો ૧ આનો એ રીતે ભાગ રખાયા.

આ પછી ૨૦ વરસ સુધી કવિ મુંબઈમાં જ રહ્યા ને ત્યાં 'વસંતપ્રભા' નામે નવું નાટક, લૉર્ડ લિટનના ઝેનોબીયા ઉપરથી મણિલાલ નભુભાઇએ લખેલી નવલકથા ગુલાબસિંહને આધારે 'પ્રતાપ-લક્ષ્મી', 'સંગતનાં ફળ' વગેરે લખ્યાં. તેમાં છેલ્લું નાટક નાપાસ થવાથી પછી પાછો વિક્ષેપ થયો અને કવિએ છૂટા થઈ નકુબાની આર્ય નૈતિક નાટકસમાજને 'સૂર્યકુમારી' નાટક લખી આપ્યું જેને લીધે એ કંપની દેવાંમાંથી નીકળીને તરી ગઈ પછી રોશનબાગ કાવકવાળી નવી નીકળેલી રૉયલ નાટક મંડળીને 'ભાગ્યોદય' અને 'એક જ ભૂલ' એ બે નાટકો લખી આપ્યાં ને એ તો વેંત જ એ નવી કંપની પણ બનવી ગઈ.

રૉયલમાં 'સાચા સંન્યાસી'ની તૈયારી ચાલતી હતી એવામાં મુંબાઈ ગુજરાતી કંપનીએ ફરી કવિને બોલાવ્યા. ત્યાં એમણે લખેલું 'ધર્મવીર' નાટક સરકારે ભજવવા દીધું નહિ ને મોન્ટી ક્રિસ્ટો ઉપરથી લખાએલું 'હરિશ્ચંદ્ર' ભજવાય તે પહેલાં તો કંપનીમાં સખત ખટપટ ઊભી થઈ. કંપની બાપુલાલને ચાળીસ હજારમાં વેચાઈ ગઈ, અને કવિ પોતાના પુત્ર પાસે કાનપુર ચાલ્યા ગયા

૧૯૨૩માં છોટાલાલ શેઠે જયશંકર દ્વારા ફરી કવિને બોલાવી નવી કંપની ઊભી કરી ૬ આના ભાગથી રાખ્યા અને કવિએ 'રત્નાવલિ' તથા 'વિક્રમ અને શનિ' લખ્યાં. એવામાં ટ્રામના રમખાણ આકસ્માતમાં કવિનું અભાનું હાડકું ભાંગી ગયું અને ત્યારથી તેમણે નિવૃત્તિ લીધી.

ગુજરાતી રંગભૂમિનું સક્રિય સ્થાન લાંબવામા એમનો જેટલો હિસ્સો. હજુસુધી ભાગ્યે જ કોઈએ આપ્યો છે. ગુજર રંગભૂમિ પર કવિ ભૂળશંકરનો ઉદય થયો ત્યારે ગુજરાતી નાટકોની સ્થિતિ વિચિત્ર હતી. ગુજરાતી ભાષણો, હિંદી ગાયનો અને દક્ષિણી પહેરવેશવાળાં સ્ત્રીપાત્રોથી નાટકો ભજવાતાં. ગુજરાતી નાટકોમાં શુદ્ધ ગુજરાતી ભાષા, ગુજરાતના જ આચારવિચાર આદિ બધું ગુજરાતી જીવનમાંથી ઉતારવાનો પ્રયત્ન કરી નાટ્યસાહિત્યની પ્રથમ દિશા બતાવવાનું કામ કવિ ભૂળશંકરે જ કર્યું. એમની પ્રતિભાવાન કલમે લખાએલાં નાટકો, ઉર્દૂના પ્રખ્યાત લેખક મુન્શી કૃષ્ણા હાસ્ય અને મરાઠી નાટકકાર ખાડિલકર અનેક વાર જોતા અને તેનું મનન-વિવેચન કરતા. વાધજી આશારામ અને ડાહ્યાભાઇ પોળશાહ એમના સમકાલિનો. સદ્‌ગત સાક્ષરવર્ય નોવર્ધનરામભાઇ (અનુસંધાન અગાઉ પૃ. ૬૬માં)

એક કલ્પનારંગી વિજ્ઞાનકથા

વિષ-પીયૂષ

પૃથ્વી સંદેશો મોકલે છે, પ્રોફેસર કમલનયન ! તમે જે કોઈ પણ ગ્રહ પર હો ત્યાંથી ઑલ્ડાઓક આપણી પૃથ્વીને બચાવવા આવો. આપણી જ્ઞાનવત્તા કે ભયંકર વિનાશને આરે અત્યારે આવી ઊભી છે તેને તમારા જ વિજ્ઞાની મગજ બચાવી શકશે તમારે શોધેલું પીયૂષ જ્ઞાનવત્તાને વિષ સમાન નીવડ્યું છે. એનાથી માણસ આપેક્ષ અગરત્વ તો પામે છે જ, પણ તેની સાથેસાથે આકસ્મિક વિનાશ પણ પામે છે. એનું કારણ એમ જણાય છે કે તમારા પીયૂષના પ્રત્યેક પુળો બગણું થતા જવાનો ગુણ ધારે છે. કેમકે તમારા પીયૂષને જ્ઞાનવત્તાને પાઈ દીધા પછી જે બાકી રહ્યું તે બગણું થતું જતા આજે બધા મહાસાગરો ભરાઈ ગયા છે. આખી પૃથ્વીના ઉચ્ચ પ્રદેશો સિવાયના ભાગોમાં અત્યારે મહાસાગરનાં મોજાં ફરી વળ્યાં છે. હજારો શહેરો અને કરોડો માણસો અગરત્વ પામવા છતાં સાગરતળિયે ડૂબી ગયા છે. એ ડૂબી ગએલાઓ જીવતા છે કે મૃત એ બાબારથી જાણી શકાતું નથી. હવે તો જો તમે આવીને આ પીયૂષવર્ધનને નહિ અટકાવો તો થોડાજ વખતમાં આખી માનવજાત સાગરતળિયે ચૂની હશે. પ્રોફેસર કમલનયન! આ સંદેશો પૃથ્વી મોકલે છે. તમે જ્યાં હો ત્યાંથી આપણી પૃથ્વી પર આવો.'

ઈ. સ. ૨૬૮૬માં પ્રોફેસર કમલનયને એક પીયૂષ શોધી કાઢ્યું હતું. આખી દુનિયાના મહાન વિજ્ઞાનીઓમાં એમની ગણના થતી હતી. ઉપર્યુક્ત પીયૂષ શોધાયા પછી પૃથ્વી પરથી બૃહસ્પતિના ગ્રહ પર માનવજાતની વસાહતની શક્યતાઓનું સંશોધન કરવા વિજ્ઞાનીઓનું એક કમિશન અણુશક્તિ-ચાલિત વિયતયાન મારફતે મોકલવામાં આવેલું. એ કમિશનના નેતા તરીકે પ્રો. કમલ ત્યાં ગયા હતા.

પ્રો. કમલની શોધમાં કોણ જાણે શી ભૂલ રહી ગઈ હશે કે જેથી એમનું પીણું પ્રત્યેક પળે દ્વિગુણિત થતું જતું હતું! પૃથ્વી પર વસતાં માણસોને આ પીણું પાઈ દીધા પછી એને ફેંકી દેવામાં આવેલું પણ એ જ્યાં હતું ત્યાં પણ દ્વિગુણિત થવા લાગ્યું. પરિણામે એ બધું પ્રવાહી મહાસાગરોમાં જઈને ભળ્યું. જ્ઞાનીઓના ધ્યાનબળે, નાશ પામેલાં શહેરોમાં પ્રો. કમલનું મકાન જ પહેલું ભરાયું હતું; નહિતર તો બીજું કોઈ વિજ્ઞાની પ્રોફેસર કમલની પ્રયોગનોંધો વાંચીને આ પીયૂષવર્ધનનો પ્રતિકાર શોધી કાઢત

કપર પ્રમાણેના સમાચાર મહાસાગર-ઓદોલનો મારફતે પૃથ્વીના વાતાવરણમાં ગુંજી રહ્યા ત્યારે પ્રોફેસરને મોકલવામાં આવ્યા. પણ મનુષ્યોના

કમનસીબે એ આવ્યા જ નહિ. અહીં પીણું તો અનેકગણી ઝડપથી વધી રહ્યું હતું. એકએક દિવસ જતો અને એ અમૃતનો મહાસાગર હજારો શહેરોને ઓકી જતો. માનવો બધી જાતની પ્રવૃત્તિ છોડી દઈને માત્ર પોતાની જાતને બચાવવા મથી રહ્યા હતા. લાખોની સંખ્યામાં પર્વતો પર સ્થળાંતર થઈ રહ્યું હતું. હજારો લાખો નાની મોટી રકીબરોથી ઉભરાઈ રહ્યા હતા. આ રકીબરોમાં માણસો જેમતેમ પોતાનો જીવન નિર્વાહ કરી રહ્યા હતા.

'આપણી કોઈ ભૂલ થતી હોય એમ લાગે છે. વિયતયાન દિશાદર્શકે કહ્યું. 'ના; આપણી ભૂલ બાબતે જ થઈ છે. જુઓ, આ ઠાણી બાજુએ મંગળનો ગ્રહ; અને પેલા ખૂણામાં ચંદ્રરથ આપણા ભાઈઓએ આપણી વિદાયમાં સળગાવેલી આતશબાજી પણ દેખાય છે.' દૂરબીન પર જોઈ રહેલા માણસે કહ્યું.

'હા, પણ આપણા દૂરબીનમાં આપણે કરોડો ગાઉની વસ્તુને સંપૂર્ણરીતે સુસ્પષ્ટ પણે જોઈ શકીએ છીએ. સામે દેખાય છે તે આપણી પૃથ્વી જ હોય તો આપણે એસ્ટિરોયેડ ન દેખાય ત્યાં તો આપણને માત્ર મહાસાગર દેખાય છે!' કમલનયને કહ્યું

'ચાલો, ત્યારે એ મહની વધારે પાસે જઈ ખાતરી કરી લઈએ, કે એ પૃથ્વી છે કે નહિ.' દિશાદર્શકે જણાવ્યું.

પ્રોફેસર કમલનયનનું વિયતયાન પૃથ્વીની પાસે આવી પહોંચ્યું. હિમાલયના સર્વોચ્ચ શિખર ગૌરીશંકર સિવાય સર્વત્ર મહાસાગર-સલિલ ફરી વળ્યું હતું. આ શિખર પર થોડાં માનવો જીવનની છેલ્લી ઘડીઓ ગણી રહ્યાં હતાં. વિયતયાનના એક માણસે નીચે ડોકીયું કરવા એક બારીથી પૃથ્વી પર બનેલી ઘટના જાણી ત્યારે જ એને ખબર પડી કે એમનો રેડિયો બંધ પડી જતા એમને સમાચાર મળેલા જ નહિ! એણે વિયતયાનમાંથી આવી સઘળી ઘટના કમલનયનને જણાવી.

કમલનયનને પોતાની શોધની યાદ જરૂર તો રહી જ હતી. છતાં એમણે પ્રયત્ન શરૂ કર્યો. કલાકોના શ્રમ પછી એમને માલૂમ પડ્યું કે એમની શોધના સૂત્ર (ફૉર્મ્યૂલા)ના સંગીકરણમાં જ્યાં એક 'વત્તા'ની નિશાની જોઈએ ત્યાં 'બાદ'ની નિશાની આવી જતાં આ ભયંકર પરિણામ આવ્યું હતું! એ ભૂલ સુધારી, એમણે સૂર્યકિરણો કેન્દ્રિત કરીને ડીમોલેકયુલાઈઝર નામનું બીજું પ્રવાહી બનાવી કાઢ્યું.

'મારી એક જ ભૂલથી હું જનકુલઘાતક બન્યો. બાકી રહેલા જનકુલને હું આ પ્રવાહીથી બચાવીશ. આ પ્રવાહી મારા જઠરમાં જતા જઠરરસ સાથે ભળીને પીયૂષવર્ધન-પ્રતિકાર તૈયાર થશે. હું આ પ્રવાહી પી લઉં તે પછી એક કલાક સુધીમાં મારું ઑપરેશન કરી એ પ્રતિકાર મારા જઠરમાંથી બહાર કાઢી આ મહાસાગરમાં નાખી દેજો. પાંચસાત દિવસમાં આખી પૃથ્વી મહાસાગરને તળિયેથી બહાર આવશે.' કમલે પોતાના સાથીઓને જણાવ્યું.

'તમે ભૂલ કબૂલીલેવાને નહોતી કરી. એ પ્રવાહી તમારે પીવાની શી જરૂર ? તમે જીવંત હશો તો જનકુલને તમારા વિજ્ઞાનથી ઉન્નતિના શિખરે પહોંચાડશો. અમારાંમાંથી કોઈને એ પ્રવાહી પીવા દો' બધા સાથીઓ એકસાથે બોલી ઊઠ્યા.

'ના, એને માટે તો હું જ યોગ્ય છું જઠરરસ કાઢી લીધા પછી મારા દેહને બાળશો કે દાટશો નહિ એને વિદ્યુત્-સ્નાન આપી સાચવી રાખજો. આ મારી બીજી બાર્ય શોધેલી ડૂબેલાઓની જીવિતા કોઈ વિજ્ઞાની મને બચાવે તો મારા ચહેરાભાગ્ય.'

આજે ૩૦૦૧ની સાલ આવ્યા છતા પ્રો. કમલના બાર્ય સૂત્રને હજુ કોઈએ પૂરું કર્યું નથી.

હરિદાસ ભટ્ટ

ચિત્કાર કર્યો અને ફરી બે ૨ બોકારી ઊઠ્યા. બંદૂકના ધુમાડામાંથી કૂદ કાર્ય જેવું તે પરેવાં બે બે ગાય નીકળ્યાં ટેકરો માથે અને તેને અટકાવવાનો મારો પ્રયાસ નિષ્ફળ ગયો. કટોકટીની ક્ષણ હતી. પરંતુ મેં બંદૂક કપરથી આંખ ફેરવીને જોયું ત્યારે વાઘણ ત્યાં ન હતી!

શું, ખરેખર એ ડાકણ હતી? શું લોકોની માન્યતા ખરી હતી? નહિતર આંખના પલકારામાં એ કયાં વિલીન બની ગઈ? અને મારા અચૂક નિશાનનું શું? બારે ત્વરાથી આ વિચારો મારા મગજમાંથી પસાર થઈ ગયા.

અરે, બચ્ચાના મૃત શરીર પાછળ પેલું શું છે? એ તો વાઘણની પૂછડી મેળવવાને ફરકતી હતી. બસ, તે ઘરાઈને ત્યાં પડી હતી. મને બારે દહેશત લાગી કે વાઘણ હજી જીવતી થઈને ટેકરીમાં બાગશે. પરંતુ તેના સંભવિત દેખાવને આંતરી લેવા મેં આડી દોટ મૂકી. વાઘણ પ્રાણીને આંતરી લેવું એ મારે મોખમી સાહસ છે, પરંતુ હવે તો એ મોખમ ખેડ્યા વિના છૂટકો જ ન હતો. મેં દોટ મૂકી અને પાછળ આવીને જોયું કે વાઘણ મુશ્કેલીથી શ્વાસ લેતી હતી. એકબીજી ગોળી મારીને મેં તેને ઠાર કરી.

મેં તેનું શરીર તપાસ્યું તે બચ્ચ જુવાનીમાં હતી અને શરીરમાં એવી કોઈ ખોડ કે ઇજા ન હતી કે જેના કારણે નરમાંસભોજી બનવાના તેના અક્ષમ્ય અપરાધ અને અયોગ્ય વર્તનનો બચાવ થઈ શકે. પરંતુ તેના શરીરની તપાસણી વખતે એક બીજા કોયડાનો ફોડ મળ્યો: તેના સ્તનમાં દૂધ હતું. જરૂર, આ ટેકરીમાં કયાંક તેનું બચ્ચું હોવું જોઈએ.

શરીફુલના અપાર સાહસી દૂર મેદાનમાં આંબલીના વૃક્ષમાં ઘુસાઘેલા મારા ગાણુસો દોડી આવ્યા અને વાઘણને મરેલી જોઈને હર્ષથી પુલકિત થઈને નાચવા લાગ્યા. પરંતુ એટલું તેમના માટે બસ હતું. આ વાઘણે બાપાને ખૂબ રંજાડ્યા હતા, એટલે તેઓ એને જોઈ ફીણાઈને તેમની ભાષામાં જેટલા અપશબ્દો હતા તેનાથી તર્પણ કર્યું! એમનો ક્રોધ ક્ષમ્ય હતો. એમણે પણ વાઘણને ઘેરતરતાં જોઈ હતી અને બંદૂકના અવાજ સાંભળ્યા બેગા જ ગોળ દોડી આવ્યા હતા.

વાઘણનું બચ્ચું તો અમારા હાથમાં ન આવ્યું. થોડા દિવસ તે ખોવાયું રહેવાયું અને પછી ખૂબ ગરાથી મરી ગયું.

આમ આયનપુરની નરભક્ષી વાઘણના અત્યાચારી જીવનનો છેવટે અંત આવ્યો. મેં 'સુંદરગૌરી'ને બોલાવી મોકલી અને તેના ઉપર વાઘણનો મૃત દેહ લાદીને અમે મોરલે તરફ રવાના થયા. પરંતુ આ શુભ સમાચારને દેબસુર ગામમાં પહોંચતા વાર ન લાગી અને ત્યાંના લોકો સળગતી મશાલો સાથે ઢોલ વગાડતા આવ્યા અને અમારું સ્વાગત કર્યું. એટલું જ નહિ પણ ગામમાં આવી વાઘણનું પ્રદર્શન કરવા આગ્રહ કર્યો. અમે આ ભોળા ગામલોકોના આગ્રહને પાછો ઠેલી શક્યા નહિ. ગામમાં દાખલ થતાં જ આખું ગામ અમારું સ્વાગત કરવા નીકળી પડ્યું. બાલક, વૃદ્ધ, સ્ત્રી, પુરુષો, સૌ વાઘણને જોવા પડાપડી કરવા લાગ્યા. બાળકોની જિજ્ઞાસાનો તો પાર ન હતો. કોઈની જનેતા અને કોઈનો પિતા એના પેટમાં સમાઈ ગયા હતા. જે પ્રાણીએ તેમને અનાથ કર્યા હતા અને જેના ભયથી રાત્રે તેઓ સ્વપ્નમાંથી ભડકાભડકીને જાગી પડતા તે પ્રાણીના મૃતદેહ સામે તેઓ ફાટી આંખે કુતૂહલથી જોઈ રહ્યા.

આજે હવે ગામલોકોએ ખુશાલીનો દમ લીધો અને આનંદમાં આવી, પોતાની પીઠ ઉપર નરભક્ષી વાઘણને ઘારણ કરનાર 'સુંદર ગૌરી'ને કેળાં અને મકીદાનું ભોજન કરાવ્યું અને આ આનંદોત્સવનું ગાન બનવે તેને જ આભારી હોય તેમ છબાણી સુંદરગૌરીએ એ સન્માનનો સ્વીકાર કર્યો! તે જાણે કે પોતે આ સૈન્ય સમોવડ આવી તે અગાઉ હજી તો છ ગાડીના પહેલાં જ તે પોતે પણ વાઘણ જેટલી જ જંગલી હતી!

વાઘણ ઠાર થયાના સમાચાર વીજળીવેગે આખા પ્રદેશમાં ફેલાઈ ગયા અને બીજા દિવસથી જ ખેતરોનું નિર્બંધ રીતે ખેતરોમાં ગયા, ઠઠિયારા જંગલમાં લાકડાં કાપવા લાગ્યા, આનંદથી ગીત લલકારતા ગોવાળો ઘેટાંનાં ધણ લઈને ચરાડામાં ફરવા લાગ્યા અને જંગલના નિર્જન બની ગયેલા ગામો ફરી જનપદથી કલ્લોલવા લાગ્યા, જંગલી હાથીઓને પકડવાની અગાઉની સરકારી 'ખેદા' પ્રવૃત્તિ પણ પાછી ઉમંગથી શરૂ થઈ ગઈ વિજયગુપ્ત મૌર્ય

[મૈસૂર સરકારના હાથીખાતાના અગ્રગણ્ય અધિકારી શ્રી. પી. સૅન્ડરસનના અનુભવ ઉપરથી લખેલી એક સત્ય ઘટના]

પરદેશના પત્રમિત્રો — Our Friends Abroad

આ પત્ર મોકલનાર:

જયેન્દ્ર ન. ત્રિવેદી, રેલવે ક્વાર્ટર, બોટાદ (કાઠિયાવાડ)

Stud. Hans Yngstrom
Torsvagen 5 Stocksund (Sweden)
સ્ટોકસન્ડ ૪ ૬ ૧૯૪૧

પ્રિય જયેન્દ્ર,

હું ધારું છું કે એ તમારું ખ્રિસ્તી નામ છે! મેં તમારું નામ સરનામું એક પત્રવ્યવહાર મંડળ પાસેથી મેળવ્યું છે. હું ૨૦ વર્ષનો સ્વીડીશ કુમાર છું અને સ્વીડનના મુખ્ય શહેર સ્ટૉકહોમના સ્ટૉકસન્ડ નામના પરામાં રહું છું.

હું સ્ટૉકહોમની એક માધ્યમિક શાળામાં અભ્યાસ કરું છું. આ વસંત માં હું મારી મૅટ્રીકયુલેશન પરીક્ષામાં બેસીશ. શાળાની એ છેલ્લી પરીક્ષા હોય છે અને પછી જ યુનિવર્સિટિનો અભ્યાસ શરૂ થઈ શકે છે મારી પરીક્ષા પછી મારે એક વર્ષ ફરજની તાલીમ લેવી પડશે.

મારા શોખના વિષયો? મને રાજકારણ તથા રંગભૂમિમાં ઘણો રસ છે; રમતો પણ ખરી. શિયાળામાં હું આસપાસના જંગલમાં 'સ્કીઈંગ' (બરફ ઉપર લપસવાની રમત) કરું છું; વસંત અને પાનખરમાં જંગલે માં પગેરાં (track-finding) કાઢું છું. જૂન-જુલાઈ-ઑગસ્ટની રજાઓમાં મેં દક્ષિણ સ્વીડનમાં એક ખેતર પર કામ કરેલું.

હવે સ્વીડન વિષે કંઈક લખું. હિંદ વિષે મારું જ્ઞાન અલ્પ છે એ કબૂલ કરું છું અને કાઠિયાવાડ તો મારે માટે છેક જ અજાણ્યું છે. સ્વીડનની વસતિ ૬૫ લાખની છે. ખાદ્ય પદાર્થો અને બીજી ચેદાશોમાં યુરોપી દેશો તથા હિંદ કરતાં વધુ સમૃદ્ધ છે. ગાંસ, રોટી, માખણ અને બાર ખોરાકોનું જ ભારી વૈવિધ્ય છે, અને એ વૈવિધ્ય પણ મોટા પ્રમાણમાં મળે છે. અમે તો બીજા દેશોને પણ મદદ કરીએ છીએ. કહે કે એ મદદ હજુ વધારવી જોઈએ એમ હું માનું છું.

મેં કપર લખ્યું કે હું રાજકારણમાં રસ લઉં છું, છતાં મારે કબૂલ કરવું જોઈએ કે હિંદના કલ્પાતસર્વ કોયડા વિષે હું બહુ ચોકકસ નથી છું આશા રાખું છું કે ત્રિદિન-હિંદ મંડળ વિષે તમે મોડી ગ હીની આપશો.

ધારું છું કે તમને મારી સાથે પત્રવ્યવહાર કરવામાં આનંદ આવશે અને મારે વિવિધ શાળાકીય બોજો છતાં સગવડ લેશો. અને બાકી વિષયક ખુલાસો કરવામાં નહિ. તમારો હૅન્સ

રવીન્દ્રનાથના કેટલાક પત્રો



કવિને ઓળખવા હોય તો એનું કાવ્ય જોવું જોઈએ, એ એક નિયમ છે. પણ રવીન્દ્રનાથ વિષે એમ કહી નહિ શકાય. માત્ર એમનાં કાવ્યોમાં જ નહિ પણ એમનાં ગીતો, નાટકો, નવલો, વાર્તાઓ, પ્રવાસવર્ણનો, નિબંધો વગેરે અનેકવિધ સર્જનમાં એટલી બધી કાવ્યસંપદ ભરી પડી છે કે એ બધામાં પ્રચ્છન્નરૂપે રહેલ કવિના આત્માનો પરિચય પામી શકો; અને જોયો જ રવીન્દ્રનાથને જાણવા માટે એમનાં કાવ્યો ઉપરાંત અન્ય સર્જનપ્રકારોનું અનુશીલન પણ જરૂરી છે

રવીન્દ્રનાથ જ્યારે સાહિત્ય સર્જે છે ત્યારે તો એમની કૃતિઓમાં એક અપૂર્વ પ્રકાશ દેખાય છે જ; પરંતુ જે કૃતિમાં એમનો હેતુ સાહિત્યસર્જન કે કાવ્યરસના પરિવેશનનો નથી હોતો તે કૃતિ પણ સાહિત્યને ત્રાજવે ઉન્નત જણાઈ છે. આ વાત એમના પત્રો વિષે છે. એમાં પ્રગટ થતું એમનું કવિ-માનસ વારંવાર ઉજ્જ્વલ ભાવે દેખા દે છે. એમાં એમનું કવિત્વ, કૌતુકવૃત્ત ને ભાવનું રંજન સ્પષ્ટપણે દેખાય છે. ઉપરાંત એમાં એવાં અનેક તત્ત્વો પડ્યાં છે, જે રવીન્દ્રસાહિત્યનો રહસ્યપટ ઉઘાડવા કાજે ફરી ફરી જોવાં જરૂરી છે..

રવીન્દ્રનાથે જુદા જુદા સમયે સ્વ. ચારુચંદ્ર બંદ્યોપાધ્યાય (જે તે વખતે 'પ્રવાસી'ના સહકારી સંપાદક હતા) પર લખેલા પત્રોમાંથી 'પ્રવાસી' (કારતક ૧૩૪૮ બંગાબ્દ) માં પ્રગટ થયેલા કેટલાક અપ્રકાશિત પત્રો અહીં ઉતારવામાં આવ્યા છે. એ સમયે કવિની કવિતાઓનો સૌ પહેલો સંચય 'ચયનિકા' ઇન્ડિયન પ્રેસદ્વારા તાજે જ બહાર પડેલો. એની સંકલના સ્વ. ચારુચંદ્ર બંદ્યોપાધ્યાયે જ કરેલી. 'ચયનિકા' મળતાં કવિએ લખેલું—

(કલકત્તાની છાપ: બડા બજાર)
પ્રિયવરેષુ, ૨૮ સપ્ટેમ્બર '૦૯, કલકત્તા.

'ચયનિકા' મળી છે. મુદ્રણ સારું છે, કાગળ સારો છે, બાંધણી પણ સારી છે. કવિતા સારી છે કે રોગ એ તો જન્માન્તરે જ્યારે સમાલોચક બનીને જન્મીશ ત્યારે જણાવીશ.

પરંતુ ચિત્ર સારું નથી થયું એટલું તો સ્વીકારવું જ પડશે. આ ચિત્રને માટે જ આતુરતાપૂર્વક રાહ જોતો હતો. કારણ એ મારી કૃતિ નથી. નંદલાલ પાસે મૂળ ચિત્ર જેવું જોયું હતું, તેવું આ પુસ્તકમાં નથી દેખાતું કલકત્તાનું જરાક ખરાબ જ દેખાયું.

પોતાની જ પ્રતિમૂર્તિ વિષે પોતે જ કંઈ મત દર્શાવવો એ શિષ્ટાચાર નથી. પણ આત્મીય સ્વજનો ને મિત્ર-દોસ્તો જે કોઈ આ જોશે તે રોષે જ ભરાશે. મૂળ ફોટોગ્રાફ સુંદર નથી આવ્યો, પણ એનું આ મુદ્રણ તો એનાથી ક્યાંય દૂર નીકળી જાય છે. બધા એક અવાજે કહે છે કે જો હજુ યે બંધાયું ન હોય તો પુસ્તકમાં ન બાંધવું એ જ સારું છે. ઓછામાં ઓછું મને આપવાની બીજી નવ પ્રતમાં તો એ ન જ મૂકશો. કારણ જેમને હું એ આપવાનો છું, એ સૌએ મને નજરોનજર જોયો છે. આ ચિત્ર જોઈને એ સૌ કદાચ મને બદલી જાય તો?

દેવાર જાઓ છો આપતો કરું છું. ઠંડ ઝાઝે ઝાઝી થયો છે. અત્યારે એક જાપ્યાન ચડાઈની તૈયારીમાં છું. અત એવ ઇતિ.

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

પ્રિયવરેષુ,

ફરી એ જ પદ્ધાતટે આશ્રય લીધો છે. અત્યારે એનું દર્શનવૃંદ મોં પ્રસન્ન ને સુંદર દીસે છે.

'ચયનિકા' એમના ફોટો માટે શું કામ બબડતાંતર કરો છો? એને બાદ કરવામાં જ વધુ આનંદની વાત હતી. મારી પ્રત્યેક કોપીઓમાં મારી છબિ જોઈજોઈને હું ખૂબ જ કંટાળી ગયો છું. હવે તો અરીસામાં મારું મોં જોવું યે બંધ કરી એમ થાય છે.

એક સસ્તી કિંમતની ચયનિકા છાપી. જો માત્ર ૧૦૮ કોપી નાખ્ય પણ મૂલ્યની કાઢી દોત તો વાચકો માટે યે કામકારક થાત અને વ્યાપારીઓને પણ લાભ થાત. બજારની દશા તો એવી છે કે એ કપ (એપ્રિલ ૧૯૪૧)

ચયનિકા ખરીદે, પણ ખિસ્સું ના પાડતું હોય છે. હું જો વાચક હોત તો ચાર રૂપિયા ખર્ચી ચયનિકા ખરીદત નહિ. ઇતિ.

૨૯ આશો ૧૩૧૬ (બંગાબ્દ) શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

ઙ

પ્રકાશનાર્થે લખાણ મોકલનાર શ્રી રવીન્દ્રનાથ સંપાદકની રુચિને ચૂંથીને કેટલું માન આપતા એ એમના અનેક પત્રોમાં જોઈ શકાય છે. નીચેનો પત્ર એનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે:

પ્રિયવરેષુ,

આજે રજિ. પોસ્ટથી બે કૃતિઓ તમને મોકલી છે. જો પસંદ ન આવે તો એક બાજુ નાખી ન દેતાં મને પરત મોકલાવશો. મનમાં એમ ન માનતા કે હું ગુસ્સે થઈને કહું છું. હું જે એક જૂના સંપાદક હતો. સંપાદકની કરવત બન્નવતાં દયા-માયાને તિલાંજલિ જ પડે છે. તમારા વિચાર અને અભિરુચિ મુજબ કાર્ય કરતા રહેજો. હું કોઈ પણ રીતે બરાબર-ચોક્કસાઈ શુષ્ય નહિ બનું. લખાણનો વિષય કદાચ મનોરમ્ય નહિ લાગે. તદુપરાંત હંમેશાં પણ કંઈ શિખાડ. બેસીસ જો આ કૃતિઓ તમને વર્જન કરવા યોગ્ય જણાય (જેવા લાયક ન લાગે) તો એ માટે અમે ગર્જન નહિ કરીએ. કરો બીજું લખાણ પણ મોકલીશ. ઇતિ. ૨૧ ભાદ્ર૦ તમારો

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

નીચેના પત્ર પર છાપ છે: પ્રોપ્રાયટર લાખાણ શાન્તિનિકેતન, ૬ સપ્ટે. '૧૦.

બંગાબ્દ ૧૩૧૮ના ભાદ્ર૦ અંકથી ૧૩૧૯ના શ્રાવણ અંક સુધી 'પ્રવાસી'માં કવિની 'જીવનસ્મૃતિ' ક્રમશઃ પ્રગટ થતી રહેલી. એ સમયે 'પ્રવાસી' તરફથી સ્વ૦ ચારુચંદ્ર બંદ્યોપાધ્યાય જ્યારે જે પત્રવ્યવહાર સ્વ૦ રવીન્દ્રનાથનો થયેલો, તે જોતાં કૌતુકપ્રદ છે તેમ કિંમતી પણ છે. ચારુચંદ્રે કવિ પાસેથી જોગનાં જીવનસંસ્મરણો માગ્યાં કવિએ ઉત્તરમાં લખેલું—

પ્રિય સંભાષણમેતત્,

વાહ, તમે યે બહા ભાષુક છો! હવે એકદમ મારા જીવનમાં દુર્ભાગ્યવશ કરવા માગો છો? ત્યારના દિવસ મારાં કાવ્યો વિષે ખૂબ વાદવિવાદ થયો છે; હવે લાગે છે કે મારા જીવન વિષે ઉદ્ગાર થશે

સંપાદકે જેનાં જીવનદીની દયા-માયા તદ્દન ચાલી જાય છે, તેનું જીવન-ત્યાગ દૃષ્ટાંત જ બનીને નથી રહેતું ! જ્યાં સુધી જીવતો ધું ત્યાં સુધી જીવનને રહેવાં દીધાં. અને બદલે જીવનકરણનો એક ભાગ(અંશ) આ વેળા વેરાઈ ગયું. અને મોટા ભાગનું સચવાણું પણ ગોઠવું છું.

એક નવું નાટક લખવાના પ્રયત્નમાં છું એકાદ-બે દિવસમાં જ શરૂ કરીશ.

તમારો
શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

ૐ

પ્રિયવરેષુ શિલાઈદા, નદિયા.

મારા જીવન માટે તમારો કરતાં તમે જે દલીલો કરી છે ને સંતોષ-જનક નથી. તમે લખ્યો છો 'આપનું જીવન બંધાઈ ગયું છે.' આની પાછળ જો ઘરી રાખેલી બંદુક કે Lalliday સ હેબની ગદ્દી હોત તો તમારી દલીલોની ગણતરી વિષે કોઈને કંઈજ શંકા ન રહેત આવી અત્યારે તો ગાડું જીવનું નિર્વિઘ્ને ચાલે જ આધીન રહેવું શક્યને એ જ યોગ્ય છે

સાચી વાત તો એ છે કે તમે આકોર્ડ, પરલોક અને બધીયે બાબતોનો પૂરેપૂરો વિચાર કરીને આ ઠરાવ કર્યો છે, કે ગત સંપાદકના દુર્ભેદ્ય લોકો અંધ બની આ દુઃસાહસ કરવા તમર બન્યા છો એ હું બરાબર બનવા શક્યો નથી. ને એથી કઈ જ નક્કી નથી કરી શકતો. તમારી ઉમર ઓછી છે, એટલે હઠ કરવી એ જ તમારે માટે સ્વાભાવિક છે ને શોભીત પણ. અથી આ વિષે રામાનંદબાબુનો મત શો છે તે જાણ્યા વિના તમારા માસિકના black and white મા મારા જીવનની ઓર બાબુઓ ચોળ ને બીજી બાબુઓ શું ચીરો પડી નહિ શકું.

પચાસ વીતતાં લોકો પ્રગલ્ભ થવાનો અધિકાર મેળવે છે; પણ છતાંયે ધોળા વાળ અને શ્વેત દાઢી-મૂછ પણ અહંકારને પૂર્ણપણે શુભ્ર કરી શક્તાં નથી.

તમારો
શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

દતિ ૬ જેઠ ૧૩૧૮

ૐ

પ્રિયવરેષુ (પોસ્ટ છાપ) શિલાઈદા, ૨૭ મે '૧૧

આખરે તમારા હાથમાં જ જીવન સમર્પણ કરવું પડ્યું રામાનંદ બાબુને લાગ્યું છે, પણ અજીતનો[૧] લેખ પૂરો થઈ ગયા પછી જ એ (જીવનસ્મૃતિ) શરૂ થાય તો સારું મારા જીવન વિષેની લોકોની કુતૂહલતા પણ ત્યારે કદાચ ઘોડીક ઓછી થશે

સત્યેન્દ્રને અહીં કયારે મોકલવો જોઈએ એ મને તુરત જણાવશો. અહીં એને જરાય તકલિફ નહિ પડે. તમે અહીં ન આવી શકો તો શું કેણિવાલ એના પથદર્શક બની એને અહીં મૂકવા ન આવી શકે?

દતિ ૧૭ જેઠ ૧૩૧૮

તમારો
શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

ૐ

પ્રિયવરેષુ

તમારું આ વખતનું 'પ્રવાસી' બહુ સારું બન્યું છે. ખાસ કરીને આ વખતનો 'કષ્ટિપાથર' (કસોટીનો પત્થર) વિભાગ બરાબર તેજીએ તેવો જ બન્યો છે લોકો પર નાહક આઘાત ન કરતા. 'નાહક' એ માટે કહું છું. કે જેનું મોત આવ્યું છે તે તો મરવાનો જ; તો પછી બધી તોડીને ગોહત્યાનું પાપ શા માટે વહોરવું? સાહિત્યની-ગુંડાગીરીમાં જેઓ પક્કા બની ગયા છે તેમને જ એ ખૂબ જ બરાબર

૧ શ્રી અજિતકુમાર ચક્રવર્તી. તેઓ એ વખતે રવીન્દ્રકાવ્ય વિષે 'પ્રવાસી'માં સારું લેખમાળા લખતા હતા, જે પાછળથી ત્રણ પુસ્તકારે જહાર પડેલી (૧) રવીન્દ્રનાથ (૨) કાવ્ય-પરિક્રમ (૩) આલોચના ૨ ૨૫ કવિ સત્યેન્દ્ર નાથ દત્ત ૩ ૨૫ કાલિદાસ ગંગે પાધ્યાય

જ્યોતિષાજ લેવા દો. તમે સજ્જન છો, તમારે દયામાયા છે, લોકો તમને યાદ કરે છે. કે એ લખતાં નથી બનતા તેઓ સદૈવ જ હતભાગી છે વિધાતાએ જ એને દંડનીધો છે. તેના કારણ તમારે શા માટે એનો દુઃખભાર વધારવો? તમારા પર જે દ્વેષ ભરી છે તેઓ પોતાના અંતરતેષે પોતે જ દાઝે છે, બળે છે. તેના ઉપર ચપ્પુ ભાંકી તીર ન છોડો શાંતપણે સંપાદકનું સ્થાન અજવાળ્યે જાવ. આ મારો આશીર્વાદ છે. ભ્રકુટિ તણાવાનું ચિહ્ન કપાળમાંથી દૂર થાઓ.

શ્રી રવીન્દ્રનાથ.

ૐ

પ્રિયવરેષુ, (પોસ્ટ છાપ) શિલાઈદા, ૪ જૂન '૧૧.

પરદેશી વાર્તાઓના બંગાળીમાં ઉતારવી હવે બાકી રહી હોય એમ નથી દેખાતું. તુર્ગનેવની Triumphant Love નામની એક સુ-વિખ્યાત વાર્તા છે. એનું પણ મેં દિનુ પાસે રૂપાંતર કરાવ્યું હતું કદાચ એ પણ અમારા કયાંક પ્રગટ થઈ ગઈ હશે. પણ એની ખબર રાખની એ પણ મહેનું નથી ને! જ્યાંત્યા જેને આવી પૂર્તાઓ પ્રગટ થાય એ તુરતાતુરત એક રજિસ્ટરમાં નોંધાય એવું તમે ન કરો? ગીતિક કહેવાની અનેક વાર્તાઓ પણ હકીકતમાં બાધાન્તર જ હોય છે.

કવિને મારું કવિજીવન વાંચવા આપજો. એ તમારી સંપાદકની નાતના નથી, એટલે એમનું હૃદય કોમળ હશે; ને તેથી એ વાંચીને તેઓ શું કહે છે તે જાણવા ઈચ્છું છું. સત્યેન્દ્રને શરીરે તો સારું છે ને?

દતિ ૨૫ જેઠ, ૧૩૧૮ તમારો,
શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

(બંગાળી ઉપરથી) રમણિક મેઘાણી

મૂળશંકર હરિનંદ મૂળાણી (અનુસંધાન પાછળના પાન ૬૦થી)

અને રમણભાઈ જેવાઓએ એમનાં નાટકો જોઈ ગયા 'અભિપ્રાય આપેલા. સ્વ. રણછોડરામે તો એમનાં નાટકોમાંથી કેટલાક ભાગ પ્રસિદ્ધ કરવાની માગણી કરેલી, પણ દૈવયોગે રણછોડરામ અકાળ અવસાન પામ્યા.

એમનાં મધ્યકાળનાં નાટકો 'સૌભાગ્યસુંદરી' સાથેનાં 'અજબ કુમારી', 'વીરગંડ', 'વિક્રમચરિત્ર', 'નલ દમ યંતી', 'ભાગવતા', 'નદબત્રીસી' અને 'કૃષ્ણચરિત્ર' એમાં લોકરુચિને સાથે રાખવાના પ્રયત્નમાં એમણે માત્ર સરળતા ને આકર્ષક વસ્તુયોજનાના એ જ તત્ત્વો સંભાળેલાં છે; જ્યારે સાહિત્યગુણોની દૃષ્ટિએ લેતાં વસ્તુ વિકાસ, પાત્રવૈચિત્ર્ય, સ્વભાવવિકાસ આદિકલાની યોજના સાથેકલ્પ આદર્શો ને વિચારો, રસિક તર્ક રંગ, શુદ્ધ ને બળવાળી ભાષા તેમજ કાવ્યગાયન ને નિત્યનો કુપયોગ તો ધીમેધીમે ચડતાં દેખાતાં આવે છે 'કૃષ્ણચરિત્ર' નાટક સુધીમાં એમનો મધ્યકાળ પસાર થઈ એમની કલા પૂર્ણ વિકાસ પામે છે એ દરમ્યાન એમનું જીવન પણ ક્રમશઃ યોગાભ્યાસ અને તત્ત્વચિંતન તરફ વળતું જતું હોવાથી એમના અકબર જેવાં નાટકો હૃદયભાવનાનાં ચિત્રો કરતાં વિચારસમૃદ્ધિથી વિશેષ ભરેલાં દેખાય છે. ('ગ્રંથ-ગ્રંથકાર' અને 'નવચેતન' ઉપરથી)

બાલવિનોદ ગ્રંથાવલિનાં સચિત્ર પુસ્તકો

હાથીનું નાક, સંગીતશાસ્ત્રી, ચિત્રલેખા, ત્રણ દીકરા, અંધેરી નગરી, ચોરનો કુમારી, ઇન્દુબાલા, બિલ્લીબાઈ, ચન્દલીનાં છોકાં, બીકણ સસલી: વાચન આવડી નવા પછી નવું કાંઈ વાંચવાનું ગમતાં છ થી સાત વરસની ઉમરનાં બાળકો માટે અને તેમને ચિત્રોય બી મોટા અક્ષરોમાં અને ચોરની છપાઇમાં નાની વાર્તાઓની ચોપડીઓ: સંપાદક-નાનરદાસ ઇ. પટેલ, પ્રકાશક-ભાવ-વિનોદ ગ્રંથાવલિય, ૧૪૬ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨, દરેકની કિં.૦-૬-૦.

(એપ્રિલ ૧૯૪૧) ક્ર

પિંગળ-પરિચય

કવિતા-રચનાના શાસ્ત્રની સમજણ

[આજે યુવાન વર્ગમાં કવિતારચનાનો શોખ અગાઉ કરતાં ઘણા જરૂરના પ્રમાણમાં જણાય છે, પરંતુ તેના શાસ્ત્રીય જ્ઞાનને અભાવે ઘણાને મુંઝાતા જોયા છે. 'કવિતા-પિંગળ', 'રણુપિંગળ'ના ગદ્યગ્રંથો કે 'ગદ્યકવિતા'ગાનો 'પિંગળ પ્રવેશ', જેવા ગ્રંથનારાઓ માટે જેમણે તેટલા વિશદ જણાયા નથી. ખૂબદ જ્યાકરણ વગેરેને કેટે આપેલાં છંદરચનાનાં પ્રકરણો સંપૂર્ણ નથી. આ સંજોગોમાં શ્રી કેશવરામ શાસ્ત્રીના આગામી પાડય પુસ્તકમાનું આ પ્રકરણ આગોતરું પ્રકટ કરવાની તક અમે સાભાર લીધી છે.

ગયા અંકમાં પિંગળશાસ્ત્રની પ્રારંભિક વિગતો, પારિભાષિક શબ્દો તથા અક્ષરમેળ છંદોની રચનાની સમજણ આપવામાં આવ્યાં હતાં. આ અંકમાં તેને અનુસંધાને અક્ષરમેળના વિશેષ પ્રકારો તથા માત્રામેળ છંદોની રચના સમજાવવામાં આવ્યાં છે.]

—કેશવરામ કા. શાસ્ત્રી—

• **અર્ધસમ છંદો**

ગયા અંકમાં આપેલા અક્ષરમેળ છંદ તે બધા 'સમ' છંદ હતા. સંસ્કૃતમાંના જોવાનું 'અર્ધસમ' છંદ (જેમાં ૪ા ચરણ એક માપનાં ને બેથી ચરણ જુદા માપનાં હોય તેવા છંદ) પણ આપણે કપયોગમાં લઈએ છીએ. એમાં સુંદરી કે વિયોગિની મુખ્ય છે.

૧૦ અને ૧૧ અક્ષરનો સુંદરી કે વિયોગિનીઃ એનું બંધારણ—

'વિષમે સસન્ત ન આવતાં, સભરાલે ગુરુ સુંદરી સમે.'

એ વિષમ એટલેકે પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, રગણ, જગણ તથા ગુરુ એમ ૧૦ અક્ષરો, ને સમ એટલેકે બીજા તથા ચોથા ચરણમાં ભગણ, જગણ, રગણ, લઘુ ને ગુરુ, એમ ૧૧ અક્ષરો એમાં આવે છે.

ISI ISI gā, ISI ISI gā, ISI gā lā, gā,
ISI ISI gā, gā ISI lā, gā sā, gā, lā, gā

કયારે જાય ફુલ્લ પૂર્ણિમા, કરી કલ્લોલ ઊંચા ગિરિ સમા
દધિ પૂર્ણદિ જોમ નર્તતો, હર એ કૌમુદીને સમર્પતો
જગમાં પણ કોઈને કદી ન ગળે એકલી શુભ્ર કૌમુદી
અનવાણુ પીયૂષ માનને ભરી એપાડુ પીવાનું છે જ ને! (શેષ)

વિયોગિનીને છેડે એકેક ગુરુ વધવાથી, એટલેકે વિષમ ચરણોમાં ૧૧ અને સમમાં ૧૨ અક્ષર લેવાથી 'માલભારિણી' બને છે.

૧૨ અને ૧૩ અક્ષરનો પુષ્પિતાગ્રાઃ એનું બંધારણ આ મુજબ—

વિષમ નનર ંઅ ગ-સાથ થાતાં
સમ નજ જે રગ થાય પુષ્પિતાગ્રા.

વિષમ=૧લા અને ૩જા ચરણમાં નગણ, નૃગણ, રગણ અને યગણ તથા સમ=૨જા અને ૪થા ચરણમાં નગણ, જગણ, જગણ, રગણ અને છેવટે ગુરુ એમ ૧૨ અને ૧૩ અક્ષરના મિશ્રણે આ છંદ બને છે.

ISI ISI lā, lā ISI sā, gā lā ISI gā, ISI gā gā
ISI lā sā, gā gā lā, lā ISI gā, ISI sā gā, gā
હસાદ હસાદ ત્રાસ ત્રાસનારી;
નિરમિત અબ્જ કરે ધરી જનારી;
પ્રિયતમ-મુખ દૃષ્ટિ કાજ બ્યમા,
બસ કમલા બસતી ન પુષ્પિતાગ્રા! (કે.કા.શાસ્ત્રી)

વિષમ છંદો

સંસ્કૃતમાંના જે મૂળ વિષમ છંદો છે તે નો આપણે ત્યા ગુજરાતીમાં બોલતા જ નથી. હાલે માત્ર આપણે ત્યાં છંદોનું મિશ્રણ કરવાનું શરૂ થયું છે. ગયા દાયકે આગેકૂચ કપજાતિ અને મિશ્રોપજાતિ એ સમભાગ આ કોટિમાં આવે છે.

એ કપરાંત ચરણોમાં બેઉ પણ પાદવામાં આવે છે-કપજાતિ, ઝિણવિણી, ગંદાકાંતા વગેરેના ઓમ દુકડા પાડીને સ્વતંત્ર રચના કરવામાં આવે છે. તેનાં માપ કપરથી તે દુકડા વિદ્યાર્થી પકડી શકે છે.

વૈદિક પાટીઃ વૈદિક પાટીના ચરણ સાગવતી કપજાતિ પણ દાલ આપણે ત્યાં રચાય છે, જેમાં ૧૧ અને ૧૨ અક્ષરના માપના સાસેનો, ૬૮ચરણ, ૬૫ેન્દ્રવજ્રા, મંગરય, ૬૮ેવંશા વગેરેનાં ચરણો મિશ્રિત કરવામાં આવે છે; તેમજ તેમાં શુદ્ધ વૈદિક પદ્ધતિના ત્રિષ્ટુપ્ અને જગતી માપનાં પણ ચરણો દોત છે જેમકે—

જુઓ હસે છે નજરોમા સૂર્ય, (૬પેન્દ્રવજ્રા)
પારો પાસે ઔક ડૂબે ડૂબંતાં (સાવિની)
પ્રફુલ્લતાં કિંતુ ન જેહ સંગમાં (વંશસ્થ)
આધન્ય ગોતાં પદ્મ ને પોયણાં શાં (૬પેન્દ્રવજ્રા-ઇન્દ્રવંશા)
જેઈ મુખો આપણ બે તણાં અહીં. (૬૮વંશા)
આવી વેળા જોગ માંદે ન શોદે (સાલિની)
સાથે સાથે સૂર્ય ને સોગ, કૃષ્ણ. (,,)
સોદે નહીં એક રથે ય બેવા (૬૮ેન્દ્રવજ્રા)
પ્રવીર બે કૌરવ પાંડવોના. (૬પેન્દ્રવજ્રા)
અદૃશ્ય થાતા પુર-કોટ-કાંગરા, (વંશસ્થ)
ધર્યે જતા પંથ પિપાસુ અર્થ (૬પેન્દ્રવજ્રા)
આજ્ઞા કરો, કૃષ્ણ, કતારવા બને. (૬૮ેન્દ્રવંશા)
ક્ષણેક થંભે રથ. દો આનુજ્ઞા. (૬પેન્દ્રવજ્રા)
નહિ પ્રતીક્ષા કરતા હશે ત્યાં (૬૮ેન્દ્રવજ્રા)
કૈં વર્ષોથી શૌર્યકન્યાદ ખ્યાકુવા (આ-સાલિની)
સંગ્રામાર્થે જે બુલ્ત ખજવાળતા (,,)
આજે સાધ્યે શુદ્ધનું પર્વ ધન્ય, (સાલિની)
પ્રસન્ન સૌ કૌરવ હસ્તિનાપુરે (વંશસ્થ)

—ઉમાશંકર

અક્ષરમેળ વૃત્તોમાં સંખ્યામેળ પ્રકારના છંદો

અહીં સુધી જે અક્ષરમેળ છંદો આપવામાં આવ્યા તેનાં માપ પણ કપરથી ખ્યાલ કરી શકાય તેવું હતું. તેમાં નકી રચાને લઘુગુરુ અક્ષરો સ્થિર હતા. પણ અક્ષરમેળ વૃત્તોનો બીજો એક પ્રકાર એવો છે કે જેમાં ચરણના માત્ર અક્ષરોની સંખ્યા જ ચોક્કસ હોવાનું બધાય લઘુગુરુનાં સ્થાન ચોક્કસ હોવાનો આગ્રહ નહિ. 'કવિન'ના નામથી જાણીતા 'મનહર' અને 'ઘનાક્ષરી' બે આવા છંદ છે.

મનહરનું બંધારણ આ મુજબઃ

અંતમા ગ, ઓકત્રીસ અક્ષર અંધે કરીશ,
આઠ આઠે અટકીશ, ત્યારે મનહર છે.

મનહરમાં ૩૧ અક્ષરો અચૂક આવવા જોઈએ. એમાં આઠઆઠ અક્ષરે વિરામ લેવાનો અને દરેક ચરણને છેડે ગુરુ આવે. જેમકે—

ઊંચ કદે આ સમામાં વાંસો ઝંખવાળાં ઝૂંડાં
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે.
બખલાની ઝાંક વાંકી, પિપાસની માંગ પાકી,
કુતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.

વારણની સૂંઢ વાંકી, વાઘનો છે નખ વાંકો,
બૈસને તો શિર વાંકાં શીંગડાનો ભાર છે.
સાંજણ સિયાળ બોલ્યો, કાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે. (દલપતરાગ)

૩૨ અક્ષરનો ઘનાક્ષરી : એનું બંધારણ—

અંતમાં ગ લ બત્રીસ, , અક્ષર બધે કરીશ,
આઠ આઠે અટકીશ, ત્યારે ઘનાક્ષરી છંદ.

એટલેકે મનહરના ૩૧ને બદલે છેલ્લે એક લઘુ વધારી ૩૨ અક્ષર કરવામાં આવે તે ઘનાક્ષરી. બાકી બધું મનહર મુજબ જ.

ફૂલેલાં દેખીને ફૂલ ફોગટ ફુલાવું નહીં
ફૂલની સફાઇ તો ફરે દિવસે ફરી જાય;
પીતળનો પ્રીતનો પતંગનો પોથીનો રંગ
નવો નવો નવ દિન સુધી હૈયું હરી જાય. (દલપતરામ)

કલિકા: કવિ ખબરદારે મનહરમાંથી છેલ્લો ગુરુ કાઢી નાખીને અને છેલ્લો અક્ષર અવશ્ય લઘુ જ રાખીને જે છંદ પ્રયોજ્યો છે તેનું નામ તેમણે 'કલિકા' આપ્યું છે. તેનું ઉદાહરણ—

લીલા પેલા આંબલાની સૂર્યકૂંથી છાયા નીચે
ચાંદની શી મંજરી છે પડી ઠેમ તેમ;
ડાંખળી શા હાથ વાળી ફૂલ જેવું શીરા મૂકી
સૂતેલી છે પ્રિયા મારી મંજરીની જેમ. (ખબરદાર)

અનુષ્ટુપ : આઠઆઠ અક્ષરનાં ચાર ચરણોનો આ અત્યંત વ્યાપક છંદ સંસ્કૃતમાંથી મળેલો છે. આજે આપણે એને બે લીટીમાં લખીએ-છાપીએ છીએ, પણ ખરું જોતાં તેનાં ચરણ ચાર છે. સામાન્ય રીતે એને આપણે શ્લોક કહીએ છીએ. એનું બંધારણ આ મુજબ છે:

પાંચમો લઘુ સર્વત્ર, છઠ્ઠો સર્વત્ર ગા કહ્યો;
વિષમે સાતમે હ્રસ્વ, સમે શ્લોક ગ સાતમો.
બીજો ત્રીજો અને ચોથો નરસા વર્જ્ય જાણવા.
વિષમે ૨ કહી ત્યા હો, સ્થિતિ આ છે અનુષ્ટુપે.

અનુષ્ટુપમાં બધાં(ચારે) ચરણમાં પાંચમો અક્ષર અચૂક લઘુ જ આવે, અને છઠ્ઠો અક્ષર ગુરુ જ આવે. વળી વિષમ એટલેકે એકી ચરણમાં સાતમો અક્ષર ગુરુ જ આવે, અને સમ એટલે બેકી ચરણમાં સાતમે લઘુ જ આવે. આ સામાન્ય લક્ષણ પછી વિશેષ એ ખ્યાલ રાખવાનો કે ચારે ચરણોમાં ૨-૩-૪ એ અક્ષરોનો સમૂહ નગણ,રગણ કે સગણ રૂપે(એટલે કે લલલ,ગાલગા અને લલગા એ રીતના)ન આવવા જોઇએ. બેકી ચરણમાં ત્યાં કદીક રગણ (ગાલગા) ચાલે, પણ બેકીમાં તો નહિ જ. આટલી સાવચેતી લીધા પછી અનુષ્ટુપ સિદ્ધ થઇ જશે.

પિતાજી! પત્ર ને પુષ્પો એ જ આવી વસંત આ,
દૃહોરૂં છે કોકિલા, એવા દૃહોરૂં છે રમણેા અહા!
છાંયો તો વડના જેવી, ભાવ તો નદના સમ,
દેવોના ધામના જેવું હેતું જણે હિમાલય. (નાનાલાલ)

અનુષ્ટુપના આ બાવમાં બેકી ચરણે ૫ ૬-૭મા અક્ષરોના સમૂહમાં કેટલાક વિકલ્પ આપવામાં આવે છે. એ ત્રણ અક્ષરોનું જુગાર્યું ભગણ, રગણ કે નગણ પણ આવી શકે; પરંતુ તે વખતે ચોથો અક્ષર તો અવશ્ય ગુરુ રાખવો જ જોઇએ.

ભગણ (ગાલલ) થી—ભરી કપોલ સ્મિતથી, ઓષ્ઠ સંપુટ ચુંબને,
અનારવાદા રસે હૈયું શોભજે નિત્યયૌવને.
રગણ (ગાલગા) થી—જે થયું ના ઇન્દ્રથી તે થશે તારા પ્રભાવથી
આસનાર્ધે રહ્યો છો તો, છે તારું અધિકારથી.

નગણ (લલલ) થી—અટૂલી એકલી ઝૂલે અટારીએ શી
ધ્યાને વિષાદમૂઢના, બ્યાકુલી ને વિરહના! (કમાંગકર)

અભંગ : મરાઠીમાંથી આપણને જે થોડા છંદો ગમ્યા છે તેમાં આ અભંગ પણ એક છે તુકારામના અભંગો તો જાણીતા છે. અભંગનું માપ સામાન્ય રીતે બે ચરણનું છે અને એ દ્વિપદી અભંગ આઠ અક્ષરનાં બે ચરણોનો બને છે. તુકારામ આગ્રહ કરે છે ચરણોનો પ્રાસ શુદ્ધ માનતા લાગે છે.

આ ઉપરાંત કેટલીક વાર ચાર ચરણ પણ ગણવામાં આવે છે. એ ચતુષ્પદી અભંગમાં પહેલા ત્રણ ટુકડા છ છ અક્ષરના અને છેલ્લો ટુકડો ચાર અક્ષરનો થાય છે. સ્વ. ભોળાનાથ સારાભાઈના આ જાતનાં અભંગ જાણીતા છે. એમાં સામાન્ય રીતે ૧-૨ ૩ એ ચરણમાં પ્રાસ મેળવવામાં આવે છે અને ચોથું ચરણ મુક્તપ્રાસ રાખે છે. જેમકે—

અગમ્ય અપાર, પ્રભુ નિર્વિકાર,
વિશ્વના આધાર, દયાસિંધુ. (ભોળાનાથ સારાભાઇ)

ચતુષ્પદી અભંગનો એક બીજો પણ પ્રકાર છે, જેમાં ત્રણ ચરણ આઠ આઠ અક્ષરોનાં અને છેલ્લું ચરણ સાત અક્ષરોનું આવે છે આ ચતુષ્પદી અભંગમાં તુકારામે પ્રાસની કયાંય પણ પરવા કરી નથી.

માત્રામેળ છંદ-'જાતિ'ઓ

લઘુ અક્ષર બોલવામાં જેટલો સમય જાય છે તેટલા સમયના માપને માત્રા કહે છે. તેથી લઘુની એક માત્રા ને ગુરુની બે માત્રા ગણી ગણવી થાય છે. માત્રામેળ છંદો (જે 'જાતિ'ઓ કહેવાય છે)માં અક્ષર-મેળ વૃત્તોની પેઠે દરેક ચરણમાં અમુક ચોક્કસ સંખ્યામાં અક્ષરો જોઇએ જ એવું બંધન નથી. એમાં તો પ્રત્યેક ચરણમાં અમુક માત્રાઓ નક્કી કરવામાં આવી છે. એટલી માત્રાઓ પંક્તિ દીઠ આવે એટલે બસ; પછી છંદના માપમાં લઘુ-ગુરુ અક્ષરો ગમે તે રમાને આવે. અરે, અક્ષરોની સંખ્યા પણ ચઢઊતર હોય તો ચાલે. ફક્ત માત્રાની સંખ્યા સરવાળે સરખી રહે. (આ માત્રામેળ છંદોમાં લઘુની સંજ્ઞા 'લ' અને ગુરુની સંજ્ઞા 'દા' છે. 'લ'થી માત્ર લઘુ જ સમજાય; જ્યારે 'દા' નો અર્થ બે લઘુ તેમજ એક ગુરુ પણ થાય.)

આ છંદોમાં પણ સમ છંદ અને અર્ધસમ છંદ એવા બે ભેદ છે.

માત્રામેળ છંદોમાં જે અમુક માત્રા ઉપર તાલ પડે તે માત્રા વાળો અક્ષર તેનાથી પૂર્વની માત્રા સાથે ગુરુ રૂપે આવી ન શકે, પણ પછીની જ માત્રા સાથે આવી શકે, એ લક્ષ્યમાં રાખવા જેવું છે. જે માત્રા ઉપર તાલ પડે તેના ઉપર અહીં ઊભી લીટી કરવામાં આવશે.

સમ માત્રામેળ છંદો

૧૪ માત્રાનો ઉધોર

।।	।।।	।।।	।।।	।।।
એ	તે	ગા	ન્ધી	ઉધોર

ઉપરનો લીટીમાં ઉધોર છંદનું લક્ષણ જણાવીને તેની માત્રા કઇ રીતે ગણાય તે દર્શાવ્યું છે. ગુરુની બે માત્રા ગણાય છે, પણ તે તે અક્ષર ઉપર બમણો ન મૂકતાં બે એકડા મૂક્યા છે, તે એમ દર્શાવવા, કે બેમાંની અક્ષરમાં તાલ પડેલી માત્રાથી જ ગણાય છે. જેમકે આ છંદ(ઉધોર)માં ૧, ૫, ૮, અને ૧૨ માત્રા ઉપર તાલ આવે છે. એ તાલ તે તે સ્થાન ઉપર ઊભી લીટી કરીને દર્શાવ્યો છે. એનું ઉદાહરણ—

પેલું બકરી કેરું બાળ, વિખુટું ગાડીથી આ કાળ,
ઊભું ઉચ્ચ ગિરિને શૃંગ, કોઇ નાહિ સોની સંગ. (નૃસિંહરાવ)

૧૪ માત્રાની પ્રચલિત ગઝલઃ ગઝલમાં ચૌદ પાંચ–નવે.

૨, અને ૯, ૧૩મી માત્રા ઉપર તાલ; તથા પાંચ અને નવમી માત્રાએ વિરામ પડે; જેમકે

સુન્દરે જે શિરે તારે જગતનો નાથ તે સે'જે.

ગણ્યું જે બારું બારાએ અતિ બ્યારું ગણી લેજે. (બાલાશંકર)

આ ગઝલ બહુ પ્રચલિત થઈ ચૂકી હોવાથી અહીં લક્ષણ આપ્યું છે.

૧૫ માત્રાની જેકરીઃ 'પંદર યુગ–યુગ લગ જેકરી.'

૧, ૫, ૯, ૧૩ માત્રા ઉપર તાલ; તેથી ચાર ચાર માત્રાએ વિરામ આવી રહે; છેડે ત્રણ માત્રા 'લગો' રૂપમાં જ આવે. જેમકે–

આગ વચે ઓદાવો ફૂંવો, સોના મનની મરજી જુઓ,

કો ઝાડો કો ઝૂંતળો કહે, સોનું ગત રાજ નવ રહે.' (દલપતરામ)

૧૫ માત્રાની ચોપાઈઃ 'ચોપાઇ પંદર ગ-લ અંત.'

૧, ૫, ૯, ૧૩ મી માત્રા ઉપર તાલ; તેથી ચાર ચાર માત્રાએ વિરામ. છેડે ત્રણ માત્રા 'ગાલ' (ગુરુ અને લઘુ) રૂપે. જેમકે–

'લાંબા જોડે ટૂંકો જાય, મરે ન તોયે ગાંડો થાય.

તે ગાંઠિ તહ જોઇ તગાગ, શક્તિ વિચારી કરીએ કામ. (દલપતરામ)

ચોપાઇ અને જેકરીમાં ફેર માત્ર એટલો, કે જેકરીનો અંત 'લગા'ના રૂપમાં આવે, જ્યારે ચોપાઇનો અંત 'ગાલ' રૂપે. આ ચોપાઇ અને જેકરીના મિશ્રણથી સંખ્યાબંધ 'દેશી'ઓ બની છે. એ દેશીઓ વિશે આગળ હવે પછીના હપતામાં સમજીશું.

૧૬ માત્રાનો ચરણાકુળઃ યુગ યતિ સોળે ચરણાકુળ છે. યુગ=ચાર માત્રાએ યતિ લઈને સોળ માત્રાનો આ છંદ બને છે. તેમાં ૧, ૫, ૯, ૧૩ મી માત્રાએ તાલ આવે અને છેલ્લે બે માત્રા એક ગુરુરૂપે અથવા બે લઘુરૂપે પણ આવે ચરણાકુળને પાદાકુળ પણ કહે છે. ઉદાહરણઃ

જે અભિમાન ધરે અતિ અંતર, તે નર નિંદિત થાય નિરંતર;

વિનય સહિત ઉચરે મુખ વાચક તે સનમાન લહે સુખદાયક.

(દલપતરામ)

હિંદીઃ મરાઠીમાંથી આ છંદ આપણને મળ્યો છે. એનું લક્ષણઃ

નવે અને દશે, અટકવાથી હિંદી.

૧૯ માત્રાના આ છંદમાં વચ્ચે નવમી માત્રાએ યતિ પડી પછી દસમી (એટલેકે છેલ્લે ૧૯ મી) માત્રાએ ચરણ પૂરું થાય છે; અને ૪, ૧૦ તથા ૧૬ માત્રા ઉપર તાલ આવે છે. છેલ્લે ગુરુ કે લઘુ આવવો જોઇએ એવું કાંઇ નિયંત્રણ નથી. જેમકે–

જગવંદ્ય દેવ, વિશ્વના વિધાતા

પ્રભુમું પ્રેમથકી, પ્રણત જગત્રાતા.

વિના નાથ નથી અન્ય મુક્તિદાતા,

પરિત્રાણ કરો ગાઢું પિતા માતા. (ભોળાનાથ સારાભાઇ)

૨૧ માત્રાનો પદ્મવૈજયંતઃ આદ્યંતે ગુરુ રુદ્ર-દશાંત પદ્મવૈજયંતે

આદ્યંતે ગુરુ એટલે પહેલો અને છેલ્લો અક્ષર ગુરુ હોય જ આવે; અને એની ૨૧ માત્રામાં રુદ્ર=૧૧ અને દસ માત્રાએ વિરામ આવે. અને ૧, ૫, ૯, ૧૩, ૧૭ મી માત્રા ઉપર તાલ.

છત્રે પાતી છાંય છડીદર છાજતા.

દાઢી ડોલા ગાજ રસિક શિરાજતા.

અ યુવ ઋદ્ધિ અનેક અરેલી આજમાં,

એ'ચુતા દિન એક વછળની આજમાં. (દલપતરામ)

૨૨ માત્રાનો મહીદીપ. સૂર્ય–દિશા અંત જેમ મહીદીપમાં છે

સૂર્ય એટલે ૧, દિશા એટલે ૪, અને પછી ૭, ૧૦, ૧૩, ૧૬ અને ૧૯ મી એમ ત્રણત્રણ માત્રાએ તાલ; અને બાર તથા ૧૦મી વિરામ 'અંત જેમ' એટલે છેલ્લે બે ગુરુ રૂપે ચાર માત્રા આવે.

ઈસ્વરણ-રવરણ મિત્ર સરસ રીત આચી,

તે વિના ત્રિલોકે મધ્ય કોઇ વાત કાચી.

હરત ચરણ હરણ મોહ તેં કૃપાળુ કીધું,

નેત્ર વદન હંત આપી જ્ઞાનદ ન દીધું. (દલપતરામ)

૨૪ માત્રાનો રોળાઃ 'રોળામાં નહિ જગણ થતાં યોગો શિવ–તેરે.

રોળા છંદમાં તાલ પછી કદી જગણ (લઘુગાલ) ન આવે અને શિવ=૧૧ તથા ૧૩ માત્રાએ વિરામ લેવો એ તેનું લક્ષણ બની ૧૧મી માત્રા લઘુ જ રહેવી જોઈએ એ ખાસ ધ્યાન રાખવું. જેમાં તાલ ૧, ૬, ૧૩, માત્રાએ આવે.

અહિંયાં સહસ્રલિંગ તળાવ વિશાળું દ્રઢું,

અહિંયાં પાટણ નૂનું અહીં આ લાંબું રાજું.

ગુજરાતનો પૂત રહી ઊભો આ રમણમાં

કોણ ઓઢવો જેહ નયન જીવ્યાં નહિ જગમાં. (નરસિંહરાવ)

આ છંદનું નવું નામ 'કાવ્ય' છંદ છે. જૂની રીતે તેમાં ૬–૮–અને ૧૦ માત્રાએ ત્રણ ટુકડા પાડી વિરામ લેવામાં આવે છે. ૧૧મી માત્રા લઘુ જ રહેવી જોઈએ, એ તો બંનેમાં લક્ષ રાખવાનું.

૨૮ માત્રાનો હરિગીતઃ

હરિગીત મુનિ–મુનિ–મુનિ–હયે, યતિથી જ નહિ, લય અંતમાં.

મુનિ=૭ અને હય=૭ એટલેકે સાતસાત માત્રાએ યતિ લઈને સાતસાતના ચાર ટુકડામાં આ છંદ બને છે. તેમાં એટલું ખાસ ધ્યાન રાખવું કે આદિથી ચાર માત્રામાં કયાંય જગણ (લઘુગાલ) ન આવે. ૩, ૧૦, ૧૭, અને ૨૪ માત્રા ઉપર સાતસાતે તાલ.

જે પુષ્પનાં દલ ખોલીને રજ રસ્યુને રસમય કરે,

અધિકારી તે મધુમક્ષિકા એ મધુતણી પેટી કરે;

તુજ રૂપરાંપી મુજ ચક્ષુને કંઇ રસપ્રસાદી જે લાધિયું,

જીવનસખી! તે તુજ વિના રે! અન્ય કોને અર્પિયું?

(રમણભાઇ)

હરિગીતની પહેલી બે માત્રા બેની અવયવમાં બોળી કરીને સ્વ. નરસિંહરાવે વિષમ હરિગીત'ની યોજના કરી છે. ઉદાહરણ તરીકેઃ

શાંતિ શીતળ વરસીને મુખમાં સુધાનું સાંચિએ,

જે નદી સરવર અદ્રિ તરુવર દિવસ તપિયાં તેમને. ('વંદા'કાવ્ય)

સવૈયા (ત્રીસા, એકત્રીસા અને બત્રીસા):

શોળો ચૌદ થાય સવૈયો ત્રીસે અંતે ગુરુ માનાં.

ચાર ચાર માત્રા એ તાલ, સોળ તથા ચૌદ માત્રાએ વિરામ, અને તેમાં છેલ્લે બે માત્રાનો ગુરુ આને, એ રીતનો ૩૦ માત્રાનો ત્રીસા સવૈયો થાય. એવા ત્રીસા સવૈયામાં છેલ્લે એક લઘુ ઉમેરાય અને કુલ માત્રા ૩૧ થાય તે એકત્રીસો સવૈયો; અને ત્રીસા સવૈયામાં છેલ્લે બે માત્રા વધીને છેલ્લે બીજો ગુરુ આવે તે બત્રીસો સવૈયો થાય.

ઉપર જે બંબારુપ સમજાવવાનું ચરણ છે તે ત્રીસા સવૈયાનું છે. એકત્રીસા સવૈયા તો બહુ જાણીતા છે. તેનું પ્રખ્યાત ઉદાહરણઃ

તેર ગયાં ને તેર ગયાં વળી બાકી તેર ગયા કરનાર.

પરનાલીસા જનીલાખી સંપ કરી ચાલે કંસાર.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ

[૨૫]

પચીસેક વર્ષ પર ગોકુળ મથુરા જઈને જ્યારે હું પહેલીવાર પેર આવ્યો અને મારા પર પડેલી એની સુંદર અસરો વિષે વાતો કરવા લાગ્યો, ત્યારે મારા એક પંડિત મિત્રે કહ્યું કે તમે ભીંત ભૂલ્યા છો. પ્રાચીન મથુરા, જ્યાં શ્રીકૃષ્ણે કંસને માર્યો હતો ('હતો' પણ એટલા માટે કે એ કથાનો પણ કંઈ ઐતિહાસિક પુરાવો નથી) તે મથુરા આજ જ્યાં મથુરા છે ત્યાં ન હતું.'

પણ મેં જવાબ આપ્યો કે હું ખરેખર ઇતિહાસ જોવા ત્યાં નહોતો ગયો. હું તો ત્યાં કવિતા ભોગવવા ગયો હતો; અને એ કવિતા તો ગોકુળ મથુરા અને વૃન્દાવનમાં મને પેટ ભરીને માણવા મળી છે.

'યમુના-પાને, ગંગા-સ્નાને અને નર્મદા-દર્શને' પાવન થવાય છે એવી જે લોકમાન્યતા છે તે મેં સાચેસાચી રીતે અનુભવી છે. વિશ્રામઘાટને કિનારે શ્રીકૃષ્ણે કંસને મારીને વિશ્રામ લીધો હતો, ત્યાં મેં આસુરી સત્તા પર દૈવી સત્તાનો વિજયની માનસિક જયની ઊજવણી છે શિવાજી મહારાજે આ વિશ્રામ-ઘાટ પર જ સુવર્ણતુલા કરેલી, જેની ભેગાગે રચાયેલી સુંદર કવાન ઓવારાને શોભાવતી હાલ ઊભી છે. કેટલા યે ભાવિક ભક્તોએ વિશ્રામઘાટ પર પોતપોતાના નામ કોતરા-વેલા આરસ જડયા છે.—એ આશાએ કે જોનારાં યાત્રાળુઓ પોતાનાં નામ પર પગ મૂકાને જતાં, એમની અજાણતાંથી પોતે પાવન થાય. એ લાગણીને એક ખૂણે જોડા જોડાં મેં અનુમોદન આપ્યું છે. તે વખતે યમુનાનાં જળમાં બાલસૂર્યનાં મૃદુ કિરણો રૂપેરી પ્રકાશ ફેલાવતા હતા તે જોઈને મેં મોરી રાધાનું ધ્યાન કર્યું છે.

ગોકુળમાં યશોદા ને નંદજીનું માટીનું ઘર જોઈ મેં પ્રેમાનંદનો ભાવપ્રકાશ ઝલકાર્યો છે કે

'ધન્ય યશોદા, ધન્ય યશોદા !'

જેમણે કૃષ્ણને પુત્રભાવે રમાડ્યા ને કહેવ્યાં.

ત્યાં વળી એક વાત સાંભળી કે સુંવાઈના કોઈ લક્ષાધિપતિ ભાટિયાને યશોદાના આ માટીના ઘરને તોડી ઉચ્ચકલામય, આલીશાં ભુવન બાંધવું હતું, એને શ્રીકૃષ્ણે સ્વપ્નમાં આવીને કહ્યું હતું કે મારે માટે એક સ્થળ તો સાદું ને ગરીબડું રહેવા દો ! તમારે જે કંઈ ગાડાલયો બાંધવાં હોય તે મથુરા ને વૃન્દા-વનમાં બાંધો, અહીં ગોકુળમાં નહિ.

શ્રીકૃષ્ણે માટી ખાધી હતી તે જગ્યા એક સુંદર ચદની નીચે બરાબર યમુનાને કિનારે અમને બતાવવામાં આવી. અમે પણ પગ-થિયાં પર બહુ વાર ત્યાં બેસી રહ્યા. પોતાનું મોં ફાડી શ્રીકૃષ્ણે જશોદાજીને જે વિશ્વ-દર્શન બતાવ્યું તેનાં ને ગોપગોપીનાં હૃદય-ગાંથી નીકળેલાં પ્રેમલક્ષણા ભક્તિનાં ઘણાં ગીતો અમે ત્યાં ગાયાં.

વૃન્દાવનમાં નૂતનવનાં ઘણાં મંદિર જોયાં. વસ્ત્રહરણ વાળી જગ્યા, કાલીયદમનનું સ્થળ વગેરે ગોરા લોકો બતાવ્યે જતા હતા. પણ મારું મન તો દૂરદૂરના શ્રીમદ્ ભાગવતે ચીતરેલા ભૂતકાળમાં ભમતું હતું.

રંગનાથનું મંદિર જોયું. જોધપુર ને જેપુરનાં મંદિરોની સુંદર કોતરણીએ મને વર્તમાન શિલ્પકળા માટે બહુમાન ઉત્પન્ન કરા-વ્યું હતું; પણ પ્રેમભક્તિનું અરે દર્શન તો ચૈતન્ય મહાપ્રભુજીની પ્રેરણાથી અહીં બંધા-એલા રાધિકાજીના મંદિરમાં થયું

ત્યાં સુંદર ઝલમલતા મણીવાળા તુલસી-વનમાં, હજી પણ રાત્રિની શાન્તિને સમયે ભગવાન સ્વયં પધારે છે એમ મને કોઈ જોગણી જંગમણી વૃદ્ધાએ કહ્યું ત્યાંથણા જંગમણી વૈષ્ણવો જીવનનો પાછલો કાળ કૃષ્ણભક્તિમાં ગાળવા આવે છે અને સાયંસંગીત તો ત્યાં એટલું બધું પ્રેરક ને મીઠું થાય છે કે યાત્રાના તમામ શ્રમનો બદલો ત્યાંનીત્યાંજ વળી જાય છે.

મહીસુરસરકારે કૃષ્ણરાજસાગર નદી કાવેરીને મોટા બંધથી બાંધી ત્યાં એક ભવ્ય 'કૃષ્ણરાયસાગર'-બનાવ્યો છે એ બંધની નીચે એકાદ ચોરસ માઈલના વિસ્તારમાં એમણે નવું વૃન્દાવન બનાવ્યું છે. મને ભૂત-કાળ કરતાં યે આપણા દેશના વર્તમાનમાં વધારે રસ પડે છે અને રચાનો ઈતિહાસ તથા ઘડાની ભૂગોળ જોવાં વધારે-ગમે છે. એ નવા વૃન્દાવનમાં ત્યાના રાજા દીવાન મીરઝા ઈસ્માઇલે હિંદુસ્તાનમાં પહેલીજ વાર ત્રીજી બાજુ કલાત્મક રચના કરાવી છે. અને શ્રીકૃષ્ણની બહેન ત્રીજી બાજુ જે વૃન્દા-વન એ મુસ્લિમ દીવાને રચાવ્યું છે તે નૂતન વૃન્દાવન કરતાં યે અનેકગણું સુંદર બન્યું છે.

સેંકડો રંગબેરંગી ફુવારા તેજસ્વી પ્રકા-શમાં ત્યાં ૨૦ થી ૨૫ ફીટ ઊંચે ઊડે છે ભૂરાં, લીલાં, ગુલાબી અને લાલ રંગો આ ગગનેગ હોરે છે. રૂપેરી અને સોનેરી એવાં નહીંએ ના માત્ર નાગ જ આ ઊંચા ઊડે સાંભળવાં હતાં, પણ અહીં તો સોનારૂપાના રંગથી ઝમેલા અનેક ધોધ ઊંચેથી નીચે પડીને મનોહર ઝરણોમાં વહી જાય છે. મેઘમનુષ્યના ફુવારા અને ઝાલેઝાલે બદલાતા રંગોના ઘાટઘાટના ફુવારાનો ત્યાં પાર નથી; એટલું જ નહિ પણ એ બધું આત્મારામના દિવ્ય વાતા-વરણમાં સુરુચિપૂર્ણ ગોઠવેલા-દેહિપ્યમાન રંગોના કલાત્મક ઝબકારાથી એ રમ્ય પરીઓના કોઈ સ્વર્ગ જેવું કે આનંદના-ધામ જેવું કોઈક જેવું લાગે છે.

ત્યાંના પૂજનાપ્રબંધકારે અંગ્રેજના શિલા-લેખમાંનું રાજધર્મનું એક વાક્ય ચમકી રહે છે, ને પગથિયાં ઊતરીને નીચે આવીએ ત્યાં કાળા આરસમાં કાવેરીમાતાની સુંદર મૂર્તિ એમે અમૃતકળશ જેવો ઘડો લેઈને ઊભી છે. એ ઘડો ચમકતાં સ્વચ્છ પાણીથી ભરાય છે ને લાલ તાજાં ફૂલોના અલંકારથી ભદ્રકાળી જેવું શ્યામસુંદર રૂપ ભક્તિમય બને પેર છે

દક્ષિણનું 'પંખીતીર્થ' ટેકરાટેકરીઓવાળા કુદરતના વાતાવરણમાં અજબ ભાવ પેરે છે. કોઈ એક સમયને વિષે બે ઋષિઓ સાંપ્રદાયિક ઝગડામાં પડી પ્રભુભજન છોડીને આનંદ ગુમાવી બેઠા હતા તેમને ગરુડે ગાયે આપ્યો કે તમે ઝગડા થકો. એમણે પ્રાય-શ્ચિત્ત માગ્યું કે અમને ફરી ભજનભૂમિ કેમ મળે ? ગરુડદેવે કહ્યું કે હરરોજ બદ્રીકેદારથી ઊડતા રામેશ્વર જતે અને રસ્તામાં બાર વાગ્યે આ સ્થળે ભોજન કરવા ઊતરજો.

અમે બરાબર બાર વાગ્યે એ કાળાતીત યાત્રાળુ ઋષિઓનાં દર્શને ગએલા. તે દિવસે બે નહિ પણ એક સમડો કેટલે પાછલા ભાગમાંથી આવ્યો તો હતો. પણ એ કથાની અદ્ભુતતાનો રસ, એના થી જે વહેમ જન્મે છે ને લોકમાનસમાં ક્ષણભર માટે અસત્યનો વિજય થાય છે તેનાથી બળવતો હોવો. પરંતુ યાત્રાઓની આવી વિચિત્રતાઓ અને નિરંકુશ કલ્પનાઓનાં કદર્શન પર્વ નિત્ય જીવનમાંથી છૂટીને ભોગવવાયોગ્ય છે.

કોટામાં શિલ્પકળા સજીવન છે. ત્યાં રાજ-પૂતાનાના પ્રેમશૌર્યનું વાતાવરણ છે. સુકા, રજુ જેવા વહેરાની વત્સલ માતા ચંબલ બંને કાંઠાને છલોછલ ભરી ત્યાં વહે છે. એ ચંબલ અને એના પ્રદેશને નિહાળતા ત્યાંના રાજગુરુ બ્રહ્મની કૃપાથી અમે રંગીમરામાં ઊતર્યા

ગાઇડો સુખી કરી આવ્યા છીએ. સાથે, ભારતના 'સ્ત્રીરત્નો' વગેરેના લેખક, મારા સ્વ. મિત્ર શિવપ્રસાદ પંડિત હતા એ સુંદરીકોટાના વીર સગાયની અસંખ્ય વાતો, કિનારાની ઢાંકી બેબડો પરનાં ખંડેરો બતાવતા જતા અને કહેતા જતા હતા. આમ તો મને યંત્રોના ઠઠેર અવાજ બહુ ગમતા નથી, પણ કોણ જાણે કેમ, ચંબલની એ રેતીગારનો ઠગકો મને ગમી ગયો હતો. ઓગણીસ છપ્પાળની છપ્પાળની જે રમતિયોળ ગતિએ દોડતી હતી તે મને લાવણ્યમય લાગી હતી.

ડાવર, એ પશ્ચિમની પેદાશ છે. મારા એક શિલ્પી મિત્રને, એ જાણતા હતા ત્યારે, આપણા દેશની પરંપરાને રોળે એવો ડાવર કેવો હોવો જોઇએ એવો પરીક્ષકોએ પ્રશ્ન પૂછ્યો હતો. એના જવાબમાં, જેવો ડાવર આલેખી બતાવીને એણે પહેલા નંબરનું ઈનામ મેળવ્યું હતું, બરાબર એવો જ ડાવર મેં કોટામાં જોયો અને આપણા રાજપતિઓની સર્જકશક્તિ માટે મને માન ઉત્પન્ન થયું.

કોટામાં એક મોટો રાજ-ઉદ્યાન છે. ત્યાંથી દૂર એક સરોવર સુધી નજર જાય છે એ ઉદ્યાનનાં ઝરણાં નીચેની ઓટલા પર બેસીને, એ ગરુભૂમિના ધીકતા રણમાં પણ જગવાને વનસ્પતિ, જળ અને શિલ્પકળા પેરીને કેવી દયા વર્ષાની છે એ બીના પર મનન કરવાના ને સ્તુતિ-પ્રાર્થનાના અવસર મેં ગોઠવ્યા હતા.

એ રાજ્ય-ઉદ્યાનમાં ઐતિહાસિક યુગના રાજાઓનાં સમાધિ-મંદિરો છે. એ જોઈ જવભૂતિનાં શિષ્ટ સંસ્કૃત નાટકો મને સાંભર્યાં એક નાટકમાં ભરત જ્યારે મોસાળથી અયોધ્યા પાછા આવે છે ત્યારે રસ્તામાં આવતા રાજ્ય ઉદ્યાનમાં એ દશરથની મૂર્તિને મંદિર જોઇને પિતાના મૃત્યુનો બનાવ સગજ્ઞ જાય છે એમ વર્ણવ્યું છે. આમ, કોટામાં જોઇલી છીકત, એક સગર્ભે રાજ્યધાનીઓમાં બનતી જ દરેક આમ મને સગાવ્યું.

ચંબલ ગ્વાલિયર સુધી જતાંજતામાં રસ્તામાં જ અદૃશ્ય થઇ જાય છે અને પછી પાછી બહાર આવી યમુનાને મળે છે એમ મેં સાંભળ્યું.

ગોદાવરીતીરનું તો હું નાસિક જેવામાં બે વખત રહ્યો ત્યારે દિવસો સુધી મેં ધ્યાન કર્યું છે. પંચવટી, કાલારામ એ બધાં તીર્થોમાં કર્યો હું આ ત્ર્યંબકેશ્વરના જ્યોતિર્લિંગનાં પણ દર્શન કર્યાં છે. જેલમાંથી છૂટી, નાસિક-ત્ર્યંબકની યાત્રા કરીને હું ગોદાવરીનું મૂળ જોવા પહાડ પરનાં પગથિયાં ચડીને ગયો હતો. એ પહાડ, નિર્ઝરની એ શોભા અને ગોદાવરીના પાટોની સગલ્ભ, પલ પર ઊભાંઊભાં મેં સીતાદેવીથી આજ સુધીની ભારતીય સંસ્કૃતિની મૃતસંજીવનીશક્તિનું અવલોકન-મનન કર્યું છે. તે દહાડે આખે રસ્તે મેં ગાયા કર્યું છે કે

એ તે દયમ વિસરાય
પ્રિયે! રે એ તે દયમ વિસરાય!' (બાકી)

સરવાળાનો અજંપો

મોતી ઢાય કરનાર એક વરવૈયાની વ ત સગજવા જેવી છે એણે સારામાં સારાં આઠ મોતી એકઠાં કર્યાં. દરિયાને તળિયે જઈ એણે આ સાહસ ખેડ્યું. એનું સાહસ સફળ થયું. પણ એ સફળતા ઊજવવાને બદલે એ તરવૈયાએ તો રોકણાં રોવા માંડ્યાં: 'અરર! જો બીજું બે મોતી ઢાય લાગી ગયાં હોત તો મારી પાસે દસ મોતી થઇ જાત ને હું મોટો વેપાર કરત.' આમ, આઠ મોતી મેળવ્યાનું સુખ એના પાસેથી ઝૂંટવી લેનાર ગાત્ર બે મોતી જ હતાં. એણે એના પુરુષાર્થને આ રીતે બે મોતીની ખોટથી ફિક્કો બનાવી દીધો.

આ રીતે ઘણા માણસો પાસે આઠ મોતી હોય છે, પણ એમની પાસે દસ મોતી હોતાં નથી એની ચિંતામાં ને ચિંતામાં તેઓ મેળવેલાં આઠ મોતી પણ ગુમાવી બેસે છે.

'મારી પાસે આઠલી સગવડ હોત તો હું આમ કરી નાખત'—આવું વાક્ય બોલી વખત માત્ર બેધારનાર હોતુ નથી. સગવડ હોય એ તો સંજોગો પર આધાર રાખે છે. સગવડ ન હોય છતાં ઈન્સાન સગવડવાળાઓને પાછળ રાખી શકે ત્યારે એની શક્તિનો પરિચય જગતને મળે છે.

સરવાળાના નર્યા શોખ ખાતર કેટલાક માનવીઓ પોતાની રિદ્ધિસિદ્ધિને ઓળખતા રહે છે આમાં રિદ્ધિસિદ્ધિનું અપમાન છે.

કાળાં પાટીયાં પર સરવાળા સારા લાગે, ચોપડા ઉપર સરવાળા સારા લાગે, પણ દેવા ઉપર આખો દિવસ સરવાળો જ મૂકનાર દેવાની ચુકવણીને મારી નાખે છે.

એક શોખીન પાસે અત્તરનો ફાયો હોય ને બીજા પાસે અત્તરની શીશી હોય; પણ જેની પાસે ફાયો હોય છે એની જ સુવાસ જગતમાં ફેલાય છે. કારણ કે સુવાસને પણ સંયમ રાખતાં આવડતો જોઈએ સુવાસ પણ વાસનો સરવાળો જ કર્યા કરે તો એ બરદાસ બની જાય છે. —ચિંતુમાર મહેતા

કસોટી

બુદ્ધિ કસતા નીચેના પ્રશ્નોના જવાબો ન સૂઝે તો નીચે આપ્યા છે.

(૧) ઈશ્વરસૃષ્ટિ સુંદરી વખતે એકબીજાને પોતાની ઉંમર યાદ ન રહેવાથી ગણતરી કરનારને કહ્યું: 'જુઓને, મારે બે બે વર્ષને અંતરે જન્મેલાં પંદર છોકરાં છે, અને મારી પહેલા બેનની દીકરીની ઉંમર સૌથી નાના છોકરાની ઉંમર કરતાં આઠગણી છે મારા બોલો બરાબર ત્યારે મારી ઉંમર શું કહી મોટી દીકરીની અત્યારે છે એવડી જ હતી તો તે બાઈની ઉંમર ગણતરી કરનારે શી બોધવી?

(૨) કોઈ એક પરાર્ધ સુધી ગણી શકતાને ૧૦૦ રૂપિયા ઈનામ! આમાં કોઇ ઉતરપીડી કે યુક્તિ નથી. બરોબર છે બીજું?

(૩) આ નીચે આપેલી આકૃતિમાં નાના-મોટા, જુદા જુદા ખાટના, ઓછાવત્તા ઉપર પડતા ને એકબીજાને છેદતા ના માં સગાવી લેતા એમ બધા ગણીને કુલ કેટલા ત્રિકોણ છે? ગણી શકશો?



(૪) બે ને બે, એ એની રકમો છે કે જેનો સરવાળો અને ગુણાકાર બંને સરખા થાય છે. (૨+૨=૪; ૨×૨=૪) એવી બીજી કોઈ રકમ છે?

(૫) એક જળચરનું માથું કાપી લેવામાં આવે તો એ જળચરને પણ ગણી જાય એવું એક પ્રાણી પેદા થયું. એ પ્રાણી કયા?

(૬) એક કાપડિયો એક તાકામાંથી બારબારના ટુકડા ફાડતાં દર ટુકડે એક સેકંડનો વખત લે છે; તો ૬૦ બારના તાકાના બધા ટુકડા ફાડી લેતાં તેને કેટલો વખત થશે?

(૭) એક ખેડૂત પાસે ૧૭ ઘેટાં હતાં. મરણ સમયે એણે પોતાના ત્રણ દીકરાને બોલાવીને કહ્યું: 'મારા મૃત્યુ પછી મોટા દીકરાને અડધાં ઘેટાં, વચલાને ત્રીજા ભાગનાં ઘેટાં અને નાનાને નવમા ભાગનાં ઘેટાં આપજો.' પિતાના મૃત્યુ પછી ત્રણે દીકરાઓ ઘેટાંના ભાગ પાડવા બેઠા. પણ ૧૭ ઘેટાંના અડધા, ત્રીજા ભાગ કે નવમા ભાગ કેમ પાડવા એ તેમને સમજાયું નહિ. ત્યાં એક ડોસો ત્યાંથી નીકળ્યો. ડોસાએ પોતાનું ઘેટું ટોળામાં ભેળવી દીધું. ઘેટાંના ભાગ પાડી ડોસો પોતાનું ઘેટું લઈ ચાલતો થયો. ડોસાએ કેવી રીતે ભાગ પાડ્યા?

(૮) ૧૦૦ રૂપિયા ૧૦૦ માણસોમાં વહેંચવા છે. પુરુષને ૧૦, સ્ત્રીને ૩ અને બાળકને ૧/૩ રૂપિયો આપવો છે. તો કેટલા પુરુષ, કેટલી સ્ત્રી અને કેટલાં બાળકો હશે?

(૯) ૧૦૦૦ રૂપિયા ૧૦૦૦ માણસોમાં વહેંચવા છે. પુરુષને ૧૦૦, સ્ત્રીને ૧૦ અને બાળકને ૧/૧૦ રૂપિયો આપવો છે. તો કેટલા પુરુષ, કેટલી સ્ત્રી અને કેટલાં બાળકો હશે?

(૧૦) ૧૦૦૦ રૂપિયા ૧૦૦૦ માણસોમાં વહેંચવા છે. પુરુષને ૧૦૦, સ્ત્રીને ૧૦ અને બાળકને ૧/૧૦ રૂપિયો આપવો છે. તો કેટલા પુરુષ, કેટલી સ્ત્રી અને કેટલાં બાળકો હશે?

(૧૧) ૧૦૦૦ રૂપિયા ૧૦૦૦ માણસોમાં વહેંચવા છે. પુરુષને ૧૦૦, સ્ત્રીને ૧૦ અને બાળકને ૧/૧૦ રૂપિયો આપવો છે. તો કેટલા પુરુષ, કેટલી સ્ત્રી અને કેટલાં બાળકો હશે?

(૧૨) ૧૦૦૦ રૂપિયા ૧૦૦૦ માણસોમાં વહેંચવા છે. પુરુષને ૧૦૦, સ્ત્રીને ૧૦ અને બાળકને ૧/૧૦ રૂપિયો આપવો છે. તો કેટલા પુરુષ, કેટલી સ્ત્રી અને કેટલાં બાળકો હશે?

વિકસતું વિજ્ઞાન

રેડિયોના ચમત્કારો

ગત મહાયુદ્ધ દરમ્યાન દરેક દેશમાં રેડિયો વાયરલેસને લગતી અનેક નવાઈ પમાડે તેવી શોધો થઈ છે આજથી લગભગ ૫૭-૬૦ વર્ષ પહેલાં વાયરલેસ ટેલીગ્રાફીની શોધ સફળ થઈ ત્યારથી આજ સુધીમાં આ બધી 'દોરડાં વગરના તાર'ની નવાઈ ભરેલી શોધ કેટલી ચમત્કારિક તેમજ પ્રગતિમય બની છે તે આપણે જોઈએ

સામાન્યરીતે લોકો એમ માનતા હોય છે કે રેડિયો એટલે અવાજને દોરડાં વગર ખીજે મોકલવો તે પણ હવે તો તેના કરતાં બીજા અનેક ઉપયોગી કાર્યો કરવામાં રેડિયો વપરાય છે. ઇલેક્ટ્રોનિકસ (ઇલેક્ટ્રોનને સાધવાના વિજ્ઞાન)-ની ચમત્કારી શોધખોળોથીતો દુનિયા છક્ક જ થઈ જાય

ગૅઇટ સ્ટ્રિટમાં દરેક વરસ પર માર્ચ મહિનાની એક સવારે, રૉયલ વૉટસન વૉટ નામના એક વૈજ્ઞાનિકની સરદારી નીચે કેટલાક રેડિયોનિષ્ણાતોએ,દૂરથી ઘડયા અ વતા એરોપ્લેનને,નજરે દેખાયા પહેલાં ફક્ત રેડિયોના મોજાંઓ વડે શોધી કાઢયું તે જ દિવસે વિજ્ઞાનની એક નવી શાખા-રેડિયો લોકેશન અથવા 'રડારનો' પાયો નખાયો. આ શોધની પ્રગતિ ૧૯૪૧ સુધી જાનગી રાખવામા આવી હતી. (આ વિષે વિગતવાર લેખ કુમાર'ના ૨૬૩મા અંકમાં આવી ગયો.) તે પછીના પાંચ જ વર્ષમા આ શોધને સંપૂર્ણ કરવામાં આવી છે અને એ પ્રણાલિ કામ કરતા અનેક જાતના યંત્રો હવે તો બનાવવામાં આવે છે. મોટે ભાગે તો વિજ્ઞાનો માટે જ તે વપરાય છે; પણ હવે લડાઇ પૂરી થયા પછી તેના નાના સેટ વડે આબોહવાઓ સાંભળીને 'દેખી' શકશે, ટ્રેનો, રસ્તીમરો, એરોપ્લેન વગેરે અથડાવાના અકસ્માતથી સહેલાઈથી બચી શકશે મુસાફરી ભયરહિત બનશે.

રેડિયો લોકેશન (રડાર) અને ટેલીવીઝન વચ્ચે ઘણું સામ્ય છે. લડાઈ પહેલાં ટેલીવીઝનના ચાલુ ટ્રાન્સમીટરસ ફક્ત લંડન અને અમેરિકામાં હતાં. પણ તે સંપૂર્ણ નહોતા તેથી લડાઈ દરમ્યાન બંને લગભગ બંધ સ્થિતિમાં હતા છતા તેના લગતી શોધખોળ તો ચાલુ જ રહી હતી. હવે રેડિયો લોકેશન માફેની દરેક શોધ ટેલીવીઝનને લાગુ પડે છે. શક્તિની સરળતા, સસ્તા છતા સારમા જ પ્રણાલિગાં કાર્યસાધક ઉપયોગી ઝોકમો, અને સુધારેલી કારીગરીને લીધે સામાન્ય જનતાને પણ પોસાય તેવા ટેલીવીઝન-રીસીવર સેટ હવે બનશે. અમુક જાતનાં ગ્રંથપ્રકાશિત રસાયણોને લીધે તેમા ઝીલાતા ચિત્રની વિગત અને ઝોકઆઈ ઘણી જ વધશે વળી, આ લડાઈ દરમ્યાન કુદરતી રંગોમાં ટેકનીકલર અને ત્રાડાઇ બતાવતી ત્રણ પરિમાણની (થ્રી ડાઇમેન્શનલ) આકૃતિઓ પણ ટ્રાન્સમીટ કરી શકાય તેવી શોધ કરવામાં આવી છે. ઉપરાંત, ટેલીવીઝનના વિચિત્ર સંદેશાઓને સહેલાઇથી લઈ જઈ સહાય તેવા નવી-જાતના કેબલ-તારના દોરડાં-ની શોધથી ટેલીવીઝન ઝીલવાનું ક્ષેત્ર (રેઇન્જ) પણ વધશે.સામાન્યરીતે દોરડાં વગર ટેલીવીઝનની આકૃતિ ટ્રાન્સમીટરની આસપાસ ફક્ત ૮૦ થી ૯૦ માઈલ સુધી જ ઝીલી શકાય છે તેને દૂર સુધી મોકલવા માટે રીલેઇંગ સ્ટેશનની જરૂર પડે. અમેરિકામા હવે એવાં ઘણાં સ્ટેશનો બાંધવામાં આવ્યાં છે. આથી જ કુદરત બક્ષેલા કેબલથી ઘણીજ રાહત થશે.

ટાકૂટ ઓટોમાર્ટિઝમમાં ખાસ નવી શોધો થઈ નથી, પણ એટલું તો ખરું જ કે વધારે સેન્સીટીવિટીવાળા રીસીવર હવે બની શકશે કીકવન્સી મૉડયુલેશનના માટ્રાન્સમીટરસથી હવે ને લીધે થતા અવ-તોનો ત્રાસ ઘણો જ ઓછો થઈ જશે. બજારમાં પણ જે હલકા-(૫૦૭ રોર વજનવાળા) બૅટરી ટ્રાન્સમીટરસ તેમજ રીસીવરસ બનાવવામાં આવે છે. આ બંને ગમે ત્યાં સાથે લઈ જઈ શકાય અને દૂર દૂર સંદેશાઓ મોકલી તેમજ મેળવી શકાય. આવા સસ્તા અને વજનમાં હલકા રેડિયો સેટનો ઉપયોગ હવે ખૂબ જ વધવાનો.

ફક્ત રેડિયો ટ્રાન્સમીશન માટે જ હાઈ-ફ્રીકવન્સી જેનરેટર વપરાતાં નથી. ગરમી ઉત્પન્ન કરવા માટે પણ તે વપરાય છે. આ રીતે રેડિયોના તરંગોથી ગરમી ઉત્પન્ન કરવાની રીતને ડાઈ-ઇલેક્ટ્રિક હીટિંગ કહે છે જે વસ્તુને ગરમ કરવી હોય તેને ડાઈ-ઇલેક્ટ્રિક તરીકે એ હાઈ ફ્રિકવન્સી જેનરેટર સાથે કન્ડેન્સરની બે પ્લેટ વચ્ચે મૂકવામાં આવે છે. વિદ્યુત્પ્રવાહના અમુક નિયમો અનુસાર તે વસ્તુ ગરમ થાય છે. દેખીતી રીતે તેમાં કોઈ બાહ્ય ફેરફાર લાગતો નથી; પણ તે વસ્તુ ધીમેધીમે અને બધી જગ્યાએ એકીસાથે એક જ સરખી રીતે ગરમ થાય છે. સાધારણરીતે વસ્તુને ગરમ કરીએ તો ગરમી બહારથી વસ્તુની અંદર જાય છે. પણ આ રીતથી વસ્તુ પહેલાં અંદરથી ગરમ થાય છે પછી આ ગરમી જેટલી જોઇએ તેટલી જ આવી ગણાય છે. અમુક જાતનાં પ્લાસ્ટિકસને ઢાળવામાં આવતી મુશ્કેલીઓ આનાથી દૂર થઈ છે. લાકડા તથા પ્લાસ્ટિકને ગુંદર વડે જોડવા માટે, લાકડાનાં 'પતરા' બનાવવા માટે પણ આ જ રીત વપરાય છે. આની રીતે ગરમી આપી જોડેલું લાકડું પોલાદ જેટલું કઠણ બને છે લાકડાં, ચામડાં, ધાતુ, ઢાળા વગેરેના કઠોળોમાં આ રીત ઘણી જ ગતકવની છે તે ઉપરાંત રાંધવા માટે પણ આ 'વેઈવ્ઝ' ઘરમાં વાપરી શકાય.

રેડિયો આદેશનોનો બીજો મહત્ત્વનો ઉપયોગ દવા તરીકે પણ છે તેનાથી ચામડીના ઘણા રોગો મટે છે. વિજય પંડયા

ડી. ડી. ટી. વિષે સાવચેતી

ગયા અંકમાં જેનો પરિચય આપી ગયો તે, જંતુનાશક દવાનો રાજા તરીકે ઓળખાતી ડી. ડી. ટી. હિંદનાં બાગબગીચામાં આવી ગઈ છે અને લોકો ગાગડોને દૂર કરવાના એક અસરકારક દવા જ તરીકે તેની માગણી કરતા થયા છે તેવે સમયે તેના વપરાશકારો સુપ્રસિદ્ધ 'સાયન્ટિફિક અમેરિકન સાયન્સ'માં આપેલું એકચર્ચાપત્ર ધ્યાનમાં રાખવા જેવું છે આ ચર્ચાપત્રમાં નીચેની સૂચનાઓ છે:

(૧) બાળકો અને પ્રાણીઓ પહોંચી શકે તે રીતે ડી. ડી. ટી. ન રાખવા. તે ઝેર છે ને ખાવાથી બાળકનું મૃત્યુ થાય છે. (૨) જંગલનાં કે ખેતરનાં જંતુઓને મારવા માટે ડી. ડી. ટી. નો ઉપયોગ ન કરો. એથી લાભકારક જંતુઓ પણ નાશ પામે છે, છોડોને નુકશાન થાય છે, પાણીનાં આંતર-પ્રવાહ બગડે છે. (૩) બીજી જંતુનાશક દવાની માફક હવામાં ડી. ડી. ટી. ન છંટાડો. એ બીનઅસરકારક અને ખર્ચાળ બનશે તેના રજકણો હવામાં થોડો સમય રહે છે અને તે ઝેરી હોય છે. દીવાલો પર તેને છાંટો. (૪) ડી ડી. ટી. પાકોરના રૂપમાં ન વાપરો. ગ્યાસનેલ કે તેલનું મિશ્રણ વધુ રે સ્વચ્છ અને અસરકારક છે. (૫) મિશ્રણ પોતાનું હોય તેની ચિંતા ન કરવા. મિશ્રણમા રહે ટકા ડી. ડી. ટી. અસરકારક છે.(૬) વેદા, કૂતરા કે કસારી સામેના સારા પરિણામની આશા ન રાખો. ડી. ડી ટી મચ્છર, માકડ, માખી, જૂ વગેરે સામે વધારે અસરકારક છે. (૭) હાથમાં અટકાવવા ડી. ડી. ટી. નો ઉપયોગ ન કરો. (૮) બિલાડી જેવાં પ્રાણીઓ પર તેનો ઉપયોગ ન કરો, કારણકે આવાં પ્રાણીઓ ફેરવાટને તુરત જ ખંખેરી નાખે છે. (૯) જે વ્યક્તિઓને એ માફક ન આવતી હોય તેમની આસપાસ ડી. ડી. ટી ન વાપરો. એથી આગડી આંખ, નાક, હોઠ પર ફોલ્લીઓ થાય છે અને છાંટવા પછી અઠવાડિયાં સુધી આ અસર રહે છે.

(ગુજરાત સમાચારમાંથી)

(એપ્રિલ ૧૯૪૬) ૬૦૪

ભાઈબહેન

અગાધ ગતેમાં મથત ગરજવા મસ કરે
સદાની શાન્તિમાં ચિરશયન, પાછા નવ ફરે;
સહસ્રોગાંથી જે સફળ થઈ એકાદ નીકળે,
જ્વાહીરો મોખાં જગતપર વેરે ઘળઘળે.
ઓના આદર્શપ્રેમે પૃથિવી મધગયે, માનવીચિત્ત મોહે,
લાખો કેરી રાહીદી ઉપર જગતની સંસ્કૃતિ ભવ્ય સોહે.

—રામપ્રસાદ શુક્લ

શ્રીમન્નથુરામ શર્મા

ગુજરાતના નામી કેળવણીકાર શ્રી નાનાભાઈ નૃસિંહપ્રસાદ ભટ્ટ આંબલામાં જે માતાદક્ષિણામૂર્તિ વિદ્યામંદિર ચલાવે છે તેના મુખપત્ર 'કોડિયું'માં દર મહીને તેઓ 'પડતર અને ચણતર' ના નામથી પોતાની આત્મકથા લખે છે એમના જેવા સમર્થ ગ્રંથકારની એ પડતરકથા યુવાન વાચકવર્ગને માટે જેટલી પ્રેરકને રસભર છે તેટલીજ, ગઇ પેઢીના ગુજરાતનું વિશદ સામાજિક ચિત્ર આપનારી છે. એના છેલ્લા હપતામાં આવેલું મહારાજ શ્રીમન્નથુરામ શર્માનું ચરિત્ર અમે આ નીચે એટલા માટે ઉતાર્યું છે કે આજથી ચારેક દસકા પહેલાંના ગુજરાત-મુખ્યત્વે કાઠિયાવાડના મધ્યમ વરતના લોકસમાજમાં ધર્મ અને સદ્વિચારના પારથી જીવનનો હવ્યમાર્ગ ઉતારવામાં મોંઘો ફાળો પૂરનાર એક અગણી આચાર્ય એ થઈ ગયા. કુમારના વાચકોને એ ઉપકારક થઈ પડશે.

"આ અરસામાં મારું જીવન એકબીજી દિશામાં વેગથી વહી રહ્યું હતું. હું વિપુર થયો તે અરસામાં મારા મોટા ભાઇ દેવશંકરભાઈ પોરબંદરની હાઈસ્કૂલમાં શારતર નિમાયા હતા એટલે હનાળાની લાંબી રજા ગાળવા માટે હું પોરબંદર ગયો. આ દિવસોમાં પોરબંદર અને બીલખા મહારાજ શ્રીમન્નથુરામ શર્માના નામથી ગાજતાં હતાં. તમે કાઠિયાવાડની દેશવેના કોઇ પણ સ્ટેશને ન ઊતરો તો સવારમાં નાહી ધોઈ, કપાળે ભસ્મ લગાડી, સંધ્યાપૂજન કરીને પરવારેલો એકાદ શારતર તમે દેખો, અને તપાસ કરો તો જણાય કે એ મહારાજશ્રીનો શિષ્ય છે. તમે કાઠિયાવાડમાં અને ખાસ તો પોરબંદર જુનાગઢ તરફના કોઇ પણ ગામડામાં જાઓ તો તમને આવો જ કોઇ ગૃહસ્થાશ્રમ પણ જરૂર મળે. મારે કાને મહારાજશ્રીનું નામ વધારે અથડાયું. પોરબંદરમાં જ મારી આંખ આગળ એમનો આશ્રમ અને એમનાં પરમ ભક્ત શ્રીમતી મોંઘીબેન ખડાં હતાં.

મારા મોટા ભાઇ તો કમારના એમના શિષ્ય થયા હતા અને દર આષાઢી પૂનમે તેમજ કાર્તિકી પૂનમે ગુરુપૂજન નિમિત્તે બીલખા જતા આવતા. દીવાળીની સાંજે રત્નમાં હું પણ એક વાર મારા મોટા ભાઇની સાથે બીલખા ગયો. અમે જુનાગઢથી ગાડામાં બેસીને બીલખા ગયા એટલે રાતે મોડા પહોંચ્યા અને વહેલી સવારે અમે મહારાજશ્રીનાં દર્શન થયાં. શ્રીમતી મોંઘીબેન અને પોરબંદરના આશ્રમે મારા મન પર જે પવિત્રતાની છાપ પાડી હતી તે મહારાજશ્રીનાં દર્શને વધારે દૃઢ કરી. કોણ જાણે કેમ, પણ એમને જોઈને તરત જ મારા મનને જોઈતો વિશ્રામ મળ્યો અને આજ સુધી પૂર્વજાળના યોગી રહ્યો,

આ માસ (એપ્રિલ)નું પંખી

કોયલ

નર

માદા

જેના ઉલ્લેખથી આપણું કાવ્યસાહિત્ય સભર ભર્યું છે એવું આ પંખી, નામથી અને ટહુકાથી તો સૌને પરિચિત છે; પણ એ જોયું હશે કેટલાએ? કવિઓ (અને કોકો પણ) એને સદા નારી જાતિમાં જ સંબોધે છે, પણ બહુ ઓછા જાણતા હશે કે એ મીઠા ને મસ્ત ટહુકા કરનારો તો 'નર' કોય છે; માદા નહિ.

લગભગ કોઢ ફૂટ લંબાઇનું, મોરપિચ્છ રંગની ઝાંયવાળા તદ્દન કાળા શરીરનું, લાલ આંખોવાળું જે પંખી આપણી નજરે પડે છે તે તો નર. માદા તો ભાગ્યે જ નજરે પડે છે. કદમાં એ નરથી નાની કોય છે, ને રંગે પણ જુદી: તપખીરિયા રંગની ને આખે શરીરે સફેદ ટપકાંવાળી. પાંખો, પૂંછડી, છાતી, પેટ, બધે સફેદ પટ્ટાકોય છે. બેનની આંખો ચમકતી લાલ, ચાંચ મેલા લીલા રંગની, પૂંછડી લાંબી. મોટેભાગે વનસ્પત્યાહારી; પણ કવચિત છવડાં યે ખાય.

હિમાલય સિવાય, છેક બાયવ્ય સરહદના પ્રાંતોથી માંડીને લંકા સુધીના સમસ્ત ભારતવર્ષમાં તે નજરે પડે છે; અને આંબા, આસોપાલવ વગેરે જેવાં ઝાડની ઘેરી ઘટાઓની છાયામાં મોટે ભાગે લપાઈ રહેકે છે.

કવિતાએ ચિરદાનેલું આ પંખી કાગડા જેવા તુચ્છ પંખીને પણ ઉતરી જનારું અને પક્કું કોય છે. એનું નામ (પરભૃતિકા) દર્શાવે છે તેમ એ પોતાનાં કદાં નતે ન સેવતાં કાગડા પારે ઉછેરાવે છે એ તો જાણીતી વાત છે. કાગડાના માળાથી થોડે દૂર રહી નર કોયલ ટહુકા પર ટહુકા કરતો તેને પજવે છે, અને તેથી ખીજાઈને કાગડી માળો છોડી તેની પાછળ પડે છે. બાતુમાં જ સંતાઈ રહેલી માદા કોયલ એ લાગ જોઈને તેના માળામાં ઈંડાં મૂકી આવે છે.

ઋષિ-મુનિઓની, આચાર્યોની કે કોઈ કલ્પનાઓ મેં ઘડી હશે તે બધાય કલ્પનાઓ કેમ જાણે મને મહારાજશ્રીમાં મૂર્તિમંત થવા લાગી. બીજે દિવસે સવારે મારા મોટાભાઈને જણાવ્યું, 'આજે મારે દીક્ષા લેવી છે' બપોરના ૧૧॥ વાગ્યે હું મહાત્મા શ્રીમત્ પુરાગ શર્માનો શિષ્ય થયો અને તે દિવસથી માંડીને આજ સુધી મારા ગાનથી ઓગનો શિષ્ય રહ્યો છું. આજ ઈ. સ. ૧૯૨૦ની સાલના ડિસેમ્બર પ્રશ્ન એમ મારા હૃદયમાંથી એમનું ગુરુપદ બળબળતું તે પુનઃ સ્થાપિત થયું જ નહિ; છતાં પણ શરૂઆતનાં વર્ષોમાં મને એમની મીરાત સગાનઈ છે તેના કરતાં આજે વધારે સગાનઈ છે, અને સ મેસાથે ગ નવી તરીકેની એમની ઊણપો પણ તે દિવસે મને દેખાતી તેના કરતાં આજે વધારે સ્પષ્ટ દેખાય છે. પણ આ ઊણપો સ્પષ્ટ થયા પછી મારો એમના તરફનો આદર ઓછો થવાને બદલે ઊલટો વધ્યો છે, કારણ કે એ ઊણપોના તપ્તાગર એમની મોટાઈ વધારે દીપે છે

મહાત્મા શ્રીમત્પુરાગ શર્મા બેહાં વર્ષો પર વિદેહ થયા છે. સામાન્ય રીતે આજના ગાંધીવાદી મંડળમાં એમનો પરિચય ઓછો છે. પૂ૦ ગાંધીજીના મોટાભાઈઓ અને ગાંધીજી પોતે એમના શિષ્ય-મંડળમાં હતા એ વાત આજે તો ઘણા ભાઈઓને જાણતાયે નહિ હોય.

મહારાજશ્રી મહારાજશ્રી થયા પહેલા માત્ર એક સાદા ગુજરાતી શિક્ષક હતા. એમનો જન્મ કાઠિયાવાડ તાલુકે મોજીદડ ગામમાં થયો હતો. લગ્ન કરવાનો પ્રસંગ આવ્યા ત્યારે એમણે ન પરણવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. શરૂઆતથી જ એમનું મન યોગ તરફ વળેલું હતું અને પોતાની નોકરી ના સમય દરમ્યાન નોકરીના કલાકો ઉપરાંત ઘણોખરો વખત એમણે યોગસાધનાની પાછળ જ ગાળ્યો. એમના શિક્ષક-જીવન દરમ્યાન સુરતવાળા શ્રી મણુભતરાગ દુબરાગ ત્રિવેદી એમના ઉપરી હતા. અને મણુભતરાગભાઈએ જેમ પોતાની કડકાઈનો સ્વાદ પટ્ટણી સાહેબને ચખાડેલો તેમ જ મહાત્મા શ્રીમત્પુરાગ શર્માને પણ ચખાડેલો એમ એમણે પોતે જ મને જણાવ્યું હતું. દૈવયોગે આ જ કડક મણુભતરાગભાઈ પાછળથી જીવનભરનાં પટ્ટણી સાહેબના પૂજ્ય બન્યા અને મહાત્મા શ્રીમત્પુરાગ શર્માના તો રીતસર બાપા કહીને પ્રણામ કરનારા શિષ્યોમાંના

હું મહારાજશ્રીના પરિચયમાં આવ્યો ત્યારે તો તેઓ મહાત્મા થઈ ચૂકયા હતા અને અંગે સૌ ઈશ્વરના એક નાનો પણ અવતાર તરીકે એમનું રીતસર પૂજન કરતા હતા.

મહાત્મા શ્રીને અમે સૌ શિષ્યો આચાર્ય કહીને પણ સંબોધતા. એમના પરિચયમાં આવ્યા પહેલાં હું વૈષ્ણવ આચાર્યોના તેમજ સ્વ નીનારાયણ સંપ્રદાયના આચાર્યોના પરિચયમાં આવેલો, એટલે મને સગાનયું કે મહારાજશ્રી પોતે સ્વાશ્રયથી આચાર્ય થયા છે. પોતાના આચાર્યપદની જવાબદારી તેમના મનમાં બરાબર કતરી છે. આમ તો મહાત્માશ્રી ગુજરાતી ભાષાના કોઈ મહેતાજી, જેવા મહેતા જ પણ એમણે પોતાના પરિશ્રમથી ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, પાતંજલ-યોગદર્શન, શ્રીમદ્ ભગવદ્ગીતા વગેરે શાસ્ત્રીય ગ્રંથોના સારો એવો અભ્યાસ કર્યો અને આપણી પ્રસ્થાનત્રયીને (એટલેકે ઉપનિષદોને, બ્રહ્મસૂત્રને તેમજ ગીતાજીને) ગુજરાતીમાં ઉતારી. આ રીતે એમણે, પાતંજલ યોગદર્શનને પણ ગુજરાતીમાં ઉતાર્યું છે. આ પ્રમાણે આપણા પ્રમાણભૂત ધર્મગ્રંથોનું પ્રમાણભૂત અવતરણ, એ મહારાજશ્રીનો બહુ મોટો ફાળો છે આ ઉપરાંત એમણે ખાસ પોતાના શિષ્ય સમુદાયને વેદ નગાંરાખીને પણ પોતાનો, ચિત્તશુદ્ધિના તેમજ જ્ઞાનનાં બીજોનાં બીટાં ઘણાં પુસ્તકો લખ્યાં છે અને હજુ આજે પણ એ વિષયનાં અભ્યાસીઓને તેમજ એ માર્ગે જનારાઓને કોનો કોઈ ઓછો નથી જ્ઞાને અને યોગ જેવા ગહન વિષયોનો સરળ સાદી ભાષામાં પરિચય આપનારાં આ પુસ્તકો મહારાજશ્રી પોતે એ વિષયનાં કેવા કાબેલ હતા તેનો પુરાવો આપે છે.

પણ આ દિશામાં એમનો સૌથી મોટો ફાળો તો સંધ્યાનાં આ ત્રિકોનો છે. શરૂઆતનાં વર્ષોમાં મહારાજશ્રી પોતે યોગ ઉપર જ લાગેલા, એટલે કર્મકાંડ વગેરેની ખટપટમાં પડેલા નહિ હોય પણ પાછળથી પોતે મહારાજ થયા પછી રીતસરના કર્મકાંડની જરૂરિયાત એમને સમજાઈ, એટલે પોતે તો પોતાના દૈનિક ક્રમમાં રીતસર સંધ્યા વગેરેને સ્થાન આપ્યું જ પણ સંધ્યા કરવાના કપરા કામને સ વૈજ્ઞાનિક રૂપ પણ આપ્યું. એક અણુ ના બીજા પ્રકારની સંધ્યા ન કરતા હોય એવાં એમનાં શિષ્ય કે શિષ્યા તમે ભાગ્યે જ દેખો. એટલે જ સંધ્યાવંદનની ગાયે અનિવાર્ય ગણાએલાં ભસ્મ, કપાલીત, વૈષ્ણવ-અર્ધાગનવિધિ વગેરે પણ શિષ્યોમાં સાર્વત્રિક બની ગયાં.

ઈ. સ. ૧૯૦૪ થી ૧૯૨૦ સુધીનાં એટલે સોળ વર્ષ હું મહારાજશ્રીનો રીતસરનો શિષ્ય રહ્યો. શિષ્ય થયા પછી બહુ થોડા વખતમાં હું મહારાજશ્રીના અંતરંગ મંડળમાં પહોંચી ગયો અને ત્યાં રહીને એમને અનેક પ્રસંગોએ અવલોકવાનો મને પ્રસંગ મળ્યો. મહારાજશ્રી પોતે મહારાજ થયા એ પહેલાં એ કેવી રીતે આ પદે આવ્યા એ જાણવા માટે મેં ઘણી મહેનત કરી, એમના જૂના શિષ્યોને વારંવાર પૂછયું. પણ મારે જોઈતી હતી તેવી બાતમી મને કોઈ દ્વિવસ મળી નથી. નથુરામ શર્મા નથુરામ મટીને મહારાજ થયા એ દરમ્યાન એમની કેવીકેવી તાવણીઓ થઈ, કેવીકેવી હાલતો અને અવસ્થાઓમાંથી એ પસાર થયા, કયારે કયારે લપસ્યા, કયારે કયારે હાર્યા, કયારે અને કેવી રીતે પડયા અને છતાં કેવી રીતે પાછા ઊભા થયા એ બધું જાણવાની અને એમને એમના ખરા સ્વરૂપમાં માનવી તરીકે ઓળખવાની મારી મહેનત નકામી ગઈ છે. મારા આત્મિક મિત્રો મારા આત્માના પ્રશ્નોને નાસ્તિકતાની નિશાની ગણતા અને મહારાજશ્રી પોતે તો પોતાની પૂર્વાવસ્થા વિષે કાયમ મૌન રાખતા. મહારાજશ્રીએ પોતાના જીવનનાં આવાં તેવાં બાબોડિયાં વિષે કોઈને પણ વાત કરી હોય એમ મને લાગતું નથી એમના ઉત્તર જીવનની બરી પૂર્વ ભૂમિકા આપણી પાસે નથી એ ખેદની વાત છે.

મહારાજશ્રીનો પરિચય આપતી વખતે મારે તેમની કેટલીક વિશિષ્ટતાઓનો ઉલ્લેખ કરવો જ જોઈએ. મહારાજશ્રી પોતાના દૈનિક કાર્યક્રમમાં અસાધારણ નિયમિત હતા. દરરોજ સવારે પાંચ વાગ્યે એ જાગતા. મહારાજશ્રી ઊઠે અને ઓરડાનું બારણું ઉઘાડે ત્યારે તરત જ એમનાં દર્શન થાય અને એ રીતે મંગળ દિવસની શરૂઆત થાય એ ભાવનાથી પ્રેરાઈને અમે શિષ્યો એમના બારણા પાસે પાંચ વાગ્યા અગાઉ હાજર રહેતા. અને મહારાજશ્રી બારણું ઉઘાડે કે તરત જ જમીન પર ઢાંણ, પડીને તેમને રીતસર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા. અને મહારાજશ્રી પોતાના જમણા હાથથી અમને ઉભા ઉભે અભય અને આશીર્વાદ આપતા. એમના ઊઠવાનો સમય એટલો બધો નિયમિત હતો કે બસ. ઘડિયાળમાં પાંચના ટકોરા થયા કે બીજ જ ક્ષણે એમના બારણાનો ખટાકો થયો જ હોય. ઊઠયા પછી લઘુશંકા કરવા જવું, દાંતે પાણી પીવું, આંખ-મોં ધોવાં, શરીરે ગાત્ર આદરી, માથા પર રૂમાલ બાંધવો, સડાસની ટૂંચી લેવી અને પાણીનો લોટો વઈને સંડાસ તરફ જવું, એ બધી ક્રિયાઓ કોઈ કર્મકાંડી યજ્ઞની બધી ક્રિયાઓ જે ચોકસાઈથી અને

નિયમિતતાથી કરે એ બીજાથી અને નિયમિતતાથી મહારાજશ્રી કરતાં એ બેના કામના અભ્યાસથી એ બેમના જીવનમાં સહજ થઈ ગઈ હતી. આવા જ પ્રકારની ચીવટ અને ચોકસાઈ બેમની સંધ્યોપાસન તથા ધ્યાનમાં, બેમના ભોજનમાં, બેમના શયનમાં, બેમનાં વાચનમાં, બેમની કામમાં અને જીવનના દરેક નાનામોટા પ્રસંગોમાં જે જોવાઈ છે. કોઈ પણ પ્રસંગે આવી રીતની ચર્યામાં બેમણે ભૂલ કરી હોય બનવા જોગ જ નથી. જેવી બેમની સ્વચ્છતાની ચોકસાઈ તેવી જ બેમની ચીજ વસ્તુઓની પણ ચોકસાઈ હતી બેમનું આસન, બેમની ઘડિયાળ, બેમનો ચાકળો, બેમની પેન્સિલ, બેમની પાટ, બેમનું બિછાનું, બેમનાં ચશ્માં, એ બધાંય તેમના માટે નક્કી કરેલે સ્થળે જ પડયા હોય તેમાં સહેજ પણ ફેર ન હોય. અને નિયમિતતાનો તથા ચોકસાઈનો આવો આગ્રહ બેમના બેમત જીવન પુરતો જ હતો એમ ન કહેવાય આવો આગ્રહ આખાંય આશ્રમજીવનમાં ઊતર્યો હતો.

આપણે તેમજ કાર્તિકી પૂનમે કે બીજા મેળા પ્રસંગોએ અમે શિબ્યો આશ્રમમાં એકઠા થઈએ ત્યારે અમે તો સૌ બમારા સ્વભાવ પ્રમાણે થોડોવધુ ઓછો ગોટાળો કરીએ. ઓરડામાં દૂધ–કોફી ઢોળીએ, પૂંજણી વાળીએ, બારણાં–બોદરાં રબડાવીએ, પણ અમે બધા કે તરત જ બમારો ઓરડો ધોવાઈ જાય અને આશ્રમની બીજે રીતસર પોતપોતાને ઠેકાણે પહોંચી જાય બેમાં બૂલ નહિ. અમે આશ્રમની બહાર પગ મૂકીએ બેટલી જ વાર. બેમની આ ચોકસાઈની સાથે જ બેમનો સ્વચ્છતાનો આગ્રહ જેવા જેવો હતો. આશ્રમમાં કોઈ જ્યાં ત્યાં થૂકી નહિ; જ્યાંત્યાં બેસાળ કરવું નહિ, કે જ્યાંત્યાં કચરો ફેંકવો નહિ. આખોય આશ્રમ દરરોજ બરાબર વળાતો બાયને તે પણ ઘણું જ ઝીણા નોકરોથી. મહારાજશ્રી પોતે લગભગ દરરોજ બને વખત દિશાએ જતાં જતાં આખાય આશ્રમ પર ઝીણી નજર નાખતા અને નાની બેવી પણ મહેતાને બોલાવી ઈન્સ્પેક્ટરની ચાલાકીથી પકડી પાડતા. તેથી જ આશ્રમનું રસોડું અને કોઠાર પણ બમારા માટે સ્વચ્છતાનાં શિક્ષણકુરણોના હતાં બેમ હુંકહીકાઢું. મહારાજશ્રીનાં પોતાનાં બંગલા વગરેનાં બારણાં બારસી જેવાં સ્વચ્છ રહેતાં, બેમના કપડાં સફેદ, બત્રકાની પાંખ જેવાં ધોળાં રહેતાં, બેમની પથારી બેવી જ સ્વચ્છ રહેતી, બેમની લાકડાની પાદુકાબો ઉપર મેં કોઈ દિ' મેલ બાઝ્યો જણ્યો નથી, બેમનો જમવા બેસવાનો પાટલો, બેમનું ફાનસ, બેમના ઓરડાનાં કબાડ, બેમના પુસ્તકો, જ્યાં જુબો ત્યાં તમને મહારાજશ્રીની બોજબાઈ, ચોકસાઈ અને વ્યવસ્થાનાં દર્શન થયા વગર રહે જ નહિ.

પણ બાવી ચોકસાઈ અને બોજબાઈ માત્ર બાહ્ય પદાર્થોમાં મર્યાદિત નહોતી, બેમના પત્રવ્યવહારમાં તેમજ પુસ્તકોના મૂક વાચનમાં પણ બાપણને બે જ દેખાય. બેમનાં નાનામોટાં પુસ્તકોની બીજી રીતે કિંમત બમે તેવી હો, પણ બેમની છાપશુદ્ધિ અને જોડણીશુદ્ધિ માટેનો મહારાજશ્રીનો બાગ્રહ અતિશય હતો અને મોટે ભાગે તો બે કામ બે પોતે જાતે જ કરતા. આશ્રમમાં મહારાજશ્રી પોતે જ મુરબ્બીડર હતા બેમ કહી શકાય. બેમના બક્ષરો ઘણા ચોખ્ખા અને વળાંકવાળા હતા હું બેમના પરિચયમાં બાબ્યો ત્યાર પછી આશ્રમનો પત્રવ્યવહાર મોટે ભાગે વ્યવસ્થાપક ત્રિભુવનભાઈ જ કરતા; પણ મહારાજશ્રી પોતે નૂતકના શિષ્યોને પ્રસાદી રૂપે જે થોડા ઘણા કાગળો લખતા તે કાગળોના મોતીના દાણા જેવા બક્ષરો હજી બાજે પણ બેવા જ મનોહર હશે.

બેવી મહારાજશ્રીની નિયમિતતા, બેવી બેમની વ્યવસ્થા, બેવી બેમની સ્વચ્છતા તેવી જ બેમની સ્પષ્ટતા જોવા જેવી વસ્તુ છે બેમની વાણી બહુ જ સ્પષ્ટ અને ચોકસ હતી તેમજ નોકરને હુકમ કરે બથવા શિષ્યને બાજ્ઞા કરે તો નોકર કે શિષ્ય ગમારમાં ગમાર બેની બાબતમાં જ, બનતા સુધી બે બર્થ ન થાય બેવા શબ્દોમાં જ, કરતા. પોતાને જે કહેવાનું હોય બે બેમના મનમાં જ બેવું સ્પષ્ટ હતું કે પછી બાબતમાં ગોટાળો હોય બેવો ભાગ્યે જ બનતો નહિ. બેમનાં પુસ્તકો, બેમનાં બાખ્યાનો, બેમના પત્રો, બેમનો તમામ વાણી-વ્યવહાર આ સ્પષ્ટતાની સાક્ષી પૂરતો. વિચારો તેમજ બાપ બીબાની સ્પષ્ટતાને લીધે જ મહારાજશ્રી બોગ વગેરેની મોટીમોટી વાતો પણ પોતાના સાધારણ શિષ્યોને સમજાવી શકતા અને બેની બેવી વાતો માટે તેમનામાં રસ જગાવી શકતો.” —નાનુભાઈ ભટ્ટ

ઉત્તર ધ્રુવના પ્રદેશોની અજાયબીઓ

(૧) અનુકૂળ પરિસ્થિતિ હોય તો (૬૦થી ૮૦ ડિગ્રી ફેબ્રુઆરાનહીટ હોય ત્યારે) આ પ્રદેશોમાં બર્ષોબર્ષ માણસ સુધી સાધારણ ચાલ ચિત સંભળાય છે. માણસ પગ પછાડતો હોય તો તેનો બવાજ બે માઈલ દૂર સહેલાઈથી સંભળાય; અને કુતરાનો ભસવાનો કે લાકડાં કાપવાનો બવાજ તો ૧૦થી ૧૨ માઈલ દૂર બાબતો સંભળાય છે!

(૨) બાપણે ત્યાં સામાન્યપણે રહેલું ૬૫ ડિગ્રી ફેબ્રુઆરાનહીટ ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં પણ કેટલાકમાં ઘણી જગ્યાએ મોબાયુ છે.

(૩) હવા ઉપર ઠંડીની સીધી અસર થવા ઉપરાંત બીજી કારણો પણ અસર તે તેને સૂકી બનાવવાની છે બાને લીધે ૩૦થી ૬૦ ડિગ્રી સુધી ભેજવાળી હવા બનતી બને છે. નદીબોગાથી સીધાં જ વાદળ થવાનું દેખાય છે! અને કોઈ જંગલમાં બકસ્માત બાગ લાગી હોય બને ધુમાડાના ગોટેગોટા ઊડતા હોય તેવું દશ્ય થાય છે. પ્રાણીબો બતાંતમાં પોતાની પાછળ ધુમ્મસનો લીસોટો four tails મૂકતાં જાય છે, કે ઘણા વખત સુધી બેમ ને બેમ હવામાં રહે છે. ૬૦ ડિગ્રી ફેબ્રુઆરાનહીટ હોય ત્યારે તો દોડતા પ્રાણીની પાછળ ઘાટા ધુમ્મસનો લીસોટો હવામાં પડી જાય છે અને બવે 'ગ્રોકરફીન' કરવામાં આવતો હોય તેમ લાગે છે. પ્રાણી ઊભું હોય તો તેનું શરીરની ગરમીને લીધે બેટલું બધું ધુમ્મસ તેને ઘેરી વળે કે ૧૦ ફીટ બેટલેથી તો તે દેખાય જ નહિ વળી, શ્વાસોચ્છ્વાસથી પણ ધુમ્મસ જામી જાય છે અને જાણે વરાળયંત્ર ચાલતું હોય બેવું લાગે છે!

(૪) જલ્દી જામી જતા બા ધુમ્મસની ઉપાધિ ન હોય તો ઠંડા પ્રદેશોમાં ઘણે સુધી દેખી શકાય. (બાઠ્ઠો) ૫૦ ડિગ્રી ફેબ્રુઆરાનહીવાળી હવામાં +(વત્તા) ૫૦ ડિગ્રીવાળી હવા કરતાં વસ્તુ પ્રમાણે ગણી વધારે મોટી લાગે છે. અને દૂરની પર્વત જેવી વસ્તુબોનો રંગ બૂબરે.—ભૂરો થતો નથી થતો તેમજ તેની રેખાબો પણ બગડતી નથી ૨૦ માઈલ દૂરનો પર્વત ૧ માઈલ દૂરની ટેકરી જેવો જ દેખાય છે!

(૫) ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં બમુક જગ્યાબોબે ઘણાં જ નોકનો થયા કરે છે. સાધારણપણે બવાની બાગ્યતા પણ બેમ હોય છે કે ઉત્તરધ્રુવ બેટલે બરફનો તોફાનો બને ઠંડા સૂસવતા પવનોનો પ્રદેશ પણ બા સમગ્ર વિભાગને ધ્યાનમાં લેતા દુનિયાના કોઈ પણ તેના જેવડા જ બીજા પ્રદેશ કરતાં ત્યા બાછાં તોફાનો થાય છે

—વિજય પંડ્યા

પૅલેડિયમ–એક નવી ધાતુ

ઉત્તર અને દક્ષિણ અમેરિકામાથી પ્લૅટીનમ અને સોના જેવી પૅલેડિયમ (Palladium) નામની બેક નવી ધાતુ મળી આવી છે. આ ધાતુ ચળકાટમા ચાંદી જેવી અને વજનમાં સીસા જેવી હોય છે. બેને ઓગાળવા માટે સોડાથી થોડીક જ વધુ ગરમી લેવી બેઈબે બે

હર્ષ ને શોક, પ્રકાશ નેં અંધાર સદ્‌ગુણ દુર્ગુણ, 'દ્વૈ સખી !
શ્વેત પટે એમ શ્યામલ માંડી બ્રહ્માંડકેરી કથા આ લખી.

—કવિ નાનાલાલ

ગોવર્ધનરામભાઇને એક વાર ચન્દ્રશંકર પંડ્યાએ વાતચિતમાં કહ્યું, 'આપના સરસ્વતીચન્દ્ર જેવો ગ્રંથ ગુજરાતી સાહિત્યમાં થયો નથી ને થવાનો પણ નથી.' આ સાંભળીને ગોવર્ધનરામભાઇએ કપકાના રવરે કહ્યું 'તમે ગુજરાતી સંસ્કૃતિનું અપમાન કરો છો. મારા પુસ્તકથી જ શું ગુજરાતની શક્તિ ખૂટી જવાની છે? ભવિષ્યમાં મારાથી ઘણા યે ચડિયાતા સાહિત્યકારો પાકશે. મને મારા ગુજરાતમાં પૂરી શ્રદ્ધા છે.'

કહેવતોના અર્થ: 'ઘરકી મુરઘી દાલ બરાબર.'—અતિ પરિચયમાં કે ઘણા નિકટ રહેવાને કારણે માણસ કે સ્થાનનું ગૌરવ ઘટી જાય છે, અને તેમાં ખરું મહત્ત્વ હોય તોપણ સાચી કિંમત અંકાતી નથી, એ દર્શાવતી આ કહેવતનો વાચ્યાર્થ એવો છે કે પોતાના ઘરની જ ઉછરેલી મુરઘી હોય તેનું ઘરધણીને કાંઇ મૂલ્ય ન હોય અને ચાહે ત્યારે તેને દાળની માફક ખોરાકના ઉપયોગમાં લઇ લે. એને મળતી બીજી કહેવતો: 'ગામનો જોગી જોગટો, ને પરગામનો સિદ્ધ'; 'ગામની છોકરી, ને પરગામની લાડી'; 'ઘરના પીરને તેલનો મહીદો'; 'આઘેનાને તેડતેડ, પાસેનાને છેડછેડ'; 'અતિ પરિચયાદવજ્ઞા ભવતિ' 'હલ્યો કોયડો કોડીમૂલો'; 'ગોલાંને ડરણાર; ઢીંચણ સમો' વગેરે.

અનેકાર્થી શબ્દ: સાખ્ય=સાહેદી કે સાક્ષી; ઝાડ ઉપરનું પાકેલું ફળ; બારણાનાં ચોકઠાના ઊભા ટેકા; બારણું અથવા બારણું. શાખ=બટક; આબરૂ અથવા વટ; સાક્ષી.

ગણિતગમ્મત: ૨ અને ૩ એ જેમ પાસપાસેની સંખ્યા છે તેમ 2^3 અને 3^2 એ પણ પાસપાસેની સંખ્યા થાય છે જુઓ: $2^3=8$ અને $3^2=9$. —મ. ના. ખત્રી.

ચડઊતર કદના મણકાનો કે મોતીની માળાનો દોરો તૂટી જતાં તેને ફરી પરોવવી હોય ત્યારે મોતીનાં કદ તેના યોગ્ય ક્રમમાં ગોઠવ્યાથી ગોઠવવાં સરળ થાય તે માટે, પૅકિંગમાં આવતાં 'ફ્રાઇગેટેડ પૂઠાં'નો ઉપયોગ સચોટ કામ આપશે. પૂઠાના બે આંચાઓમાં મોતીને ગોઠવતા જવાથી રગડી નહિ જાય અને કમવાર ગોઠવવામાં જે હેરફેર કરવી પડે તે એને લીધે સરળ થઈ પડશે.

નવાં પત્રમિત્રો થવા ઇચ્છનારાઓ તથા બીજાઓ તરફથી વારંવાર અમારી પાસે યુરોપ-અમેરિકાનાં તેમજ બીજા દેશોનાં પત્રમિત્રોનાં નામ-સરનામાની માગણી આવ્યા કરે છે; પરંતુ જેમના પત્રો 'કુમાર'માં પ્રકટ થાય છે (અને તેમનાં સરનામાં તો એ પત્રોને મથાળે હોય જ છે) તે સિવાય બીજા કોઈનાં નામ-સરનામાંની માહિતી અમારી પાસે નથી. માટે ઇચ્છુકો 'કુમાર'માંનાં સરનામાંનો જ ઉપયોગ કરીને સંતોષ મેળવે, અગર 'કુમાર'માં પ્રકટ થતાં હિંદનાં પત્રમિત્રોના નામમાંથી ઈષ્ટ જણાયતે ચૂંટીને તેમની પાસેથી મેળવે. આ વિષયમાં સહાયરૂપ થવા અમે એટલું કરીશું, કે જે કોઈ પત્રમિત્રો પાસે પશ્ચિમી પત્રમિત્રોનાં નામ-સરનામાં હોય તેઓ જો અમને તે મોકલતા રહેશે તો તે 'કુમાર'માં પ્રકટ કરતા રહીશું. એવા પ્રકારનો એક પત્ર આ ઉપર પ્રકટ કર્યો છે. —તંત્રી

નવાં પત્રમિત્રો

(૧) જરીન ખંભાતા, C/o તાહેરભાઈ ખંભાતા, ૧૦૮ પાકમોડિયા સ્ટ્રીટ, ઇમામવાડાની બાજુમાં, મુંબાઇ-૩; (૨) સકીના એસ. માલા, ૨૦૬ ડૉકયર સ્ટ્રીટ, ત્રીજે માળે, મુંબાઇ-૩; (૩) અસગરઅલી માલા, હુસેની બિલ્ડિંગ, નલબજાર સામે, ત્રીજે માળે, મુંબાઇ-૩; (૪) મિસ રોશન રહેમતુલા બાબુજી, પો. બૉ. ૧૧૬, મૉમ્બાસા-બ્રિ. ઈ. આફ્રિકા; (૫) હર્ષદરૉય ત્રાંબડી, બૉક્સ ૬૬, દારેસલામ-બ્રિ. ઈ. આફ્રિકા; (૬) સુરેશ ગદ્રેતા અને (૭) સુધા ગદ્રેતા—બંનેનાં સરનામાં C/o મનહરલાલ ડી. ગદ્રેવા, ૧૪ ફ્રેંચબ્રિજ, ઝોપાટી મુંબાઈ ૭; (૮) સૂર્યકાન્ત ચૌધરી, વિઠ્ઠલબૉક, સાવલી (વડોદરા ડી.); (૯) પંડિતરાવ રાવલ P. O. Kakira-યુગાન્ડા-બ્રિ. ઈ. આફ્રિકા; (૧૦) દિવ્યબહેન રાવલ, સરનામું નં. ૯ મુજબ; (૧૧) ચંદ્રકાન્ત મોહનલાલ ગિલ્ડર, ૩૦૪ ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ, (૧૨) રાવજીભાઈ ખેરાજભાઇ લાદીવાળા, ઝોકેશ્વર પ્લૉટ, પોરબંદર; (૧૩) સૌકતઅલી વી. દીવવાલા, ૨૩ દાદાભાઈ રોડ, ઍંધેરી-મુંબાઇ; (૧૪) ચંદ્રકાન્ત પટેલ, બહુચરાજી શેરી, વાંકાનેર-કાઠિયાવાડ; (૧૫) રસિકલાલ કે. બદલ, પો. બૉ. ૩૮૨, દારેસલામ-બ્રિ. ઈ. આફ્રિકા; (૧૬) જશવંત શાહ, ઝોકર ઍન્ડ કું., ઇમરીઝર બિલ્ડિંગ, પહેલે માળે, કાર્ટર માર્કેટ, મુંબાઈ; (૧૭) જયસિંહ કાપડિયા, ૬૧ નેપીઅન સી રોડ, મુંબાઈ; (૧૮) અચ્યુત શાહ, ગંધાવાળી સ્ટોર્સ, ગોલ્ડન મૅન્શન, દેશળ બન્દર, કરાંચી; (૧૯) મુકુંદરાય ટી. સોમપુરા, મુકુંદ નિવાસ, ગોરાવાડી, પાલીતાણા; (૨૦) કપસિંહ આર. લઢ્ઢ, પો. બૉ. બૉક્સ નં. ૩૨૫, મૉમ્બાસા-બ્રિ. ઈ. આફ્રિકા; (૨૧) હીરાલાલ શાહ, આનંદાશ્રમ, જનરલ પોસ્ટ ઑ. પાછળ રાવપુરા, વડોદરા; (૨૨) એચ. એફ. સોલંકી, ન્યાસા લૅન્ડ રેલવેઝ, Limbe-બ્રિ. આફ્રિકા; (૨૩) મુરાદઅલી એચ. ખેરાજ, ટાવરરોડ, ઝોટાદ-કાઠિયાવાડ; (૨૪) ગજેન્દ્રકુમાર ભટ્ટ, C/o પોસ્ટ માસ્તર, ઝોટાદ-કાઠિયાવાડ; (૨૫) હેમુ પારેખ, C/o પી. વી. પારેખ, જયરાજ પ્લૉટ, રાજકોટ; (૨૬) રામુ જી. પટેલ, અંબાજીમાતા પાસે, વીરમગામ; (૨૭) અંબાલાલ દવે, ચોટારાણુ પોસ્ટ બડોલી, ઈડર સ્ટેટ-એ. પી. રેલ્વે. (૨૮) ત્રાંબડી રસિકલાલ શાન્તિલાલ, મહાલક્ષ્મી સ્ટોર, મોદન મૅન્શન્સ, દેશળ બન્દર, કરાંચી; (૨૯) છબિલદાસ કેશવલાલ બ્રહ્મક્ષત્રિય, કપડવણજ; (૩૦) હેમુ પારેખ, C/o પી. વી. પારેખ, જયરાજ પ્લૉટ, રાજકોટ;

રમેશ ઠાકર, C/o પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, કૉલેજ, સૂરત; તથા અચ્યુ કાપડિયા, હલદિયા શેરી, સગરામપુરા, સૂરત, એ બંને ભાઈઓ ઈન્ટરનૅશનલ રેફ્રેન્ડ્સ સોસાએટીના સભ્ય થયા છે. એ સોસાએટીના સભ્ય થવા ઇચ્છનારે જવાબી ટિકિટ સાથે તેમને લખવું.

નવાં પુસ્તકો

સમર્પણની કથાઓ: રવીન્દ્રનાથ ઠાકુરની બંગાળી કથાઓનો સ્વ. નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલે કરેલો અનુવાદ, પ્રકાશક: ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૦-૧૨-૦; **જાનકડી વાતો**: ૬ થી ૧૬ વરસનાં બાળકો માટેની વાર્તાનો સંગ્રહ, લેખક-રમણલાલ ના. શાહ, પ્રકાશક-ઉપર મુજબ, ૦-૧૨-૦.



ગુજરાતમાં સાતપૂડાની એક દુર્ગમ ખીણમાં, શૂલપાણીની દક્ષિણે દસ માઇલ ઉપર, ઊંચી ગિરીમાળાઓની વચ્ચે અસ્તિત્વ ખોઈ બેઠેલી એક પ્રાચીન નગરી

ડુમખળ

લેખક : શ્રી અમૃતલાલ વ. પંડ્યા (આર્કિઑલૉજિસ્ટ, રાજપીપળા)

નર્મદાના પરિક્રમાવાસીઓ—નર્મદાના સાંતથી તે સંગમ સુધી તેના બંને તટોની યાત્રા કરનાર—માટે આખી નર્મદા પર વિકટમાં વિકટ વન એટલે શૂલપાણિની ઝાડી. ભડવાની રાજ્યમાંનો નર્મદાનો હિરનફાલનો ધોધ, કે જ્યાંથી નર્મદા ગુજરાતમાં પગલાં માંડે છે, ત્યાંથી લઈ તે ગોરા-ચરેડથર સુધીનો ૮૦ માઈલનો લાંબો વિસ્તાર એવો છે કે જેમાં આકાશચુંબી પર્વતો નર્મદાના બંને કાંઠે તેની બેઅડો બાંધીને ઊભા છે. આ પ્રદેશ બીચોબીચ ભયંકર વનોથી આચ્છાદિત છે. પરિક્રમાવાસીઓની કસોટી એની જ યાત્રામાં થાય છે અને 'આ શૂલપાણિની ઝાડી' વટાવી ગયા એટલે નર્મદાની અર્ધી પરિક્રમા પૂરી થએલી ગણાય છે. આ ગહનવનનું ગહનતીર્થ તે શૂલપાણિ મહાદેવનું મંદિર. અહીં 'દેવ' નદી સાતપુડાની સ્વર્ગ સમી અગાશી પરથી ઊતરીને પશ્ચિમ ખાનદેશ ને રાજપીપળા રાજ્યની સરહદ બાંધતી નર્મદાના ખોળામાં આવીને સમાઈ જાય છે.

તળપદા ભીલોની લોકવાયકા પ્રમાણે 'દેવ'નદી તે દેવોના પ્રદેશમાંથી નીચે ઊતરે છે. આબુ ને આરાસુર, ગિરનાર કે શેત્રુંજ, અરવલ્લી કે વિન્ધ્ય જ્યાં ત્યાં ફરો, પણ હિમાલયની દક્ષિણે, દેવો જ્યાં નિવાસ કરી શકે એવા સ્વર્ગિક પર્વતો તો આ દેવગંગાના જ પ્રદેશમાં છે. મધ્યપ્રાંતોથી ગુજરાતના ખોળા તરફ પસરતી આવેલી સાતપુડાની શૃંગમાળા થોડા વિસ્તારમાં અચાનક હિમાલયનું સ્વરૂપ ધારણ કરે છે અને આ પર્વતનો તેટલો ભાગ 'દેવગીતારીઓ' કહેવાય છે. આ પર્વત એટલે દેવોનો પર્વત. માનવીનું ત્યાં ગજું નહિ કે રહી શકે. એવા આ દેવગીતારીઓના ખોળેથી ઢળી પડતી દેવકન્યા સમી દેવનદીએ, ઉપરવાસરે, શૂલપાણની દક્ષિણે ૧૮ માઈલ પર, સાતપુડાના શિખરોમાં ત્રીજા ગણાતા 'ધામણમાલ'ના છાંયરે એક સુરમ્ય પ્રદેશ રચી કાઢ્યો છે. આઠેક ચોરસ માઈલનો વિસ્તાર ધરાવતો એ સવાચોરસ પ્રદેશ ચારે બાજુથી પર્વતોની હારમાળાના રચાએલા એક ગઢથી રક્ષાએલો છે અને દેવગંગા તેને વચ્ચેથી ચીરતી નીકળી જાય છે.

આવા આ પ્રદેશની મધ્યમાં, દેવગંગાના પુનિત તીરે, હજારેક વર્ષ પર એક પાટનગરીના પાયા રોપાયા હતા. કોણે રોપ્યા તે ઇતિહાસ હજી અનવેષ્યો છે તેના અવશેષો લગભગ એક ચોરસ માઈલના વિસ્તારમાં દેવગંગાને બંને કાંઠે આજે પડેલા છે. એ અવશેષોમાં નીચેની વસ્તુઓ મુખ્ય છે: (૧) પત્થરનાં ત્રણ મંદિરોના અવશેષો—જેમાનું એક ગદાદેવનું, બીજું ગદ્ધિપાસુર મહિનીનું અને ત્રીજું જૈન-તીર્થંકર પાર્શ્વનાથનું હતું. મૂર્તિઓ ઘણી મોટી છે. (૨) નદીકની એક ટેકરી પર ઈંટોની બાંધણીના રાજપ્રાસાદના અવશેષો—જેના પર હાલ જંગલ ઊગેલું છે. (૩) વાવો—કે જેમાંની ઘણી ભરી દેવાએલી છે. માત્ર એક વાવનો અમુક ભાગ ખુલ્લો છે કે જેની બારીક કોતરણીવાળી બાંધણીનો ખ્યાલ આપે છે. (૪) લગભગ સવા સો જેટલા પાળિયા—જેમાંના ઘણા ઉપર લેખો કોતરેલા છે (૫) રાજાઓ, રાજપુરુષો, રાણીઓ વગેરેના કલાપૂર્ણ ખાંભીઓ—જેના પર લેખો કોતરેલા હોવા ઉપરાંત જે વ્યક્તિઓના સંસારમાં તેમને ઓઢવામાં આવેલી તેમની આકૃતિઓ અને તેમના જીવનના મુખ્ય બનાવો કલાપૂર્ણ કોતરણીમાં આલેખાએલા છે. આ નગરીનું આજ એક શિલાલેખમાં લખ્યા પ્રમાણે 'ડુમખલ' હતું. હાલ લોકો એને 'ડુમખળ' કહે છે. લેખોમાં રાજ્યકર્તાઓ અને વ્યક્તિઓનાં નામો છે, પણ રાજવંશનો કુલલેખ નથી પરંતુ 'રાણા' ઉપાધિ અને 'દેવ' પ્રત્યયવાળા એ નામોને જોતાં જણાય છે કે એ રાજકર્તાઓ રાજપૂત હતા.

સંખ્યાબંધ પાળિયાઓ પર યોદ્ધાઓની આકૃતિઓ કોતરાએલી છે અને નીચે, તેઓ યુદ્ધે ચડાયા તેની ગતિ અને સંવત આપેલાં છે. સંવત ૧૨૮૦ લખેલો છે. આ ઉપરથી લાગે છે કે એ વર્ષમાં

ડાબી બાજુ: સાતપુડાની વચ્ચે ડુમખળ નગરીના રથાનનો તથા ત્યાંના શિલ્પાવશેષોનો ખ્યાલ આપતું દૃશ્ય. (ફોટો : શ્રી હરિનારાયણ આચાર્ય) ઉપરના મથાળાની બંને બાજુનાં તથા આ નીચેનું ચાલચેહન : ડુમખળના શિલ્પનો ખ્યાલ આપતાં ડિઝાઈન (સ્કેચ : ર. મ. રાવળ)

(એટલે ઇ. ૧૨૨૪માં) દુમખળ પર કોઈક શત્રુનું આક્રમણ થએલું અને તેની સાથેના યુદ્ધમાં આ સખ્યાબંધ યોદ્ધાઓ કામ આવેલા.

(ઉપર)આ લેખના લેખક–દુમખળના અવશેષોના વચ્ચે.(નીચે) દુમખળની એક ખાંભીયા પરનું ઘોડેસવાર રાજપૂતોનું શિલ્પ-ઘોડાના આગલા પગનીચે હાલવાળા શત્રુને ચપાતો દર્શાવ્યો છે.(ફોટોઃ-હ. આચાર્ય)

રાજપીપળા રાજ્ય પ્રાકૃતિક ભૂગોળની દૃષ્ટિએ બે વિભાગોમાં વહેંચાયું છે: સાતપુડાનો પાર્વત્ય પ્રદેશ અને નર્મદાની ખીણ. નર્મદાની ખાણમાં તો છેક છઠ્ઠા સૈકાથી રાજપૂતોનું રાજ્ય હોવાનાં ઐતિહાસિક પ્રમાણો મળે છે પણ સાતપુડાનો પાર્વત્ય પ્રદેશ તો છેલ્લે તો ભીલોનો પોતાનો પ્રદેશ એમાં રાજપૂતી રાજ્યના અસ્તિત્વનાં પ્રમાણો તો માત્ર ૧૬મા સૈકાથી જ મળી આવે છે. એ પહેલાં સર્વત્ર ભીલ 'વસાવાઓ' (રાજાઓ)નું રાજ્ય હતું, ને હાલ પણ થોડેઘણે અંશે છે કુકડદાના વસાવાઓનું રાજ્ય તો છેક ૧૧મા સૈકામાં હોવાના લેખો મળે છે. વિશેષતા એ છે કે રજપૂતોના શિલાલેખો જ્યાં સંસ્કૃતમાં લખાયા છે ત્યાં આ ભીલ વસાવાઓના બનાવમાં બનતા લેખો પણ તત્કાલીન ગુજરાતી ભાષામાં છે. આ વસાવાઓ હાલના ભીલ ગામડાઓના વસાવાઓ (આગેવાનો) જેવા નહોતા. એ સ્વતંત્ર રાજકર્તાઓ હતા. તેમની ખાંભીઓ પર તેમની જે કલાપૂર્ણ પ્રાકૃતિઓ કોતરેલી મળી આવી છે તે જોતાં જણાય છે કે તેઓ પણ રાજપૂતોની જેમ વસ્ત્રાલંકારો ધારણ કરતા ને જતનતના શોખ ધરાવતા. આખા સાતપુડા વિસ્તારમાં એકમાત્ર દુમખળમાં જ પ્રાચીન કાળના રાજપૂતી રાજ્યની હયાતીની સાક્ષી મળી આવી છે.

વિ૦ સંવત ૧૨૮૦ના સમયે ગુજરાત પર પાટણના ગૌરવી ભીમદેવ બીજાનું રાજ્ય હતું. તેના એક સમા જયંતસિંહે તેની નબળાઈનો લાભ લઈ પાટણની ગાદી પચાવી પાડી હતી. એ જ ભીમદેવનો મંત્રી ચાચિગદેવ સંવત્ ૧૨૮૦ના અરસામાં, કે તુરત પછી, લાટનો સૂબો નીમાઈ નંદિપુર(નાંદોદ,આધુનિક રાજપીપળા)આવ્યો હોય એમ તેના વંશજોના મળી આવેલા વિ. સં. ૧૩૪૭ના એક તામ્રપત્ર પરથી જણાય છે. નર્મદા ખીણમાં તે વખતે પાટણના સોલંકીઓનું સાર્વભૌમત્વ હતું, પણ એ પ્રદેશમાં અનેક નાના નાના બહિયા રાજપૂતોનાં રાજ્યો હોવાનું મળી આવેલા આ રાજાઓના શિલાલેખો પરથી જણાય છે. શૂલપાણિનું તીર્થ એ વખતે દુમખળના રાણાઓનું હોય એ શક્ય છે, કારણ દુમખળ ને શૂલપાણિ વચ્ચે સીધે રસ્તે માત્ર ૮ માઇલનું જ અંતર છે. શૂલપાણિનું મંદિર એ સમયે હયાતીમાં હતું એમ તેના ગોકમાં આવેલી કેટલાક દાનાઓની મૂર્તિઓ પર કોતરાએલા સંવત પરથી જણાય છે.

આ પછી સંવત્ ૧૩૧૫ના વર્ષમાં એકાદ નાનુંસરખું શત્રુ આક્રમણ દુમખળ પર થએલું હોય એમ એક બીજા લેખ પરથી જણાય છે. આ વખતે ગુજરાતનો સમ્રાટ પાટણનો વાઘેલો વીસલદેવ હતો. નર્મદા ખીણમાં હજુ પણ અનેક નાનાનાના રાજાઓ રાજ્ય ચલાવતા હતા અને સાતપુડાના દુર્ગમ વિભાગમાં ભીલ વસાવાઓ સ્વતંત્ર રીતે રાજસત્તા ભોગવતા હતા. સંવત ૧૩૧૧માં વીસળદેવે નર્મદા ખીણમાં દર્ભાવતી (ડભોઇ)ના ત્રાંબાવટે વૈદ્યનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો તેના શિલાલેખની પ્રશસ્તિ નંદીપુર (રાજપીપળા)ના એક વિદ્વાન બ્રાહ્મણ પ્રહ્લાદે લિપિબદ્ધ કરી હતી. નંદીપુર તો પહેલાં અનેક સૈકા પર્યંત વિદ્વાન બ્રાહ્મણોનું કેન્દ્ર રહેતું આવેલું. એક બીજા તામ્રપત્રોમાં લાટ દેશના તત્કાલીન પાટનગર આ નંદિપુરના વિદ્વાન બ્રાહ્મણોને સન્માન બક્ષ્યાની નોંધો મળી આવે છે. આ નંદિપુરના ત્રાંબાવટે સંવત ૧૩૦૪માં,અને નર્મદાના કાંઠે સંવત ૧૩૧૧ માં યુદ્ધો થયાં હોવાની માહિતી આપતા શિલાલેખો મારી પાસે છે.

ડભોઇના વૈદ્યનાથ મંદિરની કોતરણી ગુજરાતમાં અજોડ છે. લાટ દેશમાં એ વખતે કળાની સારી પ્રગતિ થઇ હોવાનું જણાય છે ને તે એટલે સુધી કે સાતપુડાના પાર્વત્ય પ્રદેશોમાં ખૂણે પડેલું દુમખળ પણ કળાકૃતિઓથી શણગારાયું હતું. આ લેખ સાથે જે ખાંભીનો

ચિત્રો આપ્યાં છે તેની કોતરણી એ સ્થાપત્યનો ખ્યાલ આપશે.

લગભગ એ જ અરસામાં રેવગિરિના યાદવ રાજા સિંઘણે નર્મદાના તટે ભરૂચના આંગણે ગુજરાત પર આક્રમણો કરેલાં. મંત્રી તેજપાલે નર્મદાના દક્ષિણ કાંઠે કુબેરેશ્વરમાં (રાજપીપળા રાજ્યમાં છઓર ગામ પાસે આ સ્થળ છે) શ્રાદ્ધોનો માટે મોટો બંધાવેલા. એ જ અરસામાં સંવત ૧૩૧૭માં કુગાખળના આંગણે એક બીજું યુદ્ધ થયું હતું.

પછીનાં પંદરસો સુધી કુગાખળના ઇતિહાસમાં કંઈ નવાજૂની બન્યાનો દાખલો નથી. પણ નીચેનાં મેદાનો (નર્મદા બીણ)માં ઇતિહાસ ઝડપભેર પલટાઈ રહ્યો હતો. સંવત ૧૪૫૫ના અરસામાં ગુજરાતની રાજલક્ષ્મી લૂંટાઈ. પાટણના કર્ણ વાઘેલાનું પતન થયું અને અનહિલવાડ પત્તનના આંગણે મુસ્લિમ સલ્તનતના પાયા રોપાયા. ઇતિહાસનું એક આખું પ્રકરણ પલટાઈ ગયું આ બનાવ પછી ૧૭ વર્ષે, કે જ્યારે કુગાખળ તેની પ્રગતિની ટોચે હતું ત્યારે, સંવત ૧૪૭૨માં કોઈ મોટો સંગ્રામ ખેલાયા બાબતનો શિલાલેખ મળે છે. રાજુના નાગનો કશોયે લેખ નથી. એ વાવાઝોડામાંથી પણ આ નાનું રાજ્ય, પસાર થઈ ગયું. પણ સંવત ૧૪૪૩(ઈ.સ.૧૩૮૭)ની સાલમાં ફરી આ રાજ્યે કોઈ એક તુમુલ યુદ્ધ થયું. આ વખતે નંદિપુર (રાજપીપળા)ના આંગણે રાજ્યપલટો થઈ ચૂક્યો હતો. ચાચિગદેવ કે જે પાટણ તરફથી લાટનો સુબો નીમાએલો તેના વંશજોએ સ્વતંત્ર થઈ નંદિપુરના આંગણે સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. પરંતુ એ રાજ્યનો સૂર્ય પણ અસ્ત પામ્યો હતો અને હવે તો નંદિપુરના દુર્ગ પર ચાહમાન વંશનો વાવટો ફરકતો હતો. એ વંશમાં, કુગાખળના કપરા કુમકાના સમયમાં, હઠયસિંહ નામનો મહારાજા ઘણો પ્રતાપી થયો હતો. પાટણના આંગણે હજી ગુજરાતની મુસ્લિમ સલ્તનત લોથની ખાવની હતી. અમદાવાદ વસવાને ગણતરીનાં વર્ષો જ બાકી રહ્યાં હતાં. તે સમયે નંદિપુર (રાજપીપળા)ના આ પ્રતાપી રાજવી હઠયસિંહે નર્મદાનો ઉત્તર પ્રાંત કબજે કરી છેક વડોદરા સુધી પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો હતો. વડોદરા રાજ્યમાં વરણામા (વડોદરાની પાસે), કોરલ અને તણખલા નજીક આ રાજાના શિલાલેખો મળી આવ્યા છે; અને રાજપીપળા રાજ્યમાં શૂલપાણિ, ઓરકતાર અને કુબેરેશ્વરમાંથી એ રાજવીના મોટામોટા શિલાલેખો મને સાંપડ્યા છે.



અંતે, વિક્રમના ૧૬મા સૈકાની અધવચ્ચે, એક મુસલમાન બાદશાહના આક્રમણથી કુગાખળનો વિનાશ થયો. આ મુસ્લિમ આક્રમણની વાત સાતપુડાના ભીલોમાં એક લોકકથાનું સ્વરૂપ પામી છે. લોકકથા પ્રમાણે દિલ્હીના

(નીચેનાં ચિત્રો વિષે) કુગાખળના યુદ્ધમાં માર્યા ગએલાઓના સ્મારણાર્થે ઊભા કરેલા પાળિયાઓનો આ પ્રકાર વિશિષ્ટ છે. નીચે આપેલાં ચિત્રો પૈકી જમણી બાજુનું પદેકું ચિત્ર ગયા અંકની આઠે પેજ પર આપેલું. તેની સાથે જણાવ્યું હતું તે મુજબ આ ખાંભીઓનો પ્રકાર જેવો તેવો જ સુંદર છે અને તેનો આકાર, સંયોજન, કોતરણી બધું જ ઉચ્ચ કલાનું દ્યોતક છે. ખાંભીની ચાર બાજુઓ પૈકી એક પર મરાએલા વીરનું આલેખન હોય છે, અને બીજી બાજુઓ ઉપર તેની પત્ની તથા બાળકો, સૂર્ય અને ચન્દ્રનાં પ્રતીક (તેની કીર્તિ યાવચ્ચન્દ્ર દિવાકરૌ રહે એમ દર્શાવવા) તેમજ બીજાં આલેખનો હોય છે. તદ્દન છેડે ડાબી બાજુએ આપેલા નાના ચિત્રમાં બે હાથ દર્શાવ્યા છે તે, મરનારની સ્ત્રી તેની પાછળ સતી થયાના દ્યોતક છે. તેની વચ્ચે સૂર્ય અને ચન્દ્ર છે. જમણી પરના વીરનું આલેખન મોટેરસવારનું હોય છે અગર તો, બીજા નંબરના ચિત્રમાં દર્શાવ્યા મુજબ પાયદળ લડવૈયાનું પણ હોય છે. ક્યાંક શિવની પૂજા કરતી રમણીઓ આલેખી છે.

(ફોટાઃ રાજપીપળા સ્ટેટ્સ રેકર્ડ્સ ઓફિસ.)

સમ્રાટ બાબરે ડુમખળ પર ચઢાઇ કરેલી. પણ બાબર કદી ગુજરાતમાં આવ્યો હોવાની સાક્ષી નથી.

ડુમખળ તેના પોપટ માટે પ્રખ્યાત છે, અને એ પોપટે તેનો વિનાશ આણ્યો હોવાનું લોકકથા કહે છે. દક્ષિણ ગુજરાતમાં કયા કયા ગામની કઇ કઇ વસ્તુ પંકાતી તે વિષે નીચેની કડિ પ્રચલિત છે:

ગોળા તો 'બીલીમોરા'ની, તોલડાં 'બામણવેલ'નાં,
ગોરસિયાં 'કરણ'નાં, ગાલ્લી 'તળાવચોરા'ની.
થી 'ધાગણ-તરસાળી'નું, જુવાર, 'છીણમ'ની.
ચોખા 'વાંસદા-ધરમપુર'ના, તુવેર તો 'ભોંદામ'ની.
વેંગણ 'કઠોરા'નાં, ને પાપડી 'કતારગામ'ની,
મોગરી 'ગણદેવી'ની, ને સુંઠ સોનવાડી'ની.
લાકડું 'ડાંગ'નું, ને ડોડી તો 'ડાભેલ'ની,
છાંયો 'કઠોર'નો, ને રંગ તો 'બલેસર'નો.
વાઘ 'તેતરપાટ'ના, ને રીંછ 'ખેરવાડા'નાં,
કિલ્લા 'વાજપુર-સાલ્હેર'ના, ને ગઢી 'પારનેરા'ની.
ઓવારો 'ઓડાઇ'નો, ઘોડા 'મોખડી-મુલપાણ'નો,
પોપટ 'ડુમખળ'નો, ને ચોરો તો 'બાલુ'નો.
બીલડી 'ગગથા'ની, ને વસાવો 'સાગબારા'નો.

આમ, લોકકંઠે પોપટ માટે 'ડુમખળ'નું નામ દક્ષિણ ગુજરાતમાં અમર બન્યું છે. તેની આ પ્રખ્યાતિએ તેનો વિનાશ કેમ આણ્યો એની નીચે મુજબની લોકકથા સાતપુડાના બીલોમાં પ્રચલિત છે:

ડુમખળ નગરીમાં અગાઉના વખતમાં મદનસિંહ નામનો એક પ્રતાપશાળી રાજા થઈ ગયો. આ રાજાની રાણી ઘણી રૂપવંત હતી. રાણીને ડુમખળના પોપટનો ઘણો શોખ હતો, તેણે એક સરસ પોપટ પાળ્યો હતો. એ પોપટ વાતચિત કરવામાં એવો જ તેની સમજશક્તિમાં પણ ઘણો સારો હતો. કાળાંતરે રાણી વ્યભિચારિણી બની. પોપટને આ વાત રુચી નહિ. તેણે રાણીને સમજાવ્યા કે આ કૃત્ય કરવાનું મૂકી દે, નહિતર જો રાજાને ખબર પડશે તો સકટ ઊભું થશે. એથી રાણી પોપટ પર બહુ ક્રોધે ભરાઇને કહેવા લાગી કે મારા પર તું ખોટો આરોપ મૂકે છે! પણ રાણીને થયું કે ખરી વાત જે છે તે તો પોપટ જાણે છે, એટલે રાજા પાસે જઈને કહેવા લાગી કે મહારાજ તમારો પોપટ મને વ્યભિચાર તરફ વળવા કહે છે અને વધુમાં તમને મારી નાખવા મને સમજાવે છે. પોપટની આ વાતો સાંભળી હું બહુ ક્રોધે ભરાઇ અને મને થયું કે એને મારી નાખું; પણ એ આપને ઘણો પ્રિય છે એટલે મેં તેને જવા દીધો છે. પણ આપ હવે એને જો જીવતો રહેવા દેશો તો હું આપઘાત કરીશ. ભોળા રાજાએ ક્રોધે ભરાઇ કહ્યું એને એવી ખાટકે નહિ મારું, પણ રીબાવીને મારીશ. એનું ખાવાનું બંધ કરી દઈ તેનું પાંજરું તડકે દીંગાડો, એટલે થોડાક દહાડામાં આપોઆપ મરી જશે.

રાજાના કહ્યા મુજબ પોપટની એ દુર્દશા કરવામાં આવી અને તે ધીમેધીમે સુકાવા લાગ્યો. એક દહાડો રાણી રાજ પાસે કંઈક કામે ગઈ, એટલે પોપટે તેની દાસીને બોલાવીને કહ્યું કે પાંજરાનું બારણું ઉઘાડ તો તને તારા લાભની એક વાત કહું. દાસીએ બારણું ઉઘાડ્યું એવો જ પોપટ ફરર કરતો ઊડી ગયો અને ઊડતાં ઊડતાં કહેતો ગયો કે 'દાસી, રાજાને કહી દેજે કે લશ્કર તૈયાર રાખે.'

ડુમખળના જોગ પોપટ વખણાતા, તેમ સાડીઓ પણ વખણાની. ફરદૂર સુધી ને ખાસ કરીને રાજકુટુંબો અને શ્રીમંતોમાં એ સાડીઓનો વિશેષ વપરાશ હતો. એ સાડીઓની વિશેષતા એ હતી કે તેમના પર હાથના પંજાની કળાપૂર્ણ આકૃતિ છાપવામાં આવતી.

ઊડતો ઊડતો પોપટ દિલ્હી પહોંચ્યો. ત્યાં બાદશાહ બાબર રાજ્ય કરતો હતો. પોપટ દિલ્હીનાં વૃક્ષો પર દહાડા પસાર કરવા લાગ્યો. એક દહાડો બાબરની બેગમ ડુમખળની સાળુ ઓઢીને બાદશાહની બાજુમાં જરીએ બેઠી હતી પોપટે આ તક સાધી અને તે ઊડીને બાબરના ખોળામાં જઈને બેસી ગયો. બાબરને પક્ષીઓ ઘણાં પ્રિય હતાં. આવા સુંદર પોપટને જોઇ તે ખુશ થઈ ગયો. તેણે પૂછ્યું, 'પોપટ કયાંથી આવ્યો આવે છે?' પોપટે ઉત્તરમાં ડુમખળ નગરીનાં વખાણ કર્યાં અનેતેના નૃપતિ મદનસિંહની વફાદારીની સંભળાવી. બાદશાહે પુછ્યું કે 'પોપટ, એ ડુમખળ નગરી કયાં આવી અને આ રાજા મદનસિંહ તે વળી કોણ કે જેનાં તું આવાં વખાણ કરે છે?' પોપટ કહે કે 'બાદશાહ, મોરો રાજા મદનસિંહ જેવોતેવો નથી. તારી બેગમના વક્ષસ્થલ પર પણ તેનો હાથ પહોંચે છે.' એટલું કહી પોપટ બાદશાહના ખોળામાંથી ઊડીને દૂર જઇ બેઠો. બાદશાહ બોલ્યો કે 'પોપટ આ વાત ખોટી હશે તો તને ફૂંદી નાંખીશ.' પોપટે તુરત જ બેગમે ઓઢેલી ડુમખળની છાપેલી ઓઢણી ને તેના પરની હાથના પંજાની છાપ જે બેગમના વક્ષસ્થલ પર પડતી હતી તે દેખાડીને બધી વાત સમજાવી કે આ હાથ મોરારા રાજા મદનસિંહનો છે. બાબરના ક્રોધનું હવે ઠેકાણું રહ્યું નહિ. તુરત જ તેણે સૈન્ય તૈયાર કરાવી ડુમખળ પર ચઢાઇ કરી અને રાજા મદનસિંહનો વધ કરી ડુમખળને ખેદાનમેદાન કરી નાખ્યું આ પછી ડુમખળ ફરીવાર કદી વસી શક્યું નહિ હાલ ત્યાં ભીલોની થોડીક છાપરીઓ છે.

કોઇ વિધર્મી આક્રમણકારીના હાથે ડુમખળ નગરીના થયેલા નિર્દય વિનાશની આ વાતને તેના આજના અવશેષો ટેકો આપે છે. પાકા પત્થરનાં વિશાલ મંદિરોના ખણ્ડિતોને કોઇએ કકડેકકડા કરી નાખ્યા છે. ખંડિત થએલી મોટીમોટી મૂર્તિઓ ડુમખળના વિનાશના આ બનાવની મૂક સાક્ષી પૂરી રહી છે. આ ડુમખો જરૂર કોઈ મુસલમાન બાદશાહનો થયો હશે તે વિષે તો શંકા નથી; પણ એ બાદશાહ દિલ્હીનો બાબર હોઈ શકે નહિ. ત્યારે એ હતો બાદશાહ?

રાજપીપળાના પર્વતના છેડા નજીક આવેલા ચિકલોદા ગામમાં મોટા રમારક સ્તંભો ઊભેલા છે. આ સ્તંભ પર વિક્રમ સંવત્ ૧૫૫૨નો ગુજરાતી ભાષામાં એક મોટો શિલાલેખ છે, જે ત્યાં રાજ્ય ચલાવતા તે કાળના વસાવા (ભીલી રાજા)એ કોતરાવ્યો હતો. આ વસાવો સંવત્ ૧૫૫૨માં કોઈક 'પાદસા'(બાદશાહ), કે જેનું નામ નથી, તેના મોટા સૈન્યના આક્રમણને ખાળતા મરાયો હતો. આ સ્તંભો પર ભીલ વસાવા, તેની રાણીઓ અને સેનાપતિઓનાં ચિત્રો કોતરેલાં છે ને આ આક્રમણકારી 'પાદસા' પ્રત્યે ધિક્કાર દર્શાવવા તેને ઘોડા પર બેસાડી માથે સ્ત્રીનો ચોટલો બાંધ્યો છે. "પાદસા"ની એ આકૃતિ જોવા જેવી છે એ જ જનામો 'પાદસા' ડુમખળ પર ચડી ગયો હશે એમ હું માનું છું. પણ આ 'પાદસા' તે હતો? એ વખતે મહમુદ બેગડો ગુજરાતનો સુલ્તાન હતો.આ બનાવની ૧૦ વર્ષ પહેલાં તેણે પાવાગઢનો ધ્વંસ કર્યો હતો. ધસ્યે જાગે આ મહમુદ બેગડો સંવત ૧૫૫૨માં રાજપીપળાના પ્રદેશ પર ચડી આવ્યો હશે. એ પહેલાં અમદાવાદ વસાવનાર અહમદશાહ પણ નાંદોદ પર ચડી આવેલો.

દર વર્ષે ચૈત્રી અમાવસ્યાના દહાડે નર્મદાકાંઠે 'શૂલપાણિ'ની મોટી જત્રા ભરાય છે ને એ નિર્જન રણે લોકો હજારોની સંખ્યામાં ગુજરાત, ખાનદેશ ને માળવાથી આવીને ભેગા થાય છે. આ મેળાગાં ઠેકઠેકાણે ધાગણગાલના કુંભારના બીલો 'ડુમખળના પોપટો' વેચતા નજરે પડે છે. આજ એ પ્રાચીન ગૌરવાન્વિત ડુમખળ નથી, પણ તેના પોપટો અને તેની વફાદારી રહી ગઇ છે.

(મે ૧૯૪૧) ૧૨૨

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૨૬]

ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ

મોટી નદીઓનાં દર્શન જેમ ભવ્ય, પ્રસન્ન ને પાવક હોય છે તેમ નાનીનાની નદીઓ પણ નમણી રમણીયતાનો અનેરો આનંદ આપે છે. એવા આનંદનું એક રમણ જેઠબ્રહ્મા જતાં 'સાબર'ઓળંગી હતી ત્યારનું છે. 'સાબરમતી' તો, એ અહમદનગર (બૅટર) પાસે તેને હાયમતી મળે છે તે પછી કહેવાય છે. જેઠબ્રહ્મા પાસેની ઉનાળાની સાબરની ક્ષીણપાતળી રેખા, કિનારા પરનાં વૃક્ષોના મધુર સંયોજન સાથે રમણીય બની ગઈ છે.

સાદરા પાસે તો સાબરમતી બહુ સુંદર લાગે છે. ત્યાંના ઊંચે ગંદિરગાંથી જ્યાં એનાં ચમકતાંનિર્મળ પાણી, રેતીના વિશાળ પટમાં ઉગાડેલાં શાકપાનની લીલોતરીની પશ્ચાદ્ ભૂમિની પથમાં લાંબા વળાંત સુધી નિહાળ્યા કર્યા છે. સ્ત્રીની જેમ સરિતા પણ એના જીવનના અમુક અમુક પ્રસંગે તો દિવ્ય સૌંદર્ય ધારણ કરે છે! કોટેશ્વર પાસે, તથા સામી બાજુના પ્રાંતીજ લાઇનના મેદ્રા સ્ટેશનેથી વળાદ ગામ જવાય છે ત્યાં તો સાબરમતીની બેખંડો પ્રચંડ ઊંચાઈ ધારણ કરે છે અને એ બેખંડો ઉપરથી ચોમાસાનાં પૂરમાં બે કાંઠે ચઢેલી સાબરમતીનું દર્શન ભવ્ય બને છે. પરન્તુ આપણા નરનારીગણના આત્મજની આ રમણીય ભવ્યતા કેટલાએ ખરી પ્રીછી હશે? સૌન્દર્યગ્રાહક શક્તિજ જેનામાં ખીલી નથી તેવાંઓને તો, ગંગાનો જ્યાં સમુદ્ર-સંગમ થાય છે એ સુંદરવનના પ્રદેશમાં રહી જોઈને હિમાલયના નૈનીતાલ જેવા સૌન્દર્ય-ધામમાં ફેરવો, પણ કંઈજ અસર નથી થતી. સાબરકાંઠ પાસેના સુંદરવનનો એક ઠેકાણે હાંકનાર પોતાને પરમેશ્વરે એવા ખૂણાના પ્રદેશમાં જન્મ આપ્યો તે માટે નસીબને દોષ દેતો હતો; અને નૈનીતાલના અપાર સૌંદર્યની વચ્ચે વસનાર એક ક્ષત્રિય સરદાર તો, ભારતભૂમિના એવા સર્વાંગ સુંદર રમણામાં ખરે ખાસ રહેવાનું સદ્ભાગ્ય ગણવા માટે જ્યારે રૉ અભિનંદન આપ્યાં ત્યારે એ તો હસતા કહેવા લાગ્યા કે આ પહાડોમાં પથરા ને ટેકરા સિવાય બીજું છે શું?' એ જ પ્રમાણે, વળાદની જેમ્બેટા પરથી આથમતા સૂર્યના કિરણો સાબરમતીનાં સ્વચ્છ જળને દેદીપ્યમાન કરી રહ્યાં હતાં ને ગાઢલો સુધીનો પ્રદેશ સાયંકાળની શોભામાં વસતો હતો ત્યારે, ત્યાંના કુંભારવાડાના એક કુંભારને મેં કહ્યું કે અમદાવાદમાં યે સાબરમતી તો આને આજ છે, પણ ત્યાં આવાં સુંદર દૃશ્ય આપણે જોવા મળતાં નથી. વર્ષાનાં મૂષલધારાં પૂરમાં તો આ નદી જોવાની કેવી અદ્ભુત મજા તમે માણતા હશો! ત્યારે એણે ઠંડે પેટે જવાબ આપ્યો કે 'હોવે! એ પૂર વખતે અમારા ગામની કુમળિયારી સ્ત્રીઓને નદીમાં પડીને આપઘાત કરવાની મજા આવે છે!'

અમદાવાદના કૅમ્પને પૂર્વે છેક હાંસોલ ગામ આવેલું છે. ત્યાંથી પણ સાબરમતી બહુ સુંદર લાગે છે. યુવાન વાચકોગાં જે પેલા સુંદરવનના હોડીવાળા જેવા, કે નૈનીતાલના ક્ષત્રિય સરદાર જેવા, કે વળાદના કુંભાર જેવા કોઈ હોય તો એમને તો મારે કંઈ કહેવાનું નથી. પણ જેમનામાં રહેજ પણ રસ હોય તેમને પર્યટનો માટે સાદરા, વળાદને હાંસોલ જઈને સાબરમતીનું સૌંદર્ય પીવાની ખાસ ભલામણ કરું છું સાબરમતીનો મહિમા એ ત્રણે સ્થળે કોઈતીર્થ જેવો લાગે છે.

આળળ જતાં વૌઠા પાસે સાબરમતી અને વાત્રકનો સંગમ થાય છે. અને ત્યાં જ સાબરમતી, હાયમતી, મોર, રોઢી, ખારી, મેશ્વો અને વાત્રક એ સાત નદીઓનાં પાણી જ્યાં આગળ એકઠાં થાય છે તે સંગમસ્થાન પર, મેં દૂરદૂરથી આવતી સાબરમતીને બહુ ઉમળકાપૂર્વક જોઈ છે.

ગયા લેખમાં ચંબલની વાત મેં કરી. રાજપૂતાનાની જ એવી બીજી નદી બનાસે મને બર ઉનાળે રમણીય દર્શન કરાવ્યું છે. મે મહિનાના સખ્ત તાપમાં, નસીરાબાદથી દેવલી છાવણી સુધીના ૧૦૦ માઈલના લાંબા વરસાવતે રસ્તે જ્યારે હું એક વખત જતો હતો ત્યારે રસ્તામાં બનાસ નદી આવેલી. ત્યાં રેતી હતી, પાણીની પરબ હતી, ઠંડો પવન હતો અને અમૃત જેવી દૃષ્ટિઓ મળતી હતી. એક પીપળીના ઝાડ નીચે બેઠાબેઠાં ગણ્યાંગણ્યાં ભાવથી મેં તે દિવસે બનાસ જોડે બહુ વાતો કરી છે.

સરસ્વતીને મેં સિદ્ધપુર અને પાટણ પાસે જોઈ છે. પણ પાટણ આગળની સરસ્વતીની નદી સહસ્રલિંગ તળાવમાં મુકાયલે હાલની સુકાએલી સરસ્વતી જોઈને, તથા સિદ્ધપુર પાસે રુદ્રમહાલય જોઈને, સરસ્વતીમાં સ્નાન કર્યા બાદ ગુજરાતના પ્રાચીન ગૌરવ તરફ દૃષ્ટિપાત કર્યો ત્યારે, હૃદયમાં એક કારમી ઝુરાપો અનુભવ્યો હતો. અને તે દિવસો સંભારું છું ત્યારે આજે પણ ફરી એવી ઝુરાપો થાય છે.

ખારી નદી, એના નામની પેઠે, આમ તો નિર્માલ્ય લાગે એવી છે; પણ અમારા અમદાવાદ-પ્રદેશનાં તળાવોને એ જે રીતે ભરી દે છે એની મહત્તા જેવીતેવી નથી. ચોમાસાના પાછલા ભાગમાં એની નહેરનાં પાણી કાંકરિયાને છલકાવી નાખ્યા પછી ચંદોળા તરફ જાય છે ત્યારે ચંદોળાનો રૂઆબ કરી જાય છે. એ વિશાળ સરોવર જળથી હકોકી ઊઠે છે અને સારસ, બગલાં, બતકો, જળકુકડી અને બીજાં અસંખ્ય પક્ષીઓ ત્યાં મહાલ કલ્લોલ કરતાં વિચરે છે. ચંદોળાને પણ છલકાવી, ખારી ઢાંગરનાં ખેતરોનેભરી દે છે, અને પછી એ અસલાલી, જેતલપુર અને બારેજાનાં તળાવ ભરવા જાય છે. પૂર્વ તરફ હસનપુરનો આખો રસ્તો તો ચારે તરફ પાણી, પાણી ને પાણીથી પ્રફુલ્લિત ને સોહામણો બની જાય છે. મોટાં ઝાડ તાર્દ્ર અને તુપ્ત લાગે છે ને વાડેવાડે ભૂરાં, પીળાં ને શ્વેત ફૂલોના ગુચ્છે ગુચ્છા શોભી નીહાળે છે. હસનપુરનો રોને આ વર્ષાઋતુમાં અદ્ભુત શોભા ધારણ કરે છે, ને એની જળાશો, કમાનો, સ્તંભો અને ગઢેરાંગો, ઉપર ભૂરા આકાશથી અને નીચે પાણીમાં એનાં પ્રતિબિંબથી અજબ સૌંદર્યભર શોભે છે.

બોડા સત્યાગ્રહ વખતે નવાગામ નાયકાના તીર બોડુતોના સંસર્ગમાં આવવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. એ પ્રદેશ પણ ઢાંગરનાં ખેતરોનો અને ખારીથી જ પોષાતાં તળાવોનો છે. ગોમાજીનું પ્રચંડ તળાવ પણ એની જ નજદીકમાં છે, અને એનાં પાણીથી આસપાસની ઘણી જમીન ફળદ્રુપ બને છે. દરરોજ સાંજે સભાઓ ભરાતી ત્યારે નવાગામનાયકાના લોકો વંદેમાતરમ્‌નાજયઘોષ પછી 'ખારી માતકી જય' પણ પુકારતા, ત્યારે ખારી જેવી નાની નદીનું એવું મહત્ત્વ મારા સમજવામાં આવ્યું.

શહેરની એક સાંજે અમદાવાદથી ઉત્તરના એક ગામડે ગયો ત્યારે ગેબનાં સ્નાન અને સૌન્દર્યપાનનો જે લહાવ મેં લીધો છે તે હજી સાંભરે છે. નદીતટના એ ગામમાં ચોક ને દૂધના કુમાહાર સાથે આખી રાતનું રમણ આજે ૪૭ વર્ષે ભુલાયું નથી. પણ તારાથી

ભરેચક ભરેલાં સ્વચ્છ મૂરા આકાશ નીચે, તાપણીએ તાપતાંતાપતાં ગામ લોક ભેગે બેઠા ને એમનાં સુખદુઃખની અનેક વાતો કરી હતી. જે બે મુરબ્બી મિત્રો મને આનંદ આપવા ખાતર મેસ્વો નદીપર એ ગામે આગ્રહ કરીને તેડી ગયા હતા તે પણ હવે તો ચાલ્યા ગયા છે.

એ જ મેસ્વોને મોઢાસા જંતાં હરસોલ ગામેથી પણ મેં ગનભર માણી છે. ગુજરાતને માટે ગૌરવ ઉત્પન્ન કરાવવા ઈચ્છતા ચિત્રકારો અને છબિકલાકારો હરસોલ પાસેથી અને હળધરવાસથી મેસ્વો અને બીજી નદીઓનાં સૌન્દર્યદૃશ્યો પાડે તો કેવું સારું?

વાત્રકની કથા લટકિયા મહાદેવની એક વૃદ્ધ પૂજારણે અમને કહેલી. એ નદીને એ બાઇ જ્યારે 'વેત્રવતી' (નેતરાંવનવાળી) નામથી સંબોધતી ત્યારે એનું મોં ભરાઇ જતું હતું. હું ૧૩–૧૪ વર્ષનો હતો ત્યારે માઠેગદાવાદ પાસે એ વેત્રવતીમાં બહુ સ્નાન કર્યું છે. એક ચાંદોશ્રાવણ માસ ગારી બા, સાથે હું એમાં નહાવા ગએલો. અને એની સ્વચ્છ નદી રેતમાં બેસીને ખુલ્લી હવા અને તડકાનું સુખ મેં મન ભરીભરીને લીધેલું છે.

વાત્રકને મેં બીજીવાર ભોગવી છે ખેડામાં શેઢી ને વાત્રકના સંગમ પર; અને ત્રીજીવાર ભોગવી છે વીડામા. વીડામા તો સાબરમતી અને વાત્રકના બરાબર સંગમ નજીક બેસીને એ બંને સમર્થ નદીઓના પાણીમાં વારાફરતી હું નહાયો છું સાબરમતી મોટી અને વાત્રક નાની બહેન હોવાએના એ સંગમસ્થાનેથી લાગે છે, છતાં વાત્રકે જે વળાંકો ઉપર વળાંકો લીધા છે તેણે તો મારું મન હરણ કરી લીધું છે. રળિયામણા વળાંકો લેતી એ વાત્રકને કિનારે હું ખૂબ ફર્યો છું, એનાં ઘણાં ગામ, સીમ, ગોચરો અને ઘરો મેં જોયા છે, એનાં ઘરની હરિયાળી ભૂમિમાં બકરાં, ઘેટાં અને ગાયો ચરાવનાર ગોવાળોની વાંસળીઓ સાંભળી છે, અને ઝાડે બાંધેલા ઢીંચકે ઝૂલતાં ગોપગોપીનાં સુખની અદેખાઈ કરી છે.

'સુણ, સુણ, ભરવાડા ! ભાત, તેણે વહું હું,
નવ બળ ધન કાજે, મારે કાંઈ જરી નું;
નવ તજ તુજ વાડા ખેતરો રે રૂપાળાં,
ગલી જરી દુઃખ રહેતાં, કહેરીઓ
ઓરિયાળાં'.

એવાં જૂનાં કાવ્યોનું સંભારીને અને નવાં જોડી જોડીને મેં વાત્રકકિનારે આકંઠ ગાન ગાયાંછે:

'કેમાલને ઓશીકે રાંધેલ ચાહરો !'

સ્વ. નાનાલાલનાં ગોપકાવ્યો મેં ત્યાં જ ભરાં ગાયાં છે. (ચાલુ)

કસોટી

બુદ્ધિ કસતા નીચેના પ્રશ્નોના જવાબો ન શોધી શકો તો નીચે અપાયા છે.

(૧) શિક્ષકે વર્ગમાં એક કાગળ લાવીને કહ્યું કે આમાં અઢાર રંગીન લખોટા છે. તેમાં નવ વાદળી છે, છ લાલ છે ને ત્રણ પીળા છે. હવે એમાંથી આંખે પાટા બાંધીને બોલામાં બોળા એટલા લખોટા કાઢી આપો કે જેમાં એક જ રંગના ત્રણ લખોટા તો નીકળે જ.

(૨) મેં મારા મિત્રને એક એવી વસ્તુ બતાવી કે જે અગાઉ આ દુનિયામાં કોઈએ કદિ જોઇ ન હતી; ને અમે બંનેએ જોયા પછી દુનિયામાં કોઇ ત્રીજાને બતાવ્યું તે જોવા પણ પામ્યો નહિ. તો મેં શું બતાવ્યું હશે ?

(૩) આ આકૃતિને એવા ચાર સરખા ભાગમાં વહેંચી શકશો કે જે દરેક ભાગ પણ એકસરખા ઘાટનો હોય ?



(૪) બાબરે ગરતાં પહેલાં દસ્તાવેજ કરેલો કે ઔરંગઝેબે આગ્રામાં પ્રવેશ ન કરવો. આ હકીકત ખરી છે કે બોટી?

(૫) શાંતિ પાંચ વરસ પહેલાં પરણ્યો ત્યારે તેની પોતાની ને તેની પત્નીની ઉમરનો તફાવત પાંચ વરસનો હતો; તો આજથી પાંચ વરસ બાદ તે તફાવત કેટલો હશે ?

(૬) મારી ઘડિયાળ બોટી છે. દર પાંસઠ મિનિટે તેના બંને કાંટા બેગા થાય છે. તો મારે મારી ઘડિયાળને દર કલાકે કેટલી મોડી કે વહેલી સમજવી ?

[illegible]



[illegible]

પ્રવાસ-મંજરી (ગતાંક પાન ૧૧૪થી)

ત્યાં તેઓ ઊતર્યા. ત્યાં થોડીવાર આમને રોકી તેમની પિછાન તાજી કરાવી ને તે જ ગાડીમાં અમારા મુકામે અમને પહોંચાડી દીધા.

હરિજન કૉલોની

ઠક્કર બાપાનું પ્રવૃત્તિકેન્દ્ર દિલ્હીમાં હરિજન કૉલોનીમાં જ છે. એ સંસ્થા જોવાની અને ઠક્કર બાપાને મળવાની ઇચ્છા મને પણ સમયથી હતી, પણ આડ માઇલ દૂર, એટલે વિચાર અમલમાં લાવવો અશક્ય હતો. પણ ભાઇ યશવંત પંડ્યા તો દિલ્હીમાં મારા 'બાપા પંડ્યા' બન્યા હતા. ૧૯૪૨ની લડતમાં જેલ ભાળી આવેલા દિલ્હીના ગુજરાતી સમાજના ઉપપ્રમુખ શ્રી નંદલાલ મહેતા એમોપેરે પેટ્રોલ ગુજરાતના આતિથ્યમાં બહેતું કર્યું અને અમે વખતસર ઠક્કર બાપાના આશ્રમે પહોંચી શક્યા. હરિજન વિદ્યાર્થીઓ માટે વિશાળ વિસ્તાર ઉપર સુંદર નિવાસો, વર્ગખંડોની તથા સુંદર ધ્યાનમંદિર અને તેમાં બાઈ માર્કંડ બેઠે આલેખેલાં, સંસ્કૃતિવાળાં હરિજન બાળ પુરુષોનાં ચિત્રો, વગેરે જોઇ મન પ્રસન્ન થયું.

ઠક્કર બાપાએ સાથે રહી બધું બતાવ્યું. ગાંધીજી હિંદભરના હરિજનવિદ્યાર્થીઓના અન્નપાન, આશ્રયસ્થાન, આયોજન, ચૂંટણીઓ વગેરે પામી તાલીમ લઇ પોતપોતાના વિવિધ પ્રાંતોમાં જાય છે અને અતિ સુધારણામાં ફાળો આપી રહ્યા છે. પણ ગાસ પ્રશ્નોત્તરમાં મને એક વાત એ જણાઈ કે આ સંસ્થાના સંપર્ક અને સંસ્કારનો લાભ તેમના દિલ્હીવાસી સ્થાનીય અગ્રિકોને પહોંચતો નથી. સુધરેલા અને જૂનાનો ભેદ ટળે ત્યારે જ ખરો સંસ્કૃતિપ્રચાર થયો ગણાય.

આ સંસ્થાના પ્રાણસ્વરૂપ 'વિયોગી' હરીને હિંદી સાહિત્યશોધક ત્યાં હાજરનહોતા. ઠક્કર બાપાએ તેમના સંપર્ક ખાતર ફરી મોકલાવી આવવાની અનુજ્ઞા આપી, તે સાથે ચડાવી અમે પાછા ફર્યા. (ચાલુ) ર. મ. વાઘેળ

પત્રરચના હરીફાઇ: માર્ચ અંકમાં અમે કરેલી 'પત્રરચના માટે પારિતોષિક'ની હરીફાઇ માટેની છેલ્લી મુદત હવે મે આખર કરવામાં આવી છે. માટે જેમને બાકી હોય તેમણે આ માસની ૩૧મી તારીખ સુધીમાં પોતાની કૃતિઓ મોકલી આપવી

ફોટોહરીફાઇ માટે આ અંકમાં આ બેવાં ચિત્રો પૈકી બાજુ એક જ ચિત્ર આપવા પડતું જણાયું છે અને તે બીજા ઇનામને પાત્ર થયું છે. તે આ અંકના પૃષ્ઠ ઉપર છાપ્યું છે

(મે ૧૯૪૧) ૨૨

સૂર્યના ડાઘા

પૂનમની રાત્રે થાળી જેવડા કુબેરી ચંદ્રની ચાંદનીની ગાઢા કોણે નહિ માણી હોય ? શીતળતા રેલાવતી એ ચાંદની કયા અગાધ ઝરાંમાંથી વહી આવે છે તે જોવા માથું ઊંચું કરીને ચંદ્રનું નિરીક્ષણ કરતાં ચંદ્રમાં દેખાતા કાળા ડાઘાઓ તમને યાદ છે ? એ જોતાં જ, પ્રથમ તો નાનપણમાં સાંભળેલી ડોશીની કે સસલાની કલ્પનાનું ચિત્ર આપણી નજર આગે ખડું થાય છે. તે પછી, કવચિત કોઈએ તો વિજ્ઞાનનાં પુસ્તકોમાં પાંગેલી હબકતો ને રાક્ષસી દૂરબીનો વડે પાડેલાં ચિત્રો જોયાં હોય છે તો તેને તરત યાદ આવે છે કે તે ડાઘાઓ ચંદ્રની સપાટી ઉપર આવેલા મોટા-મોટા જ્વાળામુખીઓનાં મુખ છે.

પરંતુ તેની સાથે, સૂર્યમાં પણ જોવા ડાઘા હશે કે નહિ તેનો વિચાર બહુ ઓછાને આવતો હશે. એનું એક કારણ એ કે સૂર્યની સામે તો સૂર્યાસ્ત સમયે અથવા સૂર્યોદય વખતે જરાતરા ઘેરી નજર ઠરવી શકાય છે અને તે વખતે આપણે બહુ બારીકાઈથી જોઈએ તોપણ એનો ડાઘાનો કોઈ અંશ નરી આંખે નજરે પડતો નથી.

પરંતુ સૂર્ય ઉપર પણ ડાઘા છે જ. આજથી લગભગ ૧૬૪૫ વર્ષ પહેલાં (ઈ. સ. ૬૦૧માં) ચીનના ખગોળવેત્તાઓએ સૂર્યના એ ડાઘા સૌ પહેલાં શોધીને તે વિષે રીતસરની માહિતી મેળવી નોંધ કરી હતી. ત્યાર પછી છેક ૧૩૦૦ વર્ષ બાદ યુરોપના મહાન વૈજ્ઞાનિક ને ખગોળશાસ્ત્રી ગૅલીલીઓએ પોતાનાજ નિર્મિત દૂરબીનમાંથી એ અદ્‌ભુત ગોળાનું સંશોધન કરવા માંડ્યું ત્યાં સુધી દુનિયાના બીજા ખગોળવેત્તાઓનું ધ્યાન તે તરફ ખેંચાયું હોવાનું જાણવું નથી. ગૅલીલીઓએ તો એ જોઈને સૂર્યના જુદા-જુદા નકશાઓ તૈયાર કર્યા, જેમાં તેણે આ ડાઘાઓ ખૂબ ચીવટપૂર્વક આપસર મૂકેલા. જુદે-જુદે સમયે આ ડાઘાઓના કદમાં અને સંખ્યામાં થતા ફેરફારોની પણ તેણે નોંધ કરી. જોકે તે આ ડાઘાઓનું કારણ સમજાવી શકયો નહિ.

આપણા દૈનિક જીવનની ઘટમાળમાં સૂર્યનું અસ્તિત્વ સામાન્ય થઈ પડ્યું છે તેથી, કે પછી તેની ઉપયોગિતાને લીધે, કે બીજા કોઈ કારણે, પણ સૂર્યમાં રહેલા આ ડાઘાઓ પાછળ કોઈ હવિઓને ચંદ્રના ડાઘા જેવી રસમય કલ્પના કરવાની સૂઝી નથી ! હા, પણ ખગોળવેત્તા-ઓ ને વૈજ્ઞાનિકોએ અનેક કલ્પનાઓ દોડાવીને તે બાદે પોતપોતાનાં વિવિધ કારણો બતાવ્યાં છે. કેટલાકને એમ લાગે છે કે આ ડાઘા તો સૂર્યથી દૂર આવેલા કોઈ મોટા પદાર્થો છે અને તે સૂર્યની આજુબાજુ ફરે છે. બીજાને વળી સૂર્યના મોટા જ્વાળામુખીઓમાં-થી નીકળતા કાળા મુખાદાના મોટેમોટા ગોળા જેવા એ લાગે છે. કેટલાકે માનું છે કે કદાચ સૂર્યના આકાશમાં જ મોટાંમોટાં વાદળાં પણ હોય! જ્યારે જ્યોતિષ 'કલ્પનાશાસ્ત્રી'ઓને તો રાક્ષસી પર્વતો ને જ્વાળા-મુખીનાં મુખ જેવા લાગ્યા છે, જેમાંથી વારંવાર નીકળતા ભયંકર લાવા ને પીગળેલી ધાતુઓના બહાર આવવાથી તે વારંવાર દેખાતા બંધ થઈ જાય છે. મોટા ભાગ ખગોળશાસ્ત્રીઓએ નીચેનો તે પર વિચાર પણ કર્યો ને ચર વિજ્ઞિયન હર્ષલ જેવા પ્રખર ખગોળશાસ્ત્રીએ જાહેર કર્યું કે આ તો સૂર્યના વાતાવરણમાંથી સૂર્યની અંદરનો કેટલો ભાગ દેખાય છે. પણ આમાંનો કોઈ પણ પ્રાયોગિક અવલોકન પર આધાર રાખતો નથી, બધો વિજ્ઞાન તેને બોટા ઠરાવે છે.

આપણી પૃથ્વીના જન્મદાતા અને આપણું જીવન ટકાવી રાખ-નારા આ મહાન આકાશી પદાર્થનો જીવનવૃત્તાંત અજમાયા ન થઈ

પૃથ્વીથી નવ કરોડ ને ત્રીસ લાખ માઈલ દૂર આવેલા ૮,૬૪૦૦૦ માઈલના વ્યાસના ને ૧૨,૦૦૦ ડિગ્રી ફેરનહાઈટ ગરમી ધરાવતા આ ભયંકર ગોળામાં પણ અવારનવાર ચન્દ્રના જેવાં કાળાં ધાબાં જણાય છે. ડાબી બાજુના સૂર્યના ચિત્રમાં એનાં સ્થાન દર્શાવ્યાં છે; અને જમણી બાજુના ચિત્રમાં તે ડાઘા મોટા કરી બતાવ્યા છે. બીજા ચિત્રને નીચલે જમણે છેડે કાળું ગોળ ટપકું છે તે આપણી પૃથ્વીનું કદ એ ડાઘાઓના મુકાબલામાં કેવડું છે તે દર્શાવે છે.

શકવાનાં બે મુખ્ય કારણો છે. એક તો એ કે સૂર્યનું અવલોકન કરવા માટે આપણી પાસે માત્ર બે જ મુખ્ય સાધનો છે : ટેલિસ્કોપ (દૂરબીન) અને સ્પેક્ટ્રોસ્કોપ (સૂર્યમાંથી આવતાં પ્રકાશનાં કિરણોનું પૃથક્કરણ કરનારું યંત્ર). આ પૃથક્કરણમાં પ્રકાશના સાત રંગો ઉપરાંત કેટલીક બાકીયતોવાળી ઊભી કાળી લીટીઓ પણ જોવામાં આવે છે. આ લીટીઓ સૂર્યના વાતાવરણમાં રહેલી ધાતુઓ-પદાર્થોનું અસ્તિત્વ બતાવે છે. સ્પેક્ટ્રોસ્કોપથી સૂર્યની ગરમી પણ માપવા છે.

બીજું મુખ્ય કારણ એ કે સૂર્યના અણુમારાણુ તેજસ્વિતાને અને પ્રકાશને લીધે સીધી રીતે તેનું અવલોકન કરવું મુશ્કેલ છે. બીજું તેના વાતાવરણનો જે કંઈ અભ્યાસ કરવો હોય તે ખરેખરો તો માત્ર અમાસ-સૂર્યગ્રહણ વખતે જ, બેઠકા કલાક વખત પૂરતો જ, થઈ શકે છે.

છેલ્લું એક સ્પેક્ટ્રોહીલીઓગ્રાફ નામનું યંત્ર શોધાયું છે, જેમાં સ્પેક્ટ્રોસ્કોપ, ટેલિસ્કોપ અને કૅમેરા એ ત્રણેનું સંયોજન કરવામાં આવ્યું છે. જી. હેલ્ય નામના આ યંત્રના શોધકે તે વડે સૂર્યના ભૌતિક વિજ્ઞાન (સોલર ફીઝિક્સ) પર સારાં સંશોધનો કર્યાં છે. સૂર્યમાંથી નીકળતી અને કોઈકોઈ વાર તો પાંચ લાખ માઈલ દૂર સુધી પહોંચતી હાઈડ્રોજન વાયુની સળગતી જ્વાળાઓના તે વડે તેમણે ફોટોગ્રાફ લીધા. તે સાથે સૂર્યના ડાઘાઓના પણ ફોટોગ્રાફ લેવાયા. આ ફોટા ઉપરથી અને બીજા વિચારો તથા પછી જી. હેલિએ જે સિદ્ધાંતો બહાર પાડ્યા છે તે વડે ઘણી સારી માહિતી આપણે મેળવી શકી છે.

જ્યારે-ત્યારે ખગોળશાસ્ત્રીઓ તરફથી છાપાંઓમાં થતી બહેદ-રાત વાંચવામાં આવે કે આજકાલ સૂર્યના ડાઘાઓ વધારે મોટા બન્યા છે ત્યારે મેરા હબાટિટા હોય, મેરા રંગનાં ગૉગલ્સ કે ઠેઠ-ગાડીની કોઈ કાળી મેગેટિયમાંથી સૂર્ય સામું જોવાથી વધુ કરતાં પણ આ ડાઘાઓ જોઈ શકાશે. ખરી રીતે આ ડાઘાઓ કાળા નથી. કુલ સૂર્યની અત્યંત તેજસ્વી સપાટીની સરખામણીમાં તેઓ આપ આંખો દોષથી આપણને તે કાળા ડાઘા લાગે છે. સારા ટેલિસ્કોપથી જોતાં તેની આસપાસ સોનેરી કે પીળી કોર દેખાય છે. કેટલાંક લીધેલા ફોટામાંથી પરખી આપ કાઢતાં આગોના કેટલાકનું ચિત્રણ તો ખૂબ ઊંચા અને ચટોના જેવા ચિત્રણ જેવું મજા લાગે છે !

સૂર્યનું જુદે જુદે સમયે અવલોકન કરવાથી જણાયું છે કે સૂર્યની સપાટી ઉપર આ ડાઘાઓ સ્થિર નથી. તેમના વારંવાર થતા રથળાંતર ઉપરાંત તેમનું કદ અને સંખ્યા પણ બદલાય છે. ઘણી બધી શાસ્ત્રીઓએ અંદાજે કાઢી એમ પણ નક્કી કર્યું છે કે આ ડાઘાઓ વધુમાં વધુ સંખ્યા તથા મોટામાં મોટા કદ સાથે દર ૧૧ વર્ષે દેખાય છે. ઈ. સ. ૧૯૩૭ માં છેલ્લે આ રીતેએ ડાઘા દેખાયા હતા, તેથી હવે ૧૧ વર્ષે એટલે ઈ. સ. ૧૯૪૮ માં તે ફરી દેખાશે અને આની આગાહી રૂપે હમણાંથી જ તેની ઝાંખી થવા લાગી છે.

આ ડાઘાઓ વિષે છેલ્લી નિશ્ચિત કલ્પના એ થઈ છે કે સૂર્યની સપાટી ઉપર મોટામોટા તોફાનો (સાઈકલોન અથવા ચક્રવાત) થાય છે. આ રાક્ષસી ચક્રવાતોનાં કેન્દ્ર આપણને ડાઘા તરીકે દેખાય છે. આવાં તોફાનોની ગતિ એક મિનિટના ૪૦૦૦ માઈલથી પણ વધારે હોય છે. આ કેન્દ્રોમાં ઉષ્ણતામાન જરા ઓછું હોય છે–લગભગ ૪૦૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ; જ્યારે સૂર્યની બાકીની સપાટી ઉપરનું ઉષ્ણતામાન લગભગ ૬૦૦૦ ડિગ્રી હોય છે. આથી જ આપણને આ કેન્દ્રો પ્રમાણમાં કાળા ડાઘા તરીકે દેખાય છે.

સૂર્યના ડાઘાઓ વિષે તો આપણે જાણ્યું, પણ તેનું આપણે માટે મહત્ત્વ શું? આપણી પૃથ્વી ઉપરતેની શી અસર થાય છે? વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે જ્યારેજ્યારેસૂર્ય ઉપર એવાંભયંકરતોફાનો થાય છે. એટલે કે ડાઘા ચોક્ખા દેખાય છે અને પેલી જ્વાળાઓ નીકળે છે) ત્યારે ત્યારે તેમાંથી મોટા જથ્થામાં એક પ્રકારની શક્તિ (energy) બહાર નીકળે છે. આ શક્તિ જાણીતાં અલ્ટ્રા–વાયોલેટ (Ultra Violet) કિરણોરૂપેહોય છે.અલ્ટ્રા–વાયોલેટકિરણોની ઝડપ લગભગ પ્રકાશના જેટલી–એકસેકંડના ૧,૮૬,૦૦૦માઈલનીહોય છે.

આ ગતિને લીધે તે થોડા જ વખતમાં પૃથ્વીના વાતાવરણના સૌથી બહારના થરો સુધી પહોંચી જાય છે અને વાતાવરણને સંપૂર્ણ વિજળીમય બનાવી દે છે. અને આની અસર રેડિયો–વાયરલેસ–ઉપર સીધી થાય છે; કારણ રેડિયો ટ્રાન્સમીટરમાંથી જે શૉર્ટ રેડિયો મોકલવામાં આવે છે તે આજ થરો સાથે અથડાઈ પરાવર્તિત પાછાં ફરતાં હોયછે. પણ પેલાં કિરણોને લીધે રેડિયોનાં મોજાં ત્યાં જ શોષાઈ જાય છે અને પરિણામે આપણા સેટમાં મોજાંઓ ન ઝીલી શકાવાને લીધે સ્ટેશનો બરાબર સંભળાતાં નથી. આ બનાવને 'રેડિયો–ફેઈડ–આઉટ' કહેવામાં આવે છે. આ ફેઈડ–આઉટ સામાન્ય રીતે દરેક સ્થળે બપોરે જ સૌથી વધુ જોવામાં આવે છે.

એ ડાઘામાંથી અલ્ટ્રા–વાયોલેટ કિરણો ઉપરાંત વિદ્યુત–અણુઓ (ઇલેકટ્રોન) પણ નીકળે છે. આ અણુઓની ગતિ લગભગ સેકંડના ૧૦૦૦ માઈલની હોય છે. આથી તેમને પૃથ્વી સુધી પહોંચતાં ૨૦ થી ૩૦ કલાક થાય છે. આપણી પૃથ્વીના ઉત્તર ને દક્ષિણ ધ્રુવ–પ્રદેશોના હવાગાનમાં રહેલા વાયુઓ સાથે આ અણુઓના અથડાવાથી તે તે પ્રદેશોના આકાશમાં ભવ્ય અને દિવ્ય પ્રકાશોઅને રંગોનીરમઝટ બોલે છે. આ બનાવને ઑરોરા બોરિયાલિસ કહે છે. આ રીતે એ ડાઘાઓ અને પૃથ્વીને સંબંધ છે.

સૂર્યના આ ડાઘા સંબંધે હજુ પૂરેપૂરો અભ્યાસ થયો નથી, પણ થોડા વખત પહેલાં થયેલા ખગ્રાસ, સૂર્ય–ગ્રહણનું અને હવે મુદત નજીક આવેલી હોવાથી વધવા લાગેલા એ ડાઘાઓતથા તેની અસરનું વૈજ્ઞાનિકો ચોપટથી અવલોકન કરી રહ્યા છે. તે ઉપરાંત પૃથ્વી ઉપર આવી પડતાં અને હવે જાણીતા થએલાં કૉસ્મિક કિરણોનું ઉદ્ભવસ્થાન પણ સૂર્ય જ છે કે કેમ તે માટે પણ પ્રયોગો ચાલે છે. ઉપરાંત ૧૯૪૮માં સંપૂર્ણગ્રહણ દેખાનારા મોટા ડાઘાનું અવલોકન કરવા માટે પણ તૈયારીઓ થાય છે એટલે થોડાં જ વર્ષોમાં આ બંને માટે વધુ જ્ઞાન સાંપડે તો નવાઈ નહિ. વિજય પંડ્યા

જે. પી. (અનુસંધાન પાછળ પાન ૧૧૪થી)

વર્ગોરેનો ભેટો થયો ને સમાન વિચારશ્રેણીના એ સાથીઓ જુદાજુદા ક્ષેત્રમાં રહીને કેલગાંમાં હિંદી સમાજવાદી પક્ષની રૂપરેખા દોરી કાઢી.

ઈ. સ. ૧૯૩૭માં કેલગાંથી પાછા આવ્યા પછી એમણે એ રૂપરેખાને સાકાર કરવાનો પ્રયત્ન કર્યો. આચાર્ય નરેન્દ્રદેવના પ્રમુખપદે અખિલ હિંદ સમાજવાદી પરિષદ ભરવામાં આવી. જયપ્રકાશ એના મહામંત્રી બન્યા. ત્યારથી એ કૉંગ્રેસ–સમાજવાદી–પક્ષ કૉંગ્રેસની આંખ તરીકે રહેતો આવ્યો છે.

ઈ. સ. ૧૯૩૪માં કૉંગ્રેસના પ્રમુખપદને આવેલા જવાહરલાલ નેહરુએ કૉંગ્રેસના તંત્ર–સંચાલનમાં આ ક્રાંતિવાદીઓનો અભાવ આવવા દેવાનો સત્પ્રયાસ કર્યો, પરંતુ જ્યારે જયપ્રકાશને લાગ્યું કે કૉંગ્રેસની કારોબારીમાં રહીને પોતાના પક્ષનું હિત નહિ સાધી શકાય ત્યારે કારોબારીના કરા અનાદરના ઉદ્દેશ વિના કેવળ પોતાનો પક્ષનિષ્ઠાને લક્ષમાં એમણે કારોબારીના સભ્યપદેથી રાજીનામું આપી દીધું. ત્યાર બાદ પણ એમને અનેકવાર કારોબારીના સભ્યપદે માટે કહેવામાં આવ્યું છે, પણ એમણે એનો સ્વીકાર નથી કર્યો.

'સત્તા રવેચ્છાએ નથી સોંપાતી, એ તો છીનવી લેવી પડે છે અને સત્તા છીનવવા જેટલું બળ સંગઠનથી જ આવે છે.' એ જયપ્રકાશનું દૃઢ મંતવ્ય છે. એ સંગઠન જનતાનું જ હોવું જોઈએ, મૂડીવાદીઓના આશ્રિતો કે સહકારીઓનું નહિ. સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે હમેશાં સંયુક્ત મોરચાની આવશ્યકતા એમણે સ્વીકારી છે. હિંદી યુવાનોને કૉંગ્રેસના નેતા બની એ આબુવામાં કહાય સૌથી જબરો હિંદનો એમનો છે. યુવાનોને એમણે આપેલો આદેશ રપષ્ટ તેમજ સૂચક છે કે હિંદમાં શાહીવાદ સામેનો સૌથી જબરદસ્ત ને વ્યાપક મોરચો કોઈ હોય તો તે કૉંગ્રેસ છે. એ રવરૂપે જ એ રહેતી આવી છે, આજે રહી છે ને નજર પહોંચે છે ત્યાં સુધી તો ભવિષ્યમાં પણ રહેશે.' કૉંગ્રેસને નબળી ન પાડવા માટે જ, રપષ્ટ હેતુ પરંતુ અરપષ્ટ કાર્યનીતિ ધરાવતા સુભાષબાબુને ત્રિપુરી મુકામે એમણે સહકાર ન આપ્યો, ને ચોલા જ માટે કમ્યુનિસ્ટોને એ સહકાર નથી આપતા.

એમને જ સરકારને સદા શિરોવેદના કરી રહેલા જયપ્રકાશ અનેક વાર જેલમાં જઈ આવ્યા છે. ને એ દરેક વખતનો એમનો કારાવાસ રંગરોગાંચથી ભરપૂર છે. હિંદની સ્વતંત્રતા ને સ્વતંત્ર હિંદની સમાજવાદી પુનર્ઘટના એકદેશે, જેટલી બ્રિટિશ શાહીવાદીઓ સામે તેટલી જ હિંદી મૂડીવાદીઓ સામે એમણે અવિશ્રાંત લડત આદરી રાખેલી છે. બ્રિટિશ સહ્યતનતની તાકાતથી જેમ એ નથી અંજાયા તેમ ગાંધીજીના પ્રબળ વ્યક્તિત્વથી પણ એ નથી અંજાઈ ગયા, ને જ્યારે જ્યારે પોતાને સાચું લાગે ત્યારેત્યારે ગાંધીજીની વિરુદ્ધ પણ એ ગયા છે. આમ છતાં ગાંધીજીનો એમના પરનો પ્રેમ મુદ્દલ ઘટ્યોનથી.

જયપ્રકાશના કરતાં વધુ લક્ષ્મીવાનો, વધુ જ્ઞાનવાનો કે તાકાતવાનોનો ચાળીસ કરોડના આ રાષ્ટ્રમાં તોટો નથી. આમ છતાં ગાંધીજી અને નહેરુ જેવી પ્રભાવશાળી વ્યક્તિઓની વચ્ચે પણ જયપ્રકાશ પોતાનું વિશિષ્ટ રથાન જમાવી શક્યા છે તે શાને આભારી છે? એમની અચળ આદર્શનિષ્ઠા ને ઊંડાં ત્યાગતપસ્તાને. ગાંધીજીના–દેશસમગ્રતના જયપ્રકાશ પરના પ્રેમનું એ જ રહસ્ય છે.

અશોક હર્ષ

(મે ૧૯૪૧) ૧૨૧.

પિંગળ-પરિચય

કવિતા-રચનાના શાસ્ત્રનો સમજણ

[આજે ગુજરાત વર્ગમાં કવિતારચનાનો શોખ અગાઉ કરતાં ઘણો બહોળા પ્રમાણમાં જણાય છે, પરંતુ તેના શાસ્ત્રીય જ્ઞાનને અભાવે ઘણાને મુશ્કેલી ભરેલા બનતા હોય છે. 'કવિતા-પિંગળ', 'રણુ પિંગળ'ના મહાગ્રંથો કે 'નર્મદ'થી 'માનો 'પિંગળ પ્રવેશ' લખનારાને માટે તેટલા વિશાળ જણાતા નથી. બૃહદ્ વ્યાકરણ વગેરેને છેડે આપેલાં છંદરચનાનાં પ્રકરણો સંપૂર્ણ નથી. આ સંજોગોમાં શ્રી કેશવરામ શાસ્ત્રીના આગામી પાઠ્ય પુસ્તકમાનું આ પ્રકરણ અગાઉથી પ્રકટ કરવાની તક અમે સાભાર લીધી છે.

ગયા બે અંકમાં પિંગળશાસ્ત્રની પ્રારંભિક વિગતો, પારિભાષિક શબ્દો તથા અક્ષરમેળ તેમજ માત્રામેળ છંદોની રચનાની સમજણ આપવામાં આવ્યાં હતાં. આ અંકમાં તેને અનુસરીને દેશીઓની રચના સમજવવામાં આવી છે.]

—લેખક : કેશવરામ કા. શાસ્ત્રી—

જ્યારથી ભાષાએ અન્ય દેશભાષાઓની જેમ માત્રામેળ છંદોમાંથી ઊતરી આવેલી 'દેશીઓ' પણ મેળવેલી છે. મધ્યકાલીન ગુજરાતી કવિઓએ આ દેશીઓનો ખૂબ વિકાસ કર્યો હતો. આજે પણ બે રાસ-ગાતોમાં પુષ્કળ ફાલે છે. એમાં નવાનવા ઢાળ પણ થયા છે અને થતા આવે છે. પણ તે બધામાં તો મોટે ભાગે એક જૂની દેશીનું જ હોય છે. આપણે ત્યાં આવી નીચેની દેશીઓ જાણીતી છે: (૧) દોહરાની, (૨) સોરઠાની, (૩) ઝૂલણાની, (૪) ચરણાકુલની, (૫) પ્લવંગમની, (૬) હરિગીતની, (૭) સવૈયાની, (૮) કુંડલિયાની. આખ્યાનકારો તે તે છંદનો આધાર લઈ તેમાંથી આ દેશીઓ બનાવતા. એમાં ક્વચિત્ શુદ્ધ છંદનું તત્ત્વ જળવાઈ પણ રહે, અને ક્વચિત્ કેટલીક બાનાની વધઘટ પણ હોય. આ નીચે આપેલા નમૂનાઓ ઉપરથી વધુ સ્પષ્ટતા થશે.

દોહરાની દેશી:

ઘડપણ કેણે મોકલ્યું, જાણ્યું જોબનને રહે સૌ કાળ
ડાચારા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ;
ઝીણી તે ગંગા થઈ રે, ઓળે ઊજળા થયા છે કેશ—ઘડપણ૦
(નરસિંહ મહેતા)

સોરઠાની દેશી:

ચડ્યું ઓ ફાલ્ગુનમાસ ચડ્યું ગઢણ ગુણિરયર.
રંભિણિ ઓ નચ્ચઇ જાસ પેખિવિ અણિકમુદ્ધકરાસુ.
(રેવંતગિરિરાસુ)

ઝૂલણાની દેશી (જે કરીની ઉત્પત્તિ):

શુકજી કહે: સાંભળ રાજન, પરગ કથા પ્રૌઢી પ વેન
વર્ણી વિચારે કરાળાપતિ, મેં સુદામા સરખુ આપ્યુ નથી.
(પ્રેમાનંદ)

ઝૂલણાની આપાઈમાં છેલ્લે ગુરુ આવતા ચરણાકુલની દેશી બને છે.

પ્લવંગમની દેશી:—

સુરતાની વાડીના મીઠા મોરલા !
ઊછળતા શા કરસાગર કલ્લોલ જે !
નિર્ઝરની સૌભાગ્યસુહાગન જ્યોત્સ્નિકા,
નયને ઝળકે રંગાણું નિર્ગેલ ઉલ્લાસ જે !—સુરતાની૦ (કાન્ત)

હરિગીતની દેશી:

ભાગ્યસુત ત્યાં આવિયો (જે) સુણી પનમા વાત,
'તાતની પેઠે જતને' એમ વદે વાણી ગાત. (વેદ૩)

સવૈયાની દેશી:

ભૂતળ ભક્તિપદારથ મોટું બ્રહ્મલોકમાં નાહી રે,
પુણ્ય કરી અવધપુરી પામ્યા અને ઐ રાખી આંહી રે.'
(નરસિંહ મહેતા)

આ બધામાં સવૈયાની દેશી બહુ જ વ્યાપક છે. ગયા કાલનાં આખ્યાનોનો મોટો ભાગ સવૈયાની દેશીમાં જ તેથી મોટો આપાઈની દેશીમાં છે આપાઈની દેશીમાં ચરણાકુલની દેશીનું મિશ્રણ હોય છે.

અહ જ પ્રકારની દેશીમાં કેટલીક વાર ખૂબ વૈવિધ્ય પણ સાધવામાં આવે છે. જેમકે—

દોહરામાં— આંખ ભરી અળજા કહે, ઋષિરાયજી રે,
મારું બહુ થયું છે મોન, લાગુ પાયજી રે,
એ તો જ્ઞાન ગને ગમતું નથી, ઋષિરાયજી રે,
કુંવર બાળક લાગ્યા જોન, લાગું પાયજી રે.' (પ્રેમાનંદ)

આગા દોહરાના પ્રત્યેક ચરણ પછી અનુક્રમે 'ઋષિરાયજી રે' અને 'લાગું પાયજી રે' ધ્રુવકાગમાં આવ્યા છે આ જ પ્રકારે સોરઠામાં પણ વિવિધતા સાધવામાં આવે છે. દોહરા—સોરઠાની વિવિધતાવાળા આ બધા ઢાળમાં પછી આખા ચરણ પણ લખાયાં હોય છે; જેમકે—

ને પક્ષિગ કેરે ઢાર, નગાણી સાધ્યપ્રમા;
વિલસે ત્યા ઝૂંડે આજ રજની સૌમ્ય છાયા.' (રેવંતગિરિરાસ)

એ જ રીતે ઝૂલણાની દેશીમાં—

જાદવને વતર્યા કુબજા કોપાવળિયા,
તુજ વિના વૈનગા બાળ બનશે ? (નરસિંહ મહેતા)

નરસિંહ મહેતાના પ્રેમ વિયોગના ગાન અત્રણ આવા છે.

દેશી બાગા દોહરા કે સોરઠાના ચરણોમાં જેવું વૈવિધ્ય બતાવે છે એવા વૈવિધ્યનો છાયાગા આપણે ત્યા નવા પ્રયોગો પણ થયા છે:

આજ શ્રાવણની રાતના ગાજ મેઘ અડંબર ઘોર,
વીજના ચમકારના ચકર ચકર મારે ચૂડ્યું ચોર,
રોમાંચ ઉલ્લસ્યા ચમકી ઠોકે મોર
એવી કર ધૂન રમી ઘડી ભોર !' (સ્નેહમય)

આપણા સમગ્ર કાવ્યસાહિત્યમાં દેશી ના એકલી બધી છે અને તેમા એકલી બધી વિવિધતા રાખવી એ બધા જ પ્રયોગોનો આ કયા છંદની દેશી છે તો પકડી પણ નથી શકાતું જેમકે—

'કેમે છે ભોગ બાળી બાળી, ઓ મેહુલા !
કેમે છે ભોગ બોળી બાળી !
તુને શું ભાગ આ અબળની ? ઓ મેહુલા૦
મેલાં આભરા, અતિ મૃત્યુની બીજ ઝરી,
સૂરજની સેઠ ત્યાં સેજ પડી,
ઝબ્બ યે બાકા ન જોગાણી ? ઓ મેહુલા૦ (નવલરામ)

એ જ રીતે એક જૂની દેશીનું ફંદાવરણ—

ગોવિંદે ગોઠડી નાખી કુતીને ગિરિ આગારા,
સોંબળવા આતુર થઈ અગ્યાર તગારા. (પ્રેમાનંદ)

અનુકરણ કરનાર પોતાને જે દેશી પ્રેમાવહની હોય તેને તે બાંધ સાથે રાખીને રચના કરશે તો આમાં બંધદોષ નહિ આવે. (ચાલુ)

ઈ. સ. પૂર્વે ૩૦૦૦માં, મોહેન્જોદેરોમાં જમીન નીચેથી ખોદવામાં આવેલા ગામમાં કેટલાંક સ્નાનગૃહો છે, અને તે સાથે સ્વેદ લેવા માટે ચારેક વર્ષ્વેલાંને મળતાં સ્વેદગૃહો–ટર્કિશ બાથો પણ છે. અલબત્ત, મોહેન્જોદેરોના ગૂઢમાં ચારેકના જેન્તાક પેઠે વચ્ચે થાંભલો હોવાનું નથી લાગતું, પણ દીવાલમાં ચૂલાવાળી બેઠક છે. જેઓએ ખરે એ ખોદકામ તપાસેલું છે તેઓ એને ટર્કિશ બાથ સાથે સરખાવે છે.

ટૂંકામાં આ દેશમાં સ્વેદકર્મ ઘણું પ્રાચીન છે, ને મિસરી, રોમન તેમજ ગ્રીક સંસ્કૃતિમાં પણ ટર્કિશ બાથનો સારીપેઠે પ્રચાર હોવાનું ચોમ અનેક સ્થળેથી જણાયું છે. –દુર્ગાશંકર કે. શાસ્ત્રી (આયુષ્ય)

વિદ્યાર્થીઓને મદદ કરનાર સંસ્થાઓ

પરીક્ષાઓ પૂરી થઈ છે, અને ઘણા વિદ્યાર્થીઓ એવા હશે જેમને કોઈ સહાયના અભાવે અભ્યાસ આગળ વધારવાની મૂંઝવણ થતી હશે. ઘણા થોડાને ખબર હશે કે ગુજરાતમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાય કરતી સ્કૉલરશિપોની લગભગ બસો જેટલી યોજનાઓ છે; પરંતુ તેની જાહેર માહિતીને અભાવે ઘણા આશાસ્પદ વિદ્યાર્થીઓ તેના લાભથી વંચિત રહી જતા હશે. આ ખામી દૂર કરે તેવી એક અતિ ઉપયોગી થાદી મુંબાઈની ન્યૂ ઈરા સ્કૂલના શ્રી ચંદુલાલ ત્રિ. બ્યાસે સંપાદિત કરી છે, જેમાં અહેનોને અભ્યાસ માટે મદદ આપતી ૨૯ સંસ્થાઓ, કોઈ પણ કોમના વિદ્યાર્થીઓને મદદ આપનાર ૨૮ સંસ્થાઓ, જુદીજુદી જ્ઞાતિના વિદ્યાર્થીઓને મદદ આપતી ૬૮ સંસ્થાઓ, જૈન વિદ્યાર્થીઓને મદદ આપતી ૧૫ સંસ્થાઓ, લોહાણા જ્ઞાતિની ૧૪ અને ભાટિયા જ્ઞાતિની ૭ એવી સંસ્થાઓ, ૪૧ બાળાશ્રમો, પરદેશ ભણવા જનાર વિદ્યાર્થીને મદદ કરનાર ૭ સંસ્થાઓ અને ઉચ્ચ કેળવણી માટે નાણાં ધીરનારી ૧૧ સંસ્થાઓ, એમ બધી મળી ને ૧૯૦ સંસ્થાઓની નામ સરનામાં સાથેની વિગતવાર માહિતી આપેલી છે. શ્રી બ્યાસનું આ કાર્ય અભિનંદનપાત્ર છે અને ઔચ્છુકોએ તેનો લાભ લેવા જેવું છે. પત્રવ્યવહાર ન્યૂ ઈરા સ્કૂલ મુંબાઈ-૭ એ સરનામે કરવો.

શ્રી ધંડુ ધન્વન્તરી આયુર્વેદ વિદ્યાલય—જામનગર

૧૯૪૬ના જૂનથી આ વિદ્યાલયનું કાર્ય શરૂ થશે. કોઈ પણ પ્રાન્ત, ધર્મ, વર્ણ કે જ્ઞાતિના ભેદ વિના વિદ્યાર્થીઓને એમાં દાખલ કરવામાં આવશે. ૮૦ થી ૧૦૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ રહી શકે તેવાં બે જુદાંજુદાં છાત્રાલયોની યોજના કરવામાં આવી છે.

વિદ્યાલયમાં ભાષાજ્ઞાન, ષડ્દર્શન, ભૌતિકજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણિવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, શરીરજ્ઞાન અને શરીરક્રિયાજ્ઞાન: આ બધા વિષયોનું તલસ્પર્શી જ્ઞાન આપવામાં આવશે. પ્રત્યક્ષ જ્ઞાન માટે ઉદ્યાન, ઉદ્ભિજ્જનિદર્શન, ચિત્રો, નકશા, નમૂના આદિની વ્યવસ્થા કરવામાં આવી છે. ઔષધિજ્ઞાન, ઔષધિપરિચય, ઔષધનિર્માણ–વગેરે માટે નિષ્ણાતો અને તદ્વિદો રાખવામાં આવ્યા છે.

વિદ્યાલયમાં ચરક, સુશ્રુત, વાગ્ભટ, શાર્ઙ્ગધર, માધવ, ભાવમિશ્ર અને રસગ્રન્થ : આમાંના પ્રત્યેકનું યથાયોગ્ય શિક્ષણ આપવા માટે એકેક જુદાજુદા પારંગત પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવશે. કાયાચિકિત્સા, શસ્ત્રક્રિયાવિજ્ઞાન અને પ્રસૂતિવિજ્ઞાન વગેરેના પ્રત્યક્ષ જ્ઞાનને માટે અને તેટલાં સાધનો વસાવવાની અને વિષયોના તજ્જ્ઞોની નિમણૂક કરવાની અભિલાષા છે. દરેક વિષયનું પ્રત્યક્ષ જ્ઞાન પૂરેપૂરી રીતે આપી શકાય તે માટે વિશાળ ઑપરેશનટેબલની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ સંસ્થાને બૉર્ડ ઑવ ઇન્ડિયન સિરટીફ્સ ઑવ મેડિસીન સાથે જોડવામાં આવશે અને તેના પ્રમાણે અભ્યાસક્રમ ચાર વર્ષનો રહેશે. સંસ્કૃત સાથે જેઓએ મૅટ્રિકયુલેશનની પરીક્ષા પાસ કરી હશે તેઓ આ કૉલેજમાં દાખલ થઈ શકશે. હાલમાં થયા ઇચ્છનારે જૂનની ૧૦મી પહેલાં કૉલેજ કમિટીના સેક્રેટરીને સરનામે અરજી મોકલી આપવી.

એકવાર એક પરીક્ષકે ગણિતનો પ્રશ્ન પૂછેલો, 'જો વીસ માણસોને એક ખેતર ખેડતાં દશ દિવસ લાગે તો તે જ ખેતર ખેડતાં દસ માણસોને કેટલા દિવસ લાગે.'

જે ચબરાક વિદ્યાર્થીઓએ જવાબમાં લખેલું, 'વીસ માણસોએ તે ખેતર ખેડી લીધા પછી એ ખેતર ફરીથી દસ માણસો પાસે ખેડાવવાની જરૂર જ ન હોય.'

આ માસ (મે) ઈતિહાસમાં

તા. ૧ આફ્રિકાના ગહન શોધખોળ ડેવિડ લિવિંગ્સ્ટનનું આફ્રિકામાં મોઝિયામો નદીને કાંઠે અવસાન ૧૮૭૩.

તા. ૪ શ્રીરંગપટ્ટણની લડાઈમાં ટીપુ સુલતાનનું મરણ, ૧૭૯૯.

તા. ૮ કવિવર રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ, ૧૮૬૧.

તા. ૯૦ મુઘલ બાદશાહ બાબરે આમા કબજે કર્યું, ૧૫૨૭.

તા. ૧૪ ઈંદોરની પ્રતાપી રાણી અહલ્યાબાઈનું લગ્ન, ૧૭૨૨.

તા. ૧૮ પૃથ્વી દેલીના ધ્રુવકેતુના પૂંછડાંમાંથી પસાર થઈ, ૧૯૧૦

તા. ૨૧ નેપોલિયનની આખરી કેદનો ટાપુ સેન્ટ હેલીના શોધાયો, ૧૫૦૨.

તા. ૨૫ ગુલામી પ્રથા વિરુદ્ધ વિલ્બર ફોર્સે કઢાવેલી ઝુંબેશથી બ્રિટિશ સલ્તનતમાં ગુલામી વેપાર બંધ થયો, ૧૮૬૭.

તા. ૩૦ ગુજરાતી સમાજ સુધારક, અને કેળવણી ખાર રા. બ. મણીભાઈ નરભરામ નીલકંઠનું અવસાન, ૧૮૯૧.

આ માસની વ્યક્તિવિશેષ
આલ્બર્ટ આઈન્સ્ટાઈન

સાપેક્ષતાવાદનો નવો જ ને ક્રાંતિકારી સિદ્ધાંત સ્થાપનાર આધુનિક જગતનો આ ગહન ચિંતક, દિલ્લગીબાજ તથા પ્રતિભાશાળી વિજ્ઞાનીનો જન્મ જર્મનીમાં ઈ. ૧૮૭૯ના મેની ૧૪મી તારીખે ઉલ્મ મુકામે એક યહૂદી ઈજનેરને ત્યાં થયો હતો. પહેલાં મ્યુનિકમાં ને પછી સ્વિટ્ઝર્લાંડમાં ઝૂરિશમાં અભ્યાસ પૂરો કરી શરૂમાં તેઓ બર્ને ખાતે સ્વિસ સરકારની પેટન્ટ ઑફિસના ઈજનેર થયા; ને તે પછી ૧૯૦૯માં ઝૂરિશ યુનિવર્સિટીમાં પ્રોફેસર થયા. ૧૯૧૪માં એ બર્લિન ગયા જ્યાં એમના નવા સિદ્ધાન્તના પ્રયોગો માટે એક વિશિષ્ટ મિનાર બાંધવામાં આવ્યો. ૧૯૧૫માં તેમણે પોતાનો સાપેક્ષતાવાદનો સિદ્ધાંત જાહેર પાડી જગતને ચોંકાવી દીધું. ૧૯૨૧માં તેમને ભૌતિકશાસ્ત્ર માટે નોબેલ ઈનામ મળ્યું ને તે ઉજવંડ ગયા, જ્યાં ૧૯૨૫માં તેમને મહાવિદ્વાનોને અપાતો કોપલે ચન્દ્રક તથા બીજા અનેક સંમાનો વિવિધ દેશો તરફથી મળ્યાં. જર્મનીમાં નાઝીવાદના ઉગમની સાથે યહૂદીઓ પર જુલમો વરસવા શરૂ થતાં તે ૧૯૩૩માં અમેરિકા ચાલ્યા ગયા ને હાલ ત્યાં જ વતન કરીને રહ્યા છે.

તેમના સિદ્ધાંતનો સાર એ છે કે આ વિશ્વ સતત ગતિમાન હોવાથી તે વિસ્તર્યા કરે છે અને સંકોચાયા કરે છે; અને 'કાળ' (સમય)એ પોતે કોઈ સ્વતંત્ર પરિમાણ નથી, પરંતુ 'દિક્'ની સાથે સંકળાએલો છે. તેથી આપણે 'એક હજાર' કે 'એક માઇલ' એમ જે ચોક્કસ માપ સમજીએ છીએ તે ખરી રીતે નિશ્ચિત નથી, પણ બીજાને સાપેક્ષ હોઈ અમુક અમુક સ્થિતિમાં વધેઘટે છે.

હાથથી તીર છૂટ્યું તે હણે ના લક્ષ્ય, વા હણે,
હણે વાગ્‌તીર છૂટ્યું કે લક્ષ્ય-વેધક બેઉને.

—રમણલાલ સોની

ગુરુ નાનક મદીના થઈને બગદાદ ગયા તે વખતનો ત્યાંનો ખલીફ બહુ લોભી અને જુલ્મી ગણાતો. તે ગુરુને મળવા ગયો ત્યારે નાનકે તેને બોધ કરવા સો કાંકરા એકઠા કરી રાખ્યા. ખલીફાએ તેનું કારણ પૂછતાં નાનકે કહ્યું, 'આપને એ અનામત તરીકે સોંપવા આવ્યો છું.' 'એ પાછા ક્યારે સોંપવા?' એમ પૂછતાં ગુરુએ કહ્યું 'આપણે બધા જ્યારે કયામતને દિવસે મળીએ ત્યારે આપ આપની ધન-દોલત, જે આટલી મહેનતથી ભેગી કરો છો, તે પણ ત્યાં સાથે લેતા આવજો ને? એના ભેગા આટલા કાંકરા પણ લેતા આવજો.' ખલીફ આનો મર્મ સમજી ગયો અને તે દિવસથી ધર્મમાર્ગી થઈ ગયો.

કહેવતોના અર્થઃ 'પાડાને દરદ ને પખાલીને ડામ.' જૂના ધરગથુ વૈદામાં ઘણું દરદ આમુક નસ કે મજ્જાતંતુઓના ચોક્કસ સ્થાન ઉપર ડામ દઈને મટાડવામાં આવતાં. એ રૂપક લઈને બોલેલી આ કહેવત, ઉપાધિકારણ કોઈક હોય અને તેનો ઉપચાર કે પ્રતિકાર કોઈક પર કરવામાં આવતો હોય, અગર કોઇકને બદલે અન્ય કોઈને જ દંડવામાં આવતો હોય, એ સ્થિતિ દર્શાવવા વપરાય છે; અને તેથી જ આજે તેનું રૂપ પલટાઈને 'પાડાને બદલે પખાલીને ડામ' એવું બની ગયું છે; પણ મૂળ કહેવત તો ઉપર મુજબ છે. એને મળતી બીજી કહેવતોઃ 'કરડે ગોંદડ, ને માર ખાય ખાટલો'; 'ખાય બત્ય ઓઢી ને માર પડે હરેકીને' વગેરે.

અનેકાર્થી શબ્દઃ **પીલવું**=નિચોવાઈને કસ નીકળે તે રીતે કચરવું અથવા દબાવવું તે; કપાસને લોઢવો તે; દુઃખ દેવું અથવા કનડવું; પીલાં નીકળવાં અથવા પાંગરવું તે.

ગણિતગમ્મતઃ કોઇ પણ રકમ ધારી, તેને અવળી કરી, ધારેલી રકમ સાથે ગુણો. આવે તેમાંથી ધારેલી રકમ બાદ કરો; અને પછી આવે તેને ધારેલી રકમ વડે ભાગો. ભાગમાં આવે તેમાં એક ઉમેરી તે રકમને અવળી કરો. આગ કરતાં જે રકમ આવશે તે તમારી ધારેલી રકમ જ હશે! - શાન્તિલાલ મ. જોષી

ઘણીવાર કઠણ લાકડામાં રંધ બેસાડવો બહુ વસમો પડે છે, એવે વખતે રંધને સાબુમાં બોળીને (બેસાડીને કાઢી લઈને) પછી બેસાડવાથી સરળતા થશે.

આઠમી સદીથી ઉત્તર અને મધ્ય હિંદમાં રાજપૂત રાજ્યો વિકસતાં ગયાં તેમના સિક્કાઓ મોટે ભાગે સોનાના અને ત્રાંબાના હતા. રૂપું જવલ્લે જ વપરાતું. સોનાના સિક્કા સામાન્યતઃ ૬૯ ગ્રેનના ડ્રામના વજનના રહેતા અને તે દ્રમ કહેવાતા; અને તેમના પર ઘણુંખરું એક બાજુ લક્ષ્મીની છાપ અને બીજી બાજુ નાગરી લિપિમાં રાજાનું નામ કોતરાતાં. ત્રાંબાના સિક્કાઓ ઉપર એક તરફ ઘોડેસવાર અને બીજી બાજુ બેઠેલા નંદીની છાપ હોય છે. આ છાપના સિક્કા પહેલવહેલા ગાંધાર (અથવા ઑહિંદ)ના બ્રાહ્મણ રાજાઓએ રૂપા ઉપર પાડવા શરૂ કર્યા, જેમાં રૂપલપતિદેવનો સિક્કો બહુ જાણીતો છે તેની છાપ ઉપર આપી છે એમાં એક તરફ હાથમાં ભાલાવાળા ઘોડેસવારનું ચિત્ર છે અને બીજી બાજુએ બેઠેલા નંદીનું ચિત્ર તથા બેઉ બાજુ અક્ષરોમાં શ્રી રૂપલપતિ દેવ અંકિત છે. ઉપર જણાવ્યું તેમ આ પછી હિંદના બીજા રાજપુત રાજાઓ-દિલ્હીના તુમર અને ચોહાણો (પૃથ્વીરાજ વગેરે), કનોજના રાઠોડો અને અજમેર, બદાયું, નરવર વગેરેના રાજાઓએ આના જ અનુકરણમાં સિક્કાઓ પાડ્યા છે જેની અસર તેમની પછીના મુસલમાન આક્રમકોએ પણ ધારણ કરેલી

હાથામાંથી છૂટું નીકળી આવેલું છરીનું પાનું બેસાડવા માટે બે ભાગ રાળ અને એક ભાગ ચાકનો બારીક ભૂકો હાથાના કાણામાં ભરી દઈ છરીનો એ છેડો લાલ તપાવી અંદર જોરથી ખરાવી દેવો. રસાયણ આગળી ઠંડું પડતાં સજ્જડ ચોસ લઈ લેશે.

ધારો કે ધ્રુવનો તારો આજે જ નાશ થઈ જાય, તો પણ તેનો પ્રકાશ તો આપણને ચાળીસ વરસ સુધી દેખાયા કરે. તેના પ્રકાશને અહીં પહોંચતા જેટલો બધો વખત લાગે એટલું તેનું અહીંથી અંતર છે. (પ્રકાશનો વેગ એક સેકંડના એક લાખ ને છ્યાસી હજાર માઇલ છે, તે હિસાબે ધ્રુવનો તારો કેટલા માઇલ દૂર હશે તે ૪૦ વરસની સંખ્યાને કરીને તેને ઉપલી રકમ વડે ગુણવાથી નીકળશે.)

> ¶ ભલે આખા વિશ્વનું અંધારું ભેગું થાય, પણ એક નાની સરખી મીણબત્તીના પ્રકાશ તે બુઝાવી શકવાનું નહિ.

એવી શોધ થઈ છે કે માણસે પોતે એક વખત કરી હોય તેના જેવી જ અરૂઢ બીજી સહી થવાની તક તો ૬૩૧૦ પરાર્ધ (=૮ટ્રે કે ૬૩૧૦ ઉપર સત્તર મીંડાંવાળે નંબરની સંખ્યા) વખત તે સહી કરે ત્યારે માંડ મળી જાય. ગુનાશાસ્ત્રીઓ આ મુદ્દા ઉપર બોલી સહી કરનારાને પકડી પાડી શકે છે.

રશિયામાં કોક-સાધીઝ નામનો ઉપર બતાવેલો છોડ થાય છે. તેનાં લાંબાં મૂળ (જુઓ બાજુનું ચિત્ર) માંથી રબર બનેછે

દાળ કે ચોખાને માટે ભરેલા આંધણની ઉપર છીબું ઢાંકવાને બદલે, એ તપેલી કરતાં જરા પહોળા કદનું વાસણ મૂકીને એમાં ઠંડી પાણીની તપેલીની વરાળની ગરમીથી બટેટાં કે એવું શાક પણ બાફી શકશો.



દૃષ્ટિફેરની ગમ્મતઃ બાજુના ચિત્રમાં સામાન્ય નજરે તો એક ટેબલને આપણે ઉપરથી જોતા હોઇએ એમ દેખાશે. પણ દૃષ્ટિફેર થતાં એવું પણ દેખાશે કે પાછલા બે પાયા જોના નીચે છે, અને આગલા બે પાયા ડાબી તરફ ઉપર છે, એવા ટેબલને તળિયેથી જોઇએ આપણે જોઇએ છીએ. એક વખત ચિત્રને ઉલટાવીને જોશો તો એ ખ્યાલ પકડાશે.

પુરુષો!...
ચામડીના આરોગ્ય માટે રેકસોના વાપરો

એવો ઉતાવળો વિચાર બાંધતા નહિ કે રેકસોના ફક્ત સ્ત્રીઓ માટે નવા સંમિશ્રણવાળો સાબુ છે. જે ચામડીના આરોગ્યનું મૂલ્ય આંકે છે તે દરેક માટે આ નહાવાનો સાબુ જરૂરી છે, અને પુરુષો આનંદ માણે એવી જાતનો સુંદર, તાજગીભર્યો અને પૌષ્ટિક સાબુ છે.

આ ઉમદા, લીલો અને સત્વર ફીણ વળતા સાબુનો મહાન ગુણ એ છે કે તે ઠંડક આપે અને ચામડીને જંતુવિનાશક તે રોગહર કરવામાં કેડીલ નામના ઔષધવાળો છે, અને રેકસોનાનું ત્વરિત બનતું વિપુલ ફીણ તંદુરસ્ત મનાયતાં આ કેડીલને તરતજ તમારી ચામડીના બધા છિદ્રોમાં ઉંડે લઇ જાય છે, જ્યાંથી ઘણી વખત ચામડીની વિકૃતતા અને ચામડીના દર્દોની ફરિયાદ શરૂ થાય છે. તમારી આખી ચામડી આ રીતે મુખદ, નિર્મળ અને તે ઉપરાંત સ્વચ્છ બને છે.

એમના જીવનની સૌથી કરુણ ઘટના તે એમની વહાલસોયી પત્નીનું અકાળે થયેલું અવસાન. તે વખતે તેઓ પોતે સ્થાપવા માગતા કથકલી નૃત્યશાળાના કાજા માટે નૃત્યપ્રયોગો રજૂ કરવા પોતાના શિષ્યો સાથે મુંબઈ આવ્યા હતા. પરંતુ નૃત્યનો પહેલો મંચ-ક્રમ શરૂ થાય તે પહેલાં જ તેમને પત્નીના અપમૃત્યુના અવસાનના દુઃખાઘાતજનક સમાચાર મળ્યા. છતાં તેની કોઈને પણ જાણ થવા દીધા વિના નિશ્ચય ધ્યેયનિષ્ઠાથી સર્વ પ્રયોગો તેમણે પૂરેપૂરી તો અસરકારક રીતે જ બજવી બતાવ્યા કે તેમનાં પર આવી પડેલા એ કારમા આઘાતની કોઈને કલ્પના સરખીયે આવી નહિ અને પોતાના અદ્‌ભુતપ્રયોગોથી હાજર રહેલા સર્વપ્રેક્ષકો પર 'એકમહાન કલાકાર' ની છાપ મૂકતા ગયા. પરંતુ તેમની એથી યે વિશેષ મહાનતાની પ્રેક્ષકોને કયાં ખબર હતી, કે આ સર્વ પ્રયોગો તેમનાં મૃત પત્નીના દેહ પર ખેલાયા હતા. એક તરફ પત્નીની ચિતાનો અગ્નિ પ્રજ્વલતો હશે ત્યારે બીજી તરફ આ પતિ ને વિલાસોલ્લાસયુક્ત નૃત્યાભિનય કરતો પડતો હતો' જીવનની આથી વિશેષ કરુણતા બીજી શોધાઈ શકે?

સંસારનાં શહેરો (અનુસંધાન આગળના પૃ. ૧૪૬થી)

જતા વ્યવહારમાર્ગની સાથે સંકળાઈ ગયું છે, તો બીજી બાજુએ તહેરાનથી તબ્રેઝ થઈને ત્યાંથી છેક કાસ્પિયન સમુદ્ર સુધી જતા ઘોરી માર્ગને લઈને એ શહેરનું મુખ્ય લશ્કરી ને વ્યાપારી મથક બની રહ્યું છે.

છેક ૧૮૮૦માં કરવામાં આવેલા એક કહેવેખમાં તો એને ૩૮ મસ્જિદ, ૧૦૦ હમ્મામ સ્નાનગૃહો, ૧૬૬ કારવાનસરાઓ ને ૨૬,૦૦૦ ઘરોવાળું વર્ણવવામાં આવ્યું છે. પણ આજે તો એનાં જૂનાં જોવા-લાયક સ્થળોમાં બકીર મસ્જિદ અને કબુદ મસ્જિદ ગણાવી શકાય. બાકી તો બખ્તરપોશ રંગનાં મકાનો અને પૂર્વી ઢબની સાંકડી શેરીઓ એની પ્રાચીનતાનો ખ્યાલ આપે છે. પુરાણો કિલ્લો તો સાવ ખંડિયેર થઈ ગયો છે.

બે લાખ ને સાઠ હજારની વસતિ ધરાવતું આ શહેર આજે પણ એની જૂની વ્યાપારી રોનક તો જાળવી જ રહ્યું છે. ખેપારનું એવું જ મોટું મથક હોવા કરતાં તે હુન્નરઉદ્યોગમાં પણ પ્રગતિ કરેલું જણાય છે. સુંદર ગાલીચાનો તેનો પરંપરાગત ઉદ્યોગ ધીકતો ચાલવા ઉપ-રાંત હવાનું ચામડાં કેળવવાનાં કારખાનાં, સૂતર-ઊનની મિલો અને સાબુ તથા સીગરેટનાં કારખાનાં ત્યાં વધ્યાં છે. આજુબાજુના પ્રદેશમાં થતાં દ્રાક્ષ, બદામ આદિ સુકામેવાની એની નિકાસ પણ જબરી છે.

સંકટ વટાવી જઈ શકે તે જ શ્રેષ્ઠ

જે કંઈ બોલો તેનો પૂર્ણ વિચાર કરો; પણ દરેક વિચાર બોલી બતાવતા નહિ.
ધર્મસિંધુ પર વિચાર કરવાના દિવસ ગયા; હવે તો કર્મબિંદુ પર મદાર બાંધવો પડશે.
સદ્‌વર્તન માટે ખર્ચ કોઈનો યે નથી થતો; પણ દુનિયામાં સૌથી વધુ કિંમત તેની અંકાય છે.
જાનજમતું કામ ગેબીને પાર પાડે તે સુખી ખરો; પણ અજાણતાનું કામ પાર પાડી યશ મેળવે તે તો પીર.
આત્મચરિત્ર લખાઈ ગયા પછી તેમાં સુધારો થઈ ન શકે; પણ એ લેખને પ્રસન્નચિત્ત કરવો હોય તો નવાં પરાક્રમોથી પરવારી કરો.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૨૭]

ડૉ. હરિપ્રસાદ મ. દેસાઈ

સાબરમતીનાં મારાં સંસ્મરણો તો અખૂટ છે. અને હમણાં છેલ્લે એના કિનારા પર પ્રાગૈતિહાસિક અવશેષો શોધાયા ત્યારે, છેક ઇતિહાસપૂર્વકાળમાં યે એના અસ્તિત્વના ખ્યાલે મને અભિમાન થયું.

આશાપલ્લીનો ચોતરો અને એની પાસેની મૂર્તિઓ શોધાઈ ત્યારે એ ઢગા ઠેકરા પરથી બંને બાજુના પાંચ પાંચ ગાર્ડલેનો વિસ્તાર જોતો આશોલાઈ આ સમગ્ર પ્રદેશનું શાસન કેવી ખબરદારીથી કરતો હશે તેનો ખ્યાલ આવ્યો. એ જ ચોતરાની બરાબર સામે પ્રાચીન કર્ણાવતી નગરી અને એનાં ઉત્તુંગ શિલાલયો, કોચરબ્બા માતા તથા દેવાચાર્યનો ઉપાશ્રય આદિનાં જળ ચિત્રો ઉપજીને મનોભૂમિ પર ઇતિહાસને સજીવ કર્યો છે, અને સરદાર પુલ થયો ત્યારે એ સંગમના અનેરોપકૂળ મૂર્તિઓ જોવા અનેક વાર એ સાબરતટે હું ભટક્યો છું.

એ પછી તો 'જબ કુત્તે પર સરસા આયા તબ બાદશાહને શહેર બસાયા' વાળી કહેવત મુજબ અમદાવાદ વસાવનાર અહમદશાહ, મહમદ બેગરો, શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ જેવા અનેક બાદશાહો અને સંતો એને કિનારે આવ્યા અને ગયા, પણ સાબરમતી તો વહ્યા જ કરે છે. પછી એને કિનારે શાહેજહાં માટે ચાંદાસૂરજના મહેલ બંધાયા. શાહીબાગમાં એકબે વખત કવિસમ્રાટને મળવા જવાનું થયું ત્યારે ત્યાંના એ મુઘલ મહેલના વિશાળ ઓસરી પરથી સુંદર વળાંક લેતી જે સાબરમતી જોઈ છે ત્યારનો એ મહેલ તો એનો દાઢમાં રાખ્યો છે કે સર્વ પ્રવાસીઓ એ મહેલ પર જઈ તેનું દર્શન કરે એવા હુદેશથી, સ્વરાજ્ય આવે ત્યારે, ખાસ ઘાટે તેને ખુલ્લો મુકાવ્યો. એ દિવસ આવતા સુધી હાજરોલ, ભીમનાથ ને નારાયણઘાટના ઓવારાઓ પર તો ઘણી યે વાર મેં ચુપકેદોલો, સાહિત્ય સભા ને કુટુંબીજનોને રેતાન કરાવીને વ્યાખ્યાનો, ભજનકીર્તન ને જ્ઞાનચર્ચાઓ કરાવ્યાં છે.

સાબરમતીને તીરે મહાત્માજીનો સત્યાગ્રહ આશ્રમ બંધાયો પછી તો 'સાબરમતી જલ સોહૂ સોહૂ, જૈસા યમુના આવી મળે' એટલી બધી એની મહત્તા વધી ગઈ છે, ને અસંખ્ય વાર એ આશ્રમમાં, સાબરમતીની દુનિયામાં ને એના વાતાવરણની રમ્યતામાં રાજકારણની, ગાન્ધીરચેતાની, સાહિત્ય સંગીત અને કળાની પરિષદો પછીનાં સિતારવાદનની, અને સ્વ. ખરેની રાગધૂનોની પ્રસાદી ખૂબ લૂટી છે

ગાંધીજી પાસે ગાઢ જવાનું રોજ બનતું. ત્યાં જતી વખતે કેરાની દુષ્કાળની તથા ગુજરાતના કેટલા યે અણઉકલ્યા પ્રશ્નોની નિરાશાથી હૃદય દબાઈલું હોય, એની હમેશાની સાક્ષી સાબરમતી છે; પરન્તુ ગોત્રણ કલાકના ગાઢસાન્નિધ્યના સત્સંગ પછી સાંજે જ્યારે પાછો ફરું ત્યારે છેક એક્ત્રિસજિજ સુધી સંધ્યાના અલૌકિક રંગોના વાતાવરણમાં એ બધી નિરાશા ઘણી જગ્યાને પ્રાપ્ત થયેલી નવી આશાઓ અને હલ્લાસથી છલકાતે હૃદયે એ સાબરમતીનાં જળ મેં જોયાં છે.

અસહકારની લડતમાં પ્રતાપના દેશભક્ત પંડિત રામભજદત્ત ચૌધરી જેલમાં ગયા ત્યારે એમનાં વિદ્યાર્થિની બહાદુરપત્ની સરલાદેવી ચૌધરાણીએ ગાઢસાન્નિધ્યના પ્રેમમુખપટે મઢેલી સભાગા એ જ સાબરમતીની રેતીમાં એમનું પ્રિય ગીત ગાયું હતું :

'દુની નહિ દ્વારના, ભાવે સારી જન જાયે'

એ જ સ્થળેથી કાયદાભંગનું મીઠું લઈને સ્વ. કસ્તુરબા તથા મારા પુરુષોત્તમદાસ ઍન્ડ્રિઝને પગે લાગીને મીઠાનો કાયદો તોડવા હું નગર તરફ સરઘસના આકારમાં નીકળ્યો હતો અને એ જ સાબરમતીના શુભનામથી અંકિત જેલમાં પહેલવહેલો ગયો હતો.

એ સાબરમતિનું મારા ઘરનું ઋણ તો કદિ પૂરું નહિ ગણાવી શકાય. વિક્ટોરિયા ગાર્ડનને એને કિનારે બેસી મેં કેટલી યે કંપાઝોનો ઉઠાટની સંધ્યાઓને અગણ્ય ધ્યાનધારણાઓ કરી છે; ત્યાં જ લોકરાજ્યની મૂર્તિ પાસે સ્વરાજ્ય લેવાની પ્રતિજ્ઞાઓ કરી છે; એ જ સ્થળે સાહિત્ય પરિષદ વેળાના સ્વ. કવિવર ટાગોરના સત્કાર સમારંભ અને ચરખા યોજ્યા છે; ત્યાં જ પંડિત જવાહર જેવા દેશનેતાઓને સાનનજર આપ્યા છે.

એવી જ રીતે, હૃદય વેધાઈ જાય એવા મારા જીવનના કરુણ પ્રસંગે દધિચિ અને સાર્પિની ઓવારાઓ પર એ જ માતા સાબરમતીની ગોદમાં મારાં પ્રિયજનો અને ગુરુજનોને અગ્નિસંસ્કાર કર્યા છે.

એવી છેલ્લી વિદાય કવિ નાનાલાલને અમે આપી. એ યુવાનીમાં હતા અને એમનું 'એતાંબરી સંન્યાસિની'નું પહેલું જ ગાન—

રાત્રી વેરણ થાય, ચંદા ઉદેની !
રાત્રી વેરણ થાય;

પ્રેમ અતિત ટોળાય, ચંદા ઉદેની—

એ જ સાબરમતીની કપેદા રેતીના પટ પર જે અનેક વાર ગાયા હશું હશે; અને એમનું છેલ્લી વિદાયનું અશ્રુપૂર્ણ ભાષણ-ગાન જે એ જ સાબરમતીને કિનારે કર્યું.

મહી 'આનર'ના જય નાદથી ગુજરાતમાં ચોરચકોર ઓળખાતી મહી નદી જ્યાં ખંભાતના અખાતને ગળે છે ત્યાં જઈને મિત્રમેળાપી સાથે એના જળમાં પગ પખાળી આવ્યો હું; અને વાસદ પાસેના એક બાગની ભાગોળે શરદઋતુની એક અજવાળી રાતે એ જ મહીની રેતીમાં એક તત્ત્વજ્ઞાની મિત્ર સાથે પવનની શીતળ લહેરો લેતા જીવ અને બ્રહ્મની જ્ઞાનવાર્તા કરી હતી તે હજી યાદ છે.

આંધરા કાઈનના અંગ્રેજી રૂપેણાથી ગણતેશ્વર નામે એક પ્રાચીન તીર્થ જવાય છે. કહેવાય છે કે ત્યાં ચંદ્રહાસનું નગર હતું. ગળની નદી ત્યાં ભગવાન શંકરને અભિષેક કરીને મહીસાગરને ગળે છે. એ પુનિત રજાનો પણ મેં મહી નદી ભોગવ્યો છે.

સંજેટા જતાં બહાદુરપુર સ્ટેશને હું ઊતરેલો. તે વખતે, આંબાદ આગણના 'ઓર-સંગમ' પારો નર્મદાને મળનારી 'ઓર' નદી ત્યાં પુર બહારમાં હતી. બાર વર્ષ કેળવણી ઓરમાં પૂર આવ્યું હતું ને કોરીમાં બેસીને સંજેટા જવાનું. એ કોરામાં બેસીને ઓર ઊતર્યો ત્યારે મધુરા પારેની યમુનાના દર્શનના આનંદથી યે અદકો આનંદ થયેલો.

સંજેટા ગામ એક ઢાળા ઠેકરા પર ઠેઠ પુરાણા કિલ્લાની પાળે આવેલું છે. સંજેટાના સુતારોને ઘેર જઈ, તેઓ મનોહર ગામ રંગોની આવણી જે વિશિષ્ટ કલાપદ્ધતિના ઘોડિયા કોચ, ખુરશીઓ, ગાદીઓ, બાજઠો વગેરે બનાવે છે તેનો રસપ્રદ અભ્યાસ કરવા માટે એ કિલ્લા ઉપરના ઢાળાવા ઢાળા ઠેકરા પરથી સુપરિચિત દેખા પડે દેદિપ્યમાન મહેલો 'ઓર'નાં ઊંડાણનાં પાણી નિર્મળ અને સૌન્દર્યકલાકારીગરી રળિયામણી ગુજરાતને અભિનંદન દેવાનો વિરલ લાભ આપ્યો હતો.

નર્મદ ની તો આખેઘાટ-વરનાળી પારેથી, વ્યાસ ની કબીરવટ પારેથી, જરુચ અને

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મોકલનાર : શ્રી સૂર્યકાન્ત ગોમરી, વિદ્યુત ખાતું, સાવલી (વડોદરા)

Milada Kalábová
Dobrovského 27,
Praha VII (Czechoslovakia)
Prague (પ્રાગ-ચેકોસ્લોવાકિયા) ૧ મે ૧૯૬૬

પ્રિય મિત્ર સૂર્યકાન્ત,

હિંદી ને અંગ્રેજી બંનેમાં લખાએલા તમારા પત્ર માટે તમારી ઘણી આભારી છું. પહેલું તો એ કે, હું હિંદી કે અંગ્રેજી બોલવાને તો બિલકુલ જ નથી, પણ અંગ્રેજીમાં વિચારો વ્યક્ત કરવાની પદ્ધતિ અમારી ભાષાને બદલે ઘણી છે, (એટલે અમારી રજૂઆત ભાષાઓ બધી યુરોપિયન ભાષાઓ કરતાં સંસ્કૃતને વધારે મળતી આવે છે) મુખ્ય મારો અંગ્રેજી શિક્ષનેરી પણ છે—બધાને હિંદી નથી. વળી, મને આશા છે કે હું અંગ્રેજીમાં લખીશ તો મારું લખવું તમે વધારે સારું સમજી શકશો.

હું બાવીસ વર્ષની વયની છું. મારી ઊંચાઈ ૧૬૨ સેન્ટીમીટર અને વજન પાંચ કિલોગ્રામ છે. મારા વાળ બદામી ને આંખો વાદળી છે. મારે ભાઈ કે બહેન કોઈ નથી. હું પ્રાગની ચાર્લ્સ યુનિવર્સિટીમાં તત્ત્વજ્ઞાન વિભાગમાં તત્ત્વજ્ઞાન, ઇન્ડોલૉજી (હિંદી સંસ્કૃતિ વિષયક શાસ્ત્ર) અને વિવિધ ધર્મોનો અભ્યાસ કરું છું. દરરોજ ઔદ્યોગિક કલાશાળામાં ચિત્રકળાની તાલીમ પણ લઉં છું. એ શાળા આજે યુનિવર્સિટીના 'ઑરેજમી ઑવ ફ્રીએટિવ આર્ટ'ની બરાબર ગણાય છે. ત્યાં અમને ૬ કલાકની ઉભી માટીના ટિત્રાઈનથી મારીને તે જંગલી ભીંતચિત્રો કરવા સુધીનું શિક્ષણ મળે છે.

અમારી ચિત્રકળા, સંગીત કે શૃત્ય વિષે લખી વર્ણવવું બહુ અઘરું થઈ પડશે, કેમકે તમને એ કલા બતાવી કે સંભળાવી શકાય એમ તો છે નહિ. પણ થોડા જ વખતમાં હું તમને અમારા દેશની કેટલીક ઉત્તમ-નમુનાની કલાકૃતિઓની ઝાંખી વધેરે તેવું મોકલીશ.

આ બધી કલાઓનો વિકાસ અમારા દેશના ઇતિહાસને આધારે થતો આવ્યો છે. અમારે ત્યાં અત્યંત સુંદર ગૉથિક (પુરાણી) કલા છે પણ સૌ પ્રથમ ઈ. ૧૪૨૦-૩૪ના હુસસાઇટ વિપ્લવ વખતે અમારી સર્જનકળાનો વિકાસ અટક્યો, અને સાદેસાથે અમારી સાહિત્યારીતો પણ નાશ પામ્યો. ઈ. ૧૬૨૦માં પ્રાગ પાસે 'બિલા હોરા' (શ્વેતગિરિ)ના યુદ્ધ પછી તો અમારી બધી જ કલાઓ ને વિજ્ઞાનનો વિકાસ જોરથી અટકી ગયો. અમે સત્તર સદી પાગ્યા, ને એક પ્રજાનો ઇતિહાસ ફરીથી નવા રસપૂર્વક વિચારના બળ પર લોકો જે કૅથૉલિક ધર્મમાં માનતા તે સર્વને પોતાનો વિચારસ્વાતંત્ર્ય ગુમાવવાની ફરજ પડી. અઢારમા સૈકાના મોટા ભાગ પણ યુરોપના બિન કૅથૉલિક દેશોમાં નેશનલિઝમ થઈ ગયો ને દેશના રહેવા બધા કૅથૉલિકોનું મોટી જ પેઢીઓમાં જર્મનીકરણ થઈ ગયું. એ ગાળામાં ૨૦૦ વર્ષ સુધી તો ચેક કલા માત્ર ગુલામ ગામડિયા લોકોમાં જ રમતી રહી. ઈ. ૧૮૪૮ પછી ફરી પાછો શિક્ષિત ચેક લોકોનો એક નવો વર્ગ ઉદિત થયો ને ગામડાંની સંસ્કૃતિ નવેસરથી જ પોષવા માંડી. ઉદરણ લેખના અમારા કલાકારો જેમ કોઈ નામાંકિત નાગ ગિરોલાસ આલેસ ને ચેસ્કોક માનસના છે; સ્મેતનમ મેટિક ઍમેટાના અને સિન્ટાનિલ વૉરાક છે.

સૃજનનું ક્ષેત્ર તો વિશાળ છે, અમારે ત્યાં પણ સુંદર ઇમારતો છે. શ્રીઅરવિંદમાં બાહ્યસૃષ્ટિ પણ આવે છે કે કેવળ સૃજનની વિવિધ મ ભાનો પણ અમારે ત્યાં વિષમી છે. દા.ત. પ્રાગ તરીકે ગિરિમિંગ ઑફ.બો.ના-

ની શાળા—કે બધી બાબતોના બંધારણ ઉકેલની શિક્ષા છે.

છેલ્લા ૧૬૪૮ના યુદ્ધપર્વ દરમ્યાન અમારાં ચિત્રકારો શ્રીમતી ટમ્બરોવા અને શ્રી રેમારે પૂર્વના નૂરોનો એક જલરંગો ગોઠવ્યો હતો, તેમાં ઑગસ્ટ હિંદ, ઇન્ડોનેશિયા અને શ્રીલંકાનાં નૂરો પણ બતાવ્યા હતાં એમાના બધા પોષાકો પ્રાચીન ચિત્રો, શિલ્પો અને ફ્રેસ્કોમાંથી આબાદ ભાત પરથી પ્રયોજ્યા હતા. જે તે દેશોના બેજ સજાવેલા પૈસાનો એ જલરંગો બની ગયો. હું માનું છું કે હિંદી નૃત્ય બહુ જ અઘરું છે. આ તક મળી છે બદલે તમને એક વિનંતી કરું છું: કૃપા કરીને મને જલદી પર બોલચાની સાથે હિંદી દ્વારા વિગતવાર વિધાન ન મોકલશો? (ચિત્રો સાથે, અને દુઃખ કે અનુવાદ વિના મેળ બેસી શકાય તેની મુશ્કેલી પડીને.)

લગભગ લગભગ મને બધી વાર હિંદ વિષે વિચારો આવે છે. થોડા દિવસમાં અમને સ્વતંત્રતા ગુમાવ્યાને વર્ષ પૂરું થશે. અમારી ચુંટણીઓ આડાં બધુ જ અડાવીયાં લટકે રહ્યાં છે અને અમારા ચાર રાજકીય પક્ષો વચ્ચેના ગતભેદો વધવા માંડ્યા છે. પણ હુકમો તો અમે સૌ એકમત જ હતા. હિંદ આજના તેના સૌથી મહત્ત્વના દિવસોમાં સંપીલું નથી. બધુ હિંદીઓ પોતાના વિભૂતિઓના ભાગલા કરવા દેખે એ શક્યતા જ મને તો અસહ્ય નથી. ધાર્મિક મતભેદ એ સાચું જ કારણ છે કે માત્ર એક બહાનું? કોઈ પણ રીતે. સયુક્ત હિંદે જ એક મહાન સત્તા બનવું જોઈએ—અને શાંતિદાયક મહાન સત્તા. જગતને આજે એની જ સત્તાઓની જરૂર છે.

એ જ રીતે તમારા દેશમાંનો બૂઝવારો પણ આપે જ અનુભવ્યો એની વાત છે યુરોપ આખુ આજ ઇન્ફલેશન (અનર્થ) સેરવા પામેલી બોરાક મેળવે છે એમ તો અમારા લોકો ને ઊભા વિચારવાળા જ છે. પણ અહીં કાંઈ ભૂખથી મરી નથી જતુ હિંદમા બાબતમાં નથી શું?

મને હિંદની બધી કલાઓમા, સાહિત્ય, સંગીત, નૃત્ય, તત્ત્વજ્ઞાન, ધર્મ, વર્તમાન પત્રો, સામયિક પત્રો, વર્તમાન ચિત્રો, બોજ્યની વાનીઓ,—આમ સમગ્ર હિંદી જીવનમા રસ છે. હું આશા રાખું છું કે તમે હિંદ વિષેનાં તમારા રસગ્રહ બધાનો મને લખવાનો વારંવાર રાખશો. એક હિંદી પાસેથી જ એ બધુ મળે તો સારું, કેમકે અમારી બીજી બધી માહિતીઓ ઘણી બહુ વિરલ હોય છે અને બનતાં સુધી આધારભૂત પણ નહિ.

તમારી, મિલાડા કાલાબોવા

હું હિંદી સારું બધુ થઈ શકે એટલે તમને હિંદીમા જ લખીશ

નવાં પત્રમિત્રો

(૧) Miss Lilian Loader, 10 Mahoney Street, Wanganui East, North Island, New Zealand. (૨) Miss Myra Kuru, C/o S. Heta, Raumanga P. O., Wairoa H. Bay, New Zealand: (૩) કુ. મૈત્રી ઝાલેરા, સિદનહામ કૉલેજ હૉસ્ટેલ, બેનાલા હિલ, મુબઈ-૨૬: (૪) બહેન કે. મુજરાની, ગા. દેવકાંત, રેવાકાંઠી, નાડિયાદ: (૫) મુખર્જી વાસુદેવ, બ્યાસ, કૉલેજિયા મોજ, મુકુલાનપુરા, જૌનપુર: (૬) કિરીટકાન્ત બી. શાહ, બૂની બજાર, અમદાવાદ (૭) અનંત મ મોગરિયા, ઘોળકી કેનાલ, વટામણ રેલ્વે: (૮) ઈન્દ્રવદન કુબેરદ મ મોદી, સાદીબાગ, જામનગર, જામનગર: (૯) ચંદ્રકાન્ત કુબેર મ મોદી, ૩૫ નં ૬.રંગ-કાં ગામખોટ, મામલે ૬ ૦૦૬, અમદાવ ૬

—કલાપી

(ઈ.કોઈ માણસ એટલો લાંબો નથી હોતો કે જેથી તેને કદિ �ંબાવું જ ન પડે: તેમ, એટલો ટૂંકો પણ નથી હોતો કે જેથી તેને કદિ વાંકા નમવું ન પડે.

—એક કહેવત

અમેરિકાના પ્રથમ પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટનની રાજદ્વારીમાં એક મોભાદાર જગ્યા ખાલી પડેલી. તેને માટે આવેલી અરજીઓમાં વૉશિંગ્ટનના એક નિકટના મિત્રની પણ અરજી હતી, અને સૌને ખાતરી હતી કે એ જગ્યા તે મિત્રને જ મળશે. પણ નિમણૂક જાહેર થઈ ત્યારે સાંભળનારા સૌ સ્તબ્ધ થઈ ગયા કે વૉશિંગ્ટનનો એક વિરોધી જ એ જગ્યાએ નીમાયો છે! કોઈએ ખુલાસો પૂછતાં વૉશિંગ્ટને ઉત્તર દીધો: 'જે જગ્યા માટે તેણે હકદારી કરેલી તેને મારો મિત્ર લાયક ન હતો, જ્યારે ચૂંટનાર જ ખરો લાયક હતો. તે મારો વિરોધી હતો તેથી શું થયું? ન્યાય તો શક્તિવાનની જ કદર માગે.'

કહેવતોના અર્થ: 'બાળે દૂચા ને દરવાન મોકળા'—એક આખું નાનું નાનું વાતોનું કરકસર કે લોભ કરવામાં આવે અને તેની સાથોસાથ બીજી તરફ બેફામ વ્યય થતો હોય તેનું ધ્યાન કેદરકાર નહોય, એવી સ્થિતિ દર્શાવવા માટે વપરાતી આ કહેવતને મળતી અંગ્રેજી કહેવત પણ જાણીતી છે: Penny wise and pound foolish. એના જેવી જ કહેવતો: 'છારાનો લોભ નેધીની મોકળ' ને સલીતા જાય ને ડોશી પૂણીઓ વીણે'; 'બીના ઘડા ઢળતા મૂકયા ને કાચલી કોડિયા કેટે બાંધ્યાં'; 'અચ્છેર સારૂ દોદીએ જાય, ને દોટ શેર પરગા ઉદર ખાય'; 'કોડીનાં કૃપણ ને રૂપિયે દાતાર'; 'હાથીના હાથી હાલ્યા જાય ને ગધેડાનો પાટ પુછાય'; વગેરે.

અનેકાર્થી શબ્દ: કુંજર=હાથી; બ્રહ્મા; પેટ.

ગણિતગમ્મત: ૪૩૫૬ એ એવી ચાર અંકી સંખ્યા છે જેમાં ૩ થી ૬ સુધીના ક્રમિક અંકો વપરાયા છે. ખૂબી એ છે કે એ સંખ્યાને દોટ ગણીકરશો એટલે એ જ સંખ્યાનાં આંકડા ફલટાઇને ૬૫૩૪ આવશે! -(ગ. ના. ખત્રી)

છીપની ચાલને રખે ગરમ પાણી કે સાબુથી ધોતા! એથી એની ચમક ચાલી જશે. સાચો ઉપાય ચાકની ભૂકી અને ઠંડા પાણીના મિશ્રણથી તેને સાફ કરવાનો છે.

રંગેલા ફર્નિચર પર ઘેસતેલનું આછું પોતું નેરથી ઘસતાં. સફાઇ ને ચમક બંને આવશે.

ગયા અંક સુધી આપણે મોટે ભાગે ઉત્તર હિંદના સિક્કાઓ વિષે જાણ્યું. દક્ષિણ હિંદના સિક્કાઓ વિષે થોડી પ્રાથમિક માહિતી આ અંકની 'ગાથુકરી'માં આપી છે, અને ત્યાંના ઇ પૂર્વેના સિક્કાઓ વિષે અંક ૨૫૭ માં થોડો પરિચય આપી ગયા છે.

દક્ષિણ હિંદમાં સાર્વભૌમત્વ ભોગવનાર પહેલો રાજવંશ ચાલુક્યોનો, જે હાલ ગુર્જર ઓલાદના હતા. છઠ્ઠી સદીમાં પુલકેશી (૧લા) એ શ્રીનિલપુર પરગણામાં આવેલા બાદામીમાં તેની સ્થાપના કરી. જૂનામાં જૂનો ચાલુક્ય સિક્કો ઈ.૬૧૫માં થઇ ગએલા વિષ્ણુવર્ધન રાજનો ગણે છે, જેના પર એક બાજુ તેલુગુમાં 'વિષમસિદ્ધિ' એવું એ રાજનું બિરુદ અને બીજી બાજુ, બંને પડખે દીપકવાળા ત્રિશૂલનું આલેખન છે. આ ઉપરાંત ચાલુક્યોના પ્રતીક રૂપ વરાહની છાપવાળા ઘણા સિક્કા મળી આવ્યા છે. પૂર્વ વિભાગના ચાલુક્ય રાજાઓમાં ઈ.સ. ૧૦૧૨માં થઇ ગએલા પૃથ્વીરાજ રાજરાજના ઘણા મોટા કદનો ચપટો સોનાનો સિક્કો કપર આપ્યો છે તેમાં વચ્ચે વરાહનું આલેખન ને ચોમેર શ્રી રાજરાજ, સ. (સવત) ક્રા, એવું લખાણ છે.

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાંથી આશરે ૧૫૦૦ દૈનિક પત્રો નીકળે છે.



થીએટર આગળ ટિકિટ લેવા ઊભેલી માણસોની આ હારની લંબાઇ તમે શું ધારો છો? એ થીએટરની ગેલેરી જેટલી જ છે! દૂરથી લાગે છે તેટલી જ.

મુંબાઈ યુનિવર્સિટી, નીચે જણાવેલી વીસ ભાષાઓનાં શિક્ષણ-પરીક્ષણની વ્યવસ્થા કરે છે: અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, કન્નડ, તુળુ, સિંધી, હિંદી, બંગાળી, સંસ્કૃત, પાલી, અર્ધ માગધી, ઈરાની, અરબી, ફ્રેન્ચ, જર્મન, પોર્ટુગીઝ, ગ્રીક, લૅટિન, હિબ્રુ, ઝરથોસ્ત અને પહેલવી.

અમેરિકામાં થતા પાકનો ૨૦ લાખ એકર જમીન જેટલો પાક તો દર વર્ષે જીવાતનો ભોગ થઈ પડે છે.

અમેરિકાના ઑકલાહામા પ્રાંતના સૅન્ડ સ્પ્રિંગ્સ ગામના વતની વર્જિલ ડૉબ્સ નામે આ માણસના માથા સોંસરી બંદૂકની ગોળી નીકળી ગએલી તે છતાં તે જીવતો રહ્યો. ગોળી તેના મોંઢામાં પાછળથી પેઠી ને બે જંગર વચ્ચે નાકના મૂળમાંથી બહાર નીકળી!

સાદા દેખાતા ગીજુભાના ગોળાની બનાવટમાં ૬૬ પ્રકારના વિવિધ લોખંડનું સંયોજન હોય છે અને તેને સંપૂર્ણ કરતાં લગભગ ૧૦૦૦ ક્રિયાઓ કરવી પડે છે.

જર્મનીમાં આવેલી રાઇન નદીના પ્રવાહનો વેગ એટલો બધો છે કે સ્ટીમથી ચાલતાં વહાણો પણ સામે પૂરે તેમાં સફર કરી શકતાં નથી. આથી સ્વિટ્ઝરલૅન્ડ અને હોલૅન્ડ વચ્ચે ચાલતો ૧૮૦ માઈલનો બધો વહાણવ્યવહાર એક જર્મન સાંઢણીને આશરે આશરે વહાણોને કાફલેકાફલે ચલાવીને કરવો પડે છે.

આર્યા અંકમાં છેલ્લા પાનાના મથાળાની કાવ્યપંક્તિઓની નીચે કવિ તરીકે 'નાનાલાલ' નામ ભૂલથી આવી ગયું છે; ત્યાં 'પૂજાલાલ' જોઇએ.

વિદ્યાર્થીઓ, વેપારીઓ, વકીલો, વિદ્વાનો વગેરે મગજનું કામ કરનારાઓ માટે ખાસ

ઝંડુનું પૌષ્ટિક ચાટણ કેસરીજીવન

નાનાં-મોટાં, માંદાં-સાજાં, નબળાં-સબળાં, સ્ત્રી-પુરુષ, શોકેાઇ એનું સેવન કરી શકે છે

માદારસાયન

રસસિંદુર, અભ્રક, કેસર, કસ્તુરી અને બીજાં દીપન, પાચન ને પૌષ્ટિક ઔષધ ગોળની લીલા રસદાર આંબળાંમાંથી બનાવેલું સુશોભિત સુવાસિત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ચાટણ

કિંમત
૪૦ રતલના ડબ્બાના રૂ. ૧૧૦
૨૦ ,, ,, રૂ. ૨૧૦
૧ ,, ,, રૂ. ૫

તેનું નિયમિત સેવન

લાંબું આયુષ્ય તથા સારી સ્મરણશક્તિ આપી શરીરમાં બળ, તેજ ને ચેતન પૂરે છે

કારખાનું:
રાયનીરોડ
મુંબાઇ-૧૪

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કર્સ લિ.
અમદાવાદના એજન્ટ - બેાગીલાલ બ્રધર્સ - ગાંધીરોડ

દુકાન:
મૂળજી મદનજીવાડી
મુંબાઇ-૨

કોલેરા, સંગ્રહણી, ચુંક, આંકડી, ઊલટી, ઝાડા, કફ, ખાંસી અને પેટના દરદો માટે અકસીર છે

★

દરેક જગ્યાએ વેચાય છે

લોહી શુદ્ધિ માટે

શ્રેષ્ઠ ઇલાજ આ રહ્યો

જ્યારે સારીબાદી સાર્સા એ એમ ચોક્કસપણે પુરવાર કર્યું છે કે ગરમી, પ્રમેહ, પ્રદર, ઘા, સંધીવા, નબળા, ખીલ, ચામઠાં, ખરજવું, ચામડીનાં દર્દો, મેલેરીયા અથવા લોહીનું દબાણ સંપૂર્ણપણે સારાં થઈ શકે છે, તો પછી એ રોગથી શા માટે પીડાવ છો ?

સારીબાદી સાર્સા લોહીમાંથી સઘળાં જંતુઓ અને ઝેરો બહાર કાઢે છે આંતરડાં સાફ કરે છે. પિત્તાશયને બરાબર સાફ કરે છે. પિત્તાશયને બરાબર કામ કરતું બનાવે છે અને લોહીની ઉત્પત્તિને વેગવંતી કરે છે. એ અસાધારણ લોહીવર્ધક ગુણ ધરાવતી વૈજ્ઞાનિક બનાવટ છે.



અધ્યક્ષ ડૉ. નગેશચંદ્ર ઘોષ એમ.એ. આયુર્વેદશાસ્ત્રી એફ. સી. એસ. (અમેરીકા) ભાગલપુર કોલેજના રસાયણ શાસ્ત્રના ભાજી પ્રોફેસર.

ગહન પ્રીસ્ક્રીપ્શન માટે વિગતો માટે લખો :

શુદ્ધ અને અસલ આયુર્વેદ દવાઓ બનાવનાર

શીશી ઉપર સાધના ઔષધાલય વાંચીને જ અમારી દવા ખરીદશો.

સા ધ ના ઔ ષ ધા લ ય—ઢો કા .

દુનિયામાં મોટામાં મોટું આયુર્વેદિક કારખાનું
શાખાઓ અને એજન્સીઓ હિંદભરમાં અને પરદેશોમાં

ગાંધીરોડ, ચતુર્ભુજ ભુવન - અમદાવાદ : ૪૫૫, કાલબાદેવી રોડ - મુંબઈ.

ધોકા મારવાથી થતું નુકશાન અટકાવવા ધોવા માટે આ રીત છે

સ્વચ્છ કરવા માટે ધોકા મારવાની પુરાણી રીતથી દર અઠવાડિયે બીનજરૂરી અને ખર્ચાળ નુકશાન—નકામા ફાળું અને ઉઝરડા—કપડાંને થાય છે.

નંબરવાળા આ ચીત્રોમાં બતાવેલી ધોવાની નૂતન રીત અને નીચે આપેલી સૂચનાઓ બતાવે છે કે તમારા કપડાં નુકશાનકારક રીતે ધોકા વિના ખરેખર કેવી રીતે સ્વચ્છ ધોવાય છે.

(૧) ધોવાનું વસ્ત્ર પૂરેપૂરું બિંજવો — તમે નળ નીચે, ટબમાં, નળાવમાં કે ડોલમા બિંજવો તેથી કંઈ ફેર પડતો નથી.

(૨) જ્યારે તમે વધુ પાણું પધાર્યું હોય ત્યારે સનલાઇટ સાબુ તેના બધા ભાગોમા લગાડો (મોટા ભાગોમાં સનલાઇટ વધારે પ્રમાણમાં ઘસો).

(૩) સાબુ લગાડેલા વસ્ત્રને ધીમેથી પણ સારી રીતે મસળો. ધોકા મારતા નહિ. સહેજ જુઓ! (તમે રોજલીની કહેવત જુઓ છો ને રીતે). કપડાના આણુ એ અણુ માંથી સાબુવાળુ ફીણ, વધારે કાઢી નાખો. કપડાને ઝાર કાઢીને મસળવાની જરૂર નથી અથવા તો તેના પર જોર કરવાની જરૂર નથી જો તમે સારી રીતે મસળી ખાતરી કરશો કે સનલાઇટનુ આપ જોતે કામ કરતું ફીણ મેલ સુધી પહોંચે છે તો એ ફીણ પોતેથી બધો મેલ દૂર કરશે. આ સપળ ફીણમા રહેવો "જીવંત" સાબુ જેવો મેલને ઝડે છે તેવો લગભગ તરતજ તેને છૂટો પાડે છે—કપડાંમાથી મેલને બહાર કાઢે છે અને ફીણ સાથે એવો ભેળવી દે છે કે જ્યારે તમે કપડાને ફીણમુક્ત કરી નીચોવો છો ત્યારે તમે તેને મેલમુક્ત કરી નીચોવો છો.

(૪) જેના હવે મેલ રહેલો છે તે ફીણ કાઢી નાખવા વસ્ત્રને નીચોવો.

સનલાઇટની આ નમ્ર રીતથી ધોવાયેલા કપડા ઘણાજ લાંબા સમય સુધી ચલે છે.

ધોકા મારવાથી કપડાં ઝાંખાં પડે છે



S. 77-23 GJ

LEVER BROTHERS (INDIA) LIMITED

એક જ છત્ર છાયા નીચે

ગોદરેજ–એક જ માલિકી હેઠળની કંપની જંગી વિવિધતામાં સલામતી અને કાર્યસાધક ધાતુની સાધનસામગ્રીથી માંડીને ટૉયલેટ (ન્હાવાના) સાબુઓ, ગ્લીસરીન અને ફોલ્ડીન-વૉટર સુધીની વિવિધ સર્વોત્કૃષ્ટ વસ્તુઓ તયાર કરે છે. પચાસ વર્ષ પહેલાંનો આ સાહસ શરૂ થયુ હતું, જે રાષ્ટ્રીય સ્વાશ્રયીતાના સિદ્ધાંત પર હજી પ્રગતિનામાર્ગે કૂચ કરી રહ્યું છે.

Godrej ગોદરેજની

પેટન્ટ થયેલી શોધો

૨૪ જેટલી પેટન્ટો ગોદરેજના નામે ચડી ચુકી છે. તે ચતુરાઈપૂર્વક ભારે મજબૂતી અને દકાઉપણાનો, ઘડાવાપણા અને બનાવટની પદ્ધતિઓ અને રચનામાં કરકસરની સાથે સુમેળ સાધે છે. તેમની છેલ્લામાં છેલ્લી શોધોનો ઉપયોગ નવી ૪–પેટન્ટ ગોદરેજ તીજોરી, ૭–પેટન્ટ આલમારો અને ૨–પેટન્ટ ફાઈલિંગ કેબીનેટમાં કરવામાંઆવ્યો છે યાંત્રિક સમુદ્ધડમાપનની પદ્ધતિઓના ખાસ અનુભવ સાથે અને લાંબા સમયથી ભેગી કરાયેલી સાધન સંપત્તિદ્વારા ગોદરેજ સલામતીની એન્જીનીઅરીંગમાં કારીગરીની ટોચે પહોંચેલ છે અને તેઓ શીટમેટલ અને હાર્ડવેરમાં (જેમા હિન્દમા અગાઉ કદી પણ નહિ બનાવવામાં આવેલી અનેક વસ્તુઓનો સમાવેશ થાય છે)કંઈ પણ વસ્તુઓ દુનિયાનાં કોઈ પણ સ્થળે બનાવવામાં આવી હોય એવી બનાવવાને શક્તિમાન બનેલ છે. તેઓ તેમના હીમતી યાંત્રિક ઓજારોના સંપૂર્ણ કારખાનાની સહાયતાથી આગ કરવાને શક્તિમાન બન્યા છે આમાંનાં ઘણા મશીન–ટુલો (યંત્રો) તેમણે બસે પહેલી જ વખત હિન્દમાં બનાવ્યાં છે.

લગભગ તમામ શેડ્યુલ્ડ કોમર્શીયલ બેન્કો, ઈમ્પીરીયલ બેન્ક ઓફ ઈન્ડીયા અને તેની સંખ્યા એકસો ઉપરાંત થવા જાય છે. અને જેમાં રીઝર્વ, ઈમ્પીરીયલ અને દેશભરની બીજી તમામ મોટી બેન્કો, ટંકશાળ અને શેડ્યુલ્ડ કોમર્શીયલ કંપનીઓની તીજોરીઓનો સમાવેશ થાય છે, તે ગોદરેજની બનાવટની છે. ઓકસી–એસીટીલીન બ્લો પાઈપ સહિતની તમામ પ્રકારના હુમલાઓ સામે દક્ષ રહેનારી આ અનાક્રમણીય તીજોરીઓ અને સેફ ડીપોઝીટ કોષ્ટકોની દરેક તીજોરી (લોકર) સલામતીપૂર્વક ગોદરેજની પેટન્ટ પદ્ધતિઓ દ્વારા બનાવવામાં આવી છે.

બધુગા ગોદરેજની અસંખ્ય તીજોરીઓ, તમામ સ્ટીલના સ્ટ્રોંગ રૂમ્સ અને સ્ટ્રોંગ કરવાનતઓ વિગેરે બેંકો, કંપનીઓ, સરકારી ખાતાંઓ, બેન્કો અને બીજી સંસ્થાઓમાં રાષ્ટ્રની દોલતનું રક્ષણ કરી રહી છે.

સર્વ પ્રકારના ઉપયોગ માટેના આધુનિક ગીટ–ગ્રીપ્સ અને ટ્વીસ્ટર્સ કર્નીચર, સંપૂર્ણ બંતોગાં પૂરા પાડવામા પણ ગોદરેજ સૌથી આગેવાન છે. કેટલીક સૌથી મોટી અને આધુનિક હોસ્પીટલો ગોદરેજ દ્વારા સંપૂર્ણપણે સુસજ્જ બની છે.

ગોદરેજના ગાળી છાપના વિવિધ ટૉયલેટ (ન્હાવાના) અને શેવીંગ (દાઢીના) સાબુઓ અને ગ્લીસરીન સહિતની બનાવટોએ 'ગોદરેજ'નું નામ હિન્દભરમા ઘરઘરાઉ કર્યું છે.–

Godrej ગોદરેજ

ગોદરેજ એન્ડ બોઈસ મેન્યુ. કું., લી. ગોદરેજ સોપ્સ લી.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

(કલાકાર : અબ્દુરહમાન ચુગતાઈ) આલાપ અને આરઝૂ

ફોટો-હરીફાઈનું પરિણામ (બાજુઓ: નીચેથી ઉપરના ક્રમમાં)

પહેલું ઇનામ: 'આગકલા'—ઘનશ્યામ અગીન (અમદાવાદ); બીજું ઇનામ: 'ચોટું'—અબ્દરઅલી ફેજાણી (કરાચી); ત્રીજું ઇનામ: 'એ બાદેનો'—મધુકાન્ત ગદેતા (નવસારી); નોંધપાત્ર: 'મારી બિલાડી'—રતિલાલ મોની (કડી). ભાઈ કેશવનારાયનો 'આગકલા'નો વિષય ખૂબ પસંદ પડ્યો છે. રજૂઆતમાં પણ નવીનતા કે દૃષ્ટિ નથી. પ્રિન્ટની ટેકનિક સારી છે. ઉપરનો હાથ નહીં આવવાથી બધારિયડતો મોટો ન્યૂનાંશ છે ને બંને છે. ભાઈ અબ્દરઅલીનું 'ચોટું' લાક્ષણિક મુખભાવ ધરાવતી ફોટોગ્રાફીનો સારો નમૂનો છે. ભાઈ મધુકાન્તના 'એ બાદેનો'ના છાયાચિત્રના સંયોજનમાં જોઈતી સંગીનતા અને ટિકાઉપનું તત્ત્વ નથી. ભાઈ રતિલાલ મોનીના ચિત્ર 'મારી બિલાડી'નો વિષય સારો છે, પણ સ્વાભાવિકતા ઓછી છે ને કેમેરા-

સર વૉલ્ટર રાલેનું બાળપણ ચિત્રકાર : સર જૉન ઑવરેટ મિલે

ઇંગ્લંડના રાજ્યનો અમેરિકામાં વસાવની વિસ્તાર સ્થાપવાનું સ્વપ્ન જોનાર ને તેને અમલમાં મૂકવા મથનાર દીર્ઘદષ્ટા રાજપુરુષ, સાહસખેડુ અને લેખક સર વૉલ્ટર રાલે ઇલિઝાબેથના રાજ્ય અમલની અગ્રણી વ્યક્તિ હતો, અને અમુક રાજકીય ભવિષ્યારો તથા નાસિરીતિને કારણે, રાણીના એક કાપના પ્રીતિપાત્ર બે જમાના હાથને આકરી જેલ અને ચોતે શિરચ્છેદ ભોગવવો પડ્યો હતો. પોતાના જેલવાસમાં 'જગતનો ઇતિહાસ' લખનાર બે વિદ્વાન અને ચાણાક્યબુદ્ધિ રાજપુરુષ ઇંગ્લંડે ઉપજાવેલો એક પ્રતિભાવાન નર થઈ ગયો એમાં શંકા નથી. પ્રજાના જેવા મોભાવિન સાહસવીરના બાળપણનું આલેખન કરતું આ કલ્પનાચિત્ર યોગ્યરીતે જ એ પ્રજાસમરનું અતિ પ્રિય પ્રેરણાચિત્ર બની રહ્યું છે જેમને પોતાના જીવનનિર્વાહ માટે સમુદ્ર ઉપર જ આધાર રાખવો પડે છે એ બ્રિટિશ પ્રજાના હૃદયને રખડું કરતો એનો વિષય રોમાંચકારી છે. બે હોશતા કિશોરોને સાગરનાં સાહસોની કહાણીઓ કહેતા એમાંના નાવિકની, દરિયાખેડુથી અકળાઈ બનેથી નાસાવરણી કાપતા, જૂને માનવીનાં સાહસ અને ભટકવાની પ્રતીક છે; અને એ કુતૂહલકથાઓને આતુર આંખે પી રહેલા કિશોરોની અનિમેષ નજરમાં મકવાકાંક્ષાઓ ભડોરની લાગે છે મૂળ ચિત્રની તીક્ષ્ણતા અને રંગબલક આ છાપમાં પૂરા ઊતરી શકેલાં ન હોવા છતાં કુમારજીવનનું આ પ્રેરક ચિત્ર એના ઉદાત્ત પ્રેરક ભાવ, વાતાવરણ રંગાવટ, ને પ્રસંગને ઉચિત એવી વેગવાન નાટ્યોચિત આલેખનછટાથી પૂરતું આકર્ષક તો બની જ રહે છે. દીવાનું હાથ ચીંધાણી બેઠેલા વૉલ્ટર રાલે ને તેના સાથી કિશોરનાં પાત્રો કલાકારે પોતાના બે પુત્રો જોવરેટ ને જ્યૉર્જને જ બેસાડીને ચીતરેલાં

કીમતી વનસ્પતિનું
બનાવેલું સેનટોન
દાંત સાફ કરવા રોજ વાપરો.

BRITAIN'S BEST...
૧૯૪૬
EKCO
'એકો'
રે ડી ઓ ઝ
તાકીદે મેળવવા મળો
સ્વદેશી સ્ટોર્સ
લિમિટેડ કંપની
હરિસદન · ચાર રસ્તા · અમદાવાદ

અમદાવાદની અશાન્તિને લીધે ગોટા થયેલો આ અંક નહિ મળ્યા જિથી આપને અનેક ગ્રાહકોના પત્રો મળ્યા છે. પણ ટપાલની હડતાલ દરમ્યાન ગોટાઓ જવાનો સંભવ હોવાથી હડતાલ પૂરી થયા પછી જ આપને તે પોસ્ટ કરવો સલામત માન્યો છે. આશા છે કે ગ્રાહકો આ વિલંબ નિભાવી લેશે.



ચિત્રો

નૃત્ય-નાટ્યના કાર્યક્રમનું ડિઝાઇન		ફ્યાવક્ષ ચાવડા પૂ.હું
સર વૉલ્ટર રાલેનું બાળપણ	સર જૉન મિલે	ત્રિરંગી મુખચિત્ર
અંધ બાળા	,,	પાંચરંગી પૃષ્ઠભાગ

કાવ્યો

વિરાગ ?	રાજેન્દ્ર શાહ	૧૫૭
આવની કાલનાં ગીત	ગોકુલદાસ રૂપેરા	૧૫૭

ચરિત્ર

સર જૉન એવરેટ મિલે	ધનસુખલાલ કૃ. મહેતા	૧૬૦

નાટિકા

સીની અલી	યશોધર નૃસિંહશંકર મહેતા	૧૬૪

લેખો

કાગળ-ગેન્સિલનો ફ્રીમિયો		૨. ૧૫૭
પ્રવાસ-મંજરી [૪]	ગુરુકુલ કાગડી	રવિશંકર રાવળ ૧૫૮
પ્રી-રાફેલાઇટ બ્રધરહૂડ		,, ૧૬૧
કવિવર રવીન્દ્રનાથના પત્રો		અનુ૦ રમણિક મેઘાણી ૧૬૬
સંસારના શહેનશા—[૫૬]		દર્પણ ૧૬૯
રસદર્શન-૨૮		હરિપ્રસાદ મ. દેસાઈ ૧૭૦

વિભાગો તથા બ્રહીર્હુ

ભારતમાં અંગ્રેજી અમલ (ચિત્રજ્ઞાન)		'ચકોર' ૧૫૬
કસોટી		૧૬૮
Our Friends Abroad (પરદેશી મિત્રોના પત્રો)		૧૬૯
માધુકરી		૧૭૧
આ માસનું પેખણી—સોખીખી		૧૭૧
આ માસ ઇતિહાસમા		૧૭૨
છેલ્લું પાનું		૧૭૪

ગ્રાહકોને

અમદાવાદની અશાન્તિ અને ટપાલની હડતાલને કારણે આ અંક અત્યંત મોટો પ્રકટ થાય છે, તે વાચકો ધ્યાનપર લેશે. તે સિવાય 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત બાજુ બહવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ ચોકસાઈપૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, આખરી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો બરાબર કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક રમણભાઈ પોપટભાઈ રાવળ, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૫૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૭; પરદેશમાં રૂ. ૭-૮-૦ અથવા ૨૨ શિલિંગ. છુટક નકલના ૪૫ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે, જે કોઈ દુષ્પાપ્ય અંકો અત્રે છે તે દરેકની કિ. ૧-૪-૦.

જાહેર બબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની, મટેરા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટોકીઝ સામે, ગાંધીરોડ.

કુમારમાંનાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપીરાઇટથી રક્ષિત છે

અમૂલ્ય દાંત !

તમારા દાંતની
કમાલીયત જાણો છે?



એક ચુકાણી હાસ્ય તો દરેક વ્યક્તિથી પ્રશંસા મેળવવાની આકર્ષક વસ્તુ છે. દાંતના બારીના ટ્રેઇનાટથી તેને અવમાં મૂકેલા ખનિ. એસ. આર. ક્રપીટસ* ચિવમીલ સ્વચ્છ કરતાં તમારા દાંતને ફરારાં અમ્બુત તરેહ અને ચાકચિક્ય રાખશે—તમારા હાસ્ય માટેની અમૂલ્ય આપણ.

* દાંતના બારાની ફરિયાદો માટે દાંતના ડૉક્ટરોની પોતાની દવા સોરીઅસ રીસોલ્યુશન તેમાં છે.

GSR. 27-50 GJ

D. & W. GIBBS LIMITED, LONDON, ENGLAND

સૌન્દર્યનો વારસો જાળવે છે

યુવતિઓને લગતી સઘળા મહત્વની બાબતો વિષે તેમની મા કરતાં બીજું કોણ વધારે કીમતી સલાહ આપી શકે નહિ. આ ખૂબસુરત માએ પોતાની રૂપવાન પુત્રીને જે સાથી વધુ અજમાયના પાઠ શીખવ્યા છે તેમાંનો એક બીજર્સ સાબુ અને સ્વચ્છ પાણીથી ચામડીનું સૌંદર્ય જાળવવાની પોતાની અચૂક પધ્ધતિ. તે, નાની છોકરી હતી ત્યારથી, તેની મા પાસેથી શીખેલી આ રીતનેજ અનુસરે છે. આજીજ હજુ સુધી તેની ચામડી સોહામણી અને સ્વચ્છ રહી છે. અલબત્ત, તેની દીકરી આજ રીતે પોતાની ચામડીની સંભાળ રાખે છે. તેથી તેની ચામડી પણ તેની માની ચામડી જેવીજ મુલાયમ રહેશે.

સાઠીસ વર્ષ પર્યંત રૂપરાણીઓના પીઅર્સ સાબુ માનીતો રહ્યો છે. તેની ફરતની સુગંધ અને સુંવાળા રેશમ જા તેણે બધે બીજા સામાન્ય સાબુ કરતાં આ સાબુ વધુ ખુશીજ વધુ આપે છે.

પીઅર્સ સાબુ

સૌન્દર્યનો વારસો

A. & F. PEARS, ISLEWORTH, ENGLAND



ડાલ્ડામાં તળેલી પુરીઓ તમારા મોંમાં ઓગળી જાય છે—અને શક્તિ પણ આપે છે!

ડાલ્ડા તમારા ખોરાકમાં ભૂખ જગાડવા ઉપરાંત વધુ કરે છે—તે તમારો શક્તિનો ખોરાક છે! જાણીતા પૌષ્ટિક સત્ત્વોથી ભરેલા આ સત્વર રુચિકારક અને વિટામીનવાળા રાંધવાના સાધનદ્વારા તમારો હંમેશનો ખોરાક સુધારો. દરેક સ્ત્રી માટે ડાલ્ડા આશિર્વાદરૂપ છે—તે તેણીની સાદી વાનગીઓને પણ તેની લહેજતદાર સ્વાદથી સુંદર બનાવે છે અને તેણીના કુટુંબને વધારાની શક્તિ આપે છે.

★ ડાલ્ડા પાકશાસ્ત્ર (૨૬૦ અંદેશ્કા) ની મદદથી તમારા ખોરાકનું આયોજન કરો. તેમાં તેમનાં ખોરાકી તત્ત્વો માટે મંજુર કરાયેલી ૧૫૭ ઉપરાંત લહેજતદાર હિંદી વાનગીઓની માહિતી છે. તમારી નકલ માટે ૪ આનાની ટિકિટો Dept. A393 P.O. Box No. 958, Bombay ... ને મોકલો.

HVBL 48-23 GJ

THE HINDUSTAN VANASPATI MANUFACTURING CO., LTD.



તમારી ચામડીને નવી રમણીયતા કેમ આપો નહિ? ૩૦ દિવસ સુધી રમોલાનો સાદો સૌંદર્યપ્રયોગ અજમાવો—તમે લક્સ ટૉયલેટ સાબુની સ્વચ્છ કરતી અને ઉત્તેજક અગરથી પ્રસન્ન થશો. તેનું સુવાસભર્યું ઝપટ ફીણ તમારી ચામડીને સુંવાળી આનંદદાયક અને મખમલથી મુલાયમ બનાવશે. ફીલ્મ નટીઓનો એ સૌંદર્ય સાબુ છે— તમારા મહામૂલા ચહેરાની પણ તેને સંભાળ લેવા દો.

LTS. 138-50-40 GJ

LEVER BROTHERS (INDIA) LIMITED


QUIT ASIA
QUIT INDIA

પ્રવાસ-મંજરી

એક વધુ સંસ્કારયાત્રાનાં સંસ્મરણો

[૪] ગુરુકુલ કાંગડી

લેખક રવિશંકર રાવળ

હરદ્વારથી માત્ર ત્રણ જ માઇલ ઉપર, કાંગડી ગામની પાસે મોટા વિસ્તારમાં આર્યસમાજના મહાન નેતા સ્વામીશ્રી શ્રદ્ધાનંદજીની તપસ્યાનું આ અમર ધામ વસેલું છે. જે વખતે હિંદમાં વિદ્યા, જ્ઞાન અને તપનો લોપ થઈ ગયો હતો, મંદિરો અને મઠોમાં પાખંડ, પ્રમાદ, હિંસા ને લાલચોથી ભોળી જનતાનાં દ્રવ્ય શીલ ને શક્તિનો દુર્વ્યય થઈ રહ્યો હતો તે સમયે સૌરાષ્ટ્રના એક નરવીરે બ્રહ્મચર્ય, જ્ઞાન અને વેદોક્ત વિધિઓનો સમુદ્ધાર કરનારું એક પ્રચંડ વાવાઝોડું ઉત્પન્ન કર્યું, અને એક મહાન સમુદાય એવો તૈયાર કર્યો કે જેમાંથી અડગ અને પ્રતિજ્ઞાબદ્ધ યુવાનો ને સન્નારીઓ તથા શ્રીમાનો ને સંન્યાસીઓના જૂથનાં જૂથ પ્રાચીન આર્ય પ્રજાની દીપ્તિ અને સર્વગ્રાહી આક્રમક શક્તિની આરાધના શરૂ કરી એ મહર્ષિ

સ્વામી દયાનંદ સરસ્વતી

દયાનંદજીના પ્રતાપ અને શક્તિએ કંઈક પંડિતો તથા ધર્મને વિકૃત કરી રહેલી સંસ્થાઓને હલાવી એમનાં વાક્યોમાં અમોઘ મંત્રશક્તિ હતી, એમના જ્ઞાનમાં પ્રચંડ દાહકતા હતી સર્વ ધર્મના પાખંડો પર એમણે સખત પ્રહારો કરી તેમને નિર્બળ બનાવી નાખ્યા અને બ્રહ્મચર્ય તથા વિદ્યાભ્યાસનો પુનિત ધ્વજ ફરકતો કર્યો. સ્ત્રીઓને અને અધમો ગણાતાને તથા ધર્માંતર કરી ગએલાઓને તેમણે પુનઃ દ્વિજત્વ અને વિદ્યાના અધિકારી ઠરાવ્યા. પ્રાચીન ઋષિઓની પ્રણાલિ સજીવન કરવા તેમણે પ્રજાને હદબોધ કર્યો. તેમાંથી મહાત્મા મુન્શીરામજી (સ્વામીશ્રી શ્રદ્ધાનંદજી)એ એમનું બિરુદ પૂર્ણ કરવા હિમાલયની તળેટીના આ પ્રદેશમાં ગુરુકુળની સ્થાપના કરી અને પ્રાચીન પદ્ધતિ પ્રમાણે જ યજ્ઞદીક્ષા આપી અનેક બાળકોને બાર વર્ષના અખંડ બ્રહ્મચર્યની સાધના ને પંડિતો તથા જ્ઞાતાઓના સહવાસમાં રાખીને સંસ્કૃત, અંગ્રેજી તથા વિજ્ઞાનમાં પારંગત કર્યા. તેમના એ કાર્યને ઉત્તરોત્તર વિકાસ ને વૃદ્ધિ આપી આજની કક્ષાએ પહોંચાડનાર બીજા સમર્થ વ્યક્તિ તે આચાર્ય રામદેવજી. એ રીતે અહીં તૈયાર થએલા પંડિતજૂથે પુનઃ ભારતવર્ષમાં નવી સંસ્થાઓ જન્માવી આર્યસમાજ મંદિરો સ્થાપ્યાં અને ઠારોઠાર ધર્મના પાખંડો તથા જ્ઞાનની નિષ્ક્રિયતા પર સતત પ્રહારો કરી લોકગત જાગૃત કર્યો. આથી અન્ય સંપ્રદાયોને પણ વિદ્યાના પ્રચાર અને વિદ્વાનોના નિર્વાહ માટે નવી વ્યવસ્થા કરવાની ફરજ પડી, એટલું જ નહિ પણ યુરોપી ફેલવાણીથી વહી ગએલા હિંદી યુવાનો માટે ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષા અને શારીરિક સ્વાસ્થ્યનો મંત્ર આ ગુરુકુલમાંથી મળ્યો.

સ્વામી શ્રદ્ધાનંદજી

વિદ્યાર્થીઓનાં ચારિત્ર્ય, તપ કે વિદ્યાભ્યાસમાં બ્રહ્મચર્ય કેટલું મહત્ત્વ ધરાવે છે તે ફરીવાર ભારત સમજ્યું અને ગુરુકુલને આદર્શ તરીકે રાખી દરેક પ્રાંતમાં નવી સંસ્થાઓ જન્મી. રૂઢિચુસ્ત હિંદુઓએ ઋષિકુળ નામની સંસ્થા કરી, બંગાળમાં શાન્તિનિકેતન અને બીજી નાનીમોટી સંસ્થાઓ થઈ, ગુજરાતમાં નર્મદાકિનારે કેટલીક વિદ્યાર્થી સંસ્થાઓ થઈ; ભાવનગરનું દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન પણ આ ગુરુકુલના મંડિગાનું જ ફળ હતું.

એક સમર્થ રાષ્ટ્રવિધાયક શું કરી શકે છે તે સમજવાને પ્રત્યેક ભારતવાસીએ કાંગડીનું ગુરુકુળ જોવું જ જોઈએ. મને પણ તે નજરે જોયા વિના કદિ તેનો ખરો ખ્યાલ ન આવી શકત. કાંગડી ગુરુકુલમાં બાર વર્ષનું વિદ્યાતપનું સત્ર પૂર્ણ કરી વિદ્યાલંકારની ઉપાધિ પામેલા મારા મિત્ર શ્રી શંકરદેવ જ્યારે અનેક વાર ત્યાં આવવા નિમંત્રણ આપતા, પણ ત્યાં જવાનો યોગ કદિ મળતો ન હતો. આ વખતે કૃતસંકલ્પ બની હું ત્યાં પહોંચ્યો.

પ્રથમ દર્શન

કાંગડી ગામ થોડે દૂર રહે છે ત્યાં રસ્તા પર જ એક બાજુ મોટા અક્ષરે 'ગુરુકુલ કાંગડી' લખેલું કમાનદાર પાટિયું નજરે પડે છે. ત્યાંથી જ અંદર જવાનો માર્ગ છે અને ત્યાંથી જ આ વિશાળ સંસ્થાની હદ શરૂ થાય છે. લગભગ અરધા માઇલ સુધી આ રસ્તો ઈંટોથી બાંધેલો છે. તેની બંને બાજુ આંબા અને હિમાલયની મેરીથી વનસ્પતિ તથા તેનાં વૃક્ષોની છાયા છે, અને પછીના વિસ્તારમાં ખેતરો છે. જરા દૂર ગંગાની એક મોટી નહેર આશ્રમની એક હદ રચતી ચાલી જાય છે. થોડે દૂર જતાં જ એક ભવ્ય દરવાજે આવે છે, જેની ઉપર તેમ જ બંને બાજુ અતિથિગૃહ છે, જ્યાં એક અધિકારી નવા આગંતુકની પૃચ્છા કરે છે. ગુરુકુલના જ કોઈ નિવાસીનો પરિચય તેને ન હોય તો આ સ્થળે તેને માટે વિશ્રાન્તિ અને નિવાસની વ્યવસ્થા કરી આપવામાં આવે છે. શ્રી શંકરદેવજીનું નામ લેતાં જ તેણે અમારા ટાંગાવાળાને બારોબાર રસ્તો બતાવી દીધો, જ્યાં બધા અધ્યાપકોનો નિવાસ હતો.

એક નાના ગામ જેટલો વિસ્તાર આ ગુરુકુલગાંટરોકવામાં આવ્યો છે, ને તેમાં ઠીકઠીક અંતરે ભવ્ય વિદ્યામંદિર, આયુર્વેદિક કૉલેજ, છાત્રાલય, સભાગૃહ વગેરેનાં આર્ય સ્વરૂપમાં બંધાએલાં મકાનો, હરદ્વાર કરતાં પણ વધારે શુદ્ધિ ને શુચિતાનાં પ્રતીક બની ઊભા છે.

અમે અધ્યાપકનિવાસમાં પહોંચ્યા ત્યાં એક મોટા ગોળંડ વિસ્તારમાં ગોમેરગોઠા ઘાટનાં પત્થરનાં મકાનો હતાં વચ્ચે એક વિશાળ વડલાએ છત્રમંડપ બનાવી દીધો હતો અને તેની નીચે શિક્ષકોનાં બાળકો ખેલી રહ્યાં હતાં. શંકરદેવજીનું ઘર પૂછતાં જ એક બાલે બતાવ્યું અને અવાજ દેતાં તેમનાં શ્રીમતીજીએ દ્વાર ઉઘાડ્યું. સુડોળ, સુઘડ, પ્રસન્ન સ્વાસ્થ્યયુક્ત એ ગૃહદેવીએ અમને સ્વાગતવચન કહ્યું અમને તેમનો પૂર્વપરિચય ન હતો, પરંતુ શંકરદેવજીએ તેમને અમારા સર્વને સર્વ કહી રાખ્યું હશે એમ લાગ્યું. તેમણે હિંદીમાં જણાવ્યું કે 'તેઓ (શંકરદેવજી) આપની પ્રતીક્ષા કરી રહ્યા છે ને ગઈ કાલે જ ગુજરાતી

ગુરુકુલ-કાંગડીની આર્યન્સ કૉલેજ તથા ગ્રંથાલયનું મકાન

ધર્મશાળામાં બેંદોબસ્ત કરી આવ્યા છે. પુનઃ સમાચારના પત્રની જ રાહ જોતા હતા. હવે જોસો, હું તેમને ખબર આપું છું.'

સુંદર નાના બંડોવાળા એ ઘરમાં બધી સગવડો હતી. પાછળ નાનો બાડો, ઓશરી, રસોડું, કોઠાર અને સ્નાનગૃહ હતાં. પાણીના નળ તથા વીજળીનો સંસ્થા તરફથી પ્રબંધ હતો. આખી સંસ્થા માટે અનાજ અને અન્ય બાદ્ય પદાર્થોની દુકાન પણ નજીકમાં જ હતી.

શંકરદેવજીને આવતાં વાર થઈ એટલામાં તો તેમણે અમારા માટે ઉપાહાર તથા ચા-દૂધનો પ્રબંધ કરી નાખ્યો. શ્રી શંકરદેવજી આપણા ગુજરાતના જ બીલીમોરા પારેના મહુવાડા ગામના વતની છે, અને તેમનાં પત્ની પેન્તણના જતીંધર કન્યાવિદ્યાલયનાં સ્નાતિકા છે તેમનો જન્મ અને ઉછેર બ્રહ્મદેશમાં થયેલાં, પણ કુત્તમ શિક્ષણ અને તાલીમ-થી ઘડાયેલાં આ દંપતીને જોઈ આપણને એમજ થઈ આવે કે સારાયે ભારતવર્ષની તરુણ પેઢીને આવી શરીરસંપત્તિ અને જીવનકૂર્તિ આપી સંલગ્ન કરનાર આવી વિદ્યાસંસ્થાઓ અનેકશઃ વિસ્તાર પામો. સંસ્થા-એ તેમને પ્રમાણપત્ર આપ્યાં હશે, પણ હવે તો તેઓ પોતાના જીવનથી સંસ્થાને પ્રમાણપત્ર આપી રહ્યાં છે.

ગુરુકુલ વિદ્યાલય

અમારી પાસે સમય થોડો હતો. બીજી તરફ સત્ર પડે થયું હતું, એટલે વિદ્યાર્થીઓ રજામાં ઘેર જવા બાંધ્યા હતા. છતાં અમે ત્વરાથી બધું નિરીક્ષણ કરવા નીકળ્યા. સંસ્થાનું સભાગૃહ એક ભાવનાનું જ સ્વરૂપ છે. અને ય વચમાં એક વેદીની વ્યવસ્થા ખરી જ. ભીંતો પર પ્રાચીન ઋષિઓનાં ચિત્રો અને આદર્શ વાક્યમાળાઓ નજરે પડે. પણ એ બધાં કરતાં યે, તમે ગમે ત્યાંથી બહાર નજર કરો એટલે ગંગાજીનાં અને બીજા જલપ્રવાહોનાં, સુંદર ગિરિમાલાનાં કે દૂર વિસ્તરતા ખેત-રોનાં સુંદર દશ્યો નજરે પડે. નિસર્ગની આ પ્રાણોદાયક અસર તળે વિદ્યાર્થીના અભ્યાસ અને ચિંતનને કેટલી પુષ્ટિ અને વેગ મળતાં હશે! સંસ્થાએ પણ અહીંની હવાનો પૂરો લાભ લેવા સુંદર બગીચા અને ફળઝાડોનાં વાવેતર કરેલા છે. આપણી બેત બરી કે તેવા ત્યાં ઊગેલા ગુલાબગોટાઓ એ ભૂમિના દેવતનો પ્રચાર કરતા હતા. વિદ્યાર્થી ચૂહ-માંથી નીકળતા વિદ્યાર્થીઓના ટોળા પર નજર કરતાં કોઈ દુબળો કે ક્ષીણકાય જણાયો નહિ. શંકરદેવજીએ કહ્યું કે આમાંનો એકેએક બળ ગંગાના વેગવત જલપ્રવાહમાં આસાનીથી તરી શકે છે. ચંબાજીનું



ગુરુકુલ વિદ્યાર્થીઓને રમવાનો વિશાળ મેદાનનો વિભાગ

શ્રી ગરદેવ વિદ્યાલંકાર

પાન અને સ્નાન ગરમીને વધારવા અનાજ રે છે એમાં ફેરફાર નથી.

વિચાર, વ્યવસ્થા ને યોજનામાં દયાનંદ રૂપ આ સંસ્થાની પાછળ કેટલો અર્થ કેટલી ચીવટ અને કેટલું ચિંતન હશે તેનો ખ્યાલ કરવો મુશ્કેલ છે. છતાં વર્ષોથી તે અખંડિતપણે ગુરુદેવીલાલે અહીંનું આયુર્વેદ વિદ્યાલયનેનાઔષધિ સંશોધન માટે સુવિખ્યાત છે અહીંનું સંશોધનકાર્ય પણ પ્રશંસાપાત્ર છે. અહીં અનેક વિદ્વાનો ને પંડિતોનો વાસ છે ને દેશદેશાંતરના અતિથિઓ અહીં આવે જાય છે. અહીં સમૃદ્ધ પુસ્તકાલય ને પ્રાચીન મહત્ત્વગ્રંથ છે માત્ર જોને જોતાં જ બે કલાક થયા અને આ સન્નિધ્યાગને અમે હિમાલયની યાદી યાત્રા માની લીધી અને તેનો વિશેષ પરિચય આપના પુનરાગમનનો મુહૂર્તકર્મ કરી, પાછા હરદ્વાર આવી ગયા.

હરદ્વારનો એક મેળાવડો

હરદ્વારથી હૃષિકેશ જવા માટે સતત બારની મોટરો દોડે છે. આ તેમાં હૃષિકેશમાં ગુજરાતના જાણીતા ચંદ્ર વસ્ત્રમરામભાઈ તેમના જનરપતિસંશોધનના કાર્ય માટે આવ્યા હતા, એમને તેમને મળવાનો જે સંકેત કર્યો હતો પરંતુ તેમને લખેલો મારો પત્ર પણ મોડો પહોંચ્યો. છતાં દૈવયોગ અનુકૂળ થતા આવ્યા હતા.

કાંગડીથી આજે આવીને સાથેના વસ્ત્રાલે પતા હતો એટલામાં સામેના બારી મેદાનમાં ઊભા કરવા રાખવામાં ઊંટ વાને પાસના સાજબાજ, અને માણસોની અવરજવર વધતી જોઈ. જાણ્યું કે ત્યાંકે ઈસ્લામ રંગ છે કુટુંબના બાળકોના કુતૂહલ ખાતર જોઈ આવ્યાં અને કશુ કે શહેરના વૃદ્ધજનો, યુવતીઓ, સાધુસંન્યાસીઓ બધેરે ત્યાં ભેગા થયા છે અને કોઈની રાહ જોવાય છે. મને પણ ત્યાંનો સમાજ જોવાની સહજ ઇચ્છા થઈ, એટલે ઇતારો આવવાનું તેમને સોંપી ત્યાં પહોંચ્યો. પહોંચતાંવેંત પ્રથમ જ વસ્ત્રમરામભાઈ મળ્યા 'તમે કયાંથી'... તમને રોમાંચને જ 'એમ સમાલજવાળ થઈ ગયા, અને હૃષિકેશના પનદરેક આગ અજાનકજ આવી ગયા એટલે નિરાત અનુભવી તેમણે ખુલાસો કર્યો કે આજ હરદ્વારના પ્રોફેસરની અખેરાજભાઈનો શેઠ મુબલડિંગર ખિરત છની સહાયથી એક ગીતા-ભવનની સ્થાપના કરવા સમારંભ કર્યો કે તેમના તેમને તથા શાંતિ-ભવનના તેમના મિત્ર પ. અક્ષય રવામીને આમંત્રણપૂર્વક તેડાવ્યા હતા મોમ્બાસા અખેરાજભાઈ ગુજરાતમાં અનેક વાર આવે છે અને હરદ્વારયની યાત્રા તથા ત્યાંનાં સમાજસેવિક સ્થાનો વિષે અનેકને આકર્ષ્યું છે. તેમણે આ પ્રસંગે પણ સારી રકમો મોકલી. બન્ને દીને પાર્કિંગ સંસ્થાઓ ઊભા કરી છે. આ મેળાવડામાં તેમણે નગર કીર્તન પછાડ આપી સાધુઓ ઊભા રાખ્યા અને હિંદુ ધર્મ કેવા ઉંચા પરિતત્વ રમોનિયમ સાથે માઈક આગળ ગુલ્લર રવરે ગીતા ગાઈ રહ્યા હતા. ને કેવાનમાં મને આ પ્રસંગનું નાટકીય પણું લાગ્યું. અમે આગળી હારમાં બે ત્રી ચાર ઊભા, પણ ગનને આકર્ષે એવું કંઈ નહિ જણાતાં કે જોવાનું ન ગમ્યું એટલે વહેલી ઊભા થઈ ગયા. તેમના બંધારણી ઉતરદેવજી પણ આવી પહોંચ્યા તેમનો અને વસ્ત્રમરામ-ભાઈનો પરિચય કરાવ્યો. 'હવે રવિવારનો હૃષિકેશનો મોટર સાથ માગી ગયો કે' એમ સંતોષ થઈ આવે ને વિદાય થયા અને અમે વસ્ત્રમરામભાઈ સાથે ચાંપીને અભાનુ કરાવ્યું (ક્રમશ)

ઇં સર જૉન એવરેટ મિલે.

ઇંગ્લંડના પ્રસિદ્ધ ચિત્રકાર સર હેનરી આસ્લની વિખ્યાત ઑરેમી ગુજ-રાતવિદ્યાપીઠ ના પારિતોષિકપ્રદાનનો સમારંભ હતો. ડબ્લ્યુ. ઈ. પ્રસેકસ પ્રમુખસ્થાને હતા. ચુનંદાજનો નાનાંમોટાં દેશોમાં અપાઈ રહ્યા પછી છેલ્લે એ વર્ષની કુતુગ કૃતિ માટેના રૂપાના ચન્દ્રકદાનનો વારો આવ્યો. પ્રિન્સિપાલે નામ જાહેર્યું: 'મિસ્ટર મિલે!' અને હૉલમાં દસ મિનિટ વર્ષનો એક નાનો બાળક આગળ આવ્યો! આ તો મોટાઓ થયો છે એવા પ્રસાર્થે કુતૂહલથી ટપકે પ્રિન્સિપાલ સામે જોયું. પ્રિન્સિપાલે ખુલાસો કર્યો કે એ નાનકડો કિશોર જ 'મિસ્ટર મિલે' છે. આ વર્ષની કુતુગ કૃતિ માટેનો રૌપ્ય ચન્દ્રક એ પ્રતિભાવાન બાળક જીતી ગયો છે. અને ટપકે એ નાના કિશોરને અભિનંદનોથી વધાવી લીધો!

ઑગસ્ટીસની સદીના ઇંગ્લંડના ગદાન ચિત્રકારોમાં આંકમૂલ્ય ગણાય અને ત્યાંની શાહી અકાદેમી (રૉયલ ઑકેડેમી)ના પ્રમુખપદે પધ્રોચનાર સર જૉન એવરેટ મિલે નાનપણથી જ પ્રોડીજી (જન્મ-જાત અદ્ભુત શક્તિઓ ધરાવતો આશ્ચર્યપદ બાળક) હતો. એ ૧૧ વર્ષનો હતો ત્યારથી કોની કલાપ્રતિભાની પ્રતીતિ એને કરાવવા માટે હતી સ. ૧૮૨૬ના જૂનની ૮મી તારીખે સાડમૅગ્ઝિન ન ને એનો જન્મ થયો હતો. એના પિતા મૂળ જર્સી ટાપુના વતની અને હદાર હતા ૧૮૩૫માં ફ્રાન્સમાં જિદાની પરગણામાં દીનાન મુકામે એમની બદલી થતાં કુટુંબ ત્યાં રહેવા ગયું. ત્યા ૧૦ વરસનો એ કિશોર પડોશના દૈન્ય અગત્યદારોના અને બૅન્ડબૅન્ડ આશ્રય જતા લોકોના ચેહરાનો અભ્યાસ કરતા કે લોકોમાં જ ઘર્ષ ને ઝ ઘર ઉત્પન્ન થતાં.

પોતાના આકારપદ બાળની ઊગતી શક્તિઓ કોઈ નિશ્ચિત બાબિ રૂપ પકડે એ દેખાદાથી ઈ. ૧૮૩૭માં જર્સી ગયને બીજે વર્ષ



સર જૉન એવરેટ મિલે.

પુરોગામી યુગની આડંબરી ઘરેડમાંથી ઈંગ્લંડની કળાને મુક્ત કરીને તેમાં નવો પ્રાણ પૂરનાર

પ્રી-રાફેલાઈટ બ્રધરહૂડ અને જૉન મિલેનું જીવનકાર્ય

લેખક : શ્રી રવિશંકર રાવળ

સાર જૉન મિલે દાન્તે ગ્રેબ્રીઅલ રૉઝેટી વૉલ્ટર હૉલમૅન હન્ટ જૉન રસ્કિન

ઓગણીસમી સદીના છેલ્લા ચરણના ઇંગ્લંડના પ્રતિભાવાન બે સમર્થ ચિત્રકાર, અને એ દેશની કલાસાધનામાં અત્યંત પલટો લાવી નવો પ્રાણ દેનાર 'પ્રી-રાફેલાઇટ બ્રધરહૂડ' નામક સંઘના એક અગ્રણી સભ્ય સર જૉન એવરેટ મિલેનું જીવનકાર્ય સમજવાને એ કાળની ઇંગ્લંડની કલાનો ઇતિહાસ સમજવાની જરૂર છે.

અઢારમા સૈકામાં ઇંગ્લંડના ચિત્રકારો રોમની કલાને, તથા લીઓનાર્દો દ વિંચી, બાર્થલ્ઝ ઍન્ડ્રેયા અને રાફેલ જેવા કલાકારોને આદર્શ રાખીને ચિત્રો સરજતા હતા. તેમની કૃતિઓમાં મુખ્યત્વે ધાર્મિક પ્રસંગો અને સંકેતોને રજાન મળતું, અથવા પ્રસિદ્ધ વ્યક્તિઓની તસ્વીરો આલેખાતી. પરંતુ એ બધી કલાની કૃત્રિમતાનો તોડ, તે ઇટલીની પરંપરા કેટલે અંશે જાળવે છે તેના પર જ અંકાતો. આથી ઇંગ્લંડમાં કારેકાર એક જ પ્રકારની શૈલીનાં ચિત્રો જોવામાં આવતાં. ઇટલીનાં ચિત્રોમાં હવાદાર રંગ વધારે જોવા પડતો. એટલે આ ચિત્રકારોએ કલાદૃષ્ટિનો પટ બદલીને જ ચિત્રો ચીતરવા શરૂ કરતા, અને ચિત્રોની અભિનવતા કે આંતરિક ચિંતનશક્તિ ન જોવાતાં, તે કેટલી શ્રીમંતોની કયાં છે, પર્વતના ચિત્રો બરોબર સચવાયાં છે કે નહિ, વહાણ જોખાં અને આકારો બરોબર છે કે નહિ એ બાબતો પર લક્ષ અપાતું આમ, પુરોગામી કુમતાદોનું બંધ અનુકરણ કરતાં કલાકારો હીનતાનું ને બાયલીનતા આવી ગયાં હતા. એ ઘરેડમાંથી મુક્ત થવા ઇંગ્લંડના દરેક-ચિત્રકારોએ સબળ પ્રયત્ન કર્યો હતો કલાકાર વૉલ્ટર-બરોનું કામ એ રીતે 'રાયેલ્નીઅર'-મોરચો ગાઢનાર અગ્રસરનું થયું હતું. ને તેની પહેલાં કલાકારો સ્વભાવિત સૌન્દર્ય તેના વાસ્તવિક રૂપમાં રજૂ કરી દેશની રમણમૂર્તિનું પ્રજાને ભાન કરાવી ચૂક્યા હતા.

એ કલાકારો પૈકીના એક, જૉન એવરેટ મૉલૅસના કુટુંબમાંના, ઇટલીના એક અદ્વિતીય ચિત્રકાર રેનલ્ડ્સનો પરદેશી રૂપવાળો પુત્ર ગણાતા હતો તેનું નામ દાન્તે ગૅબ્રિયલ રૉઝેટી. પાછળથી તેણે, ચિત્રોમાં તથા કૉલમન હન્ટે મળીને 'પ્રી રાફેલાઇટ બ્રધરહૂડ' (ઇટાલીના કલાકાર રાફેલના પુરોગામી યુગનું કલાબૂથ) નામનું જે જોડણ યોજ્યું એ વિચારનો કમળ સૌ પહેલો રૉઝેટીને થયો હતો. તેની કલાના, ચહેરાઓ અને બાહ્ય રાશિ ગોઠણની ખરી મૂરી વધીઃપરંતુ કિંમતી શરીરમાં તે વસેલા પ્રાણ હતો ચિત્રોમાં વિચારનાવીન્યની ખામી હતી. પરંતુ તેની દૃષ્ટિને હજારીરાલ સમજનારા કલાકારોનાં ચક્ષુ ખરેખર જ ચિત્ર દોરવાની શક્તિ બાબત કોઈ એવો તેના ચિત્ર હતો. અને તેને મળે જ મુકાબલે ન લાગવા કૉલમન હન્ટનાં મિલેનું સ્થાન કે ઈ રીતોના આવેગ પામ્યું ન હતાં, ત્યાં તેનામાં બહાદુર ગંભીર હૃદય ને તેને વૈરાગ્ય નિયમાનામ સાધનાની શક્તિ હતી, અને તેના બધે તેણે કંઈ બહાદુર સાધ્ય પાર પામ્યું પાડયું.

પછી કૉલમન હન્ટને ઘરનો ગણ્યો ન હતો કેમ ચિત્રકલાખાતામાં તે બોહર હતો. ત્યારથી જૉનસ્ટનની મદદમાં નીચી આવતો વખતમાં તે બ્રહ્મ ગ્રીકોના કેનવાસો ચિત્રે સાથે તેને કોન્સી થઈ ત્યારે તેના પાસે પૈસાના પણ માંસા હતા. ત્યારે મિલે ચમત્કૃતિનો નબીરો હતો, બાલપ્રતિભા અને યુવકનું તેને ખૂબ પ્રૌઢ્ય હતા હતું તે બુદ્ધિનો આવેશ ચારેકોર હતો. ઈ ઝેમી કલાકારને બા જોઈતા હતો ખરો. પણ તેના ચિંતકતાનો કલાકાર તરીકેનું પ્રેરણામય જોવે બ્રહ્મ ન થઈ પડતું. (અનુસંધાન પાના પર જાઓ)

૧૮૬૮માં એ કુટુંબ લંડન રહેવા ગયું. અને ત્યાં એનાં બાળકો તેને તે સમયના રોયલ એકેડેમીના પ્રમુખ સર મારિયા ટી મારો થઈ ગયાં. ગેબ્રિયલની ઉમર ચૌદ ને બે વર્ષની હતી ચડયો, પણ એ ગેબ્રિયલે દોરેલા કેટલા જોવા કોટલે એનો અભિપ્રાય બદલાયો. એમાંનાં નાના ઉદાહરણ રૂપ કે "આમાનાં આ ચિત્રોમાંથી કયો તે ચિત્રની પેન્સિલથી બરાબર કરી આપું" અમ્યર્થસૂચિ થતા સર મારિયે એક ચિત્ર બનાવ્યું ચિત્રોમાં નરસ નરક કરી આપી. એ જોઈને રાફેલ બાળક ચિત્રકારનો બાર્ગ બાલકનાં તેનાં બાલ્યપને પણ, તને કેઈ પણ બહાની ચિંતા કરો નહિ તમારે પુત્ર મોટો થતા ચાલ્યા રહેશે.' અને આ ભવિષ્યવાણી સાચી પણ પડી.

નાના ગિલેને પહેલાં તો ફરજ ભણી બે તેની દેખી આકૃતી ચિત્રશાળામાં ભણવા. અહીં તેણે જોવા જ વર્ષમાં કલાના કૃતિ અંદર કાનો સન્દર્ક મેળવ્યો. તેની પ્રમેદકાના આ પિતાની સાથે જ્યાં ત્યાં રહીને ચિત્રે દોરવા બાબતમાં દરજ્જા પામ્યા તે તેના તે બાર કાવિકાર વર્ષના હતો ત્યારે તે ચિત્રો બધો બે ૧૮ વર્ષમાં એણે જોવા પણ કેટલા ત્યારે હતો જોવું જ હોવાનું હોતાં ત્યાં ઘેરાયો વર્ષે તેણે તેનું આવા અભિપ્રાય. આપેલા અને ૧૮૬૮ના ઓપીમા પ્રદર્શનમાં તેણે મૂકેલ. જૉન રસ્કિન એક દેવ ચિત્રો તે વર્ષના જોઈ ઓફિસ મિલે ચિત્રકારોમાં અગ્રણી બનાવ્યો.

આ પ્રસંગનું સ્મરણ અને ચોરાચિત્રોના ગાઢ તે ચિત્રકારના હતો જોવા અભિપ્રાય હતા તે ત્યારબાદ તેણે ચિત્રો ચીતરવામાં જોવા તેને ચિત્રો ચીતરવામાં મોટો ફાળો આપ્યો. તેણે ચિત્રો ચીતરવામાં

એને બદલે શક્તિભરી પીંછીથી એ ચિત્રનોનું ગાત્ર ચૂસ્તન જ કરતો. સરળ વાસ્તવિકતાનું સ્થાન અલ્પ 'ઇમ્પ્રેશનિઝમ'થી ભરાયું.

૧૮૬૮-૭૦ નાં બે વર્ષમાં અનેક ચિત્રોની પરંપરામાં બે ચિત્ર ખાસ ધ્યાન ખેંચે છે: 'રાલેની બાલ્યાવસ્થા' અને 'તારણહાર'. આમાં 'રાલેની બાલ્યાવસ્થા' શાળાઓમાં ભણ્યું બનેલું ચિત્ર છે. એમાં એક બલાસી કુરકુરના દેશોની મુસાફરીનાં સાહસકર્મોની વાત કરે છે અને તે બાળક રાલે અને એનો એક એવડી કુમારનો ચિત્ર કુતૂહલ આંખે ધ્યાનપૂર્વક સાંભળે છે. કોઈ પણ સામાન્ય ચિત્રકાર આવા પ્રસંગને હાસ્યાસ્પદ બનાવી દેત, પણ આ મહારથીએ એને એ દોષથી મુક્ત રાખ્યું છે. આગળના ભાગમાં અતિ ઝીણુંચટકાયું ચિત્રમય લઘુ સમુદ્ર વગેરેને 'ઇમ્પ્રેશનિસ્ટિક' રીતે ચીતર્યાં છે.

૧૮૮૬માં તેનું સૌથી ઉત્તમ નહિ પણ સૌથી જગપ્રસિદ્ધ થયેલું ચિત્ર 'બબલ્સ' (પરપોટા) ચીતરાયું. આ ચિત્રમાં પોતાના પૌત્રને મિલેએ સાબુના ફીણના પરપોટા ફુલાવતો બતાવ્યો છે એ ચિત્ર મિલેના એક મિત્રે વેચાતું લીધું હતું અને એ ચિત્ર પારીથી, તેનો બહોળો પ્રચાર કરવા માટે, જગપ્રસિદ્ધ 'પેર્સ' સોપ (જેને લોકો 'પીઅર્સ સોપ' કહે છે તે)ના બનાવનારાઓએ લઈ લીધા. તે વેળા આ બનાવથી કલાની દુનિયામાં ખૂબ ઉહાપોહ થયેલો. એક મહાન ચિત્રકાર પોતાના ચિત્રનો બહોળો પ્રચાર કરવા દે એ ઘણાં કલારસિયાં માટે આઘાત સમાન હતું. પણ આમાં ચિત્રકારે પોતે રત્ન આપી ન હતી એટલે એનો હાથ ન હતો.

ઘણા વિવેચકોના મતાનુસાર મિલેનું ઉત્તમ ચિત્ર ને તેણે ૧૮૬૪ માં ચીતરેલું 'નૉર્થચેસ્ટ પૅસેજ' (આટલાંટિકમાંથી પાસિફિકમાં જવાનો ઉત્તર માર્ગ). એમાં એક નિવૃત્ત થયેલો વૃદ્ધ કપ્તાન પોતાના નાનકડા બેટમાં ખુરશી ઉપર બેઠો છે. તેના હાથ પકડી તેની બોટી કુમારની પુત્રી બરફીન કુપર બેડીબેઠી બરફથી ઢકી ગયેલા પ્રદેશોની વિતાઓ કરેલી, મુસાફરીની નોંધપોથીનાં પાનાં વાંચે છે અને એ રીતે કપ્તાનનું પર્યટન-જીવન હલકે છે. બંનેને તરીમાર્ગના સાહસિક મુસાફરોમે શોભે તેવી વસ્તુઓથી આ લક્ષ્ય કરેલો છે. બ્રિટનના જીવનનું નાવિક પ્રતીક કોણ તેવો આ પ્રસંગ મિલેએ અદ્‌ભુત રંગસમાવેશ અને ગતિવ્યાકૃતિઓની આતુર્યસુક્ત ગોઠવણીથી આલેખ્યો છે.

મિલેના બાલપણની રમતગમતનાં આ પાનાં એની બાલમતિની સમર્થ શક્તિ દર્શાવે છે

['રાલેનું બાળપણ' ચિત્ર માટે મિલેનો પ્રાથમિક સ્કેચ.]

૧૮૮૫માં મિલેને 'સર'નો ઇલકાબ આપીને ઑનરેબલ બનાવવામાં આવ્યો. ૧૮૯૬ના ફેબ્રુઆરીમાં તેને સૉર્ડ લેઇટનના મૃત્યુથી ખાલી પડેલું રૉયલ ઍકેડેમીનું પ્રમુખસ્થાન આપવામાં આવ્યું અને તે 'પી.આર.એ.' (પ્રેસિડેન્ટ ઑવ ધ રૉયલ ઍકેડેમી) થયો. પણ તે સમયે તેને કૅન્સરનું દર્દ લાગુ પડી ચૂક્યું હતું અને એ રોગને ગાળા છ જ માસ રહ્યા તે ૨૩મી ઑગસ્ટ, ૧૮૯૬ને દિને મૃત્યુ પામ્યો. તેના દેહને સેંટ પૉલના રેવળના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યો.

લગભગ ૬૭ વર્ષની વયે મિલે મૃત્યુ પામ્યો, છતાં એક રીતે જોતાં તે અકાળે મૃત્યુ પામ્યો. અંગ કહી સકાય એનું આરોગ્ય એટલું સરસ હતું અને એનો બાંધો એટલો મજબૂત હતો કે આ વયે તેનું મૃત્યુ સહજ ન ગણી શકાય. વળી તેની ચિત્રકાર તરીકેની શક્તિઓમાં જરા પણ ક્ષીણતા નહોતી આવી. પણ 'પ્રોફિટ' કાં તો અકાળે મૃત્યુ પામે છે, કાં તો એમણે બાલ્યકાળમાં આપેલી આશાઓ ફળીભૂત નથી થતી, તેમ મિલેના સંબંધમાં ન બન્યું. આજે નવ વર્ષની વયે જે આશાઓ જગાડી તે પરિપૂરી કર આજની પેઢીને માટે એને કદી ચિંતાભર્યા ચેકના પડી નથી. પોતાની કદર કરાવવા એને કદી બજી-ગ પ્રયત્નો કરવા પડ્યા નથી. કીર્તિ, લોકપ્રિયતા અને માનની શોધમાં એને કદી જવું પડ્યું નથી; ને આવ્યું છતાં,—એનું જીવન વહન સરળતાથી વધું હતું છતાં,—એની અપ્રતિમ નૈસર્ગિક શક્તિઓ, જેમ સામાન્યરીતે બને છે તેમ, એ સરળતાને સાથે કુંઠિત ન થવા દઈ દિનપ્રતિદિન વિકસતી જ ગઈ હતી લોકપ્રિયતાએ એને કદી પોતાની બ્રહ્માણ્ડમાં બેફરવાડ નહોતો બનાવ્યો. કલાકાર તરીકે છેવટ સુધી તપસ્વી, મનુષ્ય તરીકે ઉદાર, મિત્ર તરીકે અતિશય સ્નેહળ અને, કુટુમ્બ તરીકે હસમુખ, આજકાલ ખૂબખૂબ ગાઇવાય મિલે બ્રિટિશ ચિત્રકારોમાં સર્વથી સુખી લોકપ્રિય રહ્યો છે ને રહેશે. ધનસુખલાલ મહેતા

સોળમી સદીના એક ઐતિહાસિક પ્રસંગની નાટિકા

સીદી અલી

લેખક
શ્રી યશોધર નર્મદાશંકર મહેતા

દૃશ્ય પહેલું

સમય : ઈ. સ. ૧૫૩૬ની આસપાસ
સ્થળ : સુરતનું બંદર
પાત્રો : સીદી અલી અને મિસરી બલાસીઓ

[સીદી અલી અને તેના બલાસીઓ સુરતના બંદરે પોતાનાં ત્રણચાર વહાણોમાં આવી પહોંચે છે.]

મુખ્ય બલાસી—નામવર! આ હિંદના મુખ્ય બંદરે આપણે આવ્યા: વિજેતા તરીકે નહિ. પણ ફિરંગી હાફલાથી નાસી છૂટેલા યોદ્ધાઓ તરીકે! કિસ્મતનો તમાશો અજબ છે.

અલી—હા, કિસ્મતની બેરહમ મરકરી-પાદશાહ સલામત સુલેમાન શાહના તાજમાં હિંદનો મહામૂલો મણિ ખુદાતાલાએ નિર્મેલો નહિ! જે હિંદને જીતવા આપણે નીકળેલા તે હિંદે રાજરે આપણને ખુદાએ કર્યા! આપણે તો ખુદાની મરજીના ફક્ત ગુલામ છીએ.

[વહાણો બંદરમાં આવી પહોંચે છે. બંદરનો અમલદાર બીજા અમલદારો સાથે ઠઠ્ઠા પર ધસી આવે છે.]

અમલદાર—ગુજરાતના સુલતાન બહાદુરના બંદરે કોણ છો તમે? મહેમાન હો તો સુલતાન બહાદુરના નમકહલાલ બાદિમો આપને આવકારે છે. દુશ્મન હો તો સુલતાન બહાદુરના નમકહલાલ બાદિમો શમશેરથી સામનો કરશે.

અલી—આદાબ અર્જ! સારા ઇસ્લામની ઈજ્જતના રક્ષણહાર પાદશાહ સુલેમાનના તુર્કી નોકરો. ગુજરાતના કિનારે મહેમાન તરીકે આવ્યા છીએ અને ગુજરાતની મહેમાનનવાજી ચાહીએ છીએ.

અમલદાર—તસ્લીમાતે અર્જ! શાહ સુલેમાનના સેવકને સુલતાન બહાદુરનો નમ્ર સેવક આવકારે છે.

[અમલદાર અલીને આવકારે છે અને એક માણસને વડા લશ્કરી અમલદારને બોલાવવા મોકલે છે.]

અલી—ગુજરાતની મહેમાનગીરી ને ગુજરાતનાં વહાણો સાતે સમુદ્રમાં મશહૂર છે. સુલતાન બહાદુરને મારે નમ્ર અર્જ ગુજરવાની કે મારાં વહાણોને સુરતના બંદરમાં સહીસલામત રાખે. હું મારા બલાસીઓ સાથે હિંદ બેઠી જમીન રસ્તે તુર્કી જવા માગું છું.

અમલદાર—આપની મરજીને સુલતાન બહાદુર આવકારશે.

અલી—સુલતાન બહાદુરને ખુદા સલામત રાખે.

[એટલામાં વડો લશ્કરી અમલદાર આવે છે. અલી અને તે અમલદાર પરસ્પર નમે છે.]

લશ્કરી અમલદાર—બેશક, બેશક. ફિરંગીઓનાં ફિતૂર અને ફરેબનો સામનો કરવા સુલતાન બહાદુરની શમશેર તૈયાર છે.

અલી—ફિરંગાં? ફિરંગાંના દુશ્મન તે અમારા દોસ્ત, અમારા દોસ્ત તે ફિરંગાંના દુશ્મન. હાથ મિલાવીએ. (બંને હાથ મિલાવે છે.) બોલો, સુલતાન બહાદુરના નમકહલાલ અમલદાર, શો હુકમ છે? શાહ સુલેમાનનો નોકર તેના પચ્ચાસ સિપાહી અને એકાવનમો પોતે, એકાવન શમશેર સાથે ફિરંગાંઓનાં ધડ સરથી અલગ કરવા તૈયાર છે.

અમલદાર—નેક નામદાર શાહ સુલેમાનના અમલદારોને હુકમ ન હોય, અર્જ હોય. ફિરંગીઓના ફરેબે એક બ્હાના કમેદવારને લોભા કર્યો છે. ફિરંગીઓના ફરેબની પરવાહ સુલતાન બહાદુરને નથી.

અલી—સુલતાન બહાદુરને એવા ચાંચરોગારવાની તસ્દી નહ ઘટે. મહેમાનગીરી વાળવાની એટલી તક સુલતાન બહાદુર અમને અપે એટલી અર્જ.

અમલદાર—સુલતાન બહાદુર સલામત! શાહ સુલેમાન સલામત! નામદાર વઝીર સાહેબને આપની અર્જ અબઘડી પેશ કરીશ. આદાબ અર્જ! (સલામ કરી લશ્કરી અમલદાર જાય છે અને થોડી વારે પાછો આવે છે. દરમ્યાન અલી અને ઠક્કાનો અમલદાર અંદર અંદર વાતો કરે છે, જે રંગભૂમિ ઉપર સંભળાતી નથી.)

અમલદાર—આદાબ અર્જ! સુલતાન બહાદુરની શાહ સુલેમાનને સલામ. શાહ સુલેમાનનાં વહાણોનો સુલતાન બહાદુરના બંદરે ઇતબાર થશે. શાહ સુલેમાનના સિપાહીઓની મદદ સુલતાન બહાદુર સાભાર સ્વીકારશે.

અલી—સુલતાન બહાદુર સલામત! ફિરંગીઓનું ખૂન શાહ સુલેમાનના સિપાહીઓની શમશેરોની તરસ છીપાવશે.

[પડદો]

દૃશ્ય બીજું

સમય : એક મહિના બાદ
સ્થળ : અમદાવાદમાં સુલતાનનો દરબાર
પાત્રો : સુલતાન, વઝીર અને અલી

[અલી વઝીર સાથે બેઠો રમો છે ને સુલતાન તખ્ત ઉપર વિરાજે છે.]

વઝીર—ખુદાવંદ! ફિરંગીઓએ આ શખ્સની માગણી કરી છે. ફિરંગી એલચી જણાવે છે કે આપ આ શખ્સને ફિરંગીઓને સુપુર્દ નહિ કરો તો ફિરંગીઓ સાથે ટંટો થશે. આપ હુકમ ફરમાવો.

સુલતાન—ફિરંગી એલચીને દોસ્તાન થાય કે ફિરંગીઓથી ગુજરાત બીતું નથી, ગુજરાતનો સુલતાન બીતો નથી, ફક્ત ગુજરાતનો વઝીર બીએ છે, અને તે ફિકરીની બીના છે. ગુજરાતનાં વહાણો ફિરંગીઓને તેમના મુલક સુધી વળાવવા તૈયાર છે.

વઝીર—ખુદાવંદ! ગુજરાતનો વઝીર ફિરંગીઓથી બીતો નથી. ગુજરાતનો વઝીર ફિરંગીઓને ફક્ત દુશ્મન નથી ઈચ્છતો.

સુલતાન—અને ગુજરાતનો સુલતાન શાહ સુલેમાનની બિરાદરી ઇચ્છે છે.

વઝીર—હુજૂર! શાહ સુલેમાન દૂર છે; ફિરંગી નજીક છે.

અલી—(ગુસ્સાથી વઝીર તરફ જોઈને) શાહ સુલેમાન દૂર નથી, શાહ સુલેમાનની શમશેરથી ફિરંગીઓ દૂર છે શાહ સુલેમાન શમશેરથી સર્વના દોસ્ત છે, સમજ્યા! (અલી તલવારની મૂઠ ઉપર હાથ મૂકે છે) અગર આપ શાહના નોકરને ફિરંગીઓને પેશ કરશો તો ગુજરાત શાહની બંગી સલ્તનતને પેશ થશે. ગુજરાતનું નમક ન ખાધું હોત તો હું આ ચેતવણી ન આપત, વઝીરસાહબ! તમારી અક્કલનું જોર ગુજરાતને ફિરંગીઓ તરફ ધસડતું હોય તો ગુજરાતની દુશ્મનસીબી સમજો. (અલી ઊઠે છે; સુલતાન અને વઝીર દિગ્મૂઢ સાંભળી રહે છે; અલી ફરી આસન જોડે છે) ફિરંગી દોસ્ત નહિ બને, પણ ઇસ્લામના તાજ સમા શાહ દુશ્મન થશે. વઝીરસાહબ! શાહ સુલેમાન દૂર છે માટે નથી દેખાતા, કે નથી દેખાના માટે દૂર છે? બુઝર્ગ છો તેથી આપની નજર લાંબું ન જોઈ શકે તે મુમકિન છે.

[અલી તપેલે ચહેરે વઝીરને જોઈ રહે છે. એનો હાથ તલવારની મૂઠ ઉપર જોર કરે છે. ગમરાએલો વઝીર નીચું જુએ છે. સુલતાન અલીને શાંત પાડે છે.]

સુલતાન—શાહ સુલેમાન અમારા દોસ્ત છે અને દોસ્ત રહેશે. ફિરંગીઓની દોસ્તી ખાતર શાહની દુશ્મનાવટ કરવા ગુજરાત રાજ્ય નથી બિરાદર! ગુજરાતના સેવક તરીકે ગુજરાતમાં રહો ને ગુજરાતના સેનાપતિ બનો.

અલી—શાહનો નોકર બીજાનો નોકર બની શકતો નથી. ફક્ત દોસ્ત કે દુશ્મન બની શકે છે. દિલગીર છું

સુલતાન—તો બીજી શી મરજી છે? માગો.

અલી—ફક્ત એટલું કે મને આગળ જવા દો, ને કોમિશ્યા આપો.

સુલતાન—વઝીરજી! સરદાર અલીને જવા દો અને એમની સાથે બાર કોકોને કોમિશ્યા તરીકે મોકલજો. (અલી તરફ જોઈને) બારને કોમિશ્યા તરીકે રાખવાનું કારણ જાણો છો? બારની કે બારની સાથેના માણસોની છેડતી કોઈ કરતું નથી; કેમકે બાર જો બાજુ ફરે તેને આપઘાત કરે તો કોકો આફત ગણે છે, અને બારના જીવ પાછળ પોતાનો જીવ આપે છે.

અલી—સુલતાન બહાદુરની રહમ બદલ આભાર. મારી રાજરોટને એટલો આરામ મળશે. (સુલતાન અને અલી હસે છે.)

[પડદો]

દૃશ્ય ત્રીજું

સમયઃ—છ મહિના બાદ
સ્થળઃ—હુમાયૂંનો મહેલ
પાત્રોઃ—હુમાયૂં અને અલી

[અલી હુમાયૂંની સામે જોઈ છે.]

હુમાયૂં—બિરાદર! તમારા ઉપર, તમારી બહાદુરી ઉપર મુઘલ શાહ હુમાયૂં આફરીન છે. તમારી બહાદુરીની તારીફ કરવા મુલતાનમાં મને વખત નહોતો, પણ દિલમાં દોસ્તી ઊગી ગઈ હતી. શેરશાહને ને મારા કમનસીબ બાઈને તમારી મદદ વગર હું હરાવી ન શકત. જે તખ્તનશીન તે કોઈનો દોસ્ત નહિ તે કહાવતને અપવાદ છે. હુમાયૂં અલીનો દોસ્ત છે. અલીની શમશેર, અલીની શાયરી, અલીની ડાપ્લેસિયત એ તમામ પર હુમાયૂં ફિદા છે.

અલી—જહાંપનાહ! નાચીઝ છું. કદમબોસીની સુરાદ છે.

[હુમાયૂંને ઝૂકીને નમે છે.]

હુમાયૂં—બિરાદર! કદમબોસી શાહ સુલેમાનની કરજો હુમાયૂં દોસ્ત છે ને દોસ્ત જ રહેશે. દોસ્તને દિલ ખોલીને હવે કહો.

અલી—ફરમાવો.

હુમાયૂં—શાહ સુલેમાનની સલ્તનત કેવડી છે?

અલી—શાહ હુમાયૂંની સલ્તનતથી બેવડી છે.

હુમાયૂં—કદમાં કે જેરમાં?

અલી—કદમાં ને જેરમાં બનેમાં.

હુમાયૂં—સોના ચાંદી ઝવેરાતમાં મુઘલ સલ્તનતને મુકાબલે?

અલી—સલ્તનતની શક્તિનાં માપ સોના ચાંદી ઝવેરાતથી નથી મપાતાં, તરકડી જેરથી મપાય છે.

હુમાયૂં—સાચી દોસ્તીથી નથી મપાતાં શું?

[અલી ઝાંખો પડે છે. પછી હુમાયૂં તરફ જોઈને બારથી હસે છે. થોડી વાર મૌન પ્રસરે છે].

અલી—જહાંપનાહ! વચન દો તો હવે હિંદ છોડી તુર્કસ્તાન જઉં. બહુ રહ્યો અને આપની મુલ્કગત ખૂબી ચાખી.

હુમાયૂં—મુલ્કગતમાં મુસીબત પણ છે. ખગોળશાસ્ત્રને તમારી જરૂર છે, કેમકે હિંદની ખગોળગત્રીઓ સુધારવાની છે. હિંદનો નૌકા કાફલો ઊભો કરવા મુઘલાઈને હજી તમારી જરૂર છે. વળી હિંદની શાએરી પણ તમારા વગર સૂની પડશે. અને (બહુ જ ધીમેથી) ખુદ હુમાયૂંને તમારી જરૂર છે, બહુ જરૂર છે. સમ્રાટના ફરમાનને ન બહુકારો પણ દોસ્તની આ અર્જને સ્વીકારો.

અલી—દોસ્તીનો દાવો પહેલો. પણ શાહનશાહ! હું છું શાહ સુલેમાનનો ગુલામ. ગુલામ મિત્ર નકામો.

[દીનતાથી હુમાયૂં તરફ જોઈ રહે છે. હુમાયૂં અફસોસનો શ્વાસ મૂકે છે.]

હુમાયૂં—દોસ્તીની ગુલામી ચાહું. ખાસ દોસ્તનો તો હું ગુલામ છું. દોસ્તની જેની મરજી.

અલી—તો બત પર પરવાનગીની મહોર મારો.

હુમાયૂં—કાલ સવારે કેસરના કટોરામાં મુઘલ શાહનશાહ મુઠ્ઠી ખોળશે ને અલીના પરવાનગીબત પર હુમાયૂંની મુઠ્ઠી છુટી બક્ષશે.

અલી—દોસ્ત સલામત.

[ભારે હૈયે હુમાયૂં પોતાના ગલેફમાંથી નીચે આવવા નાકામ છે; પરંતુ તેના પગમાંથી જાણે જોર ચાલ્યું ગયું હોય તેમ તે ચાલે છે. અલીના જવાના વિચારે તે ગમગીન છે. સીડી ઊતરતાં એકાએક તેનો પગ સરી પડે છે અને ગબડતો ગબડતો બીજે પડે છે. અલી તેની પાછળ દોડે છે અને હુમાયૂંનું માથું પોતાના હાથ પર ટેકવે છે. હુમાયૂં અર્ધ બેભાન જેવો છે.]

હુમાયૂં—(બહુ જ ધીરા અને દુઃખી અવાજે) દોસ્ત! હું નથી તે પહેલાં હું બહુ છું.

અલી—આવી શી ઉતાવળ હતી? આપની આવી ઉતાવળ હું જાણતો હોત તો પરવાનગી ન માગત.

હુમાયૂં—આ છે દોસ્તીની ગુલામી, નહિ કે ગુલામીની દોસ્તી.

[માથું ઢળી પડે છે. અલીને લાગે છે કે પોતે હુમાયૂંનું શબ જ પકડી રહ્યો છે.]

અલી—હા. શાહ સુલેમાનનો હું ફક્ત ગુલામ, પણ હુમાયૂંનો તો હું દોસ્ત.

[પડદો ઘણો જ ધીમેથી પડે છે]

દૃશ્ય ચોથું

સમયઃ—તે જ દિવસે હલાક પછી
સ્થળઃ—હુમાયૂંનો મહેલ
પાત્રોઃ વઝીર અને અલી

અલી—વઝીરજી! હિંદે સમ્રાટ ખોયો, આપે માલિક, પણ મેં તો મિત્ર. મિત્રની વાત સાંભળો.

વઝીર—આપની વાત આપના મિત્રનો નોકર કેમ ન સાંભળે?

અલી—રાજતખ્ત સૂનું ન રહે. હિંદમાં મુઘલાઈનાં મૂળ હજી ઊંડાં નથી ગયાં. મારા દોસ્તે ગએલી સલ્તનત મુસીબતે પાછી મેળવી તે યાદ હશે. શાહજાદા અકબરને એ તકલિફમાંથી કાઢવા તે આપની તમામ મારી ફરજ છે.

વઝીર—બેશક.

અલી—તો સાંભળો અને મારી સલાહ મુજબ કરો.

વઝીર—આભારી રાખશો.

અલી—શાહજાદા અકબર રાજધાનીમાં ન પધારે ત્યાં સુધી શાહનશાહ હુમાયૂં હયાત છે.

વઝીર—એટલે ?

અલી—એટલે શાહઆલમનું મરણ સલ્તનત માટે બે રોજ મોડું થશે, સમજ્યા ? શાહઆલમ તશરીફ લાવે ત્યાં સુધી શાહઆલમ સલામત રહેશે તો સલ્તનત પણ સલામત રહેશે. નહિતર શાહઆલમ અહીં પહોંચ્યો પણ નહિ રહે. શાહઆલમના ચિતારાઓ તાકીને બેઠા છે.

વઝીર—પણ દરમિયાન તખ્ત પર કોણ બેસશે ?

અલી—શાહઆલમ હુમાયૂંનું પૂતળું. શાહઆલમના તાજ, પોષાક, ને જવાહર શાહઆલમની ગેરહાજરીમાં શાહઆલમનું પૂતળું પહેરશે, બીજું કોઈ નહિ.

વઝીર—આપની ચતુરાઈ આગળ કોઈનું કશું ચાલવાનું નથી. આપની સલાહ મનહૂર છે.

[પડદો]

દૃશ્ય પાંચમું

સમય: ત્રણ દિવસ પછી

સ્થળ: અકબરનો મહેલ

પાત્રો: અકબર, વઝીર અને અલી

અકબર—હાબુલ અને કંદહાર જવાનું ગારા રાજ્યમાં બાધ છે

અલી—હું તો ગર્દેબ શાહઆલમના રાજ્યમાંથી જવાની રજા મેળવી ચૂક્યો છું.

અકબર—વઝીરજી ' આ શબ્દોની ખરચાનગીનું ખત છે ?

વઝીર—જહાંપનાહ ' ગારી જાણમાં નથી.

અલી—શાહઆલમ ' ખત મોકલ્યું છે, પણ શાહઆલમ હુમાયૂં . પર કેસરનો મુઠ્ઠી ગારે તે પહેલા મૃત્યુએ તેમને મુઠ્ઠી મારી. શાહઆલમ અકબરની ખાતર નહિ પણ મારા ગર્દેબ દોસ્તના શાહઝાદા ખાતર મેં હિંદ તુરત છોડ્યું નહિ. વઝીરજી શાખ પૂરશે.

અકબર—(વઝીર તરફ આંખ મિચકારી) હેં વઝીરજી ?

વઝીર—(અલી તરફ માનથી જોઈને હસીને) મુઘલાઈના ઊગતા આફતાબની ખાતર, જહાંપનાહ ! બિરાદર અલીનું કામ પત્યું છે, સારું હિંદ એમનું ઋણી છે, શાહઆલમની આંખને રજા દો.

[પડદો]

દૃશ્ય છઠું

સમય : પાંચ વર્ષ પછી

સ્થળ : ઈરતંબુલમાં શાહ સુલેમાનનો મહેલ

પાત્રો: શાહ સુલેમાન અને અલી [બેઠા છે.]

[અલી શાહની સામે ઘૂંટણે

શાહ—અલી ! હવે તારી હકીકત કહે. કાફલો પાછો

અલી—હજુરની જેવી મરજી. આપે મને અહીંયાં ત્યાં હુંકારી લાવવા બસરા મોકલ્યો, પણ અરધે ફિરંગીઓનાં જંગી વહાણો પાછળ પડેલાં જોયાં કમીના

શાહ—હું ? તુર્કસ્તાનમાં ફિરંગીઓના જત્થુ છે ? પછી ?

અલી—અધૂરામાં પૂરું વાવાઝોડું થયું, અને હું જ્યારે આપણાં વહાણોમાંથી પોણા ભાગનાં તારાજ થ ફિરંગીઓએ એવો દેખાવ કર્યો કે એમણે જાણે મારો પી ઢીધો હતો ! રહ્યાંસહ્યાં વહાણો સાથે હું ચુપકીથી નીકળ્યો થોડે આવ્યો ત્યાં ત્રણે બાજુ પરથી ફિરંગીઓનાં જંગી વહાણ ધસારો કર્યો. પૂર્વ દિશા ખાલી હતી, એટલે બેચલ્યાં સહ્યાં ચાર વહા ણો તે તરફ પુરપાટ હંકારી મૂક્યાં. બે રોજ બાદ ફિરંગીઓએ મારો પીછો છોડ્યો. પણ પછી પાછા વળવાને બદલે મેં આગળ જ હંકાર્યું; તે એવી આશાથી કે આગળ કોઈ બંદરે કાફલો નાંગરીને ચાર રોજ બાદ સુરત આવ્યું.

શાહ—અલી ! આ ફિરંગીઓ જ્યાં સુધી સલામત છે ત્યાં સુધી ઇરાન અને હિંદુસ્તાન તુર્કી સલ્તનતમાં નહિ આવે. બાજરના પ્રયા પછી હિંદમાં અંધાધૂંધી થઈ ત્યારે આપણે મોકો ગુમાવ્યો. શેર શાહે આપણી મદદથી હુમાયૂંની નબળાઈનો લાભ ઉઠાવી હિંદ પર રાજ જમાવવા માંડ્યું. શેરશાહને મદદ કરીને હિંદનું તખ્ત આપણે તેને બદલામાં કે શેરશાહની મદદથી હિંદનું તખ્ત આપણે મેળવત એ આપણે નકામી કરવાનું હતું. અને હવે પણ શું બગડ્યું છે ? મુઘલાઈનાં મૂળ હિંદની ભૂમિમાં હજુ ઘણાં ઊંડાં છે !

[અલીની આંખો બંધ થાય છે. પછી તે ઊંઘે છે.]

અલી—હિંદને રાજકારણથી જીતવું તેના કરતાં દોસ્તીથી જીતવું એ વધારે સારું છે. શાહના ગુલામે એ રીતે હિંદને સર કર્યું છે

શાહ—હુમાયૂં તરફ ગેરી ને સુલેમાન તરફ રાજભક્તિ વધ્યે નો તોટ સારો કાઢ્યો ! (એમ બોલી અલી તરફ તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકે છે)

અલી—જહાંપનાહ ! હિંદને બર કરતાં ભારે મોટું પ્રજા અને સિપાહીઓથી, અઢળક ધનથી અને અનેકની મદદ મરણથી ઢાંકે કરેલા હિંદ કરતાં કેવળ મૈત્રીથી તાજે કરેલું હિંદ સારું છે. રાજકારણથી જીતેલું હિંદ રાજકારણથી ટકાવવું પડ્યું. એ વસ્તુ આપ ન વિસરશો.

શાહ—(કટાક્ષથી) ત્યારે બાબર ને હુમાયૂંએ ચલાવી કરી, કેમ ?

અલી—ના. બાબર આંહુમાયૂં ત્યાં સુધીના હજુ, રાજકાજ હિંદની બહારથી રાજ્યનહોતા કરવાના હિંદને પોતાનું કરી પોતે હિંદના થયા, માટે તિ એમનું થયું. (શાહ વિચારમાં પડી જાય છે)

શાહ—હિંદ ત્વ રહેશે ?

અલી—હિંદ સ્વભાવથી શત્રુ થઈ શકતું નથી.

શાહ—અને ફિરંગીઓનું પણ મિત્ર રહેશે ?

અલી—ના. ફિરંગી સ્વભાવથી મિત્ર થઈ શકતા નથી

શાહ—ઠીક બાઈ ઠીક, તુ હિંદને વધારે પિછાને વળી તુર્કસ્તાનને વધારે નાણે કયાં વધારે પડ્યાં છે કે મિત્ર હિંદને શત્રુ કરવા બેસીએ?

[શાહ ઊભો થઈ અલીનો ખભો થાબડે છે. અલીના આંખમાં સંતોષ ચમકે છે]

[પડદો]

(લેખકના તથા ઑલ્ડહિયા રેડિયોના સૌજન્યથી)

બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં સંગીત વિદ્યા

થોડા સમય ઉપર મદ્રાસ યુનિવર્સિટીએ સંગીતની પદવી આ માટે અધ્યારના કલાકેન્દ્રના વર્ગોને સંમતિ આપી અને તેના સંચા ટૈયાર થવા માંડ્યા. એ ખબર મળ્યા પછી તાજેતરમાં કાંકર સંગીતાચાર્યતંડપતિથી ઓમકારનાથજીના નેતૃત્વ નીચે આવેલ એક પ્રધાન મંડળ સ્થળતપાસ માટે મદ્રાસ ગયું છે તેમાં સંગીતનો ઇ અભ્યાસ અને ઉપાસના કરાવવામાં આવશે. નૃત્યકલાને પણ ? અંગ તરીકે સ્થાન મળશે. તેની પદવીઓ માટેનો અભ્યાસક્રમ ન મુજબ રહેશેઃ (૧) 'પ્રથમા' પદવી માટે ૩ વર્ષનો; (૨) 'દ્વિતીયા' ૪ વર્ષનો; (૩) 'મધ્યમા' માટે પાંચ વર્ષ; (૪) 'કોવિદ' માટે ૬ વ (૫) 'શિષ્યપદા' માટે ૩ વર્ષ અને (૬) 'સંગીતાચાર્ય'નો ૨ વર્ષ. એ બી.એચ.ડી. અથવા 'વાચસ્પતિ' કે 'વાગ્દેવી'નું અભિધાન મળ

કલાના પોષણ માટે આમદરાતામો, કાલાઓ, સંસ્થા અભિનંદન તેમને કાનપરોના વર્ગો દ્વારા કલ્યાણકેન્દ્ર કરવા આવશે. સરનામું: સિક્રેટરી, બનારસ, (યુ પી)

કવિવર રવીન્દ્રનાથના પત્રો

અહીં છે પ્રેરક હૃદયોદ્‌ઘાટન, દર્દભર્યું આત્મશોધન અને ફૂલોનાં રૂપસૌરભનું કાવ્ય

('પ્રવાસી' પત્રના સહકારી સંપાદક
શ્રી ચારુચન્દ્ર બંદ્યોપાધ્યાય પરના)

ૐ
શાંતિપુર
(શાન્તિનિકેતન)

પ્રિયવરેષુ,

મારા લખાણ વિષે કશું ન લખ્યું હોત તો સારું થાત, કારણ કે 'પ્રવાસી' સાથેનો મારો સંબંધ એટલો ગાઢ થઈ ગયો છે કે એમાં મારાં કાવ્યોનાં ગુણગાન બરાબર સુયોગ્ય નહિ થાય. એ માટે જ નહિ; ખરી વાત તો એ છે કે ઘણા દિવસોથી થયાં હું લખતો આવું છું, ઉમ્મર પણ ઓછી થઈ નથી, અને હવે થોડો સમય જ વધુ રાહ જોશો તો મારી કૃતિઓને મૂલવવાનો-સમાલોચના કરવાનો સમય આવી પહોંચશે. જ્યારે હું આંખમિંચામણા પરથી એકાએક પ્રકાશ ગુલ થતાં દૂર સરકી જઈશ, ત્યારે મને રાહ્ય એટલો દૂર રાખી મારાં લેખન-સર્જન વિષે તમે બરાબર વિચારી શકશો. તમે પણ દુનિયા મારા લેખનને અસ્વીકૃત કર્યા જશો તો એક પક્ષના લોકો માટે એ આધારરૂપ નીવડશે. અને એવું કરવાની કંઈ જ જરૂર નથી, કારણ કે મારાં કાવ્યો તો પુસ્તકોમાં હોય છે. જો એ સારાં હશે તો તો સારું જ છે, અને જો સારાં નહિ હોય તો યે એ ત્યાજ્ય વસ્તુને દૂર કરવા માટે વહનખર્ચ નહિ લાગે. એ આપમેળે નીરવપણે દૂર થઈ જશે. જેટલા દિવસ હયતો હું ત્યાં સુધી હવે મારું નામ લઈને વધુ ધૂળ ઉડાડવાની ઇચ્છા નથી. મારા લેખનને તમે સારું કહો છો ત્યારે મને એ ગમતું નથી એમ કહું તો એ ખોટું બોલ્યો જ કહેવાઉં. પ્રશંસા સાંભળતાં મનની અંદરનો પ્રાણ જાણે નાચી ઊઠે છે, ને એ કારણે જ આ કેફને વધુ આશરો આપવાની ઇચ્છા નથી થતી. કારણ, એ વસ્તુની અંદર ઘણું યે એવું છે કે જે ખોટું છે; અર્થાત્ એમાં સત્યને ઓળખવા-જાણવાની ઈચ્છા નહિ, પણ પોતાની પ્રશંસા સાંભળવાની ઇચ્છા હોય છે, ને એ ઈચ્છા જ આ વિષે મિથ્યાની પણ કામના કરે છે, અત્યુક્તિને ચાહે છે: 'પોતાનું નામ' નામક એ કદરૂપ-બરાબ વસ્તુ! મારું નામ જ્યારે હું મારા કાને ન સાંભળી શકું ત્યારે તમે તેને બનેંદ્ર કહે મોટા, જેવાં બીજાંમાં છાપવું હોય તેમાં છાપજો; અત્યારે તો એને ઢાંકીને એક બાજુએ જ મૂકી રાખો, શક્ય હોય ત્યાં સુધી એને ભૂલી જજો. એને નિત્ય હલાવતા રહી મારે તરફ વિદ્વેષનું વિષવમન હતારશો મા. કાયથી તાવમાં પડ્યો છું. તમારો

ઈતિ ભાદ્ર ૨૬, ૧૩૧૭ (બંગાળી સંવત) શ્રી રવીન્દ્રનાથ

('પ્રવાસી'ના તંત્રી શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાય પરના બીજા પત્રમાંથી)

સ્નેહાસ્પદેષુ,

જર્મનીમાં મારાં પુસ્તકોનું વેચાણ પ્રમાણ વેગે શરૂ થયું હતું. ત્યાંની યુદ્ધ આરંભાયું. પરિણામે હિસાબ કરવાની વેળા આવી ત્યારે મારો ભાવ ઓટસો ઊતરી ગયો હતો કે જે એને રૂપિયામાં ફેરવીએ તો એક બોળો યે ન ભરાય! એટલે બાકી જ આવક ત્યાં અટકી આવ્યો! મારો ભાવ જો ઘટ્યો ન હોત તો આજે વિશ્વ-ભારતી માટે મારે ભિક્ષામ્ દેહી કરતાં ઝોળી લઈને ફરવું ન પડત. મારાં પુસ્તકોનું વેચાણ ત્યાં કેવું છે અને એની શી ગતિ છે એ વિષે મને કંઈ જ ખબર નથી. જાણું છું કેવળ એટલું જ કે મારું મહેનતાણું આવ્યું નથી પણ એ માટે શોક કરવાનો કંઈ જ અર્થ નથી, કારણ લાભનો આંકડો મોટો થવાની મેં આશા જ નહોતી રાખી. વસ્તુતઃ યુરોપની બજારનાં મારાં પુસ્તકોના વેચાણનો નકો કહ્યો ન રહ્યો ઓટલો હતો-હિસાબનો ચોપડો જોયા-તપાસ્યા વિના જ. મારે માટે હિટલરની જરૂર જ નહોતી મનને આ કહીને જ સાંત્વના આપું છું કે એકદા એવો યે દિવસ હતો જ્યારે કાલિદાસ વગેરે કવિઓ રસજ્ઞોને ભહેસે તેમના કાવ્યનો પ્રચાર થાય એટલાથી જ ખુશ થતા. મને દુઃખ એટલું જ છે કે આજે ચિરકાલીનત્વનું ઠેકાણું શોધવા છતાં યે નથી મળતું. એ જમાનામાં જનસાધારણ વતી કવિને પુરસ્કાર-વાની ફરજ કોઈક એક અસાધારણ વ્યક્તિ પર હતી. આજે એવા રાજા ક્યાં છે? એવું જો હોત તો કૉપીરાઇટની સળગાવી મૂકવા જેવી વણિગ્‌વૃત્તિ સરસ્વતીના મંદિરમાં અશુચિતા વધારત નહિ. કવિ પણ હોય અને રૌપ્ય પણ હોય એનો સુમેળ સમાજમાં આજે દુર્લભ નથી; છતાં તેઓ બે રૂપિયા કે સવા રૂપિયા જેટલી જ દક્ષિણા ચૂકવે છે. પરિણામે જોવાને રુચિ છે પણ શક્તિ નથી એમને જ આકરો દંડ ભોગવવો પડે છે. વાણીને, શબ્દ-સાહિત્યને સુવર્ણની જેમ વેચવાની વૈશ્ય રીતિમાં અંગાલિયત છે એ સ્વીકારવું જ પડશે.

'અન્તરતર' શબ્દનો પ્રયોગ વેદમાં આમ છે:

तदेतत् प्रेयः पुत्रात् प्रेयो वित्तात् प्रेयोऽन्यस्मात्
सर्वस्मात् अन्तरतर यदयमात्मा.

જ્યોતિદાદાના ગીતમાં પણ 'અન્તરતર' શબ્દનો પ્રયોગ છે. જરૂર, મુદ્રણ જરા વધુ સુર ચડાવી આ 'તર'નો જ બે 'તમ' કર્યો છે. સ્નેહી.

૮ જુલાઇ ૧૯૩૫ આપનો રવીન્દ્રનાથ ઠાકુર

(ત્રિપુરાના મહારાજકુમાર શ્રી નરેન્દ્રકિશોર દેવવર્માને લખેલા)

શાંતિપુર

કલ્યાણીયેષુ,

મારે શરીરે ઠીક નથી. તમને કલકત્તામાં દાખલ કરાવ્યા ને જાણી દુઃખ થયું. તમારે માટે એ પીડાદાયી છે તે હું બરાબર જાણું છું. આ પરદેશી જંગલીઓની અશિષ્ટ ઉદ્ધતતા અને કુત્સિત આચાર-વ્યવહાર અત્યંત દુઃખદાયી છે ખાસ કરીને તેઓ આપણને ગણતા નથી, આપણી અવજ્ઞા કરે છે, ને તેમ છતાં આપણે એમની પાછળ પાછળ ભમતા ફરતા રહીએ તે આપણે માટે અપમાનકર છે. એમનો આપણી સારી યે જાતિને તિરસ્કાર છે, આપણી ઘૃણા કરે છે તેઓ આપણું કઈ રીતે સન્માન કરી શકે? આપણે ઘર તો આપણે એ સ્વીકારી પણ કઈરીતે શકીએ? અપમાનિત જાતિ માટે આવા સાદે-બોનો આદર સ્વીકારવાના પ્રયત્ન જેવું હીણું દૃશ્ય બીજું કંઈ હોઈ જ ન શકે. જે થાય તે સદન કર્યે જઈને, આપણે મનમાં ને મનમાં નિજ સ્વાતંત્ર્યનું રક્ષણ કરતા રહેવું. આવા દરજો તો પ્રતિકૂલ સંજોગોમાં પણ તમે તમારું તેજ જાળવી રાખશો. જે શીખવાનું હોય તે શીખીને, જોવાનું હોય તે મૂઆમૂઆ જુઓ, ને જે સ્મૃતિમાં સાચવી રાખવાનું હોય તે સહાકાળ સાચવી રાખો. પરદેશીઓના મોહમાયી ઘેરા તમને સદા બચાવો. ઇતિ શુકવાર. —શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

(જુલાઈ ૧૯૪૧)

કૃપાણીયેષુ,

..... મનમાં દુઃખીએ માનજો કે બરીબાઈ એ અપમાન નથી. સંગાઠીમાં બાધ્યલગ્ન નથી. ચુરણી-ટુખલ વગેરે સાગાનના અભાવમાં લેશમાત્ર અસભ્યતા નથી. ધનસંપત્તિ, વ્યાપારવાણિજ્ય ને સામાન-ફર્નિચરની બહોળાપને જ જેઓ સભ્યતાનું લક્ષણ કહેતા ફરે છે તેઓ બંગાલિયતને જ સભ્યતા કહી સ્પર્ધા કરે છે. શાંતિમાં, સંતોષમાં, મંગળમાં, ક્ષમામાં, જ્ઞાન અને ધ્યાનમાં જ સાચી સભ્યતા છે. ગહિષ્ણુ બની, સંયમી થઈ, પવિત્ર રહી, નિર્જનમાં જ નિર્જને સમાધી બહારના બધા જ શોરબકોર અને આડબંધનને તુચ્છકારીને પરિપૂર્ણ શ્રદ્ધાપૂર્વક એકાગ્ર સાધના દ્વારા પૃથ્વીના પ્રાચીનતમ દેશના સંતાન થવા, પ્રથમતમ સભ્યતાના અધિકારી બનવા, અને પરમતમ બંધન-મુક્તિનો આસ્વાદ માણવા તૈયાર થાઓ. આશીર્વાદક

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

(કવિપત્નીના અવસાનાન્તે લખાએલો)

કલ્યાણીયેષુ, શાન્તિનિકેતન

તમારો પત્ર મળતાં ગાઢ હૃદય દિનગ્ધ બન્યું ટાંચા દિવસ અહીં રહીને તમે એના સ્નેહાળ હૈયાનો પરિચય પામ્યા છો. એનો સ્વભાવ માતૃભાવે ભર્યું હતો, અને એ તમારી પ્રત્યે પોતાના બાળકની જેમ જ જોતી હતી. અહીંના વિદ્યાલયમાં તમે આવશો અને એની શુશ્રૂષા નીચે જ રહેશો એ વિચારે એ આતુરતાપૂર્વક તમારી રાહ જોતી હતી. એની પાસે રહેતાં તમને કદી યે ગાતાની ખોટ એક પળ માટે પણ ન સાલત, એ સંદેહ વિહીન છે.

...ઈશ્વરે મને જે શોક આપ્યો છે તેને એ અકળ નહિ કરે. મને એ ...રૂપી દ્વારગાથી મનલક્ષ્મીને માર્ગે આગળ ધપાવી ઉત્તીર્ણ કરશે.

...રી કલ્યાણકામના મારા હૃદયમાં ચાલુ જ છે. તમે સર્વ વિઘ્ન, ... અને સુખદુઃખમાંથી પસાર થતાં માનવતાને માર્ગે આગળ ધપતા રહો ને સ્વદેશહિતના કાર્ય માટે તમારા જીવનને તૈયાર કરો.

ઇતિ, ૧૮ ભાગશર, ૧૩૦૯ (બંગાબ્દ) શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

(શ્રી હેમન્તબાલાદેવી પરનો પત્ર)

કલ્યાણીયાસુ,

ફૂલ વિષે તમે જાણવા ઈચ્છેલું; પણ બાપાગા એને વર્ણવવાનો કષાય નથી. એક ફૂલ જ આ સાથે મોકલું છું. પરંતુ ટપાલખાતાનાં સિક્કા પડે ને એ દબાઇ જશે તો તમારા હાથમાં પહોંચશે ત્યારે એ હશે નિર્દય સામુના ત્રાસે કરમાઇલી નવવધૂ જેવું; ને એવી સ્થિતિમાં પોતાની ઓળખાણ એ જોઇએ એવી નહિ આપી શકે. વસંતના પ્રથમ સમાગમના આમંત્રણે આ ફૂલથી મારા બગીચાનો એ આખો યે છોડ સજી રહ્યો છે. એનાં કૂણા પાંદડાં સિંદુરવર્ણાં છે, એનો નીચેનો ભાગ સોનેરી છે, એનાં અજસ્ર ફૂલ વસંતની વીણા માં બાહાર રાગિણીની જેમ ઝણઝણી ઊઠ્યાં છે. અનિલમાં આવે છે સુગંધની ભીડ આ વખતે એક બીજી લતાનાં શ્વેત ફૂલ ગોળગોળ ગજરીઓમાં ડોકા ગમાં ઝીલી ઊઠ્યાં છે. અહીંના લોકોને એ વિષે પૂછતાં તેઓ કહે છે કે એ તો જંગલી ફૂલ છે, એના બાગની અમને ખબર નથી. મેં એ અનાદ્રતને જંગલમાંથી લાવીને બગીચામાં રોપેલું હવે એનો અદ્ભુત ઘાસુંછું સૌન્દર્યને સુગંધમાં ઘણે દૂર સુધી એ પોતાની કૃતજ્ઞતા વિસ્તારે છે. મેં એનું નામ રાખ્યું છે 'વનપુષ્પક'. એનાં મૂળમાં કેટલાંક રંગીન ફૂલોનાં જેવાં જ હોય છે. પણ આ ફૂલ જુદી જાતનું છે. એની સૌરભ મૃદુ છતાં ઘાયક છે. એ વસન્તનાં પ્રથમ સંદેશવાહક છે. ફાલ્ગુનના આગમનની છડી પોકારી રંગભૂમિ છોડીએ ચાલ્યું જાય છે નેપથ્યે. નાટકની નાન્દી જેવું છે એ. એટલે શ્લોકમાં જ ભાગ પતાવી એ વિદાય લે છે.

એને એક બીજી સદ્ગુચરી છે, ને તે ગાયની. ડાહેડાળમાં અંકુરિત થઈ એ દર્શન દે છે. વધુ દિવસ રહેતી નથી. સાસરવાસે આવેલી નવીનવી વહુ જેમ પિયર જવા કલાવળી થાય તેવી અધીરી છે એ બીજ એક ફૂલે શિયાળો ચીતે ન ચીતે ત્યાં મારા બગીચામાં દર્શન દીધાં છે;—એ કંચન. એની પ્રગલ્ભતાનો પાર નથી આખા છોડને જન્તવી મૂકતું એ જાણે ખડખડાટ હસી લીધું છે. વનભૂમિમાં સદ્ય પહેલાં એનાં જ દર્શન થાય છે. અમારી શાલવીથિકા (જેની બંને બાજુ શાલવૃક્ષો ઊભાં છે તેવો માર્ગ) વસંતને વિદાયસંજ્ઞા અર્પે છે ત્યારે એ વૃક્ષો પણે અંબેરી છાયાઓ બની જાય છે, ને દક્ષિણાનિલને પથે પ્રસારિત કરી દે છે એની સઘળી યે સૌરભ. પણ આની સાથે જે ગાઢ-મુકુલ છે એને એ હજુ નથી. ગરમીની શરૂઆતથી જ એ અભિસાર શરૂ કરે છે. આ વખતે હિમ પડવાથી અને વાદળાંને અંગે એ મરવા જેવું થઈ ગયું છે. મધમાખોની ગણેકિલ એ જગાવી નથી શકયું... રવીન્દ્ર-સંગીત શીખવનાર માણસ ગયાનું સાંભળી દર લાગ્યો. એવા માણસો કલકત્તામાં છે એની મને ખબર નહિ. બગાડીને શીખવશે. તમારી પુત્રીને અહીં મોકલી દો; રવીન્દ્ર-સંગીતમાં કરતાદ બનાવી દઇશ. —દાદા

કસોટી કરેલી ન શકો તો જવાબ પૃ. ૧૭૦ ઉપર આપ્યા છે.

(૧) શ્રી ઓકશી, શ્રી તંબોળી ને શ્રી દૂધિયા પોતાના ધંધામાં ઓકશી, તંબોળી કે દૂધિયા જ છે એવું કંઈ નથી. શ્રી ઓકશી દૂધિયા નથી; અને જે વ્યક્તિ ખરેખર દૂધનો ધંધો કરે છે તેના નામનો ધંધો શ્રી દૂધિયા પણ કરતા નથી. તો તંબોળીનો ધંધો કોણ કરતું હશે?

(૨) અનુ, તનુ અને મનુને મેં પહેલવહેલા જોયા ત્યારે તેમની ઉંમરનું પ્રમાણ ૫:૨:૧નું હતું. આજે એમની ત્રણેની ઉંમરનો સરવાળો મૂળ કરતાં ૬૦ વરસ વધી જાય છે, ને એમની ઉંમરનું પ્રમાણ ૧૦:૭:૬ છે. તો તેમની અત્યારની ઉંમર શી હશે?

(૩) ઉત્તર ધ્રુવના બિંદુ પર ઊભો રહીને વિપીન પ્રાતઃકાળના સૂર્યને જોઈ રહ્યો છે; તો તેના જમણા હાથ તરફ કઈ દિશા, ડાબા હાથ તરફ કઇ અને પીઠ પાછળ કઇ દિશા હશે?

(૪) હિંદના ઇતિહાસના કેટલાક નિર્ણાયક બનાવો આ નીચે આપ્યા છે; પણ તેની સામે આપેલી સાલનાં વર્ષો આડાંઅવળાં ભૂકેલાં છે. તમે તે સાચા ક્રમમાં ગોઠવી શકશો?

(ક) સિકંદરની ચડાઇ	ઈ. ૧૧૯૨
(ખ) હિંદી સ્વાતંત્ર્યનો બળવો	ઈ. ૧૭૫૭
(ગ) અકબરનો જન્મ	ઈ. ૧૫૧૫
(ઘ) પૃથ્વીરાજ પાણીપતમાં હાર્યો	ઈ. ૧૫૨૬
(ચ) પ્લાસીની લડાઇ છત્યો	ઈ. ૧૮૫૭
(છ) બાબરે કંપનીને વેપારપટો આપ્યો	ઈ. ૧૪૯૮
(જ) વાસ્કો ડ ગામા હિંદને કિનારે ઊતર્યો	ઈ. પૂ. ૨૬૩
(ઝ) બાબર પાણીપતમાં જીત્યો	ઈ. ૧૬૧૫
(ઞ) મરાઠા પાણીપતમાં હાર્યા	ઈ. ૧૬૦૪
(ટ) વિજયનગરનું સામ્રાજ્ય તૂટ્યું	ઇ. પૂ. ૩૨૬
(ઠ) ચક્રવર્તી અશોક ગાદીએ આવ્યો	ઈ. ૧૫૪૨
(ડ) શિવાજીનું રાજ્યારોહણ	ઈ. ૧૭૬૧

(૫) (અ) વાવટો અરધી ઠાડીએ ઉતારેલો હોય તે શું દર્શાવે? (બ) હિંદનું ત્રણ નદીઓના સંગમનું, અને ગુજરાતમાં સાત નદીઓના સંગમનાં તીર્થધામ ક્યાં ક્યાં? અને તે દરેક કઇ નદીઓનાં?

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : ચન્દ્રકાન્ત ન. વૈદ્ય, હળદિયા શેરી, સગરામપુરા, સુરત

113, Sandpurst Rd. Kingsdury
London, N.W.9 (England)

પ્રિય ચન્દ્રકાન્ત,

સહૃદ આવકારપત્ર તમારા ૨૨-૧-૪૬ના પત્ર માટે ઘણો ઓભાર. અરે ચન્દ્ર, 'જય હિંદ'નો અર્થ શો? એ કોઈ 'ટિવસ'નું નામ છે?

...આ પત્ર તમને મળશે ત્યારે દરમ્યાન સર સ્ટૅફર્ડ ક્રિપ્સ વગેરેનું બ્રિટિશ સરકારી મંડળ હિંદ પહોંચી ગયું હશે... તમે એટલું ખ્યાલમાં રાખજો કે બૂતી ચર્ચિલ સરકારે તથા તે પહેલાંની કૉન્ઝર્વેટિવ સરકારે મૂકેલી ઘણી ચૂંચો અમારી મન્દૂર સરકારે હઠેલવાની છે; છતાં તેઓ બહુ જ સરસ હામગીરી બતાવી રહ્યા છે, અને મને આશા છે કે તેઓ હિંદને બહુ સરસ સહાય કરશે. અગારા દેશમાંના બીજા ઘણાની પેઠે મને અમારી મન્દૂર સરકારમાં ભારે શ્રદ્ધા છે. તેમણે ગર્ણાં વંધતનું યુદ્ધપેન્શન વધારી દીધું છે; અને સરકારી કાબૂવાળી ફરિયતાલો તથા ઉદ્યોગોના રાષ્ટ્રીયકરણના ધારા દાખલ કરવાના છે. એનો અર્થ એ છે કે દેશના ગરીબ-તવંગર સૌને દાક્તરી સારવારનો હક મળશે. મારા મત મુજબ અમારા દેશમાં જો કોઇ એકમાત્ર દૂષણ હોય તો તે ગરીબ-તવંગર વચ્ચેનો ખેડ છે... ક્રમભાગે હજી યે અમારે ત્યાં ને બીજા દેશોમાં-ખાસ કરીને અમેરિકામાં ઘણા લોકો એવા છે જેઓ, એ માત્ર મન્દૂર સરકાર છે એટલા જ માટે તેના તરફ પૂર્વગ્રહ રાખે છે ને તેને ઉથલાવી પાડવાને બંદોબસ્ત પડ્યા છે. તેમ છતાં અમારા દેશની જનતા તો બધી નવી સરકારના પક્ષમાં છે... એટલે મને આશા જ છે કે સરકારને પોતાના પુરોગામીઓ કરતાં વધારે સારો અમલ કરી બતાવવાની વ્યાજબી તક આપવામાં આવશે...

તમે મને મિસિસ મ્યૂરિયલ નિકૉલ, મિ. સૉરેન્સન અને ક્લેમેન્ટ ઍટલી વિષે પૂછ્યું છે. એમાંનાં પહેલાં બે વિષે, હું કશું નથી જાણતો, પણ બીજા પત્રમાં હું તમને લખવા-જોગી માહિતી મેળવી કાઢીશ. મિ. ઍટલી સુશિક્ષિત ગૃહસ્થ છે (બાકી હું કે ઑક્સ્બ્રિજ યુનિવર્સિટીમાં ભણેલા.) તે ભદ્રસોકમાંથી આવે છે, અને તેમના ધંધાને કારણે (એ સૉલીસીટર છે) મજદૂરોના સંપર્કમાં નહોતા આવ્યા ત્યાં સુધી કન્ઝર્વેટિવ પક્ષના હતા. પણ મન્દૂરોનું જીવન જોઇને તે એટલા તો ગળે આવી ગયા કે ધંધોબાંધો બધું છોડી દઇને પાર્લમેન્ટમાં મન્દૂરોના પ્રતિનિધિ થઇને ગયા. મારા મત મુજબ તો એ એક મહાન નર છે. અમુક માણસો જેવું વ્યક્તિત્વ બધે એનામાં ન હોય, છતાં એ પોતે એક મહાન વ્યક્તિ છે...

હમણાં તો આટલું બસ લાગે છે, એટલે અલ વિદા—ચન્દ્રકાન્ત!

તમારી સહૃદયી, મેરિલ

નવાં પત્રમિત્રો

નીચેનાં સરનામાં પૈકી આફ્રિકાવાસી તથા બીજાઓ હિંદીગિરોસાથે પણ હિંદી, અંગ્રેજી કે ગુજરાતીમાં પત્રવ્યવહાર કરવા ઇચ્છે છે.

(૧) *Miss M. Milne, 27 Muirton Place, PERTH (Scotland)* (૨) બસ. કે. મેઘાણી, પો. બૉ. ૧૮૩૬, નાઇરોબી (કેન્યા); (૩) કનુભાઈ ભોગીલાલ શાહ, બી. એ., ૪થો માળો, દુર્ગા મૅન્શન, નવી વાડી, મુંબાઈ; (૪) સૈફુદ્દીન ગ દરબાર, પો. બૉ. ૧૬૨, મોમ્બાસા (બ્રિ. ઇ. આ.); (૫) શાંતિલાલ અ. મેઘાણી, કૃષ્ણ ક્લૉથ સ્ટોર્સ, બિલાસપુર (સી. પી.); (૬) શાંતિલાલ ના. શાહ, ૬૯-૧૦૧ મુંબાદેવી રોડ, ત્રીજે માળે, મુંબાઇ-૩; (૭) મૂળજી કાનજી પલણ C/o હા. કાનજી ગેલા, હાણા બારકેટ, માંડવી (કચ્છ); (૮) એચ.એ. કપાસી, મોદીખાર નવસનગર; (૯) પ્રવીણકાન્ત પી. શાહ, શ્રીનાથજી કુંજ, ગૅલ્ડહેડ, સોખેડી, કૅટર્હોમ વૅટેહરા.

સંસારનાં શહેરો

૫૬—ડર્બન

દક્ષિણ આફ્રિકાના એશિયાઇ વસાહતીઓ સામે ત્યાંની સરકારે પેસોર કરેલા કાળા કાયદાનો પ્રતિકાર કરવા હિંદીઓએ જે સત્યાગ્રહની લડત ઉપાડી છે તેનું મુખ્ય થાણું બનેલું આ શહેર, ઇ.સ.૧૮૨૪માં તો, હાથીના શોધા બ્રિટિશ શિકારીઓએ વસવાટ માટે નાખેલી નાની છાવણી જ હતી. એમાંથી વિકસીને માત્ર સવાસો વરસમાં તે આજે નાતાલનું મોટામાં મોટું ધીકતું બંદર અને વ્યાપારી પાટનગર બની ગયું છે. દક્ષિણ આફ્રિકાના યુનિયનમાં માત્ર જોહાનિસબર્ગ અને કેપટાઉનથી જ તે ઊતરતું ગણાય છે. ૧૮૨૪ના નાતાલના ગવર્નર બૅન્જામિન ડી. અર્બન ઉપરથી તેનું નામ પડેલું.

ડેલાગોઆના અખાતથી પૂર્વ લંડન સુધીના દરિયાઈ માર્ગે પરનું આ એકમાત્ર આબાદ બંદર, માનવી પુરુષાર્થ ને ઇજનેરી વિજ્ઞાનનું સર્જન છે. પહેલાં મૂળ તો ત્યાં, દરિયાના અખાત આડે કાળાંતરે જમા થએલી રેતીની પાળથી બારો પાણીનું એક છાછરું સરોવર બંધાઈ ગએલું દેખીને ઓ'ભાઇ આડે ૨૦૦૦ ફૂટ લાંબી પાકી દીવાલ ચણી લઈ તેના પર ડક્કો બાંધી દીધો અને સરોવરને ગાળીને મોટી સ્ટીમરો નાંગરવા યોગ્ય બનાવી દીધું.

પ્રવેશ દ્વાર આગળથી અંતરાળમાં ઉત્તર તરફ શહેરનો વ્યાપારી હલ્લો વિસ્તરે છે ને 'વેસ્ટ સ્ટ્રીટ' નામની તેની મુખ્ય બજરમાં જંગી દુકાનો, થીએટર ને છેક પર ટેકનિકલ કૉલેજ આવેલા છે. આંતર પ્રદેશમાં દોડતી રેલવે ટ્રેનોનું ઉર્ગિનસ સ્ટેશન પણ એ કેન્દ્ર ભાગે જ છે. એ વ્યાપારી કેન્દ્રથી એક ખડકાળ ધાર ધીમે ધીમે ઊંચી થતીથતી ઉત્તરમાં છેકઉભગે નદી સુધી જાય છે, જ્યાં આરેજી પત્થર ને કાંકરીની ખાણોમાંથી જ ડર્બનનાં બધાં મકાનો તથા રોલો દરિયાઈ બંધ બાંધવામાં આવેલાં છે. એ ખડકની ધારના ઉચ્ચ પ્રદેશ પર, દરિયાની સન્મુખ હવેરો લેતો, રંગબેરંગી મકાનો ને બાગોનાં મેદાનોવાળો તથા ફળફૂલથી લચી રહેલા નાના બગીચાઓવાળો વસાહતી ગોરાઓનો સુંદર ભાગ પથરાએલો છે. ત્યાં હૉટેલો, સ્નાનગૃહો, બૅન્ડસ્ટૅન્ડો ને હરવાફરવાનાં કુદરતે રચેલાં આવેલાં છે; કેમકે દક્ષિણ આફ્રિકાના ગ્રેતરાળના કુંગરાળ પ્રદેશો પરસિયાળામાં બરફ પડે છે ત્યારે દરિયાની કુંકની ગરમ હવા-વાળા ડર્બનમાં રજા ગાળવા માટે ઘણા ઊતરી આવે છે. માત્ર દોઢેક લાખની વસ્તીનો આ શહેરમાં યુનિવર્સિટી કૉલેજ પણ સ્થાપવામાં આવી છે.

મુખ્યત્વે બંદરી વેપાર ઉપરાંત ડર્બન બહેલના શિકારનું આશ્રયનું કેન્દ્ર અને ગામઠી કોયલા તથા ઊનના નિકાસનું મુખ્ય સ્થળ છે.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૨૮]

ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ

ગરબા અને ગરબીઓ ગમે છે બાળાઓનો કસબાદાર, વિવિધ રંગોનાં વસ્ત્રપરિધાન, મંડળોની રચના અને પ્રકાશ, ગતિ અને તાલ, ગીતગાયુર્ય અને સૌંદર્ય, ઇત્યાદિની ત્યાં રેલગછેલ હોય છે. સામાન્યિક જીવનનાં હર્ષોલ્લાસ, આશાનિરાશા અને સ્ત્રીહૃદયની અંખનાઓ તથા આદર્શો સાચી લાગણીપૂર્વક એ ગરબાઓમાં જોવાં મળે છે તેવાં બીજે ક્યાંયે થતાં નથી. એમાં દિનપ્રતિદિન નૃત્ય ને અભિનયના તથા હાવભાવ-તત્ત્વ ને સંગીતનાવિકાસ થતા રહ્યા છે અનેક જનના શ્રમપૂર્વક-સફળ નિષ્ફળ પ્રયોગો કલ્લાસભરી રીતે ગરબાઓમાં થતા મેં ઘણા જોયા છે ને અભિનંદન આપ્યા છે

હરદ્વારમાં તો એક ગરબાકાર્યક્રમની સમાપ્તિ વખતે મેં પ્રમુખસ્થાનેથી બાળાઓને હૃદયનાની કોઈ જુદાજ બાબતોથી પૂછ્યું હતું કે તમે કોણ છો અને આ ગર્ભ લોકમાં ક્યાંથી આવ્યાં છો? ચંદ્રલોક કે નક્ષત્રની કોઈ દિવ્ય બાબતોમાંથી તો તમે નથી આવ્યાં?

...હની સાહિત્ય પરિષદ વખતે સ યોજાએલા ગરબાઓ તથા ત્યાંનાં સોદરા નાગર સન્નારીઓના ગરબા મને હંમેશાં સર્વશ્રેષ્ઠ જણાયા છે અને એ ચાંદની રાતો, એ ફૂલો, એ હાવ્ય અને એ રૂપ તથા ગીતની માધુરી મારા જીવનના મીઠા સંભારણા છે.

શેઠ અંબાલાલ સારાભાઈને ત્યા એમની કલાશાળાના એક મણિપુરી શિક્ષકે એમની એક પુત્રીની ગરદથી

પુરનો મોરલો, લો રાજ
પુરમાં ઘનઘન ઘનઘન નાચે
પુરનો મોરલો લો રાજ!

એ કવિવર નાનાલાલનું ગીત જ્યારે નૃત્ય દ્વારા પ્રદર્શિત કર્યું ત્યારે આ ગરવી ગુજરાત અને એના મોરોની વચ્ચે મને ઘણેલા માનવ જીવનની ધન્યતા મને સાકાર થઈ હતી અને તે માટે મેં પ્રભુનો ઉપકાર માન્યો હતો.

એમને શકુંતલા દિવાને એક પુસ્તક સંમેલનને પ્રસંગે ગરદારમાજીની લાજરીમા મીરાંબાઈનું

તુમારે કારન સબ સુખ છોડિયા
અબ મોહે, કયું તરસાવો?
અબ છોડિયા નહિ જાને પ્રભુજી
તબ ચરન કે પાંસ બુલાઓ, પ્રભુજી!

નૃત્યમાં પ્રદર્શિત કર્યું હતું ત્યારે હરિરસના દિવ્ય પૂરમાં હું જાણે તરતો હતો.

ઉદયશંકરને સિંગ્રામનાં નૃત્યોથી તો ભારતીય દેવો અને દેવીઓને (એટલે કે પ્રભુની અવ્યક્ત શક્તિઓને) ચુંબનોને) એમના મોહક તાલમય સ્વરૂપે પ્રત્યક્ષ થતાં જોયાં છે અને એ સાક્ષાત્કાર એટલો અસરકારક થયો છે કે એ ક્ષણિક નહિ પણ અમર બની ગયો છે.

જ્યારે એનાં રાધા અને કૃષ્ણ પશ્ચાદ્ ભૂમિના સંગીત સાથે નૃત્ય કરે છે ત્યારે અગમ સૃષ્ટિ એમાં ઓતપ્રોત થએલા ચૈતન્ય પ્રભુ સાથે આનંદસાગરમાં ઝોલાં ખાતી મેં જોઈ છે.

એના શિવ જ્યારે સતીવિયોગથી સમાધિ ચઢાવીને જોગે છે, અને સૃષ્ટિ ધણી વગરની ઠોર જેવી આસુરી બળોથી ઘેરાઈ રહે છે ત્યારે કેવી સંપત્તિઓ અસહાય ગ્લાનિમાં ડૂબી જાય છે. પછી શિવ ધીમેધીમે જગે છે, નીતિ, ધર્મ ને કલ્યાણમય યોજનાઓને હાથમાં લે છે અને સર્વત્ર જયજય મંગળ પ્રવર્તી રહે છે એ વખતે તત્ત્વજ્ઞાનમાં કવિતા તથા સંગીતાભળે છે ને સત, ચિત્ત તથા આનંદની નિયતિનાં રસમય દર્શન અનુભવાય છે.

ક્ષાત્રતેજનાં દર્શન કરાવતું એમનું હૃદયપૂરતા વીરોનું નૃત્ય અને યંત્રયુગની કઠોરતા તથા શુષ્કતા નિરૂપતું સાંઝ ને કારખાનાંનાં જીવનનું નૃત્ય સચોટ છે. અર્જુન, ઇન્દ્ર અને અપ્સરાનાં જોગાણે યોજેલાં નૃત્યો એ બળ, સત્તા, સૌન્દર્ય ને ભક્તિને જેવાં જીવન સાથે આત્મસાત્ કરી આપે છે તેવાં બીજા કોઈ કલાઓ આજ સુધી કદિ ક્યાં જાણ્યાં નથી

એમના કલાકેન્દ્રમાં થોડો વખત રહેવાનું સદ્‌ભાગ્ય મને આલ્મોડામાં મળ્યું હતું, ત્યારે, દેવદારુ વૃક્ષોની ઘટા નીચે, ત્યાંના ઉતારાદરજીએ સરોદના તંતુવાદ્ય પર આમારા અંતર્યામીને બેસાડીને એની જોગમાયા કરાવી છે કે મેં બોલરુમનાં શિખરોની સમીપ

'નહિ એસો જનમ બારંબાર'

બોલીડી અસંખ્ય વાર ગાયા કરી છે. અને હજી ગાયા કરું છું.

ભજનોની એક સભા હતી. યેત્રો અને કારખાનાં વચ્ચે જીવન ધરી નાખનાર સ્ત્રીપુરુષોને નવે અવતારે ગંદારમાજીએ આણ્યાં હતાં. મૂડીદારો સામે માનવતાના વિજયનો એ ઉત્સવ હતો. ત્રણિવર્ષક યંત્રો પહેલી જ વારત્યારે અમદાવાદમાં પ્રચલિત થયાં હતાં એની એ વિરાટ સભામાં સ્વ. નાંરાયણ મોરેશ્વરભરેએ સભાનું ઉદ્‌ઘાટન કરતાં ગાયું:

દિલમાં દીવો કરો રે દીવો કરો.
કૂડા કામ ક્રોધને પરહરો રે,
દિલમાં દીવો કરો.

એ ગીત ગવાયા પછી મોટી ઉંમરના એ અભણ શ્રોતાઓને વિશેષ કાંઈ જ ભણાવવાનું બાકી રહ્યું નહોતું.

મહાલક્ષ્મી ડીમેલ ટ્રેનિંગ કૉલેજમાં ઘણાં વર્ષ સુધી એક પંચાક્ષરી સંગીતગાયર હતા પ્રીતમભાઈએ ઘણા કલાપ્રેમીઓને એકઠા કરી એક રાત્રિએ કુસંમ કર્યો હતો. રાતના બાર વાગ્યાં સુધી તો પંચાક્ષરી કંઈ આવવાની જ ના પાડતા હતા; પણ પછી જ્યારે વાતાવરણ શાન્ત થઈ ગયું અને શ્રોતાજનોનાં હૃદય પૂરેપરા તરબોળ થઈ ગયાં ત્યારે વગર ગાયે પંચાક્ષરીએ કબાટ્યું કે

પ્યારી!...
અખિયાં હરિ દરસન કી પ્યાસી.
દેખો ચાહત કમલ નયન કો
નિશદિન રહત ઉદાસી-અખિયાં૦
આયે કયો ફિરી ગયે આંગન
ડાલ ગયે ગર ફાંસી-અખિયાં૦

મધુર આલાપ સાથે શ્રોતાજનો ડોલતા હતા. શુદ્ધ શાસ્ત્રીય ઢબે અને પૂર્ણ ભાવ સાથે પંચાક્ષરીએ ઉપરાકપરી તાન અને પલટા લીધા, છતાંમધુર્યનું રેપ્રિયગિરજનની આરજૂની તૃપ્તાનું એમાંનું મીઠું દુઃખ ઘડીભર હૃદયમાંથી અન્યુ નહોતું, કલકું વધારે ને વધારે ઘૂંટાતું જતું હતું આ પંચાક્ષરીને દેવલોક થયે પણ આજે તો ૧૦ ૧૫ વર્ષ થઈ ગયા છે; પણ મને તો સંગીત એ પાંચમો વેદ છે એની એ પ્રતીતિ કરાવીને ગયા છે. (ક્રમશઃ)

દસોટાનાં જવાબ

(૧) શ્રી ઓકકરી (૨) ૬૦,૪૨,૩૬ (૩) ઉત્તર ધ્રુવ કરતાં બધી જ દિશાઓ દક્ષિણ ગણાય (૪) (૬)ઈ.પૂ ૩૨૬ (૫) ૧૮૫૭ (૬) ૧૫૪૨ (૭) ૧૧૬૨ (૮) ૧૭૫૭ (૯) ૧૬૧૫ (૧૦) ૧૪૬૮ (૧૧) ૧૫૨૬ (૧૨) ૧૭૬૧ (૧૩) ૧૫૬૫ (૧૪) ઇ.પૂ. ૨૭૩ (૧૬) ૧૬૬૪ (૧૫)(૧૬) શોક; (૧૭) ગંગા, યમુના ને સરસ્વતીના સંગમસ્થાનવાળુ પ્રયાગ; સાણસગરી, હાથગરી, મોર, શેઠી, બારી, મેઘો ને વાઘક એ સાત નદીઓનું સંગમસ્થાન ચીકા.

(જુલાઈ ૧૯૪૬) ૧૭૦

ચાંદુડો

છે યુદ્ધ તો જગવવું; પણ પ્રેમ રાખી !
લોહી લીધા વગર લોહી દઈ જ દેવું !
જેને જગો જગતમાં નબળાઈ કહેતાં
તેમાં જ છે તુજ થવું પુરુષાર્થ, વ્હાલા ! —હલાપી

સ્વ. વસંતરાવ હેગિષ્ટે

આજથી ૧૫ વરસ પર કાનપુરની કોમી રમખાણને શમાવવામાં પોતાની જતને હોમનાર ભારતપ્રતિત ગણેશશંકર વિદ્યાર્થીની શહીદીને સગરાજે એવી શહીદી ગઇ તા ૧લી જુલાઈના રોજ અમદાવાદમાં ઊંચાઈલી કોમી રમખાણની આગને ઠારવા જતાં બલિ બનેલા બે હિન્દુ-મુસ્લિમ બિરાદરો સ્વ. વસંતરાવ હેગિષ્ટે અને રજબઅલી લાખાણીના આત્મવિલોપને કરી. સ્વ. વસંતરાવે એમના આખા જીવન દરમ્યાન એમના મૃત્યુની જેમ જ આત્મવિલોપન સાધ્યું હતું. કૉંગ્રેસના મૂક અને મોભા કાર્યકર તરીકે એમની સુવાસ કેવળ અમદાવાદમાં જ નહિ પણ ગુજરાત આખામાં ફેલાએલી હતી. પ્રકાશમાં આવવાની લેશ પણ વૃત્તિ નહિ, સત્તા કે દેખાવની પાછળ દોડવાનું નહિ, અને છતાં કૉંગ્રેસનું એક પણ કાર્ય એવું નહિ હોય કે જેમાં વસંતરાવ મોખરે નહિ હોય. 'વસંતરાવ દાદા'ના વ્હાલસોયા નામથી સૌકોઈના તે પ્રીતિપાત્ર થએલા.

આજથી ૮૦ વર્ષ પર અમદાવાદમાં આવીને ખુશ્કેલદરની નવી અને જાણીતી પેઢી નામનાર ગદાધરાષ્ટ્રીય નૈરંય ગહાદેવ રામચન્દ્ર જગુષ્ટેના કુટુંબમાં, તેમની એકની એક પુત્રીને ત્યાં વસંતરાવનો જન્મ ઈ. ૧૯૦૬ના મે માસની ૧૬મી તારીખે થએલો. તેમના પિતા હરિશ્ચન્દ્રરાવ હેગિષ્ટે તાર ખાતામાં સરકારી નોકર હતા. વસંતરાવને તેર વર્ષના મૂકીને એ ગુજરી ગયા ત્યારથી તે પોતાના બે ભાઇઓ અને ત્રણ બહેનો સાથે મામા ગોવિંદરાવ જગુષ્ટેની ભીઠી છાયા તળે ઊછરીને મોટા થયા.



સ્વ. વસંતરાવ ('પ્રજાબંધુ'ના સૌજન્યથી)

નાનપણમાં તેમનું શરીર ગાઇ-કાંગલું હતું. મિત્રો અને સગાંઓની મશ્કરીઓથી કંટાળીને તેમણે મુદ્દલ બનવાનો નિશ્ચય કર્યો. અમદાવાદમાં એ કાળે અંબાલાલ પુરાણીએ કસરત સાથે સેવાના આદર્શનો સમન્વય કરીને ચેહવા માંડેલી નવી જ દૃષ્ટિની વ્યાયામ-પ્રવૃત્તિ પાંગરતી હતી લેજિસ્લેટિવ બ્રાહ્મણ કેસવાળા શ્રી વૈકુંઠરાયન પણ અદ્રમાં રહી એ વેળા યુવાનોને ક્રાંતિકારી વાચન કરાવતા અને ઉદ્બોધન આપતા. એમના સંપર્કથી વસંતરાવે જીવનમાં દેશસેવાના આદર્શો ધૂંટ્યા અને વ્યાયામપ્રવૃત્તિમાં પલોટાઇને પોતાના એ નિર્માલ્ય શરીરને એવું તો બનાવ્યું કે ૧૯૨૬-

આ માસ (જુલાઇ)નું પંખી

શૌખીગા

ગુજરાતમાં હમેશાં વસનારું છતાં આપણી ભાષામાં જેનું નામ નથી મળતું (શૌખીગા એ હિંદી નામ છે) એવું, માંડ ચારેક આંગળનું આ પંખી હોય છે તો બહુરંગીયે નાનું, પણ મોહક રૂપ અને ગીતા સ્વરનો સંયોગ જેવો એના દેહમાં થયો છે એવો કોઇક જ પંખીમાં હશે. કપાસિયા ભાગ—માથું, પીઠ, પાંખો, પૂંછડી—બધું ચળકતા પેરા કાળાશ રંગનું; એમાં બાજ પાંદના પાંખોમાં બે ચેત પટ્ટા; અને નીચલો ભાગ—ગળું, છાતી, પેટ—ખુલ્લા પીળા રંગનાં. ઉનાળો આવે કે એના દેહમાંથી આકર્ષક રંગની છોળો ઊઠે છે અને એના કંઠમાંથી ગીતની ગરતી પરાકાષ્ઠાએ પહોંચે છે, જે છેક ઑગસ્ટ સુધી રહે છે.

સ્વભાવે હળવું ઓલનારું, પણ ગ્રીષ્મમાં એના સંવર્તનકાળે તો ક્રૌંચિની ગરજી એના કંઠમાં આવે છે. ગ્રામા ને ઈયડ જેવાં ગાયકશિરોમણિ પંખીઓમાં એને સ્થાન અપાવનાર એ ગાનના ઉચ્ચારને શબ્દસ્થ કરવા કઠણ છે. એની ઓલીમાં ઘણી વિવિધતા છે, છતાં એનું પ્રિય ગાન ચાર પદી છે. ૧-૨-૩-૪, એમ એક પછી એક ધીમી સીટી, પા કે અરધી ક્ષણને અંતરે મારતો જાય: સી-સી-સી-સી ! તમને મોઢેથી સીસોટી મારતાં આવડતી હોય તો 'અ-ચુ ક્યાં-ક્યાં ?' એ પદને સીટીમાં ઉતારવાથી શૌખીગાના ગાનની આબાદ નકલ કરી શકશો.

આપણા ગુજરાતના સ્થાયી અધિવાસી આ પંખીને આળખે તો ઓળખતા થે નથી, જ્યારે કેનેરા-પૂર્વ હિંદમાં તો ઘણા એને એના ગાન માટે પાળે છે. પણ આ મૃદુ પંખી બંધનના આઘાતમાં કવચિત જ જીવે છે.—૬૦

રહ્યાં વસંતરાવના શરીરને જેવું એ એક હઠાવો હતો. અંગકસરતના, કુસ્તીના અને સરકસના પહેલવાનો કરે છે તેવા મોટર ઓટલવાના ને પત્થર તોડવાના પ્રયોગો પણ તે કરતા.

આ શારીરિક વિકાસની સાથે તેમનો મનોવિકાસ પણ ઉન્નતગામી જ થતો રહ્યો હતો અને સેવા તથા આત્મસમર્પણની ભાવના તેમનામાં વિકસવા લાગી હતી. એટલે ૧૯૨૧માં ગુજરાત વિદ્યાપીઠમાંથી વિનીત બનીને એ ગાંધીની સાથે જેલમાં જોડાયા ત્યારે એમાં એમનું ચિત્ત ચોંટયું નહિ અને વ્યાયામપ્રવૃત્તિ તથા બહેર સેવાના કાર્યમાં જ રત રહેવા લાગ્યા. ભદ્રની આજની પૂર્ણ વિકસિત વ્યાયામશાળા વસંતરાવની જ શક્તિ અને સાધનાનું ફળ છે. અમદાવાદ વ્યાયામ મંડળ અને ગુજરાત વ્યાયામ મંડળના પણ આદ્ય વ્યાયામોમાંના તે એક અને પહેલી સંસ્થાના તો છેલ્લાં ત્રણ વર્ષથી તે લાઇટ પ્રમુખ હતા.

૧૯૩૦માં ઊપડેલા રાષ્ટ્રીય સત્યાગ્રહે તેમને વિશાળ ક્ષેત્ર આપ્યું ધરાસણા ઉપર મીઠા માટે હલ્લો લઈ જનાર પ્રથમ ટુકડીના તે આગેવાન હતા. લાંની ગંભીર ઈજામાંથી તે બચ્યા એ પણ એક ચમત્કાર જ હતો. તે પછી '૩૧, '૩૨, '૪૧, '૪૨ એ બધા સ્વાતંત્ર્ય-સંગ્રામોમાં તે મોખરે રહ્યા, ને કદાચ કોઈપણ ગુજરાતી કરતાં વધારે જેલયાત્રાઓ કરી. આ જેલ પરંપરાએ અને મેલેરિયાના સખ્યાબંધ હુમલાએ એમના કસરતી બદનને પણ તોડી નાખ્યું.

જેલ બહારનાં વર્ષો દરમ્યાન તેમણે સતત જનસેવાકાર્ય જ કરેલું. વ્યાયામ, હૉમ્રેસનું સેવાદળ, ગ્રામોદ્ધાર, સધરચના, પ્રૌઢ શિક્ષણ અને મુસ્લિમ આમ સંપર્ક, એકેએક ક્ષેત્રમાં એમણે ફળદ્રુપ કાર્ય કર્યું છે. ગાંધીવાદનો એમણે ઊંડો અભ્યાસ કરી તે પચાવ્યો હતો.

> ભક્તિને ખાતર તથા સત્યને ખાતર સેવેલી ગાન્યતાઓને જીવનમાં ઉતારનાર, ને બીજાઓ પોતાની ફરજ બજાવતા હોય હોય, તે ધ્યાનમા લીધા વિના પોતાની ફરજ અવિરતપણે જનાર ગણીગાઠી વ્યક્તિઓમાંના એક તે હતા.

આજના સંજોગોમા તેમની મુસ્લિમ સંપર્કની પ્રવૃત્તિ આસનોંધપાત્ર છે. પં૦ જવાહરલાલે મુસ્લિમ આમસંપર્ક માટે અનુરોધ કર્યો કે એમણે એ કામ ઉપાડયું. અમદાવાદના પઠાણ વિસ્તારોમાં એ ફરતા. સરહદની વિકરાળ લાગની એ કોમોની વચ્ચે ફરવું એ આસાન કામ ન હતું. શરૂમાં તો એ લોકો વસંતરાવનો ઇંતજાર પણ ન કરતા. એક દિવસ એક પઠાણે સૂચવ્યું કે આ અમારા પ્યાલાગામાંથી પાણી પીઓ તો અમે તમારા પર યકીન મૂકીએ. વસંતરાવે ચુપચાપ પ્યાલો ઉઠાવી મોએ માંડી દીધો. પઠાણોએ તુરત તેમને વધાવી લીધા. તે વરસે હૉમ્રેસમાં ૧૫૦૦ થી ૨૦૦૦ મુસ્લિમો સભ્યો થયા હશે.

જેલમાં એક આટકાયતી કેદી ઉમરખાને આદરેલા આમરણ ઉપવાસે વખતે, ઉપવાસના કારણમાં વસ્તુદોષ ન હતું છતા, વસંતરાવે તેમને સાથ આપેલો. એમણે કહ્યું કે 'આપણે હજારો હિંદુ કૉમ્રેસીઓ વચ્ચે એ એક મુસ્લિમ મરે અને કોઈ હિંદુ સાથ પણ ન આપે તો આપણી કેવી હાંસી થશે? હું એમના વિચારો સાથે સંમત ન થતો હોઉ તોપણ મનેલાગે છે કે હિંદુ-મુસ્લિમ ઐક્ય ખાતર મારે મારી જિંદગી પ્રસ્તુત કરવી જોઈએ.' આ આગ્રહ, અને દેશના કોમી ઐક્ય માટે જોખમ વહોરવાની તેમને સ્વેચ્છાથી હુલ્લડના ભયાવસ્તારમાં ઊંચી ગઈ.

જુલ્મે પણ એમણે મુસ્લિમોને બચાવ્યા હતા.

રહેવાનો સંકલ્પ કરીને સતત દેશકાર્યમાં વેત્રવત્ કાર્યકર્તા ન હતા. કાર્યની વ્યાયામ, શરીરશાસ્ત્ર, આહાર-શાસ્ત્ર, નિસર્ગોપચાર વગેરેમાં કરેલા અનેકી પ્રયોગો તેમજ જેલમાં બંને કાર્યથી એ બનાવેલા છે. જેલમાં તેમણે વૈદ્યકીય અને આરોગ્યવિષયક શબ્દોનો કોષ તૈયાર કરવા માંડેલો ને લગભગ પૂરો કરેલો.

વસંતરાવનું સમગ્ર જીવન 'Malice towards none' (કોઇના યે પ્રતિ દ્વેષભાવ વિના)થી રંગાએલું હતું એ વ્યાયામવીરની મર્દાનગી કરુણાની અમૃતધારાથી મુક્ત હતી.

શું પ્રયોગમાં કે શું પ્રવૃત્તિમાં, તેમનો સાથ તરફનો દૃઢ અનુરાગ પ્રતીત થયા વિના ન રહેતો. જગત મનોવ્યાપારમાં હરીફે રહ્યા ન રહે, લાલસા ન રહે, એવો તેમનો અંગનો દૃઢ પ્રયત્ન યોગના જીવનને વધુ ને વધુ ઉચ્ચના તરફ પ્રેરનો જતો હતો. એ છબ્બા ક્રોત તો કદાચ ગીતાએ ગોયેલા અનાસક્ત જીવનનું પ્રતીક આપણને જોવા મળ્યું. ગુજરાત પારો આજે તો એવા એક રવિશંકર મહારાજ માત્ર રહ્યા છે. ગુજરાત કેવું ગરીબ બનવા માંડયું છે!

વેદકાળની સરસ્વતીની માફક એમનું જીવન આજે ભલે ઊંડી તરસી પાશવતાથી સૂમી થયેલી ધરતીમાં વિરામ પામ્યું; પણ એ સરસ્વતીની માફક રણને પણ તેમના જીવને હરિયાળું છે. અને ટૈગોર કહે છે તેમ, ગઢ પંથે જતી નદીનું જીવન અકળ નથી જ જવાનું

(શ્રી ન વા. માવલંકરના તથા 'ગુજરાત સમાચાર'માંના લેખો પરથી)

ફિલિપ્પાઈન્સ

આજ સુધી અમેરિકન કબજાગીરીની અસરમાં રહેલા ફિલિપ્પાઈન્સ ટાપુઓનું રાજ્ય ગઈ ૪થી જુલાઇ (અમેરિકાના સ્વાતંત્ર્યદિનની તારીખ)થી સંપૂર્ણ પ્રજાસત્તાક બને છે. અમેરિકાએ આજથી દસ વર્ષ પહેલાં તેનું વચન આપ્યું હતું. પાંચ દાયકા પહેલાં ૧૮૯૮ના સ્પૅનિશ-અમેરિકન વિગ્રહને અંતે અમેરિકાએ આ ટાપુઓ પર કબજો સ્થાપ્યો ત્યારથી જ તેને સ્વતંત્રતા આપવાનું ધ્યેય નક્કી કર્યું હતું.

પશ્ચિમ પાસિફિકમાં આવેલા આ ટાપુઓ ઇ. સ. ૧૫૨૧માં, શોધસફરે નીકળેલ મૅગેલને શોધેલા. તેનું ક્ષેત્રફળ બ્રિટિશ ટાપુઓ કરતાં સહેજ ઓછું છે. ફિલિપ્પાઈન્સ ટાપુઓ બધા મળીને આંકડે ૭૦૦૦ જેટલા છે, પરંતુ તે પૈકીના ગાત્ર ૨૦૭૩ ટાપુઓના જ નામ પડેલાં છે; ને ફક્ત ૪૬૨ ટાપુઓને જ એક માઈલથી વિશેષ ક્ષેત્રફળ છે. સૌથી મોટા ટાપુ લુઝોનમાં રાજધાનીનું શહેર મનીલા આવેલું છે. જપાનીઓએ આ ટાપુઓ કબજે કરીને એશિયાના સમગ્ર પૂર્વ કિનારાનું રક્ષણ કરતી એક સંરક્ષણ દીવાલ રચવાનો પ્રયાસ કર્યો હતો.

ટાપુઓ બધા ડુંગરાળ છે અને મોટા ટાપુઓમાં તો અનેક જ્વાળામુખીઓ હોય તેવી ડુંગરોની લાંબી હારમાળાઓ આવેલી છે; જેમાંની કેટલીક ૧૦,૦૦૦ ફૂટ જેટલી ઊંચી છે. આ ટાપુઓમા મોટી નદીઓ ઓછી છે, પરંતુ નાનાંનાનાં ઝરણાં ઘણાં છે.

૧૯૩૯ની ગણત્રી વેળા ફિલિપ્પાઈન્સની વસ્તી ૧,૬૦ ૦૦,૦૦૦ ની હતી જેમાંએ લાખ વિદેશીઓ હતા, ને તેમાં ચીનાઓની સંખ્યા સૌથી વધુ હતી. અહીં જુદા જુદા ૪૩ જાતિ-સમૂહો જે અને ૮૭ જેટલી ભાષાઓ બોલાય છે. કુલ વિસ્તારના ઘણા ઓછા ભાગ પર ખેતી કરવામા આવે છે, છતાં ૮૦ ટકા જેટલી પ્રજાના જીવનનિર્વાહનો આધાર ખેતી છે. વિગ્રહ પહેલાં આ ટાપુઓ ખાંડનું ઉત્પાદન કરનારા દેશોમાં પાંચમે નંબરે આવતા. ઉપરાંત અહીં ઈમારતી લાકડાંનાં વિશાળ જંગલ આવેલાં છે તથા શણના સંબંધમાં તે દુનિયાનો લગભગ ઈજારો ધરાવે છે.

ત્રણ વર્ષ ઉપરાંતના જપાની કબજા દરમિયાનની લૂંટ ને ખાનાખરાબીએ આ ટાપુઓની આર્થિક પરિસ્થિતિને પલટી નાખી છે. ગોખાના વાવેતરના એકર પ્રમાણમાં ઘરખમ કાપ મૂકવો પડયો

છે. આ સિવાય ખાંડ, નાળીએર તથા તમાકુના નિકાસ ફળોગોને પણ ભારે નુકસાન થયું છે. તા. ૪થી જુલાઈના રોજ પ્રાપ્ત થતી એમની આઝાદીમાં એમને વધુ તાકાતવાન કરવાને હમણાં અમેરિકાએ ફિલિપ્પાઈન્સ પુનર્વસાહતી ધારો તથા ઓજ્ઞ વ્યાપાર ધારો એવા બે ધારા પસાર કર્યા. પુનર્વસાહતી ધારામાં ફિલિપ્પાઈન્સને યુદ્ધ દરમ્યાનની નુકસાનીમાં વળતર તરીકે ૪૫ કરોડ ડૉલર આપવામાં આવ્યા છે. આ રકમ પૈકી ૩૩ કરોડ ડૉલર બાનગી મિલ્કતની પુનર્રચના વગેરે માટે છે અને બાકી રહેતી રકમમાંથી સરકારી મકાનો–શાળાઓ, ઈસ્પિતાલો, રસ્તાઓ જેવી જાહેર મિલ્કતોની પુનર્રચનાની જોગવાઈ છે. આ ઉપરાંત ત્રણ કરોડ ડૉલરની કિંમતના યુદ્ધ વધારાની સામગ્રી પણ ત્યાંની સરકારને સોંપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

('જન્મભૂમિ'માંથી તારવીને)

નવી જાતના કાચ

સલ્ફ્યુરિક ઍસિડ (ગંધકનો તેજાબ), નાઇટ્રિક ઍસિડ કે હાઇડ્રોક્લોરિક ઍસિડ (મીઠાનો તેજાબ) વગેરે તેજાબો આપણે કાચનાં મોટાં બાસણોમાં ભરેલા જોઈએ છીએ અને સામાન્યરીતે બનાવેલ કાચ તેજાબથી અસરપરથ્યે છે. પણ હાઇડ્રોફ્લોરિક ઍસિડ નામનો એક એવો તેજાબ આવે છે કે કાચના બાસણમાં રાખી જ શકાતો નથી! બહુ ચોકકસ કાચની શીશીમાં એ ભર્યો હોય તો શીશીના કાચને તે કોરી જ ખાય છે. અત્યાર સુધી આ તેજાબ માટે ખાસ જાતની જ બનાવટની શીશીઓ રાખવી પડતી; અથવા કાચની શીશી હોય તો તેજાબ ભર્યા પહેલાં તેની અંદરના ભાગમાં પૅરૅફીન લગાડવું પડતું પરંતુ અમેરિકન ઑપ્ટિકલ કું. નામની ચશ્માંના કાચ બનાવનારી જગવિખ્યાત કંપનીએ હવે એવો કાચ તૈયાર કર્યો છે કે એ કાચ પર હાઇડ્રોફ્લોરિક ઍસિડની અસર થતી જ નથી. હવે હાઇડ્રોફ્લોરિક ઍસિડ ભરવાનાં બાસણો બનાવવાની મુશ્કેલી દૂર થશે; કુપરાત રસાયણો તૈયાર કરનારની આંખના રક્ષણ માટેનો ગૉગલ્સ પણ એ જ કાચમાંથી બનાવી શકાશે.

એજ કંપની તરફથી એક બીજી જાતનો કાચ તૈયાર કરવામાં આવ્યો છે. એની ખાસિયત એ છે કે તે સંપૂર્ણ રંગવાદળ હોવા છતાં ખૂબ જ ગરમી-ચૂસક છે. ફિલ્મો પાડતી વખતે નીકળતા સખત પ્રકાશવાળા આર્ક લૅમ્પની જરૂર હોય જ છે, અને ફિલ્મ પાડવાનાં મશીનોમાં કેટલીકવાર એ આર્કની ગરમીને લીધે ફિલ્મો સળગી ઊઠે છે. તે ભય આ કાચને લીધે દૂર થશે. એ જ રીતે કેટલીકવાર ફિલ્મોનાં 'શૂટિંગ' ચાલતાં હોય ત્યારે અભિનેતાઓ પર ફ્લડલાઈટ પડે છે પ્રકારો ફેંકાય છે તેને લીધે તેમને ખૂબ ગરમી સહન કરવી પડે છે. પરંતુ હવે ફ્લડલાઈટમાં પણ આવા કાચનો ઉપયોગ થશે એટલે અભિનેતાઓને પણ રાહત રહેશે. આ કાચ લગભગ ૯૦ ટકા જેટલી ગરમી ચૂસી લે છે, છતાં તેના પ્રકાશવહનની શક્તિમાં બાંધો આપતો નથી. આ કાચની બનાવટમાં મુખ્યત્વે આવતાં તત્ત્વો ફૉસ્ફરસ, ઍલ્યુમિનિયમ અને સિલિકોન ઑક્સાઈડ ગણાવી શકાય.

આ જ કંપનીની એક ત્રીજી જાતનો કાચ તે રાત્રિભરીનનાં ગાણસોને ઉપયોગમાં આવે તેવાં ગૉગલ્સ (કાળા ચશ્મા) ડૉક્ટરીકે કે બીજા કોઈ કારણે દરિયાને તાબે જઈ બેઠેલાં વહાણો વગેરેના શોધમાં જતી વખતે સબમરીનનાં ગાણસોને આ ગૉગલ્સ ખૂબ ઉપયોગી નીવડે છે. સાધારણ ખૂબ જ પ્રકાશવાળી જગાએ આ ગૉગલ્સ વડે આંખનું રક્ષણ તો થાય જ છે તે જૂદું ન જોઈએ.

(સુચિત)

—ઝવેરી બાદ

૧૭૩ (જુલાઈ ૧૯૪૬)

આ માસ (જૂન) ઈતિહાસમાં

તા. ૨ ગંગાળાના નવાબ સિરાજુદ્દૌલાનું મિરજાફરે ખૂન કર્યું, ૧૭૫૭.

તા. ૪ અમેરિકાએ બ્રિટિશ ગ્રેસરીમાંથી આઝાદ થઈ ફિલાડેલ્ફિયા મુકામે પોતાના સ્વાતંત્ર્યનું જાહેરનામું પોકાર્યું.

તા. ૭ દાદાસાહેબ ખરેએ બ્રિટિશ પાર્લામેન્ટના સભ્ય ચુંટાયા, ૧૮૯૧

તા. ૧૨ છેલ્લા લાંબા ચીન-જપાન યુદ્ધની શરૂઆત થઈ, ૧૯૩૭.

તા. ૧૪ ફ્રાન્સની વિક્રેલી પ્રજાના જુવાળે ત્યાંનું બાસ્તાઈલનું કારાગૃહ તોડયું અને રાજાશાહીનો કાયમી નાશ કર્યો, ૧૭૮૯.

તા. ૧૫ જગવિખ્યાત ડચ ચિત્રકાર રેમ્બ્રાંનો જન્મ, ૧૬૨૩.

તા. ૧૬ ઈસ્ટ ઇન્ડિયા કંપની ના ઍક્ટ છતી લીધું ૧૮૬૯.

તા. ૨૧ પહેલી કૉંગ્રેસની બેઠકના પ્રમુખ વ્યોમેશચન્દ્ર બૉનરજીનું અવસાન, ૧૯૦૬.

તા. ૨૪ હજાર ઉપરાંત પુસ્તકોના લેખક મહાન ફ્રેન્ચ નવલકથાકાર ઍલેક્ઝાન્ડર ડયુમાનો જન્મ, ૧૮૦૨.

તા. ૩૧ થીઓસોફીની આદ્ય જનેતા મૅડમ હેલીના પેટ્રોવના બ્લાવાટ્સ્કીનો રશિયામાં જન્મ, ૧૮૩૧.

આ માસની વ્યક્તિવિશેષ



જુલિયસ સીઝર

જગતમાં મહાન રોમન સામ્રાજ્યનો વિજયડંકો વગાડનાર આ યુદ્ધવીર અને રાજપુરુષનો જન્મ ઈ.સ. પૂર્વે ૧૦૨ની ૧૨મી જુલાઈએ રોમમાં થયેલો. નાનપણથી જ લશ્કરમાં જોડાઈ તે ૨૧ વર્ષની વયે એશિયાઈ યુદ્ધોમાં ગયો. ત્યાંથી પાછો આવી રાજકારણમાં પડયો. ઈ.સ. પૂર્વે ૬૮માં સ્પેનનો સુબો બનીને ત્યાં ગયો, અને રોમના ફૉન્સલ (લોકપ્રતિનિધિ રાજકર્તા) પૉમ્પેની બહેનને પરણ્યો. ધીમેધીમે પોતાની બહાદુરી ને બુદ્ધિચાતુર્ય વડે તે ચોટલો ગણનાપાત્ર બની ગયો કે ઈ.સ. પૂર્વે પકમાં તે ફૉન્સલ નીમાયો; અને ત્યાર બાદ પૉમ્પેના આગ્રહથી ગૉલ(ફ્રાન્સ) નો ગવર્નર નીમાયો. ઓણે વીરતાભરી છતોથી આખો ફ્રાન્સ કબજે કરી ઈ.સ. પૂર્વે ૫૫માં બ્રિટન પર પણ આક્રમણો કર્યા અને યુરોપના છેક પશ્ચિમ છેડા લગી રોમન સામ્રાજ્યની હાક વગાડી.

તેના આ વિજયની ઈર્ષ્યાએ રોમમાં અનેક કુસંપનો ઊભા કર્યા જેમાં મુખ્ય પૉમ્પે પોતે હતો. તેની સાથેના સંગ્રામોના બધા પ્રયત્નો નિષ્ફળ જતાં સીઝર જંગી લશ્કર સાથે ચડી આવ્યો અને ગૉલ તથા ઈટલી વચ્ચેની સરહદ આંકતી રૂબીકોન નદી ઓળંગી આંતરવિગ્રહ માંડયો. ઈ.પૂ ૪૮માં તે ફૉન્સલ નીમાયો અને પૉમ્પેનો પીછો પકડી ગ્રીસમાં ફાર્સેલસ મુકામે તેને છેલ્લી શિકસ્ત આપી ત્યાંથી તે પૂર્વમાં વિજયપ્રસ્થાને નીકળ્યો, જ્યાં ઇજિપ્તમાં ત્યાંની રૂપવતી રાણી ક્લીઓપેટ્રા સાથે પ્રેમમાં પડયો. આ પછી એશિયા માઇનોર ને આફ્રિકા સુધી રોમનસામ્રાજ્યનો વિસ્તાર કરી પાછા ફરેલા સીઝરને રોમે દસ વર્ષ માટે અને પછી જીવનભરને માટે કૉન્સલ નીમ્યો.

પણ ટૂંક વખતમાં તેની સામે કાવતરું ઊભું થયું, જેમાં તેનો અંગત મિત્ર બ્રૂટસ પણ સામેલ થયો અને ઈ. સ. પૂર્વે ૪૪ના માર્ચની ૧૫મી તારીખે રોમેરહાઉસમાં જ તેનું ખૂન કર્યું

તપસી દિનદિન તપ તપે, ખિન તપસી રહે દેખ;
ભાલે કર દઈ દાખવે, લલાટ લખિયા લેખ.

—ઉમાશંકર

આલ્માની લડાઈમાં સૈનિકો પાછા હઠવા લાગ્યા, પણ ધ્વજધારી તો ધ્વજ પકડી રાખીને મોખરા પર ઊભો જ રહ્યો. સેનાપતિએ એને બૂમ પાડી: 'ધ્વજ અહીં લઈ આવ.' ધ્વજધારીએ જવાબ આપ્યો, 'ના; સૈનિકોને અહીં ધ્વજ પાસે લઈ આવો.' એ એકલ ધ્વજધારીની આવી વીરતાભરી હિંમતનું શું પરિણામ આવે એ કહેવાની જરૂર છે?

કહેવતો કેમ પડી: 'બાંધ્યા કણબીએ ગામ ન વસે.'—જનસામાન્યની ઇચ્છા વિરુદ્ધ અન્યાયી રાજસત્તા પણ ટકી શકતી નથી અથવા તો જબરદસ્તીથી મનધાર્યું કરાવી શકાતું નથી એ દર્શાવવા વપરાતી આ કહેવત માટે વાત છે કે એક ગામડાના અન્યાયી ઠાકોરના મનસ્વીપણાથી કંટાળી ત્યાંના ખેડૂતો હિજરતે નીકળ્યા. ઠાકોરે તેમને અટકાવવા ગામ ફરતો પહેરો મૂક્યો, એથી ખેડૂતો ગામમાં પુરાઈ તો રહ્યા, પણ એમણે ખેતી કરવાની જ ના પાડી! ઠાકોરે ઘણા યે ધમપછાડા માર્યા, પણ એમાં શું ચાલે? એમ કરતાં ખેતીની મોસમ પણ ચાલી ગઇ. અંતે ગામમાં ન રહ્યા ખેડૂત કે ન રહ્યા રાજનો હુકમ માનનારા પહેરેગીરો પણ.

અનેકાર્થી શબ્દ: કંટક=કાંટો કે ફાંસ; માછલાં પકડવાનો ગલ, આંકડો; રોમાંચ; નટતર અથવા ડખલ; દુશ્મન.

ગણિત-ગમ્મત: કોઈ પણ બે રકમોની વર્ગસંખ્યા (Square)ની બાદબાકી-તણવી હોય તો તેને માટે એક સરળ ચાવી છે. એ બે રકમોના સરવાળાને એ જ બે રકમોના તફાવતે વડે ગુણો. જે આવે તે જવાબ. દાખલા તરીકે ૨૫²(૬૨૫)–૨૪²(૫૭૬)નો જવાબ જાણવો હોય તો ૨૫+૨૪=૪૯×૧ (૨૫ ને ૨૪નો તફાવત)=૪૯. (મૂળજી જેઠા જોષી)

હેલિયમધાતુની પહેલવહેલી શોધ સૂર્યમાં કરવામાં આવી હતી,—ઈ. ૧૮૬૮ના સૂર્યગ્રહણ વેળાના નિરીક્ષણમાં! પૃથ્વી ઉપર તો તે ત્યાર પછી ૨૭ વર્ષે છેક ઈ. ૧૮૯૫માં ક્લેવાઇટ નામના ખનિજમાંથી શોધાયું.

જોજવાળી ભીંતોમાંથી પાણી ઓસરતું અટકાવવા માટે ભીંતની બહારની બાજુએ, ઉકાળેલા જોલતેલમાં ધીમેથી સરખે ભાગે ચેરોફિન ઉમેરેલું મિશ્રણ લગાડવું.



અમેરિકામાં ભળેલી સંયુક્તરાષ્ટ્ર પરિષદ વેળા સમસ્ત જગતના ઐક્ય અને બંધુભાવનાના પ્રતીક રૂપ World City (જગતનગર) કલ્પીને તેને માટે કાઢવામાં આવેલી ત્રણ સેન્ટની પોસ્ટ છાપ.

એક હરરાજીમાં સારો પોપટ જોઈ મનહરલાલને તે ખરીદવાની ઈચ્છા થઈ અને માગણી કરી: 'પાંચ રૂપિયા!' સામે કોઇએ માગણી વધારી: 'દસ રૂપિયા!' મનહરલાલ બોલ્યા: 'પંદર રૂપિયા!' સામેથી વધારો આવ્યો: 'પચીસ રૂપિયા!' એમ કરતાં અંતે મનહરલાલને ૧૦૦ રૂપિયે એ પોપટ મળ્યો. પૈસા ચૂકતે કરીને પાંજરું લેતાં લેતાં તેમણે હરરાજ કરનારને પૂછ્યું, 'આ પોપટ સારું બોલે છે તો ખરો ને?' હરરાજ કરનારે જવાબ દીધો: 'કેમ? તમારી સામે કિંમતની બિડ વધારીને બીજું કોણ બોલતું હતું? ખુદ એ પોપટ જ બોલતો હતો! એથી વિશેષ સારું બોલવાનું તમારે શું જોઈએ?!'

બ્રહ્મસુર અને કાનડાના કર્ણ રાજાઓએ 'પદ્મ-ટંકા' નામના એક વિશિષ્ટ પ્રકારના સોનાના જાડા સિક્કાઓ પાડેલા, જેનો આકાર કમળના ફૂલ અથવા વાટકા જેવો, વચ્ચેથી ઊંડો છે. ઉપર ડાબી બાજુ આપેલા તેના નમૂનામાં વચ્ચે આઠ પાંખડીનું કમળ છે. અને ચોમેર શંખ, ચક્ર અને બીજું એક પ્રતીક તથા નાગરી જેવી લિપિમાં લખાણ છે. આવા સિક્કાઓમાં વચ્ચે ચરાહની છાપ પણ હોય છે (જુઓ જમણી બાજુનો બીજો સિક્કો.)

> ❝ જે વીર છે તે હમેશાં જયને માટે ભલે છે અને પરાજયને માટે તૈયાર રહે છે. હારી જઈએ એમાં કશું ખોટું નથી; વટા થઈને એમાં નામોશી છે.
>
> —કાલેલકર.

હાથીના પગમાં કુદરતની એવી રચનાવિશેષતા રહેલી છે કે ચાલતી વખતે જે પગ ઉપર શરીરનું વજન આવે તે પ્રસરીને ચોડો થાય અને જેના ઉપરથી વજન ઉઠાવી લે તે સંકોચાઈને પાતળો થઈ જાય. આ રચનાને લીધે જ તે જેમ અને ફાવે ત્યાંથી જમીનોમાં સરળતાથી ચાલી શકે છે, કેમકે ચોડો થવાને લીધે પગ બહુ ઘેરો ખૂંચી જતો અટકે અને સંકોચાવાથી તરત ઊંચો લઈ શકાય. નહિતર વજનથી જ અંદર ખૂંચી રહેને નીકળી ન શકે.

'માણસને ચીતરતો માણસને ચીતરતો માણસ.' એક માણસ બીજાને ચીતરે છે, બીજો ત્રીજાને, ત્રીજો ચોથાને, એમ પરંપરાએ એકબીજાને ચીતરતા માણસનું, તદ્દન સાદું જાપાની અમેરિકાના એક અગ્રણી કાર્ટુનિસ્ટ મિ. સ્ટાઇનબર્ગનું આ જોરદાર કટાક્ષચિત્ર યુરોપમાં તાજેતરમાં ભરાએલા અમેરિકન કટાક્ષચિત્રોના પ્રદર્શનમાં ઘણું પ્રશંસા પામ્યું હતું. (યુસિસ)

હિંદના ગુલાબના બાગની સવારની સઘળી ખૂશબો વિનોલિયા વ્હાઇટ રોઝ સાબુ તમારી પાસે લાવે છે. તેનું મુલાયમ, ભરપૂર ફીણ અત્યંત નાજુક ચામડીને માર્દવતાથી સ્વચ્છ કરે છે—અને તેની સોરંભ તમારી આસપાસ મનોહર પરિમલ ફેલાવે છે. તમારા સૌંદર્યની વૃધ્ધિ માટે તમને બીજો કોઇ વધારે સારો અને વિશિષ્ટ સાબુ મળી શકશે નહિ. વિનોલિયા વ્હાઇટ રોઝને તમારો માનીતો સાબુ બનાવો.

વિનોલિયા વ્હાઈટ રોઝ સાબુ

VWR. 19-23 GJ

VINOLIA CO., LIMITED, LONDON, ENGLAND

વિદ્યાર્થીઓ, વેપારીઓ, વકીલો, વિદ્વાનો વગેરે મગજનું કામ કરનારાઓ માટે ખાસ

ઝંડુનું પૌષ્ટિક ચ્યવનપ્રાશ કેસરીજીવન

નાનાં-મોટાં, માંદાં-સાજાં, નબળાં-સબળાં, સ્ત્રી-પુરુષ, સૌકોઈ ઍનું સેવન કરી શકે છે

મહારસાયન

કસ્તુરિકુંજર, અમલ, કેસર, કસ્તુરી અને બીજાં કીમતી, પાચન ને પૌષ્ટિક ઔષધ મેળવી ખીલવેલ, કસદાર આમળાંવાળો જામગોલું સુશોભિત સુવાસિત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ચ્યવનપ્રાશ

તેનું નિયમિત સેવન

લાંબું આયુષ્ય તથા ભારી સ્મરણશક્તિ
આપી શરીરમાં બલ, તેજ ને ચૈતન પૂરે છે

કિંમત
૧ રતલના ડબ્બાના રૂ. ૩૫
૦૫ ,, ,, રૂ. ૧૯
૧ ,, ,, રૂ. ૪

ફોરેનમાં:
એજન્ટોઃ
મુખ્ય એજન્ટ

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લિ.

અમદાવાદના એજન્ટ · ભોગીલાલ અથવા · ગાંધીરોડ

ટેલિગ્રામ:
ઝંડુ મદ્રાસ-બોમ્બે
મુખ્ય ઓફિસ

ગુજરાતનું પાટનગર

અમદાવાદ

ડબ્બા કેસરાઈ અને બદામ કેસરાઈ
કિંમત રૂા. ૨-૦-૦ · પોસ્ટેજ જુદું

ગોવાલણી અને બીજી વાતો

ઝડપભેર તૈયાર થઈ રહ્યું છે

મુક્તિ પ્રોડક્શનનું પ્રથમ સામાજીક ચિત્ર

★

પટકથા–સંવાદ
પં. ગીરીશ

ગીત
દીપક

સંગીત
શાંતિકુમાર

છાયા
એન. એમ.
અધિકારી

દિગ્દર્શન
કે. જે.
પરમાર

ગૌરવ

દિગ્દર્શનઃ કે.જે.પરમાર

★

મીસ ઝીનત
ઘનશ્યામ બી.એ.
મી. રાજ
ચારૂબાલા
પ્રતાપકુમાર
શોભારાણી
બેબી રજની
પીનાકીન શાહ
ઓમપ્રકાશ
ગાડ

સાથમાં–
મુન્શી ખંજર
પાંડે

★

સમાજના અંતઃકરણને સાદ દેતું સર્જન

ગૌ...૨...વ

પ્રકાશ અને ફીલમીસ્તાન સ્ટુડીઓમાં ઝડપભેર તૈયાર થઈ રહ્યું છે

મુંબાઈ ઈલાકા અને સી. પી. આઈ. ના બુકીંગ માટે—

ચંપક ફિલ્મ ડીસ્ટ્રીબ્યુટર્સ

પ્રાંતિય હક માટે

મુક્તિ પ્રોડક્શન પીલાં લોજ, શંકર શેઠ રોડ, **મુંબાઈ ૭**

અમારૂં આગામી આકર્ષણ—'પસીના'

ઓગણીસમી સદીના અંત ભાગમાં થઈ ગએલા, ઇંગ્લંડની રોહી કલાપીઠના પ્રમુખ આ નામી કલાકારે પોતાની ગણનાપાત્ર કૃતિઓથી ઇંગ્લંડની કળામાં પૂરેલો ફાળો જેટલો વિપુલ છે તેટલો જ તેજસ્વી છે, ને એનાં ચિત્રો ધરાવતાં એ જગતનો કોઈપણ કલાસંગ્રહ બહુમાન સગ્રહે છે.

ઘેરદાર રેખાસાગર્યું અને ભૂંજમાં અજબ રંગભભક ધરાવતું, હૃદયની લાગણીઓને હલાવી મૂકતું આ ચિત્ર, સંયોજનામાં જરા વિચિત્ર લાગે છે, પણ એમાં જ એનું બળ છે. આગલા ભાગમાં બેઠેલી બે બાળાઓ ચિત્રનો ચમકમય અરધો ગાળો રોકી લેતી હોવા છતાં બાકી રહેલી ઓછી જગ્યામાં ચિત્રકારે આકાશ ને ભૂમિભાગનો કેટલો વિશાળ વિસ્તાર દર્શાવ્યો છે! અને એ યોજનાપુરઃસર છે. બાલાના અંધત્વની દર્દભરી અસર પ્રેક્ષકના હૃદય પર તીવ્રપણે આંકવા એને બહોળી કુદરત વચ્ચે આકાશમાં મેઘધનુષ આલેખવું છે. એ બે સાગસાગાં તત્ત્વો જ ચિત્રને સાગર્થ આપે છે.

એ મેઘધનુષના ગયાળાના છેડાથી શરૂ થઈ, મેદાનપાના ઝાડમાંથી પસાર થઈ, બાળાના ચહેરાને, ઓઢણી પરના પતંગિયાને અને બેબાળાંના હાથવાન્તને આવરી લઈને, પગ આગળ સમાપ્ત થતી એક કલ્પનારેખા તમારા મનોચક્ષુ આગળ ખડી કરો. મેઘધનુષની માફક જ આખા ચિત્રમાં અર્ધચંદ્રાકારે પથરાઈ રહેતી એ રેખા, આ ચિત્રની રહસ્યરેખા છે. એ રેખાના માર્ગમાં આવતી એકેએક વસ્તુ આ ચિત્રના ભાવનો ઓટદાર બનાવે છે, ને તે બધી વસ્તુઓ પર ધનુષાકારે ફરતી તમારી નજર ચિત્રના કરુણ ભાવથી તમારા હૃદયને ભરી દે છે.

ઓહો! સૃષ્ટિમાં આટલી બધી સુંદરતા છે! હરિયાળાં ઘાસ ને લીલા વૃક્ષકુંજ, મનોરમ પંખીઓ ને ભભકરંગી પતંગિયાં, ભૂરું આકાશ, ને તેમાં ઊંચાએલું રંગની કવિતા સમું ઈન્દ્રધનુ; —પણ એ દશાનો આનંદ એ બાળાને કાજે નથી

અંધ બાળા — કલાકાર: સર જૉન એવરેટ મિલે

અરે, એના એજ પરના આ કિરમજી ચણિયા, કથ્થાઈ ઓઢણી ને સોનેરી વાળનો પણ નહિ' ઈશ્વરની આ અદ્‌ભુત સૃષ્ટિમાં જે કાંઈ આનંદ લેવાનો તે આ વાન્તના સૂરમાંથી, પંખીના ગાનમાંથી કે આ ઘાસ ને આ ફૂલતા સ્પર્શમાંથી! એક પછી એક આ બધી વસ્તુઓ એની આ દર્દકથાને તમારા અંતરમાં ઉતારે છે. પણ એની એ કરુણતા તે આ ચિત્રનો ખરો સંદેશ નથી.

આ કરુણતામાં કરવાનું ખરું દર્શન તો એ બાળાના ચહેરા પર રહેલી ધારણશક્તિમાં છે. પોતાના અંધત્વનું એને ભાન છે, પણ એના દુઃખથી જીવનને ખરે શા માટે કરવું? ઈશ્વરે આપેલાં બીજાં અંગ દ્વારા એની સૃષ્ટિના કાવ્યનું પાન કરવાની સ્વસ્થતા, સતોષ ને સમાધાનવૃત્તિ એણે કેળવી લીધી છે. અને નાની બહેન મેઘધનુષની સુંદરતાનું જે દિગ્દર્શન વર્ણન કરે છે તેને શ્રવણ ધરે—અને તેથી યે વધુ એના હાથમાં આંકડા ભીડેલા પોતાના હાથના સ્પર્શ દ્વારા તે બીજું છે. કલાકારનો સંદેશ આખી સફળ બન્યો છે. એ મુખભાવમાં અને એ જકડી ભીડેલા હાથના આંકડામાં એના જીવનની ધારણશક્તિ છે. ચ. ૨૧. ('સાહિત્યપલ્લવ'માંથી)

ઝડપભેર તૈયાર થઈ રહ્યું છે

મુક્તિ પ્રોડક્શનનું પ્રથમ સામાજીક ચિત્ર

★

પટકથા–સંવાદ
પં. ગીરીશ

ગીત
દીપક

સંગીત
શાંતિકુમાર

છાયા
એન. એમ.
અધિકારી

દિગ્દર્શન
કે. જે.
પરમાર

★

મીસ ઝીનત
ઘનશ્યામ બી.એ.
મી. રાજ
ચારૂબાલા
પ્રતાપકુમાર
શોભારાણી
બેબી રજની
પીનાક્ષીન શાહ
ઓમપ્રકાશ
ગૌડ.

સાથમાં–
મુન્શી ખંજર
પાંડે

★

સમાજના અંતઃકરણને સાદ દેતું સર્જન

★

ગૌ...૨...વ

પ્રકાશ અને ફીલ્મીસ્તાન સ્ટુડીઓમાં ઝડપભેર તૈયાર થઈ રહ્યું છે

મુંબાઈ ઈલાકા અને સી. પી. આઇ. ના બુકીંગ માટે—

ચંપક ફિલ્મ ડીસ્ટ્રીબ્યુટર્સ

પ્રાંતિય હક માટે

મુક્તિ પ્રોડક્શન પીલાં લોજ, શંકર શેઠ રોડ, મુંબાઈ ૭

અમારું આગામી આકર્ષણ—'પસીના'

ચિત્રલેખા

આવતી કાલનાં ગુજરાતનું ઘડતું આજનાં ઘરોનું અગ્રગણ્ય માસિક

સંસ્થાપક કુ. રમાબહેન વિશંકર રાવળ વર્ષ ૨૩ મું અંક ૮ મો

ઑગસ્ટ ઓગણીસસો છેંતાલીસ તંત્રી . બચુભાઈ રાવત





જાપાની દૃશ્યચિત્ર

કીમતી વનસ્પતિનું
બનાવેલું સનટોન
દાંત સાફ કરવા રોજ વાપરો.

BRITAIN'S BEST...
૧૯૪૬
EKCO
'એકો'
રે ડી ઓ ઝ
તાકીદે મેળવવા મળો
રૂપાર રેડીયો
ઈલેકટ્રીક કંપની
હરિસદન · ચાર રસ્તા · અમદાવાદ



કુમાર

ઑગસ્ટ · અંક ૨૭૨ · ૧૯૪૬

ચિત્રો

પ્રાતઃકાળ (ફોટો)		હીરાલાલ ભટ્ટ પૂ.કું
જાપાની દૃશ્યચિત્ર		ત્રિરંગી મુખચિત્ર
હિંદી ઢબનાં ફર્નિચર	કનુ દેસાઈ	પાછલા પૂઠાનાં

કાવ્યો

મુશ્કેલી ગર્દને વરે		'કુશનરૂ' ૧૭૬
આરંભે		પુનલાલ ૧૭૬

ચરિત્ર

દી. બા. ગલબંતરાય કલ્યાણરાય ઠાકોર		આપહથા ૧૮૦

વાર્તા

દીવાલ પરનો ચહેરો		યશવંત શુકલ ૧૭૦

લેખો

તમાકુ બાબત કેવું છે?		૧૭૬
પ્રવાસ-ગંગરી [૫] હૃષિકેશ	રવિશંકર રાવળ	૧૭૭
ચિત્રવિજ્ઞાન [૬] (અર્ધેન્દુકુમાર ગાંગુલી)	સૌ. અપર્ણા ત્રિવેદી	૧૭૫
રસદર્શન–૨૬	હરિપ્રસાદ મ. દેસાઈ	૧૮૯

વિભાગો તથા મહીહું

કસોટી	૧૬૮
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ	૧૮૩
ગાયકવરી	૧૭૧
આ માસનું ચંપો–ચાતક	૧૭૧
આ માસ ઇતિહાસમાં	૧૭૩
છેલ્લું પાનું	૧૭૪

ગ્રાહકોને

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. છતાંયે તે અરસામાં અંક ન મળે તો તરત બેદાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત બેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ચુક થએલા અંકોની ફરિયાદોને, આગારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હંમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ બેવા ચુક થએલા કોઈ પણ અંકો બરબાદ કરી આપવાનું કાર્ય-દેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તેની મુદ્રક અને પ્રકાશક : અમુભાઈ પોપટલાલ રાવળ, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં રૂા. ૭ ૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કોઈ દુષ્પ્રાપ્ય અંકો મળે છે તે દરેકની કિં. ૧–૪–૦.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ–૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, માંધારોટ.

કુમારમાંનાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે

ડાલ્ડા તમારા માનીતા શાકને સ્વાદ આપેછે—અને તમને તાકાત પણ આપેછે!

ડાલ્ડાથી રંધાયેલો ખોરાક કોઇ છાંડશે નહિ. ત્વરિત પાચનકારક અને વિટામિનવાળું, ડાલ્ડા તેના આનંદજન્ય સ્વાદથી સાદી વાનગીઓને પણ ઉમદા બનાવે છે અને તમારા રોજના ખોરાકનો એકસરખો કંટાળો દૂર કરે છે. ડાલ્ડાથી રાંધો અને તમારો ખોરાક બનીતા પૌષ્ટિક અન્નોથી ભરેલા આ ગોબ્બ્બા રાંધવાના સાધનથી સુધારો. અને યાદ રાખો કે ડાલ્ડા એ રાંધવાનું સામાન્ય સાધન નથી—તે કુટુંબને તંદુરસ્ત રાખે છે અને તેમને વધારાની તાકાત આપે છે.

★ ડાલ્ડા પાકશાસ્ત્ર (ફક્ત અંગ્રેજીમાં)ની મદદથી તમારા ખોરાકનું આયોજન કરો. તેમાં તેમના ખોરાકો તરત બને કરાયેલી ૧૫૦ ઉપરાંત લ્હેજતદાર હિંદી વાનગીઓની માહિતી છે. તમારી નકલ માટે ૪ આનાની ટિકિટો Dept. B303 P.O. Box No. 353, Bombay, સરનામે મોકલો.

BVAL 49-23 GJ

THE HINDUSTAN VANASPATI MANUFACTURING CO., LTD.

"લક્સ ટૉયલેટ સાબુ
તમારી ચામડીને સુરખી ભરી
અને રમણીય રાખે છે."
હુરન બાનુ
કહેછે.

LTS. 141-111-40 GJ

LEVER BROTHERS (INDIA) LIMITED

હવે આખું યે સફેદ —વધારે મેલા ભાગો પણ

દરેક વસ્ત્રના કેટલાક ભાગો એવા હોય છે કે જે જલ્દી મેલા થાય છે—અને આજ ભાગોને, થોડોક સાબુ લગાવી, તેમને સ્વચ્છ કરવા માટે પાણીમા ભીંજવી ધોકા મારવામાં આવે છે ત્યારે સૌથી વધુ નુકસાન પહોંચે છે.

તમારા કપડાં સનલાઇટની રીતથી ધોવાડો અને ધોકા મારવાથી થતો બરબાદ અટકાવો.

બીના વસ્ત્રમાં ધીમેથી ભરાયેલું અને પછી નીચોવેલું સનલાઇટ સાબુનું વિપુલ અને આપ મેળે ફામ કરતું ફીણ વસ્ત્રને સફેદ અને સંપૂર્ણ રીતે સ્વચ્છ કરે છે...અને તે પહીનાં પીછાં માફક સુંદર થાય છે જે આ ચોખ્ખા સાબુ વાપરનારાઓનો આનંદ છે. સનલાઇટ સાબુ તમારા વસ્ત્રને માટે સારો છે, તેના રંગ માટે સારો છે અને તમારો હાથ મુલાયમ રાખે છે.

તે સનલાઇટની રીતથી ધોવાયેલું છે!

સનલાઇટ સાબુ

E 79-23 GJ

LEVER BROTHERS (INDIA) LIMITED

અમૂલ્ય દાંત !

તે તમારા હાસ્યની શોભા ક્યાં સુધી વધારશે ?



દાંતના પારાના કોલસાટથી તમારા હાસ્યની રમણીયતાને ભયમાં મૂકતા નહિ. તાજગી આપનાર ગ્રેસ. આર. ટુથપેસ્ટથી* નિરંતર તમારા કીમતી દાંત સાફ કરતાં નીરોગી પારામાં સફેદ અને મજબૂત તે રાખશે.

*દાંતના પારાની પીડા મારે ઉત્તમ ઘરગ્થુ સરદાર તરીકે દાંતના ડૉક્ટરોમાં અણુની સોદીબાગ રીસર્ચનેબ્રેટ તેમાં છે.

GSR. 51-50 GJ

D. & W. GILES LIMITED, LONDON, ENGLAND

સ્ટાન્ડર્ડ જનરલ.ની.

પ્રગતિને પંથે



આગેકુચ . . . .

—હેડ ઑફીસ—
કલકત્તા
•
શાખાઓ
• અમદાવાદ
• લાહોર
• પટના
• દિલ્હી
• ગોરખપુર
• કરાંચી
(ચીફ એજન્સી)
• મદ્રાસ
વગેરે

૧૯૪૫માં
મેળવેલા કામકાજના પ્રીમિયમના
સંગીન
આંકડાઓ

	૧૯૪૪	૧૯૪૫
ફાયર	રૂા. ૪,૧૭,૭૧૧	રૂા. ૧૦,૨૧,૩૦૦
મરીન	,, ૯૬,૬૦૭	,, ૨,૦૧,૮૦૦
એકસીડન્ટ	,, ૧૯,૮૩૩	,, ૧,૦૧,૦૩૦
કુલ અસ્કયાગત	રૂા. ૧૨,૯૪,૬૬૦	રૂા. ૧૫,૬૬,૭૩૬

આગ
દરિયાઈ
મોટર
એકસીડન્ટ
ચોરી
લુંટફાટ
કામદારોના
અદલાના
વિમાનુ
કામકાજ
લખવામાં
આવે છે.

બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ

સર બદ્રીદાસ ગોએન્કા, નાઇટ, સી. આઈ. ઇ. ચેરમેન
શ્રી ગોકળચંદ મોરારકા
શ્રી કે. પી ગોએન્કા
રાયબહાદુર રાજકુમારસીંગ કરસીદાસ એમ.એ., એલ.એલ. બી.
શ્રી એમ. એ. ઈસ્પહાની

સ્ટાન્ડર્ડ જનરલ એસ્યોરન્સ કંપની લી.

૪૫-૪૭ એપોલો સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૧

શ્રી યુ. એન. ચેટરજી
જનરલ મેનેજર

શ્રી કે. જી. મર્ચન્ટ
બ્રાન્ચ મેનેજર

ટે૦ નં૦ ૨૨૦૪૮, ૨૨૦૪૬. ટેલીગ્રામ્સ STANGENAL

શ્રી જસવંત સુતરીયા બ્રાન્ચ મેનેજર, ખાડીઆ, ચાર રસ્તા, વકીલ બિલ્ડીંગ, અમદાવાદ ટે. નં. ૨૩૭૮

કુટુંબમાં સૌન્દર્ય જાળવી રાખે છે

આ કહેછે "મારી મા તમે જેવી તેના ચિત્રમાં જુઓછો તેટલીજ સુંદર હતી. પણ તેની ચામડી કેટલી સુંવાળી અને રમણીય હતી તે કોઈપણ ચિત્ર બતાવી નંહિ શકે." આએ પોતાની ચામડી અદ્‌ભૂત જાળવી રાખી છે, અને તે ઇચ્છે છે કે તેની દીકરીએ પણ તેની ચામડી તેવી સોહામણી રાખવી જોઇએ. તેણે તેના પુત્રીને સંભાળપૂર્વક કૌટુંબિક રહસ્ય શીખવ્યું છે—તે પીઅર્સ સાબુ અને પોષ્યું પાળી છે. આ ઠાંડી ફિણામણ કુટુંબમાં પેઢી દર પેઢી સુધી સૌન્દર્ય જળવંત રાખશે.

ચાલીસ વર્ષ પર્યંત રૂપરાણીઓનો પીઅર્સ સાબુ માનીતો રહ્યો છે. તેની કુદરતી સુગંધ અને સુંવાળા રેશમ સા ફીણને લઇને બીજા સામાન્ય સાબુ કરતાં આ સાબુ વધારે જુદોજ તરી આવે છે.

પીઅર્સ સાબુ

સૌન્દર્યનો સાથી

TG. 40-172 GJ

A. & F. PEARS, ISLEWORTH, ENGLAND

હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અમણી આવિષ્કાર, કલકત્તા યુનિવર્સિટીના વાઈસચેરી કલાપદના આચાર્ય અને 'રૂપમંડળ' ના
વિખ્યાત કલાવિવેચક શ્રી અવનીન્દ્રકુમાર ગાંગુલીની કલગી કલાકૃતિ

ચિત્ર-વિજ્ઞાન

અનુવાદક : સૌ. શ્રી અપૂર્વમણિ ત્રિવેદી

જનસામાન્યને પણ સરળ તેમ સાદી સરળ રીતે અને સંખ્યાબંધ દૃષ્ટાંતચિત્રો સાથે
કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવવા આ અત્યંત ઉપયોગી કૈલાસના
'કુમાર'ના વાચકો માટે કલારસિકજનોને હિંદી કલાની સમજણના એક મહત્ત્વના અભ્યાસક્રમ જેવી બની રહેશે. એનો લાભ સૌ [illegible]

ચિત્ર કોને કહેવાય ? એક તો એ કે : જેને જોવાથી આંખ તૃપ્ત થાય તે દૃશ્યમય સામગ્રીનું નામ ચિત્ર જેમાંનું જોવાથી ચિત્ર કે મનને તૃપ્તિ અથવા આનંદ થાય તેનું નામ ચિત્ર.

પહેલાં તો, આંખને તૃપ્તિ કોનાથી થાય અને કેમ થાય તેનો વિચાર કરીએ. પ્રકૃતિના જુદાજુદા રૂપોની આકૃતિ પાછી જુદાજુદી જાતની રેખાઓ વડે બનાવાય છે આ રેખાઓમાં બે જાતની રેખાઓ મુખ્ય છે. એક: સરળ રેખા-સીધી લીટી (જુઓ ચિત્ર ન ૧); અને બીજી: વક્ર રેખા-વાંકી લીટી (જુઓ ચિત્ર નં. ૨).

પ્રકૃતિની આકૃતિઓનાં જુદાજુદા રૂપોની વલિયો મુખ્યત્વે આ બે જાતની રેખાના સગાવેરાથી બનાવાય છે (ચિત્ર નં. ૩).

પ્રકૃતિની આકૃતિઓ ઉપર નજર ફેરવતાં તેના જુદાજુદા રૂપો કેવાંદોય છે તેનો આપણને અનુભવ થાય છે કોઈકોઈ રૂપમાં સીધી રેખા મુખ્ય હોય છે દાખલા તરીકે સાધારણ પહાડનું રૂપ (ચિત્ર નં. ૪); ત્યારે કોઈકોઈ રૂપમાં વક્ર રેખા મુખ્ય હોય છે. જેમકે ઝાડનાં પાંદડાં (ચિત્ર નં. ૫) સાધારણરીતે સીધી અને વાંકી રેખાના જુદાજુદા મિશ્રણ વડે પ્રકૃતિનું રૂપનિર્માણ થયું છે. (ચિત્ર નં [illegible]

કોઈપણ રેખા જેવી તેવા આપણે આંખની મદદથી ફેરવી પણ જોઈએ તો જાણવા માંસપેશીની મદદથી આપણે તે ફેરવી શકીએ (ચિત્ર નં. ૬). સીધી રેખા પર આખ ફેરવી તેમ આપણે જોઈએ તો સરળરીતે ફાવે છે; જોકે કોઈનીઓ કરતાં પહોળી પણ વાંકીરેખ (ચિત્ર નં ૭) જેવી પણ આંખની કીકીને ગોળ એક વાર એક તરફ ફેરવે છે, ને ઘોડીવાર પછી બીજી તરફ ફેરવે (ચિત્ર નં. ૮) જોકીની આ બે જાતની ગતિમાં જ્યારે કોઈ તરફ માંસપેશી કામ કરે છે ત્યારે બીજી તરફની માંસપેશી વિસામો લે છે. તેથી બાંધાકૃતિ સરખા વારી રેખાથી આલેખાય ચિત્ર ન ફેરવી પણ આપણે કેટલા તો જાણી, પણ આપણે એમાં એક પછી એક અંગ જોઈને માંસપેશીને વારાફરતી વિસામો આપી રહે છે (ચિત્ર નં.૯) કેટલીક વાર તો આખી રેખાઓ આંખને ફેરવા લાગે છે, ત્યારે તેમાં માંસપેશીને આરામ મળવાને બદલે ઊલટો વધારે શ્રમ પડે છે. (અનુસંધાન આગળ પૃ. ૧૮૪ [illegible]

ચિત્ર નં ૧

ચિત્ર નં ૨

ચિત્ર નં. ૪

ચિત્ર નં. ૫

ચિત્ર નં ૩

ચિત્ર નં. ૬

ચિત્ર નં ૭

ચિત્ર નં. ૮

ચિત્ર નં. ૯

માંસપેશી

શ્રી ગાંગુલીએ ગુજરાતી અનુવાદના સર્વ હક શ્રી ગુજરાત કલાસંઘ ચિત્રકૂટ પાસે સુરક્ષિત રાખ્યા છે આ લેખમાળા [illegible] કરાવી [illegible]

(ક્રમશ: પૃષ્ઠ ૧૮૪)

તમારું ખમીર કેવું છે?

નીચેના દરેક એકરારમાંની કેટલી વાતો તમારા જીવનમાં હાલ તમને લાગુ થાય છે તેની સામે વિચારપૂર્વક નિશાની કરતા જાઓ:

ક

૧ જિંદગીમાં ખૂબ મઝા આવતી લાગે છે.
૨ ધાર્યા કરતાં આપણે તો બહુ જ સારું કર્યું.
૩ હું સુખી અને નસીબદાર છું.
૪ દરેક પ્રસંગ આનંદ આપે છે.
૫ દિવસો સરસ રીતે વીતે છે.

ખ

૬ જનજીવન પ્રમાણે વર્તી લઉં છું.
૭ જરા મુશ્કેલી જોય તોપણ પ્રસંગ નિભાવી લઉં છું.
૮ આપણે ડીકડીક છે; બહુ કૈક પોંસાઈ છે.
૯ જરાક આકરું કે અડચણનું તો હોય ખરી.
૧૦ પ્રસંગો જરા સુધરતા જોય છે.

ગ

૧૧ ચલતી પડતી આવી ગઈ, પણ મોજમાંથી
૧૨ બહુ બરાબર નહિ, બહુ સારું યે નહિ.
૧૩ યે ના મૂંઝવણો છતાં સંતોષથી રહું છું.
૧૪ નિભાવું છું; ભવિષ્યની સારી આશા છે.
૧૫ ઘણાની જિંદગી તો આના કરતાં યે બધુ દુઃખી હશે.

ઘ

૧૬ સંજોગોથી થાકી ગયો; હવે તો ભવિષ્યમાં કંઈક ઠીક થાય તો.
૧૭ ધારું છું એવો વળ ઊતરતો નથી.
૧૮ જિંદગીમાં સદા ઢળવું જ રહ્યું.
૧૯ પહેલાં કંઈક ઠીક હતું.
૨૦ હવે તો સુખ ગળે તો સારું.

ચ

૨૧ આ વર્ષ ગારા માટે બરાબર ગયું.
૨૨ સંજોગોએ કાયરકાયર કરી નાખ્યો
૨૩ જિંદગી ઝાંખપાવાળી લાગે છે.
૨૪ કોઈ ચીજ પાંસરી પડતી નથી.
૨૫ આંખે અંધારાં આવે છે.

કયા વિભાગમાં તમારી નિશાનીઓ વધુ પડી છે તે જુઓ. સર્વશ્રેષ્ઠ ખમીરવાળાની નિશાનીઓ 'ક' વિભાગમાં પડશે. ડીકડીક ખમીર 'ગ' ભાગમાં આવશે; થોડા 'ઘ'માં પણ જશે. 'ઘ'ને 'ચ'માં નિશાનીઓ વધે તો તો તમારે જરૂર કોઈ ડાહ્યા ડાક્ટરની સલાહ લેવી અને તમારું ખમીર કપડાં વર્ગમાં આવે એ રીતે જીવન ઘડવું (યૉર લાઇફ)

૧૦૬ (ઑગસ્ટ ૧૯૪૬)

મુશ્કેલી મર્દને વરે

• અનુષ્ટુપ •

કદર ખૂટ્યાય પોતાની કૈક તો મર્દને કરે,
જાણી સ્વ-માન અર્થે જ મુશ્કેલી મર્દને વરે.
જોવાતેવા ભણી દૃષ્ટિ વાળે ના, નવ કાતરે
પોતાની માળ આરોપે, એને છે ભાય કે 'અરે
રબને વરમાળાની અવજ્ઞા લોક આ કરે'.
સત્કારે મર્દ નિઃશંક પૂછ્યા વિણ જ મોકળે
મને, તેથી નિરાશંક મુશ્કેલી મર્દને વરે,
અસાધારણ વસ્તુઓ અસામાન્ય પ્રતિ વળે,
અસાધારણ રીતેથી એ કર ઊકેલ નીકળે,
તેથી સ્વોદ્ધાર અર્થેય મુશ્કેલી મર્દને વરે.

• ઉશનસ્ •

નોંધ. 'કુમાર'ના માર્ચના અંકમાં At the Start નામની એક અંગ્રેજી કવિતાના પદ્યાનુવાદ માટે પાંચ રૂપિયાનું પારિતોષિક જાહેર કર્યું હતું. તે માટે આવેલી કૃતિઓ પૈકી આ નીચે આપેલી શ્રી પૂનલાલની કૃતિ પારિતોષિકને પાત્ર ઠરી છે. આવેલી કૃતિઓમાં ઘણા ઠેકાણે પ્રાસને પણ હતા કેટલીકમાં અમુકઅમુક પંક્તિઓના અનુવાદ ઘણા સચોટ હતા, પરંતુ રાળંગ, એકધારો સુરેખ ને સળંગસૂત્રી અનુવાદ તો નીચે આપેલો જ નીવડ્યો છે. આવા પ્રકારના કાવ્યોના અનુવાદ માટે છંદની પસંદગી તથા કાવ્યબાનીમાં જોઇતી દૃઢિતા પણ અભાવ અમને જણાયો છે વિચારભાર વહેનારાં ભારેખમ છંદ ભાષા કરતાં મૂળને વધુ નજીક જઈ રોચક બને તેવા પ્રવાહી ને પ્રચલિત છંદ તથા મૂળની સચોટતાને ઉતારે તેવી પ્રાસયુક્ત ને સરળ વેધક બાની આવા પદ્યાનુવાદો માટે વધારે ઉપયુક્ત બને. છતાં કેમાં ભાગ લેનારાઓએ તે પાછળ જે પ્રયત્ન તથા-શ્રમ કાળ્યાં છે તે બરોબર અભિનંદનને પાત્ર છે.

આરંભે

• કવિતપ્રકાર •

શાણા ને ગેબકૂફોનાં પુસ્તકોનો પાઠ તમે
શાળા–મહાશાળાઓની ભૌતિક મહી કૂંચીઓ
જૂના જમાનાની એક પ્રથા જવા માગતી ના
ટોચે પહોંચવાની આશા રાખતા હો તો તમેથી
તમારાં અર્થશાસ્ત્રો ને દર્શનો વગેરે બધું
પણ આમ મેળવેલા જ્ઞાને વળશે ન કશું
છૂટકો ન, કારખાને કે દુકાને જવા માટે
અને ટોચે જવા છેક નીચેથી જ શરૂ કરી

પૂરો કરી રહ્યા હો જે વારે,
વટાવી થયા હો બહાર ત્યારે,
ને છોડવા ભાગે ના સંસારે.
આરંભવું પડશે તમારે.
ભલેને આથેતિ તમે ભણ્યા,
કહું છું, સાચું જ એ પ્રમાણો;
જરૂરી હિંમત હોવે આણો,
સીડીનાં પગથિયાં પલાણો.

કેટલાક જૂનવાણી ખ્યાલો છે બંધાયલા તે
છોકરાઓએ છે રૌજ રોજ કરવાનું કામ
અને ભંડ્યા રહે છે કે અટકી પડે છે, તેને
પણ ટોચથી જ આરંભ કરાવવાની વાત

કદી નથી એમ ટળવાના,
ગમે તે પહતિ, તેની 'ના' ના;
જોઈજાન મૂલ્ય આંકવાના,
નથી કોઇ જ વિચારવાના.

પ્રચલિત પહનિઓને બદલ્યા કરે, છતાં
જ્યારે ઊંચી પદવીએ પહોંચવા માટે કોઈ
સિદ્ધિની સીડીના એક પગથિયા પર કોઈ
તિરસ્કાર તળેના કરનારો ન ટોચ તણું

નથી એવો સમો આવવાનો,
મુશ્કેલી ન અનુભવવાનો.
કદી નથી કાપ મૂકવાનો,
દર્શન કદી ય પામવાનો.

પૂનલાલ

પ્રવાસ-મંજરી

એક બંધુ સંસ્કારયાત્રાનાં સંસ્મરણો

[૫] હૃષિકેશ

લેખક : રવિશંકર રાવળ

હિંદુસ્તાનનાં હરદ્વારમાં પંદરવીસ વખત એકથી બીજી છેડાના રસ્તા તથા બજારો જોઈ લીધાં હતાં, એટલે ત્યાં કાંઈ નવીનતા રહી નહોતી. હૃષિકેશ જો એવું જ હોય,તો માત્ર ઘોઘાપંથ જ કરવાનો હતો. પણ વલ્લભરામભાઈની સોબતમાં ત્યાં જતાં દરેક સ્થાન અને હકીકત ઘણાં રસમય બન્યાં. હૃષિકેશમાં હરદ્વાર જેવી આધુનિક બાંધણીનાં મકાનો કે ઓવારા નથી. એ, એક ગામડું જ કહી શકાય એટલી જગ્યામાં, ગંગાના ઊંચા તટ ઉપર વસેલું છે. ત્યાં ગંગાનો પ્રવાહ મોટા વિસ્તારમાં પથરાએલો છે, એટલે ઊંડાણ જરૂર ઓછું છે, પણ વેગ તો એટલો જ. નહાવાના ઘાટ આગળ ગોર લોકોએ પથ્થરો ગોઠવી, ઉપર મોટી પાટો ઠેરાવી છાયા બાંધી લીધી હોય છે. કાંઠે ફૂલવાળીઓ બેઠી હોય તેમની પાસેથી ફૂલપડો લઈ જે ભક્તજનો નહાવા આવે તે ત્યાં વસ્ત્રો ઉતારે અને પ્રવાહનો વેગ ન લાગે એમ કાંઠે જ સ્નાન કરી લે. તે વખતે રખડતા ભિક્ષુ બ્રાહ્મણો ગરબડમંત્રોથી પૂજન કરાવી શ્રદ્ધાળુઓને સંતોષ આપે છે. યુગોથી ગંગા તો એની એ છે, પણ માણસો ને સમાજ પ્રાચીન ભવ્યતા ખોઈ બેઠાં છે.

દાનસંસ્થાઓ

પણ ગંગાના પવિત્ર તીરે જીવન પૂરું કરવું, છેલ્લા દિવસો દરમ્યાન ભારતની પ્રાચીન જ્યોતિમાં લીન થવું, એવા કંઈક નરનારીઓ, ભક્તો અને સાધુઓના અભિલાષ હોય છે, એટલે અહીં એવાઓ માટે આશ્રમો, ધર્મશાળાઓ વગેરે છે, તથા એવાં જનોને પવિત્ર માની તેમનાં તપનું પુણ્ય લેવા રાજાઓ, શ્રીમાનો અને દાતાઓએ અહીં એ હેતુસર માટે દ્રવ્યદાન કરવામાં બાકી રાખી નથી. 'કાળી કામળીવાળા'ને નામે ઓળખાતા મહંત તરફથી તો રોજ એક હજાર કે વધારે જેટલા સાધુસંન્યાસીઓને તૈયાર અન્ન કે સીધાં આજે પણ મળે છે. ભગવું લૂગડું હોય, એટલે પછી કોઈ પૂછ જ નહિ. આથી, નિરુદ્યમી જીવન ગુજારતા કંઈક લઠ્ઠાઓ અહીં જ પડ્યા રહે છે. ખરા સંત કે સાધુ જોને મળે તેનાં ભાગ્ય! બાકી 'ધન હરે, ધીઓ નવ હરે' એવા ઘણા. છતાં આવી દાનસંસ્થાથી પર રહીને પણ આત્માની શાંતિ અર્થે ત્યાં નિવાસ કરનારા માણસો પણ છે.

ચેદાંતી જીવીબાઈનો મઠ

હેઠ કચ્છથી આવીને વસેલાં શ્રી જીવીબાઈએ અહીં સ્ત્રીઓ માટે જ એક મઠની સ્થાપના કરી છે. વલ્લભરામભાઈ આગને ત્યાં લઈ ગયા અને અમારા ભોજન વિષેની સર્વ વ્યવસ્થા ત્યાં કરી. શ્રી જીવીબહેન તો આજ હયાત નથી, પણ તેમના સમાગમ અને ઉપદેશથી ત્યાં આવી વસેલાં મુખ્ય જગન્નાથબહેને અમારું ખૂબ ભાવથી સ્વાગત કર્યું અને કોઈ અંગત સગાંવહાલાં આવ્યાં હોય એવી દરકાર અને તનમનાટથી આગતાસ્વાગતા કરી આપી. અમે ગંગાસ્નાન કરી આવ્યા એટલામાં તો ઘરના સંધરેલા ઘોળા ઘઉંની રોટલી ને દાળભાતશાકનું તૈયાર થએલું ભોજન ઘણા દિવસે ત્યાં મળ્યું. આશ્રમમાં બેચાર ગુજરાતી કચ્છી બહેનો ઉપરાંત શીખ, હિંદુસ્તાની વગેરે બહેનો પણ હતી. દરેક આશ્રમવાસી જનતબહેનથી ગોપાલન, વાસીદાં, દળવું ભરડવું,ઘીવું વગેરે કાર્ય કરી આશ્રમ સંભાળે છે.કોઈ પુરુષથી તો ત્યાં રહેવાતું જ નથી. જેમને સંયુક્ત રસોડું ન ફાવતું તે પોતાનું સીધું લઈ જતે રાંધી લે છે. પણ બધા વચ્ચે એક કુટુંબ ભાવ અને સાત્વિક જીવનનો આગ્રહ જણાઈ આવતો હતો. બપોરે વેદાંતનો કોઈ હિંદી ગ્રંથ વંચાય ત્યારે સૌ સાથે બેસે, એ વખતે ખ્રિસ્તી સંપ્રદાયની સાધ્વીઓના ગાઢ જેવું જ ત્યાં લાગે. કોઈના ચહેરા પર સંસારી ભાવની ચમક સરખી પણ નહિ; પરંતુ તેમનું ભગતાળુ-હાસ્ય અને સેવાની તત્પરતા કર્મ યુગપ્રવર્તાના સંન્યાસીઓ અને કઠોર દેખાવવાળા બાબાઓના મુકાબલે આશ્વાસનની દેવીઓ કરાવે એવાં હતાં.

હૃષિકેશનું માહાત્મ્ય

ભગીરથરાજાના તપથી ગંગા સ્વર્ગમાંથી આવી જ્યાં ધરતીરે પડી અને તેમાંથી પછી હિંદુસ્તાનના ભૂમિપટ ઉપર જે રથમોટી વિસ્તરી તે આ સ્થાન છે; એટલું જ નહિ, પણ કેદારનાં બાર જ્યોતિર્લિંગ પૈકીનું એક બદ્રિકેદારેશ્વરનું સ્થાન પણ અહીંથી શરૂ થતાં હિમશિખરોની વચ્ચે આવેલું છે. પાંડવો પણ આખર નિર્વાણ માટે આ જ માર્ગે હિમાલયમાં ગએલા, તેમજ પ્રાચીન માન્યતા પ્રમાણે સ્વર્ગમાં જવાઆવવાનો માર્ગ પણ આ જ હતો એટલે આ માર્ગને 'ઉત્તરાપથની યાત્રા' માની દર વર્ષે હજારો યાત્રીઓ હિંદુસ્તાનના જુદાજુદા ભાગોમાંથી અહીં આવીને બદ્રિકેદાર જાય છે. એ યાત્રા ઘણી કઠણ છે. સોપચાસ માણસોનો કાફલો હોય, સાથે સીધાંસામાન ઉપાડનારા પહાડી મજૂરો હોય, ઉપરાંત થાકેલા માટે કંડી અને ડોળીઓ હોય, અને બધો પંથ પગરસ્તાનો જ હોઈ પંદર દિવસ સુધી લાગટ ઠાઠ તથા ગાઢ બાકી રાખ્યા એવી તાકાત અને હિંમત હોય તો એ યાત્રા થાય છે. ધનાઢ્યો ને રાજશ્રીમંતોની વાત જુદી છે. છતાં સહન તો ઘણું કરવાનું હોય છે. પણ તેના બદલામાં હિમાલયની અતિ અદ્‌ભુત પાંખીઓ, વેગવાન નદપ્રવાહો અને અનુપમ વનશ્રીનાં દર્શન મનુષ્યનાં વિવિધ દુઃખોનું નિવારણ કરે છે અને આધ્યાત્મિક હવાનો રસપ્રદ થાય છે. આખી યાત્રા જેમનાથી ન થાય તેઓ આ સ્વર્ગદ્વાર હૃષિકેશ આવીને થોડું ચાલી 'લક્ષ્મણઝુલા' નામનો પૂલ પાર કરી પાછા વળે ને તેનું પુણ્ય માની લે છે એટલું ખરું કે ગંગાનું હિમાલયમાંથી બહાર પડવાનું જવલ દર્શન તો અહીં જ જોવાનું મળે છે.

લક્ષ્મણઝુલા

હૃષિકેશથી આગળ હિમાલયમાં બદ્રિકેદાર જવા માટે ગંગા પાર કરવી પડે છે. તે માટે એક ઝૂલતો પૂલ અહીં છે.પ્રાચીન કાળથી હતો. સામસામા કિનારે એક દોરડું બાંધી લઈ તેમાં ગરગડી સાથે પરોવેલી એક ટોળીમાં એક જ ઉતારૂ બેસતો અને સામે પારથી માણસ તેને ખેંચી લેતો. એ પ્રવાસ ઘણો જોખમભરેલો હતો અને ઘણાની હિંમત ત્યાં જ ઘટી જતી. છતાં હજારો વર્ષથી એ જ માર્ગે લોકોનો વ્યવહાર થતો. હવે તો અહીં આજનાં સાધનોથી તારનાં મજબૂત દોરડાંનો એક મોટો પૂલ બાંધવામાં આવ્યો છે અને ગમે તેટલાં માણસો એકીસાથે નિર્ભયપણે તે પર થઈને આવજા કરે છે. પણ ત્યાં શિષ્ટાચાર એવો છે કે યાત્રીઓ પૂલ ઊતરીને બદ્રિકાશ્રમના માર્ગે પહેલા દર્શન સુધી જાય છે, ને પછી

ત્યાંથી સામા કિનારે જ ચાલતાચાલતા એક સ્વર્ગાશ્રમ નામની જગ્યા છે ત્યાંથી હોડીમાં ગંગા પાર કરીને આ તીરે જ્યાં હૃષિકેશનાં વાહનો રાહ જોતાં ઊભાં હોય છે ત્યાં ઊતરી જાય છે. હોડી હરિકને મફત ગળે છે ને તેની ગોઠવણ 'કાળી કામળીવાળા' તરફથી છે. આ પ્રદેશની લગભગ બધી જ જગીર તેમનાં હસ્તકની છે.

સ્વર્ગાશ્રમના માર્ગે કંઈક ધર્મશાળાઓ ને મકાનો ખાલી અથવા ખંડિયેર બનતાં જોયાં. બૂરાનજર સાધુસંન્યાસીઓ અહીંતહીં હતાં, પણ તેમને કંઈ કર્તવ્ય હોય એમ જણાતું ન હતું જેને જેમ ઠીક પડે તેમ ગમે તે ઇષ્ટદેવતાનાં ટીંગલાં બેસાડી, દુકાન માંડી હોય તેમ, જતાઆવતા યાત્રીઓને 'દર્શન કરતા જાઓ'નો બોધ કરતા હતા. પણ ગંગાકાંઠે વનની ઘટામાં ચાલ્યો જતો એ માર્ગ ઘણો સુંદર છે. વચ્ચેવચ્ચે પહાડી સ્ત્રીપુરુષો લાકડાંની ભારીઓ લઈ જતાં આવતાં સામાં મળે છે. તેમનું દારિદ્રય ને દીનતા જોઈ, મફત પ્રસાદીઓ ખાતા સંન્યાસીઓ અને વેદાંતીઓની સંસાર પ્રત્યેની નફરત ને પ્રમાદ પર અનેક વિચારો આવે છે. કેટલા સંન્યાસીઓ ને પંડિતોએ અજ્ઞાન ને દારિદ્રયથી પીડિત એ જનતાને પાટાપીંડી કરી છે? કેટલાએ અમનો કોળિયો પોતાના મોંમાં મૂકતાં પહેલાં એમને સંભાર્યા છે? ત્યેગનો ધર્મ તો એમના પુસ્તકોમાં જ ખાખાધ રહેલો છે.'

પણ એક વાત અવશ્ય ધ્યાન ખેંચતી હતી. મોટરમાર્ગ પર આવતાં ગામો ને ગામડાંમાં કોઈકોઈ મકાનો પર તેજસ્વી રાષ્ટ્રધ્વજ ફરકતો દેખાતો અને બજારોની દુકાનોમાં 'નેતાજી'ની છબિઓ કે ગોટા પડદા જોવામાં આવતા. નાનકડા નિશાળિયાઓની છાતી પર પણ નેતાજીનો બિલ્લો દેખાતો. આમ, આજે જનવાણી માનસપટ પર બનીને રાષ્ટ્રવાદ પ્રગટેલો ઠરતો રહ્યો જણાય છે.

એક સમાગમ

સ્વર્ગાશ્રમથી પાછા વળતાં દક્ષિણીઓની યાત્રાએ આવેલા એક પંડિતનો સાથ થયો. કાળા વાનના એ યાત્રિકની જોડે તેમના જેવા જ વર્ણની પત્ની હતી. તેને પગે હાથીપગું થયું હતું. સાથે વૃદ્ધ માતા હતાં. ઉત્તર હિંદની કોઈ પણ ભાષા તે જાણતા નહોતા, તેમજ અંગ્રેજી પણ જાણતા ન હતા. કોઈ ભોલાવેચલાવે ત્યારે ઇશારતો કરે. એ જોઈ મને તેમના વિષે જિજ્ઞાસા થઈ, અને તેમને પડખે ચડી હિંદી ને અંગ્રેજીમાં વારાફરતી પ્રશ્નો કર્યા; પણ કંઈ સમજ્યા જણાયા નહિ, ત્યારે 'કોમવાન્' કહી સંસ્કૃતમાં પ્રશ્ન પૂછ્યો, એટલે



ઉપર : લક્ષ્મણ ઝૂલા; વચ્ચે : સ્વર્ગાશ્રમ, નીચે હૃષિકેશ આશ્રમ ગંગા



તરત તેગની વાચા ઊઘડી અને બહુ સરળ સુંદર સંસ્કૃતમાં એમણે પોતાનો પરિચય આપ્યો. છેક બોઝવાડાથી ધારાએ નીકળેલો રાગાનુજ ભાષ્ય પરનો એ પ્રખર પંડિત, પરંપરાનું પાલન કરવા કેટલું કષ્ટ વેઠી રહ્યો હતો એ જોઈ મને આશ્ચર્ય થયું. તેની સાથેનો વાર્તાલાપ હું તો પ્રશ્ન પૂછવા જેટલું જ સંસ્કૃત ગોઠવી ગોઠવીને ચાલુ રાખતો હતો. પણ પછી વૈદ્ય વલ્લભરામભાઇ મદદે આવ્યા અને તેગને વાત ઉપાડી લીધી. પંડિતને તો ઘણા વખતે પોતાના વિચારો વ્યક્ત કરવાનું પાત્ર મળ્યું, એટલે તો ખુશખુશ થઈ ગયા. તેગની વાણીની આ મર્યાદાને લીધે ઘણે ઠેકાણે તે હેરાન થએલા. મથુરામાં તો એક પંડાએ 'સારો મુકામ બતાવું' એમ કહી બે રૂપિયા લીધા અને ધર્મશાળામાં મૂકીને ચાલતો થયો. 'મથુરાપુર્યાં વંચિતોહું' (મથુરાપુરીમાં હું ઠગાયો છું) 'સર્વત્ર અર્થવાદઃ પ્રવર્તંતે' (બધે પૈસાનું જ રાજ ચાલે છે) એ એમનાં બે વાક્યો તો મને ખૂબ યાદ રહી ગયાં છે. છેવટે છૂટા પડતી વખતે ટાંગાવાળા સાથે એમને કંઈક ઝેરસમજ થવા માંડી એટલે વલ્લભરામભાઇને બોલાવી તેને સમજાવવા કહ્યું; અને 'ભૈયા, પરદેશી કા સતાઓ મત. બરોબર કામ બરદાસ કરો' એટલું સૂત્ર ગાડીવાળાને આપી અમે હૃષિકેશ આવી ગયા.

સાંજ પડી ગઈ હતી, એટલે હરદ્વારની છેલ્લી બસમાં જગ્યા મેળવી બેસવા ચાલ્યાં એવામાં મારાં બેનનું ચંપલ કઢાવી એક ગાડું છાપરે ચડી ગયું! દોડાદોડ થઇ ગઈ. છેવટે એ આશ્રમનાં એક બેને હાથમાં બેડા ચણા લઈ નાખ્યા એટલે એણે ચંપલ ત્યાંથી પડતું મૂક્યું; પણ તે એક તાળાબંધ મકાનમાં પટ્યું! સુભાગ્યે બીજા ગાડાએ એ ત્યાંથી ઉઠાવ્યુ અને ત્રીજે બેર જઇ પહેલું મૂક્યું! ઉત્તર ભારતનાં ગાડાંનો ફેર વર્ણવાતો તો બહુ સાંભળેલો. તેનો અમને આ અનુભવ થઈ ગયો. બાવાના ડબ્બા ઉપાડી જય કુકાનોમાં પેસી ગમે તે ખૂણેથી લાહુ ગિદાર્દની લૂટ ચલાવી ઊભી દીવાલે નાસી જાય. બહારીઓ ગુજરાતમાં બેલ બતાવવા લાલ મોંનાં માકડાં લાવે છે તે એ જ જાતનાં. હરદ્વાર પહોંચ્યા ત્યારે દીવા થઈ ગયા હતા.

દિલ્હીના સમાચાર

રાત ઉતારામાં વિતાવી સવારે ફરી મોટર સ્ટેશને આવીને 'લૅન્ડ્સ્ લાઇન'માં જોડકો મેળવી. એ વખતે ત્યાં દિલ્હીના સમાચારોનો ઉકળાટ અને ચિંતા જોયા. આ બે દિવસ તો દિલ્હીમાં ભયંકર તોફાન અને જોખમકાર થઇ રહ્યા હતા. રસ્તાઓ પર ફરવાની મનાઈ અને રાત્રે કર્ફ્યુનો અમલ હતાં ગઈ કાલે નીકળેલી મોટર મોકું ચક્કર લઇ ગાહામુસીબતે પહોંચી હતી. આજનું શું થશે તેની ખબર ન હતી.

બસમાં બેસવાને કેટલાક ઉતારુઓ આવ્યા, તે શુદ્ધ ખાદીધારી પંડિતો અને શ્રીમંતો હતા. હરદ્વારના મેળાવડાના તેઓ માનવંતા મહેમાન હતા અને દરેકની પાસે વર્તમાનપત્રો હતાં. એવામાં બસની ઑફિસમાંટેલીફોનથી ખબર આવ્યા કે રોજનો રસ્તો છોડી બહારનું ચક્કર લઇ બસને સીધી ન્યૂ દિલ્હી લાવવી. ત્યાં બધું સલામત છે.

જાપાનોનો પૂલ વટાવી બસ દિલ્હીની હદમાં આવી ત્યાં બસકંપનીનો ઇન્સ્પેક્ટર ઊભો હતો. તેણે ફરીથી બસને બહારને રસ્તે જ ન્યૂ દિલ્હીમાં જવાની સૂચના આપી. પુરાણું દિલ્હીમાં જનારા ઉતારૂઓને ત્યાંથી જ પોતાની સગવડ કરી લેવાની રહી. દિલ્હી ફરતું મોટું ચક્કર મારી બસ આગળ ચાલી ત્યાં એક આડા રસ્તા પર લશ્કરી સરંજામ પસાર થતું હતું તેને લીધે બધો વાહનવ્યવહાર એક કલાક સુધી રોકાયો હતો. ત્યાં ટૅંકો, મશીનગનો વગેરેની કતારો ચાલતી પહેલી વાર જોઈ. દિલ્હીનાં તોફાનોનું કારણ આ લશ્કરી ઉત્સવ જ હતો. બે દિવસ લશ્કરી બાતાએ વિમાની પરેડો કરી બતાવી, ફટાકડાં ફોડ્યાં, પણ પ્રજાસમરતે તો અમદાવાદ દુઃખદ હડતાલ પાડી અને તેગાંથી હુલ્લડ જન્મ્યું પરિણામે કેટલાંક મકાનોને આગ લાગી, પોલીસગોળીબાર મુકરર થયો ત્યારે હેરફેરી બંદોબસ્ત આવ્યો અને ગોળીઓ ચાલી, અને બે દિવસમાં તો હદ્દ નવાબૂની થઈ ગઈ અને તડપતે છવે અમે ન્યૂ દિલ્હીમાં કૉંગ્રેસ સર્વિસમાં અમારા મુકામે શ્રી યશવંત પંડ્યાને ઘેર પહોંચ્યા.

હવે દિલ્હીમાં કંઈ રસ રહ્યો ન હતો, મથુરા-આગ્રાના મિત્રોના પત્રો આવી ગયા હતા, એટલે શનિવારે બપોરે નીકળવાની તૈયારી કરી. તે પહેલાં, શહેરની સ્થિતિ વિષમ હતી છતાં, શ્રી પંડ્યાએ ગુજરાતી શાળામાં જાઈ અને કલાકાર રોમાલાલ શાહનું વિદ્યાર્થીઓ સમક્ષ ગિલન ગોઠવ્યું. કુટુંબનાં બાળકો તથા સામાનને ટ્રેન પર પહોંચતાં કરી અમે સ્ટેશન પાસેજ આવેલા 'ગુજરાતી સમાજ' અને શાળાના મકાન પર ગયા. શહેરનો ચિંતાજનક માહોલ છતાં વિદ્યાર્થીઓ અને વાલીઓની ઠીક હાજરી થઈ ગઈ હતી, તેમજ સમાજનાપ્રમુખશ્રી છોટુભાઇ દેસાઈતથાટ્રસ્ટી શ્રી ગુલાબભાઈ દેસાઈ પણ તે હાજર રહ્યા હતા. શ્રી ગુલાબભાઇ તથા ટ્રસ્ટમંડળ શ્રી ચંપાલાલ પટેલે અમારો પરિચય કરાવ્યા થકી વિદ્યાર્થીઓને મેં રેખાઓની કેટલીક મઝા અને ઉપયોગ પાટિયા ઉપર બતાવ્યાં ત્યાર પછી રોમાભાઈએ પણ કેટલાંક પેંગી અને પશુ સરળ રેખાઓમા કરી બતાવ્યાં અને છેવટ કનુભાઈએ વાયોલિન ઉપર ગીતો સંભળાવ્યાં. મારે ટ્રેન પકડવાની હોવાથી હું અને ભાઈ પેટલા વચ્ચેથી જ ઊઠીને સ્ટેશને પહોંચ્યા અને મથુરાની ગાડી ઊપડવાની થોડી વારે મહામુસીબતે જગ્યા મેળવી. (ચાલુ) ર. મ. રાવળ

કસોટી

કહેલી ન શકો તો ઉત્તરો આ નીચે અવળા આપ્યા છે

(૧) છગન, મગન, ગગન અને ચગન ચારે બાંયનાં કપડાં બેડા છે છગન ગગનની સામે નથી બેઠો; ચગન ગગનની જમણી બાજુએ નથી; અને ગગન મગનની ડાબી બાજુએ નથી. તો છગનની ડાબી બાજુએ કોણ બેઠું હશે ?

(૨) પુરાણો અને લોકકથામાં આવેલાં પતિપત્ની અને પ્રણયીઓનાં કેટલાંક જોડાં આ નીચે આપ્યાં છે, તેમાંનાં કેટલાંક બાકી વાળાં છે તે શોધી કાઢો: રામ-સીતા; રાધા-કૃષ્ણ; શિરીન-ફરહાદ; બાદ-હોથલ; સદેવંત-સાવળીંગા; અર્જુન- દ્રૌપદી; લયલા-મજનૂ; સુહિણી-મેહાર.

(૩) એક ગામમાં એક મોચી રહેવા આવ્યો. તેને જોડા બનાવવા તે બરોબર એક વરસ ચાલતા જે ગામમા તે રહેવા આવ્યો ત્યાં તપાસ કરતાં તેને જણાયું કે ગામની વસતિના પાંચ ટકા બાકી બધા એક પગે લંગડા હોવાને કારણે તેમને એક જ પગમાં જોડાની જરૂર પડેતેમજ બાકીની વસતિમાંથી અરધો અરધ સંખ્યા નાનાં છોકરાં તથા સ્ત્રીઓની હતી અને તેઓ જોડા પહેરતાં ન હતાં. આ સ્થિતિમાં બાકીની અરધી વસતિ તથા એક પગે જોડા પહેરનાર માટે મળી તેણે કુલ કેટલા નંગ જોડા બનાવવા પડશે ?

(૪) શરીરના એક અંગનું બાયું કાપી નાખ્યુ તો બાંધકામનો એક પ્રકાર થયો; અને તે બાયાની જગ્યાએ અત્યારે તમારા નાક સામે છે તે સજાવી દીધું તો ગુજરાતનો રાજા થઈ ગયો એ કયો રાજા ?

(૫) નીચેનામાંથી કયા શોધ-સફરીએ ઉત્તર ધ્રુવશોધી કાઢેલો? આમુંડસેન, શેકલ્ટન, પીઅરી, બાયર્ડ, રેકૉર્ટ.

(૬) ઉપાડો (૫) ઊભાકારદર (૪) કાન કાઢનાર કિલ્લો
પુરાક (૩) ઉલ્લેખ કોયડો-રહસ્ય (૨) ઉપાડ (૧) ગદ્યમય છે

(ઑગસ્ટ ૧૯૪૩) ૧૭૬

દીવાન બહાદુર ભગવન્તરાય કલ્યાણરાય ઠાકોર

[પેન્સિલ સ્કેચ] **ભ. ક. ઠા.** [ફ્રેમિંગ્હમ સ્કેચ]

મારો જન્મ ઈ ૧૮૬૬ના ઑક્ટોબરની ૨૩મી ને શનિવાર (સંવત ૧૯૨૨ના આશો વદ ૨ ઠ)ના દિવસે ભરતખંડે ભાવનગર-કાંપીટના જન્મ પછી ૨૪મે દિવસે—ભરૂચમાં થયો.

ભરૂચ હાઈસ્કૂલમાં બે વર્ષ ૪થું ધોરણ પૂરું કર્યું ત્યારે ભીત ધોરણમાં અને ૧૨મું ધોરણ પૂરું કર્યું. આ વર્ષે મારો જનોઈ પણ દીધું જનોઈ પછી બીજે કે ત્રીજે દિવસે ભરૂચમાં નવમોડીને બોચારે નર્મદાગામાંનું કૂવો જોતો'તો નાનાજીના રસોઇયા રોમેશ્વરે ઝાલી લીધો ને બહાર કાઢ્યો.

જાન્યુઆરી ૨ જે તેરમે વર્ષે ભાવનગર સાથે ઊતરતે ક્રમાંકે શામળદાસ કૉલેજમાં દાખલ થયો. એમાં ગણિતશંકર રતનજી, હરજીવન કોટક, કરસનદાસ માણેક, પ્રભાશંકર પટ્ટણી, પ્રાણજીવન મેહતા, ગાંધીજી, બલવંતરાય ઠાકોર વગેરે બીજા કે ત્રીજે વર્ષે ભણતા હતા.

ઈ. ૧૮૮૫ના ઑક્ટોબરમાં મેં પ્રીવિયસની પરીક્ષા આપી.... ઈ ૧૮૮૮નો ઑક્ટોબર કૉલેજનો. એ તો પદ્મનૃસિંહાન મુનશાની પુરોગામી પેઢીના પગ મૂકવાનો સમય ગણાય. ૧૮૮૬-૮૮ના વર્ષોમાં ગેરહાજરી ત્યારે નહિ તો પણ સારા કહી શકાય. આગલા વર્ષના બી.એ. પરીક્ષાર્થીઓ હજી એલએલ. બી. માટે મુંબઈ ઈગ્લાં જ હતા, અને રાબા, વર્ગો બધાને પ્રસંગે કૉલેજમાં આવ્યા કરતા. તે વખતે મુંબાઈમાં 'ગુજરાત હિતેચ્છુ' નામની મોટામાં મોટી સારી ગણાતી.

પરીક્ષામાં મેં સંસ્કૃત પ્રોમ્પ્ટના જવાબોની મારી ધારણા ખોટી નહિ, ને એમ હું ઠાઠે પરીને નાપાસ થયો. પ્રો. મૅકગિલ્વન તો રન્ન ઉપર નિરાશ થતા હતા, એટલે પરીક્ષા પૂરી થતાં જ, હું રાજકોટ ગયો તે પહેલાંથી, નિયમ કરી લીધેલો કે ઉપલા ક્લાસમાં જઈ પ્રો. સોરબીના વર્ગમાં આવું. ઈ ત્રિવિધપાસ અને દિવસરીના આચાર્ય. બી.એ.માં બેસતાને ઈન્ટરમીડિયેટમાં જઈ શીખવતા. ઘરોના ક્લાસમાંથી એવા બેસ. બી.ના વિદ્યાર્થીને આપતા આખીના વખતમાં પ્રિન્સિપાલે કરવાનું વહીવટી અને પત્રવ્યવહારનું કામ કરતો હોતા. પોતાનાં 'લેક્ચર' રોજ પોતે તાજાં કરીને જ વર્ગમાં આવતાની આદત. જે વારા જેવા વિદ્યાર્થીઓને એ જવાબો બરાબર પાછા હાથમાં મૂકી ખુશ કે નાખુશ કરતો ત્યારે વખતના પાછળ હાથ પસી નાખી છે. અને પછી રોજ રન્ન ગદાલાલનો પેર ને બીજા કલાકોનું ઘડાકેર નિરીક્ષણ કરતા. "જે કરવું તેને ચોપડી રોકિનસોન આર્ટ છે" કે એવા પ્રિય ઉપનામથી ઓળખાતું "નિયમ કર્યો જરૂર તો ને પાળો જ" એવી જીવનસૂત્રોનું ખૂબ પોતા પર જ કરતા.

મોટી ઉંમરે પણ પોતાના ગુરુ સ્વીકારવાની ઉદારતા અને ગુણગ્રાહકતા ધરાવતા. ૧૯૨૫માં ગોકુલદાસ રાજાધ્યક્ષ પંડિત ઉપર પાણી મોકલાવવા સંબંધમાં ઝઘડો ચાલતો હતો. ત્યારે જ્યારે ગોકુલદાસ અને ભાવનગર રાજ્ય વચ્ચે સમાધાન કરવા ગયા ત્યારે પોતાના ગુરુ પ્રત્યે ઘણા જ આદરથી વર્તેલા.

૧૯૨૬માં ભાવનગર રાજ્યે તેમને 'દીવાન બહાદુર'નો ખિતાબ આપ્યો.

એ નામાક્ષરોથી ગુજરાતી સાહિત્યમાં સુપરિચિત આ સાહસવર્ય અધ્ય પેઢીના ઉંચેરા ગૃહસ્થ છે. વિચારશીલતાથી કવિતા તે નવલકથા સુધી પ્રવર્તન, ઊંચી સૂક્ષ્મબુદ્ધિ અને રસાદ્રિષ્ટિવાળા વિદ્વાન, સમર્થ ચિંતક, અને ઉચ્ચકોટિ વક્તૃત્વના છે. તે વરસ પર ૭૭વર્ષોના એમના પોતાનો વર્ષના જયંતી-ઉત્સવોમાં એમનાં સાતગતનીય વ્યાખ્યાનોના સંગ્રહ 'પંચોતેરમે'ના એમણે 'મિનાસ્કી' નામથી, ઇનસરગરચોના ગ્રાહ્યપ્રાણો આપવા લખી તે એમણે પોતે જ કહ્યું છે તેમ ગદ્યમાના-વસ્તીમિનિમાંથી વાદળના ઇનામમાં કોઈ અનગળતી-અર્થ આદેહ-અરદેહ નથી; પણ એ સમાધાન, માન અપમાન-ઓ પાપવાળા ઇનામના આકર્ષણમાં તણાયેલા વ્યક્તિઓ અને પ્રસંગોનાં ચાહરાપૂર્ણ ચિત્રો છે. ખરી તો, સ્વજ્ઞ પ્રોફેસરને કરવું ચિત્રો છોડી દઈને બાજ કોમની ઇનામવાની ચારેબા જ એમના પોતાના ગદ્યમાં ત્રણી લીધી છે ત્યારે, આ બંનેની ગાપુસીમાં કેવાંયે વ્યક્તિચિત્ર કોમ અને રમણીનાં ભાવપૂર્ણ ને ચિત્રાત્મક નેમજ વ્યાખ્યાનો ઉલ્લેખોમાં છે.

૧૮૮ (ઑગસ્ટ ૧૯૪૧)

વડદાદા - દાદા - પિતા : . . દાદી - બા અને પત્ની

પ્રપિતામહ અનુપરાય લશ્કરી, ભરૂચમાં તે કાળે સિંધિયા સરકારની લશ્કરની ટુકડી રહેતી તેના રસાલા (સવારદળ)માં અફસર હતા અને ઘોડેસવારી કાઠીના જુવાનીમાં જ ક્ષયના રોગે ગત થયા એટલું અવસાન પહેલાં જ દાદાજી ચતુર્ભુજદાસનો જન્મ ઈ.૧૮૨૦–૨૧માં થએલો. એ પોતાની અટક 'ઠાકોર' નહિ, 'લશ્કરી' નહિ, 'સેઠી' લખતા. રિવાજ પુછાતાં ખુલાસો કરતા કે અનુપરાયજીનો હોદ્દો 'લશ્કરી' કરતાં 'સેઠી' (=સેનાની, સેનાનાં અગ્રણી) શબ્દ વધારે સ્પષ્ટતાથી દર્શાવે છે એ આખા ભરૂચમાં ચતુર્ભુજ 'ગવૈયા' નામે ઓળખાતા ખૂબ કર્ણમધુર હતા. ઉત્તરાયણમાં સૂર્યોદય પહેલાથી તે અર્ધ દિવસ સંધ્યા પૂજાપાઠાદિમાં ગાળતા. દેવપ્રસાદની થાળી ઢાકી રાખ્યા હોય તે ગયા પછી બેઠક જ ઠેઠ જગતા સાંજે ચોથા મંદિરે દર્શન કરી આવતા. રવિવારે પાછલે પહોરે ઓટલે બેસી ગાયા પર ભરેલી ધાટની મોટી

પાઘડી એક પર એક, વીસ 'છત્રી' ટીચીપીને બેસાડીને બાંધવામાં સવાબેઠક કલાક ગાળતા, અને એ કલા એમની કનેથી શીખી લેવાને બેચારજુવાન ઓટલે તેહનાતમાં બેઠા જ હોય. નોકરી કરેલી માત્ર તળટીની, પણ કુપરીઓ ય ઓગને ગાન આપતા. ગિલ્લાકડક નિયમોપળાવવામાંગાનનારા.

મુ.બાપાજીકલ્યાણરાયઃજન્મઈ.૧૮૪૧; લગ્નઈ.૧૮૬૩; મૃત્યુ ઈ.૧૯૦૧ ઓક્ટોબર, રાજકોટ પ્લેગ. પહેલેથી જ નિશાળમાં વડો નિશાળિયો. મૉનીટર તરીકે માસિક પગાર રૂા.૨થીય કમાય. સવારસાંજ પારસી છોકરાઓનાં આનગી ટ્યૂશનો કરે. અત્યંત ગરીબીમાં ટેવાઈ ગએલા ને ઓટલે લગી કે રંગેરંગમાં કરકસર. છેક મોતના દિવસ લગીનો પગાર રહ્યા પ્રકૃતિએ નરમ, મિલનસાર, ભોળા.

બી બી.એન્ડસી.આઈ.રેલવે રાણુની હતી તેમાં થોડા માસ પહેલી નોકરી. ઈ.૧૮૬૫થી ૭૧-૨ જૂનાગઢ નવાબ મહોબ્બતખાનજીના એમેજ્ટ ટ્યૂટર તરીકે પછી ભાયાની કોઠના ન્યાયાધીશ ત્રણ-સાડાત્રણ વર્ષ. યુવકોને વિના ફીએ ઘેર એમેજ્ટ શીખવે સૌ આખો જન્મારો એમને ચારેતર ચારેતર કહેતા ને ગુરુ જેટલું માન આપતા.

ઈ.૧૮૭૨થી રાજકોટ આવી ગયા. પ્રથમ કોર્ટોમાં દાવા, ખટલા વગેરેના જરૂરી કાગળોના તરજુમા કરવા નિર્વાહ ચાલ્યો. ત્યાં તો એજ્યુકેશનલ ખાતે વકીલની પરીક્ષાઓ થઈ. તેમાંથી પ્રથમ પહેલીમાંજ બેઠા અને બીજે નમ્બરે પાસ થયા પાસ થઈ વકીલાત માંડી. રાજકોટમા સારકરી દેખરેખ થઈ તે દરમ્યાન સરન્યાયાધીશ થયા અને તેને આખર લગી વળગી રહ્યા

દાદીમા લક્ષ્મીનો જન્મ ઈ.૧૮૨૫; મૃત્યુ ૧૯૦૧ની આખરે. મુ બાપાજીને રાજકોટમાં પ્લેગ થયો છે ત્યારે ત્યાં આવ્યાં અને બાપાજીને નહિ ગટે એમ લાગતાં તેનાથી ચાર દિવસ પહેલાં ગત થયાં ડાકતરે રોગ નોંધેલો: 'ગાંડ વગરનો પ્લેગ.' જે ગાંડીદિન્કી (ડાયરી) માં નોંધ્યું: 'મોતનું કારણ હૃદયભંગ.'

બા જન્મારાનો જન્મ ઈ. ૧૮૫૨; મૃત્યુ ઈ. ૧૯૬૭ ભરૂચ, રક્તવિકારથી. બુદ્ધિ અને બાહોશી અસાધારણ. સ્મૃતિ સતેજ. જે વાંચે–સાંભળે તે ન ભૂલે ઠાજરજવાબી, વાકચતુરા, વક્રોક્તિમાં કોઈથી જય નહિ.

પત્નીચન્દ્રમણિ.જન્મ૧૮૭૧,ભરૂચમાં; લગ્ન ઈ. ૧૮૮૭. મૃત્યુ ૧૯૧૫ની માર્ચમાં. નિતએ ભરૂચમાં, બહુત (લિવર.માં ઈન્સફારી થોડું-એમેજ્ટ સાસરે આવ્યા પછી બારે સદાય વિમનમુખી, સહનશીલ, ગિતબારી. જેને જે ફાવે તેમ વર્તવા દેવામાં માનનારી, ગારા ઉપર સુધારાનહ અને સત્યાગ્રહ સામે કોઈક વાર બેઠો બળવો કરનારી. કપટનો ભરમ કરનારી, ઠંડો કળ રોપ્યા રેવી કરી દેનારી. પણ ઘણુખરું તો સહી જ લેનારી એ બ્હેની ગત થઈ તેથી મોટો પરિવર્ત થઈ ગયો આખારા પુત્રોના વિકાસ અને જીવનમાં. એ બીજાં દશ વર્ષ જીવી હોત તો એમનો વિમત્ર અને ભાવિ ઘણાં સુધરી જાત

ચાર જ કૉલેજમાં રહેલા. દરોક વાગ્યે અમે હોડી વાટે ત્રણ માઈલ દૂર પૂણે ચાલ્યા જતા. ત્યાં હું રવિવાર પેઠમાં સાયન્સ કૉલેજના ગુજરાતી વિદ્યાર્થીઓના કલબમાં (શ્રી અમૃતલાલ ઠક્કર જોડે સારી પિછાન આ સમયથી) જમી બે કલાક શાસ્ત્રીજી ઝળકીકરને ત્યાં કાવ્યપ્રકાશ ભણતો. પછી કલાકેક સુરતના કેટલાક ગૃહસ્થો આજી આળી અને રવિવાર પેઠમાં રહેતા તેમાંના ભાઈ ઠાકોરદાસ કે બીજાને ત્યાં કલાક સૂઈ બે કલાક બેકનનો અભ્યાસ કરતો. રાત થતાં પહેલાં હોડી વાટે પાછો કૉલેજ પહોંચી જતો. આટલાને જહલે લાંબા ટેબલ પર શેતરંજી ને ચાદરને પાથરણે સૂતો. ઉશીકે વેબ્સ્ટરની ડિક્ષનરી, ઓઢવાને ગોફાળ, બેગ ચંપલાવતો. એચ્છિક વિષયોને કૉલેજમાં જ સવારે-રાતે ભણીને ચાર કલાક આપતો. આ નિયમિત ક્રમ સૌ નહિ તો પંચાશી ટકા ફળ્યો. પરીક્ષામાં પહેલા નહિ તોય બીજા વર્ગમાં બહુ ઊંચે આવ્યો. એમેજ્ટમાં પહેલો આવ્યો એટલે ઓસિસ રકૉલરશિપ (એક વર્ષ, માસિક રૂા. ૨૫) મળી. મુ. બાપાજીને પણ છોકરો વિદ્વાન થશે ખરો એ સંતોષ થયો. ૧૮૯૦–૯૧ના કૉન્વોકેશન વખતે મુ. બાપાજીએ મને સોનાનું ઘડિયાળ આપ્યું તે હજી મારી કને છે.

આ વખતથી 'ઇંડિયન રિફૉર્મર'માં ગદ્ય-



શ્રી બ. ક. ઠા. યુવાન વયે

નીશ તંત્રીનું કામ મેં શરૂ કર્યું. 'ટાઈમ્સ ઑવ ઇંડિયા' વગેરે મુંબાઈનાં દૈનિકોમાં પણ ચલણી વિષયો પર અને નવાં પુસ્તકોનાં અવલોકનો લખીને કમાતો. મુંબાઇનો મારો ખર્ચ ઍલિસ રકૉલરશિપ ઉપરાંત આરો કમાઇને મેં ઘણોખરો કાઢેલો. એ બધાથી પણ મુને સંતોષ હતો કે છોકરો ગહેનતુ ને આપકમાઉ છે. પરંતુ હું ઍલએલ. બી માં ધ્યાન ન આપતો તે એમને રૂચેલું નહિ. મારે તો આઈ.સી. એસ. માટે જલદી વિલાયત જવું હતું ને આમાં એમનો હેતુ મુદ્દલ નહોતો. બ્હેન વિધવા થએલી ત્યારે મોં ઢાંકવા વગેરે અમારા રિવાજો સામે મારું ઉગ્ર સ્વરૂપ સૌએ જોએલું, વિધવા વિવાહની ચર્ચા વખતે ગોપાનિયું છપાવેલું, વગેરે કારણોને લઈ મને એ સંસારસુધારાદિમાં ગાયાદોરેલ ગણતા ને વિલાયત જવા પાગરો તો છોકરો આપણો નહિ રહે, ભંગણેો થઇ જશે, કદાચ ત્યાં જ રહી પડે એવો એમને ભય. મારા હાલરિયામાંથી મનુભાઈ નંદશંકર, કૃષ્ણલાલ ઝવેરી વગેરે સંખ્યાબંધ યુવકોને વિલાયત જવાની ગહેચ્છા હતી તે એક કે બીજા કારણે સિદ્ધ થઈ શકી નહિ. અજમેર ગયા પછી ને ઉનાળે ૧૯૧૪માં પૂણે પાછા આવી ગયા પછી પણ મેં બધુ જ વ્યવસાય માટે યોજના અને થોડી તૈયારી કરેલી, પણ મને એ લેખ સાંપડ્યો જ નહિ

(ઑગસ્ટ ૧૯૪૧) ૧૯

ઇન્ડિયન સિવિલ સર્વિસ માટે તો જવાનું જ નથી, તો ઇતિહાસ ભ્રષ્ટ રસતો ભ્રષ્ટ'ગાંધી જગરવો હું મુંબાઈ છોડીને પાછો ઈ. સ. ૧૮૯૧ના ઉત્તરાર્ધથી રૂક્ન કૉલેજના એમ. ઓ.માં દાખલ થયો. એ સત્રમાં સદાશિવ ગણિનારાયણ દીક્ષિત સાથે 'રૂક્ન કૉલેજ ક્વાર્ટર્લી' ત્રિમાસિક શરૂ કર્યું. કૉલેજમાં Foundation Dayની તારીખે દર વર્ષે ઊજવવાનો ઉત્સવ શરૂ કર્યો. બેત્રણ ભાષામાં લખાણોવાળાં મૅગેઝીન અને આ ઉત્સવ રૂક્ન કૉલેજમાં આમ શરૂ થયાં તે આખી મુંબઈ યુનિવર્સિટીમાં પ્રથમ પહેલાં હતાં. થોડા જ સમયમાં લગભગ દરેક કૉલેજે એની નકલ કરી.

૧૮૯૨-૯૩ માટે હું દક્ષિણ ફેલો નીમાયો (જેને પાસ થએલો '૯૧માં). '૯૩માં હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ લેખે પણ કામ કર્યું. '૯૩ આખરે જો કે કૉલેજ છોડી એમ. ઓ. થયા વગર જ, પરંતુ ગદ્યદેવ ગોવિંદ રાનાડે મારફત મને 'બોરસે' (વડોદરા) માધવરાવ પેશ્વાના સમયનો ઇતિહાસ લખવાને કોઇએ ન વાપરેલાં કીમતી ને પુષ્કળ સાધનો (આગાં મુખ્ય માધવરાવના પોતાના, નાના ફડનવીસના ને રાજમાતા ગોપિકાબાઈના, એકબે રાઘોબાના પણ કાગળો) મળી ગયાં, જે તે કૉલેજના મિત્રોની મદદે ઉકેલી, બેસાડી, ગોઠવીને જે બે વર્ષો પર નવો જ પ્રકાશ પાડતો ઐતિહાસિક નિબંધ લખ્યો, અને માણેકજી લીમજી સોનાનો પદક મેળવ્યો. આ કામે મારો રાત-દિવસ બોલ્લો વખત ખાધો કે એમ. ઓ.ના અભ્યાસ માટે પૂરતો વખત રહેલો જ નહિ.

ઈ. ૧૮૯૪થી ૧૮૯૫ પાછો મુંબાઇમાં, ઇન્ડિયન સ્પેક્ટેટરનો મદદનીશ તંત્રી. દર અંકે મારાં ૮થી ૧૨ કૉલમ હોય; મહિને સરેરાશ ચાળીસ કૉલમ ખરાં જ; તે પ્રમાણે પગાર. ઉપરાંત ટાઈમ્સ ઑવ ઇન્ડિયા વગેરેમાંથી દર મહિને રૂ. ૫૦ તો મળે. વહુ અને બે નાની પુત્રી સાથે વૈદ્ય વિશ્વનાથ પ્રભુરામના મકાન પાછળ અનંત ઋષિની વાડીમાં એક ઓરડિયાના માળામાં રહેતો ને અમારો સંસાર ચલતો. યુનિવર્સિટી લાઇબ્રેરી ત્યારે નહિ; પણ રૉયલ એશિયાટિક સોસાયટીની ને એલ્ફિન્સ્ટન કૉલેજની લાઇબ્રેરીઓમાં બેસીને મને પ્રિય અનેક વિષયોમાં ને અનેક નવી ચોપડીઓમાં યથેચ્છ ચરતો. મણિબાદીએ મને ફિરોજશાહ મહેતાની ઓળખાણ કરાવેલી.

'૯૫ના ઓક્ટોબરમાં મને કરાંચી કૉલેજમાં પ્રો. પાદશાહની જગા મળી. ઓ સર્વ સો જ દિવસનું. ત્યાં મારા બી.એ. વર્ગના વિદ્યાર્થી-ઓમાં સૌથી મોખરે આવી ગયા છે સર ગુલામહુસેન હિદાયતુલ્લા.

૧૮૯૬માં મનુભાઈ નંદશંકરે વકીલાતને બદલે સમય આપવા માટે ગદ્યારાજ્ય સંદેહણની પરવાનગી મેળવીને પ્રોફેસરપદ પરથી રજા લીધી. પછી સિટલરોડ ફેલો પર ગયા. એમ હું ધૂળ પડવાથી, અજમેર કૉલેજમાં મને કાયમી પ્રોફેસરપદ મળ્યું ત્યાં લગી બોલ્લે દરોડા લગી, વડોદરા કૉલેજનો કાર્યભાર આચાર્ય અને વડોદરા-નિવાસી થયો, આડી મને મણિભાઇની ને ત્રિભુવનદાસ ઝવેરની સોબતનો લાભ ગણનો. દલણમાં ને અંબાલાલભાઇ પારો પણ હું જતો. જે 'અંબાલાલભાઈ' લખ્યું તેમાં આ મહિનાઓ દરમિયાન એમની સાથે પૂરેપરી છૂટથી થએલી કેટલીક ચર્ચાઓ વણી લીધી છે.

વડોદરા કૉલેજમાં હું (નિવૃત્ત થયા પછીને છ કે બાવીસ વર્ષે) બીજી વાર કામચલાઉ પ્રોફેસર લેખે ગયો તેનો જશ શ્રી જ્યોતીંદ્ર મહેતાને છે. કૉલેજમાં રહ્યો તો એવો બૅકસફર્ટથી પાછા આવી ગયા ત્યાં લગી, પરંતુ પછી હું ત્યાં જ રહી ગયો. બધું ગણીને દસ વર્ષ આ વખતે જે વડોદરે ગાળ્યાં. ૧૯૦૬ની રાજકોટ પરિષદના સમય-થી હું મધ્યકાલીન ગુજરાતી ભાષાનાં કક્કો અને બારાખડી શીખેલો તે મારો અભ્યાસ આ વેળા વડોદરે ગયો પછી જ બધારી શક્યો.

ઈ. ૧૮૬૬ થી ૧૮૬૬ હું અજમેર કૉલેજમાં પ્રોફેસર તરીકે ગયો અને ખરેખર મારો નવી અને બધારે મોટી દુનિયામાં પ્રવેશ થયો. હિંદ ગાયાભારે દેશ છે; ગુજરાત, દક્ષિણ હૈદ્રાબાદ, મદ્રાસ, મૈસૂર, ગોદાવરી કૃષ્ણાતટો મુક્તબલે ઊતરતા દરજ્જાનાં સત્ત્વો છે; પામીર અને હિંગલાનથી અરબ્બી સમુદ્ર, વિંધ્યમાલ અને બંગાળના ઉપ-સાગર લગીનો પ્રદેશ જેનું ખાસ નામ હિંદુસ્તાન છે—ઉત્તર હિંદ છે, તે જ આખા ભરતખંડનું ભાવિ ઘડવા, યોજવા, સિદ્ધ કરવાને 'કર્તુંમકર્તુમન્યથાકર્તુમ્' સમર્થ છે; આ પ્રતીતિ સાબ્રમતી અને રેવાકાંઠે જ કે રૈવાદક્ષિણે જ જન્મારો ગાળનાર કોઇને થતી નથી. મુસ્લિમ જગતમાં મક્કે હજ્જનો જે મહિમા છે, તે આ પ્રમાણે હિંદ-ની તમામ વસ્તી માટે ઉત્તરાખંડ અને હિંદુસ્તાનની મહાયાત્રાનો છે. મેં જેપુર જોયું, ભરતપુર જોયું, પંજાબ, કાશ્મીર ને બંગાળાને હિંદનાં અવિભાજ્ય અવયવ બનાવનાર મોઘલ યુગ છે. ગાંધારને હિંદનું અવિભાજ્ય અવયવ બનાવવાના એકે પ્રયત્ન હજી થયો નથી હોતા. ગાંધાર તેમ સિંહલદ્વીપ બૌદ્ધ હિંદનાં અવયવ બન્યાં હતાં, તેમાંથી સિંહલદ્વીપને ફરી હિંદનું અવયવ બનાવવાનો પ્રયત્ન કોઇએ કર્યો પણ નથી, વગેરે વગેરે દૃષ્ટિબિંદુ મારી વિચારણામાં પ્રવેશ પામ્યાં.

૧૮૬૬ના ઉત્તરાર્ધથી ૧૯૦૧નો પૂર્વાર્ધ પાછો મેં રૂક્ન કૉલેજમાં ઑનરરી ટિંગ આચાર્ય તરીકે ગાળ્યો, કેમકે એ બે વર્ષ પ્રો. જૅન પોતાની પહેલી ફર્લો રજા ભોગવવા સ્વદેશ ગયા. હું રવિવાર પેઠ અને પછી નારાયણ પેઠમાં જ રહ્યો. મારો ઓલ્યવાયો સ્વભાવ અને વાંચવા-લખવાને જ ઘણોખરો વખત અર્પી, વધે તેમાં ય ઓલ્યા રખડવાની મારી લત જરા ય ઘટ્યાં નહિ. અજમેરથી હું સાયકલ પર બેસતો થઈ ગયો હતો. તે વડે પૂણાની આસપાસના પંદર વીસ માઈલ લગી-ના પ્રદેશ આ વખતે જોયા. મેં પહેલા બાજીરાવ પેશ્વાના સમયને લગતાં અપ્રકટ ને મૂલ સાધનો જોગાં કરવા માંડ્યાં ને બે સમયને લગતું ઐતિહાસિક વાઙ્મય—અંગ્રેજી તેમ મરાઠી—ગળી શક્યું તે બધું જોઈ વળ્યો. આ સાધનો, ઇતારા, કાગળિયાં, ચોપડીઓ, પુસ્તકો આદિની બોક પેટી ભરી. ત્યાં તો પાછો અજમેર ગયો ને બે મુસા-ફરીમાં, કે બે પછીનીમાં, રેલ્વેએ બે પેટી જ ખોઇ નાખી ! મારો બે સંગ્રહ અદૃશ્ય થઇ ગયો, બોલ્યે આપણે તો મરાઠા ઇતિહાસના આખા વિષય વિષે જ નવેસર નાખ્યું.

'આરોહણ' ૧૯૦૦માં પડ્યું થયું. 'ટીચિંગ ઑવ ટેનિસન' એ વિવે-ચક નિબંધ કે ભાષણથી, 'વડોદરા માધવરાવ પેશ્વા' એ ઐતિહાસિક નિબંધથી, તેમ 'આરોહણ' પરે કરી રાકાતાં ૧૯૦૦માં મારી સર્જક-શોધક શક્તિઓમાં ને મારી 'કલાશક્તિ'માં મને શ્રદ્ધા બેઠી, કંઇક ચૂરાતન ચડ્યું કે જીવનનું સાર્થક્ય આવા વિષયોના સમર્પણમાં છે.

પૂણે બે વર્ષ કામચલાઉ પ્રોફેસર થઈ આવ્યો ત્યારથી મુંબાઇ વિશ્વવિદ્યાલયમાં દર વર્ષે પરીક્ષક થવા લાગ્યો. આ રીવા ને કલાકૃતિ કેટલાં વર્ષ ચાલ્યા કરશે તેનો પહેલાં ત્રણચાર વર્ષ ખ્યાલ સરખો નહિ. બનારસ યુનિવર્સિટીમાં છ વાર, અલ્લાહાબાદ યુ.માં ચાર વાર પરીક્ષક થયો હું, તે ઉપરાંત મુંબાઇ યુ.માં તો ત્રીસથી વધારે વાર મેં પરીક્ષાઓ લીધી છે.

કેટલાંક વર્ષ પછી હત્તર વિભાગના ઈન્સ્પેક્ટરનું પદ ત્યારમાં માસિક રૂા. ૨૦૦ની ખોટ ખાઈને ય મેં નકાર્યું. સત્તા, પદવી, મોટા અમલદાર ગણાવું, સંખ્યાબંધ માણસો આપણને પોતાના ભાગ્ય-વિધાતા ગણે, એ ક્યાંનો મોહ મને હતાપિ નહિ. હું તો એ બધાની 'અવળી બાજુ' જોનાર ને બખોડનાર સ્વતંત્ર ગિનછ 'ફિનરલ ટેગો-

કૃતિક ઈકોનોમિક્સ'. આપણી ઈમારતમાં લખું. તો વિદ્યાર્થી-જીવન, સર્જનમય બુદ્ધિપ્રવૃત્તિ અને કોલિયો ખાન, એ જ મારું 'ગોકુળ' અને મારા 'નંદકુવર.' એ છોડીને જ 'વૈકુંઠ' ગળવું હોય, તો આપણા પેલા ગીતગાંની ગોપીની જેમ, વૈકુંઠ મને બ્હાલું ના જ લાગે.

એટલે, ૧૯૦૧ની આખરે, દાદીમા નેણાપાજીના ગત થયા પછી હું ચંદ્રગઢિ અને છોકરાં પાછાં અજમેર જ ગયાં! ત્યાંનાં ત્રણ વર્ષ દરમિયાન રાજપુતાનાનાએજન્સીઓને દિવાનપદ આપવા તત્પરતા દેખાડેલી. જે અતિ નમ્રતાપૂર્વક હંમેશને માટે અસ્વીકારકરેલો.

શ્રી રઘુનાથ પરાંજપે ઈન્ડિયન્સ સીનિયર રેન્કર થઈને પાછા આવ્યા ને ગોખલેએ એમને થોડા જ વખતમાં પ્રિન્સિપાલ બનાવી દીધા, તે પછી એઓ મને દાબીને કહે, 'ઠાકોર, આપણી સંસ્થામાં તમારા જેવા પ્રોફેસરોની જરૂર છે. તમે આવી જાવ ને? દેશહિતની ખાતર એટલો ભોગ ન આપો?' મેં ભોગને સમજ પાડવા પ્રયત્ન કર્યો, 'મારાં હિતેચ્છુઓ અને વડીલો તો માને છે કે વિદ્યાની અને પ્રોફેસર થવાની ધૂનમાં ને ધૂનમાં મેં મને જાન પણ નહિ એટલો મોટો ભોગ આપી જ દીધો છે. ને મારી હારના ગ્રેજ્યુએટો એલ-એલ.બી. થઈને અત્યારે પણ શી સ્થિતિએ પહોંચી ગયા છે તે જુવો. જુઓ ટેક મોખરે છે તેમને ભલે યાદ રાખો; જેમની સફળતા બીજા દરજ્જાની ગણાય તેવાની જ સ્થિતિ સુરત ને નડિયાદ, અમદાવાદ ભરૂચ ને કાઠિયાવાડમાં જુવો. તમને આવી થશે કે એટલું હું આ પ્રોફેસરની નોકરીમાં કદાપિ રળી શકીશ નહિ; એટલે એટલા ભોગે મેં નિર્વાહ માટે આ પ્રવૃત્તિ પસંદ કરી એ જ મારો ભોગ.'

૧૯૧૪માં પણ રેફન કૉલેજના પ્રોફેસર થઈને મેં Indian Administration to the Dawn of Responsible Government પુસ્તક લખ્યું. એ ચોપડી એ વિષય ઉપરની એક વજનદાર ચોપડી લેખે પંકાઈ. હિંદ ઉપરાંત ઈંગ્લાંડ, સામ્રાજ્ય, અમેરિકા, જર્મની અને જાપાનમાં, જ્યાંજ્યાં બ્રિટિશ હિંદના ઇતિહાસ ને રાજ્યવહીવટ અને રાજ્યબંધારણ તથા ઇંગ્લાંડ અને હિંદના સંબંધોનો ગંભીર ઐતિહાસિક અભ્યાસ થતો, ત્યાં ત્યાં એ ચોપડી ઠીકઠીક ફેલાઈ. તેમાં હિંદને ઇંગ્લાંડ સાથેના સંસર્ગ ને સંબંધથી શા શા લાભ થયા છે એ દર્શાવવામાં મેં ઇંગ્લાંડના માત્ર વખાણ, ખુશામદ આદિ કર્યા નથી. દરેક અગત્યના અભિપ્રાય માટે મેં પ્રમાણભૂત ગણાય એવા આધારો ટાંક્યા છે. વળી ઇંગ્લાંડના દોષો પણ દેખાડ્યા છે. તોપણ મારી શ્રદ્ધા ઉદારમતવાદી—લિબરલ પક્ષની શ્રદ્ધા હતી તે જ, કે બ્રિટિશ સામ્રાજ્યમાં કેનેડા-ઑસ્ટ્રેલિયાના જેવું 'ડોમીનિયન સ્ટેટસ' એટલે કે 'સામ્રાજ્ય બિરાદર'નું પદ હિંદને મળે તો તેમાં પૂરેપૂરી આઝાદી સમાઈ જાય છે. એ મારી શ્રદ્ધા ઘણાં વર્ષ ટકી રહી.

રાજ્યપ્રકરણક્ષેત્રમાં હું પ્રત્યક્ષ ગાંધીજીનો અનુયાયી નથી. તથાપિ આ મહાપરિવર્તનની પળે, જ્યાં અક્ષદેશથી ઇરોચીન સુધીની મુ-કાબલે પછાત પ્રજાઓ પણ આઝાદી માટે બનતા પ્રયત્નો કરી રહી છે ત્યાં, મને પણ શ્રી જવાહરલાલ નહેરુ ને શ્રી વલ્લભભાઈ પટેલની નીતિ જ સાચી લાગે છે: આ હજાર તકની એક તક દરમિયાન હિંદે સંપૂર્ણ આઝાદીને જ પોતાનું નિશાન બનાવવું ઘટે એમ મારા જેવા માત્ર armchair politician અને ઉમરે અતિ વૃદ્ધને પણ લાગે છે.

ઇતિ. અધૂરું તો અધૂરું. આટલું લખતાં કંટાળ્યો ગણો, થાક્યો ગણો, અતિ લેણાણ થયું ગણો, અહીં જ અટકી જાવ છું. માત્ર ઈ. ૧૯૦૪ સપ્ટેમ્બર ૧લીએ રાજકોટની નોકરી શરૂ થઈ, ત્યાંથી કૂદી ઈ. ૧૯૪૩ એટલે મારા પંચોતેરમા વર્ષ વિષે ચાર લીટી ઉમેરું છું.

તેના સમારંભો થયા; યુનિવર્સિટીમાં સમુચિત સમારંભ માટે પૂરતો ફાળો થયો; માનપત્રો અને ગ્રંથપ્રાઓ (caskets) અર્પણ થયાં; એ બધું વાંચનાર અને સાંભળનારને કદાચ લાગે કે મારું એ વર્ષ આનંદોલ્લાસમાં ગયું હોવું જોઈએ. જરી હકીકત એવી બની જુદી બની ગઈ. ૧લી ઑક્ટોબર '૪૩થી ૩૧મી ઑગસ્ટ '૪૪ની આખર લગીના મહિના હું સારી પેઠે માંદો અને અશક્ત હતો.

હું સારી પેઠે સમજું છું કે એ ગ્રંથપ્રાઓ અર્પાઈ તેમાં હું બે. હા. માત્ર નિમિત્ત. ગુજરાતીઓના હૃદયમાં મારે પોતાની ભાષા, પોતાના સાહિત્ય આદિના ગૌરવ માટે જે પ્રત્યભાવ, જે અભિલાષા, ભાવના આદિ તરવરે છે, ને જેગીલી વૃદ્ધિ અનુભવી રહ્યાં છે, તેના એક પ્રસંગોપાત્ત આવિર્ભાવ રૂપે જ એ ગ્રંથપ્રાઓ. એટલે મેં તો જે ભાવથી મને એ સમર્પણમાં આની તે જ જાત જીવીને, આંખને અડકાડીને જ તુર્ત જાહેર કરેલું કે ગુજરાતી પ્રજાની પોતાના સાહિત્ય માટે બહુમાનની આ નિશાનીઓ મારા રંક ઘરમાં સચવાવાનો સંભવ તે કરતાં કંઈક વધારે સમય લગી પ્રજા સમક્ષ જેવી ને જેવી રહે, એટલા સારૂં હું તો એને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને, અમદાવાદમાં એક સંગ્રહસ્થાન રચવાની નવી સંસ્થા ઊભી કરવાનું બીડું ઝડપ્યું છે, તે સંસ્થાને જ ભેટ આપી દઉં છું.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ:'પ્રાતઃકાળ'—હીરાલાલ પી. ભટ્ટ (અમદાવાદ), બીજું ઇનામ: મોટુકું; ત્રીજું ઇનામ: 'સૂર્યાસ્ત'—કંચનરાય એમ. જાની (અમદાવાદ); નોંધપાત્ર: 'ગોરજ ટાણે'—જગન્નાદાસ પંચોલી (અમદાવાદ); 'હિજરત'—રસિકલાલ શાહ (જામનગર).

કલાત્મક ફોટોગ્રાફી વિષે અનેકવાર જુદી જુદી રીતે કહેવામાં આવ્યા છતાં બહુ જ ઓછા તે તરફ લક્ષ આપતા જણાય છે. કેવળ પીછી કે ટાંકણાનો પકડનાર જેમ ચિત્રકાર કે શિલ્પી થઈ શકતો નથી, તેમ માત્ર કૅમેરાની ચાંપ દાબનાર દરેક જણ ફોટો-કલાકાર બની જતો નથી. ચાંપ દાબતાં કે સારી છાપો ઉતારતાં આવડી એટલે ફોટો-કલાકાર બની ગયા, એવી ગેરસમજ ને કર થઈ શકે તો ઘણાં સમય, શક્તિ ને પૈસાનો દુર્વ્યય અટકે.

આ વખતે આવેલાં લગભગ ૫૦ જેટલાં ચિત્રોમાંથી વિચારપૂર્વક લેવાએલાં તો ભાગ્યેજ ચારથી પાંચ નીકળે. તેમાં પહેલું ઇનામ જીતનાર ભાઈ હીરાલાલ ભટ્ટના આ એકના પૂઠા ઉપર છાપેલા ચિત્રમાં કાવ્યમયતા છે. પોતાના પ્રશાંત હૈયા પર હોડીને રમાડતી બહેતી નદીનાં નીરમાં સૂર્યકિરણોએ પોતાની જે રંગોળી પૂરી છે તેનો આનંદ લૂટતો આ પત્થરનો ઘાટ પણ અદેખાઈ નથી ઉપજાવતો? ચિત્રને સજીવતા અર્પતું માનવપાત્ર અને ચિત્રનું સપ્રમાણ સંયોજન પ્રશંસ્ય છે. પ્રિન્ટની ટ્રકનિક અને ચોકસાઈમાંયે ફોટો-ગ્રાફર કલાકારનો કસબ બતાવે છે.

ત્રીજું ઇનામ મેળવનાર ભાઈ કંચનરાય જાનીનું 'સૂર્યાસ્ત' પણ વૃક્ષની પાછળથી પસંદ કરાએલા ટાણાને લીધે વિસ્તાર અને ભવ્યતાવાળું દૃશ્યચિત્ર બની શક્યું હોત, પણ વર્ષોજેટની ઊણપથી ચિત્ર પાછું પડી ગયું છે. ભાઈ પંચોલીનું 'ગોરજટાણે'નો, પાછાં વળતાં ઢોરનો વિષય સારો હોવા છતાં હવે તો બહુ જ ચવાઈ ગએલો છે. ચિત્રનું ફોકસિંગ ખામીવાળું છે. ભાઈ રસિકલાલ શાહના 'હિજરતે'ના સારા વિષયને કૅમેરાથી સભાન બની ઘેળી ગએલાં પાત્રો બગાડે છે. જો જ ચિત્ર ચાલુ ગતિએ અને ચોગ્ય ટાણુથી લેવાયું હોત તો સુંદર ચિત્ર બની રહેત.

શ્રીરામ ભટ્ટ

(અનુસંધાન પાછળના પાન ૧૭૫થી)

નં. ૧૦

વળી ઝપાટાની સીધી રેખાથી આડીઅવળી (zigzag) રેખા પર આંખ ફરે છે ત્યારે આંખની કીકી એ રેખાના દરેક ખૂણે અટકે છે ને માંસપેશીને વચ્ચેવચ્ચે આંખની કીકીને અવળે રસ્તે ઠેલવી પડે છે (ચિત્ર નં. ૧૦) એટલે કોઇ અવિચ્છિન્ન સીધી રેખા જોતી વખત આંખને જે સુખનો અનુભવ થાય છે તે સુખનો અનુભવ આડીઅવળી (zigzag) રેખા જોતી વખત થતો નથી; પણ પગલેપગલે વિપત્તિ ને ઊંધે જ રસ્તે જવાની ઉતાવળથી આંખને કષ્ટ પડે છે.



ઉપર ↑ ચિત્ર નં. ૧૧ નીચે ↓ ચિત્ર નં. ૧૨



પણ જો આ જ દિશાની સીધી રેખાની અણીઓ ભાંગી નાખીએ (ચિત્ર નં. ૧૧) અને તે આડીઅવળી (zig-zag) રેખાને ઝપાટાની વાંકી રેખાગાળાનું રૂપ આપીએ તો એ વાંકી રેખા પર ફરતાં આંખને કંઈ પણ કષ્ટ પડતું નથી; બલકે આરામ મળે છે. જોકે આ ઝપાટાની વિપરીત ગતિથી આંખને હિન્દોલની પેઠે ઝોટાઝોટા થવું પડતું નથી, પણ ગતિના ક્રમમાં તે ધીરેધીરે છૂટી થાય છે. ૧૧ અને ૧૨ નંબરનાં ચિત્રો પર આંખ ફેરવવાથી આ સમજાશે. વાંકી રેખાની આ ઝપાટાની ગતિને અંગ્રેજીમાં Rhythm અથવા છંદગતિ કહે છે.

કેવળ સીધી રેખા વડે ચિત્રકાર આંખને પ્રીતિકર સુંદર ચિત્ર કરી રાકે ખરા, પણ વાંકી રેખાની મદદ લીધા વગર સુમધુર છંદમાં ચિત્રરચના ન કરી શકાય. કારણ, આપણે જોયું કે સીધી રેખાની અણીઓ અથવા જોકદાર પ્રકારની ગતિ આપણી આંખને પીડાદાયક થાય છે. વચ્ચેવચ્ચે વાંકી રેખાનો આશ્રય લીધા વગર આંખને ચેન નથી પડતું. સીધી રેખામાં ચીતરેલી માણસની છબિ (ચિત્ર નં. ૧૩) ગોળ રેખામાં ચીતરેલી બીજી છબિ (ચિત્ર નં. ૧૪) સાથે સરખાવવાથી આપણને લાગશે કે વાંકી રેખામાં ચીતરેલી માણસની છબિ દૃષ્ટિમધુર છે. સીધી રેખાની અણીઓમાં દૃષ્ટિની આ મધુરતા નથી.



ચિત્ર નં. ૧૩



ચિત્ર નં. ૧૫

ચિત્ર નં. ૧૪





ચિત્ર નં. ૧૬



↑ચિત્ર નં.૧૭

ચિત્ર નં.૧૮

ચિત્ર નં. ૧૫ તથા ૧૬ વાળી ઘોડાની બે છબિઓમાં પણ આ ફેર સારી રીતે સમજી શકાય છે. સીધી રેખામાં ચીતરેલી કૂદતાની લંડાઈ (ચિત્ર નં. ૧૭) ને મુલાયમ વાંકી રેખામાં ચીતરેલી 'ઉદરની દોડ' (ચિત્ર નં. ૧૮) એ બે ચિત્રોમાં પણ આ માધુર્યનો ફેર સ્પષ્ટ રીતે સમજી શકાય છે. સરળ રેખાના ચતુષ્કોણની અણીઓ ભાંગી નાંખી, તેને ગોળાકૃતિમાં ફેરવી નાખવાથી ચતુષ્કોણ વસ્તુ ગોળાકૃતિની વાંકી રેખામાં માધુર્ય મેળવે છે (ચિત્ર નં. ૧૯ તથા ૨૦).

← ડાબી બાજુ ચિત્ર નં. ૧૯

નીચે ↓ ચિત્ર નંબર ૨૦

પ્રકૃતિદેવી પોતાનો પદ્મ-હસ્ત ફેરવી, બધી રેખાઓના ખૂણા ભાંગી, ગોળાકૃતિવાળી વાંકી રેખાના માધુર્ય વડે પ્રકૃતિની જુદીજુદી મૂર્તિને મધુર બનાવે છે. પ્રકૃતિના રૂપમાં આંખને પીડાદાયક ખૂણા ભાગ્યે જ જોવામાં આવે છે (ચિત્ર નં. ૨૧). પ્રહાડની ટોચ થોડે ઘણે અંશે ખૂણાવાળી હોય છે ખરી, પણ વાંકી રેખાના સહયોગથી એ સીધી રેખાનો ખૂલ્લો ગોળાકાર ધારણ કરે છે (ચિત્ર નં. ૨૨.)



ચિત્ર નં. ૨૧

ઉપર : ચિત્ર નં. ૨૨

જમણી બાજુ : ચિત્ર નં. ૨૫→

નીચે : ચિત્ર નં. ૨૩





ડાબી બાજુ તથા નીચે ચિત્ર નં. ૨૧

સીધી તથા વાંકી રેખાના આ દોષ, ગુણ અને મૂલ્ય વિચારીને વિચક્ષણ ચિત્રકાર પોતાની ગોઠવણીનું માધુર્યચક્ર રચે છે. જેમ કવિ જુદાંજુદાં વજનના શબ્દો જાણી લઈને તેને યથાયોગ્ય ગોઠવી છંદ અને તાલમાં જોડી સુમધુર કવિતા રચે છે, તેમ ચિત્રકાર પણ જુદાંજુદાં રૂપની, જુદાંજુદાં મૂલ્યની, જુદાં જુદાં વજનની ને જુદાંજુદા છંદની રેખાને સુંદરરીતે ભેળવી (composition કરી) આંખને પ્રીતિકર એવા સુમધુર ચિત્રની રચના કરે છે (ચિત્ર નં. ૨૩-૨૪).

રેખાની આ ગોઠવણીની રીત પણ ચિત્રકાર પોતે જ શોધી કાઢે છે; કુદરતના સ્વાભાવિક રૂપની ગોઠવણીની તે હુબહુ નકલ કરતો નથી. આમ, પોતાની મેળે કરેલી રેખાની ગોઠવણી તે એ ચિત્રકારની પોતાની મૌલિક રચના, નકશો અથવા ડિઝાઈન (પરિકલ્પના) કહેવાય. આ ડિઝાઈન અથવા સ્વેચ્છાકૃત રેખાનો સમાવેશ એ જ ચિત્ર-રચનાની મૂળ શક્તિ અથવા પ્રાણ છે (જુઓ ચિત્ર નં. ૨૫).

સીધી રેખા અને વાંકી રેખાની વચ્ચે એક જાતનો સ્વાભાવિક ફેર, વિભેદ અથવા વિસંવાદ છે. આ ફેરને લઈને એક જાતની રેખા બીજી જાતની રેખાની શક્તિમાં વૃદ્ધિ કરે છે અથવા એને પોષણ આપે છે. જેમ કાળા રંગની પાસે સફેદ રંગ વધારે ઉજ્જ્વળ લાગે છે, તેવી રીતે વાંકી રેખાની સાથે–અથવા પાસે–સીધી રેખા વધારે સીધી હોય એવું લાગે છે. તેવી જ રીતે સીધી રેખાની પાસે વાંકી રેખા વિશેષ ગોળ લાગે છે. (ચિત્ર ૨૬ના બંને સમૂહ)

ઉપર : ચિત્ર ૨૪



જાજુએ : ૨૭
નીચે : ૨૮

ઓછા માટે કોઈ પણ રેખાને શક્તિશાળી અથવા ગુરુત્વપૂર્ણ કરવા માટે બે ઉપાય અથવા પદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે: એક પદ્ધતિ તે વિપરીત રસ અથવા વિસંવાદી રેખાની મદદ લેવી તે; ને બીજી પદ્ધતિ તે એક જ રસવાળી વિસંવાદી રેખાની મદદ લેવી તે. એક જ સીધી રેખાની સાથે કે પાસે જો બીજી થોડી શાખી રેખા મૂકવામાં આવે તો પેલી રેખાને પોષણ મળે છે–તેનો ગુણ વધે છે, તેનું વજન વધે છે ને તે રસભર થાય છે. રેખાંના આ દ્વિત્વથી અને પુનરાંકનથી તેનું મૂલ્ય વધે છે અને તેમાં નવા રસની ઉત્પત્તિ થાય છે. ઘણી વખત આ સહકારી રેખાને બહુ પાસે, થોડે દૂર અથવા બહુ દૂર રાખની પડે છે (ચિત્ર નં. ૨૭). આ દૂરત્વ અથવા સાન્નિધ્યના પ્રમાણ અનુસાર એની સહકારિતાની મદદમાં ફેર પડે છે ને મૂળ રેખાના રસનો ગુરુત્વનું અથવા વજનનું પ્રમાણ પણ વધારેઓછું થાય છે. ચિત્રકારના

ઉદ્દેશ પ્રમાણે આ સહકારી રેખાને દૂર અથવા પાસે રાખવી પડે. આ દૂરત્વ ને સાન્નિધ્યના પ્રમાણ અનુસાર રેખાંના વજનમાં અથવા રસની અનુભૂતિમાં પણ ફેર પડે છે.

ચિત્રકારના ઉદ્દેશ પ્રમાણે સીધી રેખા, વક્ર રેખા, ખૂણાવાળી રેખાની હાર અથવા વાંકી રેખાની હાર ગોઠવીને ચિત્રકાર પોતાનો મનગમ્યો નકશો કે ડિઝાઇન (પરિકલ્પના) બનાવે છે. (ચિ. ૨૯).

વધુપડતા લવણયુક્ત આહારના દોષના નિવારણ માટે જેમ મોળી ખાંડની જરૂર પડે છે, તે પ્રમાણે જ્યાં વધારે વાંકી રેખાનો સમાવેશ થયો હોય છે તેના દોષનું નિવારણ કરવા ચિત્રકાર સીધી રેખાની ગોઠવણી કરે છે (ચિત્ર નં. ૩૦). તે જ પ્રમાણે, જ્યાં વધારે સીધી રેખાનો સમાવેશ થયો હોય છે તેના દોષના નિવારણ માટે ચિત્રકાર પોતાની રચનામાં કુશળતાથી કોઈ પણ રૂપે વાંકી રેખાનો સમાવેશ કરી લે છે. આવી રીતે સીધી સરળ રેખાની ગોઠવણી પર ઝીણીવાળી સીધી રેખાની સમષ્ટિની ઋજુતા અથવા દૃઢિકૃતાનું પ્રમાણ ઘટાડી શકાય છે. આ પ્રમાણે અખંડ, અતિ દીર્ઘ એવી એક સીધી રેખાને બેટી વચ્ચેવચ્ચે વાંકી રેખાના હાંસિયા કરી, ચક્ષુપીડાનું નિવારણ કરવાની પદ્ધતિ હતી છે.



ચિત્ર નં. ૨૬; જમણી બાજુ ચિત્ર નં. ૩૦; નીચે ચિત્ર નં. ૩૧

પૂર્વ ને પશ્ચિમના દેશોના હસ્તલિપિ-કુશળ પ્રાચીન લેખકોની અક્ષર લખવાની લિપિકુશળતા (Calligraphy)માં પણ આ સીધી અને વાંકી રેખાના મધુર સમાવેશનો જ આપણને પરિચય થાય છે. મધ્ય યુગમાં સુંદર હસ્તલિખિત પોથીની બહુ કદર થતી. રાજા-બાદશાહો, ખ્રિસ્તી પાદરીઓ, પુરોહિત બ્રાહ્મણો, ધાર્મિક મુસલમાનો ને પંડિતોએ લિપિવિદ્યાને બહુ જ હસ્તગત કરી હતી. આ બધા ધાર્મિક સાધકોની મદદથી અને મહેનતથી લિપિવિદ્યાએ એક સર્વોત્કૃષ્ટ શિલ્પવિધાનું રૂપ ધારણ કર્યું હતું. મધ્યયુગના આ બધા લિપિકુશળ શિલ્પીઓના લખાણમાં સીધી ને વાંકી રેખાનો સુંદર અને સુચતુર પ્રયોગ જોવામાં આવે છે. જેઓ આવી સુંદર લિપિ લખતા હતા તેઓ રેખાતત્ત્વનું વિશેષ જ્ઞાન ધરાવતા હતા; એટલે કે કેટલા પ્રમાણમાં સરળ રેખાની સાથે વાંકી રેખા જોડવાથી સુંદર સુમધુર આકૃતિના અક્ષરો લખી શકાય તેના યોગ્ય મૂલ્ય અથવા વજનનું જ્ઞાન તેઓને હતું. ચીન, જપાન અને હિંદુસ્તાનમાં અક્ષર લખવાની આ શિલ્પપદ્ધતિના ઘણા નમૂના છે. એવી લિપિપદ્ધતિના કેટલાક નમૂનાઓ આ સાથે આપ્યા છે (ચિત્ર નં. ૩૨થી ૩૭). તેમાં નં. ૩૬માં ચીની ભાષાના જુદાજુદા અક્ષર ગોઠવીને એક માણસના ચિત્રની રચના કરવામાં આવી છે.

ચિત્ર નં. ૩૨

ચિત્ર નં. ૩૩







(આ આલેખક લેખમાળાનો વિશેષ લાગ ચિત્રો સાથે આવતા અંકમાં)

દીવાલ પરનો ચહેરો

વિખ્યાત અંગ્રેજ લેખક ઇ. વી. લ્યૂકાસની એક રસપ્રદ વાર્તા ઉપાસ

અનુવાદક:
યશવંત શુક્લ

ઉજ્જનીને ત્યાં ગઈ કાલે રાત્રે જે તમાચો ખાધો તે હજી ચમચમે છે. સંતોષ માત્ર એટલો જ છે કે તમાચો ખાવામાં હું એકલો નહોતો. વાત એમ હતી કે અમે બધા ભૂતની વાતે ચઢી ગયા હતા. હવે એ વાતોમાં માલ કશો ગણે નહિ અને તો ય આકર્ષક એટલી બધી કે એનો પારછેડો ય આવે નહિ. અમારામાંથી ઘણાએ પોતે જાણતા હતા તે પ્રસંગો કહી સંભળાવ્યા, પણ બરાબર રંગત જામતી નહોતી. જોગા થએલામાંથી હું જેમને ઓળખતો નહોતો તેમાં એક નીચા કાઠીનો માણસ હતો. રૂટસન-વેટ એને તાણતો આવ્યો હતો. સફેદ પૂણી જેવા એના ચહેરા પર આતુરતા અંકિત થએલી હતી. એકેએક બોલનારની વાતને એ ખૂબ ધ્યાનથી સાંભળતો હતો પણ પોતે કશું બોલતો નહોતો. પછી એને વાતમાં દાખલ કરવાના ઈરાદાથી ડૅબ્નીએ એની તરફ ફરીને પૂછ્યું કે, 'તમારે કંઈ કહેવા કરવાનું નથી? જેનું રહસ્ય હાથ ન લાગે એવો કોઈ અનુભવ, એવી કોઈ વાત તમારે કરવાની છે કે નહિ?'

ઘડીભર એ માણસ વિચારી રહ્યો. પછી બોલ્યોઃ 'સામાન્ય અર્થમાં જેને વાત કહીએ તેવી વાત તો મારે કહેવાની નથી. તમે બધાએ અહીં રજૂ કર્યાં છે તેવા, બીજા કોનેથી સાંભળેલા દાખલા મારી કને મુદ્દલ નથી. હું તો હમેશાં માનતો આવ્યો છું કે જે કાલ્પનિક છે તે કરતાં સત્ય બધુ રહસ્યમય જ નહિ પરંતુ વધુ રસિક પણ હોય છે. મારી પોતાની બાબતમાં બન્યો હતો તેવો એક પ્રસંગ કહું તો કહી સંભળાવું. અને જરાક વિચિત્ર લાગશે, પણ આજે સાંજના ભાગમાં જ એનો અંત આવ્યો.'

અમે એને પોતાની વાત કહેવા આગ્રહ કર્યો. એણે કહેવા માંડ્યુંઃ

'આજથી બરાબર બે વરસની વાત પર હું મેટ ઑરમંડ સ્ટ્રીટમાં પોતાની ઑરડીઓ ભાડે લઈને રહેતો હતો. ઘર નવું હતું. મારી અગાઉના એક ભાડૂતે સૂવાના ઓરડાની દીવાલોને રંગ કરાવ્યો હતો, પણ એ જગા ભેજવાળી હોવાથી ઠેકાણે ઠેકાણેથી રંગ ફૂટકી ગયો હતો ને દીવાલ પર મોટાં ધાબાં પડી ગયાં હતાં. એમાંનું એક ધાબું, ઘણીવાર બનતું હોય છે તેમ, આબાદ જાણે કોઈ મનુષ્યના ચહેરાની આકૃતિ હોય તેવું દેખાતું હતું. પણ આ દાખલામાં પેલી આકૃતિ મનુષ્યાકૃતિને હળકી જવાય એટલી બધી ગળતી આવતી હતી. સવારે ઊઠવાનું ગાળા કરતાંકરતાં પથારીમાં પડ્યોપડ્યો હું એ આકૃતિને ધ્યાનથી નિહાળ્યા જ કરતો, નિહાળ્યા જ કરતો. ધીમે ધીમે એ જાણે કોઈ ખરેખરી જીવંત વ્યક્તિ હોય, જાણે મારો સહવાસી હોય એ ભાવ મારા મનમાં દૃઢ થવા લાગ્યો. વિચિત્ર તો એ હતું કે દીવાલ પરનાં બીજાં ધાબાં મોટાં થતાં જતાં હતાં ને તેમની રેખાઓ ભૂંસાવા જતી હતી, પણ આનું એવું કશું થતું નહિ. આકૃતિ બરાબર હતી તેવી જ રહી.

'ત્યાં રહેતો હતો તેવામાં એકવાર હું સખત ઈન્ફ્લુએન્ઝાથી પટકાઈ પડ્યો. એ માંદગીમાં આંખો દિવસ કરવાનું કશું હતું નહિ, એટલે કાં તો વાંચું કે કાં તો વિચારે ચડું. અને એ જ વખતે આ ચહેરાએ મારા મનને વધારે મજબૂત પકડમાં લીધું. એ મુખાકૃતિ વધારે ને વધારે વાસ્તવિક ને ધ્યાનપાત્ર બનતી ગઈ. હું એમ પણ કહું કે દિવસને રાત મને એના ને એના જ વિચારો આવવા લાગ્યા. એના નાકનો વળાંક અદ્‌ભુત હતો અને ઠળતું કપાળ પણ અપૂર્વ હતું ખરું પુછાવો તો એ ચહેરો વ્યક્તિત્વપૂર્ણ હતો. નોખી જ ભાત પાડે તેવા પુરુષનો, હનરમાં એકનો હોય છે તેવો, એ ચહેરો હતો.

'ઠીક. પછી તો હું સાજો થઈ ગયો. છતાં પેલા ચહેરાએ મનનો જે કબજો લીધો તે લીધો જ. શેરીઓ અને ગલીઓમાં એ ચહેરા જેવા ચહેરાને ઢૂંઢતા ફરવા સુધી વાત આવી. ક્યાંક ને ક્યાંક તો આવો ચહેરો ધરાવનાર છવતોજાગતો માણસ હોવો જ જોઈએ એની મને ગળા સુધીની ખાતરી બેસી ગઈ હતી. અને એને જાણ્યા વિના પછી ચાલે જ કેમ? શા માટે આ બધા કકળાટ કરું તેનો મને કશો ખ્યાલ જ નહોતો. હું એટલું જ જાણતો હતો કે કોઈક અકળ રીતે વિધિએ મારો ને એનો યોગ કરી આપ્યો હતો. માણસો જ્યાં મોટી સંખ્યામાં એકઠાં થતાં હોય છે તેવાં રમતોત્સવોરાજકીય સભાઓમાં, ફુટબૉલની મૅચોમાં, અને પરાંની ટ્રેનો જ્યાં સવારે હજારોને ઉતારે છે અને સાંજે જ્યાંથી ઉપાડે છે તેવાં રેલવે સ્ટેશનોએ હું વારંવાર જવા લાગ્યો. પણ બધુ ફોગટ. તે વખતે પહેલાં કદી નહિ થયેલું એવું ભાન મને થયું તે એ કે માણસ માણસના ચહેરામાં કેટલો બધો ફેર હોય છે, અને છતાં એ ફેર કેટલો ઝીણો હોય છે; કેમકે એકેએક ચહેરો બીજા ચહેરાથી જુદો પડે છે ને તોય જે ચહેરાઓનું વર્ગીકરણ કરીએ તો આંગળીને વેઢે ગણી શકાય એટલા વર્ગોમાં જ એ સઘળા જુજવા ચહેરા ફરજની રાહ્ય તેમ છે.

'એ શોધનું મને ખરેખરું ઘેલું જ લાગ્યું હતું. પછી તો એ શોધ સિવાયનાં બીજાં બધાં કામ મેં છાંડ્યાં. ભીડવાળા રસ્તાને એક ખૂણે હું ઊભો રહેતો ને લોકના ટોક સામે ટીકી રહેતો. એવી રીતે બે એટલી બધી વાર ટીકી રહેતો કે લોકો મને ઓંઠામાં ગણવા લાગ્યા. પોલીસ પણ મને ઓળખી ગઈ ને મારી પર વહેમાવા લાગી. સ્ત્રીઓની સામે હું નજર માંડતો જ નહીં—બસ પુરુષો, પુરુષો ને પુરુષો જ.'

થાક્યો હોય તેમ એણે પોતાની ભમ્મર પર જરાક હાથ ફેરવી લીધો. 'અને પછી', એણે વાત ચાલુ કરી. 'આખરે મેં એને જોયો. પિકૅડિલીને રસ્તે થઈને એ પૂર્વ તરફ એક ટૅક્સીમાં હંકારી જતો હતો. હું તે તરફ વળ્યો અને થોડેક સુધી ટૅક્સીની બાજુમાં દોડ્યો. એટલામાં સામેથી એક ખાલી ટૅક્સી મેં આવતી જોઈ. "પેલી ટૅક્સીની પાછળ મારી મૂક" એટલું જ હાંફતાંહાંફતાં બોલીને હું તેમાં ચડી બેઠો. મારા ડ્રાઈવરે પેલી ટૅક્સીને નજરમાં જોખી રાખી, અને એમ કરતાં અમે ચૅરીંગ ક્રૉસ સ્ટેશને આવીને અટક્યા. જેવો હું પ્લૅટફૉર્મ સુધી ધસી ગયો અને મારા માણસને મેં બે સન્નારીઓ અને એક નાની છોકરી સાથે જોયો. એ લોકો ૨-૨૦ ની ટ્રેનમાં દાખલ થઈ રહ્યાં હતાં. એની સાથે વાતચિતનો પ્રસંગ પાડવા માટે હું ઊંચો રહ્યો, પણ ફોગટ. બીજા મિત્રો એ મંડળીમાં ભળવા આવી પહોંચ્યા હતા અને એ સૌનો સંઘ ધીમે ધીમે ટ્રેન તરફ ગતિ કરતો હતો.

'મેં ઝટપટ ફૉક્સ્ટનની ટિકિટ કઢાવી,—એવી આશાએ કે એની ઓટ ઊપડે તે પહેલાં હું એને પકડી પાડીશ. પણ ફૉક્સ્ટનમાં હું બોટ પર ચડું તે પહેલાં એ તો એના મિત્રો સાથે ક્યારનો યે ચડી ચૂક્યો હતો, અને કેટલીયે ફેણીનોને ઓઢી કરીને બનાવેલા હોય તેવા એક ખાનગી સલૂનમાં એ બધાં ગોઠવાઈ ગયાં હતાં. એ ઠાઠ જોઈ

દાર આસામી હતો એ દેખીની વાત હતી.

'આમ બીજીવાર મારા પાસા ઊંધા પડ્યા. પણ મેંય એની અડફેટે ચડવાનો નિશ્ચય કરી લીધો. મારા મનને ખાતરી હતી કે બોટ ચાલવા લાગશે એટલે એ એકલો તૂતક પર પોતે લટાર મારવા આવ્યા વિના નહિ રહે. ગાડી હને બર્મા સુધી પહોંચવા જેટલા ભાડાના પૈસા ગાંઠ બીજાએ બેગ હતા, પણ કશું મને હવે મારા નિશ્ચયથી ડગાવી શકે એમ હતું નહિ. મેં બરાબર પેલા સકૂનના પ્રવેશદ્વારની સામે જ આંટીયા નાખ્યા ને રાહ જોવા લાગ્યો. અરધોએક કલાક થયો હશે ત્યાં પેલું બારણું ખુલ્યું ને એ બહાર આવ્યો. પણ એની સાથે પેલી નાની છોકરી હતી. મારું હૃદય એટલા બધા વેગથી ધડકવા લાગ્યું કે પ્રોપેલરને લીધે નહિ પણ મારા ધડકારને લીધે જ આખી બોટ ડોલતી હશે એમ મને લાગતું હતું! બરાબર એ જ ચહેરો! બરાય બહલ થવાનો સંભવ નહોતો. રેખાએ રેખા બરાબર મળતી આવતી હતી. એણે મારી સામે નજર ફેંકી અને ક્ષણના તૂતક પરના બધાનો ખાનુના ગાર્ડ બન્યો. મને થયું કે આ જ મારો લાગ છે.

"મને માફ કરજો" બોથરાતી જીભે હું બોલ્યો. "પણ આપનું કાર્ડ આપવાનું આપને યાદ નહિ જ હોય? આપની સાથે વ્યવસ્થા કરવાને માટે એક ક્ષણ કારણ છે."

એને અચરજ થયું હોય એમ લાગ્યું. અને કેમ ન લાગે? તેમ છતાં એણે મારી વિનંતી માન્ય રાખી. ખૂણ વિચારપૂર્વક એણે પાકીટ કાઢ્યું અને મને પોતાનું કાર્ડ આપીને પેલી છોકરી સાથે ઉતાવળે ડગલે એ ચાલી ગયો. એમાં તો રાંકા જ નહોતી કે એણે મને કોઈ ગોરા માણસ ધારી લીધો હતો અને મને નાખુશ કરવા કરતાં ખીલવવામાં બધારે કહાપણ છે એમ લાગીને કાર્ડ આપ્યું હતું.

'આંગળી વચાળે કાર્ડને જોરથી પકડી રાખીને મેં બહાણને એક નિર્જન ખૂણે જઈ કાર્ડ વાંચ્યું. મારી આંખે આંખ બજતી હતી. માથું ઘૂમતું હતું. કેમકે કાર્ડ પર આ શબ્દો આલેખેલા હતા: મિ. ઑરમંડ વૉલ. ઉપરાંત હતું પિટ્સબર્ગ, યુ. એસ. એ.નું એનું સરનામું!

'એ પછી બર્માની એક ઑરિયેન્ટલમાં મને લાવવામાં આવ્યો છે એ મેં જાણ્યું ત્યાં સુધીમાં બીજું જે કંઈ બન્યું હોય તે મને યાદ નથી. એ ઑરિયેન્ટલમાં ઘૂંટણી તબિયતે થોડાંક અઠવાડિયાં પડ્યા રહેવાનું થયું અને એક મહિના ઉપર જ હું પાછો ફર્યો.'

થોડીવાર એ બોલતો બંધ રહ્યો.

અમે એની સામે અને એક બીજા સામે જોઈ રહ્યા અને એ વાત આગળ ચલાવે એની રાહ જોવા લાગ્યા. એ સાંજની બીજી બધી વાતો આ ફીકાશ્ય નાનકડા માણસે કરેલી વાત આગળ કશી વિસાતમાં નહોતી. એકાદ ક્ષણ અટકીને એણે વાતનો તંત જાલી લીધો:

'મેટ ઑરમંડ સ્ટ્રીટવાળા મારા મુકામે પાછો ફરીને હું આ અમેરિકન, જેના જીવનમાં આટલી અકળ રીતે હું આવી ચડ્યા હતો તેને વિશે જેટલું જાણી શકાય તે જાણવા મથી રહ્યો. મેં પિટ્સબર્ગ ખાતે લખ્યું; અમેરિકન તંત્રીઓને લખ્યું; લંડનમાં વસતા અમેરિકનો સાથે સંબંધો કેળવવા માંડ્યા; પણ હું જે જાણી શક્યો તે આટલું જ, કે એ એક લાખોપતિ હતો, એનાં બાળાપ અંગ્રેજ હતાં ને લંડનમાં રહેતાં હતાં. પણ ક્યાં રહેતાં હતાં? એ પ્રશ્નનો કશોયે ઉત્તર જડ્યો નહિ.

'અને બેગ, બજત બખતનું કામ કરવા લાગ્યો. પણ તે જરા લાંબા સવાર સુધી જ. આગલી રાતે રોજ કરતાં વધારે ગમિત બનીને હું ચૂકી ગયો હતો અને મોડા સુધી ઘોયેલો. જાગ્યો ત્યારે સૂર્ય ઑરડામાં પ્રવેશી રહ્યો હતો. રોજની કરતો આવ્યો હું તેમ બારીને બારણે જ પેલી ચહેરાવાળી દીવાલ તરફ મેં નજર કરી. મેં આંખો મસળી અને ભયનો માર્યો છલંગ મારી ઊઠ્યો. ચહેરો ખૂણ આછો દેખાતો હતો. આગલી રાતે તો એ રોજના જેવો સ્પષ્ટ હતો—એને ઓલતો સાંભળતો હોઉં એટલો બધો સ્પષ્ટ. અને અત્યારે તો એ કેવળ અસલની છાયા હોય, અસલનું પ્રેત હોય એમ માંડમાંડ દેખાતો હતો. મૂઢ, ખિન્ન બનીને હું ઊઠ્યો ને બહાર ચાલ્યો ગયો. સાંજના છાપાની વહેલી બહાર પડતી આવૃત્તિ ક્યારનીય બહાર પડી ચૂકી હતી. મુખ્ય ચિત્રો આપનારી બહેરાતમાં મેં વાંચ્યું: 'અમેરિકન કરોડપતિને નડેલો મોટર અકસ્માત!' તમે બધાએ જે વાંચ્યું હોવું જ જોઈએ. મેં છાપું ખરીદી લીધું અને શું વાંચવાનું મળવાનું છે એ જાણતો હતો છતાં તે ઝટપટ વાંચી ગયો: મિ. ઑરમંડ વૉલ, પિટ્સબર્ગનો કરોડપતિ, પોતાના સાથીદારો સાથે રોકીઆની પીસાને રસ્તે મોટર હંકારી રહ્યો હતો. એની મોટર એકાએક એક ગાડી સામે અથડાતાં ઊંધી વળી હતી. મિ. વૉલની સ્થિતિ ગંભીર હતી.

'એવા જ મૂઢ ભારે હૈયે હું મારા રહેઠાણે પાછો વળ્યો ને જોવાનું કરતી છતાં જોઈ ન શકતી મારી આંખો દીવાલ પરના ચહેરા સામે તાકીને હું પથારી પર બેઠો. એમ હું જોઈ રહ્યો હતો ત્યાં એકાએક પેલો ચહેરો સંપૂર્ણ અલોપ થઈ ગયો! પાછળથી મને ખબર પડી કે મિ. વૉલ પોતાને થએલી ઇજાથી મૃત્યુ પામ્યા હતા. હું માનું છું તેમ, પેલો ચહેરો દેખાતો બિલકુલ બંધ થયો તેજ ક્ષણે!'

ફરીવાર એ શાન્ત રહ્યો.

'બારે અજબજીસની વાત!' 'આવું તો આજે જ સાંભળ્યું!' અને એવું બોલવું બોલવાનું અમે આરંભી દીધું. અમે માનતા હતા પણ એવા જ.

'ખરી વાત છે.' એ અજબ્યા આદમીએ કહ્યું. 'મારી આ વાતમાં ત્રણ નોંધપાત્ર, ત્રણ અસામાન્ય રહસ્યો છે. એક તો એ કે લંડનના એક બાકાના મકાનની દીવાલનો રંગ જેવી રીતે દૃષ્ટી બન્ય કે એક અમેરિકન ગૃહસ્થનો ચહેરો તેમાંથી આલેખાઈ રહે, એટલું જ નહિ, એના પ્રત્યક્ષ જીવન સાથે એ આકૃતિ આટલો બધો ગાઢ સંબંધ ધરાવે! આનો ખુલાસો આપતાં વિજ્ઞાનને હજી વાર લાગશે. બીજું એ કે જે સ્થાને આવી અદ્‌ભુત રીતે એ ગૃહસ્થનો ચહેરો કોઈ ગૂઢ શક્તિએ ઝીલ્યો હતો તે સ્થાન સાથે એ ગૃહસ્થના નામને પણ થોડોક સંબંધ હોય! કેમ, એવું જ છે ને?'

અમે બધા એની સાથે સંમત થયા. અને પ્રેતયોનિના પ્રકીર્ણની અમારી અસલ ચર્ચા દ્વિગુણિત આવેશથી પાછી શરૂ થઈ ગઈ. એ ચાલતી હતી ત્યાં પેલા અદ્‌ભુત અનુભવનો હડેનારો ધીમે રહીને ઊઠ્યો અને અમારી રજા લીધી. પણ એ બારણા સુધી પહોંચ્યો હશે ત્યાંતો અમારી મંડળીમાંના એક—એ રૉબર્ટસન હતો એમ લાગીને હું ખુશ થાઉં છું—અમારી આવેશપૂર્ણ ચર્ચાનું મૂળકારણ અમને સંભારી આપ્યું, એ જાણ્યો નથી તે પહેલાં એને એક પ્રશ્ન પૂછીને. એની અત્યંત રસપૂર્ણ વાત સાથે સંબંધ ધરાવતું ત્રીજું કશું અસાધારણ રહસ્ય એને ભાન બરાબર હતું એને લાગતો એ પ્રશ્ન હતો: 'તમને યાદ તો હશે જ કે તમે ત્રણ બાબતોની વાત કરી હતી.' રૉબર્ટસને એને સંભારી આપ્યું.

'અરે હા,' બહાર જવાને બારણું ઉઘાડતાં ઉઘાડતાં એ બોલ્યો. 'એ ત્રીજી બાબત હજી રહી જ જતી હતી. આ વાત સાથે સંબંધ ધરાવતી ત્રીજી અસામાન્ય બાબત એ છે કે અર્ધા કલાક પહેલાં જ મેં આ વાત કપાળથી કાઢી હતી. ચાલો ત્યારે, ગુડનાઈટ!'

અમે જ્યારે ભાનમાં આવ્યા ત્યારે રૉબર્ટસન જે અમને ઉસવાને માટે આ કાકા નામને અહીં લઈ આવ્યો હતો તેને બોલાવવાને આમતેમ નજર ફેરવી. પણ એ તો પોબારા ભણી ગયો હતો!

ચાપૂકડો

નરીણ એ કાયરતાનું સ્વપ્ન છે,
નિર્વીર્યતા કેરી જ્વાળ-ઢાલ,
ભ્રમિત પાન્થોતણું મૃગજારિ એ
યત્નેપ્સુઓ માટ વિનારાલળ. —'સનાતન'

બે અંગ્રેજ મિત્રો

પચ્ચે ગયેલ્ના નવા પ્રોફેસર ફ્રેઝરની સાથે દોસ્તીનો ગને અમુધાર્યો લાભ ગલ્યો, ને પછી જન્મારો ચાલ્યો. સામાન્ય રીતે એક ખાતાના, એક જ સંસ્થામાં બેરે કામ કરતા અંગ્રેજ અને હિંદી વચ્ચે મૈત્રીસંબંધ શક્ય હોતો નથી, તથાપિ મને તો એક નહિ ને ત્રણ વાર એ મીઠો લાભ મળી ગયો છે. રાજકુમાર કૉલેજમાં એક પછી એક બે વાઇસ પ્રિન્સિપાલ મારા મિત્ર થયા. ફ્રેઝરનાં મા ભોળાંભલાં ગામડિયણને પૂણાની અમલદારી તોરની ગડમો સાથે ફાવ્યું નહિ. એણે તો હું પહેલી કે બીજી વાર જ ગયો ઢોઇયા ને મારી આગળ પોતાની ફેટલીક મુશ્કેલીઓ રજૂ કરવા માંડી ત્યારે, મારા ત્યાંના આંટાફેરાએ લગભગ નિયમિત જેવું રૂપ પકડ્યું ફ્રેઝર માને કહે 'પણ તું પ્રોફેસર કાકોરને બહુ તરછી આપેછે.' એટલે મારી સામે જુવે, 'Do I?' હું સામે પૂછું.' Do I look like it? Don't I enjoy the time with you?' અને અમે બન્ને હસી પડીએ.

ફ્રેઝર તદ્દન નિખાલસ હૃદયનો માણસ; બન્યે કાચની પારદર્શક મૂર્તિ. એની નિર્દોષ આંખમાં તેમ એના હૃદયમાં તળિયાં લગી જોઈ શકાય. 'દુષ્કાળ'માં હું જેને 'મિસિસ તરકોટ' કહું છું તેનો મિસિસિપર પણ નહિ. અમારા એક ગુજરાતી વિદ્યાર્થીનું બી.એ.માં બેવું પરિણામ આવેલું, કે જેને રેલ્વન કૉલેજની ફેલોશિપ મળવા બેઠા ટક્કા સંભવ જણે. બજી બીજાં એની જોડને હું ફ્રેઝર પાસે ગયો. કબાટના ખૂણામા એના નિબંધો ફ્રેઝરે પડાંની પેટીમાં લુદા સંધરી રાખેલા, તે પેટી એણે તુર્ત કઢાવી. 'અછે આવ્યા પછી આ હું મે વાર કથલાની ગયો. એ માનસ, એ બુદ્ધિપ્રવૃત્તિ મને નથી સમજતી. તમે જોઈ બન્ન Of firm concrete hold of facts, there is little. Scattered glow, here and there, yes: but insight-penetration—the resulting light—? Where is it?' નિબંધોની ચર્ચાદ્વારા ઑક્સફર્ડ મેમિયન્સ ટ્યૂટરો ને પ્રોફેસરો યુવકોનાં ચારિત્ર સમજવા-ઘડવા મથે છે, તેની શક્તિઓને ઉત્તેજે અમુક વલણ આપે છે—તેમાં જ નમૂનો!

બધું જ કામ નિયમિત વ્યવસ્થાએ કરે; બન્યે જર્મન વિદ્વાન. અમુક બારીકીનું દબાણ આપે જ, બન્યે સોનાના તારને ઉત્તરોત્તર વધારે ઝીણા બનાવવું જંતર કું, બન્યે વાળ કાપવા-ની સૌથી નેળર ઝીણે. બધો બખત, બધી શક્તિ આ પ્રમાણે જ વાપરવામાં અનન્ય શ્રદ્ધા.

રાજકોટથી હું જ્યારેજ્યારે મુંબાઈ આવતો ત્યારેત્યારે અમે મળતા એકાદ સાંજના ચમચાર કલાક સાથે ગાળ્યા વિનાં ચેન પડે જ નહિ. એ કેટલીયે કહી બય. 'ઇન્ડિયન નેશનલ્યુકેશન' વાસિફ ચલાવતા તેના અનુભવ, 'સેકન્ડરી ગ્રીચર્સ કૉલેજ'ના પ્રિન્સિપાલ રહ્યા તેના અનુભવ; અરે મોને નથી જ પારખું એ નિમિત્ત પર આવી ગયા તેની બાળપણના અનુભવ,—કેમ જેમની વાત ખૂટે નહિ. હું પણ કાઠિયાવાડ રાજકુમાર મૅલેજ, હિંદ ને મુંબઈ ઇલાકાના આગેવાનો, ઇન્ટલિજેન્સિયા, હિંદી વિષય અંગેની આંખે ખુલ્લે દિલે છેડું બે અત્યાર કૉલેજમાં અહીં જ રહ્યા થઈ ગયા ને ગાઢ બાંધું પુરુષ થઈ ગયું તે બધીયનું દેવસે દેવાલે આવ્યું.

ઢબર દિલ વિષે તો બધું પ્રસંગમાં આવી ગયેલું છે એમ માનીને ફ્રેઝરે પોતાની પહેલી કેરાનગી જ દક્ષિણ તરફ પર્વતોમાં થઈ. આબુમાઉંટના રસ્તા ઊતરી એ માઉન્ટાબુ ગામ

આ માસ ઑગસ્ટનું પંખી

ચાતક

'મેઘની પાંસે જળ યાચતું', 'દૂરના અદ્ધરથી પડતાં ટીપાં ઝીલીને જ તૃપ્તતું'—જેની અદ્ભુત કલ્પનાઓ પર અપમા સાહિત્યકારોએ નવાજેલા આ પંખીની બાબતમાં વસ્તુતઃ કંઈ કહ્યું નથી. વર્ષા એનો પ્રજનનકાળ હોઈ એ મનભાવતા-બર્યો હોય છે, ને મેઘદર્શનથી કુજન બની ગાઢની છત્રી ઢાળીએ ઢવાગાં બીજાંતાં ને વરસાદગાં બીજંતાંગાયેત વિદ્વજન અત્યારે મનભરતાપણે ગાયે જાય છે; બાકી કારણને લીધે કવિકલ્પનાઓ એની આસપાસ ગુંથાઈ છે.

આ પંખી દિલનું જ રમાનિક યાની છે. આપણે ત્યાં ચોમાસાના આરંભમાં આની હાજરી બેસતાં તે વિદાય લે છે. કામળા અને પોપટની વચ્ચેના કદનો, એકાદ ફૂટ જેવડો એનો દેહ; પૂંછડી આઠેક આંગળ; કપરનો રંગ ચળકતો કાળો; આંખની આજુબાજુ સફેદ પટ્ટો; પૂછડીના પીંજના ઉડા તથા બીજું બધું ગહરીર—ડાબી, જમણી પાંખો, પેટ વગેરે બાજુમાંથી ચુકચુકની પેઠે કેમે પણ ભાગે ત્રિરંગી બહાર લાગી ચોટલી હોય છે એ એને ઓળખવાની વિશેષતા. પાંખ લાંબી, આંખ ગોળ-ભારાની. પગ સીસાંઈની બાબા ગાળાની.

મોટે ભાગે ઝીણા ઝાડીમાં જ ઝરે જ રહે ભાઈ. વૃક્ષની ટોચે ચુકચુકની ઢાળે વર્ષાનું ગીત રેલાવતું જણે કોને કોનું એ દરણ રણભૂમિ છે. કોયલ ને બપૈયાનેડાં દોષ તોયબ્ધ ચોકે છે. ચાતક માત્ર ઉદ્દામાં જ બોલે છે. કેમ્રુ એકધારી ગાન તીવ્ર કર્તા મનોહર દોષ છે.

કોયલનું ગિતાઈ બેસવે કુદરતીને ક્રમને અને માળો ન બાંધતાં બીજાં પેખી ઉજાગર કરીને કોયલાંડા પારકો જ પોતાનાં ઇડા દિલ ઢાકે છે. આ બાબતમાં કોનાં બચ્ચાં કોયલે (કે 'પ્રજાપતિ' ઉપનામ કુદરત બાપાનું

રસિકો એ વેપુની ગરદ વડે કેટલીયે અવનવી શોધો થવાની આશા સેવી રહ્યા હતા. પણ દરમિયાનમાં જગતનું બીજું મહાયુદ્ધ ફાટી નીકળ્યું અને ઑટેલેસ્કોપનું કામ બારણે પડયું. પરંતુ વૈજ્ઞાનિકોએ કદી આળસને પિછાન્યું જ નથી; અને તેમાંયે જેને શોધનું વ્યસન લાગ્યું તે તો નવરા બેસી પણ શકે ખરા? બેટલે વૈજ્ઞાનિકોએ નવી શોધો માટે જુદી જ દૃષ્ટિ દોડાવી. માઉન્ટ વિલ્સનના વેધ શાળામાં ૧૦૦ ઇંચનું (દ્વારનું મોટામાં મોટું) જે ટેલેસ્કોપ છે એની મદદથી એમણે કે ગ્રાન્ટ્રીની અવનવી શોધોના પ્રયોગો કરવા માંડયા; અને આજે ખગોળ શાસ્ત્રીઓએ એ દ્વારા અવનવી સંસિદ્ધિ પ્રાપ્ત કરી છે. આપણે જોઇએ તે જોઇએ.

૧૦૦ ઇંચના ઑટેલેસ્કોપ સાથે એમણે ઉપયોગમાં લીધેલું પ્રયોગ નોંધપાત્ર યંત્ર તે રથેકટ્રોગ્રાફ. આપણે આકાશી તારાઓનો જે શ્વેત પ્રકાશ જોઇએ છીએ તે પ્રકાશને આ યંત્રની મદદ દ્વારા મેઘધનુષ્યના સપ્તરંગની ગાઢક સાત વિવિધ રંગોમાં વિભક્ત કરી શકાય છે. આ યંત્રને મેપ્યુ જેવી ટેલેસ્કોપ સામે જોડીને તેઓ સફેદ પડદા ઉપર દૂરદૂરના તારાના પ્રકાશનો રંગપટ પણ સફેદ પરદા પર લાવી શકયા. એ રંગપટ જોઇને હવે ખગોળવેત્તાઓ રહેજાઈથી તે રંગપટનો પ્રકાશ આપણા તારાનું દ્રવ્યમૂલ્યાંકન અને તેના વાતાવરણમાં રહેલાં રસાયણિક દ્રવ્યોની ઝીણી ચિત્રો આપણને કહી આપશે, એટલું જ નહિ પણ એ તારો પૃથ્વી તરફ ગતિ કરે છે કે પૃથ્વીથી દૂર ગતિ કરે છે તે પણ આ રંગપટ પરથી ખગોળવેત્તા જાણી શકશે અને તારા અને પૃથ્વી વચ્ચેનું અંતર પણ કહી શકશે.

પરંતુ માત્ર આ રંગપટો જોઇને જ વૈજ્ઞાનિકોએ સંતોષ ન માન્યો. એમણે તો એ રંગપટોના ફોટોગ્રાફ લેવાની પણ વ્યવસ્થા કરી. પરંતુ તેમાંય મુશ્કેલી તો નડી. કારણકે ફોટો લેતી વખતે રંગપટના પ્રકાશને એટલા બધા લેન્સોમાંથી પસાર થવું પડે કે ઉપરના ભાગમાં તો મૂળ પ્રકાશ ખૂબ ઝાંખો થઈ જાય છે. પરંતુ વૈજ્ઞાનિકો એમ કયાં હારે તેમ હતા. તેમણે નવો નુસ્ખો શોધી કાઢયો. કેમેરાના લેન્સીઝ પર લીથી-અમ કે કૅલ્શ્યમ ફ્લોરાઇડની ખૂબ પાતળી (ઇંચના ૪ લાખમા ભાગ જેટલી) પારદર્શક ફિલ્મ લગાડવાનું શરૂ કર્યું. આ ફીલ્મ (પટ)ને લીધે પ્રકાશ ઝાંખો થતો અટકયો.

ફોટોગ્રાફીમાં નડતી મુશ્કેલી ને દૂર કરવાના બીજા બે નવા નુસ્ખા પણ સાથોસાથ શોધાયા. તેમાં રાતા અને ભૂરા રંગની અતિશય સંવેદ્યક (Sensitive) એવી ફોટોગ્રાફિ પ્લેટ્સ નોંધપાત્ર બની રહ્યાં આ પ્લેટ્સની મદદથી તો ખગોળવિદ્યાનો બધો નવો પ્રદેશ સર કરાયો છે અને માનવ દૃષ્ટિથી જોઈ પણ ન શકાય તેવા દૂરના તારક વૃંદોનું વિવિધ જ્ઞાન મેળવાયું છે.

રંગપટ-ટેલેસ્કોપ-ફોટોગ્રાફીના આ સંયોજનથી બીજી બે મહાન સિદ્ધિ પણ પ્રાપ્ત થઈ. એકતો એ આકાશ મંડળની બે દૂરના પ્રદેશમાં પથરાયેલા તારકસમૂહના ફોટોગ્રાફ લેવાનું આજ સુધી મુશ્કેલ હતું. તે લેવા માટે ખાસ 'કારટ લેન્સીઝ' તૈયાર કરીને તેની મદદથી લીધેલા ફોટોગ્રાફો પરથી ખગોળવિદોએ નક્કી કર્યું હતું કે દૂર રહેલા તે તારકગુચ્છો પણ પૃથ્વી પાસેના તારકસમૂહની જેમ પૃથ્વીથી દૂર જ જતા હોય છે; માત્ર તેમની દૂર જવાની ગતિ ઘણી ઢીલી છે. બીજું એ કે સપ્તર્ષિના તારકસમૂહની જ દિશામાં, માનવદૃષ્ટિ ન પહોંચે તેટલે દૂર, એક તારો છે આ તારાની કરતું હતું ટ્રેજ્યુ વાયુનું એક વલય (Ring) વિંટળાયેલું છે એવું કોઈક ખગોળવિદોને લાગ્યું હતું પણ તે નક્કી થઈ શકયું ન હોવાથી કે બાબતમાં ખૂબ મતમતાન્તર થતી હતી. હવે આ શોધખોળે તારાના પ્રકાશના રંગપટોને પરદા પર પાડી જોતાં નક્કી થયું કે વેલું વલય એ તારા આસપાસ વિંટાયેલું જ છે.

(સૂચિત) સવિત ભટ્ટ

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં

તા. ૩ જેને પરિણામે અમેરિકા શોધાયો તે (મૂળ તો હિંદ શોધવા માટેની) સફરે કોલંબસ કે વહાણ લઈ પોર્ટુગલથી ઊપડયા, ૧૪૯૨.
તા. ૭ કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું અવસાન, ૧૯૪૧.
તા. ૮ કૉંગ્રેસ ગદ્દારસમિતિએ 'ક્વિટ ઇંડિયા' નો ઠરાવ પસાર કર્યો, ૧૯૪૨; જેને પરિણામે નેતાઓની દેશવ્યાપી ધરપકડો થઈ.
તા. ૧૨ મુઘલ સરકારને વર્ષે ૨૬ લાખ રૂપિયા ભરવાની શરતે શાહ આલમે બંગાળને બંગાળા, બિહાર ને ઓરિસ્સા પ્રાંત સોંપ્યા, ૧૭૬૫.
તા. ૧૧ પહેલવહેલો બંગેજ એરલાઇન્સ દિલ્હી ભણિ પર ઊતર્યો, ૧૯૦૮
તા. ૨૪ વિમુવિયસ ફાટવાથી પૉમ્પીઆઈનો ગદ્દાવિનાશ ઈ.૭૯.
તા. ૨૮ ગુજરાતી સુધારકવીર કરસનદાસ મૂળજીનું અવસાન, ૧૮૭૧
તા. ૩૦ બંગેજ કાવતરાખોર મૉન્ટિને રાષ્ટ્રોણાને બંગેજી તેની પાસે નારાયણરાવ પેશ્વાનું ખૂન કરાવ્યું, ૧૭૭૩.
તા., ૩૧ 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'નું વિખ્યાત પુસ્તક લખનાર બંગેજ ધર્મગુરુ લેખક જૉન બનિયનનું અવસાન, ૧૬૮૮.

આ માસની વ્યક્તિ વિશેષ
કેખુશરૂ કાબરાજી

માત્ર ચાર પાંચ બંગેજી ચોપડીના અભ્યાસના જ પાયા પર પુરુષાર્થના બળબૂતે પોતે ઉત્તમોત્તમ પત્રકારત્વની ધારણાદિ પડનાર આ પારસી લેખક, નવલકાર, નાટકકાર અને પત્રકારનો જન્મ ૧૮૪૨ની ૨૧ મી ઑગસ્ટે, છાપખાનાનો ધંધો કરનાર સુરતના વતની પારસી પિતાને ત્યાં મુંબાઈમાં થયેલો. રોળગે વરસે બંગેજી અભ્યાસ છોડી પિતાના જ વ્યવસાયમાં તે પડયા અને પુરાતન વર્ષે 'પારસીમિત્ર' પત્રના તંત્રી થયા; જેમાંથી આગળ વધી ધીમે ધીમે તે મોટાં પત્રોમાં મહદ્‌નીશ તંત્રી તરીકે કામ કરતા થયા અને ૧૮૬૨-૬૩માં નીડર સુધારક અને આગળી અભ્યુત્થાનક કરસનદાસ મૂળજીના વિખ્યાત પત્ર 'રાસ્ત ગોફતાર'માં જોડાયા, જે રયલેથી, સ્વ. કરસનદાસ ઇચ્છંદ ગયા બાદ બંગેજી બાબતેની તંત્રી તરીકેની કામગીરીએ ગુજરાતભરમાં બંગાનું નામ મોજનું કરી દીધું ઈ. ૧૯૦૭મા તેમને ઇચ્છંદના 'રિવિશ ઇન્સ્ટીટ્યુટ ઑફ જર્નાલિસ્ટ્સ' ના સભાસદ થવાનું માન મળ્યું ઈસવન બાદ તેમની સેવાઓની કદર તરીકે ૧૮૮૬મા એક ચાંદ બનાવત કર્યો હતો.

પત્રકારત્વ કે સ્વાંત શારીરિક વેજાબળી અને બગાડબુમ્ફ રહ્યાં કાર્યોમાં પણ તે અગ્રેસર હતા અને એમનાં નીડર, સમેટ કલાત્મ તથા પારસી બંગાનું આલેખન કરી તેમની નવલકથાઓ પારસી જનતામાં ખૂબ લોકપ્રિય થઈ ગયા હતાં બંગેજ કરતાંયે વધુ તેની, પણ તેની અત્યંત સજાવટી બનવાની ગૌરવિક તેની જ ચાલતી. આ નવલકથાઓ પૈકી દુખિયારી બધુ, બુઢી બંગેજ, બારો રોહેલા, બીજા બરબરિયો વગેરે ખૂબ મશહૂર છે જેમ કેખુશરૂ કાબરાજીના બંગેજ કરતાંયે સજેલાં એમનાં નાટકો પણ લોકપ્રિય થયાં હતાં

ગુજરાતમાં સ્ત્રીબોધ મેનું પ્રકાશન ગાનિક 'સ્ત્રી બોધ' પણ એમણે જ આપ્યું. ઈ. સ. ૧૮૬૨ની સપ્ટેમ્બરે ૬૨ વરસે અકાલા વિમના અવસાન બાદ, ૩૬ દિવસ સુધી તંત્રી, તંત્રીનાં પૂજી મદદ બનાવતાં

પ્રભો! શિર નમ્યું;— નમ્યું જ ધરું સર્વદા, એટલી
વિશુદ્ધ મતિ રાખજે; સકલ અન્ય એમાં ખપું.

— બ. ક. ઠાકોર —

અમદાવાદના રથાપક અહમદશાહના જમાઈએ એક નિર્દોષ માણસનું ખૂન કર્યું. અહમદશાહની કડક ન્યાયપ્રિયતાથી વાકેફ વજીરે, જમાઈપાસે મરનારનાં વારસને બસો સોનામહોરો અપાવી એ કેસ પરભારો પતાવી દીધો. પણ બાદશાહને તેની ખબર થતાં તેણે વજીરને આ માટે ઠપકો આપી આ કેસ ફરી જાતે ચલાવી ચુકાદો આપ્યો કે 'મારી મહેરબાનીનો લાભ લઈ મારા સગાંઓ કે પૈસાદારો નિર્દોષ પ્રજાને આમ રંજાડે તો ગરીબો માર્યા જાય. ખૂનીને ફાંસીની જ સજા હોઈએ, અને તેથી મારા જમાઈને ફાંસીની સજા ફરમાવું છું.' અને એ ન્યાયપ્રિય બાદશાહે પોતાના ખૂની જમાઈને મહેલની સામે જ ફાંસીએ લટકાવ્યો.

કહેવતોના અર્થઃ 'ગિયાંની બૈશને ડોબું ન કહેવાય'—યોગ્ય ઠપકો કે કડવું સત્ય વચન ન સાંખી શકનારા, તેમજ નાનાશા કારણ ઉપર પણ ઝઘડો કરી ઊઠનારા હુંપદી, ઘરમિલ્લા કે ચીડુ માણસને ઉપાલંભ આપવા માટે વપરાતી આ કહેવત માટે વાત છે કે એક ગામમાં એક અભિમાની ગિયા એટલા ગિલ્લજોર હતા કે વાતવાતમાં ઝઘડી પડતા. એક વખત એમની બૈશ કોઈ બેતરમાં પેઠી. બેડૂતે તેમની પાસે તેની રાવ ખાતાં કહ્યું કે 'તમારું ડોબું મારું કેટલું નુકસાન કરી ગયું તે જુઓ!' આ પરથી ગિયાં તો સામા તેને લેતા પડ્યા કે 'મારી ભશને 'ડોબું' કહેનાર તું કોણ?' એને બળની બીજી કહેવતઃ 'રાણાને કાણો ન કહેવાય' વગેરે

અનેકાર્થી શબ્દઃ રવૈયો=દહીં વલોવવાનું સાધન; રિવાજ; રવૈયું=બીજું વેંગણ; એવાં બીજાં શાકને ચીરી મસાલો ભરી કરેલું—ગુજરાતનું શાક.

નવાં ખરીદેલાં ચિનાઈમાટીના પ્યાલા-રકાબી તથા વાસણોને પહેલેથી જ રીઢા બનાવી લેવા માટે આ નુસખો અજમાવોઃ એક મોટા તપેલામાં ઠંડું પાણી ભરી તેમાં એ વાસણોને ૨૪ કલાક ડૂબાડૂબ રાખો. પછી ખૂબધીમાંચે એ પાણીને ગરમ કરતાંજ આંધણ જેવું ઊકળવા દો. પછી તે ઉતારી લઈ આપમેળે તદ્દન ઠંડું પડી જાય ત્યાંસુધી વાસણો અંદર જ રહેવા દો. છેવટે સાફ કરીને સામાન્ય વાતાવરણમાં મૂકી છાંટો.

આજના કોઇમ્બતૂર ને સાલેમ જિલ્લાઓવાળો પશ્ચિમ મદ્રાસનો ભાગ જે કોંગુદેશ કહેવાતો ત્યાંના 'ગજપતિ' નામે ઓળખાતા ચેરા રાજાઓએ 'હાથી-પૈસો' નામના સિક્કાઓ પાડેલા, જેનું ચિત્ર આ સાથે આપ્યું છે. તેમાં એક તરફ અલંકૃત હાથીનું ચિત્ર અને પાછલી બાજુ વર્તુલાકારી પુષ્પગુચ્છનાં આલેખનો છે, જેની નકલો પાછળથી કાશ્મીરના હર્ષદેવે (ઇ.૧૦૮૯) પણ કરેલી.

ગણિત ગમ્મતઃ
$1^2 = 2^2 - 3$
$2^2 = 3^2 - 5$
$3^2 = 4^2 - 7$
$4^2 = 5^2 - 9$
$5^2 = 6^2 - 11$
અને એમ આગળ
(પી. એ ન્યાસ)

આ મહાયુદ્ધમાં સેવા આપી છુટા થયેલાં અમેરિકન નાગરિકોને દેશ તરફનાં માનચિહ્ન તરીકે આપવાના જે સોનાના બટનનું ચિત્ર ૨૬૪મા અંકને છેલ્લે પાને આપવામાં આવ્યું હતું એ જ ચિહ્નની છાપવાળી ત્રણ સેન્ટની ટપાલની ટિકિટો પણ એ યુદ્ધસેવા બજાવનારા નાગરિકોના માનમાં ત્યાંના ટપાલખાતાએ કાઢી છે તેનું ચિત્ર ઉપર આપ્યું છે. તેની નીચે શબ્દો છેઃ Honouring those who have served (સેવા આપનારાઓના માનમાં)

રાત્રે દીવાના પ્રકાશમાં સીવવાના સંચાની સોય ખરોવવી ન ફાવતી હોય તો સોયની નીચે નાનકડો અરીસો રાખજો; અરીસા વડે પરાવર્તન પામેલો પ્રકાશ બરોબર સોયકપર પડશે, અને તરત પરોવાઈ જશે



આ ઓરોપ્લેન-ની પડોળાઈ કરતાં લંબાઈ વધુ લાગે છે બરાબર? પણ એ દૃષ્ટિભ્રમ છે બંને સરખાં જ છે માપી જુઓ.



'બાઇબલ' એ મૂળ ગ્રીક ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ 'પુસ્તક' એટલોજ થાય છે

ઘરધણી (ઘર ભાડે રાખવા આવનારને) જુઓ ભાઈ, અગને શાંતિ આસ જેવું તગારે કાંઇ છાકરાં છૈયાં છે કે?

ભાડુત: ના જી.

ઘરધણી: હારમોનિયમ, ગ્રામોફોન કે રેડિયો રાખ્યાં છે કે?

ભાડુત: ના.

ઘરધણી: ત્યારે બીજું કાંઇ વાજું તો વગાડતા નથી ને? કૂતરો, બિલાડી કે પોપટ જેવું કોઇ જનવર પાળેલું છે ખરું?

ભાડુત (ચીડાઇને) ના જી; ફક્ત લગ્નની વખતે મારી ફાઉન્ટનપેન કોઇકોઇવાર જરા અવાજ કરે છે!

સાઇકલનાં પૈડાંની લોખંડી કિનારો પર ચોમાસામાં ચડેલો કાટ સાફ કરવા માટે એકના કકડા પર ઓગરી પેપર કે કાચકાગળ વીંટાળીને એક દાળી રાખી પૈડું ફેરવતા જાવ સરળતાથી સાફ થઈ જશે.

નાનાબાળકને નવા જોડા પહેરવતાં પહેલાં તેમાં શંખજીરાની ભૂકી છાંટવી સુવાળા રહેશે

તમને જાણીને આશ્ચર્ય થશે કે આ વિચિત્ર દેખાતી આકૃતિ, એ પોતાના બે હાથ ઉપર કરેલા એક માણસનું ચિત્ર છે! એ 'ઓક્ષોમીટર' નામના એક અતી તીવ્ર ઈન્ડીકેટર વડે તદ્દન ગાઢ અંધારામાં પાડેલું છે. એ યંત્ર અંધારામાં છેક પંદર માઈલ સુધી જોઈ શકે

જ્યારે તમે તાજા, સુંદર દિવસના ગુલાબને સંધ્યાના અજવાળામાં ઝુલતાં જોશો ત્યારે તમોને વિચાર આવશે કે વિનોલિયા વ્હાઇટ રોઝ તમારો માનીતો સાબુ છે. તમારા સૌંદર્યની વૃધ્ધિ માટે બીજો કોઈ વધારે સારો અથવા તો સુંદર સુવાસિત સાબુ હોઇ શકે નહિ. મુલાયમ, ઉભરાતા ફીણવાળો વિનોલિયા અતિ સુકોમળ ચામડીને માર્દવતાથી સ્વચ્છ કરે છે અને તમારી આસપાસ મનોહર સૌરભ પ્રસરાવે છે.

વિનોલિયા વ્હાઇટ રોઝ સાબુ

VINOLIA COMPANY LIMITED, LONDON, ENGLAND

K. C. M.

PRODUCTS

AN INTERNATIONAL REPUTE

PRODUCTS

Trade In uiry to

KARAN. C. MEHTA

64/66 Chakla Street, Bombay-3

Phone : 26963 Grams : Hataknath

આયુર્વેદિક ઔષધાલય

આંબા:—માંડવી રોડ • બરોડા

ગોવાલણી અને બીજી વાતો

"મલયાનિલ"ની રસનીતરી બાવીસ વાર્તાઓ—જેમાં દસ મનોરંજક હાસ્યની અને બાર રસપ્રધાન છે. "ગોળગટ્ટાળગોમાંના" નામથી રમૂજી કથાઓમાં અને "ગોવાલણી"ની વાર્તાથી પ્રેમપ્રધાન કથાઓમાં નામના મેળવનાર અને પોતાના મૃત્યુ પછીથી વધુ મનોહર બનનાર એ લેખકનો આ સંગ્રહ ગુજરાતના બહુ જ કલાકારોનાં બેરંગી ચિત્રોથી વધુ સુંદર બન્યો છે.

કિ. ૨-૮-૦ ૨૦૨. પોસ્ટેજ ૦-૬-૦

કુમાર કાર્યાલય લિમિટેડ
૧૪૪ રાયપુર • અમદાવાદ

જ્યુપિટર મિલ્સ... જયભારત મિલ્સ

અમદાવાદ

- ઉજાગરી તથા પર્યટનમાં તેમજ વારતહેવારના પ્રસંગે સુંદર સજાવટ માટે સુયોગ્ય
- શારીરિક સ્વાસ્થ્ય સંરક્ષણને અનુલક્ષીને કાળજીપૂર્વક બનાવેલું
- ફરકસરનો સિદ્ધાંત અપનાવી લેતું

વૉયલ ★ સાડી ★ શર્ટિંગ ★ હાથરૂમાલ ★ પોપલીન

આયુર્વેદાશ્રમ ફાર્મસી લિમિટેડ (અહમદનગર)ની
પ્રખ્યાત ઔષધિઓ !

સુપર્ણા

સુપર્ણા ટીકડીઓ મેલેરીયા અને તેને લગતા દાઢીઆ-મુદતી તાવને દાબવવાના દરેક ગુણો ધરાવે છે. જરૂર મુજબ અમુક સમય ચાલુ સેવાથી સંપૂર્ણ આરામ આપે છે.

કાસ્ફો

ગમે તે જાતના કફ તથા ખાંસી મારે 'કાસ્ફો' [KASPHO] અકસીર છે. વર્ષાકાલ અને બીજી પ્રખ્યાત ઔષધીઓના મિશ્રણની આ ટીકડીઓ 'ખાંસી'ના મૂળ કારણને દૂર કરે છે.

ગુજરાતના સોલ એજંટ:

ભારતીય ઉદ્યોગ પ્રચાર કાર્યાલય

૧૪, બાબર રોડ
મુંબઈ-૨

મળવાનાં સ્થળ :

ચેદુલાલ પ્રેમચંદ ત્રણ દરવાજા, અમદાવાદ • હરીશંકર દેવશંકર શુકલ, ઉમરેઠ.
મોદનલાલ પ્રભુદાસ, ધંધુકા • પી. શિવદત્તની કું. મોતીબાગ, વડોદરા.
એ. રોય એન્ડ કું. રાવપુરા, વડોદરા. • હિન્દી વસ્તુ ભંડાર, સુરત.
તથા બીજા સ્ટોકીસ્ટોને ત્યાંથી મળશે.

રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશીયલ નં. ૧

મગજનાં જ્ઞાનતંતુઓ બળવાન બને છે, ધોળા વાળ કાળા થાય છે, ખરતા અટકે છે, વધે છે અને ટાલમાં વાળ ઉગે છે, ગોટા મટે છે, યાદશક્તિ અને આંખોની દૃષ્ટિ વધે છે. ગાઢ નિદ્રા આવે છે, માથાનો દુઃખાવો મટે છે. દરેક ઋતુમાં બહેનો, પુરુષો અને બાળકો માટે મહાન ફાયદો કરનાર છે.

મોટી બાટલીના રૂા. ૩-૯-૦ - નાની બાટલીના રૂા. ૨-૦-૦
બધે મળે છે

શ્રી રામતીર્થ યોગાશ્રમ

૪૪૮ - ગિરગામ રોડ
મુંબઈ-૪

લોહી શુદ્ધ માટે

શ્રેષ્ઠ ઇલાજ આ રહ્યો



જ્યારે સારીણાદી સાર્સા એ એક યોગ્ય રીતે પરખાઈ ચૂક્યું છે કે ગરમી, પ્રમેહ, પ્રદર, વા, સંધીવા, નબળા, ખીલ, પાઠાં, ખરજવું, ચામડીનાં દર્દો, મેલેરીઆ અથવા લોહીનું દબાણ પૂર્ણપણે સારાં થઈ શકે છે, તો પછી એ રોગથી શા માટે પીડાવ છો ?

સારીણાદી સાર્સા લોહીમાંથી સઘળાં જંતુઓ અને ઝેરો બહાર કાઢે છે આંતરડાં સાફ કરે છે. પિત્તાશયને બરાબર સાફ કરે છે. પિત્તાશયને બરાબર કામ કરતું બનાવે છે અને લોહીની ઉત્પત્તિને વેગ આપે છે. એ અસાધારણ લોહીવર્ધક ગુણ ધરાવતી વૈજ્ઞાનિક બનાવટ છે.





વ્યાખ્યાતા ડૉ. ગોરીશંકર ગોપ એમ.એ. આયુર્વેદશાસ્ત્રી એફ. સી એસ. (અમેરીકા) ભાગલપુર કોલેજના રસાયણ શાસ્ત્રના ચીફ પ્રોફેસર.

મકત પ્રીસ્ક્રીપ્શન ચારે વિગતો માંગો :

શુદ્ધ અને અસલ આયુર્વેદ દવાઓ બનાવનાર

શીશી ઉપર સાધના ઔષધાલય ચાંપાનેર અમારી દવા ખરીદશો.

સા ધ ના ઔ ષ ધા લ ય—ચા પા ની

દુનિયામાં મોટામાં મોટું આયુર્વેદિક કારખાનું

શાખાઓ અને એજન્સીઓ દરેક જગ્યાએ

માંડવીરોડ, ચતુર્ભુજ ચુનન - અમદાવાદ : ૮૫, માધવાદેવી રોડ - મુંબઈ.

સુગંધના શોખીનો માટે **દેવભોગ્ય સુરભિ** સુગંધના શોખીનો માટે

કસ્તુરીમિશ્રિત મનોહર સુગંધવાળી, ઘીમાં ઘૂંટેલી મદ્રાસી ટાઈપની કાળી ઔષધિયુક્ત અને ઠંડી

(ફિયા છાપ) **'મેડીકેટેડ સ્નફ'** રતલ ૧ના રૂા. ૮-૦-૦

માથાના તથા દાંતના તમામ દર્દો માટે

જુદાજુદા ફુલોની મિશ્ર અને મધુર સુવાસ ફેલાવતી, શાસ્ત્રીય રીતે બનાવેલી ગુજરાતી ટાઈપની પીળી

(રાણીસિંહ છાપ) **'મહાસુગંધી તપકીર'** રતલ ૧ના રૂા. ૬-૮-૦

મોઢાના તથા દાંતના તમામ દર્દો માટે ચમત્કારિક

મુકુલ સ્નફ ટુથ પાવડર

દાંત પરની છારી, પાયોરિયા, મોઢાના અવાજ, દુખતા હલતા દાંત વગેરે તમામ રોગોનો તાત્કાલિક નાશ કરનારી સ્વાદિષ્ટ અને અદ્‌ભુત તપકીર

રતલ ૧ના રૂા. ૫-૦-૦

બીજી સારી તેમજ સુગંધી અસંખ્ય બનાવટોની માહિતી માટે પત્રવ્યવહાર કરો.

મહાસુગંધી સ્નફ વર્કસ સિહોર (કાઠિયાવાડ) B. S. Rly.



પુરુષો!...
ચામડીના આરોગ્ય માટે રેક્સોનો વાપરો

ચોરસ ઉનાળો વિચાર બાંધતા નહિ કે રેક્સોના ફક્ત સ્ત્રીઓ માટે નવા સંમિશ્રણવાળો સાબુ છે. જે ચામડીના આરોગ્યનું મૂલ્ય આંકે છે તે દરેક માટે આ ન્હાવાનો સાબુ જરૂરી છે, અને પુરુષો આનંદ માણે એવી જાતનો સુંદર, તાજગીભર્યો અને પૌષ્ટિક સાબુ છે.

આ ઉનાળા, ક્રીમો અને સત્વર ફીણ વળતા સાબુનો મહાન ગુણ એ છે કે તે ઠંડક આપે અને ચામડીને જંતુવિનાશક ને રોગહર કરવામાં કેડીલ નામના ઔષધવાળો છે, અને રેક્સોનું ત્વરિત બનતું વિપુલ ફીણ-તંદુરસ્ત બનાવતાં આ કેડીલને તરતજ તમારી ચામડીના બધા છિદ્રોમાં ઉંડે લઇ જાય છે. જ્યાંથી ઘણી વખત ચામડીની વિકૃતતા અને ચામડીના દર્દોની ફરિયાદ રહી જાય છે. તમારી આખી ચામડી કેવા સરસ રીતે સુધરે, નિર્મળ અને તે ઉપરાંત સ્વસ્થ બને છે.

તમે આમાંથી સમજી શકશો કે નિયમિત રેક્સોના વાપરવાથી ચામડીનું આરોગ્ય કેવી સહેલાઇથી સુધારી શકાય છે અને કેવી સંપૂર્ણ રીતે ચામડીના આરોગ્યનું બળ રક્ષણ કરી શકાય છે! જોયો આ ક્રીમો, સત્વર ફીણ વળતો સાબુ વાપરવાનું આજથી રાખો—અને તેને વાપરવાનું ચાલુ રાખો.

રેક્સોના બાળકો માટે આદર્શરૂપ છે. તેમાનું કેડીલ ચામડી ઉપરની અળાઇઓની માવજત કરે છે અને સોજામાંથી રક્ષણ આપે છે.

રેક્સોનામાંનું કેડીલ જંતુવિનાશકનું, આરોગ્યપ્રદ અને પૌષ્ટિક તેલો જે ચામડીની તંદુરસ્તી ઉપર પ્રબળ અસર કરે છે તેનું આમ મિશ્રણ છે. આરામ અને રક્ષણ આપતું કેડીલનું કાર્ય વૈજ્ઞાનિકો માન્ય રાખે છે અને તેની બહાદુરી કરે છે.

રેક્સોના બહુમ વાપરો. જખમ, ફોલ્લા, ગૂમડાં પાકવું, ચાંદાં, ખીલ, ચળાઇઓ, ફોલ્લા, દાદર, ઘરાજ અને ચામડીના બધાજ દર્દો માટે આ બહુમ વાપરો. એ કે આજ પુરુષો નથી છતાં પણ બેચારીઓ પાસે પ્રખ્યાત રિકોલુ આરામના દિવાનેક છે.

REXONA PROPRIETARY LIMITED



આપને રાહ જોવડાવવા માટે દરગુજર ચાહીએ છીએ

'ક્વોટ્ઝ' અને કાચા માલની વાત બાજુએ રાખીએ તોપણ ફ્રાવર હ્યુણા ઘડિયાળ બનાવવામાં ઘણો સમય લાગે છે; કેમકે એકેએક ઘડિયાળ કારીગરીનો સંપૂર્ણ નમૂનો હોવી જોઇએ. એટલે આપને રાહ જોવડાવવા માટે અમે દિલગીર-છીએ; પણ ધીરજ ધરશો તો એક દિવસ તમે પણ ફ્રેવર-હ્યુણાની ઘડિયાળના મગરૂર માલિક બની શકશો.

FAVRE-LEUBA

ફ્રાંવર-હ્યુણા ઍન્ડ કંપની લિમિટેડ · મુંબાઈ · કલકત્તા



૧ કબનાં ફર્નિચર (આવેચક : કુટુંબમાં) (૨) બાજ–બાજઠ (૩) ખુરશીબાટની આગી (૪) નીચા બાટનો હિંદી કબનો ગેરેંટ પર્વંગ (૫) લાંબી બાટદીઠ વાળી (૬) હિંદી બાટની ખુરશી (૭) સોફા (૮) બાટ
બાબ (૧૦) બાદી બાળી નાનો ખુરશી (૧૧) [illegible] બાટ કબ ખાનવાળું (૧૨) બાદી-ગેદક (૧૩) ભોજન બાટનાં ટેબલ ખુરશી (૧૪–૧૫) ડ્રેસિંગ-ટેબલ (૧૬) ગુજરાતી કબનો પર્વંગ બેસવા તથા સૂવા બન [illegible] પર્યોગનો (૧૭) બાદીવા
(૧૮) નીચા બાટનો બાજઠ (૧૯) નીચા તથા બેઠકીનો રાતિ ગરાબ તેની આરામબાદી (૨૦) નીચી બાદીની ખુરશી (૨૧) હિંદી કબની આરામખુરશી બાદી વાળી (ગૃહાવિકાની આગાની અપેક્ષ બાજ [illegible] બાદી—કલાકારના ઔદ્યોગિક

નવી ચાકી
નવી લાગ
નવી ઈન
નવું ઓલ
'નવજીવન'
નવજીવન મીલ્સ લી.
S લોલ

સંસ્થાપક





તંત્રી · બચુભાઈ રાવત

માતૃમૂર્તિ

(મૅડોના—માતા મેરી—અને બાળક ઈશુ)

• કલાકાર • રફાએલ

ચિત્રસંયોજનની કળામાં અનન્ય પ્રતિભા ધરાવતા જગવિખ્યાત ઇટાલિયન કલાકાર રફાએલે માતૃમૂર્તિ મૅડોનાનાં જે અનેક ચિત્રો દોરેલાં છે તેમાનું આ 'મૅડોના ડેલા સીડિયા' અથવા 'મૅડોના ઑવ ધ ચેર'ના નામે ઓળખાતું ચિત્ર અત્યંત દૃષ્ટિમધુર અને ચિત્રસંયોજનનો ઉત્તમ નમૂનો ગણાય છે આ અંકમાંની રસમય ને કલાબોધક લેખમાળા 'ચિત્રવિજ્ઞાન'-માં એના સંયોજનનું રહસ્ય સમજવ્યું છે તે પ્રમાણે સમગ્ર ચિત્રમાં ગોળાકારી રેખાઓ જ દોરવા છતાં રફાએલનાં ઘણાં બધાં ચિત્રસંયોજનોની પેઠે આમાં પણ ત્રિકોણાકારી ગિરામિડની રચના રહેલી છે ગોળાકારની બાબતમાં તો રફાએલનો હાથ એટલો સિદ્ધ ગણાતો કે તે કંપાસ વિના જ સંપૂર્ણ વર્તુલ દોરી શકતો; અને એ વિષયમાં એને માટેની એક વાત તો બહુ પ્રચલિત છે કે એક વખત એ કોઇને મળવા ગયો ત્યારે એનો ડાબર નહિ હોવાથી, રફાએલ, પોતે આવી ગયો હોવાની સંજ્ઞા તરીકે ત્યાં બારણે એક વર્તુલ દોરતો ગયો. પેલા ઘેર આવ્યા બાદ તરત સમજી ગયા કે રફાએલ આવી ગયો હતો.

માણેકચોકની મધ્યમાં આવેલી દુકાનોવાળું

મોટું મકાન

વેચવાનું છે

*

ચોકસી બજાર માણેકચોકમાં કુમારાની સામે ગહુરત ચોળાની બાજુમાં, રસ્તા ઉપર ત્રણ માળનું મોટી દુકાનો ઑફિસો સહિતનું, બૅંક, શેર-બ્રોકરો તથા કોઇપણ મોટી ઑફિસ કરવાને લાયક, આશરે ૭૭ ચોરસ વારનું મકાન વેચવાનું છે. વિગત માટે રબર રાબો:

રાબવાનો સમય

સવારે ૯ થી ૧૨ સાંજે ૪ થી ૬

અમીન ઍન્ડ દેસાઈ

કન્સલ્ટિંગ સિવિલ એન્જિનીયર્સ

લરિસદન ન્યાર રસ્તા-અમદાવાદ



ચિત્રો

દેવગિરિ શત્રુંજય (કોરેા)	ચિત્રુભાઈ ગોધારી	પૂ૬
માતૃમૂર્તિ (બાળક ઈશુ ખ્રિસ્ત અને માતા મેરી)	ગહાના	
ઇટાલિય નકલાકાર રફાએલની જગવિખ્યાત કૃતિ	ત્રિરંગી મુખચિત્ર	
સંત જ્ઞાનેશ્વર	ચિતકાર : પુત્રી ૬ સાથ	પાછલા પૂઠાનાં
વૃક્ષશ્રેણી	,, ગોગેગા	,, ,,
ગા કીકરી	,, માદામ લેબુન	,, ,,
આદમનો જન્મ	,, માઇકલઍન્જેલો	,, ,,

ઠાવ્યો

બાઇસાહેબ	ઉમાશંકર જોષી	૧૬૫

અસ્થિ

એન. જી. મેહરા	અશોક હર્ષ	૧૬૮

નાટિકા

બર્નીઅર	યશોધર નર્મદાશંકર ગહેલા	૧૬૬

લેખો

પ્રવાસ-ગંજરી [૬] મથુરા	રવિશંકર રાવળ	૧૬૬
ચિત્રવિજ્ઞાન [૨] (અર્ધેન્દ્રકુમાર ગાંગુલી)	સૌ. અનસૂયા ત્રિવેદી	૨૦૩
રસદર્શન-૩૦	હરિપ્રસાદ ઠ. દેસાઈ	૧૮૯
નાટ્યોત્પત્તિ	યોગેન્દ્ર ત્રિપાઠી	૨૦૬
રંગમંચ ફોટોગ્રાફિક સોસાયટી	ર.	૨૧૦

વિભાગો તથા મકીબ્રું

આપણા દેશની પ્રગતિ અને સમાચાર પ્રમાણ	(ચિત્રાલાન)	૧૬૪
કસોટી		૨૦૬
Our Friends Abroad (પરદેશના પત્રમિત્રો)		૨૦૭
ગાયકરી		૨૧૧
આ માસનું પંખી-બપૈયો		૨૧૧
આ માસ ઇતિહાસમા		૨૧૪
છેલ્લું પાનું		૨૧૫

ગાહકોને

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન મળે તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત બંકાદ આકચાકિયા મોકલી તેની ફરિયાદ કરવી. બાકી ઓછા બે વખત પૈક કરીને ખૂબ તકેદારીપૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતા આકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પત્રોથી જણાવતાં અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો બરાબર કરી આપવાનું કામ દેસરનું કશું બંધન અમારે માથે રહેતુ નથી તેની ગ્રાહકોને ફરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક - મણુભાઈ પોપટભાઈ રાવળ, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૮ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રા. ૬; પરદેશનાં રા. ૭ ૮-૦ અથવા ૬૨ સિલિંગ પુરતક્કલના દરે આના. પાછળ પરના અંકો અપ્રાપ્ય છે જે કોઈ ફરમાયશ અંકે આપે છે તે વરેલની તા. ૧-૪-૪૬.

જાહેર અખબારના રીતસર એજન્ટ : મેસર્સ રાયબહાદુર ચંપકલાલ કંપની, ઓલ્ડ બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં ઑટોલ રોડીઝ આગે, ઓપોઝીટ

કુમારમાંનાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે

ગુરુદેવ ટાગોર
ની
અમર નવલકથા
'નૌકા ડુબી'

જ્યારે કુચકુંડાની
કલાસૃષ્ટિમાં
રૂપેરી દેહ અને આત્મા
પામીને નવો જ
અવતાર ધરે છે:

★

બૉમ્બે ટૉકિઝ
ગુરુદેવની
કલ્પક
કલાને
રૂપેરી આત્મા
આપવાનું
સાહસ કરે છે;

મિલન

* બે ભાષામાં-હિન્દી અને બંગાલીમાં *

• નિર્દેશન:-
રૂપેરી કલાસૃષ્ટિના
અનોખા ચિત્રશિલ્પી:
નીતિન બોઝ

• સંગીત:
જીવન અને પ્રેમની
ઊર્મિઓનું મિલન
કરાવી આપે છે
અનિલ બિશ્વાસ

• ગીતો:
આર્જુ અને સંતોષી

'મિલન' પરિચય
આપે છે બે
નવી જ
કલાધરિત્રીઓનો-
મીરા મિશ્રા
અને
મીરા સરકાર

પ્રેમ અને
જીંદગીનાં
ઝંઝાવાતમાંથી
જાગી
ગએલા
માઝમરાતના
સોણલાનું
સંગીત
સર્જવી આપતું,
જીવનની
મંગલ ઊર્મિઓનું ——→

યાદ રહે કે આ બૉમ્બે ટૉકિઝ લિ.નું સર્જન છે:

હિંદના ગુલાબના બાગની સવારની સઘળી ખૂશ્બો વિનોલિયા વ્હાઇટ રોઝ સાબુ તમારી પાસે લાવે છે. તેનું મુલાયમ, ભરપૂર ફીણ અત્યંત નાજુક ચામડીને માર્દવતાથી સ્વચ્છ કરે છે—અને તેની સોરંભ તમારી આસપાસ મનોહર પરિમલ ફેલાવે છે. તમારા સૌંદર્યની વૃધ્ધિ માટે તમને બીજો કોઇ વધારે સારો અને વિશિષ્ટ સાબુ મળી શકશે નહિ. વિનોલિયા વ્હાઇટ રોઝને તમારો માનીતો સાબુ બનાવો.

વિનોલિયા વ્હાઈટ રોઝ સાબુ

VWR. 19-23 GJ

VINOLIA CO, LIMITED, LONDON, ENGLAND

સહીસલામત સ્વચ્છ થયેલાં અને સનલાઈટથી સફેદ બનાવેલા

– વધુ મેલા ભાગો માટે

તમારા કપડાંના તે ભાગો તપાસો કે જે પહેરના ઘસાઇ જાય છે! આ પણ વધારે મેલા ભાગો હોય છે અને જ્યારે થોડોક સાબુ લગાવી તમારા વસ્ત્રોને પાણીમાં બિંજવી સ્વચ્છ કરવા માટે ધોકા મારો છો ત્યારે તેમને સૌથી વધુ નુકસાન પહોંચે છે. તમારા વસ્ત્રો સનલાઇટની રીતથી ધોવાનો અને ધોકા મારવાની ખોટી ભરપાઇ અટકાવો.

સનલાઇટના ઉમદા અને આપમેળે કામ કરના ફીણને જ્યારે બીજા વસ્ત્રમાં બરાબર મસળવામાં આવે છે, ત્યારે વધારે મેલા ભાગો પણ સફેદ અને સંપૂર્ણ રીતે સ્વચ્છ થાય છે. આ ચોખ્ખો સાબુ તમારા વસ્ત્રને માટે સારો છે—તેમને તે પક્ષીનાં પીળાં બાદક સુંદર બનાવે છે અને તમારા હાથોને પણ સુંવાળા અને હીસા રાખે છે.

તે સનલાઇટની રીતથી ધોવાલુયેં છે!

સનલાઇટ સાબુ

S. 60-23 GJ

LEVER BROTHERS (INDIA) LIMITED

બ્રશ કરો કે ના !

તમારે દાંત સાફ કરવા જોઈએ?

તમારા દાંત અમુલ્ય રત્નો કરતાં પણ વધારે મુલ્યવાન છે—તે હાસ્યને સુરૂપ કરે છે અથવા તો બેઠોળ બનાવે છે. દાંતના પોલાણ કોહવાટથી તેમને ભયજનક સ્થિતિમાં મુકવા નહિ. એસ. આર. ટુથપેસ્ટથી* નિયમીત સ્વચ્છ કરતાં તેમને તે સફેદ અને નીરોગી પોલાણ મજબૂત રાખશે.

* દાંતની ફરિયાદો માટે દાંતના ડૉક્ટરોની પોતાની દવા સોડીયમ રીસીનોલીએટ તેમાં છે.



GSR. 25-50 GJ

D. & W. GIBBS LIMITED, LONDON, ENGLAND

સમય અગત્યનો છે.

રેતીની શીશી વાળી ઘડિયાળ અને સૂર્ય-યંત્રોથી વખત માપવાનો જમાનો ગયો—હવે તો સમય મિનિટોને હિસાબે ગણાય છે. એટલે જ દરેક જણ સુંદર દેખાવની અને ચોક્કસાઇપૂર્વક સમય આપવાની ગૅરન્ટીવાળી ફ્રાવર-લ્યુબા ઘડિયાળ માગે છે. કમનસીબે ફ્રાવર લ્યુબા ઘડિયાળોની હજી ઘણી અછત છે; પણ એક દિવસ એવો જરૂર આવશે કે જ્યારે તે પુષ્કળ પ્રમાણમાં મળી શકશે.



FAVRE-LEUBA

ફ્રાવર-લ્યુબા ઍન્ડ કંપની લિમિટેડ · મુંબાઈ · કલકત્તા

Ad. No. 179.

તમારું રોકડાંમોંઘું આકર્ષણ તેની રમણીય ચામડી છે. તમારી ચામડી માટે બેદરકારે રહેતા નહિ—તેને લક્સ ટૉયલેટ સાબુની ખાસ આવશ્યકતા આપો. સીતારાનો સાદો સૌંદર્ય નિત્યક્રમ ૩૦ દિવસ માટે કેમ અનુસરવો નહિ?— તમે આ સુવાસિત સફેદ સાબુની સૌમ્ય, સ્વચ્છ કરતી ક્રિયાથી પ્રસન્ન થશો. ફિલ્મ તારિકાઓના સૌંદર્ય પ્રયોગ તમે અજમાવી તમારી કિંમતી ચામડી વધુ, નિર્મળ અને વધુમાં મુલાયમ બનાવો.

LTS. 110-50-10 GJ

LEVER BROTHERS (INDIA) LIMITED

કામ કરી શકે એવી વસ્તી





ઇંગ્લૅંડમાં પાંચમાં ત્રણ કામ કરે તેવા છે, જ્યારે આપણે ત્યાં માત્ર બેજ

ધંધાવાર પ્રમાણ



સંખ્યાબળની નજરે જોતાં દુનિયા આખીમાં બીજે નંબરે આવનારો છતાં, આપણો આ ગરીબ દેશ રોગચાળા અને ધમારાથી એટલો કંગાલ બની ગયો છે કે એની વસતિ-સંખ્યા વિશાળ હોવા છતાં તેમાં કામ કરી શકે તેવા માણસોની સંખ્યા બીજા નાના ને બચુકડા દેશોને મુકાબલે પણ ઓછી આવે છે એ આ સાથેના ઠાણી વરદના આલેખમાં બતાવ્યું છે. ગ્રેટબ્રિટન, જર્મની ને ફ્રાન્સ એ પ્રત્યેક કરતાં કદ અને વસતિમાં વધી જતા આપણા દેશની વસતિની કાર્યક્ષમતા એ દરેક કરતાં ઓછી ઊતરે છે. ઇંગ્લૅંડ જેવા એકમુકિયા દેશમાં દર પાંચ માણસો કમાનારો છે ત્યારે આપણા જેવી દેશમાં માત્ર બે. પહેલા આલેખમાં આપણી વસતિ જુદાજુદા ધંધાઓમાં કયા પ્રમાણથી વહેંચાઈ ગયેલી છે તે દર્શાવ્યું છે. જેમાં કયા રાષ્ટ્રમાં કયા પ્રકારના ધંધાદારો છે તે આપણા રાષ્ટ્રનિયોજન કરનારા માટે અગત્યની વિચારણાનું ક્ષેત્ર છે. (ચી. ન. વિદ્યાવિહારના સૌજન્યથી.)

વર્ષ ૨૩ • અંક ૬ • સપ્ટેમ્બર ૧૯૪૬ •• આપની કાયમનાં ગુજરાતનું અગ્રણી માસિક

• ત્રિષ્ટુપ્‌ અનુષ્ટુપ •

વ્હેલી પ્રહરોએ વનપંખીઓનાં
કાલાં સુરીલાં કલકૂજનોમાં
સંવાદ કૌલાગણુંનો શમાવતો
અરણ્યમાં સંત સુખે વાયે જતો.

નજરોનેણ આવીને વાગે છે પીઠમાં મથી;
વારતો, ધપતો ઊભી સીમમાં સંત કેડથી.

સામે દીઠા બે તહીં વાટમારુ;
એકાબીજાને વળગી હસુમસુ
આવી રહ્યા. સંત પગે પડીને
પૂછી રહ્યો અંતરથી લળીને:
'બાઈસાહેબનો કહેશો કયાં છે મુકામ તેમને?
મારે પરણવાના છે હૈયામાં કોડ એમને.'

સામું નિહાળી હાણ એકમેકની,
હોઠે ધરી મ્રજતા ક્ષીણ તર્જની,
વૃદ્ધો હસે ધીરગભીર: 'ભાઈ!'
ને હાંફતા પૂછતઃ 'કોણ બાઈ?
આ બાજુ છે કોઈ ન બાઈ નામે!'
અને કરી આંગળી શહેર સામે
બોલેઃ 'વસે છે સઘળી ય ત્યાં પુરે.
શાને ભમે ફોગટ આમ દૂરે?'

'નથી, નથી ત્યાં; વળી કોઈ એના
હૈયા તણો જાણુણહાર છે ના.
દીઠી તમે જો કદિ હે ય તો કહો.
નામે મરીબાઈ! શું ચિંતવી રહો?'

ત્યાં શ્વેતકેશી હસી એક વૃદ્ધ
બોલ્યો કરીને સ્વર તીક્ષ્ણ ક્રુદ્ધઃ
'એના જ તો પાપ થકી જ સારા
આવા થયા હાલહવાલ મારા.
થયાં કરે સેવન એનું મારે,
છાંટો ન પામ્યો પણ પ્રેમ કયારે.'

બીજો તિરસ્કાર થકી કહેઃ 'બાયું
એવુંક એના મહીં શું જ કે હતું
હૈયું અભાગી તુજ આવડુ? અરે
છે કૈંક સોહામણી સુંદરી પુરે.
કો અર્પશે, ચાલ, તને ય ઠાય.
ભલો થઈ આવ અમારી સાથ.'

'છો કોણ?' પૂછે વિનયાર્દ્ર સંત.
'હું લોભ!' 'હું મોહ!' વદે હસંત
બંને ય વૃદ્ધો. 'ઉભયે નમું છું,
કહું?—તમોને કયમ હું ગમું છું?
બરાઈને જુઓ તમો ચમાન
થાઉં હું તેથી? બસ; તો પ્રણામ!'

'જરી, જરી ધોમ!' વદે પહેલો.
'છે કૈંક આશા તુજ માટ. રહેલો
જે માર્ગ હું જાણું, બતાવું તે તને.
થયો કૃપાપાત્ર ન, તેથી એને
જાણી શક્યો હું હિલથી રગોરગ.
ખેંચાય છે નિત્ય ઘણું બધું જગ
એની પછાડી; પણ તે પરાણે.
એની ખૂબી તો વિરલા જ જાણે.

લા તુંગ શૃંગે ગિરિને.—તહીં હશે
લેકેલ એકાકિની કો ગુફા વિશે.
રોતી હશે કે નથી કોઈ મારું',
ઢૂંઢી વળી હું વહું વિશ્વ સારું.

ઊભી હશે વા શિખરે ન જ્યાં પડે
ગરુડની પાંખની છાંય. કે અડે
દુઃશ્વાસ ના જ્યાં દુનિયા તણા. ને
છળીશ મા જોઈ અવશ્ય વાને.

ચૂતી હશે કે કહીં શૈલમંજિલે
ઓઢી ઝીણી વાદળપામરી દિલે.

જો કોડ હો ઓહ વધૂ વર્યાનો,
તો ચાલશે શોધ પછી કર્યા નો;
સૌ બીજ માર્ગે ફગવ્યે, જવાય.
આંડા પરે ટેકવવો જ પાય.

અને કહું ભાઈ, રહસ્ય એક:
થતો ન ઈર્ષ્યાળુ પતિ તું છેક.
બીજા હશે પ્રેમિક તે વધૂને,
સહાય થારો તહીં માર્ગ ગૂને
અનન્ય પ્રેમી બનવા મથીશ મા!
હમે જ ઓને વર કૈંક તું સમા!'

થંભ્યો ક્ષણાર્ધ ના સંત માગે સ્મિતમુખે ધરો.
સહાયુવાન તે વૃદ્ધો અટ્ટહાસ પૂરે હસે.

ધખીસ્વરે લાગી ઉઠેલી ત્યાં ઉષા
વેરે સ્મિતો યાત્રિક સર્વની પરે.
ઘડી પછી જ્યાં મગદંત પૂષા,
શૃંગે વધૂ સન્તન કોડિલો વરે.

—ઉમાશંકર જોષી

'સન્ત ફ્રાન્સિસનાં મરીબાઈ આયેનાં લગ્ન'ની જોડેણ વાચકગણને આપેલી હતા પરથી. કોઈવાર સન્ત ફ્રાન્સિસ મરીબાઈને શોધવા નીકળી પડ્યા. રસ્તામાં બે વૃદ્ધ વટેમાર્ગુ મળ્યા. તેમાંથી એક જણે પત્તો આપ્યો કે ગયાં ગિરિશિખરો પર મરીબાઈના જેટો થયો... વટેમાર્ગુને 'લોભ' ને 'મોહ' કહ્યા છે. લોભને મરીબાઈનો પૂરો પરિચય છે. (બાબુસ લોભી દોષ તેથી કાંઈ મરીબાઈનો ને એનો પરિચય ઓછો થાય જ છે એવું નથી. બાજ બીચારો મરીબાઈનું રહસ્ય-હૃદય કદી પામી શકતો નથી કેમકે જ.) સન્તને એ સૂઝવે છે કે પોતાની પેઠે પરમાત્મે આ પ્રિયાનું રોચન બો કરે નહિ, રસનો કપરો કૈંક સાથે રજ પણ દુન્યવી લોભે ન રાખે ને પ્રિયાના અન્ય ચાહકોની—સન્તોની ઈર્ષ્યા જાગે

પ્રવાસ-મંજરી

એક વધુ સંસ્કારયાત્રાનાં સંસ્મરણો

લેખક : રવિશંકર રાવળ

[૬] મથુરા

હિલ્લીની ગુજરાતી શાળાનું વિદાયગાન લેવામાં એટલું મોહું થયું હતું કે ગાડી ઊપડવાની ઘડીએ જ સ્ટેશનમાં પહોંચ્યા. ઘરનાં માણસો પહેલાંથી આવી ગેમતેમ ઈન્ટર વર્ગોમાં સરસામાન સાથે ગોઠવાઈ ગયાં હતાં. ત્યાં તો ભમરાને થપેસવાની જગ્યા રહી ન હતી, એટલે હું સેકંડ ક્લાસમાં ચડી ગયો. ત્યાં પણ સામાનના ઢુંગરા ખડકી બેઠા સાહેબો જગ્યા સર કરીને બેઠા હતા. મને સ્ટેશન પર મળાવવા આવેલા મારાં મિત્ર, પુસા કૉલેજના પ્રોફેસર ડૉ. બ્યાસે એક પ્રોફેસર સાથે ઓળખાણ કરાવતાં મને બેસવાની જગ્યા મળી. એમાંના એક તરુણ નેતું આવી પહોંચતાં તેમને સગવડ આપવા, સામેની જગ્યા પર બેઠેલા ત્રણ લશ્કરી અંગ્રેજોએ મને પોતાની વચ્ચે જગ્યા કરી આપી. એ ત્રણે જણા કંઈ ને કંઈ વાચન લઈ બેઠા હતા. તેમાંના એકે, પોતાની પાસેથી એક 'પેંગ્વિન' સીરીઝની શ્રી રોબાવણુકરે લખેલી 'ધ પ્રૉબ્લેમ ઑવ્ ઇન્ડિયા' નામની નાની ચોપડી બતાવતાં કહ્યું, 'આ લેખક બરાબર જ કહે છે,—અને હું પણ માનું છું કે હિંદુસ્તાન સ્વતંત્ર થવું જ જોઈએ.' આવી સરલતા અને સ્પષ્ટતાની મેં આ પરદેશીઓ પાસેથી આશા રાખી ન હતી. મેં એ ચોપડી લેવા માગી. એમાં ભારતનો આદિકાળથી માંડી આજની કૉંગ્રેસની સાલવાર લડતો સુધીનો બહુ પ્રમાણભૂત ઇતિહાસ આપેલો હતો. અનેકવખતના અણનમારી હતારા, નેતાઓ અને રાજ્યકર્તાઓનાં નિવેદનો વગેરે એવાં સરણીબંધ હતાં કે આજની પરિસ્થિતિ એક ક્રિમની ગાઢક સગવડ અને નવાઈની વાત એ હતી કે એ ચોપડીનું પ્રકાશન ઇંગ્લંડની એક જ્ઞાનપ્રચારક પેઢીએ કર્યું હતું લાગે અમેરિકનો અને અંગ્રેજો આગળ હિંદુસ્તાનનો કેસ રજૂ કરવાનો આવો પ્રયાસ હિંદમાંથી જ થયો હતો. કેટલાયે ન્યાયી અને સગવડદાર પરદેશીઓને આ ચોપડીએ હિંદના પક્ષકાર બનાવ્યા હતા.

મથુરામાં

દીવા થયા પહેલાં ગાડી મથુરા જંકશને આવી અટકી, અને હું તરત ઊતરી ઈન્ટર તરફ ધસ્યો. પણ ત્યાં તો હતારઓને બહાર નીકળવાની જ આફત હતી. અમારો સામાન તળિયે હતો અને પાછળથી આવેલા મુસાફરોએ છાપરે પહોંચે એટલા દાગીના તે પર ખડકી દીધા હતા; અને તે પણ દરવાજે બોલવાની જગ્યાએ જ. એ તરફની ટ્રેનોના દરવાજા બંધ બોલવા પડે છે. એટલે આ સ્થિતિમાં સામાન બાબુએ. કરવાનું કે મુસાફરોને બહાર નીકળવાનું અશક્ય જ બન્યું હતું. બધારામાં બારીઓ પણ સળિયા જડેલી હોઈ કોઈ માણસ કે દાગીના બારીમાંથી કદાચ જોગ ન હતું. થોડી વાર તો લાગ્યું કે અંદરનાં માણસો ઊતરી નહિ શકે અને ગાડી ઊપડી જશે સદ્‌ભાગ્યે બીજા મુસાફરોમાં પણ મથુરાના યાત્રિકો હતા અને તેમના મજૂરોએ પરાક્રમ કરી સૌ સામાન બારીથી દરવાજે કઢાવ્યો અને સૌ ઊતરી શક્યા. એ થોડી પળોની મૂંઝવણ તોબાહ હતી.

ટપાલની વિચિત્રતા પણ જાણે જ નડી. સ્ટેશન ઉપર કોઈ જ લેવા આવ્યું ન હતું. પણ હું કેમાણું નાંખતો હોવો, એટલે ઠાંગો કરાવી કુલી નીકળ્યા અને ૧૮મી માર્ચની એ રાતના દીવાબત્તી થતાં થતાંમાં તો, મથુરાની પથ્થર જડેલી ગલીઓ વટાવી રમાગીયાટ ઉપર મારા મિત્ર શ્રી રાધેશ્યામજી દ્વિવેદીની હવેલીએ અમે પહોંચ્યાં. એમણે લખેલા ટાઈમે તે ટ્રેનમાં અમે ગયા હતા, પરંતુ તેઓ જ બહારગામથી ધારેલી ટ્રેનમાં આવી શક્યા ન હતા. છતાં તેમના વફાદાર દરવાને હવેલીનો મોટો દરવાજો બોલ્યો.

નદીકિનારાનાં તીર્થોની સગવડ એ હોય છે કે નદી પાસેના માર્ગ પર જ બજાર હોય છે, ને ગમે ત્યાંથી કિનારા ઉપર જઈ શકાય છે. અમે જરા સ્થિર થઈ, યમુનાઘાટની સંધ્યાની આરતી જોઈ અને સાંજના ફરાહાર માટે ગરમ દૂધ વગેરે લીધું. ઉત્તર હિંદના બજારોમાં ખાદ્ય પદાર્થો ગુજરાત કરતાં સારા અને સસ્તા મળે છે.

આમને કિનારે ફરતા જોઈને કેટલાક પંડાઓએ પૂછપરછ માંડી: કયાંથી આવો છો; કોણ છો, વગેરે. આ પંડાઓ પાસે યાત્રિકોની પેઢીવાર નોંધ હોય છે. જેમના ચોપડામાં યાત્રિકોની પૂર્વપેઢી નોંધે તેના પર તો જ પંડાનો હક્ક ગણાય જે બીજા બાકી બધા તમારે પંડો ગમે નહિ ત્યાં સુધી અનેક પંડાઓ પૂછીપૂછીને તમારો જપ કાઢી નાખે. પણ અમે તો 'રમાગી ઘાટ પરના જ્યોતિષી મહારાજ ગહેમાન છીએ' એટલું કહેતાં જ તેઓ બસી જતા.

રાધેશ્યામ દ્વિવેદી

પણ સવારે ઊઠી દાતણપાણીથી પરવારી ચાની તૈયારી કરવા હતા ત્યાં રાધેશ્યામજી અધીરા થતા આવી પહોંચ્યા રાત વેડીને તે ઠેઠ પટણાથી પહોંચ્યા હતા. ધારેલી ટ્રેનમાં આવી શક્યા નહિ તે માટે ખૂબ દિલગીરી દર્શાવી અને તુરત અમારા સ્વાગત અને સમરાટ માટે દરવાનને દોડાદોડ કરાવી મૂકી. સ્નાન, રસોઈ વગેરેનો ઘરમેળો જ બંદોબસ્ત કરાવી દીધો ને અમારી બધી નિરાશા ઉડાડી મૂકી.

પંડિત રાધેશ્યામજી એક જાગીરદાર કુટુંબના ઔદીચ્ય બ્રાહ્મણ ગૃહસ્થ છે. તેમના ત્રણ પેઢી પરના પૂર્વજો ગુજરાતમાંથી રાજકીય જ્યોતિષી તરીકે મથુરામાં જાગીર પામ્યા હતા. તેમના વડીલોમાંના ઘણા પ્રતાપી અને વિદ્વાન થઈ ગયા છે. ઘરમાં તો ગુજરાતના જ વ્યવહાર અને ભાષા છતાં દુરવથી ઘણો ફેર પડી જાય છે. પણ ગુજરાતનાં સ્વજનો પ્રતિનો તેમનાં ભાવ અને આદર અપૂર્વ છે એ પોતે પણ યુક્ત પ્રાંતોના એક અગ્રગણ્ય રાષ્ટ્રસેવક, સાહિત્ય અને ભાષાના પ્રચારક તેમજ સમાજસેવક તરીકે જાણીતા છે. મથુરાની પ્રત્યેક સંસ્થામાં તેમનું આદરે વજન અને સન્માન છે. દેશના દરેક નેતાનો તેઓ ગાઢ સમ્પર્ક પામ્યા છે. તેમની સેવાભાવના, સરલતા અને લાગુકતાએ તેમનું મિત્રમંડળ અતિ વ્યાપક બનાવ્યું છે કવિ પ્રદીપને ગુજરાત સાથે સંપર્કમાં લાવનાર એ જ હતા. એમણે તુરતાતુરત ગરમ ગાદે પ્રચારકાર્ય શરૂ કરી દીધું અને સાંજ પહેલાં તો બિરાજ સભા અને મુલાકાતો ગોઠવી દીધાં.

બપોર પછી યમુના ઘાટ પર ફરવા નીકળ્યા. ફરતાંફરતાં એક ચાની કીટલી આગળ આગળ ઊભા રાખી રાધેશ્યામજીએ કહ્યું, 'તમને ગુજરાતી હબની ચા પાઉં.' એને અંદર બેઠને સામે બેઠેલા ઊંચા વાનના આંખી દીના સાઠેક વર્ષના એક ગૃહસ્થને કહ્યું, 'લક્ષ્મીશંકરભાઈ, ગહેમાન માટે સરસ ચા કરાવો.' દરમિયાન મારી પિછાન કરાવી, એટલે લક્ષ્મીશંકરભાઈ તો કાઠિયાવાડના ઔદીચ્ય બ્રાહ્મણ તરીકે મને ખૂબ બાથમાં ગ્રહ્યો અને વાતોની છોળે ચડ્યા. તે ના મથુરામાં કયાંથી આવી ચડ્યા તેનો ઇતિહાસ પૂછતાં તેઓ મોટે

સાદે કહેવાઈ ગયું : 'ભાઈ, અમે તો નાટક કંપની કરી હતી. હું નયુરામ સુંદરજીની કંપનીમાં હતો. પછી જુદા થઈ કરાચીમાં સૂરવિજય નાટક કંપની કાઢી. પ્રહલાદ, મીરાંબાઈ વગેરે ભક્તિનાએલેા કરતા કરાચીથી સક્કર સુધી તો ગુજરાતીમાં ખેલેા ચાલ્યા; પણ લાહેાર ગયા ત્યાંકાગ ચાટકર્યું, કેમકે ગુજરાતી ભાષા ત્યાં કોઈ સમજે નહિ. એટલે કંપની વીંટી લેવાનેા વખત આવ્યેા. પણ એક હિંદી મિત્રે સુઝાડયું કે હિંદીમાં ખેલેા કરેા તેા ચાલે. તેણે રાતેારાત હિંદી અનુવાદેા કર્યા અને ત્રણ ચાર દિવસ રીહર્સલ કરી હિંદીમાં ખેલ જાહેર કર્યો. બસ, પછી તેા વાત પૂછેા મા. ભક્તિનેા ખેલ જાણે હિંદી જનતા ઊલટી પડી. એ કાળમાં, અને હેાય આજે પણ, ઉત્તર હિંદમાં મુંબાઇ જેવી નાટક કંપનીઓ નથી. તેની આળ નકલ જેવી રાગલીલા મંડળીઓ બહુ છે. મુંબાઇની પારસી નાટક મંડળીઓ નાયિકાઓને સ્ત્રી પાત્રેા તરીકે લાવતી તેથી આકર્ષણ રહેતું, પણ જ્યારે ધાર્મિક ભૂમિકા તેઓ બજવતી ત્યારે જનતાને રેાષ થતેા; પણ અગારી કંપનીમાં છેાકરાઓ સ્ત્રી પાત્રેા ભજવતા તેથી અસલ પાત્રને દેાષ ન પહેાંચતેા. તે જોઈ જનતાએ જાહેર સભા ભરીને આગને જ ઉત્તેજન આપવાનું ઠરાવ્યું. તે પછી તેા અગારી કંપનીનાં ગાન ઘણી પડયાં એક જ ખેલ પર અમેન્વરસ બેંગ્લી કાઢયું.અને ધીરેધીરે પંજાબ યુ. પી.માં ફરવા લાગ્યા છેવટે મથુરા આવી કંપની વિખેરી નાખી. આ રાધેશ્યામજી પણ થેાડેા વખત અમારી સાથે આકેાલા–જળગામ સુધી આવેલા.'

આ ટૂંક હકીકતમાં મને ગુજરાતની રંગભૂમિનું એક રસમય પ્રકરણ જડયું. રાધેશ્યામજીનેા યુવાવસ્થાનેા શેાખ પણ જાણ્યેા મેં તેા ઉત્સાહમાં લક્ષ્મીશંકરભાઈને એ યુગના નટેા, લેખકેા, પ્રેક્ષકેા અને નાટકની રીતભાત વગેરે વિષેની માહિતી અને પરિચય વિસ્તારથી લખી નાખવા કહ્યું લેખે ત્યારે ખરા. આગ, સહાનુભૂતિપૂર્વક કલાક કાઢી નાખ્યેા અને બીજે દિવસે લક્ષ્મીશંકરભાઇને ત્યાં કાઠિયાવાડી પૌષ્ટિક ભેાજનનું નિમંત્રણ મેળવી અમે છૂટા પડચા.

ધર્મની વિકૃતિ

સાથેના સ્ત્રીવર્ગને સંતેાષવા ઓકળે મંદિરેા અને હવેલીઓ જોઈ. ધર્મઘેલાં નરનારીઓની પાર વગરની ભીડ, અર્ધ વગરનેા કલકલાટ, શ્રાંજપખાનાનેા અત્યાચાર, ખૂણેખૂણે ગંદવાડ અને કચરા, શણગાર તથા ચીતરામણેામાં ભાવ વગરના ચેાચલા, એ બધાં આજના આપણા પ્રાકૃત ભારતીય જનસામાન્યની મૂઢતા અને અજ્ઞાનનાં પૂર્ણ પ્રતીક હતાં. ઉચ્ચ વિચાર પ્રેરતાં વ્યાખ્યાનેા આપતા કે ભાવનામય જીવન જીવતા સંતેા કે મહાત્માઓનાં દર્શન આવાં સ્થળેાએ અશકય લાગ્યાં.

સરકારી સમાજમાં

ચાંચે મેાટેથી મથુરાના આંતરભાગેામાં જ્યાં અસલ નાગારેા રહે છે ત્યાં ગયા. નદીકાંઠાનાં ગામેામાં કેટલા ઊંચા ઢાળ–ઉતાર હેાય છે તેનેા ખરેા ખ્યાલ ત્યાં આવ્યેા. રેંગ–વિદ્યાલયના પ્રમુખ વકીલ શ્રીમાન ભાર્ગવજીનું ઘર તેા વિશાળ ચેાકવાળું હતું. હવા–ઇજવાસવાળી મેડીની બેઠેરીમાં તેઓશ્રી કોર્ટમાંથી આવી વિશ્રાન્તિ લઇ રહ્યા હતા. અમને જોઇ ખૂબ વિવેકપૂર્વક ઊભા થઇ મળ્યા અને પરસ્પર પરિચય થયેા એટલે તેમણે બહુ હર્ષભેર પેાતાની પુત્રીને બેાલાવી કહ્યું કે થેાડા વખતથી અમે એક સ્ત્રી-શિલ્પશાળા કાઢી છે ત્યાં એ ચિત્ર શીખે છે. પરદા અને મલાન્વયવાળા આ નગરીમાં કન્યાઓને તેમના વિકાસ માટે કાંઇક કરી આપવાના આવા કોડ સરકારી ઘરેામાં જન્મ્યા છે તે જોઈ મને આનંદ થયેા. કન્યાનાં ચિત્રેા પર મારી ચર્ચા સાંભળી તેમણે કહ્યું કે 'કાલે અમારી શિલ્પશાળાને મુલાકાત આપેા. હું પણ હાજર રહીશ.' રાધેશ્યામજીએ રાતની જેને બીજી મુલાકાત ઠરાવી રાખી હતી એટલે અમે વહેલા રવાના થઈ ગયા.

મધુચક્ર

મથુરાના કેટલાક પ્રૌઢ અને તરુણ સાહિત્યપ્રેમીઓએ નિત્ય-નંદ અને વિકાસ ખાતર દર અઠવાડિયે એક રવિવે મળવા માટે એક 'મધુચક્ર' નામનું મંડળ કર્યું છે. તેના મુખ્યપ્રણેતા શ્રી નિયેાગી કરીને એક બંગાળી ડૉક્ટર છે. તેઓ અને મંડળ માટે નિમંત્રણ આપી ગયા હતા. રાત્રે આઠેક વાગ્યે, એક ચિત્રના ગજ્ઞનમાં દસબાર ચિત્રેા અને ચેાપાર બહેનેા વગેરેની એ શાંત ચિત્તસભર મને બહુ ગમી ગઈ. ત્યાં સરસ અભ્યાસીઓ, ચિંતકેા અને સાહિત્યકેા હતા. એ બધાની સમક્ષ વાર્તાલાપ કરવાનું–અને તે પણ હિંદીમાં કરવાનું–મને કહેવામાં આવ્યું ત્યારે ગારા શ્રોતાનેા પાર નહેાતેા પણ મેં મારી હમેશની રીત મુજબ મારી મર્યાદાઓનેા ખ્યાલ રાખીને, વિષયને હું સમજતેા હતેા તેવા રૂપમાં, સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો જેથી તેઓ સૌ પ્રસન્ન થએલા જણાયા. 'ઑડર્ન આર્ટ', હિંદી અને યુરેાપી કલા વચ્ચેનેા ફરક, વગેરે ચર્ચાઓ તેા બહુ ગહન થાય તેમ હતી. અંતે મંડળના કવિઓએ પણ તેમનાં કાવ્યો સંભળાવ્યાં.

રાધેશ્યામજીની સાંજકળા

બીજે દિવસે સવારે રાધેશ્યામજીએ મને તેમના કુટુંબની સાંજકળાના નમૂના બતાવ્યા, અને તેમના એક કાકા શિવપ્રસાદજીએ તેને કેવી ઉચ્ચ કક્ષાએ પહેાંચાડી હતી તેની વાત કરી. તેઓ દર વરસે આવણ ગાસમાં ઘરમાં મેાટા દીવાનખાનાની ફરસબંધી પર કેારા ભૂકીરંગેા વડે ચિત્રેા પૂરે છે. તે માટે કાગળમાં જાતજાતની આકૃતિઓ કેારવી પડે છે. ખરેખરેા હુન્નર અને કળાનેા ભાગ તેા મને એ લાગ્યેા, એ આકૃતિઓ એટલી સુરૂપ અને સુરેખ હતી કે તેને હિંદની એક અનેાખી કળામાં ગણ્યા વિના ચાલે નહિ. એ સૈકડેા હસ્તકૃત કાગળ–જાળીઓ (stencils) આજની શાળાના ચિત્રશિક્ષણમાં સરસ ભૂમિકા બની શકે એવી હતી. આકારેાને લાઘવ, સરળતા અને મનેાહરતા આપવામાં કલાકારે વિચાર અને સૌંદર્યની તેની દૃષ્ટિ બહુ સમતેાલ રાખી હતી મથુરાની મારી યાત્રામાં આ કળાનેા પરિચય હું અગત્યનેા અનુભવ ગણું છું. એ સાંજચિત્રેા જોવાને તેા મથુરામાં લાકેાની ભીડ થાય છે અને ઘણીવાર પ્રાંતના ગવર્નર અને અંગ્રેજ અધિકારીઓ પણ જોવા આવે છે. પણ ખરેા પરવાનેા તેા તેને તૈયાર થતી જોવી એ છે.

બપેારે સ્ત્રી-શિલ્પશાળાની મુલાકાત લીધી કલાશિક્ષણ માટે હેાંશ અને સમાજમાં નવેા ઉત્સાહ સર્વત્ર છે. પણ સુવિચારિત પાઠયક્રમ નથી, એ આજની શિક્ષણસંસ્થાઓની મુશ્કેલી છે. ત્યાં મથુરાના કલાકાર શિવપ્રસાદજીનેા પણ પરિચય થયેા.

શિલ્પશાળામાંથી પાછા વળતાં અમે એક પડદા ચીતરનાર સુરેાન્મનકારના સ્ટુડિયેામાં ચડી ગયા. અહીં જાણવા ગળ્યું કે મુ. પી.ની બધી રાસમંડળી�ેા માટે ત્યાંથી જ પડદા ખરીદાય છે. પડદામાં બહુ ઊંચી કલાદૃષ્ટિ કે ચેાકસાઇની જરૂર નહિ. જંગલનેા, શહેરનેા, ઘરનેા, ગમે તેવેા પડદેા ચાલે. પણ એ સ્ટુડિયેાના સંચાલકેા ખરેખરા હિંગતવાળા ધંધાદારીઓ છે જોજના બેત્રણ પડદા કેટલી નાખે છે. કાયમ છેાકરાઓને કામે લગાડી દે છે અને પગથેારાબંધ ધંધેા ચલાવે છે. પણ તે ઉપરાંત તેઓ એક વિશેષ સામાજિક કળા જાણે છે. મથુરામાં લગ્ન સમયે વરરાજાની મેાટર કે ગાડીના આલબના શણગાર તેઓ કરે છે અને તે કારીગરી કલ્પનાપ્રેરક છે.

આખેા વરઘેાડ કુટુંબીજનેાને (અનુસંધાન આવરણ પૃ ૨૯૬મે)

એચ. જી. વેલ્સ



ઇંગ્લંડનો આ યુગનો
મહાન ઇતિહાસકાર, સમાજશાસ્ત્રીને કથાલેખક
(ડેઈલી મરર વિશિષ્ટ પ્રતિનિધિ દ્વારા)

એક કાપડિયાની દુકાનમાં ઘરના રહેવા પર બેઠા રહેતા બાર તેર જ વર્ષની વયના ગુમારતાગમાં, જગતમાં પોતાની અમર નામના કરી જવા જેટલી પ્રતિભા પડી હશે એવો ભાગ્યે જ કોઇને ખ્યાલ આવે. ગાન્દુર વર્ષથી ખાસ કહ્યા ન પડતા એવા ગણ્યા વર્ષના છોકરીઓના ઘરમાં, ટ્રમ્પ્ટનાકેન્ટ પરાગણામાં આવેલા ફ્રેંચાલી નામે ઓદ્ધ ધંધાદારી કિકેટરને ત્યાં ઈ. સ. ૧૮૬૬ના સપ્ટેમ્બરની ૨૧મી તારીખે એ છોકરાનો જન્મ થયેલો. અને જેવું તેવું શિક્ષણ લઇને જેટલી નાની વયે તો તેને નોકરીમાં જોડાઈ જવું પડ્યું; કારણ તેના પિતાની આવકથી માંડ ગુજરાનના બે છેડા સંધાય તેમ નહોતું.

પરંતુ માંદિને માત્ર છ પેની પગારની તેની આવક કુટુંબને ખાસ પૂર્તિરૂપ થઈ પડે તેમ હતું. પરિણામે, પોષણના અભાવે તેને દુબળા જ રહેવું પડતું પોષણના અભાવની એ દુબળાઇ માંડ બીજો વર્ષ એ ટાળી શક્યો પણ એ ટાળવાની આકાંક્ષા તો તેને એ વયથી જ રહેલી. પૂરતું શિક્ષણ ન લીધા બદલનો અસંતોષ પણ એને ત્યારથી જ સતાવતો રહેલો. અઢારના સાડા સાતથી સાંજના સાડા સાત સુધી એ કાપડિયાની નોકરી બજાવતો. પરંતુ રહેવા પર વિચારમગ્ન બેસી રહેતા તેના બેનમાં અનેક વિચારોની ઘમ્મરવાર આવ્યા રહેતી પોતે કે દિવસ આ જતરડામાંથી છૂટશે. દુનિયાને કંઇક નવું જ કરી બતાવશે, એવા મનસૂબા તે ઘડ્યા કરતો. શું કરી બતાવશે તેનો તો એને પોતાને યે કદાચ એ વેળા ખ્યાલ નહિ હોય.

આ કુમાર ગુમારતો તે બીજો કોઈ નહિ પણ મહાન ઇતિહાસકાર, સમાજશાસ્ત્રી તથા કથાલેખક હર્બર્ટ જ્યૉર્જ વેલ્સ–જે પોતાના ટૂંકા નામ એચ. જી. વેલ્સથી જગપ્રસિદ્ધ છે. ગયા જૉનરટની ૧૩મીની સાંજે મધુમેહની બીમારીથી ૭૯ વર્ષની વયે તેનું અવસાન થયું. જેણે ત્યાર પહેલાં પોતાને માટે ભાખેલું કે ૭૭ વર્ષની વયે પોતે એક વિસ્મૃત માનવી તરીકે આ દુનિયાની વિદાય લેશે. પરંતુ એની એ આગાહી ખોટી કરી છે. વિસ્મૃત માનવીને બદલે જગત-સાહિત્યમાં ને માનવ-માનસમાં પોતાનું નામ સદાકાળને માટે અંકિત કરી જનાર છે.

એના પોતાના વિષેની એ આગાહી ભલે ખોટી પડી છે, પરંતુ વૈજ્ઞાનની ભૂમિકા પરની પોતાની તરંગકથા ઓમાં જેણે જે સિવાયની કરેલી આગાહીઓ તો આશ્ચર્યજનક હદે સાચી પડી છે. દાખલા તરીકે પહેલું વિમાન ઊડ્યું તેની બે વર્ષો પહેલાં જેણે ઉપાઈ બૉ.ઝબગારાની આગાહી એના 'ધ વૉર ઇન ધી એર'માં કરેલી. એ જ રીતે યુદ્ધમાં જબ્બર ટાંકોનો ઉપયોગ જેણે ૧૯૦૨માં કહેલું ત્યાર પછી ૧૨ વર્ષે પહેલા મહાયુદ્ધમાં ટેન્કોનો ઉપયોગ થવા પામેલો. આજે અમેરિકા ને બ્રિટનમાં જે 'તૈયાર ઘરો' (પ્રીફેબ્રિકેટેડ હાઉસિઝ)નું ઉત્પાદન થઈ રહ્યું છે તેની આગાહી પણ આજથી ૪૮ વર્ષ પહેલાં જેણે કરેલી; અને એ જ રીતે ઈ. ૧૯૧૪માં 'વર્લ્ડ સેટ ફ્રી'માં જેણે પરમાણુ બૉમ્બની આગાહી કરેલી, જે હાલમાં જ ફલિત થતા પામી છે.

પરંતુ માનવજીવનના ભાવિનું દૂરબીન વિક્ષણ કરવાની, લગભગ ટ્રથા વદની આ ભૂમિકાએ પહોંચ્યા પહેલાં એને જિંદગીની ભરેખરી જરૂરીયાતોથી પણ પોતે જે કાપડિયાની દુકાને જે રહેલો ત્યાં કોઈ ગ્રાહકે કરેલા ઝોટાળા બદલ તેણે તેની જોડે મારામારી કરી અને પરિણામે ત્યાંથી રજા મળી. સપાર્ક તંદુરસ્તીનો આનંદ તો જેની કલ્પનાથી યે પર હતો એવા અરધા ભૂખ્યા રહેતા હજારોને, માંદિને છ પેનીનો એ પગાર પણ ગુમાવવો પડ્યો, ને તદ્દન નિરુદ્યમદશામાં તે વિશાળ જગતમાં ધકેલાઈ ગયો. એ વખતની પોતાની બેબસી જેણે પોતાની કૃતિ 'કિપ્સ'માં વર્ણવી છે.

જે કંઈ યે ઠાયણી બચત રહી હતી એમાંથી જેણે એક કેમરો ખરીદી લીધો,—'કેમરો' નામ પણ એને માટે 'જબ્બર' થઈ પડ્યો. ખરી રીતે તો એ એક નાનું સરખું બટારિયું જ હતું. બે સાંકડા ખોકરી વચ્ચેના પાર્ટિશનની પેલી બાજુ રહેનારાઓની દરેક હીલચાલ સાંભળી શકાય એવું એ તકલાદી હતું આમ છતાં વેલ્સે એનો આશ્રય લીધો અને શિક્ષણ માટેની પોતાની કરકંઠા ઠારવાને બેઠું નાનીસૂની નિશાળમાં શિક્ષકનો ધંધો મેળવ્યો. ત્યાં રહે રહે છેવટ જેણે સરકારી શિષ્યવૃત્તિ મેળવી ને દક્ષિણ કેન્સિંગ્ટનની રૉયલ કૉલેજ ઑફ સાયન્સમાં દાખલ થઈ મહાન વિદ્વાન ટૉમસ હેન્રી હક્સલેના હાથ નીચે પ્રાણીશાસ્ત્રમાં બી. એસસી. ની ડિગ્રી મેળવી.

પણ એથી કંઈ ગુજરાનના પ્રશ્નનું નિરાકરણ ન થયું. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ભણાવવાનું માથે લઇ તો દુઃખડું રળવા લાગ્યો. છતાંય સ્વ પર ઉપકારપુસ્તક લખ્યું. 'યુનિવર્સિટી કૉરસપોન્ડન્ટ', 'એડયુકેશનલ રીવ્યૂ' 'ફૉર્ટનાઇટલી' વગેરેમાં લેખો લખવા માંડ્યા.

એવામાં એના હાથમાં એક લોહચુંબકાંકિત ભાવું આવ્યું. એ ભાવું પોતાના વાચકોએ પૂછેલા બુદ્ધિગમ્ય પ્રશ્નોના બદલામાં પ્રશ્ન દીઠ અરધા ક્રાઉનનું ઈનામ આપતું, અને એ પ્રશ્નો જેવા જ પણ જે પૂછનારો પોતે જ સાથે લખી મોકલે તો બેટલી વધારે રકમ આપતું વેલ્સે એમાં ભાગ લેવા માંડ્યો. ભવિષ્યમાં જગતવંદ્ય સાહિત્યકાર બનીને જે વેલ્સ પોતાના એક જ લેખની બોલામાં બોલી ૨૦૦ જેની લેતો, એ વેલ્સે આ રીતે એક ક્રાઉનના વળતરથી લેખન-વ્યવસાયની શરૂઆત કરી, (અનુસંધાન આગળ પાન ૨૦૮ પર)

સત્તરમી સદીના એક ઐતિહાસિક પ્રસંગની નાટિકા

ઔરંગઝેબ

લેખક
શ્રી યશોધર નર્મદાશંકર મહેતા, બાર-ઍટ-લૉ

દૃશ્ય પહેલું

સમય : સત્તરમા સૈકાની એક રાત
સ્થળ : આગ્રામાં મુઘલ સમ્રાટ શાહજહાંના મહેલની પછીત.
પાત્રો : એક પુરુષ અને એક સ્ત્રી.

[અંધારી રાતે એક સ્ત્રી મહેલની પછીતે કોઈની રાહ જોતી ઊભી છે. અંધારામાં તેની મુખાકૃતિ દેખાતી નથી. પરંતુ મહેલની પાસે આવતાં ઝાંખા પ્રકાશમાં તે કંઈક દેખાય છે; તે યુવતી છે. એવામાં દૂરથી કોઈનો પડછાયો દેખાય છે. પડછાયો નજીક આવતાં સમજાય છે કે તે કોઈ પુરુષની આકૃતિ છે. પુરુષ છેક નજીક આવે છે.]

સ્ત્રી : કેમ આટલી વાર ?

પુરુષ : દરવાજા નજીક ચોકી ભરાણાં કોઈ આવતું દીઠું એટલે રોકાવું પડ્યું. તું ક્યારની ઊભી છે ?

સ્ત્રી : ઘણીએ વાર થઈ. ચૂપકીથી મહેલમાંથી છટકી આવી છું.

પુરુષ : કોઈ જાણતું કરતું તો નથી ને ?

સ્ત્રી : ના રે ના.

પુરુષ : બોલ, મહેલમાં શું ચાલે છે ? બાદશાહ કેમ છે ? ને પેલો ?

સ્ત્રી : એ તો પંડિતો સાથેની ચર્ચામાંથી ઊંચો જ આવતો નથી. બાદશાહ બહુ નહિ કાઢે. મને લાગે છે કે તારે ઉતાવળ કરવી જોઈએ.

પુરુષ : ઠીક; પેલો ફ્રેંચ ડફીગ કંઈ કામ લાગે તેમ છે ?

સ્ત્રી : ના રે ના, એ તો એનો દોસ્ત છે.

પુરુષ : તેં હાલો ચાંપ્યો હતો ?

સ્ત્રી : ના; એ રસ્તો નકામો છે.

પુરુષ : ઠીક, દાદીલી, કયો રસ્તો કામનો છે ?

સ્ત્રી : સામી છાતીએ તલવારનો.

પુરુષ : અબ્બાનું શું ?

સ્ત્રી : ઈસ્લામનું શું ?

પુરુષ : ઈસ્લામની ખાતર બધું જ.

સ્ત્રી : ચાંપલી પણ હવે તો ઓનામાં ભળી છે. હમણાં એ પણ એની પાછે સંસ્કૃત ભણે છે. બંને જણાં કંઈ હિંદુ ધર્મની હિતાવેાના તરજૂમા કરે છે. ગોરૂં ચાલે તો ... (દાંત કચકચાવે છે).

પુરુષ : મને ખબર છે. પુરસો કરી તું બની જાય ને મને છતો કરે ! પછી બધી બાજી નકામી બને ને બાદશાહ મારો દોદો ખૂંચતી મને તરંગમાં ખોસે. તું બહુ તો મકે હજ કરવા જાય. પણ તેમાં ઇસ્લામનું શું વળે ? મુરખી ! (ધીમેથી એના ગળામાં મુકી મારે છે).

સ્ત્રી : ના રે. હું તો કંઈ બતાવતી જ નથી. પણ હવે બહુ ઢીલ કરવામાં માલ નથી. ને બીમાર બહાંપનાહ હવે તખ્ત ઉપર હોય કે ન હોય તે સરખું છે બધો વહીવટ દારાના હાથમાં છે. ઇસ્લામની ખરી કે ઈસ્લામનો કેાટ એની જવાબદારી તારા ઉપર છે

[એવામાં પુરુષની દૃષ્ટિ સામેના કેાટના ખૂણામાં પડે છે ને પછી તે તરફ જોઈ રહે છે. પછી સ્ત્રી તરફ જોઈ તે ઝટપટી બોલે છે]

પુરુષ : આવજે ! બસુસો બજે છે, એટલે તારે જલદી ઢાળી જવું જોઈએ. (સ્ત્રીનેા વાંસેા થાબડી જતેાજતેા) પણ બસુસેા બીમારા નથી બનતા કે ઔરંગઝેબ તેા દમેસાં બનતેા છે. (બારીને ગોબે ખુરખેા જોડી ચાલતેા થાય છે. સ્ત્રી પણ ખુરખેા નાખી ચાલી જાય છે.)

[પડદે.]

દૃશ્ય બીજું

સમય : બીજા દિવસની સવાર.
સ્થળ : દારાનેા મહેલ.
પાત્રો : દારા અને જદાનારા.

[દારા એક ઉપનિષદ્‌માં ગરકાવ થઈ વાંચતેા જણાય છે. એટલામાં જદાનારા આવી ચઢે છે.]

જદાનારા : ભાઈ, અબ્બાને ઘણેા બુખાર છે. હકીમ બનીઅર કહે છે કે ત્રણ રોજમાં ઠીક થઈ જશે. શું વાંચે છે ? (દારાની પાસે આવી વળીને પુસ્તક જુએ છે; પછી ઝારતેથી ઉચ્ચારે છે) ઈ-સો-વા-સ્યો-પ-નિ-ષ-ત્, કેવું છે ?

દારા : જોનમૂન, જોનમૂન. જે સમજે અને વિચારે તેને બીજું સમજાવવાનું તથા વિચારવાનું રહેતું નથી.

જદાનારા : તું તો ઉપનિષદ્‌ના પેલા ગદ્યવાક્ય જેવું બોલ્યેા કે જેને જાણ્યાથી બધું જણાય છે.

દારા : શાબાશ છેાકરી શાબાશ. તને ઉપનિષદ્‌નાં ગદ્યવાક્યો ઠીક યાદ રહ્યાં છે. પણ સંસ્કૃતમાં બેાલ.

જદાનારા : एकेन विज्ञातेन सर्वं विज्ञातं भवति ।

દારા : વાહ જદાનારા ! પણ કહે તેા ખરી કે તે આત્મા કેવી રીતે જાણ્યેા ? તું એ આત્માને જાણે છે ?

જદાનારા : ખરા દિલથી ભાઈ ! તમારી પાસેથી સાંભળીને, મનન કરીને, ધ્યાન કરીને મેં મારા અંતરમાં અવાજ કર્યો કે 'હે જદાનારા'...

દારા : (વચ્ચે બોલે છે) 'તે આત્મા તું છે.'

જદાનારા : હા; કદાચને જેમ પુત્ર પેતાને કહ્યું, તેમ દારાએ બહેન જદાનારાને કહ્યું. જ્યારે યાજ્ઞવલ્કયે જેમ પત્નીને કહ્યું, તેમ રાજર્ષિ દારાએ જાનિનીને કહ્યું.

દારા : જદાનારા ! નથી હું જનકર્ષિ કે નથી રાજર્ષિ. ગદ્યસમુદ્રનું માત્ર એક ક્ષણભંગુર મેાજું છું. સામ્રાજ્યની રજૂઆત નથી; રજૂઆત માત્ર આત્મરાજ્યની છે.

જદાનારા : ભાઈ ! જનકવિદેહી સામ્રાજ્ય અને આત્મરાજ્ય બંનેના માલિક હતા.

દારા : બેહેન ! એમને સામ્રાજ્ય સાંપડ્યા પછી આત્મરાજ્ય સાંપડ્યું. આત્મરાજ્ય સાંપડ્યા પછી સામ્રાજ્ય ગૌણપણાની જાજમડામાં એ પડ્યા નહેાતા. આવી પડેલી કેાપાધિમાં ને આમંત્રેલી કેાપાધિમાં ફેર છે.

જદાનારા : દારા ! મુઘલ સામ્રાજ્યના વડા પુત્રને રાજલક્ષ્મી તે આવી પડેલી કેાપાધિ છે, આમંત્રેલી નહિ.

દારા : કેાપાધિ આવી પડશે ત્યારે દારા તેને તરછોડશે નહિ. પણ નહિ હેાય તેને પાછળ નહિ જાય !

જદાનારા : ભાઈ ! અબ્બા તેા અધું પાન છે, અને તેમાં બે જણી બીમાર છે. દારા દારા કરતાં ઊભ સુધ્ધાં નથી લઈ તેા પત્નીઓને કહેતા હતા કે મારા છતાં જ દારા ને તખ્તનશીન કરેા. ભાઈ ! અબ્બાનેા તારામાં કેટલેા ઊંચેા જીવ છે !

દારા : પણ મુરાદ તુલ્ય બે ઔરંગઝેબને દારા દુશ્મન લાગે છે !

હું સૌથી મોટો જન્મ્યો ને મારો ગુનો ! એક રાજ્ય ને ચાર ઉમેદવાર.

જહાનારા : ના; એક શાહુકાર ને ત્રણ લુટારૂ.

દારા : જેને ઔરંગઝેબ તો ઝંખ કહે છે કે એનું દિલ ધર્મમાં છે; તખ્તની એને પડી નથી. છે ફક્ત મારા અધર્મ તરફ વિરોધ !

જહાનારા : એના પેટનું માપ નીકળે તેમ નથી. ધર્મની દિમાયતના ઓથે તખ્તની તમન્ના છુપી છે. તું તો બલોબોળો છે. ઔરંગઝેબની ચાલાકીની મુરાદ ને ગુજ પણ તારો વિરોધ કરી બેઠા છે.

દારા : બુદ્ધિ તો જેમ ચાહો તેમ વળે. ઔરંગઝેબને હું ધર્મદ્રોહી, પાખંડી, પિતાના પ્રેમનો ઈનરદાર વગેરે લાગું છું, એટલે મારા ઉપર તેની કડવી નજર છે.

જહાનારા : પણ એની નીચતા, અદેખાઇ અને કુટિલતાથી હું થરથરું છું; મને અંતરમાં ભય છે.

દારા : જ્ઞાનમાં એટલી કચાશ જોને જ્ઞાન છે તેને ભય શો ? જહાનારા! આપણો દુરમનો આપણી અંદર છે, બહાર નથી. ઔરંગઝેબ દારાનો દુશ્મન નથી, ઔરંગઝેબનો છે.

જહાનારા : પણ સલ્તનતનો સવાલ છે, પ્રજાના સુખનો સવાલ છે, ફક્ત તારા એકલાના અંગત સુખનો સવાલ નથી.

દારા : જે નિર્બાધ હશે તે થશે. મનુષ્ય તો માત્ર નિમિત્ત છે. તહેનાતો ઓઢ સત્ય પેલું ઉપનિષદ્ ને હું તરજુમો લખાવું તે લખવા બોલ (જહાનારા ઉપનિષદ્ આપે છે અને સામે હાજળ ને હલગ લઈને બેસે છે).

[પડદો]

દૃશ્ય ત્રીજું

સમય : બડવાડિયા પછીની એક સવાર.

સ્થળ : દીવાને ખાસ.

પાત્રો : શાહજહાન, દરબારી ને વઝીર.

[શાહજહાન અને વઝીર વાતો કરે છે ઈરાનનો એલચી શાહજહાનની મુલાકાતે આવનાર છે. પ્રવેશદ્વારે એની યોજના છે કે આવે તેને બાદશાહને ઝૂકીને જ આવવું પડે]

વઝીર : આલમપનાહ ! ઈરાનના શાહને ગાઢું લાગશે. તેગનો એલચી બારણામાંથી નમીને નહિ આવે, પાછો ફરશે. હિંદ અને ઈરાન વચ્ચેનો સંબંધ વગર દારૂએ બગડશે.

શાહજહાન : વઝીરજી ! ઈરાનીઓને ઇરાનના દરબારી વિવેકની બુમારી ગારે ભૂલાવવી છે; હિંદનો વિવેક શીખવવો છે એશિયાનું નાક હિંદ છે, ઈરાન નથી, એ ઠસાવવું છે

વઝીર : પરંતુ આપ આ રીતે શાહને શું મહત્ત્વ નથી આપતા ?

શાહજહાન : બેશક; પણ ઇરાનનો એલચી મુખલ શાહને નમીને આવ્યા પછી. (એટલું બોલી મૂછમાં હસે છે).

વઝીર : જહાંપનાહ ! મને ધાસ્તી છે. એ નમીને આવે તે પહેલાં ઈરાનના શાહ મહત્ત્વ પામી જશે.

શાહજહાન : જોઈશું, જોઈશું.

[એટલામાં ઈરાનનો એલચી આવે છે એની ખૂબ સંભાળાય છે. શાહજહાનના મોં ઉપર સંતોષ અને આનંદ છવાય છે અને તે દ્વાર તરફ જુએ છે. એલચી દ્વાર સુધી આવી પહોંચે છે સમજી જાય છે કે અપમાનનો કિસ્સો ગોઠવાયો છે. એક ક્ષણ તે સ્તબ્ધ ઊભો રહે છે, પછી પીઠ ફેરવે છે અને મુખલ સમ્રાટને બાર સલામમાં પૂંઠ બતાવી દાખલ થાય છે. દરબારીઓ સ્તબ્ધ થઈ જાય છે !]

એલચી : ઈરાનના શાહનો વફાદાર નોકર હિંદના શાહનો સંદેશો આપે છે.

શાહજહાન : ઈરાનના એલચી ઈરાનના શાહને રોશન કરે કે, કૈરાને હિંદુસ્તાનને પીઠ તો હમેશાં બતાવી છે, પણ એકાદ વાર છાની પણ બતાવે એવા મુખલસમ્રાટ હિંમ્મે છે. (ઇરાનનો એલચી ગાંધો પડી જાય છે. શાહજહાન વઝીર તરફ જુએ છે) વઝીરજી! ઇરાનના એલચીને હિંદની આબોહવા માફક નથી, માટે ઈરાનના શાહને લખો કે તેગના એલચીને વળાવવાની મુખલસમ્રાટ વ્યવસ્થા કરાવશે.

એલચી : ઇરાનના શાહ..... (શાહજહાન તેને એકદમ બોલતો અટકાવે છે).

શાહજહાન : તહેરાનમાં હશો; આવજો. સંદેશો બસશો નહિ.

એલચી : પણ.....

શાહજહાન : તમારી તબિયત નાદુરસ્ત છે માટે વધુ રોકાવું સલાહભરેલું નથી. પધારો. (વઝીર તરફ ફરી) વઝીરજી! આગનું બીજું કામ બોલો. (એલચી ગૂંચવાઈને પડી જાય છે).

વઝીર : આલમપનાહ ! બેત્રણ નાની બાબતો સિવાય કંઈ નથી. સિવાય કે... (ઘણા ધીરા અવાજે) .... શાહજાદા ઔરંગઝેબે દક્ષિણમાં મોટું લશ્કર એકઠું કર્યું છે અને ઉત્તરે કૂચ કરી રહ્યા છે એવા સમાચાર મળ્યા છે.

શાહજહાન : (આશ્ચર્યથી) કોની સામે ? કોની રજાથી ?

વઝીર : કંઈ સમજાતું નથી.

શાહજહાન : ઔરંગઝેબને કોઇ સમજી શકે તેમ નથી.

[પડદો]

દૃશ્ય ચોથું

સમય : એક માસ પછી.

સ્થળ : દિલ્હીથી દૂર એક છાવણી.

પાત્રો : દારા, બર્નીઅર, દારાની બીમાર સ્ત્રી.

[ઔરંગઝેબના હરકારથી ભાગી છૂટેલો દારા દિલ્હીથી ઘણે દૂર એક છાવણીમાં એની બીમાર સ્ત્રીને લઈને રહે છે. ફ્રેંચ ડાક્ટર બર્નીઅર અને દારા સ્ત્રીની પથારી પાસે બેઠા છે]

દારા : હકીમજી ! ઔરંગઝેબની ખફાગરજી વહોરીને પણ તમે મારી બીબીને જોવા આવ્યા તેથી તમને ધન્યવાદ છે.

બર્નીઅર : શાહજાદા ! હકીમ ફરજ બજાવે તેમાં ધન્યવાદ ન ઘટે.

દારાની સ્ત્રી : લુચ્ચો, બદમાશ, પાખંડી, નિર્દય, હિંદુઓના તખ્તે ! બાપને કેદ, ભૈયને કેદ, ભાઇઓનાં ખૂન ! એ સાપને તમે પગ નીચે છૂંદી ન નાખો તો તમને શરમ છે, દારા ! એ સાપનું ઝેર સારી સલ્તનતમાં વ્યાપી જશે ને અબ્બા બાબરે રોપેલું ને અબ્બા અકબરે પાણી પોયેલું મુખલાઈનું વૃક્ષ આ સાપના ઝેરથી મરી જશે.

બર્નીઅર : માફ કરજો બેગમ સાહેબા ! આપના ઉપર તો દીલગીરીનો ઘણો ભાર છે. મને કહે કે બાબાને સંભારજો ને જલદી મદાડી દેજો અને જણાવજો....

દારાની સ્ત્રી : (આંખ કાઢીને) શું ?

બર્નીઅર : કે આલમગીરને કોઇની સાથે અંગત વેર નથી ઇસ્લામની ખાતર એ તખ્તે આવ્યો છે, સલ્તનતની ખાતર નહિ અને ઇસ્લામની ખાતર તે જે કરે તે માફ છે, કેમકે આલમગીર તો ખુદાનો બોલીઓ છે.

દારા : (નહિ જેવું હસીને) ધર્મના આક્રમણમાં અને ધર્મના રક્ષણમાં ફેર છે. પણ જ્ઞાનીને સમજની શકાય અગર અજ્ઞાનીને સમજની શકાય, અર્ધજ્ઞાનીને નહિ.

દારાની સ્ત્રી : ધૂળ ને રાખ. દીઅરજી ઔરંગના બાપદાદા કરતાં વધારે ડાહ્યા, હડીગજી! દીઅરજીને જણાવજો કે બાપ, ભાઈ, ભાણી અને બેન ઔરંગને માફ કરશે, પણ ભાભી ઔરંગને માફ નહિ કરે: અને જણાવજો કે ભાભી કેવે બહુ સમજણી નથી, પણ એને એમ લાગે છે કે ઇતિહાસ ઔરંગને ઇસ્લામનું રક્ષણ કરનારાઓમાં નહિ ગણે, સહનતનાં મૂળ ખોદનાર ગણશે. ભાભીએ ઔરંગને મુલ્લાંઓ છે. (ગરમ થઈ જાય છે અને ઠંડો નિઃશ્વાસ મૂકે છે)

દારા : પ્રિયે! આવેશ હૃદયનું બળ હરે છે. હાર, જીત, લાભ, ગેરલાભ, સુખ, દુઃખ એ બધાં દ્વંદ્વોમાં તટસ્થ રહેવું.

દારાની સ્ત્રી : અરે ખુદ તમારી હિકમતથી! અજ્મેર બાબર, હુમાયૂ અને અકબર આ હિકમતથી જો શીખ્યા હોત તો દિલ્હીના મહેલમાં નહિ પણ તુર્કસ્તાનની ઝૂંપડીમાં દહાડા કાઢ્યા હોત!

દારા : બરાબર છે. અને આપણે આ જંગલમાં ઝૂંપડીમાં જ છીએ ને! શું દુઃખ છે? મારે તો મહેલ ને ઝુંપડી સરખાં છે.

દારાની સ્ત્રી : પણ મારે નથી.

દારા : એટલે તો દુઃખ છે.

દારાની સ્ત્રી : (પોતાના કપાળે ધરેથી હાથ ઠોકી) મારાં કરમ જ ફૂટેલાં છે!

દારા : (પત્નીના કપાળે હાથ મૂકી શાંતિથી.) નસીબની સામે બળવો ન કરાય. બળતા હુંગરનું મોં કંઈ હથેળીથી બંધ થાય છે? યમુનાનાં પૂર કંઈ લોટાથી ઢલેચાય છે? વિચાર કર. વિચાર વગર શાંતિ નથી.

દારાની સ્ત્રી : (દારાનો હાથ ધીમેથી પકડી આંખે અડાડી) હું તમને લગારે લાયક નથી.

બર્નીઅર : રત્ન સલ્લ? કંઈ સંદેશો છે?

દારા : બાકી કંઈ નથી ઔરંગઝેબને કહેજો કે દારાની દુઆ છે. અને જેટલો કર્તવ્યપરાયણ છે તેટલો નીતિપરાયણ થાય.

[નમીને બર્નીઅર ચાલ્યો જાય છે.]

[પડદો]

દૃશ્ય પાંચમું

સમય : બે રોજ પછીની સવાર.

સ્થળ : ઔરંગઝેબનો દરબાર.

પાત્રો : ઔરંગઝેબ, બર્નીઅર, વઝીર, વલંદી ને બીજા એલચીઓ.

ઔરંગઝેબ : કેમ હડીગજી! ભાભીની તબિયત કેમ છે?

બર્નીઅર : ધીમે ધીમે સુધરશે.

ઔરંગઝેબ : કંઈ સંદેશો?

બર્નીઅર : આપના ભાઈએ દુઆ પાઠવ્યા છે ને કહાવ્યું છે કે જેટલા કર્તવ્યપરાયણ છો તેટલા નીતિપરાયણ થજો.

ઔરંગઝેબ : (સહેજ હસે છે. પછી ગંભીર મોં કરી) હડીગજી! બંડ ભાઈને ખાલુમ નથી કે રાજને નીતિ-અનીતિનાં સામાન્ય કાટલાંથી જોખાય નહિ. રાજ નીતિ સર્જે છે, નીતિ ફેલાવે છે. અને જે નીતિ પોતે સર્જે છે તે નીતિથી પોતે સ્વેચ્છાથી બંધાય છે.

બર્નીઅર : શાહનશાહ! આપ તખ્ત ઉપર આવ્યા પહેલાંની નીતિ પણ જો આપે સર્જેલી હોય તો કંઈ કહેવાનું નથી.

ઔરંગઝેબ : (બોલ્યા કરે બર્નીઅર તરફ જોઈ રહે છે) હડીગજી! સરગાપા જેવું શાહનદા ઔરંગઝેબે કંઈ જ કર્યું નથી, અને શાહનશાહ આલમગીર કરશે નહિ. (એટલામાં વઝીર આવીને જણાવે છે કે વલંદી એલચી બાગે છે.)

ઔરંગઝેબ : મોકલો (એલચી આવે છે) પધારો, પધારો, વલંદી અમીર! મુઘલ શાહનશાહ આપની ખબર પૂછે છે.

એલચી : જહાંપનાહ! હિંદનું ત્રેવડાત, હિંદનું કાપડ, હિંદના તેજના બે બધા સારૂ વલંદી વહાણો તૈયાર છે.

ઔરંગઝેબ : જરૂર; પણ વહાણો ખાલી તો પાછાં નહિ આવે ને?

એલચી : વલંદી વહાણો કદી ખાલી પાછાં ફર્યાં નથી.

ઔરંગઝેબ : વ્યવહાર ચોખ્ખો સારો હિસાબ કોડીનો, બક્ષિશ લાખની.

એલચી : બેશક. વહાણનાં નૂર સિવાય કંઈ બાકી નથી.

ઔરંગઝેબ : વઝીરજી! નૂર નથી કર્યાં?

વઝીર : આલમપનાહ! નૂર ગણી લેતાં પણ હિંદને ચોપડે જમા બોલે છે આપ ફરમાવો.

ઔરંગઝેબ : વઝીર! હિસાબ કોડીનો, બક્ષિશ લાખની. (એલચી તરફ ફરી) બોલો, હિસાબે જમા બોલે છે કે ઉધાર?

એલચી : હિસાબે વહાણનાં નૂર બાકી છે.

ઔરંગઝેબ : શાહનશેગ વાત. વહાણનાં નૂર તગારાં. વઝીરજી! હિંદનો ચોપડો શું બોલે છે?

વઝીર : હિંદના ચોપડે વલંદા ખાતે ઉધાર છે.

ઔરંગઝેબ : તો જગાડધારમેળની તારવણી કરો. હિસાબ કોડીનો.

એલચી : પણ આગારે ચોપડે જમા ઉધારનાં પાસાં સરખાં છે.

ઔરંગઝેબ : પણ આપ તો કહો છો કે નૂર બાકી છે!

એલચી : નૂરની ગણત્રી બાકી છે.

ઔરંગઝેબ : એ પદ્ધતિ હિંદની નથી. હિંદ માલ આપે તે હિંદના કિનારે, આપના કિનારે નહિ.

એલચી : અને અમે માલ આપીએ તે અમારે કિનારે.

ઔરંગઝેબ : આગો તો, લાવો તો નહિ.

એલચી : પણ શાહનશાહ! . . . . . .

ઔરંગઝેબ : કસૂર. બક્ષિશ લાખની. વઝીરજી! વહાણનાં નૂર કોરી કીમતનું ત્રેવડાત અમારા મિત્ર વલંદી સમ્રાટને નજરાણામાં મોકલી આપો. આદાબ અર્ઝ!

એલચી : આદાબ અર્ઝ! (નમીને જાય છે.)

વઝીર : જહાંપનાહ! બસરા, પેગન અને તુર્કસ્તાનના એલચી બળવા આવ્યા છે.

ઔરંગઝેબ : બસરા ને પેગનવાળાઓ એલચીઓ ભલે ગણાય, છે ફક્ત વેપારીઓ તુર્કી એલચીને જણાવો કે બાદશાહ બાબર શાહનશાહ ગળજની જરૂર જોતા નથી. પેલા બસરા ને પેગનના વેપારીઓને આવવા દો.

[વઝીર જાય છે અને બંને એલચીઓને દાખલ કરે છે.]

બસરી એલચી : જહાંપનાહ! બસરાના સુલતાન સલ્લ ગમોડો છે.

ઔરંગઝેબ : (ન સાંભળ્યું હોય તેમ બેદરકારીથી) બોલો.

બસરી એલચી : બસરાનો માલ હિંદ રવાનારે બેટલી અર્ઝ.

ઔરંગઝેબ : હિંદ બધાનો માલ લે છે અને લેશે; તેમાં બસરાએ બાકીથી દૂર એલચી મોકલવાની જરૂર નથી.

બસરી એલચી : બસરાના સુલતાન મુઘલ શાહના દરબારમાં એલચી મોકલી માન આપે છે.

ઔરંગઝેબ : તમારા સુલતાનને કહેજો કે નાહક ખરચમાં ઊતરવાની જરૂર નથી; વેપારી મોકલશો તો ચાલશે. વઝીરજી! બસરાના આ વેપારી સાથે વાત કરી લેજો.

વઝીર : જહાંપનાહ! એમની અર્ઝ છે કે બસરાનો માલ બબર જહાજે હિંદમાં આવે.

ઔરંગઝેબ : વગર જકાતે માલ વેચવો હોય તો બસરામાં વેચી શકે છે. યેમનવાળાને બોલાવો.

[બસરાવાળો નથી; યેમનવાળો આવે છે]

યેમનનો એલચી : જહાંપનાહને સલામ.

ઔરંગઝેબ : બોલો.

યેમન-એલચી : યેમનનો માલ હિંદમાં મળી શકે માટે જકાત માફ કરવાની નમ્ર અર્જ ગુજારું છું.

ઔરંગઝેબ : [વઝીર તરફ જોઈ] શું કહું તું જી વઝીરજી! આ કોઈ એલચીઓ નથી, વેપારીઓ છે. યેમનનો માલ હિંદમાં નહિ ખપે તો હિંદનું શું ગાધુ વળવાનું છે? વઝીરજી, એમને જણાવો કે હિંદને યેમનનાં બંદરનો ખપ હશે ત્યારે વિચાર થશે.

યેમન-એલચી : પણ ...

ઔરંગઝેબ : (મોટેથી) આદાબ અર્જ.

[પડદો]

દૃશ્ય છઠ્ઠું

સમય : પાંચ વર્ષ પછીની એક સવાર

સ્થળ : દિલ્હીનો રાજમાર્ગ.

પાત્રો : બર્નીઅર અને વલંદી એલચી.

[બંને પાલખીમાં બેઠાબેઠા જાય છે]

વલંદી એલચી : બર્નીઅર, તમે આ મુલકમાં ઘણું રહ્યા!

બર્નીઅર : આઠ વરસ.

એલચી : ઘણો વિચિત્ર મુલક. લોકો વિચિત્ર, રહેણી વિચિત્ર, રિવાજો વિચિત્ર, રાજતંત્ર વિચિત્ર. આ જુઓ : (આંગળી ચીંધી બેત્રણ ફકીરો બતાવે છે). વળી પેલા જુઓ : (કેટલાક નગ્નપ્રાયો બતાવે છે).

બર્નીઅર : પેલા ફકીરો છે, પેલા નગ્નપ્રાયો છે મૂર્ખ સ્ત્રીઓને અને વહેમી લોકોને તગદીર જોવાને બહાને છેતરીને માલદાર થયા છે.

એલચી : સાંભળ્યું છે કે કેટલાક જોશીઓ ભવિષ્ય આબાદ જુએ છે!

બર્નીઅર : ધૂળ ને રાખ! બસે વરસે જ એક રાજજોશી કુંડળી ગરી ખાય ત્યારે આખા દિલ્હીએ કહ્યું કે જોશી પોતાનું ન જાણી શકયો તે બીજાનું શું જાણવાનો'તો?

એલચી : શાહજહાંશાહ બાબત તમે શું ધારો છો?

બર્નીઅર : ખરો દુશિયાર છે, ચાલાક છે. (પછી વલંદી એલચી સામે જોઈ) કયા નથી જાણતા?

એલચી : (હસીને) હા, પહાણુંનાંપર નદીયાં, નજરાણું દીધું. વલંદી વેપારીઓને લૂંટી વલંદી સમ્રાટને રીઝવ્યા! બહુ સુરખો સાંભળ્યું છે કે ઘણી ધાતકીરીતે કુટુંબીઓને મરી, બાપને કેદ કરી ગાદી મેળવી છે.

બર્નીઅર : એનાં કૃત્યો આપણી દૃષ્ટિએ તો ઘણાં કૂડાં; પણ એ તો એશિયામાં ગાદી ગટે એવું થતું જ આવ્યું છે જે ફાવ્યો તે ડાહ્યો. બાકી શાહજહાંશાહ ઘણો જ ગહેનતુ ને કર્તવ્યનિષ્ઠ છે. મદિરા અને માનિનીથી મુક્ત છે.

એલચી : પણ રાજ્યમાં અંધેર ઘણું છે ને અંધાધૂંધી ઝાઝે ઠેકાણે ફાવે તેમ કરે છે અને અમલદારો ફાટ્યાફાટ્યા કરે છે. ચારે તરફ લાંચ, રૂશ્વત, અંધેર ને અનીતિ છે.

બર્નીઅર : ઘર જૂનું થઈ ગયું છે. ઠેકઠેકાણે મોટા ઢોયકા નીકળશે. ઔરંગઝેબ પછી અંધાધૂંધી છે. દક્ષિણમાં તો સહજનતનાં મૂળિયાં ઊંડાં જવા લાગ્યાં છે. કોઈ શિવાજી નામનો આદુ ખાઈને મચ્યો છે.

એલચી : રાજપૂતો પણ નારાજ અને નાકમેદ છે.

બર્નીઅર : યુરોપને માટે મોકો આવશે.

એલચી : ડૂબતાની આંખ કયાં નથી દોરતી?

બર્નીઅર : ડચ આંખોનું તેજ પણ ઓછું નથી.

[થોડી વાર બંને મૌન રાખે છે.]

એલચી : દિલ્હીના મહેલ ને ગરિબદો બાદ કરતાં દિલ્હી દેખાવ છે. આ ઘરો તો જુઓ! માટીનાં ચબૂતરા ને ઘાસનાં છાપરાં! ઈટ ચૂનાનું તો નામ નહિ! રાજધાનીમાં આ દશા છે તો બીજે શું! આખો દેખાવ બનેલ તાત્કાલિક પડાવ માટે લશ્કરે ઊભી કરેલી છાવણીઓ જેવો છે!

બર્નીઅર : એમ જ છે. દિલ્હીની વસતિ પણ મારા જેવી છે. રાજનું લશ્કર જાય તેની પાછળ ચૂપચાપ દિલ્હી પણ ખાલી થાય. કારણકે બે ત્રી વસતિ લશ્કરની જરૂરિયાતો ઉપર જીવે છે.

એલચી : ને આ દુકાનો જુઓ! બનેજોદીઓ! કંઈ જાપકોનાં ગળે.

બર્નીઅર : જોકે દુકાનોના માલ બખડાદાર હોય છે. પણ એ લોકો માલ બતાવ્યા કરતાં સંતાડે છે બહુ. બીચારા કરે પણ શું? દુકાનદારોને અધિકારીઓ કનડે છે પણ બહુ. માલ બતાવે નો તફડાવી જાય.

એલચી : સાંભળ્યું છે કે રાજને કંઈ પસંદ પડે તો તે ખરીદે નહિ, પણ બેટસોગાદ તરીકે માગે.

બર્નીઅર : હા; અને અધિકારીની રહેમ હોય તો જ દુકાનદારનો ગલ્લો ભરેલો રહે.

એલચી : કહે છે કે દિલ્હીનાં બજારો ખાલીખમ રહે છે, કેમકે તમામ ચીજો અમીરકમરાવો ને અધિકારીઓ કબાડી જાય છે. પછી બીજા લોકોને માટે રહે શું?

બર્નીઅર : બીજા લોકો કયા? દિલ્હીમાં કાં તો અમીરી કે કાં તો ફકીરી. ત્રીજો વર્ગ જ નથી.

એલચી : પણ રાજધાનીમાંજ બે કરોડાધિપોનો ઝઘડો, તો બીજે શું? બીચારા કિસાનનું શું?

બર્નીઅર : કિસાનનો ફક્ત પરસેવો. જમીનદારની દયાથી જીવે, અફાટગરજથી મરે. અહીં કાયદા જેવું ખાસ કંઈ નથી. કાયદામાં અમલદારોના મનના તુક્કા અને કોટવાળના કોરડા.

એલચી : પણ કુમારાવવર્ગ પણ ખાસ સુખી નથી એવું સાંભળ્યું છે.

બર્નીઅર : કયાંથી હોય? આરકનો એક ને નવકના બે. મીઠા સાચવતાં દમ નીકળી જાય છે. બેટસોગાદોના ભાર નીચે બધા દબાઈ જાય છે. સાધારણરીતે દેવાળાં ફૂંકવા એ વર્ગ છે.

એલચી : માલમિલકત, જનમાલ, બધું અહીં અરિયર છે. આજે છે, કાલે નથી. આ સલ્તનત પણ લાંબું ટકે તેમ લાગતું નથી.

બર્નીઅર : સમ્રાટ લુઈએ હિંદની સંસ્કૃતિની બડી બડી વાતો સાંભળી મને પુછાવ્યું ત્યારે મેં તો જણાવ્યું કે હિંદની રાજલક્ષ્મી તો કાંચન, જવાહીર, રાજમહેલો અને દરબારીઓના ઠાઠમાઠમાં ગણવી હોય તો ઘણી છે, બાકી પ્રજા તો કંગાલ અને ચીંથરેહાલ છે.

એલચી : (વિચારમાં મગ્ન થઈ) હા, બર્નીઅર, બધે જ એમ છે. સામ્રાજ્યો આગવર્ગ સારા નથી, અમીર વર્ગ સારા છે. છેક રોમન સામ્રાજ્યથી એ ચાલ્યું આવ્યું છે.

[પડદો]

[લેખકના આગામી નાટિકાસંગ્રહ 'રણછોડલાલ અને બીજાં નાટકો'માંથી-લેખકના તથા ઓલ ઇન્ડીયા રેડિયોના સૌજન્યથી]

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ કેળવતી લેખમાળા

ચિત્ર-વિજ્ઞાન

શ્રી અર્ધેન્દુકુમાર ગાંગુલીના મૂળ પરથી
સૌ. અપર્ણા ત્રિવેદી

આ લંકારિક રીતના નકશામાં વાંકી રેખાને બાદ કરીને ફક્ત સીધી રેખાની મદદથી જ ચિત્રરચના કરવામાં આવે છે. દાખલા તરીકે આપણે કૂકડાની લડાઈનું ચિત્ર નં ૧૭ જોયું. રેખા ને રૂપના તત્ત્વજ્ઞાનીઓ કહે છે કે દરેક સીધી રેખાના ચતુષ્કોણમાં વાંકી-રેખાની ગોળાકૃતિ છુપાએલી હોય છે. તેવી જ રીતે દરેક વાંકી રેખા-ની રચનામાં સીધી રેખાનો ચતુષ્કોણ છુપાએલો હોય છે (આકૃતિ ૩૮). વળી એ વાત પણ સાચી છે કે એક બિન્દુને કેન્દ્ર કરીને દોરેલી નાનીનાની સીધી રેખાની સંગતિથી ગોળાકૃતિ, વૃત્ત અથવા ચક્ર (circle)ની રચના થાય છે (આકૃતિ ૩૯). જે ગોળાકારની ત્રિજ્યા (radius) જેટલી મોટી હોય, તેટલી તેના પરિધની રેખાઓ મોટી હોય. ત્રિજ્યા જેટલી નાની તેટલી પરિધની રેખાઓ પણ નાની. મૂળમાં તો આ રેખાઓ બિન્દુ રૂપે જ હોય છે. (આકૃતિ ૪૦).

કેટલાક તત્ત્વચિંતકો કહે છે કે પ્રકૃતિની આકૃતિમાં કોઈપણ સ્થળે રેખાનું અસ્તિત્વ નથી,—છે ફક્ત બિન્દુ. ખરી રીતે અનેક બિંદુઓ-માંથી જ રેખાની ઉત્પત્તિ થાય છે. અને આ રેખાની મદદથી જ ચિત્રકાર રસરૂપસંપન્ન ચિત્રની રચના કરે છે. દરેક ચિત્રમા ડિઝાઇન અથવા રેખાની ગોઠવણીની ચાતુરી થોડેઘણે અંશે રહેલી હોય છે. એ રેખારચનામાં જેટલી શક્તિ, માધુર્ય, ઐક્ય ને રસપ્રકાશનું કૌશલ રહેલું હોય તેટલા પ્રમાણમાં તે ડિઝાઈન સાર્થક ને જોરદાર થાય. રસોપભોગીઓ દુર્બળ રેખા કરતાં અનુભવી હાથની જોરદાર રેખાની ડિઝાઇન વધુ પસંદ કરે છે. ચીનજાપાનનાં તથા બૌદ્ધયુગનાં હિંદી ચિત્રોમાં રેખાની આ બલિષ્ઠતા સવિશેષ ઉલ્લેખપાત્ર છે.

પીંછીની એક જ રેખા વડે ચિત્રના એકએક અવયવનું આલેખન કરવું, એ પૂર્વનાં ચિત્રકારોની વિશિષ્ટતા છે પીંછીની આ કલગરફણા (calligraphy)એ પૂર્વદેશની ચિત્રરીતિને શક્તિશાળી ને બલવાન બનાવી છે. ફક્ત પહોળી રેખા જ બલવાન હોય છે ને ઝીણી પીંછીની પાતળી રેખા દુર્બળ હોય છે એવું જે કંઈ નથી. માધુર્ય એ જ રેખાનો ઇચ્છવાલાયક ગુણ કે વિશિષ્ટતા છે. સાધારણરીતે વાંકી રેખાની અવનવી પરિકલ્પનામાં રેખાના માધુર્યની ઉત્પત્તિ થાય છે. સરળતા અથવા રેખાની સ્વચ્છન્દ ગતિ રેખાને સુગધુર કરે છે. ગોઠવણી અથવા ઔચિત્ય એ રેખાની પરિકલ્પનાની બીજી વિશિષ્ટતા છે.

જે રસનું આલંબન લઈ ચિત્ર-રચના કરવામાં આવે છે તેને અનુરૂપ રેખાની કલ્પના હોવી જોઈએ. ચીનજાપાનનાં ચિત્રોની રેખા કલ્પનામાં આવા ઔચિત્યનાં કે રસને અનુરૂપ રેખાસૃષ્ટિનાં ઘણાં દૃષ્ટાન્તો જોવામાં આવે છે. નીચેની આકૃતિ નં. ૪૭માં 'ધર્મોપાખ્યાન' ના હાથની 'મુદ્રા'માં રેખાનું જેવું એક ચાતુર્ય છે કે એ જોતાં આપણને લાગે કે બંને હાથ 'વાતો' ન કરતા હોય! આકૃતિ નં. ૪૮માં ગળાની નીચેના ભાગમાં આલેખેલી કપરાકપરી બે રેખા (ત્રિવલી), બીજી એક રસની ગોળ રેખાનો ભાવ લઈને એક સુગધુર રસની રેખાનો તરંગ લાવે છે. આંખની રેખા, ભમ્મરની ગોળ રેખા ને વાળની નીચે કપાળની અર્ધચન્દ્રાકાર નાનીનાની રેખાઓ, આ વાંકી રેખાનો જલાણ અથવા સુગધુર પ્રતિધ્વનિ પાડે છે. રેખાના આ પરસ્પર પ્રત્યુત્તરો ને સુગધુર તરંગોથી ચિત્ર રસગધુર બને છે.

ચિત્રનાં જુદાંજુદાં અંગોના અવયવોમાં સમાનતા અને સુમેળ સાચવી ચિત્રનું આલેખન કરવું જોઈએ. એક અંશની રેખા સાથે બીજા અંશની રેખાનો સુમેળ હોવો જોઈએ. જો ચિત્રના એક અંશ સાથે બીજા અંશનો વિસંવાદ હોય તો ચિત્રનો સુમેળ અને ભારસામ્યતા (balance)નો નાશ થાય છે. એટલે જુદાજુદા રસની, જુદીજુદી ગતની અને જુદાજુદા વજનવાળી રેખાનો સમન્વય કરીને, ઘણી વિરોધી અને વિરોધી પ્રતિધ્વનિવાળી રેખાઓમાં ઐક્ય સ્થાપવું એ નિપુણ ચિત્રકારનું કર્તવ્ય છે.

રેખાનો બેજ ગુણ કથનની કુશળતા છે. જે વાત કહેવી હોય તે વક્તવ્ય, અથવા તે ભાવ અને રસ, સ્પષ્ટપણે વ્યક્ત થાય એવી રીતે રેખાની રચાયના કરવી જોઈએ. જે રેખા વડે વક્તવ્ય બરોબર વ્યક્ત ન થાય તેની રેખાનું કંઈ પણ મૂલ્ય હોતું નથી. વક્તવ્યની આવી





ઉપર ૩૯
←૩૮
૪૦

નીચે : ડાબી બાજુ—આકૃતિ ૪૭; જમણી બાજુ આકૃતિ ૪૮.



←૪૭

૪૮→



યોગ્ય રીતની કથનશક્તિ એ ચિત્રરેખાનો ખાસ ધ્યાનવાલાયક ગુણ છે દરેક ચિત્રના ગુણદોષનિર્ણયમાં રેખાની આ ગૂંથણી(structure) ના ગુણનો વિચાર અનિવાર્ય બને છે.

પશ્ચિમ દેશની કલાનાં ચિત્રોમાં પ્રકાશ અને છાયાની જરૂરિયાતમાં તથા જુદીજુદી જાતના કલ્પિત વર્ણ–સમાવેશમાં મૂળ ચિત્રની અંદરની રેખાની ગૂંથણી ઘણી વખત દબાઈ જાય છે, તેથી ઝટ નજરે પડતી નથી. પ્રકાશ અને છાયાનું તથા જુદ જુદા વર્ણનું આવરણ ખેદીને અંદરની આકૃતિનો ઉદ્ધાર કરી, તેની વસ્તુ તથા રેખારચના (composition)ના ગુણનો વિચાર કરવો જોઇએ.

આવી રીતે ચિત્રના ભાગ છૂટા પાડીને પશ્ચિમ દેશની ચિત્રરેખાની ગૂંથણીનો વિચાર કરવાથી જણાય છે કે જુદાંજુદાં ચિત્રોમાં ચિત્રકારો જુદીજુદી પદ્ધતિની રેખા ગોઠવવાની પરિકલ્પના કરી ગયા છે. કોઈક વખત સીધી રેખા, તો કોઇક વખત વાંકી રેખા; કોઈ વખત ચક્રાકૃતિ, કોઈ વખત અંડાકૃતિ તો કોઇક વખત કોણાકૃતિ; એમ જુદીજુદી જાતની રેખાની કલ્પના વડે પશ્ચિમના કુશળ ચિત્રકારો જુદાજુદા રસનાં અને જુદાજુદા ભાવનાં ચિત્રોની રચના કરી ગયા છે. તેમનાં એ ચિત્રોના અંશોને છૂટા પાડવાથી આપણે તેમની રચનાપદ્ધતિની કુશળતા અને નિપુણતાનો પરિચય મેળવી શકીએ.

દાખલા તરીકે પુણી દ-સાવાંનું ચીતરેલું Saint Geneviev- 'સેન્ટ જેનેવ્યાવ'નું ચિત્ર જોઇએ (જુઓ પાછલા પૂઠાનાં આપેલી આર્ટપ્લેટ). એ ચિત્રની મૂળ આંતરિક આકૃતિ (જુઓ આ ઉપરની આ કૃતિ નં. ૪૧) ફક્ત કેટલીક ઊભી (perpendicular) અને આડી (horizontal) સીધી રેખાની મદદથી જ તૈયાર કરવામાં આવી છે. માત્ર આ કારાગાંના ચન્દ્રની ગોળાકૃતિ સિવાય, કોઈ પણ સ્થળમાં વાંકી રેખા નથી એમ કહીએ તો પણ ચાલે. જ્યાં સ્થિર સ્થિતિનું, એટલેકે ગતિના અભાવનું ચિત્ર રચવું હોય, અથવા શાન્તિના ભાવનો પ્રકાશ કરવાનો ઉદ્દેશ હોય, ત્યાં સામાન્યરીતે કલાકાર સીધી રેખાનો જ આશ્રય લે છે; કેમકે સીધી રેખા વડે ગતિહીનતા અથવા સ્થિરભાવ સહજમાં પ્રકટ કરી શકાય છે. સેન્ટ જેનેવ્યાવ ફ્રાન્સના પારી (Paris) શહેરનાં એક પરોપકારી સેન્યાસિની હતાં. મૃત્યુ પછી પણ તેઓ પારી શહેરનાં અધિષ્ઠાત્રી અને રક્ષાયત્રી દેવી તરીકે પૂજાયાં છે. નિદ્રિત, સ્તબ્ધ, પારી નગરીનું કલ્યાણ ચિંતવતાં એ ધ્યાનમગ્ન દેવી, સુપ્ત નગરીને ચંદ્રનાં સ્નિગ્ધ કિરણોમાંથી ભલે અશબ્દ વાણીમાં આશીર્વાદ દેતાં હોય એવી ચિત્રકારની કલ્પના છે. અને સીધી રેખાની પરિકલ્પનામાંથી જ આ શાંત રસનો ભાવ અને ગાંભીર્ય સાહજિક રીતે પ્રકાશ પામે છે.

હવે એક બીજા ઉદાહરણ રૂપ કલાકાર હૉબેમા(Hobbema)એ આલેખેલા 'ગ્રૉવ્સ' (વૃક્ષ–શ્રેણી) ચિત્રનું લક્ષ્ય (જુઓ પાછલા પૂઠાનાં). એની રચના કેટલીક ઊભી રેખા પર કરવામાં આવી છે (ઉપરની આ કૃતિ નં ૪૨) આ ચિત્રમાં ચિત્રરચનાનો એક મુખ્ય નિયમ બતાવવામાં આવ્યો છે કે કોઈપણ ચિત્રનું કેન્દ્ર (centre of interest) ચિત્રની બરોબર મધ્યમાં ન દોરવું જોઇએ;—જરા ડાબી

કેસહે જ જમણી તરફ મૂકવું જોઈએ. એટલે કે ચિત્રના બે 'સરખા' ભાગ ન કરવા જોઈએ. આ ચિત્રમાં એનું કેન્દ્ર ચક્ષુખિંડથી જરાક ડાબી બાજુ પર છે. રેખારંગનાનો બીજો એક નિયમ પણ આ ચિત્રમાં અગત્યમાં મૂકવામાં આવ્યો છે. જ્યાં બેકાધિક (એક કરતાં વધારે) ઊભી રેખાઓની હાર હોય ત્યાં એ અધિકતાના એક ઈલાજ તરીકે ઓછામાં ઓછી બેએક આડી (horizontal) રેખાની યોજના કરવી જોઈએ. આ ચિત્રમાં ક્ષિતિજ ની રેખા ને તેને સમાનાંતર નીચે બીજી એક આડી રેખાની રચના કરવામાં આવી છે.

ત્રીજું કદાહરણ ફ્રેન્ચ કલાકાર 'આદામ લેબ્રુન અને તેમની કન્યા'નું લઈએ (જુઓ પાછલા પૃષ્ઠમાં તથા આ સાથેની રેખાકૃતિ નં ૪૩) આ ચિત્રમાં બેકે ખાસ કોઈ સીધી રેખા રંગદર્પણે દેખાઈ આવતી નથી, છતાં એ ચિત્રની આંકડલાઇન અથવા પરિધરેખા કેટલાં તેમાં સીધી રેખાઓ વિકોણાકારે પિરામીડની જ કક ચિત્રને રચી રહેલી જણાશે. ચિત્રોમાં આની રચના કરવાનો હેતુ એ હોય છે કે ચિત્ર જોતી વખત પ્રેક્ષકની દૃષ્ટિ સૌથી પહેલી જાય શિખર પર પડે છે ને પછી બીજી રેખાઓ રેખાઓના ઢાળની સાથેસાથે તે નીચે ઊતરે છે. આ ચિત્રમાં ચિત્રકારનો મુખ્ય હેતુ એ જ છે કે માણસના ચહેરા તરફ જોનારને આકર્ષવું

બીજા ઊતરતી શ્રેણીના ચિત્રકારો વેશભૂષા, આભૂષણો વગેરે તરફ આકર્ષવાનો પ્રયત્ન કરે છે. પણ યુરોપના (ચેતનાક્ષેત્રે)ને યાદ્યમાંનાં જગવિખ્યાત પ્રાચીન કલાકારો Holbein (હૉલબીન) Velasquez છબિચિત્રોમાં ચહેરો ને વેશભૂષા બંને તરફ મન સરખું જ આકર્ષાય છે. આ રીતના પક્ષમાં કેટલાક કહે છે કે કોઈકોઈ માણસની છબીમાં તેની વેશભૂષા તેના પ્રધાન અંગ જેવી હોય છે તેવાં ચિત્રે માં બે વેશભૂષાને બાદ કરીએ યા ઊતરતું સ્થાન આપીએ તો ઘણી વાર તે માણસને ઓળખવો કઠિન થઈ પડે છે.

જગવિખ્યાત ઈટાલિયન કલાકાર Raphael (રફાએલ)નાં ઘણાં ચિત્રો ઉપર્યુક્ત પિરામીડની રેખામાં રચાયાં છે. જુઓ એનું અત્યંત દૃષ્ટિપાત્ર ચિત્ર 'ખુરશીમાં બેઠેલી માતૃમૂર્તિ' (Madonna of the Chair). આ ચિત્ર કેવળ બહારથી જ ગોળ કૃતિવાળું છે એમ નથી; એની અંદરનું એકેએક અંગપ્રત્યંગ પણ વર્તાક ભરી રેખા વડે જ રચાયું છે. (જુઓ આ અંકનું મુખચિત્ર તથા આકૃતિ ૪૪) એક માત્ર ખુરશીના હાથા સિવાય બીજે કોઈ પણ સ્થળે સીધી રેખાનો ઉપયોગ થયો નથી. જોગ સેન્ટ જેરોમ્યાવના ચિત્રમાં ફક્ત વાંકી રેખાનો એક ચંદ્ર જ છે, તેવી રીતે આ ચિત્રમાં ફક્ત ખુરશીના હાથામાં જ સીધી રેખા છે-બાકીનધો જ વાંકી રેખાઓનો સરવાળો છે. અને છતાં સમગ્ર ચિત્રની આંતરિક રચના ત્રિકોણાકારી છે.

જગતાપી ડચ છબિચિત્રકાર Rembrandt-રેમ્બાંનું 'પ્રદા' (જુઓ આ પાનને મથાળે તથા આકૃતિ ૪૫) ગોળાકાર રેખાના સરસ દૃષ્ટાંત રૂપ છે. માથાની ટોપી, ગળાનો કૉલર ને આખુંય માથું જાણે ઑલબીનની ગોળાકૃતિનો પ્રતિધ્વનિ હરતાં લાગે છે ગોળ કૃતિ રેખાઓના આ ધ્વનિ-પ્રતિધ્વનિમાં કોઈ પણ સ્થળે સીધી રેખા નથી. આમ, જરા વધારે પડતી લાગે તેવી વાંકી રેખાઓ વડે જ વ્યક્તિની મૂર્તિને હૃદયંગમ કરવામાં આવી છે દૃષ્ટિને પીડાકારક અથવા વાંકી રેખાની વિરોધી જેવી એક પણ રેખા આ ચિત્રમાં નથી.

જ્યારે એનાથી જુદા જ પ્રકારનું ચિત્ર, વરમીઅરનું 'કન્યાની પ્રતિકૃતિ' જુઓ. આ ચિત્ર (જુઓ કવર)માં માથું સંપૂર્ણ ગોળ નહિ, પણ લંબગોળ વાંકી રેખાથી રચાએલું છે. એમાં ચહેરાની ગોળાકાર રેખાને માથાની ગોળ ટોપીની રેખા પોષણ આપે છે, પણ એ બધી વાંકી રેખાઓને વધારે પોષણ તો વિરોધી ભાવની સીધી રેખાવાળા કૉલરના છેડાથી મળે છે વિપરીત રસની આ સીધી રેખાઓ આખીને ગોળાકારી રેખ ને શક્તિશાળી બનાવી છે.

હવે માઈકેલ એન્જેલોનું જગત્‌વિખ્યાત ચિત્ર Creation of Man—આદમનો જન્મ જુઓ (પાછળ પૃષ્ઠે) એ ચિત્રની શક્તિનો બીજો

પરિકલ્પનામાં કોઈ પણ સ્થળે સીધી રેખા નથી. સામસામા લંબાવેલા બે હાથની સીધી રેખાની કોણુતા વાંકી રેખાની ગોળના વડે ભેદાઈ ગઈ છે અને આ રચનાને લીધે ચિત્રના બે જુદાજુદા અંશ, સ્વર્ગ ને પૃથ્વીમાં ઐક્ય રચવામાં આવ્યું છે. (જુઓ કવરનું રેખાંકન ચિત્ર-એક ખૂણા પર એક બારસ પ્રકારવાળો અંશ છે, પણ અનેક વાંકી રેખાના ચિત્રજૂને લીધે એ અંશ બનવે ઢંકાઈ જ ગયો છે.

વિખ્યાત ફ્રેન્ચ કલાકાર Jean Francois Millet જ્યાં ક્યારેય ખેતરોના 'કામે જતાં' (Going to work) નામના જગપ્રસિદ્ધ ચિત્રમાં જે અગિકની સાથેસાથે જતી કૃષ્ણાકૃતિ રચાઈ છે. પહેલાં તો એમ જ લાગે કે ચિત્રકારે માત્ર બે ઊભી સીધી રેખાનો આશ્રય લઈને ચિત્ર દોર્યું છે. પણ ખરીરીતે એવું નથી. યુગલમૂર્તિ કયાં એ બે જોડલાં પાત્રોની રેખાનું અનુસરણ કરવાથી દેખાય છે કે જેમાં બે વાંકી રેખાઓ વડે રચાએલી બે લંબગોળ આ કૃતિનો મળાવેશ છે (જુઓ રેખાકૃતિ નં ૪૬) જો કોઈ પણ સ્થળે જરાકે સીધી રેખા જેવું રેખાનું હોય તો તે ફક્ત ક્ષિતિજની ક્ષીણ રેખામાં જ. (ચ હ)

નાટ્યોત્પત્તિ

આપણા પ્રાચીન નાટ્યશાસ્ત્ર તથા તેના અનુષંગી નૃત્ય આદિ શાસ્ત્રનો પ્રારંભિક પરિચય આપતી લેખમાળા

પ્રાચીન કાળમાં જે અનેક વિષયો પર વિધવિધ શાસ્ત્રો રચાયાં છે, તેમાં નાટ્યશાસ્ત્રનો પણ સમાવેશ થાય છે. તેમાં સંગીત, નૃત્ય, અભિનય આદિ નાટ્ય-વિષયોનું વિસ્તૃત અને પદ્ધતિસરનું વિવરણ કરવામાં આવ્યું છે તેના આદિ આચાર્ય ભરત મુનિ હોવાથી તે 'ભરત નાટ્યશાસ્ત્ર' નામે ઓળખાય છે. જોકે એ 'ભરત' શબ્દ પરત્વે મતભેદ પણ પ્રવર્તે છે. કેટલાક તેનો અર્થ તેના પ્રત્યેક અક્ષર કરતાં અનુક્રમે 'ભાવ, રાગ અને તાલ' એવો કરે છે.

નાટ્યનાં બીજ ચારે ય વેદમાં વિદ્યમાન હોવાથી નાટ્ય વેદ-રૂપ જ છે એમ કહેવાયું છે. આ થી નાટ્યશાસ્ત્રને પાંચમો વેદ પણ કહેવામાં આવે છે. વળી નાટ્યના વિષયમાં 'ભરત નાટ્યશાસ્ત્ર' સિવાય બીજા પણ અનેક ગ્રંથો રચાયેલા છે. પરંતુ સૌથી આદિ ગ્રંથ તો ભરત નાટ્યશાસ્ત્ર જ છે અને અન્ય સર્વ ગ્રંથો તેના આધારે જ યત્કિંચી ઓછી ભિન્નતા સહિત રચાયેલા છે.

પ્રત્યેક શાસ્ત્રમાં દૈવિક અંશનું ઓરોપણ કરવાની હિંદુ ધર્મની સામાન્ય રૂઢી અનુસાર નાટ્યશાસ્ત્રની ઉત્પત્તિને પણ દૈવિક વર્ણવવામાં આવે છે અને બ્રહ્માને તેના આદિ સ્રષ્ટા ગણવામાં આવે છે.

ધર્મશાસ્ત્ર, વેદાન્ત, ન્યાય, મીમાંસા વગેરે શાસ્ત્રો પુરુષાર્થ-સિદ્ધિના ઉપદેશ માટે રચવામાં આવ્યા છે પરંતુ તે દુર્બોધ હોવાથી મંદબુદ્ધિ માણસોનો તેમાં પ્રવેશ થઇ શકતો નથી. આરસિક ગણુસોને પણ શાસ્ત્રશ્રવણમાં કંટાળો આવે છે. આથી તેવાઓને સદુપદેશ આપવાના હેતુથી નાટ્યની રચના થઈ હોય બાળક પ્રથમ ગધ ચાટીને એ નિમિત્તે કડવી ઔષધ પણ પી જાય છે, તેમ જેઓ શાસ્ત્રના અર્થોને ગ્રહણ ન કરી શકે તેવા મંદબુદ્ધિઓને નૃત્યગીતથી શાસ્ત્રપ્રત્યે રુચિ ઉત્પન્ન કરવાના હેતુથી નાટ્ય સર્જવામાં આવ્યું છે.

નાટ્યોત્પત્તિની કથા એવી છે કે પૂર્વે ત્રેતા યુગના લોકો જ્યારે કામ અને લોભનો વશ થઇ દર્પ્યા અને દ્વેષથી દુઃખી બન્યા, તેમના પાપાચારથી આખો જંબુ દ્વિપ પીડિત થયો, ત્યારે ઇંદ્રાદિ દેવોએ બ્રહ્મા પાસે જઈ દર્શન અને શ્રવણ યુક્ત કોઇ નવીન ક્રીડાની માગણી કરી અને કહ્યું કે 'વેદો શૂદ્રોને સાંભળવાલાયક નથી, તો સર્વ વર્ણોને યોગ્ય પાંચમો વેદ ઉત્પન્ન કરો.' આથી સર્વતત્ત્વના જાણનારા બ્રહ્માએ ઋગ્વેદમાંથી પાઠ્ય, સામવેદમાંથી ગીત, યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી રસ લઇ, ઉપદેશયુક્ત અને સર્વ વ્યવહારદર્શક એવો ચારેય વર્ણોને યોગ્ય 'નાટ્ય' નામનો પાંચમો વેદ ઉત્પન્ન કર્યો.

આ વેદ સૌ પ્રથમ ભરત મુનિને પ્રાપ્ત થયો ને બ્રહ્માની આજ્ઞાથી તેમણે 'ઇંદ્રવિજય'ધ્વજોત્સવ'માં દેવોએ દાનવો પર મેળવેલા વિજયનો પ્રથમ નાટ્યપ્રયોગ ભજવી બતાવ્યો. આ જોઈ ત્યાં આવેલા સર્વ દૈત્યો સંક્ષોભ પામ્યા અને તેમાં અનેક વિઘ્નો નાખવા લાગ્યા. આથી તેમને શાંત કરવા દેવોએ બ્રહ્માને વિનતિ કરી. બ્રહ્માએ દૈત્યોને પૂછ્યું કે 'તમે આ નાટ્યને શા માટે વિઘ્ન કરો છો?' આથી દૈત્યોએ કહ્યું કે 'આપે આ નાટ્યવેદ દેવતાઓ માટે રચ્યો છે અને તે અમારી વિરુદ્ધ છે દેવોની જેમ દૈત્યો પણ આપનાથી જ ઉત્પન્ન થયા છે માટે આપે આમ કરવું ઉચિત નથી.' દૈત્યોનાં આ પ્રમાણેનાં વચનો સાંભળી બ્રહ્માએ કહ્યું 'તમે એને તુચ્છ ન કારણકે નાટ્યમાં માત્ર દેવદાનવનાં શુભ કર્મો જ ભજવી બતાવાશે એવું નથી; પણ તેમાં ત્રિલોકનાં સર્વ કર્મોનું અનુકરણ કરી બતાવવામાં આવશે.' ત્યારબાદ નહુષ રાજા ઇંદ્ર પાસે યાચના કરી નાટ્યને પૃથ્વી પર લાવ્યો હોવાની કથા છે

બ્રહ્મા, શિવ, નારદ, ભરત, વ્યાસ, વાલ્મીકિ, લવ-કુશ, અર્જુન, પ્રદ્યુમ્ન, પાર્વતી, તુંબરુ અને કૃષ્ણ વગેરેને નાટ્યના આદિ આચાર્યો ગણવામાં આવે છે. રાગચંદ્રના પુત્ર લવ-કુશ નાટ્યકલામાં કુશળ હોવાથી નાટ્યશાસ્ત્રને 'કુશીલવ શાસ્ત્ર' પણ કહેવામાં આવે છે.

નાટ્યશાસ્ત્રમાં નાટકનું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે: 'લોકોનાં સુખદુઃખયુક્ત સ્વભાવને અંગાદિ ચાર અભિનયો વડે બતાવવો તેનું નામ નાટક' નાટ્યશાસ્ત્રમાં કહ્યું છે કે 'નાટક અધર્મીને ધર્મ, ગદ્દોન્મત્તને દમન, પંડને ઉત્સાહ, મૂર્ખને બોધ, વિદ્વાનોને ચાતુર્ય, ધનવાનોને વિલાસ, દુઃખીને ધૈર્ય, ઉદ્યોગીને દ્રવ્ય અને શ્રમને શાંતિ આપે છે.'

નાટક કેવું હોવું જોઇએ એ વિષે નાટ્યશાસ્ત્રમાં જણાવ્યું છે કે 'નાટક વિવિધ ભાવ અને અવસ્થાયુક્ત, લોકવૃત્તાંતને અનુસરનારું, ઉત્તમ, મધ્યમ અને અધમ સ્ત્રી-પુરુષો નાં ચરિત્રો દર્શાવનારું, સુખ અને વિશ્રાંતિ આપનારું, યશ, બુદ્ધિ અને આયુષ્ય વધારનારું, ધર્મ-દર્શક અને હિતોપદેશી હોવું જોઇએ.' યોગેન્દ્ર પ્રિયદર્શી

કસોટી કરેલી ન શકો તો ઉત્તરો આ નીચે અવળા આપ્યા છે.

(૧) એક વાર રોઠે ખુશ થઇને પોતાના ચારે નોકરોને નીચેની શરતોએ દરેકને એકએક દિવસની રજા આપી દીધા: (૧) દીનુએ છેલ્લું ન જવું; (૨) ઠનુએ ગનુ પહેલાં રજા જોગવી લેવી; (૩) ચીનુ પહેલો જાય; (૪) દીનુ ચીનુ પછી તરત બીજે દહાડે જાય; (૫) ગનુએ છેલ્લું જવું નહિ; ને (૬) ઠનુએ દીનુ પછી તરત બીજે દિવસે જવું આમ રજા ગળવાથી ચારે નોકરો ખુશ થઈ ગયા; પણ જ્યારે વારા ગોઠવવા બેઠા ત્યારે જ જણાયું કે આ શરતોએ એમને માટે રજા કેવા ઊતરવું અશક્ય હતું. એથી તેમનાં મોં ઊતરી ગયાં આથી રોઠે હસતાંહસતાં કહેવું કે એમાંથી ગમે તે એક શરત રદ કરવાની છૂટ છે. આટલી છૂટ મળતાં તો ચારે રજા પર ઊતરી શકયા. તો એમણે કઈ શરત રદ કરી હશે?

(૨) ન બોલ્યામાં નવ ગુણ; સિર સલામત તો પઘડિયાં બહોત; પારકી આશા સદા નિરાશ;—એ આપણી જાણીતી કહેવતોની સિરોમણિ છે પણ એ જ વિષયોમાં એથી બરોબર અવળી જ શિરોમણિ આપની કહેવતો પણ આપણે ત્યાં છે. તે કઈ?

(૩) વિજ્ઞાનીઓએ જેને સ્વાદ વિનાનું, રંગ વિનાનું, વાસ વિનાનું, ન સૂઝતી શકે તેવું, ન કૂટી શકે તેવું, ઝેરી અસર વિનાનું, અને બહુ જ આછાં તત્ત્વો જ્યાં પેસી શકે ત્યાં યે પેસી જનારું એવું અમેરિકાનું ગરાસગર્ધ તત્ત્વ કહ્યું છે તે કયું?

(૪) મારો ટેલીફોન નંબર ચાર આંકડાનો છે. ખૂબી એ છે કે એના છેલ્લા બે આંકડા મારા ઘરનો નંબર દર્શાવે છે, અને એ બે આંકડાનો ક્રમ જ આખો ટેલીફોન નંબર બને છે; તો તે શો હશે?

(૫) સૂર્યમાળામાં સૌથી મોટો ગ્રહ કયો? મુક્તિફોજનું રથાપક કોણ હતુ? વિદના બુલબુલના નામથી કોણ ઓળખાય છે?

---

(૧) ઠનુ (૨) ચીનુ, દીનુ (૩) ગનુ (૪) ઠનુ (૫) ગનુ (૬) દીનુ, ચીનુ, ઠનુ : (૧) ગનુ (૨) ગનુ (૩) ઠનુ (૪) ચીનુ (૫) દીનુ (૬) ઠનુ

પ્રવાસ-મંજરી (અનુસંધાન પાન ૧૬૭થી) ગોકુળ-વૃન્દાવનનું ચક્કર લેવા ટાંગામાં બેસીને આપેરા હતા તેઓ સાંજે પાછી પાછીને આવ્યા. મળે બધાં વૈષ્ણવજન નહિ; અને તેમણે પણ રસ્તાની ધૂળ, ગાણુસોની ઠમાઠ વગેરેની ફરિયાદ કરી. યમુનાતીરની બંસી, ગોપીઓનો વિહાર, ગાયોનાં ધણ, વ્રજલીલાના ગોકુળનાં ગાગડિયાં, એ બધાં તો આજે ગાત્ર કવિઓની કલ્પનામાં જ જીવતાં રહ્યાં છે.

કલામંડળની સ્થાપના

તે જ રાત્રે, ગારે બાબે એક નવી ફરજ આવી પડી. મધુરામાં કેટલાક તરણેાએ એક સાહિત્ય-સંગીતનું મંડળ કર્યું હતું. તેઓ એક ગકાત રાખી ત્યાં ગળતા. નવા પ્રકારનાં દૃશ્યો, ભારતીય સેટીંગ, કાવ્યવાચન વગેરે તેમના નિત્ય પ્રકારો હતાં. હવે તેઓ તેમાં કળાની શાખા વધારવા ગાગતા હતા. મધુરામાં ગારા આગમનની તક સારી તેમણે વધુ પૂછયું મુહૂર્ત ઠરાવ્યું રાત્રે આમે સભા ત્યારે અમારી બરાઈ ગઈ હતી. ઘણી ગંભીરતાથી મંડળના મંત્રીએ આજના કાર્યનો પ્રસ્તાવ મૂકયો. પ્રથમ સંગીત થઈ ગયું, એટલે કૃષ્ણાદનનો વિધિ કરવાનો આવ્યો. તેમાં તેમણે મારી સામે એક કોરો કાગળ અને રંગની પેટી ધરી દીધી અને ઘણા ભાવથી કહ્યું કે આજની તત્કાળ પ્રેરણાથી હું જે ચિત્ર કરું તે એ મંડળનું કાયમનું ધ્યાનચિહ્ન બનશે.

મારી પણ કસોટી આવી. માત્ર હરીફેન ફાનસના અજવાળે, મેં સીધું પીળાથી જ, કૃષ્ણ ગેરુઆ રંગે શારદાદેવી એક કુમારને પીળી આપતાં હોય એવું ચેાખાચિત્ર કરી આપ્યું. તેઓ ખુશ થઈ ગયા, અને સામેના એક નાના ખંડમાં ચોડયું. ત્યાં કળાના વિદ્યાર્થીનાં કાલાંચેલાં અનુકરણચિત્રો પણ ચોડેલાં હતાં. એ પછી દીવાબત્તીના ફેરફારો કરી, એક સફેદ પટદા પર, પાછળના પ્રકાશના આધારે પોતાનો પડછાયો પાડી એક નાના કુમારે સુંદર છાયાનૃત્ય કરી બતાવ્યું. આમ, કાર્યક્રમ સુંદર થતો ચાલ્યો. પછી તો મંડળના સભ્ય બચ્ચન કવિએ પોતાનું એક કાવ્ય સંભળાવ્યું. તેમા 'જરની વટત વેળા ચેાક્કસ કરી કુદરતીએ એક ગાગડાનો નાશ કેવી બીભત્સતાથી કર્યો તેનું વર્ણન હતું. એના શબ્દો અને બોલવાની રીત હૃદય દ્રવાવે તેવી હતી. ગમે તેવા માણસના હૃદયમાં વિક્ષોભ થયા વિના રહે-નહિ એવા તેના ઉદ્ગાર હતા. આપણા પ્રાંતમાં આવી રીતે કાવ્યોનો રસ પમાડનારા કેટલા છે? શ્રી મેઘાણી જ અપવાદ રૂપે ગણાશે. એ પછી દીનાનાથ કવિએ પોતાનાં સંસ્કારિત ઉંકારિત પદો સંભળાવ્યાં ત્યારે લાગ્યું કે હિંદી સૃષ્ટિમાં કેટલાયે 'પ્રદીપો' ઢબુરાયા હશે!

રાત ખૂબ વીતી ગઈ હતી; પણ મધુમય ચાંદની, કળા, કાવ્ય અને સંગીતના વાતાવરણની ધૂન અને છેવટે સુવાસિત પુષ્પોની સુંદર ગૂંથણીવાળા ગાળાએ મને પણ સ્વપ્નના સાગરમાં તરતો મૂકયો: ભારતની એકતા અને ભવ્યતા સાધવામાં કલા કેવું અજબ સાધન છે! પણ અન્ય સંસારમાં તેની કેટલી ઉપેક્ષા!

આગ્રા જતાં

બીજે દિવસે સવારમાં વહેલા તૈયાર થઈ આગ્રા જવાની બસ-ઑફિસે પહોંચ્યા. ટિકિટો લઈ બેઠકો રીઝર્વ કરી, પણ બસ ઊપડવાને વાર હતી એટલે એક અધૂરી રહેલી વાત રાયેરચાગચ્છે પૂર્ણ કરી.

હું આગ્રા કહેવું વિસરી ગયો કે બજારમાં ફરતાં રાયેરચાગચ્છ મને મધુરાના શેઠ બજરાનદાસજીના મકાનમાં લઈ ગયા હતા. ત્યાં મેં સ્વ. કલાકાર રાજા રવિવર્માનાં બે અસલ ચિત્રો જોયાં. ને એમની કલમના પ્રેમ નમૂના ગણાય. એક હતું 'ચિત્રમનું સ્નાન' અને બીજું હતું 'અશોકવનમાં સીતા.' એ ચિત્રોનું આયેાજન અને માધુર્ય અજબ-

ગાં મળતી છાપો મારફત કદી નહિ સાંભળ્યું. તે જ ઘરમાં રાજા શેઠ લક્ષ્મણદાસજી સી.આઈ.ઈ.નું મોટું પોર્ટ્રેટ રાજા રવિવર્માનું જ કરેલું છે તે પણ તેમને હિંદના શ્રેષ્ઠ કલાકાર તરીકે આજે પણ સ્થિર કરે છે. વધુ નવીનતા માટે જે ગળી કે બસના સ્ટેશનની પાસે જ ઉપર્યુક્ત શેઠના સંબંધી શેઠ ગુલાબચંદ ટોંગીઆને ત્યાં રાજા રવિવર્માનું એક દૃશ્યચિત્ર જોવાનો પ્રસંગ ગાગી ગયો. રાજા રવિવર્માની સિદ્ધિ આકસ્મિક ન હતી. તેમણે બહુ ચીવટથી દૃશ્યસામગ્રીનો અભ્યાસ અને આલેખન કર્યા હતાં, એની પ્રતીતિ આ ચિત્રો જોતાં થઈ, અને રાજા રવિવર્મા માટે વધુ માનદૃષ્ટિ કેળવીને બસ ઊપડે તે પહેલાં જલદી પહોંચી જઈ જમ્યા પર ગોકવાઈ ગયો..... અને બે જ કલાકની દોડ પછી આગ્રાના રસ્તા વટાવતા અમે રાજપૂતીના બસસ્ટેન્ડ ઉપર પહોંચી સામાન ઉતારવા માંડયો. (ચાલુ)

પરદેશના પત્રમિત્રો Our Friends Abroad

સમયે વિવિધ વિષયો પર પ્રકાશ પાડતા પત્રોને અનાવે આ નીચે કેટલાંક વિદેશી પત્રમિત્રોનાં સરનામાં પ્રકટ કર્યાં છે, જે વાચકોને બહુ ઉપયોગી નીવડશે તે સરનામા ભાઈ સદરદુસેન ગેારજી(બૉમ્બે ૬૪૫, મૉમ્બાસા) તરફથી મળેલાં છે, અને તેનો ઉપયોગ કરવા ઇચ્છનારે, પત્રવ્યવહાર કરતી વખતે, પોતાને તે નામ એ બાર્ટતરફથી(કુમાર માસિક મારફત) મળ્યાં હોવાનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

(1) Miss Anneke van Hourne, Buskin, Huetlian, 6 Bussum (Holland), (2) Miss J. Bennett, 18 Longshaw Street, Little Hulton, Nr Bolton, Lancashire, (England), (3) Miss Betty Gibson, 35, Copeland Quad. Ibrox, Glasgow, s. w. 1., (Scotland); (4) Miss Annie-Marie Bouget, 37 Rue du Metier, Mantes Bassicourt, Seine-Dise (France); (5) Miss Ruby Mae Lairmore, 113 Vardon Street, Hot Springs, Ark, u. s. A.; (6) Cyril W. Davies, 1 Cambridge Building, Thorndike Street, London, s. w. 1. (England); (7) Miss La Verne Gidley, Route 2, Munford, Alabama, u. s. A.; (8) Miss Nyla De n Rogan, P. O. Box 35, Philadelphia, Missouri, u. s. A.; (9) Doris D. ebenstedt, Palmyre, Missouri, Star Route, u.s.A.; (10) Mr. C. D Argyros, Abbass Avenue, Khartoum, (Sudan); (11) Mr. Kantilal J. Shah, P. O. Boxt 7, Vicoria, Mahe, Seychelles; (12) Mr. Ratilal Moolchand Sheth, Hodeidah, (Yemen, Arabia'; (13) Mr J. A. Moorisby, 37, Federal Street, North Hobart, (Tasmania); (14) Mr. Andy Anderson, P.O. Box 3150, Hollywood, California, u. s. A. (બીજું સરનામું આવતે અંકે).

નવાં પત્રમિત્રો

(૧) માસ્ટર કાન્તિ હિં. બ્યાસ, રેકોર્ડર, ઈન્ડીઝ્યુસ્ટ્રીઝ-ઈન્ડસ્ટ્રુસાંવ, નવા બોવા–Noa Goa તથા દીવ–Diu; (૨) કુમિયાસુંદર ઓયવ-જી મેપી, ચાત્રલા બિલ્ડિંગ, ઝીણા સ્ટ્રીટ, રણછોડ લાઈન, કરાંચી; (૩) પીટી, સોરઠિયા બોર્ડિંગ, વસુઝરી વાવ, જુનાગઢ; (૪) બલદેવ નનો, પો. બૉ.૬૩, હારેસલામ-ઝિ ઇ.આફ્રિકા; (૫) અબ્દુલ અઝીઝ એચ. ખાકી, પો. બૉ. ૪૩૮, હારેસલામ-ઝિ. ઇ. આ.; (૬) કુરબાનહુસેન એ. પટવા, પો. બૉ. ૬૬૬, હારેસલામ-ઝિ. ઇ. આ.

અને પછી તો શિક્ષણનું ક્ષેત્ર છોડીને દ્વિમતલબ પત્રકારત્વના ક્ષેત્રમાંએણે ઝંપલાવ્યું 'પૉલમૉલ ગેઝેટ', 'સૅટરડેરીવ્યૂ', 'નેચર' વગેરે પ્રસિદ્ધ પત્રોમાં એણે લખવા માંડયું માત્ર પાંચ જ કૂટની ઊંચાઇના, આંખમાં ખોડવાળા એ કુબજા આદમીમાં જે શક્તિ, સ્ફૂર્તિ તથા કલ્પનાશીલતા સુપ્રમ રહેલાં તેનો જબરત પ્રવાહ હવે વહેતો થયો. પોતે જે અનુભવોથી તંગ આવેલો એ અનુભવો કોઇને યે અનુભવવા ન પડે એવા નવા પાયે જગતને મૂકવાની તિવીર્ષા એને જાગી હતી.

પહેલો હાથ એણે નવલકથા પર અજમાવ્યો. એ કૃતિ 'કિપ્સ'ને અનન્ય લોકપ્રિયતા મળ્યા પછી 'વિલિયમ ક્લિસોલ્ડ', 'ટોનો બંગે' વગેરે એક પછી એક નવલકથાઓ એ બહાર પાડતો ગયો. એની ખ્યાતિ છેક અમેરિકા સુધી પહોંચી ગઇ. સમાજશાસ્ત્રીય કથાલેખનનો એ પ્રકાર આ જમાનાની જ પેદાશ છે અને એનો સૌથી વધુ પ્રાતિનિધિક લેખક મેઇ હોય તો તે એચ જી. વેલ્સ છે.

પોતાના એક મિત્ર કપરના પત્રમાં વેલ્સે એક વાર લખેલું, "'ammer, 'ammer, 'ammer on the 'ard 'igh road" (હૅમર, હૅમર, હૅમર ઑન ધ હાર્ડ હાઈ રોડ.) અને એ જ સૂત્ર અંતે અપનાવીને કામના ભારે બોજ અને નબળી તબિયત વચ્ચે પણ એ એક પછી એક સંખ્યાબંધ કૃતિઓ બહાર પાડતો ગયો.

કલ્પનાસાહિત્ય પછી એ શિક્ષણ, સમાજકારણ અને રાજકારણના વધુ નક્કર ક્ષેત્રમાં પડયો. ઇતિહાસના નિષ્ણાતોનાં પરસ્પર વિરોધી મંતવ્યો જાનુએ રાખી એણે 'ધ આઉટલાઇન ઑવ હિસ્ટરી'નો ગ્રંથ લખ્યો અને જગતને સાચી માનવજાતી ઇતિહાસદૃષ્ટિ આપી. અને લેખક તરીકે શ્રીમંત બનાવનાર એની વૈજ્ઞાનિક તરંગકથાઓ નહિ પણ આ ઇતિહાસદૃષ્ટિ જ હતી.

પોતાના જીવનકાળમાં લગભગ પચ્ચ પુસ્તકો એ લખી ગયો છે અને એમાં છેલ્લામાં છેલ્લા રાજકીય, સામાજિક, વૈજ્ઞાનિક પ્રવાહોને એણે અપનાવ્યા છે, એટલું જ નહિ પણ એ સંશોધનોના તાર્કિક અનુસંધાનમાં જાતિને લગતી કેટલીક આગાહીઓ પણ કરી છે. વાર્તાઓ, નવલકથાઓ કે અન્ય કૃતિઓનો પ્રભાવ કદાચ કાળબળે ઓસરતો જાય, પરંતુ એની આ ત્રણ કૃતિઓ તો જગતસાહિત્યના અમૂલ્ય વારસા રૂપ બની રહેવાની છે (૧) ધી આઉટલાઇન ઑવ હિસ્ટરી (ઇતિહાસની રૂપરેખા); (૨) ધ સાયન્સ ઑવ લાઈફ (જીવનનું વિજ્ઞાન); અને (૩) ધ વર્ક, વેલ્થ ઍન્ડ હૅપીનેસ ઑવ મૅનકાઇન્ડ (માનવ જાતિના સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ).

કૉલેજમાં ભણતી વખતે જ વેલ્સ સમાજવાદથી આકર્ષાયેલો અને એ અંગેના પોતાના વિચાર એણે એની કૃતિ 'ઍન્ટિસિપેશન્સ'માં રજૂ કર્યા છે. એ કૃતિની એક જ વર્ષમાં ૧૮ આવૃત્તિઓ થઈ. એ દ્વારા જગતના એક વિચારનેતા તરીકે તે સ્વીકારાઈ ગયો. એ વખતના અગ્રણી સમાજવાદી વિચારકો જ્યૉર્જ બર્નાર્ડ શૉ તથા વેબ દંપતી તેનાં મિત્રો હતાં અને તેમાંથી વેબદંપતીએ તેને 'ફેબિયન સોસાઇટી'માં જોડાવાનો પ્રેરેલો. પરંતુ ગંદકીના સિદ્ધાંતો તથા નીતિ અંગે શૉ તથા તેની વચ્ચે ઝપડો થતાં તેણે એ મંડળમાંથી રાજીનામું આપેલું.

એણે આત્મકથા પણ લખી છે: 'એક્સપેરીમેન્ટ ઇન ઑટોબાયૉગ્રેફી'. પરંતુ એમાં બૌદ્ધિક બાબતો કરતાં બીજી બાજુ પર વધારે ભાર મૂકયો છે, ને પોતાના દેહ કે આત્માના અનુભવો કરતાં પોતાના મનની પ્રક્રિયાઓનું માં એણે મોટે ભાગે નિરૂપણ કરેલું છે.

એના યુગમાં 'બિગ ફોર' તરીકે ઓળખાતા સાહિત્યકારોમાં વેલ્સ હતો બીજા ત્રણ તે ગૅલ્સવર્ધી, આર્નોલ્ડ બેનેટ અને શૉ. બીજા પણ હતા, પરંતુ તેમની લાક્ષણિકતા આ ચારના કરતાં જુદી હતી. હાર્ડી હતો, પણ એ તો એકાદ ઓલીવ્રીઅનની માફક સૌથી અલગ જ રહેતો. કિપ્લિંગ પણ હતો; પરંતુ એની શાહીવાદી ખુમારી પર ઇંગ્લંડના સમગ્ર વર્ગને અણગમો હતો. એ ચારમાંથી હવે તો માત્ર સંત બર્નાર્ડ (જ્યૉર્જ બર્નાર્ડ શૉ) એકલો જ હયાત રહેલો છે.

પોતાનાં લખાણોમાં લગભગ શૉ જેટલો જ જુસ્સો દર્શાવવા છતાં ખાનગી જીવનમાં તે શૉના જેટલો કુપમાતિયો નહોતો. હાન્ક સ્વિનર્ટને લખ્યું છે: 'શૉના આગમન સાથે તગારા પર પણ ભુક્કાનું મોજું ફરી વળે અને પાછળનું બારણું ધડાક કરતું બંધ થાય. પરંતુ વેલ્સ દાખલ થાય તો તગારી, બારી કે કોઇની ગાફેલ હળવેથી બારણું બંધ કરીને, બહુ ઊંચી નહિ પણ બાંધી દડીની, સહેજ શ્યામવર્ણી અને ખૂબ આસમાની રંગની આંખોવાળી માનવમૂર્તિ તદ્દન શાંતપણે તગારી નજીક આવતી લાગતી નજરે પડે.'

વેલ્સે જેને પોતાને કલાકાર કરતાં પત્રકાર તરીકે જ ઓળખાવ્યો છે, છતાં એનાં રહેલા કલાકાર ને દ્રષ્ટાને ગોપવી રાખવા તેમ નથી. એની રંગદર્શી કૃતિઓ પણ 'ન ત્ર'રેગાન્સિત્ર'ના આવથી નથી લખાઈ. એની બધી કૃતિઓ પાછળ વૈજ્ઞાનિકરીતે પૃથક્કરણસાધ્ય વિશિષ્ટ સંકેત રહેલો છે ને એ ખુદ એના જીવનમાંથી જ પ્રતિબિંબિત થયો છે. ડિકન્સ સિવાય બીજા કે.ઈ નવલકથાકારનાં પાત્રો આટલાં લોકપ્રિય નથી બન્યાં. નાનાંમોટાં, ગરીબતવંગર, રાજદ્વારીઓ–સાહિત્યકારો, સૌ વર્ગોના અને સઘળી કક્ષાના લોકોનો એ પ્રિય લેખક હતો.

એમણે બે લગ્ન કરેલાં. પહેલું લંડનમાં અધ્યાસકાળ દરમ્યાન પોતાની એક વિદ્યાર્થી ઇસાબેલ મેરી વેલ્સ સાથે. પોતાના વિદ્યાર્થી–શિક્ષક જીવનનાં રંગરાગો સાથે એ લગ્નકાળના પણ રંગરાગો ભેગાને એમણે તે પોતાની 'લવ ઍન્ડ મિ. લેવિશામ' નામની નવલકથામાં ગૂંથ્યાં છે. પાછળથી એ લગ્નના છૂટાછેડા લઈને એમણે પોતાનો અધ્યાપકકાળની એક વિદ્યાર્થિની એમી કેથેરીન રૉબિન્સ સાથે બીજું લગ્ન કર્યું. એનાથી થયેલા બે પુત્રો પૈકી એક જી પી. વેલ્સના સહકારમાં તો એમણે 'સાયન્સ ઑવ લાઈફ'નું પુસ્તક લખ્યું છે.

જીવનપ્રવાહમાં અનન્ય આશા ધરાવતો વેલ્સ છેલ્લે છેલ્લે નિરાશાવાદી બની ગયો હતો, અને એના અંતિમ પુસ્તક 'Mind at the End of its Tether'ની પ્રસિદ્ધિ પછી તો તે 'Prophet of Gloom' તરીકે જ ઓળખાતો. પહેલાંની કૃતિઓમાં જણાતો એનો આશાવાદી સૂર એ કૃતિમાં લુપ્ત થયો છે. અને અત્યારના જગતપ્રવાહોના તલસ્પર્શી અવગાહન પછી એણે જણાવ્યું છે કે, 'માણસે હવે કાં તો ઊર્ધ્વ જવું જોઇએ અથવા તો પતિત થવું જોઈએ. અને અત્યારે તો માને એના પતનને નાજૂકીનો જ સંભવ વિશેષ જણાય છે.'

એણે એ છેલ્લું પુસ્તક મોતની છાયા નીચે રહીને લખેલું એના ડૉક્ટરોએ પણ આશા રાખી નહોતી અને તેમણે એના સંબંધીઓને ગમે તે પળે એના અવસાન માટે તૈયાર રહેવાની તાકીદ આપી રાખેલી. આમ છતાં વેલ્સે તો એ પાર કર્યું જ.

આજે ૫ સ રમાં (પરમાણુ સન=Anno Bombini ના બીજા વર્ષમાં) આપણે જીવી રહ્યા છીએ. આ જગત પરના આપણા જીવનનો નિર્ણય થવામાં પરમાણુ બૉમ્બની શોધ પછી હવે બહુ અલપ નહિ લાગે. અત્યારની ત્રિશંકુ દશામાંથી છૂટવાને આપણે ભરાતું એક જ પગલું, આપણે ઇચ્છિત સરજ્યું કે દોરજ્યું તેનો નિર્ણય કરી આપશે એ પગલું સમગ્ર માનવજાતની ઇયાદીનો પુખ્તપણે વિચાર કરીને ભરવાને, બેજના પરદા પાછળથી પણ વેલ્સનો અવાજ વાતાવરણમાં પડઘા પાડી રહ્યો છે. અશોક હર્ષ

(સપ્ટેમ્બર ૧૯૪૬) ૧૭૮

સત્તર ડાયરેક્ટરોની સહીથી ૧૭૨૩ની ૧૯મી ઑગસ્ટે મુંબઇના પ્રેસિડેન્ટ ને કાઉન્સિલને પત્ર મોકલવામાં આવ્યો કે નૌરોજીના બંને ભાઇને છોડી મૂકવા ને આ મામલાની પતાવટ કરવી. નૌરોજીએ પણ એ જ મતલબના ઘણા કાગળો પોતાને પૈસા કોથી આંગ્લોનો એકાદ પત્ર તો પહોંચે જ.

એને મામલો પંચને સોંપવામાં આવ્યો અને પંચે ઈ. ૧૭૨૪ની ૧૮મી જાન્યુઆરીએ કંપનીની વિરુદ્ધ ૫,૪૬,૩૬૦ રૂપિયાનું હુકમનામું (ડિક્રી) કર્યું. સાથોસાથ ડિક્રીદારને તેના સરસામાન તથા નોકરચાકર સાથે કંપનીને ખર્ચે ઘેર પહોંચાડવાનો હુકમ થયો. ડિક્રી આવ્યા બાદ ઈ. ૧૭૩૨માં નૌરોજી અવસાન પામ્યા

('બાલક'માંના શ્રી. પ્રજરત્નદાસના લેખ ઉપરથી)

અળસિયાં

ખેતરમાં નજરે પડતા એ કદરૂપા ને નામૂલી ક્રીડા ખેતીમાં અમૂલ્ય સહાયક નીવડે છે એની ઘણાને ખબર જ નહિ હોય. સામાન્ય પડતર જમીન ઉપર એક ઇંચ ફળદ્રુપ જમીનનું પડ બાઘતાં કુદરતને એકલે હાથે હજારો વર્ષો લાગે છે અને તેમાં તે અનેક વનસ્પતિઓ, પ્રાણીઓ અને જીવોનો ઉપયોગ કરે છે. આજે સુધરેલા દેશોમાં પણ અમુક ખાતર, અમુક ઝાડપાન ને જીવાતોની મારફતે, બંજરેલી જમીનને ફળદ્રુપ કરવા જે પ્રયત્ન આજે છે તેમાં આ અળસિયાં ઘણા મદદગાર નીવડ્યાં છે. એની ખાતરી કરવા માટે બે કે નાનો પ્રયોગ કરી જુઓ. ત્રણ કૂંડાં લો. તમારા વાડા, વાડી કે ખેતરની થોડીમાટી ભરીને એક કૂંડામાં થોડાક અળસિયાં મૂકવા, બીજાને બાગને બાગ રાખવું, ને ત્રીજામાં ખેતરે કે બાગની વાડ પાસે અળસિયાંની અથાર પડી હોય તે કૂંડાની લાવીને ભરવી. પછી તે ત્રણે કૂંડાંમાં જરૂરીથી થાય તેવી એક જ જાતની ચીજ વાવવી, તેમને સરખું પાણી વગેરે આપવું અને ત્રણેના પાકનો ઉતાર જોવો. સાદી માટી કરતાં અળસિયાંવાળા કૂંડામાં લગભગ ત્રણગણું ને થેલી અથારવાળા કૂંડામાં લગભગ પાંચગણું તૂલ થએલું જણાશે.

જેનાથી આપણે સુગાઇએ છીએ ને જે અળસિયાંની અથાર વાડા કે અબોલાગાંથી વળાનીબુડાવીને કઢાવી નાખીએ છીએ તે કેટલી કામની છે એ જાણતા નથી. પશ્ચિમમાં તો એ મામૂલી ક્રીડા તથા તેની રહેણીકરણી વગેરે વિષે પુસ્તકો લખાયાં છે. ખેતીને ઉપયોગી એ જીવજંતુના જીવતા વિષે આપણે પણ માહિતી મેળવી લેવી જોઇએ.

અળસિયાં મોટે ભાગે જમીનમાં જ પુરાઇ રહે છે અને ચોમાસામાં જમીન ભીની થાય ત્યારે દર પાડીને ઉપર આવે છે. તે પછીથી જ્યાંસુધી ઝાકળ પડ્યાં કરે અને તેથી જમીન ભીની રહે ત્યાંસુધી તે સવારે જમીનમાંથી બહાર આવશે તેને કોઇ ખાડવા જશે કે તેના દર પાસેની જમીન કોઈ કારણથી સહેજ ખૂંદશે તોપણ તે તરત પાછાં દરમાં સંતાઈ જશે. તેની ચામડી ઘણા સુંવાળી હોવાથી ઓડવાડ, ચા કે કૉફીનો નકામો કચરો, શાકભાજીની છાલ અને ઢાંખળાં વગેરે પણ તે ખાય છે. આવો કચરો રૂંધા ન દેતાં જે જમીનને સહેજ ખોતરીને તેમાં તેને દાટો તો તે કચરો બહાર પડ્યો નહિ રહે અને તે અળસિયાં માટે ખૂબ રૂપયોગી ખોરાક બની રહેશે. જેમ કેટલાંક પક્ષીઓ ઝીણા કાંકરા ગળે છે અને તેમની મદદથી પોતે ગળેલા અનાજનો પેટમાં દળીને ભૂકો કરે છે, તેમ આ અળસિયાં રેતીના કણોને ગળે છે અને તે કણોની મદદથી તે આ કચરા, માટીડી, જમીનના ક્ષારો વગેરેને દળીને તેમનો ભૂકો કરે છે એ ભૂકાની સાથે તેમના શરીરમાંના ગ્રંથીઓમાંથી ઝરેલા રસો તથા રૂપયોગી જંતુઓ પણ ભળે છે. એમાંથી પોતાને જોઇતું પોષણ લઇ લીધા બાદ બાકીનો બધો ભાગ વિષ્ટારૂપે તે દરની બહાર કાઢે છે. આ વિષ્ટામાંથી ગુણવાળી ફળદ્રુપ જમીન બને છે. આ જમીનમાં ઝાડ અને વનસ્પતિને જોઇતાં બધાં તત્ત્વો ભળેલાં કુપે હોય છે. પૃથ્વીના પેટમાં આવા મહાન રસાયણશાસ્ત્રીઓ જેવા લાખો કીડાઓ રહે છે અને તેઓ જમીનને ફળદ્રુપ રાખવા પ્રયત્ન કરે છે

જમીન સારી હોય અને તેમાં તે કીડાને માટે જોઇતાં ખોરાક અને બેજ હોય, તો એક એકરે લગભગ ૨૫ લાખ અળસિયાં ત્યાં હોઇ શકે. આવડા બધા કીડા તો કોઇક જ જમીનમાં હોય, બાકી એકરે ૨૫ થી ૫૦ હજાર કીડા હોય એવી વાડીઓ તો ઘણી બની શકે. અને તેટલા કીડા દર વર્ષે ૫૬૦ મણ સારી પોષણવાળી માટીડી બનાવશે આટલું બનાવ્યા પછી જે બાગના માલિકો પોતાના બાગમાંથી પાંદડાં, ઢાંખળાં વગેરે ભરી પડેલી અને સડી શકે એવી ચીજો વળાવીને બહાર ફેંકી દે અને તેમને જમીનમાં દટાવી ન દે તો ત્યાંના અળસિયાને ભૂખે મારે છે, અને તેમની કુમદા કાર્યશક્તિનો લાભ ગુમાવે છે. તેઓ ગાડલીઓ ભરી બહારનું બીજની ખાતર લાવીને નાખે છે, પણ જો સાથેસાથે આવા કીડાઓની મદદથી દર એકરે જે તેઓ ધારે તો ૧૬-૧૭ ગાડલી સૌથી ઉત્તમ ખાતર બનાવડાવીને પોતાની જમીનને ઉમદા પ્રકારની બનાવી શકે. તેમાંયે તો ફક્ત એક જ કામ કરવાનું છે: વાડીમાં પાંદડાં વગેરેનો પડતો કચરો અને તેમના ઘરમાં પડતો શાકભાજી,અનાજ વગેરેનો કચરો કૂંડામાં કાઢીને પોતાની વાડીના જુદાજુદા ભાગોમાં તેમને દટાવવો અને ત્યાં બેજ રખાવવો, એટલે આ કુદરતી રસાયણશાસ્ત્રીઓ સુંદર ફળદ્રુપ જમીન બનાવશે. —હરરાય અમુલખરાય દેસાઇ

આકાશમાં થતી વીજળી

ઇલેક્ટ્રિસિટીનું પાવર હાઉસ જેમ વીજળી ઉત્પન્ન કરતું હોય છે; તેમ મેઘાડંબર પણ વિદ્યુત નીપજાવતું હોય છે. ગાજવીજ સાથે વાતું તોફાન જે બીજું કશું નહિ પણ પવનથી ગતિમાન થએલું ઇલેક્ટ્રિક મશીન જ છે. પૃથ્વી પરથી વરાળ ઊંચી ચડે છે.શરૂઆતમાં તો તે ધીમેધીમે ચડતી હોય છે, પણ પછી ધસારાબંધ ઊર્ધ્વ ગતિ કરતી હોય છે.તે જ્યારે અતિશય ઠંડી ભરેલી ઊંચાઇએ પહોંચે છે ત્યારે તેમાં રહેલી બિનારા નાનાંનાનાં ફોરાંઓમાં જમી જાય છે. ગતિ અને ઘર્ષણને લીધે આ ફોરાં વાતાવરણમાંથી થોડા ધનવિદ્યુદ્ભાર (Postive charges) લે છે. આગામાંનાં ભારે ફોરાં ગુરુતા અને પવનની ગતિને લીધે એકઠાં થઈ નીચલી હરોળમાં ગોઠવાઈ જાય છે.

પૃથ્વી ઋણ-વિદ્યુત્ભારવાળી હોય છે. માથા ઉપર ધન-વિદ્યુત-ભારવાળાં વાદળાંથી આકર્ષણ પામી ઋણ-વિદ્યુદ્ભારવાળી (Negative charged) વીજળી ધરતીની નીચે છાયા વીજળી રૂપે વહેવી શરૂ થાય છે. આ રીતે વાદળાં અને પૃથ્વી બને અનુક્રમે ધન અને ઋણ ધ્રુવ સમાં બની રહે છે. આ બને ધ્રુવ વચ્ચે ખેંચાણ શરૂ

થાય છે. આથી આકાશગંગાના ગતિજન્ય વિદ્યુદ્યંત્ર (Dynamo)માં ભારે વૉલ્ટેજ ઉત્પન્ન થાય છે અને વાદળાં તથા પૃથ્વી વચ્ચેનું અંતર પૂરવા શ્યામલ વાદળોના પડદા ઉપર, પૃથ્વી સરસો લંબાતો, કલાકના બે કરોડ વીસ લાખ માઇલની ગતિની ઝડપવાળો, વિદ્યુલ્લેખાનો લીસોટો અંકાય છે આ સમયે વિદ્યુત્‌ના બે સંયોગબિંદુઓ—વાદળાં અને પૃથ્વી—ઉપર દબાણ (Pressure) સરખું ના થાય ત્યાં સુધી વિદ્યુલ્લેખાના પથ પર વિદ્યુત્પ્રવાહ વહેતો રહે છે.

વીજળી એ વા-વરસાદના તોફાનોમાંથી જન્મતી વિદ્યુત્‌નો નિર્વિજકારો (Discharge) છે. વાદળાં અને પૃથ્વી, આ બે ભુવના ગાળા વચ્ચે જ્યારે વિદ્યુત્-તણખો (Spark) વહે છે ત્યારે માણસના હાથના કેટલી જતડાઇનો હવાનો થર વિજકારાય (Charged થાય) છે અને આની અંદર થઇને તીવ્ર વિદ્યુત્પ્રવાહ વહેવો શરૂ થાય છે. હવા ભૂણ તો ગરમ હોય તે વળી એકદમ વિસ્તાર પામે. આમ થવાથી ગડકા સહિતની મેઘગર્જના થાય છે.

વીજળી એ કંઇ વિદ્યુત્‌નો એક તણખો (Spark) જ નથી, પણ એક જગ્યાએ ઉપરાઉપરી થતા અનેકાનેક વીજઘાત હોય છે. આંખને આંજે દે એવી વીજળી ઝબુકી જાય એટલામાં ત્રણ બાબતો બનતી હોય છે: સેકન્ડના દસ લાખમા ભાગમાં દસ હાજર વૉલ્ટેજ વાળો, નીચી ગતિ કરતો, વિદ્યુલ્લેખા (Bolt) ના પથને ઝગઝગાટ કરતો 'ઝાટકો' (Stroke) ઉત્પન્ન થાય છે; આ પછી પૃથ્વી સાથેના સંયોગબિંદુથી ઉચ્ચ વૉલ્ટેજ વાળો વિદ્યુતનો દુવારો સેકન્ડના પચાસ લાખમાં ભાગ જેટલા સમયમાં વાદળમાં પાછો ફરતો હોય છે. આ વખતે મકાન, ઝાડ, પ્રાણી જે કંઈ વીજળીના સંયોગબિંદુ નજદીક હોય તેને વિદ્યુતનો ઝબકારો ઝટકો લાગે છે. આ પછી સેકન્ડના હજારમાંથી તે દસમા ભાગ સુધીના સમયમાં પૃથ્વી અને વાદળાં વચ્ચે રિબર રહેતો વિદ્યુત્પ્રવાહ વહેતો રહે છે. આ ગાળામાં જેને વિદ્યુત્‌નો ઝાટકો લાગ્યો હોય તે ઘણી, ઝળી કે સળગી ઊઠે છે.

મેઘગર્જના અને વીજળીના ઝબકારા વચ્ચેનો સમય નોંધવામાં આવે તો, વીજળી કેટલા અંતર ઉપર ઝબુકી તેનો ખ્યાલ આવી શકે. અવાજની ગતિ પાંચ સેકન્ડમાં એક માઇલની હોય છે. ધારો કે વીજળીના ચમકારા પછી ૨૦ સેકન્ડ બાદ ગર્જના સંભળાઈ તો એમ બનવું કે ચાર માઇલ દૂર વીજળી થઈ છે.

વીજળી કંઈ ઢેકો જ પથ મહણ કરે એવું પણ નથી. ઓછામાં ઓછા અવરોધનો રસ્તો તે પકડતી હોય છે. લોખંડનાં બાળબંબાનાં મકાનો, ટેલીફોન અને તારના થાંભલાઓ, ઝાડ પક્ષો, વીજળીના તારો વગેરે વીજળીના ઉત્તમ સુવાહકો હોવાથી વીજળી તેમના તરફ વધુ આકર્ષાય છે. વીજળી પડવાથી ઝાડ ચીરાઇ જાય છે. તેના જીવનસત્ત્વ અને જેલની વરાળ થઈ જાય છે અને વિદ્યુત્પ્રવાહ ભૂમની નજીક આવતાં તેની નજદીકની વસ્તુઓ પણ લાપતા થઈ પડે છે. વીજળી મકાનની દીવાલ જેવી, બારીબારણાં બંધ હોય તો પણ, મકાનમાં પેસી જાય છે. બંડમાં લોખંડનો સરસામાન હોય તો તે તેના વહનમાર્ગો બને છે ને તેથી વીજળી નવા સર્કિટમાં પણ વહેવા માંડે છે. નજદીકમાં માનવી હોય તો તેને પણ તે ઝડપી લે છે. એક ને એક સ્થળે વીજળી બીજીવાર પડતી નથી એ માન્યતા ખોટી છે. ન્યૂયૉર્કના એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ ઉપર તે પંદર મિનિટમાં પંદર વાર પડી હતી અને અત્યાર સુધીમાં તેના ઉપર કુલ્લે ૬૮ વાર ત્રાટકી છે.

મેઘગર્જના વખતે ખુલ્લામાં બહાર જવું, કે ખુલ્લી જગ્યામાં આપણો રેઢ જગ્યામાં ઊભી વસ્તુ બની રહે એમ ઊભા રહેવું સલામતીભર્યું નથી. નાનાં ઝુંપડાંવાળાં ઘરોને બદલે ઊંચા ઝાડ કે તારની વાડો પાસે રક્ષણ મેળવવા ઊભા રહેવું તે ઉલટું વીજળીના આકર્ષણપથમાં ઊભા રહેવા જેવું છે. જો આવા વખતે ઘર બહાર હોઇએ તો ઘાડાં જંગલ, ગુફા, ઊંડી ખીણ કે ટેકરાની તળેટી જેવાં સ્થળોએ જતા રહેવું સલામતીભર્યું છે. અને જો કદાચ આવું કંઇ ના બની આવે તો જમીન પર સૂઈ જવાથી સંકટમાંથી ઊગરી શકાય ખરું.

ગાજવીજ વખતે ખુલ્લામાં હો અને જો તમે ગર્જના સાંભળો તો જાણજો કે વીજળી તમારા ઉપર પડનાર નથી. વીજળી તમે જુઓ તો જાણજો કે તમે તેનાથી બચી ગયા છો. જો તે તમારા ઉપર પડી તો તે સંબંધે તમે કશું જાણી શકવાના પણ નથી એમ ઑક્સ છે.

કુદરતનું કોઈ તત્ત્વ નિરર્થક કે નિરુપયોગી તો નથી જ હોતું. વીજળીના વીજભારણ (charging)થી હવાના થરમાંથી નાઇટ્રોજન અને પ્રાણવાયુનું રાસાયનિક મિશ્રણ થઇ નાઇટ્રિક ઍસિડ બને છે અને તેનું વર્ષાદ સાથે પૃથ્વી ઉપર અવતરણ થાય છે. આ નાઇટ્રિક ઍસિડ વનસ્પતિસૃષ્ટિના સંવર્ધન અને ફળ આપવા માટે ઉત્તમોત્તમ કુદરતી ખાતર થઈ પડે છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

નવાં યંત્રો

હાથમાં ઓઢવાળા અપંગો પણ સરળતાથી પુસ્તકો વાંચી શકે તેવું એક યંત્ર તૈયાર કરવામાં આવ્યું છે. એ યંત્રના પાટિયા પર પુસ્તકને મૂકી તેનાં પાનાં સાથે કાગળની ક્લિપ ભેરવવામાં આવે છે અને બધી ક્લિપો સાથે જોડેલો એક દોરો વિદ્યુત્‌મોટરથી ફરતા એક નળાકાર (સિલીંડર) ફરતો વીંટાળેલો હોય છે. વાંચનાર સ્વિચ દાબે એટલે આ નળાકાર ફરે તેમ પાનાં ફરતાં જાય છે.

દીવાસળીના ટોપકાના બે ચોથા ભાગના કદનો એક વીજળિક ડાયનેમો તૈયાર કરવામાં આવ્યો છે, જે નાનકડી છીપમાં પણ સહેલાઇથી સમાવી શકાય છે એક મિનિટમાં એ ૬૦૦૦ આંટા ફરે છે એટ સેકંડના ૧૦૦ આંટાનો વેગ થયો! આ યંત્રનું વજન માત્ર કૂકડ ભાગ જેટલું છે અને તેના કેટલાક ભાગ તો એટલા બારીક અને નાજુક છે કે માત્ર માઇક્રોસ્કોપની મદદથી જ જોઇ શકાય.

બહેરી સ્ત્રીઓનો કર્યું હોય બહુ ખૂબી પૂર્વક ઢાંકી રાખી તેને સાંભળતી કરવાનો એક નવો કીમિયો શોધાયો છે. કાનમાં પહેરવાનાં ઓરીંગની સાથે જ પ્લાસ્ટિકની બનાવેલી એક ઝીણી મારફાંક ભૂંગળી જોડી દીધી હોય છે ઓરીંગ સાથે અફળાતાં અવાજનાં મોજાં ઝીલાઇને એ નળી દ્વારા કાનના પડદા સુધી પહોંચે એવી તેમાં ગોઠવણ કરી હોય છે. આવી ગોઠવણવાળાં ઓરીંગને હવે Hearlings (હીઅરિંગ્ઝ અથવા હેરીંગ્ઝ) એવું નામ અપાયું છે.

ન્યૂયૉર્કમાં આર. વી. ઑન્ડરસન નામના એક શોધકે, રેટકાન પર ટિકિટ આપવા માટે માણસ બેસાડવો પડે છે તેને બદલે મુસાફરોને આપોઆપ ટિકિટ મળી જાય એવું યંત્ર તૈયાર કર્યું છે. યંત્ર પર જુદાંજુદાં ભાગનાં નાગ તથા ત્યાં સુધીનું ગાડીભાડું વગેરે લખ્યું હોય છે. એક ફરતા ચક્ર ઉપર કાંટો હોય છે તે કાંટો, પોતાને જે સ્થળે જવાનું હોય તે સ્થળના નામ પર મૂકે અને યંત્રમાં તે જગ્યાનું ભાડું પણ મૂકે એટલે આપોઆપ યંત્રમાંથી ટિકિટ છપાઈને બહાર આવે છે. એ રીતે કેટલી ટિકિટો ગઇ વગેરેની નોંધ પણ આ યંત્રમાં જ રહે છે રમતગમતનાં મેદાનો અને થીએટરોમાં પણ આવાં યંત્રો મૂકવાની વિચારણા ચાલે છે. —ચલિત ભટ્ટ

ઉતાવરૂ: ગાડીઓ જો વખતસર ન આવતી હોય તો આ તમારાં ટાઈમટેબલનો અર્થ શો છે?'

પોર્ટર: એ જો ન હોય તો ગાડી કેટલી મોડી આવે છે તે શી રીતે ખબર પડે?

નવાં પુસ્તકો

Investigations into Pre-historic Archaeology of Gujarat ૧૯૪૧-૪૨માં ગુજરાતમાં પ્રાગૈતિહાસિક અવશેષોના સંશોધન માટે યોજવામાં આવેલા પ્રવાસમંડળની કામગીરીનો રિપોર્ટ (૪૦૦ પૃષ્ઠનો)અહેવાલ; શ્રી અમૃતલાલ વ. પંડ્યાના આલેખનો, નકશાઓ,આકૃતિઓ,ચિત્રો વગેરે તથા અન્ય કાળા સાધોની-ઘણમુખ ઇ. સાંકલિયા, પ્રકાશક-વડોદરા રાજ્યના પુરાતત્ત્વખાતા તરફથી ઓ. બ્રસ. ગ્રટ્ટે, પુરાતત્ત્વનિધિમંદિર, વડોદરા, ૨૨-૦-૦. Polish Short Stories. પુસ્તકની બીજી આવૃત્તિને મુબારકબાદી આપવી ઘટે છે. છતાં તેમનાથી કોઈ રીતે આંખ ન ઊતરે તેવી, નવલ અનોખી જ ઢબની તીવ્ર આવેગપ્રેરક દસ વાર્તાઓનો સમાવેશ કરાયો છે, પ્રકાશક-ધનેન્દ્રભોગિલાલ લાયબ્રેરી, મુખ્ય વિતરક-પંચ પબ્લિકેશન્સ લિ. ભરવી બિલ્ડિંગ, કીકાભટ્ટ મહેતા રોડ, મુલાઈ-૧, ૪ ૭-૦; Commonsense about Sex જાતીય પ્રશ્નોનું જ્ઞાન આપતા, લીંબાનોરા આર્ટસ્કના વિખ્યાત પુસ્તકની હિંદી આવૃત્તિ: પ્રકાશક-કુલુજ પબ્લિકેશન્સ, બિલ્ડિંગ દૌલત લેહેન, મુંબાઈ-૧, ૨ ૮ ૦; The Aryan Home આર્યોના આદિ વતન વિષે પ્રકાશ પાડતા-મનોરંજક નિબંધ: લેખક-પ્રો. રાવ પ્રા૦ ડૉ. ગાવિંદ પીતાંબર, પ્રકાશક બિલ્ડિંગ, વિકટોરિયા રોડ, કરાચી ૩, ૫-૦-૦; The Gujarat Region and the Parsees હજારેક વરસથી આ દેશમાં વસતી એ નાની પણ મહત્ત્વ ભોગવતી આ કોમે વતનના વસવાટના કારણે ભારતની કરી કમાણી કરી અનોખી: લેખક-પ્રકાશક—ડાયર મુખ્ય

મહાભારત ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણનના હિંદી ઉલ્થાની ૪ ૧ના ૮મા પ્રકરણનો અનુવાદ કે જેમા મહાભારતના પુનર્લેખા ૪ ઢાળ ધર્મ અનેક રાજદરબારોના વર્ણનની વિશાળ હિંદુ ધર્મ કેમ બન્યો તેનું દર્શન કરાવ્યું છે: અનુવાદક ચન્દ્રશંકર શુક્લ, પ્રકાશક વોરા એન્ડ કં. પબ્લિશર્સ લિ., મુબઈ ૨, ૨૦૦ ૦, **શુકનાવલિ** ગુજરાતી ગદ્યસાહિત્યના એક અજાણ્યા વિભાગમાં પંડિત નવલરામ લક્ષ્મીરામનું નવલ શૈલીમાં આલેખાએલું ચરિત્ર: લેખક-વિજયરાય વૈદ્ય, પ્રકાશક-ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, પુઠાં કિં. ૨-૦-૦; **ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ** ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં જેની બાવના, વીરતા, રણકુશળતા અને ક્રાન્તિનું નેતૃત્વ જોઈ રહેલાં અને કે દુનિયાના નારીવર્ગ સમક્ષ એક જવલ્ય આદર્શ રજૂ કરી જનારાં તે વીરાંગનાનું વિસ્તૃત ચરિત્ર: લેખક-ગોવિંદરાવ પાંડુરંગ ભાગવત, પ્રકાશક-ડાયર મુખ્ય, ૧-૦-૦; **બાલકવિ, ઉદ્ધવ અને ભીમ** ત્રણ પ્રાચીન ગુજરાતી કવિતાઓના જીવન અને કવન સંબંધે વિવેચન: લેખક-રાજલાલ ચુનીલાલ મોદી પ્રકાશક-ડાયર મુખ્ય, ૦-૧૪-૦; **ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથ** ઇતિહાસ, વિજ્ઞાન, વૈદક, ચરિત્રાત્મક, જીવનકથા, ધર્મ, સાહિત્ય, રમૂજ, પત્રવ્યવહાર, રોજનીશી, એમ વિસ્તૃત ક્ષેત્ર પર ખેડાયેલ તે એક અજ્ઞાત રહેલી સાહિત્યસામગ્રીની ગાઈડિ આપતી નોંધનો સંગ્રહ: લેખક-દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી, પ્રકાશક-ડાયર મુખ્ય ૧-૦-૦; **દૂધ**-સર્વસંપૂર્ણ ખોરાક-ઢોરની પ્રજની ગાઈડિક અભિવૃદ્ધિ માટે અત્યંત અગત્યના આ પૌષ્ટિક ખોરાક વિષે વૈજ્ઞાનિક તેમજ અન્ય ગાઈડિની આપતુ એક કાર્યોની પુસ્તક: લેખક-નરસિંહ રણછોડ શાહ, પ્રકાશક-ભારતી સાહિત્ય સંઘ લિ. અમદાવાદ, ૧-૮-૦;

આવે તેવા અદ્દિસાની રીતે પ્રજાએ કેમ કામ લેવું કે અંગ વિષયનું પુસ્તક: લેખક ચતુરભાઈ ગાંધી, પ્રકાશક-ડાયર મુખ્ય, ૧ ૦-૦

ગા માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૧ અમેરિકે ફ્રાન્સવાલ્ડ ડી ફ્રાન્સિસ્કો કાયમ થયા, ૧૬૦૦.
તા ૩ પ્રબળ અંગ્રેજ સેનાનાયક ઑલીવર ક્રોમવેલનું મૃત્યુ, ૧૬૫૮.
તા ૪ અમેરિકામાં પહેલી વરસાદ કરવા માટે વિજ્ઞાનિક કૃત્રિમે મે કલાવર નજીકમાં ઉપરથી ઊપડ્યા, ૧૬૪૬.
તા ૧૧ અંગ્રેજોએ સર કેલી ઓનીલિના પરિપાકરૂપ રાજકીય મહાભારી હિંદુ-મુસ્લિમ દુશ્મનના મુંબાઈમાં પહેલવહેલા મેળા,૧૮૮૬
તા. ૧૫ વિદ્વાન અને ચંપારણ્ય હિંદી (ગુજરાતી-મારવાડી) ત્રિવિદ્વ સ્ત્રી અને પુરાતત્ત્વવિદ્ શ્રીરાંકરદીરાચંદ ઓઝાનો જન્મ,૧૮૬૩
તા. ૧૮ સમારંભના બળવાગાં દિલ્હી હબકે કરી અંગ્રેજોએ મુઘલ સમ્રાટ બહાદુરશાહને દુર્ગાપુરના મહેલમાંથી કેદ કર્યો, ૧૮૫૭.
તા. ૨૨ વિખ્યાત મુસ્લિમ વિદ્વાન્ અબ્દુલ પટેલનું અવસાન, ૧૯૩૩
તા. ૨૫ અકબરે કંદહાર જીતી મુઘલ સત્તા વિસ્તારી કર્યો, ૧૫૬૪
તા. ૨૬ હિંદમાં અંગ્રેજ રાજ્યની પહેલી મેખ મારનાર કુટનીતિજ્ઞ રૉબર્ટ ક્લાઇવનો જન્મ, ૧૭૨૫



આ મ ાસની વ્યક્તિવિશેષ

સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્

સત્તરમીસ હિંદી તત્ત્વવિદ્ વિશ્વને દુનિયામાં ગાંધીજી અને રવીન્દ્રનાથ ઠાકુર પછી કદાચ ત્રીજું જ સ્થાન ધરાવનાર, આજના આ જગતખ્યાત તત્ત્વચિંતક અને પૂર્વના તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી પુરસ્કર્તાનો જન્મ ઈ. ૧૮૮૮ની પાંચમી સપ્ટેમ્બરે મદ્રાસ પાસેના તીરુતાણી ગામે થએલો. એમનો સમગ્ર અભ્યાસ મિશનરી શાળા-મહાશાળાઓમાં જ થયો. ૧૯૦૩માં મૅટ્રિક, ૧૯૦૬માં બી. એ. અને ૧૯૦૯માં પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને એમ એ. થઈ એમણે યુનિવર્સિટી-ચંદ્રક મેળવ્યો અને મદ્રાસ પ્રેસિડેન્સી કૉલેજમાં અધ્યાપકનીમાયા. એમની પ્રતિભાનો પરચો તરત જ દેખાવા માંડ્યો અને ત્યાંથી મૈસુર યુનિવર્સિટીએ એમની સેવાઓ માગી. એ પછી સર આશુતોષ મુકરજીએ એમને કલકત્તા યુનિવર્સિટી માટે માગી લીધા. આ સમયે એમણે લખેલાં પુસ્તકો પૈકી 'હિંદી તત્ત્વજ્ઞાનના ઇતિહાસ'નો ગ્રંથ એમને દિગંતવ્યાપી પ્રતિષ્ઠા અપાવી અને ૧૯૨૬ મા 'એકપાયર યુનિવર્સિટી કૉન્ફરન્સ'માં એ ગયા ત્યારે એમની વિદ્વત્તાથી આકર્ષાઈ ઑક્સફર્ડે એમને ખાસ વ્યાખ્યાનો આપવાનાં આમંત્રણો આપનાર યુનિવર્સિટીઓમાં ઇંગ્લંડની ૬૬ અને પીઢ અમેરિકાની યુનિવર્સિટી પણ હતી, જે માન મેળવનાર એ પ્રથમ હિંદી હતા. યુરોપ અને અમેરિકામાં પોતાની એ વ્યાખ્યાનમાળાઓ દ્વારા હિંદી તત્ત્વજ્ઞાનની મહત્તા અને હિંદુ જીવનદર્શનની પારમાર્થિક ઉચ્ચતા સંસ્થાપિત કરીને જે સ્વદેશ પાછા આવ્યા ત્યારે કલકત્તા યુનિવર્સિટીએ એમને પોતાના આજીવન સભ્ય બનાવી લીધા અને આંધ્ર યુનિવર્સિટીએ એમને ડૉક્ટરની તથા સરકારે 'સર'ની પદવીઓ આપી.

'ગાંધીજીની ફરજના અને રાજકીયજીની ઇચ્છાને માન આપી એમણે બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપ-કુલપતિનું પદ સ્વીકાર્યું છે ને એ સંસ્થાને તરતી કરવા પોતાનો સર્વ ભોગ અર્પણ કર્યો છે; છતાં બીજી યુનિવર્સિટીઓ સાથે એમનો ઘણો સારો સંબંધ છે અને તેઓ હજુ પર યુનિવર્સિટી બોર્ડના પ્રમુખ છે અને સ્વતંત્ર હિંદનું રાજબંધારણ ઘડવા નીમાએલી લોકપ્રતિનિધિ સભામાં પણ નીમાયા છે.

(સપ્ટેમ્બર ૧૬૪૩, ૨૧૪

રેવ. નંદશંકર (કરણઘેલાના કર્તા ને ચાર ભનુભાઈના પિતા) અસાધારણ શક્તિવાળા અંગ્રેજદાર તરીકે સર્વત્ર કીર્તી પામ્યા હતા. નાદોદમાં ઍડમિનિસ્ટ્રેટરની જગ્યાએ હતા ને વેળા, કહેવાય છે કે, એક લાંબો તુમાર જોવાઈ ગએલો તે પોતાની સ્મરણશક્તિને બળે સર્વાંમસ્મૃત્યુપુનરવિ લખાવી આપેલો. એઓ પોળકા તાલુકામાં મામલતદાર હતા ને વખતે એક લાઈસન્સ ટેક્સના ઓમાંશે ન્યાયપુરઃસર કરેલી આકારણી કલેક્ટરને આકી લાગી, ને નંદશંકરને વધારે આકારનું પત્રક બનાવી લાવવાનો હુકમ કર્યો. જવાબમાં નંદશંકરે રાજનામું આપી દીધું કલેક્ટર આ હિંમત જોઇ અપ્રસન્ન થયો નહિ.

કહેવતોના અર્થ: 'ઘડીના સો ફેરા ને ઘંટનો એક.' 'કોઈ પણ્યના પ્રયત્નને મુકાબલે મોટાનું સામર્થ્ય અથવા મહત્ના બતાવવાને વપરાતી આ કહેવતનો અર્થ પણ કંઇક સો જ સ્પષ્ટ છે. તેના જેવી બીજી કહેવતો: 'સો દહાડાની પાવસ ને એક દહાડાની વાવસ' (એટલે કે સો દિવસની ચાલુ વરસાદની હેલી ભલે થઈ રોય, પણ્ એકજ દિવસનો નકોરડો કડાકે ઘાય તો જેનું મૂકવી નાખે છે); 'હાથીને હૈયા સમું ને ગધેડાને ગળાગોજા;' 'સોનીના સો ને લુહારનો એક;' 'ગિયાં ગોરે મૂઠે ને અલ્લા ગોરે કૂટિ;' 'એક તરફ રાગને એક તરફ ત્યાગ.'

અમેદાવાદી શબ્દ: કંજરી=એક જાતની વનસ્પતિ; એક પ્રકારનું પંખી; ઝાંઝ અથવા ખંજરી; કાંચળી.

ગણિતચમત્કાર: એક આંકડો ધારો. તેને ઉલટાવીને જુઓ કે આવે તેમાં ધારેલા આંકડા તથા તેની પછીના આંકડાનો સરવાળો કરો. જે જવાબ આવશે તે ધારેલા આંકડા પછીના આંકડાનો વર્ગ હશે. (ફી તમા)

સખત પવન હોય તો ધોએલાં મોજાં સૂકવ્યાં હોય ને દોરીને વીંટળાઈ વળે છે અગર ટોકડાં વળી જાય છે. તે અટકાવવા મોજામાં રવચ્છ રોળ પાંચીકા નાખવા.

બા: કંતુના પેટમાં સળગ ચૂંક આવે છે; ડાક્તરને બોલાવીશું?

બાપ: છટ્, એને તો રોજ બોગ પેટમાં દુખે છે.

બા: ના; પણ આગાઉ કદિ રનને દહાડે નથી દુખ્યું

વિજયનગરના મહાન હિંદુ સામ્રાજ્યનો સોનાને ત્રાંબાના કે અનેક સિક્કાઓ ગળી આવે છે તેમાંનો અચ્યુતરાયનો (ઈ.૧૫૩૦–૪૨) સિક્કો આહીં આપ્યો છે, એમાં એક તરફ કોઈ દેવતાનું ચિત્ર અને બીજી બાજુ લખાણ છે. આ સિક્કાઓનું અનુકરણ તેની પછીના દેશી રાજાઓએ જ માત્ર નહિ, પણ પાછળથી આવેલા દક્ષિણ હિંદના મુસલમાની વિજેતાએ એ પણ કરેલું.

ખુરશીનું નેતર ઝોલો ખાઇ ગયું હોય તો ખુરશીને ઊંધી નાખી નેતર પર જાડું ભીનું કપડું બરાબર મૂકી રાખવું પછી કપડું બરોબર સુકાવા દેવો એટલે બરાબર થઈ જશે.

અમેરિકાના સ્વ. લોકપ્રિય પ્રમુખ કૂલેજના રમરણમાં પાડેલો દસ સેન્ટનો સિક્કો

ઇંડાને રાખે પૉલિશ લગાડી રાખીને બીજે દિવસે સવારે પૉલિશ કરવાથી બરાબર તરત આવશે, અને વળી વધારે તેજદાર આવશે.

ખબર છે?

પ્ર—માણસના અંગૂઠાની છાપ જેવી કૂતરાંના નાકની પણ છાપ લઈ શકાય છે? અને માણસનાં આંગળાંની પેઠે કોઇપણ બે કૂતરાંનાં નાકની છાપ બરાબર એકસરખી નથી હોતી?

પ્ર—અનાજના કણસલામાં દાણાની સંખ્યા હમેશાં જોડી એકની જ હોય છે?

પ્ર—આ દુનિયાપર મોટા પ્રાણી કરતાં નાનાં જીવજંતુ છે; એટલાં બધાં કે તેનું જો વજન કરવામાં આવે તો દુનિયાભર નાં મોટાં પશુ પ્રાણીઓના વજન કરતાં પણ વધી જાય!!

ટી. જુવાન માણસને જ્યારે પોતાની શક્તિ કે પિતાની લાયકીનું વધારેપડતું ભાન રાય છે ત્યારે તેનો વિકાસ અટકે છે; અને . . . કદાચ પતન શરૂ થાય છે.

ચીનાઈની ઘસ્ત્રી સાફ કરવા માટે સીગરેટની રાખમાં જરા ઘવાઓલું કપડું ભેળી તે વડે ઘસ્ત્રીની સપાટી ઘસવી અને થોડી વાર રહી કોરા કપડાથી તે ઘસીને સાફ કરી નાખવી. ચાદી જેવી ચમક આવશે.



દૃષ્ટિફેરની ગમ્મત: બાજુના ચિત્રમાં દર્શાવેલા ચિરાગદિવેટ તેની બેઠક ઉપર સપાટ ઊભેલો પણ દેખાશે; ને તેની બેઠકનું તળિયું તમને દેખાતું હોય ને પોતે માત્ર નીચલા ખૂણા ઉપર જ ટેકાઇને ઊભો હોય એમ પણ દેખાશે.

પડદાના નીચલા બંને ખૂણે સીસાની નાની ગોળીઓ સીવી લેવાથી પડદા બરાબર રહેશે ને પવનના ઝપટામાં ઊથલપાથલ નહિ કરે.

ટિકિટો પર ખ્રિસ્તી ધર્મના પ્રતીકો

(૧) પૅલેસ્ટાઇનની ટિકિટ પર બેથલેહેમના બાદશાહ પરની દેવતાનો ધુગટ; (૨) બેલ્જિયમની ટિકિટ પર કૂસેડર; (૩) પૅલેસ્ટાઇનની ટિકિટ પર પૅલિલીનો સમુદ્ર; (૪) આયર (આયર્લંડ)-ની ટિકિટ પર ક્રૂસ; (૫) આર્જેન્ટિના–દક્ષિણ અમેરિકા–ની ટિકિટ પર ઈશુ ખ્રિસ્ત

આયુર્વેદાશ્રમ ફાર્મસી લિમિટેડ (અહમદનગર)ની
પ્રખ્યાત ઔષધિઓ!

સુપર્ણા

સુપર્ણા ટીકડીઓ મેલેરીયા અને તેને લગતા ટાઢીઆ-મુદતી તાવને હઠાવવાના દરેક ગુણો ધરાવ છે. જરૂર મુજબ અમુક સમય ચાલુ લેવાથી સંપૂર્ણ આરામ આપે છે.

કાસ્ફો

ગમે તે જાતના કફ તથા ખાંસી માટે 'કાસ્ફો' [KASPHO] અકસીર છે. વસાકા અને બીજી પ્રખ્યાત ઔષધીઓના મિશ્રણની આ ટીકડીઓ 'ખાંસી'ના મૂળ કારણને દુર કરે છે.

ગુજરાતના સોલ એજંટ: **ભારતીય ઉદ્યોગ પ્રચાર કાર્યાલય** ૧૪, ભારકર લેન મુંબાઈ-૨

મળવાનાં સ્થળ:
ચંદુલાલ ત્રિભુવનદાસ ત્રણ દરવાજા, અમદાવાદ • હરીશંકર દેવશંકર શુકલ, ઉમરેઠ.
મોહનલાલ પ્રભુદાસ, ધંધુકા • પી. શિવદત્તની કું. કોરીરોડ, વડોદરા.
એ. રોય એન્ડ કું. રાવપુરા, વડોદરા. • હિન્દી વસ્તુ ભંડાર, સુરત.
તથા બીજા સ્ટોકીસ્ટોને ત્યાંથી મળશે.

રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશીયલ નં. ૧

મગજનાં જ્ઞાનતંતુઓ બળવાન બને છે, ધોળા વાળ કાળા થાય છે, ખરતા અટકે છે, વધે છે અને ટાલમાં વાળ ઉગે છે, ઊંઘ મટે છે, યાદશક્તિ અને આંખોની દૃષ્ટિ વધે છે. ગાઢ નિદ્રા આવે છે, માથાનો દુઃખાવો મટે છે. દરેક ઋતુમાં બહેનો, પુરુષો અને બાળકો માટે ગજબ ફાયદો કરનાર છે.

મોટી બાટલીના રૂા. ૩-૮-૦ • નાની બાટલીના રૂા. ૨-૦-૦
બધે મળે છે

શ્રી રામતીર્થ યોગાશ્રમ ૪૪૮ • સેન્ડહર્સ્ટ-રોડ મુંબઈ-૪

K. C. M.

PRODUCTS

AN INTERNATIONAL REPUTE

PRODUCTS

Trade Inquiry to

KARAN. C. MEHTA

64/66 Chakla Street, Bombay-3

Phone : 26963 Grams : Hataknath

શાંચા:—માંડવી રોડ · બરોડા

મુંબાઇ અને આખા હિંદનાં સર્વ
અગ્રણી કારખાનાઓમાં વપરાતી
મશીનથી તૈયાર થતી
સાદા મોંવાળી અથવા પેચવાળા મોંની
ગુર્જર્સ લિમિટેડ
ની બનાવેલી
ફેન્સી શીશીઓ
સુંદર આકારમાં મેળવવા માટે લખો યા મળો
અશ્વિન એન્ડ કું.
જયા ભુવન · બાલા હનુમાન અંદર · અમદાવાદ
તે ઉપરાંત
વિવિધ કદના બુચો, બેકેલાઈટ અથવા
ટિનના ઢાંકણાં, રીનોલ્ટ ફાઉન્ટન
પેનશાહી વગેરે પણ મળી શકશે.

ડાલ્ડા તમારા માનીતા શાકને સ્વાદ આપેછે—અને તમને તાકાત પણ આપેછે!



ડાલ્ડાથી રંધાયેલો ખોરાક કોઇ છાંડશે નહિ. ત્વરિત પાચનકારક અને વિટામિનવાળું, ડાલ્ડા તેના આનંદજન્ય સ્વાદથી સાદી વાનગીઓને પણ ઉમદા બનાવે છે અને તમારા રોજના ખોરાકનો એકસરખો કંટાળો દૂર કરે છે. ડાલ્ડાથી રાંધો અને તમારો ખોરાક જાણીતા પૌષ્ટિક સત્વોથી ભરેલા આ ચોખ્ખા રાંધવાના સાધનથી સુધારો. અને યાદ રાખો કે ડાલ્ડા એ શાંતવાનું સામાન્ય સાધન નથી—તે કુટુંબને તંદુરસ્ત રાખે છે અને તેમને વધારાની તાકાત આપે છે.

★ ડાલ્ડા પાકશાસ્ત્ર (રસોઇ બુકમાં)ની મદદથી તમારા ખોરાકનું આયોજન કરો. તેમાં તેમના ખોરાકી તત્વો માટે પસંદ કરાયેલી ૧૫૦ ઉપરાંત લહેજતદાર હિંદી વાનગીઓની માહિતી છે, તમારી નકલ માટે ૪ આનાની ટિકિટો Dept. B393 P.O. Box No. 353, Bombay, સરનામે મોકલો.

THE HINDUSTAN VANASPATI MANUFACTURING CO., LTD.

રેકસોના

ચામડીને સૌંદર્યભરી બનાવે છે

. . . ચામડીનું આરોગ્ય જાળવીને

હા, કારણ કે રેકસોના ચામડીના આરોગ્યને, જે ચામડીના સૌંદર્યનું સાચું કારણ છે તેને સક્રિય ઉત્તેજન આપે છે અને જાળવે પણ છે. ચામડીને લાસિત્યવાળી બનાવવાનો દાવો રેકસોના યોગ્ય રીતેજ કરી શકે છે.

રેકસોના આ કેવી રીતે કરે છે?

કેડીલ નામના ચામડીના ખાસ જંતુવિનાશકના ઔષધથી તે આ પ્રભાવે કરે છે, અને રેકસોનાનું સત્વર બનતું વિપુલ ફીણ જ્યાંથી ચામડીની કરિયાદો અને દર્દો વારંવાર થાય છે ત્યાં તેના દરેક છિદ્રમાં આરામ આપતા અને નિર્મળ કરતા કેડીલને ઉંડે લઇ જઇ શકે છે તેથી પણ.

કૌટુંબિક વાપરવા માટે–રેકસોનાં

કુટુંબનો દરેક માણસ આ રમણીય, લીલો અને સત્વર ફીણ વળતા સાબુના ખાસ ગુણોની પ્રશંસા કરશે..... સ્ત્રીઓ તેની ખુબ પ્રશંસા કરે છે કારણ કે તે ચામડીના સૌંદર્ય ઉપર ક્રિયાત્મક અસર કરે છે. અને પુરૂષો કારણ કે બીજા લોકો કરતાં તેઓ હંમેશાં ચામડીને તાજગીભરી રાખવાની મુખ્ય આવશ્યકતા જાણે છે. અને બાળક માટે એનાથી વધારે

સારો અને સલામતવાળો કોઇ સાબુ નથી. રેકસોનાનું સૌમ્ય ઔષધવાળું ફીણ દાઢમાં આરામ આપે છે; અળાઇઓમાથી રક્ષણ આપે છે; અને બાળકની ચામડીને ઠંડકવાળી અને તાજગીભરી રાખે છે, દરેક માણસોએ રેકસોના હંમેશાં વાપરવો જોઇએ, કારણ કે તે ચામડીને સૌંદર્યભરી બનાવે છે.

★ રેકસોનામાંનું કેડીલ જંતુવિનાશકતાનું, આરોગ્યદાયક અને પૌષ્ટિક તેલોનું ખાસ મિશ્રણ છે, જે ચામડીના આરોગ્ય ઉપર પ્રબળ અસર કરે છે. આરામ અને રક્ષણ આપતું કેડીલનું કાર્ય વૈજ્ઞાનિકો માન્ય રાખે છે અને તેની ભલામણ કરે છે.

રેકસોના બલમ વાપરો. જખમ, સોજો, ગુમડાં ખરજવું, ચાંદા, ખીલ, અળાઇઓ, ફોલ્લા, દાદર, દરાજ અને ચામડીના બધાજ દર્દો માટે આ બલમ વાપરો. એ કે માલ પુષ્કળ નથી છતાં ઘણા વેપારીઓ પાસે પ્રખ્યાત વિદેશી આકારના ઘોડાઓ હજી છે.

RF 29-23 10 GJ

REXONA PROPRIETARY LIMITED

ન્યુપિટર મિલ્સ . . . જયભારત મિલ્સ
અમદાવાદ

- ઉજાણી તથા પર્યટનમાં તેમજ વારતહેવારના પ્રસંગે સુંદર સજાવટ માટે સુયોગ્ય
- શારીરિક સ્વાસ્થ્ય સંરક્ષણને અનુલક્ષીને કાળજીપૂર્વક બનાવેલું
- કરકસરનો સિદ્ધાંત અપનાવી લેતું

વૉયલ ★ સાડી ★ શર્ટિંગ ★ હાથરૂમાલ ★ પોપલીન

ઉપર: ડાબી બાજુ–સંત ઝેનેબ્યાવ (કલાકાર–પુષ્પી દ સાવાં); વચ્ચે–ત્રણ એણા (કલાકાર–ડેગોગા); છેડે–ગાદીકબ્રો: ગાદામા લેજુન અને તેમ કન્યા (કલાકાર–ગાદામા લેજુન પોતે); નીચે–બાકનાલ બગ્ગ (કલા ગાધરેલઍન્ક્રેલો) યુરોપના ચાર સમર્થ કલાકારોનાં આ ચાર જગના ચિત્રો કલાના ઉત્કૃષ્ટ નમૂના ગણાય છે. એમની દરેકની ચિત્રસંયોજ એક એક વિશિષ્ટ પ્રકારની છે, જે તે તે ચિત્રની ભાવવ્યંજનાને અનુકૂલ બનાવે છે. એમની એ લાક્ષણિકતા આ અંકમાં પૃ. ૨૦૪-૫ ઉ વિવેચનથી સમજવવામા આવી છે.

નવી સાડી
નવી ભાત
નવી ડીઝ
નવું બ્લાઉઝ
'નટરાજન'
નટરાજન ભીલ્સ લી.
ડ્રોલ

આવતી કાલનાં
નાગરિકોનું
માસિક



સ્તૂપના તોરણની કમાન
(મથુરાનું અદ્‌ભુત શિલ્પ)

ઑક્ટોબર ૧૯૭૪ ઈ.સ.૧૬૯૫
તંત્રી
બચુભાઈ રાવત

સંસ્થાપક : રવિશંકર રાવળ

મીનાક્ષીદેવી (મદુરા)

દક્ષિણ ભારતમાં આવેલી મદુરા નગરી તેના મહાન મીનાક્ષીમંદિરથી સુપ્રસિદ્ધ છે. કળા, કલ્પના અને ભવ્યતાનું અદ્‌ભુત સર્જન એના સ્થાપત્યમાં ઠરવઠ માલમ પડે છે. આ ચિત્ર દેવીના ગર્ભમંદિરના પ્રદક્ષિણા માર્ગ પર જતા એક વનવાસી દંપતીનું છે મીનાક્ષીદેવીનું શ્રી સુંદરેશ્વર (શિવદેવ) સાથે લગ્ન થયું ને તિથિએ દર વર્ષે મદુરામાં હજારોની સંખ્યામાં આવા વનવાસીઓ આવીને દેવીની સમક્ષ ને શુભ મુહૂર્ત, માની તેની સમક્ષ પોતાના હાથ મેળવી, પ્રદક્ષિણા ફરી, પોતાનું લગ્ન કરી લે છે અને પછી સાથે આશીર્વાદ પ્રસાદ દેવીને ચરણે મંદિરના ભવ્યાગણને ફરતે કોઈ વૃક્ષ નીચે બેસી સહભોજન કરે છે. કુદરતે ઘડેલી અદ્‌ભુત મિલનમૂર્તિ જેવી આ વન્ય દંપતીઓને જુઓ તો બીજા ને કેવાનાં મૂતળાં ગાંમાં પડતા ભાગે વસ્ત્ર અને વૈભવની જરા પેસપૂંદ નહિ છતાં આ ભાગ જનતામાં પવિત્રતા અને શ્રદ્ધા ભવ્યતે ભાવ ભાવને છે



ચિત્રો

સ્તૂપના તોરણની દગાન	મથુરાનું પ્રાચીન શિલ્પ	પૃ. ૬
મીનાક્ષીગૌરિ	ચિત્રકાર - રવિશંકર રાવળ	ચિત્રની મુખત્રિય
ગુપ્તકાળની મથુરાની બુદ્ધપ્રતિમા		પાછળ પૃષ્ઠમાં
સારનાથમાંની બુદ્ધપ્રતિમા		,, ,,
નાધાર શિલ્પની ,,		,, ,,

કાવ્યો

ભવ્ય સ્તાર		સુન્દરમ્ ૨૧૬

ચરિત્ર-તાદિકા—

રણછોડલાલ	યશોધર નગેદ્રશંકર ગાદેના	૨૨૦

લેખો

પ્રવાસ-ગંજરી [૭] મથુરાની શિલ્પકળા	રવિશંકર રાવળ	૨૧૮
ચિત્ર-વિજ્ઞાન[૬](અર્ધેન્દ્રકુમાર ગાંગુલી)	સૌ. અપર્ણા ત્રિવેદી	૨૨૪
ભારતીય નાટ્યનો ઉત્પત્તિકાળ	યોગેન્દ્ર પ્રિયદર્શી	૨૨૮
રસદર્શન-૩૧	હરિપ્રસાદ ગ. દેસાઇ	૨૩૬

વિભાગો તથા પ્રકીર્ણ –

વિવિધ આલબમો	ચિત્રકાર - રજુ દેસાઇ (ચિત્રજ્ઞાન)	૨૧૬
કસોટી		૨૨૮
Our Friends Abroad (પરદેશના પત્રમિત્રો)		૨૨૬
માધુકરી		૨૩૬
આ માસનું વેણી-સારસ		૨૬૬
આ માસ ધતિહાસમાં		૨૬૬
છેલ્લું પાનું		૨૪૦

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થવા દેવાય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. ગમે તે અવસ્થામાં અંક ન મળે તો તરત બેસાદ આડતિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત મોકલીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થયેલા અંકોની ફરિયાદોને, આવતી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થયેલા કોઈ પણ અંકો બરાબર કરી આપવાનું કાયદેસરનું કશું બંધન આવતે માસે રદબાતલ થયું તેની માહકોએ ફરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ વતી તેમનો મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ ચીમનભાઈ રાવત. મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ ન પિન બ્રિટિશ ઇન્ડિયા. ૧, પરદેશમાં રૂ. ૭-૦ અથવા ૧૨ શિલિંગ. મુદ્રક પ્રકાશનના કમ આના. પાછળ પૃષ્ઠોના અંકો અપ્રાપ્ય છે. જે કોઈ કુમારીય અંકો અને છે તે રૂ ૨-૦ની કિં. ૧-૪-૦. જાહેર જાહેરના મોટા એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની, અનેના બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબઇ-૧; અમદાવાદમાં મોરેશ મોટર સામે, અંધેરી.

કુમારમાંનાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટા કૉપીરાઇટથી રક્ષિત છે

અમારી વિશિષ્ટતાઓ

પોપલીન, લોંગ ક્લોથ, તથા
ટપીલ ક્રોમ્બ્રક, સુતરમાંથી
બનાવેલી ફેન્સી ધોતી, સાડી
જેકાર્ડ સાડી, ફેન્સી શર્ટીંગ,
વાયલ, મલમલ ટ્રાન્યિા વગેરે

ધી રૂસ્તમ જહાંગીર વકીલ મિલ્સ લિ.

દૂધેશ્વર રોડ · અમદાવાદ .

આ કાપડ

* રેશમ જેવું સુંવાળું છે.
* ટકાઉ હોવાથી કોઈપણ મિલ
કરતાં કિંમતમાં સસ્તું પડે છે.
* આકર્ષક અને અપ ટુ ડેટ હોવા-
થી સંપૂર્ણ સંતોષ આપી શકે છે.

★

ડાલ્ડા તમારા માનીતા શાકને સ્વાદ આપેછે—અને તમને તાકાત પણ આપેછે!



ડાલ્ડાથી રંધાયેલો ખોરાક કોઇ છાંડશે નહિ. ત્વરિત પાચનકારક અને વિટામિનવાળું, ડાલ્ડા તેના આનંદજન્ય સ્વાદથી સાદી વાનગીઓને પણ ઉમદા બનાવે છે અને તમારા રોજના ખોરાકનો બેકસરખો કંટાળો દૂર કરે છે. ડાલ્ડાથી રાંધો અને તમારો ખોરાક જાણીતા પૌષ્ટિક સત્વોથી ભરેલા આ ચોખ્ખા રાંધવાના સાધનથી સુધારો. અને યાદ રાખો કે ડાલ્ડા એ રાંધવાનું સામાન્ય સાધન નથી—તે કુટુંબને તંદુરસ્ત રાખે છે અને તેમને વધારાની તાકાત આપે છે.

★ ડાલ્ડા પાકશાસ્ત્ર (ફક્ત અંગ્રેજીમાં)ની મદદથી તમારા ખોરાકનું આયોજન કરો. તેમાં તેમના ખોરાકી તત્વો માટે પસંદ કરાયેલી ૨૫૦ ઉપરાંત સ્વાદિષ્ટ હિંદી વાનગીઓની માહિતી છે. તમારી નકલ માટે ૪ આનાની ટિકિટો Dept. B393 P.O. Box No. 353, Bombay, સરનામે મોકલો.

HVM. 49-23 GJ

THE HINDUSTAN VANASPATI MANUFACTURING CO., LTD.

રેકર્ડ

વિજય ફોટોફોન

નૂતન
વર્ષાભિનંદન

'વિજય ફોટોફોન'
એટલે જ
'રેકર્ડ ફોટોફોન'

અમદાવાદ



જ્યારે તમે તાજા, સુંદર ખિલતા ગુલાબને સંધ્યાના અજવાળામાં ઝૂલતાં જોશો ત્યારે તમોને વિચાર આવશે કે વિનોલિયા વ્હાઇટ રોઝ તમારો માનીતો સાબુ છે. તમારા સૌંદર્યની વૃદ્ધિ માટે બીજો કોઈ વધારે સારો અથવા તો સુંદર સુવાસિત સાબુ હોઇ શકે નહિ. મુલાયમ, ઉભરાતા ફીણવાળો વિનોલિયા અતિ સુકોમળ ચામડીને માર્દવતાથી સ્વચ્છ કરે છે અને તમારી આસપાસ મનોહર સૌરભ પ્રસરાવે છે.

વિનોલિયા વ્હાઇટ રોઝ સાબુ

VINOLIA COMPANY LIMITED, LONDON, ENGLAND

VWR. 20-28 GJ

આકર્ષક દાંત !

તમારા હાસ્યને કેટલો વધારે ઉપયોગી?

એક રમણીય હાસ્ય માનવીના અંતરનું પ્રવેશદ્વાર છે. દાંતના પારાના કેફથી તેને ભયજનક સ્થિતિમાં મુકતા નહિ. આફ્રાદક એસ આર. કુથપેસ્ટથી* નિયમિત સ્વચ્છ કરતાં તેમને તે મજબુત પારામાં નિર્મળ અને ચળકાટવાળા રાખવાની ખાત્રી આપશે.

* દાંતની ફરીયાદો માટે ડૉકટરોમાં અગ્રણી વપરાતુ ક્ષાર સોડીયમ રીસીનોલીએટ તેમાં છે.



GSR 26-50 CJ

D. & W. GIBBS LIMITED, LONDON, ENGLAND

★ લક્સ – નટીઓનો સૌંદર્ય સાબુ ★

LTS. 142-111-40 GJ

LEVER BROTHERS (INDIA) LIMITED



વિવિધ આભૂષણોના વિવિધ દેખાવનાં ચિત્રણ

કલાકાર શ્રી કેતુ રેવાકાંત મોરબજારી-'ચૂનારિયા'ની આખરની અમિલ આવૃત્તિમાં



ભવ્ય સતાર

અહોહો, ઝનઝન ભવ્ય સતાર!
રણઝણે તારતાર પર તાર!
અધર ગગનમાં ચડી પૃથ્વીનું તુંબ રહ્યું તેં ગોદ,
સપ્ત તેજના તંતુ પરોવી તેં છેડ્યો કામોદ. અહોહો૦
કુંજકુંજ કોયલ ગૈ થંભી થંભી ગ્રહઘટમાળ,
ક્ષીરસિન્ધુએ તજી સમાધિ, જાગ્યો બ્રહ્મમરાળ. અહોહો૦
અમે પૂછતા કોણ વરસતું, નહિ વાદળ નહિ વીજ,
તેં તારો મુખચંદ દરસિયો, મુજને પડી પતીજ. અહોહો૦
ઘૂરઘર ભીતરની ભીતર, એ જ એક ઝંકાર,
કૈંક કળ્યો કૈં અકળિત, તોયે મીઠો તુજ મલ્હાર. અહોહો૦
સૌ ભાગે છે લલિત વસંતે ભૂપ ભવ્ય કલ્યાણ!
હું ભાગું આઈ! આસાનું મંજુલ મંજુલ ગાન. અહોહો૦

સુન્દરમ્

આધુનિક અમદાવાદના વિધાયકનું જીવનદર્શન કરાવતી રેડિયો-નાટિકા ★

ઑલ ઇન્ડિયા રેડિયોનું ફો. પ૦૦નું ઈનામ મેળવનાર આ નાટિકા તા. ૨૨ મી ઑક્ટોબરે મુંબઈ રેડિયો સ્ટેશનેથી બ્રોડકાસ્ટ થશે. લેખક

શ્રી યશોધર નર્મશંકર મહેતા બા.એ.એટ-લૉ

આવાજ : બેટા ! હું અહમદશાહ છું. તું મારો માનસપુત્ર છે; શહેરે અહમદાબાદનો સાચો વારસ છે; વારસો સાક્ષરથી મારો આંબાવાડિયાવાળા એકલા મુસાફરના આવાજની ગાફેલ ભાંજી ગયો છે નારાજ ને નાકમેદ અહમદશાહે તને ચોળેચોળે ને ગલીએગલીએ ખોળ્યો, વર્ષોથી ખોળ્યો; પણ તું લાધ્યો નહિ. હર રાત રોનકમાં રાતભર આંસુ સાર્યા રાતભર બંદગી ગુજારી. માણેકનાથને વીનવ્યા; ને માણેકનાથનો આત્મા જગાડ્યો. એ આત્માએ કહ્યું કે ગિરનારના એક તપસ્વીના શરીરમાં તે ઊતર્યો છે, માટે ત્યાં જા. બેટા ! હું ત્યાં ગયો તપસ્વીને જગાડ્યા. તપસ્વીએ કહ્યું, 'જા, તારો વારસ ઊઠતા બપોરે ઘેર જવાની ચૂકયો છે, સાત વરસ થયાં. જા, મેં માણેકનાથે ગાઢું વચન પાળ્યું છે. તારા શહેરનો જે ધરીબળમાં જન્મ છે તે જ ધરીબળમાં એના જન્મનો સંકેત મેં યોજ્યો છે ! જા. હવે ભટકવાની જરૂર નથી. માણેકનાથના તને ને તેને આશીર્વાદ.' (બોડા વારે)

બાળક : પણ મને તો બહુ ઊંઘ આવે છે. હું તો સૂઈ જાઉં છું.

આવાજ : ઊંઘ ! બેટા, ચારચાર સૈકાથી હું ઊંઘ્યો નથી ને ઊંઘની સામે ઝઝૂમ્યો છું ! ઊંઘની તો હવે મારે જરૂર છે, તારે કે તારા અહમદાબાદને નહિ. (બાળક બગાસું ખાય છે.)

બાળક : (રડવા જેવા અવાજે) બાઈ, મને તો ઊંઘ આવે છે. જવા દોને ! કાલે સવારે આવીશ.

આવાજ : (હસતાં હસતાં) સવાર તો પડી ચૂકી છે.

ત્રીજું તેજ માણેકનાથના આત્માનું ગિરનારના તપસ્વીમાં અવતરણ હતું. એટલે મેં બે આવ્યો બે પ્રસંગ—અહમદશાહના આત્માની સૈકાઓની ઝંખના, તેનું ગિરનારના તપસ્વીમાં ઊતરેલા માણેકનાથની આગળ હૃદયનિવેદન, અને 'જા તારો વારસ ઊંઘા બપોરે ઘેર જન્મી ચૂક્યો છે' એવું તપસ્વીનું વચન—કલ્પનાથી શરૂ કરીને, સાંધોસાંધ ઘડીને, નાટકને અનુરૂપ રચ્યો. રણછોડલાલના સ્થૂલ જીવનની પાર જોવાની ગાઢ મને છેટકી આ પ્રસંગમાં સાંપડી તેવી જ એક ખીજા પ્રસંગમાં પણ સાંપડી. આ પ્રસંગ તે ઓમની બારનારીનો. ખરતરવી બપોરે તે આસિસ્ટન્ટ-કોલિક્ટર ઑનરેટ હતા.

રણછોડલાલ-ઉપર રૂશ્વતનો આરોપ મુકાયો. તેમનાં પત્ની કંઈબા બારટતે આઠ હજાર રૂપિયાની તેમણે લાંચ લીધેલી એવું તહોમાત મુકાયું. લાંચ લુણાવાડા દરબાર તરફથી મળેલી. આ હકીકતમાં નીચેના ત્રણ મુદ્દાઓએ મારી કલ્પના સતેજ કરી : (૧) આઠ હજાર રૂપિયામાં 'આઠ'નો આંકડો; (૨) લુણાવાડા દરબારે ગાદી ઉપર આવ્યા "પાછી"—પહેલાં નહિ—બરાબર 'આઠ'મહિને ને રકમ કંઈબાને મોકલાવેલી તે રૂશ્વતકહકીકત; (૩) કંઈબા તરફ દરબારનાં માતુશ્રી બહારગામ રાણી સાહેબનો અપૂર્વ ભક્તિભાવ, અને તેમણે દરબારને જણાવેલું કે ગાદી ઉપર આવ્યા બાદ આઠ હજાર કંઈબાને આપવા; તે પ્રમાણે નાણું અપાએલું.

સ્થૂલ દૃષ્ટિથી જાણે એ રૂશ્વત હતી; પણ 'આઠ હજાર', 'આઠ માસ પાછી', 'ગાદીએ આવ્યા પાછી', 'દરબાર રાણીસાહેબની ઇચ્છાનુસાર' બધાંએ બારીકોની પાછળ જે રહસ્ય જોયું. કંઈબાને રાણીસાહેબ

બાળક : સૂરજ બપોર ?

આવાજ : તું જન્મ્યો ત્યારથી પહોર કાપ્યો છે.

(ચારના ઠેકા સંભળાય છે, ઢંકોરો પણ બોલે છે)

આવાજ : અહમદાબાદના આકાશના ! સૈકાઓના સાગરમાં અહમદશાહનો આવાજ શમે તે પહેલાં આટલું સાંભળ. અહમદાબાદની માટીમાં તું મળે તે પહેલાં એ માટીમાંથી સ્વર્ગ સર્જજે. એ માટીમાં તારો પરસીનો રેડી તેને પવિત્ર કરજે. એની હવા, એનાં પાણી ને એની જમીન તારાં છે ને તું એનો થજે. એની ઇજ્જતની ખુરશ્ય સારા હિંદુસ્તાનમાં ફેલાવજે. આકાશચુંબતાજમિનારાઓની માલાકતારો ઊભી કરજે. ઉદ્યોગનો અગીર થજે, આરામનો નહિ. ઉદ્યોગથી એને ધનવાન કરી ધનવાન થજે. ધનથી સત્તા મેળવજે, સત્તાથી ધન નહિ. તારાં ધન ને શરીર સાંકેતિક છે. અને બેટા ! અહમદશાહ ઈચ્છે છે કે તારી સત્તાનો સંન્યાસ તું ને તારા નશીરાઓ શહેરે અહમદાબાદની ઈજ્જત ને આબાદીમાં કરજો, ને સેવા તથા સમર્પણથી બલિદાનવાન થજો. અને...અને આ અવાજની વાત કોઇને કરતો નહિ. વચન આપ.

બાળક : (બગાસું ખાઈ) વચન છે. (બગાસામાં સૂઈ જાય છે.)

[સવાર પડવા આવે છે.]

મા : બાપુભાઈ ! અલ્યા કયાં ગયો ? ઓત્તારીની ! અલ્યા ત્યાં ઢેંગ પડ્યો છે ? (સ્વગત) આ છોકરો ત્યાં કયાંથી સૂઈ ગયો ! (ટટ્ટોળીને) ઊઠ, બાપુ ! તું અહીંક થાયો ?

શક્તિનું સાક્ષાત સ્વરૂપ માનતાં હશે. અને કંઈબા શક્તિનાં અવતાર હતાં તે વાત ખરી છે. આદનો આંકડો 'શક્તિ'નો બનાવ છે તે બાબતની હકીકત છે. એ લાંચ નહોતી—ગાદીએ આવ્યા 'બાદ' લાંચ કેમ ? —સંકલ્પની સિદ્ધિરૂપ ભેટ હતી. ગમે તેમ હો; પણ મારી કલ્પનાને તેની પાછળ, કંઈબાના આઠ હજારની પાછળ, રણછોડલાલનાં સતી દાદીમાનો સંકેત સમજાયો.

સ્થૂલમાં સૂક્ષ્મ જોવું એ કલાકારનો ધર્મ છે, કર્મ છે, બારસાહક છે. મેં જોયું અને નાટકમાં મૂક્યું. સ્થૂલ સૃષ્ટિએ જ બારતવસૃષ્ટિ છે એવો પ્રતિબંધ કલાકારની કાંતદૃષ્ટિને દોતો નથી, દોઇ જ ન શકે. એની કલ્પના, એનું આંતર જગત, બારતવ જગત જેટલું જ સત્ય છે. અને હેતુની સિદ્ધિમાં જ જે સત્યની પ્રતિષ્ઠા માનીએ,તો રસાસ્વાદનો હેતુ સિદ્ધ કરાવવામાં કલાકારની દૃષ્ટિના સત્યની પ્રત્યક્ષ પ્રતિષ્ઠા છે. એવો અતીંદ્રીય રસાસ્વાદ કરાવનાર કલાને બારતવિક અબારતવિક બધેરે અર્થહીન વિચાર-ગોકળગાયમાં જોવી સહાની નથી.

આ નાટકમાં સૈબહને પાત્ર રૂપે બનાવ્યો છે. ફ્રેન્ચ લેખક 'સારાબર્નીવી'નાં નાટકોમાં મેં આ પ્રયોગ લંડનમાં જોએલો. લેખક સ્ટેજ ઉપર આવી વાર્તાનો તંતુ યોગ્ય સમયે યોજી આપે. એ પદ્ધતિ ગુજરાતની રેખાભૂમિ રવીકારે એટલું ઇચ્છી અટકું છું. —ચ. ન. મ.

[આધારગ્રંથો : એડવર્ડ્સ અને કેમ્બ કૃત 'એ મેમોયર ઑફ રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ'; બળવંતરાય આદમાદ કૃત 'રણછોડલાલનું જીવનચરિત્ર'. રત્નગવિરાવ બીનરાવ કૃત 'ગુજરાતનું પાટનગર અમદાવાદ'; નરસિંહરાવ બોળાનાથ કૃત 'ગ્યારમુમુકુર'.]

બાળક: (ઊંઘમાં) વચન છે, નહિ કહું. ઊંઘ આવે છે.

મા: બાપુ! બેટા, હવે સવાર પડી.

બાળક: ના, ઊંઘ આવે છે.

મા: લે ઊઠ. જો સૂરજ ઊગ્યો છે ને તારા બાપુ તો નહાઇધોઇને પૂજામાં યે બેસી ગયા.

બાળક: બા, સૂરજ ઊગ્યો ? ક્યાં છે ?

મા: (બારીથી) આ રહ્યો મારો સૂરજ.

★ લેખક: અને બાળક રણછોડલાલ ઊઠ્યા ને મોટા થતા ગયા. નોકરીએ વળગ્યા ને હોશિયારીથી અઠ્ઠાવીસ વર્ષની ઉમરે રેવાકાંઠાના દફ્તરદાર થયા. એમની ચાલાકી ને કાબેલિયતથી કંપનીના એમના પર આફરીન રહેતા; પણ બીજાઓ બળી મરતા. આમાંનો એક, રણછોડલાલની નાતનો સૂરજરામ હતો. તે વડોદરામાં દફ્તરદાર હતો. હવે એ સૂરજરામ અને તેના શિરસ્તેદારને સાંભળો.

સૂરજરામ: ઓ...હ ? બહુ ઠાલ્લો થશે તો વહેલો જશે.

શિરસ્તેદાર: એમાં શક જ નથી. આપ સાહેબનું ધાર્યું કરી બેઠું પડ્યું છે ? પાછા એજેન્ટના એમના બબડાટ તો બહુ થાય ગલકના ! આકટરામ સાહેબ સાથે ખૂબ જ 'જૉટપીટ' કરે છે.

સૂરજરામ: કયારે ?

શિરસ્તેદાર: અરે સાહેબ, પૂછશો જ નહિ ને. મહિનાના મુકામમાં હજુ પૂરા પંદર દહાડા યે થયા નથી, તેમાં તો બબ્બે સાહેબના શા યે જબાબ હાથ થઇ ગયા હોય ! રોજ, કાલ સાંજે તો એ બે સાહેબ શેતરંજ રમતા'તા '

સૂરજરામ: કેવી રમે છે બે જોઈશું મારે હજાર તાલ જોવો પડશે.

શિરસ્તેદાર: પણ સાહેબ ' માણસ ચાલાક એમાં શક નહિ. અઠ્ઠાવીસની ઉમરે દફ્તરદાર તો ભાગ્યનો બળિયો જ બને ! વળી પાછી 'જૉટપીટ જોકુંગ'ની મદદ. સાહેબ આગળ આપને કે મને ચાર ભાડે તો યે મારે તો વજીર સગજ્યે થાભલાની માફક ઊભા જ રહેવાનું.

સૂરજરામ: એના સાહેબના શૉખ કેવા છે ? મારા સાહેબના શૉખ એ બનશે તો મારે એનાના યે બનાવા જોઇએ.

શિરસ્તેદાર: ભલો છે પણ . . . (અટકીને) કાચા કાનનો છે.

સૂરજરામ: ઠીક વાત છે. રંછોડલાલને બીચારાને દફ્તરદારે ક્યારે ન પડે ! લ્યો, આ આવ્યો મારા સાહેબની સાથે ' સાથેનો સાથે !!

આકટરામ: સૂરજરોગ. તુમ રનછોરલાલકો પિછાનટે હો ? Ranchhorlal, Surajram is a fine fellow. Pity he doesn't know English.

રણછોડલાલ: He belongs to my caste, Colonel. I know the venerable old man too well.

આકટરામ: Oh! do you ? Mind you, he is a bit of a devil. Sly as a fox. I like him all the same. Good-bye. સૂરજરોગ, આધા ઘંટા બાદ આના.

સૂરજરામ: બહોત અચ્છા, સાબ (અટકે છે). આવો રંછોડભઇ, પધારો !

રણછોડલાલ: કેમ મુરબ્બી ! આપની તબિયત તો સારી છે ને ?

સૂરજરામ: રંછોડભઇ ! બજારી ઘરડાઓની તબિયતનું શું પૂછવું ? કદ્યાં બેસવાં કયાં કાઢવાં છે ? સાહેબ મહેરબાનની કૃપા હશે ને ટાંટિયા ચાલશે તો વળી વરસ દહાડો નોકરી કરીશું.

રણછોડલાલ: સાહેબની આપના ઉપર તો કૃપા છે.

સૂરજરામ: બકા થવાનું મારણ સૂરજરામે આપ્યું નથી. હા, મને અંગ્રેજી નથી આવડતું. પણ એ તો બહુ સારું છે સાહેબ ગાળો દે તો યે બજારે ગત તો કૂલ ખર્યાં. અને કુલાઈને કરીએ.

રણછોડલાલ: ના રે સૂરજરામભાઈ ! સાહેબો તો ગાળો દે તો હોય તો કહેવાય જ છે. એટલે અંગ્રેજી શીખ્યા ન શીખ્યા બધુ સરખુ આપના તરફ તો તેમનો સારો ભાવ લાગે છે.

સૂરજરામ: આપનો પણ ક્યાં ઓછો છે ?

રણછોડલાલ: એ શું બોલ્યા ? આપનો ભાવ મારા પ્રત્યે કેવુંએ. આપ રહ્યા મુરબ્બી, એટલે મુરબ્બી તરફ જે માન જ ઘટે.

સૂરજરામ: ભાઈ સદ્ભાગ્ય કે આપે મને મુરબ્બી માન્યો. સાંભળ્યું છે કે લુણાવાડાની ગાદીનો નિકાલ આપે કરી નાખ્યો.

રણછોડલાલ: સાહેબે કર્યો. એ ગાદી ને ચાર કમેદવાર, એટલે બીચારા બધુને ગાદી વગરના રહેવું પડ્યું.

સૂરજરામ: હારતો. જ્યાંત્યા બબે તો એક આવવાનો. વહેલો તે પહેલો, કેમ ?

રણછોડલાલ: ના; ખરો તે પહેલો.

સૂરજરામ: રંછોડભઈ ! ખરો તે વળી આપને કે મને ક્યો તે. આ રજવાડાં તો બાપડાં આપણી હથેળીમાં રમે છે. આપનું કે મારું શું ચાલ્યું છે ? વીસ વરસની દફ્તરદારીમાં હું તો એટલું જ શીખ્યો કે રજવાડાં આપણી હથેળીમાં, ને સાહેબો આપણા ગજવામાં.

રણછોડલાલ: મુરબ્બી ! દફ્તરદારીમાં મને તો હજી પૂરાં બે પણ નથી થયાં, ને મારી હથેળી તળા ગજવાં ખાલી છે.

સૂરજરામ: તેમાં કંઇ રજવાડાં કે સાહેબોનો વાક ? ગાંડા કિનારે બેસીને સ્નાન ન કરીએ તેમાં ગંગાજી શું કરે ?

રણછોડલાલ: ને ડૂબીજઇએ કે મગર ખેંચી જાય તોયે ગંગાજી શું કરે ?

સૂરજરામ: (હસીને) કરી નહાવાનું ન રહે. ચાલો, આજે મારે ઘર પાવન કરો. જમવાનું ત્યાં જ રાખજો.

રણછોડલાલ: આજે હજાર ગાઢ કરશો. કાલ ર ખુંતો વાધ્યો છે ?

સૂરજરામ: વાંધો શો ? આપનું જ ઘર છે. આવો તો હજાર શેતરંજ રમીએ. ત્યારે કાલે જરૂર પધારજો (રણછોડલાલ જાય છે.) સિપાઈ ! શિરસ્તેદાર સાહેબને મોકલ.

શિરસ્તેદાર: (આવીને) જી સાહેબ ' રંછોડભઈ ગયા ?

સૂરજરામ: હા. બડો ચાલાક છે.

શિરસ્તેદાર: રેવાકાંઠાના દફ્તરદાર છે. ન હોય તો નવાઈ.

સૂરજરામ: પણ વડોદરાની દફ્તરદારી વધારેમાં વધારે (પીમે સારે) લુણાવાડાના જેવા કારભારીને હજાર ગળવું પડશે.

શિરસ્તેદાર: મને મળવા આવેલા છે. આપની રજા હોય તો મોકલું.

સૂરજરામ: મોકલો, મોકલો. (ગોડી વારે કારભારી આવે છે)

કારભારી: કેમ સાહેબ ! આપના આ તાબેદારને શું ફરમાન ?

સૂરજરામ: તાબેદાર મારા નહિ રેવાકાંઠાનો દફ્તરદાર હું નથી.

કારભારી: વડોદરાને રેવાકાંઠાની શી પડી હોય, સાહેબ ?

સૂરજરામ: અને લુણાવાડાને વડોદરાની પણ શી પડી હોય ? પણ હજી તો બહલાની જ રટ છે કે !

કારભારી: અજાણ્યું નથી સાહેબ !

સૂરજરામ: અનુભવીને અજાણ્યું ન હોય. બે-બે, નવા રાજને ગાદીનો કેટલો ભાવ આપવો પડ્યો ? સાચું કહેજો, હોં. વડોદરાની સંતાડવાગા સાર નથી.

કારભારી: એટલે જ સાચું કહીશ (પીને) આઠ હજાર.

સૂરજરામ: કોને આપ્યા ?

કારભારી: દફ્તરદાર સાહેબનાં ઘરવાળાને.

સૂરજરામ : રંછોડભાઈને દાણો ચાંપ્યો તો હશે.

કારભારી : ના સાહેબ. વાત એમને જણાવવાની જ નહોતી. મહૂંમ રાણી સાહેબાને તથા દફ્તરદારસાહેબનાં ઘરવાળાં કેડીબાને ઘણો ઘરોબો હતો કેડીબાએ રાણી સાહેબાને કહેલું કે તેઓ તેગનાથી બનાતું બધું કરીને ઠાકોર સાહેબને ગાદી અપાવશે. અને મહૂંમ રાણી સાહેબાએ ઠાકોર સાહેબને કહેલું કે તને તે ગાદીએ આવે તો કેડીબાને જગદંબા જાણી આઠ હજાર રૂપિયા ચરણે મૂકવા. ઠાકોર સાહેબે વચન આપેલું તેને પ્રતાપે આઠ હજાર રૂપિયા કેડીબાને આગલા વાદ આવી આવ્યા.

સૂરજરામ : પછી જગદંબાએ નાણાં સ્વીકાર્યાં ને ?

કારભારી : ઘણી આનાકાની પછી. તેગનો ખાસ જણાવ્યું કે આ તો મહૂંમ રાણીસાહેબાનો સંકલ્પ હતો. કે ઠાકોર સાહેબે આપને જગદંબા જ ગણ્યાં. આઠનો આંકડો પણ તેથી.

સૂરજરામ : સો વાતની એક વાત. ઠાકોર સાહેબ ગાદીએ આવ્યા તે આઠ હજારના પ્રતાપે.

કારભારી : એ તો આપ જેમ પઢાવો તેમ. બાકી સાચી વાત કહી.

સૂરજરામ : સાચી વાત છે એટલે જ કાગળી છે. લ્યો, પાન ખાવ.

કારભારી : સાહેબ ! કેમ આ પૂછવું પડ્યું ?

સૂરજરામ : બગલાને કહેવાની જરૂર કે વડોદરાનું કંઈ કામકાજ? બેફિકર રહી જણાવશો. (ધીમેથી) હું રેવાકાંઠાનો દફ્તરદારે નથી તે મારે ઘેર જગદંબા જે નથી (એટલું બોલી હસે છે. પછી વાત બદલીને) હુણાવાડા ને વડોદરાની સરહદની બાબતમાં બોલો, શો નિર્ણય કર્યો ?

કારભારી : એમાંથી એકને તો બાંધુંપાછું થવાનું જ ને સાહેબ?

સૂરજરામ : અરે ભલા ભઈ ! વડોદરા હોય કે હુણાવાડા હોય, તેમાં ના-આ-આ-રે-એ-શું, અને મહેરબાન, તગારે-એ-એ-શું ?

કારભારી : સરાજ્યો સાહેબ. પણ હુણાવાડાના હિતમાં આપણે બંને રાજી, એટલે આપને શું કે મારે શું એમ બોલીને કંઈ છટકી પડાય ? લ્યો સાહેબ, આ પાનનો ચાટવો. તેમાંનાં પાન ઠાકોર સાહેબે આપને ખાસ ભેટ મોકલ્યાં છે તે સ્વીકારીને આભારી કરશો.

સૂરજરામ : ઠાકોર સાહેબની બડી મહેરબાની. તેઓને મારા સવિનય નમસ્કાર કહેશો. (ધીમેથી) ઠાકોર સાહેબને કેવા પાનના શોખ છે ? એમના સાહેબનાં પાન તો વળી ભારે હશે. મારા જેવાને પોસાય નહિ એવાં.

કારભારી : ઠાકોર સાહેબનાં પાન મત્તાથી આવે છે. અને આપને ન પોસાય તો બીજા કોને પોસાય ? લ્યો સાહેબ, રજા લઉં ? પાછા તહેનાતમાં કયારે આવું ?

સૂરજરામ : (ઘણું ધીરેથી) બોલાવીશ, બોલાવીશ આવજો. હજાર શિરસ્તેદારને કહો કે અંદર આવે. (મોટી વારે)

શિરસ્તેદાર : કેમ સાહેબ ?

સૂરજરામ : રંછોડલાલના સાહેબના ખુશલેલના હાથમાં પચીસ રૂપિયા મૂકતો ને કહેતો કે મળતો રહે.

શિરસ્તેદાર : ઠીક સાહેબ આજે સાહેબને મળવાનું ગોઠવી આપું?

સૂરજરામ : કંઈ તાવળ નથી. બુકલેલને બીજા પચીસ જય પછી.

શિરસ્તેદાર : બીજું કંઈ, સાહેબ ?

સૂરજરામ : બીજું કંઈ નહિ. (આસ્તેથી) પૂછજો કે સાહેબના શોખ કેવા છે.

શિરસ્તેદાર : (હસીને) સાંભળ્યું છે કે બરણેલા છે.

સૂરજરામ : પૂછજો કે 'શોખ' કેવા છે. વાંદા હોય કે બરણેલા.

શિરસ્તેદાર : મને કહેવું ન ઘટે સાહેબ. બીજું કંઈ ?

સૂરજરામ : બીજું કંઈ નહિ. (બન્ને બીજા ને હંકા બજાવે) રંછોડલાલ જય છે.

શિરસ્તેદાર : હજી તો મુકામ બીજા પંદર દિવસ છે ને ?

સૂરજરામ : અરે હોય ! વરસ થશે.

લેખક : હવે હું તમને વડોદરેથી બોધરે લઈ જઉં છું. પંદર રોજ પછીની વાત છે. રણછોડલાલના આવવાનો દિવસ છે, અને તેગની રાહ જોતાં તેગનાં ત્રીસેક વરસનાં સોહાગણાં પત્ની કેડીબા બેઠાં છે. રણછોડલાલ આવી પહોંચે છે કેડીબાની આંખમાં ફુમંગ માતો નથી. હવે તમે મને ન સાંભળતાં તે જમાનામાં બે નાયક વચ્ચેનું સાંભળો. 'I love you darling' વાળો આજનો જરા જમાનો બે નથી.

કેડીબા : વાહ, દફ્તરદાર સાહેબ ! આપે ઠીક રાહ જોવડાવી.

રણછોડલાલ : (ધીમેથી હસીને) પંદર દિવસ તો પંદર યુગ જેવા લાગ્યા તબિયત કેમ છે ?

કેડીબા : યુગ લાગ્યા ત્યારે મને કહ્યું જતીતી ને? બે દિવસ રાહ જોઈ હું સીધા વડોદરે આવવાની હતી.

રણછોડલાલ : હા . આ . આ . રા, ઘેર આવ્યા. અને (ધણું ધીમેથી) તમારા વગર જીવને ચેન ન પડે, હોં ! ચાલો હીંચકે બેસીએ.

કેડીબા : હીંચકો અને પાન તમારા વગર સૂનાં હતાં.

રણછોડલાલ : અને તમે ?

કેડીબા : પૂછો તમારા અંતરને. લ્યો પાન.

રણછોડલાલ : અરા તે હોય ? મેલા મૂકો.

કેડીબા : (ધીમેથી) બગડ્યું, કોઈ જોશે.

રણછોડલાલ ! (ધીમેથી) કોઈ નથી.

કેડીબા : હજાર સુકાયા છો, રાયજી ! મારા વગર પાન કોણ આપવાનું ?

રણછોડલાલ : નાગરવેલ ' તમારા વગર પાન કેવાં ?

કેડીબા : વૃક્ષરાજ ' તમારા વગર વેલ કેવી ? અને ઓલ્યાપેટા ન થઈએ. મને યે પાન ખાધે પંદર દહાડા થયા.

રણછોડલાલ : લ્યો (ધીમેથી) મેલા કથાડો (ઓઠવામાં બાળક બાધુભાઈ દોડી આવે છે)

બાળક : મને આપો, મને આપો બાપુ ' મારે ખાવું છે, મને આપો.

કેડીબા : કોણ ?

રણછોડલાલ : બહારનાં ' એકજ પાન હતું અને તે તમારે માટે મેં ખાસ બનાવ્યું હતું.

કેડીબા : બાધુએ બાધુ તે મેં જ બાધું બાધુ બાકે જ એંગ છે, રાયજી !

રણછોડલાલ : આજે આપનો હસવો કંઈ ખૂબ લાગે છે !

કેડીબા : કેમ ન મારીએ? રેવાકાંઠાના બેતાજ બાદશાહનાં બેગમ છીએ.

રણછોડલાલ : બેગમ સાહેબા, પણ આ કંપનામાં તો આપના બાદશાહની ઓક આખી સાલની આમદ રોકાણ થાય છે.

કેડીબા : આપની આગાદ આપની પાસે ધરી રહી માગવા આવીએ ત્યારે કહેજો. સદર અમીનની દીકરી દફ્તરદારની સામે હાથ નહિ લંબાવે.

રણછોડલાલ : સદર અમીનનાં દીકરીએ જ હાથણું હાથ લંબાવી આ મેળામાં પાન મૂકવું હતું.

કેડીબા : હા. (કરડાકીથી) ને આપે તો ઓલાં યે ઠીક કરી.

રણછોડલાલ : લ્યો બીજું બનાવું. આગ તો બહુ તગારે

કેડીબા : શું છે ? (અનુસંધાન આગળ પાન દરદમાં)

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ કેળવતી લેખમાળા

ચિત્ર-વિજ્ઞાન

શ્રી અરવિંદકુમાર મંજુલીના મૂળ પરથી અનુવાદ
સૌ. અપર્ણાબેન ત્રિવેદી

૨. રેખાનું સમપ્રમાણ (Balance) સામંજસ્ય

જ્યારે કોઈપણ ચિત્રમાં વધારે રેખા અથવા વધારે વસ્તુના સમાવેશથી ચિત્ર-વસ્તુ એક તરફ નમી પડે છે ત્યારે તેને વજનમાં લાવવા માટે બીજી તરફ ભાર મૂકવો પડે છે. એટલે કે નવી વસ્તુના સમાવેશથી એનું પ્રમાણ સરખું કરવું પડે છે. ભારની આ સામ્યતા લાવવા માટે બંને તરફ એક જ મુખ્ય અથવા એક જ વજનની વસ્તુનો સમાવેશ કરવો જોઇએ એવું કંઇ નથી. જ્યારે કોઇપણ વસ્તુના આકર્ષણને લીધે છબિનો એક તરફ ગત ઝૂકી પડે, ત્યારે મનના આ ધ્યાનની સામ્યતા લાવવા માટે ચિત્રના વિપરીત ભાગમાં કોઇ બહુ જ સાધારણ વસ્તુનો સમાવેશ કરવાથી પણ ભારનું તોલન જળવાય છે. એટલે, મનને બીજી તરફ ખેંચી જવા માટે સામાન્ય કારણ પણ જો હાજર હશે તો મન ચિત્રના કેન્દ્રસ્થાનમાં શ્રેષ્ઠતર આકર્ષણને લીધે ઝૂકશે. મનઃસંયોગનું આ ઇચ્છવાજેવું ભાર-સમતોલન (Balance) ચિત્ર વિજ્ઞાનની રચનારીતિની ખરી મુદ્દાની વાત છે. પશ્ચિમના દેશોના ચિત્રોમાં કોઈપણ જાતની વિપરીત આકર્ષણની સામગ્રીનું અંકન કરીને આ ભારતોલનનું પ્રમાણ લાવવામાં આવે છે; પણ પૂર્વ દેશોનાં ચિત્રોમાં, ને ખાસ કરીને ચીન-જપાનનાં ચિત્રોમાં, આ ભાર તોલન શૂન્ય સ્થાન (ખાલી જગ્યા) વડે, એટલેકે વિપરીત આકર્ષણના બળ કોઇપણ વસ્તુનું અંકન કર્યા વગર જ અત્યંત કુશળતાથી સિદ્ધ કરવામાં આવે છે.

પશ્ચિમનાં ચિત્રોમાં ભાર-તોલન બે પ્રકારનું હોય છે:(૧)ચાક્ષુષ, અથવા પ્રત્યક્ષ, યા દૃષ્ટિગોચર સામ્ય (formal balance); અને (૨) અપ્રત્યક્ષ અથવા અંદરનું ભારસામ્ય (informal balance).

પહેલાના ઉદાહરણ તરીકે ઇટાલિયન કલાકાર ફા ઍન્જેલિકો (ઈ. ૧૩૮૭ થી ૧૪૫૫)નું 'માતા ને દેવદૂતો' (Madonna & Angels)નું ચિત્ર લઇએ (આકૃતિ નં.૪૮). આ ચિત્રમાં માતૃમૂર્તિ મેરીને વચ્ચમાં બેસાડી તેની બંને બાજુ દેવદૂતોની સમપ્રમાણ હાર મૂકવામાં આવી છે. ચિત્રના વસ્તુનું વજન કરી તેના બે સરખા ભાગ પાડવામાં આવ્યા છે. કોઈપણ તરફ લેશમાત્ર વધારેઓછું નથી વસ્તુનો એવો તો સમાન ભાગ કરવામાં આવ્યો છે કે બે ય તરફ વિષયવસ્તુ જાણે બરાબર સરખી જ તોળી બતાવી છે. આ જાતનું ભાર-તોલન ચિત્રકળાના આદિ અથવા શૈશવકાળમાં બહુ જ પ્રિય હતું.

બીજા પ્રકારના ઉદાહરણ માટે વિખ્યાત ઇટાલિયન ચિત્રકાર બૉત્તીચેલ્લી (ઈ.૧૪૪૪ થી ૧૫૧૦)નું ચિત્ર 'વીનસનો જન્મ' (Birth of Venus)લઇએ.આ ચિત્ર અપ્રત્યક્ષ ભારસામ્યતાના દૃષ્ટાન્ત રૂપે. (આકૃતિ નં.૪૯).પહેલા ઉદાહરણ પેઠે આ ચિત્ર-નાવિષયવસ્તુનું વજન કરીને તેના બે 'સરખા' ભાગ કરવામાં આવ્યા નથી. જમણી બાજુ ઊભેલી દેવપરીનું રૂપ તથા અવયવો ડાબી બાજુએ ઊભેલી વસ્તુની આકૃતિ કે વજન જેવાં નથી; એમ છતાં ડાબી બાજુની વસ્તુ જમણી બાજુના ચિત્ર તરફથી આપણા મનને આકર્ષી લે છે.જમણી તરફના કરતાં વિરોધી જ એવું કંઇક ડાબી તરફ છે. (જુઓ નીચે ચિત્ર):

ચીન-જપાનનાં ચિત્રોમાં આ ભાર-સામ્યતા, કોઇ પણ વિરોધી વસ્તુનું ચિત્રાંકન કર્યા વગર જ, ફક્ત વિપરીત સ્થાનને તદ્દન ખાલી રાખીને જ, સિદ્ધ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે 'ઊડતા હંસ'નું ચિત્ર (આકૃતિ ન. ૫૦) જુઓ. એ ચિત્રમાં ચંદ્રની બહુ જ નિકટ ઊડતા હંસ યુગલનું સ્થાપન કરીને ચિત્રનો બધો જ નિમ્નાંશ(નીચેનો ભાગ) એકદમ ખાલી રાખવામાં આવ્યો છે. ઉપરના બે વિષયવસ્તુનાં ભાર અથવા વજન, નીચેના શૂન્ય સ્થાનના ખાલી ભાગને ઘણી જ સહેલાઇથી પકડી રાખે છે. નીચે કોઇપણ વસ્તુનું ચિત્ર નથી, છતાં ઉપરના ચિત્ર-વસ્તુને સ્વસ્થાને રાખી તેનો ભાર હલકો કરવામાં આવ્યો છે. જો નીચેનો શૂન્ય અંશ ભરી દેવામાં આવે તો ઉપરના અંશનો ભાર અયોગ્ય રીતે વધી જતો લાગે-ચોટી જગ્યામાં જાણે ઘણી વસ્તુની અયોગ્ય રીતે ભીડ થઇ હોય એવું લાગે.

બીજું ઉદાહરણ 'માનવી ને સારસ' (Man and Crane by Korin)નું લો. (આકૃતિ નં. ૫૧) આ ચિત્રમાં ચિત્રિત વસ્તુ ચિત્રપટના લગભગ અરધા ભાગની સીધા ઉપર દોરવામાં આવી છે. પટનો ઉપરનો અરધો ભાગ લગભગ ખાલી રાખવામાં આવ્યો છે, અને ત્યાં એક તરફ થોડાક અક્ષરો ઊભી હારમાં લખી દીધા છે. ઉપરની આ ખાલી જગ્યા ને તેમાં નાનાનાના અક્ષરોની આ હાર, માન ના મોટા માથાને અવયવોના ભારને, ઉપલા શૂન્ય સ્થાનના વજન વડે પકડી રાખે છે. ઉપરનો એ ખાલી અંશ જો હાજરી ઠાંસી દેશો તો તરત જ લાગશે કે છબિ અતિશય ભારવાળી થઈ જાય છે. આ શૂન્ય સ્થાનને ઊંચું વજન આપી, ભારને હલકો કરી





←૪૮ ૪૯



૫૨



૫૦

૫૧

૫૩

૫૪

૫૫ ૫૬



દશ્યને ચિત્રકારે ઘડિને દૃષ્ટિ-મધુર કરી છે. ત્યાં બે પેઢી અક્ષરોની હાર ન મૂકી હોત તો ઉપરનો અરધો શૂન્ય ભાગ વધારે ગાયાભારે થઈ બત, અને વજનનું સમતોલન ન રહેત. એટલા માટે ચિત્રકારે પોતાના નામની સહી કરવાની તરકીબ દ્વારા ચિત્ર વસ્તુના વજનને કુશળતાથી સુવિચારક કર્યું છે.

ચિત્રરચનાના આદિ યુગમાં પ્રત્યક્ષ ભાર-સામ્યતા (formal balance)નું બીજું પણ એક રૂપ હતું. તેનું નામ 'માપની સમતા' (symmetry). એટલેકે બંને બાજુએ સરખા જ માપની અને સરખા વજનની જ ગાત્ર નહિ, પણ એકસરખી જ બતની બે વસ્તુનું સ્થાપન કરવું તે. (જુઓ નં. ૫૨, ૫૩, ૫૪). એ ડિઝાઇનોમાં ગૂંથેલા મોર, હરણ, ફૂલ આદિની રચના સમતાયુક્ત symmetricel બંને બાજુ એકસરખી છે. માત્ર ગૃહશણગાર તથા આલંકારિક ચિત્રો (ડિઝાઇનો) સિવાય ચિત્રરચનાઓથી તો આ રીતિ હવે ઘણો વખત થયાં અલોપ થઈ ગઇ છે.

હવે ઘણુંખરૂં માપની આની સમતા(symmetry)ને બદલે, a-symmetry અથવા 'અનર્ધખંડનની'—ભાગ પાડવાની રીત તરફ વધુ પક્ષપાત દર્શાવાય છે. ચિત્રો ચીતરવામાં રૂપના આવા અરધોઅરધ વિભાગની રીતને બદલે સફેદ અને કાળી, અથવા પ્રકાશ ને છાયાની વિપરીતતાનો પ્રયોગ કરવામાં આવે છે.

વધુ પ્રકાશને છાયાના ભાગ એકસરખા વજનમાં પાડવા ઉચિત નથી; એટલે, જે કોઈપણ વિશિષ્ટ માપના પ્રકાશના પથ્થરને તોલવો હોય તો એના પ્રમાણ કરતાં વધુ છાયાની રચાપના કરવાથી જ ભાર-સામ્ય (balance)નું પ્રમાણ જળવાય. જગનામી ઈટાલિયન ચિત્રકાર ટીશ્યાં 'Titian(ઈ. ૧૪૭૭થી ૧૫૭૬)નું 'લાવીનિયા' નામનું ચિત્ર આના શ્રેષ્ઠ દૃષ્ટાન્ત રૂપ છે. (નં. ૫૫, ૫૬ તથા સામેના પાના પરનું ચિત્ર) એમાં એટલો બધો પ્રકાશથી ઝળઝોળ છે તેના કરતાં લગભગ ત્રણ ગણો મોટો અરો છાયાનાં નિમગ્ન કરી ચિત્રકારે ભાર-સામ્યતા (અથવા પ્રકાશ ને છાયાનું સમપ્રમાણ) કર્યું છે. પ્રકાશ અને છાયાની આ પ્રકારની વિપરીત

'રીનિને ઈટાલીના ચિત્રકારો 'Chiaroscuro' કહે છે. ડચ ચિત્રકાર રેમ્બ્રાં આ પદ્ધતિનો સમર્થ સ્વામી ગણાતો.

સમગ્ર આકૃતિ (Mass)

કોઈ પણ વસ્તુવિષયની સમગ્ર આકૃતિ જ્યારે પ્રકાશની ગતિનો માર્ગ રોકે છે, અથવા એક વસ્તુ જ્યારે બીજી વસ્તુની આડે આવે છે, ત્યારે બીજાનો માર્ગ રોકીને તે વસ્તુ સંપૂર્ણપણે પોતાની હાજરી તથા પોતાના રૂપ તરફ આપણી દૃષ્ટિને આકર્ષે છે. આવી રીતે પ્રકાશમાં અન્તરાય થવાથી આપણે જોકે એક અખંડ વસ્તુ તરીકે તેની હાજરી અનુભવી શકીએ છીએ, પણ તેના બીજા બધા અવયવોના જુદાજુદા અંશોનું અસ્તિત્વ અનુભવી શકતા નથી કે તેની વિગતો જોઈ શકતા નથી. તેને તો માત્ર એક દીવાલની માફક—એકદાકણની ગાફક-એક રોકાણ તરીકે—આપણે અનુભવીએ છીએ આપણે એ અન્તરાયનાં અંગોનો ઝીણવટથી વિચાર કરવા બેસતા નથી, અથવા તો એનો વિચાર કરવાનો અવકાશ જ હોતો નથી. દેખાય છે તે માત્ર એટલું જ કે એક વસ્તુ તેની સમગ્ર આકૃતિ વડે બીજી વસ્તુના દર્શનનો માર્ગ રોકે છે ને બીજી એક વસ્તુને જોવા દેતી નથી. આકૃતિ નં. ૫૭ જોશો તો જણાશે કે મોટું ઝાડ તેની પાસેના નાનાંનાના ઝાડ તથા વેલવેલાના સમગ્ર જથ્થા સાથે એક ઢાકણ રૂપ બનીને સામેના પેલા મકાનને જોવાનો રસ્તો રોકી બેઠું છે. એ રીતે આપણે એની સમગ્ર આકૃતિ (mass) અન્તરાય રૂપે સમગ્ર રૂપે, અખંડ રૂપે, વિરાટ રૂપે અનુભવીએ છીએ, પરંતુ તેનાં ખંડાંશોની વિગતો આપણી નજરે પડતી નથી. તેનું એ અખંડ, સમગ્ર, વિરાટ રૂપ તેના ખંડાંશોનું અતિક્રમણ કરી જાય છે. તેનાં પાંદડાં,ફળ, ડાળીઓ વગેરે કાંઈપણ આપણી નજરે પડતું નથી.

ધોળો બાસ્તા જેવો વાદળગોટ ઘેરા ભૂરા આકાશને એક ખૂણે, હિમ-આચ્છાદિત હિમાલય જેવા મોટા રૂપથી, એ ભૂરા આકાશનો ઘણોખરો ભાગ જેમ ઢાંકી રહે છે (ચિત્ર નં. ૫૮) તેવી રીતે સફેદ આકાશનો અસીમ પ્રકાશ ઢાકીને ઊભા રહે છે શહેરનાં એકબીજાને વળગીને ઊભેલાં આપણાં વિવિધ મકાનો (આકૃતિ નં. ૫૬).તેમની એકત્ર દીવાલોનો અંતરાય એક અખંડ કિલ્લાની પેઠે આકાશના પ્રકાશનો માર્ગ રોકી રાખે છે.એ વખતે પછી એ દરેક મકાનનો દેખાવ, તેના ઓરડા, બારીબારણાં વગેરે કંઈ જ આપણી નજરે પડતું નથી.

દૃશ્ય-ચિત્રકારો જ્યારે કોઈપણ પૅનોરમા (panorama) અથવા એક અખંડ વિસ્તારવંતા દૃશ્યનું નિર્માણ કરે છે, ત્યારે તેમને જુદાંજુદાં ગામની આવી સમગ્રાકૃતિઓ—massesમાંથી એક સુદૃશ્ય ગામના પ્રમાણ(proportion)ની કલ્પના કરી લેવી પડે છે. ચિત્ર નં. ૬૦માંની વૃક્ષરાજિની સમગ્રાકૃતિ–massમાં ને તેની પાછળની



વસ્તુમાં એક સુદૃશ્ય, સુમધુર, નયનરંજક, આંખને તૃપ્તિકર એવા એક પ્રમાણ (proportion)ની અથવા ભારસામ્યતા–balanceની અથવા વજનના સમતોલન–equilibriumની સૃષ્ટિ તેણે યોજી છે. એ સમગ્રાકૃતિ–massના વ્યવધાનની લંબાઈ પહોળાઈ જો તેની પાછળની વસ્તુની લંબાઈ પહોળાઈ કરતાં ઘણી જ વધારે હોત તો સામેનું વ્યવધાન (mass) ભારે થઈ જઈને સમગ્ર છબિની ભારસામ્યતાને balanceને નુકસાન પહોંચાડત.એટલે આ બંને વસ્તુની વચ્ચે આંખને તૃપ્તિદાયક એવું એક પ્રમાણ જે આપવું રક્ષણ કરવું એ ચિત્રકારનું અવશ્ય કર્તવ્ય છે. છાયા ને પ્રકાશની આ સમમતાનું સમપ્રમાણ equilibrium of mass, એ ચિત્રરચનાના છન્દનું એક જરૂરી સાધન છે. ફ્રેન્ચ ચિત્રકાર (Corot)કૉરોના 'અપ્સરાનું નૃત્ય' નામના એક ચિત્રમાં (જુઓ આ નીચેનું ચિત્ર) છાયા અને પ્રકાશના આ પ્રમાણનો અત્યંત સુંદર પ્રયોગ કરવામાં આવ્યો છે. (ચાલુ)



Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : ડૉ. ડી. કે. સોનેજી સુખનાથ ઓઢ, કપડવંજ (કાઠિયાવાડ)

Dobrovskeho 27,
PRAHA VII (Czechoslovakia)
Prague (પ્રાગ) તા. ૧૬-૬-૧૯૪૬

પ્રિય ડૉ. સોનેજી,

તમારા તા. ૪-૭-૪૬ ના પત્ર માટે આભાર માનું છું. શરૂઆતમાં હું અમારી રાજધાની પ્રાગનું વર્ણન કરીશ. એનું એક નામ Praha (પ્રહ) છે. તેની વસતિ દરેક લાખની છે અને યુરોપ-બહારની દુનિયાનાં સૌથી સુંદર શહેરો પૈકીનું એક છે. અમારું શહેર Vltava(વ્લતવ) નદીના બંને કિનારાની કેટલીક ટેકરીઓ પરવસેલું છે. આખાયે કિનારા કેટલાં યે પૂલો વડે જોડાએલા છે, જેમાં 'ચાર્લ્સ બ્રિજ' સૌથી પ્રાચીન (૧૪ મી સદીમાં બંધાએલો) છે.

'વ્લતવ' નદીનાડાબા કિનારે એકટેકરી પર પ્રાગનો Hradcany (હ્રદચની) નામનો કિલ્લો અને જૂનું 'રોયલ પેલેસ' આવેલાં છે જેમાં આજે તો અમારા દેશના પ્રમુખ નિવાસ કરે છે. પ્રાગ 'સેંકડો દેવળોનું શહેર' કહેવાય છે; જોકે ખરી રીતે તો અહીં તેથી યે વધારે દેવળો છે.

સ્થાપત્યની દૃષ્ટિએ પ્રાગ ખરેખર બહુ જ રસપ્રદ છે. ભૂતકાળની યાદગીરીરૂપ આજે રસ્તાઓ પર રોમનિક, ગૉથિક, રીનેસાં, બેરોક, રોકોકો અને આધુનિક ઢબના મહેલો અને દેવળોની હારની હાર જોવામાં આવે છે. આખા પ્રાગમાં મને અત્યંત પ્રિય છે તે તો Mala Strana (મલા સ્ત્રન)—જે Hradcany(હ્રદચની)ની નીચેના ભાગમાં આવેલું છે. વાંકીચૂંકી ગલીઓમાં ઊંચે ચઢતાં અકલ્પ્ય સુંદર દરશ્યો નજરે પડે છે. [હું એક નામોના ઉચ્ચારો 'દેવનાગરી'માં લખું છું કારણકે અંગ્રેજી લિપિમાં લખેલા ઉચ્ચારો ગૂંચવાળુભરેલા હોય છે.]

....હું તમને પ્રાગનાં કેટલાક દરશ્યો મોકલીશ કારણ કે આ ક્ષુલ્લક વર્ણન પ્રાગનાં મહાલયોનો ખરો ખ્યાલ નહિ આપી શકે. ઇતિહાસ ફોટોથી પણ તેનો ખરો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

ચેકોસ્લોવાકિયા ને એની રાજધાની આજે તો પૂર્વ ને પશ્ચિમનું ગંગ્યબિન્દુ છે. તેની સાબિતી તરીકે ગયા વર્ષના નવેમ્બરમાં આખી દુનિયાના વિદ્યાર્થીઓ અહીં ભેગા થયા હતા તે તેમજ આંતરરાષ્ટ્રીય સંગીતોત્સવ પણ મે માસમાં થયો હતો તેમણાવી શકાય ....

હાલમાં અમારે ત્યાં યુવાનો અને વિદ્યાર્થીઓ માટેની આંતરરાષ્ટ્રીય છાવણીઓ છે, જેમાં દુનિયાભરના વિદ્યાર્થીઓ માટે પૂરતાં સુખસગવડ છે અને ત્યાં વિદ્યાર્થીઓ બેકેશન ગાળવા આવે છે.

ડેનમાર્કથી મારે ત્યાં ઑગસ્ટ મહીનામાં મારી એક સખી આવે એવી આશા છે. તેની સાથે હું સપ્ટેમ્બરમાં ડેનમાર્ક જઇશ. હિંદુસ્તાન આટલું દૂર છે એ કેટલું બધું દુઃખદાયક છે : .... ૧૪મી ઑગસ્ટ પારીમાં જેટલા આનંદથી ઉજવાય છે તેટલા જ આનંદથી અહીં અગે અગારા બળવાના વર્ષનો એ નો પહેલો દિવસ ઊજવ્યો હતો. એ વખતે રાત્રિ દરમ્યાન પણ મેં શેરીઓમાં નૃત્ય કર્યું હતું.

પ્રાગ ઓલ્ડ વિદ્યાર્થીઓનું, સંગીતનું અને 'સોકોલ' (Sokol) કસરતોનું ધામ. હું તમને પ્રાગ આવવાનું આમંત્રણ આપું છું પ્રાગનો સાચો અનુભવ લેવાની એકમાત્ર શક્યતા એજ છે....

હિંદુસ્તાનની કઇ વસ્તુમાં મને રસ છે તે જણાવવું બહુ મુશ્કેલ છે; તોપણ કહું કે આખું હિંદુસ્તાન! અર્થશાસ્ત્ર, ઇતિહાસ, કળા અને અર્વાચીન સાહિત્યની અગાઉની ઘણીકૃતિઓ હું પુસ્તકોમાંથી જાણી ચૂકી છું અને વર્તમાન જાણવા વર્તમાનપત્ર કે રેડિયો દ્વારા જાણી શકું છું...

જો તમે હજુ સુધી બહી ગયા ન હો તો હિંદુસ્તાનનાં બાળકોની રસમ (ઑગસ્ટ ૧૯૪૬)

રસમતગમતનાં સાધનોઅને રમતગમતવિષે ગદેરણની કરી જણાવશો. તમારી પ્રકૃતિ જોતાં તો હું માનું છું કે તમે તમારા દેશનું જીવન સારી રીતે માણો છો. મને રસ પડે એવું કંઇ હોય તો કૃપા કરી લખશો.

Abhi dekh rahi hun ki hindi maatra-ko bilkul bhool gaya. Aapse to bhi ek baat puchhun. Kaisi tarah chek (Czech) 'A' bihtar likhna hai. Arthaat mere pahle naam mein do 'a' hain. Lekin agar 'Milad' likhati hun, ho sakta hai ki hindi antim 'a' nahin padte. Yadi 'Miladaa' likhun to phir galat bhi ho'e. Isa liye ki is baat mein lamba 'aa' nahi aur hamari bhasa usmein dariyaft karti hai aasa hai ki aap meri hindi samjhenge aur shighra uttar denge. Aapki matrubhasa kya hai, kripa likhiye.

આપની બહેન

મિલદ કલાબોવા Milada Kalabova

નવાં સરનામાં

નેધરલૅન્ડ્સનાં કુમાર-કુમારીઓનેદે પત્રવ્યવહાર કરવાઇચ્છતા હિંદી પત્રમિત્રો નીચેને ઠેકાણે લખીને સરનામાં મેળવી શકશે : International Contact, Karrestraat 24 A–Breda (The Netherlands). અંગ્રેજી, ફ્રેન્ચ અગર જર્મન ભાષામાં પત્રવ્યવહાર કરી શકાશે. દરેકે પોતાનું નામ, સરનામું, જાતિ (કુમાર કે કુમારી છે તે) વય, શોખ અને રસના વિષયો, પત્રવ્યવહારની ભાષા અને કઈ જાતિ તથા વયનાં મિત્રો સાથે પત્રવ્યવહાર કરવા ઈચ્છે છે તે લખી જણાવવું. આ માહિતી 'કુમાર'માંથી મળ્યાનો ઉલ્લેખ કરવો.

ભાઈ સદરદ્દીન મેરાલી (ઑક્સ ૬૪૧, મૉમ્બાસા) મારફતનાં, ગયા અંકમા પ્રકટ થએલા પત્રમિત્રોનાં ૧૪ સરનામાંને અનુસંધાને બાકી રહેલાં સરનામાં આ નીચે આપ્યાં છે. તેનો ઉપયોગ કરવા ઈચ્છનારે, પત્રવ્યવહાર કરતી વખતે, પોતાને એ નામ તે ભાઈ તરફથી (કુમાર માસિક મારફત) મળ્યું હોવાનો ઉલ્લેખ કરવો જરૂરી છે. (15) Miss Margaret Johnson, 145, Stokesley Crescent, Billingham, C. Durham,(England); (16)Miss Rejeanne Duchanne, 1870 Prefontaine Avenue, Montreal-4. (Canada); (17) Master Joe Bennett, 3 Tonne Street. Sliema, Malta (Europe); (18) Miss Robin Cristiansen. 13 Justus Street, North Bondi, Sydney, (Australia); (19) Master Victor P. Atard, 'Tati House' 106 Howard Street, Malta (Europe); (20) Millard M. Groben, 621 W. Market Street, Bethlehem, Pa. U. S. A.; (21) Mr. Gustal Rothell, Rosenlundsgatan 6-8 Goteberg, (Sweden); (22) Mr A. Majeed Khadroo, Sweet Home, 23, Willington Street, Port Louis, Mauritius; (23) Betty Howie, 14, Bradon Street, Edinburgh, (Scotland)

શેઠશ્રી : આ ટબકર મોટે આંબો ?

નોકરડી : બિલાડીએ.

શેઠશ્રી : બિલાડીએ?—કઈ બિલાડીએ ?

નોકરડી:(પોતાનું અજ્ઞાન પકડાઈ જવાથી નમરાઈને-અકળાઈને) બાપરે ! તમારે ત્યાં બિલાડી નથી ?

ભારતીય નાટ્યનો ઉત્પત્તિકાળ

સંસ્કૃત નાટ્યસાહિત્યના ઉત્પત્તિકાળ વિષે વિદ્વાનોમાં અનેક મતમતાંતરો છે. સંસ્કૃત સાહિત્યના ઇતિહાસકાર પ્રો. વેબરના મત અનુસાર તેનો જન્મ બે હજાર વર્ષ પર ગ્રીક સંસ્કૃતિની અસરથી થયો હતો. એટલે તેઓ એમ માને છે કે પુરાતન ભારતીય નાટ્યસાહિત્ય સ્વતંત્ર સાહિત્ય નથી, પરંતુ ગ્રીક નાટ્યકલાની અનુકૃતિ છે, અને તે બે હજાર વર્ષથી વધુ જૂનું નથી! તેમનો મત યથાર્થ હોય તો સંસ્કૃત નાટ્યસાહિત્ય પર ગ્રીક નાટ્ય સાહિત્યની ગાઢ અસર પડી હોવી જોઇએ. પરંતુ તેમાં તો સર્વત્રે ભારતીય વિશેષતાનાં લક્ષણો જ જોવામાં આવે છે.

બે હજાર વર્ષ પર ગ્રીક બાદશાહ સિકંદરે હિંદની સરહદ પર થોડા સમય માટે સ્થાપેલું રાજ્ય જ હિંદના સર્વ નાટ્યવૈભવના આધારરૂપ હતુ એમ કહેવું અત્યંત બેહૂદું છે. સિકંદરનાં આગમનની અતિ પૂર્વ હિંદ તેના સાંસ્કૃતિક વિકાસના સર્વોચ્ચ શિખરે પહોંચી ચૂક્યું હતુ તે આપણે જાણીએ છીએ. રામાયણ-મહાભારતનો કાળ આપણને ઘણો પાછળ ખેંચી જાય છે ને કોઈપણ દેશની ઉન્નતિને સમયે તે દેશનાં સંગીત, સાહિત્ય ને કલાનો સંપૂર્ણ વિકાસ થએલો આપણે ઇતિહાસમાં જોઇએ જ છીએ. કલાના વિકાસ વગર સાંસ્કૃતિક વિકાસ સંભવી જ શકતો નથી. એટલે ભારતીય નાટ્યસાહિત્યનો ઉદ્‌ભવ બે હજાર વર્ષથી તો અતિ પૂર્વે ઘરમ પ્રાચીન કાળમા જ થયો હોવાનું ચોકકસ છે.

હાલમાં મળી આવતા સંસ્કૃત નાટ્યગ્રંથોમાંથી મૃચ્છકટિકને પ્રો. વેબર સૌથી પ્રાચીન ગણે છે. તે બે હજાર વર્ષ પર રચાયું હોવાની માન્યતા છે. હાલ મળી આવતા ગ્રંથોમાં મૃચ્છકટિક સૌથી વધુ પ્રાચીન હોવા વિષે વિદ્વાનોમાં ભાગ્યે જ બે મત છે પરંતુ તે પહેલાની કોઈ નાટ્યકૃતિ હાલ ઉપલબ્ધ નથી એટલા જ ઉપરથી મૃચ્છકટિક ગ્રંથથી જ ભારતીય નાટ્યસાહિત્યનો પ્રારંભ થયો હોવાના મતનું સમર્થન કરવું ઘણું વિચિત્ર છે. મૃચ્છકટિક પછીના કાળની પણ અનેક કૃતિઓ વિલુપ્ત થઈ ગઈ હોવાનુ આપણે જાણીએ છીએ; તો તે પહેલા કોઈ નાટ્યકૃતિ નહિ જ રચાઇ હોય એવું ખાત્રીપૂર્વક કેમ કહી શકાય? રુચિના ફેરફારથી નવી નાટ્યકૃતિઓ અસ્તિત્વમાં આવતા જૂની કૃતિઓ ધીમે ધીમે વિલુપ્ત થઈ ગઈ હોવાનું પણ ઘણું સ્વાભાવિક છે. વળી, મૃચ્છકટિક કોઈ આખ્યાન કે ઇતિહાસ પર રચાએલું નથી, પણ કવિકલ્પિત વસ્તુ પર રચાએલું છે. આથી તે પહેલા વાસ્તવિક વૃત્તોનાં નાટકો પણ પ્રચલિત હોવાં જ જોઇએ.

નાટ્યશાસ્ત્રમાં આપેલા રૂપક (નાટક)ના દસપ્રકારોમાં મૃચ્છકટિક 'પ્રકરણ' નામે પ્રકારનું છે. તે પ્રકાર પાંચથી દસ અંકમાં રચાએલો હોય છે. વળી, નાટ્યસાહિત્યની સર્વ પરિપકવતા તેમા જોવામાં આવે છે. તેથી જ, એક નાટ્યપ્રકારની કૃતિ આટલી પરિપકવ સૌથી પ્રથમ જ રચાઇ હોય તે યે સંભવિત નથી.

રૂપકના 'અંક' અને 'વીથી' જેવા એક-અંકી નાના પ્રકારો પણ નાટ્યગ્રંથોમાં જણાવ્યા છે. તેથી પ્રારંભમાં આવા સાદા અને સરળ પ્રકારો પ્રચલિત હોવાનું વધુ સંભવિત છે. નાટ્યસાહિત્યના વિકાસની સાથે આ નાના પ્રકારો વિલુપ્ત થયા હોવા જોઇએ. આ ઉપરાંત મૃચ્છકટિકની પહેલાંના કાળના સંસ્કૃત સાહિત્યમાંથી પણ નાટ્ય અંગેના અનેક ઉલ્લેખો મળી આવે છે. વળી બૌદ્ધ અને જૈન સૂત્રોમાં નાટકો જોવાની મનાઈ કરેલી છે, તે પરથી પણ સાબિત થાય છે કે નાટકો ઈ પૂર્વે છઠ્ઠા સૈકામાં પણ અસ્તિત્વ ધરાવતાં હશે. વજ્રપુર નગરમા યાદવકુમારોએ ભોગ સ્ત્રીઓ સાથે 'કુબેર રંભાભિસાર' નામનું નાટક ભજવી બતાવ્યાનો ઉલ્લેખ 'હરિવંશ'માં પણ આવે છે.

નાટ્યના વિષય પર રચાએલો 'ભરત નાટ્યશાસ્ત્ર'નો ગ્રંથ અતિ પ્રાચીન મનાય છે. ઋગ્વેદ વગેરે વેદોની જેમ તેની ઉત્પત્તિની કથા પણ દંતકથામાં મનાય છે તેમજ તેને પાંચમો વેદ ગણવામાં આવે છે, એ હકીકત પણ તેની પ્રાચીનતા જ દર્શાવે છે. વળી, કોઇપણ વિષયનું શાસ્ત્ર તે વિષયના ગણનાપાત્ર વિકાસ પછી જ રચાય છે. આ બધે ભારતીય નાટ્યકલા અને તેના સાહિત્યનો ઉદ્‌ભવ ભરત નાટ્યશાસ્ત્રની પહેલાં થયો જ હોવો જોઈએ. આ બધું જોતાં તેનો જન્મ ગ્રીક નાટ્ય કલાની અસરથી વિમુક્તરીતે અને બે હજાર વર્ષથી યે અતિ પ્રાચીનકાળમાં થયો હોવાનું હવે વિશેષ પુરવાર કરવું પડે તેમ નથી.

(ચાલુ) યોગેન્દ્ર ત્રિપાઠી

કસોટી હલકી ન થશે તો ઉત્તરો આ નીચે આપ્યા છે.

(૧) વસુના જન્મદિને તેના હાથમાં પાંચ રૂપિયાની નોટ મૂકીને મેં કહ્યું કે જેટલા વર્ષની તારી ઉંમર છે તેટલા અધેળ મિઠાઈ તારા માટે લઇ આવ. તેણે પોતાની મનભાવતી મિઠાઈ લઇ આવીને મારા હાથમાં ત્રણ રૂપિયા એક આનો ને અગિયાર પાઈ પાછાં મૂક્યાં તો તેની ઉંમર કેટલી?

(૨) ચાર છોકરાને તેમની દોડની શરતનું પરિણામ પૂછતાં તેમણે નીચેના જવાબ આપ્યા: અનુએ કહ્યું, 'હું છેલ્લો નથી આવ્યો'; બાબુએ કહ્યું, 'હું દીનુથી આગળ આવ્યો છું'; ચંદુએ કહ્યું 'પણ દીનુ અનુ કરતાં તો આગળ આવ્યો છે ને?' ત્યારે પહેલું કોણ આવ્યું?

(૩) એક માણસને એવું સ્વપ્ન આવ્યું કે જાણે પોતાને ફાંસીને માંચડે ચડાવવામાં આવ્યો છે. અચાનક એ જ વખતે તેની બાજુમાં સૂતેલા મિત્રનો હાથ તેના ગળા પર પડ્યો; એથી પેલા માણસને એમ જ લાગ્યું કે પોતાના ગળામાં ફાંસીનું દોરડું પડ્યું! એથી તે એટલો હેબક ખાઈ ગયો કે તેના આઘાતથી તત્ક્ષણ મરણ પામ્યો. આ વાતમાં તમને વજૂદ લાગે છે?

(૪) વિજ્ઞાનના પ્રોફેસર બજારેથી આવતા હતા તેમને એક મિત્રે પૂછ્યું 'કેમ શું લઈ આવ્યા?' પ્રોફેસરે જવાબ આપ્યો: 'થોડું સોડિયમ ક્લોરાઈડ ને થોડો ઍસેટિક ઍસિડ.' તો એ શું લાવ્યા હશે?

(૫) ગાવર, ચીબુ અને કોબેજ, એ ત્રણમાં વિટામીન 'સી' સૌથી વધુ શામાં ને સૌથી ઓછું શામાં?

(૬) ચાર પાચડા એવી રીતે ગોઠવો કે જેનો સરવાળો ૧૦૦ થાય.

(ઉત્તરો: (૧) ૨૬ વર્ષ (૨) અનુ (૩) ફાંસીનું દોરડું પડ્યું (૪) ઍસ્પિરિન (૫) ચીબુ (૬) ૩૩ + ૩૩ + ૩૩ + ૧)

રણછોડલાલ : આંખો બંધ કરો (અટકીને) મોં ફાડો. લ્યો. (ઓડકાર) અરે-એ-એ-એ ' છેવટે અગિયા કુવર જ કોળ કાઢ્યો ને!

કેહીબા : રામજી! નહાવું પડવું નથી? ઊઠો હવે; મને બહુ નેઈ.

રણછોડલાલ : હેં-એ એ-એ? હા હા; લ્યો આ આલ્યો.

કેહીબા : કેમ બડબડ?

પટાવાળો : હજૂર! સોની દોગીના સઘને આંબ્યો છે.

કેહીબા : બોઢાડ, કહે કે હમણાં આવશે. અને તમે નહાવા ચલ.

રણછોડલાલ : કેમ, આજે માધુનું લગન લીધું છે?

કેહીબા : ના જી, ચલ, નહાવા પધારો.

રણછોડલાલ : દેવીની જેવી આજ્ઞા.

કેહીબા : કેમ પાછા લીઆ? (હસીને) ચલ હવે. (સ્વગત ધીરા મૂકુ અવાજે) દેવીની આજ્ઞા છે (મોટેથી) બરાબર નહાવે.(ધીમેથી) હું જરી નહિ રહું. બડબડ! પેલા સોનીને મોકલ. (બોલી ચારે)

સોની : બા શા'બ! કીધા પરમોજે લાયો કે નૈં?

કેહીબા : શું પૂછ? ત્રણ વાર પટાવાળો દોડાવ્યો ત્યારે.

સોની : બા શા'બ, લગેર જે દાઢા મોડું થૈ ગ્યું. પણ લગેર ઢોંગ તો હુઓ.

કેહીબા : જે દહાડા જોવું? જે ગહિના. દહાડાના ગહિના ન કરે તો સોની નહિ. ચીટ તો ઓટલી ચડી છે કે મારા સિપાઇને બોલાવી ચાર સાટકા મરાવું.

સોની : બજ્યું બા શા'બ! આપનો પ્રભાવ બહુ તેજ.

કેહીબા : લ્યો હવે, દાગીના બતાવો.

સોની : બા શા'બ, આવું કોંગ આપને કરેતો મારે ભૂંખણી મૂવા દેવી.

કેહીબા : બરાત, દાગ તો સારું છે. લાવો હું તમાર અંગને બતાવીશ; તમે કાલે આવજો.

સોની : બા શા'બ, જરૂર આવેરા.

કેહીબા : ઠીક, જાઓ હવે, સાદેબ આવ્યા. (અટકીને) કેમ, આપ નહાયા?

રણછોડલાલ : હા-આ-ના. હા, હવે તમાર જોસીને પાછી જગીએ.

કેહીબા : તમને આ દાગીના ગમ્યા? જુઓ

રણછોડલાલ : દાગીના સરસ ને પહેરનાર તમે, પછી પૂછવું શું?

પટાવાળો : હજૂર! કોઇ મળવા આવ્યું છે, નામ આ લખ્યું.

રણછોડલાલ : તમાર જોસો, હું બની આવું.

પટાવાળો : બા સાદેબ આપને પ્રભાતપુરના રાણીસાદેબ મળવા બોલ્યાં છે.

કેહીબા : તમે બની આવો. હું રાણીસાદેબને અંદર બોલાવું. (અટકીને) પધારો!

રાણી : આપને નિમંત્રણ આપવા આવી છું 'આકાશનું અજોઈ રાખ્યું છે, જરૂર પધારજો.

કેહીબા : જરૂર; આપની કોરી આવી જ હતી આપે તકલી લેવાની શી જરૂર હતી?

રાણી : તકલી આપવા તકલી લેવી પડે એવું બોલ્યાં? આપને ત્યાં આવવામાં તકલી થી! કેમ સુખમાં છો? રૂપારાવ સાદેબ ઘરમાં છે?

કેહીબા : ના જી એ બારી ગયા.

રાણી : બાલો, બહુ બારું બયું એમને પણ બાગ કહેજો

કેહીબા : જરૂર કહીશ.

રાણી : લ્યો રજા લઈએ. જે અંબે!

કેહીબા : જે અંબે! (રાણી, જાય છે. રણછોડલાલ પ્રવેશે છે.)

રણછોડલાલ : જે અંબે!

કેહીબા : બરકરી કે?

રણછોડલાલ : ના, આપ જરૂરવંતા બન્યાં છો એની બબર પડી.

કેહીબા (હસીને) ત્રણાર મોલ પડી. રાણીસાદેબને પટાવા પડી.

રણછોડલાલ : (ગંભીરતાથી) આ શી બાત છે?

કેહીબા : (સાશ્ચર્ય) શી?

રણછોડલાલ : આટ હજૂર તમને જરૂરવાની?

કેહીબા : હું તમને કહું તે પહેલાં જાણી?

રણછોડલાલ : સદર બજીનનાં દીકરી! રેવાકાંઠાના બધેબધે રણછોડલાલના બાતમીદારો છે. તમે માનો કે મારાથી તમે છુપાવી શકો, તે ભૂલ છે.

કેહીબા : તમારાથી કોણે છુપાવ્યું?

રણછોડલાલ : હું. ત્યારે બાત સાચી.

કેહીબા : સાચી ને ખોટી, મારા કહ્યા પહેલાં?

રણછોડલાલ : અરે અકલ!

કેહીબા : હમારે નહિ સાતને મૂરખ કરે એવા છું, તમારા સુધરો

રણછોડલાલ : આટ હજૂર કેમ લીધા? કોણે આપ્યા?

કેહીબા : કેમ લીધા શું વળી? હુબાવાડાનો કારબારી મારી પારો બગદાવાદ આવ્યો ને કહ્યું કે મહારાજ રાણી સાદેબ, કે કમબે મારો પલ્લો પકડ્યો હતો તેબાતે, મને આટ હજૂર આપના જોગી બાત ગુજરી જતાં અમારા કાકોર સાદેબને કરેલી; અને રાણીસાદેબને આપેલું બચન પાળવા કાકોર સાદેબે આટ હજૂર મોકલ્યા છે. મેં કહ્યું, ના મારે નથી રાખવા. એટલે બોલે કહ્યું કાકોર સાદેબે આપને જરૂરણા જ લખ્યાં તેથી રાણી સાદેબની આજ્ઞા હતી. માટે રાણી સાદેબની ઇચ્છાને આપ ન અવગણશો. મેં કહ્યું તેમ દોષ તો મારો.

રણછોડલાલ : અરે અકલ!

કેહીબા : ત્યારે ચતુર ને કાલા છો તો કહો કે મેં શો ગુનો કર્યો?

રણછોડલાલ : મને પૂછવા બરાર રાખવાનો.

કેહીબા : તેબાં તમને શું પૂછવાનું? મારે કયાં લાંબરસ્વત કે ઓરીનો બાલ રાખવો તો? મારા સંબંધથી મને કંઈ બીજ કે રૂપિયા મળે તેબાં તમારે શું? વળી તમે ત્યારે કયાં બગદાવાદમા હતા? અને હું બહીં આવી ત્યારે તો તમે પંઢારપરે હતા. મનો છો તો આજ? મહેરબાની કરીને ચિકાસા ના કરશો.

રણછોડલાલ : રણિવા કયાં છે?

કેહીબા : મારા દાયેને ઘરે ને ખબરદાર, જે એને બોલાવ્યા છો ને!

રણછોડલાલ : અરે અકલ!

કેહીબા : ડાહી મળે તો સદ બાવો ને! નાનકી નાનબાં મોટ કયાંબાં કામે નથી રેવાનું.

રણછોડલાલ : બો મારા પ્રભુ!

કેહીબા : હા, એમ પ્રભુનું નામ દો. 'અરે અકલ, અરે અકલ' બોલ્યે હરીલાલ નથી હું મારા બાપને પેરબંધ નો રહેવા દો બાલા.

રણછોડલાલ : બહાદાં, કયો નાકર પત્નીને બોલા કરી બાબો છે? બરેબર પ્રત્યેક નાકરનું જરૂરણા જ છે. રેવી! મારે કરવું, બાપ મોટું કહેશો કે જે કબજ કરીને. હું તે બાપ કારબારનાં પત્ની દોઢ ડાહીકારી બતો!

કેહીબા : કેમ બા, નહિ? તમારાબાં સો ભરી; પણ મારું સાદેબની ગિરા પણ ભરી. એવું બહુ ધીરું બાતનાં મને નથી બાવડ કરવું અને તમે કરીબરશો પણ નહિ.

હડીસીંગ : વ ર હવે; ક્યારે શરૂ થશે ?

રણછોડભાઈ : આગબોટ આવે ને સાંચા લાવે ત્યારે આપણા દાદાભાઈ નવરોજજી મને લખે છે કે બેએક મહિનામાં આવી જશે.

મગનભાઈ : પણ મુંબાઈથી અમદાવાદ રીતે લાવીશું? સરકાર રેલની વાતો કરે છે, પણ રેલ તો હજી બોદુ યે બતાવતી નથી.

રણછોડલાલ : ખભાત ઉતારીશું.

હડીસીંગ : રંછોડભઈ સાહેબ ! અમદાવાદ જો બંદર હોત તો કેવું સારૂં ?

રણછોડલાલ : ન હોય તેથી ન થઈ શકે તેમ નથી. ઉદ્યોગ વગર બંદર કેવાં ? ઉદ્યોગ વગર શું બંદર ઉપર્યું છે? ખંભાત ગયું, ભરૂચ ગયું, સૂરત ગયું. આપણે ઉદ્યોગ લાવીશું તો ઉદ્યોગ બંદરને લાવશે.

મગનભાઈ : (હસીને) અમદાવાદને ઉપાડીને આપ દરિયા પાસે લઈ જાવ !

રણછોડલાલ : ના દરિયાને અમદાવાદની પાસે લાવીશું. જોકે અત્યારે તો એ સ્વપ્ન છે.

હડીસીંગ : વાહ, ખભાતથી સાંચાઓ અમદાવાદ લાવવાનું કોણ કરશે ?

રણછોડલાલ : જેને ગરજ હોય તે રણછોડલાલ છોટાલાલ.

મગનભાઈ : અરે એ તે કંઈ આપના કામ ?

રણછોડલાલ : શેઠ, આપ મૂઆ વના સ્વર્ગે જવાયાં છે ? ગંગા નાનમ ગી? હું તો ઇજનેરની સાથે હાથે ડો પણ લેવાનુ ધુ એનું નામ જ પરરોવાના પરોપ. વળી હવે હું કયા અમલદાર છું ?

હડીસીંગ : જોઈશું સાહેબ !

રણછોડલાલ : તમને જોયે પાલવે, મને કયેં પાલવે.

મગનભાઈ : હવે રજા લઉં ?

હડીસીંગ : અને હું પણ ?

રણછોડલાલ : પધારો. અને મગનભાઈ! આપના બે, અને હડીસીંગજી ! આપનો એક.

મગનભાઈ : બધા આપના જ છે.

★ લેખક : પછી સાંચા આવ્યા. રણછોડલાલ ખંભાત ગયા. ત્રણ માસ ત્યાં રોકાયા ને બળદગાડાઓમાં સાંચા અમદાવાદ લાવ્યા. વિલાયતથી આવેલો એક ઇજનેર કૉલેરામા ખપી ગયો. રણછોડલાલ હિંમત ન હાર્યા. બેએક વરસમાં મિલ ધમધોકાર ચાલી અને ખૂબ કમાવા લાગી. એમની વાહવાહ ચોટચોટ બોલાવા લાગી. સાંભળો આ ત્રણ કાપડિયાઓને.

પહેલો : માણસ બડો બાહોશ. એક વાર સાંચા દરિયામાં ડૂબ્યા. પાછી વળી ઈજનેર કોગળિયાનો ભોગ થયો. પણ રંછોડભઈ ન ડગ્યા તે ન જ ડગ્યા.

બીજો : હા. મિલ મારી બેઠી ધમધોકાર ચલાવી.

ત્રીજો : હાથે હથોડા લઈને કામ કરેલું, શેઠ! મારા ને તમારાથી એ ન થાય !

પહેલો : મારા ને તમારાથી શું, કોઈથી ન થાય ! નગરશેઠથી ય ન થયાં, ને ચોટાના શેઠિયા હાથમાં ગજ લઈને બેસી રહ્યા.

બીજો : લાહ્યો ભાગ્યા વગર ધરજનો ખવાય છે ? વ.ણિયો વેપાર કરી જાણે; કારભારો ને કારખાનાં તો નાગરનાં જ.

ત્રીજો : વાણિયાની ચુમાસ્તી કે સરાફી.

પહેલો : કે ગજ કાપડ ફાડવાનું.

બીજો : મીલના નફા વાંચ્યા ? લંક લાગશે ન્યાલ કરશે ને ન્યાલ થશે. રોના ત્રાજુસે થયા. શું સમજ્યા ?

ત્રીજો : તગદીરની બલિહારી.

પહેલો : તગદીર તો કપાળમાં. હાથ ને અક્કલ ચલાવ્યા વગર કપાળમાં જ પડયું રહે. હાથ ભીડ્યા વગર ધામ પહોંચાતાં નથી.

બીજો : વાત સવા શેાળ આની. બીજે હત તો સાંચા કૂવ્યા તેને દેર રડ્યો આની વાત બાનુએ મૂકત.

ત્રીજો : ને ત્યાર બાદ તરત ઈજનેરને કોગળિયું ખેંચી ગયું ત્યારે તો દૈવના કોપમાં શકા જ ન રહેત

પહેલો : એમ વાત છે, મારા શેઠ ! રંછોડભઈ દૈવને ન ગાંઠ્યા. દૈવ એમને ગાંઠ્યો. એનું નામ તે રંછોડભઈ. શું સમજ્યા ?

બીજો : નીકર 'મા મને કોઠીગાંગી પાઠ' એવો ઘાક પાત હું ને તમે તો ઘણાંયે જોયએ ને છાનિયાં લઈએ.

ત્રીજો : ગોટલેસ્તો હું ને તમે જર લઈને ઘુમડાં ફોડીએ જીએ.

પહેલો : ને એણે સાત પેઢીનો વિચાર કર્યો.

બીજો : સાથે અમદાવાદનો યે કર્યો ને?

ત્રીજો : સાથે નહિ, પહેલો, મારા શેઠ ! અમદાવાદની આબાદીમાં એણે પોતાની આબાદી જોઈ; ને અમદાવાદની આ બાદીમાં આપણી ને આપણાં છોકરાંઓની આબાદી આવી ગઈ, સમજ્યા ?

પહેલો : કાનની બૂટ પકડું; ના કેમ કહેવાય ?

બીજો : ખરી સખાવત તે ઉદ્યોગ આપનો તે.

ત્રીજો : વાત સવા વીસ. પુનદાન તે કેટલાને પહોંચે ?

પહેલો : પુનદાન પોતાને ગાટે, ઉદ્યોગ સૌને ગાટે.

બીજો : સામજ્યું છે કે બીજી મિલ કરે છે ને લોઢા કોલસાની બાણોની કંપની પણ કરે છે !

ત્રીજો : ને બંબાતથી દરિયો લાવવાના છે !

પહેલો : એમ વાત છે' આપણે માનીએ કે કોલસો હાથ લાગા કરે.

બીજો : ને લોઢાં લવાર ટીપે.

ત્રીજો : અમદાવાદનું નામ બદલવું પડશે.

પહેલો : બદલ્યાં બદલાય છે ? રંછોડાબાદ કે રેંટિયાબાદ કહેવાથી શું વધારે છે ?

બીજો : સવા શેાળ આની ને બે પૈ અક્કલદાઢનો વારસ છે !

ત્રીજો : બહુ ઝીણો.

પહેલો : સો વરસ જીવો.

બીજો : સો.મિલ કરો.

ત્રીજો : ને શહેરને તારો. હ્યો હીંડો.

પહેલો : આવજો, શેઠ !

★ લેખક : સંપત્તિ વધી જ ગઇ,—અમદાવાદની તથા રણછોડલાલની. બીજી મિલ થઇ. માધુબાઇને વેર દીકરો પણ થયો. એ દીકરો સમય દાનવીર પાક્યો. સાઠ લાખની સખાવત કરી. બૅરોનેટ બન્યો. રણછોડલાલ અમદાવાદ મ્યુનિસિપૅલિટીના પહેલા પ્રમુખ થયા. અમદાવાદને તેમણે જેટર આપી ને ચકલીનાં પાણી આપ્યાં બદલામાં ગાળો પણ ખાધી. હવે તમને મ્યુનિસિપૅલિટીની તેમની ઑફિસમાં લઇ જઉં છું. રણછોડલાલ કાગના કાત્રણો વાંચી રહ્યા છે. એક મ્યુનિસિપલ મેમ્બર મળવા આવે છે

મેમ્બર : પ્રેસીડેંટ સાહેબ ! આ તો હવે હદ થાય છે. આખા શહેરમાં બળબળાટ મચ્યો છે. શહેરની વાત પડતી મૂકતી જ ઠીક છે.

રઘુગોરલાલ : શહેરનો અભિપ્રાય જાણું છું. તમારો અભિપ્રાય જાણવો.

સત્ય : સાદેબ ! વાત પડતી મૂકો.

રઘુગોરલાલ : કોટમે કે શહેરનું વરસપ્રમાણ છે તેટલું રાખો.

સત્ય : સાદેબ ! મુદ્દો તો પ્રભુના દાગની વાત છે.

રઘુગોરલાલ : પ્રભુએ તે દાગ પ્રભુપને શોભ્યું છે.

સત્ય : સાદેબ ! આમાં આપ જિદ ન કરો.

રઘુગોરલાલ : આજે તમને એ જ કહેવું છે.

સત્ય : ઠોકો બહુ ચીકણો છે. આગેવો ગંભીર છે.

રઘુગોરલાલ : તમારે ઘેર બાળબચ્ચાં છે ?

સત્ય : પ્રભુનાં આપ્યાં પાંચ છે.

રઘુગોરલાલ : એમની મા જ્યારે દવા પીવડાવે ત્યારે તે પીડવનાં નથી ? તે વખતે તમારાં પત્નીનો હાથ ઝાલવા તમે કદી ગયા છો ? જાવ, તમારા વિચાર કરો. પ્રમુખ તો શહેરની માતા છે.

સત્ય : પણ આ તો વાત જ જુદી છે. આપણે તો શહેરની ઈચ્છા પ્રમાણે ચાલવાનું છે

રઘુગોરલાલ : આપઘાત કરનારને કરવા દેવાય ? પોતાના શહેરીઓ કેમ બને તેમ બધારે મરે તેની ઈચ્છા શહેરની તો ન હોય; તમારી પણ ન હોય.

સત્ય : પણ લોકોને ન ગોઠ્યો તે કંઈ તેમને પરાણે ખવાય ?

રઘુગોરલાલ : ના; હું પરાણે ખારવા નથી માગતો. જુઓ ભાઈ, તમારી ફરજ છે કે આ કામમાં તમારે પ્રમુખને મદદ કરવી. બાકી લોકપ્રિયતાના ફાળકેપર ચઢાવા જેવા હોય તો તમારી મરજી.

સત્ય : સાદેબ ! લોકમતને માન ન આપવું તે તો ગેરવાજબી.

રઘુગોરલાલ : લોકમતની તમે કરો છો તેની વ્યાખ્યા આગલમાં મુકાશે ત્યારે કેવાનું સલાહકાર બનશે. લોકમતને ગેરવાજબી ફરજ બજાવવી નથી મે લોકમતના નામે બ્યાંતમાં પબ્લિસિટી કરવા છે ' હું લોકમતને ગેરવાજબ આ ખુરશીમાં બેઠો છું. શું સમજ્યા ? સાદેબજી

સત્ય : સાદેબ !...

રઘુગોરલાલ : જે શું કહું ? સાદે-બ-જી. બીજા મજબ આપનારા છે. સિપાઈ ! બીજા મેમ્બર સાદેબને બોલાવ.

બીજો સભ્ય : સાદેબ !

રઘુગોરલાલ : બોલો.

બીજો સભ્ય : બહુ બોડું થઈ રહ્યું છે.

રઘુગોરલાલ : તમે કેમાં બાજ ન લેશો.

બીજો સભ્ય : ચકલીનાં પાણીની વિકટ શહેરમાંસભામોઆજરાવ છે. લોક અતબજાર છે.

રઘુગોરલાલ : તમે તો શાંત છો ને ?

સત્ય : પણ સાદેબ : લોકમતની બાત છે, મારા મતની નથી.

રઘુગોરલાલ : બરાબર મ્યુનિસિપલ મેમ્બર બોલશે બોર પણ બધાના મત બધારવું જોઈએ. કેમ બરાબર.

સત્ય : નાબ્રદ કેમ લોકમતનું જોઈએ.

રઘુગોરલાલ : બરાબર લોકને બહારના, બહારના, બોરે કરને લોકના મોંને બાબ "લોકમત છે, લોકમત છે" બોલાં મૂંઝવા બહારનાં. સામા જોને લખી રાખજો કે બાબી ટ્રેમોક્રસી બરબાદ બાબશે. હવે કોની બાત પહલી મૂકો. બમને બરાબ બાબે શું છે ?

સત્ય : કુબાનો બાબુ બધ કે બાબો બાબો કુદ બંદિ. બન્ને બરાબ બાબોનો બબુ બધ ન છે. બને કુબા હુબ બધી કદોને તો કુબ-કેબનું શું થશે ? મે બરાબ બરબાદ નો કદોને બાબો બાબો

રઘુગોરલાલ : જોવું હતું બહુ બરાબ ' બાબારબાદના કુબાનો બાબુબાબોનાં કોનાં બાબુ બધબાં છે. બમાં તમારે પીવું કોબ તો બે કબાં કોબ્યા છે ? નકામાં શું કરવા બાબો કેટલાનો છો ? સબાર બાંબો, વિચારો અને પછી બાબો. સાદેબજી.

સત્ય : પણ સાદેબ !....

રઘુગોરલાલ : મેં શું કહ્યું ? સા-દે-બ-જી. બીજા મજબ બાબનારા છે. સિપાઈ !

સિપાઈ : સાદેબ ! ઠંડાગરની બોટિમનો બબત બધો છે.

રઘુગોરલાલ : બારો બંગાબ.

હાં. કુબ્બુલાલ શ્રીધરાણી નામની બોગબાબુ 'કુમારના' વહના બાચકોને તો આબબાની જરૂર ન જ હોય. બાવન વરના બતની બે કુમારે હસિબાબુનિબબન બાની વિદાબોં બા-વરબાબી લબના બાદેલા કાબોદ્વારા 'કુમારે'ના બેગનો બદેશો પરિચય બુજરાતને કરાબ્યો; અને બ્યારબી બાંદીને બુજરાતી વિદાબીઠ અને કુલાનિનિકેતના બાબ્યાસબમા કરબાના કેબડોબર વિકબની જડી બેગની બાબિબેબા કરબો. તેબેા અને નાટકો દ્વારા 'કુમાર'ના બાનાબેા કબર સૌબી વિરોબ બગાબ્યો છે. ૧૯૬૪માં અબેરિકા બતને બાબ્યાબની સાથે તેબણે બિતાની લેબન-પ્રેવતિ પણ બધારી; અને દિલની સારબીબ તથા બાબુનિક બાબિબાનું બાબુ બરકબ બબે. તેબના લેાકો બા વબ બહુ બરબાના સારા બબનો કે કેાકરાંદિરી-બાનેબ્બિ કર્યા છે તેબા બેગી બારે બાબી બબા. બાજે તે બબેદિબ-બાંતિ નિકેતના કીબતા કેબબકુબ છે. બા બાબબા બ્યારેક બાબેબ બાબબે, બબારા બે બહુના બિતનું બને બાબરબર સુરબે બબ લે બીબેબાબે.

★ લેબક : નગરની બાબેની સબાબાં રઘુગોરલાલ બાબે છે નાટી પર કારબા પરે છે. રઘુગોરલાલ તિતરે છે ને નાટોનો બરબાદ બરબે છે.

પદેલા : કકેડિબા ' બા તો બહલ નથી બોલાતી. બાની પેર ખોટાબ છે.

બીજે : ઇબતાં નરબબા બડવું કોબ તો પડ, કહેબને શું કરબા બાબે છે ' નથી ટોટી તાંદી નરબબાબ્ બાબ્ બાકર બાબાં

ત્રીજે : બા તો બરબ બરોબબાબી છે. ઈબાદ નથી, કે કુબન છે.

બોથે : બકરીબા તેનાં બાબકરબાદીના બબબુ ! બબબાં બબ-બૂતનર પીવડાબબાનો છે. પીજે તુ ને બાદ બા.

રઘુબનિબાબેા : બબકા બિંબેા 'દેડિબા દેડિબા, બબબ છે બ્રુબિબા'

બબબા : 'દેબેાર દેડિબા બાબ છે બ્રુબિબા'

પદેલા : ૪ લેા બેબેા બાબિબા

બીજે : રાબેા બેબેા દેડિબા

ત્રીજે : બાબે બેબે દેડિબા. (રઘુગોરલાલ ૪ ૬ બા બેબેા બે છે. રઘુગોરલાલ ૧ બબબબુ બબબ દેબા બાર છે.)

રણછોડલાલ : ભાઈઓ!

અવાજ : બેસી જા, રાક્ષસ!

રણછોડલાલ : ભાઈઓ; તમે મને સાંભળવા આવ્યા છો, તમને નહિ. અમદાવાદમાં ગંદકી ઘણી છે, તેમાં શબ્દોની ગંદકી શું કરવા ઉમેરો છો? ગણભૂતની ગંદકી સારૂ ગટર આવશે, પણ શબ્દોની ગંદકી સારૂ ગારી પાસે કંઈ નથી. ગટર એ ગારી ચોર નથી, રાજેની ગંદકીની અને તમને ખોટું બરાવનારાઓના દુરાગ્રહની ચોર છે. મરેલાંઓ કે જેની સંખ્યા જીવતાંઓ કરતાં ઘણી વધારે છે તેઓના મત ગણીએ તો ગાંધી બહુમતી મેળવી છે

એક અવાજ : તમે મરેલાંઓમાં ભળો અને બહુમતી વધારો.

રણછોડલાલ : હું ભળીશ, પણ તમને જીવતા રાખીને, તમારો હાથ ઝાલીને સાંભળો. ગટરના અને ચકલીના ફાયદા અને ગેરફાયદાને તોળી જુઓ તો રણછોડ રાક્ષસ નહિ પણ માણસ લાગશે. અકાળે મરેલાં ને દફનવા આવી શકે તો મને જરૂર ઠપકો આપે કે મેં ગટર મોડી આણી. ગારે તો આજ જીવતા ને મરેલા બધાંના ઠપકા ખાવાના છે. પણ ઉપાય ! ભગી અને વણકરને તો નસીબમાં વતરાં ને ગાળો લખેલાં જ હોય!

એક અવાજ : આપને કોણ ગાળો દઈ શકે?

રણછોડલાલ : જેની હું સેવા કરૂં તે; બીજા કોણ?

બીજો અવાજ : આપની સેવાઓની કોણ ના પાડે છે?

રણછોડલાલ : એ જ દુઃખ છે. કોઈ ના પાડતા નથી. અને હું ના પાડું તો ગાળો સાથે કાકરા નહિ પણ લાકડીઓ ખાઉં. (ગંભીર અવાજ) હું તમારો ગુલામ, એટલે ગારે ગાળો, ગાર, મહેણાં ને ઠપકા બધુ સહન કરવાનું. અને ગુલામને બીજું મહેનતાણું શું હોય?

ત્રીજો : આપ તો અગાડૂ નાદ છો.

રણછોડલાલ : હા. અને તે પણ તગાડૂ. તો કાપવું હોય તો કાપી નાખો. (ખિન્નતાથી) આજે મારૂ દિલ બહુ દુઃખે છે કે અમદાવાદને મેં ગાડૂ માન્યું ને જેનો હું થયો, જેની ખાતર મેં ગારી જાત ઘસી, જેના દુઃખે રોયો ને સુખે હસ્યો, તે અમદાવાદે ગારા દિલમાં જ ખગ હર્યો! ગારાનાં વિશ્વાસમૂર્તિને મારો વિશ્વાસઘાત કર્યો!

ઘણા અવાજો : ના, ના, ના. વિશ્વાસ છે, પૂરો વિશ્વાસ છે.

રણછોડલાલ : (મોટેથી) તો વિશ્વાસ મૂકી જાઓ ને હું જે કરૂં છું તે તમારી ખાતર, તમારી પ્રજા ખાતર, તેની પ્રજા ખાતર, અને (દર્દથી) અકાળે મરી ચૂકેલાં બીજારાં અનેક બાળબચ્ચાંને જીવાનિયાના દુઃખી બાપા ખાતર, કરવા દો, કરવા દો. (તાળીઓના ગડગડાટ)

★ લેખક : અને અમદાવાદને મીલ આપનારે તેને ગટર અને વૉટર વર્ક્સ પણ આપ્યાં. હવે આપણે ફરીએ તે કાજના પ્રાર્થના સમાજમાં ડોકિયું કરીએ ને રણછોડભાઈને, તેમના મિત્રો, બોળાનાથ સારાભાઈ, મહીપતરામ કપરામ અને ગોપાળરાવ દેશમુખ સાથે ગણીએ. મહીપતરામ બોલતા સંભળાય છે અને એક ધાતુની મૂર્તિ ઉપર પેન્સિલના પ્રહારો કરી રહ્યા છે.

મહીપતરામ : મૂર્તિમાં જો સત હોય તો થઇ જ રહ્યું ! જુઓ, આ મૂર્તિ શું ઈશ્વર છે? લાલજી! તમારામાં જો સત હોય તો બોલો. કમાંથી બોલો? તમે કેવલ ધાતુના ટલ્લા છો. શું સમજ્યા? જડ છો. નીકર પેન્સિલના માર સહન કરો? બોલો! કેમ બોલો? ચૂપચાપ, જોઈ લો. સુધારાએ સાબિત કરી આપ્યું છે કે મૂર્તિપૂજા દંભ છે, પાખંડ છે, પ્રપંચ છે, બુદ્ધિહીનતા છે, જડતા છે, અને સુધારાના ચૂરજે આજે ઘેર ઘર્મજાડ કરી નાખ્યો છે. જુઓ! આ મૂર્તિને હવે હું આ પત્થરથી ત્રણ વાર જોરથી ઠોકું છું કે જેથી કરી જ શંકા ન રહે.

રણછોડલાલ : પરમાત્માની સદ્ભનશીકતા ઘણી ગાઢ માનજો. મહીપતરામભાઈ, જો તમારા કે મારા માથે આજ ફટકા પડે તો અમારે સહન ન કરી શકીએ ને બૂમો પાડીએ. પણ જેથી આપણે ઈશ્વર સાબિત થઈશું?

મહીપતરામ : રણછોડભાઈ! તમારા હૃદયમાં કોઈપણ દેવ મૂર્તિપૂજા તરફ પ્રેમ છે, તમારી દલીલ બરાબર નથી. આ ઈશ્વર નથી એટલું જ નહિ પણ માણસ પણ નથી, તે હવે સાબિત થાય છે જો મનુષ્ય હોત તો વેદનાથી બૂમ પાડી હોત, અને જો ઈશ્વર હોત તો મારો હાથ થંભાવી દીધો હોત. એમાંથી એકે બન્યું નથી, માટે મેં કહ્યું તે જ સત્ય છે. જુઓ આ છેલ્લી વાર લાલજીને માથે પેન્સિલનો એક ફટકો મારૂં છું. હર્યો—ઓ—ઓ—ઓ!

રણછોડલાલ : જોયું? પેન્સિલ તૂટી ગઈ! સત્ય બહાર આવું જોઈએ? મહીપતરામભાઈ! હવે લાલજીને બહુ ન મારશો, જોઓ! એમાં સત્ય નથી. જો પેન્સિલ સમાજની હતી તો તોડી માટે કાલે આખી પેન્સિલ લેતા આવજો.

મહીપતરામ : તમારા લાલજીમાં સત હોય તો તેની કસોટી માગી લો.

બોળાનાથ : મહીપતરામભાઈ! મૂર્તિઓને મારવા માટેનાં ખાસ સાધનો કહો તો સમાજ વસાવે. કેમ રણછોડભાઈ.

રણછોડલાલ : (બહુ ધીમેથી) મૂર્તિને આજે એ મારવા કાજ ચઢ્યા છે જો એને બોબા નહિ પાડે ત્યા સુધી નહિ બંધે! બોળાનાથભાઈ તમે કૈં કહો.

બોળાનાથ : મહીપતરામભાઈ! એ મૂર્તિ આપણે જેની હતી તેને સાજી સમી સોંપવાની છે. માટે જો એને શિક્ષા કરવી હોય તો પણ એને નુકસાન ન થાય તેવી રીતે કરજો.

રણછોડલાલ : હા, એ તો મારા ખીસ્સાનું રમકડું છે બળી એ કંઈ પ્રતિષ્ઠા કરેલી મૂર્તિ નથી. પ્રતિષ્ઠા કરેલી મૂર્તિ તે મારે ખાવા સમાજ સુધી આવે જ ક્યારે? કેમ, ગોપાળરાવ?

ગોપાળરાવ : હા; શું મારા બાપ મહીપતરામ! આપણા બાળકના રમકડાને ટીચી નાખ્યું! છોડો હવે.

મહીપતરામ : રણછોડભાઈએ સાચું જ કહ્યું છે. પ્રતિષ્ઠા કરેલી મૂર્તિ સમાજ સુધી આવવાની યોગ્યતા જ ન કરે.

રણછોડલાલ : આજથી નિયમ કરો કે મૂર્તિને કદી માર ન મારવો. આપણે તેને આપણા જેવી કલ્પી લઈ તે જ્યાં સુધી તેથી ક્રોધ કરવો પડે અને ક્રોધ કરવાથી લોહી ગરમ થાય અને પેન્સિલો તૂટે! કેવી સારી પેન્સિલ તમે તોડી નાખી! અને તે કેવા કારણે? અમદાવાદને ડ્રેનેજની, પાણીની, ગટરની, દવાખાનાની, હોસ્પિટલોની જરૂર છે કે નહિ તેની ચર્ચા માટે નહિ, પણ ધાતુની મૂર્તિમાં સત છે કે નહિ તે ખાતર!

મહીપતરામ : એક પેન્સિલ તૂટી તેમાં તને મારા પર ચિન્તાગ પડી, અને ચીનુને રમકડું તે આવું અપાય? મારો પ્રાર્થનાસમાજ મૂર્તિને રમકડાંમાં આપે? બાળકને કેવા સંસ્કાર પડે?

બોળાનાથ : અને સાચો સનાતની લાલજીને મહીપતરામને સ્વાધીન કરે? કેમ ગોપાળરાવ?

ગોપાળરાવ : રણછોડભાઈ કોનું નામ? હરામ છે જોગને સુધારામાં કે પ્રાચીનતામાં હરામમાં યે શ્રદ્ધા હોય તો!

રણછોડલાલ : ભાઈ, મને તો બંનેમાં શ્રદ્ધા છે; પણ સૌથી વધારે સમાધાનમાં છે.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૬૧]

લેખક
ડૉ. હરિપ્રસાદ મ. દેસાઈ

ભારતભાતાને મેં ઉત્તર દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ ચારે દિશાઓથી જોઈ છે, અને જ્યાંથી જોઈ છે ત્યાંથી રૂપરસ્પના ભંડાર જોઈ મારાં ચક્ષુ ધન્ય થયાં છે.

વર્ષાઋતુમાં દક્ષિણનો સહ્ય દ્રિ પર્વત જોવા મળે એ પણ સદ્‌ભાગ્ય ગણાય. ક્ષમણાં મુબાઈથી પુણે જતાં આ વતાં પશ્ચિમઘાટની શોભા મેં મેઘ ભરીને જોઈ. પર્વતનાં શિખરો ને તળેટીઓ લીલાછમ બની ગયા હતાં અ- ંખ્ય ઝરણો, ધોધ, સરિતાઓ ને સરોવરોથી એ ગિરિપ્રદેશ મનોહર બન્યો હતો ખડાલા, લોનાવલા, મુળશીપેઠા વગેરેની કુદરત તો અલૌકિક હતી એના સૌંદર્યના અનુસધાન દ્વારા મત્ત બની મેં ચાલતી ગાડીએ પણ ઈશ્વરનાં ધ્યાન ને ઉપાસનાના આનંદ પોટભરીને ભોગવ્યા.

પુણેમાં મઠા નદીને કિનારે, એક બંગલાને ત્રીજે માળેથી સૃષ્ટિસૌંદર્ય માણવાનો અપૂર્વ અવસર મને મળ્યો. નદીકિનારા પર પહેલી રાત, મધ્યરાત ને પાછલી રાતની ભિન્નભિન્ન પ્રકારની બદલાતી શોભા આટલી નિકટતાથી જોવાની તક મને કદી મળી નહોતી નીલ આકાશમાં જગતા તારાના તથા વીજળીના દીવાઓનાં પ્રતિબિંબથી મંડિત રૂપેરી સરિતા આછા અલંકારો સજેલી પવિત્ર સૌભાગ્યવતી જેવી લાગતી હતી. પાછલી રાતે તો પછી ચાંદની ખીલી પહેલાં એ ચાદનીના આછા પ્રકાશમાં અને પછી પ્રાતઃકાળ થતા કપાના મનોહર રંગોમાં નદી, નદીના બંને કિનારા, પાછળના પહાડો ને મનોહર આ- કારો મેં જોયા જ કર્યા. કોઈ પર્વની ઊજવણી માટે મેં એ રાત ને પ્રભાતના મીઠા કલાકો સ્ફૂર્તિક નિરાંતથી માણ્યા.

પછી મેં પુણેમાં પર્વતી, ચતુર્શિંગી, સગ- મેશ્વર, બંદ ગાર્ડન, લકડકર(છાવણી), મુળાનો પૂલ તથા શનવારપેઠના પેશ્વાવાડા જોયાં.

પર્વતી પરથી પરથી આખું પુણા, એની બંને નદીઓ સાથે નજરે પડતુ હતું. પાજ- રાવના ઉતારા, મેડીઓ, છજ્જે, અટારીઓ અને ઝરખા તથા ટંકારખાનાંની ને સુરંગોની ઐતિહાસિક જગ્યાઓ, ભૂતા ઇતિહાસને મનોચક્ષુ આગળ પ્રત્યક્ષ કરી રહ્યાં છે. અહીં- ની લક્ષ્મીનારાયણની મૂર્તિઓ મને ગમી, પ- રંતુ દરિદ્રજનોને મંદિરમાં પ્રવેશની હજી બંધી છે એ પાટિયા પર વાચ્યું ત્યારે તો જે જણી- વાણ બારણે ઊભી દરિદ્રજનોને દર્શનની છૂટ છે તે બારણે થી જ સાચાં દર્શન કર્યા.

ચતુર્શિંગી ઉપર જવાનું પૂરી જની છાવ- ણીઓને રસ્તેથી હતુ. લડાઇને પ્રસંગે લાખો રૂપિયા ખરચીને કરેલાં મકાનો અને સાધનો આજે વેરણછેરણ થઈ રહ્યાં હતાં. અહીંથી ફરગ્યુસન કૉલેજ અને એનાં છાત્રાલય દૂરથી દેખાતા હતાં. એ કૉલેજની સંસ્કૃતિએ, દ- ક્ષિણ અને ગુજરાતને જે અલભ્ય લાભ આપ્યા છે તે ઋણના બદલામાં એ સ્થળેથી મેં એ સંસ્થાને પ્રણામ કર્યાં. મંદિરમાં તો સવારને વખતે કોઈ પૂજારી પણ ન હતો, એટલે માતાજીનાં દ્વાર બંધ હતાં. પણ ખરાં માતાજી તો ત્યાંથી જ્યાં નજર નાખો ત્યાં —ખેતરો અને મેદાનોમાં, પહાડ ઉપર અને પુણા નગરીના સત્ત્વમાં જોવાતાં હતાં. બહુ દહાડે પહાડ ઉપર ચડવાનું મળવાથી મને આનંદ થયો અને જે ઘાટોને આગગાડીમાંથી દૂરથી જોયા હતા તે તો સ્પર્શી પામીને માતા પૃથ્વી સાથે મેં ઓકતાનો અનુભવ કર્યો.

બંદ ગાર્ડન તો ઘણેક વખત જઈ આવ્યો. બાગનાં ફૂલો, વૃક્ષો બેઠકો ને ઓકાન્ત રસ્તા ઉપરાંત ખરી મજા તો પૂલ પરથી નદીના પાણીનો આખો ધોધ પડતો જોવામાં છે. ચારે કાંઠે ભરપૂર પાણી વહી રહ્યાં છે પશ્ચાત- ભૂમિમાં દૂરદૂર ભૂરા પર્વત શોભે છે અને કિનારે બાગનાં વિશાળ વૃક્ષો પર પંખી કિલ- કિલાટ કરી રહ્યાં છે. બંધથી આગળ દૂરદૂર સુધી જતી નદી આમ્ય ને ખરણવડી ભૂમિ- થી અંકિત ખેતરોમાંથી જતી કે ઈ ભરવાડણ જેવી લાગે છે.

જુલાઈની ધારાસભા પૂરી થાય તે પહેલાં જ્ઞાનેશ્વર મહારાજનું જન્મસ્થાન આળંદી જોવું હતું. પણ આળંદી જતી મોટરબસ ચાર વાગે ઊપડવાની હતી અને અમે તો એક વાગ્યાના બસસ્ટેશને પહોંચી ગયાં પચ્ચે જે વખત થઈ ગયો તે દરમિયાન અમે શનવાર પેઠમાં આવેલા પેશ્વાવાડાના બળતાં બચેલા મહેલની આગલી મેડીના ઐતિહાસિક ખંડ- માં જઈને બેઠા. "આપણા પૂર્વજોનું સ્મરણ કરાવતું આ સ્થળ બગાડશો નહિ." એવા પાટિયાંએ અમારા મન પર બહુ અસર કરી. પેશ્વાઓથી આજ સુધીનો ઇતિહાસ નજર સમક્ષ તરી રહ્યો. સ્વધર્મ અને સ્વરાજ્ય સ્થાપન કરવાના પેશ્વાઓના મનોરથો કયાં- ના કયાં ઊડી ગયા અને છ હજાર ગાયકથી વેપાર કરવા આવેલા અંગ્રેજો હિન્દના સર્વ- સત્તાધીશો બન્યા. ફરી પાછો નાટકનો પ્રવેશ બદલાયો ને 'સ્વરાજ્ય મારો જન્મ- સિદ્ધ હક્ક છે—અને તે હું લઈશ જ' એમ પોકારતા લોકમાન્ય ટિળક પ્રકટ્યા; ને એમના દેહવિલય પછીની આ પચ્ચીસીમાં દેશે ખેડેલી લડતોને અંતે આપણે ચૌદ દહાડે ચૌદમી દીલ્હીની વાટાઘાટોનાં શુભ પરિણામોની આશામાં, ભારે હૃદયે અમે એ ઐતિહાસિક સ્થળને પ્ર- ણામ કરીને આળંદી જવા માટે નીકળ્યા.

આળંદીનો રસ્તો ભવ્ય હતો. પહાડો, ત- ળેટીઓ અને ખેતરો ઓટલાં લીલાંછમ બની ગયાં હતાં કે એ આખું દૃશ્ય નીલગિરિના પ્રદેશનું સ્મરણ કરાવતુ હતું. નાની ઇન્દ્રાયણી નદી પૂરથી મત્ત સુંદર બની હતી અને યાત્રાનો દિવસ નહિ હોવાથી મંદિરો તથા બીજું જોવાલાયક સ્થળો શાન્તિપૂર્વક જોઈ શકાયાં. એક મંદિરના છજ્જામાંથી નદી બહુ જ સુંદર દેખાતી હતી મેઘાચ્છાદિત આકા- શમાંથી અવારનવાર ડોકિયાં કરતો સૂર્ય આખી પશ્ચિમ પૂર્વ વહેતી નદીને દિવ્યસ્નાન બનાવી દેતો. આળંદીની પવિત્રતા, વાતા- વરણની સાત્ત્વિકતા ને સૃષ્ટિસૌન્દર્યે મીંડને યોગ્ય હતાં નિવૃત્તિનાથ જ્ઞાનદેવ, સોપાન અને મુક્તાબાઈ જેવાં કવ્ય સંતો ને ચાંગદેવ જેવા પંડિત ને યોગીની મૂર્તિઓ ત્યાં જોઈ. તુકારામના શિષ્ય મહલ્લાપાના સમાધિ મં- દિરમાં અગને તુકારામના અભંગોની હસ્ત- લિખિત પ્રતો જોવા મળી. એ જગ્યાઓથી ઈન્દ્રાયણીનો તટ રળિયામણો લાગતો હતો.

૨૪. શનડેએ મહારાષ્ટ્રના સંતો વિષે જે પુસ્તક લખ્યું છે તેની ચર્ચા કરતા અમે, સંતો અને તીર્થો વડે આપણાં લોકજીવન કેવાં સં- સ્કારી ને સંતોષી રહી શક્યાં છે તથા બીજા પ્રશ્નોના પ્રકાશમાં આપણાં અભણ ગ- ણાતાં સ્ત્રીપુરુષો પ્રભુભક્તિથી કેવાં તરબોળ ને કેવાં નીતિ તથા ચરિત્રવાન આજ દિન સુધી રહ્યાં છે તે વિષે વાતો કરતાકરતા અમે પુણે પાછા આવ્યા.

ફેરગ્યુસન રોડ પર ફરતાં મને બપુ ગોખલે- ની સ્વદેશભક્તિ અને વીરતા સાંભર્યા. અને મનમોહનદાસ રામજીના બંગલાના બગીચા- માં બેસી સવારે કુમળિયા કાંચવ.માં અને ચાંદની રાતોમાં અનાશીમાંથી પ્રભુપ્રાર્થના કરવામાં જે સમય ગાળ્યો છે ને તો કદી ભુલાય એમ નથી. (ક્રમશ:)

ચાલુ ઇતિહાસ

આવો બ્રાહ્મણ ને આર્ય, આવો શૂદ્રો અનાર્ય,
આવો ક્રિસ્તાન, મુસલમાન ને બૌદ્ધનો,
આવો આવો પતિત, નિશ્ચલ નિશ્ચિત ચિત્ત,
ગાની મુક્તિના સર્વ સરખા દૂતો.
ગાના અભિષેક તણો મંગલ આ કુંભ ઊભો,
સહુને સ્પર્શે જશે ભરાઈ પુણ્યનીરે:
(રવીન્દ્રવીણા) ભારતભૂમિને લોકસાગર-તીરે

. ૨. બ. રણછોડલાલ છોટાલાલ સી આઇ. ઈ

જેમનું જીવનદર્શન કરાવવાની રેટિયો-નાટિકા આજેકમાં પ્રકટ થઈ છે તે ગહાન અમદાવાદી જ નહિ, પણ ગહાન ગુજરાતી રણછોડલાલ છોટાલાલની ગહત્તા આપણે બહુ ઓછી પ્રોછી છે. હિંદમાં મીલઉદ્યોગની સૌ પહેલી સ્થાપના કરી અમદાવાદને સમૃદ્ધ અને અગ્રણી શહેર બનાવનાર એ સાદા પણ ઝીણી બુદ્ધિના ને ખાહોશ નરની જીવનરેખા હવે પછી આપવા ધારી છે. દરમ્યાન, એમનો અંગત સંપર્ક પામનાર સ્વ નરસિંહરાવ ભોળાનાથે 'રમારમણકુટીર'માં નોંધેલાં રમારણ્યોગોનાં નીચેનાં અવતરણ એમના વ્યક્તિત્વનો ખ્યાલ આપી રહેશે.

'રણછોડલાલ છોટાલાલઃ અમદાવાદને, સુતરની મિલનો ઉદ્યોગ પ્રથમ સ્થાપીને, મ્યુ. મિસિપાલિટીમાં પ્રેસિડેન્ટની પદવી લેઇ અનેક આરોગ્યાદિક ને ગોપક સુધારા દાખલ કરીને, નગરોમાં ઉચ્ચ પદવી આપનાર રણછોડલાલ છોટાલાલ; ભોળાનાથના બાલમિત્ર; પાછળથી સી. આઇ. ઈ. પદ પામેલા; પુત્રપૌત્રને અઢળક ધન આપનારા, જેને પરિણામે એમના પૌત્ર સર ચીનુભાઇ બૅરોનેટની અસાધારણ પદવી મેળવી શક્યા, તે રણછોડલ લ છોટાલાલ. રોજ સાંજ થતાં પહેલાં રણછોડભાઈને આવવા બેસવાનું સ્થાન ભોળાનાથનું ઘર.

• • ગલીપતરામ વિલાયત જઈ પાછા આવ્યા તેમને નાતમાં લેવા કે એ પાતકના નિતાન્ત બહિષ્કાર કરવો એ ચર્ચા નાતવ્રતમાં ચાલ્યાથી સમુદ્રગમનનો પ્રશ્ન બહુ ને સકોર ગોઠળમાં ચર્ચાય છે. રણછોડભાઈ એમની ઢાવકી વાણી અને રૌલીથી કહે છે: 'જુઓ, ત્યાં ઘઉં મળે છે, ચોખા મળે છે, દૂધ મળે છે; શા માટે હિંદુ પોતાનો ખાવાપીવાનો ધર્મ સાચવી ના શકે?' આ સામાન્ય સત્યને વસ્તુસ્થિતિની કસોટીથી તપાસવાનો સંભવ ઉડાવીને જ દલીલો ચલાવાય છે. કોઇવાર વળી ધર્મનાં વિવિધ તત્ત્વોની ચર્ચા થાય છે તેમાં પણ રણછોડભાઈ પોતાની તીક્ષ્ણ બુદ્ધિનો ઉપયોગ, સાચી તેમજ ખોટી દલીલોમાં કરીને વિલક્ષણ છાપ પાડે છે.

• • રણછોડભાઇએ મિલનો ઉદ્યોગ આરંભ્યો ત્યારથી નગરમાંતે મને 'રણછોડભાઈ રેંટિયો' એ નામથી લોકો ઓળખતા. ગાંધીજીનો રેંટિયો એ નહિ, પણ અમિળથી ચાલતો વિદેશી યંત્રસામગ્રીનો રેંટિયો. રણછોડભાઇ આજે હયાત હોત તો એ કયો રેંટિયો સ્વીકારત?

• • મિલનો ઉદ્યોગ શરૂ કરતાં પહેલાં રણછોડભાઇ અંગ્રેજ સરકારની નોકરીમા સોલિસિટિક્સ ખાતામાં અગલદાર હતા. નોકરીમાં પણ પોતાની શક્તિની છાપ પાડી; પણ 'આવિ તણા જ પ્રભાવે' લાંચના આરોપને લીધે નોકરી ખોઇ. એ પ્રસંગે જ્યારે આ આરોપની તપાસ ચાલતી હતી ત્યારે રણછોડભાઇના મન ઉપર અત્યંત ગ્લાનિ, વિચારમાં જ લીન રાખે એવી મૂઢાવસ્થા વગેરે આવેલાએ એવું ગેર કરેલું કે એકવાર પોતાને ઘેર આવેલા તે નહાવા બેસે તે વખતે કૂંડીમાં લોટો બોળીને પાણી શરીર ઉપર નાંખતે નાંખતે અધવચ અટકે, લોટો વાંકો ને વાંકો રહે, ને રણછોડભાઈ અન્ય ગનપી જોયા કરે.

• • પણ આ અનિષ્ટ ભાસતા જનાવનાં પરિણામ અજ્ઞાતરીતે ગુજરાતને લાભકારી નીવડ્યાં. રણછોડભાઈની તીક્ષ્ણ બુદ્ધિ, દૂરદર્શિતા, ઝીણામાં ઝીણી વિગતનો સૂક્ષ્મ અભ્યાસ ઇત્યાદિ અસાધારણ શક્તિનાં લક્ષણો આ પ્રસંગથી તેમના અંતકાળ સુધી પ્રગટ થતાં આવ્યાં.મિલનું સાંચાકામ, ઢિયા, સર્વની વિગત આરંભથી તે અંત સુધી એવો મિલ જોવા આવનારને એવી રીતે સમજાવતા કે એમની ઝીણવટ ને શક્તિપણી ખબર પડ્યા વગર રહે નહિ. મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે પણ એમણે ઘણી સેવા બજાવી હતી. એમના સમયમાં જ અમદાવાદમાં પાણીનો પુરવઠો શરૂ થયો. ગુજરાત કૉલેજ, ગુજરાત સભા, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ગુજરાત ટેક્નિકલ સ્કૂલ, ગુજરાત સાયન્સ સોસાયટી, ગુજરાત ફાઇન આર્ટ્સ સોસાયટી, ગુજરાત ઍજ્યુકેશનલ સોસાયટી, ગુજરાત ઍન્થ્રોપોલોજિકલ સોસાયટી, ગુજરાત ઍગ્રિકલ્ચરલ સોસાયટી, ગુજરાત ઍન્ટિક્વેરિયન સોસાયટી, ગુજરાત ઍસોસિયેશન ઑફ સાયન્સ ઍન્ડ આર્ટ્સ, ગુજરાત ઍસોસિયેશન ઑફ ઇન્ડસ્ટ્રી ઍન્ડ કૉમર્સ, ગુજરાત ઍસોસિયેશન ઑફ ઇન્ડસ્ટ્રિયલ ઍન્ડ સાયન્ટિફિક રિસર્ચ

મુખ તરીકે અમદાવાદની અપૂર્વ સેવા રણછોડભાઈની હતી એ નિર્વિવાદ છે. પરંતુ એ સેવાગાં એમણે વાપરેલાં બુદ્ધિશક્તિ, ધૈર્ય ઇત્યાદિ ગુણો બધાના જણવામાં નહિ હોય. અગાઉ અમદાવાદમાં અગાઉ દર સાલ કૉલેરાનો રોગ આવતો જ. સ્વચ્છ પાણી રણછોડભાઈની દૂરદર્શિતાથી આવ્યું ત્યારથી એ રોગ નાબૂદ થયો. એ પાણીની યોજના તેમજ ગટરોની યોજના બંનેનો નિકટ સંબંધ હોઈ તે માટે એક expertને બોલાવ્યો હતો; પરંતુ એ પંડિત પોતાનો રીપોર્ટ તૈયાર કરે તે પૂર્વે રણછોડભાઈએ એની સાથે એના જ વિષયની ચર્ચા કરવામાં, એની ભૂલો બતાવવામાં, એનો મત ફેરવવામાં, પોતાની સૂક્ષ્મ અભ્યાસ અને બુદ્ધિશક્તિને યોગે એ વિષયની આશ્ચર્યકારક પ્રવીણતા પ્રગટ કરી હતી. દરેક વિષયમાં આ ગુણબળથી રણછોડભાઈ દીપતા હતા.

** આ યોજનાઓ સામે આરંભમાં અમદાવાદના નગરજનો બહુ જ વિરોધવૃત્તિ દર્શાવતા હતા. લોકોને ચઢાવનારા ખાનગી શત્રુઓ પણ હતા. નગરવાસીઓના મન પોતાની તરફ વળે એ હેતુથી અમદાવાદમાં કાળુપુરના રસ્તા પર આવેલા ટંકશાળના કૉમ્પાઉન્ડમાં મોટી જાહેર સભા ભરી. તેમાં ભાષણ કરવાનું રણછોડભાઈએ શરૂ કર્યું ન કર્યું, ને ઠરકેરી મૂકેલા લોકોએ રમખાણ મચાવ્યું... ને આખરે એ જ લોકો કેટલાંક વર્ષ પછી રણછોડભાઈને આશીર્વાદ દેવા લાગ્યા. 'ઝીણો ખરો!' એ એમની બુદ્ધિશક્તિ માટે અમદાવાદના વાણિયાઓનું બે શબ્દોમાં પૂરેલું પ્રમાણપત્ર અનેકવાર સાંભળેલું છે.

** મારા પિતાની ધાર્મિક પ્રવૃત્તિમાં રણછોડભાઈ આદ્ય સહકારી હતા. ધર્મસભા નામની સંસ્થા સ્થાપવામાં એ બંને મુખ્ય ચાલક હતા. ખાડિયામાં એક નાના ડહેલાના ભોંયતળિયામાં એ નાની સભા મળતી. ધર્મના વિષયના વાદવિવાદ થતા, એમાં રણછોડભાઈનો ઘાટો બહુ બળથી બહાર પડતો હતો. ઉત્તર કાળમાં જે અતિ મંદ સ્વરે બોલતા, જાહેર સભામાં ઊભા થઈ ભાષણ કરે ત્યારે જેનું બોલવું છેક પાસે બેઠેલા સિવાય કોઈ સાંભળી ના શકે, તે આરંભકાળમાં ઘાટા પાડનારા હશે તે કોઈ માની પણ ના શકે. એ ધર્મસભા મરી ગઈ મરી ના ગઈ; શુષ્ક ચર્ચાથી ભોળાનાથને સંતોષ ના થયો. પ્રભુ સાથે નિકટ સંબંધ સ્થાપનારી ભક્તિની ખૂબ પ્રગટ થઈ ને ધર્મસભાની ચિતાની રાખમાંથી 'પ્રાર્થનાસમાજ' પ્રગટ થઈ સજીવ રૂપે આવી. એ પ્રવૃત્તિમાં પણ રણછોડભાઈએ આરંભનાં વર્ષોમાં બહુ ઉત્સાહથી સહાયતા આપી હતી. પરંતુ મૂર્તિપૂજન વિષે રણછોડભાઈ અને ભોળાનાથ એ બેની વચ્ચે સબળ મતભેદ હોવાને પરિણામે ખરું ઐક્ય એ બેનું એ કામમાં નભ્યું નહિ. એક મોસમ એવી ગઈ કે પ્રાર્થનામંદિરની વેદી ઉપરથી એક રવિવારે રણછોડભાઈ મૂર્તિપૂજનપક્ષનું મંડન કરે, તો બીજે રવિવારે ભોળાનાથ ખંડન; એમ દ્વન્દ્વયુદ્ધ લાંબો વખત ચાલ્યું. છેવટે, ક્રમેક્રમે, રણછોડભાઈની સહાયકવૃત્તિ શિથિલ થઈ, ને પ્રાર્થનાસમાજની ઉપાસનાઓમાં આવવાનું ઓછું થઈ ગયું. આવે ખરા; પણ આરતી ગવાની હોય તે વખતે, ઉપાસનાના કાર્યક્રમને અંતે; ઘેરલે સુધી કે કોઈક વાર તો 'જયદેવ! જયદેવ!' શબ્દોચ્ચાર છેલ્લી કડીને અંતે થાય અને સામે દ્વારમાં રણછોડભાઈની સ્થૂલ આકૃતિ આલેખાય: 'ભાઈ સાહેબ! હમે મોડા પડ્યા!' એ શબ્દો ઉચ્ચારતી, બે હાથ વડે પ્રથમ અર્ધ વર્તુલની રેખા આંકી, અંતે તાળોટા પાડવાનો અવાજ લગભગ થાય એની રીતે હાથેલીઓ જોડાય. અને એ રીતે નમસ્કાર કરતી, સુખડના ઊભા ત્રીલાથી અંકિત કપાળવાળી, ખભા ઉપર ગાલ નાખેલી, કરગજ પાઘડી પહેરેલી, કાયિયા રંગનો ડગલો પહેરેલી, એ મૂર્તિ નયન સમક્ષ અત્યારે જોડાઈ.' ('સ્મરણમુકુર'માંથી નરસિંહરાવ)

અવાજ

વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો અવાજ એ કોઈ પણ બે દ્રવ્યોના અફળાવાથી, ઘર્ષણથી કે ચૂનરીથી ઉત્પન્ન થતાં આંદોલનોનું પરિણામ છે. આ આંદોલનો જ્યારે આપણી કર્ણેન્દ્રિય ઉપર અથડાય છે ત્યારે અવાજ આપણને પ્રત્યક્ષ થાય છે. અવાજનું સૂક્ષ્મ સ્વરૂપ તે સ્વર, અને કર્કશ સ્વરૂપ તે ઘડાકો કે ધોંધાટ.

ધોંધાટનો અણગમો બધાને હોય છે. ઘણાને ખબર નહિ હોય કે ભય અને ત્રાસની જેમ શરીર પર માઠીઅસર થાય છે તેમ ધોંધાટથી પણ થાય છે. કેમકે તેનાથી ચિત્તની શાંતિનો અને મનની એકાગ્રતાનો નાશ થાય છે. સતત અવાજથી લોહીનું દબાણ વધે છે. પાચનતંત્ર બગડે છે અને નિદ્રાવસ્થા દરમ્યાન પણ જ્ઞાનતંત્ર કકળે છે. ચાલુ કર્કશ અવાજ સાંભળ્યા કરવાથી શ્રવણેન્દ્રિયના જ્ઞાનતંતુઓ નબળા થઈ બહેરાપણું પણ આવે છે. આમ, મારે અવાજથી તંદુરસ્તીનો નાશ થાય છે અને તબીબોના અભિપ્રાય મુજબ સતત ધોંધાટથી આયુષ્ય પણ ઓછું થાય છે. આધુનિક યુગનાં સીમાચિહ્ન લેખાતાં યંત્રો, મીલો, ટ્રેન, મોટર અને એરોપ્લેન વગેરેએ આપણને સુખસંપન્નતા અપાવ્યાં છે, પણ તેનાથી ઉત્પન્ન થતા બારે અને કર્કશ અવાજથી ત્રાસ અને હાનિ પણ ઓછાં નથી ઉપજાવ્યાં.

અવાજનાં ત્રણ આવશ્યક તત્ત્વો છે: પ્રમાણ, મોટાઈ અને વર્ણ (Timbre). અવાજ ઉત્પન્ન કરનાર કોઈ દ્રવ્ય એક સેકન્ડમાં ૧૦૦૦ આંદોલનો ઉત્પન્ન કરે અને જે અવાજ ઉત્પન્ન થાય તે મુદ્દતેસીથી સાંભળી શકાય તેવો હોય છે. તેને જે જાણવું જરૂરનું છે કે આપણા કાન ક્ષણના ૧૬ આંદોલનોથી માંડી ૪૦,૦૦૦ આંદોલનથી ઉત્પન્ન થતા અવાજ સાંભળવાની શક્તિ ધરાવતા હોય છે.

અવાજનું માપ કાઢવા માટે એક એકમ નક્કી કરવામાં આવ્યો છે. એક સેકંડમાં એક હજાર આંદોલનોથી ઉત્પન્ન થતા અવાજને એક 'ડેસિબલ' અવાજ કહેવામાં આવે છે; બીજા દેશોમાં એકમનું નામ 'ફોન' રાખવામાં આવ્યું છે.

અવાજનું મોટાપણું એકલા અવાજની તીવ્રતા ઉપર જ નથી અવલંબતું, પણ તીવ્રતા સાથે કમ્પસંખ્યાના મિલન ઉપર પણ અવલંબે છે. એક ક્ષણમાં થતાં આંદોલનોની સંખ્યા ઓછી હોય તો તે અવાજ ઘેરો હોય છે. જુદીજુદી કમ્પસંખ્યાવાળા બે અવાજોનું મોટાપણું તો એકસરખું હોય છે. તેમાં યે જેમાં આંદોલનો ઓછાં હોય છે તેના ઉપાદાનમાં તીવ્રતા (Intensity) વધારે હોય છે અને આથી તે અવાજ કાનના પડદા ઉપર વધારે દબાણ ઉપજાવે છે.

અવાજ એક ડેસિબલથી માંડી ૧૨૦ ડેસિબલ સુધીની કક્ષાનો હોય છે. ઘડિયાળનું ટકટક કે ગુસપુસ વાતનો અવાજ ૧૦ ડેસિબલનો ગણાય. ઘરમાં હરફરથી થતો અવાજ ૨૪ ડેસિબલનો અને બારીબારણાંથી પસાર થતા પવનથી ઉત્પન્ન થતો અવાજ ૩૦ ડેસિબલનો હોય છે. કાગળ ફાડવાનો કે ઑફિસમાં થતા અવાજનો આંક ૪૦ ડેસિબલનો લેખાય. ટાઇપરાઈટરના અવાજનો આંક ૫૦ અને શાંત રસ્તા ઉપરના અવાજનો આંક ૫૦ ડેસિબલનો ગણી શકાય. ટૅક્સીનો અવાજ ૬૫ અને ટ્રકનો અવાજ ૭૫ ડેસિબલનો હોય છે. પાણીના દંદુડાનો અવાજ ૮૦ ડેસિબલનો અને હથોડાના ઘાનો અવાજ ૯૭ ડેસિબલનો હોય છે. મોટરના ભૂંગળાનો અવાજ ૧૦૦ ડેસીબલનો અને મોટા પ્રિન્ટિંગ પ્રેસનો અવાજ ૧૧૦ ડેસિબલનો હોય છે. એરોપ્લેનના પંખાથી થતો ઘુરઘુર અવાજ ૧૨૦ ડેસિબલનો હોય છે જ્યારે ૧૪૦ ડેસિબલનો અવાજ આપણને ત્રાસદાયક થઈ પડે છે.

ધોંધાટની મનુષ્યપ્રકૃતિ ઉપર જાતી ભાતી અસરો ધ્યાનમાં લઈ

પશ્ચિમના વૈજ્ઞાનિકો ધોંધાટ ઉત્પન્ન ન થાય, યા ઓછા અને સૂક્ષ્મ ઘોંઘાટ ઉત્પન્ન થાય તેવા ઉપાયો શોધી રહ્યા છે. યંત્રોમાં રહી ગએલી યાંત્રિક ખામી અને મોટી મશીનરીમાં અસમતોલ રોટર ભારે અવાજ ઉત્પન્ન કરે છે. રોટરનું અસમતોલપણું પકડવા વૈજ્ઞાનિકોએ એક ભારે કરામતવાળું યંત્ર બનાવ્યું છે. આજે તો તેને બિલકુલ અવાજ ન કરે તેવી ધાતુ બનાવવા ધાતુશાસ્ત્રીઓ અને ઈજનેરો મથી રહ્યા છે.

ધોંધાટથી બચવાનો બે ઉપાયો છે: એક તો ધોંધાટ ઉત્પન્ન જ ન થાય તેવું કંઈક થતું નથી. શહેરોમાં વિશાળ મકાનો બંધાતી વખતે લોખંડ ઉપરના હથોડાના અવાજો નિવારવા ઈલેકટ્રિક આર્ક વેલ્ડિંગનો ઉપયોગ થવો જોઈએ. યંત્રોનો અવાજ ઓછો કરવા યંત્રોને જમીનમાં ઊંડાં ગોઠવવાં જોઈએ.

ધોંધાટથી બચવાનો બીજો ઉપાય કાયદાનું રક્ષણ મેળવવાનો છે. રેડિયો, ગ્રામોફોનના ઘેરા અવાજો, ટ્રકના ખડખડાટ વગેરે ત્રાસદાયક અવાજો કાયદા દ્વારા બંધ કરી શકાય. ઘરમાં બારે અવાજ કે ધોંધાટ ઓછો આવે તે માટે દીવાલો વચ્ચે હવાનું પડ, યા રબ્બર કે ઘાસનું પડ રાખવાથી કામ સરે છે. આને લીધે બહારથી આવતો ધોંધાટનો અવાજ સંભળાઈ નથી.

કાંતવા કે સંચાકામમાં થતા અવાજને રોધી કાઢવા અને તેનું પૃથક્કરણ કરી તેને દબાવવા માટે એક સૉબૉટ મશીન શોધી કાઢવામાં આવ્યું છે. આ મશીન 'અવાજ ડિટેકટિવ' જેવું કામ કરે છે રેડિયો જેવી કામગીરીવાળું આ ડિટેકટિવ યંત્ર, સંચાકામના અવાજનું એકલું ચોકસપણું જ પકડતું નથી, પણ તેની તીવ્રતા અને કંપાણ પણ માપે છે. આ યંત્રથી કેટલાયે નિવારી શકાય તેવા અવાજો પકડાય છે.

અવાજ સામેની વિજ્ઞાનની લડાઈ હજુ ચાલુ જ છે અને તેમાં બહુધા સફળતા વરતી જાય છે. બિનઅવાજ ટાઈપરાઈટર શોધાયું છે, તેમ ભવિષ્યમાં બિનઅવાજ ટ્રેન, મોટર અને એરોપ્લેન પણ આપણે જોઈએ તો નવાઈ નહિ. —શિવપ્રસાદ ત્રિવેદી

આયોડિન

ખાંસી કે શીતળ ઉપર સલાડવામાં આવતી અને 'લાલ દવા'ના નામથી ડોકટરખાનામાં જાણીતી દવા 'ટિંકચર ઑફ આયોડિન' કોણે નહિ જોઈ હોય? એ ટિંકચર ઑફ આયોડિન—એટલે આયોડિનનો આલ્કોહોલ નામની દવામાંથી અમુક મિશ્રણો કરીને બનાવાય છે.

આયોડિનની શોધ ઈ.૧૮૧૨માં B Courtois—બી. કુર્તા—નામના એક ફ્રેન્ચ રસાયણશાસ્ત્રીએ એક દરિયાઈ વનસ્પતિના kelp—કેલ્પ—નામના સોડાક્ષારોમાંથી કરી હતી. આપણે તો સામાન્ય રીતે સલાડવાની દવા તરીકે જ એનો ઉપયોગ જાણીએ છીએ, પણ જંતુનાશક તરીકે ઘાદકામમાં તેમજ જમીનના ખાતરમાં પણ એનો ઉપયોગ થાય છે. પાકાં પીડા કરવામાં વપરાની પીળા રંગની બંધાણી દવા આયોડોફૉર્મ પણ આયોડિનમાંથી જ બને છે. એ ઉપરાંત કાર્બનિક પદાર્થોનાં રંગો (ઑર્ગેનિક ડાઈઝ)ની બનાવટમાં અને ફોટોગ્રાફીની પ્લેટોની બનાવટમાં પણ તે ખૂબ વપરાય છે.

જગતને મોટા ભાગનું આયોડિન દક્ષિણ અમેરિકાનો ચીલ (Chile) પ્રાંત આપે છે. જો સિવાય આયર્લૅન્ડ, ફ્રાન્સ, નૉર્વે, રશિયા ને જાપાનના દરિયાકિનારા ઉપરથી દરિયાઈ વનસ્પતિના કેલ્પમાંથી એ મેળવાય છે અમેરિકા, જાપાન અને ઇંગ્લાંડના ગીકાના તેમજ તેલના કૂવાઓમાંથી પણ તેનો સારો જથ્થો મળે છે. દરિયાઈ વનસ્પતિના કેલ્પમાંનું આયોડિન દવા તરીકે ગરીરમાં અમુક પ્રમાણમાં લેવાનું પૂરતા પ્રમાણમાં થાય છે અને તે માટે બજારમાં વાઇ-કેલ્પ નામની આયોડિનની ટીકડીઓ મળે છે. —'સિતમ્-સુંદરમ્'

આ માસ (ઑકટોબર) ઈતિહાસમાં

તા. ૨ જગદ્વંદ્ય વિભૂતિ મહાત્મા ગાંધીજીનો જન્મ, ૧૮૬૯.
તા. ૬ ઑલ્મેન્જ રાજવંશ લૉર્ડ ટેનીસનનું અવસાન, ૧૮૯૨.
તા. ૧૨ કોલંબસે અમેરિકા ખંડ શોધ્યો, ૧૪૯૨.
તા. ૧૬ હિંદી રાષ્ટ્રીયતાનો પહેલો બખૂકો લાવનાર બંગભંગ ૧૯૦૫
તા. ૨૧ ઑમેન્જ પ્રજાને મદ્રાસાગરની રાણીનું બિરુદ અપાવનાર ટ્રફાલ્ગરના નૌકાયુદ્ધમાં ફ્રેન્ચો સામે અંગ્રેજોને અંતિમ વિજય અપાવી ઑમનો નૌ-સેના પતિ લૉર્ડ નેલ્સન તેમાં ખપી ગયો, ૧૮૦૫
તા. ૨૩ ભગવાન બુદ્ધના મૃગોદિયાથી ગ્રેગરી ઑગની ભંગિ હિંદના સ્વયંદર્શનાર્થે કરી મુસાફરી ખેડીને આવનાર ને સંખ્યાબંધ ધર્મગ્રંથો ચીનીમાં લઈ જઈ પોતાની પ્રજાને નવાં ઉપદેશ આણી આપનાર વિખ્યાત ચીની યાત્રી હ્યુએન સંગનું અવસાન, ૬૬૪.
તા. ૨૬ પહેલાં જે સ્કેન્ડિનેવિયા દ્વીપકલ્પના બે ઐકય દેશો તરીકે જાણીતા તે સ્વીડન—નૉર્વેના યુગલગાંથી નૉર્વે છુટું પડીને સ્વીડનથી સ્વતંત્ર રાષ્ટ્ર બન્યુ, ૧૯૦૫.
તા.૨૯ રાણી એલિઝાબેથના પ્રેમપાત્ર દરબારી ને મહાન શોધસફરી સર વૉલ્ટર રાલે (જુઓ અંક ૨૭૩માનું મુખચિત્ર)નો વધ, ૧૬૧૮.
તા. ૩૧ આજથી પાંચ વરસ પહેલાની પચ્ચીસીમાં હિંદના રાજકારણમાં 'મુંબાઈના સિદ્ધ' તરીકે ઓળખાતા મહાન પારસી નેતા સર જહાંગીરશાહ મહેતાનું અવસાન, ૧૯૧૬.

આ માસની અગ્રચિત્રાવલિ
કૅપ્ટન કૂક

જગતના નાવિક સંશોધકોમાં વૈજ્ઞાનિક સમુદ્રવીર તરીકે સૌપહેલું કાર્ય પાર પાડનાર અને બ્રિટિશ સામ્રાજ્યને અદ્ભુત સંપત્તિવાળા બે વરસ ટાપુઓ—ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા—નાં શોધ સંશોધન કરી આપીનેએ સામ્રાજ્યના રચનાર મહાપુરુષોમાં અમૂના પામનાર કૅપ્ટન જેમ્સ કૂકનો જન્મ ઇંગ્લંડના યૉર્કશાયર પરગણાના માર્ટન ગામે ૧૭૨૮ની સાલમાં ઑકટોબરની ૨૭મી તારીખે ત્યાં થએલો. કુમાર વય કોઈ તેવાદીની ગુમાસ્તીમાં ગાળીને દરિયાનો સાદ સાંભળી એ નૌકાખાતામાં દાખલ થયો અને ખંત ને પ્રતિભાથી આગળ વધી એક સાધારણ ખલાસમાંથી એક મોટી કપ્તાની કરનાર બહાદુરનો વારો બન્યો. ૨૭ વરસની ઉંમરે ફ્રેન્ચોના કિનારાની શાસ્ત્રીય મોજણી કરી આપી. ૧૭૬૮માં એને પાસિફિકની વૈજ્ઞાનિક શોધસફરની સરદારી સોંપાઈ જેની એ વરસની કામગીરીમાં એણે ન્યૂઝીલૅન્ડ તથા આજ સુધી અજ્ઞાત ઑસ્ટ્રેલિયાના સમુદ્ર પૂર્વ કિનારાની શોધ કરી તેની જોખમી સાપણી કરી. તે પછીની બીજી વિખ્યાત સફરમાં 'એન્ડેવર' જહાજમાં બેસી આખા દક્ષિણ ગોળાર્ધનો મહાસાગર ખેડી નાખી અનેક ટાપુઓ શોધ્યા ને જોજોના ટ્રેકમાં અમૂક વૈજ્ઞાનિક સત્યો સ્થાપિત કર્યા ત્યારપછી ૧૭૭૬માં પાછા ફરતાં ઇંગ્લંડે એનું બહુમાન કરી રૉયલ સોસાઈટીનો ગોલ્ડ મેડલ અર્પણ કરીને સત્કાર્યો.

તેની છેલ્લી સફર પશ્ચિમ ગોળાર્ધના જગતના ઉત્તર-પશ્ચિમ ભાગે શોધવા જોઈએ, જેમાં હવાઈ ટાપુઓ ગોપીને મેરિક અમુંડસનીની પાર સુધીના ઉત્તર અમેરિકાના સમગ્ર પશ્ચિમ કિનારાની બારી જોખવી હતી આ બારીને લીધે તેને પાછા હવાઈ ટાપુઓમાં ફરવું પડયું જ્યાં તે ચોતરીએ સાથે થએલી કપાકપીમાં ૧૭૭૯ના ફેબ્રુઆરીની ૧૪મી તારીખે મારો ગયો.

અંધ ને અન્ન એ બેમાં ઓછો શાપિત આંધળો.
એકાંતે પાંગળો અંધ, અન્ન સર્વાંગ પાંગળો.

—રમણલાલ સોની

અમદાવાદ મ્યુનિસિપાલિટીની મીટિંગ ભરાઈ હતી. રા. બ. રણછોડલાલ છોટાલાલ પ્રમુખ હતા. તેમની પાસે બે સભ્યો આવ્યા. એક કહે, 'કુબો સાહેબ, આ શખ્સે મને લોફર કહ્યો.' બીજાએ ફરિયાદને કહ્યું, 'સાહેબ એણે મને લોફર કહ્યો.' શાન્ત ગંભીર મુખ રાખી રણછોડભાઈ બોલ્યા: 'શું ફાગ લડી મરો છો? અમારે મન તમે બંને સારખા છો!' આ વચનમાં ઝીણી રમૂજ-ટશર કદિક નવિ દેખએમહેવા હું તૈયારનથી (નરસિંહરાવ)

હડેવતોના અર્થ: 'ધરડી ગાયનેકોટડેધેરો.' માણસ ધરડો થાય તો પણ પોતાની ન્હૂની કુટેવો કે પ્રકૃતિ ન છોડે તેના દૃષ્ટાંત માટે વપરાની આ હડેવતનો અર્થ એ છે કે ગાયને ને બટકવાની કે ઓખર કરવાની ટેવ પડી હોય તો તે ધરડી થયે પણ જતી નથી, અને તેને ઓગ બટકની બટકાવવાને ગળે લાકડું કે ટોકરો બાંધી રાખે છે. એ જ ભાવની બીજી હડેવતો: 'હાલ નય હવાલ નય, પણ બદોંકા ખ્યાલ (બેત) ન નય;' 'ધરડો (શરીરે) થયો છે, પણ છવ (મન) ધરડો થયો નથી; 'ધરડો થાય, પણ બસકો ન નય;' 'બાદરો ધરડો થાય પણ ગુલાંટ ન ભૂલે' વગેરે.

અનેકાર્થી શબ્દ: વાઘ=એક હિંસ્ર પ્રાણી; પેટાંબકરાંનું ટોળું વાગ=વાણી; લૂગડાંપરે-ખાંથી સજ્જ એવી સીમંતિની સ્ત્રી; સજાગ

ગણિત-ગમ્મત

૧૧, ૧૨ અને ૧૩—દસથી વીસની અંદરની પારેપારોની આ ત્રણ રકમો એવી ખૂબીદાર છે કે તેનું જે ખીજરૂપ (square) આવે તે, એજ રકમને કલટાવવાથી આવતી રકમના બીજરૂપનાં કલટાવેલાં જવાબની બરાબર થાય છે. દા. ત. $૧૨^{૨}=૧૪૪$; કલટાવતાં $૨૧^{૨}=૪૪૧$ કલટાવતાં ૧૪૪ વીસથી વીસ સુધીમાં આવી એક માત્ર રકમ ૨૨ છે. ત્રીસથી સોની મર્યાદામાં આવી બીજી સંખ્યાઓ તમે શોધી કાઢશો ?—કા. ગ. ત્રેવી

નાના બાળકના કાળા જમણી કોરના જ-લદી ઓળખાતા નથી. તેને અંદરની બાજુએ કંઈકનિશાન કરીરાખવાથી બેમુશ્કેલીદૂર થશે.

ઊંટકાર્ગ કરોડનો અવાજ બહુ જબરનો હોય નો તેની દાઢીનો કટકો ટેબલ પર મૂકી પર રાખવાથી અવાજ જરા ઘટારો.

હવે આપણે મહેસુરથી આગળના તાગિલ બાષી દેશના સક્કા લેઇએ. એ તામિલદેશમાં પ્રાચીન કાળમાં ત્રણ વંશ થયા: (૧) પાંડ્ય વંશ—આજના મદુરા—તીનેવલી પરગણામાં; (૨) ચોળવંશ—કોરોમંડલ (ચોળમંડલમ્) કિનારા પર; (૩) ચેરા (કેરા ?) વંશ—કેરળમાં, એટલે કે પ્રાચીન—ત્રાવણકોર સાથેના મલબારમાં. પણ એ ત્રણેની પહેલાં ઈ.સ.ના ૧૫૦ટ સૈકાના ત્રણસો વર્ષમાં અહીં પલ્લવો નામના પરાક્રમી રાજાઓ થઈ ગયા જેમણે પોતાની રાજધાની કાંચી (આજના કાજીવરમ)થી વિસ્તરી છેક લંકા સુધી આણ વર્તાવી. દક્ષિણના ભવ્ય અનેકવિધ સ્થાપત્ય તથા શિલ્પનો પાયો પણ એ પલ્લવોએ નાખ્યો. એ પલ્લવોનો રૂપાનો એક સિક્કો ઉપર આપ્યો છે, જેમા એક બાજુએ સિંહનું ચિત્ર છે અને બીજી બાજુ બાજઠ ઉપર મૂકેલો કળશ તથા તેની ચોમેર પ્રકાશકિરણો છે.

સિંચાણામાં ઘીનું ઘી કાઢવા માટે પણ કે ચમચો ગરમ કરી વાપરવાથી સરળતા થશે.

ધારીની કેમો રંગતાં પહેલાં કાચ ઉપર સારી પેઠે લીલો સાબુ ભૂંસી દેવો. રંગની વેળા હાથ લાગ્યા હશે તો એ સાબુને ધોતાં વેંત તેની સાથે સફેદાઈથી નીકળી આવશે.

'ગનુ, ભૂડી ને ગન્દૂરી વચ્ચે શો ફેર?' 'ગેંદનુને એક રૂપિયો કહીનો આપ્યોહોતે 'ભૂડી'; પણ એ પાછો મેળવવા માટે મારે જે પ્રયત્ન કરવો પડશે તે 'ગન્દૂરી'.

ઉપરનાં ત્રણ નાનાં વર્તુળો ઉપર દોરેલાં ત્રણે તીર નિશાન એકબીજાથી સરખે જ અંતરે છે; પણ વર્તુળોથી થતા દૃષ્ટિભ્રમને લીધે બીજા-ત્રીજા વચ્ચેનું અંતર મોટું લાગે છે.



ભારે વજન ઉપાડવાની ચીનાઓની યુક્તિ

યુક્તભરી હારીતરી, નુસખા ને હુન્નરબાજ માટે ચીનની પ્રજા જાણીતી છે. આ કપર આપેલું ચિત્ર, એ પ્રજાએ અતિ ભારે વજન ઉપાડીને ફેરફેર કરવા માટે યોજેલી યુક્તિનું છે. એ પદ્ધતિથી માત્ર મોટા મજબૂત વાંસની મદદથી ૪૨ માણસો, એકબીજાની ઢકફેટે આવ્યા વિના, સિસ્તબદ્ધ રીતે જંગી બોજો ઊંચો જઈ શકે છે. વચ્ચેનો ચોખાણો ભાગ તે વજનદાર વસ્તુ છે, પોલી લીટીઓ તે મજબૂત વાંસ દર્શાવે છે, અને દરેક કાળુ ટપકું તે એકએક માણસ છે. આ પદ્ધતિથી વચ્ચેનું આખું વજન કર જણમાં સરખી રીતે વહેંચાઈ જાય છે. ઉપાડવાને ઊંચી જવાનું કામ બરોબર એક સાથે, એક જ સમયે ને એકધારી રીતે થાય [illegible] પણ, આપણા મજૂરોની માફક, 'હેઈસા' 'હેઈસા' જેવા તાલબદ્ધ [illegible] આજ્ઞા પળતા જણ છે. બીની બંદરોની મોટીઓ [illegible] મનુષ્યની આજ્ઞાઓથી સદા ગુંજતાં જ હોય છે. અને એવાં મજૂરોનાં ટોળાં આવા તાલબદ્ધ.

(ઑક્ટોબર ૧૯૪૬) ૨૯૦



હાલના અશાન્ત અને
અચોક્કસ સંજોગોમાં
જ્યારે
જાનમાલ અને
કુટુંબની સલામતી
સુરક્ષેલ બની છે
ત્યારે બીજાઓને ભરોસે ન રહેતાં જાતે જ
તેઓના સંરક્ષણ માટે તજવીજ કરો.

સ્ટાન્ડર્ડ જનરલ

આપને આપના તેવા
પ્રયત્નોમાં મદદ કરવાની
સંપૂર્ણ ખાત્રી આપે છે.

નૂતન વર્ષાભિનંદન

સ્ટાન્ડર્ડ જનરલ એશ્યોરન્સ કું. લિ.

પોતાના પોલીસી હોલ્ડરો એજન્ટો અને
સહકાર્યકર્તાઓને નવું વર્ષ મુબારક ઇચ્છે છે

સ્ટાન્ડર્ડ જનરલ એસ્યોરન્સ કંપની લી.

હેડ ઑફિસ
કલકત્તા

મુંબઈ શાખા
શ્રી. કે. જી. મરચન્ટ
શાખા મેનેજર
૪૫-૪૭ • એપોલો સ્ટ્રીટ • ફોર્ટ • ટે. નં. ૨૨૦૪૮ : ૨૨૦૪૯

જનરલ મેનેજર
શ્રી. યુ. એન. ચેટરજી

અમદાવાદ શાખા : શ્રી જસવંત ચુતરીયા, શાખા મેનેજર, વકીલ બીલ્ડીંગ, ચાર રસ્તા, ખાડીયા. ટે. નં. ૨૩૭૮

બાયો ટોના

બચ્ચાઓનું

અતિ પ્રિય ટોનીક

શૉ એન્ડ કું:

ભીલેસમ સ્ટ્રીટ, મુંબઈ.૨.

ખરીદવાનું ભરોસાપાત્ર સ્થળ

મોહનલાલ કરસનદાસ સોલંડી

ગાંધીરોડ, વેરાઈપાડા પાસે, અમદાવાદ.

ખસ ખુજલી ખરજવું

અને ચામડીના ચેપી દર્દો માટે

કમ લખીટર ખસ

ગુલાબી મલમ

૨૪ કલાકમાં આરામ આપે છે

લાલ કાળી દરાજ

અને ખરજવા માટે

કમલ લોશન

જાદુઈ અસર કરે છે.

ફાયદો ન થાય તો પૈસા પાછા

લખો: જયરામ એન્ડ કું. નડીયાદ

એજન્ટ: સરૈયા બ્રધર્સ

ત્રણ દરવાજા • અમદાવાદ

મનુભાઇ જમનાદાસ

ત્રણ દરવાજા • અમદાવાદ

આયુર્વેદાશ્રમ ફાર્મસી લિમિટેડ (અહમદનગર)ની
પ્રખ્યાત ઔષધિઓ !

સુપર્ણા

સુપર્ણા ટીકડીઓ મેલેરીયા અને તેને લગતા ટાઢીયા-મુદતી તાવને હઠાવવાના દરેક ગુણો ધરાવે છે. જરૂર મુજબ અમુક સમય ચાલુ લેવાથી સંપૂર્ણ આરામ આપે છે.

કાસ્ફો

ગમે તે જાતના કફ તથા ખાંસી માટે 'કાસ્ફો' [KASPHO] અકસીર છે. વસાકા અને બીજી પ્રખ્યાત ઔષધીઓના મિશ્રણની આ ટીકડીઓ 'ખાંસી'ના મૂળ કારણને દુર કરે છે.

ગુજરાતના સોલ એજંટ:

ભારતીય ઉદ્યોગ પ્રચાર કાર્યાલય

૧૪, ભારકર લેન
મુંબાઈ-૨.

મળવાનાં સ્થળ :

ચંદુલાલ પ્રેમચંદ ત્રણ દરવાજા, અમદાવાદ • હરીશંકર દેવશંકર શુકલ, ઉમરેઠ.
મોહનલાલ પ્રભુદાસ, ધંધુકા • પી. શિવદત્તની કું. પ્રોપરાઇ, વડોદરા.
એ. રોય એન્ડ કું. રાવપુરા, વડોદરા. • હિન્દી વસ્તુ ભંડાર, સુરત.
તથા બીજા સ્ટોકીસ્ટોને ત્યાંથી મળશે.

રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશીયલ નં. ૧

મગજનાં જ્ઞાનતંતુઓ બળવાન બને છે, ધોળા વાળ કાળા થાય છે, ખરતા અટકે છે, વધે છે અને ટાલમાં વાળ ઉગે છે, ખોડો મટે છે, યાદશક્તિ અને આંખોની દૃષ્ટિ વધે છે. ગાઢ નિદ્રા આવે છે, માથાનો દુઃખાવો મટે છે. દરેક ઋતુમાં બહેનો, પુરુષો અને બાળકો માટે મહાન ફાયદો કરનાર છે.

મોટી બાટલીના રૂ. ૩-૮-૦ · નાની બાટલીના રૂ. ૨-૦-૦
બધે મળે છે

શ્રી રામતીર્થ યોગાશ્રમ

૪૪૮ · સેન્ડહર્સ્ટ રોડ
મુંબઈ-૪

સુગંધના શોખીનો માટે

દેવભોગ્ય સુરભિ

કસ્તુરીમિશ્રિત મનોહર સુગંધવાળી,
ઘીમાં ઘૂંટેલી મદ્રાસી ટાઇપની કાળી
ઔષધિયુક્ત અને ઠંડી

'મેડીકેટેડ સ્નફ'

(ફ્રેયા છાપ) રતલ ૧ના રૂા. ૮-૦-૦

માથાના તથા દાંતના તમામ દર્દો માટે

જુદાજુદા કુલોની મિશ્ર અને મધુર સુવાસ
ફેલાવતી, શાસ્ત્રીયરીતે બનાવેલી ગુજરાતી
ટાઇપની પીળી

'મહાસુગંધી તપકીર'

(રાણીસિંહ છાપ) રતલ ૧ના રૂા. ૧-૮-૦

**મોઢાના તથા દાંતના તમામ
દર્દો માટે ચમત્કારિક**

મુકુલ સ્નફ ટુથ પાવડર

દાંત પરની છારી, પાયોરિયા, મોઢાના
અવાજું, હુમ્મતા હલતા દાંત વગેરે તમામ
રોગોનો તાત્કાલિક નાશ કરનારી સ્વાદિષ્ટ
અને અદ્‌ભુત તપકીર

રતલ ૧ના રૂા. ૫-૦ ૦

બીજી સારી નેમજ સુગંધી અસંખ્ય બનાવટોની
માહિતી માટે પત્રવ્યવહાર કરો

મહાસુગંધી સ્નફ વર્કસ

સિહોર (કાઠિયાવાડ) B. S. Rly.

નૂતન વર્ષાભિનંદન

સમય સાથે આગળ ધપે છે
હિંદી અગ્રગણ્ય વીમા સંસ્થા

બોમ્બે લાઇફ

એશ્યોરન્સ કું લી.
(સ્થાપિત ૧૯૦૮)

નવું કામ	૧૯૪૯	૧૯૪૯
મેળવેલું	રૂા. ૨,૭૬,૦૦,૦૦૦	રૂા. ૩,૨૪,૦૦,૦૦૦
ભરપાઈ થએલું	રૂા. ૨,૫૧,૦૦,૦૦૦	રૂા. ૨,૭૭,૦૦,૦૦૦

બોમ્બે લાઇફનાં વીમા ઉતરાવવા અથવા તેનું
પ્રતિનીધિત્વ ધરાવવું એ ફાયદાકારક છે.

સૂર્યકાન્ત બી. શાહ બી.એ.
બ્રાંચ મેનેજર
કુવારા સામે, ગાંધીરોડ : અમદાવાદ

ઉપશાખાઓ
સ્ટેશન રોડ, નડીઆદ રાવપુરા, વડોદરા
વડી ઑફીસ : ૪૫-૪૭ · ચર્ચગેટ · મુંબાઈ

બ્રાંચ:—માંડવી રોડ · બરોડા





વીતતો સમય જાણવા માટે જે દિવસથી સૂર્ય-છાયા-યંત્રો વપરાતાં થયાં ત્યારથી વખતની અગત્ય ઘણી વધી ગઈ છે. તેથી જ તો દરેક જણ બધી ઘડિયાળોમાં અમીરપદ ભોગવતી, રૂપસુંદર અને નિયમિતપણામાં ચોક્કસ એવી ફ્રાવર-લ્યુબા ઘડિયાળ જ માગે છે. જોકે હાલમાં તો તે મેળવવી મુશ્કેલ છે, પણ એક દિવસ તમારી ધીરજને બાલો મળી રહેશે.



FAVRE-LEUBA

ફ્રાવર-લ્યુબા ઍન્ડ કંપની લિમિટેડ · મુંબાઈ · કલકત્તા

Ad. No. 160.

જ્યુપિટર મિલ્સ... જયભારત મિલ્સ
અમદાવાદ

• ઉજાણી તથા પર્યટનમાં તેમજ વારતહેવારના પ્રસંગે સુંદર સજાવટ માટે સુયોગ્ય
• શારીરિક સ્વાસ્થ્ય સંરક્ષણને અનુલક્ષીને કાળજીપૂર્વક બનાવેલું
• કરકસરનો સિદ્ધાંત અપનાવી લેતું

વૉયલ ★ સાડી ★ શર્ટિંગ ★ હાથરૂમાલ ★ પોપલીન

દિલ્હીની મૂર્તિકલાના કેન્દ્ર કાળ પાંચમી સદીની હિંદની ત્રણ વિવિધ કલાશાખાઓની ત્રણ શુદ્ધમૂર્તિઓ અહીં આપી છે. જમણી બાજુ (નીચે)ની સારનાથની બુદ્ધપ્રતિમા ભારતીય મૂર્તિકલાનો સુપ્રસિદ્ધ નમૂનો ગણાય છે. તેની મથુરાના ઔપચિત્ત્વ ગાંધાર કલાનો શ્રેષ્ઠ નમૂનો છે. હિંદની વાયવ્ય સરહદનો ગાંધાર-કંદહાર પ્રદેશ સિંદરે જીતવાને કારણે ત્યાની મૂર્તિકલા પર પડેલી ગ્રીક અસર એમાં રહેલ છે. આથી પ્રક્રિયા વિવેચકો કહેતા કે હિંદને મૂર્તિકલાનું જ્ઞાન ગ્રીકોએ જ આપેલું. પણ આ અટકળોના 'મથુરાના શિલ્પકલા'ના લેખમાં ખંડન-ખુલાસા નેમ, આ દેશમાં તેની બે પૂર્વેની કાળથી મૂર્તિકલા હતી. આ ઉપર આપેલી ઊભી બુદ્ધપ્રતિમા ગુપ્તકાળના મથુરાના શિલ્પનો સર્વોત્તમ નમૂનો છે. આ અંકોમાંના બે લેખને અનુસરીને આ ત્રણે શિલ્પમૂર્તિઓના મુખભાવ, લાવણ્ય અને તેની વસ્ત્રાલંકારાદિ નિરીક્ષણ બોધક અને રસદાયક થઈ પડશે.

KUMAR Reg. B. I

ગોપકુમાર : કેમેરા : પી આર પિલ્લે

અમદાવાદના ગ્રીન આર્મીના સ્વયંસેવકો સાથે ગોપકુમાર

ચાલો

ન્યાયતી કાલનાં નાગરિકોનું માસિક

તંત્રી : અચ્યુતભાઈ રાવત

ગોકુળનું સૌન્દર્ય (પિછવાઈનું નિરામય એક પ્રાચીન નમૂનો)

નમૂનો ઇલોરાગારદ્વારનો ચન્દ્રમાર્ગ ગોકુ

પિછવાઈ એટલે વૈષ્ણવ મન્દિરના દ્વારકોષ્ટની પાછળ શોભા આપવા માટે રાખવામાં આવેલો ચિત્રરાગોવો પટ. વૈષ્ણવી સમ્પ્રદાયની પ્રણાલમાં જુદા જુદા વિવિધ પ્રકારોને સ્થાન આપવામાં આવ્યું છે તે પેઠે આ પિછવાઈ પણ સુંદર ચિત્રકારીનો નમૂનો હોય છે. સુરતના કલારસિક મૃદુસ્વ શ્રી કચનલાલ ગાંગાવાળાના ઘરમાં પણ પેઢીથી ઘરના ઠાકોરજી માટે ચલાવાએલી પગલાના પચ્ચ વર્ષ જૂની પિછવાઈઓના કેટલ વેત જડેલા આનમાથી આ ઉપર આપેલી ગાયોના ચિત્રો ઉતારી લેવામાં આવ્યાં છે એમના જે દૃશ્યોમાં, ગાયોની મોટી સંખ્યાને બદલે બેત્રણ ગાયોના જ ચિત્રણને પસંદ કરવામાં આવ્યું છે. આ પિછવાઈમાં ગોકુળ ગામની ચારે બાજુ ઘેરાયેલી ગોચરભૂમિ, ત્યાં ચરતાં ગાયો, વાછરડાં, ગોવાળો, ગોપીઓ, ગોપબાળો, ગોપીઓ, ગોપબાળો, ગોપીઓ, ગોપબ



આપને રાહ જોવડાવવા માટે ફરગુજર ચાહીએ છીએ

'ક્વોર્ટ્ઝ' અને કાચા માલની વાત બાજુએ રાખીએ તોપણ ફાવર લ્યુબા ઘડિયાળ બનાવવામાં ઘણો સમય લાગે છે; કેમકે એકેએક ઘડિયાળ કારીગરીનો સંપૂર્ણ નમૂનો હોવી જોઈએ. એટલે આપને રાહ જોવડાવવા માટે અમે દિલગીર છીએ; પણ બીજી બરાબર તો એક દિવસ તમે પણ ફાવર લ્યુબાની ઘડિયાળના મગરૂર માલિક બની શકશો.

FAVRE-LEUBA

ફાવર-લ્યુબા ઍન્ડ કંપની લિમિટેડ · મુંબાઈ · કલકત્તા



તમને તાકાત આપવા સ્વાદિષ્ટ કઢીમાં મસાલા ઉપરાંત કંઈક વધુ ચીજની જરૂર છે—તમને ડાલ્ડાની જરૂર છે !

તમારો ખોરાક વિટામીનવાળા ડાલ્ડાથી રંધાએલો હોય એ ઠાપણભરી પસંદગી છે. આ સત્વર પાચનકારક રાંધવાનું સાધન સાદી વાનગીઓને ખુશબોદાર સ્વાદથી સમૃધ્ધ કરે છે—તે દરેક ગૃહિણીને આવી સાદી વાનગીઓમાંથી સંપૂર્ણ સંતોષ મેળવવામાં મદદ કરે છે. પોષ્ટિક ડાલ્ડા તેના ભણીતા પૌષ્ટિક સત્વોથી તમારો હમેશનો ખોરાક સુધારે છે અને તમારા કુટુંબમાં તે વધારાની તાકાત લાવે છે.

★ડાલ્ડા પાકશાસ્ત્ર (ફ્રન્ચ અંગ્રેજીમાં) ની મદદથી તમારા ખોરાકનુ આયોજન કરો. તેમાં તેમના ખોરાકી તત્વો માટે પસંદ કરાયેલી ૧૫૦ ઉપરાંત સ્વાદિષ્ટ વાનગીઓની માહિતી છે. તમારી નકલ માટે ૪ આનાની ટિકિટ Dept. C303 P. O. Box No. 353, Bombay, સરનામે મોકલો.

HVM. 50-53 GJ

THE HINDUSTAN VANASPATI MANUFACTURING CO., LTD.

દરેક વખતે ધોવાં — વધુ ઉજળા વસ્ત્રો પહેરો

તમારા વસ્ત્રોની જીંદગી વધુ મેલા ભાગો કેવી રીતે ધોવાય છે તેના પર આધાર રાખે છે! ધ્યાનમાં રાખો કે જે પહેરતાં વધુ ઘસાય છે તેજ વધુ મેલા ભાગો હોય છે—અને તેથી જ્યારે થોડોક સાબુ લગાવી તમારા કપડાં સ્વચ્છ કરવા માટે પાણીમાં ભીંજવી ધોકા મારો છો ત્યારે તેમને સૌથી પહેલું નુકસાન પહોંચે છે. તમારા વસ્ત્રો સનલાઇટની રીતથી ધોવાડો અને ધોકા મારવાથી થતી ગરબાદી અટકાવો.

સનલાઇટનું સમૃધ્ધ, આપમેળે કામ કરતું ફીણ, બીનાં વસ્ત્રોમાં ઉમદા રીતે મસળવાથી તેમને દરેક વખતે સંપૂર્ણ અને સહીસલામત રીતે સ્વચ્છ અને સફેદ બનાવશે. આ ચોકખો સાબુ ધોકા માર્યા વિના મેલ કાઢે છે: વસ્ત્રોને પીછાં જેવાં મુલાયમ તેમજ તમારા હાથોને પણ સુંવાળા અને લીસા રાખે છે.



સનલાઇટ સાબુ

LEVER BROTHERS (INDIA) LIMITED

S. 81-23 GJ

સુંદર દાંત !

તમારા દાંતની સુંદરતાનો આધાર શેના પર છે?



એક ચુસ્તીથી સ્વચ્છ તો કરે પરંતુ સાથોસાથ પ્રકાશ મેળવવાની આકર્ષક વસ્તુ છે. દાંતના પારાના કોતરવાથી તેને ભયમાં મૂકતા નહિ. એસ. આર. ટુથપેસ્ટ* નિયમીત સ્વચ્છ કરતાં તમારા દાંતને પારામાં મજબુત કરે અને પ્રકાશિત રાખશે—તમારા હાસ્ય માટેની અમૂલ્ય સંપત્તિ.

* દાંતના પારાની મરિયરો માટે દાંતના ડૉક્ટરોની ભલામણ પ્રમાણે ખાસ તૈયાર કરેલ.

D & W. GIBBS LIMITED, LONDON, ENGLAND

GBE. 27-50 GJ

વેળુકણ

• શિખરિણી •

અમે કાંઠે ઊભા ખડક ખમતા સિન્ધુજળની
ઝકૂરા, ચોદ્ધા શા ના કરત પરવા શત્રુદળની;
ઝિકાતા ઘા છેને, સ્થલ નિયતથી ના જ ડગવું,
ગ્રહે આપત્તિમાં અધિક ઉલ્લસું ધૈર્ય ચગવું.

અમે કાંઠે ઊભા અડીખમ સમા, સ્વસ્થ થઈને,
મિલાવી હાથો ને પરસપરને સાથ દઈને;
અમારો ના તૂટ્યો ગઢ, અજિત એ આખર લગી
રહ્યો, ને સિંધુનાં પશુબળ ગયાં છેક જ ઠગી.

છતાં સામાદિથી અમ મહીં કયાં છિદ્ર, તહીંથી
પ્રવેશીને પ્હોળા બળકણુ થયા ફોડી મહીંથી;
અમે આજે આંહીં તટ પર પડ્યા વેળુકણ થૈ,
રહ્યા ચંપાઈ યે રિપુપદ તળે. આશ પણ રૂહે:

અમે બેઠા થાશું, હજી ય બડકો કો દિ' બનશું,
અને સિન્ધુ આડા ફરી શરીરના કોટ ચિણશું.

દેવજી રા. મોઢા

બસંત આ જીવન યજ્ઞવેદિ,
એમાં બની ભવ્ય બરી થવું હવિ,
ને રહ્યવી અંતર, ભસ્મશાન્તિ !

દેશળજી પરમાર

દૂરથી આવે કોઇનું ગાણું

દૂરથી આવે કોઇનું ગાણું,
રંગરસૂના રાત દીવરે, પૂસર
ઠમકી રહેવું સાંજનું ટાણું.
રજની દિનની, નજરને તીર
સુભગ મિલન તેવા,
શીતલ પવન, જરા થઇ રહ્યું
મૌનમાં ડૂબેલાં :
શાન્ત હૃદય-બીન પે કોણે ત્યાં
જગાવ્યું ગીત પુરાણું ? ... દૂરથી૦
આજની ભાગિએ અતીત મધુર
આવિયો વિધુર વેરો,
નીલકમલની પાંખડી ધરતો
સિંચિત રે મુજ કેરો :
પાંપણનાં જલબાંધ તથાપિ
છલ્લે ગુપ્ત અવરાયું ... દૂરથી૦
ભાંગેલ ઘડમાં આજ સજી રહ્યો
કેમ કરી જનમારો ?
નટ્ટા દરશનો ઝબકતો છોડી
સાથ અને સથવારો;
દૂરનો મુસફ, અટાણે બત
ઉર બેચાય રે બાનું ... દૂરથી૦

રાજેન્દ્ર શાહ

અગ્નિને

હે અગ્નિ, આવ્યો તું, બસે જ આવ્યો !

ઈચ્છા થતી જે તુજ પાસ આવવા
પણ ય તે દાબ થકી દબી મને;
પરન્તુ બીક પણ ચાલતા નંતા.
આવ્યો સ્વયમ્ તું: મુજ સ્વાગતમ્ તને!

રે, શાન્તિ ના ગમ્યમ જીવને આ !

હથીર જે દોડું, આવે બની જશું
તો શી જ ચિન્તા ? નહિ તો જલી જઇ
બે અગ્નિમાંથી, નવલા સ્વરૂપે,
જન્મે નવા, નીકળશું ઘઈ દુબા !

પ્રેમારામ રાવળ

નૈવેદ્ય

કોઈ ધરે તુલસીપત્ર, કોઈ ધરે ફૂલ;
કોઈ ધરે દીરા મોતી, કોઈ ધરે ભાવ અનૂકૂલ.કોઈ૦
કોઈ ધરે હરિત વાઠ, કોઈ રજત ગાડુ;
કોઈ ધરે રત્નજડિત નવલ મોરી ચૂડ—કોઈ૦
કોઈ ધરે દીપક કોડિ, કોઈ કમલ કૂલ;
કોઈ ધરે અબરાચાર, કોઈ તો પરિમલ—કોઈ૦
કોઇધરે ભજનભાખું, કોઈ ધરે ગીતોનું;
હું તો ધરું તારે દ્વારે મુજ જીવનનું ફૂલ—કોઈ૦

ચંદ્રવદન ભાયા

'કુમાર'ના સુપરિચિત શ્રી શરદીન્દુ વંદ્યોપાધ્યાયની નવી જ બંગાળી વાર્તા

અનુવાદક • રમણિક મેઘાણી

આજ અને કાલ

વાળુ પતાવી ત્રણેમિત્રો દીવાનખાનામાંઆડા પડયાપડયા વાતો કરતા હતા. ત્રણે ય ઉંમરે ચાળીસ લગભગના હતા. વિનોદ ડાક્ટર હતો. છલ્લા બેઢ દાયકાથી એ ડાક્ટરી કરે છે ને સારી પેઠે જમી પણ ગયો છે. અતુલ ને શરત વકીલ છે. અતુલ અલિપુરમાં અને શરત કલકત્તા હાઇકોર્ટમાં પ્રેક્ટીસ કરે છે. એમણે પણ પોતાના ધંધામાં નામના મેળવી છે. આજે પત્નીને કંઈક વ્રત દોઇને એ પ્રસંગે શરતે બંને મિત્રોને આમંત્રણ આપ્યું છે.

વિવિધ વાતોમાંથી રહ્યુ પોતપોતાના વ્યવસાય-જીવનના અનુભવોની વાતે ચડી ગયા. તકિયા પર કોણી ટેકવી, આંખો મીંચી અતુલ હોકાની નળીમાંથી સુગંધિત ધુમાડાનો એક લાંબો દમ ખેંચતાં બોલ્યો, 'ખરેખર આ ધંધામાં ઊંડો ઊતરતો જાઉં છું તેમતેમ લાગે છે કે દુનિયામાંથી દયા, માયા, ધર્મ બધુ જ જાણે પરવારી ગયું છે માત્ર સ્વાર્થ, કુટિલતા, બીજાનું દોઈયાં કરી જવાની વૃત્તિ જ બધે દેખાય છે. વધુ સમય આ ધંધામાં રહ્યે કદાચ ન્યાયઅન્યાયનો ભેદ ગજગાંથી ઘુંસાઇ જશે એમ લાગે છે. માત્ર કઇ રીતે મુકદ્મો જીતવો એ એક જ વાત સહુથી મોટી લાગે છે'

કંઈક વિચારતાં વિચારતાં શરતે કહ્યું, 'એ ખરું છે. અદાલતમાં માનવ-પ્રકૃતિની કાળી બાજુ જ વધુ દેખાય છે. એ સારી હોઇ શકે તે તેની ઊજળી બાજુ જાણ્યા વિના બરાબર લાગતુ નથી. કંઈ શોધવા જતાં જાણે ગામ આખું ઉજ્જડ થઈ જશે એમ લાગે છે.'

અતુલે કહ્યું, 'ફક્ત એવું લાગે છે એમ નહિ, એ જ બરું છે. તમે શું માનો છો એ નથી જાણતો, પણ હું તો માનું જ છું કે કૃતજ્ઞતા નામના જે સદ્ગુણને કાવ્ય અને નવલકથામા ગાવામા આવે છે, એ દુનિયામાંથી તદ્દન નાબૂદ થઈ ગયો છે—'

વિનોદ હસતોહસતો બોલ્યો, 'તમે બધા નાહક 'સિનિક' થઇ ગયા છો. માનવી પરનો વિશ્વાસ ગુમાવવો યોગ્ય નથી. એમાં આપણું જ નુકસાન છે.'

અતુલે કહ્યું, 'લાભ-નુકસાનની તો કંઇ ખબર નથી; પણ જે જોયું છે, જાણ્યું છે એની જ વાત કરું. કૃતજ્ઞતાનાં દર્શન નથી થયાં એનો હવે અફસોસ પણ નથી થતો. પ્રાચીન કાળનો ઐરાવત—દસ સૂંઢાળો હાથી હવે નથી રહ્યો એનો શોક કરવો જેમ નકામો છે એ જ રીતે ! નક્કર સત્યને સહજભાવે સ્વીકારી લેવું જ રહ્યું છે.'

ગાંભીર્યતો શરત બોલી ઊઠ્યો, 'એક વાત યાદ આવી જાય છે. એવું તો ઘણી યે વાર થયું છે, કે જેના પર ઉપકાર કર્યો હોય એ જ એવો દગો આપે કે બસ. પણ આ એક પ્રસંગ તો કેમે કર્યો નથી ભુલાતો.' ને થોડીવાર રહીને એ બોલ્યો, 'વચ્ચે, હું ખરાબ ચરિત્રનો ગણાયો હતો એ તો તમે સાંભળ્યું હશે?'

અતુલે કહ્યું, 'હા, સાંભળ્યું હતું ખરું. કોક કહેતું હતું કે હગણાં શરતબાબુ ખૂબ ઊડે છે. મેં કહેલું કે હમણાં તો ઊડવાનો જ છે, એમાં શરત બોડ્રે શું કરે છે! પૈસા હોય તો તું યે ઊડને?'

વિનોદ હસીને બોલ્યો, 'મારે કાને પણ વાત આવી હતી. કહેવું નામ નહિ આપું, પણ એવું તો આબાદ વર્ણન કરેલું કે વાત ન માનવી એ આકરું હતું. છતાં યે—'

તગારા બે અને મારી પત્ની સિવાય બીજા કોઇકે જ એ વાત સાચી માનવાની ના પાડી હશે. એટલે સુધી કે કેટલાક ધંધાદારી મિત્રો પણ 'મઝા' માણવાને લોભે મારી સાથે વધુ ભળવા લાગ્યા હતા! એમણે વિચારતા હશે કે ચાલો, એક માલદાર સરદાર મળ્યો છે.'

'પણ થયું હતું શું?' અતુલે પૂછ્યું.

શરતે હસીને કહ્યું, 'એક જણ ઉપર ઉપકાર કરેલો. વાત સાવ સાધારણ છે. સાંભળશો તો હસશો. અતુલ, તું તો પેલા નિતાઇને ઓળખે છે. અલીપુરમાં પ્રેક્ટીસ કરે છે.જુનિયર વકીલ. દૂરના સંબંધે મારો સગો થાય છે. એ નિતાઈની સ્થિતિ પહેલાં સારી હતી. એનો બાપ મોટા પગારની નોકરી કરતો. પણ એના અવસાન પછી એ લોકોની માઠી દશા બેઠી. ઘરમાં રળી શકે તેવા માણસોમાં એક નિતાઈ એકલો જ. એણે ત્યારે પ્રાક્ટીસ તાજી જ શરૂ કરેલી, એટલે આર્થિક સ્થિતિ કેવી હોય એ કલ્પી શકશો.

સગો હોવા છતાં યે એ લોકોને અમારી સાથે ઝાઝો સંબંધ ન હતો. ક્યારેક વિવાહ જેવા ખાસ પ્રસંગે ભેગા મળતા એટલું જ. ત્રણેક વર્ષ પહેલાં મારી બહેન શાન્તાના દીકરાના અન્નપ્રાશન ટાણે ગએલો, ત્યાં નિતાઈ સાથે ભેટો થઇ ગયો. ઘણા દિવસથી મળ્યો નહોતો. ઓચિન્તો એ મળી જતાં હું ચમકી ઊઠ્યો. એના મોં પર એની સ્થિતિની—એની દરિદ્રતાની છાપ દેખાઈ આવતી હતી. દેખાવે, રૂપેરંગે એ સોહામણો હતો—છતાં ખરાબ આર્થિક સ્થિતિએ એના મોં પર જાણે કાળો પડદો પાડી દીધો હતો. આંખોમાં સદા યે એક ત્રસ્ત સંકોચનો ભાવ (જાણે સહુથી કંઈક શરમજનક વાત એ છુપાવવા માગતો ન હોય તેવો) હતો.

એણે આવીને મને પ્રણામ કર્યા. મેં પૂછ્યું, કેમ છો? જવાબ મળ્યો, ઠીક છુ. મેં પૂછ્યું, વકીલાત કેવીક ચાલે છે?

મનમાં બહુ અનુતાપ થયો. સગો ભલેને દૂરનો રહ્યો, પણ સગો તો છે જ ને? મેં ધાર્યું હોત તો હું એને માટે કંઈ કરી ન શકત શું? સંસારયુદ્ધમાં એ અભિમન્યુની જેમ એકલો લડાઇ કરતાં કરતાં યે રથળે ઘવાયો જખમાયો હતો, અને હું મારા કાર્યમાં એવો મસ્ત હતો કે એની તરફ ફરીને જરાવાર જોવાની યે ફુરસદ નહોતો લેતો.

અને મેં મનોમન નક્કી કર્યું કે એને માટે કંઈક કરવું જ. પણ એ પૂર્વે એને સહુથી વધુ મુશ્કેલી શી છે એ જાણવી જરૂરી હતી. આવેશમાં આવી ઉપકાર કરવા જતાં એની મુશ્કેલી વધારી ન મુકાય એ જોવાનું હતું. માનઆબરૂ જેવાં ને એવાં રાખી, એને ને એના કુટુંબને ખરેખરી મદદ થાય તેવું કંઈક મારે કરવું હતું.

ત્યાં બીજું કોઇ ન હતું. કુશળતાથી એને પૂછવાનું મેં શરૂ કર્યું. ફાંફલાવીફાંફલાવીને બેચાર પ્રશ્નો પૂછતાં એણે એની ખરાબ આર્થિક હાલતની વાત જાહેર કરી. ખૂબ જોર કરીને જે વાત એ દાબી રાખતો હતો તે અચાનક એના મોંમાંથી નીકળી ગઇ. આખરે એ બોલ્યોઃ બીજું તો કંઇ નહિ શરત'દા; ઓરડીનો ગવારનવાર ભાડા રહે છે. કામ પણ ખાસ મોળું પડ્યું હું એવું નથી. પણ એક વસ્તુને અભાવે

એણે કહ્યું. 'નિતાઇ મારો મિત્ર છે. બેત્રણ મહિના અગાઉ હું એને ત્યાં ગએલો, ને જોયું તો તમે એને ઘણાં પુસ્તકો ભેટ મોકલેલા; —મારી સામે જ માણસ એ આપી ગએલો. નિતાઇએ હસીને કહેલું કે તમે એનું મોં બંધ કરવા માટે જ આમ .....'

વાત પૂરેપૂરી સમજાઈ ગઈ. કેશવને કંઈ વધુ કહી શકયો નહિ. નિતાઇ વિષે વિચાર કરતો કરતો હું પાછો ફર્યો."

ઘણીવાર સુધી ત્રણે મિત્રો ચૂપ રહ્યા. આખરે એક નિશ્વાસ મૂકી વિનોદ બોલ્યો, 'હું; દુનિયામાં જાતભાતનાં માણસ છે! હું યે મારો એક અનુભવ કહું, સાંભળો. ઘણો વખત થઇ ગયો એ વાતને. ત્યારે મારા દવાખાનાની શરૂઆત જ હતી.

ગલુવા બન્દર અને બાદુડબગાનને નાકે મેં નાનું દવાખાનું ખોલ્યું હતું. રહેવાનું દવાખાના ઉપર જ રાખેલું ત્યારે હું પરણ્યો ન હતો.

દવાખાનું સારૂ ચાલતું હતું એવે સમયે એક દિવસ મારવાડીઓ સાથે મુસલમાનોને કંઈ ઝગડો થયો. વાત નહિ, ચિત નહિ ને હિન્દુ-મુસલમાનોએ એક દિવસ રેઢીને એકબીજા પર આક્રમણ શરૂ કરી દીધું. લાઠી, છરા વગેરેનો ઉપયોગ છૂટથી થવા લાગ્યો.

એ ભયંકરતાનું સવિસ્તર વર્ણન કરવાની કંઇ જરૂર નથી. તમે પણ એ વખતે કલકત્તામાં જ હતા, એટલે થોડુઘણું જોયું-જાણ્યું હશે જ. મારા દવાખાનાની સામે જ ત્રણ ખૂન થઇ ગયાં. આંખોઆંખ જોયું, છતાં કંઇ કરી ન શકયો. આખો લત્તો જ મુસલમાનોનો. હું હિંદુ. એવી સ્થિતિમાં મારા હિંદુત્વનું પ્રદર્શન ન કરવામાં જ સલામતી હતી.

છતાં મેં દવાખાનું ખુલ્લું રાખી મુસલમાન તેમજ હિંદુ બાને વિનામૂલ્યે પાટાપીંડી કરવાનું ને દવાદારૂ આપવાનું સાહસ કરેલું એમ ન કરત તો મારી જાતને જ હું મોં દેખાડવા લાયક ન રહેત.

એ લત્તામાં નૂરમિયા નામનો એક ગુંડો હતો. પોલીસથી ગાડીને શેરીનાં કૂતરાંબિલ્લાંઓ પણ એને ઓળખતા એમ કહી શકાય. જબરો-નો ભયંકર ગુંડો હતો એ. કદાચ આખા કલકત્તામાં એની જોડી ન જડે. ખુલ્લે આમ કોકેનનો વેપાર કરતો, છતાં કોઇની તાકાત ન હતી કે જાતને એ નૂરમિયાને પકડાવી દે.

હુલ્લડ વખતે એ મારા દવાખાનાની પાસેની જ એક ગલીમાં છુપાઇને બેસતો. રસ્તો વેરાન જોઈ, કોઇ એકલદોકલ હિંદુ ત્યાંથી પસાર થતો દેખાતા એ હાથેક લાંબો છરો લઇ, બિલ્લી પગે એની પાછળ પહોંચી વાસામાં કે પેટમાં તે પરોવી દેતો. છરો માર્યા જેવા જ એ અદૃશ્ય બની જતો! એ પછી થોડીવાર ચીસાચીસ, હો હા, પોલીસની સીટી, એમ્બ્યુલન્સ આવવાનો અવાજ. અને જ જગાએથી વ્યક્તિ સ્થાનાન્તર થતાં ફરી બધું ચૂપચાપ-સુમસામ.

એ રીતે કેટલાંક અણધાર્યા ખૂન થયા પછી એ માર્ગે લોકોની આવજા એકદમ બંધ થઈ ગઇ. નૂરમિયા એની ગલીમાં ઉભડક પગે બેઠો છે, પણ કોઇ શિકાર નજરે ચડતો નથી જ્યારે આવે છે ત્યારે લાઠી-તલવારથી સજ્જ ટોળાબંધ શિકારી રૂપે જ આવે છે. એ સમયે નૂરમિયા અને એના સહધર્મીઓ પોતપોતાના સ્થાને લપાઈ જતા ને ટોળું ચાલ્યા ગયા બાદ પાછા બહાર દેખાતા.

એ રીતે બે દિવસ ગયા. હુલ્લડ ચાલતું જ હતું દૂરથી એની ચીસો ને પડકારા સંભળાતા હતા. છતાં અગારો લત્તો એકદમ શાન્ત હતો. નૂરમિયાના લાયને કંઈ જ કામ નહોતું હું પણ એ દિવસ સાંજ આખી ઘરમાં બારીએ બેસી મૂંગોમૂંગો બારમ તરફ જોઇ રહ્યો હતો. બહારનાં પુટપાથ ઉપર ખટ ખટ ખટાક સાંભળતાં ઊઠીને કરી જોયું તો બરે ચાખડી પગમાં પહેરેલો એક હત્તર હિંદુસ્તાની જેવો ધમધમ ચાલ્યો આવે છે. એણે શરીરે અંગુછા જેવું કપડું વીંટયું હતું, ને વિશાળ કપાળમાં મોટું ત્રિપુંડ તાણ્યું હતું. માથે વાવંટાની જેમ મોટી ચોટલી ફરકતી હતી. એને જોતાં જ મને ફાળ પડી કે અરે! હમણાં જ પેલો નૂરમિયા દોઢ ફૂટનો છરો લઇને આવ્યો જણાય!

ને ખરેખર જ થયું. એ જોયો મારા ઘર પાસે પહોંચ્યો-ન પહોંચ્યો ત્યાં તો નૂરમિયા પાછળથી વાઘની જેમ એના પર કૂદ્યો. એની બીજી પળમાં તો એક જબ્બર કાંડ થઈ ગયો. ત્રિપુંડધારી જોયાએ એકાએક એના શરીરે વીંટાળેલા વસ્ત્ર નીચેથી બે હાથ બહાર કાઢ્યા એ બે હાથમાં હતા બે છરા! નૂરમિયાના હાથમાંની છરી હાથમાં જ રહી ગઈ. જોયાએ વીજળી વેગે એક છરો એની છાતીમાં અને એક છરો એના પેટમાં ઘોંચી દીધો! ને પછી જેમ આવ્યો હતો એમ અંગુછો વીંટાળી, શાન્તિથી નિર્ભય પણે પાછો ચાલ્યો ગયો.

નૂરમિયા પગથી પર પડ્યોપડ્યો ચીસો નાખવા લાગ્યો, ને પછી ઢસડાતોઢસડાતો મારા દવાખાનાના બારણા પાસે આવી ઊંધે મોંએ પટકાઇ પડ્યો એના લોહીથી બારણું, ઉંબરો, બધું ખરડાઇ ગયું.

હું ને મારો કોમ્પાઉન્ડર એને ઉપાડીને અંદર લઈ આવ્યા ત્યાં સુધીમાં તો થતું'તું કે ભલે ત્યાં પડ્યો પડ્યો જ મરતો દીકરો! જેવાં કરમ તેવા ફળ! એ કાદવકીચડમાં મોંભર પડ્યોપડ્યો ભલે એનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરતો! પણ ડાક્ટર થઇને હું એમ કરી ન શકયો.

જખમ તપાસીને જોયું તો છાતીનો ઘા ખાસ ભયંકર ન હતો પણ પેટનો ઘા ચિંતાજનક હતો. પ્રાથમિક ઉપચારો કર્યા પછી એમ્બ્યુલન્સને ફોન કરવા જતો હતો, ત્યાં નૂરમિયાએ મારા તરફ આખ માડી તુટક સ્વરે કહ્યું, 'ડાગદર સાહબ!"

હું એની નજીક જતાં એ બોલ્યો, "જન બચાવી દો. આપને લાખ રૂપિયા આપીસ.'

રોષે ભરાઇને મેં કહ્યું 'એની જ તો મહેનત કરું છું, ભાઈ' મેડિકલ કૉલેજમાં જા. તે કદાચ ત્યાં બચી જવાય તો.'

નૂરમિયા આજીજી કરતો બોલ્યો, 'મોટિયા કૉલેજમાં ન મોક લશો, બાબુ! હિંદુ ડાગદર ઝેર આપીને મારી નાખશે'

જરા મોં બગાડી મેં કહ્યું, 'એ તો સાચું જ છે! મોટિયા કૉલેજના ડાક્તરો પણ બધા તારા જેવા જ ખરા ને?! પણ હું યે શું તને ઝેર ન આપી શકું? હું યે હિંદુ જ છું ને!"

'આપ અયસા કામ નહિ કિજીયેગા.' કહી નૂરમિયાં બેભાન થા ગયો. એટલું બધું લોહી વહી ગએલું કે વધુ બોલવા એ અસમર્થ હતો.

મેં પણ વિચાર્યું, સ્થાનફેર કરવા જતાં કદાચ રસ્તામાં જ મરી જશે. નિરૂપાય બની, ઇસ્પીતાલે ખબર આપી, મારે ત્યાં જ રાખ્યો.

માનવીના મન જેવી અજબ ચીજ દુનિયામાં કદાચ બીજી નથી કે માણસ માટે મારા મનમાં ધિક્કાર અને ઘણાનો પાર ન હતો જેને મેં નજરોનજર ત્રણચાર ખૂન કરતાં જોયો હતો, એને જ રાત દિવસના ઉજાગરા ખેંચી હું શા માટે જીવાડવા મથતો હતો, શા માટે મેં એને સાજો કર્યો, તે આજે પણ હું નથી કળી શકયો. મારૂ મન જ્યારે એને ઝેર આપવા ઇચ્છતું હતું ત્યારે જ હું શા માટે એને જીવાડવાનો રસ પાતો હતો? પૂરેપૂરી બેભાનાવસ્થામાં જ્યારે એ બકતો હતો કે 'મારો મારો, હિંદુકો મારો!' ત્યારે હું એને માથે આઇસબેગ ફેરવતો હતો! માનવીના માનસ વિષે જેમ જેટલી ચર્ચા કરો; કદાચ આનો કોઈ યે ખુલાસો પણ કરી શકશો. અમારા ડાક્તરોના સર્વે પણ જૂજ શરીર રચાયેલું છે. એથી મારે માટે તો આ એક પ્રશ્ન જ રહ્યો છે

બે દિવસે એને પહેલી વાર તાવ ઊતર્યો એ દિવસે પથારીમાંથી ઊઠીને બેસી, પહેલી જ વાત એણે આ કરી: મને યે કુંડુ કોકેન આપોને

મેં ધરીને ના પાડી. " (અનુસંધાન આગળ પાન ૨૫૫ પર)

ચિત્રરચનાનો શ્રેષ્ઠ હેતુ અને આદર્શ તો છે રૂપના છંદનું અથવા છંદગતિનું સુંદર નિરૂપણ કરવું તે. આ છંદગતિ અથવા છંદલીલા–Rhythm–એટલે શું છે ને શબ્દોમાં વર્ણવી બતાવવું બહુ મુશ્કેલ છે. ચીન અને જપાનમાં તો આ Rhythm–છંદલીલા–ચિત્રની બહુ જ જરૂરી વિશિષ્ટતા ગણાય છે. આ છંદલીલા એ બધે રૂપની નાડીના ધબકાર જેવી છે. સંગીત અને નૃત્યકળામાં તો એ Rhythm–છંદગતિનાં રૂપ અને અસ્તિત્વ આપણે સહેલાઈથી સમજી શકીએ છીએ. પણ ચિત્રમાં છંદગતિ અનુભવની જરા અઘરી છે. ગતિ તો હોય, પણ ગાત્ર નક્કી કરેલા–બાંધ્યા રસ્તે જ જે આવન કરે એ ગતિને 'છંદ' ન કહી શકાય. છંદનો વિવિધ વિચિત્ર પ્રકારની ભંગિ, મરોડ, હાવભાવથી, નાનામોટા તાલ વડે અને વચ્ચેવચ્ચે વિરામ લઈને પોતાનો પ્રકાશ કરે છે. ઘણીવાર આપણે છંદનું રૂપ સમજવવા ઘડિયાળના લોલકનો દાખલો આપીએ છીએ. પણ ઘડિયાળના લોલકનો છંદ એ તો યંત્રનો એકધારો છંદ છે. એમાં વિવિધતાને–વિચિત્રતાને કે નવીનતાને અવકાશ નથી. છંદનું ઉત્તમ રૂપ તો પ્રકાશે છે યતિ અથવા વિરામની મદદથી. વિવિધ પ્રકારના છંદ અને વિવિધ હાળની ગતિ તથા વિરામના સંમિશ્રણથી ઉચ્ચ શ્રેણીનો અને સુરમ્ય આસ્વાદવાળો છંદ રચી શકાય છે. છંદમાં તો અમુક જાતની આકર્ષણ કરવાની શક્તિ રહેલી હોય છે કે માણસો આપોઆપ તેનું અનુકરણ કરવા લલચાઈ જાય છે,—જેમ કોઈ ઉત્તમ સંગીતના છંદમાં શ્રોતાઓ લીન બનીને ડોલવા માંડે છે, અથવા તો શ્રેષ્ઠ નૃત્યના તાલની સાથોસાથ આપણા પગ આપમેળે જ નાચી ઊઠે છે તેમ.

કવિતા અને ચિત્રમાં છંદની આ ગતિ-લીલા પ્રત્યક્ષરીતે બતાવી અશક્ય છે, કારણ કે કવિતા અને ચિત્રનાં વિષય-વસ્તુ હાલીચાલી શકતા નથી. એને તો હાલતા અથવા ફરકતી જ ગર્ભિતરીતે, નિશ્ચલ અને ગતિહીન અક્ષરો અથવા રેખાઓ રૂપે લિખિતબદ્ધ કરીદીધાં હોય છે. ચિત્રમાં ગતિ બતાવવાનો ફક્ત એક જ ઉપાય છે—વળાંકો લેતી રેખાઓના સમૂહની મદદ લેવી તે (જુઓ આકૃતિ ૬૧ થી ૬૭). વળાંકદારી રેખાઓના ઉત્થાન-પતનથી જ—ઝાંખીચાંદીસોળાથી જ ગતિ અથવા ગગનનો આભાસ આપી શકાય છે. જોકે સીધી રેખાના અમુક પ્રકારના અવલંબન વડે પણ ગતિનો ભાવ સમજવી શકાય છે (આકૃતિ ૬૨). ચિત્ર નં. ૬૦ તથા ૬૧'માં કમળના મૃણાલની લાવણ્યમય વાંકી રેખાઓમાં ગતિનું ચિત્ર કેવું સહેલાઈથી ખીલી ઊઠ્યું છે! એ વાંકી રેખાના પ્રત્યેક વળાંકમાં એક નિશ્ચિત 'સંયમિત' ભંગિ (મરોડ) છે. આ 'સંયમિત' મરોડ જ છંદની સૃષ્ટિ ખડી કરે છે. ગતિ જો અસંયમિત હોય તો તેનાથી છંદ સારો ખીલવી શકાતો નથી. એટલે યતિ અથવા સંયમ એ છંદની જરૂરી પ્રાણશક્તિ જેવો છે. હલકા, ઢબાંઢબી ગતિમાં છંદ પ્રકાશી શકતો નથી.

ચિત્રોમાંની રેખાઓમાં રહેલા જુદાજુદા મરોડની ગતિમાં એક નિયમ રહેલો હોય છે એ નિયમને શોધીને તેને જો યતિ વડે બાંધી શકાય, તો પછી સમગ્ર રેખાવલિ છંદમાં નાચી ઊઠે. સંયમના બંધનમાં બદ્ધ થવાથી તેના દાદિદાદમાં પ્રાણ આવી જઈને તે જીવંત બની જાય છે. અજંતાના બૌદ્ધ ચિત્રોમાં, કે સાંચી, અમરાવતી યા મથુરાનાં ગિરિમાળાની પાષાણની ટિકાઓમાં કમળના મૃણાલની છંદ-લીલાનાં ભાવંત સુમધુર કંદારકામો થયાં આવી છે ચિત્ર ૬૦–૬૧.

ઘડિયાળના લોલકના ગમનાગમનના માર્ગને (ચિત્ર નં ૬૮) જો રેખાની ભાષામાં રૂપ આપી સમાજ તો એક આખેટ બાંધી રેખાનો તરંગ મૂર્તિમાન થાય. એવા છંદવાળી વાંકી રેખા જોવાથી આંખ તૃપ્ત થાય છે. રેખાતરંગના એવા એકધારા છંદમાં કે એકસરખા ગાનમાં પણ છંદલીલાના અમુક રસનો અનુભવ મેળવી આંખ તૃપ્તિ પામે છે. સાપની ચંચલ, શીઘ્ર ગતિલીલામાં આપણને એ પ્રકારના છંદ-રસનો આભાસ થાય છે (ચિત્ર ૬૯). સમુદ્રના તરંગોના એક ઉપર એક ચાલ્યા આવતા નિરવચ્છિન્ન લીલાગાના એકધારા મધુર રસનો આસ્વાદ આપણા મનને દોલાયમાન કરે છે. (ચિત્ર નં ૬૩). ચીન-જપાનના ચિત્રકારો સમુદ્રની આ લહરીગાળાની અદ્‌ભુત ગતિલીલા અને તેના ઉત્થાન-પતનના ચૈતનાભર્યા ધબકારને અદ્‌ભુત રેખારસમાં જીવન્ત કરવાની હથોટી સિદ્ધહસ્ત છે. જાપાનના પાર હોકુસાઈનું સુપ્રસિદ્ધ 'સમુદ્ર તરંગ'નું ચિત્ર આનું સરસ દૃષ્ટાંત છે. (ચિત્ર૭૨). 'કુમાર'નારપટમાં ઓકની ચિત્રપ્લેટ તરીકે એ આવી ગયું.

આકાશ, ક્ષેત્ર, ભૂમિ, સ્થાન, વિસ્તાર—Space.

રેખાને પ્રસારવા માટે સ્થાન અથવા ક્ષેત્ર જોઈએ. જો ક્ષેત્ર ન હોય તો રેખાનું અસ્તિત્વ પણ ન હોઈ શકે. પટભૂમિ ઉપર ચિત્રાંકન ન થઈ શકે. પ્રસાર કરવાનો આ ગુણ, વિસ્તૃત કરવાની આ જરૂરિયાત, તે જ આકાશને, ક્ષેત્રને, પટભૂમિને વિસ્તાર (Space) આપે છે. રેખા ચટ-ખાસ કરી સીધી રેખા વડે વિસ્તૃતિનો આભાસ થાય છે. આ આકાશ, આ વિસ્તૃતિ, આ ક્ષેત્ર (Space) એ જ વિવિધ વસ્તુઓને ઊભા રહેવાનું સ્થાન છે અને તેની ગતિ તથા ગગનાગમનનો માર્ગ છે.

આ વિસ્તૃતિ ત્રણ પ્રકારની છે : (૧) લંબાઈ, (૨) પહોળાઈ અને (૩) ગભીરતા અથવા ઊંડાણ કે દૂરત્વ. ચિત્રના કાગળ ઉપર તો આ બે જ પ્રકારનાં ક્ષેત્ર શક્ય હોય છે : લંબાઈ અને પહોળાઈ. એ બે પ્રકારમાં ત્રીજા જાતનો—એટલે કે ઊંડાણનો, ગભીરતાનો, દૂરત્વનો આભાસ કરાવવો એ ચિત્રકારનો મુખ્ય હેતુ હોય છે. આ ત્રણ પ્રકારના ગુણને લીધે જ કોઈ પણ કલ્પિત ચિત્ર સત્ય કે અસત્ય દૃશ્યની આબેહૂબ છાપ મન પર પાડે છે. સપાટ કાગળ ઉપરનું, માત્ર લંબાઈ અને પહોળાઈનાં બે જ પરિમાણવાળું સમતલ ચિત્ર, છાયા અને પ્રકાશના ત્રીજા પરિમાણની મદદ વડે ઘનત્વ અથવા દૂરત્વ પામે છે, અને જાણે પટભૂમિનો ત્યાગ કરીને ઉપર કમરી આવતું ન હોય એમ આંખને લાગે છે. આવા ઘન પરિમાણવાળી માયાસૃષ્ટિનું નામ ચિત્ર.

નિપુણ ચિત્રકાર રેખાના વિન્યાસની કુશળતાથી તથા પ્રકાશનો મેળ સાધીને કોઈ પણ જીવંત મૂર્તિના શરીરની રસૂલતા (Solidity), ઘનતા, માંસલતા અને તેના ગોળ રૂપનો આભાસ આપે છે. પટ કાં તો પટભૂમિની સાથે સ્થિર—સમતલ હતું તે આ રેખા અથવા છાયા-પ્રકાશના સંયોગથી ઘનતા કે ગોળ રૂપ ધારણ કરે છે, અને જાણે સજીવ કે સત્ય હોય એવી ભ્રમણામાં આપણને નાખે છે. પટરેખા જેમાં માત્ર લંબાઈ અને પહોળાઈ જ હતી, તે ઊંડાણ અને ગભીરતાવ્યંજનના પ્રાપ્ત કરે છે. દરશનચિત્રોમાં આ મનભાવન આભાસ ઊંડાણનો—દૂરત્વનો આભાસ આપવો બહુ જરૂરી છે જોવાનાર દરશ આંખની સામે સીધું ખુલ્લ દૂર સુધી ફેલાયેલું છે એનો આભાસ આપવા પટ પર દરશચિત્ર સત્ય હોય એવું લાગવું નથી. આવી ચિત્રસૃષ્ટિ બનાવવા ચિત્રકારની ચક્ષુસૃષ્ટિ રેખા પર દરશચિત્ર કુદરત ઉપર જેવી અસર થઈ હોય

મોટા મુલકને કોરિયામાં, શરમથી ભોંયમાં માથું ઘાલવું પડે એવી જબ્બર શિકસ્ત આપી. ચીનની અભણ અજ્ઞાન પ્રજાને તો દેશના કયા ભાગમાં શું બની રહ્યું છે તેની ખબર પણ પડતી નહિ. પણ દેશનો બુદ્ધિમાન વર્ગ કંઈ અભણ નહોતો રહ્યો. એ વર્ગમાંથી કૅન્ટન ખાતે એક ક્રાન્તિકારી સરકાર રચાઈ; પણ કાચી તૈયારીના એ બળવાને ચીની સરકારની ફોજે ચપટીમાં ચોળી નાખ્યો.

ડૉ. સુન સમજી ગયા કે દેશમાં રહીને ક્રાન્તિની તૈયારી થાય એમ નથી. એ હોનોલુલુ પાછા ફર્યા. ત્યાં રહીને એમણે યુનિવર્સિટીના પોતાના નૂતન મંડળને એકઠું કર્યું અને 'સીંગ ચુંગ હુઇ' (પુનરુત્થાન પામતુ ચીન) નામના રાજકીય મંડળની રચના કરી. રાજસત્તાનો દંડ દેનારો હાથ હોનોલુલુ સુધી પહોંચે એમ નહોતો. ધીરેધીરે બધાંને ખાતરી થવા લાગી કે દરિયાપારના મુલકોમાં વસતા ચીનાઓ તરફથી જ ક્રાન્તિ માટે નાણાં ને માણસો મળી શકે એમ છે. બીજે વર્ષે આ મંડળે એકડગલું આગળ ભર્યું. મંડળની મુખ્ય કચેરી હૉંગકૉંગમાં લઇ જવામાં આવી. મુક્ત ચીનનો રાષ્ટ્રધ્વજ પહેલવહેલો ત્યાં જ તૈયાર થયો. સ્વચ્છ નીલા આકાશમાં તપતા સૂર્યનું ચિત્ર એ પર અંકિત થયું. પવિત્રતા ને તેજસ્વિતાનાં એ પ્રતીકો હતાં. આજે પણ પોતાની સ્વતંત્રતા અને અધિકારોની રક્ષા માટે ચીનવાસીઓ એ જ રાષ્ટ્રધ્વજ હેઠળ ઝૂકે છે. ૧૮૯૫માં હૉંગકૉંગમાં રચાયેલા આ મથકેથી ક્રાન્તિની તૈયારીઓ હવે એવા તો વેગથી ચાલવા માંડી કે દોઢ દાયકાની અવધમાંતો રેલનાં પાણીની જેમ ક્રાન્તિની ભાવના દેશ આખામાં ફરી વળી.

ડૉ. સુને હવે હોનોલુલુ છોડ્યું અને પરિભ્રમણની સીમાઓ વિસ્તારી. પહેલાં એ અમેરિકાનાં સંયુક્ત સસ્થાનો-યુનાઇટેડ સ્ટેટ્સમાં ગયા અને ત્યાંથી ઇંગ્લંડ ગયા. રશિયાને જેમ કોક વિરલ લેનિન મળ્યો હતો, હિંદને જેમ કોક વિરલ ગાંધીજી મળ્યા છે તેમ ચીનને ડૉ. સુન-યાત-સેન જેવો વિરલ નેતા મળ્યો. લેનિન અને ગાંધીજીની જેટે સ્વપ્નદ્રષ્ટા અને વાસ્તવવાદીનો વિલક્ષણ યોગ ડૉ. સુનના વ્યક્તિત્વમાં પણ થયો હતો. જેના રાજમાં સંપૂર્ણ ન્યાય, સંપૂર્ણ માનવતા અને સંપૂર્ણ સંતોષ પ્રવર્તતાં હોય એવી લોકોની રચેલી સરકારનું સ્વપ્ન ડૉ. સુનને લાધ્યું હતું. પણ એમણે એ પણ જોઈલીધું હતું કે વિદેશી સત્તાઓના ઘૃણાસ્પદ આધિપત્યને ચીન ફગાવી દે અને તેમના બરોબરિયા હોવાનો દાવો કરે તે પહેલાં જપાને કર્યું હતું તેમ પશ્ચિમની રાજરમતના દાવ ચીને પણ શીખી લેવા પડશે. એટલે વિદેશી મૂડી, વિદેશી નિષ્ણાતો ને વિદેશી વૈજ્ઞાનિકોની ચીનને તૈયાર કરવાની દૃષ્ટિથી આયાત થવી જોઇએ એમ એ માનતા હતા. અમેરિકા અને ઇંગ્લંડ જેવી આ પ્રકારની મદદ મેળવવા માટે એમણે એ દેશોનો પ્રવાસ આદર્યો. પણ એમની પ્રવૃત્તિ તે વખતે કંઈ છાની રહી નહોતી. ચીનની રાજસત્તા અદમ્ય નિશ્ચયબળવાળા આ ભયંકર પુરુષની ક્રાન્તિકારી પ્રવૃત્તિઓથી થથરી રહી હતી ને કોઈપણ ઉપાયે એનો કાંટો દૂર થતો હોય તો તેમ કરવા રાજી હતી.

એટલે ડૉ. સુન લંડન પહોંચ્યા કે તરત જ ચીનના એલચીખાતાએ એમના અપહરણનું કાવતરું ગોઠવી એમને કેદ કર્યા. આ કેદમાંથી છૂટવા ડૉ. સુને બહુ ફાંફાં માર્યાં, પણ એકે ઉપાય જડ્યો નહિ. પણ એ રોમાંચક પ્રસંગમાં ઈશ્વરે જાણે એમની કે પછી ચીનસમસ્તના પીડિતોની પ્રાર્થના સાંભળી હોય તેમ, એલચીખાતાના એક પોર્ટરનું હૈયું આ મહાપુરુષનું દુઃખ જોઈને દ્રવી ઊઠ્યું. એણે ડૉ. એક વારના શિક્ષક સર જેમ્સ કૅન્ટલીને ડૉ. સુનના ગુપ્ત કારાવાસની વાત પહોંચાડી. બીજે દિવસે સવારે તો લંડનના સમાચારપત્રોમાં બલકા જોવડા અક્ષરે આ જ મુખ્ય સમાચાર છપાયા! ઇંગ્લંડની પરદેશ કચેરીએ ડૉ. સુનને તત્કાલ છોડાવી દીધા. ૪૯, પોર્ટલેન્ડ પ્લેઇસની એ નાનકડી ઓરડી, જેમાં ડૉ. સુનની પૂછપરછ અટકાયત થઈ હતી તેને એ વિલક્ષણ પ્રસંગની સ્મૃતિ રૂપે હજી પણ જેમની તેમ જાળવવામાં આવી છે.

એ પછી ચીનમાં એવા બનાવો બનવા માંડ્યા કે ડૉ. સુનને પાછા ફરવાની જરૂર પડી. ખોટું બહાનું કાઢીને જર્મન નૌકાકાફલે ચીઆઓ-ચૌનો ૧૯૯૭માં કબજો લીધો, ને બીજી પશ્ચિમી સત્તાઓએ પણ પોતપોતાનાં અધિકારક્ષેત્રો જમાવવા માંડ્યાં; એટલે પાછા ફર્યા સિવાય છુટકો જ નહોતો. પણ ચીનમાં રહેવાથી પકડાઇ જવાનું જોખમ હતું. એટલે એમણે જપાન જઇને ત્યાંની યુનિવર્સિટીઓમાં ભણતા ચીનના વિદ્યાર્થીઓમાં કામ કરવા માંડ્યું. થાક કેટલો કે હાર એટલે શું, તેની ચીનના આ ખંતીલા ઉદ્ધારકને ખબર જ નહોતી. ઉત્સાહ ને સ્ફૂર્તિનો એ અવતાર હતો. જે પરિસ્થિતિ સાથે એને પ્રસંગ પાડવાનો હતો તે જોતાં ભાવી ચીનનું એણે દોરેલું ચિત્ર ઘણાને દિવાસ્વપ્ન જેવું જ લાગતું. પણ ડૉ. સુનની વાણીમાં કંઈ એવો જાદુ હતો, કંઈ એવું નિષ્ઠાનું બળ હતું કે સાંભળનારને પણ એ સ્વપ્ન સત્ય બની જતું. જગતની મહાસત્તાઓમાં આજે ચીનની ગણના થાય છે તે ડૉ. સુનની અવિશ્રાન્ત ક્રાન્તિસાધનાને આભારી છે.

વર્ષો સુધી વિદ્યાર્થીઓમાં એમણે કામ કર્યું; જપાન, હૉંગકૉંગ ને આનામ વચ્ચે કેટલા યે આંટાફેરા કર્યા; મંડળો રચ્યાં, આદર્શો આપ્યા, મંત્રણાઓ કરી, યોજનાઓ ઘડી, પ્રોત્સાહન આપ્યું. ૧૯૦૨માં કૅન્ટનમાં, અને ૧૯૦૪માં હુનાનમાં ક્રાન્તિકારી હલ્લો લ્યાં પણ ખરાં. પરંતુ રાજસત્તાએ એમને તરત જ દબાવી દીધાં. જપાન પણ હવે ચેતી ગયું. ચીનને ઓળવી લેવાની જપાનની મુરાદોમાં ડૉ. સુનની પ્રવૃત્તિ આડખીલી રૂપ હતી. એટલે એણે ચીન વિદ્યાર્થીઓને હેરાન કરવા માંડ્યા. ડૉ. સુને જોયું કે હવે જપાનમાં રહેવામાં સાર નથી. એમાં જનનું જોખમ પણ છે. એટલે એમાં પોતાનું મથક આનામ ખાતે આણ્યું. ૧૯૦૭ અને ૧૯૦૮માં ક્રાન્તિના વિશેષ પ્રયત્નો થયા, પણ એ બધ નિષ્ફળ ગયા. ૧૯૦૯માં નાણાં એકઠાં કરવા માટે ડૉ. સુને વળી યુરોપયાત્રા આરંભી. નાણાં વિના ચાલે તેમ નહોતું. ડૉ. સુનનો કાર્યક્રમ કંઇ ગાંધીજીની માફક આત્મિક કાર્યક્રમ નહોતો. એટલે શસ્ત્રસરંજામ ને સૈનિકો મેળવવા માટે નાણાંની પુષ્કળ જરૂર હતી. જેમની પાસે નાણાં હતાં તેમાં ડૉ. સુનમાં વિશ્વાસ નહોતો. હેરાનગતિ, ત્રાસ ને કષ્ટનો કંઈ પાર નહોતો. ને છતાં સુન-યાત-સેનની શ્રદ્ધા કદી જ ડગી નહિ. આશાર્થ શ્રદ્ધાથી, ખંતથી, એ મંડ્યા જ રહ્યા.

ક્રાન્તિના છૂટાછવાયા પ્રયત્નો તો થતા જ રહેતા હતા અને જે અમીરજાદાઓનાં અકળ રીતે ખૂનો પણ થતાં રહેતાં હતાં. લોકજીભે ક્રાન્તિની વાત રમતી થઈ ગઈ હતી. ચીનના સમ્રાટે આ બધાથી ભડકી જઇને નવા સૈન્ય માટેની ભરતી શરૂ કરી. પણ એમાં ય ક્રાન્તિવાદીઓ જ જઇને જોડાયા! ૧૯૧૦માં આ જ સૈન્યે કૅન્ટનની લડાઈ શરૂ કરી પણ એમાં નિષ્ફળતા મળી. ૧૯૧૧ના માર્ચમાં ક્રાન્તિકારી પક્ષના બત્રીસલક્ષણા જુવાનો લડતાંલડતાં પડ્યા. 'પીળાં કૂલનીટકરીઓ'ના નામે વિખ્યાત થયેલાં એ વીરોની કબરોની યાત્રાએ હજી પણ કૃતજ્ઞ દેશવાસીઓ જાય છે. (અનુસંધાન આગળ પાન ૨૫૫મે)

એ પછી રોજ કોકેન માટે એ આજીજીઓ કર્યા કરતો, ને હું ના પાડ્યા કરતો. હું ન આપતો તે ન જ આપતો.

એક દિવસે એણે કહ્યું, 'ડાગદર સાહબ, દસ હજાર રૂપા દૂંગા. એક પુડિયા કોકિન દીજીયે.'

મેં કહ્યું 'એ તો ઠીક, પણ તારી પાસે રૂપિયા ક્યાં?'

એણે કહ્યું, 'ઇમાન કસમ, બેજ દૂંગા.'

મેં કહ્યું, 'બહુથયું હવે, રસિકતા ન કર. બહી લે કે હું તને એક રતીભાર કોકિન એક લાખ રૂપિયાના બદલામાં પણ નહિ આપું.'

વળી એક દિવસ એ કોકેન ખાવા માટે અધીરો થઈ ગયો. ખૂબ જ કરગર્યો. મેં એને કહ્યું, 'અચ્છા નૂરમિયા, મેં તો તને સગી આંખે ત્રણ ખૂન કરતાં જોયો છે, હવે જોઉં જ તને પોલીસમાં પકડાવી દઉં તો?'

એ હસીને બોલ્યો, 'કંઈ નહિયાય. મારી પાસે સાબિતી બોલ્હછે.'

'કઈ રીતે?' મેં પૂછ્યું.

એણે કહ્યું, 'હુલ્લડ વેળા હું હાજરમાં હતો. ન માનતા હો તો થાણામાં જઈ જોઈ આવો. ત્યાં મારા અંગુઠાની છાપ સુદ્ધાં પડી છે!'

એની શયતાનિયત જોઈ હું ચમક્યો. પોતાનો મજબૂત બચાવ તૈયાર કરીને, બધી પાકી તૈયારી પછી જ એ હુલ્લડમાં ઝંપલાવે છે! એ પછી એક દિવસ (ત્યારે યે એના શરીરમાં પૂરી શક્તિ નહોતી આવી. મોં એનું પ્રેત જેવું હતું) મેં એને કહ્યું, 'તારો જખમ મટી ગયો છે. હવે તું ઈચ્છે તો જઈ શકે છે.'

એ કંઈ જ બોલ્યા વિના ઊઠીને ડોબો થઈ ધીરેધીરે ચાલતો બહાર ગયો. જતી વેળા નીચે વળી મને એક સલામ કરતો ગયો.

લગભગ ત્રણેક મહિના સુધી એ ન દેખાયો. એક દિવસ મેં મારા કૉમ્પાઉન્ડરને પૂછ્યું, 'પેલો નૂરમિયા પાછો દેખાયો નહિ.'

કૉમ્પાઉન્ડર તમારા જેવો 'સિનિક' હતો. એણે કહ્યું, 'હવે શા માટે આવે? તમે શું એ લાખ રૂપિયા દેવા આવશો એમ માનતા હતા? સ્વપ્ને ય આશા ન રાખશો. હલકાનો લાગ જોઈને તમારું જ ખૂન કરી નાખે તો નવાઈ ન પામું.'

વાત સાવ નાખી દેવા જેવી ન લાગી. નરહત્યારા એ ગુંડાનો જીવ બચાવવા બદલ હું પસ્તાવા લાગ્યો.

એ જ દિવસે બપોર વેળા હું એકલો બેઠો હતો. એકાએક નૂરમિયા આવીને ઊભો રહ્યો. હવે એ માંદલો ન હતો. પડછંદ, કદાવર, લાલ ઘુમ્મ બદન વાળો, એક લાંબી મોટી સલામ કરી એ બોલ્યો, 'હજુર!'

મેં કહ્યું, 'કેમ નૂરમિયા? શા ખબર છે? પેલા લાખ રૂપિયા લાવ્યો કે શું?'

એણે લૂંગીની અંદરથી એક મોટું નોટનું બંડલ કાઢી કહ્યું, 'માલિક, લાખ રૂપિયા આપવાની તો મારી તાકાત નથી; પણ આ પાંચ હજાર લાવ્યો છું. એ રકમથી મને ઋણમુક્ત કરો.'

હું અવાક્ થઈ ગયો. કહ્યું, 'એ પાંચ હજારને હું શું કરું?'

એણે કહ્યું 'હજુર, એ માઈ નજરાણું છે. ઈમાનથી કહું છું કે આથી વધુ દેવાની મારી તાકાત નથી.'

મેં હસીને કહ્યું, 'નૂરમિયા, તું શું એમ ધારે છે કે મેં રૂપિયાના લોભે તારો જીવ બચાવ્યો હતો?' એ ચૂપ રહ્યો.

મેં ફરી કહ્યું, 'તારા કોકેનના વેચાણના, લોકોનાં લોહીના શોષણના રૂપિયા તું જ પાછા લઈ જા. મને એ ન ખપે. તારા જેવાનો જીવ બચાવી મેં જે પાપ કર્યું છે એની સજા ભગવાન મને દેશે.'

રૂપિયા આપવા માટે એણે ખૂબખૂબ પ્રયત્નો કર્યા, પણ મેં ન જ લીધા. એણે ઘણી યે કાકલૂદી-દીનવણી કરી પણ હું અચળ રહ્યો, ત્યારે એનો ચહેરો કરમાઈ, એકદમ રોષે ભરાઈ પાછો ચાલ્યો ગયો.

સાત દિવસ બાદ ફરીથી આવીને એણે કહ્યું, 'માલિક, તમે હિંદુ થઈને બબ્બે ખૂનીને મારા જેવા દુશ્મનનો જીવ બચાવ્યો એ વાત હું કેમેય ભૂલી નથી શકતો. લાવ, રૂપિયા તમે ન લેશો. મને તમારો ગુલામ બનાવીને રાખો. જેમ હુકમ કરશો એમ કરીશ.

મને એક સરસ વિચાર સૂઝી આવ્યો. મેં કહ્યું, 'જેમ કહીશ એમ કરીશ? ખરું કહે છે?'

એ બોલ્યો, 'જન કબૂલ, ઈમાન કબૂલ.—એમ જ કરીસ—તમે કહેશો એમ જ કરીશ.'

મેં ફરી કહ્યું, 'નૂરમિયા, બરાબર વિચારીને કહેજે. આવેશમાં કે ઉત્સાહમાં આવીને ઇમાનના નામે જેમતેમ ન બોલી બેસતો.'

એ જરા અચકાઈને બોલ્યો 'મારો ધર્મ નહિ છોડી શકું. બીજું જે કંઈ કહેશો એ કરીશ,—ખુદા કસમ.'

મેં કહ્યું, 'ના, ધર્મ તારે નહિ છોડવો પડે, પણ આ તો એથી યે વધુ આકરું છે, નૂરમિયાં!'

એ બોલ્યો, 'ભલે હોય. તમે ફરમાવોને!'

મેં કહ્યું, 'ચાલે. હું ફરમાવું છું. તારે કોકેન છોડવું પડશે. કોકેનનો ધંધો છોડવો પડશે. ને છોડવી પડશે આ ગુંડાગીરી. બોલ કરી શકીશ?'

સાંભળતાંવેંત એ પત્થર જેવો બની ગયો! એ પછી ધીરેધીરે ખુરસી પર બેસી ગયો. ઘણીવાર સુધી કપાળે હાથ દઈને એ શું વિચારતો હતો એ તો એ જ જાણે. આખરે એક મોટો ઠંડો નિશ્વાસ નાખી એ બોલ્યો, 'બાબુજી, તમે મારી દુનિયા છીનવી લીધી. બહુ સારું, એમ જ થશે. કોકેન મૂકીશ, એ ધંધો મૂકીશ, આ ગુંડાગીરી પણ મૂકીશ. પણ એમાં તમને શો ફાયદો થયો, માલિક?'

એને ખભે હાથ મૂકી મેં કહ્યું, 'જો તું ખરેખાત એ મૂકી શકીશ, તો મને શો લાભ થયો એ એક દિવસ તને કહીશ.'

ગુંડાગીરી એણે સરળતાપૂર્વક છોડી દીધી. પણ કોકેન છોડવા જતાં એણે કેવુંકેવું વેઠવું એ વર્ણવવું અસંભવિત છે. પ્રથમ પ્રથમ તો રોજ સાંજે આવી મારા પગ પાસે એ માથું પછાડતો. કોકેનની ભૂખ કેવી પૈશાચિક ભૂખ છે એ કોકેન ન ખાનાર નહિ સમજી શકે. રોજ મારા પગ પાસે માથું ઘસતોઘસતો કહેતો, માલિક, એકવાર હુકમ આપો—એકવાર—એક જ વાર રજા આપો. સોયની અણી પર આવે એટલું જ આપજો. વધું નહિ આપું. ક્યારેક-ક્યારેક તો મને એવી દયા ઉપજતી કે મહાપરાણે હું મનને સંયત કરતો.

પણ ગજબનું મનોબળ હતું એ ગુંડાનું. બીજો કોઈ હોત તો ક્યારનો યે પ્રતિજ્ઞા તોડી ચૂક્યો હોત. પણ નૂરમિયા બુલડૉગની જેમ એની વાતને વળગી રહ્યો હતો.

કોકેનની ભૂખને છતતાં એને પૂરું એક વર્ષ લાગ્યું. છેલ્લે દિવસે આવી એ મારે પગે બાઝી પડ્યો, ને બોલ્યો, 'માલિક, આજે સમજાયું કે શામાટે તમે મને કોકેન છોડવા કહ્યું હતું. તમે માનતા નથી, પીર નથી છો, પીર નથી!'

હવે એ નૂરમિયાએ બીડી-તમાકુની દુકાન માંડી છે.

'ક્યારેક સવારમાં વહેલા મારે દરવાજે આવી ચડશો તો તમે એને સૌ પ્રથમ આવીને મને સલામ ભરતો જોશો.'

નવી સાવરણીથી ચોખ્ખું વળાય ખરું; પણ ખૂણાખાંચરા સાફ કરવા સારુ તો જૂની જ જોઈએ.

[૩]

નાટ્યના પ્રકારો

પ્રાચીન કાળમાં અસ્તિત્વ પરાવતા નૃત્ય અને નાટ્યના અનેક પ્રકારો તો આજ લુપ્ત થઈ ગયા છે, પણ તે કાળનો નાટ્યકલાવૈભવ જાણવા જેવો છે.

પ્રાચીન કાળમાં નાટકનું સાચું નામ 'રૂપક હતું. 'નાટક' તો રૂપકનો ગાત્ર એક પ્રકાર હતો.

નાટ્યના રૂપક ને ઉપરૂપક એવા બે ભેદ હતા. તેમાં રૂપકના દસ અને ઉપરૂપકના અઢાર પ્રકાર હતા. તે આ પ્રમાણે:

રૂપકના પ્રકારો: (૧) નાટક, (૨) પ્રકરણ, (૩) ભાણ, (૪) વ્યાયોગ, (૫) સમવકાર, (૬) ડિમ, (૭) ઈહામૃગ, (૮) અંક, (૯) વીથિ અને (૧૦) પ્રહસન.

ઉપરૂપકના પ્રકારો: (૧) નાટિકા, (૨) ત્રોટક, (૩) ગોષ્ઠિ, (૪) સટક, (૫) નાટ્યરાસક, (૬) પ્રસ્થાન, (૭) ઉલ્લાપ્ય, (૮) કાવ્ય, (૯) પ્રેક્ષક, (૧૦) રાસક, (૧૧) સલ્લાપક, (૧૨) શ્રી ગદિત, (૧૩) શિલ્પક, (૧૪) વિલાસિકા, (૧૫) દુર્મલ્લિકા, (૧૬) પ્રકરણિકા, (૧૭) હલ્લીશ અને (૧૮) ભાણિકા.

રૂપકના દસ પ્રકારના લક્ષણો આ પ્રમાણે છે:

નાટક: રૂપકોમાં નાટક મુખ્ય છે. તેની કથા કોઈ સત્ય ઘટના પર રચાયેલી હોવી જોઈએ છે. તેનો નાયક રાજા કે દૈવી પુરુષ હોય છે. શૃંગાર અને વીર રસ તેના મુખ્ય રસ છે. 'શાકુંતલ,' 'મુદ્રારાક્ષસ,' 'વેણીસંહાર' વગેરે આ પંક્તિમાં આવે છે.

પ્રકરણ: પ્રકરણનું વસ્તુ કવિકલ્પિત હોય છે અને તે સામાજિક કે પ્રેમ વિષય પર રચાયેલું હોય છે તેનો નાયક રાજાથી ઊતરતા વર્ગનો,—એટલે કે મંત્રી બ્રાહ્મણ કે પ્રતિષ્ઠિત ધનિક વૈશ્ય હોય છે. પ્રકરણ બે ભાગમાં વહેંચાયેલું છે: શુદ્ધ અને સંકીર્ણ. શુદ્ધ પ્રકરણની નાયિકા વેશ્યા અને સંકીર્ણ પ્રકરણની નાયિકા કુલીન સ્ત્રી હોય છે. 'મૃચ્છકટિક' અને 'માલતીમાધવ' એ વર્ગનાં છે.

ભાણ: એ એક અંકનું હોય છે તેનો હેતુ મનોરંજનનો હોય છે. તેના પ્રારંભ તથા અંતમાં સંગીત આવશ્યક હોય છે અને એક જ પાત્ર ઘણી ચેષ્ટાઓનું અનુકરણ કરે છે. તેમાં ઘણોડો શૃંગાર આવે છે. 'લીલા,' 'મધુર,' તથા 'સારક્રાતિલકમ્' નામના ભેદો આ કોટિમાં આવે.

વ્યાયોગ પણ એક અંકનું રૂપક છે, અને તેનો હેતુ યુદ્ધવર્ણન હોય છે. તેનો નાયક અર્જુન જેવો વીર પુરુષ હોય છે 'જગદ્ભ્રમ-વંચય,' 'સૌગંધિકાહરણ,' 'ધનંજય વિજય' આદિ આ પ્રકારના છે.

સમવકાર: ત્રણ અંકનું રૂપક છે. દેવદાનવ વચ્ચેની સ્પર્ધા ને યુદ્ધ તેનો વિષય છે. તે વીરરસ પ્રધાન અને યુદ્ધવર્ણનયુક્ત હોવું જોઈએ. ગદર્પિ ભરતે નાટ્યોત્પત્તિ બાદ પહેલવહેલો બનાવેલો 'સમુદ્ર-મંથન' નામનો પ્રયોગ આ વર્ગનો હતો.

ડિમ: ચાર અંકનું વીર તથા ભયાનક રસપ્રધાન રૂપક છે. દેવ અથવા અસુર તેનો નાયક હોય છે.

ઈહામૃગ: પ્રેમ કે કૌતુકવર્ણનના વિષયવાળું ચાર અંકી રૂપક છે. તેના નાયક દેવદેવી હોય છે. 'કુસુમશરોત્પત્તિવિલય' એનું દૃષ્ટાંત છે.

અંક: કરુણરસપ્રધાન, પ્રસિદ્ધ પૌરાણિક વસ્તુનું એક અંકી રૂપક તે એક હોવાય છે. જેમકે 'શર્મિષ્ઠા યયાતિ.'

પ્રહસન: હાસ્યરસપ્રધાન એકઅંકી રૂપક તેનો ઉદ્દેશ સમાજપ્રચલિત વિષમતાઓ પર કટાક્ષ કરી તેને દૂર કરવાનો હોય છે. 'હાસ્યાર્ણવ,' 'કૌતુકસર્વસ્વ' ને 'ધૂર્તસમાગમ' વગેરે આ જાતનાં છે.

ઉપરૂપકોના વિવિધ પ્રકારોનાં લક્ષણ દૃષ્ટાંતો નીચે પ્રમાણે છે:

નાટિકા: શૃંગારરસ પ્રધાન હોય છે. તેનું કથાવસ્તુ કોઈ પર રચાયેલું હોય છે. શ્રીહર્ષનું 'રત્નાવલિ' નાટક આ વર્ગનું છે

ત્રોટક: આ પણ સંગીતપ્રધાન હોય છે. તે પાંચ, સાત, આઠ કે નવ અંકનું હોય છે ને તેનો વિષય પારિવ કે રજનીય હોય છે. 'વિક્રમોર્વશીય'ને કેટલાક આ વર્ગનું ગણે છે.

ગોષ્ઠિ: એક અંકી હોય છે. તેમાં નવરસ પુરુષપાત્રો ને પાંચ સ્ત્રીપાત્રો હોવાં જોઈએ. 'રૈવત મદનિકા' આ જાતનું છે.

સટક: જેમાં આશ્ચર્યકારક કથાને પ્રાકૃત ભાષામાં રજૂ કરવામાં આવે છે જેમકે 'કર્પૂરમંજરી.'

નાટ્યરાસક: એ પ્રેમ અને કૌતુકપ્રધાન એક અંકી રૂપક હોય છે. તેમાં આર્યથી ઇતિ સુધી નૃત્ય અને સંગીત રહેલું હોય છે. 'નર્મવતી' અને 'વિલાસવતી' આ લક્ષણવાળા છે.

પ્રસ્થાન: નાટ્યરાસક જેવું જ સંગીતયુક્ત દ્વીઅંકી રૂપક છે. તેનાં પાત્રો હીન અને નીચલા વર્ગનાં હોય છે.

ઉલ્લાપ્ય: પ્રેમ અને હાસ્યવિષય યુક્ત એક અંકી રૂપક હોય છે 'દેવી-ગદાદેવ' આ કોટીમાં આવે છે.

કાવ્ય: સંગીતની બહુલતાવાળું, પ્રેમવર્ણનથી યુક્ત એક અંકી રૂપક હોય છે. 'યાદવોદય'નો આ વર્ગમાં સમાવેશ થાય છે

પ્રેક્ષક: વીરરસપ્રધાન એક અંકી રૂપક છે. તેનો નાયક ગૌણ કોટિનો હોય છે. જેમકે 'વાલીવધ'.

રાસક: હાસ્યરસ-કૌશિક એક અંકી રૂપક. તેમાં બુદ્ધિમાન નાયક નાયિકા તથા બીજાં ત્રણ મૂર્ખ નટપાત્રો થઈ પાંચ જણ જ હોય છે. 'મેનકાહીન' આ પ્રકારનું છે.

સલ્લાપક: ચાર અંકી હોય છે. તેનો નાયક પ્રચલિત વર્ગોની વિરુદ્ધ જાતનો હોવો જોઈએ. 'માયાકાલાપિક' આ જાતનું છે.

શ્રી ગદિત: સંગીતપ્રધાન એક અંકી રૂપક હોય છે. તેની નાયિકા લક્ષ્મી હોય છે. 'ક્ષીરસાગરમંથન' આ પ્રકારનું છે.

શિલ્પક: માયાની કે આશ્ચર્યકારક ઘટનાના વિષયવાળું ચાર અંકી રૂપક. તેનું રંગસ્થળ સ્મશાન હોય છે. તેનો નાયક બ્રાહ્મણ ને પ્રતિનાયક ચાંડાલ હોય છે. 'કનકાવતી માધવ' આ પંક્તિનું છે.

વિલાસિકા: પ્રેમ અને કૌતુક વિષયનું એક અંકી રૂપક છે.

દુર્મલ્લિકા: એ હાસ્યરસપ્રધાન ચાર અંકી રૂપક હોય છે. 'ચિન્દુમતિ' આ પ્રકારનું છે.

પ્રકરણિકા: એ 'નાટિકા'ને મળતું હોય છે.

હલ્લીશ: આથી ઇતિ સુધી સંગીત અને નૃત્યવાળું એક અંકી રૂપક છે. તે એક પુરુષ અને આઠદસ સ્ત્રીઓથી ભજવાય છે. 'કેલિરૈવતક' આ પ્રકારનું છે.

ભાણિકા: હાસ્યરસયુક્ત એક અંકી રૂપક દા. ત. 'કાગદના'.

નાટ્યના આ વિવિધ પ્રકારોમાંથી હાલ તો 'રૂપક' પ્રકારના 'નાટક' અને 'પ્રકરણ' બે, તેમજ ઉપરૂપક પ્રકારની 'નાટિકા' એ ત્રણ પ્રકારો જ ઉપલબ્ધ રહ્યા છે.

ભરતનાટ્યશાસ્ત્રમાં રૂપકોનું વર્ણન નથી; તેથી તે પછીના કાળમાં પ્રચલિત થયાં હશે તેવું અનુમાન કરી શકાય છે. નાટ્ય-

કલાની અંગોક કેટલી બીજવણી થઇ હશે તેનો કંઈક ખ્યાલ નાટ્ય-પ્રકારોની આ વિવિધતા જોઇને આવે છે. પ્રાચીન કાળના આ નાટ્ય-વૈભવનું હાલ તો રંગરાણ જ કરવું રહ્યું તે કાળમાં વિદ્યાભ્યાસ સાથે સંગીત, નૃત્ય, અભિનય વગેરે કલાવિષયોની પણ તાલીમ આપવા-માં આવતી હોવાના અનેક કહલેખો સંસ્કૃત સાહિત્યમાંથી મળી રહે છે: ગુપ્ત વાસ દરમ્યાન અર્જુન વિરાટ નગરમાં રાજકુમારી ઉત્તરાને નૃત્યની તાલીમ આપતો હોવાની વાત મહાભારતમાં આવે છે. આથી અર્જુન નૃત્યકલામાં પણ કુશળ હોવાનું મનાય છે.

આગાઉ સંગીત, નૃત્ય, અભિનય વગેરે નાટ્ય વિષયોના શિક્ષણ માટે નાટ્યશાળાઓ બંધાતી અને રાજ્ય જ તેનો નિભાવ કરતો. મહોત્સવો તેમ જ લગ્નાદિ માંગલિક પ્રસંગોમાં નાટ્યપ્રયોગો એક અંગ રૂપ ગણાતા. નાટ્યકારો કુપરાત પ્રતિષ્ઠિત કુળનાં સ્ત્રીપુરુષો તેમજ રાજવંશીઓ પણ તેમાં ભાગ લેતા

નાટ્યશાળાના અધ્યાપક નાટ્યાચાર્ય કહેવાતા ને રાજ્ય તેમજ પ્રજામાં તેમનું બહુમાન થતું. નાટ્યાચાર્યનું પદ મેળવવા તેમને અનેક પ્રકારની સિદ્ધિઓ મેળવવી પડતી. પરંતુ કાળે કરીને રુચિવિકારને કારણે તેમની 'નટ' નામની હલકી જાતિમાં પડતી થઈ અને નાટ્ય-કલાનો તેઓ ભરણપોષણના સાધન તરીકે ઉપયોગ કરતા લાગ્યા. ઉત્તરોત્તર અભિરુચિની પડતીની સાથે ભવાઈ વગેરે હલકી જાતના અ-શ્લીલ પ્રયોગો પ્રચારમાં આવ્યા અને તેની સાથે પ્રાચીન શુદ્ધ નાટ્યકલા ધીમેધીમે વિલુપ્ત થતી ગઈ.

('નાટ્યતત્ત્વ'ને આધારે) યોગેન્દ્ર પ્રિયદર્શી

આવ્યા અને સિદ્ધી (અનુસંધાન પાછળના પાન ૨૫૬થી)

પણ હવે તો તેઓએ હિંદી કલાનાં સારાં ચિત્રો અને આલબમોને પણ આદર આપવા માંડ્યો છે.

અમે વિજ્ઞાનવિભાગમાં ગયા ત્યાં વનસ્પતિશાસ્ત્રને જીવશાસ્ત્રના પ્રાધ્યાપક પ્રો. મુખરજી સાથે કાન્તિભાઈએ પિછાન કરાવી; તે સાથે તેમનો હૉર્ટિકલ્ચર શૉખ પણ પ્રદર્શિત કર્યો. તેમણે પોતાના નાના બગીચામાંથી સુંદર ફૂલોનો એક ગુચ્છ મને તૈયાર કરી આપ્યો, તેમાં એમણે જે ખૂબીથી રંગોનો મેળ કર્યો તે પરથી તે કલાકાર પણ હોવા જોઇએ એમ મેં સહજ પકડી પાડ્યું; અને ખરેખર તે ચિત્રો પણ દોરતા ને કલાકારોની કૃતિઓ પણ સંપરતા.એમણે ભાવ-પૂર્વક સાંજે પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું અને સાથે જ કોઇ અજાણ વસ્તુ મને બતાવવાનું વચન આપ્યું.

એ દિવસની બપોર શ્રીરાગ રાગીને ત્યાં વીતાવી. તે દિવસે એમને ૫૦ વર્ષ પૂરાં થયાં તેનો ઘરમાં ઉમંગ હતો. તેમનાં પત્નીએ જાતજાતની રસોઈ બનાવી હતી. આસપાસનાં ગુજરાતી પડોશીઓએ તો તેમને કરાવ્યાં હતાં કે ગુજરાતના બ્રાહ્મણોનુ પી.ના બ્રાહ્મણોને ત્યાં જમણ નહિ. એ જાણ્યું ત્યારે મને બારે ખેદ થયો કે કાળજાતના ભેદોમાંનો આવા સાદા ભેદો પણ હજુ ભૂંસાતા નથી. એમના પત્ની બહુ સુશિક્ષિત નહોતાં, પણ તેમની બધી વિધિમાં તેમનો અતિથિ-પ્રેમ ઉભરાઈ જતો હતો. ખરેખર એ એક રસલહ્યાણ હતી. બહુ લાગણીભર્યે હૃદયે અમે છૂટા પડ્યા. પેર આવી સામાન બાંધી તૈયાર રાખ્યો અને પછી કાન્તિભાઇ સાથે પ્રો. મુખરજીને ત્યાં ગયા.

સ્વામી બાગ

તેમણે પણ આનું સ્વાગત બારે કાઢવા તૈયાર રાખ્યું હતું. બરફની પતાકા આગે તેમણે કહેલા રાહે જવા નીકળ્યા. એ હતો 'સ્વામી બાગ.' આગ્રાની દેશખ્યાત સંસ્થા દયાલબાગ વાળા રાધાસ્વામી સંપ્ર-દાયના ગુરુ પુરુષની જ્યાં સમાધિ છે તેને રવાગીબાગ કહે છે. કેટલાક અમલ્ય ગતવાળા સેવકોએ ત્યાં લાખો રૂપિયા ખર્ચીને મંદિર કરવા માંડ્યું છે. પૈસા કેમ વાપરવા તે માટે મતભેદ હોઇ શકે; પરંતુ જે ત્યાં જે જોયું તેનું વર્ણન શબ્દોથી કરવું જ મુશ્કેલ છે. દસપંદર વર્ષ થયાં એ મંદિર બંધાયાં કરે છે. એકસો આરસ જ બધે વપરાય છે. પણ આપણા દેશની અવદશા એ છે કે ધવા, ધાર્મિક માણસો પણ યુરોપી કારીગરને જ એષ્ઠ માનીને તેને કામ સોંપે છે, તેમ આદ્યાં પણ એક ઇટાલિયનના હાથમાં બાંધકામ સોંપાયું છે. એક હિંદી સંતની સમાધિ ઉપર તેણે શ્વેત આરસનો એક ઘાટના બાંધકામ ને અર્ધગોળ રોમન કમાનો નાખી મંદિરની રચના કરી છે! એ જોઈ, પહેલાં તો મારો જીવ બેસી ગયો. પણ પ્રો. મુખરજી કહે કે હવે એ ભૂલી જઈએ અને કેટકેટલાયે મૂકેલી આરસની કોતરણી ભરેલી તકતીઓ જુઓ. એની નકશી અને રૂપાળાં ફૂલપાનના લૂગડાં ને લૂગડાં જોઇ આંખ ઠરી જ ગઈ! બસો પથ્થરમાંથી જ સીધી ઊભી નીકળી હોય એવી એ લતરની કે ગુંચળાં વળતી વેલો જોતાં હાથરૂંછણાનો ચમત્કાર જ લાગે; અને તે કામ પણ આજના જમાનામાં હિંદુસ્તાની સલાટોએ કરેલું 'ભૂતકાળનું હિંદી શિલ્પનું ગૌરવ આ જીવતા કારીગરોમાં હજુ છે એ હકીકત મારી મ કરોડ શ્વાસ લીધો અને આંખને નજરે પણ જોયા. આસપાસના માંડવા નીચે તૈયાર થતી તકતીઓ અને તે પર એકચિત્તે હાથ ચલાવતા એ જયપુરી સલાટો જોતાં મનમાં તે દેવના પુત્રો દોય એવો ચમત્કાર કરતા લાગ્યા! દર વરસે નૂતન જય છે તો નવા આવે છે. આખો રાજપૂતાનો એનાથી ભરચક છે અફસોસ, કે એ વખતે મારી પાસે કેમેરા ન હતો; સગવ પણ ન હતો. રાગ રાગ રાગ રાગ 'હિંદના શિલ્પીઓ, તમારું સ્થાન માત્રતકતીઓ ભરવાનું જ?

સ્ટેશને જવાની તૈયારી હતી એટલે આગ્રા કૅંટોનમેન્ટ તરફ રવાના થયા. કાન્તિભાઈ અને રત્નપ્રભાદેને આગ્રામાં ગુજરાત બનાવ્યું હતું પણ ટ્રેનના પાયુ અટકાવ્યું લાગ્યું. બીજે દિવસે દયાલબાગે અજમેર-મા ગાડી બદલવાની હતી સવારે કુલેરા કંટોનમેન્ટથી એકલે દિલિપ અને રાગ એકઝામીનરો તેમના કોઈ મિત્ર પાસે આવી ગોઠા. તેમણે ચારુ રાજકીય બાબતો પર ખૂબ ચર્ચાઓ થવા લાગી. કૅબિનેટ ગાંધી જતજાતની વાતો થઈ. છેવટે એક કાકો પણ સુંદર ડિબિયન બોલી ઊઠ્યો: 'યારો; દેખો તો, કૈસા બનાવ દોના દૈ! તુમને યે ગાયીલીકરકા નામ કભી સુનાયા? કહાંસે વો આ કે ઇસ્પીકર પ્રા ગેરમેં બોલા? ઔર કયા નેક આદમી હૈ!' હું સમજ્યો કે એ તાજે-તરમાં જ વડી ધારાસભાના સ્પીકરપદે નીમાએલા આપણા કાકા-સાહેબ માવળંકર માટે કહે છે. એવી મનમાં મને આનંદ થયો કે પ્રાંતીયતાની છાપ છેક દૂરની આગન્તુકતા સુધી પણ કેવી પડે છે!

અજમેરમાં ગાડી બાકી કરી અને આવતી મેઇલમાં આગાઉ રીઝર્વેશન થયું છે કે નહિ તેની તપાસ કરવા જતાં જણાયું કે આગ કે નાગકાગ જ ત્યાં ન હતું! આગાથી તેમને અજમેર જ ગણ્યા ન હતા, શું થાય? મેઇલ આવ્યો. કોમાં જગ્યા જ ન હતી. આખરે છેલ્લી ઘડીએ તેમના ઓળખીતા કમ્પાર્ટમેન્ટમાં જગ્યા મેળે કુટુંબના માણસોને તેમાં મોકલી હું બાજુના કબાગા ચડી બેઠા અને પાંચ જ મિનિટમાં ટ્રેઇન ઊપડી બેઠલી ઘડીનો મૂંઝવણ પાછી આખરે જગદીશચંદ્રને પાંચ ચડ્યા તેની ખૂબ નીરાંત અનુભવી. (સંપૂર્ણ)

મધુ: બા, તેં ગાયીને તો મોટું બરફીનું ટોપલું આપ્યું!

બા: પણ બેટા, ગાયની તારા કરતાં મોટી છે ને?

મધુ: અને તું એને એમ બધું વધારે ને વધારે આપ્યા જ કરે બેટલે તો પછી એ મોટી જ થવાની ને!

પણ એ નિષ્ફળતા છેલ્લી જ હતી. ડૉ. સુન તો યુરોપમાં જ હતા ને ૧૯૧૨ના ઑક્ટોબરમાં રાજસત્તા સામે ગોટું બંડ સળગી ઊઠ્યું. એને પ્રેરનારાં તાત્કાલિક કારણોની વીગતમાં અહીં નહિ ઊતરીએ. ક્રાન્તિકારીઓને દોરી શકે તેવો કોઈ નેતા તે વખતે જડતો નહોતો, તો નેતા એમણે કલ્પનાથી લીધો. એક રોનાનાયકને સૂતો ઉઠાડીને તેને નેતા બનવાની ફરજ પાડવામાં આવી. એની નામની નેતાગીરી હેઠળ પચાસ દિવસની અવધમાં ક્રાન્તિકારીઓએ ચૌદ પ્રાન્તો સર કરી લીધા ! આથી ગભરાઇ ઊઠેલી રાજસત્તાએ યુઆન-શિહ-કઇની સરદારી હેઠળ એક બળવાન સૈન્ય ક્રાન્તિકારોને ભીડાવવા મોકલ્યું. એ સૈન્યે ઘણુંખરું વાએલા ક્રાન્તિદળના ભુક્કા કાઢી નાખ્યા હોત; પણ ચીનનું નસીબ પાધરું હશે તે ડૉ. સુન આ બંડની વાત સાંભળીને હતાવળા હતાવળા ચીન આવી પહોંચ્યા. શાંગહાઈ ઊતર્યા પછી તેમણે ચીની પ્રજાસત્તાકના પ્રમુખ થવાનું કહેણ તો સ્વીકાર્યું, પણ ચીનની પ્રજા હજી એમને પૂરી ઓળખતી થઇ નહોતી. વળી યુઆન-શિહ-કઈ એક બળવાન સૈન્યને મોખરે ઊભો હતો. એટલે ડૉ. સુન સમજી ગયા કે ક્રાન્તિને સફળ બનાવવી હશે તો પોતાના જીવનભરના પ્રતિપક્ષીની મહત્ત્વાકાંક્ષાને સતેજ કરીને એને એના સૈન્ય સહિત પોતાના પક્ષમાં ભેળવી લેવો પડશે. ચીનના ઉદ્ધારનો જ મંત્ર રટ્યા કરતા, અદ્‌ભુત આત્મવિલોપનના આ અવતારે પોતે પ્રમુખ થવાનું માંડી વાળી યુઆનને નૂતન ચીની પ્રજાસત્તાકના પ્રમુખ થવા કહેવડાવ્યું. જાણે એની રાહ જોઈને જ બેઠો હોય તેમ, મહત્ત્વાકાંક્ષી યુઆને એ સ્વીકારી લેવામાં જરા ય વાર ન લગાડી અને ક્રાન્તિને પૂરો સાથ આપવાની શરત મંજૂર રાખી. એણે ચીનના સમ્રાટને ગાદીત્યાગ કરવાની શિખામણ આપી, જે સ્વીકાર્યા વિના તે બાપડાનો છૂટકો જ નહોતો. ચીનના સમ્રાટે ગાદીત્યાગ કર્યો, ડૉ. સુનનું સ્વપ્ન ફળ્યું, ચીની પ્રજાસત્તાકનો જન્મ થયો, રાજ્યની માલિક રૈયત બની.

પણ હજી તો ઘણું કરવાનું બાકી હતું. અથવા હવે જ બધું કરવાનું હતું. 'લોકોની પાર્લમેન્ટ' નામની સંસ્થા ઊભી કરીને યુઆનને પ્રજાસત્તાકનો પહેલો પ્રમુખ ચૂંટવામાં આવ્યો. 'પુનરુત્થાન પામતું ચીન' નામનું જે મંડળ ડૉ. સુને અગાઉ સ્થાપ્યું હતું અને જે પાછળથી 'ચાઇના લીગ' બન્યું હતું તેને જ પુનર્જીવિત કરી તેને 'કુઓમિન્તાન્ગ' અથવા 'રાષ્ટ્રીય પ્રજાપક્ષ' એવું નામ આપવામાં આવ્યું ને એ પક્ષે સત્તાનાં સૂત્રો ધારણ કર્યાં, અને નિર્મોહી, નિઃસ્પૃહી ડૉ. સુન એમાં પોતાને માટે ઊંચું સ્થાન મેળવવાની કશી જ તજવીજ કર્યા વિના શાંતિથી જાપાન પહોંચી ગયા. લોકોનું રાજ થયું એટલે શું સોડ તાણીને સૂઈ જવું ? એમને તો બીજા સુધરેલા દેશો પાસેથી ઘણુંઘણું શીખી લઇને પોતાના દેશને ઊંચે આણવો હતો.

ઈ. ૧૯૧૪ના નવેમ્બરની રપમીએ બનેલા એક બનાવને આપણે અત્રે નોંધવો જોઇએ. ડૉ. સુનના જીવનની એ એક મહત્ત્વની ઘટના હતી. તે દિવસે એમણે ચીની ક્રાન્તિને અનેક રીતે સહાય કરનાર અને પોતાના પરમ મિત્ર ચાર્લી સુંગની બીજી પુત્રી ચીંગ લીંગ સાથે લગ્ન કર્યું. એ નાની હતી અને ડૉ. સુન એને ત્યાં જતા ત્યારથી તે એમને ઓળખતી હતી. તેમના વ્યક્તિત્વ અને પ્રવૃત્તિથી એ મુગ્ધ બની રહી હતી. ડૉ. સુન એની કલ્પનાનો વીર હતો. એટલે એની મોટી બહેન ઐહ લીંગ, જે ડૉ. સુનની સેક્રેટરી બની હતી તેણે જ્યારે લગ્નને કારણે એ સ્થાન છોડ્યું ત્યારે ચીંગ લીંગે એ સંભાળી લીધી. સેક્રેટરી તરીકે ડૉ. સુનની પ્રવૃત્તિઓ સાથે એ તદાકાર બની ગઈ કે તેને કાંઈ સમજાવવું પણ પડતું નહિ. ડૉ. સુનનું સ્વપ્ન એણે પોતાનું કર્યું ને અહોરાત્ર ચીન, ચીન કરતા આ ક્રાન્તિનાયકની સેવાશુશ્રૂષા એ એનું પરમ કર્તવ્ય થઈ પડ્યું. ડૉ. સુન એને પિતાતુલ્ય હતા છતાં એમની સાથે લગ્ન કરવાનો એણે નિશ્ચય કરી લીધો. કોઈપણ હિસાબે એને તો આ મહાપુરુષને જીવાડવો હતો, આરામ આપવો હતો ને એમ કરીને ક્રાન્તિની જ્યોત જલતી રાખવી હતી. માતાપિતાએ અને સમાજે એનો પુષ્કળ વિરોધ કર્યો. ડૉ. સુનની કારકીર્દિ ને વૃદ્ધાવસ્થા બંને ચીંગ લીંગના ભાવિને કઈ પળે કઈ મર્તામાં હડસેલી દે તે કહેવાય તેમ નહોતું.છતાં ચીંગ લીંગ અડગ જ રહી ને આ વીરની સેવામાં જીવન સમર્પી દીધું.

હજી એક નવી મુશ્કેલી બાકી હશે તે ચીનના નવા સંજોગોમાંથી જ ઊભી થઈ. ડૉ. સુનની ગેરહાજરીનો લાભ લઇને યુઆને સમ્રાટપદ ધારણ કરવાની પેરવી કરવા માંડી. એણે એવો વિચાર ફેલાવવા માંડ્યો કે ચીનને પ્રજાસત્તાક તંત્ર પ્રતિકૂળ છે; ત્યાં તો રાજસત્તાક તંત્ર જ અનુકૂળ છે. ૧૯૧૩માં એણે 'રાષ્ટ્રીય પ્રજાપક્ષ'નું વિસર્જન કર્યું ને ૧૯૧૫ના ડીસેમ્બરમાં પોતે ગોઠવી કાઢેલી ચૂંટણીમાં બહુમતી પાસે રાજાશાહીને પક્ષે મત અપાવ્યો ને પોતે રાજા બની બેઠો. પણ ક્રાન્તિકારી પક્ષે વર્ષો સુધી જે મહેનત ઉઠાવેલી ને કષ્ટ સહન કરેલાં તે કંઈ 'રાજા બદલવા' માટે નહિ જ ! તરત દક્ષિણ ચીનમાં મોટો બળવો ફાટી નીકળ્યો ને યુઆનની હામ ભાગી ગઈ. ૧૯૧૬ના માર્ચમાં એણે રાજપદનો ત્યાગ કર્યો, પછી માંદો પડ્યો અને હાથે કરીને નિષ્ફળતા તથા ગૌરવભંગ વહોરીને ગુજરી ગયો.

તોપણ ચીનની યાતનાનો અંત ન આવ્યો. યુઆનના મૃત્યુ પછી બીજા અનેક રાજાઓ ફૂટી નીકળ્યા ને અંદરઅંદર લડવા લાગ્યા. યુઆનના જીવતાં તો સરદારો દબાયાચંપાયા રહેતા હતા, પણ એના મૃત્યુથી એમને પોતાની આકાંક્ષાનો માર્ગ ચોખ્ખો થએલો લાગ્યો. એમના સૈનિકોએ પ્રજાને ત્રાહ્‌ત્રાહ પોકરાવી.

ડૉ. સુન પાછા ફર્યા અને કેન્ટનમાં રહીને ક્રાન્તિકારી પક્ષને ફરી સંગઠિત કર્યો. ૧૯૨૧માં એમણે કેન્ટનમાં ક્રાન્તિકારી સરકાર સ્થાપી ને પોતાને અસાધારણ પ્રમુખ તરીકે જાહેર કર્યા. ચીની સમાજને સામ્યવાદ અનુકૂળ હોવાનો પોતાનો મત ન હોવા છતાં એના કેટલાંક અંગો એમને ગમતાં હતાં. એટલે એમણે રશિયા સાથે પણ મૈત્રી સાધી અને તેની મદદથી પક્ષમાં બળ પૂર્યું. આગવો-ભા ક્રાન્તિની ભાવનાનો ફેલાવો કરવાને રશિયન સહાયકોએ (ખાસ કરીને બોરોડીને) ડૉ. સુનને પોતાના સિદ્ધાંતો, મંતવ્યો વગેરે લખી કાઢવાની સૂચના કરી, જેને પરિણામે 'સાન મિન ચુ ઈ' અર્થાત્ 'રાષ્ટ્રના ત્રણ સિદ્ધાન્તો' નામનું સુપ્રસિદ્ધ શાસ્ત્રવચન ડૉ. સુને બહાર પાડ્યું. ચીની પ્રજા આજે એનો બાઇબલ કે ગીતાની જેમ સત્કાર કરે છે ને શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ એને કંઠસ્થ કરે છે.

૧૯૨૪માં ઉત્તર ચીનની પેકીંગ સરકારના વડાને સત્તા પરથી હઠાવી પાડવામાં આવ્યો અને મધ્યસ્થ સત્તાની સ્થાપના કરવાને ડૉ. સુનને આમંત્રણ મળ્યું. પરંતુ એની સ્થાપના થઇ શકે તે પૂર્વે કેન્ટનના વેપારીઓએ ડૉ. સુનની અર્ધસામ્યવાદી સરકાર સામે બંડ જગાવ્યું. તે સમયે એ કેન્સરના દર્દથી પીડાતા હતા. એ પેકીંગ ગયા તો ખરા, પણ વાટાઘાટો શરૂ થાય તે પૂર્વે ૧૯૨૫ના માર્ચની ૧૨મી તારીખે એમનો દેહ પડ્યો. કાર્ય અધૂરું રહ્યાનો અસંતોષ લઇને એ ગયા, પણ હતાશ થઈને ગયા નહોતા. પોતાના જીવનકાળમાં ચીને જે સિદ્ધ કર્યું હતું તે કંઈ ઓછું નહોતું, છતાં જે કામ બાકી હતું તે માટે એ ચીનની પ્રજા માટે પ્રેરક સંદેશો મૂકતા ગયા. ડૉ. સુનના 'વસિયતનામા'ના નામથી એ સંદેશો પ્રસિદ્ધ છે. યશવન્ત શુકલ

મનના પાંજરા

અનંત કાર્ટૂનની નિર્બંધિકા

આ ચોમાસાની શરૂઆતમાં મેં બે રૂપિયામાં એક છત્રી ખરીદી. હા; બે રૂપિયામાં છત્રી! સાદી છત્રીની કિંમત પણ આજકાલ તો દસબાર રૂપિયા થઈ છે, અને ગુજરીમાં પણ પાંચછ રૂપિયા કાઢ્યા સિવાય છત્રી ગણતી નથી, તોપછી બે રૂપિયામાં મને છત્રી મળી જ રહી રીતે મોંઘી પ્રજાને નવાઈ લાગશે. બીજાઓની વાત જ ક્યાં કરીએ? ખુદ ગુજરીવાળા દુકાનદારને પણ મેં જ્યારે બે છત્રી પસંદ કરી ત્યારે નવાઈ લાગી.

પહેલાં એક વાત સ્પષ્ટ કહી નાખું તો ઠીક. હું ચોમાસામાં છત્રી વાપરવાની વિરુદ્ધ છું. પણ ઊલટે જ્યારે છત્રી લેવી જ છે એવું નક્કી કર્યું ત્યારે હું ગુજરીમાં ગયો અને એ દુકાનદારને ઓછામાં ઓછી કિંમતવાળી છત્રી બતાવવાનું કહ્યું. પાંચછ રૂપિયા સુધીની એણે મને બેચાર સારામાંની છત્રીઓ બતાવી. એમાંની એક હું લેવાનો પણ હતો. કે દરમ્યાન ખૂણામાં પડેલી એક છત્રીએ મારું ધ્યાન ખેંચ્યું. 'બે...લી છત્રીની શી કિંમત છે' મેં પૂછ્યું.

'બે રૂપિયા, સાહેબ. પણ તમે બે લેશો નહિ. બધું પાણી તમારા ઉપર જ પડશે.' એણે કહ્યું.

'પણ ખૂણામાં જે ચીજ છે તે છત્રી જ છે ને? અને એ કઢંગીને બેચાર દિવસ તડકા ઉપર મૂકી રાખશો ને?' મેં પૂછ્યું.

'હા,' એ બોલ્યો, 'પણ સાહેબ—'

મેં એના તરફ બે રૂપિયા નાખ્યા ને બે છત્રી લઈ આવ્યો. આમ મેં બે રૂપિયામાં છત્રી લીધી; એટલું જ નહિ, પણ જે કહેવાથી આપણે ચોમાસામાં છત્રી લઈએ છીએ એ કહેવા પણ પૂર્ણતઃ સફળ થયા.

ચોમાસામાં પાણીથી આપણું રક્ષણ કરવું એ જ છત્રી લેવાનો હેતુ છે એવી ધણાની માન્યતા છે. પણ એમાં તો આપણે આપણી જાતને છેતરીએ છીએ! આપણે વગર છત્રીએ વરસાદમાં જેટલા પલળીએ છીએ એટલા જ-લઈકે એથી વધારે આપણી પાસે છત્રી હોય ત્યારે પલળીએ છીએ! વળી વધારામાં, એ ઓવાઈ જાય, તૂટી જાય, ઊડી જાય કે હાગરો થઈ જાય ત્યારે દંડકંઈ મનસ્તાપ કરીએ એ તો જુદું. છત્રી લેવામાં આપણો ખરો હેતુ તો 'કેમ ભાઈ, કાંઈ ભીંજતા ચાલ્યા છો? છત્રી નથી કે શું?' એમ કોઈ પૂછે નહિ, અથવા પલળીને પસાર થનારાની સામે બારીના ગાળામાંથી એમ 'આ કોણ વિદ્વાન જાય છે!' એની દૃષ્ટિથી ઓળઘોળ જોઈ રહે છે, તેમ (અલબત્ત, એમની પાસે છત્રી હોવા છતાં એ પોતે તો પલળતા જ હોય છે) આપણી સામે કોઈ જુએ નહિ, એ જ હોય છે. મેં જે કહ્યું કે બે રૂપિયામાં પૈસી છત્રી નાગની ચીજ લેવાથી મારો હેતુ પૂર્ણપણે સફળ થયો તે આ જ અર્થમાં. ખરું જોતાં તો આપણે છત્રી આપણે પોતાને માટે બિલકુલ લેતા જ નથી; એ બધી ખટપટ બીજાને માટે હોય છે!

મને લાગે છે કે સૌકંઈ જેવું વાતોવાતમાં આપણે આ રીતે કેવળ બીજાને માટે જ કરીએ છીએ. એક કરે એટલે બીજો કરે; બીજો કરે એટલે ત્રીજો કરે; અને પછી બધા જ એ વાત કરવા માંડે છે. એ વાતનો પોતાને અંદરખર કોઈ ઉપયોગ હોય કે આપણા જેથી પોતાને કંઈ સુખ મળે છે એનો વિચાર કોઈ જ કરતું નથી.

પણ ભાઈ કહેવું એમ નથી કે માણસે ફક્ત પોતાનો જ વિચાર કરવો, ને બીજાનો બિલકુલ ન જ કરવો. હું તો કહું એમ કહીએ કે જે બીજાને સુખ મળતું હોય, તો આપણે થોડું દુઃખ સહી લેવામાં પણ ઝાઝી વાંધો નથી. પણ આપણે જોતા અનેક વાતો કરીએ છીએ કે જેથી આપણને તો કંઈ સુખ મળતું નથી જ, પણ બીજાને પણ એનો કોઈ જોઈતો ઉપયોગ હોતો નથી. જે દુઃખ અપરિહાર્ય છે એનો કોઈ જોઈતો ઉપયોગ હોતો નથી. જે દુઃખ અપરિહાર્ય છે એ સહન આપણે જે દુઃખ સહન કરવાથી બીજાને સુખ મળનાર છે એ સહન કરવું તો ઠીક છે; પણ વગર કારણે જ આપણે છાને નકામો કકળાટ કરવાનો જોતો શો અર્થ? એક પછી એક બાદબાકી જુસ્સા ગાયબ થતાં ગયા અને ગાનપ્રતિમાં પછી કેર શો રહ્યો!

પરિસ્થિતિના પાંજરાં તોડી નાખ્યા સિવાય માનવની મુક્તિ થતી નથી એમ કહેવાય છે. સામાજિક, આર્થિક, રાજકીય વગેરે દરેક જાતના પાંજરામાં માનવી અકિંચિત્ સુખનુ જીવન છે. અને તેથી આ પાંજરાં તાબડતોબ તોડી નાખવાં જોઈએ એમાં તો શક જ નથી; પણ અધ્યેષ્ટામાં વપરાતી એક કહેવત પ્રમાણે જેમ 'દાનધર્મની શરૂઆત પોતાના ઘરમા જ થાય' તેમ, આ જાતક્રાંતિની શરૂઆત પણ પોતાના જ મનના પાંજરા તોડી નાખવાથી થાય તો સારું જ્યા સુધી મોટીમોટી વ્યક્તિઓ મોટીમોટી ક્રાંતિ કરી રહી છે ત્યા સુધી આપણા જેવા નાના માણસોને છત્રી છાપરું મુકાવાદ'થી જ શરૂઆત કરવામા શી હરકત છે?

અને એ કેટલું સહેલું છે! ગમતરી કરી બતાવું ચોમાસું બરાબર ચાર મહિના એટલે એક વર્ષ ને ત્રીસ દિવસનું હોય છે. એમાં સાઠ દિવસ તો વરસાદ જ નથી પડતો. બાકીના આપણે રહ્યા પ્રીતમ ત્રણ દિવસ. એમાના બાકીના આઠ વીસ દિવસ તો રાતે જ વરસાદ પડે છે. બાકી રહ્યા વીસ દિવસ. એમાં પણ વરસાદ બંધ બરાબર પડતો નથી આપણે ઘરમા જ બસના કોઈ કામને બહાને દોઢબે કલાક વરસાદના પંદર દિવસ તો બસ જ. બાકીના રહ્યા દસ પંદર દિવસ. બરાબર જોરો જ વરસાદ હોય તો આવતાંજતાં પાંચ મિનિટ કોઈ બારીએ કે કોઈ ખૂણામા ઊભા રહી આપણે પલળવા વગર સહેલાઈથી પેર આવી શકીએ. આમ સાત દિવસ બીજાની બસ. હવે રહ્યા બાર દિવસ રહ્યા. આપણું જરૂરી બારું અને વરસાદનું એકંદરે વરસવું અવેરા યોગાયોગ બહુ બહુ તો બાર બાર વાગ આ રીતે બાર મહીનામા કુલ ચાર વખત આપણને છત્રીનો ઉપયોગ થાય અને તેમાં પણ બેટલા મોટા વરસાદમાં કે પાસે છત્રી હોવા છતા બે આપણે પાણા પલળીએ તો ખીજે જ! અને તે છતાં મને ને વિમલ આવી છત્રી લેવાની આપણે શી પંચાત કરીએ છીએ? મેં ખોવાઈ જવા પણ નિશ્વાસ નાખીને, બીજો એ ડોળ બસ ત્યારે પાણીને કારણમા આપને એની પાછળ ગાંડાની પેરે કેમ દોડીએ છીએ' અને જે કારણે કંઈ બસ નો બર રસ્તામાં આવતાજતા રહ્યા કુલ્લા બાદીએ છીએ'

નાના;આજ. બપોરી 'છત્રી છાપરું મુકાવું કે' આગળની જોગી

રસદર્શન

ડૉ. હરિપ્રસાદ મ. દેસાઈ

કાર્લીનાં ગુફામંદિરોનો વરસતે વરસાદે જોયાં. એ અનુભવ રોમાંચક હતો. મુખ્ય સડકથી દોઢેક માઇલ એ મંદિરોની તળેટી સુધી ચાલતા જવાનું હતું અને તે જ વખતે ધોધમાર વર્ષાદ પડ્યો. ગિરિમાળા, ઝરણાં, વૃક્ષો ને ખેતરો પૂર બહારમાં ખીલ્યાં હતાં. પૃથ્વી લીલાં વસ્ત્રો ધારેલી નવવધૂ જેવી શોભતી હતી. કેટલી યે નદીઓનાં ઉદ્ગમસ્થાન અહીંથી થતાં અમે જોયાં.

ચડવાનો રસ્તો કંઈ સારો નહોતો, અને સપસટાંનો પારનહોતો. જેમજેમ ઊંચે જતા ગયા તેમતેમ દૃશ્યપ્રદેશ આકર્ષક ને ભવ્ય બનતો ગયો. આરણ્યકો, આશ્રમો ને ગુરુકુળોની સંસ્કૃતિની હાલના વિદ્યાકુળો સાથે સરખામણી કરતા તથા જૂના ચૈતન્યવાદનો હાલના જડવાદ સાથે મુકાબલો કરતા અમે બહુશ્રમે ગુફાના પ્રવેશદ્વારો સુધી પહોંચ્યા.

બે હજાર વર્ષ પરની અદ્‌ભુત શિલ્પકળા, ભવ્ય સ્થાપત્ય ને અનુપમ મૂર્તિવિધાન જોઈ અમે મુગ્ધ થઈ ગયા. ગુફાની ઉપરના વળાંકની બંને બાજુએ સૂંઢો વાંકી વાળેલા મહાકાય હાથીઓની બે હાર દૂરદૂરના રાજરાણીને જાણે અહીંની યાત્રાએ લાવીને ફળાદળાથી સુભગ્ય વસ્થિતરીતે ગોઠવાઈ હતી. રાજરાણી યૌવનની મસ્તીથી જાણે દાંપત્યજીવનની પૂર્ણ સ્વતંત્રતા ભોગવતા લાગતા હતા. સામાન્ય યુવક યુવતીઓ પણ પૂર્ણ અર્થે આવી મંદિરના દ્વાર પાસે અવનવા અનમરોડથી ઊભા હતાં. એમના મુખ પર તન્દુરસ્તીની ચમક સાથે ગંભીર ભક્તિભાવ મઢેલાં હતા બુદ્ધ ભગવાન ઉપદેશ આપતા હોય એવી સ્થિતિમાં પાઠકપર, નીચે પગ નાખીને બેઠા હતા. દ્વાર પાસે ધર્મચક્રવાળા સિંહસ્તંભ હતા.

જળાશયો, મનુષ્ય નાદકરતા ઝરણું, વૃક્ષની ઘટાઓ અને વનરાજિની વચ્ચે મુખ્ય ગોટિની આસપાસ સાધુ વિદ્યાર્થીઓ માટે અભ્યાસ અને ધ્યાન માટે નાના નાના ઓરડા હતા. ત્યાંના સૌમ્ય પ્રકાશ, એકાંત ને શાંતિ આત્મજ્ઞાનને માટે બહુ જ અનુકૂળ લાગતાં હતાં ગૌર્ય અને ગુપ્ત સમયની કલા-સમૃદ્ધિ સાથે ગહ્યાદ્રિનું સૃષ્ટિસૌન્દર્ય તે દિવસે અમે આકંઠ પીધું ને ભારતભૂમિને પ્રણામ કર્યા.

પુનાથી મુંબઈનો મોટર રોડ બહુ જ રળિયામણો છે પહાડી ઝાડીઓના વળાંકોમાં ચઢાવ અને ઉતારથી એ દિવ્ય શોભા ધારણ કરે છે. એ રસ્તે જતા બપોરી ગામે અમે તાતાના હાઇડ્રોલિક કારખાનામાં જળપ્રોપ દ્વારા ઉત્પન્ન થતી શ્રીકૃષ્ણની બહેન નીલ્લીને એના અથાગ બળ સાથે જોઈ. વીસમી સદીના કાળાગાધાના માનવીની બુદ્ધિએ ચોગરદમ વેરાઈ જતી એ વિદ્યુતશક્તિને અહીં અંકુશમાં લીધી છે. વાદળમાં ઊઠતી વીજળીને કેદ તો નહોતો પકડી શક્યો, પણ વર્તમાન માનવરાજે એને પકડી છે. કરોડો ગણુ ભાર અને અસંખ્ય ઉતારોને ખેંચી જતી રેલવેને એ દરરોજ ૪૦ વખત નિયમિતપણે પુનેથી મુંબઈ ને મુંબઈથી પુને લઈ જાય છે. હજારો પૈડાં, લાખો દીવા, સેંકડો કારખાનાં, પાણીના ફોસ, યંત્રો ને ઘડિયાળો, અહીં એકત્રિત કરેલી વિદ્યુતશક્તિ દ્વારા ચલાવવામાં આવે છે. મુંબઈ શહેરથી પાલગઢ સુધી ને વિક્ટોરિયા ટર્મિનસથી ઈગતપુરી સુધી આ વીજળી પોતાની સેવા આપે છે. ભૂતકાળ ભવ્ય હતો એમાં શંકા નથી; પરંતુ વર્તમાનકાળને પણ જો આ ભૌતિકવિજ્ઞાનના પુરુષાર્થની સમીપ માનસિક પ્રણામ કર્યા.

પુનાથી દસ બાર માઇલ દૂર દેહૂ ગામમાં તુકારામના વિઠોબા ને રુકમાઇ વિરાજે છે જાને શ્વરના આળંદી ગામવાળી જ ઇન્દ્રાયણી નદી અહીં વહેછે ને પર્વતો તથા ખેતરોનું સૃષ્ટિસૌન્દર્ય અહીં પણ હૃદયને ઠારે છે.

એક ગુજરાતી ગૃહસ્થે તંબુરાવાળા બુવાઓને વર્ષાસન બાંધી આપ્યું છે, તે દિવસ રાત મંદિરના રંગમંડપમા ધીમે સ્વરે ભજનોની સતત ધૂન ગાયા કરે છે એથી વાતાવરણ પવિત્ર થતું હતું અને દૃષ્ટિ અંતર્મુખ થતી હતી. મંદિરની અગાસી માંથી નદીના તરંગો, દૂરનાં ખેતરો ને સ્નાન કરતાં યાત્રાળુઓની શ્રદ્ધાભક્તિના દર્શન થતાં હતાં જે ટેકરી પર તુકારામ ધ્યાન કરતા તે દૂર દેખાતી હતી, પણ નદી બારપૂર હતી એટલે જે કંઈપણ ત્યાં જવાય એમ નથી એનું સંતોષનાં હૃદયનાં દ્વાર એક પછી એક ક્રમ ઊઘડતાં હશે તે આ સ્થળ જોતાં સ્પષ્ટ થતું હતું.

નદીને કિનારે, આગમાં, તુકારામને ઘેર ઓગ બધે ફર્યા. તુકારામની સ્ત્રીની મૂર્તિ, રામદાસ, શિવાજી ને તુકારામની મુલાકાત ના પ્રસંગનું એક કાલ્પનિક દૃશ્ય, તુકારામનાં પુસ્તકો બાજુબાજુએ ઇન્દ્રાયણીમાં નંખાવી દીધાં તેની રક્ષા કરતા ભગવાન શ્રીકૃષ્ણનું ચિત્ર, વગેરે ત્યાં જોયાં ને એ બધું વાતાવરણ મનમાં સાથે બાંધીને ઘેર આવ્યા.

લોકમાન્યે રથાપેલા 'કેસરી' પત્રની ઑફિસની યાત્રા કરી ત્યારે ત્યાંથી સ્વ. રાનાડેનું લખેલું 'ધ રાઇઝ ઑવ મરાઠા પાવર'નું પુસ્તક લીધેલું. એમાંથી પુનાની ભૂગોળ સાથે મરાઠા રાજ્યના હૃદય અને પેશવાઈની પડતીનો આખો ચિતાર એક ચિત્રપટની માફક મનમાં અંકિત થઈ ગયો. એ પછી આધુનિક ઇતિહાસ માટે લોકમાન્યનું ઘર જોવા ગયા. એમનાં પૌત્રવધુ ઘેર હતાં એમણે આખું ઘર, લોકમાન્યનો ખંડ, એમના પિતા માતા તથા પત્નીની છબિઓ, એમની પાદુકા તથા વસ્ત્રો, એમનો ખાટલો, ટેબલખુરશી અને અગાશીમાંની એમની આરસની મૂર્તિ વગેરે બતાવ્યાં. સ્વ. ગોપાળ કૃષ્ણ ગોખલેએ જે ટેકરી પર સેવાની પ્રતિજ્ઞા લીધી હતી તથા પોતાનો ગિત્ર દ્રવિડને દેવધરને જ્યાં દેશસેવાની દીક્ષા આપી હતી તે 'સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટી' પાસેની ટેકરીની પણ યાત્રા કરી. અને હિંદી સ્વાતંત્ર્યનો પ્રથમ ઉદ્‌ઘોષ કરનારા એ બંને મહારાષ્ટ્રી વીરોને તથા એ વાતાવરણને પ્રણામ કર્યા.

પુનાની બાજુમાં ખેડ ને ચાકણ નામે બે ગામડાં છે શિવાજી મહારાજે મૂળ નુકસર ને ચાકણ એ બેજ કિલ્લાથી પોતાની કારકીર્દિ શરૂ કરેલી. એ ચાકણના અવશેષો જોયા. લાલા લજપતરાયને ગારનાર પોલીસનું ખૂન કરવાને કારણે ફાંસીની સજા ભોગવનાર રાજગુરુ (ભગતસિંહ અને રાજગુરુવાળા)નું ગામ ખેડ. ત્યાં જે ઘરમાં રાજગુરુ રહેતા હતા તે, ભીમા નદીને કિનારે આવેલા સ્વચ્છ માટીના નાના ઘરમાં હું રાત રહી આવ્યો. બાઠગર ટૅમ અને ખડગવાસલા ટૅમ વચ્ચે, વહી જતી નદીઓનાં પાણી બાંધીને આધુનિક ઈજનેરી વિદ્યાએ જે ફળદ્રુપતા આસપાસના સેંકડો એકરોને આપી છે તે જોયા. બાઠગર ટૅમ દોઢ માઇલ લાંબો છે ને તેને લીધે પહાડોની તળેટીમાં બોલું થતું પાણી રૂપ માઠકનો જિલ્લો જિલ્લાર રહે છે અને જરૂરી હોય ત્યારે રહે છે. એ બંધ ઉપર ફરવું, પાસેના બગીચાઓમાંથી એ વિશાળ જળાશયને નીરખવું, ઘોધો પાસેથી પડતાં પાણી જોવાં એ જીવનનો એક લહાવો લાગ્યો.

સિંહગઢની યાત્રા એ પુનાની છેલ્લી પણ મોટી મુસાફરી હતી. આખો ગઢ જાણે ખૂબ પ્રતાપી શિવાજી મહારાજ વિરાટ કદે ઊભા હોય એવો ભવ્ય લાગે છે અને રાષ્ટ્રીય સરકાર ત્યા સરકારી કૉલેજ કાઢવાની જે યોજના કરે છે તે સર્વ રીતે યોગ્ય જ છે. (ચાલુ)

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : મનહર સી. પટેલ, પો. બૉ. ૭૧, ગૉંડ્યાસા

Felix Klebinoff A.
56, Herzal St. HAIFA (Palestine)

વહાલા મિત્ર, તા.૧૬-૬-૪૬

તમારો પત્ર તો ગયેાડાં અઠવાડિયાં ઉપર મળ્યો હતો, પણ હું અફસોસ દિલગીર છું કે આજ સુધી તમને જવાબ ન આપી શકયો. હાલમાં હું અત્યંત કામમાં રહું છું. પહેલાંતો એકારણે કહું કે એસ પી. (જ્યુડાસ સેટલમેન્ટ પોલીસ)—યહૂદી વસાહત પોલીસ—નો ચાર્જ કોઈ તેમાં બારે દિવસે ૧૨ કલાક અગર રાત્રે ૮ કલાક કામગીરી બજાવવી પડે છે. તે પછી મારે મારા પિતાના આઈરિઝીંગના કારખાનામાં કામ કરવું પડે છે. હાલમાં અહીં ગરમી ખૂબ પડતી હોઈ આજકાલ-ની રત પર બહારમાં છે, એટલે તમને ખ્યાલ આવશે કે મારે કેટલું કામ કરવું પડતું હશે.

તમે કે એસ.પી. વિષે લખવાની માગણી કરેલી એટલે મોટી લીટીઓ તેને વિષે હજી જ્યુડાસ સેટલમેન્ટ પોલીસ (અગાઉ 'હોમ ગાર્ડ')ની શરૂઆત ૧૯૩૬-૩૯નાં તોફાનો દરમિયાન થયેલી, કે જેના અગાઉ વસાહતો પરના અરબી ટોળાંઓના હુમલા સામે ટક્કર ઝીલીને એણે બધા રસ્તાઓ સલામત રાખેલા. એ રક્ત પાતના વર્ષો દરમિયાન ઘણા સ્વયંસેવકો એમાં ભળી ગયા એ બધા પેલી 'નાઈટ ગાર્ડસ'નાં નામથી ભાણીની હકીકતના જ વીરો, કેમકે આજે મેજર વિન્ગેટ (પાછળથી 'બર્માના વીર' જનરલ વિન્ગેટ તરીકે પંકાયા તે)ના હાથ નીચે તાલીમ પામેલા. યુદ્ધ સળગી ઊઠતાં આ ટુકડી-ઓએ પછી યુદ્ધ કામગરી શરૂ કરી દીધી...જનરલ રોમેલનું આક્રમણ જ્યારે પૅલેસ્ટાઇનને ટપાવી રહ્યું હતું તેવા આ બધી ટુકડીઓ સી.ઇન.સી. (કમાન્ડર ઇન ચીફ)ની સીધી હકુમત નીચે મૂકી દેવા-માં આવી, કેમકે એમને સંપૂર્ણ હરકરી તાલીમ મળી ગઈ અને પૅલેસ્ટાઇનના બચાવ માટે ખરા બનીને આજ બજાવવા તેઓ સજ્જ બની ગયા...

હવે તમારા સવાલો વિષે. હું વીસ વરસનો છું અને પરણ્યો નથી. મરજી હોય તો મારું સરનામું તમારા પત્રમિત્રોને મોકલી શકશો. હું તમારો પહેલો આભારી થઈશ... તમારો મિત્ર ફેલિક્સ

હિંદી પત્રમિત્રો

(૧) મોહનલાલભાઈ ઇચ્છાશંકર રાવળ, વચલી ફળી, જગાનગર; (૨) બાબુ રવ શાહ, રૂમ ૪૦ કુસુમનિવાસ, મરિન્દ્ર બદર રોડ, મુંબાઈ-૬; (૩) વસિકલાલ મણિલાલ શાહ, સરસ્વતી ગ્રન્થભુવન રીડ. ગ્રન્થાલય, હરગોવન ભુવન, સરખેજ રોડ, ઓલિસબ્રિજ, અમદા-વાદ; (૪) ઝેડ. બી. બાંભર, ગાદ્રેમા જૈન બોર્ડિંગ, ગાદ્રેમા, મુંબાઇ -૧૬; (૫) કે. પી. રેદીઆ, સી. બી. એ. જૈન બોર્ડિંગ, ગાદ્રેમા, મુંબાઈ-૧૬; (૬) શિવકુમાર કારાણી, શા હીરજી ખેતરાજ એન્ડ સન્સ જૈન બોર્ડિંગ, ગાદ્રેમા, મુંબાઈ-૧૬; (૭) હરિશંકર ચુની-લાલ ત્રિવેદી, C/o સુમંતપ્રસાદ સંતોકરામ ત્રિવેદી, બાદિયા ચોરી, બાજવાડા વડોદરા; (૮) સુરેશ એમ. પ્રધાન, શારદાશ્રમ, ગોરડી-યેશન પોસ્ટ બદ (બી.બી સી. આઇ.); (૯) મનસુખલાલ ગુલાબચંદ ઝવેરી, વિજયનિવાસ, આમરોડ, પાટકોપર; (૧૦) આઈ એ અબીર, તબાબ સ્ટ્રીટ બલસાડ; (૧૧) એમ. કે. હરીયા, વલ્લભારી પાસ, બલસાડ; (૧૨) મનુકુમાર C/o સી. કે. મોદી, નાકુમા રોડ પાસે, થાદ (નવેમ્બર ૧૯૪૬)

વડવાળ કૅમ્પ; (૧૩) રમેન્દ્ર આનંદ શુક્લ, ભીમનાથ, શાહીબાગ, અમદાવાદ, (૧૪) ઈન્દુપ્રસાદ એચ. ગદેતા, અર્બુદાલાલની મઠડી પાસે, બાદિયા, અમદાવાદ; (૧૫) સાર્મનસિંહ કે રાઠોડ, C/o કરમનજી ના. જમાદાર, ન્યૂ રાજપુર મિક્સ, ઝાંઝરીપુર, અમદા-વાદ; (૧૬) ડૅનિયલ એમ. ક્રિશ્ચિયન, મેરાબ્ બાગમું, કંપા. પી. હાઇસ્કૂલ, અમલસાડ; (૧૭) હરિદત્ત ગુલાબભાઈ દેસાઈ, મેરાબ્ ૭, એમ. પી. હાઈસ્કૂલ, અમલસાડ; (૧૮) ત્રિરીસ એમ. બાબ્યુરિયા, વાદીપરા, વડવાળ કૅમ્પ; (૧૯) પર્ષિમા, C/o ચમનભાઇ પંડ્યા, હરિજન આશ્રમ, સાબરમતી; (૨૦) શરદ એસ. ત્રિવેદી, ૫ ઍન્ડ્રુઝ રોડ, જુહુ, મુંબાઇ, (૨૧) વિનોદચંદ્ર એસ મોદી, C/o ચીમનલાલ નીકમલાલ મોદી, માંડવીની પોળના રોડની પોળ, અમદાવાદ; (૨૨) બાબુલાલ જે. સુરતી C/o જીણાભાઈ ખેતારામ સુરતી, મિલેટર ગદ્દાદેવ સામે, બાલાદનુમાન રોડ, બાદિયા, અમદાવાદ; (૨૩) વલીમહમદ એ. જરદોસ, રાણીનો હજીરો, ગાર્ડિકોક, અમદાવાદ; (૨૪) શિરીષચંદ્ર હરિલાલ દેસાઈ, C/o અશોક હરિલાલ દેસાઈ, બારકના કારખાના પાસે, નવરંગપુરા રોડ, ઓલિસબ્રિજ, અમદા-વાદ ૬; (૨૫) જીવન જી. ઝવેરી, ૩૨ કેસરીભુવન, ઝવેરી બજાર, મુંબાઈ-૨; (૨૬) કનૈયાલાલ એમ. ઝવેરી, ૩૧-૩૩ બ કાકુવા, ઝવેરી બજાર, મુંબાઈ-૨; (૭) પ્રવીણચન્દ્ર નાથુભાઇ ઝવેરી, મેરાબ્ ૭, બી. એ. બી એસ હાઇસ્કૂલ, બારડોલી; (૨૮) રસિકલાલ મ શાહ, સિડનહૅમ ગ્રેજ્યુએટ હૉસ્ટેલ, ખેમાણા હિલ, મુંબાઈ-૨૬; (૨૯) હીરજી જી પટેલ, પચમારી ગામલતદાર, બગનગર; (૩૦) નલિન-કુમાર આર ગોહિલ, ગોલ્ડસી કવાર્ટર્સ, વડવાળ કૅમ્પ; (૩૧) બાબુ-ઇર પટેલ, પટેલફૂંડ, વસો (નડિયાદ થઇને); (૩૨) આર.સી. ગદેતા, C/o ચેતનલાલ જે. બગત, બાબુ બંગલા, હિંદુ હેન્ડલ્મ સોસાયટી, ગોરેગાંવ, મુંબાઇ; (૩૩) બહેન રોશન મેરાલી, પો. બૉ. ૨૨૭ ગૉંડ્યાસા, ઝિ. ઇ. આફ્રિકા-બહેનો સાથેજ પત્રવ્યવહાર કરવો છે; (૩૪) દિવ્યાબહેન પંડિત, પો. કાશીરા, યુગાન્ડા-ઝિ. ઇ આ-બહેનો સાથે જ પત્રવ્યવહાર કરે છે (૩૫) કાન્તિલાલ ચુનીલાલ પટેલ, અને(૩૬)રસિકભાઈ ચુનીલાલ પટેલ,બારડોલ(સૌ મૂક થઇને)

પીરેન્દ્રકુમાર દફ્તરી, પો. બૉ. ૨૦૬૫ મુંબાઇ તરફથી નીચેનાં વિદેશી પત્રમિત્રોના સરનામાં મળ્યાં છે: (૧) Mrs Emerald Ordway, R.1 Andover N.Y. (U.S.A.) (૨) Harleston Archibald, 2 Mountain Cut, Freetown S L. Africa; (3) Bridget McCrossan, 10 Gretna St. Glasgow S E (Scotland); (૪) John B. Sylvia. 3 Stanton Court, New Bedford, Mass. (U.S.A.); (૫) Francisco L. Vidal Amat, 566 San Rafeal, Havanna (Cuba). (૬) Miss A.J Sander, 3 New St, Foulah Town, Freetown, S L. Africa, (૭) Miss Marlene Myers, Newhall (U.S.A.); (૮) Princess M. Williams, 2 Macdonald St. Freetown, S L.Africa. (૯) Mrs. Peggy Cunningham, 432 E 17 St Oakland 6, Calif. (U.S.A.); (૧૦) Manuel Zammit, 206 Tower St, Msida, Malta (Europe); (૧૧) Miss Jean Bruce Rt. 6 Box 148, Nashville-9, Tenn (U.S.A.); (૧૨) Sgt. Lindgren, P.O. Box 187, Willow Brook, Calif (U.S.A.)

ચા ચુસકી

અનેક અભિલાષ, આરમ્ભ કરે વમ્યાં હો બલે,
બલે કરણ સિદ્ધિનાં સુલક્ષ સર્વ હો સામટાં,
તથાપિ પુરુષાર્થન્યૂનથી વીંધાય ના લક્ષ્યનેઃ
ખરો સકલ વ્યર્થ જે પણ છ તેમ ના ચાપની —જયન્ત પાઠક

રા. બ. રણછોડલાલ છોટાલાલ સી આઇ.ઈ.

ગયા અંકમાં જેમની જીવન-નોંધ પ્રસિદ્ધ થઈ હતી તે રા.બ. રણછોડલાલ છોટાલાલનો જન્મ સંવત ૧૮૭૬ની ચૈત્રી અમાસ ને બુધવારે, ઈ. ૧૮૨૩ની ૨૬ મી એપ્રિલે અમદાવાદમાં સાઠોદરા નાગર જ્ઞાતિમાં થયો હતો. એમના પિતા છોટાલાલ પાટણમાં વિઠોબા દીવાનને ત્યાં કારભારી-બક્ષી હતા તેમને ફારસી ભાષાનું સારું જ્ઞાન હતું તે ઘણા પવિત્ર, જ્ઞાન, ધર્મનિષ્ઠ ને સદ્‌ગુણી હતા અને એમનાએ સંસ્કાર રણછોડલાલના સંપૂર્ણ ઊતરેલા.

વડોદરેથી તે અમદાવાદ આવ્યા એ વેળા એમના ઓકના એક પુત્રી વિધવા થતાં એમને બહુ આઘાત થયો અને સંસારમાંથી રસ ઊઠી જતાં પત્ની સાથે કાશીએ જઈ રહ્યા. ત્યાં એમને એક પુત્રી થતાં તે પાછા અમદાવાદ આવ્યા અને થોડા સમય બાદ બંને પુત્રીઓ સાથે ગિરનારની યાત્રાએ ગયા. પુત્ર ન હોવાને કારણે નિરાશ થએલા એ દંપતીને ગિરનારમાં કોઇ તપસ્વીએ પ્રતાપી પુત્ર થવાનો આશીર્વાદ આપ્યાથી રણછોડલાલનો જન્મ થયો.

૭ વરસની ઉમરે, અમદાવાદના પ્રસિદ્ધ તુળજારામ મહેતાજીની ગામડી નિશાળે એ ભણવા બેઠા; અને પ્રાથમિક અભ્યાસ પૂરો કરી પોતાના વડીલો પરંપરાથી ચાલ્યો આવતો ફારસી અભ્યાસ કેમુદ્દીન મુનશી પાસે કર્યો. એ પછી ભોળાનાથ દીનેદિયાના પિતા સારાભાઈ પાસે એ તથા ભોળાનાથ બંને સાથે ફારસી શીખતા. એ જ વખતે સારાભાઇએ એ બંનેને અંગ્રેજી પણ શીખવવા માંડ્યું. એ વેળા દેશમાં અંગ્રેજી વિદ્યાનો બીલકુલ પ્રચાર ન હતો અને બહુજનજ માણસો જ અંગ્રેજી શીખતા. અંગ્રેજી નિશાળ તો અમદાવાદમાં હોય જ ક્યાંથી ? પુનેથી કોઇ હંસારો અમદાવાદ આવેલો તેણે અંગ્રેજી નિશાળ માંડી હતી, ત્યાં ભોળાનાથ તથા રણછોડભાઈ ભણવા જતા. ત્યાર પછી ડી કવોઝા નામે પોર્ચુગીઝે અમદાવાદમાં સબરિક્રપ્શન રૂકલ કાઢી ત્યાં એ બંનેએ પોતાનું અંગ્રેજી જ્ઞાન પાકું કર્યું અને મહાવરા તથા ખંતથી એ જ્ઞાન પાછળથી એટલું તો વિકસાવ્યું કે મોટા વ્યાપારી તથા રાજપ્રકરણી પત્રવ્યવહારમાં એ બાહોશ ગણાતા.

કેળવણી પૂરી થયા પછી ઈ. ૧૮૪૨માં ૨૦ વરસની ઉમરે રણછોડલાલે સરકારી કરટગ ખાતામાં ૧૫ રૂપિયાની નોકરી લીધી. નોકરીના કામમાં તે ઘણા ચાલાક હતા અને પોતાની બાહોશીથી ઉપરીઓને ખુશ કરી નાખતા. આથી થોડી જ મુદતમાં તે બધાં સરકારી ગૂંચવાડાનાં કામોના માણસ તરીકે ગણીતા થઇ ગયા, અને આઠેક વરસમાં તો યોગ્યતાએ રેવાકાંઠાના પોલિટિકલ એજંટના દફતરદારની જગ્યાએ પહોંચ્યા. એ વખતે વડોદરામાં રેસિડેન્ટ તરીકે આલ્ફ્રાગ નામે અંગ્રેજ હતો અને રણછોડલાલ પોતાના અંગ્રેજી જ્ઞાનને લીધે એ રેસિડેન્ટને કેટલીક મદદ તથા સલાહ આપતા. એ રેસિડેન્ટના દફતરદાર તરીકે રણછોડલાલની જ જ્ઞાતિના નડિયાદના સાઠોદરા સૂરજરામ ગંગારામ નામના એક ખબરદાર અને ખટપટી માણસ હતા. તેણે દ્વેષથી રણછોડલાલ સામે દેશ રાખી ખટપટ શરૂ કરી અને, ઝાંસીવાડાની રાજગાદીનો નિર્ણય કરવામાં રણછોડલાલે આઠ હજાર રૂપિયાની લાંચ લીધાનો આરોપ ઊભો કર્યો જેને પરિણામે રણછોડલાલની નોકરી ગઈ. જોકે પાછળથી એ આરોપની તપાસમાં રણછોડલાલ નિર્દોષ ઠર્યા.

આ માસ (નવમ્બર)નું પંખી

ગરુડ

આપણે ત્યાં વિષ્ણુ ભગવાનના વાહન તરીકે, અને પશ્ચિમમાં જર્મનીની રંગિયાદ્યાતી તથા અમેરિકાના રાજ્યપ્રતીક તરીકે-એમ માનવીએ વ્યાપકપણે બિરદાવેલા આ ગૌરવશાળી પંખીની ઘણી જાતો છે. એમાં સૌથી મોટું ગોલ્ડન ઇગલ, એ પાંખો પહોળી કરતાં ૮-૯ ફૂટ થાય એવો વિશાળકાય. ગરદન પરનાં આછો સોનેરી ઝાંયવાળાં નારંગી રંગના પીછાંવાળો એ શોભાયમાન ગરુડ તથા તેનાંથી ઊતરતો ઈમ્પીરીયલ ઇગલ હિંદમાં તો એ સિંધ પ્રદેશના વતની.

ગુજરાતનો અમલ વતની તો ટૉની ઈગલ. આપણે ત્યાં એને ધોળાવો કહે છે. પહોળી પાંખો પાંચ-છ ફૂટ થાય. રંગ કપિલા ગાય જેવો પેરાશપડતો બદામી. માથું ને ગળુ કાળાશપડતાં. છાતી પર આછાં છાંટણાં પાંખોમા બે આડા પટા. ચાંચ કઠોર, છેડે આંકડાદાર આંકડા જેવી વળેલી, જે રંગે ભૂરી ને છેડે કાળી. સાધણથી તે પગનાં આંગળાં સુધીના આખા પગ પીંછાંથી ભરેલા. આંગળાં પીળાં, છેડે કાંળા નખ. હિંદભરમાં થે સર્વવ્યાપક આ ગરુડ દેખાવે બીકણાયેલો, પણ સ્વભાવે ખુશમિજાજ, રાગળીથી થે ઉચ્ચ આસમાંમાં રિયર દેખાતી પાંખો પર ગૌરવભરી રીતે તર્યા કરતો એને જોવો એ લહાણ છે

પણ દેખાવે ગૌરવશીલ આ પંખી ખોરાકે તદ્દન હલકું અને સ્વભાવે બહુ બીકણ છે. મૂએલું ઢોર, સાપ, ગરોળાં, દેડકાં, કાચંડા કે નાનાં પંખીને ઢાળી ખાનારું; અને રાગળી બાજ તથા કાગડાથી પણ બીતુ બરાબર છે.

આ ઉપરાંત તળાવ-સરોવરને તીરે રહેતા સ્પૉટેડ ઇગલ, પહાડની કરાળ તેડો ઉપર માળા બાંધતા ગોચ જંગલના વાસી બૂર્ચન્ટ ઇગલ (એનું ગુજરાતી નામ રાવજ) અને મોટી નર્મદા કે કરિયાના કાંઠે રહેતા ફિશહૉક એ ગરુડની બીજી જાતો. બરવસ્ટેજ નજરે પડે છે.

(શ્રી 'બનેચર'ના લખાણ ઉપરથી સંપાદિત)

નોકરીમાં હતા ત્યારથી જ રણછોડલાલનું વલણ સ્વતંત્ર વેપાર તરફ પુષ્કળ હતું. આસિ. પોલિટિકલ એજન્ટ જેવી ભારે નોકરી પણ તેમને બંધન રૂપ લાગતી હતી અને એવા જ વિચાર થતા કે કોઈ એવો ધંધો કર્યો હોય તો સારું કે જેમાંથી મળવળ લાભ થાય. પહેલાં એમની નજર ખાંડ બનાવવાનાં કારખાનાં કાઢવા તરફ ગઈ, પણ એમાં સઘળો આધાર શેરડી પર, અને તે બારે માસ પહોંચે નહિ, તે પછી વિલાયતથી આવતા કાપડ ઉપર વિચાર ગયા. એમને થયું કે વિલાયતમાં રૂ પાકતું ન હોવા છતાં આ દેશમાંથી રૂ ત્યાં જઈને અહીં કાપડ રૂપે આવે છે અને છતાં જો એ લોકોને આટલો બધો નફો રહે છે તો અહીં જ કાપડ બનતાં તો બેશુમાર પેદાશ થાય.

અંતે ઈ. ૧૮૪૭માં તેમણે મિલ કાઢવાનો વિચાર કર્યો. પણ અમદાવાદના શ્રીમંતોની તેમાં સાથ આપવામાં હિંમત ચાલી નહિ. ૧૮૪૯માં વડોદરેથી અમદાવાદના સૌ પહેલા ગોપાનિયા 'વર્તમાન-પત્ર'માં એમણે એનો અડસટ્ઠો છાપવા મોકલ્યો, પણ કોઈ જ એ ધંધામાં પડવા આગળ આવ્યું નહિ. પછી ૧૮૫૧માં એમણે બરચમાં કપાસ લોઢવાનો સંચો ધરાવતા મિ. જેમ્સ લૅન્ડન નામના અમેરિકન સાથે પત્રવ્યવહાર કર્યો અને વડોદરાના થોડા શ્રીમંતોના સાથથી મિલ કાઢવાના કરારો કર્યા. પણ કરારોની કેટલીક બાબતોમાં વાંધો પડ્યો. અંતે ૧૮૫૯માં એમણે આપબળે પોતે અમદાવાદમાં મિલ કાઢવા કંપની જમાવી અને વિલાયતથી સાંચા મંગાવ્યા. તે આવતાં દરિયામાં ડૂબી ગયા. આથી જરા પણ હિંમત ન હારતાં બીજી વાર સાંચા મંગાવ્યા, અને રેલવેને અભાવે ગાડાંમાં નાખીને ખંભાત બંદરેથી અમદાવાદ લાવ્યા. એ સાંચા ચલાવવા માટે ડૉલ નામના ઈજનેરને વિલાયતથી બોલાવેલો તે કૉલેરાથી અમદાવાદમાં આવતાં જ મરણ પામ્યો! આમ ઉપરાઉપરી વિપત્તિઓ આવતાં છતાં રણછોડલાલે હારી બાધું નહિ. એમણે ખંત, ધીરજ, ઝીણવટ તથા પરિશ્રમથી ધંધાને પાકા પાયા પર મૂકી દીધો અને તેમાંથી અઢળક ધન કમાયા.

અમદાવાદના અગ્રણી નાગરિક તરીકે ઈ. ૧૮૬૮માં સરકારે એમને અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય નીમ્યા અને ૧૮૮૩માં તેના ચેરમૅન તથા ૧૮૮૫માં પ્રમુખ તરીકે નિમણૂક કરી. એ સ્થાનેથી એમણે અમદાવાદને મિલકઇલોગના જેવી જ શુદ્ધ પાણી અને ગટરની યોજનાની ભેટ આપી. એ માટે પણ એમને જે શ્રમ અને લોહ-વિરોધ વેઠવાં પડ્યાં હતાં એ તો બહુ જાણીતી વાત છે.

એમનો ઉદ્યોગ, સખાવત, પરમાર્થ, તથા ઉત્તમ બુદ્ધિબળની કદર કરીને સરકારે એમને રાવ બહાદુર તથા ૧૮૮૬માં સી.આઈ.ઈ. ના માનવંતા ઈલકાબો આપ્યા.

આમ, અમદાવાદને ઉદ્યોગ અને આરોગ્ય આપીને તેને આબાદ કરનાર એ મહાન નર ઈ. ૧૮૯૮ના ઑક્ટોબરની ૨૬મી તારીખે ને બુધવારે ૭૫ વર્ષની વયે, એક પુત્ર, એક પૌત્ર અને એક પ્રપૌત્રી મૂકીને અવસાન પામ્યા. (સંકલિત)

વેજીટેબલ ઘી અને સેપરેટેડ દૂધ

દૂધ-ઘીની નદીઓવાળા ગણાતા આપણા આ દેશમાં યુદ્ધની પરિસ્થિતિએ ઊભી કરેલી અછતને કારણે જાદેર પ્રજાના જીવન ઉપર જે કારમી અસર થઈ છે તેને પહોંચી વળવા સામાન્ય જનતા આજે નકૂટકે વેજીટેબલ ઘી, મગફળીના તેલ ને સેપરેટેડ દૂધ તરફ વળી રહી છે. સેપરેટેડ દૂધમાં વિટામિનો અને અમુક પોષક તત્ત્વો રહેવાં હોવાની જાહેરાતો પણ થઈ રહી છે. સરકારી પ્રચારખાતા પાસે ડૉ. ઑર્ડટનો અભિપ્રાય પણ પડેલો છે કે સેપરેટેડ-સ્કિન્ડ-દૂધમાં પ્રોટીનો, બી-૨ ગ્રૂપનાં વિટામિન અને ઘણું જ અગત્યનું પોષક તત્ત્વ કૅલ્શ્યમ હોય છે. વેજીટેબલ ઘીના ઉત્પાદકો પણ પ્રચાર કરી રહ્યા છે કે એમનાં ઘી વિટામિનોથી ભરપૂર છે. જોરશોરથી કરાતા આ પ્રચારની સાથેસાથે છેલ્લાં વર્ષો દરમ્યાન 'વનસ્પતિ ઘી'નું ઉત્પાદન વધારીને પ્રતિવર્ષ એક લાખ ટન સુધી લઈ જવામાં આવ્યું છે. હવે તે ઉત્પાદન વધારી ૩ લાખ ટન સુધી લઈ જવાની યોજના થઈ રહી છે. આ હેતુ પાર પાડવા રોજ સવૈરાથ ૩૦ ટન ગાદ્ય ઉત્પન્ન કરનારાં વનસ્પતિ ઘીનાં પંદર નવાં કારખાનાં ખોલવામાં આવશે એવી યોજના છે. તેથી શું તથ્ય છે એ જોવું અગત્યનું છે.

વનસ્પતિનાં તેલોમાંથી ઉદ્દજનક વાયુ(હાઇડ્રોજન) પસાર કરી તેને યાંત્રિક રીતે જમાવવાથી વનસ્પતિ ઘી બને છે. આ બનાવટમાં મુખ્યત્વે મગફળીનું તેલ વપરાય છે. સૌ પ્રથમ મગફળીના તેલને 'ફિલ્ટર' કરવામાં આવે છે. આ પીલાગેલા તેલમાંથી રાસાયણિક ક્રિયાઓવડે ખટાશને ટાળી દઈ તેનાં રંગ ને વાસ દૂર કરવામાં આવેછે.

તે પછી આ વિશુદ્ધ સીંગતેલને નીકલ ધાતુની ઝીણી રજકણો અથવા તો તેની ચૂંચળાંવાળી જાળીમાંથી પસાર કરવામાં આવે છે. આ ધાતુમાં એવો ગુણ છે કે તેનામાં કશું પરિવર્તન થતું નથી, પરંતુ એના સંપર્કમાં આવતી વસ્તુમાં એ પરિવર્તન આણે છે. ક્રિયાદ્વારા તેલમાં હાઇડ્રોજન વાયુનો સંયોગ કરવામાં આવે છે. આ વાયુના સંયોગને પરિણામે તેલનો તરલ ભાગ ઘટે અને રવાદાર બને છે. પ્રવાહી તેલને ઘટ્ટ અને રવાદાર બનાવવાનો આ જ કીમિયો છે.

પરંતુ આ બધી ક્રિયા કરતી વેળા તેલને ૧૫૦થી ૨૦૦ સેંટીગ્રેડ ગરમી આપવી પડે છે. આ પછી તેલ ઠંડું પડે ત્યારે તેને ઘીના જેવો દાણેદાર તથા રૂપેરંગ પ્રાપ્ત થાય છે, અને તે નકલી ઘી બને છે. તે પછી તેમાં બનાવટી સુગંધ અને શાકે માછલીની ચરબીમાંથી કાઢવામાં આવેલાં બનાવટી વિટામિનો ભેળવવામાં આવે છે.

કોઈ પણ તેલી પદાર્થનું ગલનબિંદુ ૩૭ અંશ સેંટીગ્રેડથી નીચું હોય તો જ તે સરળતાથી પચે તેવું ગણી શકાય. પણ આ વનસ્પતિ ઘીનું ગલનબિંદુ ચાળીસથી અડતાળીસ અંશ સેંટીગ્રેડ જેટલું ઊંચું રાખવું પડે છે; કારણકે નહિતર તે ઉષ્ણ કે સંયુક્ત પ્રાંત જેવા ગરમ દેશમાં ઘીને દાણાદાર રહી શકવું નથી. અને જો એવું ઘીણ ન રહે તો તેને ઘી તરીકે ખરીદે પણ કોણ? આથી તે પચવામાં ખૂબ જ ભારે બની જાય છે. પરિણામે ડૉક્ટરીમાંના પાચક રસો તેના પર પૂરતું કામ કરી શકતા નથી અને તેથી તે પચ્યા વગરનું જ ઝાડા વાટે બહાર નીકળે છે. ઘણા દિલ્લી ડૉક્ટરો-આસ કરીને પંજાબ યુ.પી.માં-નો એ અનુભવ છે કે જ્યારથી વનસ્પતિ ઘીનો વાપર શરૂ થયો ત્યારથી આમજનતામાં કબજિયાતની ફરિયાદ વધી છે.

'વનસ્પતિ ઘી' અંગે એક દલીલ એવી કરવામાં આવે છે કે યુરોપી મુલકોમાં 'માર્ગરિન'—જે એક પ્રકારનું કૃત્રિમ માખણ જ છે એ—અતિ વિપુલ પ્રમાણમાં વપરાય છે તો પછી અહીં 'વનસ્પતિ ઘી' વાપરવા સામે શો વાંધો હોઈ શકે? પણ એ 'માર્ગરિન' ત્યાં અતિ ઓછા પ્રમાણમાં એ વપરાય છે. વળી રાસાયણિક દૃષ્ટિએ પણ કૃત્રિમ બાદ્ય પદાર્થનું દ્રવણબિંદુ કયારે ય ૩૦–૩૨ અંશ સેંટીગ્રેડથી વધવા ન પામે એવી એની બનાવટ વેળા કાળજી રાખવામાં આવે છે.

માણસ માત્રની પાચનશક્તિ માટે અનુકૂળ ને આર્થિક દૃષ્ટિએ પરવડી શકે એ દૃષ્ટિએ જુદાંજુદા વિનમ્ર પદાર્થોના ક્રમ ચોજીએ તો સૌ પ્રથમ રસાળ ગાબણનું આવે છે. તે પછી ચોકખું ઘી, કોપરેલ ને તલ અથવા સરસવનું તેલ, એ પછી સીંગનું તેલ, દુકરની ચરબી અને મેદ તથા એ પછી છેક છેલ્લે વનસ્પતિ ઘી આવે છે.

ચબૂતરો

અનેક અભિલાષ, આરઝૂ ઉરે વસ્યાં હો ભલે,
ભલે કરણ સિદ્ધિનાં સુલભ સર્વ હો સાગટાં,
તથાપિ પુરુષાર્થન્યૂનથી ચીંધાય ના લક્ષ્યનેઃ
સારો સકલ વ્યર્થ જો પણ છ તંગ ના ચાપની.—જયન્ત પાઠક

રા. બ. રણછોડલાલ છોટાલાલ સી આઇ.ઈ.

ગયા અંકમા ફોગની જીવન-નોંધ પ્રસિદ્ધ થઈ હતી તે રા બ. રણછોડલાલ છોગાલાલનો જન્મ સંવત ૧૮૭૬ની ચૈત્રી અમાસ ને બુધવારે, ઈ. ૧૮૨૩ની ૨૬ મી એપ્રિલે અમદાવાદના સાઠોદરા નાગર જ્ઞાતિમા થયો હતો. એમના પિતા છોટાલાલ પાટણના વિઠોબા દીવાનને ત્યા કારભારી-બક્ષી હતા તેમને ફારસી ભાષાનું સારું જ્ઞાન હતું તે ઘણા પવિત્ર, ન્યાત,ધર્મિષ્ઠ અને સદ્‌ગુણી હતા અને એમના એ સંસ્કાર રણછોડલાલના સમ્પૂર્ણ જીવનમા ઉતરેલા.

વડોદરેથી તે અમદાવાદ આવ્યા એ વેળા એમનાં એકના એક પુત્રી વિધવા થતાં એમને બહુ આઘાત થયો અને સંસારમાથી રસ ઊઠી જતા પત્ની સાથે કાશીએ જઈ રહ્યા. ત્યાં એમને એક પુત્રી થતા તે પાછા અમદાવાદ આવ્યા અને થોડા સમય બાદ બંને પુત્રીઓ સાથે ગિરનારની યાત્રાએ ગયા. પુત્ર ન હોવાને કારણે નિરાશ થએલા એ દંપતીને ગિરનારમાં કોઇ તપસ્વીએ પ્રતાપી પુત્ર થવાનો આશીર્વાદ આપ્યાથી રણછોડલાલનો જન્મ થયો.

૭ વરસની ઉમરે, અમદાવાદના પ્રસિદ્ધ તુળજારામ ગઢેતાજીની ગામડી નિશાળે એ ભણવા બેઠા; અને પ્રાથમિક અભ્યાસ પૂરો કરી પોતાના વંશમાં પરંપરાથી ચાલ્યો આવતો ફારસી અભ્યાસ ઉજુદ્દીન મુનશી પાસે કર્યો. એ પછી ભોળાનાથ દીવેટિયાના પિતા સારાભાઈ પાસે એ તથા ભોળાનાથ બંને સાથે ફારસી શીખતા. એ જ વખતે સારાભાઇએ એ બનેને અંગ્રેજી પણ શીખવવા માંડ્યું. એ વેળા દેશમા અંગ્રેજી વિદ્યાનો બીલકુલ પ્રચાર ન હતો અને બ્રાહ્મણ જ ભાગ્યેજ અંગ્રેજી શીખતા. અંગ્રેજી નિશાળ તો અમદાવાદમા હોય જ કયાથી ? પુનેથી કોઇ હંસારો અમદાવાદ આવેલો તેણે અંગ્રેજી નિશાળ માંડી હતી, ત્યાં ભોળાનાથ તથા રણછોડભાઈ ભણવા જતા ત્યાર પછી ડી ફ્લોઝા નામે પોર્ટુગીઝે અમદાવાદમાં સણન્ક્રિશ્ચાન રફૂલ કાઢી ત્યાં એ બનેએ પોતાનું અંગ્રેજી જ્ઞાન પાકું કર્યું અને મહાવરા તથા ખંતથી એ જ્ઞાન પાછળથી એટલું તો વિકસાવ્યું કે મોટા વ્યાપારી તથા રાજપ્રકરણી પત્રવ્યવહારમા એ આહોદા ગણાતા.

કેળવણી પૂરી થયા પછી ઈ. ૧૮૪૨માં ૨૦ વરસની ઉમરે રણછોડલાલે સરકારી કરમાખાનામા ૧૫ રૂપિયાની નોકરી લીધી. નોકરીના કામમાં તે ઘણા ચાલાક હતા અને પોતાની બાહોશીથી ઉપરીઓને ખુશ કરી નાખતા. આથી થોડી જ મુદતમાંતે બધાં સરકારી ખાતાંઓમાં કાબેલ માણસ તરીકે ગણાતા થઇ ગયા, અને આઠેક વરસમાં તો યોગબળે રેવાકાંઠાના પોલિટિકલ એજંટના દફ્તરદારની જગ્યાએ પહોંચ્યા. એ વખતે વડોદરામાં રેસિડેન્ટ તરીકે આલ્ફ્રેડ માલ્કમ નામે અંગ્રેજ હતો અને રણછોડલાલ પોતાના અંગ્રેજી જ્ઞાનને લીધે એ રેસિડેન્ટને કેટલીક મદદ તથા સલાહ આપતા. એ રેસિડેન્ટના દફ્તરદાર તરીકે રણછોડલાલની જ ન્યાતના નડિયાદના સાઠોદરા સૂરજરામ ગંગારામ નામના એક ખબરદાર અને ખટપટી માણસ હતા. તેણે દ્વેષથી રણછોડલાલ સામે દેશ રાખી ખટપટ કરી અને, લુણાવાડાની રાજગાદીનો નિર્ણય કરવામાં રણછોડલાલે આઠ હજાર રૂપિયાની લાંચ આરોપ ઊભો કર્યો જેને પરિણામે રણછોડલાલની નોકરી ગઈ. જો કે પાછળ આરોપની તપાસમાં રણછોડલાલ નિર્દોષ ઠર્યા.

આ માસ (નવમ્બર)નું

ગરુડ

આપણે ત્યાં વિષ્ણુ ભગવા- તરીકે,અને પક્ષિજગમાં જર્મનીની રા તથા અમેરિકાના રાજ્યપ્રતીક માનવીએ વ્યાપકપણે બિરદાવેલ શાળી પંખીની ઘણી જાતો છે. એક્ષ્ડ ગોલ્ડન ઇગલ, બે પાંખો ૮-૯ ફૂટ થાય એવો વિશાળ પરનાં આછા સોનેરી શંખવાળાં પીછાંવાળો એ શોભાયમાન તેનાંપી ઊતરતો ઈમ્પીરીયલ ઇ તો એ સિંધ પ્રદેશના વતની.

ગુજરાતનો અમલ વતની તો આપણે ત્યાં અને ધોંગરો કહે પાંખો પાંચ-છ ફૂટ થાય. રંગ જેવો ચેરાશપડતો બદામી. કાળાશપડતાં.છાની પર આછા ખોંગા બે આડા પટા. ચાંચ અણીદાર આંકડા જેવી વળેલી ને છેડે કાળી. સાયણથી તે પ સુધીના આખા પગ પીંછાંથી ઢકાં પીળાં. છેડે કાંળા નખ. સર્વવ્યાપક આ ગરુડ દેખાવે પણ સ્વભાવે ખુશામિલનજ. શાં આભમાં સ્થિર દેખાની પાંખો રીતે તર્યા કરતો એને જોવો

પણ દેખાવે ઔરવશીલ આ તદ્દન હલકું અને સ્વભાવે ભ મૂએલું ગાંસ, સાપ, સસલાં, કે નાનાં પંખીને ઢાણી ખાના- બાજ તથા કાગડાથી પણ બ

આ ઉપરાંત તળાવ-સરોવ રપૅટેડ ઇગલ, પહાડની ઇ ગાળા બાંધના ગીધ જંગલના ઇગલ (એનું ગુજરાતી નામ રા નગેદા કે દરિયાના કાંઠે રહે નરડની બીજી જાતો જંગલ્સે (શ્રી 'વનેચર'ના લખાણ

નોકરીમાં હતા ત્યારથી જ રણછોડલાલનું વલણ સ્વતંત્ર વેપાર તરફ પુષ્કળ હતું.આસિ. પોલિટિકલ એજન્ટ જેવી ભારે નોકરી પણ તેમને બંધન રૂપ લાગતી હતી અને એવા જ વિચાર થતા કે કોઈ એવો ધંધો કર્યો હોય તો સારું કે જેમાંથી મળકણ લાભ થાય.પહેલાં એમની નજર ખાંડ બનાવવાનાં કારખાનાં કાઢવા તરફ ગઈ, પણ એમાં સધળો આધાર શેરડી પર, અને તે બારેમાસ પહોંચે નહિ, તે પછી વિલાયતથી આવતા કાપડ ઉપર વિચાર ગયા. એમને થયું કે વિલાયતમાં રૂ પાકતું ન હોવા છતાં આ દેશમાંથી રૂ ત્યાં જઈને અહીં કાપડ રૂપે આવે છે અને છતાં જો એ લોઢાને ઓટલો બધો નફો રહે છે તો અહીં જ કાપડ બનતાં તો બેશુમાર પેદાશ થાય.

અંતે ઈ. ૧૮૯૭માં તેમણે મિલ કાઢવાનો વિચાર કર્યો. પણ અમદાવાદના શ્રીમંતોની તેમાં સાથ આપવામાં હિંમત ચાલી નહિ. ૧૮૪૯માં વડોદરેથી અમદાવાદના સૌ પહેલા ગ્રેપાનિયા 'વર્તમાન-પત્ર'માં એમણે એનો અડધાડો છાપવા મોકલ્યો, પણ કોઈ જ એ ધંધામાં પડવા આગળ આવ્યું નહિ. પછી ૧૮૫૧માં એમણે ભરૂચમાં કપાસ લોઢવાનો સંચો ધરાવતા મિ. જેમ્સ લૅન્ડન નામના અંગ્રેજ સાથે પત્રવ્યવહાર કર્યો અને વડોદરાના બેટા શ્રીમંતોના સાથથી મિલ કાઢવાના કરારો કર્યા.પણ કરારોની કેટલીક બાબતોમાં વાંધો પડ્યો. અંતે ૧૮૫૮માં એમણે આપબળે પોતે અમદાવાદમાં મિલ કાઢવા કંપની જમાવી અને વિલાયતથી સાંચા મંગાવ્યા. તે આવતાં દરિયામાં ડૂબી ગયા. આથી જરા પણ હિંમત ન હારતાં બીજી વાર સાંચા મંગાવ્યા, અને રેલવેને અભાવે ગાડાંમાં નાખીને ખંભાત બંદરેથી અમદાવાદ લાવ્યા. એ સાંચા ચલાવવા માટે ડૉલ નામના ઈજનેરને વિલાયતથી બોલાવેલો તે ડૉલેરાથી અમદાવાદમાં આવતાં જ મરણ પામ્યો! આમ ઉપરાઉપરી વિપત્તિઓ આવતાં છતાં રણછોડલાલે હારી બાજુ નહિ. એમણે ધંત, ધીરજ, ઝીણવટ તથા પરિશ્રમથી ધંધાને પાયા પાયા પર મૂકી દીધા અને તેમાંથી અઢળક ધન કમાયા.

અમદાવાદના અગ્રણી નાગરિક તરીકે ઈ. ૧૮૬૬માં સરકારે એમને અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય નીમ્યા અને ૧૮૮૩માં તેના ચેરમૅન તથા ૧૮૮૫માં પ્રમુખ તરીકે નિમણૂક કરી. એ સ્થાનેથી એમણે અમદાવાદને મિલઉદ્યોગના જેવી જ શુદ્ધ પાણી અને ગટરની યોજનાની ભેટ આપી. એ માટે પણ એમને જે શ્રમ અને લોહ-વિરોધ વેઠવા પડ્યા હતા એ તો બહુ જાણીતી વાત છે.

એમનો કર્યોગ, સખાવત, પરગામે, તથા ઉત્તમ બુદ્ધિબળની કદર કરીને સરકારે એમને રાવ બહાદુર તથા ૧૮૮૪માં સી.આઈ.ઈ. ના માનવંતા ઈલકાબો આપ્યા.

આમ, અમદાવાદને કર્યોગ અને આરોગ્ય આપીને તેને આબાદ કરનાર એ મહાન નર ઈ. ૧૮૯૮ના ઑક્ટોબરની ૨૬મી તારીખે ને બુધવારે ૭૫ વર્ષની વયે, એક પુત્ર, એક પૌત્ર અને એક પ્રપૌત્રી મૂકીને અવસાન પામ્યા. (સંકલિત)

વેજીટેબલ ઘી અને સેપરેટેડ દૂધ

દૂધ-ઘીની નદીઓવાળા ગણાતા આપણા આ દેશમાં યુદ્ધની પરિસ્થિતિએ ઊભી કરેલી અછતને કારણે જાહેર પ્રજાના સ્વાસ્થ્ય ઉપર જે ખરાબ અસર થઈ છે તેને પહોંચી વળવા સામાન્ય જનતા આજે નકામી વેજીટેબલ ઘી, મગફળીના તેલ ને સેપરેટેડ દૂધ તરફ વળી રહી છે.સેપરેટેડ દૂધમાં વિટામિનો અને અમુક પોષક તત્વો રહેવાં હોવાની બહેરાતો પણ થઈ રહી છે. સરકારી પ્રચારખાતા પાસે ડૉ. ઑર્ડાઈનો અભિપ્રાય પણ પડેલો છે કે સેપરેટેડ-સ્કિમ્ડ-દૂધમાં વિટામિન, બી-૨ ગ્રૂપનાં વિટામિન અને ઘણું જ આગત્યનું પોષક તત્વ કૅલ્શ્યમ હોય છે. વેજીટેબલ ઘીના ઉત્પાદકો પણ પ્રચાર કરી રહ્યા છે કે એમનાં ઘી વિટામિનોથી ભરપૂર છે. જોરશોરથી કરાતા આ પ્રચારની સામેસામે છેલ્લાં વર્ષો દરમ્યાન 'વનસ્પતિ ઘી'નું ઉત્પાદન વધારીને પ્રતિવર્ષ એક લાખ ટન સુધી લઈ જવામાં આવ્યું છે. હવે તે ઉત્પાદન વધારી ૩ લાખ ટન સુધી લઈ જવાની યોજના થઈ રહી છે. આ હેતુ પાર પાડવા રોજ સરેરાશ ૬૦ ટન ગાલ ઉત્પન્ન કરનારાં વનસ્પતિ ઘીનાં પંદર નવાં કારખાનાં ખોલવામાં આવશે એવી યોજના છે. તેથી શું તથ્ય છે એ જોવું અગત્યનું છે.

વનસ્પતિનાં તેલોમાંથી ઉદકજનક વાયુ(હાઇડ્રોજન) પસાર કરી તેને યાંત્રિકરીતે જમાવવાથી વનસ્પતિ ઘી બને છે. આ બનાવટમાં મુખ્યત્વે મગફળીનું તેલ વપરાય છે. સૌ પ્રથમ મગફળીનાં તેલને 'રિફાઇન' કરવામાં આવે છે. આ પીલાએલા તેલમાંથી રાસાયણિક ક્રિયાઓવડે બદારને ટાળી દઈ તેનો રંગ ને વાસ દૂર કરવામાં આવેછે.

તે પછી આ વિશુદ્ધ કરેલા તેલને નીકલ ધાતુની ઝીણી રજકણો અથવા તો તેની ગૂંચળાંવાળી નળીમાંથી પસાર કરવામાં આવે છે. આ ધાતુમાં એવો ગુણ છે કે તેનામાં કશું પરિવર્તન થતું નથી, પરંતુ એના સંપર્કમાં આવતી વસ્તુમાં એ પરિવર્તન આણે છે. ક્રિયાદ્વારા તેલમાં હાઇડ્રોજન વાયુનો સંયોગ કરવામાં આવે છે. આ વાયુના સંયોગને પરિણામે તેલનો તરલ ભાગ ઘટ્ટ અને રવાદાર બને છે. પ્રવાહી તેલને ઘટ્ટ અને રવાદાર બનાવવાનો આ જ ક્રીમિયો છે.

પરંતુ આ બધી ક્રિયા કરતી વેળા તેલને ૧૫૦થી ૨૦૦ સેંટીમેંટ ગરમી આપવી પડે છે. આ પછી તેલ ઠંડું પડે ત્યારે તેને ઘીના જેવો દાણેદાર તથા રૂપરંગ પ્રાપ્ત થાય છે, અને તે નકલી ઘી બને છે. તે પછી તેમાં બનાવટી સુગંધ અને શાકે માછલીની ચરબીમાંથી કાઢવામાં આવેલાં બનાવટી વિટામિનો ભેળવવામાં આવે છે.

કોઈ પણ તૈલી પદાર્થનું ગલનબિંદુ ૩૭ અંશ સેંટીગ્રેડથી નીચું હોય તો જ તે સરળતાથી પચે તેવું ગણી શકાય. પણ આ વનસ્પતિ ઘીનું ગલનબિંદુ ચાળીસથી ચુંમતાળીસ અંશ સેંટીગ્રેડ જેટલું ઊંચું રાખવું પડે છે; કારણકે નહિતર તે ઉનાળા કે સંધુક્ત પ્રાંત જેવા ગરમ દેશમાં ઘીવાળું ને દાણાદાર રહી શકતું નથી. અને જો એવું ઘીવાળું ન રહે તો તેને ઘી તરીકે ખરીદે પણ કોણ? આથી તે પચવામાં ખૂબ જ ભારે બની જાય છે. પરિણામે હોજરીમાંના પાચક રસો તેના પર પૂરતું કામ કરી શકતા નથી અને તેથી તે પચ્યા વગરનું જ આંતરવાટે બહાર નીકળે છે.ઘણા ડિલી ડૉક્ટરો-ખાસ કરીને પંજાબ યુ.પી.માં-નો એ અનુભવ છે કે જ્યારથી વનસ્પતિ ઘીનો વાપર શરૂ થયો ત્યારથી આમજનતામાં કબજિયાતની ફરિયાદ વધી છે.

'વનસ્પતિ ઘી' અંગે એક દલીલ એવી કરવામાં આવે છે કે યુરોપી મુલકોમાં 'માર્ગરિન'-જે એક પ્રકારનું કૃત્રિમ માખણ જ છે એ-અતિ વિપુલ પ્રમાણમાં વપરાય છે તો પછી અહીં 'વનસ્પતિ ઘી' વાપરવા સામે શો વાંધો હોઈ શકે? પણ એ 'માર્ગરિન' ત્યાં અતિ ઓછા પ્રમાણમાં જ વપરાય છે. વળી રાસાયણિક દૃષ્ટિએ પણ કૃત્રિમ ખાદ્ય પદાર્થનું ગલનબિંદુ કયારેય ૩૭-૩૨ અંશ સેંટીગ્રેડથી વધવા ન પામે એવી જ એની બનાવટ વેળા કાળજી રાખવામાં આવે છે.

માણસ માત્રની પાચનશક્તિ માટે અનુકૂળ ને આર્થિક દૃષ્ટિએ પરવડી શકે એ દૃષ્ટિએ ક્રમાનુસાર વિનમ્ર પદાર્થોના ક્રમ યોજીએ તો સૌ પ્રથમ રસાળ ગાખણનું આવે છે. તે પછી ચોકખું ઘી, કોપરેલ ને તલ અથવા સરસવનું તેલ, એ પછી સીંગનું તેલ, દૂધની મલાઈ અને મેદ તથા એ પછી છેક છેલ્લે વનસ્પતિ ઘી આવે છે.

આ રીતે જોતાં, તેમાં જે વિટામિનો હોય છે તે બધાં જ તેમાં હોવાનો સૌકોઈ સ્વીકાર કરીએ તોપણ, એક હકીકત તો દીવા જેવી છે કે એ તેલમાં રહેલું ચરબીનું તત્ત્વ 'હાઈડ્રોજનેટેડ' થતાં જ પચવામાં ભારે બને છે. એથી એને મુકાબલે કાચું તેલ સીધેસીધું જ વાપરવું વધુ સરળ પડે એમ છે. આપણા શરીરને જોઈતી ચરબીનું તત્ત્વ આપણને બે ભાગે મળી શકે: પ્રાણિજ ચરબીમાંથી ને વનસ્પતિની ચરબીમાંથી. હવે, પ્રાણિજ ચરબી કરતાં વનસ્પતિની ચરબી પચવામાં સહેજ ભારે તો હોય જ છે; ને તેને પાછી વધુ ભારે બનાવીને ખાવી એનો કશો અર્થ નથી. આપણી શાકાહારી પ્રજાને પ્રાણિજ ચરબી પૂરી પાડનાર એકમાત્ર સાધન ઘી—માખણ કે દૂધની મલાઈ હતાં. એ જતાં રહેતાં પ્રજાને ચરબીનું તત્ત્વ મેળવવા માત્ર તેલ કે તેલને ફાડીને બનાવેલા આ વનસ્પતિ ઘી ઉપર જ આધાર રાખવો રહ્યો.

બીજા બાજુએ ડૉ. પટવર્ધને આ બનાવટી ઘીના પશુઓ ઉપર અખતરાઓ કરી સિદ્ધ કર્યું છે કે આ ઘીના ઉપયોગથી પશુઓની વૃદ્ધિ અને ઉત્પાદક શક્તિ બન્ને અટકે છે. ઉંદરો ઉપરના પ્રયોગોથી પુરવાર થયું છે કે જે ઉંદરોને ઓગના આહારમાં તેલની જગ્યાએ આ બનાવટી ઘી આપવામાં આવેલું તેમાં બચ્ચાનું મરણપ્રમાણ ખૂબ વધેલું જોવામાં આવ્યું છે અને જે ઘોડાં બચી ગયાં તે પણ મરવાને વાંકે જ જીવતાં હતાં. પશુઓ ઉપરના પ્રયોગોમાં જોવામાં આવતી આવી અસરો માનવ ઓલાદ માટે હાલ તુરત નહિ તો નજીકના ભવિષ્યમાં એકાદ પેઢીમાં નહિ જોવામાં આવે એની શી ખાતરી? હાલ પણ આ બનાવટી ઘી વાપરનારા ઉપર આની અસર સૂક્ષ્મદર્શીઓને જણાયા સિવાય નથી જ રહેતી. આથી સમગ્ર હિંદી પ્રજાની દેહવૃદ્ધિ, વંશવૃદ્ધિ ને આરોગ્યવૃદ્ધિને અર્થે તેના વપરાશ પર પ્રતિબંધ કરતો કાયદો કે તેને શુદ્ધ ઘીમાં ભેળવી ન શકાય તે અર્થે તેમાં ફરજિયાત રંગ નાખવાનો કાયદો કરવાની ખૂબ જ અગત્ય છે.

હવે સેપરેટેડ દૂધની વાત લઈએ. શુદ્ધ દૂધમાંથી મલાઈ નીકળી જતાં તેની સાથે જ વિટામિન 'એ' અને 'ડી'નાં બધાં તત્ત્વો જતાં રહે છે અને બાકી રહે ત્રણ વસ્તુઓ—પ્રોટીન, બી વિટામિન અને કૅલ્શ્યમ—વધે છે. દૂધની મલાઈ એ જ ઘીનું તત્ત્વ. બાળકો ને કિશોરોને દેહ તથા મનની વૃદ્ધિ માટે વિટામિન 'એ' ઘણું જ અગત્યનું છે. એને અભાવે દેહની વૃદ્ધિ શક્ય જ નથી. એથી તો ડૉ. મૅકૅલ્હનના મત મુજબ સ્કિન્ડ દૂધ માત્ર પુખ્ત ઉંમરના માણસોને જ આપી શકાય તેવું છે. છતાં કંઈ ઉંમરે માણસનાં દેહ અને મન પ્રગતિ કરતાં અટકી જઈ બંધાઈ જાય છે એ કહેવું મુશ્કેલ છે. એથી વિટામિન 'એ' વગર પુખ્ત થયેલાં માણસો ચલાવી જ શકે એ ભરોસે રહી તો શકાય જ નહિ.

બીજા બાજુએ જોતાં વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી વૉર્ધના અભિપ્રાય મુજબ વિટામિન 'એ' માત્ર પ્રાણિજ દ્રવ્યોમાં જ માલૂમ પડ્યું છે. વનસ્પતિમાં એનો સદંતર અભાવ છે. આ રીતે જોતાં જે પ્રજાને માંસ કે ઇંડાં ન ખપી શકે અને જેને વિટામિન 'એ' મેળવવાનો એકમાત્ર આધાર ચોખ્ખું દૂધ, મલાઈ, માખણ કે ઘી ઉપર જ હોય તે પ્રજાને એનાથી વંચિત રાખવી એ એક ગુનો જ છે.

ડૉ. મૅકૅલ્હને સ્કિન્ડ દૂધમાં વિટામીન 'એ-કૉન્સેન્ટ્રેટ' મેળવીને અખતરો કરી જાહેર કરેલું કે એ રીતે એ દૂધ ગરીબ માતાઓનાં બાળકોને માટે લાભદાયી નીવડ્યું છે. છતાં એની સામે વર્જિનિયાની ઑબ્સ્ટેટ્રિકલ કૉન્ફરન્સનો મત જોઈએ તો, 'વિટામિન કૉન્સેન્ટ્રેટનો અણઘટતો ઉપયોગ નુકસાનકારક જણાયો છે.' વળી વિટામિન 'એ'ના અભાવવાળા ખોરાક (સેપરેટેડ દૂધ) ઉપર ઊતરેલી ઉન્નાઈ ને જપાનની પ્રજા કેરોપ્થેલિયા અને આંખનાં કરકોની ભોગ થઈ પડ્યાનો અઠેવાલ પણ બહાર આવ્યો છે. ખુદ ડૉ. મૅકૅહને હિંદની 'ન્યૂટ્રીશન ઍંડ વાઈઝરી કમિટી' આગળ કરેલા રીપોર્ટમાં આ ત્રણ રજૂઆતો મૂકી છે: (૧) વિટામિન 'એ' માત્ર પ્રાણિજ ઉત્પત્તિનું જ તત્ત્વ છે; (૨) હિંદની મોટા ભાગની શાકાહારી પ્રજાને પૂરતા મલાઈવાળું દૂધ જ વિટામિન 'એ' આપનારું સાધન છે; અને (૩) વિટામિન 'એ'ના સદંતર અભાવે ઝેરોપ્થેલ્મિયા, આંખના કીકામાં શુષ્કતા, ટોડ સ્કિન, પાયોરિયા અને ડર્મેટિટિસ થવાનો સંભવ ખરો.

હવે બી દૃષ્ટિએ સેપેરેટેડ દૂધનાં બાકી વધતાં તત્ત્વોનો અભ્યાસ કરીએ તો એ તત્ત્વોમાંનું વિટામિન બી અને કૅલ્શ્યમ (ચૂનો) તે વનસ્પતિના બીજ ખોરાકોમાંથી પણ મળી રહેવાનો પૂરો સંભવ છે. કૅલ્શ્યમનું સારું પ્રમાણ તો હિંદીઓને પાનપટ્ટીમાં વપરાતા ચૂનામાંથી યે મળી રહે તેમ છે. પરંતુ મેજર જનરલ સર રૉબર્ટ મૅકેરીસનનો અભિપ્રાય છે કે 'દરેક જાતના ક્ષારોને પચાવવા ચરબીની જરૂર પડે છે. જો ખોરાકમાં ચરબી ન હોય તો કૅલ્શ્યમ પચાવવું નથી.' આ દૃષ્ટિએ જોતાં કૅલ્શ્યમ પચાવવાના એકમાત્ર આધાર ઘી કે દૂધની મલાઈ વગર બાકી રહેતું કૅલ્શ્યમ પણ શા ઉપયોગનું રહે?

હિંદના વનસ્પતિ-આહારીઓએ હવે કોઈ પણ ભોગે ચોખ્ખું દૂધ માટે વ્યવસ્થા કરી લેતાં શીખી જ લેવું જોઈએ. જેમને ઘેર જમીન હોય તેઓ તો ભોટરોને સ્થાને ગાયને રાખવાની સગવડ કરી લે તો જ એમની ભાવિ પ્રજા બરબાદ થતી અટકશે.

કાચમાં નવીનતા

બરડ છતાં સખતમાં સખત અને પારદર્શક પદાર્થ તરીકે કાચ આજે ચાર હજાર વર્ષ થયાં માનવીની સેવા બજાવી રહ્યો છે. તેની બરડાઈથી અત્યાર સુધી તેની વપરાશ મર્યાદિત હતી, પણ યુદ્ધકાળની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જે નવી શોધખોળો અને સંશોધનો હાથ ધરાયાં તેમાં ગુણધર્મે અદ્‌ભુત અને ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ આણે એવો નવીન જાતનો કાચ પણ પેદા કરવામાં આવ્યો છે.

એ લાકડાની પેઠે વહેરી શકાય એવો, ખૂંટીઓ મારી શકાય તેવો, પાણીમાં તરી શકે ને રબ્બરની પેઠે વાળી શકાય એવો તથા સૂતરની પેઠે કાંતી અને રેશમની પેઠે વણી શકાય એવો હોય છે.

એ કાચનું કાપડ પણ બને છે. કરોળિયાની જાળના તાર જેવા બારીક અને મુલાયમ કાચના તારનું, પ્લાસ્ટિકના મિશ્રણ દ્વારા બનાવેલું એ કાપડ બીજા કોઈ પણ પદાર્થ કરતાં ચડિયાતું ને ગોળીથી વીંધાય તેવું બને છે. કૃત્રિમ હાથ-પગની બનાવટ માટે તેમજ ટેબલ મારવાના દોરા તરીકે પણ આ નવી જાતના કાચનો વપરાશ થાય છે.

આમ તો કાચ બરડ હોય છે; પણ આ નવી બનાવટમાં તેને એટલો તો સ્થિતિસ્થાપક બનાવવામાં આવ્યો છે કે એ કાચના કાપડના ટુકડાને હાથમાં લઈ તેને ગમે તેટલો વાળીએ અને પછી છૂટો મૂકી દઈએ તો તેના ઉપર જરાયે ગડ કે કરચલી પડ્યા વગર તરત સીધો થઈ જાય છે. એ કાચના જાડા રૂને મુંવાળા કાચના કાપડ સાથે મિલાવી એવી જાતના તકતા બનાવવામાં આવ્યા છે કે જેને લાકડાની પેઠે વહેરી શકાય છે ને તેમાં ખીલા પણ ઠોકી શકાય છે. આ કાચ અવાજને ખાળનાર તેમજ અગ્નિથી સળગી ના ઊઠે તેવો હોઈ તેનો વપરાશ સ્ટીમરોથી માંડી ઘરની સજાવટમાં થવા માંડ્યો છે.

ફોમ-ગ્લાસ એ કોલસારંગી છિદ્રાળુ કાચની જાત છે. તે ખૂબ થી યે હલકો, છિદ્રમય જેવો તરી શકે તેવા ગુણધર્મવાળો હોવાથી તેને ઉપયોગ લાઇફ-બેલ્ટ વગેરે બનાવવામાં તેમજ યુદ્ધવિષયક સરંજામ બનાવતાં કારખાનાંઓમાં ફોટો તરીકે થઈ રહ્યો છે.

એરોપ્લેનની બનાવટમાં પણ આ કાચનો વપરાશ શરૂ થયો

છે. આ કાચનું એરોપ્લેન, ઍલ્યુમીનિયમના એરોપ્લેન કરતાં વજનમાં ચારમું હલકું પણ તેના કરતાં બમણું મજબૂત, ઝડપથી ઊડી શકે તેવું, સાદું અને લાંબા વખત સુધી કામ આપી શકે એવું હોય છે.

પાયરેક્સ કરતાં પણ ચડિયાતો એક સુપર-પાયરેક્સ કાચ બનાવવામાં આવ્યો છે. આ કાચ ૧૬૫૦ અંશ સુધીની ગરમી સહન કરી શકે તેવો તથા બીજા પદાર્થોને બાઈ જાય તેવાં રસાયણો વગરનામાં આવે તોપણ ફાટી ના જાય તેવો છે. રસાયણો અને તેલ બનાવવાનાં કારખાનાંઓમાં એ કાચના પમ્પ અને નળીઓ વપરાવા માંડ્યાં છે. અગાઉ જ્યાં પોલાદની નળીઓ આઠ દિવસમાં બગાડને બદલ થઈ જતી ત્યાં આ કાચના પમ્પ અને નળીઓ બાર વર્ષ ઉપરાંત સુધી ઘસાયા વગર કામ આપ્યા કરે છે. —શિવપ્રસાદ ત્રિવેદી

મકાઈ

અનાજની અછતને કારણે રેશનિંગમાં અપાતી કરન્ટિયાત મકાઈ સામે ઘણાને અણગમો છે, અને ખોરાકમાં તેના ઉપયોગ વિષે શંકા પણ સેવાય છે. પરંતુ આપદ્‌ધર્મ તરીકે અપનાવવી પડતી દરેક વસ્તુનો સદુપયોગ બુદ્ધિમાન પ્રજા હમેશાં શોધી કાઢે છે. મકાઈનાં ગુણતત્ત્વો તપાસીને તેનો યથાર્થ ઉપયોગ કરવાનું જો મન પર લેવામાં આવે તો ઓટા અણગમો એની મેળે દૂર થઈ જશે.

મકાઈ ખોરાક તરીકે ઘણે સ્થળે પ્રચલિત છે. આપણે ત્યાં પંચમહાલ જિલ્લામાં લોકો ઘઉંને બદલે મકાઈના લોટના જ રોટલા ખાય છે. ઘઉંની સાથે મકાઈને ખોરાક તરીકે સરખાવી જોઈએ તો એમાં ખાસ ધ્યાન ખેંચે તેવી માત્ર એક ખામી દેખાય છેઃ વિટામિન 'એ' અને 'બી' મકાઈમાં નથી અને ઘઉંમાં છે. બાકી કૅલરીઝની અને બીજાં તત્ત્વોની દૃષ્ટિએ બંનેમાં બહુજ ઓછા તફાવત છે. જુઓઃ

તત્ત્વો	ઘઉંમાં	મકાઈમાં	તત્ત્વો	ઘઉંમાં	મકાઈમાં
ચૈતર	૧૨.૨૮	૧૪.૯	ચૂનો	૦.૦૫	૦.૦૧
પ્રોટીન	૧૧.૮	૧૧.૧	ફૉસ્ફરસ	૦.૩૨	૦.૩૩
ચરબી	૧.૫	૩.૯	'એ' વિટામિન	૧૦૮	—
બનીજ	૧.૫	૧.૫	'બી' વિટામિન	૧૮૦	—
રેસા	૧.૨	૨.૭	'સી' ,,	—	—
કાર્બોહાઇડ્રેટ	૭૧.૨	૬૬.૨	ઔંસમાં કૅલરી મૂલ્ય	૯૮	૯૭

ઘઉંને બદલે મકાઈ ખોરાક તરીકે વાપરીએ ત્યારે જો સારા શાકભાજી ને દૂધ કેઇક વધારે વાપરીએ તો ખૂટતાં તત્ત્વો મળી રહે.

મકાઈમાં ઘઉં જેવો સ્વાદ નથી; પણ શોધક વૃત્તિ હોય તો મકાઈની બે ડઝનીક સ્વાદિષ્ટ વાનીઓ બની શકે છે. ઘઉંના લોટ સાથે મકાઈનો લોટ ૨ : ૧ના પ્રમાણમાં મેળવીને બાખરી; પૂરી, ખારીપૂરી, સક્કરપારા વગેરે બનાવવામાં આવે તો તે ઘણું જ કરસું ને સ્વાદિષ્ટ બને છે. મકાઈના લોટને કરકરો દળાવી, છાશમાં એક દિવસ પલાળીને તેનાં ટોકળાં સરસ બની શકે છે. એ ટોકળા પોચાં ને બાવામાં પણ સ્વાદિષ્ટ બને છે. જોકલા મકાઈનાં ટોકળાં પસંદ ન પડે તો ચોખાની કણકી અને દાળોના કકડા જેવા દળાવવાથી પણ સારો આથો આવે છે. એ જ રીતે મકાઈનાં પકોડાં તથા વડાં પણ બને છે. ત્રણેક કલાક આગળથી મકાઈનો જરા કરકરો લોટ છાશમાં પલાળી રાખવામાં આવે ને પછી તેમાં આદુ, મરચાં, કોથમીર, તલ વગેરે નાખીને ભજીયાંની જેમ તળવાં. ઢોકળાં ને પકોડા વધારે પોચાં બનાવવા સોડા બાઈ કાર્બ નાખવામાં આવે છે; પરંતુ બને ત્યાં સુધી એનો ઉપયોગ ઓછા કરવો એ વધારે સારું છે. આખા મકાઈને ૨૪ કલાક પલાળીને કોઈ કઠોળનું શાક કરીએ તેવી રીતે તેનું શાક પણ થઈ શકે છે. રાંધતાં પહેલાં તેમાં બેચું દૂધ નાંખવાથી મકાઈમાં ખૂટતાં કેટલાક તત્ત્વો મળશે અને સાથેસાથે સ્વાદિષ્ટ પણ થઈ શકે છે. રાંધતાં પહેલાં તેમાં બેચું દૂધ નાંખવાથી મકાઈમાં ખૂટતાં કેટલાક તત્ત્વો મળશે અને સાથેસાથે સ્વાદિષ્ટ શાક

આ રીતે જોતાં, તેમાં જે વિટામિનો હોય છે તે બધાં જ તેમાં હોવાનો સૌકોઈ સ્વીકાર કરીએ તોપણ, એક હકીકત તો દીવા જેવી છે કે એ તેલમાં રહેલું ચરબીનું તત્ત્વ 'હાઈડ્રોજનેટેડ' થતાં જ પચવામાં ભારે બને છે. એથી એને મુકાબલે કાચું તેલ સીધેસીધું જ વાપરવું વધુ સરળ પડે એમ છે. આપણા શરીરને જોઈતી ચરબીનું તત્ત્વ આપણને બે માર્ગે મળી શકે: પ્રાણિજ ચરબીમાંથી ને વનસ્પતિની ચરબીમાંથી. હવે, પ્રાણિજ ચરબી કરતાં વનસ્પતિની ચરબી પચવામાં સહેજ ભારે તો હોય જ છે; ને તેને પાછી વધુ ભારે બનાવીને ખાવી એનો કશો અર્થ નથી. આપણી શાકાહારી પ્રજાને પ્રાણિજ ચરબી પૂરી પાડનાર એકમાત્ર સાધન ઘી—માખણ કે દૂધની મલાઇ હતાં. એ જતાં રહેતાં પ્રજાને ચરબીનું તત્ત્વ મેળવવા માત્ર તેલ કે તેલને ફાડીને બનાવેલા આ વનસ્પતિ ઘી ઉપર જ આધાર રાખવો રહ્યો.

બીજી બાજુએ ડૉ. પટવર્ધને આ બનાવટી ઘીના પશુઓ ઉપર અખતરાઓ કરી સિદ્ધ કર્યું છે કે આ ઘીના ઉપયોગથી પશુઓની વૃદ્ધિ અને ઉત્પાદક શક્તિ બન્ને અટકે છે. ઉંદરો ઉપરના પ્રયોગોથી પુરવાર થયું છે કે જે ઉંદરોને એમના આહારમાં તેલની જગ્યાએ આ બનાવટી ઘી આપવામાં આવેલું તેમાં બચ્ચાંનું મરણપ્રમાણ ખૂબ વધેલું જોવામાં આવ્યું છે અને જે બચ્ચાં બચી ગયાં તે પણ મરવાને વાંકે જ જીવતાં હતાં. પશુઓ ઉપરના પ્રયોગોમાં જોવામાં આવતી આવી અસરો માનવ ઓલાદ માટે હાલ તુરત નહિ તો નજીકના ભવિષ્યમાં એકાદ પેઢીમાં નહિ જોવામાં આવે એની શી ખાતરી? હાલ પણ આ બનાવટી ઘી વાપરનારા ઉપર આની અસર સૂક્ષ્મદર્શીઓને જણાયા સિવાય નથી જ રહેતી. આથી સમગ્ર હિંદી પ્રજાની દેહવૃદ્ધિ, વીરવૃદ્ધિ ને આરોગ્યવૃદ્ધિને અર્થે તેના વપરાશ પર પ્રતિબંધ કરતો કાયદો કે તેને શુદ્ધ ઘીમાં ભેળવી ન શકાય તે અર્થે તેમાં ફરજિયાત રંગ નાખવાનો કાયદો કરવાની ખૂબ જ આવશ્યકતા છે.

હવે સેપરેટેડ દૂધની વાત લઈએ. શુદ્ધ દૂધમાંથી મલાઇ નીકળી જતાં તેની સાથે જ વિટામિન 'એ' અને 'ડી'નાં બધાં તત્ત્વો જતાં રહે છે અને બાકી ત્રણ વસ્તુઓ—પ્રોટીન, બી વિટામિન અને કૅલ્શ્યમ—વધે છે. દૂધની મલાઈ એ જ ઘીનું તત્ત્વ. બાળકો ને કિશોરોને દેહ તથા મનની વૃદ્ધિ માટે વિટામિન 'એ' ઘણું જ આવશ્યક છે. એને અભાવે દેહની વૃદ્ધિ શક્ય જ નથી. એથી તો ડૉ. ઍકૉઇડના મત મુજબ રિકન્ડ દૂધ માત્ર પુખ્ત ઉમરનાં માણસોને જ આપી શકાય તેવું છે. છતાં કઈ ઉમરે માણસના દેહ અને મન પ્રગતિ કરતાં અટકી જઈ બંધાઈ જાય છે એ કળવું મુશ્કેલ છે. એથી વિટામિન 'એ' વગર પુખ્ત વયનાં માણસો ચલાવી જ શકે એ બરોબર નથી તો શકાય જ નહિ.

બીજી બાજુએ જોતાં વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી યૉર્પના અભિપ્રાય મુજબ વિટામિન 'એ' માત્ર પ્રાણિજ દ્રવ્યોમાં જ માલૂમ પડ્યું છે. વનસ્પતિમાં એનો સદંતર અભાવ છે. આ રીતે જોતાં જે પ્રજાને માંસ કે ઇંડાં ન ખપી શકે અને જેનો વિટામિન 'એ' મેળવવાનો એકમાત્ર આધાર ચોખ્ખું દૂધ, મલાઇ, માખણ અને ઘી કે ઉપર જ હોય તે પ્રજાને એનાથી વંચિત રાખવી એ એક ગુનો જ છે.

ડૉ. ઍકૉઇડે રિકન્ડ દૂધમાં વિટામીન 'એ—કૉન્સેન્ટ્રેટ' મેળવીને અખતરો કરી જાહેર કરેલું કે એ રીતે એ દૂધ ગરીબ માતાઓનાં બાળકોને માટે લાભદાયી નીવડ્યું છે. છતાં એની સામે વર્જિનિયાની 'ઍગ્રિકલ્ચરલ ડૉ-ફરન્સનો મત જોઇએ તો, 'વિટામિન કૉન્સેન્ટ્રેટનો હતો ઉપયોગ નુકસાનકારક જણાયો છે.' વળી વિટામિન 'એ' અભાવવાળા ખોરાક (સેપરેટેડ દૂધ) ઉપર ઊતરેલી ડેન્માર્ક ને જાપાનની પ્રજા જોરોપ્થેલ્મિયા અને આંખનાં દરદોની ભોગ થઈ પડ્યાનો અહેવાલ પણ બહાર આવ્યો છે. ખુદ ડૉ. ઍકૉઇડ હિંદની 'ન્યૂટ્રીશન ઍડવાઈઝરી કમિટી' આગળ કરેલા રીપોર્ટમાં આ ત્રણ રત્નજાતો મૂકી છે: (૧) વિટામિન 'એ' માત્ર પ્રાણિજ ઉત્પત્તિનું જ તત્ત્વ છે; (૨) હિંદની મોટા ભાગની શાકાહારી પ્રજાને પૂરતી મલાઇવાળું દૂધ જ વિટામિન 'એ' આપનારું સાધન છે; અને (૩) વિટામિન 'એ'ના સદંતર અભાવે જોરોપ્થેલ્મિયા, આંખના દરદમાં શુષ્કતા, ટોડ સ્કિન, પાયોરિયા અને ડમૅંટિટિસ થવાનો સંભવ ખરો.

હવે એ દૃષ્ટિએ સેપરેટેડ દૂધનાં બાકી વધ્યાં તત્ત્વોનો અભ્યાસ કરીએ તો એ તત્ત્વોમાંનું વિટામિન બી અને કૅલ્શ્યમ (ચૂનો) તો વનસ્પતિના બીજા ખોરાકોમાંથી પણ મળી રહેવાનો પૂરો સંભવ છે. કૅલ્શ્યમનું સારું પ્રમાણ તો હિંદીઓને પાનપટ્ટીમાં વપરાતા ચૂનામાંથી યે મળી રહે તેમ છે. પરંતુ મેજર જનરલ સર રૉબર્ટ મૅકેરીસનનો અભિપ્રાય છે કે 'દરેક જાતના ક્ષારોને પચાવવા ચરબીની જરૂર પડે છે. જો ખોરાકમાં ચરબી ન હોય તો કૅલ્શ્યમ પચતું જ નથી.' આ દૃષ્ટિએ જોતાં કૅલ્શ્યમ પચાવવાના એકમાત્ર આધાર ઘી કે દૂધની મલાઈ વગર બાકી રહેતું કૅલ્શ્યમ પણ શા ઉપયોગનું રહે!

હિંદના વનસ્પતિ-આહારીઓએ હવે કોઇ પણ ભોગે ચોખ્ખા દૂધ માટે વ્યવસ્થા કરી લેતાં શીખી જ લેવું જોઇએ. જેમને ઘેર જમીનો હોય તેઓ તો મોટરોને સ્થાને ગાયને રાખવાની સગવડ કરી લે. તો જ એમની ભાવિ પ્રજા ખરબાદ થતી અટકશે.

કાચમાં નવીનતા

બરડ છતાં સખતમાં સખત અને પારદર્શક પદાર્થ તરીકે કાચ આજે ચાર હજાર વર્ષ થયાં માનવીની સેવા બજાવી રહ્યો છે. તે બરડ હોવાથી અત્યાર સુધી તેની વપરાશ મર્યાદિત હતી, પણ યુદ્ધકાળની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જે નવી શોધખોળો અને સંશોધનો હાથ ધરાયાં તેમાં ગુણધર્મે અદ્‌ભુત અને ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્રાંતિ આણે એવો નવીન જાતનો કાચ પણ પેદા કરવામાં આવ્યો છે.

એ લાકડાની પેઠે વહેરી શકાય એવો, ખૂંટીએ મારી શકાય તેવો, પાણીમાં તરી શકે ને રબ્બરની પેઠે વાળી શકાય એવો તથા સુતરની પેઠે કાંતી અને રેશમની પેઠે વણી શકાય એવો હોય છે.

એ કાચનું કાપડ પણ બને છે. કરોળિયાની જાળના તાર જેવા બારીક અને મુલાયમ કાચના તારનું, પ્લાસ્ટિકના મિશ્રણ દ્વારા બનાવેલું એ કાપડ બીજા કોઇ પણ પદાર્થ કરતાં ચડિયાતું ને ગોળીથી ન વીંધાય તેવું બને છે. કૃત્રિમ હાથ-પગની બનાવટ માટે તેમજ ટેબલ મારવાના દોરા તરીકે પણ આ નવી જાતના કાચનો વપરાશ થાય છે.

આમ તો કાચ બરડ હોય છે; પણ આ નવી બનાવટમાં તેને ઓટલો તો રિથતિસ્થાપક બનાવવામાં આવ્યો છે કે એ કાચના કાપડના ટુકડાને હાથમાં લઈ તેને ગમે તેટલો વાળીએ અને પછી છૂટો મૂકી દઈએ તો તેના ઉપર જરાયે ગડ કે કરચલી પડ્યા વગર તરત સીધો થઈ જાય છે. એ કાચના નાના રેસે સુંવાળા કાચના કાપડ સાથે મિલાવી એવી જાતના તકતા બનાવવામાં આવ્યા છે કે જેને લાકડાની પેઠે વહેરી શકાય છે ને તેમાં ખીંટા પણ ઠોકી શકાય છે. આ કાચ અવાજને ખાળનાર તેમજ અગ્નિથી સળગી ના ઊઠે તેવો હોઇ તેનો વપરાશ સ્ટીમરોથી માંડી ઘરની સજાવટમાં થવા માંડ્યો છે.

ફોમ-ગ્લાસ એ કોલસારંગી છિદ્રાળુ કાચની જાત છે. તે બૂચની યે હલકો, છિદ્રમય જોતરી શકે તેવા ગુણધર્મવાળો હોવાથી તેનો ઉપયોગ લાઇફ-બોટ વગેરે બનાવવામાં તેમજ યુદ્ધવિષયક સરંજામ બનાવતાં કારખાનાંઓમાં ઢાંકો તરીકે થઇ રહ્યો છે.

એરોપ્લેનની બનાવટમાં પણ આ કાચનો વપરાશ શરૂ થયો

છે. આ કારણું ઍરોપ્લેન, ઍલ્યુમીનિયમના ઍરોપ્લેન કરતાં વજનમાં અરધું હલકું પણ તેના કરતાં બમણું મજબૂત, ગડપથી લઈ શકે તેવું, સારું અને લાંબા વખત સુધી લાગ આપી શકે એવું હોય છે.

પાયરેક્સ કરતાં પણ ચડિયાતો એક સુપર-પાયરેક્સ કાચ બનાવવામાં આવ્યો છે. આ કાચ ૧૬૫૦ ડીગ્રી સુધીની ગરમી સહન કરી શકે તેવો તથા બીજા પદાર્થોને ખાઈ જાય તેવાં રસાયણો ભરવામાં આવે તોપણ ફાટી ના જાય તેવો છે. રસાયણો અને તેલ બનાવવાનાં કારખાનાંઓમાં એ કાચના પમ્પ અને નળીઓ વપરાવા માંડ્યાં છે. અગાઉ જ્યાં પોલાદની નળીઓ બે ત્રણ દિવસમાં ખવાઈને ખતમ થઈ જતી ત્યાં આ કાચના પમ્પ અને નળીઓ બાર બાર વર્ષ ઉપરાંત સુધી ઘસારો પગર કામ આપ્યા કરે છે. —શિવપ્રસાદ ત્રિવેદી

મકાઈ

અનાજની અછતને કારણે રેશનિંગમાં અપાતી ફરજિયાત મકાઈ સામે ઘણાને અણગમો છે, અને બારાકમાં તેના ઉપયોગ વિષે શકા પણ સેવાય છે. પરંતુ આપદ્ધર્મ તરીકે અપનાવવી પડતી દરેક વસ્તુનો સદુપયોગ બુદ્ધિમાન પ્રજા હમેશાં શોધી કાઢે છે. મકાઈનાં ગુણતત્ત્વો તપાસીને તેનો યથાર્થ ઉપયોગ કરવાનું જો મન પર લેવામાં આવે તો ઓટો અણગમો એની મેળે દૂર થઈ જશે.

મકાઈ બોરાક તરીકે ઘણે ઠેકાણે પ્રચલિત છે. આપણે ત્યા પંચમહાલ જિલ્લામાં લોકો ઘઉંને બદલે મકાઈના લોટના જ રોટલા ખાય છે. ઘઉંની સાથે મકાઈને બોરાક તરીકે સરખાવી જોઈએ તો બેમાં ખાસ ધ્યાન ખેંચે તેવી માત્ર એક બાબત દેખાય છે: વિટામિન 'બી' અને 'બી' મકાઈમાં નથી અને ઘઉંમાં છે. બાકી કૅલરીઝની અને બીજાં તત્ત્વોની દૃષ્ટિએ બંનેમાં બહુજ ઓછા તફાવત છે. જુઓ:

તત્ત્વો	ઘઉંમાં	મકાઈમાં	તત્ત્વો	ઘઉંમાં	મકાઈમાં
ભેજ	૧૨.૨૮	૧૪.૯	ચૂનો	૦.૦૫	૦.૦૧
પ્રોટીન	૧૧.૮	૧૧.૧	ફૉસ્ફરસ	૦.૩૨	૦.૩૩
ચરબી	૧.૫	૩.૬	'એ' વિટામિન	૧૦૮	—
બનીજ	૧.૫	૧.૫	'બી' વિટામિન	૧૮૦	—
રેસા	૧.૨	૨.૭	'સી' ,,	—	—
કાર્બોહાઇડ્રેટ	૭૧.૨	૬૬.૨	ઔંસમાં કૅલરી મૂલ્ય	૯૮	૯૭

ઘઉંને બદલે મકાઈ બોરાક તરીકે વાપરીએ ત્યારે જો સારા શાકભાજી ને દૂધ કંઈક વધારે વાપરીએ તો ખૂટતાં તત્ત્વો મળી રહે.

મકાઈમાં ઘઉં જેવો સ્વાદ નથી; પણ રોચક યુક્તિ હોય તો મકાઈની બે કેટલીક સ્વાદિષ્ટ વાનીઓ બની શકે છે. ઘઉંના લોટ સાથે મકાઈનો લોટ ૨ : ૧ના પ્રમાણમાં ભેળવીને જાખરી: પૂરી, ખારી-પૂરી, સાકરપારા વગેરે બનાવવામાં આવે તો તે ઘણું જ ફરસું ને સ્વાદિષ્ટ બને છે. મકાઈના લોટને કરકરો દળાવી, છાશમાં એક દિવસ પલાળીને તેનાં ઢોકળાં સરસ બની શકે છે. એ ઢોકળા પોચાં ને ખાવામાં પણ સ્વાદિષ્ટ બને છે. જોકલા મકાઈનાં ઢોકળાં પસંદ ન પડે તો ચોખાની કાચરી અને દાળોના દકડા ભેગા દળાવવાથી પણ સારો આટો આવે છે. એ જ રીતે મકાઈનાં પકોડાં તળ્યા વડાં પણ બને છે. બહેક કલાક આગળથી મકાઈનો જાડો કરકરો લોટ છાશમાં પલાળી રાખવામાં આવે ને પછી તેમાં આદું, મરચાં, કોથમીર, તલ વગેરે નાખીને બજ્જાંની જેમ તળવાં. ઢોકળાં ને પકોડા વધારે પોચાં બનાવવા સોડા બાઈ કાર્બ નાખવામાં આવે છે; પરંતુ

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં

તા. ૧ હિંદની પ્રથમ સામાજી તરીકે વિક્ટોરિયાનો ટંકારો, ૧૮૫૮
તા. ૩ ખુંખારમાં મહારાજાધિરાજ નરીકેપનો આંચકો, ૧૮૫૪.
તા. ૪ કૉંગ્રેસના શ્રેષ્ઠી જમનાલાલ બજાજનો જન્મ, ૧૮૮૬.
તા. ૫ બંગીય રાષ્ટ્રપુરુષ દેશબંધુ ચિત્તરંજન દાસનો જન્મ, ૧૮૭૦.
તા. ૭ ઉદેલા(કેદી)મુબારબાદશાહબહાદુરશાહ ઝફરનું મૃત્યુ, ૧૮૬૨.
તા. ૧૨ પહેલા યુરોપીય મહાયુદ્ધની તહનૂકી, ૧૯૧૮.
તા. ૧૨ ચીનના તારણહાર રાષ્ટ્રપિતા સુન-યાત-સેનનો જન્મ, ૧૮૬૬.
તા. ૧૪ શોધસફરી યૂરો બ્રુનાઇસનો પ્રવાહ શોધીકાઢ્યો, ૧૭૭૦.
તા. ૧૫ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૦.
તા. ૨૭ મહાન રશિયન ચિંતક ટૉલ્સ્ટૉયનું અવસાન, ૧૯૧૦.
તા. ૨૪ ફ્રેન્ચની વિચારક્રાન્તિના જનક વૉલ્ટેરનો જન્મ, ૧૮૯૫.
તા. ૩૦ બ્યાત અમેરિકન હાસ્યલેખક માર્ક ટ્વેઇનનો જન્મ, ૧૮૩૫.



આ માસની વ્યક્તિવિશેષ

પંડિત જવાહરલાલ નહેરુ

ભારતદેશના જનગણમનમાં અધિનેય રાષ્ટ્રપુરુષ તરીકે તથા દુનિયાભરમાં હિંદુસ્તાનના રાજપુરુષ તરીકે મહાત્મા ગાંધીજી પછી બીજું જ સ્થાન ધરાવનાર, ને દેશની આગામી સ્વાતંત્ર્યની કપાકૃષ્ય પ્રબળેલી રાષ્ટ્રીય સરકારના મોવડી પંડિત જવાહરલાલ નેહરુનો જન્મ ઈ. ૧૮૮૯ના નવેમ્બરની ૧૪મી તારીખે અલ્લાહાબાદના અગ્રણી અને ગર્વનર્સી મંત્ર નાગરિક તથા વકીલ પંડિત મોતીલાલ નેહરુને ત્યાં થયો હતો. મોટા ભાગનું શિક્ષણ ઇંગ્લંડમાં હૅરો અને કેંબ્રિજમાં લઈ તે બૅ. ઓ. (ઑનર્સ) અને બૅરિસ્ટર થયા; પણ પિતાના ધંધાની સુવર્ણા આગળ લંબાવવા માટે હિંદમાં આવીને વકાલત શરૂ કરતાંમાં તો દેશના જાગૃત રાષ્ટ્રપ્રાણના પ્રબળ પ્રેરે એમને રપરર્યા; અને ૧૯૧૯માં કૉંગ્રેસની મહાસમિતિમાં ચૂંટાયા પછી દેશકાર્યમાં જ ડૂબી ગયા. એ કૉંગ્રેસના મહામંત્રી થયા, દેશની સ્વાતંત્ર્યવેદી પર પિતાની સાથે સર્વ જનમાનસ આગેરી હોમી દઈને અસહકાર તથા તે પછીની બધી જ રાષ્ટ્રીય લડતોમાં મોખરે રહી અનેક વાર જેલ ગયા, અને સત્યનિષ્ઠ ભાવનાપ્રધાન તથા ઉમદા-તેજસ્વી વ્યક્તિત્વવાળા એ યુવાન નેતા દેશના તરુણવર્ગની મનોમૂર્તિ અને સાક્ષાત સ્વાતંત્ર્યમૂર્તિ બની ગયા. ૧૯૨૯-૩૦થી માંડીને આજ સુધીમાં પાંચવારથી એ કૉંગ્રેસના પ્રમુખ થયા છે અને આજે પહેલી રાષ્ટ્રીય સરકારના વડા રધાન પદ પર પણ સ્વાભાવિક રીતે એ જ આવ્યા છે. જેલવાસ દરમ્યાન લખેલી પોતાની આત્મકથા તથા જગતના ઇતિહાસનું દેખાદર્શન વગેરે અનેક પુસ્તકોથી એ વિદેશોમાં પણ જ્ઞાત થયા છે; અને પોતાના યુરોપવાસ દરમિયાન રશિયાની અને તે પછી ઈ. ૧૯૩૬માં કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે ચીનની મુલાકાતમાં ત્યાંનો રોપ જાગી આવનાર એ નેતા આ દેશના વિદેશ સાથેના સંબંધોના સૌથી પણ જ્ઞાત પુરુષ હોઈને નવી સરકારમાં વિદેશ પ્રધાન તરીકેનું નાજુક અને મહત્ત્વનું સ્થાન પણ એ જ સંભાળે છે.

ખાવા મકાઈને ૨૪ કલાક પલાળીને કાઈ કોઠાનું ચામ કરીએ તેવી રીતે તેનું ચામ કરીએ તો ઢોકળાં પણ બની શકે છે. રાંધતાં પહેલાં તેમાં થોડું દૂધ નાંખવાથી મકાઈમાં ખૂટતાં કેટલાક તત્ત્વો મળશે અને આમેજમાં સ્વાદિષ્ટ શાક પણ થઈ શકે છે. રાંધતાં દાતરડાં પહેલાં તેમાં થોડું દૂધ નાંખવાથી મકાઈમાં ખૂટતાં કેટલાક તત્ત્વો મળશે અને આમેજમાં સ્વાદિષ્ટ પણ બનશે. આખા મકાઈની પાલી પણ બને છે. બપોરના નાસ્તા વખતે છોકરાંઓને આપવામાં કોઈ જ વાંધો નથી. મકાઈની આવી રીતો પણ બનશે. આખા મકાઈની પાલી પણ બને છે. બપોરના નાસ્તા વખતે છોકરાંઓને આપવામાં કોઈ જ વાંધો નથી. મકાઈની આવી રીતો પ્રયોગશીલ અને દૂધનું પ્રમાણ કંઈક વધારવામાં આવે તો મકાઈ સુપાચ્ય થઈ બની જશે. ('ગુજરાત સમાચાર'માંથી સાભારનો)

એકવાર રા.અ.રણછોડલાલે એક ગૃહસ્થનાં સમાચાર પૂછ્યા. જવાબ મળ્યો કે 'માણસા છે, ત્યાંથી કાલે સગરામમાં આવશે.' એમણે પૂછ્યું: 'સગરામમાં શેના? આગઝાંડી છે ને?' આ બાબતમાં માણસાને બદલે મેસાણા સમજવામાં એમનું સ્ખલન થયું હતું. જવાબ આપનારે સભ્યતાથી કહ્યું, 'રેલવે સ્ટેશન છે તે તો મેસાણા, માણસા નહિ.' તરત રણછોડભાઇનો હાથ પોતાના ગાલ પર પડ્યો: 'આ શું? હું ભૂલ્યો?!' એમ એ ઓક્સાઈના ભક્તે પોતે પોતાને સજા કરી.

કહેવતોના અર્થ: 'ઠાઠ નિશાળિયાને વતરણું ઘણું.'—ઓછી આવડતવાળા માણસો પોતાનું અજ્ઞાન છુપાવવા માટે અથવા આત્મસંતોષ માટે ઓટો ડોળ કે ઠાઠ વધુ રાખે તે દર્શાવવા માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો પણ છે: 'અણકસબીને હત્યાર ઘણાં'; 'ઠાલો ઠાઠ ને ઠમકો બારે'.

અનેકાર્થી શબ્દ: ગુંજ=ગણગણાટ; છૂપી વાત કે ભેદ; ચણોઠી, ચણોઠીનું ઝાડ; ચણોઠી જેટલું વજન, રતી; ગાંડ.

હિંદની ૧૯૪૧ની વસતિગણતરી વખતે પુછાએલા ૨૨ સવાલો પૈકી જે કોઇ પણ પ્રશ્નનો જવાબ સૌથી મુશ્કેલ બન્યો હોય તો તે માણસોની 'ઉમર' વિષેનો હતો.' દેશવ્યાપી અજ્ઞાનતાને કારણે આ દેશના ૩,૮૯,૦૦૦,૦૦૦ લોકોના ૭૫ ટકા ભાગની ઉમર તો વસતિગણતરી કરનારાઓએ ગયા ૮૦ વરસમાં બનેલા બનાવોને લગતા પ્રશ્નો પૂછીને તે પરથી અટકળે મૂકેલી! દાખલા તરીકે કોઇને ૧૯૦૧માં થએલ મહારાણી વિક્ટોરિયાનું અવસાન યાદ હોય પણ ૧૮૯૮નો દુકાળ યાદ ન હોય, તો કલ્પી લે કે એનો જન્મ લગભગ ૧૮૯૪-૯૫માં થયો હશે.

તામિલ દેશમાં થએલા પાંડ્ય રાજવંશે ઇ.પૂ.૨૧મા સૈકા સુધીમાં, બહુ તડકીછાંયડી જોએલી. તેના સિક્કા પર ચિત્રવિચિત્ર આકૃતિઓ મળી આવે છે. પણ પાછળથી બૌદ્ધ ધર્મ છોડીને બ્રાહ્મણ ધર્મ અંગીકાર કર્યા પછીના કાળના બધા સિક્કાઓમાં માછલીની આકૃતિ હોય છે. ઉપર આપેલા સોનાના સિક્કાની એક બાજુ ચંદરવા નીચે બે માછલીઓ છે, જેને જમણે પડખે દીપક અને ડાબે પડખે ચામરનું ચિત્ર છે. સિક્કાની પાછલી બાજુ અણકસેલ લિપિમાં કંકલખાણુ છે. કેરળના ચેરા વંશનો તો આજ સુધી માત્ર એક જ સિક્કો મળી આવ્યો છે જેની બંને બાજુ નાગરીમાં લખાણ છે.

ઝાંખા પડી ગએલા ગાલીચા ધોવા માટે ફોકરવરણા પાણીમાં થોડું ટર્પેન્ટાઈન નાખીને ધોવાથી ચમક આવશે.

દુનિયાનો મોટામાંમોટો મહાસાગર પાસિફિક, વિસ્તારમાં એવડો જંગી છે કે પૃથ્વીના ગોળા ઉપર તેના કોઈ પણ બે આત્યંતિક કિનારા એકીસાથે જોઈ શકાતા નથી.

> ❝ આપણો પ્રાણ ભૂતકાળમાં સચવાએલો છે. તે ભૂતકાળના ફોટાદારમાં જ રાખી મૂકવાથી કશો લાભ નથી. તેને વર્તમાનકાળની ભૂમિમાં વાવીશું તો જ ભવિષ્યકાળનો પાક આપણે હાથ લાગશે. —ટાગોર

પત્ની: પુરુષો મગજને બહુ તકલીફ આપે છે તેથી જ એમને માથે તાલ પડતી લાગે છે.

પતિ: અને સ્ત્રીઓ મોંને વધુ તકલીફ દે છે તેથી જ તેમને મૂછો નહિ હોગી હોય?

ડાક્તરો પેટના ફૂમ્બા પર સૅન્ટોનીન નામની જે દવા આપે છે તે આંખ ઉપર બહુ વિપરીત અસર કરે છે, ને કમળાની માફક પદાર્થો પીળા દેખાવા માંડે છે; માટે કોઈ નિષ્ણાતની સલાહ વિના તેનો ઉપયોગ ન કરવો.

મલય દેશમાં સિક્કા આમ એકસાગટા જોડેલા પાડવામાં આવે છે. જરૂર પડે તેમ ભાંગીભાંગીને વાપરવાના!

અમેરિકાની ટિકિટો પર જે કોઇપણ પૂર્વદેશની વ્યક્તિની છબિ આવી હોય તો તે ડૉ. સુન યત સેનની—ઈ. ૧૯૪૨માં ચીનના સ્મરણમાં અમેરિકાએ કાઢેલી ટિકિટ પર.

યુદ્ધમાં બહાદુરી માટે અપાતો વિક્ટોરિયા ક્રૉસ ચન્દ્રક હમણાં સુધી ક્રીમિયન યુદ્ધમાં પહેરાએલી તોપોની ધાતુઓમાંથી બનાવવામાં આવતો. એ હવે ખૂટી જવાથી શાહી ટંકશાળ ગનમેટલમાંથી તે બનાવે છે.



એક પૂલ નીચેથી, જતા રેલ્વેના પાટાના આ દૃશ્યમાં આ બાજુ જે બે એકલા છેડા જણાય છે તે નરી આંખે દેખાય છે તેમ બહારના પાટાના નહિ, પણ અંદરના પાટાના છે. દૃષ્ટિભ્રમનો એક વધુ નમૂનો.

(નવેમ્બર ૧૯૪૧) ૨૧૩

ગણિત-ગમ્મત

$$1^3 = 1 = 1^2 = (1)^2$$
$$1^3+2^3 = 9 = 3^2 = (1+2)^2$$
$$1^3+2^3+3^3 = 36 = 6^2 = (1+2+3)^2$$
$$1^3+2^3+3^3+4^3 = 100 = 10^2 = (1+2+3+4)^2$$
$$1^3+2^3+3^3+4^3+5^3 = 225 = 15^2 = (1+2+3+4+5)^2$$
$$1^3+2^3+3^3+4^3+5^3+6^3 = 441 = 21^2 = (1+2+3+4+5+6)^2$$
$$1^3+2^3+3^3+4^3+5^3+6^3+7^3 = 784 = 28^2 = (1+2+3+4+5+6+7)^2$$

અને એ પ્રમાણે આગળ તમે ચાહો તેટલું વધારી શકાય. —મ. ના. ખની

AZAD HIND POSTAGE STAMPS



આઝાદ હિંદ સ્ટૅમ્પ

સ્વતંત્ર હિંદમાં વાપરવા માટે આ ટિકિટો લડાઈ દરમ્યાન જર્મનીમાં 'હિંદુસ્તાન નૅશનલ આર્મી' માટે છાપવામાં આવી હતી. અમેરિકામાં આ ટિકિટો પાંચ ડૉલર કે ટકે લગભગ રૂા. ૧૭ના ભાવથી વેચાય છે.

તમે ટિકિટ શોખ કરતા હો તો ને તમારા આલ્બમમાં મોંઘો ઉમેરો કરશે. તમને સંગ્રહનો કદાચ રસ ન હોય તો પણ 'સ્વતંત્ર ભારત'ની આ પહેલી પોસ્ટેજ સ્ટૅમ્પની ખૂબસૂરત ડિઝાઇનો તમને ટિકિટ-સંગ્રહના શોખીન બનાવશે. નવ ટિકિટના કમ્પ્લીટ સેટના રૂા. ૫-૮-૦ તમારા ઑર્ડર જલદી મોકલશો. ટિકિટો જૂજ હોવાથી ગ્રાહકોને વિનંતિ છે કે ઑર્ડર સાથે રૂપિયા મોકલવા નહિ. માલ હશે ત્યાં સુધીના ઑર્ડરો વી.પી.થી મોકલવામાં આવશે.

સરનામું અમેજ્ઞા કરવું:

J. S. P. Mewar
P.O. Jharia (Dist.Manbhum)E.I.R.

રામતીર્થ બ્રાહ્મી તેલ

સ્પેશીયલ નં. ૧

મગજનાં જ્ઞાનતંતુઓ બળવાન બને છે, ધોળા વાળ કાળા થાય છે, ખરતા અટકે છે. વધે છે અને ટાલમાં વાળ ઉગે છે, ગોડા મટે છે, યાદશક્તિ અને આંખોની દૃષ્ટિ વધે છે. ગાઢ નિદ્રા આવે છે, માથાનો દુઃખાવો મટે છે દરેક ઋતુમાં બહેનો, પુરુષો અને બાળકો માટે મહાન ફાયદો કરનાર છે.

મોટી બાટલીના રૂા. ૩-૮-૦ - નાની બાટલીના રૂા. ૨-૦-૦ બધે મળે છે.

શ્રી રામતીર્થ યોગાશ્રમ

૪૪૮ - સેન્ડહર્સ્ટ રોડ
મુંબઈ-૪